| પ્રાતઃસ્મરણીય ગુરુ–શિષ્ય | શ્રી લક્ષ્મીચંદ્ર 'સરોજ' | ૬૧૪ |
| શ્રીમદ્ રાજચંદ્રની વિચાધારાના પરિપ્રેક્ષ્યમાં ગણધર ગૌતમ : એક વિહંગાવલોકન | ડૉ. ઘનશ્યામ ત્રિ. માંગુકિયા | ૬૧૯ |
| જ્યાં જ્યાં નજર મારી ફરે, ગૌતમ દેખું [ને] આતમ ઠરે. | પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મહારાજ | ૬૨૩ |


## માહિતીદર્શન


| | | |
|---|---|---|
| આગમગ્રંથોમાં ગણધર ગૌતમ | પૂ. આ. શ્રી જયંતસેનસૂરિજી મહારાજ | ૬૩૧ |
| ૪૫ આગમમાં–મૂલ આગમમાં 'ગૌતમ' નામોલ્લેખ ક્યાં ક્યાં? | પૂ. મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ | ૬૩૬ |
| કવિ–જન–હૃદયમાં ઊછળતા ભક્તિરસ તરંગોના અધિષ્ઠાતા: ગુરુ ગૌતમસ્વામી | પૂ. આ. શ્રી શીલચંદ્રસૂરિજી મહારાજ | ૬૪૪ |
| ગણધર શબ્દના અર્થો તથા ગણધર પરંપરા : ઉદ્ભવ અને વિકાસ | પ્રો. કવિનભાઈ શાહ | ૬૪૯ |
| ગણધર : અર્થ અને મહત્ત્વ | ડૉ. તેજસિંહ ગૌડ | ૬૫૭ |
| આધ્યાત્મિક પરંપરામાં ગુરુનું વૈજ્ઞાનિક મહત્ત્વ | પૂ. મુનિશ્રી નંદીઘોષવિજયજી મહારાજ | ૬૬૧ |
| લબ્ધિ | શ્રી રમણલાલ ચી. શાહ | ૬૬૬ |
| લબ્ધિસ્તવ (વ્યાખ્યા સહિત) | મુનિશ્રી સર્વોદયસાગરજી મહારાજ | ૬૭૬ |
| ગૌતમ અને ગોચરી | મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજ | ૬૮૬ |

| વિષય | કર્તા | પાના નં. |
|---|---|---|

## વૈવિધ્યદર્શન


| વિષય | કર્તા | પાના નં. |
|---|---|---|
| રત્નરાશિની કિરણપ્રભા—ગુરુ ગૌતમસ્વામી : કેટલાક પ્રસંગો | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ | ૬૯૧ |
| સમયં ગોયમ, મા પમાયએ | શ્રી રમણલાલ ચી. શાહ | ૭૦૨ |
| સેવં ભંતે—સેવં ભંતે | મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજ | ૭૦૬ |
| શ્રી ગૌતમસ્વામીએ કહ્યું કે.... | પૂ. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૭૦૮ |
| કર્મનું વિજ્ઞાન અને વિનય મૂર્તિ ગૌતમ | પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મહારાજ | ૭૧૬ |
| શ્રી ગૌતમસ્વામીની જીવન-અનુપ્રેક્ષા | શ્રી નારાયણ ચત્રભુજ મહેતા | ૭૧૮ |
| અનુપમ જ્ઞાની—અનંતલબ્ધિનિધાન ગણધર શ્રી ગૌતમસ્વામી ભગવંત | શ્રી મંજુલા પ્રેમજી ગડા | ૭૨૪ |
| અઠ્ઠાવીશ લબ્ધિના તપની વિધિ | — | ૭૨૮ |
| અનુપમ અને અદ્દભુત | પૂ. આ. શ્રી વિજયરત્નભૂષણસૂરિજી મહારાજ | ૭૨૯ |
| ભારતીય સંસ્કૃતિ અને ગણધર ગૌતમસ્વામી | ડૉ. ચિનુભાઈ નાયક | ૭૩૫ |
| લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી (હાયકુ) | મુનિશ્રી ગુણશીલજયજી મહારાજ | ૭૩૯ |
| અહિંસાના એક પરમ ઉપાસક શ્રી ગૌતમસ્વામી | ડૉ. નાગજીભાઈ ભટ્ટી | ૭૪૨ |
| ગૌતમીય કાવ્ય | પૂ. આ. શ્રી મનોહરકીર્તિસાગરજી મહારાજ | ૭૪૭ |
| ગણપતિ : શ્રી ગૌતમસ્વામીજીના ગુણોનું આકાર સ્વરૂપ | પૂ. આ.શ્રી અશોકસાગરસૂરિજી મહારાજ | ૭૪૮ |
| તવારીખની તેજછાયા | પૂ. સા.શ્રી પદ્મયશાશ્રીજી મ. | ૭૫૧ |
| ધ્યાની ગૌતમસ્વામીની કૈવલ્યપ્રાપ્તિ તેમ જ પ્રતિમા કલાનિધાન | હિતેશ એસ. શાહ | ૭૫૪ |

| વિષય | કર્તા | પાના નં. |
|---|---|---|
| લબ્ધિતણા ભંડાર ગુરુ ગૌતમસ્વામી | પ્રા. જે. સી. દેસાઈ | ૭૫૭ |
| શ્રી ગૌતમસ્વામી રાસ [પરિચયાત્મક ભૂમિકા] | પૂ. પં.શ્રી શીલચન્દ્રવિજય ગણિ | ૭૬૧ |
| જ્ઞાનમૂર્તિ ગુરુ ગૌતમસ્વામી | પ્રા. તારાબેન રમણલાલ શાહ | ૭૭૨ |
| તે ગુરુ ગૌતમ સમરીએ | મુનિશ્રી જયદર્શનવિજયજી મ. | ૭૮૧ |


## हिन्दी साहित्य दर्शन


| | | |
|---|---|---|
| गौतम गणधर केवल दिवसे ऋद्धि वृद्धि कल्याण करो | पू. आ.श्री राजयशसूरिजी महाराज | ७८६ |
| भगवान महावीर के संदेशवाहक | पू. मुनिश्री ऋषभचंद्रविजयजी महाराज | ७६१ |
| चार ज्ञान के स्वामी | प्रवर्तक श्री रमेश मुनि | ७६७ |
| अहं से अर्हं तक | पू. मुनिश्री दिव्यरत्नसागरजी म. | ८०१ |
| इन्द्रभूति गौतम : जीवन, संयम एवं सिद्धि | श्री चांदमल कर्नावट | ८०६ |
| गौतम गणधर की महानता | श्री पुखराज भंडारी | ८११ |
| गौतम गणधर--हमारे लब्धि सम्राट | श्री विमलकुमारजी चोरडिया | ८२३ |
| यात्रा--अहंकारसे सर्वकार एवं ममत्वसे समत्वकी और | श्री नरेन्द्रकुमार बागरा | ८२५ |
| गौतम गणधर : एक विलक्षण व्यक्तित्व | डॉ. प्रेमसिंह राठोड | ८३१ |
| गौतमस्वामीकी प्रतिमाएं | श्री भंवरलालजी न्हाटा | ८३७ |
| विराट चेतनाके महापुरुष | श्री भंवरलालजी न्हाटा | ८३६ |


* * *

પોસ્ટની
આ
ટિકિટ
જર્મનીએ
ભારતીય
લઘુચિત્રોની
શ્રેણીમાં
બહાર
પાડેલ છે.
તેમાં
શ્રી ગૌતમસ્વામીને
બદલે
MAHAVIR
છાપ્યું છે.
હકિકતે
આ
ભૂલ છે.
આ ચિત્ર
પ્રાયઃ
કલ્પસૂત્રની
વિક્રમની
સોળમા
સૈકાની
પ્રતમાંથી
લેવામાં
આવેલ છે.





તિન્દુક ઉધાનમાં કેશી અને ગૌતમનું જે
મિલન થયું તેથી શ્રુત અને શીલનો
ઉત્કર્ષ થયો અને મહાન પ્રયોજનભૂત
અર્થોનો વિનિશ્ચય થયો.

# પુરુષાર્થને અનુમોદના

[પ્રાસ્તાવિક]

નમો તિત્થસ્સ !

આજથી સોળ વર્ષ પહેલાં મુંબઈ–પ્રાર્થના સમાજના જૈન ઉપાશ્રયમાં એક રાત્રે ભાઈશ્રી નંદલાલભાઈ દેવલુક સૌ પ્રથમ વખત જ મને મળવા આવ્યા. ધીર ગંભીર અને પ્રસન્ન વદને તેમણે રજૂ કરેલી અસ્મિતા ગ્રંથશ્રેણીના તેમના સંપાદનકાર્યની વિસ્તૃત માહિતીથી અમને વાકેફ કર્યા ત્યારે ખૂબ જ આનંદ અનુભવ્યો. તે વખતનો તેમનો તરવરાટ, જોમવંતી વાણી અને કર્તવ્યનિષ્ઠા જોઈને ભારતીય વિદ્યાભવનમાં તેમના જ એક ગ્રંથના વિમોચન-સમારોહની અમે નિશ્રા સ્વીકારી. મુંબઈના આગેવાન જૈનોએ તેમના કાર્યની ખૂબ ખૂબ અનુમોદના કરી.

વર્તમાન શ્રમણસમુદાય અને બહોળા શ્રાવકવર્ગ સાથેના નંદલાલભાઈના વર્ષોના ગાઢ સંપર્કોને કારણે જૈનધર્મનાં સંદર્ભપ્રકાશનો હાથ ધરવાનું અમે સૂચન કર્યું. એમણે એ જ વખતે ભાવોલ્લાસ સાથે એ સૂચનનો સ્વીકાર કર્યો. લગાતાર તે પછી તો તેઓ જૈન ધર્મ અને સાહિત્યમાં ઓતપ્રોત બની ગયા.

અમને એ વાતનો અત્યંત આનંદ છે કે અમારા સૂચનને અનુસરીને સં. ૧૯૮૫ પછીનાં જે સમૃદ્ધ ગ્રંથરત્નો પ્રગટ કર્યાં તે બધાં જૈન ધર્મના સંદર્ભે જ થયાં છે અને ખૂબ જ આવકાર પણ પામ્યાં છે. તેમના હાથે સંપાદિત થઈને પ્રગટ થઈ રહેલું તેમનું આ પંદરમું સમૃદ્ધ પ્રકાશન જે રીતે સફળતાપૂર્વક બહાર આવી રહ્યું છે તે જ તેમની કાર્યશક્તિનો પરિચય કરાવે છે.

સૂરિમંત્રના મારા દૈનિક જાપમાં હંમેશાં ગૌતમસ્વામીની આરાધના વખતે મને સ્વયં સ્ફુરણા કુદરતી રીતે જ થયા કરતી હતી કે ***ઘેર ઘેર ગૌતમસ્વામી અવશ્ય હોવા જોઈએ*** અને આ લબ્ધિવંત પુરુષના જીવનકવન સંબંધે પણ એક સંદર્ભગ્રંથની પણ જરૂરત સમજતો હતો. નંદલાલભાઈએ તેમની મર્યાદિત શક્તિ વચ્ચે પણ આ એક અસાધારણ કાર્ય કર્યું છે તે ખરેખર અનુમોદનીય છે. અમારું સૂચન કે પ્રેરણા લઈ અદમ્ય ઉત્સાહથી તેમણે આયોજન સાકાર કર્યું છે તેનું ખરું ગૌરવ તો તેમની શાસનનિષ્ઠા, કર્તવ્યનિષ્ઠા, અને શ્રદ્ધાબળ સમજવું.

પ્રસ્તુત ગ્રંથ જે વર્તમાન ચોવીશ તીર્થંકર પરમાત્માના બધા જ ગણધરોમાં તેમનો મહિમા વધુ ને વધુ જોવા મળે છે એવા ગણધરશ્રેષ્ઠ શ્રી ગૌતમસ્વામીજીના જીવનનું વૈવિધ્યદૃષ્ટિએ જે સંકલન-સંપાદન થયું છે તે આ પ્રકાશન ખૂબ સુંદર—સરસ અને અનુમોદનીય અને આવકારપાત્ર થયું છે. આ પ્રકાશન તો ખરેખર જૈનધર્મનાં પ્રકાશનોમાં આગવું સ્થાન ધરાવે તેવું અભુત અને ઉત્તમ થયું છે. સાહિત્યકલાપ્રેમી અને પુરુષાર્થની મૂર્તિ સમા નંદલાલભાઈની મહેનત દાદ માગી લ્યે છે. સાચે જ તેઓ ધન્યવાદને પાત્ર બને છે. જૈન શ્રીસંઘમાં કોઈએ ન આપ્યું હોય તેવું નવતર નજરાણું જૈન સાહિત્યક્ષેત્રે અર્પણ કર્યું છે. એ નજરાણું આપણે સૌ અંતરના ઊંડા આશીર્વાદ અને અભિનંદન આપવા સાથે સહર્ષ સ્વીકારીએ અને વધાવીએ એ જ શુભાભિલાષા.

વિ. સં. ૨૦૫૨ ચૈત્ર સુદિ-૧૩ સોમવાર —*વિજયલબ્ધિસૂરિ*

અમદાવાદ

# પ્રેરક ગુરુવર્યનું વિરલ વ્યક્તિત્વ

અનેક સદ્‌ગુણસંપન્ન પ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની થોડા સમયની મુલાકાત શ્રદ્ધાળુઓને દીર્ઘ સમય સુધીનો શ્રેષ્ઠ સહવાસ બની રહે છે. તેમનો ઊંચો પડછંદ દેહ, ગૌરવર્ણો વાન, વિશાળ લલાટ, ભરાવદાર વિનયી ચહેરો, એ ચહેરા પર લહેરી લાલાની બેફિકરી, સદાય સ્મિત, આંખોમાં આવકારનો ઉમંગ, શબ્દોમાં મધઝરંતી મીઠાશ, વાતોમાં વહાલપનાં અમીઝરણાં. એક જ વખત પૂજ્યશ્રીને મળે તે સદા માટે તેમની સ્મૃતિ લઈને જાય.

દીક્ષાપર્યાયના પાંચ દાયકા દરમ્યાન જિનશાસન–પ્રભાવનાનાં અનેક નાનાંમોટાં કાર્યો પૂજ્યશ્રીના શુભ હસ્તે થયાં છે. ખાસ કરીને જ્યોતિષશાસ્ત્રમાં તેમનો ઊંડો રસ. આરંભસિદ્ધિ નામનો ગ્રંથ તેમણે સંશોધિત અને સંપાદિત કરી પ્રગટ કરાવ્યો છે. પરહિતની શુભ ભાવનાથી જૈનોદય પ્રત્યક્ષ પંચાંગનું પણ સંકલન–સંપાદન પૂજ્યશ્રીએ કરેલ.

ઉત્તર ગુજરાતના પાટણ પાસેનું લોલાણા ગામ પૂજ્યશ્રીનું જન્મસ્થાન. ગુણસંપન્ન કંકુબહેનની કુક્ષીએ પૂજ્યશ્રીનો જન્મ થયો. શ્રી ભક્તિસૂરિ સમુદાયમાં નરોડા–અમદાવાદમાં ૨૦૦૬ મહા સુદિ–૩ ને દિવસે સંયમનો માર્ગ સ્વીકાર્યો અને પૂ. શ્રી સુબોધવિજયજી મહારાજશ્રીના શિષ્ય બન્યા. સં. ૨૦૩૨ના મહા વદિ–૧૪ ફાગણ સુદિ–૨ના દિવસે પંન્યાસપદે તથા આચાર્યપદે વિભૂષિત થયા. સં. ૨૦૪૦માં જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદ નામની સંસ્થા સ્થાપી જેમાં ભારતભરની જૈન પાઠશાળાઓના શિક્ષકો–પંડિતોનું અધિવેશન દર વર્ષે પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાય છે.

અંજનશલાકાઓ, પ્રતિષ્ઠા–મહોત્સવો, દીક્ષાપ્રદાનના અનેક પુણ્યપ્રસંગો, છ'રિ પાલિત યાત્રા- સંઘો, વિવિધ અનુષ્ઠાનો, ઉદ્યાપનો, આયંબિલશાળાઓ વગેરે પૂજ્યશ્રીની પ્રેરણા અને નિશ્રામાં થયાં. ખાસ કરીને સાધર્મિકોની ગુપ્ત ભક્તિ એ પૂજ્યશ્રીનું વિશેષ લક્ષ રહ્યું છે. તપ અને સંયમ દ્વારા, યોગ અને ધ્યાન દ્વારા શાસનકાર્યોમાં સદાય વિચરી રહ્યા છે.

પૂજ્યશ્રી લબ્ધિનિધાન ગૌતમસ્વામીની સાધનાના પરમ સાધક છે. આ કાર્યમાં પૂજ્યશ્રીની પ્રેરણા–માર્ગદર્શન ખૂબ ઉપયોગી બન્યાં છે.

પૂજ્યશ્રીના વિરલ વ્યક્તિત્વને શબ્દોથી શણગારવું એ અમારા માટે ગાગરમાં સાગરને સમાવવા જેવી અશક્ય વાત છે. પૂજ્યશ્રીનાં પ્રવચનોમાં ગહન તત્ત્વચિંતન અને સુમધુર વાક્ચાતુર્યનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે.

આ સમર્થ સૂરિવરને અમારી કોટી કોટી વંદનાઓ!

*—નંદલાલ દેવલુક*
*સંપાદક*

# મહામણિ ચિંતામણિ શ્રી ગુરુ ગૌતમસ્વામી

# પુરોવચન

[સંપાદકીય નોંધ] —નંદલાલ દેવલુક

श्री वर्धमानात् त्रिपदीमवाप्य मुहूर्तमात्रेण कृतानि येन ।
अङ्गानि पूर्वाणि चतुर्दशापि स गौतमो यच्छतु वाञ्छितं मे ॥
खंतिखमं गुणकलियं सव्वलद्धिसम्पन्नं ।
वीरस्स पढमं सीसं गोयमसामिं नमंसामि ॥

## સર્વમંગલાધિષ્ઠાતાવિઘ્નોપદ્રવશામક ગૌતમપ્રભુ :

કોઈ પણ શુભ મંગળ કાર્યમાં—પછી તે લૌકિક હોય, સામાજિક હોય કે ધાર્મિક હોય, પૂર્વભવકૃત ઘાતીકર્મોનાં પરિણામો તેમાં વિઘ્નો—ઉપદ્રવો—અશાંતિ અને અડચણો ઊભાં ન કરે તે માટે "मङ्गलमाचरणीयं शिष्टाचारविषयावात् तच्च आदौ, मध्ये अन्ते च"—આરંભ, મધ્ય અને અંતમાં ભાવથી મંગલાચરણ કરવું એવી શાસ્ત્રીય પરિપાટી છે. જે સર્વ મંગલોના સ્વામી હોય કે સર્વ વિઘ્નો, ઉપદ્રવો, બાધાઓ અંતરાયો દૂર કરી શકે તેવું ગજબનું સામર્થ્ય જેમનામાં હોય તેમનું જ સ્મરણ કરવાથી—તેમને ભાવભરી વંદના સમર્પવાથી કાર્યોની નિર્વિઘ્નતાએ સિદ્ધિ સંભવે જ. એટલે કોને પ્રથમ સ્મરવા ? કોને વંદવા ? એટલો સામાન્ય વિવેક દરેક મનુષ્યમાં હોવો અનિવાર્ય અને જરૂરી પણ છે. બીજો નિયમ એ કે ઇષ્ટદેવને સ્મરી, વંદી મંગલાભિષ્ટ કરાય. જે દેવમાં આપણને શ્રદ્ધા-ભક્તિ, ભાવના, પ્રીતિ નથી તેમનું સ્મરણ કરવાથી શું પ્રયોજન ? આર્યાવર્તની ગૌરવવંતી આ ભૂમિ ઉપર જે જે અસંખ્ય મહાપુરુષોનાં પાવન પગલાં મંડાયાં એ સર્વ વંદનીય વિભૂતિઓને અને સૌ પ્રથમ વીતરાગી દેવોને પંચાંગ પ્રણિપાત કરું છું. જાગૃત શાસનદેવતાઓને વંદન કરું છું, શાસનદેવી પદ્માવતીજી અને અન્ય દેવદેવીઓને સ્તવી, ધ્યાન ધરી તેમની વિશેષ સહાય ઇચ્છું છું. આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે અનન્ત લબ્ધિનિધાન, ભગવાન મહાવીરપ્રભુના પરમ પટ્ટધર—'अंगुष्ठे चामृतं यस्य यश्च सर्वगुणोदधिः । भण्डारः सर्वलब्धिनां वन्दे तं गौतमं प्रभुम् ॥' એ જ પરમ સાર્થકતા છે. સર્વ મંગલ—સર્વાશાપરિપૂરક, સર્વારિષ્ટપ્રણાશક, સર્વાભિષ્ટદાયક કલ્યાણગુણનિધિ ગૌતમસ્વામીનું ચરિત્ર, એમનું પાપનાશક નામ જ શ્રીગણેશ સમું સર્વજનવંદ્ય સર્વજનપૂજ્ય છે. ભગવાન તીર્થંકરોના નામસ્મરણ જેવું જ ગૌરવશાળી નામ—પૂજન—વંદન ગણધર ગૌતમસ્વામીનું છે એ વાત જૈન દર્શનમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. આચાર્ય શ્રમણ કેશીકુમાર જેમને 'संशयातीत सर्वश्रुतमहोदधि' કહી બહુમાન અર્પે અને પરવર્તી આચાર્યગણ જેમને 'संपूर्ण अरिष्ट प्रणाशक, समस्ताभिष्ट परिपूरक योगीन्द्र, भवविघ्नहारी, प्रातः स्मरणीय' માને છે તેમનો આ મહિમા સાર્વત્રિક, સાર્વભૌમ છે.

## "ગૌતમ" નામનો અપાર મહિમા :

ચરમ તીર્થંકર ક્ષમાશ્રમણ ભગવાન મહાવીરપ્રભુ જેમને 'ગોયમ્, ગોયમ્' એમ અમૃતનિસ્યંદિની દિવ્ય વાણીથી વારંવાર બોલાવે—સંબોધે તેમનો નામમહિમા કેવો ભવ્યાતિભવ્ય હોય ? गौ = કામધેનુ, त = કલ્પતરુ, म = ચિંતામણિ—આવા ત્રિવિધ સામર્થ્યવાળું મધુર મંગલ નામ જેમનું છે તે નામ કેમ મહિમાવંત ન હોય ? પૂજ્ય ઉપાધ્યાયશ્રી વિનયપ્રભવિનયજી મહારાજ 'गौतमरास'માં કહે છે :

**चिन्तामणि कर चढीयउ आज, सुरतरुसारे वंछिय काज,**
**कामकुम्भ सहु वश हुआ, कामगवी पूरइ मन-कामिय**
**अष्टमहासिद्धि आवय धामिय, सामी गोयम अनुसरउ ए ॥४२॥**

તેઓશ્રી વધુમાં જણાવે છે : "ॐ ह्रीँ श्रीँ अरिहंत उवज्झाय श्री गौतमस्वामिने नमः ।" આ મંત્રરાજના અહર્નિશ સમ્યક્ જાપથી સર્વ મનોવાંછિત પરિપૂર્ણ થાય છે તથા અજ્ઞાત કવિ રચિત શ્લોકમાં જણાવાયું છે કે–

**यस्याभिधानं मुनयोऽपि सर्वे गृह्णन्तिभिक्षा भ्रमणस्य काले ।**
**मिष्टान्न पानाबरं पूर्णकामाः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥**

જૈનશાસનના ગીતાર્થો-મુનિભગવંતો ગોચરી માટે નીકળતા સમયે ગૌતમસ્વામીનું નામ લઈને નીકળે છે તેને શું શું મળે છે તે અડધા શ્લોકમાં વિવરણ કર્યું છે. આમ, ગુરુ ગૌતમસ્વામીનો મહિમા—પ્રભાવ ઘણો જ વ્યાપક અને ઉપકારક છે.

## પ્રસ્તુત ગ્રંથની પૂર્વભૂમિકા : પાયામાં અસ્મિતા ગ્રંથશ્રેણીના ત્રણ દાયકાનો અનુભવ

વિરાટ વ્યક્તિત્વનું વિશ્વને દર્શન કરાવવા વામન તૈયાર થાય ત્યારે હાસ્યાસ્પદ બને તેમ ગાગરમાં સાગર સમાવવા તૈયાર થનાર અમે આ ગ્રંથ-પ્રકાશન અમારી મર્યાદા અને ટાંચા સાધનો સંબંધે કેટલીક ભૂમિકા રજૂ કરતાં પહેલાં સૌપ્રથમ જેમનું નામસ્મરણ પણ કલ્યાણકારી છે તેવા ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીને અગણિત વંદના કરીએ છીએ. પ્રસ્તુત ગ્રંથનું સર્વગ્રાહી પ્રકાશન આપ સૌના હાથમાં આવી રહ્યું છે ત્યારે આ ગ્રંથરત્નની પ્રેરણા કરનાર તથા અન્ય સૂચનો કરનારનો ઉપકાર યાદ ન કરું તો નગુણો ગણાઉં. આવા માહિતીસભર ગ્રંથ-પ્રકાશનનું સંકલન-સંપાદન કરવામાં સંપાદક પાસે બધી જ અનુકૂળતા અને બધી જ સામગ્રી હોય તો પણ કેવી અને કેટલી મુશ્કેલી પડે છે તે તો આવાં સાહસ કરતા હોય તેમને જ ખબર પડે. હું પોતે સંસ્કૃત—પ્રાકૃતનો કોઈ સાક્ષર નથી—મારી પાસે તારવણી કરીને મૂકી શકાય એટલી સામગ્રી પણ નહોતી. જૈન સાહિત્યમાં ગણધર શ્રી ગૌતમસ્વામીજી અંગે શું સાહિત્ય છે ? ગદ્યમાં શું છે ? પદ્યમાં શું છે ? આ સંબંધે મનમાં કોઈ સ્પષ્ટ ચિત્ર નહોતું. તેમ છતાં હિન્દુસ્તાન શોધવા નીકળેલા કોલંબસ પાસે જેમ માત્ર નામ હતું અને સામે અફાટ સાગર હતો તેમ મારી પાસે પૂ. સૂરિવર્યોના આશીર્વાદ હતા અને વડીલોનાં સૂચનો હતાં, અને હૈયામાં 'ગૌતમ' શબ્દ રમતો હતો અને સંપાદનકાર્યનો વર્ષોનો વિશાળ અનુભવ હતો. મારું તો એ મોટું પરમ સદ્ભાગ્ય સમજું છું કે જેમને હસ્તે થતી દીક્ષા દીક્ષિતને કૈવલ્ય પ્રાપ્ત કરાવે તેવા જિન-શાસનના અપ્રતિમ લબ્ધિધારી ગણધર ભગવંતની

યશોગાથાના ગ્રંથમાં મારા મન, વચન અને કાયાના યોગ દ્વારા કિંચિત કાર્યમાં હું નિમિત્ત બની શક્યો છું. કલાસ્થાપત્યના ધ્વજધારીસમા તીર્થાધિરાજ શત્રુંજય મંદિરોનું નગર પાલીતાણા, જે પવિત્ર ભૂમિમાં આ શરીર જન્મ્યું અને પોષાયું અને મારાં માતાપિતા પાસેથી ધર્મસંસ્કારનાં પાન પીધાં. બાલ્યકાળના એ સોનેરી દિવસો દરમ્યાન સાહિત્યની સરવાણી ઝીલીને પછી યુવાન વયે તાલધ્વજગિરિની ગિરિકંદરાઓ વચ્ચે રાષ્ટ્રીયતાના આદર્શ વિચારો ઝીલ્યા, જાહેર જીવનમાં ઠીક સમય કામ કર્યું. વર્ષો પહેલાં વિશાળ વિસ્તૃત ફલક ઉપર એક નવી જ ક્ષિતિજ દોરીને પુરુષાર્થની એક નવી કેડી કંડારવાની મનમાં ચિનગારી પ્રગટી.. ત્રણ દાયકામાં તેર જેટલા સંદર્ભગ્રંથોનું યશસ્વી પ્રકાશનકાર્ય થયું, જેમાં માનવીય સંસ્કારસૌરભની અસ્મિતાની સભાનતા અને તેનું રસદર્શન કરાવવાનો નમ્ર પ્રયાસ થયો છે. આ ભૂમિનાં જૂનાં સાંસ્કૃતિક મૂલ્યો, રખરખાવટ, ભૂમિની ભૌગોલિક વિશિષ્ટતાઓ, નૈસર્ગિક દશ્યો, વનશ્રી, ભાષાઓ, પુરાતન અવશેષો, રહેણીકહેણી, રીતરિવાજોનું વૈવિધ્ય, શિરકલગી સમાં મનોહર દેવમંદિરો જેવા પ્રાચીન વૈભવ-વારસાને ગ્રંથસ્થ કરવાનું બહુ મોટું કામ હાથમાં લીધું. ત્રણ દાયકામાં એવાં કેટલાંયે જ્ઞાનદક્ષ સંતરત્નો અને વ્યવહારકુશળ શ્રેષ્ઠીઓના સંપર્કમાં આવવાનું બન્યું જ્યાંથી હંમેશાં સદાકાળ મીઠા સ્નેહજળ અને અમૃતસમા આતિથ્યનું કોપરું જ પામવા મળ્યું. આ ધરતી ઉપર અનેક શીતલ અને સુમધુર જીવનઝરણાં વહ્યાં છે જેઓએ એક માત્ર શ્રદ્ધાના બળે અંધકારને ઉલેચ્યા છે. પોતાના તેજ-ઝબકારથી શાસન અને સમાજને એક અનોખી પ્રભા આપી છે. હૈયાની સુવાસથી મઘમઘતા અનેક માનવપુરુષોએ દેશ અને દુનિયાના ચોકમાં સ્નેહ અને બિરાદરીનો પમરાટ પ્રસરાવ્યો છે. જિજ્ઞાસુઓ અને રસજ્ઞોને જ્યાંથી સ્ફૂર્તિ, ચેતના અને પ્રેરણાનું પુષ્કળ ભાથું મળી રહે એવી પ્રતિભાઓને આ ભૂમિની અસ્મિતાના સબળ સત્ત્વને સૌંદર્યમંડિત કર્યું છે. આ ભૂમિમાં અનેક ધર્મસંપ્રદાયો ઉદય પામ્યા અને પાંગર્યા. અવશેષો, સ્મારકો, જ્ઞાનવિજ્ઞાનની સિદ્ધિઓ ઉષઃકાળથી માંડીને વર્તમાન સમય સુધીના કાળનું વિવિધ વિષયો દ્વારા આ ભૂમિનું વિરાટ દર્શન અસ્મિતા ગ્રંથશ્રેણી દ્વારા કરાવવાનો નમ્ર પ્રયાસ થયો અને તેમાંથી જ જૈન સંદર્ભસાહિત્યમાં ચંચુપાત કરવાની વિશેષ પ્રેરણા મળી. જો કે જૈન સમાજ સાથેનો અમારી પેઢીઓ જૂનો સંબંધ તો હતો જ. મારા પિતાશ્રી ભગુભાઈ અને વડીલ બંધુ બાલુભાઈ પાસેથી બચપણમાં ઘણું ઘણું જાણવા-સમજવા મળ્યું એ જ્ઞાન-માહિતીનો આ તકે યોગ્ય ઉપયોગ થઈ શક્યો. મારા પિતાશ્રી જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સાધુસંતોની સેવામાં વ્યસ્ત હતા. એ પ્રસંગો અને ઘટનાઓએ મારી જીવનમાંડણીમાં વિવિધ રંગો પૂર્યા છે તેનો પણ જીવનમાં ખૂબ આનંદ છે. માનવજીવનની તવારીખમાં નૂતન વર્ષની અનેક ઉષાઓ ઊગી અને આથમી, અને આ વણઝાર તો નિરંતર વહેતી રહેવાની જ; પણ તેના પાયામાં ધર્મવારસાના અહીંતહીં જે જે અમૃતબિંદુઓ પડ્યાં છે તેને શોધીને અત્રે મૂકવાનો નમ્ર પ્રયાસ થયો છે.

## વિવિધ પાસાંઓનું તત્ત્વાન્વેષણ

કલમના ટાંકણે, શબ્દના ફલક ઉપર અમે ગૌતમસ્વામીજીના જીવન દર્શનને કંડારવાનો પ્રયત્ન કર્યો છે. તેમના વિવિધ ઐશ્વર્યોની, જ્ઞાનવિકાસની યાત્રાની, પ્રજ્ઞાની, લબ્ધિઓ અને સિદ્ધિઓનાં અતલ રહસ્યોની, દેવો અને દિવ્ય જગતની વિવિધ માન્યતાઓની ગંભીર ચર્ચા કરતા વિભાગવાર વિષયો દ્વારા એ બધું અત્રે પ્રસ્તુત છે.

## શ્રી ગૌતમસ્વામી ગ્રંથ માટે ઊભાં થયેલાં પ્રબળ નિમિત્તો :



પ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરક નિશ્રામાં સને ૧૯૮૦મા મુંબઈ--ચોપાટી ઉપર ભારતીય વિદ્યાભવનમાં વિશ્વની અસ્મિતા ગ્રંથ ભાગ-૨ના વિમોચન સમારોહમાં ઓલ ઇન્ડિયા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીના હાથે સંપાદક શ્રી નંદલાલ દેવલુકનું થયેલું જાહેર સન્માન આ ચિત્રમાં નજરે પડે છે.

યશકલગી સમાં એ સન્માનો અને સુવર્ણચંદ્રકો મારી જીવનયાત્રાના હંમેશાં પ્રેરણાસ્રોત બની રહ્યાં—ક્રમે ક્રમે આગળ વધતાં રહ્યાં. સને ૧૯૬૪માં શરૂ કરેલી અસ્મિતા ગ્રંથશ્રેણીના અનુસંધાને પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ. સા.ની પ્રેરક નિશ્રામાં સને ૧૯૭૨માં અસ્મિતા ગ્રંથશ્રેણીના સંદર્ભે જ ભાવનગરના મહારાજાના હસ્તે આ ગ્રંથના સંપાદકનું જાહેર સન્માન, સને ૧૯૭૭માં પાલીતાણામાં પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મ. સા.ની પ્રેરક નિશ્રામાં ગુજરાતના એ વખતના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જ. પટેલના હસ્તે આ ગ્રંથ-સંપાદકનું જાહેર સન્માન, સં. ૧૯૮૦માં મુંબઈ ચોપાટી ઉપર ભારતીય વિદ્યાભવનમાં પ. પૂ. આ.શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. સા.ની પ્રેરક નિશ્રામાં વર્ષોની સંપાદનકાર્યની સેવા બદલ ઓલ ઇન્ડિયા જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીના હાથે આ ગ્રંથ-સંપાદકનું જાહેર સન્માન, સને ૧૯૮૫માં મહારાષ્ટ્રના એ વખતના હાઉસિંગ મિનિસ્ટરને હાથે આ ગ્રંથ-સંપાદકનું જાહેર સન્માન. સને ૧૯૯૦માં સુરેન્દ્રનગરના શ્રી વાસુપૂજ્ય જિનાલયની એકસો

વર્ષની ઉજવણી પ્રસંગે શાસનપ્રભાવક પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા. સહિત ત્રણ પૂ. આચાર્યો અને પ. પૂ. પં. શ્રી દાનવિજયજી મ. સા. આદિની પ્રેરક નિશ્રામાં સુરેન્દ્રનગરના શ્રી જૈન સંઘે ગ્રંથને હાથીની અંબાડી ઉપર પધરાવીને શોભાયાત્રા દ્વારા સુરેન્દ્રનગરના ટાઉન હૉલમાં શ્રીસંઘ તરફથી આ સંપાદકનું જાહેર સન્માન અને એનાયત થયેલ સુવર્ણચંદ્રક. તે પછી ૧૯૯૨માં અમદાવાદ પાસે કલોલમાં પ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. સા.ની પ્રેરક નિશ્રામાં એ વખતના રાજ્યના કાયદામંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રીને હસ્તે ગ્રંથ-વિમોચન અને શ્રીસંઘ દ્વારા સંપાદકનું જાહેર સન્માન અને સુવર્ણચંદ્રક એનાયત. અને તે પછી ૧૯૯૪માં મહારાષ્ટ્રના નાગપુર મુકામે પદ્માવતી ગ્રંથની પ્રથમ આવૃત્તિના પ્રેરક લબ્ધિ-વિક્રમગુરુની અનેરી કૃપાને વરેલા પ. પૂ. આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરક નિશ્રામાં એ વખતના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી છબીલદાસ મહેતાના હાથે આ સંપાદકનું જાહેર સન્માન. નાગપુરમાં એ જ સમયે ગુજરાતના મંત્રી શ્રી ચંદ્રિકાબેન ચુડાસમાને હાથે શ્રમણીરત્નો ગ્રંથનું વિમોચન, સન્માન વગેરે. ત્રણ દાયકાથી વધુ સમયની સંદર્ભગ્રંથોના સંપાદનકાર્યની યશસ્વી યાત્રા આગળ ધપી રહી છે તેમાં આ ગૌતમસ્વામી ગ્રંથને મળેલી પ્રેરણા અંગે જોઈએ.

## ગ્રંથનું મુખ્ય પ્રેરક અને સહાયક બળ

છેલ્લા દોઢેક દાયકાથી જેમનું વાત્સલ્યભર્યું સાંનિધ્ય અમને સાંપડ્યું છે સને ૧૯૮૦થી જેમની પ્રબળ લાગણીથી જ જૈન સંદર્ભ સાહિત્યનું ખેડાણ કરવાનો અમૂલ્ય લાભ મળ્યો છે તેવા શ્રી ભક્તિસૂરિ સમુદાયના શાસન પ્રભાવક જ્યોતિર્વિદ પ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજનું આ ગ્રંથ-પ્રકાશનને સહાયક પ્રેરણા આપવામાં મંગલ પ્રદાન રહ્યું છે.

આ કાર્યની કેટલીક જવાબદારી પૂજ્યશ્રીએ નિરપેક્ષ ભાવે વહન કરી છે. એટલું જ નહિ પણ સક્રિય અને સમ્યક્ રસ લીધો છે. આ પ્રકાશન સર્વગ્રાહી બને, સર્વજનપ્રિય બને અને સર્વજનપ્રેરક રહેશે એવી અમારી શ્રદ્ધા છે.

પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન સાથે અમારા પુરુષાર્થનો એક એવો સુભગ સમન્વય સધાયો છે કે જાણે એકબીજાના પર્યાય બન્યા છીએ, પૂજ્યશ્રીના અમે અત્યંત ઋણી છીએ.

લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના જીવન-કવનને વિસ્તૃત રીતે ગ્રંથસ્થ કરવાની પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની ઘણા સમયથી એક પ્રબળ ભાવના હતી. આ ગ્રંથ-પ્રકાશનના કાર્યને ઝડપથી પ્રગટ કરવાની પૂજ્યશ્રીએ વાડજ જૈન સંઘને પ્રેરણા કરી કેટલીક સાનુકૂળતા કરી આપી.

જૈન સંસ્કૃતિના અને તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે, જૈન પાઠશાળાઓને સમૃદ્ધ અને વ્યવસ્થિત કરવામાં તથા ધાર્મિક અભ્યાસના કડીરૂપ અધ્યાપકો-પંડિતોને પ્રોત્સાહિત કરવાની સક્રિય અને સતત ચિંતા સેવનાર પૂજ્યશ્રીએ આ ગ્રંથના સંપાદકની પીઠ થાબડીને જૈન સાહિત્ય સર્જનના કાર્યમાં શ્રી લબ્ધિનિધાન ટ્રસ્ટ-અમદાવાદ દ્વારા પ્રેરક બળ આપ્યું છે. પૂજ્યશ્રીના અમે ખૂબ ખૂબ ઋણી છીએ.

## શ્રદ્ધાબળ એજ સફળતાનું રહસ્ય !

ગણધર કોણ બની શકે ? તે કેવું કર્મબળ અને આત્મબળ ધરાવતા હોય, તે અંગેનું અલ્પ

જ્ઞાન હતું; પણ આવી જ્ઞાનમાહિતી ધરાવનારા સૂરિવર્યો અને સાક્ષરો જોડે વર્ષોનો પરિચય અને સતત સંપર્ક હતો અને સૌથી મોટું સાધન મારો આત્મવિશ્વાસ હતો. માતા શારદા–સરસ્વતીની કૃપાથી ત્રણ દાયકામાં ચૌદ જેટલા વિશાળકાય સંદર્ભગ્રંથોના સફળ સંપાદન પછી ઉલ્લાસભેર આ એક વધુ સોપાન ચઢવાના વિકટ કાર્યમાં પણ કોઈ અદૃશ્ય શક્તિએ જ કાર્ય કર્યું છે એમ લાગે છે. જૈન જગતના તમામ ફિરકાના એકસરખા આદરણીય–વિશ્વસનીય મહાપુરુષો પ્રત્યેની મારી દૃઢ શ્રદ્ધા એથી વધુ ને વધુ બળવત્તર બનતી રહી. ગણધર શ્રી ગૌતમસ્વામી કોઈ એક ફિરકાને માન્ય છે તેમ નથી. શ્વેતાંબર, દિગમ્બર, મંદિરમાર્ગી, સ્થાનકમાર્ગી શ્રમણવર્ગ કે શ્રાવકવર્ગ બધાના ઉપાસ્ય છે. તેથી બધા જ ફિરકાનો સંપર્ક કર્યો પણ કડવું સત્ય રજૂ કરવું પડે છે કે અપેક્ષા મુજબનું સંતોષકારક સાહિત્ય પ્રાપ્ત થઈ શકેલ નથી. અપ્રગટ રહસ્યો સંબંધે જે કાંઈ હસ્તલિખિત ભંડારાયેલું છે તેમાંથી કશું મળી શક્યું નથી. ભૂતકાળમાં પ્રકાશિત થયેલું અને નૂતન પ્રયાસ કરનારા પાસેથી જે કાંઈ કૃતિઓ પ્રાપ્ત થઈ છે તેનો જ ઉપયોગ થયો છે. તે સૌના ઋણી છીએ. આ ગ્રંથ-આયોજનમાં માતા ચક્રેશ્વરી અને પદ્માવતીજી સહાયક બને અને આ ગ્રંથ સ્વ-પરને કૈવલ્ય અપાવનાર બને તેવી શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.

## ગણધરોના જીવન અંગે માહિતી કયા આગમમાં વ્યવસ્થિત છે? અને અત્યારે કેમ મળતી નથી?

જૈન જગતમાં શ્વેતામ્બર આમ્નાયના ૪૫ કે ૩૨ આગમ માનનારા બધા 'નંદીસૂત્ર'ને માને છે. નંદીસૂત્રમાં શ્રુતજ્ઞાનના વર્ણનમાં એક વાત આવે છે ૧૨ અંગની. ૧૨ અંગમાં બારમું અંગ દૃષ્ટિવાદ છે, જેનો વિચ્છેદ થયેલો છે. આ દૃષ્ટિવાદમાં પાંચ બાબતો છે : (૧) परिकम्मे (૨) सुताइं (३) पूव्वगए (४) अणुओगे (५) चुलिया. આગળ ચાલતાં નંદીસૂત્રમાં જણાવે છે કે–'से किं तं अणुओगे ? अणुओगे दुविहे पण्णत्ते, तं जहा मूल पढमाणुओगे गंडियाणुओगेय'–આની અંદર આગળ ચાલતાં આવે છે કે से किं तं गंडियाणुओगे ? આમાં સાતમી બાબત છે गणधर गंडियाओ અર્થાત્ આ ગણધર ગંડિયાનુયોગમાં બધી ગણધર વિષેની માહિતી હોય; પરંતુ ૧૨મું અંગ વિચ્છેદ થતાં આ બધું વિચ્છેદ થયું હોય તે સહેજે સમજી શકાય તેવું છે. તેથી પરંપરાથી સાંભળતાં કે ગ્રંથો દ્વારા જે જે માહિતી મળે તે પ્રગટ કરવી શક્ય બને. આનાથી અશ્રદ્ધા કરવાની જરૂર નથી; પરંતુ જે મળે છે તેના દ્વારા મૂલ્યાંકન કરવાની જરૂર છે. નંદીસૂત્ર આગમ દ્વારા એટલું તો નિશ્ચિત થઈ જ જાય છે કે ગણધર વિષે વ્યવસ્થિત માહિતી દૃષ્ટિવાદ દ્વારા મળી શકે.

## ગણધર શબ્દનો અર્થ કેટલો વિશાળ છે ? તથા આ ગણધર કોણ બની શકે ?

કર્મગ્રંથમાં ૧૫૮ કર્મપ્રકૃતિની જે વાત છે તેમાં તીર્થંકર નામકર્મ નામે પ્રકૃતિ છે તેની અંદર આ ગણધર નામકર્મ આવી જાય. જેમ જગતના તમામ જીવોને હું દુઃખમુક્ત કરું એવી ઉત્કૃષ્ટ ભાવનાથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરાવે તેવી જ ભાવનાથી ગણધર નામકર્મ બાંધી ગણધર બને. સંપૂર્ણ જીવસૃષ્ટિનું કલ્યાણ ઇચ્છનાર અને તે માટે પ્રયત્ન કરનાર તીર્થંકર બને, સ્વકુટુંબ-પરિવારનું કલ્યાણ ઇચ્છનાર અને તે માટે પ્રયત્ન કરનાર ગણધર બને તથા કેવળ પોતાનું જ કલ્યાણ ઇચ્છનાર અને તે માટે પ્રયત્ન કરનાર સામાન્ય કેવલી થાય

છે. મતલબ કે એક ભવની મહેનતથી જીવ કેવળજ્ઞાન પામી શકે અને ત્રણ ભવની મહેનતવાળા ગણધર બની શકે.

## તીર્થંકરોના પટ્ટધરો ગણધર શાથી કહેવાયા ?

ગણધર શબ્દનો સામાન્ય અર્થ છે શિષ્યગણને ધારણ કરે, તેના યોગક્ષેમનું વહન કરે તેને આપણે ગણધર કહીશું. સુંદર સંચાલન અને શાસનની સુંદર વ્યવસ્થા માટે એક દૃષ્ટિએ જોઈએ તો આવી વ્યવસ્થા ખૂબ જ ઉપકારક બનતી હોવાથી તીર્થંકરોનો મોટો સાધુ સમુદાય ગણધરોની વ્યવસ્થાને શિરોધાર્ય કરતો આવ્યો છે. અને તેથી જ તેમની સાધના વિકસિત થતી જોવા મળે છે. તીર્થંકરોના પટ્ટધરો સર્વપ્રથમ થયેલા શિષ્યો જેઓ દ્વાદશાંગીની રચના કરવા સમર્થ સાક્ષર બન્યા, જેમનામાં ચોક્કસ પ્રકારની પાત્રતા અને યોગ્યતા હતી તેઓ જ ગણ સમુદાયમાં નેતાપદે—ગણધરપદે સ્થપાયા.

## ગણધર બનનારને શું શું પ્રાપ્ત થાય ?

તીર્થંકરની દેશના સાંભળીને વૈરાગ્ય ઉદ્‌ભવે, દીક્ષા લેવા તૈયાર થાય, દીક્ષા અંગીકાર કરે કે તુરત જ એવો વિશિષ્ટ ક્ષમોપક્ષમ થાય કે જેમ બીજમાંથી વિશાળ વૃક્ષ થાય તેમ ત્રણ પદો રૂપ બીજ પ્રાપ્ત કરે અને તેમાંથી જ વિપુલ પ્રમાણમાં (દ્વાદશાંગી) સાહિત્યસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત થાય. ચાર જ્ઞાનના ધારક બને, આયુષ્ય પૂર્ણ થયા પહેલાં પાંચમું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય અને પ્રાંતે આયુષ્ય પૂર્ણ થયે જન્મમરણથી મુક્ત બને અને શાશ્વત સુખનો ભોક્તા બને.

## શ્રી ગૌતમપ્રભુ સ્તોત્ર–સ્તુતિ–રાસ–ભજનાદિ સર્વત્ર પ્રસિદ્ધ :

આવા મહાન પ્રભાવશાળી ગૌતમપ્રભુના વાઙ્‌મય સ્મરણપૂજન જૈનદર્શનમાં સાર્વત્રિક પ્રસિદ્ધ છે. વિદ્યમાન આગમોમાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ–ચન્દ્રપ્રજ્ઞપ્તિ–સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ રચનાઓ મહામહોપાધ્યાય વેદાદિ સર્વશાસ્ત્રસંપન્ન–પૂર્વમીમાંસાના પ્રખર વિદ્વાન પંડિત મૂર્ધન્ય ઇન્દ્રભૂતિ ગૌતમના પ્રશ્નો પર આધારિત છે. વિશાળકાય પંચમ અંગ 'ભગવતી સૂત્ર' જે જૈનદર્શનનો અતિ વિશિષ્ટ—અતિ ગહન સર્વશાસ્ત્રરત્નાકર ગ્રંથ આગમ ગણાય છે તે પણ ગૌતમસ્વામીના ભગવાન મહાવીર સમક્ષ અતિ વિનીતભાવે પુછાયેલા પ્રશ્નો અને મહાવીર ભગવાને એમનાં કરેલાં સમાધાનો પર આધારિત છે. ગૌતમસ્વામી અને મહાવીરસ્વામીએ સ્વીકારેલી સવાલ–જવાબની આ પદ્ધતિ કઠણ વિષયોને પણ સુગમતાથી સમજાવવામાં એટલી ઉપયોગી સાબિત થઈ છે કે પછી તો કોઈ પણ વિષયની સમજૂતી આપવા માટે એ સવાલ-જવાબના કર્તા ગુરુ ગૌતમસ્વામી અને ભગવાન મહાવીરસ્વામી સ્વયં ન પણ હોય. આપણું પાંચમું અંગસૂત્ર ભગવતી સૂત્ર આ બધા સવાલ-જવાબથી જ ભરેલું છે. આમાં તો ઇન્દ્રભૂતિ ગૌતમ મહારાજા પ્રત્યક્ષ બિરાજે છે, પણ પરવર્તી આચાર્યોનાં પ્રાકૃતમાં રચાયેલાં 'ગૌતમકુલક' અને 'ગૌતમપૃચ્છા' એ અનુક્રમે ૨૦ અને ૬૦ ગાથાઓ છે, જેના પર પૂજ્ય મતિવર્ધન અને શ્રીતિલકની સંસ્કૃત ટીકાઓ અને પૂજ્ય શિવસુંદર, સુધાભૂષણ, જિનસૂરિ, મુનિસુંદરસૂરિની પ્રાકૃત ટીકાઓ પ્રાપ્ત છે. વિ. સં. ૧૮૦૭માં રચાયેલું શ્રીરામવિજયરૂપચંદ્ર રચિત 'ગૌતમીય મહાકાવ્ય' સંસ્કૃતમાં પ્રસિદ્ધ છે. તેના પર પૂજ્ય ક્ષમાકલ્યાણોપાધ્યાય રચિત ટીકા પણ જાણીતી છે. શ્રી વજ્રસ્વામીકૃત સ્તોત્ર, શ્રી જિનપ્રભસૂરિ રચિત સ્તોત્રત્રયી, શ્રી મુનિસુંદરસૂરિ, શ્રી દેવાનંદસૂરિ,

શ્રી ધર્મહંસ રચિત સ્તોત્રો, ચાર-પાંચ અષ્ટકો-સ્તુતિઓ, શ્રી ખરતરગચ્છીય પૂ. શ્રી વિનયપ્રભોપાધ્યાય રચિત 'ગૌતમરાસ' અને અચલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભગવંત શ્રી ગુણસાગરસૂરિજીએ પણ ગૌતમસ્વામીજીનો રાસ અને અષ્ટક બનાવેલ છે જે આ ગ્રંથમાં સામેલ છે. અનેક સુંદર સ્તુતિગીતો પ્રચલિત છે. સ્તોત્ર-સાહિત્ય (સ્તુતિઓ) જૈન સાહિત્યનો એક લોકપ્રિય તેમ જ કંઠહાર સમો કાવ્યપ્રકાર છે. વૈદિકાદિ હિન્દુ ધર્મની જેમ જૈનધર્મમાં પણ અનેક પૂ. સૂરિવર્યાદિ દ્વારા રચાયેલાં ભક્તિગીતો રસમય, વૈરાગ્યગર્ભિત અને નિર્વાણપ્રબોધક સ્તોત્રો પ્રાપ્ત થાય છે, જે દેવાધિદેવ જિનોની કે તીર્થંકરોની સ્તુતિરૂપ છે. સ્તોત્રકવિઓએ તો સ્તવ, સ્તવન, સ્તુતિ અને સ્તોત્ર એ ચારેય શબ્દોને સમાનાર્થક માની પોતાની કૃતિને ગમે તે એક નામ આપ્યું છે. વળી વિવેચકો એ સ્તોત્રકાવ્યને ગીતો અથવા મુક્ત કાવ્યની કોટિમાં મૂકીને ભક્તિકાવ્ય તરીકે પણ ઓળખાવે છે. મુખ્યત્વે તો આ સ્તોત્રસર્જનનું પ્રેરક બળ તો ભક્તિભાવ જ છે. જૈન ઇતિહાસનાં સોનેરી પાનાં ઉથલાવીએ છીએ ત્યારે તેમાં આપણા પરમ શ્રદ્ધેય એવા પૂર્વકાલીન શ્રમણ ભગવંતોએ રચેલાં ગૌતમસ્વામીનાં સ્તોત્રો, ચૈત્યવંદન છંદ, અષ્ટક, સજ્ઝાય, સ્તવન, રાસ, હિતશિક્ષા વગેરે સાહિત્યમાં ખૂબ જ સુંદર ભાવોની પદ્ય દ્વારા રચનાઓ જોવા મળે છે. જૈન આગમાદિ ગ્રંથોમાં સ્તવ-સ્તોત્રનો ભારે મોટો મહિમા ગવાયો છે. સ્તોત્રના અનેક પ્રકારો પ્રસિદ્ધ છે. નામાવલી સ્તોત્રો, મહિમા સ્તોત્રો, નમસ્કાર સ્તોત્રો, ભૂજંગપ્રયાતાદિ છંદ પરથી પ્રસિદ્ધ સ્તોત્રો, અને સૌમાં અતિ વિશિષ્ટ મંત્રાધિરાજગર્ભિત સ્તોત્રો જેમાં બહારથી સર્વાંગસુંદર હૃદયંગમ, ભાવવૃદ્ધિકારક, પરમ પ્રભાવક, ઉચ્ચ કાવ્યગુણોથી અલંકૃત સ્તોત્રરચનાઓ હોય છે. પણ તેમાં રહસ્યગર્ભરૂપે ઉત્તમ મંત્રો છુપાયેલા હોય છે. મંત્રાધિરાજ આમ ભીતરમાં હોઈને આવાં સ્તોત્રો અતિ શીઘ્ર સિદ્ધિપદદાયી અને ભવતારક બની જતાં હોય છે. જૈન દર્શનમાં સ્તોત્રોના પ્રાચીન ઇતિહાસ પરિચયમાં પ્રણેતાઓને કાલાનુક્રમ સંભવતઃ આ પ્રમાણે યાદ કરી શકાય. વિક્રમની ત્રીજી સદીમાં 'તિજયપહુત્ત'ના કર્તા શ્રી માનદેવસૂરિ મહારાજ પહેલા, વિક્રમની ચોથી-પાંચમી સદીમાં 'કલ્યાણમંદિર'ના કર્તા શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી, વિક્રમની છઠ્ઠી સદીમાં 'ઉવસગ્ગહરં'ના કર્તા શ્રી ભદ્રબાહુસ્વામીજી દ્વિતીય, વિક્રમની સાતમી સદીમાં ભક્તામર અને નમિઊણના કર્તા શ્રી માનતુંગસૂરિજી, વિક્રમની આઠમી સદીમાં 'અજિતશાંતિ'ના કર્તા શ્રી નંદિષેણ, વિક્રમની અગિયારમી સદીમાં 'મોટી શાંતિ'ના કર્તા તરીકે ગણાતા શ્રી શાંતિસૂરિજી વાદિવેતાલ, સોળમી સદીમાં 'સંતિકર'ના કર્તા શ્રી મુનિસુંદરસૂરિજી ઉપરાંત દાર્શનિક સ્તોત્રોના પ્રણેતાઓમાં દિવાકર અમિતગતિજી, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, જિનપ્રભસૂરિજી, પાર્શ્વચંદ્રસૂરિજી, ઉપા૦ યશોવિજયજી ઇત્યાદિ મુખ્ય છે. આ સ્તોત્રસાહિત્ય અમને મેળવી આપવામાં ભાવનગરના ચુનીલાલ દુર્લભજી પરિવારમાંથી શ્રી ચીમનભાઈએ અમને ખૂબ જ મદદ કરી છે. અમો તેમના ખૂબ જ ઋણી છીએ. અત્રે આપણા સૌના પરમ ભાગ્યોદયે એવા મંત્રાધિરાજગર્ભિત શ્રી ગૌતમપ્રભુના અતિ દુર્લભ સ્તોત્રો પ્રસ્તુત કરાયાં છે જે પરમ મંગલકારક છે. એના નિત્ય કે પ્રાસંગિક અનુષ્ઠાનો કોટીભવપાપનિવારક છે. ટૂંકમાં આ સ્તોત્રનાં પાઠગાન આપણી આધ્યાત્મિક પ્રવૃત્તિનું એક પ્રધાન અંગ છે. જૈન ઇતિહાસનાં સોનેરી પૃષ્ઠો ઉપર સ્તોત્ર-રચયિતાઓમાં શ્રી વજ્રસ્વામીજીનું નામ, શ્રી જિનપ્રભસૂરિજીનું નામ પ્રથમ હરોળમાં આવે છે. સંસ્કૃત અને પ્રાકૃત રચનાઓનો જાણે અખૂટ ભંડાર. શત્રુંજયથી લઇને ગુરુ ગૌતમસ્વામી સુધીની વહેતી રહેલી પ્રવાહધારા આપણને શબ્દથી લઇને નાદબ્રહ્મ સુધી લઈ જાય છે. આ બધું લાલિત્યસભર સાહિત્ય તો ખરેખર માણવા જેવું

છે. વજ્રસ્વામી (વિક્રમની ૪૯૬-૫૮૪)એ ૫૧ શ્લોકમાં શ્રી ગૌતમસ્વામી સ્તોત્ર રચ્યું છે, જેમાં કવિના હૃદયમાં ગૌતમનો નિર્મળ દેહ વિવિધ રૂપ ધારણ કરે છે. એ જ રીતે પ્રાકૃત અને સંસ્કૃતમાં રચાયેલાં શ્રી જિનપ્રભસૂરિજી રચિત ગૌતમસ્વામી સ્તોત્ર શબ્દ અને અર્થ બંને રીતે અતિ સમૃદ્ધ છે. એ સ્તોત્રમાં સૂરિજી કહે છે કે, આપે રૂપલક્ષ્મી વડે કામદેવને જીતીને તેને તૃણ સમાન બનાવી દીધો. જો એમ ન હોય તો ત્રિલોચનના નેત્રાગ્નિ વડે તેને એકાએક શી રીતે બાળી શકાયો ? અતિશય ચમત્કારિક કૃતિઓ ધરાવતાં બીજાં સ્તોત્રો પણ પ્રાસાદિકતા અને અલંકાર-સુષમાને લીધે સૌના ચિત્તને હરી લ્યે તેવાં છે. એ જ પ્રમાણે જેમના નામ માટે ઘડીભર તો અહોભાવ થઈ આવે એવા શ્રી મુનિસુંદરસૂરિજી કૃત ગૌતમસ્તોત્ર પણ અત્રે પ્રસ્તુત છે, જે સ્તોત્ર પણ સ્વાદુ સ્વાદુ પદે પદે છે, ઉપરાંત પૂ. શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત દિવાળી દેવવંદનની રચનામાં પણ સુંદર પદ્યસાહિત્ય જોવા મળે છે. અજ્ઞાતકૃતક-કૃત ગૌતમસ્વામી સજ્ઝાય આબાલગોપાલ સૌને ચિત્ત-હરણ કરનાર છે. આ ઉપરાંત કર્ણાટકકેસરી શ્રી ભદ્રંકરસૂરિજી, હાલારદેશોદ્ધારક શ્રી અમૃતસૂરિજી, અચલગચ્છાધિપતિ શ્રી ગુણસાગરસૂરિજી, શ્રી અજિતસાગરસૂરિજી અને શાસનસમ્રાટ નેમિસૂરીશ્વરજી મ. સમુદાયના વિદ્વદ્વર્ય પૂજ્ય આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ તથા પરમ શાસન પ્રભાવક આ. શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજશ્રી તથા આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરિજી મહારાજના સમુદાયના મુનિ પ્રવર શ્રી સુધર્મસાગરજી મહારાજની સુંદર રચનાઓ અત્રે પ્રસ્તુત છે. જૈન સ્તોત્રકાવ્યોના કેટલાક પ્રકારો પણ જોઈએ, દેવતાનુસારી સ્તોત્ર, વિષયાનુસારી સ્તોત્ર, પ્રાતઃસ્મરણ સ્તોત્ર, સહસ્રનામ સ્તોત્ર, પદસંખ્યાનુસારી સ્તોત્ર વગેરે. ગ્રીષ્મકાળમાં સરોવરના શીતલ જલકણ જેટલી શાતા આપે છે તેટલી જ શાતા આ ભાવરત્નો અને માણિક્યરત્નો સમાં સ્તુતિસ્તોત્રો આપે છે. પ્રસ્તુત ગ્રંથમાં પ્રાચીન રચનાઓ અને નૂતન રચનાઓ છે, જુદા જુદા કર્તાના રાસો છે, અષ્ટક છે, સ્તુતિ છે તથા જુદાં જુદાં શ્રમણ—શ્રમણી, શ્રાવક—શ્રાવિકાના લેખો પણ છે. જેઓ સંસ્કૃતના જાણકારો છે તેઓ આમાં આપેલ વિવિધ સંસ્કૃત પદ્ય-રચનાઓમાંથી પોતાની પસંદગી પ્રમાણે ગાથાઓ લઈને નિત્યપાઠ કરી શકે. જેઓને ગુજરાતી જોઈએ છે તેમના માટે પ્રાતઃસ્મરણીય બને તેવી ગુજરાતી સ્તુતિઓ પણ છે. પ્રાચીન સંસ્કૃત-પ્રાકૃત રચનાઓ મેળવી આપવામાં શ્રી બુદ્ધિસાગરસૂરિ સમુદાયના પૂ. પં. શ્રી ધરણેન્દ્રસાગરજી મ. સા.નો નોંધપાત્ર સહયોગ મળ્યો છે.

## સ્તુતિવંદના :

'પૂજા કોટિ સમં સ્તોત્રમ્' એમ આચાર્ય ભગવંતો કહી ગયા છે. સમર્થ વિદ્વાન પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ. સા. સંસ્કૃત-પ્રાકૃતના સાક્ષર અને અનેક શાસ્ત્રોના ઊંડા આકલન પછી સાધકોને સાધનામાં સહાયક નીવડે તેવાં બહુમૂલ્ય રત્નોના વરપ્રદાતા રહ્યા હતા. એમના દ્વારા રચાયેલાં સ્તોત્રોમાંથી કેટલાંકના અતિ સુંદર, વિશદ, હૃદયસ્પર્શી પદ્યાનુવાદો પ. પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના કૃપાપ્રસાદરૂપે પ્રાપ્ત થયા છે. ૨૦૪૯માં ભાવનગરની ધર્મભૂમિમાં રચાયેલ આ પદ્યાનુવાદ કંઠાભરણ બની શ્રી ગૌતમપ્રભુની ભક્તિમાં અત્યંત સહાયક નીવડશે એવી શ્રદ્ધા છે. મુનિશ્રી જયદર્શનવિજયજી મહારાજશ્રીએ રજૂ કરેલી અગિયાર વંદનાઓ પણ ખાસ ધ્યાન ખેંચે છે. અત્રે અન્ય પૂજ્યશ્રીઓની પણ સ્તુતિવંદના રજૂ કરી છે.

## વિવિધ માધ્યમો દ્વારા ભક્તિવંદના :

પ્રભુ જિનેશ્વર ભગવંતોની પૂજા-ભક્તિ-ઉપાસના અનેકવિધ પ્રકારે કરવામાં આવે છે. જૈનધર્મમાં પૂજાના મુખ્ય બે પ્રકાર જણાવવામાં આવ્યા છે. (૧) દ્રવ્યપૂજા (૨) ભાવપૂજા. દ્રવ્યપૂજા એ એક જાતની બાહ્ય પૂજા છે, જ્યારે ભાવપૂજા અંતરંગ પૂજા છે. દેવપૂજામાં વિવિધ વસ્તુઓ-સાધનોનો ઉપયોગ થાય છે જ્યારે ભાવપૂજામાં માત્ર અંતરનો જ—મનના ચિંતવનનો, હૈયાના ભાવનો જ ઉપયોગ થાય છે. આ ભાવપૂજા ધ્યાન, જપ અને કીર્તન-સ્તુતિ, સ્તોત્ર-સ્તવન, ચૈત્યવંદન આદિ અનેક પ્રકારે થાય છે. આ ભાવપૂજાની અભિવ્યક્તિમાં જિન-મંદિરે નિત્ય પ્રભુ સન્મુખ સ્તુતિ, સ્તોત્ર, સ્તવન, ચૈત્યવંદન કરવામાં આવે છે. તેમ અવસરે-અવસરે પૂજાઓ-પૂજનો, રાત્રિ ભાવનાઓ (રાત્રિજગો), રાસાઓનું વાંચન-શ્રવણ આદિ પણ કરવામાં આવે છે. આ રાસાઓમાં જેમ જિનેશ્વર ભગવંતોનું જીવનકવન જોવા મળે છે તેમ જૈન ધર્મના પરમ ઉપકારી ગુરુ ભગવંતોનાં જીવનકવન અને પરમ જિનોપાસક શ્રાવકો (રાજાદિ)નાં જીવનકવનોને પણ આ રાસ-રાસાઓના માધ્યમે વણી લેવામાં આવ્યાં છે. ઘર અને ગામ, સંઘ અને ઉપાશ્રયોમાં ગૂંજતો અને ગાજતો શ્રી ગૌતમસ્વામી મહારાજાનો રાસ આબાલવૃદ્ધો આજે પણ દત્તચિત્તે શ્રવણ કરે છે એ રાસનો ગુર્જરાનુવાદ આ ગ્રંથમાં સુંદર રીતે સંકલિત કરેલ છે. પંદરમી સદીમાં ખંભાત બંદરે ચાતુર્માસ રહેલા પૂ. શ્રી ઉદયવંત મુનિશ્રીએ રચેલ ગૌતમસ્વામીનો મોટો રાસ તેના અર્થ સાથે આ ગ્રંથમાં પ્રસ્તુત છે. આજે પણ સકલ સંઘોમાં માંગલિક રૂપે આ જ રાસ ભાવથી ગવાય છે. ઢાળો પણ ખૂબ જ મનનીય અને મનોહર જણાય છે. આ રાસો-સાહિત્ય અત્યારે જે ઉપલબ્ધ છે—જોવા મળે છે તે વિશેષ કરીને વિક્રમની ૧૩મી સદીથી ૧૭મી સદીનું છે. આ રાસોનું વાંચન વ્યાખ્યાનમાં કે વ્યાખ્યાનના એક પ્રકાર રૂપે કરવામાં આવતું હોય છે. વર્તમાનમાં જે રાસોનું વાચન થાય છે તેમાં 'શ્રીપાળ રાજાનો રાસ' વિશેષ જોવા મળે છે. શ્રીપાળ રાજાના રાસની રચના ઉપા૦ શ્રી વિનયવિજયજી તથા ઉપા૦ શ્રી યશોવિજયજીએ કરી છે. તેની કથા રાજા શ્રેણિક સમક્ષ રજૂ કરનાર શ્રી ગૌતમસ્વામી છે. આ 'રાસા-સાહિત્ય'માં 'ગૌતમસ્વામીના રાસ'નો પણ કંઈક એવો જ મહિમા જોવા મળે છે. 'શ્રી ગૌતમસ્વામીના રાસ'ની રચના એક નહીં, અનેક જોવા મળે છે. પૂજ્ય ગુરુ ભગવંતો તેમ જ શ્રાવક કવિઓ (કવિ શ્રી ઋષભદાસ આદિ) દ્વારા સમયે સમયે શ્રી ગૌતમસ્વામીના રાસની રચનાઓ થતી રહી છે. આ રચનાઓમાં વિ. સં. ૧૪૧૨માં ખંભાતમાં રચેલી પૂજ્ય શ્રી ઉદયવંત (ઉપાધ્યાય વિનયપ્રભ) મહારાજની રચના લોક-પ્રસિદ્ધ પ્રિય અને અલૌકિક છે. વિવિધ રાસો-રાગોનું સંયોજન-અભિવ્યક્તિ એટલે જ રાસ. તેમાં પણ પ્રસ્તુત રાસમાં થયેલી અભિવ્યક્તિ અવર્ણનીય અનેક અર્થ-સંદર્ભોને અભિવ્યક્ત કરતી હોઈ વર્ણનીય છતાં અવર્ણનીય છે. આ રાસો સાહિત્યની કેટલીક સામગ્રીનું આ ગ્રંથમાં સંકલન રજૂ કરનાર અમદાવાદના જાણીતા પ્રાધ્યાપક અને જૈનધર્મપ્રેમી શ્રી કુમુદચંદ્ર જી. શાહે જૈન સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે તેમની ઉત્તરાર્ધ અવસ્થામાં ઘણી મોટી સેવા આપી છે. ગૌતમ માતૃકા વગેરે પ્રેસ મેટર શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ મુંબઈથી પ્રાપ્ત થઈ છે જે માટે તેમનો આભાર માનીએ છીએ.

## ગણધર શ્રી ગૌતમસ્વામી અત્ર...તત્ર...સર્વત્ર...

નિર્મળ નિઃસ્વાર્થ જીવનસાધના અને પરગજુ પ્રકૃતિને લઈને શ્રી ગૌતમસ્વામીના નામનો

અનેરો પ્રભાવ તો જુઓ ! કાવ્યોમાં, સ્તોત્રોમાં તેમનું નામ સર્વત્ર ગવાયું છે.

જૈન શારદાપૂજનવિધિમાં પ્રારંભે બોલાતી સ્તુતિ :

**જૈન વિધિથી જે કરે, પૂજન ચિત્ત ધરંત;**
**લાભ સવાયો તેહથી, ગૃહી નિશદિન લહંત. ૧**

**લક્ષ્મી આવે તે ઘરે, મહાવીર નામ ધરંત;**
**ગૌતમ નામ સ્મરણ થકી, મન પ્રહ્‌લાદ રહંત. ૨**

માંગલિક સંભળાવવામાં શ્રી ગૌતમસ્વામીનું સ્મરણ :

**અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;**
**તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર. ૧**

માંગલિક સ્તોત્રમાં–

**मंगलं भगवान वीरो, मंगलं गौतमप्रभुः ।**
**मंगलं स्थूलभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं ॥**

ગુરુમાં–

**शत्रुंजय समो तीरथ नहीं, ऋषभदेव से देव;**
**गौतम गुरु से गुरु नहीं, पूजुं मैं नित मेव ।**

પ્રસિદ્ધ 'પુણ્ય પ્રકાશ સ્તોત્ર'માં–

**એક દિન વીર જિણંદને, ચરણ કરી પ્રણામ;**
**ભવિક જીવના હિત ભણી પૂછે ગૌતમસ્વામ.**

સર્વ સ્તોત્રોમાં શ્રેષ્ઠ : જૈન જગતમાં પ્રસિદ્ધ થયેલાં બધાં જ સ્તોત્રોમાં ઋષિમંડળ સ્તોત્ર કોઈ અદ્‌ભુત, અનુપમ, દિવ્ય અને અલૌકિક જ્યોતિથી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ મહાસ્તોત્રનું નિત્ય સ્મરણ દૈવી તેજ આપનારું છે. શ્રી ઋષિમંડળ સ્તોત્રની રચના શ્રી ગૌતમસ્વામીએ કરી છે એમ કહેવાય છે.

## ગણધર ગૌતમસ્વામીનાં કેટલાંક દર્શનીય સ્થાનો, સંબંધ અને શ્રેષ્ઠતા :

ઈન્દ્રભૂતિ ગૌતમ પંડિત હતા ત્યારે સર્વશ્રેષ્ઠ પંડિત ગણાતા, પ્રભુ મહાવીરના શિષ્ય બન્યા ત્યારે પણ શિષ્યોમાં સર્વશ્રેષ્ઠ બન્યા અને પછી ગણધર બન્યા ત્યારે પણ સર્વશ્રેષ્ઠ ગણધર કહેવાયા. આ મહાપુરુષની નયનરમ્ય મૂર્તિઓનાં દર્શન ભારતભરનાં સેંકડો જૈન મંદિરોમાં આજે પણ અવશ્ય થાય છે. જેમ પુંડરીક ગણધરનો સિદ્ધગિરિ સાથે સંબંધ છે તેમ નેમિનાથના પ્રથમ ગણધર વરદત્તનો ગિરનાર સાથેનો સંબંધ છે, એ જ રીતે ગૌતમસ્વામીના વિલાપ, વિષાદ અને કેવળજ્ઞાનનો સંબંધ બિહારમાં ગુણિયાજી તીર્થ સાથે સંકળાયેલો છે. પ્રાચીન રાજગૃહીના ઈતિહાસમાં ગુણશીલ ચૈત્યનું સુંદર વર્ણન આવે છે. આ ગુણિયાજી તીર્થ પાવાપુરીથી વીશ કિલોમીટર દૂર છે જ્યાં ભગવાન મહાવીરે અસંખ્ય ભાવુકોને ગૃહસ્થધર્મ અને શ્રમણધર્મની દીક્ષા આપી મુક્તિનો રાહ બતાવ્યો, જ્યાં ગૌતમસ્વામીને ભગવાન મહાવીરસ્વામી પરત્વેના સ્નેહરાગની પકડ છૂટી ગઈ અને

મોહનાં પડળ ખસી ગયાં અને સાચો જ્ઞાનપ્રકાશ લાધ્યો એ તીર્થભૂમિ ગુણિયાજી આજે પણ અનેક ધર્મપ્રેમીઓનું શ્રદ્ધાકેન્દ્ર બની ગયું છે. નાલંદાથી ત્રણ કિલોમીટર દૂર કુંડલપુર ગામ જ્યાં ગૌતમસ્વામીની ચરણપાદુકાનાં દર્શન થાય છે. પ્રાચીનકાળમાં ગુબ્બરગામ અને વડગામ પણ કહેવાતું. નાલંદા અને કુંડલપુર ગામ રાજગૃહનાં ઉપનગરો હતાં. ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, અને વાયુભૂતિનો જન્મ આ ગુબ્બર ગામમાં થયો. આ ભૂમિમાં નાલંદા વિશ્વવિદ્યાલય બનવાથી વિદ્યાનું મોટું કેન્દ્ર બન્યું. ભગવાન મહાવીરના સમયમાં અને તે પછી પણ અહીં જૈન ધર્મનો પ્રભાવ સારો રહ્યો. ભગવાન મહાવીરનો ગોસાલા સાથેનો મેળાપ અહીં થયો. ચૌદમી સદીમાં રચાયેલ 'વિવિધ તીર્થકલ્પ'માં શ્રી જિનપ્રભસૂરિજીએ આ તીર્થની સુંદર વ્યાખ્યા કરી છે. સં. ૧૫૬૫માં શ્રી હંસસોમજીએ અહીં સોળ મંદિર હોવાનો ઉલ્લેખ કર્યો છે. સં ૧૬૬૪માં પં. જયવિજયજીએ અત્રે ૧૭ મંદિર હોવાનો ઉલ્લેખ કર્યો છે. ભગવાન મહાવીરના અગિયાર ગણધરોમાંથી ત્રણની આ જન્મભૂમિ હોવાથી, પ્રભુ મહાવીરનાં અત્રે ઘણી વખત પદાર્પણ થવાથી તેમ જ પ્રભુના ધર્મોપદેશથી અહીં અનેક પ્રાણીઓએ પોતાનાં જીવન સફળ કર્યાં. એ રીતે આ ભૂમિની મહાનતા અવર્ણનીય છે. નાલંદા વિશ્વવિદ્યાલય અને ત્યાંના સંગ્રહાલયમાં પ્રાચીન જૈન પ્રતિમાઓ, સ્તૂપો અને બીજા અનેક અવશેષો જોતાં જિનશાસનનો કીર્તિધ્વજ ઊંચે ગગને લ્હેરાતો હતો ! એ જ રીતે સમેતશિખરજી ગિરિરાજ ચડતાં પ્રથમ શ્રી ગૌતમસ્વામીની ટૂક આવે છે. અહીં ચોવીશ તીર્થંકરો અને દશ ગણધરોની ચરણપાદુકાનાં દર્શન થાય છે. રાજગૃહીના પાંચમા પહાડે ગૌતમસ્વામી મોક્ષે ગયાનો પણ ઉલ્લેખ આવે છે. આવાં અસંખ્ય સ્થાનો ગૌતમસ્વામીનાં અમર સ્મૃતિચિહ્નો બન્યાં છે. વર્તમાનમાં જયપુરના મૂર્તિ આર્ટિસ્ટ ચંપાલાલ ગણેશનારાયણ મારફત શ્રી ગૌતમસ્વામીની ૧૫૦૦ થી ૨૦૦૦ અદ્યતન મૂર્તિઓ છેલ્લા દશકામાં જૈન તીર્થસ્થાનોમાં વિવિધ સ્થળે પહોંચી ગયેલ છે. શ્રી ચંપાલાલજીના સહયોગ માટે તેમના ઋણી છીએ.

## હસ્તપ્રતોનો યોગ્ય ઉપયોગ કરીને ગૌતમસ્વામી સંબંધે આકરગ્રંથના એક વ્યવસ્થિત પ્રયાસની જરૂર છે :

જૈન ધર્મના લાખો-કરોડો ગ્રંથોમાંના ઘણા હજુ પણ અપ્રગટ સ્થિતિમાં છે. પ્રાચીન તાડપત્રો ઉપર સુંદર મરોડદાર અક્ષરોએ વિવિધ શાહીમાં હસ્તલિખિત રૂપમાં ગ્રંથાગારોમાં પડ્યા છે—પાટણમાં, સુરતમાં, રાજસ્થાનમાં, ભાવનગરની યશોવિજયજી ગ્રંથમાળા અને આત્માનંદસભાના ગ્રંથાગારમાં, અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં, લાલભાઈ દલપતભાઈ સંશોધન કેન્દ્રમાં, મહાવીર જૈન વિદ્યાલય વગેરેના ગ્રંથભંડારોમાં બધી મળીને વીશેક લાખ હસ્તપ્રતો હોવાનો સંભવ છે. પાલીતાણાના આગમ મંદિર, સાહિત્ય મંદિર, વીરબાઈ પાઠશાળામાં ઘણા અલભ્ય ગ્રંથો છે. વડોદરા, ખંભાત, લીંબડી, ડભોઈ, વીરમગામ, જામનગર વગેરેના ગ્રથભંડારોમાંની હસ્તપ્રતોમાંથી ગૌતમસ્વામીનું અપ્રગટ સાહિત્ય ઘણું મળી રહેશે. હસ્તપ્રતોની સારી એવી સંખ્યા દક્ષિણ ભારતમાં તાંજોરમાં, ત્રિવેન્દ્રમ, મૈસૂર, મદ્રાસ, અન્નામલાઈ પાસે સારા પ્રમાણમાં સચવાયેલી છે. તિરૂપતિની સંસ્કૃત યુનિવર્સિટી પાસે પણ હવે ઠીક ઠીક સંગ્રહ થવા લાગ્યો છે. મહારાષ્ટ્રમાં પૂનાની ભાંડારકર ઓરીએન્ટલ ઇન્સ્ટીટ્યૂટ પાસે અને ડેક્કન કોલેજ પાસે પણ ઠીક સંગ્રહ છે. મુંબઈમાં માધવબાગ પાસે લાલબાગના ગ્રંથભંડારમાં, સુરતમાં હકમજીસૂરિનો ભંડાર, ડભોઈમાં જંબૂસ્વામીનો ભંડાર, વડોદરામાં પૂ.

પુણ્યવિજયજી મ.નો ગ્રંથભંડાર, વડોદરામાં પ્રાચ્યવિદ્યામંદિર, ગાયકવાડ ઓરીએન્ટલ ગ્રંથમાળા, ખંભાતનો શાંતિનાથજીનો તાડપત્રીય જ્ઞાનભંડાર તથા આચાર્યશ્રી વિજયનેમિસૂરિ ગ્રંથભંડાર, અમદાવાદમાં ડહેલાના ગ્રંથભંડાર, પાલડીમાં જૈન પ્રાચ્યવિદ્યામંદિર વગેરેમાં હસ્તપ્રતોનો વિપુલ ભંડાર પડ્યો છે. કચ્છ-કોટડામાં પણ સંગ્રહ છે. બિકાનેરમાં ન્હારાજીનો સંગ્રહ, ઉદેપુરના ગ્રંથભંડારો, રાજસ્થાનમાં જોધપુરના મહારાજાનો સંગ્રહ, ઉત્તરમાં વારાણસી પાસે સરસ્વતી ભવનમાં, બિહારમાં નાલંદા, દરભંગા, પટણા યુનિવર્સિટી, બંગાળમાં કલકત્તા યુનિવર્સિટી, પંજાબમાં હોશિયારપુરમાં હસ્તપ્રતો વિપુલ પ્રમાણમાં છે. હજુ અદ્યતન પદ્ધતિએ તૈયાર કરવામાં આવતો શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર કોબામાં પણ હસ્તપ્રતોનો વિશાળ સંગ્રહ છે. આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મ. સા. આ કાર્યમાં ખૂબ જ ઊંડો રસ લઈ રહ્યા છે. જૈન શ્રીસંઘો ધારે અથવા અમદાવાદનું શ્રીમતી શારદાબેન ચીમનભાઈ લાલભાઈ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર અને તેના નિયામક ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહ જેવા જૈનશાસનને સંપૂર્ણ સમર્પિત સાક્ષરો ધારે તો આ બધી હસ્તપ્રતોમાંથી ગૌતમસ્વામી સંબંધે યોગ્ય સંકલન કરાવીને વ્યવસ્થિત રૂપમાં એક આકરગ્રંથ તૈયાર થઈ શકે તેમ છે.

## રૂપ–રંગ–સૌષ્ઠવ અદ્ભુત અને મહાન તપસ્વી :

જેમના પાવનકારી નામનો આવો અદ્ભુત મહિમા છે અને વીર ગણધર તપ, ગૌતમ પડઘો તપ, ગૌતમ કમલ તપ, નિર્વાણ દીપક તપ અને શાશ્વત એવા વીશ સ્થાનક તપમાં પણ ગૌતમપદ એક સ્થાનક રૂપે આરાધાય છે પ. પૂ. આ. શ્રી જયઘોષસૂરિજી મ.સા.નો ગૌતમપદ ઉપરનો મનનીય લેખ ખાસ વાંચવા જેવો છે—આવાં તપો જેમના નામ સાથે સંકળાયેલાં છે અને જે સ્વયં મહાન તપસ્વી હતા છતાં તેઓ દુર્બળ તો ન જ હતા. બીજી ચોવીશીઓમાં કે તીર્થોમાં વીશસ્થાનક તપમાં આ ગૌતમપદ નામનું પદ વૈયાવચ્ચ પદ નામથી આરાધાય – આટલું વાચકોએ જાણવું જરૂરી છે. તપ એટલે ઉપવાસ, આયંબિલ આદિ એ વ્યાખ્યા સાચી હોવાં છતાં પૂરતી નથી. જૈન દર્શને આ તપને બાર પ્રકારમાં વર્ણવેલ છે અને વિગતો રસપ્રદ અને પ્રેરક છે. સાધુજીવનમાં એ બારેબાર કે એ બારમાંના કોઈ પણ પ્રકારની બહુલતા જોવા મળતી હોય છે. જૈન શાસનમાં તપ અને તપસ્વીઓની ઉજ્જવળ પરંપરાનો વિશાળ પ્રવાહ અસ્ખલિતપણે વહેતો જ રહ્યો છે. પર્યુષણ જેવાં પર્વોમાં તો આ તપસ્યાઓ સોળે કળાએ ખીલી ઊઠે છે. ભગવતી સૂત્રમાં તેમની દેહસંપદા વર્ણવતાં સાત હાથની લંબાઈવાળા આકાર સમચતુરસ્ત્ર અર્થાત્ બધી રીતે સમને સંઘયણ પરિપૂર્ણ વજ્રઋષભનારાચ અર્થાત્ વજ્ર સમાન સુદૃઢ ને મજબૂત અસ્થિયુક્ત શરીરશોભા હતી. શરીરનો રંગ કસોટીના પથ્થર પર અંકિત સુવર્ણરેખા સમાન, કમલકેસર સમાન પદ્મગંધી શરીર હતું. વિશાળ લલાટ અને કમળની પાંખડી જેવા લાલ, ગોળ અને કોમળ નેત્રદ્વય પ્રકાશમાન હતાં. અષ્ટાપદજી તીર્થના આરોહણ સમયે તપોદુર્બળ કૌંડિન્ય, દિન્ન અને શૈવાલ નામના તાપસો આવા હૃષ્ટપુષ્ટવયવાળા ગૌતમ અષ્ટાપદજીની આઠમી મેખલા સુધી આરોહણ કરી શકશે કે કેમ ? તેની શંકા સેવતા હતા પણ ગૌતમસ્વામીને પગથી પગથિયાં ક્યાં ચઢવાનાં હતાં ? હાથ લંબાવ્યો ! ને સૂરજનાં કિરણોએ તેમને અષ્ટાપદના શિખર ઉપર મૂકી દીધા અને તાપસો જોતા જ રહ્યા. આ હતી તેમની શક્તિસંપન્નતા ! ગૌતમપ્રભુ ચાલતા ત્યારે ધરતી તેમનાં મંગલમય પગલાંથી રોમાંચ અનુભવતી. આવી અદ્ભુત હતી તેમની પ્રચંડ પ્રતિભા....!

## અક્ષુણ્ણ વિદ્વાન, અનેકશાસ્ત્રમર્મજ્ઞ, મહાધુરંધર જ્ઞાની પુરુષ :

ઇન્દ્રભૂતિ ગૌતમ અને તેમના બે ભાઈઓ અગ્નિભૂતિ અને વાયુભૂતિ એ યુગના દશે દિશામાં સુવિખ્યાત મહાપંડિતો હતા. ચૌદ વિદ્યાઓમાં, વેદો, વેદાંગો, દર્શનો, ધર્મશાસ્ત્રો, પુરાણો, મહાપુરાણો, શ્રુતિઓ, ઋચાંઓ, વિશેષતઃ ન્યાય અને મીમાંસા દર્શનોના તલસ્પર્શી મર્મજ્ઞ પંડિત તરીકે ઇન્દ્રભૂતિ અસાધારણ હતા. પ્રખ્યાત પ્રજ્ઞાચાર્યધુરિણ વિદ્વાન શિરોમણિ એ ઇન્દ્રભૂતિ શાસ્ત્રાર્થ દ્વારા તત્કાલીન વિદ્વાનોના મદને મીણની જેમ ઓગાળી દેતા. પ્રતિવાદી મિરાશક તત્ત્વવિજ્ઞાન વિપીનના કેસરી હતા. યજ્ઞના આચાર્ય તરીકે ઇન્દ્રભૂતિ ગૌતમ વિરાજતા હોય ત્યાં વાતાવરણ મંત્રગાન અને પ્રત્યેક ક્રિયાકલાપના સૂક્ષ્મ નિદર્શનથી પ્રભામય અને દિવ્ય બની જતું. મગધ દેશમાં જ નહિ, પરંતુ સમસ્ત ભારતમાં તેમની કોટિની વિદ્વાન–વિરલ વિભૂતિ મળવી મુશ્કેલ હતી. ઇન્દ્રભૂતિ આચાર્યના પાંચસોથી પણ અધિક કક્ષાના શિષ્યો હોવા જોઈએ, વળી ૫૦ વર્ષ સુધી તેઓ અધ્યયન–અધ્યાપન–દાર્શનિક ચર્ચા અને કર્મકાંડમાં નિરત રહ્યા. એ હિસાબે હજારો શિષ્યોએ એમનાં ચરણો સેવી જ્ઞાનલાભ કર્યો હશે. આમાંના પાંચસો શિષ્યો તો આચાર્યપદ સાથે સદૈવ પોતાના ગુરુદેવનો જયઘોષ કરતા વિચરતા રહેતા. વાદીગજકેસરી, વાદીમાનમર્દક, વાદીઘૂકભાસ્કર, વાદીભપંચાનન, સરસ્વતીકંઠાભરણ ઇત્યાદિ તેમની બિરદાવલીઓ સૌ ગાતા રહેતા. તેમની અનંતલબ્ધિઓના મૂળમાં પણ હતી નખશિખ સમર્પિતતા અને એ સમર્પણના મૂળમાં પણ જે રાગ હતો તે પૌદ્‌ગલિક ન્હોતો પણ આત્મિક હતો, ગુણરાગ હતો.

## વિદ્યા–વિનય–નમ્ર–શીલાચારસંપન્ન મહાપુરુષ :

આવા મહાન પંડિતરાજ, ભારતવર્ષના વરેણ્ય મહાજ્ઞાની, ચૌદ પૂર્વોના અતલ શ્રુતસાગરના પારગામી, ભગવાન મહાવીરના કૈવલ્યહિમાલયથી નિઃસૃત વાણીમંદાકિનીનું ભૂમિ પર અવતરણ કરાવનારા જ્ઞાનગંગામાં સદા રત, તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ અને તીર્થંકર ભગવાન મહાવીરની ગંગા-યમુનાધારાના પ્રયાગસમા ગૌતમ ! અનંત લબ્ધિઓના નિધાન, ભગવાન મહાવીરના શ્રીમુખે 'ગોયમ–ગોયમ' બોલાવાતા એ મહાન પુણ્યશાળી પુરુષ હતા. છેલ્લા યજ્ઞમાં દેવતાઓએ દેવવિમાનને યજ્ઞક્ષેત્રમાં ઉતારવાને બદલે મહસેન વનમાં સર્વજ્ઞ ભગવાન મહાવીરની દેશના સાંભળવા ઉતાર્યું અને પ્રભુચરણ વંદવા ચાલ્યા ગયા ત્યારે 'મારા સિવાય અન્ય કોણ સર્વજ્ઞ હોઈ શકે !' એમ વિચારી શત્રુને ઊગતા ડામવાના આશયથી શત્રુનું ગર્વભંજન કરવા પૃથ્વી ધમધમાવતા ચાલ્યા; પણ દેવનિર્મિત અદ્‌ભુત સમવસરણ પાસે પહોંચતાં જ વીતરાગ ભગવાન મહાવીરના પ્રશાંત મુખમંડલની દિવ્ય અનિર્વચનીય દેદીપ્યમાન પ્રભા અવલોકતાં જ, 'આમને પોતે પરાજિત કરી શકશે કે કેમ ?' તેવા અસમંજસમાં પડી ગયા. અને ત્યાં જ ભગવાન મહાવીરની યોજનગામિની અમૃતનિસ્યંદિની વાણી, "ભો ઇન્દ્રભૂતિ ગૌતમ ! તમે આવી ગયા ?" એવી રીતે ઝંકૃત થઈ રહી. પ્રભુએ 'જીવ છે કે નહીં ?' એવા ઇન્દ્રભૂતિ ગૌતમના સંશયને તત્કાળ પ્રગટ કરતાં અને છેદી નાખતાં પાંચસો શિષ્યો સાથે પ્રભુના શરણે આવ્યા–સંપૂર્ણ સમર્પિત બન્યા. ત્યાર બાદ પોતે પરમ વિદ્વાન, વાચસ્પતિ સર્વશાસ્ત્રવિશારદ છે એવું સ્વપ્ને પણ ગૌતમે વિચાર્યું નથી. 'ભગવતી સૂત્ર'ના અધ્યયનથી જણાય છે કે ગૌતમસ્વામી વીરના એક અદ્‌ભુત આદર્શ–શરણાગત પરમ વિનયી આજ્ઞાધારક શિષ્ય બનીને રહ્યા છે અને પોતે કાંઈ જાણતા જ નથી એવા બાળકની જેમ પ્રભુ

પાસે અતિ દૂર નહીં; અતિ સમીપ નહીં તેમ ઊર્ધ્વજાનુ, અધઃશિર બની ધ્યાનકોષ્ઠક અર્થાત્ બધી તરફથી માનસિક ક્રિયાઓને રોકી, પ્રભુચરણારવિંદ પર સ્થિર દૃષ્ટિ કરીને બેસતા, અંદર ચિંતનનિમગ્ન બનતા ધર્મધ્યાન અને શુક્લધ્યાનની આવી દશામાં મસ્ત ને મગ્ન બની ભવ્યાત્માઓના કલ્યાણાર્થે સ્વાસન પરથી ધીર ગતિએ ઊઠી ભગવાનની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વારંવાર અભિવંદી, લલાટ પર અંજલિબદ્ધ બની અનેક પ્રશ્નો પૂછતા રહ્યા છે. પ્રશ્ન નાનો હોય કે મોટો, આ લોક સંબંધી હોય કે પરલોક સંબંધી, ભૂતકાલીન, વાર્તમાનિક કે ભવિષ્યકાલીન હોય, સ્વસંબંધિત કે પરસંબંધિત હોય—ગૌતમપ્રભુને ભગવાનના શ્રીમુખની વાણીના અમૃતસરોવરમાં સ્નાન ને પાન કરતા રહેવામાં જ દિવ્ય સુખની ઝણઝણાટીઓ અનુભવાતી હતી.

## ગણધર પદ પ્રાપ્તિ—આગમોમાં શ્રી ગૌતમપ્રભુકૃત પ્રશ્નોનું આચાર્ય ભગવંતોએ કરેલું વર્ગીકરણ :

ક્ષમાશ્રમણ ભગવાન મહાવીર પ્રભુના શ્રી ગૌતમ પ્રથમ શિષ્ય—પ્રથમ ગણધર છે. ગણના સંસ્થાપક હંમેશાં તીર્થંકર ભગવંતો હોય છે અને સંવાહક ગણધરો કહેવાય છે. પૂ. પા. આ. મલયગિરિજી આવશ્યક સૂત્રની ટીકામાં લખે છે : અનુત્તરજ્ઞાન એવં અનુત્તર દર્શન આદિ ધર્મસમૂહના ધારક ગણધર નામથી પ્રસિદ્ધ બને છે. આ ગૌતમ નામ તો ગોત્રનામ છે, પણ જૈન ધર્માવલંબીઓ 'ગુરુ ગૌતમસ્વામી' એવા પરમાદરણીય શબ્દથી જ આજે તેમને નવાજી રહ્યા છે. ત્રિપદીની પ્રાપ્તિ બાદ માત્ર અંતર્મુહૂર્તમાં જ ઇન્દ્રભૂતિ ગૌતમે દ્વાદશાંગીનું નિર્માણ કર્યું. વિદ્યમાન આગમોમાં ચંદ્ર—સૂર્ય—જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિઓની રચના તો ગૌતમસ્વામીના પ્રશ્નો પર પૂર્ણતયા આધારિત છે; પણ પંચમાગત વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ જેનું પ્રસિદ્ધ નામ ભગવતી સૂત્ર છે તેમાં ૩૬૦૦૦ જેટલા પ્રશ્નો છે, તેમાંના માત્ર કેટલાકને બાદ કરતાં બાકીના બધા ગૌતમસ્વામીએ પૂછેલા છે, જેને પરમાત્માએ સ્વયં ઉત્તરિત કર્યાં છે. ભગવતી—ઔપપાતિક, વિપાક, રાજપ્રશ્નીય, પ્રજ્ઞાપના વગેરે આગમોમાં એટલા વિવિધ વિષયોના પ્રશ્નો છે, જેનું વિશ્લેષણ-વર્ગીકરણ અશક્ય જેવું છે, તથાપિ આચાર્ય ભગવંતોએ અધ્યાત્મ, કર્મફળ, લોક અને સ્ફુટ—એમ ચાર મુખ્ય વિભાગોમાં આ પ્રશ્નો વહેંચી આ ચારે વિભાગોના સેંકડો ઉપપ્રશ્નો વિભક્ત કર્યા છે. ગૌતમસ્વામી અને ભગવાન મહાવીર વચ્ચેના સવાલજવાબનું ક્ષેત્ર સર્વવિષયસ્પર્શી કહી શકાય તેટલું વ્યાપક છે. એ ત્રણ લોક, ત્રણ કાળ, ચારે ગતિ તેમ જ ચારેય અનુયોગને આવરી લ્યે છે એટલે એ સવાલ-જવાબને સંક્ષેપ કરવાનું ઘણું મુશ્કેલ છે.

## જ્ઞાનની ગંગોત્રી રેલાવનારા અતિ નમ્ર ગૌતમપ્રભુ :

વિનય દ્વારા વિવેક, વિવેક દ્વારા વૈરાગ્ય, વૈરાગ્ય દ્વારા વિરતિ, વિરતિ દ્વારા વીર મરણ, વીર મરણ દ્વારા અંતે વિરહની વેદના, તેના દ્વારા ઉદ્ભવેલા વિલાપમાંથી વીતરાગના પંથે પહોંચનારા ગણધર ગૌતમસ્વામી ભગવંત રાજગૃહીના ગુણશીલ ઉદ્યાનમાં ગુરુદેવ પ્રભુ મહાવીરનાં ચરણોમાં બેસી, આંખો નીચે ઢાળી, ભીની પાંપણથી જગતને કહી રહ્યા છે : 'મારું મારી પાસે હવે કશું રહ્યું નથી, મારું જે કંઇ છે તે મારા પરમાત્માનું છે.' આવી સરળતાની, પવિત્રતાની અને સમર્પિતતાની મહામૂલી સંપત્તિના સ્વામી ગણધર ગૌતમસ્વામી મહારાજાની વિનમ્રતા ગજબની હતી. સામાન્ય રીતે જ્યાં જ્ઞાન હોય ત્યાં સૂક્ષ્મ તો સૂક્ષ્મ, અહંકાર રહે જ. પરંતુ ગૌતમસ્વામી ક્ષમાપનાના

સાધક હતા. આનંદ શ્રાવક સાથેના અવધિજ્ઞાનના પ્રસંગમાં લાવેલી ગોચરીનો ઉપયોગ કર્યા વિના તત્ક્ષણ ગૌતમે જઇ એક ગૃહસ્થ શ્રાવકની ક્ષમા માગી. પુરુષાદાનીય ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં આવેલ શ્રુતજ્ઞાનથી પ્રબુદ્ધ કેશીકુમાર શ્રમણ સાથેના પ્રસંગમાં પણ ૧૨ પ્રશ્નોત્તર દ્વારા ઉભય માર્ગની વિશિષ્ટતાઓ ને વિભિન્નતાઓનો ભેદ ઉકેલ્યો અને ચરમ તીર્થંકર ભગવાન મહાવીરના માર્ગના પાંચ મહાવ્રતો શા માટે ?—ને પાર્શ્વનાથ પરમાત્માના શાસનમાં ચાર જ મહાવ્રતો શા માટે ? ઇત્યાદિ સંશયોનાં સંવાહી સમાધાન કરી કેશીકુમાર શ્રમણને મહાવીર પરંપરા સાથે જોડી આપ્યા. અતિમુક્તક કુમારના પ્રસંગમાં પણ ગૌતમસ્વામીજીએ બાળક સાથે બાળક જેવા સરલ—ઉદાર-હૃદયી બની મધુરતા, વત્સલતા અને સરલતાનો પરિચય કરાવ્યો.

## તીર્થંકરોની પ્રબુદ્ધ ચેતનાના સંવાહકો—ગણધરો :

લાખો વર્ષે પૃથ્વીના પાટલે એકાદ તીર્થંકરનો જીવ ત્રિભુવનના પ્રકૃષ્ટ પુણ્યોદયે જ્ઞાન—દર્શન—ચારિત્ર્યરૂપ સંયમસાધનાના પ્રશસ્ત માર્ગના દીવડાને ઝળહળતો કરવા અવતરે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર્ય તો જીવમાં અંતર્નિહિત છે, પણ અસંખ્ય કાળની કાર્મણ વર્ગણાઓને અનંતકાળના કુસંસ્કારો સંસ્કારો રૂપે સુષુપ્ત અવસ્થામાં રહેલા જીવના આ પારમેશ્વરી વૈભવને આવૃત્ત કરી દે છે. જન્મ-પ્રતિજન્મમાં સાધનાઓના શિખરે ચડતાં ચડતાં ચરમ જન્મમાં પૂર્વકર્મોને ખપાવી, નૂતન કર્મોનું ભાથું બાંધવાથી દૂર રહીને તીવ્ર તપશ્ચર્યા સાધીને કેવળજ્ઞાનના સૂર્યપુંજથી ઝળહળી પૃથ્વી પર જ નહીં પણ ઉપરના અનેક દેવલોકો સુધી તીર્થ પ્રવર્તાવતા તીર્થંકર ભગવંતો પ્રગટે ત્યારે સ્વર્ગ પણ આ પાવન પૃથ્વીની ઈર્ષા કરે છે. દેવોનાં વિમાનો પૃથ્વી પર દોડાદોડ કરે છે. ઇન્દ્રદેવનું સિંહાસન ચલાયમાન થતાં દેવો સાથે તેઓ દોડતા આવી જન્મકલ્યાણક ઉત્સવ રચે છે. પછી દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક એમ ઉત્સવોની પરંપરા ચાલે છે. તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે અદ્ભુત પ્રભામય સમવસરણની રચના થાય છે. માઈલો સુધી ભગવાનની ધર્મદેશના દેવોથી લઇ તિર્યંચ સૃષ્ટિ શ્રવણ કરી પાવન થાય છે. જેમ પ્રત્યેક મનુષ્ય તીર્થંકરપદ સુધી આરૂઢ થઇ શકતો નથી, બહુ વિરલ વ્યક્તિઓ જ વીશ સ્થાનક પદોની વિશિષ્ટતમ અને ઉત્કૃષ્ટ સાધના કરીને તીર્થંકર નામકર્મ બાંધીને આ પદ પ્રાપ્ત કરે છે તેમ કોઇ સાધારણ વ્યક્તિ ગણધરપદ સુધી પહોંચી શકે નહીં. અનેક જન્મ સમુપાર્જિત ઉત્કટ આરાધના—તીવ્રતમ તપશ્ચર્યા પછી વિશિષ્ટ અતિશયો અને લબ્ધિઓથી સહજપણે શોભિત આ ગણધરપદ પર પહોંચી શકાય છે. સંશયાતીત સર્વશ્રુત મહોદધિ સિદ્ધ બુદ્ધ અક્ષીણ મહાનસ લબ્ધિયુક્ત ગૌતમપ્રભુ મહાપંડિત ઇન્દ્રભૂતિમાંથી દીક્ષા લેતાંની સાથે જ જગદ્વંદ્ય ભગવાન મહાવીરના કરકમલોથી મસ્તક પર પડતા સૌગંધિક વાસચૂર્ણના પ્રભાવથી ગણધર બન્યા. અગિયાર પંડિતોના મસ્તક પર આ સૌગંધિક રત્નચૂર્ણ પ્રક્ષેપ કરતાં ભગવાન બોલ્યા, "હું તમને સૌને દ્રવ્યગુણ પર્યાયથી તીર્થની અનુજ્ઞા પ્રદાન કરું છું."

આમ ભગવાન મહાવીરે પોતાના તીર્થ—સંઘની સ્થાપના કરી અગિયાર ગણધરોને ગણધરપદ આપ્યું, જેમાં શ્રી ગૌતમપ્રભુ પ્રથમ ગણધર બન્યા. અગિયાર આચાર્યોનો શિષ્ય-સમુદાય જેની કુલ સંખ્યા ૪૪૦૦ હતી તેનો આ પરિવાર ગૌતમપ્રભુની છત્રછાયામાં જિનશાસનની જયપતાકા લહેરાવવા લાગ્યો. શ્રી ગૌતમપ્રભુને ગણધરપદ પ્રદાન ઇસ્વીસન પૂર્વે ૫૫૭માં વૈશાખ સુદિ ૧૧ના દિવસે થયું.

## કલ્પસૂત્ર અને ગણધરવાદ

પર્યુષણા મહાપર્વમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી-પ્રણીત શ્રી કલ્પસૂત્રનો અનેરો મહિમા હોય છે. આ કલ્પસૂત્રમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના સંપૂર્ણ જીવનચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે. તેમાં સૌથી વધુ અગત્યનું અને સૌથી વધુ કઠિનમાં કઠિન વ્યાખ્યાન કહેવાતું હોય તો તે 'ગણધરવાદ' છે. આ 'ગણધરવાદ' જિજ્ઞાસુઓ માટે જ્ઞાનની ખાણ છે.

વ્યાખ્યાનકાર વક્તા જો જ્ઞાની અને વચસ્વિ હોય તો આ 'ગણધરવાદ'ના તાત્ત્વિક નિરૂપણમાં ચારેક કલાક સામાન્યતઃ પસાર થઈ જાય છે. પ. પૂ. શાસનસમ્રાટ આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી મહારાજ પણ આ કાળના પ્રખર વ્યાખ્યાતા-તત્ત્વજ્ઞ યુગપુરુષ હતા. અને તેઓ જ્યારે 'ગણધરવાદ'નું વ્યાખ્યાન વાંચતા ત્યારે મોટા મોટા જૈનેતર વિદ્વાનો ખાસ એનું શ્રવણ કરવા આવતા. અને તેમાંય શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી ગણધર શ્રી ગૌતમસ્વામીની મનોવ્યથા-વિલાપનું એવું આબેહૂબ વર્ણન કરતા કે પૂજ્યશ્રી તો ગળગળા થઈ જતાં શ્રોતાવર્ગ પણ વ્યાખ્યાનના રસમાં તદાકાર થઈ આંસુ સાથે શ્રી ગૌતમસ્વામીજીના દુઃખમાં સહભાગી થવાનો અનુભવ કરતા.

## 'નમો'ની અણિશુદ્ધ પરિપૂર્ણ સાધનામાં શિખર દ્વારા અનંત લબ્ધિનિધાન પ્રગટાવનારા શ્રી ગુરુ ગૌતમનું ગણધરોમાં અનન્ય સ્થાન :

દીક્ષા ગ્રહણ કર્યા પછી શ્રી ગૌતમપ્રભુએ યાવજ્જીવ ષષ્ઠભક્ત તપની પ્રતિજ્ઞા કરી, અપ્રમત્ત બની ઉત્કટ સંયમમાર્ગ પર વિચરતા ગૌતમપ્રભુ અન્ય ગણધરોથી અનેક રીતે અલગ તરી આવતા. દીપ્ત તપસ્વી તેમણે કર્મોને ભસ્મસાત્ કરવા ઉગ્ર તપશ્ચર્યા કરેલી. પ્રબલ સાધનામાં અહર્નિશ લાગ્યા રહેતા. જ્ઞાનની અપેક્ષાએ ચૌદ પૂર્વના ધારક અને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ નામનાં ચાર જ્ઞાનોના ધારક હતા. સર્વાક્ષર સન્નિપાત જેવી ૨૮ લબ્ધિઓના ધારક અને છતાં પરમ વિનયી, પરમ પ્રશાંત, આડંબર-મદ-માનમુક્ત, અસંગભાવમાં વર્તનારા હતા. સ્વાનુભૂતિપૂર્ણ દેશના દ્વારા અગણિત આત્માઓને પ્રતિબોધી સિદ્ધિના માર્ગ પર લાવનારા હતા. મહાવીરશાસનને તેમણે ઉદ્યોતિત કર્યું હતું. ભગવાન મહાવીર પાસેથી પદાર્થોના—તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન કરાવતી ત્રિપદી મેળવી અંતર્મુહૂર્તમાં (ક્ષણમાત્રમાં) દ્વાદશાંગીની રચના કરી, પ્રભુની વાણીને સમસ્ત જીવ-નિકાયના કલ્યાણાર્થે સૂત્રરૂપે ગૂંથનારા ગૌતમપ્રભુનું સ્થાન સર્વ ગણધરોમાં વિશિષ્ટ હોય તે સહજસિદ્ધ છે.

## ગણધરોનાં વિશિષ્ટ વિવિધ કાર્યો : अ : તીર્થંકર અનુવર્તન आ : તીર્થંકરના જ્ઞાન-વૈભવનું અનુપ્રદાન इ : શાસનવૃદ્ધિ અને સંઘને માર્ગદર્શન :

પ્રત્યેક તીર્થંકર ભગવંતની પોતપોતાના યુગમાં વિશિષ્ટતાઓ હોય છે. દરેકમાં કેટલાંક ઐશ્વર્યો—વિભૂતિમત્વ સમાન પણ હોય છે. એમાંયે અવસર્પિણીકાળમાં તીર્થંકર ભગવંત અને ગણધરોની વળી વિશેષ પરિસ્થિતિઓ હોય છે. ચરમ તીર્થંકર ક્ષમાશ્રમણ સર્વજ્ઞ ભગવાન આ અવસર્પિણીકાળમાં અવતર્યા, તો તેમને પરાજિત કરવા નીકળેલા સર્વવેદાર્થસંપન્ન સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્, ન્યાય, સાંખ્ય, વૈશેષિક, યોગ, પૂર્વમીમાંસા, જ્યોતિષ, કલ્પ, નિરુક્ત, છંદ, વ્યાકરણાદિ સમસ્ત

શ્રૌતવાઙ્મયના પ્રાતિભ–ઉદ્ભટ વિદ્વાન ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરની દેદીપ્યમાન વીતરાગી પ્રજ્ઞા-પ્રતિભા-અવસ્થા નિહાળી જીવના અસ્તિત્વ અંગેના તેમણે કરેલા સમાધાનથી તત્કાળ ૫૦૦ શિષ્યો સાથે પ્રભુ વીરના શરણે ગયા અને ભગવાને તેમને ગણધરપદ પ્રદાન કર્યું. પરંતુ ગણધરપદ એ કોઈ રાજા કે રાષ્ટ્રપતિ આપે તેવી માત્ર ઉપાધિ નથી, એ બહુ મોટી જવાબદારી છે. સામાન્ય વ્યક્તિ આચાર્યપદને પણ ન આંબે, તો ગણધરપદની શી વાત ? તીર્થંકરો સર્વજ્ઞ હોઈ વ્યક્તિ એમના સમવસરણના દ્વારે આવે તે પૂર્વે જ અથવા સુદૂર પંથથી આવવા નીકળે ત્યાં જ વ્યક્તિની વિશેષતાઓ-મર્યાદાઓ, તેના પૂર્વભવો, પોતાની સાથેના પૂર્વભવો—આમ બધું જ જાણતા હોઈ ગમે તે વ્યક્તિને દીક્ષા પ્રદાન ન કરે, તો ગણધરપદની તો શી વાત કરવી ?

- ❖ ગણધર સૌ પ્રથમ તો અનન્ય ભાવે શરણાપન્ન હોવા જોઈએ.
- ❖ ગણધરની નિષ્ઠા પોતાના તીર્થંકર ભગવાનમાં પૂર્ણ સમર્પિત ભાવ સાથે હોવી જોઈએ.
- ❖ ગણધર તીર્થંકરના અર્થદર્શનને સાવધાનપણે ગ્રહણ કરે તેવા શાસ્ત્રીય પ્રતિભા-સંપન્ન અને ઋતંભરાપ્રજ્ઞા સમવંત મહાપુરુષ હોવા જોઈએ.
- ❖ તીર્થંકર ભગવાનના તત્ત્વદર્શનને, ગૂઢ રીતે વ્યક્ત થયેલા ભાવોને, અર્થોને અમૃતમયી આગમાત્મિકા વાણીમાં જગતમાં પ્રવર્તાવવામાં, આ તત્ત્વબોધને સુરક્ષવામાં દક્ષ અને પછીના શિષ્યો-આચાર્યો-ઉપાધ્યાયો-શ્રાવકો-શ્રાવિકાઓવાળા શ્રીસંઘ આદિથી અંત સુધી બરાબર સમજી શકે તેમ સરલતમ વાઙ્મયના સારસંદોહ રૂપે વ્યક્ત કરનાર લબ્ધિસંપન્ન હોવા જોઈએ.
- ❖ અહિંસા–ઇન્દ્રિયસંયમ–તપશ્ચર્યામાં દઢાગ્રહી, અસાધારણ મનોનિગ્રહી, ઊંચા આચારવાળા, શીલભદ્ર, આજ્ઞાનુવર્તી અને શાસનપ્રભાવક હોવા જોઈએ.
- ❖ તે માત્ર તીર્થંકર ભગવંતના સાદા-સીધા અનુવર્તી હોય—માત્ર અનુયાયી-અંતેવાસી હોય એટલુ જ પૂરતું નથી, પણ તીર્થંકર ભગવંતની અલૌકિક દિવ્ય આભાથી અનુપ્રાણિત થઈ તેમનાં જ્ઞાન-દર્શન-ચારિત્ર્યની સર્વોત્કૃષ્ટ પ્રભાને પોતાનામાં સેવા-સમર્પણ અને વિનયાદિ ગુણોથી સમાવી લઈ જગતના અજ્ઞાની જનોના ઉદ્ધાર માટે તેને કરુણાભાવથી પોતાના વર્તન-વાણી દ્વારા તીર્થંકર ભગવાનની ગરિમા સચવાય તેમ સર્વત્ર વિસ્તારનાર હોય. તીર્થંકર ભગવાનની દેશનાને સતત વહેતી કરીને અને પોતાના સંયમી—તપોમય આદર્શ દ્વારા દેશના ખૂણે-ખૂણે પહોંચાડી અનેક જીવોને તીર્થંકર ભગવંતના શરણે લાવી, પોતે દીક્ષા પ્રદાન કરી શિષ્યોની સાધનાનો સમુત્કર્ષ કરી તેમને કેવળજ્ઞાન સુધી પહોંચતા કરવાની અસાધારણ-અનન્ય બાહ્યાભ્યંતર યોગ્યતા જોઈ ગણધરપદ પ્રદાન થતું હોય છે.
- ❖ જિનશાસનનું દેશકાળના અનેક ઉપસર્ગો–ઉપદ્રવો સામે રક્ષણ કરી શાસનને પોતાનાં ચારિત્ર્ય, લબ્ધિબળથી અને જ્ઞાનબળે સુસ્થિર કરી નિર્વાણ પર્યંત તેની પ્રતિદિન અભિવૃદ્ધિ કરીને તેને વિજયવંત બનાવવાનું તેમનું કાર્ય હોય છે.
- ❖ તીવ્ર સંયમસાધના ને કઠોર તપશ્ચર્યા સાથે પોતે કેવળજ્ઞાન તરફ કર્મક્ષય દ્વારા આગળ વધતાં-વાધતાં સહસ્રો શિષ્યો અને ચતુર્વિધ સંઘનાં પણ પ્રગતિ–પુરુષાર્થ આગળ વધારી તેમને પણ પરમ પદ સુધી કેવી રીતે પહોંચતા થવું એનું પ્રેરણાત્મક નિદર્શન તથા

સંઘમાં શિસ્તભાવના પ્રવર્તે તેવું અનુશાસન કરવાનું કામ પણ ગણધરોનું હોય છે.

## નિરભિમાન, વિગતમદ-મોહ ગૌતમ પ્રભુ :

ભગવતી સૂત્રના બીજી શતકના પ્રથમ ઉદ્દેશક સૂત્ર ૧૦ થી ૧૪ સુધીમાં સ્કંદક પરિવ્રાજકનો પ્રસંગ છે. આ સ્કંદકને પિંગલક નામના નિર્ગ્રંથે પાંચ એવા કૂટપ્રશ્નો પૂછ્યા હતા તેમાં પણ ગૌતમ પ્રભુની—નિરભિમાનિતાનાં દર્શન થાય છે. ભગવાન મહાવીરની આજ્ઞા પાસે કદી ગૌતમે 'શું કામ ?', 'શા માટે ?'—એવો આંતરમનમાં પણ વિચાર કર્યો નથી. ભગવાનની પ્રત્યેક નાનીમોટી આજ્ઞા પૂર્ણપણે યથાશીઘ્ર માથે ચઢાવવી એ ગૌતમ પ્રભુનું પરમ જીવનવ્રત હતું. ['વૈશાલિક શ્રાવક' આ પિંગલકનું વિશેષણ છે. વૈશાલિક એટલે ભગવાન મહાવીર અને શ્રાવક એટલે તેમના વચનને સાંભળવામાં રસવાળા]

## અષ્ટાપદ તીર્થ આરોહણ અને કેવળજ્ઞાનપ્રાપ્તિની પરમ ઉત્કટતા :

શ્રી ગૌતમસ્વામીમાં એવું અસાધારણ સામર્થ્ય હતું કે તેઓ જેમને ઓઘો આપતા તેમને તત્કાળ કેવળજ્ઞાન થઈ જતું. તેમનો વાસક્ષેપ જેના માથામાં પડતો તે તે જ ભવે તે મોક્ષે જતા. અષ્ટાપદ તીર્થે આરોહણ કર્યા પછી ગૌતમસ્વામીએ ચતુર્મુખી પ્રાસાદ-મંદિરમાં પ્રવેશી રત્નનિર્મિત જિનબિંબોની વંદના-ભાવાર્ચના કરી. પછી તીર્થ સમીપના એક સઘન વૃક્ષ નીચે ધ્યાનસ્થ થયા, ધર્મજાગરણ કર્યું. ત્યાંથી પાછા પધારતાં કોડિન્ન, દિન્ન અને શેવાલ સાથે અન્ય ૧૫૦૦ તાપસોને દીક્ષા આપી. માર્ગમાં આ સર્વ સાધુઓને ગૌતમસ્વામીએ કરકમલના અંગુષ્ઠના સ્પર્શે ખીરથી પારણા કરાવ્યા. ત્યારથી 'અંગૂઠે અમૃત વસે' એ સ્તુતિ પ્રસિદ્ધ થઈ. ૫૦૦ને ખાતાં ખાતાં, ૫૦૦ને આગળ જતાં રસ્તામાં અને ૫૦૦ને સમવસરણમાં પ્રભુને જોતાં જ કેવળજ્ઞાન થયું અને તેઓ કેવલીઓના સમુદાય તરફ આગળ વધવા લાગ્યા. ગૌતમસ્વામીએ તેમને ત્યાં જતા રોકતાં ને મહાવીર પ્રભુને વંદના કરવાનું કહેતાં ભગવાન બોલ્યા : "કેવળજ્ઞાનીઓની આશાતના ન કરો. ગૌતમ !" ગૌતમસ્વામીએ સૌની ક્ષમા માગી, પણ સ્વયં સ્તબ્ધ બન્યા. નવદીક્ષિતોને કેવળજ્ઞાન અને મને—ભગવાનના પ્રથમ ગણધરને નહીં ? શું મારી અષ્ટાપદજીની યાત્રા પણ નિષ્ફળ જશે ? ભગવાન મહાવીર તેમની ખિન્નતા સમજી ગયા. તેમણે કહ્યું, "ગૌતમ, ચિરપરિચયને કારણે તને મારા પર ગાઢ સ્નેહરાગ છે એટલે તને કેવળજ્ઞાન થતું નથી. દેવ, ગુરુ, ધર્મ પ્રતિ પ્રશસ્ત રાગ પણ યથાખ્યાત ચારિત્રમાં અવરોધ કરે છે. પણ તમે ખેદ ન કરો. આ વર્તમાન પછી દેહ છૂટતાં તમે ને હું તુલ્ય, એકાર્થ અને વિશેષતારહિત અને કોઈ પણ પ્રકારના ભેદભાવરહિત બનશું." આ બધા પ્રસંગો ખૂબ જ સમજવા જેવા છે.

## ભગવાનનું નિર્વાણ, ગૌતમમાં કેવળજ્ઞાનનો ઉદય :

આખરે એ ઘડી આવી પહોંચી. ભગવાન પાવાપુરીમાં બિરાજે છે. સાડાત્રણ મહિના પૂર્ણ થવામાં છે. ભગવાન નિર્વાણની પળ જાણે જ છે. ગૌતમસ્વામીના પરમ કલ્યાણને ચિંતવતા પ્રભુએ તેમને પાસેના ગામમાં દેવશર્માને પ્રતિબોધ કરવા જવા આજ્ઞા કરી. ભગવાનની આજ્ઞા શિરોધાર્ય કરી ગૌતમ હર્ષથી ઊપડ્યા. દેવશર્માને ઉપદેશ આપી, પ્રભુનાં ચરણો સમીપ આજ્ઞાપાલનના હર્ષથી જવા ઊપડ્યા. આ તરફ ભગવાન સોળ પ્રહર દેશના આપતા કાર્તિક

વદિ અમાવાસ્યાની મધ્યરાત્રી બાદ સ્વાતિ નક્ષત્રમાં અંતિમ બંધન છોડી પરમ પદની સ્થિતિએ પધારતાં દેવવિમાનો ઉતાવળે-ઉતાવળે તેમના અંતિમ દર્શન માટે દોડતાં ગૌતમે નિહાળ્યાં. ચારે તરફ કોલાહલ મચી રહ્યો હતો. વિમાનચારી દેવોના મુખે પ્રભુના નિર્વાણના સમાચાર સુણી ગૌતમ આક્રંદ કરવા લાગ્યા. તેઓ અતિ ક્ષુબ્ધ બની 'વીર, વીર' પોકારતાં વિલાપ કરવા લાગ્યા : "ભગવાન ! મને આવો દંડ કેમ આપ્યો ? ભગવાન, આપના અગિયાર ગણધરોમાંથી નવ તો મોક્ષ પામ્યા, અને હું પ્રથમ ગણધર રહી ગયો ? હે વીર પ્રભુ, મને નોંધારો કરી દીધો ! ભગવાન, મારા પર આમ કેમ નિષ્ઠુર બન્યા ?" રડતાં-રડતાં છેવટે ગૌતમસ્વામી આશ્વસ્ત થયા—અરે, આ શું ? શું આવો વિલાપ મને શોભે ? અને જે પ્રભુ વીતરાગ છે તેમને વળી મારા પ્રત્યે શી આસક્તિ કે શો દ્વેષ ? અરે, હું આ શું કરી બેઠો ? અને ત્યાં જ એકાએક કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ ગૌતમસ્વામીના આંતરપ્રદેશે ઝળહળી ઊઠ્યો. જગત ધન્ય બન્યું. ઇસ્વીસન પૂર્વે ૫૨૭ની કાર્તિક સુદ પ્રતિપદાના ઉષઃકાલે ગૌતમસ્વામી સર્વજ્ઞ બન્યા.

## ગૌતમસ્વામીનું નિર્વાણ :

કેવળજ્ઞાનની દિવ્ય પ્રભાથી ઝળહળતા ગૌતમસ્વામી સર્વત્ર વિચરતા રહ્યા. પ્રકાશપૂર્ણ દેશના દ્વારા સહસ્રજનોને પ્રતિબોધી મહાવીર શાસનના તીર્થને સુદીર્ઘકાળ સુધી સુસ્થિર સુમહાન બનાવવા માટે પાયાનું મજબૂત ચણતર કર્યું. ૧૪૦૦૦ સાધુઓ, ૩૬૦૦૦ સાધ્વીઓ, ૧૫૯૦૦ શ્રાવકો, ૩૧૮૦૦ શ્રાવિકાઓ, પોતાની અને અન્ય ગણધરોની પરંપરાના એક માત્ર ગણાધિશ, સંવાહક અને સફળ સંચાલક હોવા છતાં તેઓ સતત નિઃસ્પૃહ, નિરભિમાની અને મદ-માન રહિત અસંગ રહ્યા. જૈનશાસનનું ધુરાવહન, છેવટે પંચમ ગણધર સુધર્મને સોંપી ૯૨ વર્ષની પ્રૌઢ દેહસ્થિતિએ રાજગૃહ નગરના વૈભારગિરિ પર એક માસનું પાદોપગમન અનશન સ્વીકારી નિર્વાણપદે પધાર્યા અને જગત પરનાં સર્વ બંધનોથી સંપૂર્ણપણે મુક્ત બન્યા.

## ગૌતમ મંત્ર સિદ્ધિ વિધાન

કહેવામાં આવે છે કે મંત્રોના પ્રભાવથી જીવનમાં પવિત્રતા અને સુખશાંતિ પ્રાપ્ત થાય છે. શ્રી નેમિસૂરિ સમુદાયના પૂ. મુનિપ્રવરશ્રી નંદીઘોષવિજયજી મ. એક નોંધમાં લખે છે કે—

આધ્યાત્મિક વિદ્યાઓમાં મંત્ર, યંત્ર અને તંત્ર, યુગોથી ખૂબ ગૂઢ અને ગુપ્ત વિદ્યા તરીકે સ્થાન પામેલાં છે અને આજના વૈજ્ઞાનિક સિદ્ધિઓના જમાનામાં પણ આ વિદ્યાઓ રહસ્યમય જ રહી છે.

આ વિદ્યાઓની સિદ્ધિ ગુરુગમથી મળેલ આમ્નાય અર્થાત્ વિધિ-વિધાન/સાધના પદ્ધતિ દ્વારા જ સિદ્ધ થઈ શકે છે. પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાં આવા મંત્ર-યંત્ર-તંત્રના સેંકડો કલ્પ મળે છે. દરેકની સાધનાપદ્ધતિ પણ ભિન્ન ભિન્ન હોય છે. વળી દરેકમાં તેના લખનાર, અનુભવી સિદ્ધપુરુષોએ અમુક બાબતો સાંકેતિક ભાષામાં લખી હોય છે તો ક્યાંક અમુક અગત્યની વિધિ જ ગુપ્ત રાખી હોય. દા. ત. શ્રી પદ્માવતીજીની સાધનાના ઘણા કલ્પ મળે છે. તેમાં યંત્રનું આલેખન કરી, તેની સન્મુખ જાપ, મંત્રજાપ કરવાનું વિધાન છે, પરંતુ મૂળ હસ્તપ્રતમાં યંત્રનો નમૂનો કે તેના આલેખનની પદ્ધતિ બતાવી નથી. માટે કેવળ પ્રાચીન મંત્ર-તંત્રસંબંધી હસ્તપ્રતોના આધારે કોઈ સાધના કરવામાં આવે તો તે ફલવતી થતી નથી. આટલું દરેક સાધકે ધ્યાનમાં રાખવું જોઈએ.

પ્રાચીન હસ્તપ્રતોનાં-છૂટાં છવાયાં પાનાંઓમાં આવો એક મંત્ર વિધિ અનંતલબ્ધિનિધાન ગણધર શ્રી ગૌતમસ્વામી સંબંધી જોવા મળે છે, જે નીચે પ્રમાણે છે.

॥ ॥श्री गौतमस्वामी मंत्र जाप वीधी [विधि] लिष्यते। यथा तत्र मंत्राक्षराणी [णि] त्वेवं ॥

॥ ॐ नमो भगवओ गोअमस्स सिद्धस्स बुद्धस्स अक्खीण महाणस श्रियमानय आनय पूरय पूरय स्वाहा॥ पूर्व दिसा सामुं बेसइं, सामुं ए पट तथा पार्श्वनाथ नइं प्रतिमा मांडइ। धृतनो दीवो कीजइं। अखंड तंदुलइ दी [दि]न रात्रि थइं साडा बार हजार जाइनां फूल सहित गणवो। अहोनिशि अगरधूप उखेवइं। स्त्री न जोवइं। पवित्र दशीया वट सहित वस्त्र पहिरइं, छठ्ठ करीइं। पछे सवत्सा गायना दूधनइं खीर, ते तंदुलनइं रंधावीं पारणुं करवुं।

.........................................

लक्ष्मी संपद्यते, सत्य आम्नाय छै।

આ સિવાય પ્રાચીન હસ્તપ્રતોનો વ્યવસ્થિત અભ્યાસ કરી શ્રી ગૌતમસ્વામી વિષયક અન્ય વિવિધ મંત્રકલ્પ પણ તૈયાર કરી શકાય, ફક્ત જરૂર આ વિષયમાં રસ ધરાવનાર સંશોધક વિદ્વાનની. અત્યારે અહીં ફક્ત આટલો નિર્દેશ કરી પૂર્ણવિરામ મૂકું છું.

અમદાવાદ ભાનુપ્રભા જૈન સેનેટોરિયમના સ્થાપક પ. પૂ. આ. શ્રી વિજયભાનુચન્દ્ર સૂરીશ્વરજી મ.સા. દ્વારા તૈયાર થયેલું મંત્ર-તંત્ર સંબંધેનું ઘણું સાહિત્ય તેમના શિષ્યરત્ન પૂ. પં. શ્રી સુબોધવિજયજી મહારાજશ્રી પાસેથી મળી શકે તેમ છે. પૂજ્યશ્રીએ આ પ્રકાશનને ઘણું બળ આપ્યું છે.

## ગૌતમસ્વામીના પ્રસ્તુત ગ્રંથમણિની સમીક્ષા :

મહામણિ ચિંતામણિ શ્રી ગુરુ ગૌતમસ્વામી વિષેના આ ગ્રંથ વિષે બે શબ્દ : અનંત લબ્ધિઓના નિધાન, પ્રાતઃસ્મરણીય, સર્વમંગલ નિધાન, સર્વેષ્ટપ્રદાતા, સર્વ વિઘ્નહર, સર્વાપદ્વિનિવારક શ્રી ગુરુ ગૌતમસ્વામીનાં શ્રીપાદયુગલનાં નત મસ્તક અંજલિભાવાર્ચનરૂપ આ ગ્રંથનું પ્રકાશન ચોવીશે તીર્થંકરો, મા શ્રી પદ્માવતી અને અને ગૌતમ ગુરુદેવના અનંત અનુગ્રહ રૂપે થઇ રહ્યું છે. જિનશાસનના અનંત ઉપકારી પરમ પૂજ્ય અનેક ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો—ઉપાધ્યાય—સાધુ-સાધ્વી ભગવંતોની પરમ કૃપાવર્ષાથી આ કઠિન કાર્ય સિદ્ધ થઇ રહ્યું છે. અનેક આચાર્ય ભગવંતો, મહામનીષિ વિદ્વાનો, જિનશાસનના અને અન્યધર્માવલંબી છતાં જિનશાસન અને દર્શનના અભિજ્ઞ તજજ્ઞોના સારસ્વત પરિશ્રમનો આ પુણ્યપરિપાક છે. આ ગ્રંથના વિવિધ વિભાગોમાં શ્રી ગુરુ ગૌતમસ્વામીના જીવન—દર્શન—ગણધરવાદ વગેરે વિષયો પરના અનેક લેખો સમાવિષ્ટ થયાં છે. ચરિત્રવર્ણનો, પ્રસંગિક આલેખનો, ગુણાનુવાદો, આગમોના આધારે જીવનલીલા-નિરૂપણો, પ્રતિભા-આવિષ્કારો, સ્તોત્રો—મંત્રો—સ્તુતિઓ, ગૌતમરાસ વગેરે રચનાઓ, ગૌતમ પ્રભુના વાઙ્મયની સમીક્ષાઓ, શ્રી ગૌતમસ્વામીનાં પ્રાતઃસ્મરણો, મંગલ ગાનો, વિવિધ પ્રદેશોમાં વિરાજતી પ્રતિમાઓનાં વિવિધરંગી ચિત્રો, આકૃતિઓ, વર્ણનો, શ્રી ગુરુ ગૌતમ આરાધનાઓ,—આ બધી સામગ્રીઓ તજજ્ઞો અને સાક્ષરોના સહયોગથી સંકલિત છે. જિનશાસનના પ્રબુદ્ધ પ્રભાપુંજના જ્યોતિર્ધરોનાં શ્રીચરણોમાં

આ ગ્રંથ સમર્પિત છે. સાધના અને ભક્તિનું કેવું પ્રચંડ બળ છે જે સૃષ્ટિનાં શ્રેષ્ઠ ફળ ચપટી વગાડતાં લઈ લ્યે તે આ ગ્રંથમાં સત્ય સમજાવે છે ગૌતમ મહારાજા. વિશ્વની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ અને અનંત પુણ્યને વિશ્વતંત્રને દાનમાં દેનારા વંદનીય...પૂજનીય...સન્માનનીય, કીર્તનીય એવા ગણધર ગૌતમસ્વામીજી ભગવંતને કોટિ-કોટિ નમસ્કાર હોજો. આ ગ્રંથ-પ્રકાશન દ્વારા ગૌતમસ્વામીની લબ્ધિ જિહાં જિહાં દીજે દિક્ખ તિહાં તિહાં કેવલ ઉપજે—એ પ્રમાણે તમને, અમને, વાંચનારને, છાપનારને અને આ કાર્યમાં સહયોગી બનનાર સૌ કોઈને કૈવલ્ય આપનાર બને એવી અમારા મનમંદિરની ભાવના વ્યક્ત કરીએ છીએ. જિનશાસનને અનેરી શોભા આપી જનારા, તપ-ત્યાગના યુગને વિશ્વપ્રાંગણમાં પ્રવર્તાવનારા, વિનયમાધુર્યના ભંડાર સમા ગૌતમસ્વામીજીની દિવ્ય જ્યોતિનો પ્રકાશ પાથરતું આ પ્રકાશન સૌના સહિયારા સહયોગથી પ્રગટ થઈ શક્યું છે તેનો મનમાં વિશેષ આનંદ છે. ખાસ કરીને પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિજી મ. સા.ના અનન્ય ભક્ત અને શિષ્યરત્ન પૂ. પં. શ્રી વિમલસેનવિજયજી મ. સા. તથા પૂ. મુનિશ્રી નંદીભૂષણવિજયજી મહારાજશ્રીની આ પ્રકાશન માટેની અનન્ય લાગણી ભુલાય તેમ નથી. દક્ષિણની લાંબી વિહારયાત્રામાંથી પણ સતતપણે પત્રોથી બળ આપતા રહ્યાં છે.

## ગ્રંથનો દર્શન વિભાગ [ચિત્ર સંપુટ]

જૈનોની પ્રાચીન સંસ્કારસંપદા, સંસ્કારવૈભવ અને અનુપમ કલાવારસાનાં ગૌરવવંતાં મ્યુઝિયમો જે જૈન ઇતિહાસ, શિલ્પ, ચિત્ર અને લેખનકળાની પરંપરાને સતત સંરક્ષણ, સંવર્ધન કરવા કટિબદ્ધ છે. આ ગ્રંથમાં પ્રાચીન–અર્વાચીન અને વિવિધ માધ્યમો દ્વારા તૈયાર થયેલી મૂર્તિઓનાં કલાવિષયક ચિત્રો દર્શન વિભાગમાં ખાસ ધ્યાન ખેંચે છે. પાલીતાણાના ચંદ્રકાંત કચ્છીએ ફોટોગ્રાફી કામગીરીમાં તથા આર્ટવર્કમાં અનંતભાઈ ભાવસારે સારો સહયોગ આપેલ છે. હમણાં જ અમને સને. ૧૯૯૬ની સાલનું ગૌતમસ્વામીના મહિમાને વધારતું એક સુંદર બહુરંગી કેલેન્ડર મળ્યું છે જે અખિલ ભારતીય શ્રી જૈન શ્વેતામ્બર ખરતરગચ્છ મહાસંઘ (પૂર્વીક્ષેત્ર) કલકત્તા તરફથી પેકો ઇન્ડસ્ટ્રીઝ અમદાવાદની શુભેચ્છાથી પ્રગટ થયું છે.

## હિન્દી વિભાગ :

આજ સુધીમાં શ્રી ગૌતમસ્વામી ઉપર જે જીવનચરિત્રો પ્રગટ થયાં છે તેમાં એક ગૌતમસ્વામી"—જેના લેખક છે રતિલાલ દીપચંદ દેસાઈ અને તે ગુજરાતીમાં છે. જ્યારે બીજુ એક પુસ્તક 'इन्द्रभूति गौतम–अेक अनुशीलन'—એ નામનું પુસ્તક સ્થાનકવાસી સંત શ્રી ગણેશ મુનિજી દ્વારા લખાયેલું છે જે હિન્દીમાં છે. હમણાં જ ગૌતમસ્વામી અંગેની એક સુંદર પુસ્તિકા અમદાવાદથી શ્રી કુમારપાળ દેસાઈ તથા એક પુસ્તિકા સુનંદાબહેન વોરાએ પ્રગટ કરેલ છે જે ગુજરાતીમાં છે. રાજસ્થાનમાંથી ગણધરવાદ ઉપરની એક પુસ્તિકા પૂ. આ. શ્રી સુશીલસૂરિજી મ. સાહેબે પણ પ્રગટ કરેલી છે જેમાં રાસ-અષ્ટક વગેરે ઠીક સામગ્રી સંકલન કરી છે. આ સિવાયના ગૌતમસ્વામી અંગેના કોઈ જીવનચરિત્રો સંદર્ભગ્રંથના રૂપમાં પ્રગટ થયાનું અમારા ખ્યાલમાં નથી—જ્યારે ગુરુ ગૌતમ વિષે લેખોના માધ્યમે ઘણું ઘણું પ્રગટ થયેલું છે તેમાં જૈન સાપ્તાહિકના વિશેષાંક અને થાણાથી પ્રગટ થતા "શાશ્વતધર્મ" સામયિકનો ગૌતમસ્વામી અંગેનો વિશેષાંક ખાસ ધ્યાન ખેંચે તેવો પ્રગટ થયેલ છે. 'શાશ્વતધર્મ'ના તંત્રી શ્રી જે. કે. સંઘવીએ ખૂબ જ લાગણી

બતાવી છે. અને જેમ પ્રાચીન સાહિત્ય રચાયું છે તેમ વર્તમાનમાં ગુજરાતી ઉપરાંત હિન્દી ભાષામાં પણ લખાયું છે અને તે તલસ્પર્શી અને મર્મયુક્ત પણ છે જ. આ હિન્દી સાહિત્યને પૂરો ન્યાય આપવાનું અમારી મર્યાદા બહાર હોય, તો પણ અલ્પ પ્રસાદીરૂપે થોડા લેખો પ્રગટ કરવાનું અમને જરૂરી લાગતાં અત્રે થોડા લેખો પ્રગટ કરીએ છીએ જેમાં ખરેખર તો જ્ઞાનબોધની ગરિમાનું દર્શન થાય છે. આ હિન્દી વિભાગમાં લબ્ધિવિક્રમ ગુરુકૃપાપ્રાપ્ત આ. શ્રી રાજયશસૂરિજી મહારાજશ્રીએ ગૌતમસ્વામી પાસે ખરેખર તો આપણે શું માગવાનું છે તે સંબંધે આ હિન્દી વિભાગમાં તેમના પ્રથમ લેખમાં સ્પષ્ટ વિધાન કર્યું છે. અમારા આ અગાઉના સંપાદિત શ્રી પદ્માવતી ગ્રંથમાં પૂજ્યશ્રીએ પ્રેરણા કરીને સિકન્દ્રાબાદ જૈન સંઘનો સહયોગ અપાવી અમારા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. શક્તિ-સાધનાના સંદર્ભમાં આ પ્રકાશન ખૂબ જ લોકપ્રિય બન્યું—તે પછી આ ગ્રંથની બીજી આવૃત્તિ સાહિત્યકલારત્ન પ. પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજની પ્રેરણાથી મુંબઈ વાલકેશ્વરના શ્રી આદિનાથ જૈન ટેમ્પલ ટ્રસ્ટના સહયોગથી પ્રગટ થયેલ.

આ હિન્દી વિભાગમાં ઇન્દ્રભૂતિ ગૌતમ અવિવાહિત હતા કે વિવાહિત હતા તેની સંશોધનાત્મક માહિતી ઉપરાંત ગુરુ ગૌતમસ્વામીના જીવનની મહત્ત્વની ઘટનાઓનું સ-રસ નિરૂપણ વિદ્વાન મુનિવર્યશ્રી ઋષભચંદ્રવિજયજી મહારાજના લેખમાં જોવા મળે છે. નિત્ય પ્રભાતે શ્રી ગૌતમસ્વામીનું નામ લઈને દિનચર્યા શરૂ કરવાથી આખો દિવસ નિર્વિઘ્ને સુખરૂપ આનંદમય પસાર થાય છે એવું જે સાક્ષરોનું વિધાન છે તેનું રહસ્ય એ છે કે દેવાધિદેવના થઈને જીવો, એમની આજ્ઞામાં જીવો, ઉત્કૃષ્ટ ગુણવાનનો સત્કાર કરવાપૂર્વક જીવો અને પોતાની અલ્પતાનો હંમેશાં એકરારપૂર્વક જીવો. પરમાત્મા મહાવીરે આત્માની બાબતની શંકાનું સમાધાન કર્યું અને ત્યાં જ ઇન્દ્રભૂતિએ પ્રભુ વીરનું શિષ્યત્વ સ્વીકારી લીધું. પરમાત્મા મહાવીર અને ઇન્દ્રભૂતિ વચ્ચેના સંવાદનો સારાંશ "પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર" નામના લેખમાં યોગ્ય રીતે પ્રસ્તુત છે. મનમાં જો ભાવના રમતી હોય તો ગુણ અને ગુણીના દર્શન થયા વગર રહેતા જ નથી એ વાતને પૂ. રમેશ મુનિજીએ સુંદર રીતે રજૂ કરી છે. "અહંથી અર્હં સુધી" લેખમાં પણ પૂ. મુનિશ્રી દિવ્યરત્નસાગરજી મહારાજશ્રીએ લખેલી એવી જ વાત વાંચવા મળશે. અહંકારના ત્રાસમાંથી મુક્ત થવાનો એક જ ઉપાય છે : પ્રકાશની પ્રાપ્તિ ! પાપના ત્રાસમાંથી મુક્ત થવાનો એક જ ઉપાય છે, સદ્બુદ્ધિની માલિકી ! બસ જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકારની હાજરીનો સંભવ નથી. અહં એ ખરેખર અંધકાર છે. અર્હં એ પ્રકાશ છે. ગણધર ગૌતમસ્વામી ૧૪ પૂર્વના જ્ઞાતા હતા છતાં વિનમ્રભાવે તેમણે પ્રશ્નો પ્રભુને જ પૂછ્યા છે. બંને વચ્ચેનો વાર્તાલાપ ભગવતી સૂત્રમાં સુંદર રીતે સંકલિત થયેલો છે. આપણા વિચારતંત્રમાંથી જ્યારે સર્વ પ્રકારની અશુદ્ધિઓ ચાલી જાય છે ત્યારે બાહ્ય વિશ્વ અને તેને આવરી લેતી તમામ પરિસ્થિતિઓનું વાસ્તવિક ચિત્ર આપણે જોઈ શકીએ છીએ. પાપોનું મૂળ અજ્ઞાન છે; મિથ્યા વિચારણા છે. આ વિચારણાને સત્યનો સ્પર્શ થાય ત્યારે બધાં જ દૃષ્ટિબિંદુઓ બદલાઈ જાય છે. ભૂલો અદૃશ્ય થાય છે અને સત્ય આપણામાં પરિણામ પામે છે. આ જ ભૂમિકામાં શ્રી ગૌતમસ્વામીજી પહોંચ્યા છે....સત્યનો સ્પર્શ થતાં જ તેમનો રાહ બદલાઈ ગયો. આપણે કઈ વસ્તુનો સંગ્રહ કરીશું ? વસ્તુ માત્ર ક્ષણજીવી અને નાશવંત છે. કયા સંબંધો માટે ઝૂરશો ? સંબંધો પણ માત્ર તકલાદી અને કામચલાઉ છે. આજના વ્યવહારો પણ સગવડીયા અને સ્વાર્થી બની ગયાં છે. સંગ્રહ અને સંબંધ માટે મનનીય પ્રેરણા આપણને મળે છે ગૌતમના

અનોખા વ્યક્તિત્વમાંથી. અજ્ઞાનને ચીરીને મિથ્યાત્વના ઝેરને વમન કરાવી દેતું તેમનું વિલક્ષણ વ્યક્તિત્વ આપણને ઘણો બધો બોધ આપી જાય છે. શ્રી વિમલકુમાર ચોરડિયાજી અને પુખરાજ ભંડારીના મનનીય લેખો વાંચવા જેવા છે. શ્રી ગૌતમસ્વામીના વિરાટ વ્યક્તિત્વનો આરંભ પણ જિજ્ઞાસાથી થાય છે અને એ જિજ્ઞાસાએ જ તેમને યજ્ઞમંડપની વેદિકામાંથી ઉઠાવી પ્રભુના સમવસરણ નજીક લાવી દીધા—એ જિજ્ઞાસામૂર્તિએ પછી તો જૈનશાસનનો જયજયકાર પણ બોલાવી દીધો. ગૌતમસ્વામીના એ પ્રાતઃસ્મરણીય નામને જાણે અહર્નિશ રટ્યા જ કરીએ...રટ્યા જ કરીએ...એ રહસ્યપૂર્ણ નામ અને એ નામની ચમત્કૃતિપૂર્ણ લબ્ધિઓનું વર્ણન આ ગ્રંથના પાને પાને વાંચતાં જ હૈયું ખરેખર અહોભાવથી નાચી ઊઠે છે.

આ હિન્દી વિભાગમાં કેટલાક લેખો સંશોધનાત્મક હોવાથી તેની માહિતી કદાચ સર્વમાન્ય ન પણ બની શકે તો વિદ્વાનોને એ બાબતમાં વિશેષ સંશોધન કરી રજૂઆત કરવા માટે હું વિનંતી કરું છું.

હિન્દી વિભાગમાં શ્રી નરેન્દ્રકુમાર બાગરાનો લેખ દિગંબર પરંપરા અનુસાર હોવાથી ક્યાંક ક્યાંક શ્વેતામ્બર પરંપરા કરતાં ભિન્નતા જણાશે તો વાચકોએ આ વાતની પણ નોંધ લેવી.

## સૌને માટે બોધદાયી :

વિવિધ સ્તરના વિવિધ વ્યાપારીઓનું ધ્યેય એક જ હોય છે કે પૈસો કમાવો. એ સમજી શકાય છે પણ એની અંદર પાપનો ડર અને પરલોકનો વિચાર હોય તે વ્યાપારીવર્ગ—ગ્રાહકવર્ગ બંને માટે શાંતિ પ્રાપ્ત કરવાની મૂળભૂત જરૂરિયાત છે. ધર્મનો વ્યાપાર લઈને બેઠેલા ગણધર ગૌતમ જે રીતે વ્યાપાર કરે છે તેમાં મુનિ બનતા પહેલાંનો પ્રસંગ, કેશી મહારાજ સાથેનો પ્રસંગ, સ્કંદક પરિવ્રાજકનો પ્રસંગ, હાલિકનો પ્રસંગ, કે ૧૫૦૦ તાપસોનો પ્રસંગ વગેરે દરેક જગ્યાએ તેમના જીવનમાં પ્રગટતી સૌહાર્દતા, સમતાભાવ અને સત્યનો પ્રેમ. ગ્રાહક માલ લ્યે કે ન લ્યે, વધતો-ઓછો લ્યે છતાં વ્યાપારી પ્રત્યે ગ્રાહકને અને ગ્રાહક પ્રત્યે વ્યાપારીને સૌહાર્દ ભાવ જાગે, ટકે, વધે તે રીતે વ્યાપાર થાય તો જગતનું વાતાવરણ કેવું શાંતિમય બને ? જગતનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રેરક બળ તરીકે ગણધર ગૌતમનું જીવનકવન ઘણો મોટો ફાળો આપી શકે તેમ છે. આ રત્નાકરમાંથી મૂલ્યવાન રત્નો કદી ઓછાં થવાનાં નથી. વાચકને જે રીતે પ્રેરણા લેવી હોય તે રીતે શક્તિ પ્રમાણે ઝીલી લ્યે. સંસારના દાવાનળમાં સમસ્યાઓ તો રહેવાની જ. સંસારના તમામ પદાર્થો અનિત્ય છે એમ સમજીને મનમાં સ્વસ્થતા ધારણ કરી ધર્મભક્તિમાં લાગી જઈએ તો દુઃખનો પણ એક દિવસ અંત આવી જ જાય છે. સુખ અને દુઃખ કાયમી નથી. શાશ્વત ચીજને પકડી શકીએ તો જેમ પ્રભુભક્તિ કરવાથી રાજા શ્રીપાલનો કોઢ દૂર થયો, રાણી મયણાની ઉપાધિઓ ટળી ગઈ, સીતા, અંજના, દમયંતી અને દ્રૌપદીનાં દુઃખોનો પણ અંત આવી ગયો. મીરાંબાઈના પવાલાનું ઝેર અમૃત બની ગયું. આપણા પાસે શ્રદ્ધા જેવી કોઈ ચીજ હોય તો પ્રભુના ચરણે મેલી દઈએ. બધી જ ફિકરચિંતા છોડીને મસ્તીથી જીવો અને જુઓ પછી વાસ્તવિક જીવનનો આનંદ. પૂ. આ. શ્રી પ્રભાકરસૂરિજી મહારાજશ્રીએ એક જગ્યાએ લખ્યું છે કે સાગરની ભરતીમાં જ્યારે ઊછળતાં મોજાં આવે છે ત્યારે એને ખબર નથી કે આ બધું ક્ષણવારમાં જ સમેટાઈ જવાનું છે. પુણ્યની ભરતીમાં મળેલા રૂપ સત્તા કે વૈભવોના અહંકારમાં રાચવા જેવું નથી. એ બધું ધૂળમાં

લપેટાઈ જવાનું છે. વધુમાં લખે છે કે દુઃખમાં કદી ડગી ન જશો. મહાપુરુષોએ અનેક દુઃખો હસતા મુખે સ્વીકારીને ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાનને પામ્યા છે. જીવતરનો સાચો આનંદ એ અંદરથી માણવાની ચીજ છે. ગૌતમસ્વામીનું જીવન આપણને આ સંબંધે ઘણું ઘણું કહી જાય છે.

લબ્ધિનિધાન પાસે આપણી મંગલ પ્રાર્થના છે કે આપણી ગુણસમૃદ્ધિમાં હરહંમેશ વૃદ્ધિ થતી રહે, આપણું ચિત્ત નિર્ભયતાનો આનંદ અનુભવી શકે, આપણું હૃદય અખેદના ઉલ્લાસ અનુભવે, આપણા અંતઃકરણમાં એકત્વનો ઉત્સવ ઊજવાતો રહે, જીવમૈત્રીનો રાસ નિરંતર રમાતો રહે અને વીતરાગ પરમાત્માની કૃપાવર્ષા અને ભગવતીમાતા પદ્માવતીજીના આશીર્વાદ સતત મળતા રહે તેવી મંગલ કામના છે.

## પ્રેરણા-સહયોગનાં અનેક ઝરણાં અને આભારદર્શન

લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના ગ્રંથ-પ્રકાશનમાં શાસનસમ્રાટ પૂ. આ. મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિ-ઉદયસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટાલંકાર, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ આ. દેવ શ્રીમદ્ વિજયમેરુપ્રભસૂરિજી મહારાજશ્રીના પણ અમને આશીર્વાદ સાંપડ્યા. એવા જ વાત્સલ્ય પ્રેમભાવ પ. પૂ. આ. શ્રી દેવસૂરિજી મ. સા. તથા પ. પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજશ્રીએ બતાવેલ છે. તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે પણ આ ગ્રંથ માટે તેમણે સતત કાળજી લીધી છે. શ્રી ગૌતમસ્વામીજીના ૨૫૦૦ વર્ષના ઉપલક્ષ્યમાં ૨૫મી નિર્વાણ શતાબ્દી નિમિત્તે પ. પૂ. આ. શ્રી માનતુંગસૂરિજી મ. સા., પૂ. આ. શ્રી ઇન્દ્રસેનસૂરિજી મ. સા., પૂ. મુનિપ્રવર શ્રી લલિતસેનવિજયજી મહારાજશ્રી, પૂ. સા. શ્રી ઉદયયશાશ્રીજી મ., પૂ. સા. શ્રી ચારુપ્રજ્ઞાશ્રીજી મ., પૂ. સા. શ્રી ચંદ્રલેખાશ્રીજી મ. તથા શ્રી મોહનસૂરિ સમુદાયના પ્રભાવક સાધ્વીરત્ના પૂ. સા. શ્રી પ્રિયંવદાશ્રીજી મ. સા. અને તેમનાં શિષ્યા પૂ. સા. શ્રી પદ્મયશાશ્રીજી મહારાજ આદિ.નો સારો સહયોગ મળેલ છે. ઘણા સમયથી અમરેલીમાં સ્થિરવાસ રહેલા પૂ. સા.શ્રી પદ્મયશાશ્રીજી મહારાજના દરેક પત્રોએ આ ગ્રંથના સંપાદકને સ્ફૂર્તિદાયક પ્રેરણા મળતી રહી છે. ઉપરાંત માર્ગદર્શન સાથે સહયોગરૂપ યોગદાન અનેક પૂજ્ય શ્રમણભગવંતો અને મહાનુભાવો દ્વારા પણ પ્રાપ્ત થયું છે.

સંદર્ભસાહિત્યની આ પ્રકાશન-પ્રવૃત્તિમાં આત્મીયભાવે સહસંપાદક જેવી પ્રશસ્ય સેવા આપનાર ભાવનગરના જ 'જૈન પત્ર'ના પૂર્વે તંત્રી તથા જૈનધર્મના પ્રાચીન અર્વાચીન ઈતિહાસના અને વર્તમાન વિવિધ માહિતીના જાણકાર ભાઈશ્રી વિનોદરાય ગુલાબચંદ શેઠના સ્નેહ-લાગણી ભુલાય તેમ નથી. તેમની અનેકવિધ જવાબદારીઓમાંથી સમય-શક્તિનો ભોગ આપી આ સંપાદન કાર્યમાં ખૂબ જ ઉપયોગી બન્યા છે. તેમના આ પ્રદાન માટે અને જે રીતે તેઓ અમને ઉપયોગી બન્યા છે તેથી જિનશાસન પરત્વેના તેમના ભક્તિભાવની તથા અમારા પ્રત્યેના આત્મીયભાવની પ્રતીતિ થયા વગર રહેતી નથી. સર્વગ્રાહ્ય બની શકે તે રીતે આ ગ્રંથની સમગ્ર મેટરને યથાયોગ્ય રીતે રજૂ કરવામાં તેમનાં ઉપયોગી સૂચનોથી આ પ્રકાશન સમૃદ્ધ અને વૈ. ધ્યસભર બનવા પામ્યું છે. ફોટોગ્રાફી કલેક્શનમાં પાલીતાણાના ચંદ્રકાંતભાઈ તેમ જ અમદાવાદના સ્નેહલભાઈનો સહયોગ પણ નોંધપાત્ર છે.

હૈયાના કોઈ અદમ્ય ભાવોલ્લાસ સાથે છેક શરૂથી આ ગ્રંથયોજનામાં રસ લેનાર પૂ. મુનિશ્રી હર્ષસાગરજી મહારાજ પૂ. મુનિશ્રી હર્ષશીલવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી સુધર્મસાગરજી

મહારાજ, અને અચલગચ્છ સમુદાયના જાદૂગર વક્તા મુનિપ્રવરશ્રી દેવરત્નસાગરજી મહારાજશ્રીનો પણ સુંદર સહયોગ સાંપડ્યો છે. મુંબઈની અનેક જૈન સંસ્થાઓના મોભી ડૉ. રમણભાઈ ચી. શાહ, શ્રી સી. એન. સંઘવી, શ્રી નગીનદાસ વાવડીકર અને ભાવનગરના અમારા પરમ સ્નેહી પ્રા. શ્રી જનાર્દનભાઈ દવે જેઓ સંસ્કૃતના પ્રકાંડ પંડિત ગણાય છે, તેમનો સહયોગ હંમેશાં અમને બળ આપનાર બની રહ્યો છે. કર્મઠ કાર્યકર શ્રી મનુભાઈ શેઠની સેવાની પણ નોંધ લેવી જ જોઈએ. તેમની વ્યવસ્થાશક્તિ ગજબની છે.

શ્રી કુમારપાળ દેસાઈ, ઘનશ્યામભાઈ માંગુકિયા, કવિનભાઈ શાહ, જશુભાઈ શાહ, જે. કે. સંઘવી વગેરેનો નોંધપાત્ર સહયોગ હંમેશાં યાદ રહેશે. આ ગ્રંથ સર્જનમાં લોકેશકુમાર ફૂલચંદ બોરડિયા ટ્રસ્ટના સહયોગ માટે તેમના પણ ઋણી છીએ. ટ્રસ્ટને પ્રેરણા કરવામાં પૂ. મુનિશ્રી લલિતસેનવિજયજી મહારાજશ્રીએ સારો એવો રસ લીધો છે. આ પ્રકાશન જલદીથી પ્રગટ થાય તે માટે અદમ્ય તાલાવેલી બતાવી છે. ઠેઠ સુધી સતતપણે આ પ્રકાશન માટે ઉત્સાહ બતાવ્યો છે.

આ પ્રકાશન પ્રક્રિયામાં પરમ સહાયક બનનાર મુનિશ્રી લલિતસેનવિજયજી મહારાજ જેઓએ નાની ઉંમરે સંયમનો માર્ગ સ્વીકારીને શ્રુત સાહિત્યનાં વિવિધ આયોજનોમાં પ્રસંગે પ્રસંગે ભારે દિલચસ્પી બતાવી છે. પૂજ્યશ્રીએ અમારા આશા-ઉત્સાહમાં ઠીક બળ આપ્યું છે.

આ ઉપરાંત અમદાવાદના શ્રી પરિમલ ર. દલાલ, શ્રી જગતચંદ્ર સારાભાઈ નવાબે પણ ઠીક સહયોગ આપ્યો છે તે સૌના ઋણી છીએ. ગુજરાત સમાચારના કટાર લેખક શ્રી આશ્લેષભાઈ શાહે અમારી પ્રવૃત્તિને બિરદાવીને મોટું બળ આપ્યું છે.

કલકત્તાના ભંવરલાલજી ન્હાટા અને પદમચંદજી ન્હાટા પરિવાર દ્વારા જૈન જર્નલ સામયિક કલકત્તાનો પણ અમને ખૂબ જ સહયોગ મળ્યો છે જેની સહર્ષ નોંધ લીધી છે.

આ ગ્રંથની મેટરનું પ્રૂફરીડિંગ કરનાર શ્રી હસમુખભાઈ મહેતા જેઓ જ્યોતિષવિદ્યાના સારા જાણકાર છે તેમની સેવાની નોંધ લઈએ છીએ. સોનગઢ કહાન મુદ્રણાલયવાળા શેઠશ્રી જ્ઞાનચંદજી, રાજકોટ કિતાબઘર પ્રિન્ટરીવાળા નવીનભાઈ શાહ અને અમદાવાદના પ્રિન્ટવીઝનવાળા શ્રી યજ્ઞેશભાઈ પંડયા તથા સૌજન્ય આપનાર મહાનુભાવો અને ધર્મપ્રેમી પરિવારોના--સૌના પ્રત્યે અમે આદરપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

ગ્રંથ વિમોચન આયોજન :--કલિકાલ કલ્પતરૂ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પાવન નિશ્રામાં શંખેશ્વર મુકામે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટના ઉપક્રમે ભગવાન મહાવીરના કેવળજ્ઞાન કલ્યાણક (વૈશાખ સુદી-૧૦)ના શુભ દિવસે ગ્રંથ પ્રકાશન પ્રગટ થાય છે તેનો પણ વિશેષ આનંદ છે.

અંતમાં—આ ગ્રંથ-પ્રકાશનમાં જાણે, અજાણે પણ જૈનધર્મ કે જૈન પરંપરા કે જિનાજ્ઞા વિરુદ્ધ કોઈપણ જાતનો ઉલ્લેખ થયો હોય કે ક્યાંય પણ જરા સરખો પણ અનાદર કે અવિવેક થયો હોય કે બીજી કોઇ ક્ષતિઓ હોય તો તે બદલ અંતઃકરણપૂર્વક ક્ષમા માંગીએ છીએ.

* * *

# અદ્‌ભુત વ્યક્તિત્વના સ્વામી ગુરુ ગૌતમ

[આકરગ્રંથનું એક અવલોકન]

*—સૌમ્યમૂર્તિ આ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.ના શિષ્ય*
*આ. શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ.*

અદ્‌ભુત હતું તેમનું વ્યક્તિત્વ.

તેમનામાં રહેલી વિરલ વિશેષતાઓને જોનાર-સાંભળનાર આશ્ચર્યચકિત થયા વગર ન જ રહે. તેમનામાં રહેલું અભિમાન બોધમાં નિમિત્ત બન્યું, રાગ ગુરુભક્તિ માટે થયો અને વિષાદ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવામાં કારણ બન્યો. જેમ આ અવસર્પિણીના ચોવીશ તીર્થંકર પરમાત્માઓ પૈકી ત્રેવીશમા તીર્થંકર પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાન પુરુષાદાનીય તરીકે ગણાય છે અને તેથી જ વર્તમાનમાં શ્રી મહાવીર પરમાત્માનું શાસન પ્રવર્તતું હોવા છતાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યે લોકોની વિશેષ શ્રદ્ધા-ભક્તિ કેળવાયેલાં દેખાય છે એવી જ રીતે ભગવાન મહાવીરના અગિયાર ગણધર ભગવંતો પૈકી પહેલા ગણધર શ્રી ગૌતમસ્વામી મહારાજ પ્રત્યે લોકોની અપૂર્વ શ્રદ્ધા-ભક્તિ જોતાં એમને પણ શું આદેય નામકર્મનો પ્રબળ ઉદય તો નહિ હોય ને, એવું અનુમાન કરવા મન લલચાય છે.

## અપૂર્વ વિનયગુણ

ગુરુ ગૌતમસ્વામીમાં રહેલો વિનયગુણ અનુપમ કોટિનો હતો. કોઈનીય સાથે એમની સરખામણી થઈ જ ન શકે. ભગવાન મહાવીરના સમાગમ પહેલાં અભિમાનની મૂર્તિસમા લાગતા ઇન્દ્રભૂતિ ભગવાનના સમાગમ પછી સાવ જ બદલાઈ ગયા. એમના પરિચયમાં આવેલો કોઈ એમ ન કહી શકે કે આ એ જ ઇન્દ્રભૂતિ છે.

ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજે શ્રી કલ્પસૂત્રની સુબોધિકા વૃત્તિમાં એમની મનઃસ્થિતિનું તબક્કાવાર સુંદર ચિત્ર રજૂ કર્યું છે. ઋજુવાલિકા નદીના કિનારે કેવળજ્ઞાનની ઉત્પત્તિ પછી દેવતાઓએ સમવસરણની રચના કરી. તેમાં બિરાજીને ભગવાને ધર્મદેશના ફરમાવી. ત્યાં કોઈને વિરતિપરિણામ ન જાગતાં તે દેશના નિષ્ફળ તરીકે ગણાઈ. ત્યાંથી વિહાર કરી પ્રભુ વીર અપાપાપુરીના મહાસેન વનમાં પધાર્યા. દેવોએ ત્યાં જ સમવસરણ રચ્યું. લોકોનાં ટોળેટોળાં ઊમટ્યાં દર્શન કરવા, જતાં-આવતાં લોકોના મુખેથી કોઈક સર્વજ્ઞ આવ્યા છે ને તેને વંદન કરવા સૌ જઈ રહ્યાં છે આવું સાંભળતાં જ સૌમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞ માટે આવેલા ઇન્દ્રભૂતિના મનમાં અભિમાનનો કીડો સળવળ્યો, "મારા જેવો સર્વજ્ઞ હોવા છતાં કોણ બીજો એવો છે કે જે સર્વજ્ઞ તરીકે પોતાને ઓળખાવે છે." આવા વિચારથી એમના મનમાં જાગેલી ગર્વની ભાવના ઉત્તરોત્તર આગળ વધતાં વધતાં ભગવાનના મુખમાંથી પોતાનું નામ સાંભળતાં છેક ટોચે પહોંચે છે.

ત્યાં તો મનમાં વિચાર ઝબૂકે છે કે, જો આમની સાથેના વાદમાં મારો વિજય થઇ જાય તો હું ત્રિભુવનમાં પંડિતમૂર્ધન્ય બની જાઉં. વળી એ મારું નામ જાણે એમાં શું આશ્ચર્ય ? આબાલવૃદ્ધપ્રસિદ્ધ મારા નામને ન જાણનારો આ જગતમાં છે કોણ ? પણ મારા મનમાં રહેલો 'જીવ વિષયક સંદેહ' કે જે મેં આજ સુધી કોઇનેય કહ્યો નથી તે જો કહી દે તો હું એમને સર્વજ્ઞ તરીકે માનવા તૈયાર છું.

અને ત્યાં જ ભગવાનના મુખેથી નીકળતી અમૃતઝરતી વાણી સંભળાય છે—'को जीव संशयः' હે મહાનુભાવ ! શું તને જીવનો સંશય છે ? પણ વિજ્ઞાનઘન ઇત્યાદિ વેદપદોનો અર્થ યથાર્થપણે તું જાણીશ તો તારો સંશય રહેશે નહીં. પ્રભુએ સમજાવેલા વેદપદોના અર્થને સાંભળી પ્રતિબોધ પામેલા ઇન્દ્રભૂતિએ ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર્યું. તેઓ એકલાએ નહિ, પાંચસો શિષ્યોના પરિવાર સાથે. અને પછી તો અગ્નિભૂતિ અને વાયુભૂતિ પણ પોતાના બે ભાઇઓ તથા બીજા પણ આઠ પંડિતપ્રવરો પોતાના પરિવારના ૪૪૦૦ છાત્રો સાથે ત્યાં આવ્યા ને ભગવાનના શિષ્ય બન્યા. ભગવાને મુખ્ય ૧૧ બ્રાહ્મણોને ગણધરપદે સ્થાપ્યા અને તીર્થ-સ્થાપના કરી.

એ અગિયારમાં મુખ્ય ઇન્દ્રભૂતિ દીક્ષા સ્વીકારી ત્યારથી જ ભગવાનની અખંડ સેવા-શુશ્રૂષા કરનારા તથા તેઓની આજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરનારા બન્યા.

અહીં ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર્યા પહેલાં ઇન્દ્રભૂતિનું જે ચિત્ર આપણી નજર સામે તરવરે છે તેના કરતાં સાવ જુદું જ ચિત્ર સંયમ સ્વીકાર્યા પછી આપણને જોવા મળે છે. બંને બાજુ જાણે અંતિમનાં દર્શન. પહેલાં અભિમાનની પરાકાષ્ઠા તો પછી વિનયની ચરમસીમા. પ્રભુ વીરના તેઓ એવા આજીવન સમર્પિત શિષ્ય બની રહ્યા કે જેની કોઇની પણ સાથે ઉપમા ન આપી શકાય. તેઓ વયમાં ભગવાન મહાવીર કરતાં મોટા હોવા છતાં ભગવાન પ્રત્યેનો તેમનો વ્યવહાર નાના બાળક જેવો જ હતો.

## અનન્ય પરોપકાર ગુણ

જૈન શાસ્ત્રોમાં પાને પાને ગુરુ ગૌતમસ્વામીમાં છલોછલ ભરેલો પરોપકારભાવ દષ્ટિગોચર થાય છે.

કોઇ પણ જીવ ગમે તે રીતે પણ બોધ પામતો હોય—માર્ગે આવતો હોય તો તેઓ ગમે તેટલું કષ્ટ વેઠવા તૈયાર હોય. પોતે પચાસ હજાર શિષ્યોના ગુરુ હોવા છતાં આ પરોપકારગુણના કારણે જ ગોચરી માટે જાતે જતા. એમાં તો પેલા અઇમુત્તાકુમાર પ્રતિબોધ પામીને તરી ગયા. તેમના કરકમલથી દીક્ષિત થનારનો બેડો પાર થયા વગર રહે જ નહિ—જાણે એમના હાથથી દીક્ષા એ મોક્ષનો પરવાનો જ સમજી લ્યો.

કોઇ પણ જીવ ભગવાન પાસે આવે તો તરત એમના મનમાં એમ જ થાય કે આ જીવ બોધ પામી જાય તો કેવું સારું ! અને અવસર જોઇને ભગવાનને પૂછી પણ લેતા કે, પ્રભો ! એ બોધ પામી, ઘરબાર છોડી સાધુતાનો સ્વીકાર કરશે કે કેમ ? અને જ્યારે ભગવાન એમ કહે કે, હા ગૌતમ ! એ સંયમનો સ્વીકાર કરશે; તો તો એ સાંભળીને રાજીના રેડ થઇ જતા. અને એ વ્યક્તિ પ્રત્યે એવા તો ઓળઘોળ થઇ જતા કે એને સ્નેહ, સદ્ભાવ અને વાત્સલ્યના ઓઘથી નવરાવી દેતા.

શ્રી સ્કંદક પરિવ્રાજકના પ્રસંગમાં આપણને એ સ્પષ્ટ જાણવા મળે છે.

શ્રાવસ્તી નગરીમાં ગોચરી અર્થે નીકળેલા પિંગલક નામના ભગવાન મહાવીરસ્વામીના શિષ્ય યોગાનુયોગ સ્કંદક પરિવ્રાજકના આશ્રમમાં પહોંચી જાય છે. અને ત્યાં બેઠેલા સ્કંદક પરિવ્રાજકની આગળ પાંચ પ્રશ્નો રજૂ કરે છે :

"લોક, જીવ, મોક્ષ, અને સિદ્ધના જીવો શાશ્વત છે કે અશાશ્વત છે ? કયા મરણથી મરતો જીવ વૃદ્ધિ પામે છે કે હાનિ પામે છે ?"

પિંગલક મુનિના એ પાંચ અશ્રુતપૂર્વ પ્રશ્નો સાંભળી પરિવ્રાજક સ્કંદક એકદમ ઊંડા વિચારમાં ઊતરી ગયા ને ઘણી મથામણ પછી પણ એમને એના ઉત્તરો ન મળ્યા ત્યારે તેઓ વિચારી રહ્યા કે, આ ઉત્તરો મેળવવા મારે હવે શું કરવું ? ત્યાં જ લોકોના મુખેથી ભગવાન મહાવીર કૃતંગલા નગરીમાં પધાર્યાના સમાચાર એમના કાને પડ્યા ને તરત જ એમણે ભગવાન પાસે જઇ એના ઉત્તરો મેળવવાનો નિર્ણય કર્યો ને એ જ વખતે પોતાની સઘળી સામગ્રી લઇ ભગવાનના સમવસરણ તરફ આવવા લાગ્યા.

સ્કંદક પરિવ્રાજક રાજમાર્ગે થઇને સમવસરણ તરફ આવી રહ્યા હતા ત્યારે જ ભગવાને ગૌતમ મહારાજને કહ્યું કે, ગૌતમ ! આજે તું તારા પૂર્વ સંગતિક-પરિચિતને જોઇશ.

ગૌતમસ્વામી : પ્રભો ! કોણ ? અને ક્યારે ?

ભગવાન મહાવીર : ગૌતમ ! સ્કંદક પરિવ્રાજકને હમણાં જ જોઇશ. આપણા પિંગલક મુનિએ પૂછેલા પાંચ પ્રશ્નો એમને ન સમજાતાં જિજ્ઞાસાથી તેઓ પૂછવા આવી રહ્યા છે.

ગૌતમસ્વામી : ભગવાન ! તેઓ આપના વચનથી બોધ પામી, અગારનો ત્યાગ કરી અનગારિતા—સાધુતાનો સ્વીકાર કરશે ?

ભગવાન મહાવીર : હા ગૌતમ ! તે બોધ પામી સાધુતાનો તો સ્વીકાર કરશે જ. પણ એથીય આગળ તપ-સંયમ વડે આત્માને ભાવિત કરતાં પરમ વિશુદ્ધ પરિણામથી કર્મ ખપાવી સિદ્ધ—બુદ્ધ-યુક્ત થઇને પરિનિવૃત્ત થશે.

એ સાંભળી રાજી રાજી થઇ ગયેલા ગૌતમ મહારાજ તરત જ સ્કંદક પરિવ્રાજકને આવકારવા દોડી જાય છે ને નજરે પડતાં જ "सागयं खंदया । सुसागयं खंदया अणुरागयं खंदया।" એવાં સ્વાગતવચનો બોલી સ્કંદક પરિવ્રાજકને સ્નેહ અને સદ્‌ભાવની સરવાણીથી એવા તો ભીંજવી દીધા કે એમને ભગવાન પાસે આવવાનું એકદમ સરળ થઇ ગયું.

તેઓ ત્યાં આવ્યા કે તરત ભગવાને આત્મીય ભાવે એમના પાંચે પ્રશ્નોના સચોટ ઉત્તરો આપ્યા. તે સાંભળી પ્રતિબોધ પામેલા તેઓ ભગવાનના શિષ્ય થયા. અનેક પ્રકારનાં ઉત્કૃષ્ટ તપો તથા ગુણરત્ન સંવત્સર નામનું મહાન તપ પણ તેમણે કર્યું તથા તપ-સંયમ વડે આત્માને ભાવિત કરતાં તેઓ સકલ કર્મનો ક્ષય કરી પરમ પદના ભાગી બન્યા.

આ રીતે શ્રી સ્કંદક પરિવ્રાજક સાથેની પોતાની પાંચ ભવની પ્રીતનો ગૌતમ મહારાજે આદર્શ ગણાય તેવો જવાબ આપ્યો.

## અનુપમ નમ્રતા

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં શ્રી કેશીકુમાર શ્રમણ તથા શ્રી ગૌતમ મહારાજ-બંને શ્રાવસ્તી

નગરીમાં ભેગા થઇ ગયા. કેશી આચાર્ય મહારાજ પોતાના શિષ્ય-પરિવાર સાથે તિંદુક નામના ઉદ્યાનમાં તથા ગૌતમ મહારાજ કોષ્ઠક નામના ઉદ્યાનમાં પોતાના પરિવાર સાથે ઊતર્યા.

બંને શાસ્ત્રોમાં પારગામી, મહાન સાધક તથા સમતાના મહાનિધાન.

શ્રાવસ્તી નગરીનાં લોકો આવા મહાન પુણ્યાત્માના એકસાથે દર્શન થવાના કારણે પોતાની જાતને બડભાગી માનવા લાગ્યા. સત્ય, સરળતા, નિખાલસતા, વત્સલતા અને પરોપકારપરાયણતા વગેરે ઉત્તમ ગુણો તેઓના જીવનમાં ઓતપ્રોત થઇ ગયા હતા.

કેશીકુમાર શ્રમણ પાર્શ્વનાથ ભગવાનના આચાર્ય હતા. દીર્ઘ દીક્ષાપર્યાય ધરાવતા તેઓ મુનિ, શ્રુત અને અવધિ એ પણ જ્ઞાનના ધારક હતા. વળી ગૌતમ મહારાજ ભગવાન મહાવીરના અન્તેવાસી, પ્રથમ ગણધર, વિદ્યાના નિધાન તથા મુનિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ—એ ચાર જ્ઞાનના ધારક હતા. નગરીમાં ગોચરી અર્થે નીકળેલા બંને આચાર્યશ્રીઓના યુતિઓમાં રહેલા ભિન્ન ભિન્ન વસ્ત્રપરિધાનને લોકો કુતૂહલની નજરે જોવા લાગ્યા. કેટલાંક વસ્ત્રો રંગબેરંગી અને કિંમતી તેમ જ કેટલાંક શ્વેત, જીર્ણશીર્ણ તથા અલ્પ મૂલ્યવાળાં.

શ્રાવસ્તીનાં લોકો જ નહીં, પણ ત્યાં રહેલા દેવો, દાનવો અને ગાન્ધર્વો પણ અદશ્યપણે ઇન્તેજાર કરી રહ્યા હતા એ બંને મહાપુરુષોના મિલનની—આ બંને ભેગા થશે કે નહીં અને થશે તો કોણ કોને ત્યાં જશે આવી પ્રશ્નાવલીનો છેદ ત્યારે જ ઊડી ગયો કે જ્યારે ગૌતમ મહારાજ પોતાના પરિવારની સાથે તિંદુક ઉદ્યાનમાં કેશી આચાર્ય મહારાજની પાસે સામે ચાલીને ગયા.

કેશી આચાર્ય મહારાજે પણ પોતાની પાસે આવેલા ગૌતમ મહારાજનો આદરભર્યો સત્કાર કર્યો. બંને બાજુ-બાજુમાં બેઠા ત્યારે જાણે સૂર્ય—ચંદ્ર ભેગા ન થયા હોય તેવા શોભતા હતા.ગૌતમ મહારાજે કેશી આચાર્ય મહારાજની પર્યાયગુરુતાને તિંદુક ઉદ્યાનમાં જવાપૂર્વક જેમ અભિવંદી, તેવી જ રીતે ગૌતમ મહારાજની જ્ઞાનગુરુતાને કેશી આચાર્ય મહારાજે એવા જ અહોભાવથી બિરદાવી. નિખાલસતાભરી ચર્ચા થઇ બન્ને મહાપુરુષોની વચ્ચે.

કેશી આચાર્ય મહારાજ દ્વારા પુછાયેલા સઘળા પ્રશ્નોના ઉત્તરો ગૌતમ મહારાજે એવી આત્મીયતા, સરળતા અને બુદ્ધિમતાથી આપ્યા કે તેથી કેશી આચાર્ય મહારાજ ખુશખુશાલ થઇ ગયા. ઉત્તરે ઉત્તરે તેઓ "साहू गोयम पन्ना ते, छिन्नो मे संसओ इओ" —હે ગૌતમ ! તમારી બુદ્ધિ સુંદર છે, તમે કહેલા ઉત્તરથી મારો સંશય દૂર થયો—એમ કહીને ગૌતમસ્વામીની પ્રજ્ઞાને અપૂર્વ અહોભાવથી અનુમોદતા હતા. આ પ્રશ્નોત્તરીની ફલશ્રુતિ રૂપે કેશી આચાર્ય મહારાજે પોતાના પરિવાર સાથે ચાર મહાવ્રત રૂપ ધર્મનો સ્વીકાર કર્યો અને સર્વત્ર જયજયકાર પ્રવર્ત્યો.

ગૌતમ મહારાજના જીવનના અનેક પ્રસંગોમાં તેઓએ આનંદ શ્રાવકને ઘેર જઇને આપેલો 'મિચ્છામિ દુક્કડં'નો પ્રસંગ તેમનામાં રહેલી બેનમૂન સરળતાના સીમાચિહ્નરૂપ છે.

## ગૌતમ મહારાજનું આદર્શ સ્વરૂપ

પાંચમા અંગસૂત્રથી શ્રી વ્યાખ્યાપ્રદીપ્તિ–ભગવતીજી સૂત્રના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશાના સાતમા સૂત્રમાં શ્રી ગૌતમ મહારાજના વ્યક્તિત્વને ૧૮ વિશેષણો દ્વારા નિરૂપવામાં આવ્યું છે તે ખરેખર આબેહૂબ છે. શ્રી અભયદેવસૂરિ મહારાજની વૃત્તિના આધારે તે

વિશેષણોનું અહીં વર્ણન કરવામાં આવે છે.

તે કાળ ને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જ્યેષ્ઠ અન્તેવાસી ઈન્દ્રભૂતિ નામના અણગાર ગૌતમ ગોત્રના સ્વામી ભગવાનની બહુ દૂર નહિ તેમ બહુ નજીક પણ નહિ, ઊર્ધ્વજાનુ એટલે ઉભડક રહેલા, અધોશિર એટલે નીચે નમેલા મુખવાળા ધ્યાનરૂપી કોષ્ઠમાં પ્રવિષ્ટ સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે. તો એ ગૌતમ મહારાજ કેવા છે તે ૧૮ વિશેષણો દ્વારા જણાવવામાં આવે છે :—

૧. **सप्त हस्तोच्छ्रयः**— સાત હાથની ઊંચી કાયાવાળા.

૨. **समचतुरस्त्रसंस्थानसंस्थितः**— પ્રમાણસર તથા મનોહર અંગ-પ્રત્યંગવાળા, તેમ જ જ્યારે પલાંઠી વાળીને બેઠેલા હોય ત્યારે બંને ઢીંચણનું આંતરું તથા આલન અને કપાળના ઉપરના ભાગનું આંતરું, જમણી બાજુનો ખભો અને ડાબી બાજુના ઢીંચણનું આંતરું તથા ડાબી બાજુનો ખભો અને જમણી બાજુના ઢીંચણનું આંતરું સરખું હોય તેવા.

૩. **वज्रऋषभनाराचसंहननः**— મર્કટબંધથી બંધાયેલાં બે હાડકાંની ઉપર ચર્મમય પાટો અને તેના ઉપર ખીલી મારવામાં આવી હોય તેવા અસ્થિસંચયવાળા.

૪. **कनकपुलकनिकषपद्मगौरः**— કષપટ્ટકમાં કરવામાં આવેલી સુવર્ણની રેખા જેવું કાંતિમાન તથા કમળના કેસર જેવા ગૌર શરીરવાળા.

૫. **उग्रतपाः**— સામાન્ય માણસો જે તપ કરવાનો વિચાર સુધ્ધાં ન કરી શકે તેવા ઉગ્ર તપને કરનારા.

૬. **दीप्ततपाः**— કર્મના ગહન વનને બાળવામાં સમર્થ જાજ્વલ્યમાન અગ્નિ જેવા ધર્મધ્યાનાદિ તપને કરનારા.

૭. **तप्ततपाः**— તપના આચરણથી કર્મોને તથા આત્માને તપાવનારા.

૮. **महातपाः**— આશંસા (તપના ફળની ઈચ્છા) વગેરે તપના દોષોથી રહિત અને એથી પ્રશસ્ત ગણાય તેવા તપને કરનારા.

૯. **भीमः**— ઉગ્ર તપ કરવાના કારણે અલ્પ સત્ત્વવાળા પાસત્થા વગેરે શિથિલાચારી સાધુઓને માટે ભયાનક.

૧૦. **घोरः**— પરીષહોને સહન કરવામાં તથા ઈન્દ્રિયોને દમવામાં નિર્દય.

૧૧. **घोरगुणः**— સામાન્ય મનુષ્યો માટે આચરવા મુશ્કેલ બને તેવા મૂલગુણાદિકને ધારણ કરનારા.

૧૨. **घोरतपस्वी**— ઘોર તપોને કરનારા.

૧૩. **घोरब्रह्मचर्यवासी**— અલ્પ સત્ત્વવાળા જીવોથી ન આચરી શકાય તેવા ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય ગુણોમાં વાસ કરનારા.

૧૪. **उच्छूढशरीरः**— શરીરની સેવા-શુશ્રૂષા નહિ કરવાના કારણે જાણે શરીરનો ત્યાગ જ ન કર્યો હોય તેવા જણાતા.

૧૫. **संक्षिप्तविपुलतेजोलेश्यः**— શરીરના અંદરના ભાગમાં રહેતી હોવાથી સંક્ષિપ્ત તથા અનેક યોજનપ્રમાણ ક્ષેત્રમાં રહેલી વસ્તુને બાળવામાં સમર્થ હોવાથી વિપુલ એવી તેજોલેશ્યાને ધારણ કરનારા.

૧૬. **चतुर्दशपूर्वी**— ચૌદપૂર્વોનું જ્ઞાન ધરાવનાર. અર્થાત્ શ્રુતકેવલી.

૧૭. **चतुर्ज्ञानोपगतः**— મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ–એ ચાર જ્ઞાનને ધારણ કરનારા.

૧૮. **सर्वाक्षरसन्निपाती**— સર્વ અક્ષરના સંયોગો જેમના જ્ઞાનના વિષયભૂત છે. એટલે કે અક્ષરોના સંયોગથી કોઈ શબ્દો એવા નથી કે જેનું જ્ઞાન તેમને ન હોય. અથવા સાંભળવા ગમે તેવા પ્રકારના અક્ષરોને નિરન્તર બોલનારા.

## પ્રસ્તુત પ્રકાશન અંગે ખાસ

ઘણા બધા વિશાળકાય, પ્રચુર માહિતીસભર તથા મહાશ્રમસાધ્ય ગ્રંથોનું પ્રકાશન કરવાના કારણે જેમને આવાં કાર્યોની કુદરતી હથોટી આવી ગઈ છે તેવા આજીવન સાહિત્ય-ભેખધારી શ્રી નંદલાલભાઈ દેવલુક ઘણો પરિશ્રમ કરીને અનન્તલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના સાહિત્ય, ચરિત્ર, સ્તુતિ, સ્તોત્રો, રાસ, સ્તવનો, વગેરે તથા અલગ અલગ સ્થાનોમાં જઈને મુશ્કેલીથી મેળવી શકાય એવાં ગૌતમસ્વામીનાં ચિત્રોને ભેગાં કરીને ઘણો જ ઉપયોગી મહાગ્રંથ પ્રકાશિત કરી રહ્યા છે તે અત્યંત પ્રશંસનીય તથા અનુમોદનીય છે.

ગુરુ ગૌતમસ્વામીજીનું ચરિત્ર અનેકવિધ માહિતીઓથી ભર્યું ભર્યું તથા ઘણું જ પ્રેરણાદાયી છે. જેને પોતાના જીવનમાં સદ્‌બોધ મેળવવો હોય તેના માટે તો એ અખૂટ ખજાનો છે.

એકલા હાથે ભાઈ શ્રી દેવલુક આવી ઊંચી સાહિત્યસેવા કરી રહ્યા છે તેમને આપણા જૈનસંઘોએ તથા ઉદારચિત્ત મહાનુભાવોએ બને તેટલો વિશેષ સહયોગ આપી તેમના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરવી જોઈએ.

ભાઈશ્રી દેવલુક આવી સાહિત્યસેવા નિરંતર કરતા રહે અને એથી સ્વ-પરનું કલ્યાણ સાધતા રહે એવી અન્તરની શુભાશિષ.

***



# ગૌતમપદની ઓળખાણ

*આલેખક:- ગચ્છાધિપતિ પૂજ્ય જયઘોષસૂરીશ્વરજી મ. સા.*

**આગમવિશારદ પ. પૂ. આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા.નું પ્રસ્તુત નાનું પણ નવલું લખાણ અમારા ઉપરની તેમની કૃપા સમજીએ છીએ.**

**Prime Ministerની signature મળે તોય ખુશી–ખાટી જવા જેવું કહેવાય, જ્યારે અનેક અભિવ્યક્તિઓ વચ્ચે પૂજ્યશ્રીની પ્રસ્તુતીકરણ પદ્ધતિ કાંઈક અનોખી અને આગવી જણાય છે; કારણ કે તેમાં દ્રવ્યાનુયોગ પ્રધાનતત્ત્વ તથા રહસ્યની ઉદ્દઘોષણા છે.**

**અઢીસોથી વધુ શ્રમણોના સુકાની તથા સ્વ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. ગુણોની પ્રતિમૂર્તિ સમા ગચ્છનાયક પૂજ્યશ્રીએ ગણનાયક ગૌતમસ્વામી વિશે ટૂંકું પણ ઊંડું જે લખાણ લખેલ છે તે તત્ત્વપિપાસુઓની તૃપ્તિનું કારણ બનશે તથા અમારી શાસનસેવાની પ્રબળ ભાવનાને પ્રેરકબળ પૂરુ પાડશે તેવી આશા છે.** *–સંપાદક*

શ્રી તીર્થંકર પરમાત્મા જગતના બધા જીવોમાં સર્વોત્કૃષ્ટ છે, છતાં પરમાત્માના પુણ્યમાં તરતમભાવ પડે છે. બીજા જીવો કરતાં વિશિષ્ટતમ પુણ્ય હોવા છતાં જિનનામના પણ રસબંધના અધ્યવસાયસ્થાન અસંખ્ય છે. વળી જિનનામકર્મ જોડે બંધાતાં સૌભાગ્ય, આદેય, યશ વગેરે પણ અસંખ્ય ભેદવાળાં છે. તેથી પરમાત્માનું સૌભાગ્ય, આદેય, યશ વગેરે બીજા તીર્થંકર સિવાયના જીવો કરતાં ઊંચું હોવા છતાં પરમાત્મા–પરમાત્મામાં પુણ્યના ઉદયમાં પણ ષટ્સ્થાનક તફાવત પડે છે. તેથી પાર્શ્વનાથ પ્રભુ 'પુરુષાદાણીય' કહેવાય છે. બધા જ પરમાત્માઓના વિશિષ્ટ સૌભાગ્યમાં પણ તેઓ જુદા તરવરે છે.

તેવી જ રીતે ગણધર દેવોનું પુણ્ય પણ પરમાત્મા પછીનું બીજા નંબરનું હોવા છતાં તેના પણ અસંખ્ય પ્રકારો પડે છે. તેથી તેમાંના પ્રબળતાવાળા પુણ્યને 'ગૌતમલબ્ધિ' 'ગૌતમપદ' વગેરે ઉપનામ અપાય છે. ખુદ ગૌતમસ્વામી ગણધર શ્રી મહાવીર પ્રભુના પ્રથમ ગણધર છે. તે ગૌતમ ગૌત્રના હતા, નામથી પ્રથમ ગણધર ઇન્દ્રભૂતિ છે, છતાં ગૌતમપદથી પ્રસિદ્ધ થયા તેમાં કારણ વિશિષ્ટ પુણ્યયુક્ત ગણધરપણારૂપ ગૌતમ ગણધરપણું અત્રે સમજવું.

પુરુષાદાણીય શ્રી તીર્થંકરો પણ ક્યારેક ક્યારેક થાય છે, દરેક ચોવીસીમાં નથી થતા, તેવી રીતે ગૌતમ ગણધરો પણ ગણધરોમાં ક્યારેક કોઈક થાય છે પરંતુ વારંવાર કે ઘણા નથી થતા. જેથી ૧૪૫૨ ગણધરોમાં ફક્ત એક જ નામ વિશેષરૂપે પ્રસિદ્ધ થયું છે.

આ જિનનામકર્મ અને ગણધરનામ નિકાચનાના કારણ તરીકે શાસ્ત્રોમાં બે વિકલ્પો બતાવ્યા છે. એક પ્રસિદ્ધ વિકલ્પ છે, જે 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના કરે અને શક્ય પ્રયત્ન કરે તે ભાવના વિશેષથી જિનનામ નિકાચન કરે. આ પૂર્વની ત્રીજા ભવની વાત છે. તે વખતે બાહ્ય

પરિસ્થિતિ બધા પરમાત્માના જીવની સરખી નથી હોતી. તેથી—સારી ઊંચી પરિસ્થિતિવાળા જે હોય અને સામે સહાય, ભક્તિ કરવાનો સારો મોકો આવે તો ભાવોલ્લાસ ઘણો વધે. આવા અનેક સ્વ-પરના નિમિત્તબળના કારણે ભાવનામાં તરતમ માત્રાથી ભેદ પડે છે. તેથી પુણ્યફળમાં પણ ભેદ પડે છે.

એ જ રીતે કુટુંબ કે આશ્રિત સમુદાય કોઈને નાનો હોય, કોઈને ઘણો મોટો હોય, યાવત્ રાજેશ્વરીને રાજ્ય હોય, સાથે વિકસિત ભાવના, પ્રયત્ન, કાળજી વગેરેથી ગણધરનામકર્મ પણ વિશિષ્ટ કોટિનું બંધાય. આમ પરમાત્મામાં અને ગણધરોમાં વિશિષ્ટતા સર્જાય છે. તેથી ગૌતમસ્વામીના નામથી વ્યક્તિ તો લઈ શકાય જ; પરંતુ એ જ રીતે વિશિષ્ટ લબ્ધિસંપન્ન ગણધરપદ પણ લેવાય. અને ત્રીજા અર્થમાં સામાન્યથી ૧૪૫૨ ગણધર ભગવંતોનું ગણધરપણું પણ લેવાય.

જિનનામ, ગણધરનામના નિકાચનમાં યોગબિન્દુમાં બતાવ્યું છે કે જેને શાસન સાથે, આરાધના સાથે વધારે એકતા, મમત્વ જામે છે તે શ્રી તીર્થંકરનામકર્મ બાંધે છે. જેને એથી થોડી ઓછી મમતા—એકતા જામે છે, પરંતુ બીજા જીવો કરતાં વિશિષ્ટ કોટિની મમતા છે તે ગણધરનામ બાંધે છે. અહીં પણ આ બન્નેના મમત્વના અવાંતર ભેદો અસંખ્ય જાણવા.

ગૌતમપદથી દાન લેવાય છે. શ્રીસંઘને, જગતને—આશ્રિતોને શાસન આપવાની, આરાધનામાં સંપૂર્ણપણે સહાયકતાની ભાવનાથી બાહ્ય વસ્તુ આપવાથી, જ્ઞાન આપવાથી, ઉપદેશ આપવાથી, ધૈર્ય આપવાથી, સારણા-વારણાથી એમ બધી રીતે જે જગતના જીવને શાસન પમાડવા માટે, શાસનમાં સ્થિર કરવા, શાસનમાં આગળ વધારવા અને શાસનની આરાધનામાં ઓતપ્રોત કરવામાં જે પ્રવર્તે છે તે આ ગૌતમપદની આરાધના કરે છે.

માટે ગૌતમસ્વામીની આરાધના જાપ, તપ, વગેરેથી કરવા સાથે શ્રીસંઘને સદા સર્વ રીતે જ્ઞાનાદિનું દાન અને બાહ્ય બધી રીતે સહાય, ભક્તિ કરતા રહેવું તે ગૌતમપદની ઉપાસના છે.—એમ સમજાય છે.

*



# શ્રી ગુરુ ગૌતમસ્વામી વિષે અદ્યતન બૃહદ્ સંગ્રહ

## [સંદર્ભગ્રંથની સમીક્ષા]

*—શ્રી રમણલાલ ચી. શાહ*

ભાઈશ્રી નંદલાલ દેવલુકે ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીના પ્રથમ ગણધર ભગવંત ગુરુશ્રી ગૌતમસ્વામી વિષે સંકલિત-સંપાદિત કરેલો સાડા આઠસો પૃષ્ઠનો આ દળદાર ગ્રંથ શ્રી ગૌતમસ્વામી વિષે આજ પર્યંત પ્રસિદ્ધ થયેલા સાહિત્યમાં સૌથી મોટો ગ્રંથ છે. શ્રી નંદલાલ દેવલુકે એકલે હાથે જે કેટલાક મોટા ગ્રંથોનું સંપાદન—પ્રકાશન કર્યું છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. એક મિશનરીના જેટલો ઉત્સાહ ન હોય તો આવાં કાર્યો એકલે હાથે થઈ ન શકે. આવાં મોટાં સાહસ કરવા માટે ઠીક ઠીક આર્થિક પ્રબંધ કરવાનો તો રહે જ છે; પરંતુ સાહિત્યિક અભિરુચિ, ધીરજ, ચીવટ, ખંત અને દઢ ધર્મભાવના ન હોય તો આવાં કાર્યો થઈ શકે નહિ. આવું મોટું કાર્ય કરવાનો સંકલ્પ કર્યા પછી તેને પાર પાડવામાં સહેજે ચાર-પાંચ વર્ષ જેટલો ગાળો નીકળી જાય છે. વળી તેમાં જાત-જાતની મુશ્કેલીઓ, પસંદગીની મૂંઝવણો વગેરે પણ આવે છે. સામાન્ય માણસ તો અધવચ્ચે જ નિરાશ થઈને આવાં કાર્ય છોડી દે; પરંતુ ભાઈશ્રી નંદલાલ દેવલુકને પૂર્વાનુભવને લીધે આવાં મોટાં સાહસભર્યાં કાર્યો કરવાની હવે સારી અનુકૂળતા આવી ગઈ છે.

ધાર્મિક સાહિત્ય વિષે સંકલન—સંપાદનના પ્રકારનો ગ્રંથ તૈયાર કરવામાં કેટલા બધા લેખકો અને સંશોધકોના સહકારની અપેક્ષા રહે છે! સ્વભાવમાં વિનમ્રતા અને સાલસતા ન હોય તો આવો સુંદર સહકાર મળવાનું સરળ નથી. ભાઈ નંદલાલ દેવલુકે આ પહેલાં પણ સંખ્યાબંધ દળદાર ગ્રંથો એકલા હાથે પ્રકાશિત કર્યા છે એ ઉપરથી એમના વ્યક્તિત્વનો સરસ પરિચય મળી રહે છે.

શ્રી ગૌતમસ્વામી વિષેનો આ પ્રકારનો ગ્રંથ અદ્યતન બૃહદ્ સંગ્રહ જેવો બન્યો છે. એ તૈયાર કરવામાં એમણે પોતાની દૃષ્ટિ અને સૂઝ અનુસાર સારી પદ્ધતિ અપનાવી છે. એમાં આરંભમાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની રચનાઓ આપવામાં આવી છે. ત્યાર પછી ગુજરાતી ભાષામાં લખાયેલી મધ્યકાલીન અને અર્વાચીન પદ્ય રચનાઓ આપવામાં આવી છે. ત્યાર પછીના ત્રણેક વિભાગમાં ગુરુ ગૌતમસ્વામી વિષે અર્વાચીન કાળમાં લખાયેલા અને પ્રકાશિત થયેલા, ભિન્ન ભિન્ન પાસાંને સ્પર્શતા, પચાસથી વધુ લેખો આપવામાં આવ્યા છે. અને ગ્રંથના છેલ્લા વિભાગમાં હિન્દી ભાષામાં ગૌતમસ્વામી વિષે પ્રકાશિત થયેલ લેખો સંકલિત કરવામાં આવ્યા છે.

જૈન સાહિત્ય અત્યંત વિપુલ છે. હજુ ઘણું સાહિત્ય અપ્રકાશિત રહ્યું છે. એટલે ગૌતમસ્વામી વિષે સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતી ભાષામાં હજુ ઘણી કૃતિઓ ઉપલબ્ધ થવાનો અવકાશ

છે. જૈન સાહિત્યના ઇતિહાસ વિષેના જુદા જુદા દળદાર ગ્રંથોમાં આપેલી કૃતિઓની સૂચિ જોતાં આ વાતની પ્રતીતિ થશે. ભાઈ દેવલુકે ગૌતમસ્વામી વિષે વર્તમાન કાળમાં થયેલી રચનાઓ સહિત પ્રકાશિત થયેલી અને ઉપલબ્ધ એવી લગભગ બધી જ કૃતિઓ આ ગ્રંથમાં સમાવિષ્ટ કરી લીધી છે. આ કૃતિઓ ઉપર નજર ફેરવતાં જ જોઈ શકાય છે કે ગૌતમસ્વામી વિષે સ્તોત્ર, અષ્ટક, છંદ, સ્તવન, સ્તુતિ, ચૈત્યવંદન, સજ્ઝાય, ગીતિકા, વિલાપ, વંદના, માતૃકા, એકતિસા, ચાલીસા, રાસ, લઘુરાસ, આરતી, મંગળ દીવો, દેવવંદનવિધિ, છઠ્ઠ તપની વિધિ, મોટી પૂજા, પૂજન, મહાપૂજન વગેરે કેટલા બધા પ્રકારની કૃતિઓ લખાઈ છે. સાધુ ભગવંતો માટે તો ગૌતમસ્વામીનું પુણ્યશ્લોક નામ અનિવાર્યપણે પ્રતઃસ્મરણીય ગણાય છે; પણ ગૃહસ્થો માટે પણ તે એટલું જ મહિમાવંતું છે. ઉપાશ્રયોમાં તો લગભગ રોજ જ ગૌતમસ્વામીની સ્તુતિ 'મંગલ ભગવાન વીરો' અને 'અંગૂઠે અમૃત વસે' બોલાતી હોય છે.

ગૌતમસ્વામી વિષેના આ સંગ્રહમાં વજ્રસ્વામી, જિનપ્રભસૂરિ, મુનિસુંદરસૂરિ, જિનચંદ્રસૂરિ, વિનયપ્રભજી, સમયસુંદરજી, ક્ષમાકલ્યાણજી, લાવણ્યસમયજી, ઉપાધ્યાય યશોવિજયજી, જ્ઞાનવિજયજી, સૌભાગ્યવિજયજી, વગેરેની પ્રાચીન મહિમાવંતી કૃતિઓ આપવામાં આવી છે. તદુપરાંત અર્વાચીન કાળની પદ્ય કૃતિઓ પણ આપવામાં આવી છે. ગદ્ય વિભાગમાં અત્યાર સુધીમાં ગૌતમસ્વામી વિષે લખાયેલા લેખો આ ગ્રંથમાં સંગૃહિત કરવામાં આવ્યા છે. આ બધી સામગ્રી ગુરુ ગૌતમસ્વામીના જીવન વિષે (પૂર્વભવો સહિત) ઘણો સારો પ્રકાશ પાડે છે. આટલી બધી કૃતિઓ અને આટલા બધા લેખો એક જ સ્થળે ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા હોય તો દેખીતું જ છે કે તેમાં પુનરુક્તિ થયા વગર રહે નહિ. પહેલી વાર તૈયાર થતા આવા પ્રકારના ગ્રંથમાં પુનરુક્તિને દોષરૂપે નહિ પણ એના એક સ્વાભાવિક લક્ષણ તરીકે જોવી જોઈએ. ભવિષ્યના સંશોધકો–સંપાદકો માટે અહીં પુષ્કળ પ્રમાણમાં તૈયાર સામગ્રી, અથાગ પરિશ્રમ કરીને, આપવામાં આવી છે. પુનરુક્તિ અને કાલાનુક્રમ–એ બેના સંદર્ભમાં ભાવિ સંશોધકો–સંપાદકો વધુ સારી રીતે કાર્ય કરી શકશે, કારણ કે સામગ્રી એકત્રિત કરવાનું ભગીરથ કાર્ય આ ગ્રંથ દ્વારા થઈ ચૂક્યું છે. ગુરુ ગૌતમસ્વામી વિષેના પ્રાચીન કે અર્વાચીન સાહિત્ય વિષે કોઈને પીએચ. ડી.ની કક્ષાનો અભ્યાસ કરવો હોય તો ભાઈ નંદલાલ દેવલુકે કેટલી બધી સરળતા કરી આપી છે ! આશા છે કે એ દિશામાં વહેલી તકે સંશોધનકાર્ય થાય.

હસ્તપ્રતોમાં ગૌતમસ્વામીની નાની ચિત્રકૃતિઓ છે તથા વર્તમાન સમયમાં ચિત્રો તૈયાર થયાં છે. તથા ગૌતમસ્વામીની પ્રતિમાઓ પણ જિનમંદિરોમાં તથા અન્ય સ્થળે છે. તેની ઘણી છબીઓ ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં એવી ઘણી છબીઓ આપવામાં આવી છે, જે ગ્રંથની મૂલ્યવત્તામાં વૃદ્ધિ કરે છે.

ભાઈ શ્રી નંદલાલ દેવલુકે આ ગ્રંથના સંપાદન–પ્રકાશન માટે જે પ્રશસ્ય પુરુષાર્થ કર્યો છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું. મને આશા છે કે આ સંદર્ભગ્રંથ વિવિધ દૃષ્ટિકોણથી અનેકોને માટે સહાયરૂપ અને પ્રેરણારૂપ બની રહેશે !

* * *

# આપ્તપુરુષની અલૌકિક ઓળખાણ

## [એકાદશ વંદનાઓ]

*ગચ્છાધિપતિ પૂ. જયઘોષસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય મુનિ જયદર્શન વિ. મ.*

ગુરુ ગૌતમ સ્વયં નામ-ઠામ ને કામથી ખ્યાતનામ છે જ—માટે જ્ઞાનભાસ્કરને તેના જ પ્રકાશનું આલંબન લઈ આંગળીથી દેખાડવા જેવી બાલચેષ્ટા મારા જેવા બાળજીવોને ભલે રંજન કરાવે; પણ તેથી વિદ્વાનોની વિસ્મયકારી દુનિયામાં તેવા ઓળખપત્રની ઝાઝી કિંમત કદાચ નહિ પણ થાય.

છતાંય ન જાણે આપ્તપુરુષ, આગમપુરુષ ને અપૂર્વ પુરુષ ગૌતમ ગણધર પ્રતિ ધરબાયેલ અહોભાવની જ આ અભિવ્યક્તિ છે કે જેને કારણે તે પૂર્વજ પુણ્ય પુરુષનો અલૌકિક પરિચય કરવા-કરાવવા કલમ સ્વયં ચાલવા લાગી છે.

ગણધર નામકર્મ સ્વયં સ્વતંત્ર નામકર્મ ન હોવા છતાંય એક મતે તીર્થંકર નામકર્મની પેટા પ્રકૃતિ તરીકે પંકાય છે અને અન્ય મતે શુભ, સૌભાગ્ય, યશ, અને આદેય નામકર્મની પ્રકર્ષતા જીવને ગણધર જેવા ગૌરવપદે ગોઠવી દે છે.

ભરતક્ષેત્રની હાલની હુંડા અવસર્પિણીમાં ૨૪ તીર્થપતિઓ પૈકી જેમ પ્રભુ પાર્શ્વનાથજી પ્રતિ લોકચાહના સવિશેષ જણાય છે તેમ થયેલ સર્વ ગણધરોમાં ચરમ તીર્થપતિના પ્રથમ ગણધર ગૌતમસ્વામીનાં ગુણગાન વધુ ગવાય છે. તેની પાછળ ઘણાં જાણવા જેવાં રહસ્યો ગૂંથાયેલાં પડ્યાં છે.

મહામણિ ચિંતામણિ શ્રી ગુરુ ગૌતમસ્વામી ગ્રંથના નામે લાગટ બે વરસનો સતત ને સખત પરિશ્રમ કરી એક ભગીરથ સાધ્યને સિદ્ધ કરવામાં સફળતાની સન્નિકટ આવનાર શ્રમણોપાસક **શ્રી નંદલાલ દેવલુક**નો પરિચય પ્રથમ તેમનાં પુસ્તકોથી, પછી પત્રોથી ને સાવ છેલ્લે છેલ્લે પાલીતાણામાં પ્રત્યક્ષથી થયો. તેમની ભાવનાઓ, કામનાઓ, ઝંખનાઓ વગેરેને જાણી નંદલાલભાઈના એકહથ્થુ પ્રયાસ માટે મનમાં આનંદ થયો, પ્રમોદભાવનાથી તેમના સાહસ પ્રતિ સન્માન થયું ને એવું લાગ્યું કે ગૃહસ્થધર્મની ગૂંચવણમાં સંડોવાયેલો એક આત્મા જો શુભ અધ્યવસાયોથી પોતાના બહુમૂલા દિવસો/વરસોને બાંધી શકે અને કલાત્મક કૃતિઓને સર્જી શકે તો તેવું સર્જન ભલે ગીતાર્થોની દૃષ્ટિએ કંઈક ઊણપ કે અધૂરાશવાળું જણાય, છતાંય તેવો પણ પુરુષાર્થ અનુમોદનીય એટલે પણ બને છે કે તેમની ભાવનાને વધાવવા અનેક પૂ. આચાર્યો, પંન્યાસો, મુનિવરો અને સાક્ષર શ્રાવકોએ પણ પોતપોતાની અભિવ્યક્તિ દ્વારા આપ્તપુરુષ ગૌતમસ્વામીને વંદના પાઠવી છે. સાથે ગ્રંથસર્જક સ્વયંનું પરિમિત જ્ઞાન તથા અનુપલબ્ધ અનેક માહિતીઓ વચ્ચે આદરેલ શ્રમસાધ્ય પ્રયાસને સ્વીકારતાં રહેલ ક્ષતિઓની પૂર્તિ માટે ઉદાર મન રાખે છે.

છતાંય સારરૂપ એટલું જ કે શબ્દસૌષ્ઠવ કે વાણીવિલાસનો વિકાસ ઓછો-આછો પણ જોવા મળે તોય તે બાબત ગૌણ ગણી ગૌતમ જેવા બાળ બની ગ્રંથસર્જન અને સર્જક સાથે રહેલા શુભ ભાવોને મુખ્યતા આપવા જેવી છે. કદાચ આ સર્જન હજુ પણ વધુ માહિતીપ્રદ આવા કોઈ નવસર્જન માટે માર્ગદર્શક પુરવાર થાય, અથવા જૈનશાસનની જાહોજલાલી જાણવા-માણવા માધ્યમ પણ બને.

સાવ નાની માસૂમ બાળવયમાં ગૌતમસ્વામી અને ગૌતમ બુદ્ધ વચ્ચે કોઈ ભેદ જણાતો ન હતો, પણ બુદ્ધિનો અલ્પ વિકાસ થયા પછી ભેદરેખાઓ સ્પષ્ટ થઈ, અને એટલું જ નહિ પણ એમ લાગ્યું કે ગૌતમસ્વામીને જે રીતે લોક ઓળખે છે તે તો લૌકિક ઓળખાણ કહેવાય, જ્યારે અલૌકિક પહેચાન કાંઈક અનેરી જ છે.

—'હે ગૌતમ !' જેવું સંબોધન તે તો એક ગુરુ-શિષ્યના સુવિશુદ્ધ સંબંધનું સૂચક છે. અલગ અલગ આદમીઓને એકસાથે પ્રમાદ-પરવશ ન બનવાનો હિતબોધ આપવા પ્રભુ વીરે વિનેય શિષ્ય ગૌતમને માધ્યમ બનાવી કહ્યું છે કે 'હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કરીશ.' પરમ જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે મધ્યસ્થ બનવા મદદરૂપ થનાર મહાપુરુષ ગૌતમને આપણા સૌની પ્રથમ વંદના...

—પચાસ હજાર જેટલા શિષ્યોના ગુરુ ગૌતમ પોતાના ગુરુવર પ્રભુ વીર પાસે ગુરુતા કે ગારવતા મૂકી જે લઘુતા દાખવી શક્યા છે તે અજોડ ઉદાહરણના પ્રસ્તુતકર્તા પુણ્ય પુરુષને આપણા સૌની બીજી વંદના....

—ત્રિપૃષ્ટ વાસુદેવ રૂપે રહેલ મહાવીરસ્વામીના જીવમાં દેખાતી ઉગ્રતા સામે સૌમ્યતા, સૌજન્યતા અને સજ્જનતાની સ્વરૂપમૂર્તિ એટલે ગૌતમસ્વામી. તે જ રહસ્ય છે કે ગુણોના ગુણાકાર સાથે વધેલા પુણ્યથી પરમાત્મા પણ કેવળજ્ઞાન સંપ્રાપ્ત કરી આવા ગુણનિધાન ગૌતમને પ્રાપ્ત કરવા રાતોરાત વિહાર કરી ઋજુબાલિકાથી છેક અપાપાપુરી સુધી કુદરતબળે આકર્ષાઈ પધાર્યા, અને શાસનના લાભાનુલાભને લક્ષ્ય બનાવી ગૌતમ ગુણિયલને ગણધરપદે સ્થાપી દીધા. આવા ગુણસમ્રાટ સાધુ-પુરુષને આપણા સૌની ત્રીજી વંદના...

—જન્મે બ્રાહ્મણ પણ જીવનથી શ્રમણ બનેલ ઇન્દ્રભૂતિ પરમાત્માને પોતાની અડધાથી વધુ જિંદગાની વટાવી પામ્યા ત્યારે તેઓ અહં—ઇન્દ્ર હતા, પોતાના મતના જ્ઞાનના એકાંત આગ્રહી હતા; પણ પ્રભુને પામતાં જ પળોમાં પલટાઈ ગયા અને સ્વયંના સંશયોનું સમાધાન મળતાં જ સદાયના સેવક બની ગયા. આમ આગ્રહ અને કદાગ્રહ વચ્ચે લક્ષ્મણરેખા બની ઊભા રહેલા લાવણ્યપુરુષને આપણા સૌની ચોથી વંદના...

—એક તરફ અતિમુક્તક કુમાર જેવા છોટા બાળની આંગળીમાં આંગળી મિલાવી મુક્ત મનથી બાળ બની જનાર, તો બીજી તરફ ચાર ચાર જ્ઞાનના ધણી છતાંય ત્રણ જ્ઞાનથી જ્ઞાની પ્રભુ પાર્શ્વનાથજીના શાસનાચાર્ય કેશીકુમારની સમક્ષ સામે પગલે જઈ સસ્નેહ જ્ઞાનચર્ચાઓ કરી પોતાની પ્રૌઢતાનો પરિચય કરાવનાર, પોતાના વિવિધ રૂપ-સ્વરૂપનું દર્શન કરાવનાર સંત પુરુષને આપણા સૌની પાંચમી વંદના....

—પ્રવ્રજ્યાપ્રાપ્તિ પછી આજીવન છઠ્ઠને પારણે છઠ્ઠ કરી સ્વને તપથી તપતપતું રાખી પરને તો પ્રશમતા પ્રદાન કરતા રહ્યા, અને એવા અનેરા ઉપશમના બળે પ્રભુ વીરના શાસનને શિષ્યસંપદા, જ્ઞાનસંપદા જેવી અનેક સંપદાઓથી સમૃદ્ધ બનાવ્યું, આમ સ્વને તપાવી અન્યને તો પ્રકાશ વેરનાર પરમાર્થી વિજ્ઞાનસૂર્ય—વિશિષ્ટ પુરુષને આપણા સૌની છઠ્ઠી વંદના....

—આનંદ શ્રાવક જેવા ગૃહસ્થ સાધક સમક્ષ થયેલ ભૂલનો નિખાલસ એકરાર કરી 'મિચ્છામિ દુક્કડમ્' માંગવામાં જરાય હીણપત ન રાખી, બલ્કે પોતાથી થયેલ શ્રાવકની પણ આશાતનાને મિથ્યા કરવા મથી રહ્યા. અજબના જ્ઞાન વચ્ચે પણ લગીર અભિમાન કે સ્વમાન ન રાખી ભવભીરુતાના ભેરુ ભવ્ય પુરુષને આપણા સૌની સાતમી વંદના...

—પાંચ જ્ઞાનાવરણીય, પાંચ અંતરાય અને ચાર દર્શનાવરણીય કર્મો બંધ–ઉદય–સત્તાના સમયે સાથે રહી ૧૪ ભાઈબંધોની ઉપમા ધરાવે છે, અને આત્માને હરાવે છે. તેવા દુષ્ટ ચૌદ ભાઈબંધોને ક્ષીણ-હીન બનાવી હરાવનાર કોઈક વિરલ વિભૂતિ જ હોય છે. 'ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા' જેવી ફક્ત ત્રિપદી સાંભળી દ્વાદશાંગી રચી નાખનાર ક્ષીણ જ્ઞાનાવરણીયવાળા, વિવિધ લબ્ધિઓની ઉપલબ્ધિ દ્વારા ક્ષીણ અંતરાયકર્મોવાળા અને સદાય અપ્રમત્તતા વડે સંયમમાં સ્થિર રહેવા વડે ક્ષીણ દર્શનાવરણથી સમકિતશુદ્ધ, નિદ્રા ને નિંદા વિજેતા વીર વિનેય પુરુષને આપણા સૌની આઠમી વંદના...

—'અંતર્વાસી ખાતાંય ઉપવાસી' હોય, તેવી પ્રતીતિ પોતીકી પ્રવૃત્તિ દ્વારા દેખાડી. ૨૩મા અને ૨૪મા તીર્થંકરના શાસનના સાધુઓ વચ્ચે સેતુ બની સફળ સુકાન સંભાળ્યું. સાધુપદને પ્રાપ્ત કરતાં જ ગચ્છાચાર્યથીય ગૌરવવંતું ગણધરપદ પ્રાપ્ત કર્યું. નૈસર્ગિક બ્રહ્મચર્યની નૈષ્ઠિક મૂર્તિ બન્યા. ઉમરમાં વીરથી મોટા પણ તેમનાથી નાના રહેવામાં જ પોતાની હિતરક્ષા પેખી. ગુણિયાજી નામના ક્ષેત્રમાં ગુણનો પ્રકર્ષ કેવળજ્ઞાનને વર્યા. પ્રભુ વીર આગમગંગાનું ઉદ્દ્ગમ બન્યા તો પોતે તેનો પ્રવાહ બની ગયા, સ્વયંના શિષ્યોને કેવળી જેવા સાધક બનાવવા છેક સુધી સ્વયં જાણે ઉત્તર સાધકની અદાએ રહ્યા, શંકાઓ અન્યની હતી પણ તેને પોતાની જિજ્ઞાસાનું સ્વરૂપ આપી નિર્દોષ બાળ જેવી સરળ મુદ્રામાં સમાધાન માટે સ્વામી ગુરુ પાસે સવાલ મૂકી સચોટ સવાલ-જવાબ મેળવતા રહ્યા. જીવનની પ્રારંભિક ક્ષણોમાં પ્રભુ વીર ન મળ્યાનો વિષાદ ને અંતિમ ક્ષણોમાં પણ વીરથી દૂર થવાને કારણે કરેલ વિલાપ જેમના પોતાના લાભ માટે જ થયું. આવી તો અનેક વિશેષતાઓથી ઓપતા આર્યપ્રવર સરસ્વતીપુત્રનું મિલન કૈવલ્યલક્ષ્મીની પુત્રી મુક્તિકુમારી સાથે થયું ત્યારે જાણે એક સુવર્ણયુગનો સૂર્ય આથમી ગયો. તે દિવસ તો હવે નહિ જ ઊગે; પણ તેવો દિવસ પણ ઊગશે કે કેમ એ પણ એક દ્વિધાત્મક પ્રશ્ન છે. કામધેનુ (ગૌ) કલ્પવૃક્ષ જેવો તરુ (ત) ને ચિંતામણિ જેવો મહામૂલો મણિ (મ) આ ત્રણેય મનોવાંછિત પૂરકોનું એકત્ર સંગમસ્થાન જેવા ગૌતમ ગણધર પુરુષને આપણા સૌની નવમી વંદના....

श्री वीरनाथेन पुरा प्रणीतं, मन्त्रं महानन्दसुखाय यस्य।
ध्यायन्त्यमी सूरिवराः समग्राः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥३॥

**અર્થ** :– શ્રી વીરપ્રભુએ મહાઆનંદરૂપ સુખને માટે જેમનો મંત્ર પહેલાં રચ્યો છે, અને સર્વ સૂરિવરો જેમનું ધ્યાન કરે છે તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

यस्याभिधानं मुनयोऽपि सर्वे, गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले।
मिष्टान्नपानाम्बरपूर्णकामाः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥४॥

**અર્થ** :– સર્વ મુનિઓ ભિક્ષાગ્રહણ કરવાના સમયે જેમનું નામ લે છે અને મિષ્ટાન્ન-પાન-અને વસ્ત્રો મેળવી પૂર્ણ ઇચ્છાવાળા થાય છે, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

अष्टापदाद्रौ गगने स्वशक्त्या, ययौ जिनानां पदवन्दनाय।
निशम्य तीर्थातिशयं सुरेभ्यः स गौतमो यच्छतु वाञ्छितं मे ॥५॥

**અર્થ** :– જેઓ અષ્ટાપદ પર્વત ઉપર શ્રી જિનેશ્વરોનાં ચરણને વંદવા માટે દેવો પાસેથી તીર્થનો અતિશય સાંભળીને પોતાની શક્તિથી આકાશમાર્ગે ગયા તે શ્રી ગૌતમ ગણધર મારાં ઇચ્છિતોને આપો.

त्रिपञ्चसंख्याशततापसानां, तपःकृशानामपुनर्भवाय।
अक्षीणलब्ध्या परमान्नदाता स गौतमो यच्छतु वाञ्छितं मे ॥६॥

**અર્થ** :– તપ કરવાથી કૃશ (દુર્બળ) થયેલા પંદરસો તાપસોને મોક્ષ માટે અક્ષીણમહાનસી લબ્ધિ વડે પરમાન્ન-ખીરને જેમણે આપી તે શ્રી ગૌતમ ગણધર મારાં ઇચ્છિતોને આપો.

सदक्षिणं भोजनमेव देयं, साधर्मिकं संघसपर्ययेति।
कैवल्यवस्त्रं प्रददौ मुनीनां, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥७॥

**અર્થ** :– સાધર્મિકને સંઘપૂજા પૂર્વક દક્ષિણા સહિત ભોજન આપવું જોઈએ, એથી મુનિઓને (પંદરસો તાપસોને) કેવળજ્ઞાનરૂપી વસ્ત્ર જેમણે આપ્યું, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

शिवं गते भर्तरि वीरनाथे, युगप्रधानत्वमिहैव मत्वा।
पट्टाभिषेको विदधे सुरेन्द्रैः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥
(तीर्थाभिषेको) ॥८॥

**અર્થ** :– શ્રી વીર પરમાત્મા મોક્ષમાં ગયે છતે, અહીં શ્રી ગૌતમસ્વામીને યુગપ્રધાનપણે જાણીને દેવેન્દ્રોએ મહાવીર પરમાત્માના પટ્ટ ઉપર સ્થાપન કર્યા, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

त्रैलोक्यबीजं परमेष्ठिबीजं, सज्ज्ञानबीजं जिनराजबीजम्।
यन्नाममन्त्रं विदधाति सिद्धिं, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥९॥

**અર્થ** :– ત્રણેય લોકના બીજભૂત, પરમેષ્ઠિઓના બીજરૂપ, ઉત્તમ જ્ઞાનના બીજરૂપ, અને જિનેશ્વરોના બીજરૂપ એવો જેમનો નામરૂપ મંત્ર સર્વ પ્રકારની સિદ્ધિને કરે છે, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

श्री गौतमस्याष्टकमादरेण, प्रबोधकाले मुनिपुंगवा ये।
पठन्ति ते सूरिपदं च देवानन्दं लभन्ते नितरां क्रमेण ॥१०॥
(इति समाप्तम् ॥छ॥ श्रीरस्तु ॥)

**અર્થ** :– જે ઉત્તમ મુનિઓ પ્રબોધકાલે–જાગવાના સમયે આ શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક આદરપૂર્વક ભણે છે તેઓ અનુક્રમે આચાર્યપદ અને અત્યંત દૈવિક આનંદને પામે છે.

* * *

# श्री मन्त्राधिराजगर्भित श्री गौतमस्वामिस्तवनम्

नमोऽस्तु श्री ह्रीं धृतिकीर्तिबुद्धि - लक्ष्मीविलासैकनिकेतनाय।
श्रीवीरपट्टांबरभास्कराय, लोकोत्तमाय प्रभुगौतमाय ॥१॥

ॐकारमक्षीणमहानसानां, श्रीमन्तमुज्जृंभतपःप्रभावैः।
ह्रीँमन्तमात्मानुगवन्दनेना - र्हन्तं नमस्यामि तमिन्द्रभूतिं ॥२॥

उन्निन्द्रसौवर्णसहस्रपत्र - गर्भस्थसिंहासनसंनिषण्णं।
दिव्यातपत्रं परिवीज्यमानं, सच्चामरैश्चामरराजसेव्यं ॥३॥

कल्पद्रुचिन्तामणिकामधेनु - समाननामानममानशक्तिम्।
अनेकलोकोत्तरलब्धिसिद्धं, श्रीगौतमं धन्यतमाः स्मरन्ति ॥४॥

एकैव षड्दर्शनदृक्कनीनिका, पुराणवेदागदेजन्मभूमिका।
आनन्दचिद्ब्रह्ममयी सरस्वती, सहेन्द्रभूतेश्चरणोपसेविनी ॥५॥

सदा चतुष्षष्टिसुरेन्द्रमानस व्यामोहिनी पद्मह्रदाधिवासिनी।
सर्वांगशृंगारतरंगितद्युतिः श्रीगौतमं श्रीरपि वन्दते त्रिधा ॥६॥

जया-जयन्ती विजयापराजिता - नन्दासुभद्राप्रमुखः सुरीजनः।
प्रतिक्षणोज्ञागरभूरिविभ्रमः श्रीगौतमं गायति गाढगौरवः ॥७॥

मानुषोत्तरगिरेः शिरःस्थिता, दोःसहस्रसुभगा महाप्रभा।
गीतगौतमगुणा त्रिविष्टप - स्वामिनी शिवशतं दधातु मे ॥८॥

यक्षषोडशसहस्रनायको, दिव्यविंशतिभुजो महाबलः।
द्वादशांगसमयाधिदेवता, गौतमस्मृतिजुषां शिवंकरः ॥९॥

ईशाननाथेन समं शतक्रतुः सनत्कुमाराधिपतिः सुरान्वितः।
श्रीब्रह्मलोकाधिपतिश्च सेवते, सगौतमं मन्त्रवरं पदे पदे ॥१०॥

अष्टनागकुलनायको मणि - प्रोल्लसत्फणसहस्रभासुरः।
गौतमाय धरणः कृतांजलिर्मन्त्रराजसहिताय वन्दते ॥११॥

रोहिणीप्रभृतयः सुरांगना, वासवा अपि परे सदाश्रवाः।
गौतमं मनसि यक्षयक्षिणी श्रेणयोऽपि दधती मुनीश्वरम् ॥१२॥

सज्जलान्नधनभोगधृतीनां, लब्धिरद्भुततमेह भवे स्यात्।
गौतमस्मरणतः परलोके, भूर्भुवः स्वरपवर्गसुखानि ॥१३॥

ॐ क्रौँ श्रीँ ह्रीँ मन्त्रतो ध्यानकाले, पार्श्वेकृत्वा प्रांजलिः सर्वदेवान्।
कायोत्सर्गैर्धूपकर्पूरवासैः, पूजां कुर्यात् सर्वदा ब्रह्मचारी ॥१४॥

जितेन्द्रियः स्वल्पजलाभिषेकवान्, शुद्धांबरो गुप्तिसमित्यलंकृतः।
श्री इन्द्रभूतेरूपवैणवं गुणान्, स्मरन्नरः स्याच्छ्रुतसिन्धुपारगः ॥१५॥

तं श्रयन्ति पुरुषार्थसिद्धयो, भूष्यते विशदसाहसेन सः।
गौतमः प्रणयिभुक्तिमुक्तिदो, यस्य भाविविभवस्य नाथते ॥१६॥

* * *

# सूरिमंत्रगर्भित श्रीगौतमस्वामिस्तवनम्

**गौतमस्वामिमंत्रोऽयं, सम्यगाराधितो नरैः।**
**चिंतामणिरिवाजस्रं, चिंतितार्थप्रसाधकः ॥१॥**

જે માણસો વડે ગૌતમસ્વામીનો મંત્ર આરાધ્યો છે, સારી રીતથી તે માણસોને શ્રી ચિંતામણિ રત્નની માફક તરત ફળને આપનાર થાય છે અને ઇચ્છિત વસ્તુને મેળવે છે.

**दारिद्र्य-कंद-नाशाय, विघ्नव्रात-विनाशिने।**
**नमोऽस्तु मंत्रराजाय, विश्व-लक्ष्मी-प्रदायिने ॥२॥**

દારિદ્ર્યના સમુદાયને નાશ કરવામાં અનેક પ્રકારના અંતરાયને પણ નાશ કરવા માટે સમર્થ છે તેવા મંત્રરાજ સકલ લક્ષ્મીને આપનાર તેમને મારા નમસ્કાર થાઓ.

या च लोके महासिद्धिः, या च लोकोत्तरे मता।
संपद्यते स्फूटं सा सा, मंत्रराज! तव स्मृतौ ॥३॥

હે મંત્રરાજ! તારું સ્મરણ કરવાથી જે જે લોકોત્તર મોટી સિદ્ધિઓ કહેલી છે તે તે જલદીથી પ્રાપ્ત થાય છે.

अतीताऽनागता ये च, ये जिनेन्द्राश्च संप्रति।
ते सर्वे वंदिता नित्यं, मंत्रराज! तव स्मृतौ ॥४॥

હે મંત્રરાજ! તારું સ્મરણ કરવાથી જે અતીત અને અનાગત તીર્થંકર થયા અને થશે, જે વર્તમાન કાળે તીર્થંકર છે તે બધાને હંમેશાં વંદન થાય છે.

गौतमेन कृतः पूर्वं, तेन गौतम उच्यते।
सुधर्मस्थापितस्तीर्थे, सुधर्मा तेन संप्रति ॥५॥

ગૌતમ મહારાજે પહેલાં (મંત્ર) કરેલ છે તેથી ગૌતમ કહેવાય છે અને વર્તમાન તીર્થમાં સુધર્મા સ્વામીએ કહેલ માટે સુધર્મા કહેવાય છે.

यावत्त्वं वर्तसे नाथ! तावत्तीर्थकृदागमः।
तावत् ज्ञानं सभेदं च, तावत्तीर्थप्रवर्तना ॥६॥

હે નાથ! જ્યાં સુધી તું છે ત્યાં સુધી તીર્થંકરનું આગમ અને ભેદ કરીને જ્ઞાન અને ત્યાં સુધી તીર્થનું પ્રવર્તન છે.

सर्वदेवमयोऽसि त्वं, पुरुषोत्तममयोऽसि च।
तव त्रैलोक्यनाथत्वं, मंत्रराज! तव प्रभो! ॥७॥

હે મંત્રરાજ પ્રભો! તું જ છે બધા દેવમય છે અને બધા પુરુષોમાં તું ઉત્તમ છે. તું ત્રણ જગતનો નાથ (યોગ અને ક્ષેમને કરનાર) છે.

ध्रुवं तीर्थकरोऽसि त्वं, ध्रुवं गणधरोऽसि यः।
भवेऽत्र वर्तमानोऽपि स्वर्गो मोक्षोऽसि पुण्यदः ॥८॥

હે મંત્રરાજ! તું નિશ્ચય તીર્થંકર છે. નિશ્ચય તું ગણધર છે. આ ભવમાં વર્તમાન છતાં સ્વર્ગ અને મોક્ષ સ્વરૂપ હોય તેવો પુણ્યને દેનાર છે.

* * *

वाचक चक्रवर्ति महोपाध्याय श्री धर्मसागर गणि शिष्य
पं. गुणसागर गणिना कृतम्

## ॥ श्री गौतमस्वामिस्तवनम् ॥

गुणपुंगव! गौतम! गोतमगो-र्गतिभंगगमागतिदुर्गतिवित्।
त्वयकाऽग्रहि येन यतित्वमलं, त्रिशलातनयान्तिक अन्तकरत्न ॥१॥
(तोटकवृत्तम्)

त्रिपदीग्रहणोद्यतसद्धिषणः, कृतवीरपदार्थसुनिर्वचनः।
वचनामृतहर्षितमर्त्यगणो, गुरुसौख्यभराय भव त्वमिह ॥२॥ (तोटकवृत्तम्)

यन्नाममंत्रस्मरणेन सर्वं, शशाम विद्युच्चपलायुषां नः।
दुःखातिगं कर्म पुरानुभूतं, बद्धं निधत्तं भवकोटिभूतम् ॥३॥ (उपजातिः)

सज्ज्ञानसद्दर्शन-सच्चरित्र-रूपं हि रत्नत्रयमत्र पुष्टम्।
यद्देहगेहेऽग्रिममुद्बभूव, ध्वस्तादिकान्तं सुरकोटिशस्यम् ॥४॥ (उपजातिः)

विमलगुणाकर! गौतम! भिक्षालब्धिं ददस्व सकलानाम्।
साधूनां प्रतिदिवसं, स्तुतो मयेति प्रकारेण ॥५॥ (आर्या)

* * *

# श्री गौतम छंद

(उपजाति छंद)

श्री वीर वाक्यात् प्रगतः प्रभाते, यो देवशर्मप्रतिबोधनाय।
प्रातः समापत् किल केवलित्वं तं गौतमं भव्यजना भजध्वं ॥

दीपोत्सवे योजितपाणिपद्मैः, सुरासुरेशैर्विनयावनम्रैः।
यदंध्रिपद्मं प्रणतं प्रसद्य, तं गौतमं भव्यजना भजध्वं ॥

यस्य प्रभावाद् वरहस्तसिद्धेः, प्राप्नोत्यवश्यं स्वविनेयवर्गः।
कैवल्यज्ञानमनन्य शक्तेः तं गौतमं भव्यजना भजध्वं ॥

यन्नाम जापो जगति प्रतीतोऽभीष्टार्थसिद्धिं सकलां प्रदत्ते।
कल्पद्रु कल्पं प्रणमद्जनानां, तं गौतमं भव्यजना भजध्वं ॥

इत्थं स्तुतो वीरजिनेंद्रशिष्यः, मुख्यो मया कोविदवृंदवन्द्यः।
दीपालिकाया दिवसे गणीन्द्रः, संघेऽनघे मंगलमातनोतु ॥

# 'श्री गौतमस्वामी अष्टकम्'

उपजाति छंद

कर्मारयो येन समग्रनष्टाः, सूर्योपमोऽज्ञानतमोविनाशे।
तं गौतमस्वामी गुरु सुशांतं, नमामि नित्यं भवतारणाय ॥

भव्यारविंदेषु पतंगतुल्यान्, संसारदावानलनूतनाब्दान्।
षड्जीवकायप्रतिपालनार्थान्, तान् गौतमाधीश गुरुन् नमामि ॥

मनोऽर्तिहर्त्रे शिव सौख्यदात्रे, भवाब्धिमज्जज्जन सार्थपात्रे।
संमोहवल्लीवनराजिदात्रे, श्री गौतमाधीश! नमोऽस्तु तुभ्यम् ॥

दुर्वाष्ट-कर्मारि-बलं जिगाय, यो हेलया मुक्तिसुसाधनाय।
अतुल्ययोघं च जगत्त्रयेशम्, श्री गौतमं श्रेष्ठगुरुं नमामि ॥

द्रुतविलंबित छंद

निखिलविश्वगजीवहितं गुरूं, मुख-महोजित-पूर्ण-निशाकरं।
वरयशोधवलीकृतविष्टरम्, नमत सर्वगुणाधिपगौतमम् ॥

चरमनायक तीर्थपतेर्विभोर्गणधरं प्रथमं सुखदं सदा।
भविक-पंकज-बोधन-भास्करं, नमत सर्वगणाधिपगौतमम् ॥

भवनदीषु निमज्ञनतारकं, विकटतापहरं च शशिप्रभम्।
भुवनलोक महोत्पल-भास्करं, नमत सर्वगणाधिपगौतमम् ॥

गद विवर्जित शोभन पुद्‌गलं, सुकृत-सिन्धु-विवर्धन-भाधिपं।
अभयदं जितमोहरिपुं च तं, नमत सर्वगणाधिप गौतमम् ॥

* * *

## पू. सेनसूरिजीना शिष्य विद्याविमलना शिष्य कीर्तिविमल रचित

# गौतमगणधरनी थोयनी जोड

[ १ ]

येनाप्तं पंचमं ज्ञानं, वीरनिर्वाणकादनु,
श्रीमद्दीपालिकाघस्रे शिवाय स्तात् स गौतमः ॥१॥

श्री गौतममुखाः सर्वे, महानन्दपदं गताः
स्वर्ग-निर्वाण-सौख्याय, ते भवन्तु गणाधिपाः ॥२॥

श्री वर्धमान-सर्वज्ञात्, संप्राप्य त्रिपदीं मुदा,
यं चकार मुहूर्त्तेन, स श्रिये स्तात् सदागमः ॥३॥

नागा वैमानिका भूता, ज्योतिष्का राक्षसास्तथा,
अर्हच्छासनभक्ता ये, ते स्युर्विघ्नविनाशकाः ॥४॥

[ २ ]

दीपालिकाख्ये दिवसे प्रशस्ये, योऽनन्तसत्केवलमाससाद,
देवार्यनिर्वाणमहोत्सवादनु, स निर्वृतिं यच्छतु गौतमो मे ॥१॥

श्री इन्द्रभूतिप्रमुखा गणीश्वरा, एकादशापि प्रवरा गताः शिवम्,
पुण्यर्द्धिमद्राजगृहाभिधे पुरे, भवन्तु ते विश्वविभूतये सदा ॥२॥

सद्यस्करो यस्य गणाधिभर्ता, सदापहर्ता तमसो जनानाम्।
स आगमो भव्यविबोधकर्ता, दुःखौघतो रक्षतु भव्य-सार्थान् ॥३॥

उपद्रवव्यूहविघातदक्षा, सम्यग्रता श्री जिनशासने या,
श्रेयस्करी शासनदेवता सा, भूयात् सतां सर्वसमृद्धिसिद्धौ ॥४॥

[ ३ ]

श्री वीरनिर्वाण महादनन्तरं, प्रापत् प्रगे केवलसंविदं वराम्
शुभोर्जमासप्रतिपत्तिथौ शुचौ, स गौतमो लब्धियुतः श्रियेऽस्तु वः ॥१॥

एकादशापि प्रवरा गणाधिपा, जग्मुर्महानन्द-पदं सदोदयम्,
सम्पद्वरे राजगृहे पुरे च ये, भवन्तु ते सर्वसमृद्धये सताम् ॥२॥

श्री ज्ञातपुत्रेण पुराऽर्थतो यः, प्रोक्तस्तथा श्री गणभृद्वरेण।
निर्मापितः सूत्रत एव सद्यः स आगमः सिद्धिकरः श्रिये स्तात् ॥३॥

वैमानिका व्यन्तर-किन्नराश्च, यक्षास्तथा यक्षिणिकाश्च नागाः
ये भक्तियुक्ता जिनशासनस्य, सर्वे च ते विघ्नहरा भवन्तु ॥४॥

* * *

પૂ. ઉપાધ્યાય જયસાગરજી કૃત (ચારે વખત બોલાય તેવી)

## શ્રી ગૌતમ ગણધરની સ્તુતિ

देयादेवमुदोदयागमविधेः सिद्धे श्रिये सर्वदा,
जैनव्यूहविशारदां भवभृतां कम्रेन्द्रभूते! प्रभो!
प्रादुर्भूतपराक्रमोर्जित! तमामिथ्यात्व-मूलच्छिदे,
सम्यक्त्वोज्ज्वलताकृते च सततं सर्वाङ्गी-शर्मप्रद।

* * *

આગમોદ્ધારક પરમપૂજ્ય શ્રી આનંદસાગરસૂરિજી કૃત

## શ્રી ગૌતમ ગણધરની સ્તુતિ

पृथ्वीतनूजार्च्य जिनेन्द्र सङ्घ-स्तुतागमज्ञः सुरसेव्यमानः
सूरीश्वरानन्दगुरोः सुसङ्घे दीपोत्सवे पर्वणि शङ्करस्तात् ॥

श्री इन्द्रभूतिं पृथिवीसुपुत्रं, अक्षीणलब्ध्यादिगुणैः पवित्रम्
जगज्जयद् गौतमगोत्ररत्नं, श्री गौतमं स्तौति धृतप्रयत्नम् ॥१॥

આના પછી ૧૦ ગણધરના ૧૦ શ્લોક સ્તુતિ તરંગિણી ભાગ–૩ પાના નંબર ૧૬૭-૧૬૮-૧૬૯ પાના નંબરમાં છે. પછી ૧૧ ગણધરોનું મહત્ત્વ સામુદાયિક જણાવે છે કે—

गेहे चरित्रेऽपि च सूत्रकंठाः श्री द्वादशाङ्गी रचना-स्वकंठाः
चतुर्दशा पूर्व सुपूर्वपूर्णा, जीयासुरेकादश ते सुवर्णाः।

वपुःपवित्रीकरणैकतानाः, श्री जैनगीर्विश्वलसद्वितानाः,
श्री गौतमादि-प्रवर-प्रसन्नाः, गंगावंगेवाऽस्तु शिवप्रपन्नाः।

वैमानिका व्यन्तरकिन्नरेन्द्राः सुरासुरेन्द्राः किल पन्नगेन्द्राः
सुदृष्टिदेवाः कृतसार्वसेवाः सन्तु श्रिये सत्त्वकृतां सुदेवाः।

पुहवीवसुभूइ तणयं वंदे सिरिगोअमं कुसल-जणयं
सिरि वीर पढमसीसं लद्धिभुवं रूवजिय-कणयं।

આ પ્રમાણે પ્રાકૃતમાં પછીના ૧૦ શ્લોકમાં ૧૦ ગણધરની સ્તુતિ કરીને આગળ જણાવે છે :

वरमणवयकाया, मुक्कदुग्गप्पमाया, अमर पणयपाया, मुक्खमग्गे सहाया।
सयल गणपवारा, सुद्धपुन्न प्पयारा, भवजलनिहितारा, हुंतु मे सुक्खकारा ॥

गणहरमुहमूलं, मुत्तिकंताणुकूलं, चरणसिरिदुकूलं, अन्नतित्थि सुमूलं।
मुणिअभुवणभावं, आगमं मुक्कपावं, करिअहियियपावं, वंदिमो सप्पभावं ॥

जिणवरपयभत्ता, सेवगे साहूचित्ता, सयल सुरवयंसा, पत्तसव्वप्पसंसा
करसररूहि वीणा-लंकिआइप्पवीणा, जणिय-जयपसिद्धिं भारइ देउ सिद्धिं।

एवं स्तुता गणधरा जिनवीरशिष्याः, श्री गौतमप्रमुखरूद्रमिताः स्वभक्त्या।
विज्ञानलब्धिकलिताश्च विशालराज-वन्द्याः सृजन्तु विजयं विपुलां सुबुद्धिम् ॥

* * *

# શ્રી ગૌતમસ્વામિની થોય (સ્તુતિ)

यदीयं प्रभाते स्फुरन्नामधेयं, गृहीत्वा ययुर्जन्मिनः कोटिसंख्याः।
शिवं यान्ति यास्यन्ति कुर्यात् कलानां, कलापं कुकर्मारिभिद् गौतमो मे ॥१॥

जगन्नाथपंक्तिः सुमुक्तिर्विमुक्तिः, सशक्तिः सयुक्तिः सुभक्तिः सुभुक्तिः।
प्रकामागता माहतामाविरामा, यतीनां ततीनां रतीनां हतीनाम् ॥२॥

गुणैः शुद्धसिद्धान्त सिद्धान्त उर्ध्वान्तकृत्,
सदा भावतां सम्मतां दीयतां पोषिताम्।
दूरत्यन्तकष्टेन शिष्टेन लष्टेन वा,
स्फुरद्वर्णपूर्णैः सकर्णैः श्रितः सः ॥३॥

वलद् भारतीपीनपीयूषतुल्या, यदीया रणत्कारिकारिक्रमाब्जा।
महामूल्यसन्नूपुराभ्यां नवाभ्यां, सुखायाऽस्तु देवी सतां जन्मलाभम् ॥४॥

* * *

# श्रीमद् गौतमस्वामिस्तोत्रम्

## स्तोत्रकर्ता अजितसागरसूरीश्वरजी म. सा.

श्रीगौतमस्तोत्रमुदारभावं विरच्यते सिद्धिवितानमूलम्।
वचस्विनां संस्मरणीयतत्त्वं प्रातः सदा शुद्धिविधानदक्षम् ॥१॥

व्यभूषयद् गोबरपत्तनं यो मातायदीया पृथिवी सुशीला।
पिता यदीयो वसुभूतिविप्र-स्तमिन्द्रभूतिं गणिनं नमामि ||२||

श्री वाडवज्ञातिनभोमणिर्यो वेदान्तविद्यासु महाप्रवीणः
यज्ञादिकार्येषु सदाऽनुरक्तो व्यस्तारयदिक्षुगुणान् स्वकीयान् ||३||

येनात्मवंशोन्नतिरुन्नतेन सतां मतेनोच्चगुणालयेन
तेने महानन्दमयेनशस्त-व्रताऽनुयोगेन दयामयेन ||४||

सर्वसदानाथनतक्रमेण क्रमेण लूनाऽखिलविघ्नकेन
येन क्रियाकाण्डरतेन भूति-र्वव्रे जगद्विस्मयदानदक्षा ||५||

योऽदीनभावः शुभभावनाभि र्विद्यावतां पूज्यमहाप्रभावः
विस्तारयामास गुणानुवादी ग्रन्थाननेकाञ्जिनवर्त्मगामी ||६||

विभावितात्माऽनुभवः सुयोगी प्रशस्तलब्धिप्रथितप्रभावः
योऽधारयन्मुख्यगणाऽऽधिपत्यं जिनेशितुः पादसरोजसन्निधौ ||७||

संपादिताऽनेकमदर्द्धिको यः संपादयामास मनोऽर्थितानि
नानाविधान्यक्षतलब्धियोगाच्चारित्रसाम्राज्यविभासितानाम् ||८||

वसुन्धरा रत्नवती बभूव यज्जन्मना शान्तिनिकेतनेन
प्रभाविनांदिप्रभवोऽत्र लोके लोकोपकाराय बुधैः प्रदिष्टः ||९||

यो भूरिभाग्योपचयेन भूमौ विभूति-सारे वसुभूतिगेहे
क्रीडाविलासं विमलं विधातु-मियेषधर्मप्रथनाऽभिलाषः ||१०||

सुराऽसुरेन्द्रस्पृहणीयशील आजन्मनः श्लाघ्यगुणाऽनुवादः
तत्त्वोपदेशेन समुद्धरन् यो, वृन्दं जनानां प्रबभौ नतानाम् ||११||

प्रशासको दुर्नयमानवानां निवारकोऽधर्ममतोद्यतानाम्
प्रभावको यो हि बभूव धर्म-तत्त्वस्य भेत्ता भवबन्धनस्य ||१२||

यः पुण्डरीकाऽध्ययनं ततान तेनैव संबोधयति स्म नूनम्
तिर्यङ्मथाज्टम्भक लोकपालं गुणानुरक्तंगणभृद्वरेण्यः ||१३||

योऽष्टापदं तीर्थवरं स्वशक्त्या, तपस्विनां विस्मयमादधानः
तीर्थङ्करध्याननिमग्नचेता गत्वा महानंदमियाय योगी ||१४||

अष्टापदं दिव्यगिरीन्द्रमेतुं तपस्विनः केचनबद्धकक्षाः
तथाऽपि तद्दर्शनमेव तेषां जातं न पूर्वार्जितिकर्मदोषात् ||१५||

योऽष्टापदं याति धराधरेन्द्रं तस्मिन् भवे मोक्षगतिं स याति
दिव्योक्तिमित्थं हि निशम्य वीरगिराऽतित्सृष्टः प्रययौ गिरिंतम् ||१६||

अष्टापदं निर्जरराजशैल-मासाद्य लोकोत्तरसम्पदाढ्यम्
सुराऽसुरेन्द्रप्रथितप्रभावं स्वतेजसा निर्मितभानुमन्तम् ||१७||

मुमुक्षुमुख्यायतनं विभान्तं दिगन्तविश्रान्त विभावितानम्
तीर्थङ्कराणां प्रणतिं विधाय स्तुतिं व्यधत्त प्रभूणां स भक्तया ॥१८॥ (युग्मम्)

विधाय प्रीत्योत्करचैत्यवन्दनं प्रदक्षिणीकृत्य जिनेन्द्रराजिम्
मेनेनिजं जन्म कृतार्थमिन्द्रभूतिः समुन्मूलितकर्मराशिः ॥१९॥

अथाऽऽप्तसर्वस्व इवाऽतिहृष्टः पूर्णात्मकामश्च विभुप्रभावात्
स्मरन् गुणाँस्तीर्थकृतां स भव्यानवातरद् भूरिमुदा गिरीन्द्रात् ॥२०॥

तीर्थप्रभावेन पवित्रिताऽऽत्मा ज्ञानप्रभाभासुर-दिव्यवेदः
अक्षीणलब्धिप्रथितप्रभावो निवर्त्तमानः स महानुभावः ॥२१॥

वह्न्यंभ्रबाणेन्दुमितांस्तपस्विनः प्रपेदिवान् ध्याननिमग्न चेतसः
मार्गेस्थितान् गन्तुमशक्तदेहा-नष्टापदं तीर्थकृतां दिदृक्षया ॥२२॥

तपः प्रभावेण विराजमानास्त्यक्ताऽशना निर्मलचित्तभावाः
स्थिराशयास्तत्र यियासवस्ते सर्वे हि वाञ्छन्त्यनुकूललाभम् ॥२३॥

समीक्ष्यतत्तापसवृन्दमारा-द्वतीन्द्रइष्टार्थ विधानदक्षः
सभाजितस्तै र्निजदृष्टिवक्षै स्तस्थौ क्षणं तत्र परोपकृत्यै ॥२४॥

महामहिम्नां वरमास्पदं यो निदानमेकं सुखसम्पदानाम्
नानाऽर्थलब्धिप्रभवो बभूव प्रत्यक्षमूर्तिः शुभभावनानाम् ॥२५॥

योऽपूरयत्कामितमङ्गभाजां चिन्तामणिश्चिन्तयतामिवाशु
विघ्नौघकाराङ्गणसेविनश्च निजप्रभावेण चकार मुक्तान् ॥२६॥

यो दिव्यलब्धिप्रथितः पृथिव्यां समुद्दधारेह दयार्द्रचेताः
धर्मक्रियादीनमतीनतीतान्नतिप्रवीणान् भवतापतप्तान् ॥२७॥

योऽक्षीणलब्धिप्रचितस्वभावः श्रियाऽक्षयाऽऽनन्दविभूषिताङ्ग्या।
नित्यं समासेवितपादपद्मः सम्यक्प्रभाभावितमानसो हि ॥२८॥

यन्नामाक्षर कीर्त्तनेन मनुजाः प्रातर्मनोवाञ्छितं
सेवन्ते निखिलापदो विषसमा व्यावर्त्तयन्ति क्षणात्।
प्रत्यक्षं कलयन्ति दुर्लभतरं वस्तुप्रकाण्डं परं
दुष्टग्राहसमाकुलं जलनिधिं पश्यन्ति कासारवत् ॥२९॥

यदीयनामस्मरणेन नूनं नश्यन्ति भूतादिमहोपसर्गाः।
रुजार्तिताः स्वर्गसमानवेदा दुःस्वप्नभाजोऽपि शुभान्विताः स्युः ॥३०॥

यदीयनाम्नि स्मृतिगोचरं गते व्यालः करालः सुममालिकायते।
विरोधिवर्गः शुभकिङ्करायते पञ्चाननौघः स्वयमाविकायते ॥३१॥

स्मरन्ति यन्नाम विभातकाले महाशया ये शिवभूतिकामाः।
तेषां न दारिद्रपिशाच ईशः पराजयं कर्त्तुमनर्थमूलः ॥३२॥

मेधाविनो ये स्मृतिमानयन्ति यन्नाम सद्भूतिविधानदक्षम्
व्रजन्ति ते मङ्गलमालिकाश्च परत्र संपत्तिमखण्डितां वै ॥३३॥

अजितसागरसूरिविनिर्मितां प्रथितपुण्यमयीं सुखशेवधिम्।
पठति यः स्तुतिमाद्यगणेशितुः सलभते शिवशर्म निरामयः ॥३४॥

गौतमस्वामिनः प्रातः स्मरणं मङ्गलप्रदम्।
सोपानं स्वर्गसम्पत्तेर्मोक्षशर्मनिकेतनम् ॥३५॥

* * *

## हालारदेशोद्धारक पूज्य आ. श्री अमृतसूरिजी कृत

# श्री गौतमस्वाम्यष्टकम्

तमोध्वान्तपतङ्गाय, भावारिवारवैरिणे
भव्यारामसुमेधाय, त्रिजगज्जीवनाय च ॥१॥

मानमातङ्गसिंहाय, कामयोधप्रणाशिने
पापपाखण्डचण्डाय, संघाकाशसुधांशवे ॥२॥

वीरध्यानेषु मग्नाय, शाश्वत्सौख्यविधायिने
गंगावारिपवित्राय कल्याणाङ्कुरवारिणे ॥३॥

शुकेन्द्रवृन्दवन्द्याय, माङ्गल्यावलिकारिणे
गुणरत्न समुद्राय, मदतामसहारिणे ॥४॥

धन्यधन्याय पूज्याय, कृत्यकृत्याय धीमत
निर्मोहाय विमायाय निर्लोभाय सुचारिणे ॥५॥

सौख्यामृतसरिद्भर्त्रे, यन्द्राणीमरुत्वते
नाकनारीप्रपूज्याय, ज्ञानभावनमालये ॥६॥

तपोधनाय शान्ताय नोन्मोदनविकारिणे
चिदानन्देन पूर्णाय मत्सरं नैव कुर्वते ॥७॥

सर्वलब्धिनिधानाय चतुर्थज्ञानधारिणे
गौतमाय गणेशाय नमस्तस्मै त्रिशुद्धितः ॥८॥

* * *



# श्री गौतमस्वामि गणधर–चैत्यवन्दनम्

## कर्नाटककेशरि श्री भद्रंकरसूरिजी विरचितम्

शार्दूलविक्रीडितम्

माहात्म्यं सकलातिशायि विदितं येषां दवीयो गिराम्
निर्णेनेलिमलं बलं जनयति प्राज्यर्द्धि-वृद्धिं तथा
कालुष्यं कवलीकरोति मनसो वैदुष्यमावर्द्धयत्
नंनम्ये जनतासुमङ्गलकरान् तान्गौतमस्वामिनः ॥१॥

येनाष्टापदपर्वतं गतवता प्रालम्ब्य सूर्यार्चिषः
प्राज्यं पायस-भोजनं वितरतात्रितापसानां ततः
शङ्काऽनाशि तपस्विनां मनषिजा क्षीराध्वया लब्धितः
सोऽव्याद् गौतमनायको गणधरो भव्याङ्गिनां पाततः ॥२॥

(उपजाति)

सौवर्णपद्मे सुमनः-स्वरूपे भूयास्थितो भाव-सहस्रपत्रे
स्वर्दिव्यसद्गो-तरुरत्ननामा, श्री गौतमो दीक्षितसिद्धिकारी ॥३॥

* * *

# "श्री गौतमस्वामि स्तोत्रम्"

## कर्ता : पूज्य आ. श्री विजय-पद्मसूरीश्वरजी महाराज

"आर्यावृत्तम्"

णमिऊण महावीरं–सुगुणगरिट्ठं च णेमि सूरिवरं,
सिरि गोयम गणिभूतं–करेमि वर जोग-खेम-दयं ॥१॥

सिरिवीरपहू होत्था–तिखंडराया जया नियानबला,
तइया जो खलु आसी-करूणड्ढि सारही समओ ॥२॥

बंधु विसाहाणंदी, मरिऊणं सीहभावसंपत्तो,
मारीअ तं च णिवई–पुव्वभवुक्किट्ठदोसेणं ॥३॥

तइया य णमुक्कारं–मरंतसीहस्स सवनमज्झंमि,
जो य सुणावीअ मुया–तं पुज्जं गोयमं वंदे ॥४॥

दव्वजिणो सिरिवीरो,–जइया सिद्धत्थनंदणो जाओ,
तइआ जो पुहवीए–संपण्णो तणयभावेणं ॥५॥

विप्पो सिरिवसुभूई—जस्स पियामह गोब्बरे गामे,
गोयम गुत्त-ख-भाणु—जाओ जो जिट्ठणक्खत्ते ||६||

पढमं वर संट्ठाणं—संहणणं जस्स तारिसं परमं,
सत्तकरूस्सेहतणुं—तमिंदभूइं सया वंदे ||७||

चउदस विज्ञाकुसलो, पणसयसीसे अजो भणावेइ,
वाइ सहाण विइओ, वायविहाणे सुदक्खमई ||८||

पण्णासवरिसमाणो—गिहि परिआओ य जस्स परिकहिओ,
जो मज्झिमपावाए—समागओ जण्णकज्जइं ||९||

वइसाहे वरमासे, सियपक्खिक्कारसीह पुव्वह्ने,
महसेणवणुज्जाणे—दिक्खा समओ सुहो जस्स ||१०||

णियवेय पयत्थाणं—सव्वण्णु—विसिट्ठवीरवयणेणं,
सोच्चा विणिच्छियत्थे—पव्वइओ सिस्सपरिवरिओ ||११||

जो छट्ठछट्ठणिययं—तवं कुणंतो विरूपलब्धिबलो,
सज्ज्ञानमंडियंगं—तं गणधर गोयमं वंदे ||१२||

अडवीसलद्धिगयं, जुगप्पहाणं पहाणचउणाणिं,
गुणगणरयणणिहाणं, गणहरसिरि गोयमं वंदे ||१३||

चउदस सहस मुणीणं—जो पढमो बारसंगहरविउओ,
कारूण्णपुण्ण हियओ—तं गणहर गोयमं वंदे ||१४||

जेणं दिण्णा दिक्खा—पयच्छए केवलं मुणिंदाणं,
अच्चब्भुय माहप्पं—तं गणहर गोयमं वंदे ||१५||

तीसं वासाइ कया—अणण्णभावेण जेण गुरूभत्ती,
कणयरूइं विण्णवरं—तं गणहर गोयमंवंदे ||१६||

जस्स य जीवणचरित्तं अणुकरणिज्जं मुणिंदसंघेणं,
पत्थानज्झानगयं—तं गणहरगोयमं वंदे ||१७||

णिय लद्धिइ करेज्ञा—अट्ठावयपव्वयस्स जो जत्तं,
तम्मि भवे सो होज्जय,—सिद्धो इय वीरवयणाओ ||१८||

विहिया जत्ता जेणं, तहेव भत्तिप्पमोयकलिएनं,
एवं सिवकय सट्ठं—तं गणहरगोयमं वंदे ||१९||

कत्तियवरसियपक्खे, पढमे दियहे प्पहायसमयम्मि,
जो सव्वण्णू जाओ, तं गणहर गोयमं वंदे ||२०||

सिरिवीरपट्टगयणे, दिणयर माणंद देसणापण्णं,
झाणाईयं सहावं गणहरसिरिगोयमं वंदे ||२१||

बारस सम परियाओ–केवलिभावेण जस्स विक्खाओ,
बाणवइ वरिसमाणं संपुण्णं जीवियं जस्स ॥२२॥

पाओवगमणभावे–मासियभत्तेन रायगिहणयरे,
संपण्णसिद्धिसंगं–गणहर सिरि गोयमं वंदे ॥२३॥

अमर-णरिंदाणिच्चं, जं पणमंत्ति प्पहाणपुण्णययं,
सो सिरि गोयमसामी–संघदिहे मंगलं कुज्ञा ॥२४॥

सुग्गहिय-नामधिज्ञा,—आयरिया जोगसुद्धिविग्धहरा,
नामं जस्स पसत्थं झाअंति लहन्ति सव्वसुहं ॥२५॥

तं नत्थि भुषणमज्झे–सिज्झिज्ञा जं न गोयमस्सरणा,
सिरिगोयमप्पभवा–पणट्ठपावा सरंति णरा ॥२६॥

पणरसतावसपत्थिअ–प्पयाणसत्तं सुवण्णकयकमले,
सीहासणे निसण्णं, वंदे गुरुगोयमं विहिणा ॥२७॥

वासव सेवियचरणं, छत्ततयचामराइकयसोहं,
जेणं सुररूक्खाई–पराजिया सप्पहावेणं ॥२८॥

तं गुरू गोयमसामिं, अच्चंति णमंति लद्धपुण्णभरा,
सयऽस्सणो तेसिं–चित्तत्थो गोयमो जेसिं ॥२९॥

जुम्मणिहिगाह सोम-जमिए-वरिसेऽन्नभद्दयमासे,
सिय पंचमिंदुवारे, पुण्णे सिरिरायनयरम्मि ॥३०॥

सिरिगोयमपहुथुत्तं, गुरुवरसिरिणेमिसूरिसीसेणं,
पउमेणायरिएणं, विहियं प्पभणंतु भव्वयणा ॥३१॥

लच्छीपह पढणट्ठं–रचणाथुत्तस्स भव्वभद्दयरा,
पढणाऽऽयण्णाभावा, सव्वेसिं सव्वओ सुहया ॥३२॥

*પ્રેષક : પૂ. આ. શ્રી વિજય-રત્નભૂષણસૂરિજી મહારાજ*
*(જૈન સત્ય પ્રકાશ-માસિકમાંથી)*

* * *

# ॥ श्री गौतमस्वामिस्तवनम् ॥

*रचयिता : प्रो. डॉ. वासुदेव वि पाठक 'वागर्थ'*

सर्वथासर्वथौदार्यं येनाहिंसासमन्वितम्।
सर्वजीवोपकारार्थं स्वीकृतं, तं स्मराम्यहम् ॥१॥

संयमस्त्वीन्द्रियाणां यद् वीरत्वं तन्मतं सदा।
वीरोत्तमं महावीरं भगवन्तं भजे वरम् ॥२॥

जिनतंत्रप्रवक्तारं भूतकम्पानुकारिणम्।
तमेनं श्रीमहावीरं ये नमन्ति नमामि तान् ॥ ३ ॥

वीरेऽनन्यतया नित्यं श्रद्धाभक्तिपरायणम्।
गौतमं भगवन्तं तं स्वामिनं विश्रुतं भजे ॥ ४ ॥

अनन्तलब्धिसर्वज्ञं लब्धिसम्राडितीरितम्।
जीवने तारकं नौमि स्वामिनं गौतमं गुरुम् ॥ ५ ॥

युतं प्रणवमन्त्रेण नवकारं जपन् मुदा।
साधनाशिखरं लब्ध्वा धन्यं भूतं भजाम्यहम् ॥ ६ ॥

परिपूर्णाणिशुद्धा च साधना यस्य तत्त्वया।
दिव्यदर्शनवन्तं तं, गौतमस्वामिनं भजे ॥ ७ ॥

केवलं फलमत्यन्तं भद्रं ज्ञानोदयात्मकम्।
उग्रमेव तपस्तप्त्वा प्राप्तवान्यो भजामि तम् ॥ ८ ॥

तं पूज्यं प्रातःस्मरणीयमनुकरणं च वरं रमणीयम्।
स्मृत्वा नत्वा परया भक्त्या नरास्तरन्ति भवं तरणीयम् ॥ ९ ॥

गुरोस्स्तुतिमिमां कृत्वा वासुदेवविनिर्मिताम्।
श्रीमहावीरभक्त्यैव गुरुं देवं समर्चयेत् ॥ १० ॥

समर्जयेच्च पुण्यानि सुखानि गुरुभक्तितः।
मनसा कर्मणा वाचा हिंसा त्यक्त्वा भजेद् गुरुम् ॥ ११ ॥

इति श्रीवासुदेवेन पाठकेन शुभं कृतम्।
गौतमस्वामिनः स्तोत्रम् सर्वसौख्यप्रदायकम् ॥ १२ ॥

* * *



પૂ. આ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મ. કૃત

# સંસ્કૃત-ગુજરાતી પદ્ય રચનાઓ

## ॥ श्री गौतमस्वामिस्तुतिः ॥

स्वर्णपद्मासने राजमानं नुवे, योगिराजं सुरेन्द्रार्च्यपादं;
सर्वलब्ध्याकरं वरगुणांभोनिधिं, श्री वसुभूतिपृथ्व्यंगजातम् ॥१॥

सर्वकार्यं नृणां यदभिधानाद् द्रुतं, सिद्धयतीष्टं च नो विघ्नलेश;
वर्धमानप्रभोराद्यगणभृद्वरं, बीजमतिशालिनं श्रीन्द्रभूतिम् ॥२॥

## ॥ सकललब्धिनिधान श्रीगौतमस्वाम्यष्टकम् ॥

(ललित–वृत्तम्)

महिमशालिनं विश्वतारकं, गुणगणालयं गीतगौरवम् ।
सकल लब्धिभृद्योगिनं स्तुवे, गणधरोत्तमं गौतमप्रभुम् ॥१॥

चरमतीर्थकृत् पट्टभास्करो, मुनिततीडितः कामितप्रदः ।
सुरवरैर्नुतस्तेजसान्निधि विजयतेतरां गौतमेश्वरः ॥२॥

चरितमद्भुतं ते दयानिधे? जडमतिः कथं स्तोतुमुत्सहे ।
तवकरांबुजाद् दीक्षिताः समे, मुनिवरा ययु--र्मुक्तिमन्दिरम् ॥३॥

भविकतायिनं मुक्तिदायिनं कुमतनाशिनं तत्त्वपायिनम् ।
पतितपावनं भाविराजिनं, प्रणिदधेऽन्वहं गौतमेश्वरम् ॥४॥

गणभृदग्रणीः श्रेयसां पदं, हितकरो नृणां पापनाशकः ।
विमलदर्शनः कर्मजित्वरो, विजयतेतराम् गौतमेश्वरः ॥५॥

नमनतस्त्वयि श्री गणाधिप!, सकलकल्मषं नश्यति ध्रुवम् ।
पवितनाम ते यत्र राजते, भवति तत्र नो विघ्नकल्पना ॥६॥

गिरिवरे गतोऽष्टापदे भवान्, भगवतोऽर्चितुं स्वीयशक्तितः ।
अतुलसारवन्! नाथ! ते गुणान्, गणयितुं क्षितौ केन पार्यते! ॥७॥

तव पदाम्बुजे वन्दना सदा, भवतु मे प्रभो! योगिसत्तम ।
तव प्रभावतो मंगलावलि–र्मम दिने दिने देव! जायताम् ॥८॥

अष्टकं गौतमेशस्य, सर्व सिद्धिप्रदायकम् ।
रचितं हेमचन्द्रेण गुरुदेवांघ्रिसेविना ॥
विज्ञप्त्या निजशिष्यस्य, प्रद्युम्नारव्यमुने र्मया ।
पारेखचीमनभ्रातुः, पाठाय लिखिता स्तुतिः ॥

अनंतलब्धिनिधान

# श्री गौतमस्वामि गुणाष्टकम्।

(हरिणी-वृत्तम्)

जगति विदिता ये ये भावा यथेप्सितदायिनः, सुरतरुमुखास्ते सर्वे यत्तुलां न च बिभ्रति।
बुधसमुदया भक्त्या नित्यं यदङ्घ्रिमुपासते, भुवि स जयतात् कामं पूज्यो गणीश्वर गौतमः ॥१॥

જગતમાં ઈચ્છિત વસ્તુ આપનાર તરીકે જે જે કલ્પવૃક્ષ વગેરે પદાર્થો પ્રસિદ્ધ છે તે બધા જ જેની સરખામણી કરી શકતા નથી, દેવતાઓનો સમુદાય ભક્તિપૂર્વક જેના ચરણની ઉપાસના કરે છે એવા અતિશય પૂજ્ય શ્રી ગણધરવર ગૌતમસ્વામી ભગવાન પૃથ્વી ઉપર વિજયવંતા વર્તો. (૧)

तव वरगुणाम्भोधेः पारं प्रयातुमभीप्सवः,
सुरगुरुसमाः प्रोद्यत्प्रज्ञा अपीश ! न चेशते।
तदपि मम हृत् त्वय्यालीनं गुणस्तवनं विना
गणपवर! ते स्थातुं नैव क्षणं ननु शक्नुते ॥२॥

હે સ્વામિન્ ! આપના શ્રેષ્ઠ ગુણોના સમુદ્રનો પાર પામવાની ઈચ્છાવાળા બૃહસ્પતિ જેવા ઉત્કટ બુદ્ધિવાળા આત્માઓ પણ સમર્થ બની શકતા નથી એટલે કે ગુણોનો પાર પામી શકતા નથી, તો પણ હે ગણધર ભગવાન ! તમારી ભક્તિમાં લીન થયેલું મારું મન તમારા ગુણોની સ્તુતિ સિવાય એક ક્ષણ પણ રહી શકતું નથી. (૨)

चरमजिनपत्- पद्मोपास्ति स्त्वयाऽविरतं कृता,
सकलमुनयो भिक्षाकाले जपन्त्यभिधां तव।
तव नमनतो विघ्नव्रातं प्रयाति लघु क्षयं,
वितरतु मयि श्रीयोगीन्द्र! प्रसद्य शुभाशिषः ॥३॥

હે યોગિરાજ ! ચરમ જિનેશ્વર પરમાત્મા મહાવીરદેવના ચરણકમળની સેવા તમે નિરન્તર કરી, બધા જ મુનિઓ ગોચરી લેવા જાય ત્યારે તમારું નામસ્મરણ કરે છે. વિઘ્નોનો સમૂહ તમારા નમસ્કારથી જલદી નાશ પામે છે. પ્રભો ! પ્રસન્ન થઈને મને શુભાશીર્વાદ આપો. (જેથી મારું કલ્યાણ થાય.) (૩)

तव करकजाद्दीक्षां प्राप्ताः समे शिवमैयरु-
स्तवकसदृशो नो कोऽप्यन्यो क्षितौ खलु दृश्यते।
अथ नहि भयं किञ्चिन्मात्रं भवान्मम विद्यते,
प्रथमगणभृत्! यत्ते प्राप्तं पदाम्बुजसेवनम् ॥४॥

આપના હસ્તકમળથી દીક્ષા પ્રાપ્ત કરનારા બધા જ આત્માઓ મોક્ષમાં ગયા, આપના જેવો પુરુષ આ પૃથ્વી ઉપર બીજો કોઈ દેખાતો નથી, હે પ્રથમ ગણધર ભગવાન ! તમારા ચરણકમળની સેવા મને પ્રાપ્ત થઈ છે તેથી હવે મને આ સંસારનો જરાપણ ભય નથી.

(કારણ કે મને પૂરેપૂરી ખાતરી છે કે આપના ચરણકમળની સેવા કરી છે એટલે મારો નિસ્તાર થવાનો જ છે.) (૪)

तव पदयुगे श्रेयोभूते सदा मम जायतां,
नतिरविरतं पुण्यैर्लभ्ये सुलब्धिनिधानके।
निखिलभुवने तद्विस्यात्किं नयत्तव नामतो,
भवति सकलं कार्यं नृणां हृदा परिचिन्तितम् ॥५॥

પુણ્યથી પ્રાપ્ત મંગલકારી અને અનન્તલબ્ધિનિધાનભૂત એવા આપના ચરણયુગમાં મારી સદાય નિરન્તર વંદના હો.

જગતમાં મનુષ્યોએ પોતાના મનમાં ચિન્તવેલું એવું કયું કાર્ય છે કે જે આપના નમસ્કારથી સફળ ન થાય ? અર્થાત્ સર્વે કાર્યો આપના નમસ્કારથી સફલ થાય જ છે. (૫)

सुकृतविटपी मेऽद्य स्वामिन्! प्रभूतफलोऽभवत्
दुरिततयो दूरं दूरं ममाद्य पलायिताः।
हृदि निरवधि र्हर्षाम्भोधिः समुच्छलितोऽद्य मे,
विमलविमलं यत्तेजातं मुखाम्बुजदर्शनम् ॥६॥

હે સ્વામિન્ ! આજે અતિશય નિર્મળ આપના મુખકમળનું મને દર્શન થયું તેથી પૂર્વજન્મમાં કરેલા સુકૃતરૂપી વૃક્ષ આજે ખરેખર ઘણાં જ ફળ આપનારું બન્યું. આજે મારાં પાપોની પરંપરા દૂર દૂર ભાગી ગઈ, અને આજે મારા હૈયામાં હર્ષનો અપાર સાગર ઊછળવા માંડ્યો. (૬)

तव निरुपमं रूपं दृष्ट्वाऽक्षिणी मम नृत्यत–
स्तव सुचरितं श्रावं श्रावं मनो मम हृष्यति।
तव गुणगणं गायं गायं मुदं रसनैति मे,
तव सुवचनं पायं पायं कृतार्थमभूज्जनुः ॥७॥

હે પૂજ્યતમ દેવ ! તમારાં અનુપમ રૂપ જોઈ જોઈને મારી બે આંખો આજે નાચે છે, તમારું સુંદર ચરિત્ર સાંભળી સાંભળીને મારું મન રાજી રાજી થઈ જાય છે. તમારા ગુણગણને ગાઈ ગાઈને મારી આ જીભ ખુશ ખુશ થઈ ગઈ છે અને તમારાં સુંદર વચનોનું પાન કરી કરીને મારો આ જન્મ સફલ થઈ ગયો. (૭)

गणधरमणे! त्वत्पादाब्जे विनम्य निवेदये,
नहि नहि कदाप्यस्मत्स्वान्तात् क्षणं वियुतो भव।
वितरति मतिं त्वत्सान्निध्यं व्यपोहति दुर्मतिं,
जनयति मनः सर्वाभीष्टं तनोति निरीहताम् ॥८॥

હે ગણધરોમાં મણિ સમાન પ્રભુ ! તમારા ચરણકમલમાં નમસ્કાર કરીને હું આપને એટલું જ વીનવું છું કે–આપ એક ક્ષણ પણ મારા મનથી અળગા ન થતા, ન થતા. આપનું સાંનિધ્ય મને બુદ્ધિ આપે છે, દુર્મતિ દૂર કરે છે; મનનાં સર્વે વાંછિતોને પૂર્ણ કરે છે અને છેલ્લે મનને ઈચ્છા વગરનું બનાવે છે. (૮)

ललितहरिणी छन्दो योगादिदं हि गुणाष्टकं,
विरचितमिति स्फूर्जद्भक्त्या वरेण्यगणेशितुः।
गुरुवरपदाम्भोजद्वन्द्वार्चनाप्तधिया मया,
प्रथमगणभृत्-मन्त्रध्यात्रा सुवर्णसुधांशुना ॥९॥

આ પ્રમાણે પ્રથમ ગણધર ભગવાન શ્રી ઈન્દ્રભૂતિનું આ ગુણાષ્ટક સુંદર એવા હરિણી છંદમાં શ્રી ગૌતમસ્વામીના મંત્રનું ધ્યાન ધરનાર ગુરુ મહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના ચરણકમળની સેવાથી પ્રાપ્ત થયેલી બુદ્ધિવાળાએ–મેં આ હેમચન્દ્રસૂરિએ ઉત્કટ ભક્તિથી રચ્યું છે. (૯)

* * *

## ॥ श्री गौतमस्वामि-स्तुति-षोडशिका ॥

(उपजाति–वृत्तम्)

સુવર્ણ-પદ્માસન સંનિષણ્ણં, સ્ફુરત્પ્રભામંડલભાસમાનમ્ ।
દેવેંદ્રવૃંદાર્ચિતપાદપદ્મં, શ્રી ગૌતમં સત્તમમાનમામિ ॥૧॥

ગ્રામઃ પવિત્રઃ ખલુ ગોબ્બરાહ્વઃ, પુણ્યા ચ પૃથ્વીજનની નિતાન્તમ્ ।
તાતોઽપિ ધન્યો વસુભૂતિનામા, યત્રાજનિ શ્રી ગુરુગૌતમોઽયમ્ ॥૨॥

યદીયલોકોત્તરસદ્ગુણાનાં, પારં ન પ્રાપ્નોતિ ગુરુઃ કદાપિ ।
દ્વિજાન્વયેન્દુર્ગુણરત્નસિંધુઃ સ રાજતાં ગૌતમયોગિરાજઃ ॥૩॥

વીરપ્રભોરાદ્યગણાધિપો યો, ભવ્યાંબુજોદ્બોધનતિગ્મરશ્મિઃ ।
સમીપ્સિતાર્થ પ્રદદર્શનોઽસૌ, વિરાજતાં ગૌતમયોગિરાજઃ ॥૪॥

યો બીજબુદ્ધ્યા રચયાંચકાર, સદ્દ્વાદશાંગીં ભુવનોપકૃત્યૈ ।
મુહૂર્તમાત્રેણ પદત્રયેણ, તમિન્દ્રભૂતિં પ્રણમામિ કામમ્ ॥૫॥

સ્વશક્તિતોઽષ્ટાપદપર્વતે યો, જગામનન્તું જિનરાજપાદાન્ ।
ભવ્યાત્મનાં કામિતકલ્પવૃક્ષઃ, સ રાજતાં ગૌતમયોગિરાજઃ ॥૬॥

ખ–વ્યોમ–બાણ–ક્ષિતિ–સંખ્યકેભ્યઃ; (૧૫૦૦)
સત્તાપસેભ્યો નિજલબ્ધિશક્ત્યા ।
યોઽદાત્પયોવ્યાજત એવ તત્ત્વં, તં ગૌતમં સદ્ગુરુમાનમામિ ॥૭॥

ઉત્પેદિરે યોગબલેન યસ્ય, શ્રોતો–નભોયાન–પુલાકમુખ્યાઃ ।
અક્ષીણ–સર્વૌષધિલબ્ધયશ્ચ તં ગૌતમં સદ્ગુરુમાનમામિ ॥૮॥

સરસ્વતી–સદ્ભુવનેશ્વરી શ્રી–યક્ષાધિરાજ–ત્રિદશેન્દ્રમુખ્યૈઃ ।
જયાદિદેવીનિકરૈશ્ચ પૂજ્યં, શ્રી ગૌતમં સદ્ગુરુમાનમામિ ॥૯॥

કૃતાંજલિર્નાગપતિઃ સુભક્ત્યા, નિષેવતે યચ્ચરણારવિન્દૌ ।
ભવાબ્ધિમજ્જજ્જનયાનપાત્રં, સ ગૌતમો મંગલમાતનોતુ ॥૧૦॥

યે દીક્ષિતા ગૌતમ ! તે કરાબ્જાત્, સર્વે ગતાઃ સિદ્ધિ નિકેતનં તે ।
ભવ્યાત્મને મુક્તિસુખપ્રદાયી, ન ત્વત્સમોઽન્યો ભુવિ દાનવીરઃ ।।૧૧।।

સ્વામિન્ ! ત્વદાખ્યા ભુવિ યત્ર ભાતિ, વસન્તિ સર્વે નિધયો હિ તત્ર ।
કલ્પદ્રુમાદેરધિકઃ પ્રભાવી, વિરાજતાં ગૌતમયોગિરાજઃ ।।૧૨।।

બોધાય માનો, ગુરુભક્તયેઽભૂદ્રાગો, વિષાદશ્ચ ચિદાપ્તિહેતુઃ ।
લોકોત્તરં ગૌતમ ! તે ચરિત્રં, ચિત્રીયતે વીક્ષ્ય ન કો જગત્યામ્ ? ।।૧૩।।

'ૐ હ્રીઁ નમો પૂર્વક ગોયમસ્સ,' મંત્રં જપેલ્લક્ષમિતં નરો યઃ ।
સ પ્રાપ્ય સર્વેપ્સિતમત્ર લોકે, સ્વર્ગાપવર્ગૌ લભતે પરત્ર ।।૧૪।।

ઇત્થં ગણીન્દ્રં સ્તુતવાન્ પ્રમોદાદ્, વિનેયપ્રદ્યુમ્નમુનિપ્રણન્નઃ ।
શ્રી નેમિસૂરેરમૃતાઽઽખ્યસૂરેર્દેવસ્ય શિષ્યો મુનિહેમચન્દ્રઃ ।।૧૫।।

ચન્દ્રાક્ષિબિંદુદ્વિમિતેઽત્ર વર્ષે (૨૦૨૧)
જ્યેષ્ઠસ્થિતૌ 'કોઠપુરે'ઽતિરમ્યે ।
શ્રી આદિનાથોચ્છ્રિતસત્પ્રસાદાત્, કૃતા સ્તુતિઃ સર્વહિતાઽસ્તુ શશ્વત્ ।।૧૬।।

**॥ इति श्री गौतमस्वामि–स्तुति–षोडशिका ॥**

*—रचयिता-मुनि हेमचन्द्रविजयः ।*



# ગુજરાતી પદ્ય વિભાગ

## શ્રી ગૌતમસ્વામી પ્રભાત સ્મરણ

(અનુષ્ટુપ છંદ)

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમઃ પ્રભુ;
મંગલં સ્થૂલિભદ્રાદ્યા જૈન ધર્મોઽસ્તુ મંગલમ્ ।।૧।।

સર્વારિષ્ટ પ્રણાશાય સર્વાભીષ્ટાર્થદાયિને;
સર્વ લબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ।।૨।।

(દોહા-છંદ)

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલદાતાર ।।૩।।

ગામ તણે પેસારણે ગુરુ ગૌતમ સમરંત;
ઈચ્છા ભોજન ઘર કુશળ, લચ્છી લીલ કરંત ।।૪।।

પુંડરીક ગૌતમ પમુહ, ગણધર ગુણસંપન્ન;
પ્રહ ઊઠી નિત્ય સમરીએ, ચૌદહ-સય-બાવન ।।૫।।

સુર-ગો-તરુ-મણિ સંપજે, જેહને લીજે નામ;
એહી જ અક્ષર સમરતા, સીઝે વાંછિત કામ ।।૬।।

## શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર. ૧.

પ્રભુવચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણી વાર;
ચઉદહ પૂરવમાં રચે, લોકાલોક વિચાર. ૨.

ભગવતી સૂત્રે ધુર નમી, બંભી લિપિ જયકાર;
લોક-લોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર. ૩.

વીરપ્રભુ સુખિયા થયા, દિવાલી દિન સાર;
અંતર્મુહરત તતક્ષણે, સુખિયો સહુ સંસાર. ૪.

કેવલજ્ઞાન લહે યદા, શ્રી ગૌતમ ગણધાર;
સુર-નર હરખ ધરી તદા, કરે મહોત્સવ ઉદાર. ૫.

સુર-નર પરષદા આગલે, ભાખે શ્રી શ્રુતનાણ;
નાણ થકી જગ જાણીએ, દ્રવ્યાદિક ચઉઠાણ. ૬.

તે શ્રુતજ્ઞાનને પૂજીએ, દીપ ધૂપ મનોહાર;
વીર આગમ અવિચલ રહો, વરસ એકવીસ હજાર. ૭.

ગુરુ ગૌતમ અષ્ટક કહો, આણી હર્ષ ઉલ્લાસ;
ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ. ૮.

*(આઠમી કડી આ પ્રમાણે પણ મળે છે.)*

શાસન શ્રી પ્રભુ વીરનું, સમજે જે સુવિચાર,
ચિદાનંદ સુખ શાશ્વતા, પામે તે નિરધાર. ૮.

* * *

# શ્રી ગૌતમસ્વામીનો છંદ

## રચયિતા : ચતુર્થદાદા શ્રી જિનચંદ્રસૂરિજી મ. સા.

શ્રી ગૌતમગુરુ ગાઈયઈ, ગુણલબ્ધિ ભંડાર;
પ્રહ ઉઠી નિતિ પ્રણમીયઈ, વંછિત (ફલ) દાતાર...શ્રી ગૌતમ૦ ।।૧।।

ગૌતમ ગોત્ર પ્રકાશવા, ઉદયઉ દિનકાર;
કલિજુગ સુરતરુ સારીખઉ, સહુ કહઈ સંસાર...શ્રી ગૌતમ૦ ।।૨।।

શ્રી મહાવીર જિણંદનઉ પહિલઉ ગણધાર;
મનમોહન મહિમાનિલઉ, મોટઉ અણગાર...શ્રી ગૌતમ૦ ।।૩।।

શ્રી વસુભૂતિ પુત્ર વડઉ જતી, પૃથિવી માત મલ્હાર;
ગુણમણિ રોહણગિરિ સમઉ, સવિજન સુખકાર...શ્રી ગૌતમ૦ ।।૪।।

ગૌતમ નામઈ પામીયઈ, સુખ સુજસ સંતાન;
આધિ વ્યાધિ દૂરઈ ટલઈ, વાધઈ વસુધાવાન...શ્રી ગૌતમ૦ ।।૫।।

ગુરુ નામઈ ગહગટ હવઈ, ભય ભાજઈ દૂર;
મનવાંછિત ભોજન મિલઈ, હૂવઈ સુજસ પડૂર...શ્રી ગૌતમ૦ ।।૬।।

ગૌતમ ગુરુના ગુણ થુણ્યા, હુઆ નિરમલ આજ;
આજ જનમ સફલઉ થયઉ, પામ્યઉ શિવપુર રાજ...શ્રી ગૌતમ૦ ।।૭।।

શ્રી જિનચંદ સૂરીસર પભણે, આજ ભલા સુવિહાણ;
નામે નવનિધિ સંપજે, પામઈ કેવલનાણ...શ્રી ગૌતમ૦ ।।૮।।

* * *

# શ્રી ગૌતમસ્વામી અષ્ટક (છંદ)

## કર્તા : કવિશ્રી સમયસુંદરજી મહારાજ

પ્રહ ઊઠી ગૌતમ પ્રણમીજે, મનવાંછિત ફળનો દાતાર;
લબ્ધિનિધાન સકલ ગુણસાગર, શ્રી વર્ધમાન પ્રથમ ગણધાર...પ્રહ૦ ૧.

ગૌતમ ગોત્ર ચઉદે વિદ્યાનિધિ, પૃથિવી માત પિતા વસુભૂતિ;
જિનવર-વાણી સુણી મન હરખ્યો, બોલાયો નામે ઇન્દ્રભૂતિ...પ્રહ૦ ૨.

પંચ મહાવ્રત લિયે પ્રભુ પાસે, દિયે જિનવર ત્રિપદી મનરંગ;
ગૌતમ ગણધરે તિહાં ગૂંથ્યા, પૂરવ ચઉદે દ્વાદશ અંગ...પ્રહ૦ ૩.

લબ્ધે અષ્ટાપદ ગિરિ ચઢીઓ, ચૈત્યવંદન જિનવર ચોવીસ;
પનરેસે તિઓત્તર તાપસ, પ્રતિબોધી કીધા નિજ સીસ...પ્રહ૦ ૪.

અદ્‌ભુત એહ સુગુરુનો અતિશય, જસુ દેખે તસુ કેવળજ્ઞાન;
જાવજ્જીવ છઠ છઠ તપ પારણે, આપણપે ગોચરીએ મધ્યાન...પ્રહ૦ ૫.

કામધેનુ સુરતરુ ચિંતામણિ, નામમાંહિ જસુ કરે રે નિવાસ;
તે સદ્‌ગુરુનો નામ જપતાં, લાભે લખમી લીલ વિલાસ...પ્રહ૦ ૬.

લાભ ઘણો વિણજે વ્યાપારે, આવે પ્રવહણ કુશલે ખેમ;
તે સદ્‌ગુરુનો ધ્યાન ધરંતાં, પામે પુત્ર-કલત્ર બહુ પ્રેમ...પ્રહ૦ ૭.

ગૌતમસ્વામિ તણા ગુણ ગાતાં, અષ્ટ મહાસિદ્ધિ નવ રે નિધાન;
'સમયસુંદર' કહે સુગુરુ પ્રસાદે, પુણ્ય ઉદય પ્રગટ્યો પ્રધાન...પ્રહ૦ ૮.

***

# શ્રી ગૌતમસ્વામીનો છંદ

## કર્તા : ઉપાધ્યાય શ્રી ક્ષમાકલ્યાણજી મહારાજ

પ્રહ ઉઠી નિત પ્રણમિયે ગુણવન્તા ગૌતમ ગણધાર વર ગુર્વર નામે ભલો;
ગાંવ સોહે દેશ મગધ મઝાર દ્વિજ વસુભૂતિને ઘરે તિહાં લીનો ઉત્તમ અવતાર ।।૧।।

પૃથ્વીમાતા જન્મિયા તનુ સોહે સુંદર સુકુમાર;
ગૌતમગોત્ર વિરાજતા નામ થાપ્યો ઇન્દ્રભૂતિ ઉદાર ।।૨।।

સોવન વરણ સુહાવણો તનુ ઉંચો કર સાત નિહાર;
શ્રી મહાવીર જિણંદ કે પટ્ટધારી પહલા ગણધાર ।।૩।।

બાણુ વરષ કો આઉખો પ્રભુ પહુંતા મુક્તિ મઝાર;
નામ લિયે સુખ સંપજે દુઃખ જાવે દોહગ દૂર પુલાય ।।૪।।

પદસેવા ગુરુરાય કી પુણ્યયોગે પામે નરનાર;
'સાધુક્ષમાકલ્યાણ' કી નિત હોજો વંદના બારંબાર ।।૫।।

***

# શ્રી ગૌતમસ્વામીનો છંદ (અષ્ટક)

## કર્તા : કવિવર મુનિશ્રી લાવણ્યસમયજી મહારાજ

વીર 'જિનેશ્વર' કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિન;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવેનિધાન. ૧.

ગૌતમ નામે [2]ગિરિવર ચઢે, મનવાંછિત હેલા સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨.

જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢૂંકડા;
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ. ૩.

ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪.

શાળ દાળ સુરહા ઘૃત ગોળ, મનવાંછિત કાપડ તંબોલ;
ઘર સુ-ઘરણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ૫.

ગૌતમ ઉદયો અવિચલ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ;
મ્હોટાં મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ. ૬.

ઘર મયગલ ઘોડાની જોડ, વારુ પહોંચે વાંછિત કોડ;
મહિયલ માને મ્હોટા રાય, જો ત્રૂઠે ગૌતમના પાય. ૭.

ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ૮.

પુણ્યવંત અવધારો સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્યસમય કરજોડ, ગૌતમ ત્રૂઠે સંપત્તિ ક્રોડ. ૯.

***

---

*ક. નીચે પ્રમાણે પાઠાન્તરો પણ મળે છે :–*

*૧. જિણેસર, ૨. ગયવર, ૩. ખંડે*

*ખ. આ છંદ જૈન સંઘમાં ખૂબ પ્રચલિત છે અને નિત્યપાઠ કરવાની ધર્મકૃતિઓમાં આ છંદને પણ ગણવામાં આવે છે.*

# શ્રી ગણધરભાસ

## કર્તા : ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

પહેલો ગણધર વીરનો, વર ગોબર ગામ નિવાસી રે;
ભવિયા વંદો ભાવસ્યું. ।।૧।।

જ્યેષ્ઠા નક્ષત્રે જણ્યો, ગૃહવાસે વરસ પચાસો રે;
ત્રીસ વરસ છદ્મસ્થતા, જિન બાર વરસ સુપ્રકાશો રે. ભવિ૦ ।।૨।।

શિષ્ય પરિચ્છદ પાંચસે, સર્વાયુ વરસ તે બાણું રે;
ગૌતમ ગોત્ર તણો ધણી, એ તો સાચો હું સુરતરુ જાણું રે. ભવિ૦ ।।૩।।

સુરતરુ જાણી સેવિયા, બીજા પરિહરિયા બાઉલિયા રે;
એ ગુરુ થિર સાયર સમો, બીજા તુચ્છ વહઈ વાહુલિયા રે. ભવિ૦ ।।૪।।

લબ્ધિ અઠાવીશે વર્યો, જસ મસ્તકે નિજ કર થાપે રે;
અછતું પણ એહ આપમાં, તેહને વર કેવલ આપે રે. ભવિ૦ ।।૫।।

જ્ઞાન અહંકારે લહ્યું, રાગે કરી જગ ગુરુ સેવા રે;
શોકે કેવલ પામિયું, કારણ સર્વે ન કહેવા રે. ભવિ૦ ।।૬।।

વીરે શ્રુતિ દ્વેદ બુઝવ્યો, એ તો જીવ તણો સંદેહી રે;
શ્રી નયવિજય સુસીસને ગુરુ હોજ્યો ધર્મ સનેહી રે. ભવિ૦ ।।૭।।

***

# શ્રી ગૌતમસ્વામી સ્તવન

(રાગ : વેલાઉલ)

ગૌતમ ગણધર નમિયે, હો અહર્નિશ,
ગૌતમ ગણધર નમિયે ।।
નામ જપત નવહી નિધિ પઈયે,
મનવાંછિત સુખ લહિયે...હો અહર્નિશ૦ ૧.

ઘરઆંગન જો સુરતરુ ફળિયો,
કહાં કાજ બન ભમિયે ?
સરસ સુરભિ ઘૃત જો હુવે ઘરમેં,
તો ક્યું તેલે જમિયે...હો અહર્નિશ૦ ૨.

તૈસી શ્રી ગૌતમ ગુરુ સેવા,
ઓર ઠોર ક્યું રમિયે ?
ગૌતમ નામે ભવજલ તરિયે,
કહાં બહુત તનુ દમિયે...હો અહર્નિશ૦ ૩.

ગુણ અનંત ગૌતમ કે સમરન,
મિથ્યા મતિ વિષ વમિયે;
જસ કહે ગૌતમ ગુન આગે,
રુચત નહિ હમ અમિયે...હો અહર્નિશ૦ ૪.

***

# ગૌતમ ગુરુ ગુણ ગીતિકા

સમર મન, સમર મન, ઈન્દ્રભૂતિ સદા, પ્રહ સમે નામ સૌભાગ્ય કરતા;
સહેજે સુખ સંપદા સંપજે જેહથી, વિપુલમતિ જ્ઞાન-પ્રકાશ ધરતા...સમર૦ ૧.

યજ્ઞને છોડીને, માન મદ મોડીને, કરકમલ જોડી પ્રભુ પાસ આયો;
વેદનો અર્થભાવાર્થ સહુ સાંભળી, જીવ સત્તાપદે મન ઠહરાયો...સમર૦ ૨.

નગર ગૌવરજનું સપ્તકર કનકતનુ, ચૌદ વિદ્યા નિગમ વેદવેત્તા;
વિપ્રકુલ અવતર્યો સકલ ગુણથી ભર્યો, પંચશત શિષ્ય સંદેહ છેત્તા...સમર૦ ૩.

વિશ્વભૂતિ તનુજ નમિત સુરનર દનુજ, અગ્નિભૂતિ અનુજ શમિત કામ;
રૂપ નિર્જિત મદન શરદશશિ સમ વદન, પરમ સમતા સદન પુણ્યધામ...સમર૦ ૪.

માત પૃથિવી તનય વીર જિનકૃત વિનય, ઈંદ્રભૂતિ સયલ સૌખ્યદાયી;
કમલદલ સમવસરણ વીર જિનવર ચરણ, સેવતાં ઋદ્ધિ નવનિધિ પાઈ...સમર૦ ૫.

પરમ મંગલ કરણ સકલ સંકટ હરણ, શુદ્ધશ્રદ્ધાનિધર જગત જનથી;
તજી અહંકાર મમકાર જિનવર કરે, આદરી દિખ્ખ જેણે શુદ્ધ મનથી...સમર૦ ૬.

વીર ત્રિપદ સુણી દ્વાદશાંગી તણી, વિશદ રચના રચી ચિત્રકારી;
આદરે તેહ સસનેહ સુવિહિત મુનિ, જેહ ગણધારી માર્ગાનુસારી...સમર૦ ૭.

ચડત કૈલાસ સવિલાસ જિન સંથુણી, પન્નરસે ત્રણયને દિખ્ખ આપી;
ખીરને વીરનું ધ્યાન ધરતા થકા, તે થયા કેવળી કરમ ખપાવી...સમર૦ ૮.

ગોત્ર ગૌતમ તણે નામ ગૌતમ ધર્યું સકલ કારજ સવિ વીર જપતા;
ક્ષપક શ્રેણે ચડી, ક્ષમા સાથે અડી, આદર્યું વીરપદ કરમ ક્ષપતા...સમર૦ ૯.

તેહના નામને જાઉં હું ભામણે, પ્રથમ ગણધર પદ જે ગવાયો;
અમૃતપદ સંગમાં વિલસે ભોરંગમાં, પામિયો અચલ સુખ જસ સવાયો...સમર૦ ૧૦.

***

# ગુરુ ગૌતમનું પ્રભાતિયું

**કર્તા : ઉપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજ**

શ્રી ગુરુ ગૌતમ સમરીએ, ઊઠી ઉગમતે સૂર;
લબ્ધિનો લીલો ગુણનીલો, દેખી સુખ ભરપૂર...શ્રી ગુરુ૦ ૧.

ગૌતમ ગોત્રતણો ધણી, રૂપ અતીવ ભંડાર;
અઠ્ઠાવીશ લબ્ધિનો ધણી, શ્રી ગૌતમ ગણધાર...શ્રી ગુરુ૦ ૨.

અમૃતમય અંગૂઠડો, ઠવિયો પાત્ર મોઝાર;
ખીર ખાંડ ઘૃત પૂરિયો મુનિવર દોઢ હજાર...શ્રી ગુરુ૦ ૩.

પહેલું મંગલ શ્રીવીરનું, બીજું ગૌતમ સ્વામ;
ત્રીજું મંગલ સ્થુલભદ્રનું, ચોથું ધર્મનું ધ્યાન...શ્રી ગુરુ૦ ૪.

પ્રહ ઊઠી પ્રણમું સદા, જિહાં જિનવર ભાણ;
માનવિજય ઉપાધ્યાયનું હોજો કુશળ કલ્યાણ...શ્રી ગુરુ૦ ૫.

* * *

**શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત**

# શ્રી ગૌતમ ગણધરની સ્તુતિ

ગુરુ ગણપતિ ગાઉં, ગૌતમ ધ્યાન ધ્યાઉં,
સવિ સુકૃત સુપાઉં, વિશ્વમાં પૂજ્ય થાઉં;
જગજીત બજાઉં, કર્મને પાર જાઉં,
નવનિધિ ઋદ્ધિ પાઉં, શુદ્ધ સમકિત ઠાઉં. ૧.

સવિ જિનવર કેરા, સાધુ માંહે વડેરા,
દુવવન અધિકેરા, ચઉદ સયસુ ભલેરા;
દલ્યા દુરિત અંધેરા, વંદીએ તે સવેરા,
ગણધર ગુણ ઘેરા, (નામ) નાથ છે તે હમેરા. ૨.

સવિ સંશય કાપે, જૈન ચારિત્ર છાપે,
તવ ત્રિપદી આપે, શિષ્ય સૌભાગ્ય વ્યાપે,
ગણધરપદ થાપે, દ્વાદશાંગી સમાપે,
ભવદુઃખ ન સંતાપે, દાસને ઇષ્ટ આપે. ૩.

કરે જિનવર સેવા, જેહ ઇન્દ્રાદિ દેવા,
સમકિત ગુણ સેવા, આપતા નિત્ય મેવા;
ભવજલનિધિ તરેવા, નૌ સમી તીર્થ સેવા,
જ્ઞાનવિમલ લહેવા, લીલલચ્છી વરેવા. ૪.

# ચૈત્યવંદન (૧)

બિરુદ ધરી સર્વજ્ઞનું, જિન પાસે આવે;
મધુર વયણ શું જિનજી, ગૌતમ કહી બોલાવે. ૧.

પંચભૂતમાંહે થકીએ, જે ઉપજે વિણસે;
વેદ અર્થ વિપરીતથી, કહો કેમ ભવ તરસે. ૨.

દાન દયા દમ ત્રિહુ પદ એ, જાણે તેહિજ જીવ;
જ્ઞાનવિમલઘન આતમા, સુખ ચેતના સદૈવ. ૩.

# ચૈત્યવંદન (૨)

ગૌતમ જિન-આણા ગયે, દેવશર્મા કે હેત,
પ્રતિબોધિ આવત સુના, જાણ્યા નહિ સંકેત. ૧.

વીર પ્રભુ મોક્ષે ગયા, છોડી મુજ સંસાર,
હા હા ભરતે હો ગયા, મોહ અતિ અંધકાર. ૨.

વીતરાગ નહીં રાગ હૈ, એક પખો મુજ રાગ,
નિષ્ફલ એમ ચિંતવી ગયો, ગૌતમ મનસે રાગ. ૩.

માન કિયો ગણધર હુઓ, રાગ કિયો ગુરુભક્તિ,
ખેદ કિયો કેવલ લહ્યો, અદ્ભુત ગૌતમ શક્તિ. ૪.

દીપ જગાવે રાય તે, તીણે દિવાલી નામ,
એકમ ગૌતમ કેવલી, ઉત્સવ દિન અભિરામ. ૫.

* * *

# શ્રી ગૌતમાષ્ટક સ્તોત્ર

**(પ્રાચીન સંસ્કૃત ગૌતમાષ્ટકના હિન્દી પદ્યાનુવાદ શ્રી રંગમુનિજી.
તેના ઉપરથી ગુજરાતી રૂપાન્તર કર્તા શ્રી કે. જે. દોશી)**

ઇન્દ્રભૂતિ વસુભૂતિનંદન, પૃથ્વી માતા છે પ્યારી,
ગૌતમગોત્ર કુલોત્પન્ન સુંદર દેહ છવિ જેની છે ભારી;
દેવ-અસુર-માનવ-ભૂપતિગણ, સહુ સ્તુતિ કરે છે ભાવ ધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૧.

ઉત્પાદ-ધ્રૌવ્ય-વ્યય જ્ઞાન ત્રિપદી વર્ધમાનથી પ્રાપ્ત કરી,
મુહૂર્ત માત્રમાં રચના કરીને પ્રકરત જ્ઞાન-વિજ્ઞાન કરી;
ચૌદ પૂર્વની સંગ નિમિત્ત કરી છે ભાવ ધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૨.

વીર પ્રભુના સમવસરણમાં, ગણધરપદ કો પ્રાપ્ત કર્યું,
સૂરિમંત્રનો આશ્રય પામી, આનંદ સુખને પ્રાપ્ત કર્યું;
મુનિ ગુણી આચાર્ય પ્રવર સહુ સમરે છે ભાવ ધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૩.

જેનું મંગલ નામ સ્મરીને ભિક્ષા માટે જાયે અણગાર,
કમી નહીં રહતી અન્નજલની, અસન, વસ્ત્ર, સુમિષ્ટ આહાર;
પૂર્ણ કામના સહુની થાયે, દઢ ભાવોને હૃદય ધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૪.

અષ્ટાપદ પહોંચ્યા છે જે નિજ શક્તિથી કરી વ્યોમવિહાર,
જિનપદ વંદન ભાવ સહિત કરવા મનમાં હર્ષ અપાર;
ઇન્દ્રો પાસે તીર્થ મહિમા સુણીને પહોંચ્યા ગૌતમ ભાવ ધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૫.

પંદરસો તાપસ ત્યાં જોયા, તપ કરી દુર્બલ થયું શરીર,
શાંત ભાવથી શુદ્ધ સાધના, સુંદર વહે છે મંદ સમીર;
અક્ષીણ લબ્ધિથી ખીર પાઈને સંતોષીને પીડ હરી;
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૬.

સંતુષ્ટ થયા તાપસગણ જ્યારે ચાલીને સમવસરણમાં પધાર્યા;
દર્શન કરીને વીરપ્રભુના પામ્યા કેવલપદને પ્યારા;
સાધર્મી સેવાનો બહુ લાભ લીધો છે પ્રેમ ધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૭.

વીર પ્રભુ જબ મોક્ષ પધાર્યા, ગૌતમ કેવલી પદને પાયા,
યુગપ્રધાન પદ સ્થાપન કરીને સુરગણ મનમાં હરખાયા;
જિનશાસનનો મહિમા વધાર્યો, મોક્ષલક્ષ્મીને સ્વયં વરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૮.

**(પ્રશસ્તિ)**

ભક્તિભાવથી પાવન થઈને જે ગુરુ ગૌતમના ગુણ ગાશે,
રિદ્ધિ-સિદ્ધિ-સુખ સંપદા પામી જીવન સફળ તે સહુ થાશે;
'રંગમુનિ' ગુરુ ગૌતમ ગુણની પુષ્પમાલા તૈયાર કરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી. ૯.

* * *



# શ્રી ગૌતમસ્વામી છંદ (ચોપાઈ)

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિ તણો ભંડાર;
સમરે વાંછિત સુખ-દાતાર, જયો જયો ગૌતમ ગણધાર. ૧.

વીર વજીર વડો અણગાર, ચૌદ હજાર મુનિ શિરદાર;
જપતાં નામ હુય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર. ૨.

ગય ગમણી રમણી જગસાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર;
આપે કનક કોડી વિસ્તાર, જયો જયો ગૌતમ ગણધાર. ૩.

ઘેર ઘોડા પાયક નહીં પાર, સુખાસન પાલખી ઉદાર;
વૈરી વિકટ થાયે વિસરાત, જયો જયો ગૌતમ ગણધાર. ૪.

પ્રહ ઊઠી જપીએ ગણધાર, ઋદ્ધિસિદ્ધિ કમલા દાતાર;
રૂપ રેખ મયણ અવતાર, જયો જયો ગૌતમ ગણધાર. ૫.

કવિ રૂપચંદગણિ કેરો શિષ્ય, ગૌતમ ગુરુ પ્રણમો નિશદિશ;
કહે છંદ એ સમતાગાર, જયો જયો ગૌતમ ગણધાર. ૬.

***

# જયંકર જીવો ગૌતમ સ્વામ

પહેલો ગણધર વીરનો રે, શાસનનો શણગાર;
ગૌતમ ગોત્ર તણો ધણી રે, ગુણમણિ રયણ ભંડાર...
જયંકર જીવો ગૌતમ સ્વામ.

એ તો નવનિધિ હોય જસ નામ, એ તો પૂરે વાંછિત ઠામ;
એ તો ગુણમણિ કેરો ધામ, જયંકર જીવો ગૌતમ સ્વામ. ૧.

જેષ્ઠા નક્ષત્રે જનમિયા રે, ગોબર ગામ મોઝાર;
વસુભૂતિસૂત પૃથ્વી તણો રે, માનવ મોહન ગાર...જયંકર૦ ૨.

સમવસરણ ઈન્દ્રે રચ્યું રે, બેઠા શ્રી વર્ધમાન;
બેઠી તે બારે પરષદારે, સુણવા શ્રી જિનવાણ...જયંકર૦ ૩.

વીર કન્હે સંજમ લહ્યું રે, પંચસયાં પરિવાર;
છઠ છઠ તપને પારણે રે, કરતાં ઉગ્ર વિહાર...જયંકર૦ ૪.

અષ્ટાપદ લબ્ધિએ ચઢ્યા રે, વાંદ્યા જિન ચોવીશ;
જગ ચિંતામણિ તિહાં રચી રે, સ્તવિયા શ્રી જગદીશ...જયંકર૦ ૫.

પનરસેં તાપસ પારણે રે, ખીર ખાંડ ઘૃત ભરપૂર;
અમિય જાસ અંગૂઠડે રે, ઊગ્યો તે કેવલસૂર...જયંકર૦ ૬.

દિવાળી દિને ઉપન્યું રે, પ્રત્યક્ષ કેવલ નાણ;
અક્ષીણ લબ્ધિ તણા ધણી રે, નામે તે સફળ વિહાણ...જયંકર૦ ૭.

પચાસ વરસ ગૃહવાસમાં રે, છદ્મસ્થપણાએ ત્રીશ;
બાર વરસ લગે કેવળી રે, બાણું તે આયુ જગીશ...જયંકર૦ ૮.

ગૌતમ ગણધર સરીખા રે, શ્રી વિજયસેન સૂરીશ;
એ ગુરુતણા પસાઉલ રે, વીર નમે નિશદિશ...જયંકર૦ ૯.

*(શ્રી વિજયસેનસૂરિશિષ્ય મુનિશ્રી વીરવિજયજી.)*

* * *

# શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ

**(દેશી હરિગીત–ભૈરવી)**

પ્રભુનામ મંગળ, ઠામ મંગળ, જીવન મંગળ સૌ જગ તણું,
છે જ્ઞાન મંગળ, ધ્યાન મંગળ, સ્મરણ કરીએ ગૌતમ તણું.

મંગળ કરણ અભિધાન છે, આનંદ મંગળ એહનું,
મંગળ કરો મંગળ દિને, મંગળ થવા જીવનનું.

તજી અન્ય કામ ત્રિસંધ્ય જે ગૌતમ તણા ગુણ ગાય છે;
આનંદ મંગળ અજબ રીતે, અધિક ત્યાં ઉભરાય છે.

ગૌતમ ગુરુ ગુણ ગાન મંગળ, મહત્ સ્વરૂપ મનાય છે,
શુભ સંત શિષ્ય વિઘન ટળી, મંગલ ઘરે વરતાય છે.

* * *

# શ્રી સૌભાગ્યવિજયજી કૃત શ્રી ગૌતમાષ્ટક : એક અવલોકન

**અવલોકનકાર : પૂ. પંન્યાસશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ.**

ગુરુ ગૌતમની જેમણે મનભર સ્તવના કરી અને જેમની કરેલી સ્તુતિઓ લોકજીભે રમતી થઈ જવા સાથે અમર બની ગઈ એવા કેટલાક કવિઓમાં એક કવિ છે પંડિત સૌભાગ્યવિજયજી. અઢારમા સૈકા આસપાસ તેઓ થયા હોવાનું મનાય છે. ગુરુ ગૌતમની સ્તુતિ (અષ્ટક) સ્વરૂપે પ્રાભાતિક (પ્રભાતિયા) રાગમાં તેમણે રચેલો એક છંદ આજ પણ ઘણે ઠેકાણે નિત્યપાઠ તરીકે બોલાતો-ગણાતો સાંભળવા મળે છે. અહીં એ હૃદયંગમ કૃતિનો અલ્પ-સ્વલ્પ પરિચય મેળવીએ.

કાવ્યના પ્રકાર તરીકે 'પ્રભાતિયા'નું કોઈ વિશિષ્ટ કે પૃથક્ સ્થાન નથી મનાતું; તેને 'પદ'ના જ એક પ્રકાર તરીકે સાહિત્યકારોએ સ્વીકાર્યું છે. તો પણ, વિચાર કરતાં લાગે છે કે 'પ્રભાતિયા'ની ગેયતા અને તેના ગાન દ્વારા વાતાવરણમાં પ્રકટતી ને પ્રસરતી પ્રસન્ન મધુરતા તથા પવિત્રતાના અનુભવ કરનાર ભક્તહૃદયમાં તો તે ભક્તિરસનું નિરૂપણ કરતા એક કાવ્યપ્રકાર તરીકે પોતાનું આગવું જ સ્થાન પ્રસ્થાપિત કરે છે.

અને એટલે જ, કવિએ ગુરુ ગૌતમની સ્તુતિ માટે પ્રાભાતિક–પ્રભાતિયા-રાગને પસંદ કર્યો છે. પ્રાભાતિક એટલે પ્રભાતે ગવાય તે. પ્રભાતે ગવાતો આ રાગ પ્રભાતના પહોરની સહજ પ્રસન્નતાને વધુ બહેલાવે છે. અને તે સમયની નિર્દોષતાનું વાહન બની તેને પૂરબહારમાં રેલાવે છે. ખાસ કરીને, મીઠી હલકથી કોઈ આ રાગ ગાય તો કઠિન-કઠોર માનવના હૈયામાં પણ કોમળતા આણવાની એનામાં તાકાત છે. નરસિંહ મહેતાનું પ્રસિદ્ધ ભજન 'રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી,' તેમ જ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિનું પ્રસાદ-મધુર સ્તવન 'ઋષભ જિનરાજ ! મુજ આજ દિન અતિ ભલો' આ જ રાગમાં છે. ગૌતમગુરુનું નામસ્મરણ માનવજીવનનું મંગલ હોય તો પ્રાભાતિક રાગમાં ગવાતી એમની સ્તુતિ જો માનવની પ્રત્યેક દિવસની કારકિર્દીનું મંગલાચરણ જ મનાવું જોઈએ. કદાચ એટલે જ આપણા કવિ પણ 'માત પૃથ્વી સુત પ્રાતઃ ઊઠી નમો' કહીને પોતાનું સ્મૃતિગાન આરંભે છે :

**'માત પૃથ્વીસુત પ્રાતઃ ઊઠી નમો,**
**ગણધરા ગૌતમ નામ ગેલે;**
**પ્રહ સમે પ્રેમ શું જેહ ધ્યાતા સદા,**
**ચઢતી કળા હોય વંશ વેલે.'** ૧.

કવિ કહે છે : (કવિને સંબોધ્ય તરીકે કોઈ ખાસ વ્યક્તિ કે વર્ગ નહિ, પણ જનસાધારણમાં વસતું ભક્તહૃદય અભિપ્રેત હોય એમ લાગે છે.) પ્રાતઃકાળે ઊઠીને માતા પૃથ્વીના પુત્રને-ગૌતમને નમસ્કાર કરવા જોઈએ.

અહીં બ્રહ્માંડનો સનાતન નિયમ — કારણ વિના કાર્ય ન સંભવે, એ — ભક્તના મુગ્ધ હૃદય પાસે, અલબત્ત, જિજ્ઞાસાભાવે, અને નહિ કે કોઈ જાતની અભીપ્સાના ભાવે — એક પ્રશ્ન કવિને પુછાવે છે કે પ્રભાતના પહોરમાં ગુરુ ગૌતમને નમસ્કાર કરવાનું કાંઈ પ્રયોજન ખરું ? એનું કાંઈ ફળ ખરું ?

આ સવાલ માટે કવિ સજ્જ હોય એમ લાગે છે. જ્યારે આડંબર કે ડોળદમામ વિના, ખૂબ જ સહજ રીતે એ આ જિજ્ઞાસાનો ઉત્તર કડીના ઉત્તરાર્ધ દ્વારા વાળે છે. અને જિજ્ઞાસુની જિજ્ઞાસા અને એ રીતે જનહૃદયની ભક્તિભાવનાને તુષ્ટ કરી દે છે : 'જેઓ પ્રભાત સમયે ગેલે–ગેલપૂર્વક–હૈયાની ઊલટપૂર્વક–ગૌતમ ગણધરના નામના જપ કરે છે તેનો વંશવેલો પાંગરે છે.'

ધનસંપત્તિ અને સત્તા વગેરેના સુખવૈભવ તો માનવને વારંવાર અને અણધાર્યા મળ્યા જ કરતા હોય છે. પણ એની સુખવાંછા એટલાથી સંતોષાતી નથી. એ તો ત્યારે જ તૃપ્ત થાય છે જ્યારે એના એ વૈભવનો કોઈક વારસદાર એને મળે. ધનિક હોય કે ગરીબ, શેર માટીની ખોટ બંનેને એકસરખી જ લાગે છે. આ 'શેર માટી' વિના સુખીને પોતાનું સુખ જ નહિ, જીવન પણ વ્યર્થ ભાસે છે. આ બધી વાતને લક્ષમાં રાખીને જ હોય તેમ કવિ કહે છે : 'જે કોઈ આ ગૌતમગુરુનું ધ્યાન પ્રેમથી ધરે છે, તેના વંશવેલે ચઢતી કળા હોય છે.' તો એની વળતી જ પળે કવિ ધ્યાતાને આ ધ્યાનના ફલસ્વરૂપે તેના નસીબ આડેનું પાંદડું — જો હોય તો — ખસી જવાની ખાતરી આપતા હોય એવું લાગે છે :

**'વસુભૂતિનંદનવિશ્વજન વંદન, દુરિતનિકંદન નામ જેહનું;**
**અભેદબુદ્ધિ કરી ભવિજન જે ભજે, પૂર્ણ પહોંચે સહી ભાગ્ય તેહનું.' ૨**

આ કડીનો પૂર્વાર્ધ 'ત્રિભંગી છંદ'નું સ્મરણ કરાવે છે.

આથીયે આગળ વધીને કવિ તો કહે છે કે, 'બીજું તો કશું જ નહિ, પણ માત્ર ગુરુ ગૌતમનું ધ્યાન પણ જો શુદ્ધ હૃદયપૂર્વ કરવામાં આવે, તો કામધેનુ, ચિંતામણિ રત્ન, કામકુંભ અને કલ્પવૃક્ષ—આ ચારેય વાંછિત પૂરણ ચીજોનો મહિમા એ ધ્યાનમાં સમાયેલો પડ્યો છે. બલ્કે, એ ચીજો કરતાંયે વધુ માહાત્મ્યથી એ સમૃદ્ધ ધ્યાન છે :

**'સુરમણિ (સુરઘર) જેહ ચિંતામણિ સુરતરુ, કામિત પૂરણ કામધેનુ;**
**એહ ગૌતમતણું ધ્યાન હૃદયે ધરો, જેહ થકી નહીં અધિક માહાત્મ્ય કેહનું.' ૩.**

આ કડીના પૂર્વાર્ધમાં કવિએ અભેદ રૂપક અલંકાર વડે ચિંતામણિ વગેરે વસ્તુઓનો ગુરુ ગૌતમ સાથે અભેદ સાધીને એ વસ્તુઓની પ્રતિષ્ઠા વધારી દીધી છે.

સર્વસમીહિત પૂરક હોવા છતાં, જિજ્ઞાસુ જીવના સંતોષ ખાતર, ગૌતમ ગણધરનાં નામ અને ધ્યાનથી પ્રાપ્ત થતી કેટલીક સિદ્ધિ-સમૃદ્ધિઓનું દિગ્દર્શન કવિ કરાવે છે :

**'જ્ઞાન બળ તેજ ને સકળ સુખસંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે;**
**અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનીમાં સુરનર જેહને શિશ નામે.' ૪.**

ગૌતમ ગુરુના નામમાં એવો તો ગુણ છે કે એનું સ્મરણ-રટણ કરનારનું બુદ્ધિબળ વિકસે છે; શરીરબળ વધે છે; તેજોવિલાસનો પ્રકર્ષ થાય છે; સકલ સુખ અને સંપત્તિઓ એને ચૂમે છે; પૃથ્વી પર એનો પ્રતાપ-પ્રભાવ અખંડ અને પ્રચંડ સ્વરૂપે વિસ્તરે છે; વધુ તો શું કહીએ ? માનવો જ નહિ, દેવલોકના દેવો પણ એને લળી લળીને ઝૂકે છે.

ગુરુ ગૌતમસ્વામીને ધ્યેય બનાવનાર ધ્યાતાના ધ્યાનમાં એકાગ્રતા પૂરનાર પરમ સાત્ત્વિક મંત્રના અક્ષરો કવિ પાંચમી ગાથામાં ભારે ખૂબીથી ગૂંથે છે :

**'પ્રણવ આદે ધરી માયાબીજે કરી, શ્રીમુખે ગૌતમ નામ ધ્યાવે;**
**કોડિ મનકામના સફળ વેગે ફળે, વિઘન વેરી સહુ દૂર જાયે.' ૫.**

પ્રણવ—ૐ, માયાબીજ—હ્રીં, શ્રીમુખ-શ્રીં આ ત્રણ મંત્ર બીજાક્ષર પુરઃસર ગૌતમગુરુનો નમસ્કાર કરવામાં આવે, એટલે કે 'ॐ ह्रीं श्रीं गौतमस्वामीने नमः' આ મંત્રનો જાપ એકાગ્રતાભાવે શુદ્ધ ચિત્તે થાય તો કવિ કહે છે કે : એ મંત્રજાપ કરનારની ક્રોડો મનોકામનાઓ તો ફળે જ ફળે. ઉપરાંત, એને નડતાં વિઘ્ન—અંતરાયો પણ નષ્ટ થઈ જાય છે.

આ સાત્ત્વિક મંત્રના અણચિંતવ્યા પ્રભાવ વિષે કવિનો ગૌરવભર્યો આત્મવિશ્વાસ તો આ કડીમાં નીતરે છે :

**'દુષ્ટ દૂરે ટળે, સ્વજન મેળો મળે, આધિ વ્યાધિ ને ઉપાધિ નાસે;**
**ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વળી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે.' ૬.**

**રે ! अचिन्त्यो हि मणिमन्त्रौषधीनां प्रभावः ।**

આગળ કહ્યું છે તેમ, એક વાર ગૌતમપ્રભુને મનમાં ખૂબ આકુળતા થઈ આવી કે, રે !

મને કેવળજ્ઞાન નહિ થાય શું ? ક્યારે થશે ? શું કરું તો થશે ? હું કેવો કમભાગી છું કે મારા પછીના, અરે, મારા હાથે દીક્ષા લેનારાઓને કેવળજ્ઞાનેય થઈ ગયું ને કેટલાક તો મોક્ષે પણ પહોંચી ગયા, ને હું જ એથી બાકાત ?!

પરમ ગુરુભક્ત પટ્ટશિષ્યની આ વેદનાને ભગવાન પામી ગયા. તેમણે આશ્વાસન આપતાં કહ્યું : 'ગૌતમ ! જે આપબળે—કોઈની સહાય વિના અષ્ટાપદની યાત્રા કરે, તે તદ્દભવે મોક્ષગામી હોય.' આ સાંભળ્યું કે ગૌતમગુરુના મનમાં તાલાવેલી જાગી. પ્રભુની આજ્ઞા લીધી ને અષ્ટાપદ તીર્થે પહોંચ્યા. આપબળે સૂર્યનાં કિરણોનું આલંબન લઈને તીર્થયાત્રા કરી રહેલા ૧૫૦૩ તાપસોને બુઝવી, પારણું કરાવી, દીક્ષા આપી, એ પ્રસંગનું પ્રતીકાત્મક વર્ણન કવિ આ રીતે કરે છે :

**'તીર્થ અષ્ટાપદે આપ-લબ્ધે જઈ, પન્નરસેં ત્રણને દિખ્ખ દીધી;**
**અઠ્ઠમ પારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી.'** ૭.

સૌભાગ્યના પરમ નિધાન અને સર્વાતિશાયી યશઃકીર્તિસંપન્ન ભગવાન ગૌતમસ્વામીના જીવનની પ્રમુખ ઘટનાઓનું બયાન આપતાં કવિ ગાય છે :

**'વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા, વરસ વળી ત્રીસ કરી વીરસેવા;**
**બાર વરસાં લગે કેવળ ભોગવ્યું, ભક્તિ જેની કરે નિત્ય દેવા.'** ૮.

રે ! આવી મહાન અને લોકોત્તર વિભૂતિની સેવા દેવો ન કરે તો કોની કરે ?

અને છેલ્લે, નવનિધાનનું સ્મરણ કરાવતી નવ ગાથાઓના બનેલા આ સ્તવનની નવમી ગાથામાં, માત્ર પોતાની જ નહિ, પરંતુ જનજનના અંતરમાં વસેલી ગુરુ ગૌતમસ્વામી પ્રત્યેની પરાભક્તિને વાચા આપતાં કવિ ગદ્ગદ સ્વરે સ્તુતિગાન કરે છે ત્યારે ઘડીભર શ્રોતાનું ચિત્ત 'ગૌતમ' નામ સાથે તદાકાર બની જઈને ભક્તિરસની વિગલિત વેદ્યાન્તર અને બ્રહ્માનંદ સહોદર સમાધિની ઉત્કટ અનુભૂતિ કરે છે. એવે વખતે લાગે છે કે સાહિત્યકારો ભલે નવ રસનું વિધાન અને સ્વીકાર કરતા હોય, પણ ભક્તિરસ નામનો એક દશમો રસ પણ રસિકજનોના હૃદયમાં અવશ્ય અસ્તિત્વ ધરાવે છે. આપણે પણ ભક્તિરસની એ પરમ અને ચરમ સમાધિ માણીએ :

**'મહિયલ ગૌતમ ગોત્ર મહિમા નિધિ, ગુણનિધિ ઋદ્ધિ ને સિદ્ધિ દાઈ;**
**ઉદય જસ નામથી અધિક લીલા લહે, સુજસ 'સૌભાગ્ય' દોલત સવાઈ.'** ૯.

*('જિનસંદેશ' સામયિકના 'ગુરુ ગૌતમસ્વામી વિશેષાંક'માંથી સાભાર ઉદ્ધૃત.)*

* * *

# શ્રી વીશ-સ્થાનક-પદ પૂજામાંથી પંદરમી
# શ્રી ગોયમપદ-પૂજા (સાર્થ)

**(દુહો)**

છઠ છઠ તપ કરે પારણું, ચઉ-નાણી ગુણધામ;
એ સમ શુભ-પાત્ર કો નહિ, નમો નમો ગોયમ-સ્વામ. ૧.

**(ઢાળ)**

**(દાદાજી, મોહે દર્શન દીજે હો–એ દેશી)**

દાન સુપાત્રે દીજે, હો ભવિયા ! દાન સુપાત્રે દીજે.
લબ્ધિ અઠ્ઠાવીસ જ્ઞાની ગોયમ, ઉત્તમ પાત્ર કહીજે...
હો ભવિયા ! દાન સુપાત્રે દીજે. ૨.

'મુહૂર્ત'માં 'ચૌદ-પૂરવ' રચિયા, 'ત્રિપદી' વીરથી પામી;
ચૌદસે-બાવન 'ગણધર' વાંદ્યા, એ પદ અંતરજામી...હો ભવિયા ! ૩.

'ગણેશ' 'ગણપતિ' મહામંગલ-પદ, ગોયમ વિણ નવિ દૂજો;
સહસ-કમલ-દલ સેવન-પંકજ, બેઠા સુર નર પૂજો...હો ભવિયા ! ૪.

ક્ષીણ-મોહી-મુનિ રત્ન-પાત્ર સમ, બીજા કંચન-સમ પાત્ર;
રજતના શ્રાવક સમકિત ત્રંબા, અવિરતિ લોહ મટ્ટી પત્તા...હો ભવિયા ! ૫.

મિથ્યાત્વી સહસથી એક અણુવ્રતી, અણુવ્રતી સહસથી સાધુ;
સાધુ સહસથી ગણધરુ જિનવર, અધિક ટાળે ઉપાધિ...હો ભવિયા ! ૬.

પાંચ દાન દશ દાનમાં મોટાં, અભય સુપાત્ર વિદિતા;
એહથી હરિવાહન હુઓ જિનવર, સૌભાગ્યલક્ષ્મી ગુણ-ગીતા...હો ભવિયા૦ ૭.

**(અર્થ)**

(૧) છઠના ઉપર છઠ્ઠ તપથી પારણું કરનાર, ચાર જ્ઞાનના ધણી, ગુણોના ભંડાર એવા ગૌતમસ્વામી સમાન કોઈ બીજું શુભ પાત્ર નથી, એવા શ્રી ગૌતમસ્વામીને નમસ્કાર થાઓ.

(૨) હે ભવ્ય જીવ ! સુપાત્રે દાન કરો. ૨૮ લબ્ધિના ધારક, ચાર જ્ઞાનવાળા એવા શ્રી ગૌતમસ્વામી ઉત્તમ પાત્ર કહેવાય.

(૩) એક મુહૂર્તમાં જેમણે શ્રી વીર પ્રભુ પાસેથી 'ત્રિપદી' (ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા) પામીને, ૧૪ પૂર્વની રચના કરી એવા શ્રી ગૌતમ સ્વામીને વંદન કરવાથી, ચોવીશે તીર્થંકરોના ૧૪૫૨ ગણધરને વંદના કરી એમ સમજવું.

(૪) શ્રી ગૌતમસ્વામી 'ગણેશ', 'ગણપતિ', 'ગણધર' બિરૂદ ધરાવતા મહામંગલ પદો છે–તે સિવાય બીજા કોઈ નથી. એક હજાર પાંખડીવાળા સુવર્ણકમળ પર બેઠેલા શ્રી ગૌતમસ્વામીનું, હે દેવો તથા મનુષ્યો ! તમે પૂજન કરો.

(૫) (સુ-પાત્રના પ્રકાર) બારમા, તેરમા, ચૌદમા 'ક્ષીણ મોહ' ગુણસ્થાનકે રહેલા મુનિને રત્ન-પાત્ર સમાન (ઉત્તમોત્તમ) જાણવા, બીજા મુનિઓને સુવર્ણ-પાત્ર માનવા, શ્રાવકને રૂપાના પાત્ર સમાન જાણવા, અને અવિરતિ-મિથ્યાદૃષ્ટિ વગેરેને લોખંડ અને માટી સમાન જાણવા.

(૬) ૧૦૦૦ મિથ્યાત્વી કરતાં એક અણુવ્રતધારી શ્રાવક, ૧૦૦૦ અણુવ્રતધારી કરતાં એક સાધુ, ૧૦૦૦ સાધુ કરતાં એક ગણધર અને ૧૦૦૦ ગણધર કરતાં એક જિનેશ્વર અધિક ઉપાધિના ટાળનાર કહ્યા છે.

(૭) દસ પ્રકારનાં દાન છે તેમાં પાંચ પ્રકારનાં દાન મોટાં કહ્યાં છે. તેમાં પણ અભયદાન અને સુપાત્ર-દાન એ બે દાન પ્રસિદ્ધ ગણાય છે. એ દાન દેવાથી હરિવાહન નામનો રાજા જિનવર થયેલ છે. આ સ્તવનમાં કર્તા સૌભાગ્ય-લક્ષ્મી-સૂરિ તેમના ગુણ ગાય છે.

***

### પૂ. આચાર્યશ્રી ભાતૃચન્દ્રસૂરીશ્વરજી કૃત

# શ્રી ગૌતમ નિર્વેદ સજ્ઝાય

**(અબ હમ અમર ભયે, ન મરેંગે—એ દેશી)**

વીર નિસનેહી, હું સસનેહી, મોકલિયો મને ગામ રે;
વિશ્વાસી વીરે છેતરિયો, પહોંચ્યા અક્ષરધામ રે.
વીર નિસનેહી, હું સસનેહી... ૧.

હે ! હે ! વીર કર્યું અણઘટતું, ગોયમ પભણે નાથ રે,
અંત સમે છેહ દીધો મુજને, શું હું આવત સાથ રે ?...વીર૦ ૨.

ગોયમ ! ગોયમ ! કોણ હવે કહેશે ? પ્રતિ-ઉત્તર કોણ દેશે રે ?
સંઘ-સહાય વીર વિણ કોણ કરશે ? કોણ સંશય હવે હરશે રે ?...વીર૦ ૩.

અસ્ત થયો જિન-ભાનુ આજે, મિથ્યા તિમિર છવાશે રે,
કુમતિ-કૌશિક જાગૃત થાશે, ચોર ચુગલ વધી જાશે રે...વીર૦ ૪.

ચૌદ-સહસ મુનિવર પ્રભુ તાહરે, માહરે તું 'વીર' એક રે,
રડવડતો મૂકી અહીં ચાલ્યા ગયા, સાંકડું થયું શિવ છેક રે...વીર૦ ૫.

આજ લાગે સ્વપ્નાંતર અંતર, મ્હેં તુજ સાથ ન રાખ્યો રે,
મોહન ! મુજ-મન ચોરી લીધું, તુમ-મન નેહ ન દાખ્યો રે...વીર૦ ૬.

પુણ્ય-કથા પ્રભુ કોણ હવે કહેશે ? તુજ વિણ જગદાધાર રે,
ત્રિ-ગડે બેસીને વીર વહાલા, ઘો દરિશણ એક વાર રે...વીર૦ ૭.

પણ હું અજ્ઞ, એ વાટે ચાલ્યા, ન મળે ફરી નિરધાર રે,
હું રાગી, મહાવીર નિરાગી, સાધ્યો સ્વાર્થ શ્રીકાર રે...વીર૦ ૮.

હું વીર ! વીર ! કહું, વીર ન બોલાવે, સ્વારથિયો સંસાર રે,
નિષ્ઠુર હૈડા, નેહ ન કીજે, નેહથી ભવ-જંજાળ રે...વીર૦ ૯.

હું કોણ ? વીર કોણ ? નહીં કોઈ કોઈનું, રાગે ભવ-દુઃખ ખાણ રે,
*'સહજ-કલાનિધિ' ગૌતમને તવ, પ્રગટ્યું કેવળનાણ રે...વીર૦ ૧૦.

કારતક-માસ અમાસની રાતે, ભાવ-દીપક થયો અસ્ત રે,
દ્રવ્ય-દિવાળી દેવે કીધી, પ્રગટી લોક સમસ્ત રે...વીર૦ ૧૧.

* * *

# શ્રી ગૌતમસ્વામીની સજ્ઝાય

## રચયિતા : વાચક શ્રીકરણ

સમવસરણ સિંહાસને જી, વીરજી કરે રે વખાણ;
દસમા ઉત્તરાધ્યનમેં જી, દીયે ઉપદેશ સુજાણ;
સમયમેં રે ગોયમ મ કર પ્રમાદ. ૧.

જિમ તરુ પંડુર પાંદડું જી, પડતાં જી લાગે ન વાર;
તિમ એ ચંચળ જીવડો જી, સ્થિર ન રહે સંસાર...સમય૦ ૨.

ડાભ-અણી જળ [1]ઓસનું જી, ક્ષણ એક રહે જળબિંદુ;
તિમ એ નર તિરિ જીવડો જી, ન રહે ઈન્દ્ર નરેન્દ્ર...સમય૦ ૩.

સૂક્ષ્મ નિગોદ ભમી કરી જી, રાશિ ચઢ્યો વ્યવહાર;
લાખચોરાશી જીવયોનિમેં જી, લાધ્યો નરભવસાર...સમય૦ ૪.

શરીર જરાએ જર્જર્યું જી, શિર પર પળિયાજી કેશ;
ઈન્દ્રિયબળ હીણાં થયાં જી, પગ પગ પેખે ક્લેશ...સમય૦ ૫.

ડંકા વાગે મોતના જી, શિર પર સાતે પ્રકાર;
જીવને ઉપક્રમ લાગતા જી, ન જુએ વાર કુવાર...સમય૦ ૬.

દશ દૃષ્ટાંતે દોહીલો જી, નરભવ મળિયો છે હાથ;
શિવપુર દ્વારને ખોલવાજી, ચાવી છે સંગાથ...સમય૦ ૭.

ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ પૂર;
તપ જપ સંયમ [2]આદરો જી, મોક્ષ નગર છે દૂર...સમય૦ ૮.

ઈમ નિસુણી પ્રભુ દેશના જી, ઈન્દ્રભૂતિ થયા સાવધાન;
પાપ પડળ પાછાં પડ્યાં જી, પામ્યા કેવળજ્ઞાન...સમય૦ ૯.

---

** [સહજ-કલાનિધિ = (૧) કુદરતી=જન્મથી જ કળાના ભંડાર. (૨) ભાઈ-ચન્દ્ર=શ્રી ભ્રાતૃચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ = આ સજ્ઝાયના રચયિતા]*

*૧. ઝાકળનું જી. ૨. આકરા જી.*

ગોયમના ગુણ ગાવતાં જી, ઘર સંપત્તિની રે કોડ;
વાચક શ્રીકરણ એમ ભણે જી, વંદું બે કર જોડ...સમય૦ ૧૦.

***

# શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

સેવો સેવો ગુરુ ગૌતમને દિવાળી દિન આજ;
મારાં સીધ્યાં સઘળાં કાજ.

મગધ દેશમાં ગોબર ગામે, બ્રાહ્મણ વસુભૂતિ નામ;
તસ પૃથ્વી માતાના ઉદર, ઉપન્યો ગૌતમ સ્વામ...મારા૦ ૧.

માતાપિતાના લાડકડા એ, બન્યા વિદ્યાના ધામ;
ચાર વેદના ચૌદ વિદ્યાના પાઠ ભણે તમામ...મારા૦ ૨.

તે કાલે તે સમયે પ્રભુજી, મહાવીર પામ્યા જ્ઞાન;
પાવાપુરીમાં વીર પધાર્યા, દેવો કરે ગુણગાન...મારા૦ ૩.

સમવસરણે ચાર મુખે જી, આપે બોધ અપાર;
મધુરી એ વાણીમાં મોહ્યાં, સુરપતિ નર ને નાર...મારા૦ ૪.

ઈન્દ્રભૂતિ ચિંતવે મન માંહી, સૌ યજ્ઞ તજી ક્યાં જાય;
ખબર પડી કે કોઈ સર્વજ્ઞ આવ્યા છે ઈણઠાય...મારા૦ ૫.

અભિમાનથી ક્રોધ ચઢિયો, ચાલ્યો વીરની પાસ;
હું છતાં એ કોણ સર્વજ્ઞ, ધરતો મન ઉલ્લાસ...મારા૦ ૬.

સમવસરણમાં પ્રભુને જોતાં, ઈન્દ્રભૂતિ વિચારે;
આ તો જિન ચોવીશમા છે, કેમ જીતવા મારે...મારા૦ ૭.

મીઠાં વચને પ્રભુજી બોલાવે, હે ઈન્દ્રભૂતિ આવો;
ચિત્ત ચમકી ઈન્દ્રભૂતિ ચિંતવે, ખોટો છે મુજ દાવો...મારા૦ ૮.

વેદના પદનો અર્થ કહીને, પ્રભુજી ત્યાં સમજાવે;
જીવનો સંશય દૂર થયો ને સમ્યક્દષ્ટિ થાવે...મારા૦ ૯.

શિષ્ય સાથે દીક્ષા લીધી, પ્રભુજી ગણધરપદે સ્થાપે;
છઠ્ઠ અઠ્ઠમ તપ તરવારે, કર્મ કઠિનને કાપે...મારા૦ ૧૦.

કારતક વદિ અમાસની રાતે, વીરજી મોક્ષ સિધાવે;
પ્રભુવિરહે ગૌતમનું મુખડું આકુળવ્યાકુળ થાવે...મારા૦ ૧૧.

કોણ વીર ને કોણ હું વળી, ગૌતમ મનમાં ભાવે;
પણ પરિણતિ પરિણમતા રે, પ્રભાતે કેવળ પામે...મારા૦ ૧૨.

એવા ગુરુ ગૌતમને વંદો, ઊઠી નિત્ય સવારે;
કહે હર્ષ ભવજલ તરવા, પહોંચ્યા શિવમંદિર દ્વારે...મારા૦ ૧૩.

# શ્રી ગૌતમસ્વામી—સ્તુતિ પંચક

(સવૈયા છંદ)

જેનું અદ્‌ભુત રૂપ નીરખતાં, ઉરમાં નહિ આનંદ સમાય;
જેના મંગલ નામે જગમાં, સઘળાં વાંછિત પૂરણ થાય;
સુરતરુ-સુરમણિ-સુરઘટ કરતાં જેનો મહિમા અધિક ગણાય;
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર, પદપંકજ નમું શિશ નમાય. ૧.

વીર પ્રભુના શિષ્ય પ્રથમ જે, સકલ લબ્ધિ તણા ભંડાર;
વસુભૂતિ દ્વિજનંદન નવલા, પૃથ્વી માત હૃદયના હાર;
જગમાં નહીં કોઈ એવું કારજ, જે જસ નામે ના સિદ્ધ થાય;
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર, પદપંકજ નમું શિશ નમાય. ૨.

પંદરસો તાપસ પ્રતિબોધી, પળમાં કેવળનાણી કર્યા;
નિજ લબ્ધે અષ્ટાપદ ચડીને ચઉવિશ જિનવર પય પ્રણમ્યા;
જીવનભર પ્રભુ વીર ચરણની, જેણે ભક્તિ કરી સુખદાય;
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર, પદપંકજ નમું શિશ નમાય. ૩.

માન થયું જસ બોધનિમિત્તકને, ગુરુભક્તિ નિમિત્તક રાગ;
થયો વિષાદ ખરેખર જેનો, કેવલ વરદાયક મહાભાગ;
નીરખી જસ અદ્‌ભુત આ જીવન, કોને મન નવિ અચરજ થાય;
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદપંકજ નમું શિશ નમાય. ૪.

વીર વદનથી વેદ વચનના અર્થ યથાર્થી સુણી તત્કાળ;
બોધ લહી પણ સય સહ, છાત્રે સ્વીકાર્યું સંજમ અસરાલ;
ત્રિપદી પામી પ્રભુથી જેણે, દ્વાદશ અંગ રચ્યાં ક્ષણમાંય;
એવા શ્રીગુરુ ગૌતમ ગણધર, પદપંકજ નમું શિશ નમાય. ૫.

***

# શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

તારા વિના કોની સાથે બોલવું જંગલવત્ લાગે છે,
આ સંસાર જો આંકણી,
વિવિધ શાસ્ત્ર તણો આલાપ કરું
ભોજન પણ ભાવે નહીં તુમ વિણ જો... ૧.

કાર્ય સફળ કરવા તુજ અનુમતિ માંગતો
એહવી એ વીર કોણથી પ્રાપ્ત જ થાય જો,
પ્રેમ પ્રકર્ષે હર્ષ હતો મુજ અંતરે નિશ્ચય
આપ ચાલ્યા શિવસ્થાને જો... ૨.

અમૃત અંજન સમ પ્રભુદર્શન તાહરું કરવા
અતિ અમ અંતર ઈચ્છા થાય જો,
સ્વામી નિરણી છતાં હું વીનવું શિષ્ય ગણી,
સાચે દીન દયાળ જો... ૩.

રાગ દશા આ બંધન સંસારનું
એવી તારી વાણી વિસ્તારજો,
આજે ખરેખર અંતરથી અનુભવી રે,
બાહ્યદૃષ્ટિ સ્વામી શિષ્ય ગણાય જો... ૪.

કેહના વીરને કેના સ્વામી જાણવા
શ્રીયુત્ ગૌતમ ભાવે એ તદરૂપ જો,
નિજ સ્વરૂપી કેવળ કમળા તું વર્યો
ભવિ પ્રગટ્યો ભાવે નિજ રૂપ જો... ૫.

***

## શ્રી વિજયોદયસૂરિજી કૃત ગુરુ ગૌતમ સ્તુતિ

જેના લબ્ધિ પ્રભાવથી જગતમાં સર્વેચ્છિતો થાય છે;
જેનું મંગલ નામ વિશ્વભરમાં ષટ્દર્શકો ગાય છે;
જેના મંગલ નામથી જગતમાં વિઘ્નો સદા જાય છે,
તેવા શ્રી ગુરુ ગૌતમ પ્રણમીએ ભાવે સદા ભક્તિથી.

***

### પ્રભાવિક મંત્રરાજ મહિમા ગર્ભિત

# શ્રી ગૌતમસ્વામીની પ્રાભાતિક સ્તુતિ

**(કર્તા : શ્રી નેમિસૂરિશિષ્ય શ્રી પદ્મસૂરિજી મહારાજ)**

(હરિગીત છંદ)

શ્રી વીર પટ્ટ ગગન દિવાકર શ્રી હ્રીઁ લક્ષ્મી કીર્તિને,
ધૃતિ બુદ્ધિના સુવિલાસ ઘર નમું ઈન્દ્રભૂતિ ગણીશને;
અક્ષીણ મહાનસી લબ્ધિમંતા છઠ્ઠ છઠ્ઠ તપસ્વિ એ,
ગૌતમ નમું બેઠેલ વિકસિત કનક કમલ સિંહાસને. ૧.

મસ્તકે સોહંત છત્ર વીંજાય ચામર યુગલથી,
ઈન્દ્ર પણ જેને ભજે તે ઈન્દ્રભૂતિ નમું હર્ષથી;
કલ્પતરુ ચિંતામણિ તિમ કામધેનુ સમાન એ,
નામ જેનું જાસ શક્તિ અપૂર્વ તે ગુરુ પ્રણમીએ. ૨.

આનંદ ચિદ્દવર બ્રહ્મરૂપ સરસ્વતી ગૌતમ તણી,
નિત ભક્તિ કરતી નેહથી વર પદ્મ હૃદ સંવાસિની;
સર્વાંગસુંદર દ્યુતિ ધરી શ્રીદેવી પણ જેને નમે,
તેહ ગુરુને ધ્યાવનારા આતમા નિજ ગુણ રમે. ૩.

નંદા જયા અપરાજિતા વિજયા જયંતી દેવીએ,
તિમ સુભદ્રા દેવી આદિક ગુરુતણા ગુણ ગૌરવે,
ગાવતી નિત નિત મનુષ્યોત્તર ગિરિશિખર પર જે વસે,
દિવ્ય કાંતિ ભુજા હજારે શોભતી નિત મન વિષે. ૪.

પૂજ્ય ગૌતમ ગુરુ તણા ગુણ ગાય ભૂષણ ધારિણી,
સંઘનાં વિઘ્નો હરતી દેવી ત્રિભુવન સ્વામિની;
જાસ સોલ હજાર યક્ષો દાસ વીશ ભુજા બલી,
તે દ્વાદશાંગી દેવ મ્હેરે સફળ હોવે મન રળી. ૫.

શ્રુત દેવતા ગૌતમ ગુરુના ગુણ સ્મરણ લહુ માનથી,
કરનાર જનનાં વિઘ્ન હરતી આપતી સુખ નિયમથી;
સૌધર્મ હરિ ઈશાન હરિ તિમ ઈન્દ્ર સનત્કુમારના,
બ્રહ્મેન્દ્ર ભાવે ભક્તિ કરતાં ગાઈ ગુણ ગૌતમ તણા. ૬.

આધીન જસ અડ નાગકુલ દીપે હજાર ફણાવલી,
ધરણેન્દ્ર તે મંત્રરાજયુત ગૌતમ નમે સુકૃતાંજલી;
સદ્દભાગ્યવંતા ઈન્દ્ર સર્વે રોહિણી આદિક સુરી,
યક્ષ યક્ષિણી ધ્યાવતા તે ઈન્દ્રભૂતિ ગુણાવલી. ૭.

શ્રી ગૌતમસ્વામી તણી પદભક્તિથી અહીંયાં મળે,
જલ અન્ન ધૃતિ સુખહેતુ અદ્દભુત લબ્ધિ વાંછિત સવિ ફળે;
પરલોકમાં વર દેવ ઋદ્ધિ શ્રેષ્ઠ નરભવ શિવ મળે,
આધિ વ્યાધિ ઉપાધિ સંકટ વિઘ્ન ઉપસર્ગો ટળે. ૮.

ૐ ક્રીઁ અને શ્રીઁ હ્રીઁ સુમંત્રે ધ્યાન કાલે સવિ સુરા,
પાસે કરી કર જોડ કાઉસ્સગ્ગમાં સ્મરંતા શીલધરા;
ધૂપ કર્પૂરાદિકે હોંશે સદા ગૌતમ તણી,
પૂજા કરંતા લબ્ધિ સિદ્ધિ ઋદ્ધિ વૃદ્ધિ લહે ઘણી. ૯.

ઈન્દ્રિય વિજય કરનાર નિર્મલ વસ્ત્ર પ્હેરી ગુપ્તિને,
સમિતિના ધરનાર ધ્યાવત ઈન્દ્રભૂતિ ગુણશ્રેણિને;
શ્રુતસિંધુ કેરો પાર પામે જયવિજય વિશ્વે સદા,
નેમિસૂરિ પદ પદ્મ મ્હેરે તે લહે શિવસંપદા. ૧૦.

* * *

# શ્રી ગૌતમસ્વામીનો છંદ

**(કર્તા : શ્રી નેમિસૂરિશિષ્ય શ્રી પદ્મસૂરિજી મહારાજ)**

**(રાગ : માત પૃથ્વીસુત પ્રાતઃ ઊઠી નમો...)**

પૂજ્ય ગુરુ ગોયમા પ્રબલ પુણ્યોદયે, આજ પ્રભાતમાં મેં નિહાલ્યા;
વરસિયા મોતીના મેહ કંચનતણા, સૂર ઊગ્યો હૃદયકમલ વિકસ્યા...પૂજ્ય૦ ૧.

તેહ ગૌતમ તણા જનક વસુભૂતિ, વલી જનની પૃથ્વી પ્રવર ગુણધરા એ;
ગોત્ર ગૌતમ બલે ખ્યાતિ ગૌતમ લહ્યા, ઇન્દ્રભૂતિ મૂલ નામે નમીએ...પૂજ્ય૦ ૨.

ઇન્દ્ર સુર માનવા નિત સ્તવે જેમને, ત્રિપદીને પામી ગુરુ વીર વચને;
મુહૂર્તમાં જે રચે પ્રથમ પૂર્વો, પછી દ્વાદશાંગી નમો તે ગુરુને...પૂજ્ય૦ ૩.

નાથ વીર પ્રણીત મંત્ર જેને, મહાનંદ સુખ કાજે થયો સૂરિ રાયા;
તેહને ધ્યાવતા સ્વપરતારક થતા, તેહ ગુરુ પુણ્યથી આજ ધ્યાયા...પૂજ્ય૦ ૪.

નામ જેનું લિયે સકલ ગુણી, મુનિજનો ગોચરી ભ્રમણકાલે ઉમંગે;
પોરસી પભણતા શયનકાલે, મુનિ શ્રાવકો આદિમાં ભણત રંગે...પૂજ્ય૦ ૫.

જેહ અષ્ટાપદે આપ લબ્ધિબલે, જાય તે નિશ્ચયે સિદ્ધ હોંશે;
એહ પ્રભુ વીરના વચનને સુર કને, ઇન્દ્રભૂતિ સુણે મન ઉલ્લાસે...પૂજ્ય૦ ૬.

જાય નિજ શક્તિથી સર્વ પ્રભુ વંદતા, વજ્રસ્વામીતણા જીવ અમરને;
દેશના દેઈ પ્રતિબોધીને ઉતરતા, પંદરસો ભવિજન તાપસોને...પૂજ્ય૦ ૭.

દેઈ દીક્ષા અક્ષીણ લબ્ધિથી પારણું ક્ષીરનું જે કરાવી ગુણી એ;
કેવલાંબર તણી દક્ષિણા આપતા તેહ ગુરુ ઇન્દ્રભૂતિ નમીએ...પૂજ્ય૦ ૮.

વીર પ્રભુ સિદ્ધ થયા તે પછી હરિ સુરો યુગપ્રધાનપણું જેનું વિચારી;
ઉત્સવે વીરના પટ્ટધર થાપતા દીપતા બીજમતિ તેજધારી...પૂજ્ય૦ ૯.

નામ ગૌતમતણું બીજ ત્રૈલોક્યનું, ધ્યાન પરમેષ્ઠી જિનરાજનું એ;
નિત્ય પ્રભાતમાં બોલતાં ભક્તનાં, વાંછિતો જરૂર ફલતાં નમો એ...પૂજ્ય૦ ૧૦.

લબ્ધિનિધિ અમૃત અંગુષ્ઠમાં જસ વહે, તેહ ગૌતમગુરુ સ્તવન કરતાં;
નેમિસૂરિ ગુરુતણા પદ્મસૂરિ પ્રતિદિને, ગુરુ ગુણાનંદ સુખશાંતિ ભજતા...પૂ૦ ૧૧.

***



# શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

(કર્તા : શ્રી નેમિસૂરિશિષ્ય શ્રી પદ્મસૂરિજી મહારાજ)

નમો નમો ગોયમા મુખ્ય એ ગણધરા, સમરતા સર્વવાંછિત ફલે એ;
સર્વ દેવો નરા જાસ પદ વંદતા હોંશથી, વિઘ્ન સવિ છેદતા એ...નમો૦ ૧.

ગૌતમાન્વય કમલ ભાનુસમ ગુરુ ગુણી, સર્વને રક્ષતા નિરભિમાની;
વીરથી ભૂલ સુણી શ્રાદ્ધ આનંદને, મિચ્છામિ દુક્કડં દેત નાણી...નમો૦ ૨.

વીર પ્રભુ પદકમલ ભ્રમરસમ શોભતા, ભવ્યજનને પ્રતિબોધ જાણી;
પ્રશ્ન બહુ પૂછતા પ્રભુ દિયે ઉત્તરો, ગોયમા ઉચ્ચરી સુગુણ ખાણી...નમો૦ ૩.

લબ્ધિનિધિ શ્રી હ્રી ધૃતિ કાંતિ લક્ષ્મી તણા કીર્તિના સ્થાન ગૌતમગુરુ એ;
મુક્ત સંસારથી ભવ્ય આકૃતિધરા, દર્શનાદિક ગુણી ગુરુ નમીએ...નમો૦ ૪.

ચઉભુજા શારદા થુણત ગૌતમ ગુણો, માનુષોત્તર મહીધર નિવાસા;
હસ્તિ પર બેસતી ત્રિભુવનસ્વામિની, વિવિધ આયુધધરા ગુણવિલાસા...નમો૦ ૫.

તે સહસ વર ભુજાધારિણી ગુરુ તણા, ભક્તનું શિવ કરે સ્નેહ આણી;
પીઠ સંસ્થિત જયાદિક સુરી સેવતી, ગૌતમ પ્રણમતી પ્રીતિ આણી...નમો૦ ૬.

જાસ મુખ ગજ સમું અધિપતિ યક્ષનો, જેહ જસનેત્ર ત્રણ વીસ ભુજાઓ;
જાસ આયુધધરો શ્રુતતણો અધિપતિ, સેવતો ગુરુચરણ નિત્ય ધ્યાવો...નમો૦ ૭.

સોલ વિદ્યા સુરી ઈન્દ્ર ચોસઠ વળી, યક્ષ ચોવીશ તિમ યક્ષિણી એ;
ચરણ ગૌતમ તણા સેવતા નેહથી, તેહ ગૌતમ-ચરણ નિત સ્મરીએ...નમો૦ ૮.

ધન્ય કૃતપુણ્ય જન જેહ ગૌતમ નમે, પૂજતા ધ્યાવતા હર્ષ પામી;
નેમિસૂરિ ગુરુચરણ પદ્મ સુપસાયથી, ગુરુ થુણ્યા તીવ્રતપ આત્મરામી...નમો૦ ૯.

* * *

# શ્રી ગૌતમસ્વામીનો છંદ

પૃથ્વી માતાના નંદન નમિયે, પુરવલાં તે પાપ નિગમિયે;
ઈન્દ્રભૂતિ છે એહનું નામ, જેનું જગમાં નહીં ઉપમાન... ૧.

નામે નવનિધિ હેલે આવે, અષ્ટ મહાસિદ્ધિ રિદ્ધિ પાવે;
સૌભાગ્ય મલે વાધે વાન, પાવે નિર્મલ ઉત્તમ જ્ઞાન. ૨.

પ્રાતઃ સમયે નિત્ય પ્રણમિયે, સુખ સંપત્તિ એહથી લહિયે;
કષ્ટની કોડી એહ નિવારે, પરલોકે દુર્ગતિ વારે. ૩.

ગૌતમ નામે લીલ વિલાસ, એ તો પૂરે મનની આશ;
તાપસ પંદરસે પ્રતિબોધી, દીધી કેવલજ્ઞાનની ઋદ્ધિ. ૪.

અષ્ટાપદ ગિરિવર પર ચઢિયા, જિન દેખી લોચન ઠરિયાં;
ચોવીસ જિનના ચૈત્ય જુહારી, જગ-ચિંતામણિ કરે સારી. ૫.

ગુરુ ગૌતમ લબ્ધિએ ભરિયા, ગુણ ગણના એ છે દરિયા;
ભક્તિભાવે જે એહને ધ્યાવે, તે તો કેવલ કમલા પાવે. ૬.

હસ્તે કેવલ લક્ષ્મીનો વાસ, મુખે સરસ્વતી કરે પ્રકાશ;
વીરના અંતેવાસી શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ. ૭.

ગૌતમસ્વામીના ગુણો જે ગાવે, તે તો મનવાંછિત ફલ પાવે;
ઘર ઘર થાયે માંગલિક માલ, લબ્ધિ લીલા લચ્છિ વિશાલ. ૮.

સંવત બે હજાર એકવીશ (૨૦૨૧) વર્ષ, સ્થંભનગરે રચ્યો છંદ;
નેમિસૂરિનો બાળક બોલે, નહીં કોઈ ગુરુ ગોયમને તોલે. ૯.

***

# શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ

**(કર્તા : પૂ. આ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પૂ. આ. શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજ)**

**(પાસ શંખેશ્વરા, સાર કર સેવકા, દેવ! કાં એવડી વાર લાગે?—એ દેશી)**

લબ્ધિભંડાર ગુણવંત ગુરુ ગાજતો, ગૌતમસ્વામી ! ભવપાર કીજે;
ઉદય કર માહરો સેવક તાહરો, જાણીને એટલું સુજસ લીજે...લબ્ધિ૦ ૧.

કામધેનુ[1] અને સુરતરુ[2] સુરમણિ[3], તાહરા નામમાં આવી પેઠા;
કામકુંભાદિક[4] મનોરથપૂરક તે પણ તુજથી હોય હેઠા[5]...લબ્ધિ૦ ૨.

ગૌતમ ગુણનિધિ બુદ્ધિનો જલનિધિ[6], તાહરા નામમાં રિદ્ધિસિદ્ધિ;
પદે પદે શાસ્ત્રમાં નામ તુજ સમરતાં, દુઃખદરિદ્રતા દૂર કીધી...લબ્ધિ૦ ૩.

પટ્ટધર પ્રથમ તું દેવ મહાવીરનો, પ્રશ્ન પૂછ્યા ઘણા થઈ ઉમંગી;
પદ અનુસારિણી લબ્ધિ બુદ્ધિબળે, ત્રિપદીથી[7] રચી દ્વાદશાંગી[8]...લબ્ધિ૦ ૪.

ચૌદ પૂરવ રચ્યા મુહૂર્તની અંદરે, મહા ઉપકારનું કાર્ય કીધું;
લોક અનેકને ધર્મ સન્મુખ કરી, દીધું તેં શિવપુર[9] દ્વાર સીધું...લબ્ધિ૦ ૫.

શક્તિ અલૌકિક ગૌતમ ! તાહરી, અનુપમ ગુણ તુજ આવી જામ્યા;
તાહરા હાથથી દીક્ષિતો જે થયા, તે પણ કલેશને પાર પામ્યા...લબ્ધિ૦ ૬.

*૧. કામધેનુ ગાય, ૨. કલ્પવૃક્ષ, ૩. ચિંતામણિ રત્ન, ૪. કામઘટ તથા દક્ષિણાવર્ત શંખ, ૫. ઊતરતા, ૬. દરિયો, ૭. ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ૮. બાર અંગ, ૯. મોક્ષ*

પંદર શત[૧૦] પ્રતિ બુઝવી તાપસો, અદ્રિ[૧૧]અષ્ટાપદે બિંબ[૧૨] વંદી;
શાલ મહાશાલ ગાંગિક નૃપ, આદિને, કેવળભાક્[૧૩] કર્યા તેં આનંદી...લબ્ધિ૦ ૭.

ગર્વ જે તાહરો બોધ માટે થયો, રાગ ગુરુભક્તિ નિમિત્ત થાતો;
ખેદ પણ કેવળનાણ નિમિત્ત બન્યો, જગત આશ્ચર્ય તુજ રીતભાતો...લબ્ધિ૦ ૮.

ગુણપતિ ગચ્છપતિ તેમ ગણેશ કે, ગૌતમ નામ પર્યાય[૧૪]શબ્દા;
ષટ્ઋતુ અયન[૧૫] બે દ્વાદશ માસને ત્રણ્યશત સાઠ દિન જેમ[૧૬]અબ્દા...લ૦ ૯.

મંગલિક સર્વમાં ગૌતમ તાહરું નામ છે આદિ કલ્યાણ કરતાં;
ગૌતમ નામનો જાપ જપતાં થકાં, નિશ્ચય વિશ્વમાં વિઘ્ન હરતાં...લબ્ધિ૦ ૧૦.

પ્રણવની[૧૭] સાથે હ્રીઁકાર પદ જોડીને, સદ્ગુરુ ગૌતમ નામ લીજે;
પ્રસન્ન ચિત્તે કરી, નીતિંને ઉર ધરી, અઘ[૧૮] હરી ભાગ્યનો ઉદય કીજે...લ૦ ૧૧.

*૧૦. પંદર સો, ૧૧. પર્વત, ૧૨. જિનપ્રતિમા, ૧૩. કેવળ ભજનારા, ૧૪. એકનાં અનેક નામ, ૧૫. ૭ માસનું એક અયન, ૧૬. વર્ષના, ૧૭. ૐકાર ૧૮. પાપને દૂર કરી*

* * *

# દિવાળીનું સ્તવન

મને ઉપકારી વીર પ્રભુ સાંભરે રે
મારા દર્શન દાયક દેવ દેજો...મને૦ ૧.

મારા હૈયાના હાર પ્રભુ વીરજી રે,
રાખી તરફડતો દાસ થયા સિદ્ધ જો...મને૦ ૨.

મને મૂકીને મુક્તિમાં સંચર્યા રે,
કહું કોની આગળ જઈ દુઃખ જો...મને૦ ૩.

ગોયમ ગોયમ કહેનાર ગયા મુક્તિમાં રે,
કોણ પ્રશ્નની ભાંગશે ભૂખ જો...મને૦ ૪.

ગયા ત્રિપદી સુણાવનાર મુક્તિમાં રે,
હવે કોની કરીશ હું તો સેવ જો...મને૦ ૫.

બોલે ગૌતમ વેણ એમ રાગથી રે,
ઘડીભરમાં વિચારે પ્રભુ વેણ જો...મને૦ ૬.

પ્રભુ વીતરાગ રાગને ટાળતા રે,
રાગ હોત તો ન કેવળજ્ઞાન જો...મને૦ ૭.

એમ ભાવિ થયા ગૌતમ કેવળી રે,
દેવ ઓચ્છવ કરે ગુણગાન જો...મને૦ ૮.

નમો વીર ગૌતમ પદ પદ્મને રે,
પામી હોંશે દિવાળીનું પર્વ જો...મને૦　　૯.

***

# શ્રી ગૌતમસ્વામી સ્તવન

## (કર્તા : પૂ. મુ. શ્રી દર્શનવિજયજી 'ત્રિપુટી' મહારાજ)

ગૌતમ નામ સુમરિયે સુમનજન, ગૌતમ નામ સમરિયે,
પૃથ્વીસુત વસુભૂતિ નંદન, ગૌતમકુલ અવતરિયે.
ઈન્દ્રભૂતિ છે નામ મનોહર, હૈડે નિશદિન ધરિયે....સુમન૦　　૧

વીર વઝીરજી જ્ઞાની સુકાની, ષડ્દર્શન રૂપ દરિયે,
અષ્ટાપદ જઈ તાપસ તાર્યા, અંગૂઠ લબ્ધિ ઉચ્ચરિયે....સુમન૦　　૨

જન્મ સુહાયો ગુબ્બર ગામે, કેવલ પાવા નગરિયે,
મહસેન દીક્ષા શિક્ષા શિવપદ, વર વૈભાર સુગિરિયે....સુમન૦　　૩

મહામંત્ર જ નામએ ગૌતમ, જપતાં જલનિધિ તરિયે,
નહી દુઃખ મરણે મરિયે કદાપિ, નહીં દારિદ્રથી ડરિયે....સુમન૦　　૪

ગૌતમ નામે ભવભીડ હરિયે, આત્મભાવ સંવરિયે,
કર્મ જંજીરીયે બાંધ્યા છૂટે, ઉત્તમકુલ અવતરીયે....સુમન૦　　૫

ધન બડગાંવમાં શ્રી જિનમંદિર, વંદન પૂજન કરિયે,
ગણધર મંદિર ગૌતમ ચરણાં દેખીને દિલે ઠરિયે....સુમન૦　　૬

નિજ દિક્ષા દિન યાત્રા કરતા, નિજ આતમ ઉદ્ધરિયે,
ચારિત્ર પદકજ દર્શન બાંધી, મુક્તિ બાગમાં ફરિયે....સુમન૦　　૭

***

# શ્રી ગૌતમસ્વામીજીની સજ્ઝાય

## (કર્તા : શ્રીમદ્ વિજયજયન્તસૂરીશ્વરજીના શિષ્યરત્ન મુનિશ્રી સમ્યગ્રત્નવિજયજી)

(રાગ : ગર્વ ન કરશો રે ગાત્રનો...)

ભવિજન વંદો રે ભાવથી, માતા પૃથ્વીના લાલ રે,
વસુભૂતિના બાલ રે, ગૌતમસ્વામી ગણધાર રે...ભવિજન૦　　૧.

ગુબ્બર ગામે જન્મીયા, ભણતા વેદનો પાઠ રે;
કરતા યજ્ઞ બહુ ઠાઠ રે, મિથ્યા ધર્મની બાઢ રે...ભવિજન૦　　૨.

કેવલ લઈ પ્રભુ સમોસર્યા, સમવસરણમાં મંડાય રે,
ભૂમિ યોજન માંય રે, વંદન કરવા સહુ જાય રે...ભવિજન૦　　૩.

ઈન્દ્રભૂતિ અભિમાનમાં, પૂછે લોકને વાત રે,
જાવો ક્યોં સબ સાથ રે, છોડી યજ્ઞનો પાથ રે...ભવિજન૦ ૪.

તબ વલતું સવિ બોલિયા, આવ્યા વીર ભગવાન રે,
સુણવા તેમની વાણ રે, ત્રિજગ કેરા છે ભાણ રે...ભવિજન૦ ૫.

ઈન્દ્રભૂતિ તબ કોપિયા, મુજ સમ ઔર ન કોય રે,
એ કોઈ માયાવી હોય રે, વાદથી હટાવું જાય રે...ભવિજન૦ ૬.

હુંકારો કરી ચાલિયા, શિષ્ય પાંચસો સાથ રે,
મનમાં ગર્વ ન માત રે, જીતશું હું કેઈ ભાત રે...ભવિજન૦ ૭.

સમવસરણને નિહાલતા, ગોયમ ચમક્યા તે વાર રે,
શું એ બ્રહ્મા અવતાર રે, કેવલી વીર કિરતાર રે...ભવિજન૦ ૮.

પ્રભુજી પોતે બોલાવતા, વાણી અમીય સમાન રે,
આપ્યું ગોયમને માન રે, સુણતાં આવ્યું તબ ભાન રે...ભવિજન૦ ૯.

સંશય મન તણા છેદિયા, શિષ્ય થયા તે વાર રે,
કરી દિલમાં વિચાર રે, જાણ્યો ધર્મનો સાર રે...ભવિજન૦ ૧૦.

એમ એકાદશ ગણધરા, થયા પ્રભુ તે વાર રે;
આપે ત્રિપદી સાર રે, દ્વાદશાંગી વિચાર રે...ભવિજન૦ ૧૧.

પ્રથમ શિષ્ય છે પ્રભુતણા, વિનય વિવેકવંત રે,
ગૌતમસ્વામી ગુણવંત રે, એ સમ કોઈ ન સંત રે...ભવિજન૦ ૧૨.

અષ્ટાપદ પર જાવતાં, વાંદવા ચોવીશે જિન રે,
તાપસ પંદર સો તીન રે, આપી દીક્ષા તે દિન રે...ભવિજન૦ ૧૩.

જિનવર વંદી કરે પારણું, ખીરનું પાત્ર છે એક રે,
અંગૂઠે લબ્ધિ અનેક રે, કેવલી પાંચસો એક રે...ભવિજન૦ ૧૪.

સમવસરણમાં પેસતાં, બાકી કેવલી હોય રે,
પ્રભુ ગુણ ગાતા તે સહુ રે, સંશય રાખો ન કોય રે...ભવિજન૦ ૧૫.

જે જે દીક્ષા તે આપતા, તે સહુ કેવલી હોય રે,
સહસ પચ્ચાસ જોય રે, પાતિક તે સહુ ખોય રે...ભવિજન૦ ૧૬.

વરસ પચાસ ઘરમાં વસ્યા, તીસ વળી વીરની સેવ રે,
આણા શિરવહે દેવ રે, છઠ છઠ તપ કરે તેમ રે...ભવિજન૦ ૧૭.

દેવશર્મા પ્રતિબોધવા, કીનો હુકમ ભગવાન રે,
વળતાં સૂણ્યું નિર્વાણ રે, ભૂલ્યા તે સવિ ભાન રે...ભવિજન૦ ૧૮.

અંત સમય અલગો કિયો, મુજને કેમ ભગવંત રે,
આવત હું શું તુમ સંગ રે ? તુમ શું પ્રીતિ અનંત રે...ભવિજન૦ ૧૯.

એમ અનેક વલોપાતથી, મનથી ઓસરિયો રાગ રે,
પ્રભુજી છે વીતરાગ રે, ફોગટ કીધો મેં રાગ રે...ભવિજન૦ ૨૦.

અનિત્ય ભાવના ભાવતાં, પામ્યા કેવળજ્ઞાન રે,
ગૌતમ લબ્ધિનિધાન રે, કાર્તિક પડવા પ્રભાત રે...ભવિજન૦ ૨૧.

બાર વરસ લગે શોભતા, વીરના શાસનમાં આપ રે,
સ્વામી સુધર્મા થાપ રે, પોંત્યા મુક્તિમાં આપ રે...ભવિજન૦ ૨૨.

સૌધર્મ બૃહદ્ તપગચ્છમાં, આવ્યા સૂરિરાજેન્દ્ર રે,
ધનચંદ્રસૂરિ ભૂપેન્દ્ર રે, યતીન્દ્ર વિદ્યા સુરીન્દ્ર રે...ભવિજન૦ ૨૩.

આમ પરંપરા ચાલતી, આવ્યા સૂરિજયન્ત રે,
વંદે સમ્યગરત્ન રે, કરજો ભવનો અન્ત રે...ભવિજન૦ ૨૪.

વીસ ચાર શત સાલમાં, ભીનમાલ ચાતુર્માસ રે,
કાર્તિક ઉજ્જ્વલ માસ રે, રચના પડવા દિન ખાસ રે...ભવિજન૦ ૨૫.

***

## શ્રી ગૌતમ ગુરુ સ્તુતિ

મહા લબ્ધિવંત એ ગુરુ મારા, મહાવીરને શરણે રહેનારા,
પંચ મહાવ્રતને ધરનારા, ભાવિક તણાં દુઃખો હરનારા.

ફિકર તજી આજ્ઞાએ રહેનારા, તારી બહુજનને તરનારા.
સર્વ ઉપર કરુણા કરનારા, ક્ષમા ધર્મને ધારણ કરનારા.

પરમ પવિત્ર પ્રભાવિક પ્યારા, દૃશ્ય પ્રપંચોથી નિત્ય ન્યારા,
ધર્મીઓને સુખ કરનારા, એવા ગૌતમ ગુરુ છે મારા.

*(સુનંદાબહેન વ્હોરાના સંપાદિત ગ્રંથમાંથી સાભાર.)*

***

# અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીની ભાવવાહી સ્તુતિ

*રચયિતા પૂ. આ. મ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. શ્રીના*
*શિષ્યરત્ન પં. શ્રી દાનવિજયજી મ.*

**(હરિગીત)**

શ્રી ઈન્દ્રભૂતિ વિપ્ર જેનું નામ મંગળ શોભતું,
પૃથ્વી અને વસુભૂતિનન્દન ગોત્ર ગૌતમ ઓપતું;
સુર–અસુર–નરના ઈન્દ્ર જેની કરે સ્તવના ભાવથી,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૧.

ત્રિપદી લહી શ્રી વીર મુખથી બીજ સમ સિદ્ધાંતના,
જે બીજ બુદ્ધિના ધણી મુહૂર્ત માત્ર કાળમાં;
રચતા ચતુર્દશ પૂર્વને વળી અંગબાર સ્વભાવથી,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૨.

જસ વર્ય સુખ-આનન્દકારણ વર્ધમાન જિનેશ્વરે,
રચના કરી પૂર્વે પ્રભાવક સૂરિ મંત્રતણી ખરે;
જેનું સકળ સૂરીશ્વરો કરે ધ્યાન આજે ભાવથી,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૩.

સકલવાંછિત સિદ્ધિદાયક મંત્રસમ જસ નામને,
મુનિઓ બધા ભિક્ષાભ્રમણકાળે પ્રસન્નમને ગ્રહે;
થઈ પૂર્ણ ઈચ્છા જેહની મિષ્ટાન્ન પાન ને વસ્ત્રની,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૪.

જે તીર્થ અષ્ટાપદતણો મહિમા સુણી સુવક્ત્રથી,
આકાશમાં નિજશક્તિએ ચડતા અતુલ ભક્તિ થકી;
ચોવીશ જિનવર ચરણ પંકજ સ્તવન કારણ ભાવથી,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૫.

ચડવા ગિરિ અષ્ટાપદે ત્રણ પંચ શત સહુ તાપસો,
તપથી દમી નિજદેહ જે નિશદિન કરે બહુ સાહસો;
કરે દાન તેને ખીરનું જે મહા અક્ષીણ લબ્ધિથી,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૬.

ભોજન ખરેખર દક્ષિણા પૂર્વક સદા હોવું ઘટે,
મનમાં વિચારી એમ જે ગણધર વિભુએ નિશ્ચયે;
કેવળ રૂપી નિર્મલ વસન આપ્યું મહા ઔદાર્યથી,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૭.

પ્રભુ વીર શિવ પામ્યા પછી યુગપુરુષ જેને જાણીને,
પટ્ટાભિષેક કર્યો સુરેન્દ્રોએ હૃદય મુદ આણીને;
નિજ સાધ્ય સાધી સિદ્ધિ વરતા સજ્જનો જસ નામથી,
આપો સદા વાંછિત મને ગૌતમ ગુરુ સુપ્રભાવથી. ૮.

ગૌતમતણું આ પુણ્યઅષ્ટક જે મુનિ પ્રવરો સદા,
આદર ધરીને મધુર કંઠે પ્રહસમય ભણતાં સદા;
નિશ્ચય થકી અનુક્રમે તે સૂરિપદ પામી લહે,
તલ્લીન થઈ નિજ આત્મરમણે સ્વર્ગ કે શિવસૌખ્યને. ૯.

શાસન તણા સમ્રાટ શ્રી ગુરુનેમિસૂરિરાજના,
વળી પૂજ્ય ગુરુ અમૃત તથા સુપસાયથી સૂરિ દેવના;

બુધ હેમચંદ્ર સહાયથી અષ્ટકતણો અનુવાદ આ,
ગણિ દાનવિજયે સ્વપરકારણ કર્યો દેજો સંપદા. ૧૦.

***

# શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

*(કર્તા : પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય*
*પૂ. પં. શ્રી ભદ્રસેનવિજયજી ગણિ)*

**(રાગ : અંતરજામી સુણી)**

ગૌતમસ્વામી અંતરજામી, આતમરામી પામી રે;
હું થાઉં તુમ પથ અનુગામી, શિવરામી વિસરામી;
ગુરુપદ જપીએ રે, ભવોભવ સંચિત પાપ દૂરે ખપીએ રે. ૧.

માત પૃથ્વીના કુંવર સુંદર, વાણી અમીય સમાણી રે,
વસુભૂતિ-નંદન ગૌતમ સમરું, ચાર અનુયોગ સુખાણી...ગુરુપદ૦ ૨.

શીલ-સરળતા-સમતા-ક્ષમતા, વિનય આદિ ગુણધામી રે,
જ્ઞાની-ધ્યાની-તપસી-સૌભાગી, પૂજો શિવગતિ કામી...ગુરુપદ૦ ૩.

ગૌતમસ્વામી ગુરુ ગુણપતિ, નીતમગતિ જગમાં રે,
તુમ ભગતિથી સુમતિ રતિ હોજો રે શિવ પલકમાં...ગુરુપદ૦ ૪.

અનંતલબ્ધિ તણા નિધાન, ગૌતમ ગુણી મુનિરાયા રે,
નમતાં-જપતાં-ધ્યાન કરતાં, ભજતાં પાપ ગમાયા...ગુરુપદ૦ ૫.

મુજને વહાલી ગૌતમ-સેવા, ગજને મન જિમ રેવા રે,
ગુરુસેવાથી મુગતિ-મેવા, આપો આપની સેવા...ગુરુપદ૦ ૬.

આંખડી આજે હરખે સ્વામિ, તુમ દરિશનસે મારી રે,
દેજો મુજને શીતળ છાયા, ગોયમ નિત્ય સવારી...ગુરુપદ૦ ૭.

મૂરતિ તારી રૂપ મનોહારી, મોહનગારી પ્યારી રે,
ભવદુઃખવારી શિવ સુખકારી, આતમને ગુણકારી...ગુરુપદ૦ ૮.

ૐ હ્રીં નમો ગોયમસ્સ, મંત્ર જપો દિલ ભાવે રે,
ગુરુ ગોયમનું સમરણ કરતાં, આતમરિદ્ધિને પાવે...ગુરુપદ૦ ૯.

શાસનસમ્રાટ નેમિસૂરિ ગુરુ ગોયમપદ આરાધે રે,
સૂર્યોદયે ગોયમપદ નમતાં, ભદ્ર આતમ કાજ સાધે...ગુરુપદ૦ ૧૦.

***

# ગૌતમ-વંદના

## -પૂજ્ય મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજ

[એક જ ચરિત્ર, એક જ ઘટના, એક જ ભાવ, એક જ ભાવનાને જુદા જુદા સર્જકને હાથે જુદું જુદું રૂપ પ્રાપ્ત થતું હોય છે. એનાથી મૂળભૂત ભાવ-ભાવના દૃઢીભૂત થતી હોય છે. એક જમાનામાં, કોઈ પણ કથાને દુહાઓમાં ઢાળીને પ્રચારમાં મૂકવામાં આવતી હતી. એમાં ચરિત્રનાયકનાં ગુણગાન પણ ગવાતાં હતાં. પૂ. મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજે ૧૦૮ દુહા દ્વારા અહીં ગૌતમ-વંદના રચી છે. ભાવકને એ જુદી જ રીતે માણવાની તક મળશે એ નિઃસંશય છે.

શ્રી ગૌતમ ગણધરના ૧૦૮ ફોટા મુકવા. તેમાં નીચે દુહો કે શ્લોક જેવું હોય તો સારું આ મારી ભાવનાને મૂર્ત કરવા પૂ. મુનિશ્રી સુધર્મસાગરજીએ ૧૦૮ દુહામય ગૌતમ ચરિત્ર ચાલુ વિહારે બનાવીને મોકલ્યું. જોયા પછી એમ લાગ્યું કે આને ટુકડે-ટુકડે છાપવા કરતાં સળંગ છાપવું વધારે ઉપયોગી થશે. ફોટા પણ ૧૨૦ થયા છે. તેથી એક કાળે દુહામય ચરિત્રો લખતા તેની યાદી કરાવતું સ્વતંત્ર છાપેલ છે. શ્રી ગૌતમસ્વામિની આરાધનામાં ૧૦૮ ખમાસમણા દેવાપૂર્વક વંદના કરવામાં ઘણું ઉપયોગી અને ફળદાયી થશે. *—સંપાદક*]

કોડાકોડિ સાગરૂ, વીરશું કીધો નેહ;
તે ગૌતમને વંદના, જગ નહીં જોડી એહ. ૧.

પહેલા ભવથી બાંધિયો, વીરશું તારોતાર;
તે ગૌતમને વંદના, નેહ જસ ભારોભાર. ૨.

વીર જિણંદનો જીવ જે, ફરતો મરીચિ નામ;
તે ગૌતમને વંદના, કરતો તાસ પ્રણામ. ૩.

મુખ દેખી મન ઉલ્લસે, પૂછે તિહાં મહાભાગ;
તે ગૌતમને વંદના, લેતો ધર્મનો ત્યાગ. ૪.

કપિલ જીવ સંયમ લિયે, હરખે મરીચિ પાસ;
તે ગૌતમને વંદના, કરતો સેવા તાસ. ૫.

એક મને આરાધતો, વીર જિણંદનો જીવ;
તે ગૌતમને વંદના, અંતે પામે શિવ. ૬.

યૌવનવય આરાધતો, બ્રહ્મચર્ય ધર ધીર;
તે ગૌતમને વંદના, જેને મલ્યા મહાવીર. ૭.

આયુ પૂરણ કરી પામતો દેવલોકનાં સુખ;
તે ગૌતમને વંદના, વીરવિરહે જસ દુઃખ. ૮.

સ્નેહ-રાગ નિબિડ કિયો, વીર શું પારાવાર;
તે ગૌતમને વંદના, મહિમા અપરંપાર. ૯.

અઢારમો ભવ પામિયા, વીર જિત વાસુદેવ;
તે ગૌતમને વંદના, સારથિ બની કરે સેવ. ૧૦.

ત્રિપૃષ્ઠ નિજ તાકાતથી, કરતો સિંહ બેહાલ;
તે ગૌતમને વંદના, કરતો સિંહને વહાલ. ૧૧.

ધરતી પર સિંહ તરફડે, માર્યો વિણ હથિયાર;
તે ગૌતમને વંદના, સમજાવે ધરી પ્યાર. ૧૨.

પશુમાં સિંહ, તેમ માનવે સિંહ સમજ તું તેહ;
તે ગૌતમને વંદના, શાતા પમાડે જેહ. ૧૩.

નેહ ધરીને નીરખતો, સારથિને વનરાજ;
તે ગૌતમને વંદના, સારે આતમ કાજ. ૧૪.

ભવ પૂરણ કરી છૂટતા સારથિ ને હરિ ધીર;
તે ગૌતમને વંદના, અંતે ગૌતમ વીર. ૧૫.

જંબૂદ્વીપ દક્ષિણ ભરત, મગધ નામનો દેશ;
તે ગૌતમને વંદના, જન્મે બ્રાહ્મણ વેશ. ૧૬.

અવનીતલે વિખ્યાત જે, વસુભૂતિ નામે તાત;
તે ગૌતમને વંદના, જેહની પૃથ્વી માત. ૧૭.

બાલપણે વિદ્યા વિષે, જેહને છે અતિ રાગ;
તે ગૌતમને વંદના, વેદવિશારદ બાગ. ૧૮.

રૂપમાં જીતે કામદેવ, આંખે નહિ વિકાર;
તે ગૌતમને વંદના, જાણે જગત અસાર. ૧૯.

અગ્નિભૂતિ વાયુભૂતિ અનુજ થયા તસ દોય;
તે ગૌતમને વંદના, જગમાં જોડી ન કોય. ૨૦.

વેદ ભણ્યો વિદ્યા લહી, કરતો વાદ અનેક;
તે ગૌતમને વંદના, બ્રહ્મચારી રહ્યો છેક. ૨૧.

ભણે-ભણાવે શિષ્યને, થયો જગમાં વિખ્યાત;
તે ગૌતમને વંદના, શિવપુર દ્યો મુજ તાત. ૨૨.

અંતિમ ભવ દીક્ષા લિયે, વર્ધમાન જિનરાય;
તે ગૌતમને વંદના, સોહે ભરે મહારાય. ૨૩.

ક્લિષ્ટ તપ કરી પામતા, વીર જિન કેવળજ્ઞાન;
તે ગૌતમને વંદના, જેહની જગમાં શાન. ૨૪.

જીવ તણી શંકા રહી, વેદ ભણાવે શિશ;
તે ગૌતમને વંદના, રાખે નહીં કદી રીસ. ૨૫.

યજ્ઞ યાગ બોલાવતા, જાએ દેશ વિદેશ;
તે ગૌતમને વંદના, સુખિયો વિપ્રને વેશ. ૨૬.

મહાયજ્ઞને માંડતો, સોમિલ બ્રાહ્મણ ખાસ;
તે ગૌતમને વંદના, બોલાવે તિહાં તાસ. ૨૭.

તાસ સમોવડ જે બીજા હુતા દશ બ્રહ્મચાર;
તે ગૌતમને વંદના, ભાવિ થયા ગણધાર. ૨૮.

દેવો નિહાળે ગગનમાં, સમવસરણમાં જાય;
તે ગૌતમને વંદના, નરનારી ગુણ ગાય. ૨૯.

યજ્ઞમંડપ તજે માહરો, દેવો કિમ ભૂલ ખાય;
તે ગૌતમને વંદના, અંગે ઊઠે લ્હાય. ૩૦.

કોણ છે એ ઈન્દ્રજાલિયો ? જેણે ભરમાવ્યો લોક;
તે ગૌતમને વંદના, કરતા મનમાં શોક. ૩૧.

સર્વજ્ઞ બિરૂદ સુણી, ચઢતો હૈયે રોષ;
તે ગૌતમને વંદના, પામશે આગે તોષ. ૩૨.

રીસ કરે નહીં જે કદી, તોપણ ચઢિયો રોષ;
તે ગૌતમને વંદના, કાળ તણો એ દોષ. ૩૩.

આમ એ ઊભો થયો, કરવા વીરશું વાદ;
તે ગૌતમને વંદના, ધરતો મન વિખવાદ. ૩૪.

પંચશત શિષ્ય શું ચાલતો, ધરતી ધ્રુજાવે તામ;
તે ગૌતમને વંદના, હૈયે છે અતિ હામ. ૩૫.

એક વિચાર વાગોળતો, રસના કંડૂજ વાઢ;
તે ગૌતમને વંદના, વાદી લિપ્સા ગાઢ. ૩૬.

બિરૂદાવલી પોકારતા, શિષ્યો ગુરુની વાહ;
તે ગૌતમને વંદના, જસ આજાનુબાહ. ૩૭.

સમવસરણમાં દેખતા ઋદ્ધિમાન ભગવંત;
તે ગૌતમને વંદના, મનમાં છે હજુ તંત. ૩૮.

ઈન્દ્રભૂતિ તું આવિયો, સુખપૂર્વક કે કેમ;
તે ગૌતમને વંદના, બોલાવે વીર એમ. ૩૯.

સંશય મુજને જે રહ્યો, નિવારે માનું દેવ;
તે ગૌતમને વંદના, કરશે ભાવિ સેવ. ૪૦.

જીવ સંશય તુજને રહ્યો, વીર વદે સુણ ભાય;
તે ગૌતમને વંદના, સુણતાં સુખિયો થાય. ૪૧.

વેદ અર્થ સુણી કરી, જેહને શ્રદ્ધા લાધ;
તે ગૌતમને વંદના, બનતો વીરનો સાધ. ૪૨.

પ્રદક્ષિણા ત્રણ દેઈને, પામી ત્રિપદી ઉદાર;
તે ગૌતમને વંદના, કરતો તસ વિસ્તાર. ૪૩.

અંગ અગ્યાર બનાવિયાં, બારમે અંગે જાણ;
તે ગૌતમને વંદના, પૂરવ ચઉદ વખાણ. ૪૪.

પાંચસો વિદ્યાર્થી હતા, સઘળા દીક્ષિત સોય,
તે ગૌતમને વંદના, બાંધવ તાર્યા દોય. ૪૫.

સમવસરણમાં બેસીને, વિવિધ પ્રશ્ન પૂછનાર;
તે ગૌતમને વંદના, કરતો જગ ઉપકાર. ૪૬.

વિનય કરી અતિ ઊજલો, પ્રશ્ન પૂછે જગદીશ;
તે ગૌતમને વંદના, ઉત્તર સુણે નામી શિષ. ૪૭.

ઉત્તર પૂર્ણ થયે કહે, આણી મન આણંદ;
તે ગૌતમને વંદના, સેવં ભન્તે જિણંદ. ૪૮.

દીક્ષા દિનથી નિત કરે છઠ્ઠ પારણું ઉલ્લાસ;
તે ગૌતમને વંદના, આણા શ્વાચ્છો શ્વાસ. ૪૯.

ચાર જ્ઞાનનો ધણી છતાં, બાલક સમ જસ ચિત્ત;
તે ગૌતમને વંદના, આપે શાશ્વત વિત્ત. ૫૦.

જો ઉપયોગ મૂકે ગણિ, શંકા થાયે નિરાશ;
તે ગૌતમને વંદના, એક જ વીરની આશ. ૫૧.

શ્રીપાલ મયણાસુંદરી નવપદ ભક્તિ ખ્યાત;
તે ગૌતમને વંદના, જેણે બતાવી વાત. ૫૨.

લોકહિતના કારણે, વસિયા વીર વૈભાર;
તે ગૌતમને વંદના, ભેજે મગધ મોઝાર. ૫૩.

રાજગિરિમાં આવિયા, વંદન શ્રેણિક રાય;
તે ગૌતમને વંદના, દેશના દે સુખદાય. ૫૪.

આલંબન વિણ જીતવું, મનડું દુષ્કર જાણ;
તે ગૌતમને વંદના, નવપદ માંહી તાણ. ૫૫.

નવપદ આરાધન કરો, જેમ કરતો શ્રીપાલ;
તે ગૌતમને વંદના, પૂછે શ્રેણિક ભૂપાલ. ૫૬.

કોણ શ્રીપાલ ને કેમ કર્યું નવપદ આરાધન;
તે ગૌતમને વંદના, ચરિત્ર કહે એક મન. ૫૭.

તે સુણતાં નવપદ વિષે, ધ્યાન ધરે નરનાર;
તે ગૌતમને વંદના, શિવપદ દે સુખકાર. ૫૮.

સિરિ સિરિવાલ કહા મધે, રત્નશેખર સૂરિરાજ;
તે ગૌતમને વંદના, વર્ણવતા ગણિરાજ. ૫૯.

દીક્ષા દેવે જેહને, કેવલી બનતા તેહ;
તે ગૌતમને વંદના, વરસે ધારા મેહ. ૬૦.

સહસ ચઉદ શિષ વીરના, સાતસેં કેવલી દેખ;
તે ગૌતમને વંદના, સવિ શિષ કેવલી પેખ. ૬૧.

દીક્ષિત કેવલ પામતા, ના'વે વાર લગાર;
તે ગૌતમને વંદના, પોતે ન પામે પાર. ૬૨.

નિજ લબ્ધે યાત્રા કરે, અષ્ટાપદ ગિરિ ધામ;
તે ગૌતમને વંદના, ચરમ શરીરી નામ. ૬૩.

દેવવચન સુણી એહવા, વીર કરે વંદન;
તે ગૌતમને વંદના, કરતો કર્મ નિકંદન. ૬૪.

જો પ્રભુજી આજ્ઞા મિલે, અષ્ટાપદ જુહારૂ;
તે ગૌતમને વંદના, વીર કહે કરો વારુ. ૬૫.

વીર-આજ્ઞા લઈ નીસરિયા, અષ્ટાપદની જાત્ર;
તે ગૌતમને વંદના, એ સમ નહીં કો પાત્ર. ૬૬.

મુક્તિ શું મહેનત કરે, પંદરસે તાપસ;
તે ગૌતમને વંદના, કબ આવે વાપસ. ૬૭.

અષ્ટાપદ ચોવીશ જિન, સમ નાસાયે શોભ;
તે ગૌતમને વંદના, મુક્તિ પામવા લોભ. ૬૮.

ભરતે ભરાવ્યાં ભાવથી, જિન ચોવીશે ઉદાર;
તે ગૌતમને વંદના, વંદી લહે ભવપાર. ૬૯.

જગચિંતામણિ સૂત્રથી થુણતા જિન ચોવીશ;
તે ગૌતમને વંદના, વિહરમાન વલી વીશ. ૭૦.

વલીયે વિશેષે વંદતા, પાંચે તીરથ જેહ;
તે ગૌતમને વંદના, સિદ્ધાચલ ગુણ ગેહ. ૭૧.

ગિરનારે નમી નેમને, સુવ્રત ભરૂચ મંડણ;
તે ગૌતમને વંદના, મુહરી પાસ દુઃખ ખંડણ. ૭૨.

સચ્ચઉરી સાચોરમાં, શાસનપતિ શ્રી વીર;
તે ગૌતમને વંદના, કરતો વંદન ધીર. ૭૩.

અષ્ટાપદ પર નીરખતો, શંકિત જૂંભક દેવ;
તે ગૌતમને વંદના, શંકા હણે તતખેવ. ૭૪.

અષ્ટાપદગિરિ ઊતરતા, તાપસ શત પંદર;
તે ગૌતમને વંદના, નમે ચરણો અંદર. ૭૫.

આપ જ દેવ ગુરુવરા, દીક્ષા દ્યો સુપસાય;
તે ગૌતમને વંદના, વિધિએ શ્રમણ બનાય. ૭૬.

કલિએ શંકા કો કરે, ઓઘા કિણથી આય;
તે ગૌતમને વંદના, કુત્રિકાપણની સહાય. ૭૭.

વાસ છટ્ઠ અટ્ઠમ તપે, પંદરસે સવિ સાધ;
તે ગૌતમને વંદના, એક મને આરાધ. ૭૮.

પંદરસોનાં પારણે, વહોરી લાવ્યા ખીર;
તે ગૌતમને વંદના, અંગૂઠે અમી નીર. ૭૯.

પાંચસેં ખાતાં કેવલી, પાંચસે રસ્તા માય;
તે ગૌતમને વંદના, સમવસરણમાં આય. ૮૦.

પાંચસે ત્રીજા કેવલી, ગૌતમ તેહથી અજાણ;
તે ગૌતમને વંદના, વીર વંદન વદે વાણ. ૮૧.

કેવલી આશાતન તજો, કહેતાં વીર ગુણખાણ;
તે ગૌતમને વંદના, લોપે નહિ કદી આણ. ૮૨.

મન માંહે દુઃખી થતાં, કેવી કરમની ઘાણ;
તે ગૌતમને વંદના, છૂટવા કરતો તાણ. ૮૩.

વીર કહે અટકાવતું એ છે સ્નેહનું ઠાણ;
તે ગૌતમને વંદના, છોડે તો કેવલનાણ. ૮૪.

ગૌતમ તારા કરમનું પૂરુ થાશે દાણ;
તે ગૌતમને વંદના, જબ મારું નિર્વાણ. ૮૫.

સિદ્ધિગતિમાં સારીખા, મનમાં આનંદ માણ;
તે ગૌતમને વંદના, સાંભળતો જગભાણ. ૮૬.

વીર શું તેજોલેશિયા, મૂકતો જબ ગોશાલ;
તે ગૌતમને વંદના, પૂછતો જગત દયાલ. ૮૭.

આયુ પૂરણ કરી કિહાં ગયો, ગોશાલાનો જીવ;
તે ગૌતમને વંદના, પામશે કબ તે શિવ. ૮૮.

કરુણા દિલ ગૌતમ તણું, કેવું ગુણ ગરિષ્ઠ;
તે ગૌતમને વંદના, દ્વેષી શું પ્રેમ વરિષ્ઠ. ૮૯.

જાઓ પ્રતિબોધન તુમ, દેવશર્માની પાસ;
તે ગૌતમને વંદના, પ્રભુ આણા એ વાસ. ૯૦.

આણા પામી ઊપડે, પહોંચી દે ઉપદેશ;
તે ગૌતમને વંદના, લેતા સાધુ વેશ. ૯૧.

હરખે હાથે સવિ કરે, લોચ સકલ જે કેશ;
તે ગૌતમને વંદના, દૂર કરે સંકલેશ. ૯૨.

આયુ પૂરણ કરી વર્ધમાન, સિદ્ધશિલાએ જાય;
તે ગૌતમને વંદના, દેવો દોડી જાય. ૯૩.

ગૌતમકર્ણો ચમકતાં, આ શું મુજ સંભળાય;
તે ગૌતમને વંદના, વિહ્વળતા જસ થાય. ૯૪.

શાસનપતિ સિધાવિયા, હૈયું રહ્યું છેદાય;
તે ગૌતમને વંદના, અંતર જસ અકળાય. ૯૫.

ભરતે અંધારું થશે, કોણ કરશે મુજ સાર;
તે ગૌતમને વંદના, દુઃખ જેહને છે અપાર. ૯૬.

ભયવં ભયવં કેહને, પ્રશ્ન પૂછીશ એક તાર;
તે ગૌતમને વંદના, શોક ઘટે ન લગાર. ૯૭.

અંત સમય જાણો છતાં, દીધો મુજને છેહ;
તે ગૌતમને વંદના, આકંઠ વીર શું નેહ. ૯૮.

વીર વીર પોકારતો, આંખે અશ્રુ ધાર;
તે ગૌતમને વંદના, એક જ રહ્યો પોકાર. ૯૯.

કંઠે વધતો શોષ ને વીરમાં 'વી' તિણ વાર;
તે ગૌતમને વંદના, તૂટે સ્નેહની ધાર. ૧૦૦.

રાગ હૈયામાં મુજ રહ્યો, તે હિ જ દુઃખ દેનાર;
તે ગૌતમને વંદના, રાગ-વિદારણહાર. ૧૦૧.

શુક્લ ધ્યાન શ્રેણિ ચઢે, રાગદ્વેષ ગયો ભાર;
તે ગૌતમને વંદના, કેવલજ્ઞાન સવાર. ૧૦૨.

વરસ પચાસે પાળિયા, શ્રમણપણું સુખકાર;
તે ગૌતમને વંદના, ત્રીસ વરસ વ્રત ધાર. ૧૦૩.

બાર વરસ કેવલીપણે, વિચરે જગત આધાર;
તે ગૌતમને વંદના, પામ્યા શિવપદ સાર. ૧૦૪.

ગૌતમ સુખદુઃખે નહીં, કૈવલ્યનો દાતાર;
તે ગૌતમને વંદના, પ્રણમું વારંવાર. ૧૦૫.

દેવલુક વિનતિ સુણી, થુણ્યા મેં ગણધાર;
તે ગૌતમને વંદના, સફલ કરો અવતાર. ૧૦૬.

ગૌતમ થુણતા મનમહીં, હર્ષ તણો નહીં પાર;
તે ગૌતમને વંદના, શ્વાસ માંહે સો વાર. ૧૦૭.

કેઈક ભવના પ્રગટિયા, પુણ્ય તણા પ્રાગ્ભાર;
તે ગૌતમને વંદના, કરતાં લહું ભવપાર. ૧૦૮.

❋ કળશ ❋

નેમિ જિનેસર સ્મરણથી હુએ નાશ ભવભય ફન્દના,
આનંદસાગરસૂરિવરૂ કરે કર્મ નિકન્દના.
ક્ષમા-લલિત-સુશીલસાગર સોહતા તસ નન્દના,
સુધર્મસાગર હરખે કરતો, ગુરુ ગૌતમ વંદના.

*

(ભાવનગરવાસી શ્રી નંદલાલ દેવલુકની વિનંતીથી, તપાગચ્છીય પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ આગમોદ્ધારક આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય પૂ.ઉપાધ્યાયજી ક્ષમાસાગરજી ગણિવર્યના શિષ્ય પૂ. મુનિરાજશ્રી લલિતસાગરજીના શિષ્ય પૂ. પંન્યાસજી સુશીલસાગરજી ગણિવર્યના શિષ્ય મુનિશ્રી સુધર્મસાગરજીએ આ દુહામય 'ગૌતમ-વંદના'ની રચના સં. ૨૦૫૧ની સાલે ભદ્રેશ્વર તીર્થમાં પૂર્ણ કરેલ છે.)

* * *

# શ્રી ગૌતમ ઈકતીસા

(દોહરા)

**શ્રી ગૌતમ ભગવાન કા, કરું ચિત્ત મેં ધ્યાન,**
**સિદ્ધિ-સુધા શુભ જ્ઞાન-નિધિ, મિલે સુખદ વરદાન. ।।૧।।**

શ્રી ગૌતમ ભગવાનનું, કરું ચિત્તમાં ધ્યાન,
સિદ્ધિસુધા શુભ જ્ઞાનનિધિ, મળે સુખ વરદાન. ૧.

(ચોપાઈ)

**જબ તક સૂરજ-ચાંદ રહેગા ગૌતમ તેરા નામ રહેગા,**
**તેરા દર્શન-પરદજ પાને, આયે શ્રદ્ધા-સુમન ચઢાને. ।।૨।।**

જ્યાં સુધી સૂરજ-ચાંદ રહેશે, ગૌતમ, તારું નામ રહેશે,
તારું દર્શન પદરજ પામે, આવે શ્રદ્ધા-સુમન ચઢાવે. ૨.

**તેરી લીલા બડી ગહન હૈ, ધન્ય તુમ્હેં પાકર જગજન હૈ,**
**ઉજ્જવલ તુમસે સાર ભૂતલ, જન-જન અવિચલ સમ્બલ. ।।૩।।**

તારી લીલા ઘણી ગહન છે, તને પામે તે જન ધન્ય છે,
ઉજ્જવળ તમથી સારી પૃથ્વી, જનલોકનું તું અવિચલ આલંબન. ૩.

**પૃથ્વી-રત્નકુક્ષિસે જનમેં, પિતુ વસુભૂતિ પ્રફુલ્લિત મનમેં,**
**ગોબ્બર ગાઁવ જન્મ-ભૂ કહતે, ખિલે-બઢે જ્યોં સરસિજ ખિલતે. ।।૪।।**

પૃથ્વી રત્નકુક્ષિથી જન્મ્યો, પિતા વસુભૂતિનો મન હરખ્યો,
ગોબર ગામ છે જન્મભૂમિ જે ખેલે રમે જેમ પુષ્પ ખીલે. ૪.

**હુએ પરમ પંડિત યશધારી, ગું ગૌતમ કી પ્રતિભા ન્યારી ।**
**યજ્ઞોંમેં મન્ત્રો કે બલ સે, સુરગણ કી અનુકંપા બરસે. ।।૫।।**

થયા પરમ પંડિત યશધારી, ગુરુ ગૌતમની પ્રતિભા ન્યારી,
યજ્ઞોમાં મંત્રોના બળથી, સુરગણની અનુકંપા વરસી. ૫.

**સહસા મિલા જ્ઞાન કા સાગર, રત્ન ખોજને ડૂબે આકર,**
**બૂંદ સમાયી સાગર હોને, જન્મ-જન્મ કે કલ્મષ ધોને. ।।૬।।**

સહજ મળ્યો જે જ્ઞાનનો સાગર, રત્ન શોધ્યાં ડૂબી તળિયે,
બુંદ સમાયા સાગર થઈને, જનમ જનમનાં પાપો ધોઈને. ૬.

**મહાવીર પ્રભુ મહાશ્રમણ કા, લિયા જ્ઞાન ઉનસે અંતરકા,**
**ગણ કે ઉનકે હુએ થે ગણધર, શ્રમણ-માર્ગ કે થે પ્રતિનિધિ નર. ।।૭।।**

મહાવીર પ્રભુ મહાશ્રમણનું, લીધું જ્ઞાન તેના અંતરથી;
ગણના થાય જે પ્રથમ ગણધર, શ્રમણ માર્ગના પ્રતિનિધિ નર. ૭.

**ધન્ય ધન્ય તેરી પ્રભુ-ભક્તિ, સંચિત કી અંતર કી શક્તિ,**
**પ્રભુ-ભક્ત નહિ તુમસા જગમેં, બસે તુમ્હારે વે રગ-રગ મેં. ।।૮।।**

ધન્ય ધન્ય તારી પ્રભુ-ભક્તિ, સંચિત કરી અંતરની શક્તિ;
પ્રભુભક્ત નહિ તુમ સમ જગમાં, વસ્યા તમારા રગેરગમાં. ૮.

**સૂર્ય-કિરણ કે આલંબન સે, મહતીર્થ અષ્ટાપદ વિલસે,**
**તાપસ જન કો કરા પારણા, પાત્ર ખીર સે લબ્ધિ-સાધના. ।।૯।।**

સૂર્યકિરણના આલંબનથી મહાતીર્થ અષ્ટાપદ વિચરે;
તાપસ જન સવિ પારણાં પામે પાત્ર ખીરથી લબ્ધિ સાધે. ૯.

**અતિમુક્તક જૈસે ભવિજન કો, મુક્ત કિયા અગણિત જન-જન કો,**
**કેશી જૈસે મહાશ્રમણ કી, દૂર હટાઈ શંકા મન કી. ।।૧૦।।**

અતિમુક્તક જેવા ભવિજનને મુક્ત કર્યા અગણિત જીવને;
કેશી જેવા મહાશ્રમણની દૂર હટાવી શંકા મનની. ૧૦

**મહાવીર-નિર્વાણ સુના જબ, ઐસા લગા કિ વજ્ર ગિરા તબ,**
**પ્રભુ કો સુમર સુમર કર રોયે, આઁસુ-જલ સે અન્તર ધોયે. ।।૧૧।।**

મહાવીર-નિર્વાણ સાંભળી જ્યારે વજ્ર પડ્યું જાણે મસ્તકે;
પ્રભુને સમરી સમરી રોવે, આંસુજળથી અંતર ધોવે. ૧૧

**ટૂટી રાગ-શ્રૃંખલા તત્ક્ષણ, વીતરાગતા કા કર ચિંતન,**
**શાન્ત હુઆ અન્તર કા સાગર, પરમ જ્ઞાન કા ઉદિત દિવાકર. ।।૧૨।।**

તૂટી રાગની બેડી તત્ક્ષણ વીતરાગતાનું કરી ચિંતન;
શાંત થયો અંતરનો સાગર, પરમ જ્ઞાનનો ઉદિત દિવાકર. ૧૨

**મહાવીર તીર્થંકર જય-જય, ગણધર ગૌતમસ્વામી જય-જય,**
**મહાવીરને ગૌતમ કો, ગૌતમને બાંટા ફિર જગ કો. ।।૧૩।।**

મહાવીર તીર્થંકર જય-જય, ગણધર ગૌતમસ્વામી જય-જય;
મહાવીરે ગૌતમને, ગૌતમે આપ્યું જ્ઞાન સવિ જગને. ૧૩

**સબને દીપાવલી મનાઈ, લક્ષ્મી લીલા કરતી આઈ,**
**મંગલ-ગાન હુએ ઘર-ઘરમેં, સર્વ અનિષ્ટ નષ્ટ ક્ષણભરમેં. ।।૧૪।।**

સહુએ દીપાવલી મનાવી લક્ષ્મી લીલા કરતી આવી;
મંગલ ગાન થયાં ઘર ઘરમાં સર્વ અનિષ્ટ ક્ષીણ થયાં ક્ષણમાં. ૧૪

**તમ કા ભૂસે નિષ્કાસન કર, દેહ-દીપ સે ઊપર ઉઠકર,**
**જ્યોતિ-જ્યોતિ સે મિલી અકમ્પિત વહ નિર્વાણ-દિવસ થા સસ્મિત. ।।૧૫।।**

તમસનું ભૂથી નિષ્કાસન કરી દેહ-દીપકથી ઉપર ઊઠી;
જ્યોતિથી જ્યોતિ મળી અકંપિત, તે નિર્વાણ દિવસ સસ્મિત. ૧૫

**તું મહાન ગુરુવર જગદીશ્વર, જ્ઞાન-જ્યોતિ કે હો તુમ દિનકર,**
**બોધ દિયા તૂને મંગલકર, આભા ફૈલાયી ધરતી પર. ।।૧૬।।**

તું મહાન ગુરુવર જગદીશ્વર જ્ઞાન-જ્યોતિનો છો તુમ સૂરજ;
બોધ દીધો તમે મંગલકર, આભા ફેલાવી ધરતી પર. ૧૬

**ધર્મ, વિનય, શ્રદ્ધા કા ઝરના, બહતા તુમ સે યહી સાધના,**
**તપ કા તેજ, બોધ કી ભાષા, અનુપમ તેરી જ્ઞાન-પિપાસા. ।।૧૭।।**

ધર્મ, વિનય, શ્રદ્ધાનું ઝરણું વહે તમારાથી એ જ સાધના;
તપનું તેજ બોધની ભાષા અનુપમ તમારી જ્ઞાનપિપાસા. ૧૭

**કર મેં ત્યાગ, જ્ઞાન અન્તર મેં, મહાકુશલ થે અનુશાસન મેં,**
**કથની-કરની સમ થી જિન કી, મૂરતી મંગલ મનહર ઉનકી. ।।૧૮।।**

હાથમાં ત્યાગ, જ્ઞાન અંતરમાં, મહાકુશલ છો અનુશાસનમાં;
કથની કરણી સરખી જેની મૂર્તિ મંગલ મનોહર તેની. ૧૮

**એક દીપ સે લાખોં જૈસે, જલ જાતે હૈં દીપક વૈસે,**
**પ્રભાવના કી તૂને પ્રભુવર, જગકો સચ્ચા માર્ગ દિખાકર. ।।૧૯।।**

એક દીપકથી જેમ પ્રગટે લાખ્ખો દીપક જેમ;
પ્રભાવના કીધી તુમે પ્રભુવીર જગને સાચો માર્ગ બતાવી. ૧૯

**તેરે ચરણોં કે ધૂલિકણ, પારસ જ્યોં કરતે હૈં પાવન,**
**અંગૂઠે સે અમૃત ઝરતા, જિસસે મિલતી અજર-અમરતા. ।।૨૦।।**

તારાં ચરણોમાં જે રજકણ, પારસ જેમ કરે છે પાવન;
અંગૂઠાથી અમૃત ઝરતા, જેને મળતી અજર અમરતા. ૨૦

**રિદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિ તુમ્હારે, આ કર ચરણ પડે થે સારે,**
**સુર-સુરાંગના શિશ નવાતે, ઉઠ પ્રાતઃ મુનિજન ગુણ ગાતે. ।।૨૧।।**

રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ તમારા ચરણમાં આવી પડે સર્વે;
સુર-સુરાંગના શિશ નમાવે ઊઠી સવારે મુનિજન ગુણ ગાવે. ૨૧

**તૂ અનન્ત, ગુણ અનન્ત તેરે, સુમિરન કરતે સાંઝ-સબેરે,**
**જગ કે સબ જંજાલ ભૂલકર, વંદન કરતે તુમ્હેં નિરન્તર. ।।૨૨।।**

તું અનંત, ગુણ અનંત તારા સ્મરણ કરું છું સાંજ-સવારે;
જગની સવિ જંજાળ ભૂલીને વંદન કરું તમને નિરંતર. ૨૨

**તેરી મહિમા હૈ અતિ ભારી, દર્શન કો આતે નરનારી,**
**મંદિર મેં ઘંટારવ ગૂઁજે, ભક્તિભાવ સે હમ સબ પૂજેં. ।।૨૩।।**

તારી મહિમા છે અતિ ભારી દર્શન આવે સહુ નર-નારી;
મંદિરમાં ઘંટારવ ગુંજે, ભક્તિભાવથી અમે સહુ પૂજીએ. ૨૩

**જો જપતા હૈ નામ તુમ્હારા, દુઃખ-સંકટ સે ઉસે ઉબારા,**
**ભૂત-પિશાચ સમીપ ન આતે, મનવાંછિત સબ તુમસે પાતે. ।।૨૪।।**

જે જપ કરતાં નામ તમારું દુઃખસંકટથી પાર ઉતાર્યા;
ભૂત-પિશાચ કોઈ સામે ન આવે મનવાંછિત સુખ તમથી પાવે. ૨૪

**વિકલાંગો કે પરમ સહારે, ડૂબત નૌકા તારણહારે,**
**દુઃખિયોં કો સુખ દેનેવાલે, ઐસે સદ્ગુરુ પરમ નિરાલે. ।।૨૫।।**

વિકલાંગોના પરમ સહારા, ડૂબત નાવના તારણહારા;
દુઃખીઓને સુખ દેવાવાળા, એવા સદ્ગુરુ પરમ નિરાલા. ૨૫

**પુત્ર, મિત્ર, પરિવાર, દેવગણ હોતે હૈં અનુકૂલ સભી જન,**
**ધન-રત્નોં સે ભરે ખજાના, કઠિન નહીં કુછ તુમ સે પાના. ।।૨૬।।**

પુત્ર, મિત્ર, પરિવાર, દેવગણ, અનુકૂળ સવિ થાયે જગજન;
ધન-રત્નોથી ભરે ખજાના કઠિન નથી કાંઈ તુમને પામી. ૨૬

**જય-જય-જય-જય, જય નિત તેરી, કર સહાય અબ ગુરુવર મેરી,**
**સબ વિપત્તિયોં કા છેદન કર, કર્ણધાર અબ તૂ હી પ્રભુવર. ।।૨૭।।**

જય જય જય જય, જય નિત્ય તારી, કર સહાય તું ગુરુવર મારી;
સવિ વિપત્તિઓનું છેદન કર કર્ણધાર હવે તું હી પ્રભુવર. ૨૭

**ગાગર મેં ભી સાગર આવે, ખાલી જીવન-ઘટ ભર જાવે,**
**પુણ્યમયી યહી ધરતી જિસ પર, કુછ કર ગુજરે હમ અજરામર. ।।૨૮।।**

ગાગરમાં પણ સાગર આવે ખાલી જીવનઘટ ભરી જાવે;
પુણ્યમયી આ ધરતી ઉપર કંઈક કરીને, થાઉં જેથી અજરામર. ૨૮

(દોહા)

**લબ્ધિવંત ગૌતમ પ્રભુ, વિદ્યા કે ભંડાર,**
**શાશ્વત સુખનિધિ ઉપજે, ભક્તોં કે આધાર. ।।૨૯।।**

લબ્ધિવંત ગૌતમ પ્રભુ, વિદ્યાના ભંડાર;
શાશ્વત સુખનિધિ ઊપજે, ભક્તોનો આધાર. ૨૯

**સાત બાર જો નિત કરે, ઇકત્તીસે કા પાઠ,**
**બઢે કાન્તિ, મહિમા લલિત, લગતે અદ્‌ભુત ઠાઠ. ।।૩૦।।**

સાત વાર જો નિત્ય કરે, એકત્રીસાનો પાઠ;
વધે કાંતિ મહિમા સુંદર લાગે અદ્‌ભુત ઠાઠ. ૩૦

**શત-શત વન્દન ચન્દ્ર કા, મૈં ભી કરતા સાથ,**
**અપના સુખ-દુઃખ સૌંપતા, ગૌતમ! તેરે હાથ. ।।૩૧।।**

શત શત વંદન ચંદ્રના, હું પણ કરું સાથ;
મારું સુખ-દુઃખ સોંપું છું, ગૌતમ તારે હાથ. ૩૧

***

# ગણધર ગૌતમ ચાલીસા

## (કર્તા : કવિ વિજયમુનિ 'વિકાસ')

(દોહો)

પરમ પાવન કરુણાનિધિ, ગુરુ ગૌતમ અણગાર;
ગણધર પહલે વીર કે, જિન કા અતિ ઉપકાર.

(ચોપાઈ)

દેવ ગુરુ ગુણ જ્ઞાન નિધાના, હરિ-હર-મુનિ ગુણિયોં ને બખાના.
ચરણ વિનય કર અરજ સુનાઉં, ગુરુ ગૌતમ ગુણનિધિ મનાઉં.

સરસ્વતી જિનવાણી ધારે, મુજ-મેધા પલ-પલ વિસ્તારે.
તત્ત્વ મનીષી જ્ઞાની ધ્યાની, ગણધર પહલે તુમ લાસાની.

વીર પ્રભુ કે અન્તેવાસી, પર ઉપકારી વિનય વિલાસી.
ગૌતમ ગોત્રી ગોયમ પ્યારે, માતા પૃથ્વી નયન સિતારે.

ગોબર ગાઁવ જનમ સુખદાઈ, મગધ દેશ મેં મહિમા છાઈ.
ન્યાય વેદ પિંગલ કે જ્ઞાતા, વ્યાકરણ કોષ છંદ વ્યાખ્યાતા.

બૌદ્ધિક જ્ઞાન પ્રખર તુમ પાયે, પંડિત દિગ્ગજ ભી કહલાયે.
ક્રિયાકાંડ કે રહે પ્રચારી, યજ્ઞસ્થલી જહાઁ તહાઁ વિસ્તારી.

પ્રભુ વીર જિન હરિ મન ચેતા, સકલ ચરાચર કે ગુણવેતા.
દેવાધીશ નમન જબ કરતે, હર્ષિત હો જય-જય ઉચ્ચરતે.

સુર-સુરપતિ નર-તિર્યંચ આયે, સમવસરણ ત્રિલોક સુહાયે.
ઈન્દ્રભૂતિ મન ખટકા પેઠા, ઈન્દ્રજાલ યે કૌઉ આ બૈઠા.

દેવવિમાન યહાઁ ક્યોં નહીં આતે, માહણ ઐસા ક્યા બતલાતે ?
બિના કહે યદિ સંશય ટાલે, તો જાનું આત્મિક બલવાલે.

કરું પરાજિત મહાવીર કો, ધરણી સે ઉસ અતુલ ધીર કો.
પંચશત શિષ્ય સહિત જબ આયે, અપનેં યોં તત્‌ભાવ બતાયેં.

'સચ્ચા જ્ઞાતા હોગા વોહી, બોલે-સંશય મેટે સો હી.'
ગૌતમ ગોત્રી સુનો હમારી, સંશય કી મેટી યે બિમારી.

જિસ કો અબ તક રહે છિપાતે, ઉસકો હમ ઈસ તરહ બતાતે.
'દયા-દમન અરુ દાન બખાના, મર્મ દકારોં કા યોં માના.

જીવાજીવ તત્ત્વ જગમાંઈ, ઈસસે હી સૃષ્ટિ કહલાઈ.
થે, હૈં ઔર સદા હી રહેંગે, નિરાસક્ત હી મુક્તિ લહેંગે.

જહાઁ ઈર્ષા અરુ હૈ અકડાઈ, વહાઁ બડપ્પન નહીં ભલાઈ;
ક્યોં નહીં તુમ અપરાજિત હોતે ? ક્યોં નહીં દ્વંદ્વ ભાવ કો ધોતે ?

તપ-જપ-સંયમ-ક્ષમા બસા લો, ગૌતમ ! જીવન વિનયી બના લો.
ઈન્દ્રભૂતિ કો જ્ઞાન લગા હૈ, ઈર્ષા કા ઘન દૂર ભગા હૈ.

મુનિ બને ગૌતમ ગણ સ્વામી, જ્ઞાન દિયા પ્રભુવર નિષ્કામી.
ચૌદહ પૂર્વ ત્રિપદ સે પાયા, ચાર જ્ઞાન સે આપ સુહાયા.

ગણધર પહેલે લબ્ધિધારી, ઘોર તપી પૂરણ બ્રહ્મચારી.
શાસ્ત્રોંમેં કઈ પ્રશ્ન ચલાયે, સમાધાન ભી સમ્યક્ પાયે.

કનક વર્ણ શુભ શુદ્ધ સ્વરૂપા, સહજાનંદ આનંદઘન રૂપા.
નામ આપ કા આનંદકારી, ભવભાંવઠહારી મંગલકારી.

રોગ-શોક-શત્રુ નહીં લાગે, તુમ નામે અંતર મન જાગે.
તુમ નામે આપત ટલ જાવે, તુમ નામે સંપત મિલ જાવે.

જો તુમ નામ જપેગા કોઈ, જ્ઞાન-માન-ધન પાવે વોઈ.
પચાસ વર્ષ ગૃહવાસ રહાયે, વીરચરણમેં ફિર તુમ આયે.
છદ્મસ્થ તીસ વર્ષ રહે જ્ઞાની, બારહ વર્ષ કેવલ કલ્યાણી.
આગમ આપ કૃપા સે પાયે, સુર-નર મસ્તક તુમ્હેં ઝુકાયે.
મોક્ષગતિ પાઈ અવિનાશી, પલ-પલ સુમરું સુખ કી રાશી.
જય-જય ગૌતમ દિવ્ય દયાલા, જય-જય વિજય રમેશ કૃપાલા.

***

# શ્રી ગૌતમસ્વામી વિલાપની સજ્ઝાય

આધાર જ હું તો રે એક મુને તાહરો રે,
હવે કોણ કરશે રે સાર ?
પ્રીતડી હતી રે પહેલા ભવતણી રે,
તે કેમ વીસરી રે જાય ?...આધાર૦ ૧.

મુજને મેલ્યો રે ટળવળતો ઈહાં રે,
નથી કોઈ આંસુ લોવણહાર;
'ગૌતમ' કહી કોણ બોલાવશે રે ?
કોણ કરશે મોરી સાર ?...આધાર૦ ૨.

અંતરજામી રે અણઘટતું કર્યું રે,
મુજને મોકલિયો ગામ;
અંતકાલે રે હું સમજ્યો નહીં રે,
જે છેહ દેશે મુજને આમ...આધાર૦ ૩.

ગઈ હવે શોભા રે ભરતના લોકની રે,
હું અજ્ઞાની રહ્યો છું આજ;
કુમતિ મિથ્યાત્વી કે જિમતિમ બોલશે રે;
કોણ રાખશે મોરી લાજ ?...આધાર૦ ૪.

વલી શૂલપાણિ રે અજ્ઞાની ઘણો રે,
દીધું તુજને રે દુઃખ;
કરુણા આણી રે તેહના ઉપરે રે,
આપ્યું બહોળું રે સુખ...આધાર૦ ૫.

જે અઈમુત્તો રે બાળક આવિયો રે,
રમતો જલશું રે તેહ;
કેવળ આપી રે આપ સમો કીધો રે,
એવડો શો તસ નેહ ?...આધાર૦ ૬.

જે તુજ ચરણે આવી દંસીઓ રે,
કીધો તુજને ઉપસર્ગ;
સમતા વાળી રે તે ચંડકોશીએ રે,
પામ્યો આઠમું રે સ્વર્ગ...આધાર૦ ૭.

ચંદનબાળાએ અડદના બાકુળા રે,
પડિલાભ્યા તુજને સ્વામ;
તેહને કીધી રે સાહુણીમાં વડી રે,
પહોંચાડી શિવધામ...આધાર૦ ૮.

દિન બ્યાંસીનાં રે માતપિતા હતાં રે,
બ્રાહ્મણ-બ્રાહ્મણી દોય;
શિવપદ સંગી રે તેહને તેં કર્યાં રે,
મિથ્યા મલ તસ ધોય...આધાર૦ ૯.

અર્જુન માલી રે જેહ મહા પાતકી રે,
કરતા મનુજ સંહાર;
તે પાપીને પ્રભુ તમે ઉદ્ધર્યો રે,
પામ્યો શિવપુર સાર...આધાર૦ ૧૦.

જે જલચારી રે હતો દેડકો રે,
તે તુજ ધ્યાન સુહાય;
સોહમવાસી રે સુરવર તેં કિયો રે,
કરી તેહ શું સુપસાય...આધાર૦ ૧૧.

અધમ ઉદ્ધર્યા રે એહવા તેં ઘણા રે,
કેતા કહું તસ નામ;
માહરે તાહરા નામનો આશરો રે,
તે મુજ ફલશે રે કામ...આધાર૦ ૧૨.

હવે મેં જાણ્યું રે પદ વીતરાગનું રે
જે તેં ન ધર્યો રે રાગ;
રાગ ગયેથી ગુણ પ્રગટ્યા સવે રે,
તે તુજ વાણી મહાભાગ...આધાર૦ ૧૩.

સંવેગરંગી રે ક્ષપક શ્રેણિએ ચઢ્યો રે,
કરતો ગુણનો જમાવ;
કેવલ પામી રે લોકાલોકના રે,
દીઠા સઘળા રે ભાવ...આધાર૦ ૧૪.

ઇન્દ્રે આવી રે જિનપદે થાપિયો રે,
દેશના દિયે અમૃતધાર;

પરષદા બૂઝી રે આતમ રંગ શું રે,
પામ્યા શિવપદ સાર...આધાર૦ ૧૫.

*(પ્રેષક : પૂ. મુ. શ્રી સુધર્મસાગરજી મહારાજ)*

* * *

# શ્રી ગૌતમસ્વામીનો વિલાપ

## (વાચનાચાર્ય શ્રી વિજયમાણિક્યસિંહસૂરિ કૃત શ્રી મહાવીરજિન પંચ-કલ્યાણક પૂજામાંથી)

**(ઢાળ ત્રીજામાંથી દોહા)**

વર્ધમાન વચને તદા, શ્રી ગૌતમ ગણધાર;
દેવશર્મા પ્રતિબોધવા, ગયા હતા નિરધાર. ૧.

પ્રતિબોધી તે વિપ્રને, પાછા વળિયા જામ;
તવ તે શ્રવણે સાંભળે, વીર લહ્યા શિવધામ. ૨.

ધ્રસક પડ્યો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર;
વીર ! વીર ! કહી વલવલે, સમરે ગુણ-સંભાર. ૩.

પૂછીશ કોને પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત;
ઉત્તર કુણ મુજ આપશે, ગોયમ કહી ગુણવંત. ૪.

અહો પ્રભુ, આ શું કર્યું દીનાનાથ દયાળ !
તે અવસર મુજને તમે, કાઢ્યો દૂર, કૃપાળ ! ૫.

**ઢાળ ચોથી**

**(પંખીડા સંદેશો કહેજો મારા નાથને-એ દેશી)**

શાસન સ્વામી સંત-સનેહી સાહિબા,
અલવેશ્વર વિભુ આતમના આધાર જો;
આથડતો અહીં મૂકી મુજને એકલો,
માલિક, કિમ જઈ બેઠા મોક્ષ-મોઝાર જો.
વિશ્વંભર વિમલાતમ વાહાલા વીરજી...એ આંકણી... ૧.

મન-મોહન તુમે જાણ્યું 'કેવળ' માંગશે,
લાગશે અથવા કેડે એ જિમ બાળ જો;
વલ્લભ ! તેથી [1]ટાળ્યો મુજને વેગળો,
ભલું કર્યું એ ! ત્રિભુવન-જન-પ્રતિપાલ જો...વિશ્વંભર૦ ૨.

અહો ! હવે મેં જાણ્યું શ્રી અરિહંતજી,
નિઃસ્નેહી વીતરાગ હોય નિરધાર જો;

૧. રાખ્યો

મ્હોટો છે અપરાધ ઈહાઁ પ્રભુ માહરો,
શ્રુત-ઉપયોગ મેં દીધો નહીં તે વાર જો...વિશ્વંભર૦ ૩.
સ્નેહ-થકી સર્યું, ધિક્ ! એક પાક્ષિક સ્નેહને,
એક જ છું, મુજ કોઈ નથી સંસાર જો;
'સૂરિ-માણેક' ઈમ ગૌતમ સમતા ભાવતા,
વરિયા કેવળજ્ઞાન અનંત ઉદાર જો...વિશ્વંભર૦ ૪.

(દોહા)

ગૌતમ કેવળજ્ઞાનનો, ઓચ્છવ અમર ઉદાર;
કરતાં પૂરણ કોડથી, જિનશાસન જયકાર. ૧.
સિદ્ધ બુદ્ધ મુક્તાતમા, અનુપમ સાદિ અનંત;
અપુનર્ભવ-સુખ અનુભવે, ભજો શ્રી વીર ભગવંત. ૨.

* * *

# શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

## (કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી)

વીર વિના વાણી કોણ સુણાવે, કોણ સુણાવે, કોણ બતાવે ?
જબ થે વીર ગયે શિવમંદિર, તબ મેરી સાંસો કોણ મિટાવે ?... ૧.
તુમ વિણ ચઉવિહ સંઘ કમલદલ વિકસિત કોણ કરાવે કરાવે ?
કહે ગૌતમ તુમ વિરહ સે, જિનવર દિનકર જાવે જાવે... ૨.
મોકું સાથ લેઈ કયું ન ચલે ? ચિત્ત અપરાધ ધરાવે ધરાવે;
ઈમ પરણાવ વિચારી અપના, ભાવ શું ભાવ મિલાવે મિલાવે... ૩.
સમવસરણમેં બેઠે તખ્ત પર, હુકમ કોણ ફરમાવે ફરમાવે;
વીર વીર લવતે વીર અક્ષર, અંતર તિમિર હટાવે હટાવે... ૪.
સકળ સુરાસુર હર્ષિત હોવે, જુહાર કરણકું આવે આવે;
ઈન્દ્રભૂતિ અનુભવ કી લીલા, જ્ઞાનવિમલ ગુણ ગાવે...ગાવે ૫.

* * *

# શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

## (કર્તા : કવિ શ્રી રૂપવિજયજી મહારાજ)

મેં નહિ જાણ્યો નાથજી, મોંસે દૂર પઠાએ;
પીછે સે વર્ધમાનજી, શિવ-મહેલ સિધાએ. ૧.
વચન તુમારો માન કે, મેં દીક્ષા લીની;
લોકલાજ સબ ત્યાગ કે, ઘર ઘર ભિક્ષા કીની. ૨.

દર્શન તુમારો દેખ કે, રહેતો રંગ રાતો;
વચન તુમારો શિર ધરી, ગુણ તોરા ગાતો. ૩.

જિહાઁ જિહાઁ સંશય ઊપજે, તો શું પૂછી લીજે;
જ્ઞાન સુધારસ કી કથા, કહો કોણ શું કીજે. ૪.

સહી સહી તું વીતરાગ હે, નહીં રાગ કી રેખા;
શત્રુ મિત્ર તેરે સમજાયે, સો મેં નજરે દેખા. ૫.

શુક્લધ્યાન શ્રેણી ચડ્યા, ગુરુ ગૌતમ રાયા;
અનિત્ય ભાવના ભાવતાં, કેવલપદ પામ્યા. ૬.

પૂર્ણબ્રહ્મ પ્રગટ ભયા, નહિ ભય છિપાયા;
રૂપવિજય ભગતે કરી, ચરણે શિર પાયા. ૭.

* * *

# શ્રી ગૌતમસ્વામી સ્તવન

## (કર્તા : મુનિશ્રી ખીમાવિજયજી મહારાજ)

તો શું પ્રીત બંધાણી જગતગુરુ ! તો શું પ્રીત બંધાણી;
વેદ-અરથ કહી મો બ્રાહ્મણકું, ખીણમેં કીધો નાણી. ૧.

બાળક પરે મેં જે જે પૂછ્યું, તે ભાખ્યું હિત આણી;
મુજ કાલાને કોણ સમજાવશે, તો બિન મધુરી વાણી. ૨.

વયણ સુધારસ વરસી વસુધા, પાવન ખેત સમાણી;
નારક નર તિરિ પ્રમુદિત મોહિત તોહિ ગુણમણિ ખાણી. ૩.

કિસકે પાઉં પરું અબ જાઈ, કિસકી પકરું પાની;
કુણ મુજ ગોયમ કહી બોલાવે, તો સમ કુણ વખાણી. ૪.

અઈમુત્તો આવ્યો મુજ સાથે, રમતો કાચલી પાણી;
કેવળ કમલા ઉસકું દીનો, યહી કીર્તિ નહિ છાની. ૫.

ચૌદ સહસ અણગાર મ્હોટો, કીનો કાંહુ પિછાની;
અંતિમ અવસર કરુણાસાગર, દૂરે ભેજ્યો જાણી. ૬.

કેવળભાગ ન માગત સ્વામી, રહત ન છેડો તાણી;
બીચમેં છોડ ગયે શિવમંદિર, લોક મેં હોત કહાણી. ૭.

ખામી કછુ ખિજમત મેં કીનિ, તાકિ થા હિ કમાણી;
સ્વભાવ લહે શું સેવક, યહિ બાત પિછાની. ૮.

વીતરાગ ભાવે ચેતનતા અંતરમૂર્તિ કહાની;
ખીમાવિજય જિન ગૌતમ ગણધર, જ્યોત શું જ્યોત મિલાઈ. ૯.

* * *

# શ્રી ગૌતમસ્વામીના વિલાપનું સ્તવન

વીર વેલા આવો રે, ગૌતમ કહી બોલાવો રે, દરિશન વેલા દીજીએ હો જી.
પ્રભુ, તું નિઃસનેહી, હું સસનેહી અજાણ...વીર૦ ૧.

ગૌતમ ભણે ભો નાથ, તેં વિશ્વાસ આપી છેતર્યો,
પરગામ મુજને મોકલી, તું મુક્તિરમણીને વર્યો;
હે પ્રભુજી ! તારા ગુપ્ત ભેદોથી અજાણ...વીર૦ ૨.

શિવનગર થયું શું સાંકડું કે હતી નહીં મુજ યોગ્યતા ?
જો કહ્યું હોત મુજને તો, કોણ કોઈ ન રોકતા;
હે પ્રભુજી ! હું શું માગત ભાગ સુજાણ...વીર૦ ૩.

મમ પ્રશ્નના ઉત્તર દઈ, ગૌતમ કહી કોણ બોલાવશે ?
સાર કરશે કોણ સંઘની, શંકા બિચારી ક્યાં જશે ?...
હે પ્રભુ ! પુણ્યકથા કહીને પાવન કરો મમ કાન...વીર૦ ૪.

જિનભાણ અસ્ત થતાં તિમિર, મિથ્યાત્વ સઘળે વ્યાપશે;
કુમતિ કુશીલ જાગશે વલી, ચોર ચુગલ વધી જાશે;
હે ત્રિગડે બેસી દેશના દિયો જિનભાણ...વીર૦ ૫.

મુનિ ચૌદ સહસ છે તાહરે, વીર ! માહરે તું એક છે;
ટળવળતો મને મૂકી ગયા, પ્રભુ ! ક્યાં તમારી ટેક છે;
હે પ્રભુ ! સ્વપ્નાંતરમાં અંતર ન ધર્યો સુજાણ...વીર૦ ૬.

પણ હું આશાવાટ ચાલ્યો, ન મળે કોઈ અવસરે;
હું રાગવશ રખડું નિરાગી, વીર શિવપુર સંચરે;
હું વીર વીર કહું, વીર ન ધરે કાંઈ ધ્યાન...વીર૦ ૭.

કોણ વીર ને કોણ ગૌતમ, નહીં કોઈ કોઈનું તદા;
એ રાગગ્રંથિ છૂટતાં વળી જ્ઞાન ગૌતમને થતાં;
હે સુરતરુ-મણિ સમ ગૌતમ નામે નિધાન...વીર૦ ૮.

કાર્તિક વદ અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દીપક બળે;
ભાવ દીપકજ્યોત પ્રગટે, લોક દેવદિવાલી ભણે;
હે વીરવિજયના નરનારી ધરે ધ્યાન...વીર૦ ૯.

* * *

# શ્રી ગૌતમસ્વામીનો વિલાપ

(સાખી)

શ્રી વીર વચન મનમાં લહ્યું, શ્રી ગૌતમ ગણધાર;
જિનપ્રભુ ઉર ઉપરે, વળી વિચરે નોધાર. ૧.

પ્રતિબોધી ત્યાં વિપ્રને, રહ્યા શ્રી ગૌતમ રાત;
તે ટાણે ગગને થયો, કોલાહલ બળવાન. ૨.

આભલીએ સહુ સામટા, દેવ વદે ગીર્વાણ;
શ્રવણ-પટે વચનો પડ્યાં, શ્રી વીર ગયા નિર્વાણ. ૩.

હૃદય પડ્યો તવ ધ્રાસકો, કળણે અંગ-ઉપાંગ;
પૃથ્વી પર પટકાઈ પડ્યા, શુદ્ધ ગઈ નિજ સાંગ. ૪.

વીર ! વીર ! કહી વલવલે, ગોયમ ગુરુ ગુણવંત;
કોને પૂછીશ પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત ! ૫.

વચનોત્તર શ્રુત આપશે, કોણ કહી ગુણવંત ?
મુજને હા, પ્રભુ ! શું કીધું ? ઈશવિભુ ભગવંત ! ૬.

શુભ અવસર મુજથી ગયો, દૂર દૂર વધુ વામ;
શ્રુત ઉપયોય નવ દીધો, પ્રભુ ગયા નિજ ધામ. ૭.

**(ઓધવજી, સંદેશો કહેજો શ્યામને – એ રાગ.)**

ટળવળતો મુજને મૂકી જગ-ખાડીએ,
જિનશાસનના નાયક વીર ભગવાન જો;
વેલડીએ ખીલેલી વેલ વછોડીને,
આપ ગયા ઓચિંતા શિવપુર ધામ જો...ટળવળતો૦ ૮.

હસતાં મુખ કરમાયાં ભરત ભવી તણાં,
શિર મૂકી સહુ હાથ રૂવે ચોધાર જો;
દુઃખના દહાડા આવ્યા, સુખ સરકી ગયું,
સુખદાયક વિણ વણસ્યાં રસનાં વહેણ જો...ટળવળતો૦ ૯.

કોયલડી ટહુકો વીસરીને વલવલે,
મોર બપૈયે છોડ્યાં મધુરાં ગાન જો;
નદીઓ નદનાં નીર થંભ્યાં, તરુવર ખર્યાં,
વાયુ વાતો બંધ પણ થયો સ્થિર જો...ટળવળતો૦ ૧૦.

વાદળ કાળાં ઊલટ્યાં હિન્દને આંગણે,
ઘુવડ હિંસક-ધર્મી કરશે કેર જો;
જિન-ઝંડો ઝળકાવી આપ ખસી ગયા,
ધર્મ-ધ્વજાને સોંપી કોને હાથ જો...ટળવળતો૦ ૧૧.

પડો વજ્ર વીજળી કે ગેબી શસ્ત્ર ઘા,
મુજ શિર પર, પ્રભુ વિણ જીવવું ધિક્કાર જો;
દાવાગ્નિ લાગ્યો ભરદરિયે ઓ પ્રભુ,
જવા નથી રસ્તો, માગું મૃતકાળ જો...ટળવળતો૦ ૧૨.

ક્યાં છો, વહાલા ? કહીને ઊઠ્યા શોધવા,
બાથડિયો લેતા તરુવર સંગાથ જો;
છૂટા નહીં મૂકું, આવ્યા છો હાથમાં,
ભાન થયે પટકાતાં પૃથ્વી માંય જો...ટળવળતો૦ ૧૩.

પ્રભુજી વીરના નામનો જાપ શરૂ થયો,
જાગી જ્યોત, અંતરનાં ઊઘડ્યાં દ્વાર જો;
કેવળ પામી ભવ-દરિયો લંઘી ગયા,
પ્રભુ સંગાથે કાયમ કીધો વાસ જો...ટળવળતો૦ ૧૪.

'વલ્લભ'વાણી વરતી, ભવિજન, અહીં વળો,
વ્રતાચરણના કોટ મહીં લ્યો સ્થાન જો,
પ્રભુ નામનો જાપ કુકર્મને ટાળશે,
મુક્તિ પામી કરશો શિવપુર વાસ જો...ટળવળતો૦ ૧૫.

* * *

# શ્રી ગૌતમસ્વામી વિલાપ

## (રચયિતા : પૂ. આ. શ્રી વિજયજયંતસેનસૂરીશ્વરજી મહારાજ)

**(ઓધવજી, સંદેશો કેજો મારા નાથને – એ રાગ.)**

ઓ વીર ! વ્હાલા મુજને મૂકી શું ગયા ?
વિરહ તમારો મુજથી નહીં સહેવાય જો;
બાળક ટળવળે માતપિતાના વિયોગથી,
તેવી હાલત અહીંયાં મારી થાય જો...ઓ વીર૦ ૧.

ઓ વીર ! જળ વિણ તરફડતી જેમ માછલી,
સૂરજ વિના અંધારું ફેલાય જો;
ભોમિયા વિના અજ્ઞાની રખડે સદા,
ખરું કહું પ્રભુ તુમ વિના ન રહેવાય જો...ઓ વીર૦ ૨.

ત્રિભુવન નાયક વીર ! તમે આ શું કર્યું ?
લોકવ્યવહારને મૂક્યો ક્યાં ઓ નાથ જો;
ભોળાને પ્રભુ ! આમ તમે શું ભોળવ્યો ?
ખરા સમયે કેમ તરછોડ્યો સાથ જો...ઓ વીર૦ ૩.

કોઈ પોતાના દૂરથી પાસ બોલાવતા,
મને પાસેથી શું કરવા કર્યો દૂર જો;
પ્રતિબોધવા દેવશર્માને મોકલ્યો,
પાછળથી કાળ થયો કેમ ક્રૂર જો...ઓ વીર૦ ૪.

પાછાં વળતાં જ્યારે મેં આ સાંભળ્યું,
દેવ-દેવી સહુ કરતાં શોરબકોર જો;
ત્રણ લોકના નાથ ગયા શિવમહેલમાં,
ધીરજ મારી ખૂટી તૂટ્યા દોર જો...ઓ વીર૦ ૫.

જવું હતું જો પહેલાં તો કહેવું હતું,
કોનો છે હવે મુજને અહીં આધાર જો;
ગોયમ ! ગોયમ ! કોણ કહીને બોલાવશે ?
કોના આગળ ખોલીશ અંતરદ્વાર જો...ઓ વીર૦ ૬.

આપ વિના અહીં અંધારું પ્રસરી જશે,
મિથ્યા મતનું વધશે અહીં જોર જો;
કરમાશે આ લીલી વાડી સંઘની,
વધશે અહીંયાં પાખંડી ને વળી ચોર જો...ઓ વીર૦ ૭.

ત્રિકાલજ્ઞાની નાથ ! તમે સહુ જાણતા,
છતાંય અમને કેમ કહી નહીં વાત જો;
હું ના આવત છેડો ઝાલી આપનો,
દિન ડૂબ્યો મુજ, માથે આવી રાત જો...ઓ વીર૦ ૮.

વીર ! વીર ! ઓ વીર ! રટણ કરતો રહ્યો,
તો પણ વ્હાલા, ક્યાંથી મળશો વીર જી;
આ સંસારમાં કોઈ કોઈનું છે નહીં,
ગૌતમ-ચિત્તે સઘળું અસ્થિર જો...ઓ વીર૦ ૯.

જાણતો હોવા છતાં બન્યો અણજાણ હું,
નકામો રાખ્યો નાથ તમારો રાગ જો;
અનિત્ય ભાવના ભાવતાં ગૌતમસ્વામીને,
ઉપન્યું કેવળજ્ઞાન પ્રભાત પરાગ જો...ઓ વીર૦ ૧૦.

સૂરિ રાજેન્દ્રના ગણધર ગૌતમને સદા,
વંદના હોજો મારી શત અઠ વાર જો;
સૂરિ યતીન્દ્રના પદને પામે જે ભવિ,
'જયન્ત' એ તો પામે મંગલમાલ જો...ઓ વીર૦ ૧૧.

***

# શ્રી ગૌતમસ્વામી વિલાપ

(દુહા)

વીર વિભુ આજ્ઞા થકી, જાય ઉરે વીર લીજ;
ગયા ગૌતમ પ્રતિબોધવા, દેવશર્મા એ દ્વિજ. ૧.
પ્રતિબોધી એ વિપ્રને, રાત રહ્યા ત્યાં વાસ;
શોક સહિત દેવો કરે, કોલાહલ આકાશ. ૨.
સ્તબ્ધ બની ચિત્ત જોડિયું, કર્યા સાબદા કાન;
પડ્યા શબ્દ દેવો તણા, વીર લહ્યો નિર્વાણ. ૩.
ફાળ પડી તવ ઉરમાં, ઉપન્યો કંપ શરીર;
બાળક જિમ રડી પડ્યા, યાદ કરી પ્રભુ વીર. ૪.
વજ્ર સમ એ છાતડી, હાથ ન રહી લગાર;
ધ્રૂસક ધ્રૂસક લહે ધ્રુસકાં, નેણ વહે ચોધાર. ૫.
કંપારી ખૂબ જોસમાં, વ્યાપી અંગ ઉપાંગ;
વપુ હાથમાં નવિ રહ્યું, ભોંય પડ્યા તે વાર. ૬.
આવ્યા શુદ્ધિમાં યદા, બોલે તેણી વાર;
વીર ! વીર ! બસ બોલ એક, અન્ય નહીં ઉચ્ચાર. ૭.
પ્રીત વીરથી જે હતી, ઉચ્ચારે તે વાર;
ભૂતકાળ તાજો કરી, વળી રડતા કૈં વાર. ૮.
હે પ્રભુ ! આ બાળની, લેશે ખબરો કોણ ?
આધાર તમે ચાલ્યા ગયા, સહાય અમ હવે કોણ ? ૯.
ઊગતી શંકા માહરી, પૂછીશ કોને નાથ ?
દેવે ઉત્તર કોણ મુજ, કવણ રાખશે લાજ ? ૧૦.
જનાર જો જાવા ચહે, રોક્યા ના રોકાય;
ન આવે ઘટતું કર્યું અપને જે ન સુહાય. ૧૧.
પણ હતી જે પ્રીતડી, ન યાદ કરી તે કાળ;
જવા ઉતાવળ મોક્ષમાં, ત્યાગી શું તતકાળ. ૧૨.

(ઢાળ)

શાસનનાયક પ્રાણપ્રભુ હે વીરજી, પ્રીતડી તોડી મુજ ઉપરથી સાચ જો;
અલગો કીધો આપ કનેથી નાથજી, આવશે જાણે લેવા મુજમાં ભાગ જો;
મનમંદિરના વાસી વ્હાલા વીર જી...૧.

ભૂલ્યા સાહિબ હઠ કરતાં ન આવડે, હોત કહ્યું જો અધિક ના મુજ પાસ જો;
કપટ કરી મુજથી શું ચાલી નીકળ્યા, આવત નહીં તુમ સાથ ખરેખર નાથ જો;
...મનમંદિરના...૨.

આપ ગયા નોધારો મૂકી મુજને, દુઃખના ડુંગર ઊગ્યા દીનદયાળ જો;
ભરત ભાવે તુમ પ્રેમ તળે પાગલ બન્યા, છેહ દીધો તેઓને પણ કૃપાલ જો;
...મનમંદિરના...૩.

યાદ કરી તુમ દિવ્ય જીવન એ સૌ રડે, શોક ત્યજે ના ઉર થકી દિનરાત જો;
મિથ્યામતિનો પાર નહીં આ વિશ્વમાં, હામ નથી હૈયે શું કરીએ તાત જો;
...મનમંદિરના...૪.

વાતો શીતળ વાયુ પણ થંભી ગયો, નદી-સાગરનાં નીર પડ્યાં કંઈ સ્થિર જો;
સરવરમાં હંસો ચારો ચરવો તજી, મીંચી આંખો ઊભાં શોકે સ્થિર જો;
...મનમંદિરના...૫.

કરમાયાં તરુવર સૌ આપ રવિ વિના, ખરી પડ્યાં કંઈ ભૂ પર પર્ણ-કુસુમ જો;
તજી ગુંજન પંખી સૌ માળે જઈ ચડ્યાં, શોક તણી પશુઓ પાડે કૈં બૂમ જો;
...મનમંદિરના...૬.

ભૂલ્યો સાહિબ ઓલંભો તમને ન હો, પામ્યો છું હું કર્મતણાં ફળ મુજ જો;
આપ કરો તેમાં શંકા શી માહરે, માન કીધું હિત ઘણું છે મુજ જો;
...મનમંદિરના...૭.

મનમાં મોટી શંકા તુમને એ હતી, નિર્વાણે જો ગોયમ રહેશે પાસ જો;
ખેદ પ્રસારી આત્મગુણ હાનિ કરે, સમજ્યો સાહિબ ભલું કર્યું છે કાજ જો;
...મનમંદિરના...૮.

સત્ય કહું તો આપ હતા વીતરાગ જી, નિરાગી હો કસૂર ના તલભાર જો;
ગુણ એ તુજમાં જાણ્યો મેં વિભો, ધિક્ ધિક્ નિંદું આતમ મારો તાત જો;
...મનમંદિરના...૯.

ગૌતમ ચઢિયા ભાવ-મિનારા ઉપરે, ભાવના આવી એકત્વ મન માંહ્ય જો;
નિર્મલ પંચમ જ્ઞાન પ્રકાશ્યું તે સમે, સુરનરગણ મહિમા આનંદભર ગાય જો;
...મનમંદિરના...૧૦.

***

# શ્રી ગૌતમસ્વામીનો વિલાપ

## (કર્તા : શ્રી બાબુલાલ મનસુખલાલ શાહ)

**(રાગ : પંખીડા, સંદેશો કહેજો શ્યામને...)**

અપાપાપુરી નગરના આંગણે, પ્રભુ વીર દેશના દેતા સોળ પ્રહર જો;
દેશના દઈ હિતકારી યોગ નિરોધતા, પ્રયાણ કર્યું પ્રભુએ શિવ મોઝાર જો;
ભાવદીપક ઉદ્યોત અહો ! અસ્ત થયો... ૧.

દેવશર્મા દ્વિજ પ્રતિબોધી પાછા વળે, માર્ગે સુણ્યું પ્રભુ વીરતણું નિર્વાણ જો;
વજ્રપાત થયો ગુરુ ગૌતમના ઉપરે, શુધબુધ ખોઈ ધરણી ઢળ્યો તે વાર જો;
...ભાવદીપક૦ ૨.

આવ્યા શુદ્ધિમાં રડે બાલક પેરે, ભરે ધ્રુસકાં, નેણ વહે ચોધાર જો;
વીર ! વીર ! બસ, બોલ એક ઉચ્ચારતા, સ્મરણપટથી વીર ખસે ન લગાર જો;
...ભાવદીપક૦ ૩.

અહાહા ! હું નિર્ભાગી અભાગિયો, નિર્વાણ સમયે હું નહીં પાસ જો;
અલગો કરી શું છેહ દીધો આવો તમે ? આવત નહીં તુમ સાથ ખરેખર નાથ જો;
...ભાવદીપક૦ ૪.

આપ ગયા નોધારો મૂકી મુજને, દુઃખના ડુંગર ઊગ્યા દીનદયાળ જો;
ભરત ભવિને કોણ પ્રભુ હવે આસરો, હતા તમે પ્રભુ એક મોટા આધાર જો;
...ભાવદીપક૦ ૫.

રડતાં રડવડતાં અમે સૌ પાંગળાં, શોક છૂટે નહિ ઉર થકી લગાર જો;
મિથ્યામતિનો પાર નહિ આ વિશ્વમાં, કિમ વહેવો કહો હવે પ્રભુ, વહેવાર જો;
...ભાવદીપક૦ ૬.

પ્રીત પ્રભુ શું યાદ ન આવી તે સમે ? કે મારો કૈં અપરાધ કહો, જગનાથ જો;
અણઘટતું આપે આ તે શું કર્યું ? શિવ સંચરિયા અલગો કરી પ્રભુ આપ જો;
...ભાવદીપક૦ ૭.

ભૂલ્યો સાહિબ ! આ તે શું ચિંતવું અહા ! પામ્યો છું હું કર્મતણાં ફળ મુજ જો;
આપ કરો તેમાં શંકા શી માહરે, માનું કીધું હિત ઘણું છે મુજ જો;
...ભાવદીપક૦ ૮.

મનમાં મોટી તુમને એ શંકા હતી, નિર્વાણે જો ગૌતમ રહેશે પાસ જો;
ખેદ પ્રસારી આત્મગુણ હાનિ કરે, સમજ્યો સાહિબ ભલું કર્યું છે કાજ જો;
...ભાવદીપક૦ ૯.

સત્ય કહું તો આપ હતા વીતરાગજી, નિરાગી હો કસૂર ના તલભાર જો;
અહોનિશ પડખું સેવ્યું તો પણ પ્રભુ, ઓળખી શક્યો ન વીતરાગી પ્રભુ આપ જો;
...ભાવદીપક૦ ૧૦.

'એગોડહં નત્થિ મે કોઈ' સ્વામ જો, ભાવના ભાવે એકત્વ મનમાંહ્ય જો;
ગુણશ્રેણીએ આરોહણ કરતાં ઉપન્યું, ઉજ્જ્વળ કેવળજ્ઞાન અનંત ઉદાર જો;
...ભાવદીપક૦ ૧૧.

આતમના અજવાળે ગુરુ ઓપી રહ્યા, લબ્ધિતણા ભંડાર ગુણમણિ ખાણ જો;
આતમ અમારો અજવાળાથી ઓપતો, કરજો નિર્મલ હે ગુરુ ગૌતમસ્વામ જો;
...ભાવદીપક૦ ૧૨.

# શ્રી ગૌતમસ્વામીનો વિલાપ

## (રચયિતા : મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)

(દુહા)

પ્રભુ વીર પધારિયા, પાવાપુરી મોઝાર;
હસ્તિપાલની જીર્ણ સભાએ, અનેક મુનિ પરિવાર. ૧.

પુન્યપાપ-ફળ ઉચ્ચરે, ઉત્તરાધ્યયન રચાય;
અંતકાલે વિપ્ર બોધવા, ઈન્દ્રભૂતિ તો જાય. ૨.

પુન્યરાય સ્વપ્નાં કહે, ભસ્મરાશિ સંક્રમાય;
ઈન્દ્ર વીનવે ક્ષણ બિરાજો, વીર કહે એ નવ થાય. ૩.

**(રાગ : આવો આવો દેવ, મારાં સૂનાં સૂનાં દ્વાર...)**

તારો તારો વીર ! મારી નૈયાના આધાર, મને પાર ઉતારો...
તુમ વિયોગે પ્રભુજી પ્યારા, ગૌતમ કરે પુકાર...મને૦

યોગાસને કર્મ ખપાવી, જ્ઞાનપ્રકાશ બુઝાયો,
જ્ઞાતનંદન શિવ સિધાયા, જગ અંધાર છવાયો...મને૦ ૧.

શી ઝળહળતી કેવળજ્યોતિ, આસો અમાસે જાય;
સુરનર શોકે દીપક કરતા, તે દિવાળી સોહાય...મને૦ ૨.

રૂમઝૂમ કરતાં દેવવિમાનો, આકાશે જે ગાજે;
વળતાં સ્વામી ગણપતિ પૂછે, સુર આવ્યા કોણ કાજે...મને૦ ૩.

ભવિજન-તારક સત્ય દયામય, કુમતિ ટાલણહાર;
વર્ધમાન વિભુ શિવ સિધાવ્યા, અમે આવ્યા તે વાર...મને૦ ૪.

સાંભળીને મૂર્છા એ પામે, દડ દડ આંસુ વહાવે;
હે પ્રભુ ! હું છેડો ન ઝાલત, શિવ ન સાંકડું થાત...મને૦ ૫.

વીર ! વીર ! કહી વિલપે, કોને પૂછું પ્રશ્ન ભદંત ?
કોણ બોલાવે ગુણી ગોયમ, કિણ પાસે રહું સંત ?...મને૦ ૬.

રે, નિરાગી ! તવ ભાવ ન જાણ્યો, શ્રુત ઉપયોગ ન આણ્યો;
રાગ રીસ ના જગથી સર્યું, મન વૈરાગે ધર્યું...મને૦ ૭.

નૂતન વર્ષે નવ પ્રભાતે, ગૌતમ કેવળ પાવે;
જગના જીવો હર્ષે મ્હાલે, સુર ઉસવમાં આવે...મને૦ ૮.

બાર વર્ષે વીર ગૌતમ મળતાં, શાશ્વત સુખમાં લ્હેરે;
લક્ષ્મીસાગર શાસન જગમાં, હર્ષ ઘરોઘર પ્રેરે...મને૦ ૯.

***

# ગૌતમ-જો-વિલાપ (કચ્છી ભાષામાં)

## (પ્રસ્તુતકર્તા : દુલેરાય કારાણી)

[કચ્છી બોલીના પ્રાચીન સાહિત્યને લિપિબદ્ધ કરવાનો ઘણોખરો યશ શ્રી દુલેરાયભાઈ કારાણીને ફાળે જાય છે. એમણે સેંકડો કાવ્યો, ગીતો અને કથાઓ દ્વારા કચ્છી પ્રજાના ખમીર અને ખાનદાનીનાં દર્શન કરાવ્યાં છે. સાહસિકતા અને ઉદારતા જેવા ગુણોનો પરિચય પણ કરાવ્યો છે. જૈનધર્મ-સાહિત્ય પર પણ તેમને એટલો જ અનુરાગ છે. અહીં પ્રસ્તુત તેમનું 'ગૌતમ-જો-વિલાપ' કાવ્ય આપણને ઊંડા ચિંતન-મનનમાં લઈ જાય છે. વિનયમાંથી વિલાપ અને વિલાપમાંથી વીતરાગની ભૂમિકાનું સુંદર દર્શન કરાવીને શ્રી કારાણી સાહેબે આ પ્રસંગનું કચ્છી બોલીમાં અનેરું દર્શન કરાવ્યું છે. ગયા ડિસેમ્બર-૧૯૯૫માં સોનગઢ મુકામે તેમના જન્મશતાબ્દિ મહોત્સવની ઉજવણી ખૂબજ સુંદર અને શાનદાર રીતે ઉજવાઈ.

*સંપાદક]*

(દોહરા)

**જડેં જીવન વાટ જા, પૂરાં થ્યાં બોંતેર;**
**થીંધલ કે તાં ન થીંધલ, કરે શકે તે કેર.**

❋ જીવનવાટનાં જ્યારે બોંતેર વરસ પૂરાં થયાં, ત્યારે જે થનાર હતું તે થયું. થવાકાળને ફેરવવા કોણ સમર્થ છે ?

**ભાવી જે તાં ગર્ભ મેં, જિકીં હુઓ નિરમાણ;**
**નગરી પાવાપુરી મેં, પ્રભુ પામ્યા નિરવાણ.**

❋ ભાવિના ગર્ભમાં જે નિર્માણ હતું તે થયું. પાવાપુરી નગરીમાં પ્રભુ મહાવીર નિર્વાણ પામ્યા.

(ચોપાયા)

**મહાવીર ભગવાન આપ જે, અંત સમય કે સમજી વ્યા;**
**અને પરમ પ્રેમી ગૌતમ જે, પરમ પ્રેમ કે સમજી વ્યાં.**

❋ ભગવાન મહાવીર પોતાના અંત સમયને સમજી ગયા હતા. અને પરમ પ્રેમી ગૌતમના પરમ પ્રેમને પણ સમજી ગયા હતા.

**ગૌતમ જે કોમલ મનડે જી, વીર પ્રભુ કે ખબર હુઈ;**
**ફુલ જેડે ઈન કોમલ ફુલ જી, વીર પ્રભુ કે ખબર હુઈ.**

❋ ગૌતમના કોમળ મનની વીર પ્રભુને ખબર હતી. ફૂલ જેવા એ કોમળ ફૂલની વીર પ્રભુને ખબર હતી.

**દૂર દૂર હો દેવશર્મા, ઉનકે ઉતે પ્રબોધે લાવ;**
**ગૌતમ કે જે વિદાય કરે ને, વીર પ્રભુ થઈ વેઆ વિદાય.**

❋ દૂર દૂર દેવશર્મા હતો. તેને પ્રતિબોધવા માટે વીર પ્રભુએ ગૌતમને ત્યાં મોકલ્યા. અને ત્યારબાદ પોતે સદાને માટે વિદાય થઈ ગયા.

**વરંધે ગૌતમ જે કન, દુઃખ જે ડુંગર જેડો હરફ પુગો;**
**ઈ તાં જાણે ધુંબી થઈ, એડો વજ્રઘાત લગો.**

* પાછાં વળતાં જ્યારે ગૌતમના કાન પર દુઃખના ડુંગર જેવો આ શબ્દ આવી પડ્યો, ત્યારે તેમને મન તો જાણે ધરતી ધ્રૂજી ગઈ હોય એવો વજ્રાઘાત લાગ્યો.

**જ્ઞાની ગૌતમ તેં પણ, અજ તાં જાણે તૂટી પેઓ આકાશ;**
**ચિભડ ફિસેં તીં સાવ ફિસી પ્યા, હાય, વિજી થઈ વેઆ હતાશ!**

* જ્ઞાનવાન ગુરુ ગૌતમ ઉપર પણ આજ તો જાણે આભ તૂટી પડ્યું હતું. ચીભડું ફસકી પડે તેમ એ ફસકી પડ્યા, હાય નાખીને હતાશ થઈ ગયા.

**મહાવીર જી વિદાય સેં, ગૌતમ જા અંતર-તાર રૂએ;**
**કરુણ કંઠ જો રૂદન સુણીને, જંગલ ઝાડ પહાડ રૂએ.**

* મહાવીરની વિદાયથી ગૌતમના અંતરના તાર રડે છે. એમના કરુણ કંઠનું કલ્પાંત સાંભળીને જંગલ, ઝાડ અને પહાડ જાણે રડવા લાગે છે.

**વીર પ્રભુ જી વિદાય સેં, ગૌતમ કે લગે બડો આઘાત;**
**પાણા પણ પલરી પેં એડો, ગૌતમ ગુરુવર કરીં વિલાપ.**

* વીર પ્રભુની વિદાયથી ગૌતમના અંતરને આવો મોટો આઘાત લાગ્યો છે. પથ્થર પણ પીગળી જાય એવો વિલાપ ગૌતમ ગુરુવર કરવા લાગ્યા.

**ગૌતમ ગુરુ જે મનડે જીતાં, પીડા જો કીં રેઓ ન પાર;**
**અખિયેં મેં શ્રાવણ ને ભધરો, આંસુડા વર્યંતા ઓઘાર.**
**ગૌતમ ગુરુવર જી અખિયેં મેં, મહાવીરજી મૂરત આય;**
**ગૌતમસ્વામી જે અંતરમેં, વીર પ્રભુ જી સૂરત આય.**

* ગૌતમ ગુરુના મનની પીડાનો કોઈ પાર જ રહ્યો નહીં. આંખોમાંથી શ્રાવણ-ભાદરવાના મેઘ જેવાં આંસુડાં ચોધાર વહે છે. ગૌતમ ગુરુવરની આંખોમાં મહાવીરની મૂર્તિ છે. એમના અંતરમાં વીર પ્રભુની સૂરત છે.

**ગૌતમ ગણવર રૂએં ધ્રુસકે, અખિયેં આંસુડે જા મી;**
**જ્ઞાની ગૌતમ પરમ પ્રેમ સે, પ્રભુ કે ઓભાલા તા ડીં.**
**કરુણાઘન! કરુણ જા સાગર, કરુણા આંજુ કિડાં વઈ?**
**કરુણાસાગર! આંજી કરુણા, મૂ કે મારે હલઈ વઈ!**

* ગૌતમ ગણધર ધ્રુસકે ધ્રુસકે રડે છે. આંખે આંસુના મેહ છે. જ્ઞાની ગૌતમ પ્રેમથી વીર પ્રભુને ઉપાલંભ આપે છે : ઓ કરુણાઘન! કરુણાના સાગર! તમારી કરુણા ક્યાં ગઈ? તમારી કરુણા તો મને મારીને ચાલી ગઈ છે.

**મહા અહિંસક વીર પ્રભુજી, અંજી અહિંસા કિડાં વઈ?**
**અહિંસા આંજી અજ તાં મૂંકે, કનલ કરે ને હલઈ વઈ!**

**પરમ પ્રેમમય વીર પ્રભુજી, પ્રેમ ન આંજો સચો હુઓ;**
**કાં તાં આંજો પ્રેમ કચો, કાં સેવક આંજો કચો હુઓ.**

❀ હે મહાન અહિંસક વીર પ્રભુ ! તમારી અહિંસા ક્યાં ગઈ ? તમારી અહિંસા આજે તો મને કતલ કરીને ચાલી ગઈ છે. અને પરમ પ્રેમમય વીરપ્રભુ ! આપનો પ્રેમ સાચો ન હતો. કાં તો તમારો પ્રેમ કાચો હતો, કાં તો તમારો સેવક કાચો હતો.

**આઈ તા હુઆ પ્રભજી, આંજી ત્રેવડમેં તૈયાર મેં;**
**આંજે ચરણે જે સેવક કે, કીં રખેઆં અંધારે મેં?**
**કોમલ થઈને કઠોર થીણું, ગુણિયલ આંકે ઘટે ન તો;**
**મુંજે મન તેં કારો ડુંગર, કડક્યો હાણેં હટે ન તો.**

❀ તમે તો પ્રભુજી, તમારી ત્રેવડમાં અને તૈયારીમાં હતા. તો પછી તમારા આ સેવકને અંધારામાં કેમ રાખ્યો ? કોમળ થઈને કઠોર થવું એ તમારા જેવા ગુણિયલને ઘટતું નથી. મારા મન પર તો જાણે કાળો ડુંગર ત્રાટકી પડ્યો છે. એ કેમે કરતાં મન પરથી હટતો નથી.

**નાડી જેં ધબકારેં મેં પણ, ગુંજે પ્રભુજી આંજો ગીત;**
**મૂં જે સાંસ-ઉસાંસેં મેં પણ, અચે વિએ આંજો સંગીત.**
**નિંઢે વડેજગ જેં જીવેં કે, આંજો નાં તાં તારે તો;**
**પ્રભજી આંજો વડી વિછોડો, મૂકે તાં અજ મારે તો.**

❀ મારી નાડીના ધબકારામાં પણ પ્રભુજી ! તમારું ગીત ગુંજે છે. મારા શ્વાસ-ઉચ્છ્વાસમાં પણ તમારું જ સંગીત આવજા કરે છે. નાનામોટા જગતના જીવોને તમારું નામ તારે છે. પણ પ્રભુજી ! તમારો લાંબો વિયોગ મને તો મારી નાખે છે.

**કિડાં વેઆ વનરાજ વીર, વન જા જ વિલાસી કિડાં વેઆ?**
**કિડાં વેઆ વગડે જા વસંધલ, વન જા વાંસી કિડાં વેઆ?**
**કોં જાણાં અજ પ્રેમ પંથ જા, વીર પ્રવાસી કિડાં વેઆ?**
**અગમ ભોમ જા આપ નિવાસી, નિત ઉપકારી કિડાં વેઆ?**

❀ ઓ વનરાજ જેવા મહાવીર ! વનના વિલાસી ! તમે ક્યાં ગયા ? વગડાના વસનારા ઓ વનવાસી ! તમે ક્યાં ચાલ્યા ગયા ? પ્રેમપંથના વીર પ્રવાસી ! આજે કોણ જાણે ક્યાં ગયા ! અગમ ભૂમિના નિવાસી અને નિત નિતના ઉપવાસી, તમે ક્યાં ગયા ?

**વિરલ વિભૂતિ અમર મૂરતી, વીર અમીર ફકીર વેઆ,**
**આતમ બર સેં, જનમ જનમ જ, જોરીંથલ જંજીર વેઆ.**
**હીર-ચીર હવા જા જેં જા, ધરમ ધુરંધર ધીર વેઆ,**
**તપસી ત્યાગી ને વેરાગી, પેગમ્બર ને પીર વેઆ.**

❀ વિરલ વિભૂતિ અને અમર મૂર્તિ એવા વીર, અમીર અને ફકીર ચાલ્યા ગયા. આત્મબળથી જનમ જનમની જંજીરને તોડી નાખનાર વિદાય થઈ ગયા. જેના અંગ પર હીર-ચીર,

કપડાં-લત્તાં માત્ર હવાનાં જ હતાં એવા ધર્મધુરંધર ધીર વીર ચાલ્યા ગયા !

**નિંઢેં નિંઢેં નું નિંઢા વેઆ, મેરુ જેડા જે મહાન વેઆ;**
**પ્રેમ-અહિંસા જા પ્રથમી કે, પ્રેમલ ડીંધલ દાન વેઆ.**
**નિરમલ નેહ નિધાન વેઆ, અજ નિરધન ને ધનવાન વેઆ;**
**અજ સચ્ચા ઈન્સાન વેઆ, અજ ભારત જા ભગવાન વેઆ.**

❀ નાના નાના કરતાં વધુ નાના અને અહિંસાનાં પ્રેમલ દાન દેનારા ચાલ્યા ગયા. નિર્મળ નેહના સાગર ગયા. આજે નિર્ધન-ધનવાન ગયા. આજે એક સાચા ઈન્સાન ગયા. આજે ભારતના ભગવાન ગયા.

**ભવાટવી જો ભવસાગર, તરીંધલ ત્રાતા હલ્યા વેઆ;**
**પરમ પુનિત ભારતમાતા જા, ભાગ્યવિધાતા હલ્યા વેઆ.**
**વ્યોમવિહારી વિમુક્ત પંખી, મુક્તિદાતા હલ્યા વેઆ;**
**મહાવીર મહીપતીએં જા, મહીપત માંધાતા હલ્યા વેઆ.**

❀ ભવાટવી-ભવસાગરમાંથી તારનાર ત્રાતા-રક્ષક ચાલ્યા ગયા. પરમ પુનિત ભારતમાતાના ભાગ્યવિધાતા ચાલ્યા ગયા. વ્યોમવિહારી વિમુક્ત પંખી જેવા વીર મુક્તિદાતા ગયા. મહીપતિઓના પણ મહીપતિ એવા માંધાતા મહાવીર વિદાય થયા.

**સંત વેંઆ સદ્દભાગી હી, કમભાગી હાણેં કિડાં વિઝે?**
**પાગલ આંજો પ્રેમી, હી વેરાગી હાણેં કિડાં વિઝે?**

❀ તમે સદ્દભાગી સંત તો ચાલ્યા ગયા; પણ આ કમભાગી હવે ક્યાં જાય ? તમારા પાગલ પ્રેમી આ વેરાગી હવે ક્યાં જાય ?

**❀ ગૌતમસ્વામી કો કેવલજ્ઞાન ❀**

**પ્રભુજી, આંકે ઓભાલા કઈ, મૂં તાં ભારી ભૂલ કઈ;**
**વીતરાગ ભગવાન આંજી, અજ તાં મૂંકે ખબર પઈ.**

❀ પ્રભુજી ! તમને ઉપાલંભો આપીને મેં તો ભારે ભૂલ કરી. ઓ વીતરાગ ભગવાન ! તમારી મને આજે ખબર પડી.

**ગૌતમ ગુરુ જી વિરહવેદના, પરવશતા જો રેઓ ન પાર;**
**વીતરાગ જે ભાવ સેં પ્રગટ્યો, ગૌતમ જી કે કેવળજ્ઞાન.**

❀ ગૌતમ ગુરુની વિરહવેદના અને પરવશતાનો પાર રહ્યો નહિ. વીતરાગ ભાવથી ગૌતમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. *('મહાવીર-બાવની'માંથી સાભાર.)*

* * *

# ગૌતમ-વિલાપ

## (પ્રસ્તુતકર્તા : પૂનમચંદ નાગરદાસ દોશી 'શશીપૂનમ')

[થરાદ કડુવામતિ ગચ્છની ગાદી હતી. એ ગાદી પર આજ સુધી યતિજીઓ થઈ ગયા. તેઓ સાજીજી નામે જાણીતા હતા. છેલ્લા સાજીજી મણિલાલજી મહારાજ વિ. સં. ૨૦૩૯માં કાળધર્મ પામ્યા પછી તે ગાદીનો વિચ્છેદ થયો છે. એ ગચ્છની સાતમી પાટે સત્તરમા સૈકામાં શ્રી કલ્યાણ સાજીજી થઈ ગયા. તેમણે વીતરાગ-ભક્તિનાં કાવ્યો લખ્યાં હતાં. તે પૈકીના એક કાવ્યની અમુક ગાથાઓ થરાદવાળા ધર્માભ્યાસી શ્રી પૂનચંદભાઈ દોશીએ કરેલ વિવેચન સાથે અહીં રજૂ કરવામાં આવેલ છે. દીપાવલીના મહાન પર્વને અનુલક્ષીને લખાયેલું આ કાવ્ય આપના હૃદયના પરિતાપોને શાંત કરનારું નીવડશે. *—સંપાદક.]*

**વીર સકળ સંઘ સુખકારી, વીરે તાર્યાં બહુ નર ને નારી;**
**કેઈ પોત્યા મુગતિ મોઝારી, કેઈ હુઆ એકાવતારી.**
**હો વીર! પ્યારા હો પ્રાણ હમારા... ૧.**

**એમ કહેતા ગૌતમ ગણધારા, છેડે છેહ દીના ક્યા પ્યારા;**
**તમ શુ છે હમારા કારા, તુમે મુગતિ મારગનો દાતારા...હો વીર૦ ૨.**

મહારાજશ્રીએ આખું કાવ્ય શ્રી ગૌતમસ્વામીજીના મુખે જ ગવાયું હોય એવી રચના કરી છે. પ્રભુ મહાવીરે અનેક ઉપકાર કરી, અનેક નરનારીઓને મુક્તિનગરનાં મહેમાન બનાવ્યાં છે. કંઈકને એકાવતારી બનાવ્યાં છે. એવા હે વીર પ્રભુ! આપ મને પ્રાણથી પણ વધારે પ્યારા છો.

આગળ વધતાં ભગવાનને ઉપાલંભ આપતાં પ્રભુ સાથેનો પોતાનો ગાઢ સંબંધ દર્શાવીને કહે છે કે અંત સમયે મને હે વીર! શા માટે છેહ દીધો ?

**ત્રિશલાદેવી તુમથી માય...વીર પામ્યા પાંચમું જ્ઞાન...હો વીર...**

**(ગાથા : ૩ થી ૭માં. પછી–)**

**હમ તારણ પાવાએ આવે, હમ સંદેહ દૂર ગમાવે;**
**હમ ઉપદેશ દેઈ સમજાવે, હમ એકાદશ દીક્ષા પાવે...હો વીર...**

**સહસ ચાર ને સત ચાર, એકી વારે કિયા અણગાર;**
**પદ દીનો પ્રથમ ગણધાર, ચૌદ સહસ મેં કીઓ સરદાર...હો વીર...**

અમે અગિયાર ભાઈઓ યજ્ઞયાગમાં વિશ્વમાં શ્રેષ્ઠ તરીકે માનીને અભિમાનમાં અંધ બન્યા હતા. એથી અમને તારવા માટે જ પ્રભુ પાવાપુરીએ આવ્યા અને અમારા અગિયારે જણના સંદેહ પોતાના જ્ઞાનથી દૂર કરી, સાચો ઉપદેશ સમજાવીને, બધાને દીક્ષિત કર્યા. વળી બીજા મળી એકસાથે ચૌદ હજારને અણગાર બનાવ્યા અને તે બધાના સરદાર તરીકે મને શ્રેષ્ઠ એવું ગણધર-પદ આપવામાં આવ્યું. અમે અગિયારે અગિયાર ગણધર તરીકે પ્રસિદ્ધ થયા. હે વીર! તમે મને પ્રાણથી પણ વધારે પ્યારા છો.

**પ્રભુ નિજ આયુ થોડું જાણી, સોળ પહોરની દેશના વખાણી;**
**બુઝવ્યા ભવિયણ જિનવરે પ્રાણી, મારી વેળાએ કોશીર આણી...હો વીર૦...**

**જાણે એ સાથથી ચૂકે, મુજ બાંભણ બુઝણ મૂકે;**
**આપે જઈ મુક્તિમાં ઢૂંકે, વીર! વીર! કરતાં ગળું દુઃખે...હો વીર...**

ભગવંતે પોતાનું આયુષ્ય થોડું છે એમ જ્ઞાનથી જાણ્યું ત્યારે છેલ્લે એકધારી સોળ પહોર-(બે રાતદિવસ) સુધી દેશના આપી અને અનેક ભવ્યજનોને આ અસાર સંસારથી તારીને મોક્ષે મોકલી દીધા. જ્યારે હે પ્રભુ! ફક્ત એક મને જ આપે યાદ ન કર્યો. મારી વખતે આપે કોશીર કેમ કરી ?

હા...હા...જાણ્યું...જાણ્યું. મારો સાથ કરવો આપને ગમતો ન હતો. એથી તો મને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલી દીધો. અને પાછળથી આપ એકલા છેક મુક્તિનગરમાં પહોંચી ગયા! હે વીર...હે વીર...હવે મારું કોણ ? આપને પોકારી પોકારીને તો મારું ગળું દુઃખવા આવ્યું. હે વીર! તમે મને પ્રાણથી પણ વધારે વહાલા છો.

**સજ્જનની કરણી એહ, આપણું કરી થાપે જેહ;**
**તેહથી અધિકો બાંધે નેહ, પછી જાણીને દીધો છેહ...હો વીર...**

**ગોયમો ગોયમો કહી બોલાવ્યો, ઊંચી પદવીએ ચઢાવ્યો;**
**લઈ કેવળ કહી સમજાવ્યો, દા' દીધો જબ છળ આવ્યો...હો વીર...**

સજ્જનનું કર્તવ્ય એવું હોય કે જેને તે પોતાનું ગણી સ્થાપે છે, તેની સાથે ગાઢ રીતે વધારે પ્રેમ બાંધે છે. આપે એ પ્રમાણે મને પણ પોતાનો ગણી ઊંચી, પ્રથમ ગણધરની પદવી સુધી ચઢાવી દીધો અને વધુ ને વધુ સ્નેહ બાંધતા ગયા. પણ પછી જ્યારે સમય આવ્યો ત્યારે મને દગો દઈને આપ એકલા ચાલ્યા ગયા. આપ જાણતા હતા છતાં મને આવો દગો કરવાનું કારણ શું ? મારામાં શી ઊણપ જણાઈ ? હે વીર! વીર! મને આવો દગો કરવાનું કારણ શું ? હે વીર! મને આપ મારા પ્રાણથી પણ વધુ પ્યારા છો. ગોયમો...ગોયમો...જેવા પ્રેમભર્યા શબ્દોથી આપ નિત્ય બોલાવતા હતા. હવે મને ગોયમો ક્યાં સાંભળવા મળશે ? આપે એકલા કેવળજ્ઞાન મેળવી લીધું અને મને સમજાવી દીધો. આમ મને શા માટે છેતરી ગયા, પ્રભુ ?

**પ્રભુ હમ તુમ ઘણા ભવ નેહ, જેમ પત્થર ઉપર રેહ;**
**ભગવતી અંગે શાખ છે એહ, તો ધબકે શું દાખ્યો છેહ...હો વીર...**

**ગાંગીઓને શિવરાજે, તે તો પામ્યા શિવપુરી રાજે;**
**ઘણા તાપસોનાં સાર્યાં કાજે, મુજને મુક્તિ ન આપી પ્રભુ લાજે...હો વીર...**

હે પ્રભુ! મારે આપની સાથે આ ભવનો જ સંબંધ નથી; પણ ઘણા ભવોનો છે. આપ ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા, ત્યારે આપનો રથ હાંકનાર સારથિ હું હતો. એ સ્નેહ તરત તૂટી જાય એવો નથી; એ તો પથ્થર પર ટાંકણા વડે ખોદેલી રેખા જેવો છે, તે એકદમ નાશ પામી શકે નહિ. ભગવતીસૂત્રમાં આની સાક્ષી છે. છતાં આપે એક જ ધડાકે એ સ્નેહની સાંકળને કેમ તોડી નાખી ? ને મને છેતરીને એકલા કેમ ચાલ્યા ગયા ?

ગાંગીઓને અને શિવરાજ જેવા ઘણા તાપસોને આપે મુક્તિપુરીમાં પહેલેથી મોકલી દીધા. તેમનાં કાર્ય સુધારી દીધાં. જ્યારે એક મને જ મુક્તિ ન આપી! ખરેખર, પ્રભુ! એ આપને માટે

શરમભર્યું કહેવાય. પણ શું કરું ? હે વીર ! આપ તો મને પ્રાણથી પણ વધારે વહાલા છો.

**હસી દીક્ષિત સાનસે સીધ્યા, પોતાના ગણી પાસે લીધા;**
**નેણ ઓછાં અધિકાં કીધાં, મુજને જાણ છતાં દા' દીધા...હો વીર...**

**બલિહારી રે વીર તુમારી, દુઃખ દીઓ પહેલું ઠારી;**
**તુમે સર્વ જીવોના ઉપકારી, આશા હતી તુમારી...હો વીર...**

અરે, મારે હાથથી દીક્ષા આપેલ સાતસોને પણ આપે પોતાના માનીને સાથે લઈ લીધા. તે સર્વ સિદ્ધિપદને પામી ગયા. જેમ આપના ઉપર વધુ સ્નેહ કર્યો તેમ આપે મને અળગો ગણીને, તેમના પ્રત્યે અમીદૃષ્ટિ રાખી. આમ, અમારા પ્રત્યે ભેદભાવ રાખ્યો. આપ તે બધું જાણતા હતા. છતાં મને જ દગો આપવાનું આપને કેમ ગમ્યું ?

હે વીર ! તમારી બલિહારી છે. પહેલેથી મને ઠારી ઠારીને પાછળથી દુઃખમાં ધકેલ્યો ! તમે સર્વ જીવોને ઉપકારી ભગવાન છો. મને પણ આપના ઉપર જ મોટી આશા હતી. એ આશામાં આપની સામે જ મીટ માંડીને બેઠો હતો. એ સર્વ આશા પર આજે પાણી ફરી વળ્યું. આશા ઠગારી નીવડી અને મને આપ નોંધારો મૂકીને ચાલ્યા ગયા. હે વીર ! આપ તો મને પ્રાણથી પણ વધારે વહાલા છો.

**પ્રભુ રાગદ્વેષ રહિત જાણી, મન રાખ્યું ખેંચી તાણી;**
**ભગવંત શું ભક્તિ મંડાણી, ગોયમ થયા કેવળજ્ઞાની...હો વીર...**

**દિન દિવાળીને બીજે, રૂડા ઝારપટોરા કાજે;**
**રસનિધિ કલા સમ રાઝે, સાજી કલ્યાણ કોડ મળી જે...હો વીર...**

અરે ! આ બધું મેં શું ચિંતવ્યું ? પ્રભુ તો રાગદ્વેષ વિના વીતરાગ દેવાધિદેવ છે. એમને મન તો બધાં પ્રાણી સરખાં હોય. કોઈ ભેદભાવ ન હોય. દગો-પ્રપંચ પ્રભુ કરતા હશે ? અરે, આવા ખોટા ઓલંભા હે જીવ ! તેં શા માટે આપ્યા ? મોહ વગર હું જ અબુધ જાણી ન શક્યો. જગતમાં મારું કોઈ નથી. હું કોઈનો નથી. મોહવશ મારા-તારાના ભેદમાં ભાન ભૂલ્યો. હે ભગવંત ! ક્ષમા કરો. ક્ષમા કરો. આ અજ્ઞાની ગોયમાની ભૂલ ક્ષમા કરો.

આમ, ભગવાન સાથે ભક્તિનું સાચું જોડાણ સંધાયું. ગૌતમસ્વામી અપૂર્વ જ્ઞાનપ્રકાશને નિહાળતાં કેવળજ્ઞાની થઈ ગયા. એ દિવસ હતો નવા સંવત્સરનો પહેલો દિવસ...કારતક માસની શુક્લા પ્રતિપદાનો પ્રાતઃકાળ !

દિવાળીનો બીજો દિવસ ઝારપટોરા નામે જનતાએ ઊજવેલ. કલ્યાણ સાજીજી આ રચના સં. ૧૬૯૬માં બનાવીને પોતાના કોડ—મનોરથ પૂરાં થયાનું કહે છે.

*('સુઘોષા' સામયિક, નવેમ્બર ૧૯૮૫ માંથી સાભાર.)*

***

# શ્રી ગૌતમ વિલાપ રૂપ સ્તવન

હું સાચો શિષ્ય તુમારો પ્રભુજી પટો લખી દ્યો મેરો....
લાવું લેખણ લાવું શાહી, લાવું કાગળ સારો,
મુક્તિપુરીનું રાજ લખાવું, મુજરો માનો મારો...હું૦ ૧
સગાસંબંધી સર્વ ત્યજીને, આપની સેવા કીધી,
માત્ર એટલી આશ પુરીને, જિંદગી સોંપી દીધી...હું૦ ૨
અનાર્ય આર્દ્રક અર્જુન માળી તિમ ઉદાયી રાજ,
શું કર્યું બાલક અઈમુત્તે કે આપ્યું શિવનું રાજ....હું૦ ૩
મંકાતી આદિ નૃપ પુત્રો, થાય સાતસો સિદ્ધ,
તો શું હું પણ ના પામું મે શી ભૂલ કીધ....હું૦ ૪
ગોશાળે લેશ્યા મુકીને, આપને પીડા કીધ,
બીજપુર પાક વહોરાવે રેવતી, તેને નિજપદ દીધ....હું૦ ૫
ચંદનબાળા બાકુળા આપીને, ધરે મુક્તિનો તાજ,
શ્રેણિક પત્ની ત્રેવીશ શિવ પદ, ચૌદસો નારી સમાજ....હું૦ ૬
અષ્ટાપદ પર્વત જઈ આવ્યા, પંદરસો અવધૂત,
તેને પણ તેં મોક્ષમાં સ્થાપ્યા, પ્રભુ ન્યાય અદ્ભુત....હું૦ ૭
ગૌતમ ગણધર મહા મુનિવર, મોક્ષ તાન લય લીન,
શાન્તિ પામે વીર વચનથી, દર્શન પાઠ અદીન....હું૦ ૮

* * *

**ખરતરગચ્છ-નભોમણિ યુગપ્રધાન દાદાશ્રી જિનકુશળસૂરિજીના**
**શિષ્ય શ્રી ઉદયવંત (વિનયપ્રભ) મહારાજ વિરચિત**

# શ્રી ગૌતમસ્વામીનો રાસ (સાર્થ)

વીર જિણેસર ચરણકમલ કમલા કય-વાસો,
પણમવિ પ્રભણીશું સામિ સાર ગોયમગુરુ રાસો;
મણ તણુ વયણ એકંત કરવી નિસુણો ભો ભવિયા,
જિમ નિવસે તુમ દેવગેહ ગુણગણ ગહગહિયા. ૧.

જંબૂદીવ સિરિ ભરહ ખિત્ત ખોણીતલ મંડણ,
મગધદેશ સેણિય નરસે રિઉદલ-બલ ખંડણ;
ધણવર ગુબ્બર નામ ગામ જહિં ગુણગણસજ્જા,
વિપ્પ વસે વસુભૂઈ તથ્થ તસુ પુહવી ભજ્જા. ૨.

તાણ પુત્ત સિરિ ઈંદભૂઈ ભૂવલય પસિદ્ધો,
ચઉદહ વિજ્જા વિવિહ રૂવ નારિ રસ વિદ્ધો (લુદ્ધો);
વિનય વિવેક વિચાર સાર ગુણગણહ મનોહર;
સાત હાથ સુપ્રમાણ દેહ રૂપે રંભાવર. ૩.

નયણ વયણ કર ચરણ જિણવિ પંકજ જળે પાડીઅ,
તેજે તારા ચંદ સુર આકાશે ભમાડીઅ;
રૂવે મયણ અનંગ કરવી મેલ્હિઓ નિરધાડીઅ,
ધીર મેં મેરુ ગંભીર સિંધુ ચંગિમ ચયચાડીઅ. ૪.

પેખવિ નિરુવમ રૂવ જાસ જણ જંપે કિંચિઅ,
એકાકી કલિભીત ઈથ્થ ગુણ મેલ્યા સંચિઅ;
અહવા નિશ્ચે પુવ્વજમ્મ જિણવર ઈણે અંચીઅ,
રંભા પઉમા ગૌરી ગંગ રતિ હા વિધિ વંચીઅ. ૫.

નહિ બુધ નહિ ગુરુ કવિ ન કોઈ જસુ આગળ રહીઓ,
પંચાસયાં ગુણપાત્ર છાત્ર હીંડે પરિવરીઓ;
કરે નિરંતર યજ્ઞકર્મ મિથ્યામતિ મોહીઅ,
ઈણે છલિ હોસે ચરમ નાણ દંસણહ વિસોહીઅ. ૬.

(વસ્તુ છંદ)

જંબુદીવહ જંબુદીવહ ભરહવાસંમિ,
ભૂમિતલમંડણ મગધદેશ, સેણિયનરેસર,
વર ગુવ્વર ગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઈ સુંદર;
તસુ ભજ્જા પુહવી, સયલ ગુણગણ રૂવ નિહાણ,
તાણ પુત્ત વિજ્જાનીલો, ગોયમ અતિહિ સુજાણ. ૭.

(ઢાળ બીજી)

ચરમ જિણેસર કેવળનાણી, ચઉવિહ સંઘ પઈઠ્ઠા જાણી;
પાવાપુર સામી સંપત્તો, ચઉવિહ દેવ નિકાયે જુત્તો. ૮.

દેવે સમવસરણ તિહાં કીજે, જિણ દીઠે મિથ્યામતિ ખીજે;
ત્રિભુવનગુરુ સિંહાસણે બઈઠ્ઠા, તતખીણ મોહ દિગંતે પઈઠ્ઠા. ૯.

કોધ માન માયા મદપૂરા, જાએ નાઠા જિમ દિન ચૌરા;
દેવદુંદુભિ આકાશે વાજે, ધર્મનરેસર આવ્યા ગાજે. ૧૦.

કુસુમવૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચઉસઠ ઈન્દ્ર જસુ માગે સેવા;
ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપે હી જિણવર જગ સહુ મોહે. ૧૧.

ઉપશમ રસભર ભર વરસંતા, યોજનવાણી વખાણ કરંતા;
જાણીઅ વર્ધમાન જિન પાયા સુર નર કિંનર આવે રાયા. ૧૨.

કાંતિસમૂહે ઝલહલકંતા, ગયણ વિમાણે રણરણકંતા;
પેખવી ઈંદભૂઈ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ હોવંતે. ૧૩.

તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પહુતા ગહગહતા;
તો અભિમાને ગોયમ જંપે, તિણે અવસરે કોપે તણુ કંપે. ૧૪.

મૂઢ લોક અજાણ્યો બોલે, સુર જાણંતા ઈમ કાંઈ ડોલે !
મુ (મુજ) આગળ કો જાણ ભણીજે, મેરુ અવર કિમ ઓપમ દીજે ? ૧૫.

**(વસ્તુ છંદ)**

વીર જિણવર, વીર જિણવર, નાણસંપન્ન,
પાવાપુરી સુરમહિઅ પત્તનાહ સંસારતારણ,
તિહિં દેવ નિમ્મવિઅ સમોસરણ બહુ સુખકારણ,
જિણવર જગ ઉજ્જોઅકર, તેજે કરી દિણકાર,
સિંહાસણે સામી ઠવ્યો, હુઓ તે જયજયકાર. ૧૬.

**ભાષા (ઢાળ ત્રીજી)**

તવ ચડિઓ ઘણમાણગજે, ઈંદભૂઈ ભૂદેવ તો;
હુંકારો કરી સંચરિઅ, કવણસુ જિણવર દેવ તો. ૧૭.

યોજન ભૂમિ સમોસરણ, પેખે પ્રથમારંભ તો;
દહ દિસિ દેખે વિવિધ વધુ આવંતી સુરરંભ તો. ૧૮.

મણિમય તોરણ દંડ ધજ, કોસીસે નવ ઘાટ તો,
વયર વિવર્જિત જંતુગણ, પ્રાતિહારજ આઠ તો. ૧૯.

સુર નર કિન્નર અસુરવર, ઈંદ્ર-ઈંદ્રાણી રાય તો;
ચિત્ત સમક્કિય ચિંતવે એ, સેવંતા પ્રભુપાય તો. ૨૦.

સહસકિરણ સમ વીરજિણ, પેખવિ રૂપ વિશાલ તો;
એહ અસંભવ સંભવે એ, સાચો એ ઈંદ્રજાલ તો. ૨૧.

તવ બોલાવે ત્રિજગગુરુ, ઈંદભૂઈ નામેણ તો,
શ્રીમુખ સંશય સામી સવે, ફેડે વેદ-પએણ તો. ૨૨.

માન મેલ્હી મદ ઠેલી કરી, 'ભક્તિએ નામે સીસ તો,
પંચસયાંશુ વ્રત લીઓ એ, ગોયમ પહિલો શિષ તો. ૨૩.

બંધવ સંજમ સુણવી કરી, અગનિભૂઈ આવેય તો;
નામ લેઈ આભાસ કરે, તે પણ પ્રતિબોધેય તો. ૨૪.

ઈણે અનુક્રમે ગણહર રયણ થાપ્યા વીરે અગ્યાર તો;
તવ ઉપદેશે ભુવનગુરુ, સંયમશું વ્રત બાર તો. ૨૫.

બિહું ઉપવાસે પારણું એ, આપણ પે વિહરં તો;
ગોયમ સંયમ જગ સયલ, જયજયકાર કરંત તો. ૨૬.

**(વસ્તુ છંદ)**

ઈંદભૂઈઅ, ઈંદભૂઈઅ, ચડિઅ બહુમાન,
હુંકારો કરી કંપતો, સમોસરણ પહોતો તુરંત,
ઈહ સંસા સામિ સવે, ચરમનાહ ફેડે ફુરંત,
બોધિબીજ સંજાય મને, ગોયમ ભવહ વિરત્ત,
દિખ્ખ લેઈ સિખ્ખા સહિઅ, ગણધર પય સંપત્ત. ૨૭.

**ભાષા (ઢાળ ચોથી)**

આજ હુઓ સુવિહાણ, આજ પચેલીમ પુણ્ય ભરો;
દીઠા ગોયમ સામી, જો નિઅ નયણે અમિય સરો. ૨૮.

સિરિ ગોયમ ગણધાર, પંચસયાં મુનિ પરિવરિય;
ભૂમિય કરય વિહાર, ભવિયણ જન પડિબોહ કરે. ૨૯.

સમવસરણ મોઝાર, જે જે સંસા ઉપજે એ;
તે તે પરઉપકાર, કારણ પૂછે મુનિપવરો. ૩૦.

જિહાં જિહાં દીજે દીખ્ખ, તિહાં તિહાં કેવળ ઉપજે એ;
આપ કન્હે અણહુંત, ગોયમ દીજે દાન ઈમ. ૩૧.

ગુરુ ઉપરિ ગુરુ ભત્તિ, સામી ગોયમ ઉપનિય;
એણી છળ કેવળનાણ, રાગ જ રાખે રંગ ભરે. ૩૨.

જે અષ્ટાપદ સેલ, વંદે ચડી ચઉવીશ જિણ;
આતમ-લબધિ વસેણ ચરમ શરીરી સોય મુનિ. ૩૩.

ઈય દેસણ નિસુણેવિ, ગોયમ ગણહર સંચલિય;
તાપસ પન્નરસએણ, તો મુનિ દીઠો આવતો એ. ૩૪.

તવ સોસિય નિય અંગ, અમ્હ સકૃતિ નવિ ઉપજે એ;
કિમ ચડશે દઢકાય ? ગજ જિમ દીસે ગાજતો એ. ૩૫.

ગિરુઓ એણે અભિમાન, તાપસ જો મન ચિંતવે એ;
તો મુનિ ચડીઓ વેગ, આલંબવિ દિનકર-કિરણ. ૩૬.

કંચણમણિ નિષ્પન્ન દંડ કલસ ધજ વડ સહિઅ;
પેખવિ પરમાનંદ, જિણહર ભરતેસર મહિઅ. ૩૭.

નિય નિય કાય પ્રમાણ, ચઉદિસિ સંઠિઅ જિણહબિંબ;
પણમવિ મન ઉલ્હાસ, ગોયમ ગણહર તિહાં વસિઅ. ૩૮.

વઈરસામિનો જીવ, તિર્યકજૃંભક દેવ તિહાં;
પ્રતિબોધે પુંડરીક કંડરીક અધ્યયન ભણી. ૩૯.

વળતા ગોયમ સામી, સવિ તાપસ પ્રતિબોધ કરે;
લેઈ આપણ સાથ, ચાલે જિમ જૂથાધિપતિ. ૪૦.

ખીર ખાંડ ઘૃત આણી, અમિય-વૂઠ-અંગૂઠ ઠવી;
ગોયમ એકણ પાત્ર, કરાવે પારણાં સવિ. ૪૧.

પંચસયાં શુભ ભાવિ, ઉજ્જવળ ભરીઓ ખીર મિસે;
સાચા ગુરુ સંયોગ, કવળ તે કેવળ રૂપ હુઆ. ૪૨.

પંચસયાં જિણનાહ, સમવસરણ પ્રાકારત્રય;
પેખવિ કેવળનાણ, ઉપન્નૂ ઉજ્જોય કરે. ૪૩.

જાણે જિણવિ પીયૂષ, ગાજંતી ઘણ મેઘ જિમ;
જિણવાણી નિસુણેવિ, નાણી હુઆ પંચસયાં. ૪૪.

**(વસ્તુ છંદ)**

ઈણે અનુક્રમે, ઈણે અનુક્રમે, નાણસંપન્ન,
પન્નરહસય પરિવરિય, હરિઅ દુરિઅ જિણનાહ વંદઈ,
જાણેવિ જગગુરુ વયણ, તીહનાણ અપ્પાણ નિંદઈ,
ચરમ જિણેસર તવ ભણે, ગોયમ મ કરીસ ખેઉ,
છેહડે જઈ આપણે સહી, હોસ્યું તુલ્લા બેઉ. ૪૫.

**ભાષા (ઢાળ પાંચમી)**

સામીઓ એ વીર જિણંદ, પુનિમચંદ જિમ ઉલ્લસિય,
વિહરીઓ એ ભરહવાસંમી, વરસ બહોંતેર સંવસિય;
ઠવતો એ કણય પઉમેસુ, પાયકમળ સંઘહિ સહિય,
આવીઓ એ નયણાણંદ, નયર પાવાપુરિ સરમહિય. ૪૬.

પેખીઓ એ ગોયમસામી, દેવસમ્મા પડિબોહક એ,
આપણો એ ત્રિસલાદેવીનંદન, પહોતો પરમપએ;
વળતાં એ દેવ આકાસિ, પેખવી જાણ્યો જિણસમે એ,
તો મુનિ એ મન વિષવાદ, નાદભેદ જિમ ઉપનો એ. ૪૭.

કુણ સમો એ સામીય દેખી, આપ કન્હેં હું ટાળીઓ એ,
જાણંતો એ તિહુઅણ નાહ, લોક વિવહાર ન પાલીઓ એ;
અતિ ભલું એ કીધલું સામી, જાણ્યું કેવળ માગશે એ,
ચિંતવ્યું એ બાળક જેમ, અહવા કેડે લાગશે એ. ૪૮.

હું કિમ એ વીરજિણંદ, ભગતે ભોળો ભોળવ્યો એ,
આપણો એ અવિહડ નેહ, નાહ ન સંપે સારવ્યો એ;
સાચો એ એહ વીતરાગ, નેહ ન જેહને લાલીઓ એ,
ઈણ સમે એ ગોયમ ચિત્ત, રાગ વિરાગે વાળીઓ એ. ૪૯.

આવતું એ જે ઉલટ્ટ, રહેતું રાગે સાહીયું એ,
કેવળુંએ નાણ ઉપન્ન, ગોયમ સહેજે ઉપાઈયું એ;

તિહુઅણ એ જયજયકાર, કેવળી મહિમા સુર કરે એ,
ગણધરુ એ કરે વખાણ, ભવિયણ ભવ જિમ નિસ્તરે એ. ૫૦.

(વસ્તુ છંદ)

પઢમ ગણહર પઢમ ગણહર, વરિસ પચાસં ગિહવાસે વસિય,
તીસ વરિસ સંજમ વિભૂસિય,
સિરિ કેવળનાણ પુણ બાર વરસ તિહુઅણ નમંસિઅ;
રાજગૃહી નગરી ઠવ્યો, બાણુંવય વરિસાઉ;
સામી ગોયમ ગુણનીલો હોસ્યે સીવપુર ઠાઉ. ૫૧.

ભાષા (ઢાળ છઠ્ઠી)

જિમ સહકારે કોયલ ટહુકે, જિમ કુસુમહ વને પરિમલ મહકે,
જિમ ચંદન સુગંધનિધિ, જિમ ગંગાજલ લહેરે લહકે,
જિમ કણયાચલ તેજે ઝળકે, તિમ ગોયમ સોભાગનિધિ. ૫૨.

જિમ માનસસર નિવસે હંસા, જિમ સુરવરશીરે કણયવતંસા;
જિમ મહુયર રાજીવ વને; જિમ રયણાયર રયણે વિલસે;
જિમ અંબર તારાગણ વિકસે, તિમ ગોયમ ગુણ કેલિવને. ૫૩.

પુનિમ નિશિ જિમ સસિહર સોહે, સુરતરુ મહિમા જિમ જગ મોહે;
પૂરવ દિસે જિમ સહસકરો, પંચાનને જિમ ગિરિવર રાજે;
નરવઈ ઘર જિમ મયગલ ગાજે, તિમ જિનશાસન મુનિપવરો. ૫૪.

જિમ સુર તરુવર સોહે શાખા, જિમ ઉત્તમ મુખ મધુરી ભાષા;
જિમ વન કેતકી મહમહે એ, જિમ ભૂમિપતિ ભૂયબળ ચમકે;
જિમ જિણમંદિર ઘંટા રણકે, તિમ ગોયમ લબ્ધે ગહગહે એ. ૫૫.

ચિંતામણિ કર ચઢિયો આજ, સુરતરુ સારે વાંછિત કાજ;
કામ કુંભ સવિ વશ હુઆ એ, કામગવી પૂરે મન કામી;
અષ્ટ મહાસિદ્ધિ આવે ધામી, સામી ગોયમ અણુસરો એ. ૫૬.

પ્રણવાક્ષર પહેલો પ્રભણીજે, માયા બીજ શ્રવણ નિસુણીજે;
શ્રીમુખે (શ્રીમતી) શોભા સંભવે એ, દેવહ ધુરિ અરિહંત નમીજે;
વિનય પહુ ઉવજ્ઝાય થુણીજે, ઈણે મંત્રે ગોયમ નમો એ. ૫૭.

પર ઘર (પુર) વશતા કાંઈ કરીજે, દેશ દેશાંતર કાંઈ ભમીજે;
કવણ કાંજ આયાસ કરો, પ્રહ ઊઠી ગોયમ સમરીજે;
કાજ સમગ્ગળ તતખીણ સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે. ૫૮.

ચઉદહસે (ચઉદહસય) બારોત્તર વરિસે, ગોયમ ગણધર કેવળ દિવસે;
ખંભ નયર પ્રભુ પાસ પસાયે, કીયો કવિત ઉપગાર પરો;
આદિહી મંગળ એહ પભણીજે, પરવ મહોત્સવ પહિલો દીજે.
ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ૫૯.

ધન માતા જિણે ઊઅરે ધરિયા, ધન પિતા જિણે કુળે અવતરિયા;
ધન સદ્ગુરુ જિણે દીખ્ખિયા એ, વિનયવંત વિદ્યાભંડાર;
જસુ ગુણ પહવી ન લભ્ભે પાર, વડ જિમ શાખા વિસ્તરો એ. ૬૦.

**('જૈનપ્રબોધ'માં આ રાસની જે વધારે ગાથાઓ છપાયેલ છે તે નીચે પ્રમાણે છે.)**

ગૌતમસ્વામીનો રાસ ભણીજે, ચઉવિહ સંઘ રળિયાત કીજે;
સયળ સંઘ આણંદ કરો, કુંકુમ ચંદન છડો દેવરાવો,
માણેક મોતીના ચોક પુરાવો, રયણ સિંહાસણ બેસણો એ. ૬૧.

તિહાં બેસી ગુરુ દેશના દેશે, ભવિક જીવનાં કારજ સરશે,
ઉદયવંત મુનિ એમ ભણે એ; ગૌતમસ્વામી તણો એ રાસ,
ભણતાં સુણતાં લીલવિલાસ, સાસય સુખનિધિ સંપજે એ. ૬૨.

એહ રાસ જે ભણે ભણાવે, વર મયગળ લચ્છી ઘર આવે,
મનવાંછિત આશા ફળે એ. ૬૩.

***

# શ્રી ગૌતમસ્વામીના ઉપરોક્ત મોટા રાસનો અર્થ

(પહેલી ઢાળમાં ગૌતમસ્વામીના માતાપિતા, ગામ-નામ તથા તેમનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન છે.)

જેમનાં ચરણકમલમાં કમલા/લક્ષ્મીએ નિવાસ કરેલ છે એવા જિનેશ્વર શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરીને, તેમના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમ-ગોત્રીય ઇન્દ્રભૂતિ પ્રસિદ્ધ નામ ગૌતમસ્વામીના સારયુક્ત ગુણોની હું રાસના માધ્યમથી સ્તવના કરીશ. હે ભવ્યજનો ! આપ મન, શરીર અને વાણીને એકાગ્ર કરી ધ્યાનપૂર્વક આ રાસ સાંભળો; જેનાથી તમારું શરીર રૂપી ઘર ગુણગણાથી મંડિત/મઘમઘાયમાન થઈ જાય. (૧)

જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં પૃથ્વીતલના મંડનભૂત મગધ નામનો દેશ (વર્તમાન સમયમાં બિહાર પ્રાંત) હતો. ત્યાં શત્રુના દળની શક્તિનું દલન કરવાવાળા મહારાજા શ્રેણિક રાજ્ય કરતા હતા. આ મગધ પ્રદેશમાં ધન-ધાન્યથી સમૃદ્ધ ગુવ્વર નામનું (નાલંદા નજીક) ગામ હતું. આ ગામમાં સકલગુણનિધાન વિપ્ર જાતિના વસુભૂતિ નામના પંડિત રહેતા હતા. તેમની પત્નીનું નામ પૃથ્વી હતું. (૨)

તેના પુત્રનું નામ ઇન્દ્રભૂતિ હતું, જે વિશ્વવિખ્યાત હતા, વિવિધ પ્રકારની ચૌદ વિદ્યા રૂપિણી નારીઓના રસલોભી હતા, અર્થાત્ ચતુર્દશ વિદ્યાનિધાન હતા અને વિનય, વિવેક, વિચારશીલતા આદિ શ્રેષ્ઠ ગુણભંડારથી શોભાયમાન હતા. તેમનું શરીર સપ્રમાણ—સાત હાથની ઊંચાઈવાળું હતું અને રૂપ-સૌંદર્ય રંભાવર, એટલે કે ઇન્દ્ર સમાન હતું. (૩)

જેમની આંખો, મુખ, હાથ અને પગની અરુણિમાથી લજ્જિત થઈને કમળોએ જળમાં નિવાસ કરી લીધો હતો; જેના પ્રભાપૂર્ણ તેજથી ભ્રમિત થઈને તારાગણ, ચંદ્ર અને સૂર્ય આકાશમંડળમાં

ભ્રમણ કરવા લાગ્યા હતા; જેના અતુલનીય રૂપ-સૌંદયથી પરાજિત થઈને મદન-કામદેવ અનંગ–શરીરહીન બનીને પોતાના શરીરમાં સમાવિષ્ટ થઈ ગયા હતા. ધીરજ ને ગંભીરતામાં તેઓ અનુક્રમે મેરુની ઊંચાઈ અને સમુદ્રની ઊંડાઈથી પણ વધુ આગળ હતા. અથવા તેમની પ્રશસ્તતમ ધીરતા અને ગંભીરતા આગળ પોતાને ઊણો સમજી બન્નેએ પોતાની ચંત્રકમણ/ગતિશીલતાને છોડી, ગહન સ્થિરતા ધારણ કરી મેરુએ પર્વતનું અને સાગરે ક્ષારત્વ ધારણ કરી પૃથ્વીનો આશ્રય લઈ લીધો હતો. (૪)

તેમના અતુલનીય રૂપ-સૌંદર્યરાશિને જોઈને જનસમૂહ વિચાર કરે છે–કહે છે–કે, આ યુગમાં અસાધારણ રૂપ ધારણ કરનાર આ એક માત્ર છે, અન્ય કોઈ પણ જોવામાં આવતા નથી. અને વિશ્વમાં જેટલા પણ અલૌકિક ગુણ છે તેનું સંકલન કરી વિધાતાએ તેમનામાં સ્થાપિત કરી દીધા છે. અથવા ચોક્કસપણે કહી શકીએ કે તેમણે પૂર્વજન્મમાં જિનેશ્વર દેવોની અર્ચના કરી હતી તેના ફળસ્વરૂપે તેઓને નિરુપમ–ઉપમારહિત રૂપ-સૌંદર્ય અને ગુણોનો ભંડાર પ્રાપ્ત થયેલ છે. આ કારણે કહી શકીએ કે, હા, વિધાતાએ પણ રંભા, પદ્મા, ગૌરી, ગંગા, અને કામદેવની પત્ની રતિના રૂપ-સૌંદર્યની રચના કરતી વખતે તેમાં અનુક્રમે માદકતા, ઐશ્વર્ય, સતીત્વ, પવિત્રતા અને રમણીયતા આદિ કેવલ એક એક ગુણના સન્નિવેશ કરી તેમને છલા છે. અથવા દેવાંગનાઓની રૂપરાશિ અને ગુણ પણ તેમની સમક્ષ તુચ્છ છે. (૫).

ઈન્દ્રભૂતિ વિચારતા હતા કે, વિશ્વમાં મારી પંડિતાઈ અને પ્રતિભા સામે કોઈ વિદ્વાન નથી અને કોઈ મારા ગુરુસ્થાનીય નથી થઈ શકતા. તથા ન કોઈ કવિપુંગવ છે કે જેનું સામીપ્ય હું સ્વીકારી શકું. અર્થાત્ તે પોતાને સર્વતન્ત્ર-સ્વતંત્ર અને મનીષી-મૂર્ધન્ય સમજતા હતા. તેઓ પોતાના ગુણવાન અને સુયોગ્ય ૫૦૦ શિષ્યો સાથે પરિભ્રમણ કરતા હતા. શરૂઆતમાં મિથ્યાવાસિત મતિ/બુદ્ધિ હોવાને કારણે તેઓ હમેશાં યજ્ઞ–કર્મ કરતા હતા. અથવા કર્મકાંડી વિદ્વાન હતા. કવિ કહે છે કે–આ ઈન્દ્રભૂતિ ચરમ તીર્થંકર મહાવીરનું સામીપ્ય પ્રાપ્ત કરી, દર્શનવિશુદ્ધિ–પૂર્વક ચરમ-નાણ–કેવલજ્ઞાન પ્રાપ્ત કરી અવિચલ મોક્ષપદને પ્રાપ્ત કરનાર છે. (૬).

**(પહેલી ઢાળનો સાર)**

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પૃથ્વીતલના મંડનભૂત મગધ રાજ્ય હતું. ત્યાંના મહારાજા શ્રેણિક હતા. આ પ્રદેશમાં ગુવ્વર નામનું શ્રેષ્ઠ ગામ હતું. ત્યાં વસુભૂતિ નામના બ્રાહ્મણનો નિવાસ હતો. તેમની પત્નીનું નામ પૃથ્વી હતું. તેમને સમસ્ત ગુણના સમૂહ તથા રૂપના નિધાન રૂપ પુત્ર હતો, જે વિદ્યાએ કરી મનોહર હતા અને ગૌતમ નામે અત્યંત જાણીતા (સુજ્ઞ) હતા. (૭).

(ઢાળ બીજીમાં શ્રી જિનેશ્વર પરમાત્માના બાર ગુણ–આઠ પ્રતિહાર્ય અને ચાર અતિશય–નું તથા તીર્થંકર પ્રભુની અદ્‌ભુત રૂપગુણવાળી વાણીનું તેમ જ ઈન્દ્રભૂતિના અહં આદિનું વર્ણન છે.)

આ અવસર્પિણી કાલના ચરમ/અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામી કેવળજ્ઞાની બન્યા પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરવાના હેતુ માટે ચારે પ્રકારના દેવ નિકાયો (ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો)થી પરિવૃત્ત થઈને પાવાપુરી નગરી પધાર્યા. (૮)

આ સમયે ત્યાં આગળ દેવોએ (અશોકવૃક્ષ નીચે) સમવસરણની રચના કરી, જેના દર્શન માત્રથી મિથ્યામતનો અંધકાર નષ્ટ થવા લાગ્યો અને સમવસરણની મધ્યમાં સ્થાપિત સિંહાસન

પર ત્રિભુવનના સ્વામી વિરાજમાન થયા. તે જ ક્ષણે મોહ આદિ અંતરંગ શત્રુ દશે દિશાઓમાં પલાયન થઈ ગયા, ભાગી ગયા. (૯).

જેમ દિવસે ચોર નાસી જાય તેમ, ક્રોધ, માન, માયા (ને લોભ–જે ચારે કષાય) અને મદ પણ પરિવાર સહિત (જાતિમદ, કુળમદ, બળમદ, ઋદ્ધિમદ, તપમદ, વિદ્યામદ, રૂપમદ ને લાભમદ–જે આઠે મદ તે) નાસી ગયા. આકાશમાં દેવદુંદુભિ વાગવા લાગ્યાં અને 'ધર્મના મહારાજા' આવી પહોંચ્યા છે તેવા ધ્વનિથી નભોમંડળ ગાજી ઊઠ્યું. (૧૦).

ત્યાં સમવસરણમાં દેવોએ સુગંધિત ફૂલોની વર્ષા કરી. ચોસઠ ઈન્દ્રો પ્રભુ પાસે સેવાની યાચના કરવા લાગ્યા. પ્રભુની બંને બાજુ દેવગણ ચામર ઢાળવા લાગ્યા. મસ્તક પર છત્ર શોભી રહ્યાં. પ્રભુના સ્વરૂપ અતિશયથી સમગ્ર વિશ્વ મોહિત થઈ રહ્યું હતું. (૧૧)

તે સમયે સમવસરણ વચ્ચે સિંહાસન પર વિરાજમાન પ્રભુ વર્ધમાનસ્વામી યોજન પર્યંત પ્રસૃત થવાની વાણીથી ઉપશમરસથી સરાબોર અમૃતમયી મધુર દેશના દેવા લાગ્યા. જ્યારે લોકોએ એ પણ જાણ્યું કે જિનેશ્વર વર્ધમાનસ્વામી પધાર્યા છે અને દેશના દઈ રહ્યા છે ત્યારે દેવવૃન્દ, મનુષ્યવૃન્દ, કિન્નરગણ અને ભૂપતિગણ પ્રભુનાં દર્શન કરવા અને દેશના સાંભળવા માટે આવવા લાગ્યા, ઊમટી પડ્યા. (૧૨)

પ્રકાશ-પુંજથી દેદીપ્યમાન તેમ જ રણરણાટ અવાજથી ગુંજતાં આકાશમાર્ગેથી આવી રહેલાં વિમાનોને જોઈને ઈન્દ્રભૂતિ મનમાં વિચાર કરવા લાગ્યા કે અમારા આ ચાલી રહેલા યજ્ઞથી પ્રભાવિત થઈને દેવગણ અહીં આવતા જણાય છે ! (૧૩)

પરંતુ, ધનુષ્યમાંથી છૂટેલાં તીરની જેમ વેગથી વહેતાં આ દેવવિમાનો સહ દેવગણ યજ્ઞશાળાને ઓળંગીને ગદ્ગદ ભાવોથી ભક્તિ/ઉલ્લાસ પૂર્વક શ્રી વીર પ્રભુના સમવસરણમાં પહોંચી ગયા ! આ દૃશ્યને જોઈને અધિક ક્રોધને કારણે ઈન્દ્રભૂતિનું શરીર કંપવા લાગ્યું અને અભિમાનના આવેગમાં આવીને તે આ પ્રમાણે બોલવા લાગ્યા. (૧૪).

વિવેકહીન લોકો તો અજ્ઞાનવશ ગમે તેમ બોલી જાય; પરંતુ દેવગણ તો જ્ઞાની–સુજ્ઞ કહેવાય છે, છતાં તેઓ કેમ ચલિત/ભ્રમિત થઈ ગયા ? શું આ વિશ્વમાં મારાથી વિશેષ કોઈ વિજ્ઞ મનીષી છે ? મેરુ સિવાય મને કોઈ બીજી ઉપમા હોઈ શકે ? (૧૫).

**(બીજી ઢાળનો સાર)**

કેવળજ્ઞાન પામીને સંસારના લોકોને તારવા માટે, દેવોથી પૂજાતા પરવરેલા શ્રી વીર જિનેશ્વર પાવાપુરી પધાર્યા. ત્યાં દેવોએ પરમ સુખ પ્રાપ્ત થાય તેવું સમવસરણ રચ્યું. જે પ્રકારે સૂર્ય પોતાનાં તેજસ્વી કિરણો વડે જગતને ઉજ્જ્વલિત કરે છે તેવી રીતે વિશ્વને ઉદ્યોતિત કરવાવાળા જિનેશ્વર મહાવીરસ્વામી આ સમવસરણમાં દેવો દ્વારા નિર્મિત સિંહાસન પર વિરાજમાન થયા તે સમયે દેવોએ જયજયકાર કર્યો. (૧૬).

વિપ્ર ઈન્દ્રભૂતિ ત્યારે અત્યંત અભિમાન રૂપી હાથી પર ચઢીને ગરજતા : 'મારા જેવો જિનેશ્વર દેવ (જ્ઞાની) જગતમાં કોણ છે ?' એવા ગર્વભેર, જ્યાં મહાવીર પ્રભુ છે ત્યાં જવા ઊપડ્યા. (૧૭).

જેવા તે આગળ વધ્યા તો સૌથી પહેલાં તેમણે એક યોજન ભૂમિમાં રચાયેલ સમવસરણ જોયું અને જોયું કે દશે દિશાએથી દેવો અને દેવાંગનાંઓ પ્રવર્ધમાન ભાવોથી સમવસરણમાં આવી રહ્યાં છે. (૧૮).

ઈન્દ્રભૂતિ જુએ છે : સમવસરણનું તોરણદ્વાર મણિરત્નોથી બનેલું છે. ઈન્દ્રધજા ફરકી રહી છે. સમવસરણના કાંગરા રત્નજડિત છે, અને ચતુર શિલ્પીએ બનાવેલા છે. પશુ અને પંખીઓના સમૂહ પોતાના જાતિગત વેરને છોડીને સૌહાર્દ ભાવથી મળીને બેઠાં હતાં. આઠેય પ્રતિહાર્યો/અતિશયાત્મક વસ્તુઓ (અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામરયુગલ, સિંહાસન, ભામંડલ, દેવ-દુંદુભિ અને છત્ર)થી તે પ્રભુ સુશોભિત હતા. (૧૯).

દેવો, દાનવેન્દ્રો, મનુષ્યો, કિન્નરો, ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ અને રાજા-મહારાજાઓ વીર પ્રભુનાં ચરણકમલની સેવાભક્તિ કરી રહ્યાં છે. આ દશ્ય જોઈને ઈન્દ્રભૂતિનું મન આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયું. (૨૦).

હજારો કિરણોવાળા સૂર્યની જેમ વીર પ્રભુનું દેદીપ્યમાન અને વ્યાપક રૂપ જોઈને, ઈન્દ્રભૂતિને જે અસંભવિત લાગતું હતું સંભવિત જણાતાં—નજરોનજર નિહાળતાં તેમને લાગ્યું કે ખરેખર આ તો ઈન્દ્રજાળ જ છે. (૨૧).

એટલામાં ત્રણે લોકના ગુરુ શ્રી વીર પ્રભુએ ઈન્દ્રભૂતિને તેમનાં નામ-ગોત્રથી બોલાવ્યા. (હે ઈન્દ્રભૂતિ ગૌતમ ! આવો.) તદનંતર, પ્રભુએ પોતાની અમૃતમય વાણીથી ઈન્દ્રભૂતિની 'જીવ છે કે નહિ ?' એ શંકા/સંશયનું વેદની ઋચાઓ/પદો વડે નિરાકરણ કરી આપ્યું. (૨૨).

સંદેહ દૂર થતાં ઈન્દ્રભૂતિએ અહંકારનો પરિત્યાગ કરી, મદને તિલાંજલિ આપી, પ્રભુ વીરને શ્રદ્ધાભક્તિ પૂર્વક મસ્તક નમાવીને નમસ્કાર કર્યા અને પાંચસો શિષ્ય સહિત સંયમવ્રત સ્વીકારી, ગૌતમસ્વામી ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય (ગણધર) થયા. (૨૩).

પોતાના મોટાભાઈ ઈન્દ્રભૂતિના દીક્ષા લઈ સર્વજ્ઞના શિષ્ય બન્યાના સમાચાર જ્યારે અગ્નિભૂતિ મનીષીએ જાણ્યા ત્યારે અગ્નિભૂતિ પણ સર્વજ્ઞને શાસ્રાર્થમાં પરાજિત કરી પોતાના મોટાભાઈને તેની (ઈન્દ્રજાલિક) જાળથી મુક્ત કરવાના આશયથી ૫૦૦ છાત્રો સહિત સમવસરણની તરફ ચાલ્યા. સર્વજ્ઞ મહાવીરે ઈન્દ્રભૂતિની પ્રમાણે જ : 'અરે, અગ્નિભૂતિ ! આવો !' એમ સંબોધીને તેના હૃદયસ્થિત કર્મ વિષયક શંકાનું સમાધાન કરી પ્રતિબોધિત કર્યા. પ્રતિબોધ પ્રાપ્ત કરી અગ્નિભૂતિએ પણ પોતાના ૫૦૦ છાત્રો સાથે સંયમ ગ્રહણ કરી પ્રભુનું શિષ્યત્વ અંગીકાર કરી લીધું. (૨૪).

પાવાપુરીની યજ્ઞશાળામાં દેશના વિખ્યાત યાજ્ઞિક વિદ્વાન સમ્મિલિત થયા હતા. તેઓ બધા યાજ્ઞિક ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિની જેમ સર્વજ્ઞને પરાજિત કરી, પોતાના શિષ્ય બનાવવાની ઈચ્છાથી, અનુક્રમે વાયુભૂતિ, આર્યવ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ—સમવસરણમાં ગયા અને પોતપોતાની શંકાઓનું મહાવીર પ્રભુના શ્રીમુખે, વેદની ઋચાઓના માધ્યમથી, સમાધાન થતાં પોતાના વિપુલ શિષ્ય-પરિવારોની સાથે તેઓએ સર્વજ્ઞનું શિષ્યત્વ અંગીકાર કરી લીધું. આમ, પ્રભુએ અનુક્રમથી ૧૧ યાજ્ઞિકોને સંયમવ્રત પ્રદાન કરી, પોતાના શિષ્ય બનાવી, સર્વને ગણધરપદ પર સ્થાપિત કર્યા અને પોતાના શાસન/સંઘની સ્થાપના કરી. (૨૫).

દીક્ષાનન્તર ઈન્દ્રભૂતિએ યાવજ્જીવન બે બે ઉપવાસના અંતમાં પારણાક કરવાની પ્રતિજ્ઞા

ગ્રહણ કરી. આ પ્રકારે ઉત્કટ તપસ્યા અને ઉત્કૃષ્ટતમ સંયમનું પાલન કરતાં અપ્રમત્ત દશામાં ભૂમંડલ પર વિચરણ કરવા લાગ્યા. તેમના પ્રશસ્તતમ ગુણોને જોઈને સઘળું જગત ઇન્દ્રભૂતિ/ગૌતમ ગણધરનો જયજયકાર કરવા લાગ્યું. (૨૬).

**(ત્રીજી ઢાળનો સાર).**

ઈન્દ્રભૂતિ અત્યંત અભિમાનથી ગર્જતા અને ક્રોધથી કંપતા પ્રભુના સમવસરણમાં તત્કાલ પહોંચી ગયા. તેમના મનમાં જે જે સંશય હતા તેનું ચરમ તીર્થપતિ સર્વજ્ઞ મહાવીરે નિરાકરણ કરી દીધું. ફલતઃ ઈન્દ્રભૂતિને અંતસ્તલમાં બોધિબીજ/સમ્યક્ત્વનો આવિર્ભાવ થયો અને તેમણે/ગૌતમે ભવથી વિરક્ત થઈને પ્રભુ પાસેથી દીક્ષા ગ્રહણ કરી, શિક્ષા પ્રાપ્ત કરી ગણધરપદ પ્રાપ્ત કર્યું. (૨૭).

તેમના માટે આજ સોનાનો દિવસ છે. પરિપકવપુષ્ટ પુણ્ય ભરવાનો—ભાગ્યોદયનો દિવસ છે. તેમના માટે આજ પરિપકવ પુણ્યનો ઉદય થયો છે કે જેમણે અમૃતઝરતી અશ્રુસિક્ત સ્વકીય આંખોથી ગૌતમસ્વામીને જોયા. તેમનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. તેમના સ્વરૂપને પોતાની આંખોમાં અંકિત કરી લીધા. (૨૮).

ગણધર શ્રી ગૌતમસ્વામી પોતાના ૫૦૦ શિષ્યોના પરિવાર સાથે પૃથ્વીતલ પર વિહાર કરતાં-વિચરતાં ભાવિક જનોને પ્રતિબોધ કરવા લાગ્યા. (૨૯).

મુનિપ્રવર ગણધર ગૌતમસ્વામી ભવ્યજનોના પરોપકાર માટે, જે કોઈને શંકાઓ/સંશય પેદા થતાં હતાં તેના નિરાકરણ માટે સમવસરણમાં વિરાજમાન સર્વજ્ઞ પ્રભુને પ્રશ્ન પૂછીને સમાધાન મેળવતા હતા. (૩૦).

ગૌતમસ્વામી જ્યાં જ્યાં જેને જેને પણ પ્રવ્રજ્યા/દીક્ષા પ્રદાન કરતા હતા ત્યાં ત્યાં તે સર્વે લક્ષ્મી/કેવળજ્ઞાનનું વરણ કરી લેતા હતા. તેઓ પોતે કેવળજ્ઞાનથી રહિત હતા, પણ પોતાના હાથે દીક્ષા પામેલા મુનિઓને કેવળજ્ઞાન પ્રદાન કરતા હતા. (૩૧).

પોતાના ગુરુ શ્રી વીર પ્રભુ ઉપર ગુરુ-ભક્તિથી શ્રી ઈન્દ્રભૂતિને 'પ્રશસ્ત રાગ' રહેતો; પરંતુ 'રાગ'ને કારણે કેવળજ્ઞાન તેમને છળી રહેતું હતું—પ્રગટ થતું ન હતું. (૩૨).

ગણધર ગૌતમની જિજ્ઞાસા હતી કે 'હું ચરમ શરીરી છું કે નહિ ? અથવા આ શરીરથી આ ભવમાં હું નિર્વાણપદ પ્રાપ્ત કરીશ કે નહિ ?' ભગવાન મહાવીરે જવાબ દીધો : 'આત્મલબ્ધિ—સ્વવીર્યબલથી અષ્ટાપદ પર્વત ઉપર જઈ ભરત ચક્રવર્તી નિર્મિત જિનપ્રાસાદમાં વિરાજમાન ચોવીસ તીર્થંકરોની વંદના જે મુનિ કરે છે તે ચરમ શરીરી છે.' (૩૩).

પ્રભુની ઉપર મુજબની દેશના સાંભળી ગૌતમસ્વામી અષ્ટાપદ તીર્થની યાત્રા કરવા માટે નીકળી પડ્યા. તે સમયે અષ્ટાપદ પર્વત પર આરોહણ કરવાના હેતુથી પહેલા, બીજા અને ત્રીજા પગથાર પર અનુક્રમે પાંચસો—પાંચસો, કુલ પંદરસો તપસ્વીઓ પોતે પોતાની તપસ્યાના બળથી ચડ્યા હતા. તેઓએ ગૌતમસ્વામીને આવતા જોયા. (૩૪).

ગૌતમસ્વામીને અષ્ટાપદ પર્વત પર ચઢવા માટે પ્રયત્નશીલ જોઈને તે તાપસો મનમાં વિચાર કરવા લાગ્યા કે, અમે તપથી અમારાં શરીર સૂકવી નાખી હલકાં બનાવ્યાં છે છતાં અમે

એક, બે કે ત્રણ પગથારથી આગળ ચઢી નથી શક્યા, તો આ અત્યંત કદાવર શ્રમણ, જે મદમસ્ત હાથીની જેમ ઝૂમતો આવી રહ્યો છે તે પર્વત પર કેવી રીતે ચઢી શકશે ? (૩૫).

આમ, મોટા ગુમાનથી તાપસગણ વિચારતા હતા. એટલામાં તો ગૌતમસ્વામી ત્વરિત, જાણે સૂર્યનાં કિરણોનું આલંબન લઈ (પોતાની લબ્ધિના પ્રભાવથી) અષ્ટાપદ પર્વત પર ચઢી ગયા. (૩૬).

અષ્ટાપદ પર્વત પર (શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર) ચક્રવર્તી ભરત મહારાજા દ્વારા મહિત/પૂજિત જિનમંદિર ગૌતમસ્વામીએ પરમ હર્ષપૂર્વક જોયું કે જે સુવર્ણ અને રત્નોનું બનેલું તથા દંડ, કલશ અને વિશાળ ધ્વજાથી શોભાયમાન હતું. (૩૭).

જિનમંદિરની અંદર ચારે દિશાઓમાં (૪, ૮, ૧૦, ૨– ચત્તારિ અટ્ઠ, દસ, દોય એમ) ચોવીશે તીર્થંકરોની રત્નમય પ્રતિમાઓ દેહમાન પ્રમાણ બિરાજમાન હતી; જેની તેમના હૃદયના ઉલ્લાસથી દર્શન–વંદન–ભક્તિપૂર્વક સ્તવના કરી. સાંજ થવાના કારણે ગૌતમસ્વામીએ અષ્ટાપદજી તીર્થ પર–મંદિરની બહાર–શિલા પર ધ્યાનાવસ્થામાં રાત્રિ પસાર કરી. (૩૮).

તે રાત્રિમાં વજ્રસ્વામીનો જીવ જે તે સમયે તિર્યકજૃંભક હતા, તે ધ્યાનાવસ્થિત ગૌતમસ્વામીની પાસે આવ્યા અને ગૌતમસ્વામીએ પુંડરીક–કંડરીકની કથાના માધ્યમથી તેને પ્રતિબોધિત કર્યા. (૩૯).

સવાર થતાં પાછા વળતી વખતે ગૌતમસ્વામીએ તાપસોને પ્રતિબોધ દીધો. સઘળા તાપસોએ સહર્ષ તેમનું શિષ્યત્વ અંગીકાર કરી લીધું. જેવી રીતે હાથી પોતાના ટોળા સાથે ચાલે છે તેવી જ રીતે યૂથાધિપતિની જેમ ગૌતમસ્વામી પંદરસો શિષ્યોના પરિવાર સાથે સમવસરણ જવા ચાલ્યા. (૪૦).

આ સઘળા તાપસ નિરંતર એક, બે, ત્રણ ઉપવાસની તપસ્યામાં રત હતા. સંજોગથી જે દિવસે તેઓએ શિષ્યત્વ સ્વીકાર્યું તે દિવસે જ સર્વને પારણાં હતાં. ગૌતમસ્વામી ગોચરી જઈ એક પાત્રમાં દૂધ, ખાંડ, ઘી, ખીર લઈને આવ્યા. બધા તપસ્વીઓને તે એક જ પાત્રમાં પોતાનો અંગૂઠો રાખી, લબ્ધિના પ્રભાવે પારણાં કરાવ્યાં. (૪૧).

એક નાના પાત્રમાં રહેલ ખીર દ્વારા બધાને સન્તુષ્ટ કરી, તેમના આ અતિશય/લબ્ધિનું તેમ જ સદ્‌ગુરુની મહત્તાનું શુભ ચિંતન કરતાં, ખીર ખાતાં ખાતાં પાંચસો તપસ્વીઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. સાચું છે કે, વાસ્તવિક સદ્‌ગુરુનો સંયોગ/સાન્નિધ્ય મળવાથી કવલ (આહારનો કોળિયો) પણ કેવળજ્ઞાનના રૂપમાં પરિણત થઈ જાય છે. (૪૨).

પછી ગૌતમસ્વામી તાપસો સાથે પ્રભુના સમવસરણ તરફ આવતા હતા ત્યારે બીજા પાંચસો તપસ્વીઓએ જિનેશ્વરના ત્રણ ગઢવાળા અદ્‌ભુત તેમ જ અવર્ણનીય સમવસરણને જોઈને, શુભ ભાવપૂર્વક વિચારસરણીમાં ચડતા જગદુદ્યોતકારી, લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. (૪૩).

અને બાકીના ૫૦૦ તાપસોએ વર્ષાકાલીન સઘન મેઘોની ગર્જના સમાન જિતેન્દ્ર મહાવીર પ્રભુની અમૃતવાણીને સાંભળી, વિશુદ્ધ ચિંતન પૂર્વક ગુણસ્થાનો પર આરોહણ કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. (૪૪).

આ રીતે અનુક્રમે (૫૦૦+૫૦૦+૫૦૦ એમ) ૧૫૦૦ કેવળજ્ઞાનસંપન્ન તપસ્વીઓથી પરિવૃત થઈને ગૌતમસ્વામી સમવસરણમાં પહોંચીને દુઃખને હરનાર જિનેશ્વર મહાવીરસ્વામીને વંદન કરવા

લાગ્યા અને પંદરસો કેવલી-કેવલજ્ઞાનીઓને કેવલી પરિષદમાં જતાં જોઈને ગૌતમસ્વામીએ (ઉપાલંભ આપતાં) તે વખતે મહાવીરે કહ્યું કે 'હે ગૌતમ ! કેવળજ્ઞાનીની અશાતના કરો નહીં.' એવા જગદ્ગુરુ શ્રી વીર પ્રભુના વચનને/કથનને જાણી, આજના દીક્ષિત પણ કેવલી બની ગયા અને હું હજુ સુધી કૈવલ્યના લાભથી વંચિત રહ્યો, એવી વ્યથા અનુભવતા ગૌતમસ્વામી આત્મનિંદા કરવા લાગ્યા ત્યારે અંતિમ તીર્થપતિ મહાવીરસ્વામી બોલ્યા, 'હે ગૌતમ ! ખેદ ન કરો. આપણે એક સમાન સિદ્ધગતિ પામીશું અથવા મુક્તિમાં બંને સમાન થઈશું.' (૪૫).

ભગવાન મહાવીર કે જેઓ પૂર્ણિમાના ચંદ્ર જેવા પ્રકાશિત છે અને ભરતક્ષેત્રમાં વિચરતાં વિચરતાં જેઓએ ૭૨ વર્ષ પસાર કર્યાં છે, જેઓ આંખોને આનંદ આપનારા છે, અને દેવોથી પૂજિત/અર્ચિત છે, તેઓ દેવરચિત સુવર્ણ કમળો પર પોતાનાં ચરણકમલ મૂકતાં મૂકતાં અને ચતુર્વિધ શ્રીસંઘ સાથે વિહાર કરતાં કરતાં પાવાપુરી નગરે પધાર્યા. (૪૬).

નિર્વાણરાત્રિના આગલા દિવસે જ પ્રભુએ ગૌતમના રાગબંધવિચ્છેદ કરવાના હેતુથી તેમને પાસેના ગામમાં દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધવા મોકલ્યા. આ જ રાત્રિએ ત્રિશલાદેવીના નંદન અને આપણા આરાધ્ય દેવ ભગવાન મહાવીર પરમપદ—મોક્ષપદ—નિર્વાણ પામ્યા. દેવશર્માને પ્રતિબોધી સવારે પાછા વળતાં ગૌતમસ્વામીએ આકાશમાર્ગે આવતા દેવગણને જોઈ અને તેમના શબ્દોચ્ચારથી પ્રભુનું નિર્વાણ જાણી તેઓ દિગ્મૂઢ થઈ ગયા. વિષાદની સહસ્ર ધારાઓથી તેમનાં ગાત્ર કંપિત થઈને શિથિલ થઈ ગયાં. અસહ્ય માર્મિક વ્યથાથી ચિત્ત ઉદ્વેલિત થઈને સંકલ્પ-વિકલ્પમાં ગોથાં ખાવા લાગ્યું. તે વિલાપ કરતાં, ઉપાલંભ દેતાં, કહેવા લાગ્યા. (૪૭).

'હે પ્રભુ ! આપે કેવો સમય જોઈને મને આપનાથી દૂર મોકલી આપના નિર્વાણ સમયે મને ટાળ્યો ? આપ તો ત્રિભુવનનાથ, આપનો નિર્વાણ સમય જાણવા છતાં, તે સમયે આપની પાસે રાખવાને બદલે મને દૂર મોકલી દીધો. અંતિમ સમયે લોકો પોતાના માણસને દૂર હોય તો પાસે બોલાવી લે છે. આ લોકવ્યવહાર પણ આપે ન પાળ્યો ! હે સ્વામી !! તમે તો આ ઠીક કામ કર્યું !!! શું આપે એમ વિચારેલું કે જો ગૌતમ મારી પાસે રહેશે તો મારી પાસે કેવળજ્ઞાન માંગશે ? કે પછી એમ વિચારેલું કે, બાળકની પેઠે પાછળ પડશે !!!' (૪૮).

હે મારા વીર જિનેશ્વર ! હું તો ભોળો ભક્તિવશ હોવાને લીધે ભોળવાઈ ગયો હતો. અને આપનાં ચરણોની સેવાવશ ભાન ભૂલી ગયો હતો. મારો તો આપના તરફ અવિહડ/અચલ સ્નેહ હતો. શું આપે તેને બનાવટી પ્રેમ માનીને જ મને દૂર મોકલી દીધો હતો ? (ઉપાલંભ દેતાં દેતાં એકાએક તેમની વિચારધારાએ પલટો લીધો. રાગનું સ્થાન વિરાગે લઈ લીધું. અન્તર્મુખી થઈને વિચારવા લાગ્યા—અરે ગૌતમ ! તમે જ્ઞાની થઈને પણ બાળકની જેમ શું વિચારવા લાગ્યા ! અરે ! તમે પ્રભુને જ ઉપાલંભ દેવા લાગ્યા ! અરે, શું તમે નથી જાણતા કે—) પ્રભુ મહાવીર તો સાચા વીતરાગી હતા. (જો સર્વજ્ઞ કોઈના પ્રત્યે સ્નેહ કરે તો તે વીતરાગ કેવી રીતે કહેવરાવી શકે ? આ જ કારણ છે કે—) સ્નેહ જેમને લાગ્યો જ ન હતો. રાગને પોતાની પાસે ફરકવા જ દીધો ન હતો. આ રીતે શ્રી ગૌતમસ્વામીએ પોતાનું મન રાગમાંથી વિરાગ તરફ વાળ્યું. (૪૯).

કેવળજ્ઞાન તો ગૌતમસ્વામી પાસે ઊલટભેર આવતું હતું, પરંતુ 'રાગ'ને લીધે તે જ પળે દૂર થઈ જતું હતું. હવે તે 'રાગ' દૂર થવાથી, ગૌતમસ્વામીને સહેજમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું.

ત્રણે ભુવનમાં તેમનો જયજયકાર થયો. કવિ કહે છે કે હું ગૌતમ-ગણધરના વખાણ કરું છું, જેથી ભવ્યજનો પણ તે સાંભળી, તેનું પાલન કરી ભવસાગર તરી જાય. (૫૦).

પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર ગૌતમ ગોત્રીય ઈન્દ્રભૂતિ ૫૦ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા. ૩૦ વર્ષ સુધી સંયમની સાધનાથી અલંકૃત રહ્યા. ૧૨ વર્ષ સુધી ત્રણે ભુવનમાં વંદનીય બનીને કેવળજ્ઞાનીની અવસ્થામાં વિચરણ કરતા રહ્યા. આ પ્રકારે ૫૦ + ૩૦ + ૧૨ = ૯૨ વર્ષનું આયુષ્ય પૂરું કરી, રાજગૃહી નગરીમાં રહેતા, ગુણથી મનોહર એવા શ્રી ગૌતમસ્વામી શિવપુરીમાં સ્થાન પામશે—મોક્ષપદ પ્રાપ્ત કરશે. (૫૧).

### ભાષા (ઢાળ છઠ્ઠો)

(આ ઢાળ 'ગુજરાતી કાવ્યસાહિત્ય'માં એક ઉત્કૃષ્ટ નમૂનો છે. પૂ. ઉદયવંત મુનિ—કવિશ્રીએ અહીં વૈવિધ્યપૂર્ણ લોકપ્રિય અનેક ઉપમાઓ આપી, શ્રી ગૌતમસ્વામીની અદ્‌ભુત પ્રશંસા/સ્તવના કરી છે. અને આપણને શ્રી ગૌતમસ્વામીની ભક્તિ કરવાથી આજીવન લીલાલહેર થાય અને શાશ્વત સુખ મળે તેવી ભાવના વ્યક્ત કરી છે.)

જેવી રીતે આમ્રવૃક્ષ (આંબો) કોયલના કુહૂ-કુહૂ ટહુકાથી ગુંજારિત છે, જેમ પુષ્પોદ્યાન પરિમલની મહેકથી મહેકિત થાય છે, જેમ ચંદન સુગંધનો ભંડાર છે, જેમ ગંગા જલલહેરોથી તરંગિત છે, જેમ સ્વર્ણ પર્વત તેજથી દેદીપ્યમાન છે; તેવી રીતે ગૌતમસ્વામી સૌભાગ્યના (ઐશ્વર્યથી છલોછલ) નિધાન છે. (૫૨).

જેમ માનસરોવરે હંસનો વાસ શોભે છે, જેમ સુરેન્દ્રોના મસ્તકે સુવર્ણમુકુટ સોહે છે, જેમ મયૂર કમલ—ઉપવને મોહે છે, જેમ રત્નાકરે રત્નો ઝળકે છે, જેમ આકાશે તારાગણ ખીલી ઊઠે છે, તેમ ગૌતમસ્વામીમાં ગુણોનું ક્રીડારત વન શોભે છે. (૫૩).

જેમ પૂર્ણિમાની રાત્રિ ચન્દ્રથી શોભાયમાન છે, જેમ કલ્પવૃક્ષના મહિમાથી આખું વિશ્વ લુબ્ધ છે, જેમ પૂર્વ દિશા સહસ્ર કિરણોયુક્ત સૂર્યથી પ્રકાશમાન છે, જેમ સિંહોથી પર્વત અલંકૃત છે, જેમ મદમસ્ત હાથીઓથી રાજાઓના મહેલ ગર્જિત છે, તેવી જ રીતે, જિનેન્દ્ર ભગવાનનું શાસન મુનિપ્રવર ગૌતમસ્વામીથી વિભૂષિત છે. (૫૪).

જેમ દેવતાઓનું શ્રેષ્ઠ કલ્પવૃક્ષ શાખા-પ્રશાખાઓથી શોભી ઊઠે છે, જેમ ઉત્તમ પુરુષોનાં મુખ મધુર ભાષાથી દીપી ઊઠે છે, જેમ વન-ઉપવન કેતકીનાં ફૂલોથી મહેકી ઊઠે છે, જેમ ભૂમિપતિ—રાજવી પોતાના બાહુબળથી કીર્તિ પામે છે, જેમ દહેરાસર ઘંટોના રણકારથી ગાજી-ગુંજી ઊઠે છે, તેવી જ રીતે ગૌતમસ્વામી આત્મિક લબ્ધિઓથી ઉજ્જ્વલિત છે, અર્થાત્ વિશેષ ઝળકી ઊઠે છે. (૫૫).

જેમણે પણ અનંતલબ્ધિકારક ગણધર ગૌતમસ્વામીનાં દર્શન કરી લીધાં, તેમના બતાવેલા માર્ગનું અનુસરણ કરી લીધું, હંમેશાં દરેક પળે તેમનું સ્મરણ કરતા રહ્યા, તેમને માટે જાણે કે ચિંતામણિ રત્ન હસ્તગત થઈ ગયાં. કલ્પવૃક્ષે સમગ્ર મનોવાંછનાઓ પૂરી દીધી. કામકુંભ (ઇચ્છા પૂરી કરનાર અક્ષયપાત્ર) અધીન થઈ ગયા. કામધેનુ (ઇચ્છા પૂરી પાડનારી ગાય)એ મનોકામના પૂર્ણ કરી દીધી. આઠ મહાસિદ્ધિઓએ ઘરમાં નિવાસ કરી લીધો. (૫૬).

પ્રણવ અક્ષર એટલે 'ૐ', માયાબીજ એટલે 'હ્રીઁ' અને શ્રીમુખે (શ્રીમતી/લક્ષ્મીનો પહેલો અક્ષર-બીજાક્ષર) 'શ્રીઁ' છે. આમ, પ્રથમ પ્રણવ અક્ષર 'ૐ' બોલવો, પછી માયાબીજ 'હ્રીઁ' કાનથી

સાંભળવો, અને પછી શ્રીમતીમાંથી પહેલો અક્ષર 'શ્રી' લેતાં આ ત્રણ અક્ષર (ૐ હ્રીં શ્રીં) શોભા રૂપ બને છે. પછી સુ-દેવ શ્રી અરિહંત (દિવાધિદેવ અર્હન્તોના વાચક બીજાક્ષર 'અર્હં' છે.) તથા સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરીને તથા વિનયપૂર્વક આચાર્ય–ઉપાધ્યાયની સ્તુતિ કરીને ઉપરોક્ત ચાર બીજાક્ષરો પછી ગૌતમસ્વામીનું નામ અને અંતમાં નમઃ જોડી આ– ૐ હ્રીં શ્રીં અરિહન્ત ઉવજ્ઝાય શ્રી ગૌતમસ્વામિને નમઃ' મંત્રથી શ્રી ગૌતમસ્વામીને નમસ્કાર કરો. (૫૭).

હે ઉપાસકો ! તમો બીજાના ઘર-નગરમાં નિવાસ કરી અથવા બીજાની નોકરી કરી શું પ્રાપ્ત કરશો ? ધનપ્રાપ્તિના હેતુ માટે દેશ-વિદેશમાં કેમ ભ્રમણ કરો છો ? કાર્યસિદ્ધિ અર્થે શા માટે પ્રયત્ન કરો છો ? હે આરાધકો ! તમો તો પ્રભાતમાં ઊઠીને ગૌતમસ્વામીનું સ્મરણ કરો, જેનાથી તમારા સઘળા કાર્ય-કલાપ તત્કાળ જ સિદ્ધ થશે અને નવનિધાન તમારા ઘરમાં વિલસશે/નિવાસ કરશે. (૫૮).

ચૌદહસો બારહના અંતમાં અથવા વિક્રમ સંવત ૧૪૧૨માં શ્રી ગૌતમ ગણધરના કેવળજ્ઞાનપ્રાપ્તિના દિવસ પર, એટલે કાર્તિક શુક્લા પ્રતિપદાના દિવસે, ખંભાત નગરમાં, શ્રી પાર્શ્વનાથ પ્રભુની પસાયથી–કૃપાથી પરોપકારાર્થે કવિત્વમય આ 'ગૌતમરાસ' સંજ્ઞકની રચના કરી છે. ગૌતમસ્વામીનું નામ જ પ્રથમ મંગલરૂપમાં કહેવાયું છે. પર્વોના મહોત્સવો વગેરેમાં પણ સર્વપ્રથમ ગૌતમસ્વામીનું નામ લેવામાં આવે છે, સ્મરણ કરવામાં આવે છે. હે શ્રદ્ધાળુઓ ! ગૌતમ ગણધરનું નામ તમારા માટે ઋદ્ધિકારક–વૃદ્ધિકારક અને કલ્યાણકારક સિદ્ધ થાઓ. (૫૯).

તે પૃથ્વી માતાને ધન્ય છે, જેણે આવા વિશિષ્ટતમ મહાપુરુષને ઉદરમાં ધારણ કર્યા. તે પિતા વસુભૂતિને પણ ધન્ય છે, જેના કુળમાં આવા નરરત્ન મૂર્ધન્ય મનીષીને દીક્ષિત કર્યા. ગૌતમ ગણધર વિનયવાન અને વિદ્યાના ભંડાર હતા. તેમના ગુણોનો પૃથ્વીની જેમ પાર આવે જ નહીં, વડની વડવાઈઓ જેમ વિસ્તાર પામ્યા જ કરે છે. (૬૦).

હે ભવ્ય જીવો ! ગૌતમસ્વામીનો રાસ વાંચો. તેના વાંચવાથી ચતુર્વિધ સંઘમાં ખુશખુશાલી પ્રગટશે અને સકલ સંઘમાં આનંદમંગલ પ્રવર્તશે. હે શ્રદ્ધાવાનો ! ગૌતમસ્વામીના કેવળજ્ઞાનના દિવસ ઉપર તમો ધર્મસ્થળ (ઉપાશ્રય)માં કુમકુમ અને ચંદનના થાપા (હાથના પંજાની છાપ) દેવરાવો. માણેક અને મોતીઓના ચોક (સ્વસ્તિક) પુરાવો અને રત્નોના સિંહાસન બેસવા માટે બનાવરાવો. (૬૧).

આ સિંહાસન પર બિરાજમાન થઈને સદ્દગુરુ દેશના દેશે; જેથી તે દેશના સાંભળનાર ભવ્યજનોનાં કાર્ય સિદ્ધ થશે, એમ શ્રી ઉદયવંત મુનિ કહે છે. શ્રી ગૌતમસ્વામીનો આ રાસ વાંચવાથી કે સાંભળવાથી લીલાલહેર થાય છે અને સદાય સુખભંડારની પ્રાપ્તિ થાય છે. (૬૨).

આ રાસ જે કોઈ ભણે–ભણાવે તેમને ઘેર મહામંગલરૂપ લક્ષ્મીદેવી પધારે અને તેમની મનોવાંછિત આશાઓ ફળીભૂત થાય છે. (૬૩).

* * *

# શ્રી ગૌતમસ્વામીનો રાસ

રચયિતા : પૂ. આચાર્યશ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મહારાજ
ભાવાનુવાદ : પૂ. પંન્યાસશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

(મંગલાચરણ)

**વિમલેશ્વર ચક્રેશ્વરી, પરિપૂજિત સિદ્ધચક્ર;**
**નેમિ જિણંદ ગુરુપદ નમી, જેને સેવે શક્ર. ૧.**

૧. વિમલેશ્વર અને ચક્રેશ્વરીથી પૂજાયેલા શ્રી સિદ્ધચક્રને તથા શક્રેન્દ્ર જેની સેવા કરે છે તે શ્રી નેમિજિનને તથા નેમિસૂરિ ગુરુના ચરણમાં નમસ્કાર કરું છું. (૧).

**તે શ્રી વીર જિણંદના, એકાદશ ગણધાર;**
**શ્રી ગૌતમ મોટા તિહાં, વિનયવંત સરદાર. ૨.**

૨. શ્રી વીર જિનેશ્વરના અગિયાર ગણધર છે. તેમાં મુખ્ય શ્રી ગૌતમસ્વામી છે. તે વિનયવંત જનોમાં સરદાર-શિરોમણિ છે. (૨).

**બેસતા વર્ષ પરોઢિયે, પામ્યા કેવલનાણ;**
**તે ગૌતમ ગુરુ રાસને, વિરચું ધરી બહુમાન. ૩.**

૩. કાર્તિક સુદિ એકમે બેસતું વર્ષ ઊજવાય છે. તે દિવસે વહેલી સવારે જેમને કેવળજ્ઞાન થયેલું, તે શ્રી ગૌતમગુરુનો રાસ હું બહુમાનપૂર્વક રચું છું. (૩).

**સુણતાં ભણતાં સંપજે, દિન દિન મંગલમાલ;**
**ગુરુ ગૌતમ ગુણ ગાવતાં, ધર્મશાંતિ ત્રણ કાલ. ૪.**

૪. આ રાસ સાંભળવાથી તથા ભણવાથી હંમેશાં મંગળમાળ વર્તે છે અને રોજ ત્રણે સંધ્યાએ ગુરુ ગૌતમના ગુણ ગાતાં ધર્મ અને શાંતિ પ્રાપ્ત થાય છે. (૪).

(દુહા)

**અઢારમે ભવ વીર પ્રભુ, ત્રિપૃષ્ઠ વાસુદેવ;**
**ગૌતમ તેના સારથિ, તે સમયે કરે સેવ. ૧.**

૫. પોતાના અઢારમા ભવમાં શ્રી વીર પ્રભુ ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ હતા ત્યારે શ્રી ગૌતમના જીવે તેમના સારથિ તરીકે સેવા કરી હતી. (૧).

**વિશાખાનંદી સિંહ થયો, વાસુદેવના હાથ;**
**મરતાં આશ્વાસન દીયે, સારથિ નવકાર સાથ. ૨.**

૬. પોતાના સોળમા વિશ્વભૂતિ ભવનો પિતરાઈ ભાઈ વિશાખાનંદી, ત્રિપૃષ્ઠના ભવ વખતે સિંહ થયો હતો. તે વાસુદેવને હાથે મર્યો ત્યારે એ સારથિએ એ સિંહને નવકાર તથા આશ્વાસનના શબ્દો સંભળાવ્યા હતા. (૨).

**સત્યાવીશમા ભવ વિશે, તે ત્રિપૃષ્ઠ વીર થાય;**
**સારથિ ઈન્દ્રભૂતિ થયા, સિંહ તે ખેડૂત થાય. ૩.**

૭. સત્યાવીશમા ભવમાં ત્રિપૃષ્ઠનો જીવ મહાવીરસ્વામી થયો ત્યારે સારથિ ઈન્દ્રભૂતિ ગૌતમ થયો અને પેલો સિંહ ખેડૂત બન્યો. [એ ખેડૂતે ગૌતમસ્વામીથી બોધપામીને દીક્ષા લીધી અને પછી સમવસરણમાં આવતાં ભગવાનને જોઈને પૂર્વ વૈર જાગૃત થતાં તે દીક્ષા છોડીને નાસી ગયો.] (૩).

**(ઢાળ પહેલી)**
**(રાગ – પ્રભુ, આપ અવિચલ નામી છો...)**

**જંબૂદ્વીપના ઉત્તમ ભરતે, મગધે નરપતિ શ્રેણિક વરતે;**
**ગુબ્બર ગામે વસુભૂતિ તણી, પૃથ્વીના સુત ઈન્દ્રભૂતિ ગણી. ૧.**

૮. જંબૂદ્વીપમાં ઉત્તમ ભરતક્ષેત્ર છે. ત્યાં મગધ દેશનો રાજા શ્રેણિક છે. એ દેશમાં ગોબર ગામમાં વિપ્ર વસુભૂતિ અને તેનાં પત્ની પૃથ્વીને ઈન્દ્રભૂતિ નામે પુત્ર થયો. (૧).

**જ્યેષ્ઠા વૃશ્ચિક રાશિ જન્મ્યા, દેખંતા સૌ જન હરખાયા;**
**ઉત્તમ લક્ષણધર કાલક્રમે, ભણવાની ઉંમર તે પાયા. ૨.**

૯. જ્યેષ્ઠા નક્ષત્રમાં અને વૃશ્ચિક રાશિમાં તેનો જન્મ થયો. તેને જોતાં જ સૌને હર્ષ થયો. જન્મથી જ સુલક્ષણવંતો એ પુત્ર કાળક્રમે મોટો થયો અને ભણવાનું શરૂ થયું. (૨).

**વર રૂપ પ્રસિદ્ધ ચૌદ વિદ્યાને, જાણે ધરી વિનયાદિકને;**
**સાહે ધુર સંઘયણ સંસ્થાને, સાત હસ્ત પ્રમાણ ધરે તનને. ૩.**

૧૦. શ્રેષ્ઠ રૂપવંત તે પુત્ર ક્રમશઃ વિનયાદિક ગુણો કેળવવાપૂર્વક ૧૪ વિદ્યાઓ ભણ્યો. વજ્રઋષભનારાચ સંહનન અને સમચતુરસ્ર સંસ્થાન વડે શોભતા તેના દેહની ઊંચાઈ સાત હાથની છે. (૩).

**તેજસ્વી ધૈર્ય મેરુ સમા, ગંભીરતાએ સાગરની સમા;**
**કર્યાં જિન પૂજાદિક પૂર્વભવે, લહે જ્ઞાનાદિક શુભ આજ ભવે. ૪.**

૧૧. તે ઈન્દ્રભૂતિ તેજસ્વી છે, મેરુ પર્વત સમાન ધીર છે, સાગર સમાન ગંભીર છે. પૂર્વજન્મમાં જિનપૂજા આદિ ઉત્તમ કાર્યો તેમણે કર્યાં હશે તેથી આ ભવમાં જ્ઞાન વગેરે શુભ ભાવો તેમને ખૂબ ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થયા છે. (૪).

**વિદ્યાર્થી જેના પંચસયા, મિથ્યામતિએ યજ્ઞો કરિયા;**
**પ્રતિબૂઝશે યજ્ઞ તણા બ્હાને, વીર સંગે લેશે શિવપદને. ૫.**

૧૨. તેમને ૫૦૦ તો શિષ્યો–વિદ્યાર્થીઓ છે. પોતે મિથ્યાવંત છે તેથી હિંસક યજ્ઞો કરે છે. એ યજ્ઞના નિમિત્તે તે જે પ્રતિબોધ પામવાના છે અને વીરપ્રભુની સોબત–સેવા પામીને મોક્ષપદને વરવાના છે. (૫).

**સવિ પંડિતમાં પંડિત મોટા, જગમાં ન જડે જેના જોટા;**
**નેમિ પદ્મ કહે પ્રભુ વીર કને, આવે તે સુણજો વર્ણનને. ૬.**

૧૩. જગતમાં જેનો જોટો ન જડે તેવા તે સર્વપંડિત-શિરોમણિ છે. નેમિસૂરિના પદ્મસૂરિ કહે છે કે હવે તે પંડિત ઇન્દ્રભૂતિ વીરપ્રભુની પાસે કેવી રીતે આવે છે તેનું વર્ણન તમે સાંભળજો. (૬).

**(દુહો)**

**ગૌતમ ગોત્ર ગગન રવિ, જેના બે લઘુ ભાઈ;**
**અગ્નિભૂતિ, વાયુભૂતિ, સર્વજ્ઞાભિમાની. ૭.**

૧૪. ગૌતમ ગોત્રરૂપી આકાશમાં સૂર્ય સમાન ઇન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ નામના પોતે સર્વજ્ઞ હોવાનું અભિમાન ધરાવતા બે નાના ભાઈઓ છે. (૭).

**(ઢાળ બીજી)**

**(રાગ – જિનવર જગત દયાલ, ભવિયા! જિનવર જગત દયાલ...)**

**ઉપકારી મહાવીર નમો રે, નમો ઉપકારી મહાવીર,**
**ત્રીસ વરસ પછી સંયમધારી, ચઉનાણી વિચરંત;**
**છદ્મસ્થભાવે પ્રાયે મૌની, શુભ ધ્યાનાદિકવંત નમો રે. ૧.**

૧૫. ઉપકારી એવા મહાવીર ભગવંતને વારંવાર નમન હો! જેમણે ત્રીશ વર્ષની વયે સંયમ લીધો અને ચાર જ્ઞાનના સ્વામી બનીને જ્યાં સુધી છદ્મસ્થ દશામાં વર્ત્યા ત્યાં સુધી પ્રાયઃ મૌનપણે જ રહ્યા છે અને શુભ ધ્યાનાદિક ગુણોથી જે શોભતા હતા. (૧).

**ચરણે નમતાં ઈંદ્ર ને પન્નગ, ડસતો એ સમતાવંત;**
**શત્રુતણું એ ભદ્ર કરંતા, અહિ સહસ્રાર સુર હુંત. ૨.**

૧૬. જેમના ચરણે ક્યારેક ઇન્દ્રો નમન કરતા, તો ક્યારેક સર્પ દંશતો, તો પણ જે સમભાવે જ વર્તતા અને શત્રુનું કલ્યાણ વાંછતા તે પ્રભુના પસાયે ચંડકોશિયો સાપ પણ આઠમા સહસ્રાર દેવલોકમાં દેવ થયો. (૨).

**આપ પસાયે ચંદનબાલા, લહે સુખ કેવલનાણ;**
**ઋજુવાલુકાતીર ગોદોહિકાસન, ચોવિહાર છઠ્ઠ શુભધ્યાન. ૩.**

૧૭. આપના (જે પ્રભુના) પસાયથી ચંદનાબાલા સતીએ કેવલજ્ઞાનનું સુખ મેળવ્યું તે પ્રભુ મહાવીર ઋજુવાલુકા નદીના કિનારે ગોદોહિક આસને બેઠા હતા અને ચોવિહારો છઠ્ઠ કરવાપૂર્વક શુભ ધ્યાનમાં હતા ત્યારે; (૩).

**ક્ષપક શ્રેણિમાં વૈશાખ સુદની, દશમે કેવલી થાય;**
**દેશના આપી તીર્થને થાપવા, પાવાપુરી પ્રભુ આય. ૪.**

૧૮. વૈશાખ સુદિ દશમના દિવસે તે પ્રભુએ ક્ષપક શ્રેણિ માંડી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી ત્યાં ક્ષણ માટે વિફળ દેશના આપીને પ્રભુ અપાપા (પાવા)પુરી પધાર્યા. (૪).

**સમવસરણમાં વીર વિરાજે, ચૌમુખ અડ પ્રાતિહાર;**
**દેવદુંદુભિ આકાશે વાજે, જલ થલ ફૂલ વિસ્તાર. ૫.**

૧૯. દેવોએ રચેલા સમવસરણમાં વીર પ્રભુ બિરાજ્યા; ચૌમુખની તથા આઠ પ્રાતિહાર્યોની રચના થઈ. આકાશમાં દેવદુંદુભિ ગાજી; અને જલમાં અને પેદા થયેલાં ફૂલોની વૃષ્ટિ વિસ્તરી. (૫).

**વીંજાય ચામર શિર પર સોહે, છત્ર રૂપે મનોહાર;**
**વૈર તજી સૌ દેશના સુણતાં, ભૂખ તરસ પરિહાર. ૬.**

૨૦. બે બાજુ ચામરો ઢોળાય છે; મસ્તક ઉપર ત્રણ છત્ર શોભે છે, જન્મજાત વૈરી જીવો પણ વેરભાવને વીસરીને અને ભૂખ-તરસને ભૂલીને પ્રભુની દેશના સાંભળે છે. (૬).

**દુર્લભ નરભવ પુણ્યે પામી, અપ્રમાદે કરી ધર્મ;**
**મુક્તિ લહો સવિ તારક બનીને, એ જિનશાસન મર્મ. ૭.**

૨૧. પ્રભુ ફરમાવે છે કે–'દુર્લભ એવો મનુષ્યજન્મ સંયોગે મળ્યો છે તો અપ્રમાદી બનીને ધર્મ કરો અને બીજાઓના તારક બનીને પોતે પણ મોક્ષ પ્રાપ્ત કરો—તરો; એ જ આ જૈનશાસનનો મર્મ છે. (૭).

**સ્વર્ગ ઉતરતાં દેવવિમાનો, ઈન્દ્રભૂતિ નિરખંત;**
**યજ્ઞ-પ્રભાવે અહીં દેવ આવે, ઈમ જાણી હરખંત. ૮.**

૨૨. તે વખતે ભગવંત પાસે આવવા માટે સ્વર્ગલોકથી દેવનાં વિમાનો ઊતરી રહ્યાં છે. ઈન્દ્રભૂતિ તે નીરખીને 'અમારા યજ્ઞના પ્રભાવથી દેવો સાક્ષાત્ ભાગ લેવા આવી રહ્યા છે,' એમ ચિંતવીને હરખાય છે. (૮).

**પણ તે વિમાનો યજ્ઞ તજીને, જાય મહાવીર પાસ;**
**મારાથી ચઢિયાતો એ કુણ આવ્યો, સુરો જસ દાસ. ૯.**

૨૩. પરંતુ જોતજોતામાં એ વિમાનો તો યજ્ઞ છોડીને આગળ વધ્યાં, અને જાણ્યું કે એ તો મહાવીર નામે સર્વજ્ઞ પાસે જઈ રહ્યાં છે ત્યારે ઈન્દ્રભૂતિને થયું કે દેવો પણ જેના દાસ છે એવો મારાથી ચઢિયાતો વળી કોણ પાક્યો આ ? (૯)

**અભિમાની તે લોક્નાં વચને, સાચી ન માને વાત;**
**મુજ સમ જ્ઞાની કોઈ ન જગમાં, જીત્યા પંડિત પ્રખ્યાત. ૧૦.**

૨૪. લોકોએ કહેલી વાત સાચી પણ અભિમાની એવા તેમણે માની નહિ, અને 'મારા જેવો જ્ઞાની આ જગતમાં બીજો કોઈ હોઈ જ ન શકે; મેં પ્રખ્યાત પંડિતોને પણ જીતી લીધા છે.' (૧૦)

**ઈત્યાદિ બોલી શિષ્યોની સાથે, વાદીને જીતવા જાય;**
**પણ વીર પ્રભુના દર્શન કરતાં અભિમાન ઊતરી જાય. ૧૧.**

૨૫. વગેરે બોલતાં શિષ્યોને સાથે લઈને તેઓ વાદીને—ભગવાનને જીતવા માટે ચાલી નીકળે છે; પરંતુ જ્યાં વીર પ્રભુનાં દર્શન થયાં કે તે જ ક્ષણે તેમનો મદ ગળી જાય છે. (૧૧).

**એ કોણ? નિર્ણય છેવટે કરતાં, શ્રી વીર કિમ બોલાય;**
**શિવ યશ રાખે નેમિ પદ્મ વીરથી, હવે પ્રતિબોધ કરાય. ૧૨.**

૨૬. તેમને સવાલ થયો કે આ કોણ હશે ? ઘણી ગડમથલને અંતે સમજ્યા કે આ તો શ્રી મહાવીરસ્વામી છે. એ સાથે જ થયું કે હવે આમની સામે કેમ બોલી શકાય ? હવે તો ભગવાન શંકર જ મારી લાજ રાખે તો રાખે. નેમિસૂરિના પદ્મસૂરિ કહે છે કે આમ વિચારી રહેલા ગૌતમને ભગવાન પ્રતિબોધ કરે છે. (૧૨).

(દુહો)

**નજીક સમય પ્રતિબોધનો, ઈન્દ્રભૂતિનો આવે;**
**અવળાં પાસાં ધન્યને, સવળાં પુણ્યે થાવે. ૧.**

૨૭. ઈન્દ્રભૂતિને પ્રતિબોધ પામવાનો સમય હવે આવી પહોંચ્યો છે. ધન્ય મનુષ્યના નાંખેલા અવળા પાસા પણ પુણ્યબળે આ રીતે સવળા થઈ જતા હોય છે. (૧).

(ઢાળ ત્રીજી)

**(રાગ – જિન રાજા તાજા મલ્લિ વિરાજે ભોયણી ગામમેં)**

**નમું ભાવ જિનેશ્વર સમવસરણમાં પ્રભુ મહાવીરને,**
**ઈન્દ્રભૂતિ ઊભા મૂંઝાયે, સમવસરણની પાસે,**
**હું ક્યાં આવ્યો જીતવા વીરને, અપજશ બહુ મુજ થાશે રે. ૧.**

૨૮. સમવસરણમાં સાક્ષાત્‌ બિરાજેલા ભાવ જિનેશ્વર શ્રી વીરને હું વંદું છું. સમવસરણના પગથિયે ઊભેલા ઈન્દ્રભૂતિ હવે, ભગવાનને જોયા પછી, મનમાં મૂંઝાય છે કે હું આ વીર ભગવાનને જીતવા માટે ક્યાં આવ્યો ? ન આવ્યો હોત તો ઠીક થાત. આ તો હવે નહિ જીતું તો મારો અપયશ આખી દુનિયામાં બહુ થશે. (૧).

**ચાલે નહિ હિંમત વદવાને, વિજય મળે જો ભાગ્યે;**
**તો જગમાં જશ પુષ્કળ પામું, શું કરું ઈમ અકળાયે રે. ૨.**

૨૯. આમની સામે બોલવાની મારી હિંમત કેમ વધશે ? આમ ઈન્દ્રભૂતિ મૂંઝાય તો છે; પણ વળી મનમાં થાય છે કે જો કદાચ મારાં ભાગ્ય સવળાં હોય અને આમની ઉપર મને વિજય મળી જાય તો તો જગતમાં મને જબરો જશ મળે ! આમ, તેઓ 'શું કરું ?' એવી દ્વિધામાં અટવાયા છે. (૨).

**શાંતિ ભરેલા મિષ્ટ વચનથી, ઈન્દ્રભૂતિ મૂલ નામે;**
**પ્રભુ બોલાવે સ્વાગત પૂછે, મનમાં અચંબો પામે રે. ૩.**

૩૦. તે વખતે ભગવાને સ્વયં શાંત અને મધુર વાણીથી તેમનું નામ લઈને 'હે ઈન્દ્રભૂતિ ! તમે સુખે આવ્યા ! ભલે આવ્યા !' એમ તેમણે બોલાવ્યા અને સ્વાગત પણ કર્યું. આથી તેમના મનમાં ઘણો અચંબો થયો કે આ તો મારું નામ પણ જાણે છે ! મને ઓળખે છે ! (૩).

**પ્રસિદ્ધ હું છું સર્વ જગતમાં, કોણ મને ના જાણે;**
**મુજ મન સંશય જો બોલે તો, સર્વજ્ઞ જાણું આને રે. ૪.**

૩૧. પણ, બીજી જ ક્ષણે તેમને થયું કે હું તો આખા વિશ્વમાં વિખ્યાત છું. મને કોણ નથી ઓળખતું કે આ ન ઓળખે ? હા, મારા મનમાં રમતા સંશયને પ્રગટ કરે તો આમને સાચા માનું. (૪).

**પ્રભુજી જણાવે તમને સંશય જીવનો છે એ જાણી;**
**આશ્ચર્ય સાથે પ્રભુને માને, સર્વજ્ઞ સદ્‌ગુણ ખાણી રે. ૫.**

૩૨. એ આમ વિચારે છે ત્યાં તો પ્રભુજીએ કહ્યું કે 'ભાઈ ! તમને જીવનો (જીવ છે કે નહિ એવો) સંદેહ છે ને ?' આ સાંભળીને તેમણે આશ્ચર્ય તો અનુભવ્યું, પણ સાથે તે જ પળે ભગવાનને સદ્‌ગુણોની ખાણ એવા સર્વજ્ઞ તરીકે સ્વીકારી પણ લીધા. (૫).

**ઇન્દ્રભૂતિ જે વેદવાક્યના, ખોટા અર્થ કરતા;**
**ભૂલ સમજાવે સાચા અર્થો, સમજી સંશય હરતા. ૬.**

૩૩. ઇન્દ્રભૂતિને સંશય થવાના કારણરૂપ વેદવાક્ય હતાં, જેના તેઓ ખોટા અર્થો કરતા હતા. ભગવાને તેમને તેમની તે ભૂલ સમજાવી અને સાચા અર્થ સમજાવીને તેમનો સંશય હર્યો. (૬).

**વૈશાખ સુદ અગિયારસ કેરા પૂર્વાહ્ન લ્યે દીક્ષા;**
**પંચસયા શિષ્યોની સાથે, પામ્યા દુવિહા શિક્ષા રે. ૭.**

૩૪. એથી પ્રતિબોધ પામેલા ઇન્દ્રભૂતિ ગૌતમે ભગવાનની પાસે તે જ દિવસે, એટલે કે વૈશાખ સુદ ૧૧ના દિને, પૂર્વાહ્ન સમયે પોતાના ૫૦૦ શિષ્યો સહિત દીક્ષા લીધી અને ભગવાન પાસે બે પ્રકારની શિક્ષા પામ્યા; શિષ્યપદ અને ગણધરપદ. (૭).

**ગૃહી પર્યાય પચ્ચાસ વર્ષનો, એકાવનમે વર્ષે;**
**સમ્યક્ત્વી ચઉનાણી બનતા, દીક્ષા સાથે હર્ષે રે. ૮.**

૩૫. ગૃહસ્થાવાસમાં ૫૦ વર્ષ રહ્યા. પછી ૫૧મા વર્ષે સમ્યક્ત્વવંત બનવાની સાથે જ દીક્ષા અને ચાર જ્ઞાનોને પણ તેમણે હર્ષપૂર્વક પ્રાપ્ત કર્યા. (૮).

**ઈમ નિજ સંશય દૂર કરીને, દશ પંડિત પરિવારે;**
**શિષ્ય બનાવ્યા ગણધર વિધિએ, પ્રભુએ તે અગિયારે રે. ૯.**

૩૬. એ પછી, એ જ રીતે બાકીના અગ્નિભૂતિ આદિ દશ પંડિતો પણ આવ્યા અને પ્રભુએ એ સહુના સંશયોને દૂર કરીને તે સૌને શિષ્ય પરિવાર સાથે વિધિપૂર્વક દીક્ષા આપીને પોતાના ૧૧ ગણધર બનાવ્યા. (૯).

**પ્રભુનો વાસક્ષેપ અલૌકિક, મિથ્યાત્વાદિ હઠાયા;**
**બીજ બુદ્ધિથી ત્રિપદી પામી, દ્વાદશાંગી વિરચાયા. ૧૦.**

૩૭. પ્રભુનો વાસક્ષેપ એવો અલૌકિક હતો કે તેથી તે સૌના મિથ્યાત્વ આદિ દોષો દૂર થઈ ગયા અને બીજ બુદ્ધિના ધણી તે ૧૧ ગણધરોએ ત્રિપદી મેળવી કે તરત જ દ્વાદશાંગીની રચના કરી. (૧૦).

**સ્વજનોદ્ધાર કરણ શુભ યોગી, ગણધર પદવી પાવે;**
**આહારક રૂપથી ચઢિયાતું, ગણધર રૂપ જણાવે રે. ૧૧.**

૩૮. જે જીવ પૂર્વજન્મમાં સતત એમ ભાવના કરે કે મારા સ્વજનાદિ વર્ગનો મારે ઉદ્ધાર કરવો છે, તે શુભ યોગવંત જીવ ભવાંતરમાં ગણધર પદવીને પ્રાપ્ત કરે છે. અને આહારક શરીર આત્માનું—આહારક શરીરનું જે રૂપ હોય છે તેથી પણ અધિક ચઢિયાતું રૂપ ગણધરના શરીરનું હોય છે એમ શાસ્ત્રમાં વર્ણવાયું છે. (૧૧).

**લબ્ધિ આદિ સદ્‌ગુણનું વર્ણન, ચોથી ઢાળે કહીશું;**
**નેમિસૂરિ પદ્મપસાયે, ગૌતમ નામ જપીશું રે. ૧૨.**

૩૯. ગણધરની લબ્ધિઓ આદિ વિશિષ્ટતાઓનું વર્ણન ચોથી ઢાળમાં કહેવાશે. નેમિસૂરિ ગુરુના પદ્મ (ચરણકમલ)ના પસાયે શ્રી ગૌતમનું નામ હવે જપીશું. (૧૨).

(દુહા)

**યક્ષરાજ શ્રી શારદા, ત્રિભુવન સ્વામિની નિત્ય;**
**ગૌતમ ગણધરને સ્મરી, સાધે વાંછિત કાર્ય. ૧.**

૪૦. સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવો શ્રી યક્ષરાજ, શ્રી શારદાદેવી, શ્રી ત્રિભુવનસ્વામિની દેવી વગેરેને તથા ગૌતમ ગણધરને સ્મરીને (પુણ્યવંત જીવો) વાંછિત કાર્યોને સિદ્ધ કરે છે. (૧).

**છઠ્ઠ છઠ્ઠ તપ પારણું, કરતા લબ્ધિ મહંત;**
**શીલવંત ગુરુ ગોયમા, પુણ્યવંત પ્રણમંત. ૨.**

૪૧. છઠ્ઠને પારણે છઠ્ઠનું તપ કરનારા મહાન લબ્ધિઓના સ્વામી શીલવંત એવા ગુરુ ગૌતમસ્વામીને પુણ્યવંત જીવો પ્રણમે છે. (૨).

(ઢાળ ચોથી)

(રાગ – તપ કરીએ સમતા રાખી ઘટમાં)

**મને પુણ્યોદયે પ્રભુવીર મલિયા, સેવાથી વાંછિત સવિ ફલિયા. મને૦...ટેક...**
**ઘડી પહેલાં હું મિથ્યાત્વી હતો, પ્રભુ મ્હેરે દર્શનવંત થતો;**
**સંયમ ગણધર પદવી પામ્યો, ચઉનાણી લબ્ધિ ધરતો. ૧.**

૪૨. ગૌતમ ગુરુ હવે –દીક્ષા લીધા પછી–મનમાં વિચારે છે કે, મને મારા પુણ્યના ઉદયે જ પ્રભુ વીર મળ્યા છે; જેમની સેવા કરતાં મારાં તમામ મનવાંછિત ફળ્યાં છે. ઘડીવાર પહેલાં તો હું મિથ્યાત્વવંત હતો; પણ પ્રભુની મહેર વરસી અને હું સમ્યક્‌દર્શન પામ્યો, સંયમ પામ્યો અને ગણધરની પદવી ઉપરાંત ચાર જ્ઞાનનો તથા લબ્ધિઓનો પણ ધારક બન્યો છું. (૧).

**ઈમ ભાવી ગુરુ ગૌતમ વિનયી, પ્રભુથી નિજ ભૂલને જાણી;**
**આનંદને મિચ્છામિ દુક્કડં દેતાં નમ્ર બની નાણી. ૨.**

૪૩. આવી ભાવના વિનયવંત એવા ગૌતમસ્વામી ભાવે છે. એક વખત પ્રભુના કહેવાથી 'પોતાની જ ભૂલ છે' એમ જાણતાં જ જ્ઞાની ગૌતમે પણ નમ્રભાવે આનંદ શ્રાવક પાસે જઈને મિચ્છામિ દુક્કડં દીધું. (૨).

**પરબોધ શ્રદ્ધા વૃદ્ધિ વિચારી, પ્રભુને પ્રશ્નો પૂછંતા;**
**છત્રીશ સહસ હજાર વાર પ્રભુજી, ભગવતીમાં ગૌતમ વદતા. ૩.**

૪૪. વળી બીજા આત્માઓને બોધ પમાડવાના તેમ જ શ્રદ્ધાની વૃદ્ધિ કરવાના હેતુથી ગૌતમસ્વામી વારંવાર પ્રભુને વિધવિધ પ્રશ્નો પૂછે છે. શ્રી ભગવતીસૂત્રમાં પ્રભુ વીરે છત્રીશ હજાર વાર 'ગૌતમ' નામ લઈને સંબોધન કર્યું છે. (૩).

**શાલ મહાશાલ ગૌતમ સાથે, ચંપાનગરી આવંતા;**
**ગાંગિલ બેન બનેવી દીક્ષા ભાવી કેવલવંતા થતા. ૪.**

૪૫. પૃષ્ઠચંપાના રાજા શાલ તથા મહાશાલ–બે ભાઈઓએ પ્રભુ પાસે દીક્ષા લીધી હતી. પ્રભુ એક વખત ચંપાનગરીએ સમવસર્યા ત્યારે શ્રી ગૌતમસ્વામી પ્રભુની અનુજ્ઞા લઈને શાલ-મહાશાલ સાથે પૃષ્ઠચંપા ગયા અને ત્યાં શાલ-મહાશાલના ભાણેજ રાજા ગાંગિલ (કે ગાંગલી)ને બોધ પમાડી,

તેનાં માતાપિતા (શાલ-મહાશાલનાં બેન-બનેવી) સાથે દીક્ષા આપી. આ પાંચેય આત્માઓ ત્યાર પછી પૃષ્ઠચંપાથી ચંપાનગરી તરફ જતાં રસ્તામાં જ કેવળજ્ઞાન પામ્યા. (૪).

**પ્રભુ વચને ગૌતમ તે જાણી, કેવલ સંશય ધરંતા;**
**દેવવચનથી અષ્ટાપદની, વાત સુણી મન હરખંતા. ૫.**

૪૬. આ બીનાથી અજાણ શ્રી ગૌતમને પ્રભુએ કહ્યું ત્યારે જ ખબર પડી. આવા નવદીક્ષિત આત્માઓને તુરત કેવળજ્ઞાન થતું જોઈને ગૌતમસ્વામીને સંશય થયો કે શું મને કેવળજ્ઞાન નહિ થાય ? તેઓ વ્યથિત થઈ રહ્યા. એક વાર ક્યાંકથી પાછા આવતા હતા ત્યાં દેવો દ્વારા સાંભળ્યું કે, 'અષ્ટાપદની જાત્રા પોતાની લબ્ધિના બળે કરનારો જીવ તે જ ભવે મોક્ષ મેળવે છે.' એમ આજે પ્રભુએ ફરમાવ્યું હતું; આથી તે મનમાં ખૂબ હરખાયા. (૫).

**ચારણ-લબ્ધિ-બળે ત્યાં જાવે, પ્રભુ વંદી વિશ્રામંતા;**
**વજ્ર જીવ તિર્યક્જૃંભાદિક, પુંડરીક વાતે બોધંતા. ૬.**

૪૭. શ્રી ગૌતમ ચારણલબ્ધિના બળે અષ્ટાપદે ગયા. ત્યાં જૈનમૂર્તિઓને જુહારી વિસામો લેવા બેઠા ત્યારે વંદનાર્થે આવેલા વજ્રસ્વામી મહારાજના જીવ તિર્યક્જૃંભક દેવને પુંડરીક અધ્યયન કહીને ધર્મબોધ કર્યો. (૬).

**રાત રહી નીચે ઊતરતાં, પંદરસો તાપસ મલંતા;**
**પ્રતિબોધીને દીક્ષા દેતા, ક્ષીરના પારણે તૃપ્ત કરતા. ૭.**

૪૮. ગિરિવર ઉપર રાત રહી, સવારે નીચે ઊતરતાં, માર્ગમાં પંદરસો તાપસો મળ્યા. તેમને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી અને ખીરનું પારણું કરાવી દ્રવ્યથી અને ભાવથી તૃપ્ત કર્યા. (૭).

**અક્ષીણ મહાનસી લબ્ધિ પ્રભાવે, ક્ષીર પાત્રે અંગુષ્ઠ ધરતા;**
**થોડી ખીર સઘલાને પ્હોંચે, પણ ખૂટે પોતે જમતા. ૮.**

૪૯. પોતાની અક્ષીણ મહાનસી લબ્ધિના પ્રભાવે શ્રી ગૌતમે ખીરના પાત્રમાં પોતાનો અંગૂઠો મૂક્યો અને તે તાપસોને પીરસવા માંડી, ત્યારે થોડી ખીર પણ અખૂટ બની અને બધાને પહોંચી ગઈ. છેવટે સ્વયં શ્રી ગૌતમે આહાર કર્યો ત્યારે પાત્ર ખાલી થયું. (૮).

**પાંચસો જમતાં કેવલ પાયા, ત્રણ ગઢ જોઈ પંચ સયા;**
**પ્રભુદર્શન વાણી નિસુણંતા, કેવલ પાયા પંચ સયા. ૯.**

૫૦. આ જોઈને, ખીરનો આહાર કરતાં કરતાં જ ૫૦૦ તાપસોને કેવળજ્ઞાન થઈ ગયું. તે પછી તેમને લઈને ગૌતમ શ્રી વીર પ્રભુ પાસે પહોંચ્યા ત્યાં ૫૦૦ને સમવસરણમાં ત્રણ ગઢ જોતાં જ કેવળજ્ઞાન થયું, અને બાકીના ૫૦૦ને પ્રભુના દર્શન થતાં અને વચનો કાને પડતાં જ કેવળજ્ઞાન થયું. (૯).

**પ્રભુ પાસે જઈ ગૌતમ બોલે, મુનિઓ! પ્રભુને વંદીએ;**
**કેવલી સર્વે ઈમ પ્રભુવચને જાણી ખમાવે સર્વને. ૧૦.**

૫૧. શ્રી ગૌતમને તો આ વાતની ખબર નથી. તેઓ પ્રભુ પાસે પહોંચીને બોલ્યા :

મુનિઓ ! પ્રભુને વંદન કરો. ત્યારે તરત પ્રભુ વીરે તેમને કહ્યું કે, ગૌતમ ! આ બધા કેવલી મુનિઓ છે, એમની અશાતના ન કરો. એટલે શ્રી ગૌતમે તે સૌને ખમાવ્યા. (૧૦).

**મુજ દીક્ષિત સવિ કેવલી હોવે, હું કેવલ પામીશ કે નહીં;**
**પ્રભુવચને એ સંશય ટળતો, રાગે ન કેવલી થઈશ સહી. ૧૧.**

પર. પણ પછી તેમના દિલમાં સંશય જાગ્યો કે મારા હાથે દીક્ષા લેનાર સૌ કેવળ પામે છે, પણ હું કેવળી થઈશ કે નહીં ? ત્યારે શ્રી પ્રભુએ તેમને કહ્યું કે, મારા પર તમને પ્રબળ રાગદશા છે. તે હશે ત્યાં સુધી કેવળજ્ઞાન નહિ મળે. આથી તેમનો સંશય ટળ્યો. (૧૧).

**અંતે આપણ બે સમ થઈશું, એ પ્રભુવચને રાજી થતા;**
**ધ્યાન કોજ઼ મન ઠાવત ગૌતમ, પંચ નિમિત્તે પૂછંતા. ૧૨.**

પ૩. 'પરંતુ, છેવટે મૃત્યુ પછી–સિદ્ધગતિમાં તો આપણે બન્ને સમાન થઈશું જ.' એવું પ્રભુએ તેમને કહ્યું તેથી શ્રી ગૌતમ રાજી થઈ ગયા. તે પછી શ્રી ગૌતમે ધ્યાન દશામાં મનને સ્થિર કરી દીધું. તેઓ પાંચ નિમિત્તે પ્રભુને પ્રશ્ન પૂછતા. (૧૨).

**ગૌતમ નામ પરમ મંગલ એ, જપતાં ઈષ્ટ સકલ ફલતા;**
**નેમિસૂરિ પદ પક્ષ પસાયે, ગૌતમ ગુણ ગુણ ગાવંતા. ૧૩.**

પ૪. શ્રી ગૌતમનું નામ પરમ મંગલ રૂપ છે, જેનો જાપ કરતાં સઘળાં ઈષ્ટ ફળ મળે છે. શ્રી નેમિસૂરિ ગુરુના ચરણ-પદ્મના પસાયે શ્રી ગૌતમ ગુરુના ગુણો (હું) ગાઉં છું. (૧૩).

(દુહા)

**સંયમ તપ વાસિત ગુરુ, મૃગાપુત્ર નિરખંત;**
**સંચિત કર્મ ફલો કલી, ચેતાવે ચેતંત. ૧.**

પપ. સંયમ અને તપથી વાસિત એવા ગુરુ ગૌતમ, મૃગાપુત્ર લોઢિયાને જોઈને, જીવે બાંધેલાં કર્મોનો વિપાક કેવો હોય છે તે સમજી પોતે ચેત્યા અને બીજાઓને પણ ચેતવે છે. (૧).

**ગુરુ ગૌતમને જોઈને, અતિમુક્ત હરખંત;**
**બાલ સંયમી કાઉસ્સગ્ગે, કેવલનાણ લહંત. ૨.**

પ૬. એક વાર ગોચરીએ નીકળેલા શ્રી ગૌતમ ગુરુને જોઈને અતિમુક્તક નામના બાળકને ખૂબ હર્ષ પ્રગટ્યો, તેણે બાલ્યવયે સંયમ લીધો, અને એક વાર ઈર્યાવહી કરતાં કાઉસ્સગ્ગમાં કેવળજ્ઞાન મેળવ્યું. (૨).

**ગૌતમને ઉદ્દેશીને, ઉત્તરાધ્યયને વીર;**
**પ્રમાદ તજવાનું કહે, ગૌતમ ધીર ગંભીર. ૩.**

પ૭. શ્રી ગૌતમને સંબોધીને ભગવંતે ઉત્તરાધ્યયન સૂત્રને વિષે 'સમયં ગોયમ મા પમાયએ—હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર." એવો ઉપદેશ આપ્યો છે. શ્રી ગૌતમ ધીર અને ગંભીર હતા. (૩).

**અકદાગ્રહ તિમ સરલતા, ગૌતમમાં હદપાર;**
**કેશી ગણધરને મળે, વિનય સાચવે સાર. ૪.**

૫૮. શ્રી ગૌતમ ગુરુમાં અકદાગ્રહભાવ અને સરળતા—આ બે સદ્‌ગુણો બેહદ હતા. તેથી જ કેશી ગણધરને મળ્યા ત્યારે તેમણે અપાર વિનય દર્શાવ્યો હતો. (૪).

**(ઢાળ પાંચમી)**

**(રાગ–નિત્ય જિનવર મંદિર જઈએ...)**

**પ્રભુ પાર્શ્વ પરંપર જાયા, કેશી ગણી ત્રણ જ્ઞાન સોહાયા.**
**ગૌતમ તિંદુક વન આયા, મળ્યા પૂછી શાતા હરખાયા રે;**
**ગૌતમ ગુરુ વંદો ભાવે, ગુરુભક્તિથી શિવસુખ પાવે રે. ૧.**

૫૯. પ્રભુ પાર્શ્વનાથની પરંપરામાં થયેલા, ત્રણ જ્ઞાને શોભતા શ્રી કેશી ગણધર એકદા શ્રાવસ્તી નગરીના તિંદુક વન-ઉદ્યાનમાં બિરાજતા હતા, ત્યારે શ્રી ગૌતમ ગણધર પણ ત્યાં આવી પહોંચ્યા. તેઓ બંને એકબીજાને મળ્યા, શાતા પૂછી અને ઘણું હરખાયા. રાસના કર્તા કહે છે કે ગૌતમગુરુને ભાવથી વંદન કરો. કેમ કે ગુરુભક્તિના પ્રતાપે શિવસુખ મળે છે. (૧).

**દેવાદિ મળ્યા તે પ્રસંગે, મહાવ્રત આદિકના રંગે;**
**કેશી ગણધર પ્રશ્ન પૂછંતા, ગૌતમ ગણી ઉત્તર દેતા રે. ૨.**

૬૦. એ બન્ને ગણધરો મળ્યા તે પ્રસંગે દેવો વગેરે પણ ત્યાં ભેગા થઈ ગયા. આ મિલનમાં શ્રી કેશી ગણધરે મહાવ્રતની સંખ્યા વગેરે બાબતોના સંબંધમાં પ્રશ્નો પૂછ્યા ત્યારે ગૌતમ ગણધરે તેના સંતોષદાયક ઉત્તર આપ્યા. (૨).

**સુણી કેશી સ્તવે ગૌતમને, ગ્રહે પંચ મહાવ્રત સુમને;**
**ખેડૂત તે સિંહ જીવદ્વેષી, વીરપ્રભુ તાસ હિતૈષી રે. ૩.**

૬૧. એ ઉત્તરો સાંભળીને રાજી થયેલા કેશી સ્વામીએ ગૌતમસ્વામીની સ્તવના–પ્રશંસા કરી અને પાંચ મહાવ્રતવાળો ધર્મ અંગીકાર કર્યો. વળી, ભગવાને ત્રિપૃષ્ઠના ભવમાં રહેલો સિંહ અત્યારે ખેડૂત તરીકે જન્મેલો, તેને પ્રભુ પર દ્વેષ થયો, છતાં પ્રભુ તો તેના પણ હિતૈષી જ હતા. (૩).

**ગૌતમથી દીક્ષા પમાડે, જોઈ પ્રભુને પડે ભવખાડે;**
**ગૌતમ! તે દર્શન તુજથી, પામ્યો સિદ્ધ થશે નિશ્ચયથી રે. ૪.**

૬૨. પ્રભુએ શ્રી ગૌતમને મોકલીને તેને દીક્ષા અપાવી. પણ તે જ્યાં પ્રભુ પાસે આવ્યો કે તરત દ્વેષથી પ્રેરાયો અને દીક્ષા છોડી નાસી ગયો; ને ભવના ખાડામાં પડ્યો. તેની તેવી વર્તણૂંકથી મૂંઝાયેલા ગૌતમને પ્રભુએ કહ્યું : ગૌતમ ! તે જીવ તારાથી સમકિત પામી ગયો હોવાથી તે નિશ્ચયે સિદ્ધપદને પામશે; માટે તું ચિંતા ન કર. (૪).

**નિર્વાણ નજીક જાણંતા, પ્રભુ ગૌતમ લાભ મુણંતા;**
**બુઝવવા દેવશર્માને, મોકલે પ્રભુજી ગૌતમને રે. ૫.**

૬૩. હવે પ્રભુએ પોતાનું નિર્વાણ નજીકમાં હોવાનું જાણી, શ્રી ગૌતમનું હિત ચિંતવતા પ્રભુએ દેવશર્માને પ્રતિબોધ આપવા માટે તેમને મોકલી આપ્યા. (૫).

**પાવાપુરીમાં કાર્તિક વદની, અમાવસ્યા તણી એ રજની;**
**ચોવિહાર છઠ્ઠે શુક્લ ધ્યાની, સ્વાતિમાં પ્રભુવીર નિર્વાણી રે. ૬.**

૬૪. (શ્રી ગૌતમ પાછા ફરે તે અગાઉ) પાવાપુરીમાં બિરાજતા ભગવાન મહાવીર, કાર્તિક (ગુજરાતી આસો) વદ અમાસની રાત્રે, સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ થયો ત્યારે ચોવિહાર છઠ્ઠ તપ કરવા પૂર્વક શુક્લ ધ્યાન ધરતાં ધરતાં નિર્વાણપદને વર્યા. (૬).

**પાછા વળતાં ગૌતમ જોતા, ગગને સુર વીર સિદ્ધ હોતાં;**
**જાણી નિર્વાણ ખિન્ન થઈ વદતા, અળગો કર્યો કિમ જાણતા રે. ૭.**

૬૫. દેવશર્માને પ્રતિબોધી પાછા વળેલા શ્રી ગૌતમે આકાશમાર્ગે અસંખ્ય દેવોની હલચલ જોઈ અને કોઈ દ્વારા સાંભળ્યું કે શ્રી વીર તો સિદ્ધ થઈ ગયા. તે જાણતાં જ તે અતીવ ખિન્ન બની ગયા અને વિલાપ કરતાં બોલ્યા : ભગવાન ! તમે જાણીને આ ક્ષણે મને અળગો શા માટે રાખ્યો ? (૭).

**ભંતે કહી પૂછીશ કોને, ગોયમ કહેશે કોણ મને?**
**મુજ કેડે લાગશે એ જાણ્યું કેવલ માગશે શું એ રે. ૮.**

૬૬. હવે હું ભંતે ! એમ કહીને કોને પૂછીશ ? ને મને ગોયમ ! કહીને કોણ બોલાવશે ? પ્રભો ! શું આપને એવું લાગ્યું કે આ મારો કેડો નહિ મૂકે ? કેવળજ્ઞાનનો ભાગ માગશે ? લીધા વિના જવા નહિ દે ? (૮).

**બુધ રાખે કને અંતકાલે, પુત્રને વ્યવહાર ન ભૂલે;**
**મેં ઉપયોગ દીધો ન ત્યારે, કંઠ સુકાય વીર ઉચ્ચારે ગૌતમ રે. ૯.**

૬૭. બુધ કહેતાં શાણો માણસ પોતાના અંતકાળે પુત્રને પાસે જ રાખે છે. એ પણ વ્યવહાર ચૂકતો નથી. (ને આપે મને વેગળો કેમ કાઢ્યો ?) અથવા ખરેખર તો મારી જ ભૂલ છે કે મેં તે વખતે શ્રુતજ્ઞાનનો ઉપયોગ ન દીધો ! આમ તેઓ કરુણ સ્વરે વીર-વીરનું રટણ કરે છે તેમાં જ તેમનો કંઠ સુકાય છે. (૯).

**તુજ વિરહે અંધકાર ભરતે, મિથ્યાત્વી ઘુવડ પ્રવર્તે;**
**જાણ્યું વીતરાગ રાગ ન ધારે, એક પાક્ષિક રાગને ટાળે રે. ૧૦.**

૬૮. હે પ્રભુ ! તારા વિરહથી આ ભરતક્ષેત્રમાં આજે અંધકાર પ્રસરી ગયો. હવે મિથ્યાત્વી રૂપી ઘુવડો ઊમટશે. પણ ભગવંત, તમે તો વીતરાગ ! વીતરાગ કદી રાગ ન રાખે. આ તો મારો એકતરફી જ સ્નેહ !—આ વિચાર આવતાં જ શ્રી ગૌતમ સ્વસ્થ થયા અને એકપક્ષીય રાગને ચિત્તમાંથી તજી દીધો. (૧૦).

**ગૌતમ ચાર કર્મો ઘાતી, હણી કેવલી થાય સુરજાતિ;**
**કેવલનાણનો મહિમા કરતા, કેવલી બાર વર્ષ વિચરતા. ૧૧.**

૬૯. એ જ પળે શ્રી ગૌતમે ચાર ઘાતીનાં કર્મોનો નાશ કર્યો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવોએ ત્યાં તેમના જ્ઞાનનો મહિમા પ્રવર્તાવ્યો. ત્યાર બાદ શ્રી ગૌતમ બાર વર્ષ સુધી કેવળીપણે વિચર્યા. (૧૧).

**દેશના દઈ બહુ જન તાર્યા, મુનિઓ સોહમને ભળાવ્યા;**
**અનશન માસિક વૈભારે, સિદ્ધ ક્ષીણ અઘાતી ચારે રે. ૧૨.**

૭૦. તે દરમ્યાન, ધર્મદેશના આપીને અનેક જીવોને તાર્યા. છેવટે પોતાનો શ્રમણ-સમુદાય

શ્રી સુધર્માસ્વામી ગણધરને સોંપી દઈ, વૈભાર ગિરિ પર્વત પર મહિનાનું અણસણ કરી ચાર અઘાતી કર્મોને ખપાવીને સિદ્ધ પદવીને પામ્યા. (૧૨).

**ગણધરમાં મહિમાશાલી, ગૌતમ લખી કરત દિવાળી;**
**નેમિસૂરિ પદ્મ પસાયે, ગાયા ગૌતમ હર્ષ ન માયે રે. ૧૩.**

૭૧. તમામ ગણધરોમાં શ્રી ગૌતમ વધુ મહિમાશાળી હતા. લોકો પણ 'ગૌતમ'નું નામ ચોપડે લખીને દિવાળી ઊજવે છે. શ્રી નેમિસૂરિના ચરણ-પદ્મ પસાયે ગૌતમગુરુના ગુણગાન કરતાં હૈયે હર્ષ માતો નથી. (૧૩).

**(દુહો)**

**ગૌતમ કુસુમે શોભતી, સદ્‌ગુણ લબ્ધિ સુગંધ;**
**ઈન્દ્રાદિક ગૌતમ સ્મરી, સ્તવતા ગુણ પ્રબંધ. ૧.**

૭૨. ગૌતમ નામના પુષ્પને વિષે સદ્‌ગુણ અને લબ્ધિઓ રૂપી સુગંધ અનેરી શોભા ધરાવે છે. ઈન્દ્રાદિ દેવો પણ ગૌતમને સંભારીને તેમના ગુણપ્રબંધોની સ્તવના કરે છે. (૧).

**(ગીત)**

**(રાગ – ઓચ્છવ રંગ વધામણાં પ્રભુ પાસના નામે...)**

**ઘર ઘર લીલાલ્હેર નિત નિત ગૌતમ નામે,**
**ગૌતમ ગણધરને નમો મન રાખી ઠામે;**
**નવકાર મોટો મંત્રમાં મેરુ ગિરિમાં રાજે,**
**તારામાં જિમ ચંદ્ર ગૌતમ ગુરુ તિમ છાજે. ૧.**

૭૩. શ્રી ગૌતમ ગણધરના નામે ઘરે ઘરે નિત્ય લીલાલ્હેર પ્રવર્તે છે. મનને સ્થિર રાખીને શ્રી ગૌતમસ્વામીને નમસ્કાર કરો–ભજો. જેમ મંત્રોમાં નવકાર મંત્ર મોટો છે, પર્વતોમાં મેરુગિરિ મોટો છે, તારાઓમાં ચંદ્રમા શોભે છે, તેમ ગુરુઓમાં શ્રી ગૌતમ ગુરુ બિરાજે છે. (૧).

**હંસ વસે જિમ માનસે તિમ સદ્‌ગુણ ગુરુમાં;**
**રત્નાકરે જિમ રત્ન લબ્ધિને સિદ્ધિ ગુરુમાં;**
**ગૌતમ સુરતરુ આદિથી ચઢિયાતા જગમાં,**
**તેમ ગુરુધ્યાને જાય સઘલા દિવસ હરખમાં. ૨.**

૭૪. જેમ હંસ માનસ સરોવરમાં વસે, તેમ શ્રી ગૌતમગુરુમાં સદ્‌ગુણો વિલસે છે. રત્નાકર–સાગરમાં જેમ રત્નો ભર્યાં છે, તેમ ગૌતમસ્વામીમાં લબ્ધિઓ અને સિદ્ધિઓ ભરપૂર છે. શ્રી ગૌતમ આ જગતમાં કલ્પવૃક્ષ આદિ વસ્તુઓથી પણ ચઢિયાતા છે. આવા ગુરુનું ધ્યાન ધરવાથી સઘળા દિવસો આપણા હર્ષકિલ્લોલમાં જાય છે. (૨).

**કામિત દાયક ગૌતમે જય વિજય લહીજે,**
**રોગ ઉપદ્રવ સંકટો નામ સ્મરતાં ટલીજે;**
**ૐ હ્રીં અક્ષર સાથ ગૌતમ મંત્રને ધ્યાવો,**
**ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ સંપદ નવનિધિ પાવો. ૩.**

૭૫. વાંછિતદાતા શ્રી ગૌતમના પ્રભાવે જયવિજય મળે છે. એમનું નામસ્મરણ કરતાં રોગ, ઉપદ્રવો અને સંકટો ટળે છે. ઓં હ્રીં એવા મંત્રાક્ષરો સાથે 'શ્રી ગૌતમસ્વામિને નમઃ' એવા મંત્રને તમે ધ્યાવો અને તેના પ્રતાપે ઋદ્ધિ, વૃદ્ધિ, કલ્યાણ, સંપત્તિ અને નવનિધિને પ્રાપ્ત કરો. (૩).

**ધન્ય એ પૃથ્વી માતને રત્નકુક્ષિણી માયા,**
**ધન્ય વસુભૂતિ તાતને જેના કુલ અવતરિયા;**
**ધન્ય મહાવીર દેવ, જે ગૌતમ શિષ્ય પાયા,**
**જિનશાસન જયવંત ગૌતમ ગુરુ ગુણ ગાયા.** ૪.

૭૬. જેની કૂખે શ્રી ગૌતમ જન્મ્યા તે રત્નકુક્ષિણી પૃથ્વી માતાને ધન્ય હો ! જેના કુળમાં શ્રી ગૌતમ અવતર્યા તે શ્રી વસુભૂતિ પિતાને ધન્ય હો ! શ્રી ગૌતમ જેવા શિષ્ય મેળવનાર પ્રભુ મહાવીરસ્વામીને પણ ધન્ય હો ! આ શ્રી જિનશાસન જયવંતુ હો, કે જેને પામીને મેં શ્રી ગૌતમ ગુરુના ગુણ ગાયા. (૪).

**(કળશ)**

**ગાયા ગાયા રે મહાવીર જિનેશ્વર ગાયા,**
**ગાયા ગાયા રે ગુરુ ગૌતમના ગુણ ગાયા;**
**જિનશાસનમાં શ્રી વીર મંગળ ગૌતમ મંગળ પાયા,**
**સ્થૂલિભદ્રાદિક મંગલ મંગલ શ્રી જૈન ધર્મ કહાયા રે.** ૧.

૭૭. કવિ આનંદ પ્રગટ કરતાં કહે છે કે – મેં શ્રી ગૌતમ સ્વામીના ગુણ આજે ગાયા છે, ગાયા છે, ગાયા છે. શ્રી જિનશાસનમાં પહેલું મંગળ શ્રી વીરપ્રભુનું છે, બીજું મંગળ શ્રી ગૌતમસ્વામીનું છે. ત્રીજું મંગળ શ્રી સ્થૂલિભદ્રાદિ મહાત્માનું છે અને ચોથું મંગળ શ્રી જૈન ધર્મનું છે. (૧).

**વર્ષ પચાસ ગૃહે, બેતાલીસ વર્ષ ચારિત્ર ધરાયા;**
**તેમાં ત્રીસ વરસ વીરસેવા, બાર કેવલી પર્યાયા રે.** ૨.

૭૮. શ્રી ગૌતમ ગુરુ ૫૦ વરસ ઘરે રહ્યા, ૪૨ વર્ષ ચારિત્ર પાળ્યું. તેમાં ત્રીસ વર્ષ શ્રી વીરપ્રભુની અખંડ સેવા કરી અને છેલ્લાં ૧૨ વર્ષ કેવલીપણે વિચર્યા. (૨).

**બાણું વરિસ વય ગૌતમ ગણધર પ્રભુની પછી શિવ પાયા;**
**ગૌતમ સોહમ વિણ નવ પ્રભુની છાયામાં શિવ પાયા રે.** ૩.

૭૯. આમ, ૯૨ વર્ષની વયે શ્રી ગૌતમ ગણધર, પ્રભુના નિર્વાણ પછી બાર વર્ષે મોક્ષપદ પામ્યા. શ્રી ગૌતમસ્વામી અને શ્રી સુધર્માસ્વામી સિવાયના શેષ નવ ગણધરો તો પ્રભુની હાજરીમાં–હયાતીમાં જ મોક્ષે ગયા હતા. (૩).

**જૈનપુરી અમદાવાદ મધ્યે, ચાતુર્માસ ઠરાયા;**
**શ્રી ગુરુ આણા સુણી સંઘ વિનતિ, પુણ્યે અવસર આયા રે.** ૪.

૮૦. આ રાસના કવિ જૈનપુરી ગણાતા અમદાવાદ શહેરમાં, શ્રી ગુરુની આજ્ઞા અને શ્રીસંઘની વિનંતિને વશ થઈને ચાતુર્માસ રહ્યા ત્યારે (આ રચના કરવાનો) અવસર પુણ્યયોગે આવી મળ્યો. (૪).

**દુ સહસ પંચ સંવત્સર ગૌતમ કેવલ દિવસ સુહાયા;**
**નેમિસૂરિ પદ પદ્મ પસાયે ગૌતમ રાસ રચાયા રે. ૫.**

૮૧. સંવત ૨૦૦૫ના વર્ષે શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો સોહામણો દિવસ આવ્યો ત્યારે શ્રી નેમિસૂરિ ગુરુના ચરણકમળના પસાયથી આ શ્રી ગૌતમસ્વામીના રાસની રચના થઈ. (૫).

**ગૌતમ-રાસ ભણતાં સુણતાં, કલ્યાણ કમલા સાયા;**
**પદ્મસૂરિ ગુરુ ગૌતમ મ્હેરે, ધર્મ કરો હરખાયા રે. ૬.**

૮૨. શ્રી ગૌતમગુરુનો આ રાસ ભણવાથી અને સાંભળવાથી કલ્યાણની લક્ષ્મી હજો ! શ્રી પદ્મસૂરિ નામના કવિ કહે છે કે ગુરુ ગૌતમની મહેરથી હર્ષભરપૂર બનીને ધર્મકરણી કરજો ! (૬).

**ભાવ રત્નત્રયી દાયક, મદીયાત્મોદ્ધારક, પરમોપકારી,**
**શિરોમણિ પરમગુરુ આચાર્ય મહારાજ**
**શ્રી વિજય નેમિસૂરીશ્વર ચરણ-કિંકર-વિનેયાણુ,**
**શાસ્ત્રવિશારદ, કવિ**
**દિવાકર આચાર્ય વિજયપદ્મસૂરિ**
**વિરચિત**

(તે રાસ ઉપર ગુજરાતી અર્થ-વિવરણ પૂ. પં. શ્રી શીલચંદ્રવિજય ગણીએ સં. ૨૦૪૨ના આસો સુદની શાશ્વતી ઓળીના દિવસોમાં શ્રી ગૌતમસ્વામી ગણધરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષના ઉપલક્ષમાં ભાવનગરમાં લખ્યું.)

*('જૈન' સાપ્તાહિકપત્રના 'શ્રી ગુરુ ગૌતમસ્વામીજી વિશેષાંક'માંથી સાભાર ઉદ્ધૃત.)*

* * *

**શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છાધિરાજ ગુરુદાદા**
**શ્રી પાર્શ્વચન્દ્રસૂરિ વિરચિત**

# શ્રી ગૌતમસ્વામીનો લઘુરાસ

(આજથી ૫૦૦ વર્ષ પૂર્વે થયેલા પ્રભાવક પૂ. પાર્શ્વચંદ્રસૂરિજી મહારાજની રસપ્રસાદી લઘુરાસ રૂપે અત્રે પ્રકાશિત થયેલી છે. 'નામ માત્ર ગૌતમનું લઈએ તો શું થાય ?'—એની સુંદર શબ્દમાળા આલેખી છે. વળી, આ ગુજરાતી અને પ્રાકૃત ભાષામિશ્રિત લઘુરાસનો શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજી મહારાજના શિષ્ય શ્રી સાગરચંદ્રસૂરિજી મહારાજે કરેલ ભાવાનુવાદ પણ અત્રે પ્રકટ કરેલ છે. પ્રસ્તુતકર્તા પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજનું જૈન-સાહિત્ય-સર્જનમાં નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. કચ્છના કંઠીપ્રદેશના મોટીખાખર ગામની ભૂમિ પર માતા વેલબાઈ ને પિતા રવજીભાઈની કુલદીપિકા સત્તર વર્ષની યુવાનવયે પાર્શ્વચંદ્રગચ્છીયા પ્રવર્તિની પૂ. ખાંતિશ્રીજી મહારાજનાં પટ્ટધરા શિષ્યા વિદુષી પૂ. સા. શ્રી સુનંદાશ્રીજી મહારાજનાં ચરણોમાં જીવન સમર્પણ કરી પ્રવજ્યાના પંથે પ્રયાણ કર્યું ત્યારથી એક કઠોરતમ જીવનની અને સંયમ જ્ઞાનાદિના સાચા રસાસ્વાદની શરૂઆત થઈ. સંયમ પાલન માટેની વિશુદ્ધતા, ચુસ્તતા, સજાગતા ગુરુકૃપાએ પ્રાપ્ત થઈ અને ધાર્મિક અભ્યાસમાં પણ આગળ વધતા રહ્યાં. સંસ્કૃત-પ્રાકૃત કાવ્યો,

તર્કસંગ્રહ, ન્યાય મીમાંસા અને ૪૫ આગમનો અભ્યાસ તેમ જ જૈનધર્મના રહસ્યોમાં ઓતપ્રોત બનવા લાગ્યા ને ગુરુ પ્રેરણાના બળે સાહિત્ય સર્જનમાં પણ ખૂબ આગળ વધ્યાં.

"સુતેજ" તખલ્લુસ-ઉપનામે જૈનશાસનને આધ્યાત્મિક લેખો, વાર્તાઓ, દુહાઓ, સ્તવનો, ગહુલીઓ અને રાસો સાહિત્યનું વિપુલ સર્જન થયું. જેને કારણે સુનંદા સુતેજ પુષ્પમાળાના ખીલતા પુષ્પોરૂપ ચૌદ જેટલા સુંદર પ્રકાશનો થયાં, દીક્ષા જીવનના ૨૫મા વર્ષે સાહિત્યરત્નાની પદવીથી વિભૂષિત કર્યા. સમયનો અવિરત પ્રવાહ વહેતો રહ્યો. ૪૫ વર્ષનું સંયમજીવન સતત ગુરુ સાનિધ્યમાં રહ્યાં. અંતિમ ચાતુર્માસ જોધપુરમાં. પૂજ્યશ્રીના ગુરુમૈયા આ દુનિયામાંથી વિદાય થયાં, ત્યારથી સતતપણે આત્મજાગૃતિમાં રહ્યાં. ચાતુર્માસ પૂર્ણ થતાં જેસલમેર આદિ૦ પંચતીર્થની યાત્રાએ પધાર્યા, યાત્રા ખૂબ જ ઉલ્લાસ ઉમંગથી કરી, જેસલમેરથી બાડમેર વિહાર કરતાં વચ્ચે અકસ્માત નડતા જૈનશાસનની એક હોનહાર સાધ્વીને ક્રુર કાળરાજાએ છીનવી લીધાં. વિ. સં. ૨૦૫૦ માગશર વદ-૩ના દિવસે એક સાહિત્યનો દીવડો બુઝાઈ ગયો. એમનું માર્ગદર્શન અમને ખૂબજ ઉપયોગી બની રહેતું એમના દિવ્ય જીવનને સાચી શ્રદ્ધાંજલી ત્યારે જ ગણાશે એમના સાહિત્ય વારસાને જીવંત રાખી આગે કદમ ઉઠાવશું. આ પ્રકાશન જોવાની પૂજ્યશ્રીની ઘણી જિજ્ઞાસા હતી. આ ગ્રંથનું પ્રકાશન થાય તે પહેલાં જ પૂજ્યશ્રી સ્વર્ગવાસી બન્યાં. તેમની શ્રદ્ધાંજલીપૂર્વક નોંધ લઈએ છીએ. —સંપાદક)

**(આર્યા છંદ)**

સિરિ વસુભૂઈ પુત્તો, માયા પુહવીય કુચ્છિસંભૂઓ,
ગણધાર ઈન્દભૂઈ, ગોયમ ગુત્તો સુહં દિસઉ. ૧.

**(ચોપાઈ)**

રયણ વિહાણે થયો પ્રભાત, ગૌતમ સમરું જગવિખ્યાત;
ઋદ્ધિ સિદ્ધિ જસુ મહિમા ઘણી, પય સેવે ધરણીના ધણી. ૧.

ગૌતમસ્વામી લબ્ધિનિધાન, ગૌતમસ્વામી નવે નિધાન;
સુર-ગો-તરુ-મણિ ગૌતમ નામ, જેવો નામ તેવો પરિણામ. ૨.

ગુબ્બર ગામ જન્મનો ઠામ, ગૌતમ તણા કરે ગુણગ્રામ;
સહુય લોય બાલાપણ લગે, ભટ્ટચટ્ટ બહુલા ઓગલે. ૩.

ગૌતમ ગિરુઓ ગુણભંડાર, કલા બહોંતેર પામ્યો પાર;
ચઉદહ વિદ્યા જેણે અભ્યસી, જાગત જ્યોતિ જિસિ મનસવી. ૪.

વીર જિણ ચઉદહ સહસ શિષ્ય, તેહ માંહી પહિલો સુજગીસ;
તસુ પય વંદું નામું શિશ, આશા ફલે મનની નિશદિશ. ૫.

ગીતારથ પદવીના ધણી, સૂરીશ્વર જસુ મહિમા ઘણી;
ગૌતમ મંત્ર સદા સમરંત, તત્તખિણ વિદ્યા સહુ સ્ફુરંત. ૬.

તન પ્રણમું વચને સંસ્થવું, એકચિત્ત ચિત્તે ચિંતવું;
શ્રી ગૌતમ ગણધરનો નામ, મહિમા મોટો ગુણમણિ ધામ. ૭.

ઊઠતા બેઠતા સહી, પંથ ચાલતાં હીયડે ગ્રહી;
ગૌતમ ગૌતમ કહેતાં મુખે, સહુયે કાર્ય તે સીઝે સુખે. ૮.

ગૌતમ નામે આરત ટળે, ગૌતમ નામે વાંછિત ફલે;
ગૌતમ નામે ના'વે રોગ, ગૌતમ નામે પાવે ભોગ. ૯.

ગૌતમ નામે નાશે વ્યાધ, ગૌતમ નામે પરમ સમાધ;
ગૌતમ નામે દુર્જન દૂર, ગૌતમ નામે હરખ ભરપૂર. ૧૦.

ગૌતમ નામે હયગયવાર, ગૌતમ નામે સુલખ્ખણ નાર;
ગૌતમ નામે સુગુણ સુપુત્ર, ગૌતમ નામે સહુયે મિત્ર. ૧૧.

ગૌતમ નામે ઓચ્છવ હોય, ગૌતમ નામે ન પરભવ કોય;
ગૌતમ નામે મંગલ તૂર, ગૌતમ નામે કૂર કપૂર. ૧૨.

ગૌતમ નામે વિનય વિવેક, ગૌતમ નામે લાભ અનેક;
ગૌતમ નામે જય સંગ્રામ, ગૌતમ નામે તૂઠે સ્વામ. ૧૩.

ગૌતમ નામે ન છીપે પાપ, ગૌતમ નામે ટળે સંતાપ;
ગૌતમ નામે ખપે સવિ કર્મ, ગૌતમ નામે હોય શિવકર્મ. ૧૪.

ઘણું ઘણું હવે કહીએ કીશ્યું, થોડે તો તુમે જાણજો ઈશ્યું;
ગૌતમ સમરંતા જાગીએ, જે લહિયે તે માગીએ. ૧૫.

**(શાર્દૂલવિક્રીડિતં 'કાવ્યમ્')**

ઈત્થં ગૌતમ સંસ્તુતિ સુવિહિતા ચંદ્રેણ પાર્શ્વાદિના,
ભક્તિ સ્ફિત મુદ્દલયેન ગણભૃત્યાદાંબુરુટ્ ચંચુના;
યે તસ્યાઃ સ્મરહાં પ્રભાતસમયે કુર્વન્તિ ચંગાત્મકા-
સ્તે નિત્યં મનસઃ સમીહિતં ફલં સદ્યો લભંતેતરાં. ૧.

## શ્રી ગૌતમસ્વામીના લઘુ-રાસના અર્થ :

(૧) શ્રી વસુભૂતિ બ્રાહ્મણના પુત્ર, શ્રી પૃથ્વી નામની માતાની કુક્ષિથી જન્મેલા, ગૌતમ નામના ગોત્રવાળા તથા ગણધર-પદવીને ધારણ કરનારા શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી અમને સુખ આપો.

(૨) રાત્રિ વીતી ગઈ, પ્રભાત થયું, તે જ સમયે જગતમાં વિખ્યાત એવા શ્રી ગુરુ ગૌતમના નામેનું હું સ્મરણ કરું છું. તેમના નામસ્મરણથી સ્મરણ કરનાર આત્માની ઋદ્ધિની વૃદ્ધિ થાય છે, અને તે અત્માનો મહિમા, એટલે યશ, આબરૂ, કીર્તિ ઘણાં વધે છે. રાજા-મહારાજાઓ પણ ગૌતમસ્વામીના ચરણની સેવા કરે છે.

(૩) શ્રી ગૌતમસ્વામી ૨૮ અથવા અનેક લબ્ધિઓના ભંડાર છે. શ્રી ગૌતમસ્વામીના નામ-સ્મરણથી જીવ નવ-નિધાન પામે છે. કારણ કે મનોવાંછિત પદાર્થ પૂર્ણ કરનાર સુર-ગૌ, (કામધેનુ ગાય,) સુર-તરુ એટલે કલ્પવૃક્ષ તથા સુર-મણિ એટલે ચિંતામણિ રત્ન—દરેકના પહેલા અક્ષર એકઠા થઈ જાણે ગૌતમ નામ બન્યું છે. અને પોતાના નામના ગુણ પ્રમાણે મનવાંછિત ફળ આપે છે એમાં શું આશ્ચર્ય !

(૪) શ્રી ગૌતમસ્વામીનું જન્મસ્થાન 'ગુવ્વર' નામનું ગામ છે અને ત્યાંનાં બધાં લોકો, આબાલવૃદ્ધ સર્વ મનુષ્યો તેમના ગુણના વખાણ કરે છે. ભટ્ટ-ચટ્ટ એટલે અનેક ભાટ-ચારણો તેમની 'ઓગલે' એટલે સેવા કરે છે.

(૫) ગૌતમ મોટા ગુણના ભંડાર, ૭૨ કળાના પારગામી તથા ૧૪ વિદ્યાઓના અભ્યાસી છે. તે ચૌદે વિદ્યાઓ જાગતી જ્યોતિની જેમ તેમના મનમાં વસેલી છે.

[પુરુષોની ૭૨ કળાઓ તથા સ્ત્રીઓની ૬૪ કળાઓ—જિજ્ઞાસુએ કલ્પસૂત્રમાં જોવી. ૧૪ વિદ્યાઓ : ૪ વેદ (૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ (૩) સામવેદ (૩) અથર્વવેદ. તથા ૬ વેદાંગ (૫) શિક્ષા, (૬) કલ્પ, (૭) વ્યાકરણ, (૮) નિરુક્ત, (૯) જ્યોતિષ, (૧૦) છંદ, (૧૧) મીમાંસા, (૧૨) ન્યાય, (૧૩) પુરાણ અને (૧૪) ધર્મશાસ્ત્ર. આ ઉપરાંત ૪ ઉપવેદ : (૧) આયુર્વેદ, (૨) ધનુર્વેદ (૩) ગાંધર્વવેદ તથા (૪) અર્થશાસ્ત્ર—એમ ગણતાં 'અષ્ટાદશ' ૧૮ વિદ્યાઓ પણ ગણાય છે. અથવા ૧૪ વિદ્યા : (૧) નભો-ગામિની, (૨) પરકાય-પ્રવેશિની, (૩) રૂપ-પરાવર્તિની, (૪) સ્તંભિની, (૫) મોહિની, (૬) સુવર્ણસિદ્ધિ, (૭) રજત-સિદ્ધિ, (૮) બંધથોભિની, (૯) શક-પરાજયિની, (૧૦) રસ-સિદ્ધિ, (૧૧) વશીકરણી, (૧૨) ભૂતાદિ-દમની, (૧૩) સર્વ-સંપત-કરી તથા (૧૪) શિવપદ-પ્રાપિણી.]

(૬) શ્રી મહાવીર પ્રભુના ૧૪ હજાર શિષ્યો હતા. તે સર્વમાં પ્રથમ અગ્રેસર, સુજગીશ એટલે જગત્‌પૂજ્ય અથવા મનોવાંછિતપૂરક, એવા શ્રી ગૌતમસ્વામીનાં ચરણોમાં હું મસ્તક નમાવીને વંદન કરું છું, જેથી મારા મનની સર્વ આશાઓ કાયમ ફળીભૂત થાય.

(૭) 'ગીતાર્થ' એટલે સૂત્ર અને અર્થના જાણકાર, સૂરીશ્વર (સૂરિ+ઈશ્વર) એટલે શ્રેષ્ઠ આચાર્યની પદવી ધરાવનાર. જેમનો જગતમાં ઘણો મહિમા છે એવા આચાર્યોને પણ શ્રી ગૌતમસ્વામીનો મંત્ર સ્મરણ કરતાં, તત્કાળ, સર્વ વિદ્યાઓ સ્ફુરાયમાન થઈ, પ્રાપ્ત થાય છે.

(૮) આવા ગૌતમસ્વામીને તનુ એટલે કાયાથી પ્રણામ કરું છું, વચનથી તેમની સ્તુતિ કરું છું, તથા એકાગ્ર મનથી તેમનું ધ્યાન ધરું છું. કારણ કે તેમના નામસ્મરણનો મહિમા મોટો છે અને તે નામ ગુણ રૂપી મણિઓનો ભંડાર છે.

(૯) આ ચમત્કારી નામને ઊઠતાં, બેસતાં તેમ જ રસ્તે ચાલતાં, હૃદયમાં ધારણ કરતાં, 'ગૌતમ' 'ગૌતમ' એ પ્રમાણે નામ મુખેથી બોલતાં, તેમના સેવકનાં બધાં કાર્યો સહેલાઈથી સિદ્ધ થાય છે. (સરખાવો : સમરો મંત્ર ભલો નવકાર...)

(૧૦) ગૌતમસ્વામીના નામે (૧) સર્વ પ્રકારની પીડા ટળે છે; (૨) સર્વ પ્રકારનાં મનોવાંછિત ફળે છે; (૩) કોઈ પણ રોગ આવતો નથી; તથા (૪) સ્મરણ કરનાર જીવ સર્વ પ્રકારના ભોગવિલાસ પામે છે.

(૧૧) (૫) સર્વ પ્રકારની વ્યાધિઓ નાશ પામે છે; (૬) જીવ પરમ સમાધિ-શાંતિ પામે છે; (૭) દુર્જન દૂર ભાગી જાય છે; (૮) જીવ ભરપૂર હર્ષ—સંપૂર્ણ આનંદ પામે છે.

(૧૨) (૯) હય એટલે ઘોડાના તથા ગજ એટલે હાથીના (વાર) સૈન્ય, સમૂહ મળે છે; (૧૦) સારા લક્ષણવાળી પત્ની મળે છે; (૧૧) સારા ગુણવાળા શ્રેષ્ઠ પુત્ર મળે છે; તથા

(૧૨) બધા મિત્રભાવવાળા થાય છે. (કોઈ દુશ્મન રહેતા નથી.)

(૧૩) (૧૩) ઓચ્છવની પ્રાપ્તિ થાય છે; (૧૪) કોઈ પણ પ્રકારના પરાભવ-પરાજય-હાર થાય નહીં; (૧૫) માંગલિક વાજિંત્રો વાગે; તથા (૧૬) 'કૂર-કપૂર' એટલે ઉત્તમ પ્રકારનાં ભોજન મળે છે.

(૧૪) (૧૭) યુદ્ધમાં વિજય થાય છે; (૧૮) સ્વામી-શેઠ રાજી થાય છે; (૧૯) વિનય એટલે નમ્રતા તથા વિવેક એટલે સારાસાર–હિત-અહિતનું ભાન—એ બે ગુણો આવે છે; તથા (૨૦) અનેક પ્રકારના લાભની પ્રાપ્તિ થાય છે.

(૧૫) (૨૧) કોઈ પાપ છૂપું રહેતું નથી–પાપનો નાશ થાય છે; (૨૨) સર્વ પ્રકારનાં દુઃખો દૂર થાય છે, (૨૩) સર્વ પ્રકારનાં કર્મ ખપી જાય છે–નાશ પામે છે; અને છેલ્લે (૨૪) શિવ-શર્મ એટલે મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

(૧૬) શ્રી ગૌતમસ્વામીના અદ્ભુત નામ-સ્મરણનું વધુ શું વર્ણન કરીએ ? ટૂંકમાં, તમે નિશ્ચયથી એમ જાણી લો કે શ્રી વીરપ્રભુના પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીનું નામસ્મરણ કરતાં જાગીએ એટલે ક્ષણે ક્ષણે સાવધાન થઈને યાદ કરીએ તો આ ચમત્કારી નામ-સ્મરણના મહિમાથી જીવ જે જે ઇચ્છાઓ કરે તે તે તેને અવશ્ય પ્રાપ્ત થાય છે.

**(કળશ : સંસ્કૃતમાં છે–તેનો અર્થ)**

(૧૭) ભક્તિ એટલે બહુમાન-પૂર્વક ઉત્પન્ન થયેલ; સ્ફિત એટલે ઉજ્જ્વળ, પવિત્ર, મુદા એટલે હર્ષના, આલય એટલે સ્થાન-રૂપ, અનેક ગણધરોનાં ચરણ-કમળોને સેવવામાં ભમર સરખા એવા શ્રી પાર્શ્વચંદ્રસૂરિએ આ પ્રકારે શ્રી ગૌતમસ્વામીની મનોહર સ્તુતિ બનાવી છે તેનું જે ચંગાત્મકા એટલે સુંદર, ભવ્ય આત્માઓ પ્રભાત સમયે સ્મરણ કરે છે તેઓ હંમેશાં મનોવાંછિત ફળ શીઘ્ર મેળવે છે.

(આ લઘુરાસના અર્થ-કર્તા શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન શ્રી સાગરચંદ્રસૂરીશ્વરજી મહારાજ છે.)

* * *

**મહામહોપાધ્યાય મુનિરાજ શ્રી મેઘરાજજી વિરચિત**

# શ્રી ગૌતમસ્વામીનો લઘુરાસ

**(ચોપાઈ)**

શ્રી વર્ધમાન જિનવર તણો, શિષ્ય ગૌતમ ગણધર સુજસ ઘણો;
પ્રહ ઊઠી ગુરુ નામ ભણો, જસુ સમરણ લાભ અનંત ગુણો. ૧.

શ્રી વસુભૂતિ સુપુત્ર ભલો, પ્રસવે સુત સોહે જગ વિલો;
ઋદ્ધિ સિદ્ધિ લબ્ધિ ગુણ વિલો, સુખ સંપત્તિ દે ગૌતમ વહિલો. ૨

ગૌતમ નામે ચડતી કળા, કુલ ઉત્તમ ઘર વિલસે કમળા;
પ્રેમપુરી પુત્રવતી મહિલા, દશ દિશિ વાધે કીરતિ વિમળા. ૩.

મંગલ નાદ નિશાન ધરે, ભલા ભૂપતિ ઊભા સેવ કરે;
પરથલ પુન્ય ભંડાર ભરે; ગૌતમ નામ જો સદા સમરે ૪.

આંગણે હયગયવર હિંસે, પરિવારે કરી પૂરો દીસે;
ભોગ ભલા બહુ પરે વિલસે, જો તું ગોયમ પયપંકજ વસે. ૫.

કુશળ કલ્યાણ આવે ઠામે, બળ રૂપ વિદ્યા આદર પામે;
સિદ્ધ હુવે સઘળે ઇષ્ટ કામે, સમરંત ગુરુ ગૌતમ નામે. ૬.

ગિરુઆ ગચ્છપતિ ધર્મ તણી, મોટી મહિમા સૂરીશ તણી;
તે પણ ગૌતમ મંત્ર ભણી, પૂજા પામે જગતના ધણી. ૭.

દૂર દેશાવર કાંય ફિરો, મન આરતિ ચિંતા દૂર કરો;
ગૌતમ નામ તુમે સદા સમરો, મનવાંછિત આશા સફળ કરો. ૮.

નર સુર શિવપુર લચ્છી લહે, ગૌતમનો મનમાં ધ્યાન જ વહે;
જીવંતા જયજયકાર લહે, મેઘરાજ મુનિ ઈમ સુજસ કહે. ૯.

***

# શ્રી ગૌતમસ્વામીનો લઘુરાસ

## (કર્તા : શ્રી વિજયશેખરજી ગણિ)

શ્રી ગૌતમ ગુરુ પ્રભાતિયું રે, સમરો ભવિકા જન ચિત્ત ખરે;
કરકમલે કમલા સુપરે, શ્રી વીર જિનેશ્વર શિષ્ય શિરે. ૧.

અષ્ટાપદ ચડ્યા લબ્ધિબળે, જિન પડિમા વંદી અકળ કળે;
તાપસ પન્નરસે નિમ્ન મળે, પ્રતિબોધ્યા વયણ રસે નિશ્ચલે. ૨.

અક્ષીણ માહાનસી લબ્ધિ ધણી, પરમાન્ન ભોજન લઈ આવે મુણી;
કરી પારણું અચરીજ વાત ભણી, કેવલસિરિ આવિય તાસ ભણી. ૩.

જસ શિર ગૌતમ હાથ દિયે, સોય કેવલ પદવી તામ લિયે;
વાણીય સુધારસ જેહ પિયે, ઉત્તમ ફલ મુગતિ તરત લિયે. ૪.

પ્રણવ અક્ષર પહેલો રાજે, મયાબીજ મંત્ર મહિમા કાજે;
શ્રીકર ગૌતમ ગુરુ ગુણ ગાજે, જપતાં જુક્તે સંકટ ભાંજે. ૫.

કામધેનુ સુરતરુને ચંગે, ચિંતામણિ ચિંતિત દે રંગે;
નામાક્ષર ગૌતમને સંગે, ધ્યાતા હોય દિન પ્રત્યે સુખ અંગે. ૬.

ઇન્દ્રભૂતિ જસ નામ કહો, વસુભૂતિ પિતા તુમે ચતુર લહો;
પૃથ્વીમાતા ગુણ સંગ્રહો, ગૌતમ ગુરુ ગોત્રીની આણ વહો. ૭.

અરિ કરિ હરિ સવિ વશ થાએ, વળી રાન વેલાઉલ શુભદાએ;
રોગ શોગ વિયોગ આદિ જાએ, ગૌતમ ગુરુના જે ગુણ ગાએ. ૮.

શાકણ ડાકણ સવિ દૂર ટળે, વીછડીઆ પ્રીતમ આવી મળે;
ભૂતપ્રેતાદિ કબહી ન છળે, ગૌતમ નામે સવિ આશ ફળે. ૯.

શ્રી ગૌતમ નામે રૂપ કળા, ગજ રથ વર પાયક હય સુભલા;
ઠામ ઠામ હોય જસ સમાન ભલા, મૃગનયણી ગયગમણી મહિલા. ૧૦.

મૃગમદ ચંદન વસ્ત્ર ધરે, સુત સોહગ સુંદર સુજન વરે;
કંચન મણિ મોતિય રયણ ભરે, ગૌતમ નામે સવિ કાજ સરે. ૧૧.

વચન વિલાસ વિદ્યા આવે, મન રુચતાં ભોજન સવિ પાવે;
દુઃખ દારિદ્ર કબહિ ના'વે, ગૌતમ ગુરુ જસ હિયડે ભાવે. ૧૨.

પાપ સકલ વેગે નાસે, નિત ધ્યાન ધરો મન ઉલ્લાસે;
શ્રી ગૌતમ ગુરુ પૂજો વાસે, ગણિ વિજયશેખર કહે વિલાસે. ૧૩.

***

# શ્રી ગૌતમસ્વામીનો રાસ

**રાસ રચયિતા : પૂ. આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજ**
**પ્રેરણાદાતા : પૂ. મુનિ શ્રી ચારિત્રરત્નસાગરજી મહારાજ**
**સંકલનકર્તા : પૂ. મુનિ શ્રી સર્વોદયસાગરજી મહારાજ**

મહાવીર પ્રભુ ચરણે નમી મનમોહન મેરે,
કહું ગૌતમસ્વામીનો રાસ રે...મન૦
રાસ બોલતાં સાંભળતાં વધે...મન૦
ઋદ્ધિ સિદ્ધિ પૂરે આશ રે...મન૦ ૧.

જંબૂદ્વીપે ક્ષેત્રે ભરતમાં...મન૦
મગધદેશ મનોહર રે...મન૦
ત્યાં રાજગૃહી પુરી સમૃદ્ધા...મન૦
રાજા શ્રેણિક રાજ્યકાર રે...મન૦ ૨.

ગોબર ગામ સમૃદ્ધિ ભર્યો...મન૦
વસુભૂતિ વિપ્ર ગણધાર રે...મન૦
તસ ભર્યા નામે પૃથ્વી વરા...મન૦
સુરૂપા સુશીલા ગુણગાર રે...મન૦ ૩.

પુત્ર ઈન્દ્રભૂતિ થયા નિરુપમ...મન૦
રૂપ ગુણોના ભંડાર રે... મન૦
સાત હાથ વર દેહે શોભતા...મન૦
ચૌદ વિદ્યા પાર કરનાર રે...મન૦ ૪.

જસ તેજ જોઈ સૂર્યચંદ્રમા...મન૦
થયા આકાશે ભરમાર રે...મન૦
નેત્ર વદન હસ્ત પદ કમલ...મન૦
જોઈ પડ્યાં જલે પદ્મો સાર રે...મન૦ ૫.

જસ રૂપ અનુપમ દેખીને...મન૦
અંગહીન થયો કામદેવ રે...મન૦
મેરુ સાગર સમ ધીર ગંભીર...મન૦
જાણે કરી પૂર્વે જિનસેવ રે...મન૦ ૬.

મિથ્યા દેવ ધર્મને સેવતો...મન૦
પાંચસો છાત્રે પરિવાર રે...મન૦
બહુ જીવ હિંસાકાર યજ્ઞોને...મન૦
થાય નિરંતર કરનાર રે...મન૦ ૭.

ગૌતમ ગોત્ર ઈન્દ્રભૂતિનું...મન૦
મિથ્યા સંગે મિથ્યા ધર્મકાર રે...મન૦
ગૌતમ નીતિ 'ગુણ'સૂરિ કહે...મન૦
ધર્મ નામે પાપ કરનાર રે...મન૦ ૮.

**(ઢાળ બીજી)**

**(સાંભળજો મુનિ સંયમ રાગ—એ દેશી)**

વીર કેવળ પામ્યા એ સમયે, દેશના નિષ્ફળ થાય રે;
પાવાપુરી આવ્યા સંઘ સ્થાપવા, ત્યાં સમોસરણ રચાય રે...વીર૦ ૧.

સમોસરણે સિંહાસને બેઠા, ચઉવિધ દેવોથી સેવાય રે;
ચામરે વીંઝાય ત્રણ છત્રે શોભે, પંચવિધ પુષ્પવૃષ્ટિ થાય રે...વીર૦ ૨.

દેવ-દુંદુભિ વાગે સૂર આવે, ઝળહળતાં વિમાનોએ રે;
દેખી ઈન્દ્રભૂતિ કહે યજ્ઞે આવે, પણ સુર વીર પાસે જાયે રે... વીર૦ ૩.

અભિમાને ઈન્દ્રભૂતિ એમ બોલે, મૂઢ જનોથી આવું થાય રે;
પણ જાણકાર દેવો કેમ ભૂલે, મુજ સમ જ્ઞાની ન ક્યાંય રે... વીર૦ ૪.

નિશ્ચય કોઈ પાખંડી પાક્યો, મારાથી કેમ સહેવાય રે;
અભિમાને હુંકારો કરતાં, ઈન્દ્રભૂતિથી ત્યાં જવાય રે...વીર૦ ૫.

દેખી સમોસરણ આદિ સમૃદ્ધિ, સુર ઈન્દ્રોથી સેવાય રે;
આ તો મહા ઈન્દ્રજાલિયો લાગે, ઈન્દ્રભૂતિથી વિચારાય રે... વીર૦ ૬.

પાંચસો શિષ્ય પરિવર્યા ઈન્દ્રભૂતિને, બોલાવે વીર જિનરાજ રે;
ઈન્દ્રભૂતિ તું ક્ષેમ કુશલે આવ્યો ને સુણી નામ વિસ્મિત થાય રે...વીર૦ ૭.

વેદ-પદોથી સંશય ટાળે વીર, ગોયમે માન મુકાય રે;
ગૌતમ નીતિ 'ગુણસાગરસૂરિ' કહે પાંચસો સહ શિષ્યો થાય રેં...વીર૦ ૮.

(ઢાળ ત્રીજી)

મહાવીર પાસે દીક્ષા લીધી,
સુણી અગ્નિભૂતિ આદિ દ્વિજરાય રે (રે)
સંયમ ટાળી દીક્ષા લિયે,
અગ્યારે ગણધર કરાય (રે)...મહાવીર૦ ૧.

દ્વાદશાંગી ત્રિપદીયે રચે,
કરે જગ બહુ ઉપકાર (રે)
છઠ્ઠ છઠ્ઠ તપ કરે સંયમી,
ઈન્દ્રભૂતિ ગણધાર (રે)...મહાવીર૦ ૨.

પાંચસો શિષ્ય મુનિ પરવર્યા,
ઉપકાર અપાર કરે છે (રે)
સમવસરણે સંશય પૂછી,
થાયે લોકહિતકાર (રે)... મહાવીર૦ ૩.

દીક્ષા દિયે જે જે ભાવિકને,
તે તે કેવલી થાય (રે)
પોતે કેવલી નહીં તો યે,
કેવલજ્ઞાન દેવાય (રે)...મહાવીર૦ ૪.

ગૌતમ કહે મુક્તિ પામું કે નહીં,
વીર કહે અષ્ટાપદે જેહ (રે),
આપલબ્ધિએ જઈ જિન વાંદે,
ચરમ શરીરી તેહ (રે)... મહાવીર૦ ૫.

પંદરસો ઋષિ ચડી શકીએ નહીં,
તો આ ચડી શકે નૈવ (રે)
સૂર્ય કિરણાવલી ગોયમે ચડી,
વાંદ્યા અષ્ટાપદે દેવ (રે)...મહાવીર૦ ૬.

પુંડરીક કંડરીક અધ્યયન કહી,
દિયે વજ્રસ્વામી જીવને બોધ (રે)
વળતાં સર્વ તાપસ પ્રતિબોધી,
સહ લઈ કરાવે આતમ શોધ (રે)...મહાવીર૦ ૭.

ખીર લાવી પાત્રે અંગૂઠ રાખી,
સર્વેને પારણું કરાવે (રે)
ખીરથી પાત્ર ભરેલ જાણી,
પાંચસો કેવલ પાવે (રે)...મહાવીર૦ ૮.

સમૃદ્ધિ દેખી સમોસરણાદિ,
પાંચસો કેવલી થાય (રે)
ઋષિ પાંચસો વીર વાણી સુણી,
કેવલી થાય જગ જોવાય (રે)...મહાવીર૦ ૯.

ખેદિત ગૌયમને વીર કહે,
આપણે તુલ્ય હોશું દોય (રે)
ગૌતમ નીતિ 'ગુણ'સૂરિ કહે,
ગોયમ સ્વામી શાંતિ જોય (રે)...મહાવીર૦ ૧૦.

**(ઢાળ ચોથી)**

**(અપૂર્વ અવસર આવો ક્યારે આવશે રે—એ દેશી)**

જગ વિચરી ઉપકાર કરી પ્રભુ આવિયા,
ઈન્દ્રાદિક પૂજિત અંતે પાવાપુરી માંય જો;
દેવશર્માને પ્રતિબોધવા ગોયમને મોકલી,
કર્મ ખપાવી શીઘ્ર વીર મોક્ષમાં જાય જો...જગ૦ ૧.

દેવાદિ ગમનાગમનથી મોક્ષ જાણીને,
ગૌતમસ્વામીના દુઃખનો ન રહ્યો પાર જો;
ગોયમ વિલપતા કહે દૂર કેમ મને મોકલ્યો,
આ સમયે વીર પાળ્યો ન લોકવ્યવહાર જો...જગ૦ ૨.

માન્યું શું કેવલ મારી પાસે માગશે,
થાશે બાલ પરે વસ્ત્ર હાથ ખેંચનાર જો;
સાથે મોક્ષ લઈ જાત તો સંકડાશ ત્યાં
થાત શું થયા કેમ આપ સ્વાર્થ ધરનાર જો...જગ૦ ૩.

તુમ સહ મુજ સ્નેહ કેવો હતો તે ન ચિંતવ્યું,
હાય ! થયા કેમ આવો દગો દેનાર જો;
હે ગૌતમ! કહી મુજને કોણ બોલાવશે,
વીર! વીર! કહી થાઈશ કોને પૂછનાર જો...જગ૦ ૪.

બહુ વિલપી ગોયમે વિચાર્યું વીતરાગ એ,
વીતરાગનું ભાન મને કરાવનાર જો;
મન વળી શ્રેણિ ક્ષપકે ચડી કેવલ લહે,
કેવલ મહિમા સુર કહે થયો જયજયકાર જો...જગ૦ ૫.

વિચરી ઉપદેશી ઉપકાર કરી મુક્તિ વર્યા,
　　રાજગૃહીમાં ગોયમ બાણું વર્ષ આયુ ધાર જો;
ગૃહી પચાસ વર્ષ છદ્મસ્થ વ્રતી ત્રીસ વર્ષ રહી,
　　બાર વર્ષ કેવલી રહી કર્યો ઉપકાર જો...જગ૦　૬.

ગોયમ ગણધર સૌભાગ્યનિધિ ગુણ કેલિવન,
　　ચતુર્વિધ સંઘેશ અનંતલબ્ધિનિધાન જો;
કલ્પવૃક્ષચિંતામણિ કામધેનુ એ કામ ઘટ,
　　અષ્ટ મહાસિદ્ધિ આપે ગોયમ ગુણગાન જો...જગ૦　૭.

ગૌતમ નામ સ્મરો અઢળક સર્વ સંપત્તિ મળે,
　　વિઘ્ન-કષ્ટ-દુઃખ-શોક-દરિદ્રતા જાય જો;
ૐ હ્રીં શ્રીં અસિ આઉસા ગૌતમસ્વામીને નમો નમઃ
　　એ મંત્ર પ્રતિદિન જાપ કરાય જો...જગ૦　૮.

ગૌતમ જેવા પુત્ર શિષ્ય જેહના,
　　ધન્ય ધન્ય તે માત તાત અને ગુરુરાજ જો;
વિનય વિદ્યાનિધિ ગૌતમસ્વામી રાસ આ,
　　પ્રભાતે ગણજો પ્રતિદિન મૂકી અન્ય કાજ જો...જગ૦　૯.

ગોયમ અભિમાન દીક્ષા ચઉજ્ઞાન વિનય જુઓ,
　　સયમં ગોયમ મા પમાઅએ વીરવાણ જો;
પચાસ સહ શિષ્યો થયા મહાવીરથી ઘણા,
　　દુઃખ જાય વિશિષ્ટ સર્વે જણ જો...જગ૦　૧૦.

એ રાસ જે ભણે ભણાવે સાંભળે,
　　તસ દુઃખ જાયે સંપત્તિ સમૃદ્ધિ થાય જો;
ગૌતમ નીતિ 'ગુણસાગરસૂરિ' કહે સેવના,
ગૌતમસ્વામીની અનંત શિવસુખદાય જો...જગ૦　૧૧.

**(કળશ)**

અચલગચ્છીય શેઠ ઘમંડીરામ કેવલચંદજી ગોવાણીએ,
મુંબઈ તિરૂપતિ એરપોર્ટે બે હજાર આડત્રીસે ચોમાસું એ,
કરાવ્યું ત્યાં આસો વદિ પાંચમે ગૌતમસ્વામીનો રાસ એ,
રચ્યો અચલગચ્છાધિપતિ આર્ય કલ્યાણ ગૌતમનીતિ ગુણાબ્ધિસૂરિએ.

* * *

# શ્રી ગૌતમસ્વામીનો રાસ

## પૂજ્ય મુનિપ્રવર શ્રી સુધર્મસાગરજી મહારાજ

[એક ને એક વાત ગદ્યમાં વ્યક્ત થાય અને પદ્યમાં વ્યક્ત થાય એની અસરમાં, એના પ્રભાવમાં ઘણો ફરક પડી જતો હોય છે. એ જ વાત લય-રાગ-ઢાળમાં, ગેયરચના રૂપે વ્યક્ત થાય ત્યારે એનો પ્રભાવ અનોખો જ લાગે છે ! પ્રસ્તુત રાસ દ્વારા પૂ. મુનિવર શ્રી સુધર્મસાગરજી મહારાજે એ સિદ્ધ કરી આપ્યું છે. વારંવાર ગાવા-ગણગણવાથી ગણધર ગૌતમની એક આભા પ્રસરી રહે છે.

"શ્વેતામ્બર-દિગંબર બંનેની માન્યતા સાથે ભગવાન મહાવીર સાથેના ૩જાથી ૨૭મા ભવ સુધીનો સંબંધ આવતો હોય તેવો રાસ એકે નથી. કોઈક પાસે કરાવો." પૂ. મનિશ્રી સુધર્મસાગરજીની આ વાતથી હું મુંઝાણો. કેટલો સમય લાગે ? કોણ બનાવે ? અશક્યને શક્ય કરવાની પૂજ્યશ્રીની ભાવના હતી. તેમણે પ્રયત્ન જાતે કર્યો. ફળરૂપે માત્ર ૧૨ દિવસમાં ચાલુ વિહારમાં તેમણે આપણને એક સુંદર રાસ આપેલ છે. બેસતા વર્ષના માંગલિકમાં આ રાસને સ્થાન અપાય તો પૂજ્યશ્રીની તથા મારી ગ્રન્થ પ્રકાશનની મહેનત સફળતાનું શિખર પામશે. *—સંપાદક.*]

**(દુહા)**

નેમીશ્વર વંદન કરી, અંબિકા સ્મરી આજ;
ગૌતમ રાસે ગાઈશું, તારણ તરણ જહાજ. ૧.

ચૌદશે બાવન ગણધર, પ્રેમે પ્રણમી પાય;
ગૌતમ ગુરુ થુણતા મને, કરજો થેં સુપસાય. ૨.

સરસતી ભારતી શારદા, દ્યો મુજને મતિ ચંગ;
ઈન્દ્રભૂતિને અર્ચતાં, આનંદ ઊપજે અંગ. ૩.

અલ્પ મતિ મારી કને, ગૌતમ ગુણ અનંત;
રાસ રચંતા મુજ હોજો, ભવજળ કેરો અંત. ૪.

કપિલથી ગૌતમ સુધી, મલિયું મુજને જેહ;
વર્ણવતાં જે ભૂલ રહે, કરજો માફ જ તેહ. ૫.

**ઢાળ—૧**

**(રાગ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું....)**

ઋષભ જિનેસર કેરો પૌત્ર, મરીચિ નામે ફરતો;
પરિવ્રાજક વેશે વીર જોતાં, કપિલનું મન હરતો. ૧

મરીચિ વેણે સંયમ લેવા, થનગન મનડું થાતું,
બોલે મરીચિ ઋષભદેવ કને, સંયમ લેવા જાતું. ૨.

ધરમ નથી શું તાહરી પાસે, કપિલ એમ જબ બોલે;
અહીં પણ છે ને ત્યાં પણ છે એમ કહેતો મરીચિ ડોલે. ૩.

ઈણ વચને સંસાર વધારે, વીર જિનેસર દેવા;
કપિલ ગૌતમ ભવ સુધી કરતો, એકચિત્તથી સેવા ૪.

આયુ પૂરણ કરી છૂટા પડતા, સંસારે રળવળતા;
ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવે, સારથિ રૂપે મળતા. ૫.

(દુહા)

ત્રણ અઢાર ભવો વિચે, વીત્યો જે વિકરાલ;
ગૌતમ ચરિત્ર શું લખું, ભરખી ગયો મહાકાલ. ૧.

કાળ ઘણો નોખા રહ્યા, પણ જ્યાં ભેગા થાય;
સ્નેહરાગ નિબિડ ઘણો, ગૌતમને ઉભરાય. ૨.

ઢાળ–૨

(રાગ : પદ્મપ્રભ જિન લઈ અલગા રહ્યા....)

સારથિ, કર તું રથ તૈયાર રે, જાશું રક્ષણ કાજ;
અશ્વગ્રીવને જે સંતાપતો, દેખશું તે વનરાજ...સારથિ૦ ૧.

વિણ આયુધે વલી ધરતી પર, દેખે કેશરી તામ;
રથ આયુધ છોડી ચાલતો, કેશરી હણવા કામ...સારથિ૦ ૨.

ત્રિપૃષ્ઠ પગલે પગલું માંડતો, સારથિ ગૌતમ જીવ;
વિદાર્યો સિંહ તરફડતો ઘણું બોલે વચનો શિવ...સારથિ૦ ૩.

પશુમાં સિંહ તું મનુજે એ રહ્યો, શાને ધરતો દુઃખ;
નેહથી નીરખે સારથિ મુખને, પામે કેશરી સુખ...સારથિ૦ ૪.

ભવ પૂરો કરી સંસારે ભમે, સારથિ તિમ વાસુદેવ;
આખરી ભવમાં ફરી ભેળા થતાં, ગૌતમ મહાવીર દેવ...સારથિ૦ ૫.

(દુહા)

આનંદસાગર ખ્યાત છે, તપગચ્છમાં સૂરિરાજ;
તાસ પટોધર વાચક, ક્ષમાસાગર ગણિરાજ. ૧.

ત્રિલોકસાગર ગણિવરૂ, તાસ શિષ સોહાય;
ગૌતમના ભવ વર્ણવ્યા, દેખી મન મોહાય. ૨.

દેવલિપિ માંહે લહ્યા, ભવ પાંચે સુખકાર;
કિંચિત્ તેમાં હું કહું, જાયે જેથી સંસાર. ૩.

ઢાળ–૩

(રાગ : પહેલે ભવે એક ગામનો રે...)

પહેલો ભવ ગૌતમ તણો રે, મંગલ નામે શેઠ;
વ્યાપારાદિક બહુ કરે રે, નોકર કરતા વેઠ.
રે પ્રાણી, ધન ધન ગૌતમસ્વામ.... ૧.

ગુરુ કથને આરાધતો રે, મંગલ ધર્મ અનેક;
મરણ સમય તૃષાથી ગણતો, સુખિયા જલચર છેક.
રે પ્રાણી, ધન ધન ગૌતમસ્વામ... ૨.

અશુભ ધ્યાને મરણ લહી રે, મત્સ્ય સમુદ્ર મોઝાર;
જાતિસ્મરણે વ્રત ગ્રહી રે, મત્સ્ય ભવ કરી પાર.
રે પ્રાણી, ધન ધન ગૌતમસ્વામ... ૩.

શુભધ્યાને મરી સુર હુઓ રે, કરતો ધર્મ વિશેષ;
વિષયરાગ ઘટાડતો કરે પૂરણ આયુ અશેષ.
રે પ્રાણી, ધન ધન ગૌતમસ્વામ... ૪.

ચોથે ભવ વિદ્યાધરૂ રે, નામ હતું વેગવાન;
નિમિત્ત મલે દીક્ષા લઈ રે, ધરતો આત્મધ્યાન.
રે પ્રાણી, ધન ધન ગૌતમસ્વામ... ૫.

કામરાગ અળગો કર્યો રે, પઠન પાઠન શું ચિત્ત;
મરણસમાધિ પામતો રે, દેવલોકના વિત્ત.
રે પ્રાણી, ધન ધન ગૌતમસ્વામ... ૬.

**(દુહા)**

દિગંબર વિદ્વાન જે, કિશનસિંહ પટની જાણ;
તેણે વર્ણવ્યા તિમ કરું, ગૌતમ ભવ વખાણ.

**ઢાળ-૪**

**(નવો વેષ રચે તેણી વેળા....)**

કાશી દેશ બનારસ નગરી, વિશ્વલોચન રાજા ઉલસે;
તસ રાણી વિશાલા નામે, ગૌતમસ્વામી જીવ વિલસે. ૧.

નૃપતિ-શું નહીં સંતોષ, સ્વેચ્છાચારે ભમવા ઉલસે;
દાસી ચામરીને તસ દીકરી, મદનવતી સાથે વિલસે. ૨.

નાના-મોટા જાત-કજાત, પુરુષોના સંગે ઉલસે;
જંગલમાં મુનિવર દેખી, ભોગની આશાએ વિલસે. ૩.

મુનિ સમતાભાવે રહેતા, આતમ પરિણતિમાં ઉલસે;
ત્રણે સ્ત્રીઓ પાતિક બાંધી, વિવિધ ગતિમાં વિલસે. ૪.

વિવિધ ભવ વેદન સાથે, કરી મનુજ જન્મે ઉલસે;
દુઃખથી ત્રણે મોટી થાતી, એક મુનિવર દેખી વિલસે. ૫.

પૂરવ ભવ પાતિક જાણી, મિચ્છા દુક્કડમાં ઉલસે;
લબ્ધિ વિધાન વ્રત કરતી, વલી ઉદ્યાપનમાં વિલસે. ૬.

શીલવ્રત લેઈ અતિ રંગે, વલી દીક્ષામાંહે ઉલસે;
અનશન કરી છેવટમાં, દેવલોક પંચમ વિલસે. ૭.

દેવલોકથી નીકળી તિનો જીવ, ઈન્દ્રભૂતિ નામે ઉલસે;
અગ્નિભૂતિ વાયુભૂતિ બીજી તિનો વીર જિન પાસે વિલસે. ૮.

(દુહા)

અંતિમ ભવ ગૌતમ તણો, કહેશું અતિ આનંદ;
ઉત્તમના ગુણ ગાવતા, પામશું પરમાનંદ. ૧.

મગધ દેશ ગુબ્બર નગર, વસુભૂતિ નામે તાત;
ઈન્દ્રભૂતિ ગૌતમ તણી પૃથ્વી નામે માત. ૨.

અગ્નિભૂતિ વાયુભૂતિ અનુજ હુતા દોય;
ભણે ભણાવે વેદ ને, યજ્ઞ કરાવે સોય. ૩.

વર્ધમાન કેવલ લીએ, તેહ સમયની વાત;
પંચશત શિષ્ય દરેકને વિચરંતા સુખ શાત. ૪.

સોમિલ દ્વિજના યજ્ઞમાં, મૂર્ધન્યપણે હોય;
મંડપ મૂકી દોડતા, દેવો ગગનમાં જોય. ૫.

ઢાળ-૫

(રાગ : અનંત વીર જ અરિહંત સુણો)

જીવ સંશય પણ સર્વજ્ઞ બિરૂદ ધારતો;
ઈન્દ્રભૂતિ આમર્ષે પૂછે લોક વારતો;
સર્વજ્ઞ નામે છે વીર લોક સંશય ઠારતો,
જેહને દુઃખે સુણે હુએ ભવ પારતો. ૧.

ઈન્દ્રભૂતિ મનમાંહે ક્રોધ અધિક કરે,
હું જીવતો છતે કોણ સર્વજ્ઞ બિરૂદ ધરે;
નિરુત્તર કરું વાદ કરી તેહને ખરે,
ઈમ અભિમાને આવતા સમવસરણ પરે. ૨.

વીરમુખ દેખી સ્નેહ પુરાણો ઊછળે,
સર્વજ્ઞ માનું સાચો જો સંશય મુજ ટળે;
જીવ સંશય રહ્યો તુજ વેદ અર્થ નવિ મળે,
સમજે વેદ અરથ કે વીર ચરણ મળે. ૩.

ઈન્દ્રભૂતિ દીક્ષા સુણી અનુજ તસ આવતા,
તિમહીજ આઠ બીજા વિપ્ર તિહાં લાવતા;
સવિ સરાય છંડી ચારિત્રમાં મન ભાવતા,
ચુમાલીસસો બ્રાહ્મણ સાથે ફાવતા. ૪.

ચાર જ્ઞાન પૂરવ ચૌદ જાણે સદા,
શંકા ઊપજે વીર પૂછે ગૌતમ તદા;
નિજ જ્ઞાનનો ઉપયોગ ન મૂકે કદા,
કરુણા ભરિયો પર ઉપકારી સર્વદા. ૫.

(દુહા)

ભગવતી તિમ બીજા વળી આગમ જે રાજે;
ભયવં ઈમ કિમ પૂછતા ગૌતમ તિહાં છાજે. ૧.

પ્રભુવચને જઈ મગધમાં, નવપદ મહિમા કરતાં,
સિરિ સિરિવાલ કહા થકી, ભવિયણનાં દિલ હરતાં. ૨.

નિજ લબ્ધે અષ્ટાપદે જગચિંતામણિ કારી,
પંદરસેં તાપસ વલી, દીક્ષા દેતા સારી. ૩.

દીક્ષા લેવે તે હુએ, કેવલી સવિ સુખકારી,
ગૌતમ કેવલ નહિ હુએ, સ્નેહ નડે તસ ભારી. ૪.

ઢાળ-૬
(રાગ : સામીઓ એ વીર જિણંદ...)

આપ અંતિમ સમય જાણી વીર ગૌતમને કહે,
દેવશર્મા પ્રતિબોધન જાઓ આણી પ્રેમે લહે;
ગૌતમ કેરી મીઠી વાણ, દેવશર્મા સદહે,
દેવશર્મા ચિત્તડું ડોલે, સંયમ લેવા ચહે. ૧.

મધ્યરાત્રિએ વીર નિર્વાણ થાતાં દેવ દોડી આવે;
કોલાહલ સુણી આકાશ લોક ચિંતા થાવે;
ચમ ચિત્તમાં ગૌતમ સાંભળી વીર મોક્ષે જાવે;
આ શું સાંભળું છું હું વીર ઈમ મનમાં ધ્યાવે. ૨.

જ્ઞાને જાણે સાચી વાત વીર સિદ્ધગતિ પાવે,
સ્નેહરાગનું પૂર વિષાદ ગૌતમ મનમાં લાવે;
હા, હા, આ શું કીધું વીર, ભરત કિમ સોહાવે ?
તારા વિણ થશે ઘોર અંધાર, કુમતિજન ફાવે. ૩.

ભયવં ભયવં કહેતાં પૂછીશ પ્રશ્ન કોની કને;
ગોયમ ગોયમ મધુરી વાણ બોલાવશે કોણ મને.
એક લીધો હોત મને સાથે તો ખોટ શું જાત તને,
વીર ! વીર ! શું કરું બોલ, જે માહરી વાત બને. ૪.

ગળે પડતો શોષ ઘણો 'વીર'માંહે 'વી' ધારે,
વીતરાગને વિચારે સ્નેહરાગ ગૌતમ મારે;

લોકાલોક પ્રકાશક જેહ કેવલજ્ઞાન સારે,
ઈન્દ્રે આવીને જિનપદ સ્થાપિયો લોક ભવિ તારે. ૫.

(દુહા)

હિયડું લાગે ફાટવા, જાણી વીર નિર્વાણ;
બલિહારી તસ જ્ઞાનની, ક્ષણમાં કેવલનાણ. ૧.

નિજ શિષ્યો સઘળા દિયે, પંચમ ગણધર નામ;
ભવિક જીવ પ્રતિબોધવા, વિચરે ગામોગામ. ૨.

ઢાળ-૭

(રાગ : મનના મનોરથ સવિ ફળ્યા એ...)

ચૌદશે બાવન ગણધર, ગિરૂઓ તેહમાં એહ
ગૌતમ ગુરુ વંદના રે... ૧.

વરસ પચાસ ગૃહે વસિયાં, ત્રીસ વરસ વ્રત ધાર;
ગૌતમ ગુરુ વંદના રે... ૨.

દીક્ષા દેવે જેહને તે પામે ભવપાર,
ગૌતમ ગુરુ વંદના રે... ૩.

બાર વરસ કેવલીપણે, બાણું વરસ આય;
ગૌતમ ગુરુ વંદના રે... ૪.

ગૌતમ રાસ જે જે મલ્યા, આખીર ભવ દેખાય,
ગૌતમ ગુરુ વંદના રે... ૫.

કપિલથી ગૌતમ ભવ લગે, બને જો રાસ સોહાય,
ગૌતમ ગુરુ વંદના રે... ૬.

ભાવના મારી સાંભળીને 'દેવલુક' દિલ કોચવાય,
ગૌતમ ગુરુ વંદના રે... ૭.

કહે એ વાત નવિ બને રે, સાંભળતાં દુઃખ થાય,
ગૌતમ ગુરુ વંદના રે... ૮.

એહ ક્ષણે મનમાં સ્મર્યો એ બાવીશમો જિનરાય,
ગૌતમ ગુરુ વંદના રે... ૯.

જો ન બને એ રાસ તો, લાજ તુમારી જાય,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૦.

બાલ થકી બ્રહ્મચારી જે, નેમિ જિણંદ ફલ્યો આજ,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૧.

શાસનદેવી અંબિકા રે, સાર્યાં તેણે કાજ,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૨.

તપગચ્છે જે ગુણનીલો, આગમોદ્ધારક રાજ,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૩.

આનંદસાગરસૂરિવરૂ, તસ શિષ્ય મહારાજ,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૪.

વાચક ક્ષમાસાગર તણો, લલિતસાગર મુનિરાજ,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૫.

પન્યાસ તસ સુશીલસાગર ગણિવર છાજ,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૬.

તસ શિષ્ય જે જનમિયો જામનગર મોઝાર,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૭

કાંતિલાલ જસ તાત ને માત તારાબેન ધાર,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૮.

સુધર્મસાગર મુનિવરને આનંદ હૈયે અપાર,
ગૌતમ ગુરુ વંદના રે... ૧૯.

રાસ સંપૂરણ મેં કર્યો, દિન હુવા આજ બાર,
ગૌતમ ગુરુ વંદના રે... ૨૦.

**(કળશ)**

ગૌતમ ગુરુનો રાસ કરતાં પુન્યબંધન જે કિયો;
જો ફળ મિલે તો એહ માંગું સવિ જીવ કેવલ લિયો;
ગૌતમ સરીખા ગુરુવરને સમાહિ મરણં દિયો;
સુધર્મસાગર એમ ઝંખે, રાસ ગૌતમ ચિરં જિયો.

* * *



ॐ ह्रीँ अर्हं नमः
तीर्थनायक श्री वर्धमानस्वामिने नमो नमः
अनंतलब्धिनिधानाय श्री गौतमस्वामिने नमो नमः
परमपूज्य जैनाचार्य नीति-दान तिलक-भानुचंद्रसूरि सद्गुरुभ्यो नमः

મહાપ્રભાવિક, વાંછિતપૂરક, કામધેનુ-કલ્પવૃક્ષ-ચિંતામણિરત્નસમ
સર્વમનોરથપૂરક, વિનયગુણસંપન્ન, પ્રાતઃસ્મરણીય, અનંતલબ્ધિસંપન્ન

# શ્રી ગૌતમસ્વામી મહાપૂજન

સંશોધક :
પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ભાનુચંદ્રસૂરિ મ.સા.ના શિષ્યરત્ન
પંન્યાસશ્રી સુબોધવિજયજી મ.સા.
સંકલનકર્તા :
સુશ્રાવક સુવિધિકાર શ્રી મફતલાલ ફકીરચંદ શાહ (ડભોઈવાળા)

લબ્ધિના ભંડાર એવા ગૌતમસ્વામીજી જિનશાસનમાં 'મંગલ વિભૂતિ' તરીકે મહિમાવંત છે. અનંતલબ્ધિસંપન્ન શ્રી ગૌતમસ્વામી ભગવંતની વિશિષ્ટ આરાધના-ભક્તિનું અનુપમ માધ્યમ આ પૂજન છે.

આ પૂજન દ્વારા પૂજક આત્મા બાહ્ય-આંતરિક ઋદ્ધિ, સિદ્ધિ અને લબ્ધિઓને પ્રાપ્ત કરે છે. જે ગૌતમસ્વામીજીમાં વિનયગુણ સહ ભવ્યતા અને ભદ્રતા હતી, તે ગુણ પૂર્ણ ભાવથી એકાગ્ર ચિત્તે પૂજન દ્વારા પૂજકને પ્રાપ્ત બને છે. નિર્મળ ઉપકારવૃત્તિસંપન્ન એવા મહાન આત્મસાધક ઉજ્જવળ વ્યક્તિત્વવાળા ધર્મપુરુષ તેઓ હતા. શ્રી ગૌતમસ્વામીજીએ પૂર્ણ શ્રદ્ધાવંત બની પ્રભુ મહાવીરના ચરણે સમર્પિત થઈને વીરચરણોની અનન્ય ભક્તિ કરી હતી. તેઓનો અવિહડ 'ભક્તિગુણ' આ પૂજન દ્વારા પૂજકને પણ પ્રાપ્ય બને એ જ આ પૂજારચનાની મનોકામના છે. સંશોધક અને સંકલનકર્તાનો આ પ્રયાસ પ્રશંસનીય છે. —*સંપાદક*

અનુક્રમ

૧. ચરમતીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામીની સ્તુતિ—સ્તોત્રપાઠ—ધૂન
૨. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ—મંત્રગર્ભિત સ્તોત્રપાઠ
૩. સ્વઅંગે તિલકવિધિ—મંત્રોચ્ચારપૂર્વક
૪. પાપોક્ત આત્માનું શુદ્ધીકરણ—ઈરિયાવહીયા વિધિ દ્વારા
૫. ભૂમિશુદ્ધિ (ભૂમિગત ઉપદ્રવનિવારણાર્થ)
૬. સકલીકરણ—(ક્ષિપનો ન્યાસ—પંચમહાભૂતનું બનેલ શરીર પર મંત્રબીજો સ્થાપવા.)

૭. દેહશુદ્ધિવિધાન–પંચાંગન્યાસ (શરીરતંત્રને ચૈતન્યમય–પવિત્ર બનાવવા)
૮. કરન્યાસ–(આંગળીઓને પવિત્ર બનાવવા)
૯. હૃદયશુદ્ધિ–(હૃદય નિર્મળ કરવા)
૧૦. મંત્રસ્નાન–(શરીરશુદ્ધિ માટે)
૧૧. કલ્મષદહન–(પાપોનું દહન કરવાની ક્રિયા)
૧૨. વજ્રપંજર–આત્મરક્ષા સ્તોત્ર (અનિષ્ટ શક્તિઓથી રક્ષણ માટે કવચ ધારણ કરવું.)
૧૩. છોટિકાન્યાસ–(દુષ્ટ શક્તિઓના વિઘ્ન-નિવારણ માટે)
૧૪. ક્ષેત્રપાળદેવ પૂજન
૧૫. રક્ષાપોટલી વિધાન
૧૬. પીઠસ્થાપન
૧૭. યંત્ર (પ્રતિમા)સ્થાપન
૧૮. મુદ્રાપંચક દ્વારા ગુરુ ગૌતમસ્વામીની આહ્વાનાદિક ક્રિયા–અમૃતીકરણ
૧૯. સંકલ્પવિધિ
૨૦. ગુરુસ્મરણ–ગુરુ પાદુકાપૂજન
૨૧. અધિષ્ઠાયક દેવ–દેવી પૂજન
૨૨. મહાપ્રભાવિક ગૌતમસ્વામીજીના અષ્ટકનો પાઠ

યંત્રના પૂજન પ્રસંગે પ્રારંભિક પૂર્વભૂમિકાસ્વરૂપ (પૂર્વસેવારૂપ) વિધિ પૂર્ણ થઈ.

# યંત્રપૂજનમ્

**પ્રથમ વલય** :— શ્રી ગૌતમસ્વામીજીની અષ્ટપ્રકારી પૂજા
—મનવાંછિતપૂરક વિશિષ્ટ વિધાન
—સ્તોત્રપાઠ
—મહિમાવાચક દુહા–ધૂન

**બીજું વલય** :— દશ ગણધર ભગવંતોનું પૂજન

**ત્રીજું વલય** :— અઠ્ઠાવીસ લબ્ધિપદ પૂજન

**ચોથું વલય** :— અષ્ટમહાસિદ્ધિ પૂજન

**પાંચમું વલય** :— નવનિધિ (નવનિધાન) પૂજન

**છઠ્ઠું વલય** :— સોળ વિદ્યાદેવી પૂજન

**સાતમું વલય** :— પિસ્તાલીસ આગમ પૂજન

**સ્તોત્રપાઠ-છંદ-સમૂહમંત્રજાપ**

૧૦૮ દીવાની આરતી................મંગળ દીવો.............સમૂહ ચૈત્યવંદન
શાંતિકળશ............................વિસર્જન..................ક્ષમાપ્રાર્થના

## ચરમ શાસનપતિ આસન્ન ઉપકારી શ્રી વર્ધમાનસ્વામીની સ્તુતિ

कल्याणपादपारामं, श्रुतगंगाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं, वंदे श्री ज्ञातनन्दनम् ॥

**ભાવાર્થઃ**— કલ્યાણરૂપી વૃક્ષોના બગીચારૂપ, શ્રુતજ્ઞાનરૂપી ગંગાને ઉત્પન્ન કરવા માટે હિમાલય સમાન, વિશ્વમાં રહેલા ભવ્ય જીવોરૂપી કમળને વિકસાવવા માટે સૂર્યસમાન જ્ઞાતપુત્ર શ્રી સિદ્ધાર્થનંદન શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર થાઓ.

## શ્રી મહાવીરસ્વામી ભગવંતનું મંત્રગર્ભિત સ્તોત્ર

ॐ अर्हं ह्रीँ महावीर, सर्पविषं हर द्रुतम्
दुष्ट-रोग-विनाशेन, रक्ष रक्ष महाविभो .... ॥१॥

त्वन्नाम-जांगुली-मंत्र, जापेन सर्व देहिनाम्
तक्षकादिमहासर्प, विषं नश्यतु तत्क्षणम्.... ॥२॥

ग्रन्थिक ज्वर नाशोऽस्तु, भूतबाधां विनाशय
वातपित्तकफोद्भूतान्, सर्व रोगान् क्षयं कुरु.... ॥३॥

जले स्थले वने युद्धे, सभायां विजयं कुरु
ॐ अर्हं श्री महावीर, वर्धमान! नमोऽस्तुते.... ॥४॥

કુસુમાંજલી વધાવવી

## ધૂન

જય મહાવીર, જય મહાવીર ત્રિશલાનંદન જય મહાવીર
વીર વીર બોલ, મહાવીર બોલ, ત્રિશલાનંદન વીર વીર બોલ.

## અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજીની સ્તુતિ

सर्वारिष्टप्रणाशाय, सर्वाभीष्टार्थ-दायिने
सर्वलब्धिनिधानाय, श्रीगौतमस्वामिने नमः ॥१॥

**ભાવાર્થઃ**— સર્વ વિઘ્નોને મૂળથી જ નાશ કરનાર અને સર્વ અભીષ્ટ પદાર્થોને આપનારા અનંત લબ્ધિના નિધાન એવા ગૌતમ ગણધરેન્દ્રને નમસ્કાર થાઓ. (૧)

अणंत विण्णाणं विभायरस्स, दुवालसंगी-कमलाकारस्स
सुबुद्धिवासा जय गोयमस्स, नमो गणाधीसरगोयमस्स ॥२॥

छठ्ठ छठ्ठ तप करे पारणुं, चउनाणी गुणधाम
ए सम शुभ पात्र को नहीं, नमो नमो गोयम स्वाम ॥३॥

છઠના પારણે છઠની તપશ્ચર્યા કરનાર, ચાર જ્ઞાનના ધારક, અપૂર્વ વિનયાદિ ગુણોના ધામ શ્રી ગુરુ ગૌતમ શ્રેષ્ઠ કોટિનું પાત્ર હતા. (૩)

## અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ભગવંતનો મંત્રગર્ભિત સ્તોત્રપાઠ

ॐ नमस्त्रिजगन्नेतु, वीरस्याग्रिम सूनवे । समग्र लब्धि माणिक्य; रोहणायेन्द्रभूतये.... ॥१॥
पादाम्भोजं भगवतो, गौतमस्य नमस्यताम्, वशी भवन्ति त्रैलोक्य-सम्पदो विगतापदः ॥२॥
तव सिद्धस्य बुद्धस्य, पादाम्भोज रजःकणः । पिपर्ति कल्पशाखीव, कामितानि तनूमताम् ॥३॥
श्री गौतमाक्षीण महान-सस्स तव कीर्तनात्, सुवर्णपुष्पां पृथिवी-मुच्चिनोति नरश्चिरम् ॥४॥
अतिशेषेतरां धन्ता, भगवन् भास्करीं श्रियम्, अतिसौम्यतया चान्द्र-महोते भीमकान्तता ॥५॥
विजित्य संसारमाया-बीजं मोह महीपतिम्, नरः स्यान्मुक्ति राज्य-श्रीनायक स्त्वत्प्रसादतः ॥६॥
द्वादशांगीविधौ वेधाः श्रीन्द्रादि सुरसेवितः, अगण्यपुण्यनैपुण्यं, तेषां साक्षात्कृतोऽसि यैः ॥७॥
नमः स्वाहा पति ज्योति, स्तिरस्कारितनुत्विषे, श्री गौतम गुरो! तुभ्यं वागीशाय महात्मने ॥८॥
इति श्री गौतमस्तोत्र-मन्त्रं ते स्मरतोऽन्वहम्, श्री जिनप्रभसूरेस्तवं, भव सर्वार्थसिद्धये ॥९॥

શ્રી ગૌતમસ્વામીજીની મૂર્તિ (યંત્ર)ને કુસુમાંજલીથી વધાવવો.

**દુહો**

**વીર વજીર વડો અણગાર, ચૌદ હજાર મુનિ શિરદાર,**
**જપતાં નામ હોય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર.**

## આરાધના-ઉપાસનામાં પ્રવેશ પૂર્વે ભૂમિશુદ્ધિ-દેહશુદ્ધિ શુદ્ધીકરણ ક્રિયાનો પ્રારંભ

—મંત્ર બોલવાપૂર્વક સ્વ-અંગે (કપાળે) તિલક કરવું.

ॐ ह्रीँ श्रीँ क्लीँ ऐँ नमः

પૂજનમાં પોતાની કાયાને સ્વચ્છ અને સુગંધી બનાવવી ખાસ જરૂરી હોવાથી કેસરમિશ્રિત ચંદનથી પોતાના શરીરનાં અંગો પર તિલક કરવાં. પ્રથમ કપાળે, બે ભૂજાએ, બે હાથનાં તળિયાંમાં, કંઠે, નાભિ આદિ અંગસ્થાને દેવસ્વરૂપ બની ઈષ્ટદેવની પૂજા કરવાથી આંતરચેતના વધુ જાગૃત બનશે.

ક્રિયાકાર-પૂજનકારોએ ખમાસમણ દઈ ઈરિયાવહીયા, તસ્સઉત્તરી, અન્નત્થ સૂત્રો બોલી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, પારીને ત્યારબાદ પ્રગટ લોગસ્સ બોલવો—ત્યારબાદ

❑ ૧. ભૂમિશુદ્ધીકરણ :—

**ॐ भूरसि भूतधात्रि! सर्वभूतहिते! भूमिशुद्धिं कुरु कुरु स्वाहा! यावदहं पूजां करिष्ये**
**तावत् सर्वजनानां विघ्नान् विनाशय विनाशय स्थिरी भव स्थिरी भव स्वाहा ।**

દર્ભની પીંછી દ્વારા સુવર્ણજળ—સુગંધી જળ વાસક્ષેપનો પૂજનભૂમિ પર છંટકાવ કરવો.

---

*સૌને આશ્રય દેનાર ધરતી માતા સમાન છે. પંચતત્ત્વો પૈકી પૃથ્વીતત્ત્વ પણ દેવતાસમ છે. આવી ધરતી પર બેસીને શાંતિ-ઋદ્ધિ-વૃદ્ધિ માટે મંગળ ક્રિયાઓ કરવાની છે. એ ધરતીમાંથી કોઈ ઉપદ્રવ ન થાય તે માટે ભૂમિને બહુમાનપૂર્વક શુદ્ધીકરણ ક્રિયા કરવાની છે.*

❑ ૨. સકલીકરણ :- ક્ષિપ ૐ સ્વાહાનો ન્યાસ

૧. **क्षि**—બંને પગના જાનુમાં (ઢીંચણ) પર બીજાક્ષર પીળા વર્ણનો કલ્પી સ્થાપન કરવો.

૨. **प**—નાભિ ઉપર બીજાક્ષર શ્વેત વર્ણનો કલ્પી સ્થાપન કરવો.

૩. **ॐ**—હૃદય ઉપર બીજાક્ષર લાલ વર્ણનો કલ્પી સ્થાપન કરવો.

૪. **स्वा**—મુખ ઉપર બીજાક્ષર નીલ વર્ણનો કલ્પી સ્થાપન કરવો.

૫. **हा**—મસ્તક ઉપર બીજાક્ષર શ્યામ વર્ણનો કલ્પી સ્થાપન કરવો.

આ પ્રમાણે પંમહાભૂતરૂપ મંત્રબીજો વડે ત્રણ વખત આરોહ-અવરોહ ક્રમથી સકલીકરણ કરવાનું છે.

ફરી બીજાં અંગોને સકલ કરવા માટે આ ક્ષિપ ૐનો ન્યાસ છે. શરીનાં મુખ્ય સ્થાનોને સકલ બનાવી ચૈતન્યસ્વરૂપે જાગૃત કરવાની ક્રિયા. માનવાદિ શરીર પંચતત્ત્વોનું બનેલું છે, અનુક્રમે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ—આ તત્ત્વો વિષમ ન બની જાય અને દેહમાં સમત્વ જાળવી રાખે એ માટે આર્ષદ્રષ્ટાઓએ પંચતત્ત્વનાં પાંચ મંત્રબીજો નક્કી કર્યાં છે. દરેક બીજ સંલગ્ન તત્ત્વો સાથે સંબંધિત હોઈ, તે ઉપર અંકુશ ધરાવે છે. શરીરના જણાવેલા પાંચ ભાગો પર બંને હાથના પંજાથી આરોહ-અવરોહ ક્રમથી તે તે સ્થાને સ્થાપિત કરવાં. શાસ્ત્રમાં આ પાંચ તત્ત્વોના પાંચ રંગો જે કલ્પેલા છે તેને ધારણ કરીને તે તે રંગવાળા અક્ષરો કલ્પી સ્થાપિત કરવા.

❑ ૩. અંગન્યાસ :-

**ह्रौं**—હૃદય પર તત્ત્વમુદ્રા કરી ન્યાસ કરવો.

**ह्रीं**—કંઠ પર તત્ત્વમુદ્રા કરી ન્યાસ કરવો.

**ह्रूं**—તાળવા પર તત્ત્વમુદ્રા કરી ન્યાસ કરવો.

**ह्रीं**—ભ્રૂમધ્ય પર તત્ત્વમુદ્રા કરી ન્યાસ કરવો.

**ह्रः**—બ્રહ્મરન્ધ્ર પર તત્ત્વમુદ્રા કરી ન્યાસ કરવો.

ન્યાસ એટલે સ્થાપના. શરીરના તંત્રને ચૈતન્યમય અને પવિત્ર બનાવવા શરીરના મુખ્ય જે ભાગોને ઉપયોગમાં લેવાના છે તેને ન્યાસ, તે તે જગ્યાએ અંગૂઠાના અગ્રભાગ પર અનામિકા મૂકવાથી તત્ત્વમુદ્રા કરવો. મતાંતરે જમણા હાથથી અથવા બંને હાથથી કરવાની પણ પ્રથા છે.—તાળવું = મુખની અંદર ઉપરનો ભાગ, ભ્રૂમધ્ય = બે ભમરની વચ્ચે અને નાસિકાનો ઉપરનો ભાગ, બ્રહ્મરંધ્ર=જ્યાં ચોટલી ઊગે તે સહિત મસ્તકનો મધ્યભાગ.

❑ ૪. કરન્યાસ :-

કર એટલે હાથ. હાથની આંગળીઓ વગેરેમાં કરવાની સ્થાપના તે કરન્યાસ. પૂજનમાં બંનેય હાથો ઉપયોગમાં લેવાતા હોવાથી બંને હાથની આંગળીઓને શુદ્ધ, પવિત્ર અને ચેતનામય બનાવવા આંગળીના મૂળમાંથી સ્પર્શ કરી ટોચ સુધી લઈ જવી.

**ॐ ह्राँ नमो अरिहंताणं-अंगुष्ठाभ्यां नमः ।**

—બંને હાથના અંગૂઠામાં અને પહેલી આંગળી વડે અંગૂઠાના મૂળથી ટોચ સુધી સ્પર્શ કરી શ્વેતવર્ણીય અરિહંત ભગવંતોની આકૃતિઓ સ્થાપવી.

**ॐ ह्रीँ नमो सिद्धाणं - तर्जनीभ्यां नमः ।**

—બંને હાથના અંગૂઠાથી પહેલી આંગળીના મૂળથી ટોચ સુધી સ્પર્શ કરી રક્તવર્ણીય સિદ્ધ ભગવંતોની સ્થાપના કરવી.

**ॐ ह्रूँ नमो आयरियाणं - मध्यमाभ्यां नमः ।**

—બંને અંગૂઠા વડે વચલી આંગળીઓને સ્પર્શ કરી પીળા વર્ણવાળા આચાર્ય ભગવંતોની સ્થાપના કરવી.

**ॐ ह्रौँ नमो उवज्झायाणं - अनामिकाभ्यां नमः ।**

—બંને હાથના અંગૂઠાઓથી બંને હાથની ચોથી (પૂજાની) આંગળી પર સ્પર્શ કરી નીલવર્ણીય ઉપાધ્યાય ભગવંતોને સ્થાપવા.

**ॐ ह्रः नमो लोऐसव्वसाहूणं - कनिष्ठिकाभ्यां नमः ।**

—બંને હાથના અંગૂઠાઓથી બંને હાથની છેલ્લી (ટચલી) આંગળી ઉપર શ્યામવર્ણીય સાધુ ભગવંતોની આકૃતિ સ્થાપવી.

**ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः सम्यग्ज्ञान-दर्शन-चारित्र तपोभ्यः करतल-करपृष्ठाभ्यां नमः ।**

—બંને હાથનાં તળિયાં એક-બીજાની એક-બીજા પર હથેળી ફેરવવી. જ્ઞાનાદિના અક્ષરો-પુસ્તકો રત્નત્રયીની કલ્પના કરવી.

**❑ ૫. હૃદયશુદ્ધિ :-**

**मंत्र - ॐ विमलाय विमलचित्ताय ज्वीँ क्ष्वीँ स्वाहा ।**

—ડાબો હાથ હૃદય પર મૂકી પાપવિચારોને દૂર કરવારૂપ હૃદયશુદ્ધિની ક્રિયા આ મંત્ર બોલી કરવી. હૃદયને નિષ્પાપ બનાવવું. અશુભ વિચારો ન આવી જાય તેનું ધ્યાન રાખી ચિત્ત એકાગ્ર બનાવવું.

**❑ ૬. મંત્રસ્નાન :**

**ॐ अमले विमले सर्वतीर्थजले पः पः पां पां वां वां**
**अशुचिः शुचिर्भवामि स्वाहा ।**

—પૂજનમાં બેસનાર દરેક જળસ્નાન કરી શુદ્ધ થઈ આવ્યા હોય તો પણ અનુષ્ઠાનમાં કલ્પનાસ્નાન મંત્ર દ્વારા કરવાનું. અંજલિમાં પવિત્ર નદીઓનું—તીર્થોનું જળ રહેલું છે એ મંત્ર બોલી એ જલથી બે હાથથી સ્નાન કરતા હોય તે રીતે ચેષ્ટા કરવી.

**❑ ૭. કલ્મષદહન :**

**ॐ विद्युत् स्फुलिंगे महाविद्ये (मम) सर्वकल्मषं दह दह स्वाहा ।**

—મંત્ર બોલી બે ભુજાએ સ્પર્શ કરી પાપોનું દહન થઈ રહ્યું છે તેમ ચિંતવવું. ચિત્તમાં

ચાલતા કલુષિત–પાપવિચારોના ઢગને નજર સામે ભસ્મ કરીએ છીએ તેમ સ્વસ્તિકમુદ્રા કરવાપૂર્વક ક્રિયા કરવી.

**❑ ૮. વજ્રપંજર-આત્મરક્ષા સ્તોત્ર :-**

**ॐ परमेष्ठि नमस्कारं, सारं नवपदात्मकम्,**
**आत्मरक्षाकरं वज्र-पञ्जराभं स्मराम्यहम्** ॥१॥

**ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम्**

(શિરસ્ક શબ્દથી મસ્તક પર બે હાથથી કલ્પના દ્વારા મજબૂત ટોપ પહેર્યો છે તેવું વિચારવું.)

**ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपुटं वरम्** ॥२॥

(લોખંડ જેવી મજબૂત જાળી જેવા વસ્ત્રથી મુખ આચ્છાદન કરું છું તેમ ચિંતવવું.)

**ॐ नमो आयरियाणं, अंगरक्षातिशायिनी**

(છાતી-વાંસા પર સૈનિકો પહેરે તેવું બખ્તર-કવચ પહેર્યાની કલ્પના કરવી.)

**ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढं** ॥३॥

(હાથમાં તલવાર-ઉગ્ર શસ્ત્ર પકડી દુષ્ટ શક્તિઓને ભગાડી રહ્યા છો તેમ ધારવું.)

**ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे**

(સમગ્ર પગમાં મોજાની જેમ લોખંડી મોજાં પહેર્યાં છે તેમ કલ્પવું.)

**ऐसो पंच नमुक्कारो, शिलावज्रमयी तले** ॥४॥

(વજ્રની મજબૂત શિલા પર બેઠો છું તેવી કલ્પના બે હાથ ફેલાવવાપૂર્વક કરવી.)

**सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः**

(બેઠકથી મસ્તક સુધી વજ્રથી બનેલા મજબૂત કિલ્લાની કલ્પના બે હાથના પંજા દ્વારા આકૃતિ રચવી.)

**मंगलाणं च सव्वेसिं, खादिराङ्गार-खातिका** ॥५॥

(કિલ્લાને ફરતી જ્વાળાયુક્ત અંગારા-અગ્નિથી ભરેલ ખાઈની કલ્પના તર્જની આંગળી ગોળાકારે ફેરવવા દ્વારા)

**स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवइ मंगलं**
**वप्रोपरि वज्रमयं, पिधानं देह-रक्षणे** ॥६॥

(બે હાથનાં તળિયાં માથે રાખી ઢાંકવાની મુદ્રા સાથે વજ્રમય ઢાંકણથી કિલ્લો બંધ કરી રહ્યા છીએ તેમ કલ્પવું.)

**महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी**
**परमेष्ठि-पदोद्भूता, कथिता पूर्वसूरिभिः** ॥७॥

**यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा**
**तस्य न स्याद् भयं व्याधि–राधिश्चापि कदाचन ॥८॥**

—આત્મરક્ષા સ્તોત્રથી શરીરને ફરતું કવચ–બખ્તર ધારણ કરવાનું જેથી ક્ષુદ્ર-અનિષ્ટ શક્તિઓ અંદર પ્રવેશી ન શકે–ટકરાઈને પાછી ફરે–નિસ્તેજ બની જાય તેવું વજ્રપંજરસ્તોત્ર બોલતાં બોલતાં જે જે કલ્પનાપૂર્વક મુદ્રાઓ કરવાની છે તે કરતાં કરતાં વજ્રનું બનેલું અભેદ્ય પાંજરૂં રક્ષા કરનારની ચોતરફ બની રહ્યું છે અને સૌ નિર્ભય બની રહ્યા છે તેમ ધારવું, નવકારમંત્રનું એક એક પદ બોલતા જવાનું અને ત્યાં જણાવ્યા પ્રમાણે તે તે અંગો પર જે મુદ્રા દ્વારા પરિકલ્પના કરવાની છે તે ધારણા-કલ્પના બે હાથ દ્વારા ચેષ્ટા કરી આપણી ફરતે વજ્રનું (અભેદ્ય ધાતુનું) અભેદ્ય કવચ પહેરી કિલ્લેબંધી કરી સંપૂર્ણ સુરક્ષિત થયા તેમ અનુભવવું.

## ❑ ૯. વિઘ્નનાશનાર્થે છોટિકાન્યાસ :-

જમણા હાથનો અંગૂઠો તર્જની આંગળીના અગ્ર ભાગ સાથે જોડી તે વચ્ચે કેસર-કંકુયુક્ત ગુલાબનું પુષ્પ ધારણ કરી તે તે દિશામાં ઉછાળવું.

| | | | |
|---|---|---|---|
| १) | अ | आ | -पूर्वस्यां |
| २) | इ | ई | -दक्षिणस्यां |
| ३) | उ | ऊ | -पश्चिमस्यां |
| ४) | ए | ऐ | -उत्तरस्यां |
| ५) | ओ | औ | -ऊर्ध्वे |
| ६) | अं | अः | -अधोः |

—વિધિ દરમ્યાન મહત્ત્વની છ દિશાઓ પૈકી કોઈપણ દિશામાંથી આકાશમાં પસાર થતી વિવિધ શક્તિઓ કે વાતાવરણમાંથી વિઘ્ન ન થાય તે માટે છોટિકા નામની ક્રિયા કરવામાં આવે છે.

## ❑ ૧૦. ક્ષેત્રપાળ પૂજન :–

ॐ क्षाँ क्षीँ क्षूँ क्षौँ क्षः अत्रस्थक्षेत्रपालाय स्वाहा ।

—માંડલામાં બનાવેલ દેરી પર લીલું શ્રીફળ સ્થાપન કરી તે ઉપર ચમેલીનું તેલ ચઢાવી-જાસૂદ (લાલ ગુલાબ)નું પુષ્પ ચઢાવવું.

## ❑ ૧૧. રક્ષાપોટલી વિધાન :

—આ મંત્રથી સાત વખત બોલી રક્ષાપોટલી ગુરુભગવંત પાસે મંતરાવી લેવી.

## ❑ રક્ષાપોટલી મંત્રવાનો મંત્ર :-

**ॐ हूँ क्षूँ फुट् किरिटि किरिटि घातय घातय, परकृतविघ्नान् स्फेटय स्फेटय, सहस्रखण्डान् कुरु कुरु, परमुद्रा छिन्द छिन्द परमन्त्रान् भिन्द भिन्द, हूँ क्षः फुट् स्वाहा ।**

રક્ષાપોટલી બાંધવાનો મંત્ર :

ॐ नमोऽर्हते रक्ष रक्ष हुँ फुट् स्वाहा ।

–આ મંત્ર બોલી થાળી વાગે ત્યારે દરેકે સ્વહસ્તે રક્ષાપોટલી બાંધવી.

**❑ ૧૨. પીઠસ્થાપન :-**

શ્રી ગૌતમસ્વામી પૂજનયંત્ર–મૂર્તિ જે પીઠ પર પધરાવેલ હોય તેને સુવર્ણકમળની કલ્પના કરી મંત્ર બોલવાપૂર્વક પીઠને (બાજોઠને) હસ્તસ્પર્શ કરાવવો.

મંત્ર : **ॐ अर्हं ऐँ ह्रीँ श्री गौतमस्वामि अत्र सहस्रपत्र कनक कमल पीठे तिष्ठ तिष्ठ ठः ठः स्वाहा ।**

**❑ ૧૩. બિંબસ્થાપન-યંત્રસ્થાપન :-**

યંત્ર પર બે હાથ રાખી–મૂર્તિ હોય તો તે પર વાસક્ષેપ કરવાપૂર્વક યંત્ર–મૂર્તિની સ્થાપ વિધિ આ મંત્ર બોલી કરવી.

ॐ अर्हं ऐँ ह्रीँ लब्धिसंपन्न श्री गौतमस्वामिने नमः स्वाहा ।

**❑ ૧૪. મુદ્રાપંચક દ્વારા આહ્વાનાદિકમ્ ક્રિયા :-**

મુદ્રા એ ઉપાસનાનું મહત્ત્વનું અંગ છે. મંત્ર, મંત્રાર્થ, મંત્રચૈતન્ય, યંત્ર આ મંત્રના પંચાગનું સંપૂર્ણ જ્ઞાન થાય તે ઇષ્ટની કૃપા મેળવવા ભાગ્યશાળી થાય, દેવ-દેવીઓ અને અરિહંત પરમાત્માની વિદ્યાઓ-મંત્રો માટે નિયત મુદ્રાઓ હોય છે. દેવ-દેવીઓને બોલાવવાનું મુખ્ય સાધન મુદ્રા જ છે. દેવ-દેવીઓના વિદ્યા-મંત્રનું નિયત મુદ્રામાં ધ્યાન ધરવાથી તેઓનું જાગૃતીકરણ કરાય છે. એ માટે પાંચ મુદ્રાઓ પૂજનની હોય છે, ઇષ્ટનો સાક્ષાત્કાર કરવા માટેની પાંચ મુદ્રાઓ હોય છે તે બંને ભિન્ન હોય છે. પૂજનની પાંચ મુદ્રાઓથી દેવ-દેવીઓ હર્ષિત, પ્રસન્ન થઈ સ્વસ્થાનેથી પૂજકો ઉપર કૃપા વરસાવે છે. ૧. આહ્વાન ૨. સ્થાપન ૩. સંનિધાન ૪. સંનિરોધ ૫. અનગુંઠન.

**(૧) આહ્વાન મુદ્રા :-** ટટ્ટાર બેસી બંને હાથની હથેલીઓ છાતી પાસે ચતી રાખી અંગૂઠા ચોથી આંગળી (પૂજાની આંગળી)ના મૂલભાગમાં મૂકી આમંત્રણપૂર્વક બહુમાનપૂર્વક દેવને પધારવાની વિનંતી.

**(૨) સ્થાપન મુદ્રા :-** તે પછી તે જ સ્થિતિમાં બંને હથેળીઓ ઊંધી કરી હૃદયમંદિરમાં (પૂજનયંત્રમાં) બહુમાનપૂર્વક બિરાજમાન કરવાની સ્થાપન કરવાની વિધિ.

**(૩) સંનિધાન મુદ્રા :-** પધારેલ દેવને હાર્દિક ભક્તિભાવ સૂચિત કરી (નિકટતાદર્શક સંનિધાન મુદ્રા મૂકી ઊભી રાખી અંગૂઠો બહાર રાખવો તે)

---

*પૂર્વસેવા એટલે પૂજન પહેલાંની પૂર્વભૂમિકાવિધિ પૂર્ણ થઈ. આ ક્રિયાઓ દ્વારા અશુદ્ધ અને અશુચિપૂર્ણ દેહને મંત્રસ્થાપન ન્યાસાદિ ક્રિયા કરવાપૂર્વક શુદ્ધ પવિત્ર બનાવ્યો. મનને સ્વસ્થ અને નિર્મલ બનાવ્યું જેથી પૂજન વખતે પૂજ્યો પ્રત્યે આત્મીયતા જન્મે તેના ફલ સ્વરૂપે આત્મા-પરમાત્માનું મિલન થાય એવી ચેતના પ્રગટી ચિત્તપ્રસન્નતા આહ્લાદક બને.*

(૪) **સંનિરોધ મુદ્રા :-** તેઓ પૂજન વિધાન ચાલે ત્યાં સુધી રહે તે સંનિરોધ (મૂઠીમાં અંગૂઠો બંધ રાખવો તે)

(૫) **અવગુંઠન મુદ્રાઃ-** અદૃશ્યરૂપે રહી સહાય કરવાની વિનંતી. મૂઠી બંધ કરી બંને હાથની પહેલી આંગળી બહાર રાખી મુદ્રા કરવી તે.

(૧) **આહ્વાન મુદ્રાઃ—** ॐ आँ क्रौँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे (यंत्रे) अत्र आगच्छ आगच्छ स्वाहा-संवौषट् ।

(૨) **સ્થાપન મુદ્રાઃ—** ॐ आँ क्रौँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे (यंत्रे) अत्र तिष्ठः तिष्ठः ठः ठः ।

(૩) **સંનિધાન મુદ્રાઃ—** ॐ आँ क्रौँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे (यंत्रे) मम सन्निहिता भव भव वणट् ।

(૪) **સંનિરોધ મુદ્રાઃ—** ॐ आँ क्रौँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे (यंत्रे) पूजान्तं यावत् अत्रैव अत्रैव स्थातव्यम् ।

(૫) **અવગુંઠન મુદ્રાઃ—** ॐ आँ क्रौँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे (यंत्रे) परेषामदृश्यो भव भव स्वाहा ।

(૬) **અમૃતીકરણઃ—** ॐ आँ क्रौँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे (यंत्रे) यंत्रस्थ अन्यदेवदेवी साधिष्ठायकाश्च साक्षात् स्थिताः संजीविता अमृतीभूता भवन्तु स्वाहा ।—**સુરભિમુદ્રા યંત્ર સમીપે કરવી.**

## ❑ ૧૫. સંકલ્પવિધિ :-

જપ-પૂજનમાં 'સંકલ્પ' મહત્ત્વનું વિધાન છે. જે કારણે પૂજન-અનુષ્ઠાન કરતા હોય તે કારણો વ્યક્ત કરી કાર્ય ફળીભૂતની પ્રાર્થના કરવાપૂર્વક ઇચ્છિત ફળની પ્રાર્થના કરવાપૂર્વક જમણા હાથમાં જળ લઈને મનમાં શુભ સંકલ્પ કરવો.

**સંકલ્પમંત્ર :-** ॐ अस्मिन् जंबूद्वीपे भरतक्षेत्रे दक्षिणार्धभरते मध्यखंडे-देशे—नगरे.....संवत......मासे......पक्षे.....तिथौ.....वासरे मम शरीरे रोगादि निवारणार्थं, मनःकामना सिद्ध्यर्थं बोधिबीज प्रास्यर्थं, लाभार्थं, क्षेमार्थं, जयार्थं, विजयार्थं......कार्य सिद्ध्यर्थं श्री गौतमस्वामिनः जापं पूजां आराधनां करिष्ये स च श्री गौतमस्वामी प्रीत्यर्थं-अधिष्ठायक देव प्रसन्नार्थं सफलीभवतु।

---

*યંત્રમાં સ્થાપિત ગૌતમસ્વામી સહ અન્ય સેવ્ય દેવ-દેવીઓનું સુરભિમુદ્રા કરવાપૂર્વક કરવામાં આવે છે.—મુદ્રા કરતાં ચિંતવવું કે યંત્ર પર ભરપૂર અમૃતવર્ષા થઈ રહી છે. આરાધ્ય દેવ-દેવી જાગ્રત બની ગયેલ છે. એવી શ્રદ્ધા—ભાવના રાખી આદર—બહુમાનપૂર્વક પૂજન કરવું.*

## ❑ ૧૬. ગુરુસ્મરણ-ગુરુપાદુકા પૂજન :-

ગુરુના આશીર્વાદ કે ગુરુપૂજા વગર પૂજા-ઉપાસના મંત્ર, તંત્ર, અનુષ્ઠાન કાર્યો પૂર્ણ સફળતાને વરતાં નથી. ભારતીય સંસ્કૃતિના તંત્ર, મંત્ર, અનુષ્ઠાનોનો સિદ્ધાંત છે કે પૂજનના પ્રારંભ પહેલાં ઉપકારક, તારક ગુરુઓને ભક્તિભાવ સહ બે હાથ જોડી સ્મરણ કરી નમસ્કાર કરવા.

શ્લોક :— येन ज्ञानप्रदीपेन, निरस्याभ्यंतरं तमः ।
ममात्मा निर्मली चक्रे, तस्मै श्री गुरुवे नमः ॥

મંત્ર :— ॐ ऐँ क्लौँ ह्रीँ श्रीँ हः स्फ्रैँ सहस्रकमलवरयूँ हसौं स्हौं
गुरुपादुकाभ्यो नमः गुरुपादुकां पूजयामि नमः ॥

યંત્રમાં આલેખેલ ગુરુપાદુકા પર વરખ છાપેલું શ્રીફળ સ્થાપન કરી તે પર વાસક્ષેપ—પુષ્પ સુવર્ણમુદ્રા ચઢાવવી. ધૂપ ઉવેખવો.

શ્રી ગૌતમસ્વામીથી લઈ ધર્મદાતા, મંત્ર-યંત્રદાતા ગુરુઓનું મનમાં સ્મરણ કરી તેઓશ્રીની ચરણપાદુકા મસ્તકમાં સહસ્રદળમાં કલ્પનાથી સ્થાપવી. ગુરુસ્મરણ કરવું.

### श्री अधिष्ठायक देव-देवी पूजन

(१)

१. ॐ ह्रीँ श्री अपराजितायै स्वाहा ।
२. ॐ ह्रीँ श्री जयायै स्वाहा ।
३. ॐ ह्रीँ श्री विजयायै स्वाहा ।
४. ॐ ह्रीँ श्री जयन्त्यै स्वाहा ।

(२)

१. ॐ ह्रीँ श्री सरस्वत्यै स्वाहा ।
२. ॐ ह्रीँ श्री त्रिभुवनस्वामिन्यै स्वाहा ।
३. ॐ ह्रीँ श्री महालक्ष्म्यै स्वाहा ।
४. ॐ ह्रीँ श्री गणिपिटकयक्षाय स्वाहा ।

* * *

---

*—છોલેલા ચોટલી સહિતના શ્રીફળ પર ચાંદીના વરખ છાપી બીજમંત્ર અષ્ટગંધથી લખી તે શ્રીફળ ઊભાં રહે (ચોખાની ઢગલીમાં) તે રીતે પધરાવી પૂજન કરવું. માંડલાની બહાર ૮ દેરી બનાવી પૂજન કરવું.*

*—જે ગુણનિધિ સૂરિભગવંતોની વિદ્યામાં પ્રથમપદે સુપ્રતિષ્ઠિત છે અને ગૌતમપદની ભક્તિથી યુક્ત છે તે સરસ્વતી મને સુખ આપો. (-મેરુતુંગાચાર્ય સૂરિમુખ્યમંત્રકલ્પ)*

*—નિરુપમ માહાત્મ્યવાળી, સહસ્રભુજાથી યુક્ત, શાંતસ્વરૂપા, શ્રી ગૌતમના પદકમલનું ધ્યાન ધરતી, માનુષોત્તર પર્વતના શિખર પર રહેલી ત્રિભુવનસ્વામિની નામની દેવી શ્રીસંઘને તથા મને સુખ આપો.*

*—પદ્મદ્રહના પદ્મમાં રહેલી, ચોસઠ ઈંદ્રોના ગર્વનું મંથન કરનારી, સર્વ અંગે આભૂષણોને ધારણ કરનારી ગૌતમ મુનીન્દ્રને પ્રણામ કરી રહેલી, વિજયા, જયા, જયંતી, નંદા, ભદ્રાથી યુક્ત, વિદ્યાપદના ત્રીજા સ્થાનમાં રહેલી 'શ્રીદેવી' સુખ આપો.*

*—વિદ્યાના ચોથા સ્થાનમાં રહેલો ગૌતમસ્વામી પ્રત્યે ભક્તિવાળો, અણપણ્ણી અને પણપણ્ણી નામની વ્યંતરજાતિમાં પ્રતિષ્ઠિત, સોળ હજાર યક્ષોનો સ્વામી, અતુલ બળવાળો, વીસ ભુજાવાળો, 'ગણિપિટક યક્ષરાજ' જિનશાસનના પ્રત્યનીક મહાશત્રુવર્ગને નિવારે છે.*

## મહાપ્રભાવિક સ્તોત્રપાઠ દ્વારા....

## શ્રી ગૌતમસ્વામીજીની સ્તુતિ-પ્રાર્થના

શ્રી ઇન્દ્રભૂતિં વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્
સ્તુવન્તિ દેવાઃ સુરમાનવેન્દ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૧

શ્રી વર્ધ્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુહૂર્ત માત્રેણ કૃતાનિ યેનઃ
અઙ્ગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૨

શ્રી વીરનાથેન પુરા પ્રણીતં, મન્ત્રં મહાનન્દ સુખાય યસ્ય
ધ્યાયન્ત્યમી સૂરિવરાઃ સમગ્રા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૩

યસ્યાભિધાનં મુનયોઽપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષા ભ્રમણસ્ય કાલે
મિષ્ટાન્ન પાનામ્બર પૂર્ણકામાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૪

અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયૌ જિનાનાં પદ વન્દનાય
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૫

ત્રિપંચ સંખ્યા શત તાપસાનાં, તપકૃશાનામપુનર્ભવાય
અક્ષીણ લબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૬

સ દક્ષિણં ભોજનમેવ દેયં, સાધર્મિકં સંઘ સમર્પયેતિ
કૈવલ્ય વસ્ત્રં પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૭

શિવંગતે ભર્તરિ વીર નાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વાઃ
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૮

ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં, સદ્ધ્યાન બીજં જિનરાજ બીજમ્
યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૯

શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધ કાલે મુનિપુઙ્ગવા યે
પઠન્તિ તે સૂરિપદં સદૈવા—નન્દં લભન્તે નિતરાં ક્રમેણ ૧૦

### પ્રથમ વલય

### —શ્રી ગૌતમસ્વામીજીની અષ્ટપ્રકારી પૂજા

(૧) જળપૂજા :—

શ્લોક :— श्री इन्द्रभूतिं वसुभूतिपुत्रं, पृथ्वीभवं गौतम गोरत्नम्
स्तुवन्ति देवाः सुर मानवेन्द्रा, स गौतमो यच्छतु वाछितं मे ॥

મંત્ર :— ॐ ह्रीँ श्रीँ अर्हं परमगुरुपाय, परमविनयपाय, अप्रमत्तचारित्र गुणधारकाय, श्री सूरिमंत्ररचनाकारकाय, शब्दागमपारंगताय, द्वादशांगीगुंफकाय, श्रीवाणी-त्रिभुवनस्वामिनी,-श्रीदेवी-गणिपिटकयक्षराज संसेविताय, वीरपट्टाम्बर भास्कराय, अनंतलब्धिसंपन्न प्रथम गणधराय श्री गौतमस्वामिने जलं समर्पयामि स्वाहा ।

(૨) ચંદનપૂજા :– ઉપરોક્ત શ્લોક-મંત્ર બોલી ચંદનપૂજા કરાવવી.
મંત્રમાં અંતે 'જલં સમર્પયામિ સ્વાહા'ને બદલે 'ચંદનં સમર્પયામિ સ્વાહા' બોલવું.

(૩) પુષ્પપૂજા :– " (જૂઈ-મોગરો) 'પુષ્પં સમર્પયામિ સ્વાહા' બોલવું.

(૪) ધૂપપૂજા:– " " 'ધૂપં આઘ્રાપયામિ સ્વાહા' બોલવું.

(૫) દીપકપૂજા :– " " 'દીપં દર્શયામિ સ્વાહા' બોલવું.

(૬) અક્ષતપૂજા :– " " 'અક્ષતં સમર્પયામિ સ્વાહા' બોલવું.

(૭) નૈવેદ્યપૂજા :– " (બુંદીના લાડુ-૧૧, ઘેબર-૧૧) 'નૈવેદ્યં સમર્પયામિ સ્વાહા' બોલવું.

ફળપૂજા :– " (નારંગી-૧૧) 'ફલં સમર્પયામિ સ્વાહા' બોલવું.

## ઋદ્ધિ-સિદ્ધિ-કલ્યાણકારક મનવાંછિતફળપૂરક વિશિષ્ટ વિધાન-

મંત્ર :– ॐ ह्रीँ नमो भगवओ, गोयमस्स, सिद्धस्स, बुद्धस्स, अक्खीण महाणसस्स लब्धिसंपन्नस्स भगवन् भास्कर मम वांछितं पूरय पूरय कल्याणं कुरु कुरु स्वाहा ॥

❑ **આ મંત્ર ૧૦૮ વાર બોલવાપૂર્વક**

૧ જણ સુગંધી વાસક્ષેપ ગૌતમસ્વામીજીની મૂર્તિ પર કરે.

૧ જણ સુગંધી જૂઈ અથવા મોગરાના ૧૦૮ પુષ્પ મંત્ર બોલાય તેમ તેમ ચઢાવે.

૧ જણ અખંડ ૧૦૮ અક્ષતના દાણા મંત્ર બોલાય તેમ તેમ ગૌતમસ્વામીના કરકમળમાં સ્થાપે.-

આ ત્રણે ક્રિયાઓ એકસાથે કરવી. આ વિશિષ્ટ અનુભૂત વિધાન છે. તેનું મહત્ત્વ ઓછું ન સમજવું. પૂર્ણ શાંતિપૂર્વક હૃદયના ભાવોલ્લાસપૂર્વક આ ક્રિયા કરવાથી સર્વ મનવાંછિત પૂર્ણ થાય છે.

## મહાપ્રભાવિક શ્રી ગૌતમસ્વામીજી સ્તોત્રપાઠ

स्वर्णाष्टाग्रसहस्र पत्रकमले, पद्मासनस्थंमुनिं,
स्फूर्जल्लब्धिविभूषितं गणधरं, श्री गौतमस्वामिनम् ।
देवेन्द्राद्यमरावलीविरचितो–पास्तिं समस्तादभूतं,
श्रीवासातिशयप्रभापरिगतं, ध्यायामि योगीश्वरम् ॥१॥

किंदुग्धाम्बुधिगर्भगौरसलिलै–श्चन्द्रोपलान्तर्दलैः
किं किंश्वेतसरोजपुंजरुचिभिः किं ब्रह्मरोचिः कणै
किं शुक्लस्मितपुंजकैश्च घटिता, किं केवलालंकृतै,
मूर्तिस्ते गणनाथ गौतमहृदि ध्यानाधिदेवी मम ॥२॥

श्रीखंडादिपदार्थसार कणिकां, किं वर्तयित्वा सतां,
किं चेतांसि यशांसि किं गणभृतां, निर्यास्य तद्ववाक्सुधाम्
स्त्यानीकृत्य किमप्रमत्तकमुनेः सौख्यानिं संमिल्य किम्,
मूर्तिस्ते विदधे मम स्मृतिपथाधिष्ठायिनी गौतम! ॥३॥

नीरागस्य तपस्विनोद्भुत सुख व्रातादू गृहित्वा दलं
तस्याप्यच्छशमांबुधे रसभरं, श्री जैनमूर्तेर्महः
तस्या एव हि रामणीयक रसं, सौभाग्यभाग्योद्भवं
सद् ध्यानांबुजहंसिका किमु कृता, मूर्त्तिः प्रभो निर्मला ॥४॥

किं ध्यानानलगालितैः श्रुतदलैराभासिसद्भावना–
मुदधृष्टैः किमु शीलचंदनरसैरालेपि मूर्त्तिस्तव
सम्यग्दर्शनपारदैः किमु तपः शुद्धैरशोधि प्रभो!
मच्चित्ते दमिते जिनैः किमु शमेन्दुग्रावतश्चाघटि ॥५॥

किं विश्वोपकृति क्षमोद्यममयी, किं पुण्य पेटीमयी
किं वात्सल्यमयी किमुत्सवमयी, पावित्र्यपिंडीमयी
किं कल्पद्रुममयी मरुन्मणिमयी, किं कामदोग्ध्रीमयी
धत्ते ऽहं तव नाथ! मे हृदि तनुः कां कां न रुपश्रियम् ॥६॥

किं कर्पूरमयी सुचन्दनमयी पियूषतेजोमयी
किं चूर्णीकृतचन्द्रमण्डलमयी किं भद्रलक्ष्मीमयी
किं वा ऽऽनन्दमयी कृपारसमयी, किं साधुमुद्रामयी–
त्यन्तर्मे हृदि नाथ! मूर्तिरमला नो भाति किं किंमयी ॥७॥

अन्तःसारमयामुपास्य किमु किं पार्थ्य व्रजानां रसं
सौभाग्यं किमु कामनीयसुगुण श्रेणेर्मुषित्वा च किम्
सर्वस्वं शमशीतगो शुभरुचे रौज्वल्य माच्छिद्य किम्
जाता मे हृदि योगमार्गपथिकि, मूर्तिः प्रभो तेऽमला ॥८॥

ब्रह्माण्डोदरपूरणाधिकयशःकर्पूरपारीरजः
पुंजैः किं धवलीकृता तव तनुः सद्ध्यानसद्मस्थिता
किं शुक्लस्मितमुद्गरै र्हतदला, दुष्कर्मकुम्भक्षरद्
ध्यानाच्छामृतवेणिविद्युततरा, श्री गौतम भ्राजते ॥९॥

किं त्रैलोक्यरमाकटाक्षलहरी, लीलाभिरालिङ्गिता,
किं चोक्तेन कृपासमुद्रमथनोद्गारैः करम्बीकृता
किं ध्यानानलदह्यमाननिखिलान्तः कर्म–कष्ठावली
रक्षाभिर्धवला विभाति हृदि मे श्री गौतम! त्वत् तनुः ॥१०॥

इत्थं ध्यानसुधासमुद्रलहरी, चूलाचलांदोलन–
क्रीडानिश्चलरोचिरुज्वलवपुः श्री गौतमो मे हृदि

भित्वा मोहकपाटसंपुटमथ प्रोल्लासितांतःपुर
ज्योतिर्मुक्ति–नितंबिनी नयतु मां सब्रह्मतामात्मनः ॥११॥

श्रीमद् गौतमपादवन्दनरुचिः श्रीवाङ्मयस्वामिनी,
मर्त्यक्षेत्रनागेश्वरी त्रिभुवन स्वामिन्यपि श्रीमती
तेजोराशिरुदात्त विंशतिभुजो; यक्षाधिपः श्री सुरा–
धीशाः शासनदेवताश्च ददतां श्रेयांसि भूयांसि नः ॥१२॥

–કુસુમાંજલી વધાવવી.

## –મહિમાવાચક દુહા–

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિતણો ભંડાર,
સમરે વાંછિત સુખ દાતાર, જયો જયો ગૌતમ ગણધાર —મુનિ શ્રી ચંદ્રવિજયજી

ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન —કવિવર શ્રી લાવણ્યસમયજી

ગૌતમ નામે ન છીપે પાપ, ગૌતમ નામે ટળે સંતાપ
ગૌતમ નામે ખપે સવિ કર્મ, ગૌતમ નામે હોય શિવશર્મ —આચાર્ય શ્રી પાર્શ્વચંદ્રસૂરિ

ગૌતમસ્વામી જગ ગુરુ, ગુણ ગણનો ભંડાર,
અંત લબ્ધિનો એ ધણી, આપે અક્ષય સુખ અપાર. —આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિ

વૈરી મિત્ર જ સરીખા થાય, ગૌતમ નામે પ્રણમે પાપ
રાજા માને સહુ કો નમે, ગૌતમ નામ હૃદયમાં રમે. —શ્રી દર્શનવિજયજી ત્રિપુટી

જીજીકાર સૌ કો કરે, બોલ્યું વચન નવિ પાછું ફરે
કીર્તિવેલ જગ પ્રસરે બહુ, ગૌતમ નામે છે એ સહુ. —શ્રી દર્શનવિજયજી ત્રિપુટી

## ધૂન

ઇંદ્રભૂતિ એ ગૌતમસ્વામ, પ્રભાતે કરું હું પ્રેમે પ્રણામ
મનોવાંછિત હું માંગું તમામ, પીઉં સુશીલ શિવ સુખ ધામ....

## વલય બીજું
## દશ ગણધર પૂજન

૧. ॐ ह्रीँ ऐं अग्निभूति गणधराय (नमः) स्वाहा ।

ગૌતમ ગોત્રવાળા દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો હતા.

૨. ॐ ह्रीँ ऐं वायुभूति गणधराय (नमः) स्वाहा ।

ગૌતમગોત્રવાળા ૫૦૦ સાધુઓને વાચના આપતા.

૩. ॐ ह्रीँ ऐं व्यक्त गणधराय (नमः) स्वाहा ।

ભારદ્વાજ ગોત્રવાળા ૫૦૦ સાધુઓને વાચના આપતા.

૪. ॐ ह्रीँ ऐं सुधर्म गणधराय (नमः) स्वाहा ।

વૈશ્યાન ગોત્રવાળા આર્ય સુધર્માસ્થવિર ૫૦૦ સાધુઓને વાચના આપતા.

૫. ॐ ह्रीँ ऐं मंडित गणधराय (नमः) स्वाहा ।

વસિષ્ટ ગોત્રવાળા દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૫૦ સાધુઓને વાચના આપતા.

૬. ॐ ह्रीँ ऐं मौर्यपुत्र गणधराय (नमः) स्वाहा ।

કાશ્યપ ગોત્રવાળા ૩૫૦ સાધુઓને વાચના આપતા.

૭. ॐ ह्रीँ ऐं अकंपित गणधराय (नमः) स्वाहा ।

ગૌતમ ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા.

૮. ॐ ह्रीँ ऐं अचलभ्राता गणधराय (नमः) स्वाहा ।

હારિયાતન ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા.

૯. ॐ ह्रीँ ऐं मेतार्य गणधराय (नमः) स्वाहा ।

કૌડિન્ય ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા.

૧૦ ॐ ह्रीँ ऐं निर्वाण (प्रभास) गणधराय (नमः) स्वाहा ।

—કૌડિન્ય ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા.

- પૂજન દાડમથી કરાવવું (માંડલામાં)
- યંત્ર પર વાસક્ષેપ રૂપાનાણાથી કરવું.
- ગણ એટલે વાચના લેનાર મુનિ સમુદાય.
- શ્રી મહાવીર પ્રભુને નવ ગણ અને અગિયાર ગણધરો થયા.
- કૈવલ્યપ્રાપ્તિ બાદ પ્રભુએ ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું. ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ ૧૧ દિગ્ગજ વિદ્વાનોની શંકાનું સમાધાન કરીને તેઓને સ્વકીય શિષ્યરૂપે ગણધરપદે પ્રતિષ્ઠિત કર્યા.
- ગણધરો આચારાંગથી દષ્ટિવાદપર્યંત બાર અંગના જાણકાર હતા. તેઓ પોતે જ તેના રચનાર હતા. ચૌદ પૂર્વના જાણકાર હતા. તેઓ દ્વાદશાંગીધર, ચૌદ પૂર્વધર હતા. એક માસના ઉપવાસ સાથે પાદપોપગમન અનશન વડે રાજગૃહ વગેરે મોક્ષે ગયા. ૧૧ ગણધરોમાંથી ઈન્દ્રભૂતિ અને સુધર્માસ્વામી સિવાયના ગણધરો ભગવાન મહાવીરદેવ વિદ્યમાન હતા ત્યારે મોક્ષ પામ્યા છે. અત્યારના સઘળાય સાધુઓ આર્ય સુધર્માસ્વામીના શિષ્યો છે. બાકીના ગણધરો પોતપોતાના ગણને મરણ સમયે સુધર્માસ્વામીને સોંપીને મોક્ષે ગયા હતા.
- શ્રી વીરપ્રભુની પાટે શ્રી સુધર્માસ્વામી પાંચમા ગણધર હતા. ચૌદ વિદ્યાના પારગામી થઈને પચાસ વર્ષના અંતે દીક્ષા લીધી અને ત્રીસ વરસ સુધી વીર પ્રભુની સેવા કરી.
- વીરનિર્વાણ પછી બાર વર્ષે—જન્મથી ૯૨ વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પોતાની પાટે જંબૂસ્વામીને સ્થાપીને મોક્ષે ગયા.

○ વીરનિર્વાણ પછી આઠ વર્ષે ગૌતમસ્વામી મોક્ષે ગયા.

○ વીરનિર્વાણ પછી વીસ વર્ષે સુધર્માસ્વામી મોક્ષે ગયા.

○ વીરનિર્વાણ પછી ચોસઠ વર્ષે જંબૂસ્વામી મોક્ષે ગયા.

### ❑ લબ્ધિ એટલે શક્તિ

—એ શક્તિ આત્માના સહયોગથી ઉત્તમ ચારિત્ર અને તપ ગુણોના પ્રગટીકરણ દ્વારા અશુભ કર્મોને છેદી શુભકર્મો ઉદિત થાય ત્યારે શક્તિ સહજ વિકાસ પામી આત્મામાં પ્રાપ્ત થાય છે. આવી શક્તિઓ અદ્ભુત, ચમત્કારિક હોય છે. આવી શક્તિઓ અનંત હોય છે. એટલે જ ગણધર ગૌતમસ્વામીજીને 'અનંતલબ્ધિનિધાન' તરીકે ઓળખીએ છીએ.

આ શક્તિને લબ્ધિ અને ઋદ્ધિ બે શબ્દોથી ઓળખાવે છે. શ્વેતાંબરોમાં 'લબ્ધિ' શબ્દ પ્રચલિત છે. દિગંબરો 'ઋદ્ધિ' શબ્દ વાપરે છે. શબ્દોમાં થોડી અર્થભિન્નતા છે.

આ શક્તિનું પ્રગટીકરણ કરવા તૈજસ તત્ત્વનો પ્રભાવ છે. આ તૈજસ નામનું સૂક્ષ્મ શરીરનો પ્રભાવ એ લબ્ધિ, ઋદ્ધિ શક્તિ છે. શક્તિ તો અનંત છે; પણ સિદ્ધચક્ર પૂજનમાં ૪૮, ઋષિમંડલ પૂજનમાં બાર અને 'ભગવતી સૂત્ર' પ્રશ્નવ્યાકરણમાં પન્નાવણાસૂત્રમાં અટ્ઠાવીસ લબ્ધિપદો સૂચવેલ છે.

આ લબ્ધિઓ ઘણી શક્તિશાળી છે. એ લબ્ધિપદોના જાપ, પૂજન વ્યાપકપણે થાય છે. આચાર્ય ભગવંતો પણ મુદ્રાઓ દ્વારા એના જાપ કરે છે. દરેક લબ્ધિશક્તિ માનવજાતની જુદી જુદી અનેક તકલીફો, કષ્ટો, દુઃખો દૂર કરવામાં, ઉન્નતિ, કીર્તિ, કાર્યસિદ્ધિ, ધર્મપ્રભાવનાની શક્તિ વગેરેમાં સફળ કામ આપનારી છે.

## વલય ત્રીજું
## અટ્ઠાવીસ લબ્ધિપદ પૂજન

૧. **ॐ ह्रीँ अर्हं आमोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।**

(શરીરના સ્પર્શમાત્રથી રોગ મટી જાય એવી લબ્ધિ)

૨. **ॐ ह्रीँ अर्हं विप्पोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।**

(મલ-મૂત્ર સર્વ ઔષધરૂપ બની સર્વ રોગ મટાડે એવી લબ્ધિ)

૩. **ॐ ह्रीँ अर्हं खेलोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।**

(શ્લેષ્મ થકી સર્વ રોગ મટી જાય એવી લબ્ધિ)

૪. **ॐ ह्रीँ अर्हं जल्लोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।**

(શરીરના મેલથી સર્વ રોગ મટી જાય એવી લબ્ધિ)

૫. ॐ ह्रीँ अर्हं सव्वोसहिपत्ताणं झौँ झौँ स्वाहा ।
(કેશ-નખ-રોમ વગેરે સર્વ અંગથી સર્વ રોગ મટી જાય એવી લબ્ધિ)

૬. ॐ ह्रीँ अर्हं संभिन्नसोयाणं झौँ झौँ स्वाहा ।
(કોઈ પણ એક ઇન્દ્રિયથી સાંભળી શકવાની લબ્ધિ)

૭. ॐ ह्रीँ अर्हं अवधिनाणीणं झौँ झौँ स्वाहा ।
(રૂપી પદાર્થોને ઇન્દ્રિયની સહાય વગર જાણવાની શક્તિ)

૮. ॐ ह्रीँ अर्हं मनःपर्यवनाणीणं झौँ झौँ स्वाहा ।
(ગર્ભજ પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવાની શક્તિ)

૯. ॐ ह्रीँ अर्हं विपुलमईणं झौँ झौँ स्वाहा ।
(અઢી દ્વીપમાં વિશેષપણે મનોભાવ જાણવાની શક્તિ)

૧૦. ॐ ह्रीँ अर्हं चारणलद्धीणं झौँ झौँ स्वाहा ।
(આકાશગામિની શક્તિ)

૧૧. ॐ ह्रीँ अर्हं आसीविसाणं झौँ झौँ स्वाहा ।
(જેવો શાપ આપે તેવું થાય એવી શક્તિ)

૧૨. ॐ ह्रीँ अर्हं केवलनाणीणं झौँ झौँ स्वाहा ।
(ત્રણ કાળ અને ત્રણ લોકના સર્વ ભાવોને જાણવાની શક્તિ)

૧૩. ॐ ह्रीँ अर्हं गणधरपदाणं झौँ झौँ स्वाहा ।
(ગણધરપદ મળે)

૧૪. ॐ ह्रीँ अर्हं पूर्वधरपदाणं झौँ झौँ स्वाहा ।
(ચૌદપૂર્વગામી બને)

૧૫. ॐ ह्रीँ अर्हं अरिहंतपदाणं झौँ झौँ स्वाहा ।
(અરિહંતપદ પ્રાપ્ત કરવાની શક્તિ)

૧૬. ॐ ह्रीँ अर्हं चक्रवर्तिपदाणं झौँ झौँ स्वाहा ।
(ચક્રવર્તિપણું પ્રાપ્ત થાય તેવી શક્તિ)

૧૭. ॐ ह्रीँ अर्हं बलदेवपदाणं झौँ झौँ स्वाहा ।
(બળદેવરૂપે જન્મ થાય તેવી લબ્ધિ)

૧૮. ॐ ह्रीँ अर्हं वासुदेवपदाणं झौँ झौँ स्वाहा ।
(વાસુદેવરૂપે જન્મ થાય એવી શક્તિ)

૧૯. ॐ ह्रीँ अर्हं अमृतस्रवाणं झौँ झौँ स्वाहा ।
(ઘી—સાકર—ખીર જેવી મધુર વાણી પ્રાપ્ત થાય એવી શક્તિ)

૨૦. ॐ ह्रीँ अर्हं **कोष्ठबुद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(ભણેલું ભૂલે નહીં એવી લબ્ધિ)

૨૧. ॐ ह्रीँ अर्हं **पदानुसारिणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(એક પદ ભણતાં ઘણું આવડી જાય એવી શક્તિ)

૨૨. ॐ ह्रीँ अर्हं **बीजबुद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(એક પદ ભણીને ઘણો અર્થ જાણે એવી શક્તિ)

૨૩. ॐ ह्रीँ अर्हं **तेजोलश्याणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(બાળી નાખે, સખત દાહ ઉપજાવે એવી લબ્ધિ)

૨૪. ॐ ह्रीँ अर्हं **आहारकाणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(સંદેહ નિવારણ માટે ભગવાન પાસે પહોંચી જવાય એવી શક્તિ)

૨૫. ॐ ह्रीँ अर्हं **शीतलेश्याणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(શીતળ ઠારી દે એવી શક્તિ)

૨૬. ॐ ह्रीँ अर्हं **वैक्रियलब्धिसंपन्नाणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(નાનાંમોટાં રૂપ ધારણ કરવાની શક્તિ)

૨૭. ॐ ह्रीँ अर्हं **अक्षीणमहानसीलब्धिसंपन्नाणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(પોતાના અલ્પ આહારે અનેક માણસોને જમાડે એવી શક્તિ)

૨૮. ॐ ह्रीँ अर्हं **पुलाकलब्धिसंपन्नाणं झ्रौँ झ्रौँ स्वाहा ।**
(સંઘના ભલા માટે ચક્રવર્તી સૈન્યને નાશ કરવાની શક્તિ)

૨૮ લબ્ધિપદોનું પૂજન માંડલામાં ખારેક મુકાવવાપૂર્વક કરાવવું. યંત્ર મધ્યે કુસુમાંજલીથી.

નોંધ :—અઠ્ઠાવીસ લબ્ધિપદનાં નામ ભગવતીસૂત્ર પ્રશ્ન વ્યાકરણ ને પન્નવણાસૂત્રમાં સૂચવેલ છે.

## વલય ચોથું
## અષ્ટમહાસિદ્ધિ પૂજન

ઋદ્ધિ :—વૈભવ—ઐશ્વર્ય—સંપત્તિ અને સામર્થ્ય

સિદ્ધિ :—અણિમા આદિ યોગની શક્તિઓ

લબ્ધિ :—યોગ વગેરેથી પ્રાપ્ત થતી વિશિષ્ટ શક્તિઓ

સિદ્ધિઓ અને લબ્ધિઓની શક્તિ યોગસાધના દ્વારા પ્રાપ્ત થતી વિશિષ્ટ ગૂઢ અને ચમત્કારી શક્તિઓ છે. યોગસાધનાના બળે પ્રાપ્ત થતી સિદ્ધિઓને મહાસિદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે તે અણિમાદિ આઠ સિદ્ધિઓ છે તેનું પૂજન.

૧. ॐ ह्रीँ अणिमादि शक्तये स्वाहा ।

સોયના છિદ્ર જેટલી જગ્યામાંથી પસાર થઈ શકવાની શક્તિ

૨. ॐ ह्रीँ महिमादि शक्तये स्वाहा ।

પોતાનું રૂપ મેરુ પર્વતથી પણ મોટું બનાવવાની શક્તિ

૩. ॐ ह्रीँ लघिमादि शक्तये स्वाहा ।

પવનની લઘુતાને પણ વટાવી જાય એવી લઘુત્વકરણ શક્તિ

૪. ॐ ह्रीँ गरिमा शक्तये स्वाहा ।

ઇન્દ્રાદિ પણ સહન ન કરી શકે એવી ગુરુત્વકરણ શક્તિ

૫. ॐ ह्रीँ प्राप्ति शक्तये स्वाहा ।

મેરુ પર્વતની ટોચને પોતે ભૂમિ પર રહી આંગળાથી સ્પર્શ કરવાની શક્તિ

૬. ॐ ह्रीँ प्राकाम्य शक्तये स्वाहा ।

જમીનની જેમ પાણી પર ચાલવાની શક્તિ—પાણીમાં તરતા હોય તેમ ભૂમિ પર ચાલવાની શક્તિ

૭. ॐ ह्रीँ ईशित्व शक्तये स्वाहा ।

ચક્રવર્તી ઇન્દ્રના જેવી પોતાની શોભા કરી શકવાની શક્તિ

૮. ॐ ह्रीँ वशित्व शक्तये स्वाहा ।

ક્રૂર જીવો પણ જેમના દર્શન માત્રથી શાંત થઈ જાય એવી શક્તિ

આઠ પદોનું પૂજન માંડલામાં બદામ મુકાવવાપૂર્વક કરાવવું. યંત્ર પર કુસુમાંજલી.

## વલય પાંચમું

## નવનિધાનપૂજન

૧. ॐ नैसर्पिकाय स्वाहा ।

ગ્રામ-નગર આદિનો વ્યવહાર જેનાથી થાય છે તે

૨. ॐ पाण्डुकाय स्वाहा ।

નાણાં અને મેય દ્રવ્યનો વ્યવહાર જેનાથી થાય છે તે

૩. ॐ पिंगलाय स्वाहा ।

પુરુષ, સ્ત્રી, અશ્વ, હસ્તિના આભરણવિધિ જેનાથી થાય છે તે

૪. ॐ सर्वरत्नाय स्वाहा ।

ચક્રવર્તીનાં ૧૪ અને અન્ય એકેન્દ્રિયાદિ રત્નોની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

૫. ॐ महापद्माय स्वाहा ।

શ્વેત અને રંગીન વસ્ત્રોની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

૬. ॐ कालाय स्वाहा ।

વર્તમાન આદિ ત્રણ કાળનું અને બધી કળાઓનું જ્ઞાન જેનાથી થાય છે તે

૭. ॐ महाकालाय स्वाहा ।

લોહ આદિ સમગ્ર ધાતુઓ તથા સ્ફટિક મણિ વગેરેની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

૮. ॐ माणवकाय स्वाहा ।

યુદ્ધનીતિ અને દંડનીતિ તથા યોદ્ધા આયુધો વગેરેની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

૯. ॐ शंखाय स्वाहा ।

સંગીત–નૃત્ય–વાદ્યોની ઉત્પત્તિ જેનાથી થાય છે તે (સ્થાનાંગ સૂત્ર)

–દરેક પદનું પૂજન માંડલામાં અખરોટથી કરવું.

## વલય છઠ્ઠું

## સોળ વિદ્યાદેવી પૂજન

શ્રી જિનશાસનમાં આ સોળ વિદ્યાદેવીઓનું સ્થાન ઘણું ઊંચું માનવામાં આવેલ છે. મંત્રગ્રંથોમાં સોળ સ્વરની અધિષ્ઠાત્રી તરીકે માનવામાં આવેલ છે. વિદ્યા–જ્ઞાનની ઉપાસનામાં સહાયક બનવાની પ્રાર્થના સ્વરૂપ સોળ વિદ્યાદેવીનું પૂજન

૧. ॐ ऐँ ह्रीँ क्लीँ यां रोहिण्यै अँ नमः स्वाहा ।

૨. ॐ ऐँ ह्रीँ क्लीँ तां प्रज्ञप्त्यै आँ नमः स्वाहा ।

૩. ॐ ऐँ ह्रीँ क्लीँ लाँ वज्रशृंखलायै इँ नमः स्वाहा ।

૪. ॐ ऐँ ह्रीँ क्लीँ वाँ वज्रांकुश्यै ईँ नमः स्वाहा ।

૫. ॐ ऐँ ह्रीँ क्लीँ शाँ अप्रतिचक्रायै उँ नमः स्वाहा ।

૬. ॐ ऐँ ह्रीँ क्लीँ षाँ पुरुषदत्तायै ऊँ नमः स्वाहा ।

૭. ॐ ऐँ ह्रीँ क्लीँ साँ काल्यै नमः ऋँ नमः स्वाहा ।

૮. ॐ ऐँ ह्रीँ क्लीँ हाँ महाकाल्यै ॠँ नमः स्वाहा ।

૯. ॐ ऐँ ह्रीँ क्लीँ यूँ गौर्यै लृँ नमः स्वाहा ।

૧૦. ॐ ऐँ ह्रीँ क्लीँ ऋँ गान्धार्यै ॡँ नमः स्वाहा ।

११. ॐ ऐँ ह्रीँ क्लीँ लूँ सर्वास्त्रमहाज्वालायै ऐँ नमः स्वाहा ।

१२. ॐ ऐँ ह्रीँ क्लीँ वूँ मानव्यै ऐँ नमः स्वाहा ।

१३. ॐ ऐँ ह्रीँ क्लीँ सूँ वैरोट्यै ओँ नमः स्वाहा ।

१४. ॐ ऐँ ह्रीँ क्लीँ षूँ अछुप्तायै औँ नमः स्वाहा ।

१५. ॐ ऐँ ह्रीँ क्लीँ सूँ मानस्यै अँ नमः स्वाहा ।

१६. ॐ ऐँ ह्रीँ क्लीँ हूँ महामानस्यै अः नमः स्वाहा ।

સોળ કમલદલમાં ૧૬ મોતીચૂર લાડુ ૧૬ મોસંબી, ૧૬ પાન મુકાવાપૂર્વક પૂજન કરવું. યંત્ર પર કુસુમાંજલી–૧૬ પુષ્પ–૧૬ રૂપિયા મુકાવવા.

### ❑ સમગ્ર કુસુમાંજલી

वामासुतक्रमकुशेशय भृंगभावं, ये ब्रिभ्रतीह भविका मुदिताशयास्तु
तेषां गृहेषु दुरितप्रकारं हरन्त्य, स्तवन्ति शांतिक ममूस्त्रि दशांगनाहि ॥

# વલય સાતમું
# પિસ્તાલીસ આગમોનું પૂજન

१. ॐ अर्हं श्री आचारांग सूत्राय नमः स्वाहा ।

२. ॐ अर्हं श्री सूयगडांग सूत्राय नमः स्वाहा ।

३. ॐ अर्हं श्री ठाणांग सूत्राय नमः स्वाहा ।

४. ॐ अर्हं श्री समवायांग सूत्राय नमः स्वाहा ।

५. ॐ अर्हं श्री भगवतीसूत्राय नमः स्वाहा ।

६. ॐ अर्हं श्री ज्ञाताधर्मकथांग सूत्राय नमः स्वाहा ।

७. ॐ अर्हं श्री उपासकदशांग सूत्राय नमः स्वाहा ।

८. ॐ अर्हं श्री अंतकृद्दशांग सूत्राय नमः स्वाहा ।

९. ॐ अर्हं श्री अनुत्तरोपपाति सूत्राय नमः स्वाहा ।

१०. ॐ अर्हं श्री प्रश्नव्याकरणांग सूत्राय नमः स्वाहा ।

११. ॐ अर्हं श्री विपाकसूत्रांग सूत्राय नमः स्वाहा ।

१२. ॐ अर्हं श्री उववाइ सूत्राय नमः स्वाहा ।

१३. ॐ अर्हं श्री रायप्पसेणी सूत्राय नमः स्वाहा ।

१४. ॐ अर्हं श्री जीवाभिगम सूत्राय नमः स्वाहा ।

१५. ॐ अर्हं श्री पन्नवणा सूत्राय नमः स्वाहा ।

१६. ॐ अर्हं श्री जंबूद्वीपन्नति सूत्राय नमः स्वाहा ।
१७. ॐ अर्हं श्री सूर्यपन्नति सूत्राय नमः स्वाहा ।
१८. ॐ अर्हं श्री चंदपन्नति सूत्राय नमः स्वाहा ।
१९. ॐ अर्हं श्री कप्पवडिंसया सूत्राय नमः स्वाहा ।
२०. ॐ अर्हं श्री निरियावली सूत्राय नमः स्वाहा ।
२१. ॐ अर्हं श्री पुप्फचूलिया सूत्राय नमः स्वाहा ।
२२. ॐ अर्हं श्री वन्हिदशोपाङ्ग सूत्राय नमः स्वाहा ।
२३. ॐ अर्हं श्री पुप्फिया उपाङ्ग सूत्राय नमः स्वाहा ।
२४. ॐ अर्हं श्री चउसरण पयन्ना सूत्राय नमः स्वाहा ।
२५. ॐ अर्हं श्री आउरपच्चखाण सूत्राय नमः स्वाहा ।
२६. ॐ अर्हं श्री भत्तपरिज्ञा सूत्राय नमः स्वाहा ।
२७. ॐ अर्हं श्री संथारापयन्ना सूत्राय नमः स्वाहा ।
२८. ॐ अर्हं श्री तंडुलवेयालिय सूत्राय नमः स्वाहा ।
२९. ॐ अर्हं श्रीचंदाजयपय सूत्राय नमः स्वाहा ।
३०. ॐ अर्हं श्री देविंदथुइ पयन्ना सूत्राय नमः स्वाहा ।
३१. ॐ अर्हं श्री मरणसमाधि पयन्ना सूत्राय नमः स्वाहा ।
३२. ॐ अर्हं श्री महापच्चखाण पयन्ना सूत्राय नमः स्वाहा ।
३३. ॐ अर्हं श्री गणिविज्ञा पयन्ना सूत्राय नमः स्वाहा ।
३४. ॐ अर्हं श्री निशीथच्छेद सूत्राय नमः स्वाहा ।
३५. ॐ अर्हं श्री व्यवहारछेद सूत्राय नमः स्वाहा ।
३६. ॐ अर्हं श्री दशांश्रुतस्कंधछेद सूत्राय नमः स्वाहा ।
३७. ॐ अर्हं श्री पंचकल्पच्छेद सूत्राय नमः स्वाहा ।
३८. ॐ अर्हं श्री जितकल्पच्छेद सूत्राय नमः स्वाहा ।
३९. ॐ अर्हं श्री महानिशीथच्छेद सूत्राय नमः स्वाहा ।
४०. ॐ अर्हं श्री दशवैकालिक मूल सूत्राय नमः स्वाहा ।
४१. ॐ अर्हं श्री उत्तराध्ययनमूल सूत्राय नमः स्वाहा ।
४२. ॐ अर्हं श्री ओघनिर्युक्तिमूल सूत्राय नमः स्वाहा ।
४३. ॐ अर्हं श्री आवश्यकमूल सूत्राय नमः स्वाहा ।
४४. ॐ अर्हं श्री नंदी सूत्राय नमः स्वाहा ।
४५. ॐ अर्हं श्री अनुयोगद्वार सूत्राय नमः स्वाहा ।

આગળ પાટ પર પિસ્તાળીસ આગમગ્રંથો ગોઠવી પૂજા કરાવવી અથવા ભગવતીસૂત્ર ગોઠવવું. તેનું પૂજન સોના-ચાંદીથી-રૂપાનાણાથી કરવું. દરેક આગમ પર વાસક્ષેપ કરવો-ફૂલ ચઢાવવું-રૂપાનાણું મૂકવું.

એક એક આગમ પાસે ધૂપ ઉવેખવો. માટીના કોડિયામાં ૪૫ દીવડા અગાઉથી બનાવી ક્રમાનુસાર એક એક દીપક આગમ સન્મુખ પ્રગટાવી માંડલામાં દીવડા ગોઠવવા.

દુહો

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર, પ્રભુ અર્થ પ્રકાશે રચના ગણધર સાર,
સો આગમ સુણંતા, છેદીજે ગતિ ચાર, પ્રભુ વચન વખાણી, લહીએ ભવનો પાર.

# ગુરુ ગૌતમસ્વામીનું અષ્ટક

અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર, શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર ...(૧)
પ્રભુ વચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણીવાર, ચૌદે પૂરવમાં રચે, લોકાલોક વિચાર ...(૨)
ભગવતી સૂત્રે કર નમિ, બંભી લિપિ જયકાર, લોક લોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર...(૩)
વીર પ્રભુ સુખિયા થયા, દિવાળી દિન સાર, અંતરમુહૂર્ત તત્ક્ષણે, સુખિયો સહુ સંસાર ...(૪)
કેવળ જ્ઞાન લહે તદા, શ્રી ગૌતમ ગણધાર, સુરનર હર્ષ ધરી પ્રભુ, કર અભિષેક ઉદાર ...(૫)
સુરનર પર્ષદા આગળે, ભાખે શ્રી શ્રુતનાણ, નાણથકી જગ જાણીએ, દ્રવ્યાદિક ચૌઠાણ ...(૬)
તે શ્રુતજ્ઞાનને પૂજીએ, દીપ ધૂપ મનોહાર, વીર આગમ અવિચલ રહો, વરસ એકવીશ હજાર ...(૭)
ગુરુ ગૌતમ અષ્ટક કહી, આણી હર્ષ ઉલ્લાસ, ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ ...(૮)
શાસન શ્રી પ્રભુ વીરનું, સમજે જે સુવિચાર, ચિદાનંદ સુખ શાશ્વતા, પામે તે નિરધાર ...(૯)

# મહિમાવાચક શ્રી ગૌતમસ્વામીનો છંદ

માત પૃથવી સુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ ગેલે
પ્રહ સમે પ્રેમશું જેહ ધ્યાતા સદા, ચઢતી કળા હોય વંશ વેલે ૧

વસુભૂતિનંદન વિશ્વજન વંદન, દુરિત નિકંદન નામ જેહનું
અભેદ બુદ્ધે કરી ભવિજન જે ભજે, પૂર્ણ પહોંચે ભાગ્ય તેહનું ૨

સુરમણિ જેહ ચિંતામણિ સુરતરુ, કામિત પુરણ કામધેનુ
એહ ગૌતમતણું ધ્યાન હૃદયે ધરો, જે થકી અધિક નહિ માહાત્મ્ય કેનું ૩

જ્ઞાનબળ તેજ ને સકળ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનીમાં, સુર નર જેહને શિશ નામે ૪

પ્રણવ આદે ધરી, માયાબીજે કરી, સ્વસુખે ગૌતમ નામ ધ્યાવે
કોડી મનકામના સફળ વેગે ફળે, વિઘ્ન વૈરી સવિ દૂર જાયે ૫

દુષ્ટ દૂરે ટળે સ્વજનમેળો મળે, આધિ ઉપાધિ ને વ્યાધિ નાસે
ભૂતના પ્રેતના જોર ભાંજે વળી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે. ૬

તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ, પનરશે ત્રણને દીખ્ખ દીધી
અઠ્ઠમને પારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી. ૭

વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા, વરસ વળી ત્રીસ કરી વીરસેવા
બાર વરસા લગે કેવળ ભોગવ્યું, ભક્તિ જેહની કરે નિત્ય દેવા. ૮

મહિયલ ગૌતમ ગોત્ર મહિમા નિધિ, ગુણનિધિ ઋદ્ધિ ને સિદ્ધિદાઈ
ઉદય જશ નામથી અધિક લીલા લહે, સુજશ સૌભાગ્ય દોલત સવાઈ. ૯

### સમૂહમંત્રજાપ

**ૐ હ્રીઁ શ્રીઁ અરિહંત ઉવજ્ઝાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ।**

૧૦૮ વાર સમૂહમાં સર્વેએ જાપ કરવો.

# શ્રી ગૌતમસ્વામીની આરતી

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિતણો ભંડાર,
સમરે વાંછિત સુખ દાતાર, જયો જયો ગૌતમ ગણધાર. ૧

વીર વજીર વડો અણગાર, ચૌદ હજાર મુનિ શિરદાર,
જપતાં નામ હોય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર. ૨

ગય ગમણી રમણી જગસાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર,
આવે કનક કોડિ વિસ્તાર, જયો જયો ગૌતમ ગણધાર. ૩

ઘેર ઘોડા પાયક નહિ પાર, સુખાસન પાલખી ઉદાર,
વૈરી વિકટ થાય વિસરાલ, જયો જયો ગૌતમ ગણધાર. ૪

કવિ રૂપચંદ ગણિ કેરો શિષ્ય, ગૌતમ ગુરુ પ્રણમો નિશદિન,
કહે ચંદ એ સુમતાગાર, જયો જયો ગૌતમ ગણધાર. ૫

* * *

### મંગળ દીવો

શ્રી ગૌતમ ગુરુ સમરીએ, ઊઠી ઉગમતે સૂર,
લબ્ધિનો લીલો ગુણનીલો, વેલી સુખ ભરપૂર ૧

ગૌતમ ગોત્રતણો ધણી, રૂપ અતીવ ભંડાર,
અઠ્ઠાવીસ લબ્ધિનો ધણી, શ્રી ગૌતમ ગણધાર ૨

અમૃતમય અંગૂઠડો, ઠવિયો પાત્ર મોઝાર,
ખીર ખાંડ ઘૃત પૂરિયો, મુનિવર દોઢ હજાર ૩

પહેલું મંગળ શ્રીવીરનું, બીજું ગૌતમ સ્વામ,
ત્રીજું મંગળ સ્થૂલભદ્રનું, ચોથું ધર્મનું ધ્યાન ૪

પ્રહ ઊઠી પ્રણમું સદા, જિહાં જિહાં જિનવર ભાણ,
માનવિજય ઉવજ્ઝાયનું, હોજો કુશળ કલ્યાણ ૫

## શ્રી ગૌતમસ્વામીનું ચૈત્યવંદન

નમો ગણધર નમો ગણધર, લબ્ધિ તણા ભંડાર,
ઈન્દ્રભૂતિ મહિમાનીલો, વડ વજીર મહાવીર કેરો,
ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણ અગ્યારમાંહે વડેરો,
કેવળજ્ઞાન લહ્યું જિણે, દિવાલી પરભાત,
જ્ઞાનવિમલ કહે જેહના, નામ થકી સુખશાત

ઈન્દ્રભૂતિ પહિલો ભણું, ગૌતમ જસ નામ,
ગોબર ગામે ઉપન્યા, વિદ્યાના ધામ;
પંચ સયા પરિવારશું, લેઈ સંયમ ભાર,
વરસ પચાસ ગૃહે વસ્યા, વ્રતે વર્ષ જ ત્રીશ
બાર વરસ કેવલ વર્યા એ, બાણું વરસ સવિ આય
નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવનિધિ થાય.

## શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

વીર મધુરી વાણી ભાખે, જલધિ જલ ગંભીર રે;
ઈંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ, રજકણ હરણ પ્રવર સમીર રે. વીર ૧

પંચભૂત થકી જ પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે. વીર ૨

વેદપદનો અર્થ એહવો, કરે મિથ્યારૂપ રે;
વિજ્ઞાનઘનપદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે. વીર ૩

ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે;
પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે. વીર ૫

જિહાં જેહવી વસ્તુ દેખિયે, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવજ્ઞાન વિપર્યયથી, હોય ઉત્તમ જ્ઞાન રે. વીર ૫

એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે;
ઈણિપરે ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે. વીર ૬

દીપાલિકા પ્રભાતે કેવલ લહ્યું, તે ગૌતમ સ્વામ રે;
અનુક્રમે શિવસુખ લહ્યા તેહને, નય કરે પ્રણામ રે. વીર ૭

### થોય

ઈન્દ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા....
પંચશત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા.... *—જ્ઞાનવિમલસૂરિ*

શ્રી ઈન્દ્રભૂતિં ગણવૃદ્ધિભૂતિં, શ્રી વીર તીર્થાધિપ મુખ્ય શિષ્યમ્
સુવર્ણકાંતિ કૃતકર્મશાંતિં, નમામ્યહં ગૌતમગોત્રરત્નમ્. *—જ્ઞાનવિમલસૂરિ*

## વિસર્જન મંત્ર

**ॐ आँ क्रौँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्रीगुरु गौतमस्वामिन् अधिष्ठायकदेवैः सह पुनरागमनाय स्वस्थानं गच्छ गच्छ यः यः यः जः जः जः स्वाहा ॥**

*—રેચક પ્રાણાયમથી સંહારમુદ્રા કરવાપૂર્વક કરવું.*

### ક્ષમાપ્રાર્થના

आह्वानं नैव जानामि, न जानामि विसर्जनम्। पूजाविधिं न जानामि, प्रसीद परमेश्वर!
आज्ञाहीनं क्रियाहीनं, मंत्रहीनं च यत्कृतम्, तत्सर्वं कृपया देवाः, क्षमन्तु परमेश्वराः ॥

## શ્રી ગૌતમસ્વામી મહાપૂજનમાં જરૂરી સામગ્રીની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી કંકુ | ૫૦ ગ્રામ | ગુલાબનું અત્તર | ૫ ગ્રામ | કરિયાણું અનાજ વગેરે | |
| કેસર | ૨ ગ્રામ | મોગરાનું અત્તર | ૫ ગ્રામ | શ્રીફળ | ૧૧ નંગ |
| બરાસ | ૧૦ ગ્રામ | જૂઈનું અત્તર | ૫ ગ્રામ | ચોખા ઝીણા | ૧૫ કિલો |
| અંબર | ૧ મિ. ગ્રા | સુખડનું અત્તર | ૫ ગ્રામ | બાસમતી ચોખા | ૧ કિલો |
| કસ્તૂરી | ૧ મિ.ગ્રા | ગુલાબજળ મોટો શીશો | ૧ નંગ | ઘઉં | ૨।। કિલો |
| વાસક્ષેપ | ૨૦૦ ગ્રામ | તીર્થજળ | ૧ બાટલી | મગ | ૨।। કિલો |
| દશાંગધૂપ | ૧૦૦ ગ્રામ | સોનારૂપાનાં ફૂલ | ૧૦ ગ્રામ | અડદ | ૨।। કિલો |
| ધૂપસળી | ૧ પેકેટ | અષ્ટગંધ | ૨ ગ્રામ | ચણાની દાળ | ૨।। કિલો |
| લાલ નાડાછડી ત્રણતારી | ૧ દડો | ગોરૂચંદન | ૧૦ ગ્રામ | સાકર ગાંગડા | ૧૧ નંગ |
| સોનેરી બાદલુ | ૫ ગ્રામ | ધૂપસળી (૩ ફૂટ લાંબી) | ૪ નંગ | સાકર કણી | ૧૦૦ ગ્રામ |
| ચાંદીના વરખ | ૧૫ થોકડી | રૂની દિવેટો ઊભી | ૨૦૦ નંગ | અખરોટ | ૧૧ નંગ |
| સોનાના વરખ | ૧ પાન | | | માટીનાં નાનાં કોડિયાં | ૫૦ નંગ |
| પંચરત્નની પોટલી | ૨ નંગ | | | ખારેક | ૩૫ નંગ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કપૂર ગોટી મોટી | ૧ નંગ | | | આખી મોટી બદામ | ૧૦૦ ગ્રામ |
| સોપારી મોટી કાચી | ૩૦ નંગ | ફળ | | નાણું | |
| ગાયનું ઘી | ૨ કિલો | નારંગી | ૨૪ નંગ | સુવર્ણમુદ્રા (ગીની) | ૨ નંગ |
| રૂ પીંજેલું | ૧ પેકેટ | દાડમ | ૧૨ નંગ | ચાંદીની મુદ્રા ૧૦ ગ્રામની | ૫ નંગ |
| દીવાસળીની પેટી | ૧ નંગ | મોસંબી | ૧૮ નંગ | રોકડા રૂપિયા | ૧૨૫ નંગ |
| ઈલાયચી | ૨૫ ગ્રામ | ચીકુ | ૬ નંગ | પાવલી | ૪૮ નંગ |
| તજ | ૨૫ ગ્રામ | લીલાં શ્રીફળ | ૨ નંગ | પૂજનના દિવસે સવારે | |
| લવિંગ | ૨૫ ગ્રામ | પપૈયાં કાચાં | ૨ નંગ | દૂધ | ૩ લીટર |
| કાપડ | | લીલી દ્રાક્ષ | ૨૫૦ ગ્રામ | દહીં | ૧ ચમચી |
| મલમલ સફેદ | ૩ મીટર | શેરડીના ટુકડા | ૬ નંગ | ફૂલ | |
| ડસ્ટર (પોથા) | ૪ નંગ | નાગરવેલનાં પાન | ૧૦૦ નંગ | જૂઈ | ૫૦૦ ગ્રામ |
| પીળું પોપલીન | ૮ મીટર | નૈવેદ્ય | | મોગરો | ૫૦૦ ગ્રામ |
| નેપકીન | ૫ નંગ | ઘેબર | ૧૧ નંગ | ગુલાબ | ૨૦૦ નંગ |
| લીલું સિલ્ક | ૧ મીટર | મોતીચૂર (બુંદી)ના લાડુ | ૧૮ નંગ | ડમરો | ૫૦૦ ગ્રામ |
| | | પેંડા-બરફી | ૧૧/૧૧નંગ | સફેદ દાઉદી | ૨૫૦ ગ્રામ |
| | | મૈસુર | ૧૧ નંગ | પીળા ફૂલના હાર | ૧૫ નંગ |
| | | ગલેફા | ૧૧ નંગ | ગુલાબના હાર | ૨ નંગ |

## દેરાસરનો સામાન

| | |
|---|---|
| સિંહાસન ત્રિગડું- (ત્રિગડા પર ચંદરવો બાંધવો) | |
| ત્રિગડાના માપની દીવી-સ્ટેન્ડ-ફાનસ ગ્લાસ સાથે | ૨ નંગ |
| છૂટું ફાનસ ગ્લાસ સાથે | ૧ નંગ |
| ધૂપધાણા | ૨ નંગ |
| માટીનાં કૂંડાં | ૨ નંગ |
| જર્મન થાળ | ૨૦ નંગ |
| નાની થાળી | ૨૦ નંગ |
| પૂજાની વાટકી | ૨૦ નંગ |
| વાટકા | ૧૦ નંગ |
| કળશ | ૧૫ નંગ |
| કૂંડી | ૨ નંગ |
| કાંસાની થાળી-વેલણ, ચામર, દર્પણ, પંખો, ઘંટડી | |
| પાટલા | ૧૫ નંગ |
| પાટ | ૩ નંગ |
| બાજોઠી | ૬ નંગ |
| યંત્ર પધરાવવા મોટો બાજોઠ | ૧ નંગ |
| યંત્ર પધરાવવા નાળચાવાળો થાળ | |

૧૦૮ દીવાની આરતી-મંગળદીવો
અષ્ટમંગળનો ઘડો
ગૌતમસ્વામીની મૂર્તિ
મહાવીરસ્વામીની પંચતીર્થી પ્રતિમા

મોતીની ઈંઢોણી
પિસ્તાલીસ આગમના છોડ અને આગમ
શાહીબાગ–ગીરધરનગર નોંધાવી
લાવવાની વ્યવસ્થા કરી વ્યસ્થિત બંધાવવા.

* * *



# શ્રી ગૌતમસ્વામી મહાપૂજન વિધિ

*શ્લોક-રચયિતા :* અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી ગુણસાગરસૂરિજી મહારાજ

*પ્રેરણાદાતા :* તપસ્વી પ. પૂ. મુનિ શ્રી ચારિત્રરત્નસાગરજી મ.

*સંકલનકર્તા :* પ. પૂ. મુનિ શ્રી સર્વોદયસાગરજી મહારાજ

*સંપાદક :* પ. પૂ. મુનિ શ્રી ઉદયરત્નસાગરજી મહારાજ

**શ્રી ગૌતમસ્વામીજીના મહિમાનો વ્યાપ કેટલો બધો પ્રસરેલો છે કે વિવિધ ગચ્છોમાં આવતા મહાપૂજનોમાં પણ આ વ્યાપ જોવા મળે છે. અર્થાત્ અચલગચ્છમાં શ્રી ગૌતમસ્વામીજીનું મહાપૂજન ભણાવાય છે, જે અત્રે પ્રસ્તુત છે.** *—સંપાદક]*

[ પૂજાની સામગ્રી : કેસર ૦।। ગ્રામ, બરાસ ૫ ગ્રામ, વાસક્ષેપ ૧૦૦ ગ્રામ, દશાંગ ધૂપ ૨૦૦ ગ્રામ, સુગંધિત ધૂપ ૧ પૂળો, ગાયનું દૂધ ૦।। લિટર, ગાયનું દહીં ૧ વાટકી, ગાયનું ઘી ૦। કિલો, નાગરવેલનાં પાન ૧૦૦ નંગ, સોપારી ૧૦ નંગ, ખડી સાકર ૨૦ નંગ, અખરોટ ૯ નંગ, જાયફળ ૮ નંગ, પતાસાં ૨૦ નંગ, શેરડી અને કેળાં ૧૫ નંગ, જુદાં જુદાં ફળો ૨૪ નંગ, બુંદીના લાડુ ૦।। કિલો, મગના લાડુ ૪ નંગ, પેંડા ૪ નંગ, શ્રીફળ લીલાં પાણીવાળાં ૪ નંગ, શ્રીફળ સૂકાં ૪ નંગ, ગુલાબજળની બાટલી નાની, ચમેલીના અત્તરની નાની શીશી, મોગરો, ગુલાબ, અત્તર, ચોખા ૧૨ કિલો, જુદાં જુદાં ફળો ૫૦ નંગ, રક્ષા પોટલી ૧૦૦૦ નંગ, ખાવાના રંગ પાંચ જાતના, બલી-બાકળા ૦।। કિલો, સ્નાત્રનો પૂર્ણ સામાન.]

**જલમંત્ર :**

ૐ આપોऽપકાયા એકેન્દ્રિયા જીવા નિરવદ્યા ગૌતમસ્વામિ મહા-પૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ નિરપાયાઃ સન્તુ સદ્‌ગતયઃ સન્તુ ન મેऽસ્તુ સંઘટ્ટન હિંસા પાપં પૂજાર્ચને સ્વાહા ઇતિ જલાભિમંત્રણમ્ । (આ મંત્ર બોલી જલ ઉપર ત્રણ વખત વાસક્ષેપ કરવો.)

**પત્રપુષ્પફલચંદનાદિ મંત્ર :**

ૐ વનસ્પતયો વનસ્પતિકાયા એકેન્દ્રિયા જીવા નિરવદ્યા શ્રી ગૌતમસ્વામિ મહાપૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ નિરપાયાઃ સન્તુ સદ્‌ગતયઃ સન્તુ ન મેऽસ્તુ સંઘટ્ટન હિંસા પાપં પૂજાર્ચને સ્વાહા ।। ઇતિ પત્ર-પુષ્પ-ફલ-ચંદનાભિમંત્રણમ્ । (પત્ર-પુષ્પ-ફલ-ચંદન આદિ ઉપર ત્રણ વખત વાસક્ષેપ કરવો.)

**ધૂપવહ્નિદીપાભિમંત્રણમ્ :**

ૐ અગ્નિયો અગ્નિકાયા એકેન્દ્રિયા જીવા નિરવદ્યા શ્રી ગૌતમસ્વામિ મહાપૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ નિરપાયાઃ સન્તુ સદ્‌ગતયઃ સન્તુ ન મેऽસ્તુ સંઘટ્ટન હિંસા પાપં પૂજાર્ચને સ્વાહા ।। ઇતિ ધૂપવહ્નિદીપાદ્યભિમંત્રણમ્ સર્વેષામપિ મન્ત્રાણં વાસક્ષેપેણ ત્રિસ્ત્રિ-ત્રિસ્ત્રિવારાન્ ।

(દીપ, ધૂપ, આદિ ઉપર ત્રણ વખત વાસક્ષેપ કરવો.)

(પછી આ બંને સ્તોત્રો બે હાથ જોડીને બોલવાં.)

## શ્રી ગૌતમ અષ્ટક

શ્રી ઇન્દ્રભૂતિ વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્;
સ્તુવન્તિ દેવાઃ સુરમાનવેન્દ્રાઃ સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૧.

શ્રી વર્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય મુહૂર્ત માત્રેણ કૃતાનિ યેન;
અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૨.

શ્રી વીરનાથેન પુરા પ્રણીતં, મંત્રં મહાનંદસુખાય યસ્ય;
ધ્યાયન્ત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૩.

યસ્યાભિધાનં મુનયો અપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષાભ્રમણસ્ય કાલે;
મિષ્ટાન્નપાનાંબરપૂર્ણકામાઃ સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૪.

અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયૌ જિનાનાં પદવંદનાય;
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૫.

ત્રિપંચસંખ્યાશતતાપસાનાં તપઃકૃશાનામપુનર્ભવાય;
અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૬.

સદક્ષિણં ભોજનમેવ દેયં સાધર્મિકં સંઘસપર્યયેતિ;
કૈવલ્યવસ્ત્રં પ્રદદૌ મુનિનાં, સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૭.

શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા;
પટ્ટાભિષેકો વિધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૮.

ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં, સજ્જ્ઞાનબીજં જિનરાજબીજં;
યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંચ્છિતં મે । ૯.

શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિપુંગવા યે;
પઠંતિ તે સૂરિપદં સદૈવમાનંદમ્ લભન્તે સુતરાં ક્રમેણ । ૧૦.

## અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી સ્તોત્રમ્

વસુભૂતેઃ સુતઃ શ્રેષ્ઠઃ પૃથ્વીમાતુઃ સુનન્દનઃ ।
ગોબરગ્રામવાસ્તવ્ય, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૧॥

દેવેન્દ્રદાનવેન્દ્રૈર્યઃ સંસ્તુતઃ પૂજિતો ગુણી ।
વીરે વિનયવાન્તર્યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૨॥

અનંતલબ્ધિમાન્યસ્મૈ, દીક્ષાં યચ્છતુ તસ્ય તુ ।
જાયતે કેવલજ્ઞાનં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૩॥

ત્રિપદીં પ્રાપ્ય વીરાદ્ધિ, દ્વાદશાંગી ત્વરં વ્યધાત્ ।
ઉપકાર્યં ભવદ્વર્ય, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૪॥

ત્રિપંચશતસાધૂનાં, પરમાન્નેન પારણામ્ ।
અકારયદ્ધિ લબ્ધ્યા યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ।।૫।।

વીર વીર વદન્વીરં પ્રશ્નં પૃચ્છતિ યઃ સદા ।
ઉત્તરં લભતે વીરાત્, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ।।૬।।

યસ્ય હિ સ્મરણં સંપત્, સિદ્ધિદં વિઘ્નકષ્ટહઃ ।
શુભેચ્છાપૂરકં નિત્યં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ।।૭।।

આદ્યો ગણધર સ્વામી, સંઘસ્ય યો મહાવ્રતી ।
ગુણાબ્ધિ સૂરયે મહ્યં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ।।૮।।

ૐ હ્રીં શ્રીં અસિઆઉસા, ગૌતમસ્વામિને નમઃ ।
મંત્ર હી ચાષ્ટકં ગણ્યં, લક્ષ્મીસિદ્ધિ સમૃદ્ધિદમ્ ।।૯।।

* * *

**(પંચપરમેષ્ઠિને નમસ્કાર કરી અર્હન્તોના શ્લોકો દ્વારા વંદના કરવી.)**

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ નો મંગલમ્ ।।

**(ઉપરોક્ત પાઠ ઉપસ્થિત સર્વે જણ ત્રણ વખત ઊંચે સ્વરે બોલે.)**

**(૧) ૐ હ્રીં નમો અરિહંતાણં (૨) ૐ હ્રીં નમો સિદ્ધાણં**
**(૩) ૐ હ્રીં નમો આયરિયાણં (૪) ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં**
**(૫) ૐ હ્રીં નમો લોએ સવ્વ સાહૂણં (૬) ૐ હ્રીં ગૌતમસ્વામિને નમો નમઃ ।**

**વાયુકુમારને આહ્વાન** : ૐ હ્રીં વાતકુમારાય વિઘ્નવિનાશનાય મહીં પૂતાં કુરુ કુરુ સ્વાહાઃ ।

(આ મંત્ર બોલી દર્ભના ઘાસથી અથવા મોરની પીંછીથી ભૂમિનું પ્રમાર્જન કરવું.)

**(રાગ : બહાર–તાલ ત્રિતાલ)**

આવો પધારો વાયુદેવતા, શીતલ સરસ સુગંધી રે;
આંગણું મારું પાવન કરવા, વહેલા વહેલા પધારો... આવો૦

**મેઘકુમારને આહ્વાન** : ૐ હ્રીં મેઘકુમારાય ધરાં પ્રક્ષાલય પ્રક્ષાલય હૂં ફટ્ સ્વાહા ।

(આ મંત્ર બોલી દર્ભ અથવા ફૂલને પાણીમાં બોળી ભૂમિ ઉપર છાંટવું.)

**(રાગ : મલ્હાર–તાલ : ત્રિતાલ)**

વરસો રે...મેઘકુમાર, તમે વરસો રે..
મંગલ કરવા આ ભૂમિને,
પવિત્ર બનાવવા વરસો રે... વરસો રે...

**ભૂમિને સુવાસિત કરવાનો મંત્ર** : ૐ ભૂરસિ ભૂતધાત્રિ સર્વભૂતહિતે ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ।

**(ભૂમિ ઉપર ચંદનનાં છાંટણાં કરવાં)**

**શરીર શુદ્ધીકરણ (સ્નાન) મંત્ર** : ૐ નમો વિમલનિર્મલાય સર્વતીર્થજલાય પાં પાં વાં વાં જ્વીં જ્વીં ક્ષ્વીં ક્ષ્વીં અશુચિઃ શુચિર્ભવામિ સ્વાહા ।

**(આ મંત્ર બોલી ચેષ્ટાપૂર્વક સ્નાન કરવું)**

**મનને પવિત્ર કરવાનો મંત્ર** : ૐ વિદ્યુતસ્ફુલિંગે મહાવિદ્યે સર્વ કલ્મષં દહ દહ સ્વાહા ।

**(આ મંત્ર બોલી બંને ભૂજાઓનો સ્પર્શ કરવો. કલ્મષદહન)**

ક્ષિપ ૐ સ્વાહા, હા, સ્વા ૐ પ ક્ષિ — આ મંત્રાક્ષરો અનુક્રમે ચડઊતર આરોહ-અવરોહના ક્રમે નીચેનાં પાંચ સ્થળે સ્થાપી આત્મરક્ષા કરવી.

(૧) ઢીંચણ, (૨) નાભિ, (૩) હૃદય, (૪) મુખ, અને (૫) મસ્તક (લલાટ).

## શ્રી વજ્રપંજર સ્તોત્રમ્

ૐ પરમેષ્ઠિ નમસ્કારં સારં નવપદાત્મકમ્ ।
આત્મરક્ષાકરં વજ્રપંજરાભં સ્મરામ્યહમ્ ॥૧॥

ૐ નમો અરિહંતાણં શિરસ્કં શિરસિ સ્થિતમ્ ।
ૐ નમો સવ્વસિદ્ધાણં મુખે મુખપટં વરમ્ ॥૨॥

ૐ નમો આયરિયાણં અંગરક્ષાતિશાયિની ।
ૐ નમો ઉવજ્ઝાયાણં આયુધં હસ્તયોર્દઢમ્ ॥૩॥

ૐ નમો લોએ સવ્વસાહૂણં મોચકે પાદયોઃ શુભે ।
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયિ તલે ॥૪॥

સવ્વપાવપ્પણાસણો વપ્રો વજ્રમયો બહિઃ ।
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાઙ્ગારખાતિકા ॥૫॥

સ્વાહાન્તં ચ પદં જ્ઞેયમ્ પઢમં હવઈ મંગલમ્ ।
વપ્રોપરિ વજ્રમયં પિધાનં દેહરક્ષણે ॥૬॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની ।
પરમેષ્ઠિપદોદ્ભુતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા ।
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિરાધિશ્ચાપિ કદાચન ॥૮॥

**છોટિકા:** પૂર્વ દિશામાં અ, આ, દક્ષિણમાં ઇ, ઈ, પશ્ચિમમાં ઉ, ઊ, ઉત્તરમાં એ, ઐ, આકાશ સામે ઓ, ઔ, અધોભાગે—ધરતી તરફ અં, અઃ ।

(આ ક્રિયા જમણા હાથનો અંગૂઠો તર્જની આંગળીના નખના અગ્રભાગ ઉપર મૂકી આકાશ સામે ઊર્ધ્વ મુખ રાખી કરવાની છે.)

**પટોદ્ઘાટન મંત્રં :**

પ્રારંભમાં ઢાંકી રખેલા યંત્રમાં ઢાંકેલું વસ્ત્ર ઉપાડવા માટે 'ૐ અર્હં નમઃ' આ મંત્ર બોલી યંત્ર ઉપરથી વસ્ત્ર લઈ લેવું.

**અમૃતીકરણ અમૃત મંત્ર :**

આ યંત્રમાં સ્થાપિત કરેલાં સેવ્ય-સેવક દેવદેવીઓનું પૂજન કરવાથી તથા સર્વે સાક્ષાત્ વિદ્યમાન છે. આવો ભાવ બતાવવા માટે પૂજનશાસ્ત્રમાં યંત્ર ઉપર સુરભિમુદ્રા બતાવવાનું કહેલ છે. સુરભિ-મુદ્રા એટલે ગાયના આંચળની મુદ્રા.

ૐ હ્રીં શ્રી ગૌતમ ગણધરાદિ સર્વે ગણધરાઃ । સર્વે (૨૦૦૪) જંગમયુગપ્રધાનાઃ અન્ય દેવતાઃ સાધિષ્ઠાયકાશ્ચ સાક્ષાત્ સ્થિતાઃ સંજીવિતા અમૃતીભૂતાઃ ભવન્તુ સ્વાહા ।

**શ્રી ક્ષેત્રપાલ પૂજનમ્**

ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૌઁ ક્ષઃ શ્રી ક્ષેત્રપાલઃ સાયુધઃ સવાહનઃ સપરિકરઃ ઈહ શ્રી ગૌતમસ્વામિ પૂજનવિધિ મહોત્સવે અત્ર આગચ્છ આગચ્છ સ્વાહા । અત્ર તિષ્ઠ તિષ્ઠ સ્વાહા । અત્ર પૂજાબલિં ગૃહાણ સ્વાહા । (આખી થાળી.)

**વિધિ :** યંત્રમાં કુસુમાંજલી તથા મંડલમાં એક નારિયેલ સ્થાપન કરવું ને તેના ઉપર ચમેલીના તેલનાં છાંટણાં કરવાં અને ચમેલીનું ફૂલ ચઢાવવું. પછી ગુરુ ભગવંત પાસે રક્ષા-પોટલી મંત્રાવવી.

**સાત વાર મંત્ર બોલવો:**

ૐ હૂઁ ક્ષુઁ ફટ્ કિરીટ કિરીટ ઘાતય ઘાતય પરકૃત વિઘ્નાન્ સ્ફોટય સ્ફોટય સહસ્રખંડાન્ કુરુ કુરુ પરમુદ્રા છિન્દ છિન્દ પરમન્ત્રાન્ ભિન્દ ભિન્દ હૂઁ ક્ષઃ ફટ્ સ્વાહા ।

(પૂજન કરનારાઓને તથા રક્ષા-પોટલી બાંધનારને પૂજા, નવકારશી, ચોવિહાર, નવકારવાળી, દેવગુરુને વંદન કરવાં. અભક્ષ્ય કંદમૂળ વિવિધ ત્યાગ, બ્રહ્મચર્યપાલન, વિવિધ ધારણા પ્રમાણે વ્રત પચ્ચક્ખાણ કરાવી આ મંત્રે રક્ષા-પોટલી બાંધવી.)

ૐ નમો અર્હતે રક્ષ રક્ષ હૂઁ ફટ્ સ્વાહા. (આખી થાળી.)

**(યંત્રની પીઠિકાને હસ્તસ્પર્શ કરવો.)**

ૐ હ્રીઁ અર્હં શ્રી ગૌતમસ્વામિ અત્ર મેરુ નિશ્ચલે વેદિકા પીઠે તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ સ્વાહા ।

**(યંત્રને હસ્તસ્પર્શ કરવો.)**

ૐ હ્રીઁ અર્હં શ્રી ગૌતમસ્વામિ મહાપૂજન યંત્રાય નમઃ ।

**અથ પૂજનં :** પૂજન કરનારાઓએ સજોડે કુસુમાંજલિ હાથમાં લઈ યંત્ર સન્મુખ રહેવું તથા માંડલામાં બે દેરી પાસે બીજા સજોડાએ પ્રભુ સન્મુખ બોલવું.

પરમેશ્વર પરમેષ્ઠિન્, પરમગુરો પરમનાથ પરમાર્હન્ ।
પરમાનન્તચતુષ્ટાય, પરમાત્મસ્તુભ્યમસ્તુ નમઃ ।

(આ શ્લોક બોલી જિન સન્મુખ કુસુમાંજલિ કરી શક્રસ્તવ નમુત્થુણં ભણવું.)

ૐ નમો અર્હતે પરમેશ્વરાય ચતુર્મુખાય પરમેષ્ઠિને દિક્કુમારી પરિપૂજિતાય ત્રૈલોક્ય મહિતાય ત્રૈલોક્ય લલામભૂતાય દિવ્ય શરીરાય દેવાધિદેવાય ૐ અસ્મિન્ જમ્બૂદ્વીપે ભરતક્ષેત્રે દક્ષિણાર્ધભરતે મધ્યખંડે....દેશે....નગરે.....સ્થાને......સ્વામિપ્રાસાદે (મંડપ) શ્રી સંઘકારિતે (વ્યક્તિ હોય તો વ્યક્તિનું નામ લેવું.) દ્વિ સહસ્રતમે વર્ષે....માસે...પક્ષે....તિથૌ...વાસરે. મમ આત્મનિ શરીરે ચ તથા મમ પૂજ્યાદિક કુટુંબ પરિવાર મધ્યે, રોગ, દોષ, ક્લેશ, દારિદ્ર્યાદિ સકલ ગ્રહપીડા નિવારણાર્થ સર્વશત્રુ પ્રશમનાર્થં સર્વ દુષ્કર્મમલ વિચ્છેદનાર્થં કષાયોપશમનાર્થં, મોહ મમતા નિવારણાર્થં શાંતિકાર્યે પૌષ્ટિકકાર્યે લાભાર્થે, ક્ષેમાર્થે, જયાર્થે વિજયાર્થે મનઃકામના સિદ્ધયર્થે પૂજનવિધિ અહં કરિષ્યે સ ચ શ્રી જિનરાજ પ્રસાદેન સફલીભવતુ.......આચાર્ય ભગવન્ત નિશ્રાયાં સફલીભવતુ અધિષ્ઠાયકાદિ દેવ દેવ્યશ્ચ પ્રસાદં કુર્વન્તુ શ્રીસંઘસ્ય ચ તુષ્ટિં પુષ્ટિં ઋદ્ધિં વૃદ્ધિં કલ્યાણં મંગલં કુરુ કુરુ સ્વાહા ।

**સ્વસ્તિવાંચન** : સ્વસ્તિ એટલે મંગલ. માટે 'કલ્યાણકારી' વાચન કરવું તે. આ માટે ગણધરદેવો વગેરેનો પાઠ બોલવો, કે જેથી આત્મકલ્યાણ થાય. નીચેનો ગણધરદેવોનો કલ્યાણકારી પાઠ બે હાથ જોડીને બોલવો તથા સાંભળવો.

ૐ ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધર–અગ્નિભૂતિ–વાયુભૂતિ–વ્યક્ત–સુધર્માસ્વામિ–મંડિત–મૌર્યપુત્ર-અકંપિત-અચલભ્રાતા–મેતાર્ય–પ્રભાસાદિ સર્વે ગણધરાઃ શાન્તાઃ શાંતિકરાઃ પુષ્ટિકરા ભવન્તુ સ્વાહા ।

નીચેના શ્લોકથી ત્રૈલોક્યવર્તી ગણધર ભગવાનને નમસ્કાર કરો.

**જાવંત શ્લોક :**

જાવંત કેવિ ગણધરા ભરહેરવય મહાવિદેહે અ । સવ્વેસિં તેસિં પણઓ તિવિહેણ તિદંડ વિરયાણં ।। ઇતિ ।। અનન્તમન્ત ગણધરાઃ શાન્તાઃ શાન્તિકરાઃ પુષ્ટિકરા ભવન્તુ સ્વાહા ।

**શ્રી ગૌતમ ગણધર દેવનું આહ્‌વાન :**

(આહ્‌વાન મુદ્રા કરો અને શુદ્ધ ભાવપૂર્વક નીચેનો મંત્ર બોલી ગણધર ભગવાનને આમંત્રણ કરો.)

ૐ नमो अर्हं ऐँ श्री क्लीँ अर्हं, अहो! भो! ગૌતમસ્વામિ ગણધર અત્ર એહિ એહિ 'સર્વોષટ્' નમઃ । શ્રી ગૌતમાય સ્વાહા ।

**સ્થાપન:** ૐ नमो अर्हं ऐँ श्री क्लीँ अर्हं અહો ! ભો ! ગૌતમસ્વામિ ગણધર અત્ર તિષ્ઠ ઠઃ ઠઃ નમઃ શ્રી ગૌતમાય સ્વાહા ।।

**સન્નિધાન:** ૐ नमो अर्हं ऐँ श्री क्लीँ अर्हं અહો ! ભો ! ગૌતમસ્વામિ ગણધર મમ સન્નિહિતો ભવ ભવ 'વષટ્' નમઃ શ્રી ગૌતમાય સ્વાહા ।।

**પૂજન:** ૐ नमो अर्हं ऐँ श्री ह्रीँ क्लीँ अर्हं અહો ! ભો ! ગૌતમસ્વામિ ગણધર ઇદં જલાદિકમર્ચનં ગૃહાણ ગૃહાણ નમઃ શ્રી ગૌતમાય સ્વાહા ।।

### પ્રથમવલય ગણધર પૂજનમ્

નીચેના મંત્રો બોલી દરેક ગણધર ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરવી. (માંડલામાં ચણાનો લાડવો, નારંગી મૂકવી. આખી થાળી વગાડવી.)

(૧) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્યઃ શ્રી ઈન્દ્રભૂતિ ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

**મંત્રઃ** ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય પરમ વંદનીયાય જન્મ-જરા-મૃત્યુ નિવારણાય શ્રીમતે ગણધરાય જલાદિકં યજામહે સ્વાહા. (આખી થાળી.)

આ રીતે દરેક ગણધર ભગવાનનો ૧૦૮ વાર જાપ કરવો. અને આ રીતે જ દરેક ગણધરના પૂજનમાં આ મંત્ર બોલી આખી થાળી વગાડવી.

(૨) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી અગ્નિભૂતિ ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૩) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી વાયુભૂતિ ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૪) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી વ્યક્ત ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૫) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી સુધર્માસ્વામિ ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૬) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી મંડિત ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૭) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી મૌર્યપુત્ર ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૮), ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી અકંપિત ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૯) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી અચલભ્રાતા ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૧૦) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી મેતાર્ય ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

(૧૧) ૐ હ્રીઁ પંચાચાર પવિત્રેભ્ય શ્રી પ્રભાસ ગણધરેભ્યો નમઃ સ્વાહા ।

* * *

## દ્વિતીય વલય

## શ્રી લબ્ધિપદગર્ભિત મહર્ષિ સ્તોત્રમ્

### (ઉપજાતિ છંદ)

જિનાસ્તથા સાવધયશ્ચતુર્ધા, સત્ કેવલજ્ઞાનધનાસ્ત્રિધા ચ ।
દ્વિધા મનઃ પર્યયશુદ્ધબોધા, મહર્ષય સન્તુ સતાં શિવાય ।।૧।।

સુકોષ્ઠસદ્બીજપદાનુસારિ–ધિયો દ્વિધા પૂર્વધરાધિપાશ્ચ ।
એકાદશાઙ્ગાષ્ટ નિમિત્તવિજ્ઞા, મહર્ષયઃ સન્તુ સતાં શિવાય ।।૨।।

સંસ્પર્શનં સંશ્રવણં સમન્તા દાસ્વાદન ઘ્રાણ-વિલોકનાનિ ।
સંભિન્નસંશ્રોતતયા વિદન્તે, મહર્ષયઃ સન્તુ સતાં શિવાય ।।૩।।

આમર્શ-વિપ્રુણ્મલ-ખેલ-જલ્લ-સર્વૌષધિ–દષ્ટિ-વચોવિષાશ્ચ ।
આશીવિષા ઘોર-પરાક્રમાશ્ચ, મહર્ષયઃ સન્તુ સતાં શિવાય ।।૪।।

પ્રશ્નપ્રધાનાઃ શ્રમણા મનોવાક્ વપુર્બલા વૈક્રિયલબ્ધિમન્તઃ ।
શ્રી ચારણ-વ્યોમવિહારિણશ્ચ, મહર્ષયઃ સન્તુ સતાં શિવાય ।।૫।।

ઘૃતામૃત-ક્ષીર-મધૂનિ ધર્મોપદેશવાણીભિરભિસ્રવન્તઃ ।
અક્ષીણ સંવાસમહાનસાશ્ચ, મહર્ષયઃ સન્તુ સતાં શિવાય ।।૬।।

સુશીત-તેજોમય-તપ્તલેશ્યા, દીપ્રં તથોગ્રં ચ તપશ્ચરન્તઃ ।
વિદ્યાપ્રસિદ્ધા અણિમાદિસિદ્ધા, મહર્ષયઃ સન્તુ સતાં શિવાય ।।૭।।

અન્યેઽપિ યે કેચન લબ્ધિમન્ત સ્તે સિદ્ધચક્રે ગુરુમણ્ડલસ્થાઃ ।
ૐ હ્રીઁ તથાઽર્હં નમ ઈત્યુપેતા, મહર્ષયઃ સન્તુ સતાં શિવાય ।।૮।।

ઈત્યાદિ લબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને સ્વાહા ।
ગણસંપત્ સમૃદ્ધાય શ્રી સુધર્માસ્વામિને સ્વાહા ।

એકેક ખારેકથી એકેક લબ્ધિપદનું પૂજન કરતાં લબ્ધિપદોનાં નામ બોલવાં :

(૧) ૐ હ્રીઁ અર્હં ણમો જિણાણં । (૨) ૐ હ્રીઁ અર્હં ણમો ઓહિજિણાણં । (૩) ૐ હ્રીઁ અર્હં ણમો પરમોહિજાણાણં । (૪) ૐ હ્રીઁ અર્હં ણમો સવ્વોહિજિણાણં । (૫) ૐ હ્રીઁ અર્હં ણમો અણંતોહિજિણાણં । (૬) ૐ હ્રીઁ અર્હં ણમો કુટ્ઠબુદ્ધીણં । (૭) ૐ હ્રીઁ અર્હં ણમો બીયબુદ્ધીણં । (૮) ૐ હ્રીઁ અર્હં ણમો પયાણુસારીણં । (૯) ૐ હ્રીઁ અર્હં ણમો સંભિન્નસોયાણં । (૧૦) ૐ હ્રીઁ અર્હં ણમો સયંસંબુદ્ધાણં । (૧૧) ૐ હ્રીઁ અર્હં ણમો પત્તેયબુદ્ધાણં । (૧૨) ૐ હ્રીઁ અર્હં ણમો બોહિબુદ્ધાણં । (૧૩) ૐ હ્રીઁ અર્હં ણમો ઉજ્જુમઈણં । (૧૬) ૐ હ્રીઁ અર્હં ણમો વિઉલમઈણં । (૧૭) ૐ હ્રીઁ અર્હં ણમો દસપુવ્વીણં । (૧૮) ૐ હ્રીઁ અર્હં ણમો ચઉદસપુવ્વીણં । (૧૯) ૐ હ્રીઁ અર્હં ણમો અટ્ઠંગનિમિત્તકુસલાણં । (૨૦) ૐ હ્રીઁ અર્હં ણમો વિઉવ્વણઇડ્ઢિપત્તાણં । (૨૧) ૐ હ્રીઁઅર્હં ણમો વિજ્જાહરાણં । (૨૨) ૐ હ્રીઁ અર્હં ણમો ચારણલદ્ધિણં । (૨૩) ૐ હ્રીઁ અર્હં ણમો પણ્હસમણાણં । (૨૪) ૐ હ્રીઁ અર્હં ણમો આગાસગામીણં । (૨૫) ૐ હ્રીઁ અર્હં ણમો ખીરાસવીણં । (૨૬) ૐ હ્રીઁ અર્હં ણમો સપ્પિયાસવીણં । (૨૭) ૐ હ્રીઁ અર્હં ણમો મહુઆસવીણં । (૨૮) ૐ હ્રીઁ અર્હં ણમો અમિયાસવીણં । (૨૯) ૐ હ્રીઁ અર્હં ણમો સિદ્ધાયણાણં । (૩૦) ૐ હ્રીઁ અર્હં ણમો ભગવઓ મહઈ-મહાવીર-વદ્ધમાન-બુદ્ધરિસીણં । (૩૧) ૐ હ્રીઁ અર્હં ણમો ઉગ્ગતવાણં । (૩૨) ૐ હ્રીઁ અર્હં ણમો અક્ખીણમહાણસિયાણં । (૩૩) ૐ હ્રીઁ અર્હં ણમો વદ્ઢમાણાણં । (૩૪) ૐ હ્રીઁ અર્હં ણમો દિત્તતવાણં । (૩૫) ૐ હ્રીઁ અર્હં ણમો તત્તતવાણં । (૩૬) ૐ હ્રીઁ અર્હં ણમો મહાવતાણં । (૩૭) ૐ હ્રીઁ અર્હં ણમો ઘોરતવાણં । (૩૮) ૐ હ્રીઁ અર્હં ણમો ઘોરગુણાણં । (૩૯) ૐ હ્રીઁ અર્હં ણમો ઘોરપરક્કમાણં । (૪૦) ૐ હ્રીઁ અર્હં ણમો ઘોરગુણબંભયારીણં । (૪૧) ૐ હ્રીઁ અર્હં ણમો આમોસહિપત્તાણં । (૪૨) ૐ હ્રીઁ અર્હં ણમો ખેલોસહિપત્તાણં । (૪૩) ૐ હ્રીઁ અર્હં ણમો જલ્લોસહિપત્તાણં । (૪૪) ૐ હ્રીઁ અર્હં ણમો વિપ્પોસહિપત્તાણં । (૪૫) ૐ હ્રીઁ અર્હં ણમો સવ્વોસહિપત્તાણં । (૪૬) ૐ હ્રીઁ અર્હં ણમો મણબલીણં । (૪૭) ૐ હ્રીઁ અર્હં ણમો વયણબલીણં । (૪૮) ૐ હ્રીઁ અર્હં ણમો કાયબલીણં । इति लब्धिपदानि ।

।। इति द्वितीय वलयम् ।।

તૃતીય વલય

**અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિ અભિષેક**

ૐ વસુભૂતેઃ સુતઃ શ્રેષ્ઠઃ પૃથ્વીમાતુઃ સુનન્દનઃ ।
ગોબર ગામ વાસ્તવ્ય, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ હ્રીઁ સ્વાહા ।।

**મંત્રઃ**—ૐ હ્રીઁ શ્રી......................સ્વાહા ।।

ૐ દેવેન્દ્રદાનવેન્દ્રૈર્યઃ સંસ્તુતઃ પૂજિતો ગુણી ।
વિરે વિનયાન્વર્યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ હ્રીઁ સ્વાહા ।।

**મંત્રઃ**– ૐ હ્રીઁ શ્રી....................

ૐ અનન્તલબ્ધિમાન્યસ્મૈ, દીક્ષાં યચ્છતિ તસ્ય તુ ।
જાયતે કેવલજ્ઞાનં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ હ્રીઁ સ્વાહા ।।

ૐ ત્રિપદીં પ્રાપ્ય વીરાદ્ધિ, દ્વાદશાંગી ત્વરં વ્યધાત્ ।
ઉપકાર્ય ભવદ્ધર્યં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ હ્રીઁ સ્વાહા ।।

ૐ ત્રિ-પંચ શત સાધૂનાં પરમાન્નેન પારણામ્ ।
અકારયદ્ધિ લબ્ધ્યા યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ હ્રીઁ સ્વાહા ।।

ૐ વીર'વીર વદન્વીરં પ્રશ્ન પૃચ્છતિ યઃ સદા ।
ઉત્તરં લભતે વીરાત્, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ હ્રીઁ સ્વાહા ।।

ૐ યસ્ય હિ સ્મરણં સંપત્, સિદ્ધિદં વિઘ્નકષ્ટહમ્ ।
શુભેચ્છાપૂરકં નિત્યં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ હ્રીઁ સ્વાહા ।।

ૐ આદ્યો ગણધરસ્વામી, સંઘસ્ય યો મહાવ્રતી ।
ગુણાબ્ધિ સૂરયે મહ્યં, સેષ્ટં યચ્છતુ ગોતમઃ હ્રીઁ સ્વાહા ।।

ૐ હ્રીઁ શ્રી અસિઆઉસા, ગૌતમસ્વામિને નમઃ ।
મંત્ર હી ચાષ્ટકં ગણ્યં, લક્ષ્મીસિદ્ધિ સમૃદ્ધિદમ્ હ્રીઁ સ્વાહા ।।

**સૂચનાઃ ૐ હ્રીઁ શ્રી..................સ્વાહા**

**ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાર્થે શ્રીમતે ગણધરાય જલાદિકં યજામહે સ્વાહા. (આખી થાળી વગાડવી.)**

ઉપરોક્ત મંત્ર બોલી જમણા અંગૂઠે અભિષેક કરી, કેશરનું તિલક કરી, એક પુષ્પ ચડાવવું. આ પ્રમાણે પ્રત્યેક શ્લોકમાં કરવું.

।।इति तृतीय वलय।।

## ગુરુપાદુકાનું પૂજન

ૐ હ્રીઁ શ્રી પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી ગુરુપાદુકાભ્યો નમઃ સ્વાહા ।

વિધિ : યંત્રમાં કુસુમાંજલિ અને માંડલામાં પુરુષના હાથે ગુરુપાદુકા ઉપર દાડમ મુકાવવું.

## શાસન અધિષ્ઠાયક દેવ-દેવીનું પૂજન

શ્રી બ્રહ્મશાન્તિ યક્ષનું પૂજન : ૐ હ્રીં સઃ શ્રીં બ્રહ્મશાન્તિ સાયુધઃ સવાહનઃ સપરિકર ઈહ શ્રી ગૌતમસ્વામી પૂજનવિધિ મહોત્સવે અત્ર આગચ્છ આગચ્છ સ્વાહા । (એક ડંકો) અત્ર તિષ્ઠ તિષ્ઠ સ્વાહા । (એક ડંકો) અત્ર પૂજાં બલિ ગૃહાણ ગૃહાણ સ્વાહા । (આખી થાળી.)

**વિધિ** : યંત્રમાં કુસુમાંજલિ અને માંડલામાં જમણી બાજુની દેરીમાં પુરુષે લીલું શ્રીફળ ચંદનનાં છાંટણાં તથા ફૂલ સાથે પધરાવવું.

## શ્રી સિદ્ધાયિકા યક્ષિણીનું પૂજન

ૐ હ્રીં સા શ્રી સિદ્ધાયિકા સાયુધા સવાહના સપરિકરા ઈહ શ્રી ગૌતમસ્વામી પૂજનવિધિ મહોત્સવે અત્ર આગચ્છ આગચ્છ સ્વાહા । અત્ર તિષ્ઠ તિષ્ઠ સ્વાહા । અત્ર પૂજાં બલિ ગૃહાણ ગૃહાણ સ્વાહા ।

**વિધિ** : યંત્રમાં કુસુમાંજલિ અને માંડલામાં જમણી બાજુ દેરીમાં પુરુષે લીલું શ્રીફળ ચંદનનાં છાંટણાં તથા ફૂલ સાથે પધરાવવું.

## ચતુર્નિકાય દેવ-પૂજન

**(મગના લાડુથી પૂજન)**

ૐ નમો વૈમાનિકેભ્યઃ સ્વાહા । (ઈશાન)

ૐ નમો ભવનપતિભ્યઃ સ્વાહા । (અગ્નિ)

ૐ નમો વ્યંતરેભ્યઃ સ્વાહા । (નૈઋત્ય)

ૐ નમો જ્યોતિષ્કેભ્યઃ સ્વાહા । (વાયવ્ય)

## ।। અથ દિક્પાલપૂજનમ્ ।।

ૐ હ્રીં અઃ વજ્રાધિપતયે સ્વગણપરિવૃતાય ઈદમર્ઘ્યં પાદ્યં ગન્ધં પુષ્પં ધૂપં દીપં ચરુ ફલં સ્વસ્તિકં યજ્ઞભાગં યજામહે પ્રતિગૃહ્યતાં પ્રતિગૃહ્યતામિતિ સ્વાહા ।।૧।। (આગળ પહેલાંની માફક બોલવું.)

।। ૨ ।। ૐ રું રું રઃ સઃ અગ્નયે સ્વગણ....

।। ૩ ।। ૐ હ્રૂં હ્રીં હ્રૌં ક્ષઃ ફટ્ યમાય સ્વગણ....

।। ૪ ।। ૐ ગ્લૌં હ્રૂં નૈઋતાય સ્વગણ....

।। ૫ ।। ૐ મ્લૌં હૂં વરુણાય સ્વગણ....

।। ૬ ।। ૐ મ્લૌં જ્રૌં વાયવે સ્વગણ....

।। ૭ ।। ૐ બ્લૌં હ્રૂં કુબેરાય સ્વગણ....

।। ૮ ।। ૐ હ્રૂં હૂં હ્રૂં હ્રઃ ઈશાનાય સ્વગણ....

।। ૯ ।। ૐ ક્ષૌં બ્લૌં સૌમબ્રહ્મણે સ્વગણ....

।। ૧૦ ।। ૐ ક્ષૌં બ્લૌં પદ્માવતી સહિતાય નાગેન્દ્રાય સ્વગણ....

(નીચેના દશ શ્લોક હાથ જોડીને બોલવા.)

ઈન્દ્રસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૧ ।।

અગ્નિસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૨ ।।

સમસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૩ ।।

નૈર્ઋતસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૪ ।।

વરુણસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૫ ।।

વાયુસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૬ ।।

કુબેરસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૭ ।।

ઈશસ્તસ્ય પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૮ ।।

સોમબ્રહ્મ પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૯ ।।

નાગેન્દ્રસ્તત્પરિવારો, દેવા દેવ્યશ્ચ સદશઃ ।
બલિપૂજાં પ્રતિચ્છન્તુ, સન્તુ સઙ્ઘસ્ય શાન્તયે ।। ૧૦ ।।

।। इति दिक्पालवलयम् ।।

# દિક્પાલપૂજન સામગ્રીનું કોષ્ટક

| નામ | વર્ણ | પૂજનદ્રવ્ય | ફૂલ | ફળ | નૈવેદ્ય | શેષ |
|---|---|---|---|---|---|---|
| ઈન્દ્ર | પીળો | કેસર | ચંપો પીળો | નારંગી | મોતીઓ તથા ચણાનો લાડુ | અક્ષતનાણું |
| અગ્નિ | પીળો-લાલ | કેસર | જાસૂદ લાલ | લાલ સોપારી | ચૂરમા તથા ઘઉંનો લાડુ | અક્ષતનાણું |
| યમ | શ્યામ | કંકુ | દમણો મરુઓ | કાળી સોપારી | અડદનો લાડુ | અક્ષતનાણું |

| નામ | વર્ણ | પૂજનદ્રવ્ય | ફૂલ | ફળ | નૈવેદ્ય | શેષ |
|---|---|---|---|---|---|---|
| નૈઋત | લીલો | ચુઓ/સુખડ | માલતી-બોરસલી | દાડમ | તલવટનો લાડુ | અક્ષતનાણું |
| વરુણ | સફેદ | ચુઓ/સુખડ | દમણો-બોરસલી | દાડમ | મગદળનો લાડુ | અક્ષતનાણું |
| વાયુ | સફેદ | વાસ/ચુઓ/કસ્તૂરી | ચંપો | નારંગી | મમરાનો લાડુ | અક્ષતનાણું |
| કુબેર | પંચવર્ણ | સુખડ/બરાસ | જાઈ | બીજોરું | મમરાનો લાડુ | અક્ષતનાણું |
| ઈશાન | સફેદ | સુખડ | કુમુદ સફેદ | શેલડી | મમરાનો લાડુ | અક્ષતનાણું |
| બ્રહ્મ | સફેદ | સુખડ | સેવન્ત્રા (લીલા) | બીજોરું | ઘેબરાં | અક્ષતનાણું |
| નાગ | શ્યામ | સુખડ | મોગરો | બદામ | પેંડા | અક્ષતનાણું |

ૐ આઁ ક્રોઁ હ્રીઁ ઈંદ્રાગ્નિદણ્ડધરમ નૈઋતિપાશપાણિવાયુ કુબેરેશાન ફનીન્દ્રબ્રહ્માણઃ સાનુચરાઃ, સચિહ્નઃ અત્રાડગમ્ય...મમ સદૈવ પુરોભવન્તુ સંવૌષટ્ સ્વાહા સ્વધા । પૂજાં યાવદત્રૈવ સ્થાતવ્યં ઠઃ ઠઃ સ્વાહા સ્વધા । મમ સન્નિહિતા ભવન્તુ ભવન્તુ વષટ્ સ્વાહા સ્વધા । સ્વસ્વદિશિ સંસ્થિતાઃ જપહોમાદ્યર્થે જલાદિક પૂજાં ગૃહ્ન્તુ ગૃહ્ન્તુ સ્વાહા સ્વધા ।

## અથ નવગ્રહપૂજનમ્

### (નવ ફળ અને મીઠાઈથી પૂજન)

ૐ હ્રીઁ હ્રઃ ફટ્ આદિત્યાય સ્વગણપરિવૃતાય ઈદમર્ઘ્યં પાદ્યં ગધં પુષ્પં ધૂપં દીપં ચરું ફલં સ્વસ્તિકં યજ્ઞભાગં યજામહે પ્રતિગૃહ્યતાં પ્રતિગૃહ્યતામિતિ સ્વાહા ।।૧।। (આગળ પૂર્વની જેમ બોલવું.)

।।૨।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ સોમાય સ્વગણ....

।।૩।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ મંગલાય સ્વગણ....

।।૪।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ બુધાય સ્વગણ....

।।૫।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ બૃહસ્પતયે સ્વગણ....

।।૬।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ શુક્રાય સ્વગણ....

।।૭।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ શનૈશ્ચરાય સ્વગણ....

।।૮।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ રાહવે સ્વગણ....

।।૯।। ૐ હ્રીઁ હ્રઃ ફટ્ કેતવે સ્વગણ....

## નવગ્રહપૂજન—સામગ્રીનું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગ્રહ | રવિ | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ-કેતુ |
| ૨ | વર્ણ | લાલ | શ્વેત | લાલ | પીળો | પીળો | શ્વેત | શ્યામ | શ્યામ-શ્યામ |
| ૩ | પૂજનદ્રવ્ય | કેસર (લાલ) | સુખડ બરાસ | કેસર (લાલ) | વાસક્ષેપ | વાસક્ષેપ | સુખડ | કંકુ | કંકુ-કંકુ |
| ૪ | પુષ્પ | કરેણ | કુમુદ | જાસૂદ | ચંપો | ચમેલી | જૂઈ-મોગરો | બોરસલી | મચકુંદ-પંચવર્ણા |
| ૫ | ફળ | દ્રાક્ષ | શેરડી | રાતી સોપારી | નારંગી | નારંગી | બીજોરું | ખારેક | શ્રીફળ-દાડમ |
| ૬ | નૈવેદ્ય | લાડુ (ચૂરમાનો) | લાડુ (મમરાનો) | લાડુ (ગોળ-ધાણાનો) | લાડુ (મગનો) | લાડુ (ચણાનો) | લાડુ (મમરાનો) | લાડુ (અડદનો) | લાડુ-લાડુ (દાળનો) |

* * *

## અથ નવનિધિપૂજનમ્

(૧) ૐ હ્રીઁ નવનિધિભ્યઃ સ્વાહા ।
(૨) ૐ નૈસર્પિકાય સ્વાહા ।
(૩) ૐ પાણ્ડુકાય સ્વાહા ।
(૪) ૐ પિઙ્ગલાય સ્વાહા ।
(૫) ૐ સર્વરત્નાય સ્વાહા ।
(૬) ૐ મહાપદ્માય સ્વાહા ।
(૭) ૐ કાલાય સ્વાહા ।
(૮) ૐ મહાકાલાય સ્વાહા ।
(૯) ૐ માણકકાય સ્વાહા ।
(૧૦) ૐ શંખાય સ્વાહા ।

**(માંડલામાં નવ અખરોટથી પૂજા કરવી.)**

## અષ્ટ મહાસિદ્ધિ પૂજન

**(આઠ જાયફળથી પૂજન કરવું.)**

**(આઠ એકાસણાં, એકાંતરા આઠ ઉપવાસ યથાશક્તિથી આ તપ કરવાં.)**

(૧) ૐ હ્રીઁ અણિમા મહાસિદ્ધયે સ્વાહા ।
(૨) ૐ હ્રીઁ મહિમા મહાસિદ્ધયે સ્વાહા ।
(૩) ૐ હ્રીઁ લઘિમા મહાસિદ્ધયે સ્વાહા ।
(૪) ૐ હ્રીઁ ગરિમા મહાસિદ્ધયે સ્વાહા ।
(૫) ૐ હ્રીઁ પ્રાપ્તિ મહાસિદ્ધયે સ્વાહા ।
(૬) ૐ હ્રીઁ પ્રકામ્યા મહાસિદ્ધયે સ્વાહા ।
(૭) ૐ હ્રીઁ ઈશિતા મહાસિદ્ધયે સ્વાહા ।
(૮) ૐ હ્રીઁ વશિતા મહાસિદ્ધયે સ્વાહા ।

**અર્ઘ્ય** :— અણિમાદ્યષ્ટ સિદ્ધિનાં માહાત્મ્ય ભુવિ વિશ્રુતમ્
તદર્ઘનૈર્યકાવાસે ધિર ચારુ લસન્તિ તા ।

## શ્રી મહાલક્ષ્મીદેવીનું પૂજન

લક્ષ્મી ક્ષીર સમુદ્ર રાજ તનથી શ્રી રંગ ધામેશ્વરી દાસીભૂત સમસ્ત દેવ વનિતાં, લૌકોક· દીપાંકુ રામ, શ્રીમન્ મંદ કટાક્ષ લબ્ધ વિભવ, બ્રહ્મેન્દ્ર ગંગાધરામ્ ।। તાં ત્રૈલોક્ય કુટુમ્બની સરસિજાં વન્દે મુકુન્દપ્રિયામ્ ।। ૐ હ્રીઁ શ્રી મહાલક્ષ્મી દેવ્યૈ સ્વાહા ।।

## શ્રી સરસ્વતીદેવીનું પૂજન

શુક્લાં બ્રહ્મવિચાર સાર પરમામોઘાં જગદ્વ્યાપિનીં વીણા પુસ્તકધારિણીમભયદાં જાડ્યાન્ધરાપહામ્ । હસ્તે સ્ફટિકમાલિકાં ચ દધતિ પદ્માસને સંસ્થિતામ્ વન્દે તાં પરમેશ્વરી ભગવતી બુદ્ધિપ્રદાં શારદામ્ ।। ૐ હ્રીઁ શ્રી ઐઁ શ્રી સરસ્વત્યૈ દેવ્યૈ નમઃ ।।

## ।। અથ પંચામૃત સ્નાત્રમ્ ।।

(૧) દૂધ, (૨) દહીં, (૩) ઘી, (૪) શક્કર, (૫) પાણી,

શ્લોક : यत्रोपरि निपतत् घृत-दुग्धादिद्रव्य परिपुतम्।
दर्भोदकसंमिश्रं, पंचगव्य हरतु दुरितानि॥

(આ પ્રમાણે શ્લોક બોલી યંત્ર ઉપર નવ જણા પંચામૃતનું અભિષેક કરે. ત્યાર બાદ યંત્રને અંગ-લુછણાથી સાફ કરીને અષ્ટપ્રકારી પૂજા કરવી.) ત્યાર બાદ આરતી મંગલ દીવો ઉતારી શાન્તિકલશ કરવું. અને દેવવંદન કર્યા બાદ અપરાધોને ખમાવી, વિસર્જનવિધિ, વાસક્ષેપ નાખવા પૂર્વક કરવો.

## ।। અપરાધ ક્ષામણમ્ ।।

ૐ આજ્ઞાહીનં ક્રિયાહીનં, મન્ત્રહીનં ચ યત્ કૃતમ્ । તત્ સર્વં કૃપયા દેવાઃ ક્ષમધ્વમ્ પરમેશ્વરા (૧) આહ્વાનં ન જાનામિ, ન જાનામિ વિસર્જનમ્, પૂજાવિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વર । (૨) ઈત્યપરાધક્ષામણમ્ (ત્રણ ખમાસમણ દેવા પૂર્વક અપરાધક્ષામણ કરવું.)

## ।। અથ વિસર્જનમ્ ।।

શ્રી.........દેવ્યશ્ચ સ્વસ્થાનાય ગચ્છન્તુ ગચ્છન્તુ પુનરાગમનાય પ્રસીદન્તુ પ્રસીદન્તુ સ્વાહા ।

**(ઇતિ વિસર્જનમ્ એવમ્ પૂજનમ્ વિધિ.)**

*



વિક્રમ સંવતની અઢારમી સદીના

# જૈન ગુર્જર કવિઓની કાવ્યારંભે ગૌતમવંદના

—પ્રા. બિપીનચંદ્ર ર. ત્રિવેદી
કિશોરચંદ્ર ર. ત્રિવેદી

**પવિત્ર પુરુષના નામનો પણ અચિંત્ય મહિમા હોય છે. નામમાં પણ અનંત શક્તિઓ છુપાયેલી હોય છે. નામસ્મરણથી જ સાક્ષાત્કારની આબાદ ભૂમિકા રચાય છે.**

**અત્રે ગુર્જર કવિઓએ રચેલાં ભક્તિકાવ્યોમાં આરંભે જ ગૌતમસ્વામી ભગવંતને કરાયેલ વિનયપૂર્વકના નમસ્કારની નોંધ દર્શાવવામાં આવી છે. અત્રે દર્શાવેલું અલ્પ આચમન' પણ આપણને છૂપો સંકેત કરે છે કે *લેજો સૌપ્રથમ ગણધર ગૌતમનું નામ.* જો કે, અહીં નિર્દેશ્યાં છે એટલાં જ કાવ્યારંભે ગૌતમસ્વામીનું નામ હશે એમ માનવું નહીં. સંશોધન કરવામાં આવે તો આ સિવાયની હસ્તપ્રતોમાં પણ ઘણા ઉલ્લેખો મળી આવે. અહીં તો માત્ર અઢારમી સદીની રચનાઓમાંથી કેટલીકનો નિર્દેશ કર્યો છે.**

**સંકલનકાર શ્રી બિપીનચંદ્ર ત્રિવેદી જંબુસરની કોલેજમાં પ્રાધ્યાપક છે. વિવિધ સંદર્ભ-સાહિત્યમાં તેઓ અત્યંત રસરુચિ ધરાવતા રહ્યા છે. આ ગ્રંથયોજનામાં તેમનું બહુ નોંધપાત્ર પ્રદાન છે.** *—સંપાદક*

ગુજરાતના જૈન કવિઓએ પોતાના કાવ્યગ્રંથોમાં પ્રારંભે શારદા, ભારતી, સરસ્વતી, કાશ્મીરાદેવી, હંસવાહિની, ભગવાન મહાવીર, ગણધરો, પોતાના ગુરુ-મુનિ-સૂરિ-ગચ્છનાયક, પદ્માવતીદેવી, શત્રુંજય વગેરે પૈકી ગૌતમસ્વામીને પણ આદરપૂર્વક યાદ કરીને પછી કલમને આગળ ધપાવી છે. આ પ્રકારની આરંભની 'આદિ' વંદનાનાં કેટલાંક દૃષ્ટાંતો અહીં રજૂ કર્યાં છે. આ કવિઓના કવનકાળનો સમય વિક્રમના અઢારમા શતકનો છે. આ લેખ તૈયાર કરવામાં 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૪ અને ૫, સંગ્રાહક અને પ્રયોજક મોહનલાલ દલીચંદ દેસાઈની પ્રથમ આવૃત્તિની સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિ સંપાદક જયંત કોઠારી—જાન્યુઆરી ૧૯૮૮ની મદદ લીધી છે, જે અંગે સંપાદકનો ઋણભાર સ્વીકારીએ છીએ.

'કયવન્ના શેઠનો રાસ'માં કવિ જયરંગ-જેતસી સં. ૧૭૨૧માં પ્રારંભનો દુહો લખે છે :

**'પ્રથમ વહી દૂર મંડીઈં, શ્રી ગૌતમસ્વામિની લબ્ધિ,**
**સુરગુરુ અભેંકુમારજી, મંત્રીશ્વરની બુદ્ધિ.'**

કવિ જ્ઞાનસાગર 'ચિત્રસંભૂતિ ચોપાઈ' સં. ૧૭૨૧માં લખે છે :

**'ગણધર શ્રી ગૌતમ પ્રમુખિ, સૂત્ર તણઈ ધુરિ જેહ,**
**પ્રણમી જઈ શ્રુત દેવતા, હું પણ પ્રણમું તેહ.'**

'આષાઢભૂતિ રાસ', સં. ૧૭૨૪માં આદિનો બીજો દુહો આ પ્રમાણે છે :

**ગોયમ આદઈ ગણધરઈ, જે પ્રણમી નિતમેવ,**
**સાનિધકારી સારદા, તે પ્રણમું શ્રુતદેવ.'**

રાજહર્ષ 'અર્હન્નક ચોપાઈ' માં સં. ૧૭૩૨માં પ્રારંભમાં બીજો દુહો આ પ્રમાણે લખે છે :

**'ગૌતમાદિ ગણધર નમી, પ્રણમી શ્રી ગુરુપાય,**
**અરહન્નક અણગારના, ગુણ કહિસ્યું ચિત લાય.'**

ઋદ્ધિવિજયજીના 'વરદત ગુણમંજરી રાસ' સં. ૧૭૦૩ નો આદિનો દુહો છે :

**'શાસનનાયક વીરજી, પ્રણમી તેહના પાય,**
**લબધિવંત ગૌતમ નમું, નામઈં નવનિધિ થાય.'**

જિનહર્ષ/જસરાજ 'હરિશ્ચંદ્ર રાસ', સં. ૧૭૪૪ની રચનામાં 'વીર જિણેસર'થી આરંભ કરી પછી ત્રીજા દુહામાં તેમના શિષ્ય વિષે લખે છે :

**'તાસ સીસ પ્રણમું મુદા, શ્રી ગૌતમ ગણધાર,**
**અંગૂઠઈ અમૃત વસઈ, લબધિ તણઉ ભંડાર.'**

તેજમુનિ/તેજમાલ સં. ૧૭૦૭માં 'ચંદરાજાનો રાસ' આ રીતે આ દુહાથી આરંભે છે :

**'વીર તણો ગણધર વડો, શ્રી ગૌતમ ગુણધાર,**
**ચર્ણ નમું તેહના, જિમ પામું સુખસાર.'**

પદ્મસુંદર ગણિ 'ભગવતીસૂત્ર પર બાલાવબોધ/સ્તબક'માં સં. ૧૭૦૭ થી ૧૭૩૪ વચ્ચે સંસ્કૃતમાં આ રીતે પ્રારંભ કરે છે :

**'प्रणम्य श्री महावीरं गौतमं गणनायकम् ।**
**श्रुतदेवी प्रसादेन मया हि स्तबुकः कृतः ॥**
**....प्रत्यूहव्यूहवार्धि प्रशमननिरत गौतमस्वामिनं च ।**
**नत्वा तत्त्वार्थसिद्ध्यै निजगुरुचरणांभोजररुहं भक्तिपूर्वकम् ॥'**

તેજસિંહ ગણિ 'નેમિનાથ સ્તવન' સં. ૧૭૧૧નો આરંભ આ પ્રમાણે કરે છે :

**'સદ્ગુરુને ચર્ણે નમી સમરૂં ગૌતમસ્વામિ,**
**શ્રીગુરુની સેવા કરું, કેશવજી શુભ નામ.'**

પદ્મચંદ્ર 'જંબુસ્વામી રાસ' (અથવા ચરિત્ર) સં. ૧૭૧૪માં આદિમાં લખે છે :

**'ગૌતમાદિ ગણધર નમું, લબધિ તણો ભંડાર;**
**નમૈ નવનિધિ સંપજ, પરભવ સુખ અપાર.'**

ઉદયચંદ 'માણિકકુમારની ચોપાઈ' સં. ૧૭૧૪ની રચનાના આરંભે લખે છે :

**'શ્રી ગૌતમ ગણપતિ નમું, લબધિ તણઉ નિવાસ.'**

કવિ વિદ્યારુચિ 'ચંદરાજા રાસ'/ચોપાઈ સં. ૧૭૧૭માં આરંભમાં છઠ્ઠા દુહામાં વર્ધમાનના શિષ્ય અંગે કહે છે કે,

**'તાસ શિશ બહુ લબ્ધિનિધિ ગણધર ગૌતમસ્વામિ,**
**સેવ્યો સુરતરુ સરિખો, ગુણ-ગિરૂઓ અભિરામ.'**

હસ્તિરુચિ, સં. ૧૭૧૭ના 'ચિત્રસેન પદ્માવતી રાસ'ના દુહામાં લખે છે :

**'તસ ગણધર ગિરૂઓ ગુણે, ગૌયમ સુગુણનિધાન,**
**લબ્ધિ વિશેષેં પરિવર્યો, પસર્યો જસ ગુણવાન.'**

યશોવિજય ઉપાધ્યાયના શિષ્ય તત્ત્વવિજયજી 'અમરદત્ત મિત્રાનંદનો રાસ'ના આદિના દુહા ક્રમાંક ૮માં કહે છે :

**'ગૌતમ ગણધર ગુણનિલો, લબ્ધિવંત સીરલીહ,**
**અંગૂઠેં અમૃત વસે, સાધશિરોમણિ સિંહ.'**

હીરાણંદ/હીરમુનિ 'ઉપદેશ રત્નકોશ કથાનક અમૃતમુખી ચતુષ્પદી,' સં. ૧૭૨૭માં લખે છે :

**'ગૌતમ ગણધર ગુણ સરિસ, ભર્યા લબધિ ભંડાર,**
**પ્રહ સમ જપતાં પામીયઈ, ઈછત વસ્ત અપાર.'**

લક્ષ્મીવલ્લભ–રાજ–હેમરાજના સં. ૧૭૪૧ પૂર્વેના 'મહાવીર ગૌતમસ્વામી છંદ'નો આરંભ આ પ્રમાણે કરે છે :

**'વર દે તું વરદાયિની, સરસતિ કરિ સુપ્રસાદ,**
**વાંચું વીર જિણંદસું, ગૌતમ ગણધર વાદ.'**

કવિ જિનવિજયજી સં. ૧૭૫૧ના 'ગુણાવલી રાસ'ના આરંભે ગૌતમને સ્મરે છે :

**'વલી સમરૂં શ્રુતદેવતા, ભગવતિ આદિ જેહ,**
**ગોયમાદિક ગણધર નમેં, હું પણિ પ્રણમું તેહ.'**

વીરજી/વીરચંદના સં. ૧૭૨૮ના 'કર્મવિપાક/જંબૂપૃચ્છા રાસ'ના આદિના બીજા દોહામાં લખે છે :

**'ગોયમ ગણહર પય નમી, કર્મવિપાક વિધિ જોય,**
**ફલ ભાખું કૃત કર્મનાં, સાંભલજો સહુ કોય.'**

કર્મસિંહની સં. ૧૭૩૦ના 'રોહિણી (અશોકચંદ્ર) ચોપાઈ'માં આરંભનો બીજો દોહો જુઓ :

**'વદ્ધમાન સ્વામી સધર, સાસણનાયક સાર,**
**તસ ગણધર ગૌતમ નમું, લબધિ તણઉ ભંડાર.'**

સં. ૧૭૩૧માં તત્ત્વહંસની 'ઉત્તમકુમાર ચોપાઈ'માં આદિનો દુહો કહે છે :

**'ગોયમ ગણધર પાય નમું, ગણધર ઈગ્યારે સાર,**
**મોટા મુનિવર વાંદતાં, ઉપજે હરષ અપાર.'**

વિબુધવિજયના 'મંગલકલશ રાસ' (સં. ૧૭૩૦)માં બીજો દુહો છે :

**પુંડરિક ગૌતમ પ્રમુખ, ચઉદસેં બાવન,**
**ગુણદરિઆ ગણધર નમું, હરષિત હોય જગમન.'**

સુરવિજયજીના 'રતનપાળ રાસ' સં.૧૭૩૨ના આદિનો બીજો દુહો છે :

**'પુંડરિક ગૌતમ પ્રમુખ, ગણધર હુવા ગુણવંત,**
**ચઉદસેં બાવન નમું, મોટા મહિમાવંત.'**

કવિ ખેમની 'અનાથી ઋષિસંધિ' સં.૧૭૪૫ના આરંભે લખ્યું છે :

**'વંદિય વીર જિણેસ જગીસ, નિત પ્રણમું તસ ગૌતમ સીસ.'**

કુશલલાભ વાચક સં. ૧૭૪૮માં 'ધર્મબુદ્ધિ ચોપાઈ'માં લખે છે :

**'વર્ધમાન જિનવર નમું, સાસનનો સિણગાર,**
**ગુરુ ગૌતમ સરસતિ નમું, સમરી શ્રી નવકાર.'**

આ જ કવિની સં. ૧૭૫૦ની 'વનરાજર્ષિ ચોપાઈ'માં ત્રીજા દુહાના પૂર્વાર્ધમાં લખે છે :

**'પુંડરિક ગૌતમ પ્રમુખ, પ્રણમી સહુના પાય...'**

ચંદ્રવિજયજી સં. ૧૭૪૯ની 'ધન્ના શાલિભદ્રની ચોપાઈ'ના આરંભે કહે છે :

**'સમરી સરસતિ સામિની, તિમ વલી ગૌતમસ્વામિ,**
**નામ જપંતાં જેહનઈં, લહીઈં વંછિત કામ.'**

મોહનવિજયના સં. ૧૮૫૪ના 'નર્મદાસુંદરીનો રાસ'નો આદિનો બીજો દુહો છે :

**'ધારક અતિશય એહવા, જિન સુરગિરી પરિ (પરે) ધીર,**
**હું પ્રણમું તે વીરનેં, ગૌતમ જાસ વજીર.'**

'(બ્રહ્મ) જ્ઞાનસાગરની સં. ૧૬૫૯ની રચના 'રત્નત્રય વ્રતકથા'ના આરંભની કડીનો ઉત્તરાર્ધ છે :

**'ગૌતમ કેરા પ્રણમું પાય, જેહથી બહુવિધ મંગલ થાય...'**

લાધા શાહના સં. ૧૭૯૫ના 'શિવચંદજીનો રાસ'માંના બીજા દુહાનો પૂર્વાર્ધ છે :

**'શ્રી ગૌતમ પ્રમુખ જે મુનિવરા, શ્રી સોહમ ગણરાય...'**

સં. ૧૭૬૧માં ગંગ મુનિ-ગાંગજીના 'રત્નસાર તેજસાર રાસ'નો આરંભનો ચોથો દુહો છે :

**'તસ ગણધર ગૌતમ નમું, લબધિ તણો ભંડાર,**
**સમઝાવી ભવ્ય જીવને, ઉતારે ભવપાર.'**

કર્મસિંહની સં. ૧૭૬૨ની 'અઢાર નાત્રાં ચોપાઈ'ના પ્રારંભિક દુહામાં છે :

**'શ્રી ગૌતમ ગણધર નમી, પામી સુગુરુ પસાઉ,**
**અષ્ટાદશ સગપણ તણી, કથા કહું ધરિ ભાઉ.'**

દુર્ગદાસ/દુર્ગદાસની 'જંબૂસ્વામી ચોઢાલિયું' સં. ૧૭૯૩નો આરંભ આમ છે :

**'પુરસાદાંની પરમ પ્રભુ, પ્રણમું ગોડી પાસ;**
**મહાવીર મહિમાનિલો, ગણધર ગૌતમ જાસ.'**

ચતુરની સં. ૧૭૭૧માં લખાયેલી 'ચંદનમલયાગીરી ચોપાઈ'નો આરંભ છે :

**'ગોયમ ગણધર પય નમી, લબધિ તણો ભંડાર;**
**જસુ પ્રણમઈ સવિ પાઈથઈ, સ્વર્ગ-મોક્ષ-પદ સાર.'**

ચતુરસાગરના 'મદનકુમારનો રાસ' સં. ૧૭૭૨માં પ્રારંભમાં બીજી પંક્તિમાં આમ છે :

**'ગૌતમ આદેં ગણધર વલી, ભેટીસ બે કર જોડિ,**
**મૂખ્ય પટોધર વીરનો, ભ્રાત ઈગ્યાર તણિ છે જોડિ.'**

દેવવિજયના 'રૂપસેનકુમાર રાસ' સં. ૧૭૭૮ના પ્રારંભનો બીજો દુહો છે :

**વાંદું ગૌતમ વીરના, લબ્ધીવંત ગણધાર;**
**હોજો અનુદિન સંઘને, દાયક સુખ શ્રીકાર.'**

ગજવિજયજીના 'મુનિપતિ રાસ' સં. ૧૭૮૧માં પ્રારંભે દુહો છે :

**'ગણધર ગૌતમ નામ છે, લબ્ધિ અઠવીસ સાર,**
**નામે નવનિધિ સંઘને, વ્યાપે સુજસ સંસાર.'**

નિહાલચંદ્રકૃત 'માણેકદેવીનો રાસ' સં. ૧૭૯૮નો આરંભ છે :

**'શ્રીગુરુ ગૌતમ પાય નમી, સારદ માત મનાઉં રે,**
**દેહ થકી બુધિ ઉપજે, ગુણ પુણ્યવંતના ગાઉં રે.'**

કાવ્યારંભે કેટલેક સ્થળે અમુકને પ્રભાવશાળી ઉપમા આપવા માટે પણ ગૌતમ સરખા ગણ્યા છે. તે જ રીતે કાવ્યના પ્રારંભે જેમ ગૌતમવંદના આવે છે તેમ અમુક કાવ્યના અંત ભાગમાં પણ તેમનું નામ આદરપૂર્વક લેવાયું છે.

ઉપરનાં દૃષ્ટાંતો પરથી જોઈ શકાય છે કે પૂજ્ય ગૌતમસ્વામીને મુખ્ય ગણધર, ભગવાન મહાવીરના કૃપાપાત્ર, ગુણધર, લબ્ધિવંત, સુખદાતા, ભવતારક વગેરે ગુણો સાથે યાદ કરાયા છે.

* * *



# છંદોમાં ગૌતમ ગણધર

## –પ્રા. કવિનભાઈ શાહ

**અક્ષરના ઉચ્ચારણમાંથી જન્મતો, માપથી, સમેળતાથી વાણી-વાણીના આકારને છંદ કહેવાય છે. વિશ્વના વૈવિધ્યપૂર્ણ સાહિત્ય-વારસામાં સ્વાભાવિક કાવ્યરચનાઓ ખૂબ જોવા મળે છે. ગદ્યને પદ્યમાં મૂકી ટૂંકમાં, સંક્ષેપમાં આ છંદોમાં મૂકવાની પદ્ધતિ બહુ પ્રાચીન છે. આખાં ને આખાં જીવનચરિત્રો છંદોમાં રચાયેલાં જોવા મળે છે. અત્રે ગણધર ગૌતમસ્વામીજી વિષયક છંદોનું વિશ્લેષણ અપાયું છે. નિરાંતે વાંચશો.**

**પ્રા. શ્રી કવિનભાઈ શાહ બીલીમોરાની કોલેજમાં અધ્યાપક છે, અનેક જૈન સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.** *–સંપાદક*

વિશ્વના વૈવિધ્યપૂર્ણ સાહિત્યવારસા તરફ નજર કરતાં સ્વાભાવિક રીતે કાવ્યસ્વરૂપમાં રચનાઓ થયેલી જોવા મળે છે. વાલ્મીકિનું રામાયણ એ અનુષ્ટુપ છંદની સર્વોત્તમ પ્રાચીન રચના છે. તેમાં છંદ અને કવિતાનો સુભગ સમન્વય સધાયો છે. છંદ એ કાવ્યનું જીવંત અંગ છે. સંસ્કૃત ભાષા ઉપરાંત અન્ય ભાષાઓમાં છંદયુક્ત રચનાઓ થઈ છે. એ દૃષ્ટિએ છંદ વિશેનો શાસ્ત્રીય પરિચય મેળવવો જરૂરી બને છે. છંદનો મહિમા ને છંદયુક્ત રચનાનું સામર્થ્ય સમજવા માટે, છંદ વિષે વિવેચક શ્રી રા. વિ. પાઠકે વ્યક્ત કરેલું મંતવ્ય જોવું જરૂરી છે. છંદની વ્યાખ્યા આપતાં તેમણે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"છંદ એટલે અક્ષરના ઉચ્ચારણમાંથી જન્મતો, માપથી સિદ્ધ સુમેળવાળી વાણીનો આકાર."
"છંદ એ કાવ્યના સ્વરૂપની વિશિષ્ટ આકૃતિ છે."[A]

શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ જણાવે છે કે–"વૃત્તનો પર્યાયવાચી શબ્દ છંદ છે. વૃત્ત વિશે નરસિંહરાવ જણાવે છે કે વૃત્ત શબ્દનો વ્યુત્પત્યર્થ ફેરવેલું, રૂપાંતર પામેલું છે. અર્થાત્ ગદ્યને પદ્યના રૂપમાં મૂકેલું એમ અર્થ છે. અંગ્રેજીમાં Verse શબ્દનો અર્થ પણ તે જ રીતે Verto=Turn પદ્યનું સ્વરૂપ સૂચવે છે."[B] છંદ એટલે અક્ષર કે માત્રાના મેળ-નિયમથી બનેલી કવિતા, એવી પણ એક સમજૂતી છંદની છે.

પુરાતન અને મધ્યકાલીન સમયમાં કવિઓ અને સાધુ-સંતો મોટે ભાગે જનતાને પોતાની રચનાઓ ગાઈ સંભળાવતા હતા, એટલે છંદ અને રાગનો વિશેષ પ્રયોગ થતો હતો. ગુજરાતી ભાષામાં તો સંસ્કૃત વૃત્તો ઉપરથી છંદોનો વિકાસ થયો છે. રાસ-પદ-આખ્યાન જેવા કાવ્યપ્રકારોમાં ગેયતા રહેલી છે. ગેયતાને કારણે આવી છંદોબદ્ધ રચનાઓ વધુ પ્રચારલક્ષી બની હતી. સર્જકના કર્તવ્યમાં આ દૃષ્ટિ રહેલી હતી, એટલે છંદયુક્ત રચનાઓ વિશેષ મળી આવે છે. તેમાં થોડા

A. *સાહિત્ય સિદ્ધાંતો, લે. પંડ્યા, નાયક, પટેલ, ઓઝા: અનડા પ્રકાશન: અમદાવાદ: પા. ૮૦.*

B *સાહિત્યનો સ્વાધ્યાય. લે. વિ. મ. ભટ્ટ. પા.૧૫૬*

ફેરફાર સાથે શાસ્ત્રીય રાગો અને દેશીઓનો પ્રયોગ પણ થયેલો છે.

માત્રામેળ છંદોમાંથી કેટલીક દેશીઓનો વિકાસ થયો. અપભ્રંશ રચનાઓમાં છંદો અને દેશીઓ બન્નેનો પ્રયોગ થયો છે. છંદમાં પ્રાસ, તાલ, લય હોવાથી કાવ્યના વિષયને હૃદય સુધી પહોંચાડવામાં સહાયક છે. મનુષ્યની ભાવાભિવ્યક્તિને પ્રગટ કરવા માટે લયયુક્ત છંદરચના જ વધુ સમર્થ બને છે. પ્રતિભાશાળી કવિઓએ છંદમાં રચના કરીને સાહિત્યનો સમૃદ્ધ અમર વારસો અર્પણ કર્યો છે. જ્યારે કોઈ રચના એક જ છંદમાં થઈ હોય અથવા વિવિધ છંદોનો પ્રયોગ થયો હોય ત્યારે 'છંદરચના' કહેવાય છે. છંદરચના પદ્યને લાલિત્યપૂર્ણ બનાવીને શ્રોતાઓને શીઘ્ર સ્પર્શીને પરિતૃપ્ત કરે છે. આવી શક્તિ ગદ્યમાં નથી. વેદથી જુદા છંદ એ લૌકિક છંદ છે. પિંગળના છંદો લૌકિક કહેવાય છે. પિંગળમાં અક્ષરમેળ, માત્રામેળ અને રૂપમેળ છંદોની માહિતી છે. લૌકિક સંસ્કૃત ભાષામાં સૌ પ્રથમ વાલ્મીકિએ અનુષ્ટુપ છંદ પ્રયોગ કર્યો છે. ત્યાર પછી તે સંસ્કૃતમાં અને બાદમાં ગુજરાતીમાં સહજ રીતે પ્રચાર પામ્યો છે.

જૈન કવિઓની છંદરચનાઓની વિગતો નીચે પ્રમાણે છે :

'રંગરત્નાકર નેમિનાથ છંદ'ની રચના કવિ લાવણ્યસમયે સં. ૧૫૪૦માં કરી છે. તેમાં વિવિધ છંદો દ્વારા નેમિનાથનું ચરિત્ર વર્ણવ્યું છે. તેમાં ૧૧૭ કડીઓ છે. રચનાને અંતે સંસ્કૃતમાં છંદ રચના-અધિકાર પૂર્ણ થાય છે એવો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.''इति श्री रंगरत्नाकराभिधे श्री नेमिनाथोछंदोऽधिकारे प्रथमोऽधिकार संपूर्णः।'' કવિએ પ્રાસાદિક શૈલીમાં રચના કરી છે, વિવિધ અલંકારોથી અભિવ્યક્તિ કરીને કવિપ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

'શ્રી સૂર્ય-દીવા વાદ છંદ' કવિ લાવણ્યસમયની આ રચના સૂર્ય અને દીવો—એ બેમાંથી કોણ પ્રધાન છે તેના વિષેની માહિતી આપે છે. છપ્પય છંદની ૩૦ કડીમાં રચના કરી છે.

'ભારતી છંદ'ની રચના કવિ સંઘવિજયે સં. ૧૬૮૭માં કરી છે. એનું બીજું નામ ભગવતીનો છંદ છે. સરસ્વતી, શ્રુતદેવી એ અર્થમાં છંદ રચના કરી છે. તેમાં સોળ વિદ્યાદેવીઓ, ચોસઠ યોગિની અને નવદુર્ગાની સ્તુતિ કરવામાં આવી છે. કવિએ 'અડયલ્લ' છંદનો પ્રયોગ કર્યો છે.

## ગૌતમસ્વામી વિષયક છંદરચનાઓનો પરિચય

ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીનું જીવન અને કાર્ય આ કળિકાળમાં ભવ્ય જીવોના કલ્યાણને માટે અનન્ય પ્રેરણાદાયી છે. ગૌતમસ્વામી એ ભગવાન મહાવીરના શાસનના પ્રથમ સુકાની (ગણધર) અને અનંત ઉપકારી ગુરુદેવ છે. એમના જીવનના પ્રસંગોને મિતાક્ષરી શૈલીમાં ને વિસ્તારથી ગૂંથી લેવાનો પ્રશસ્ય પ્રયત્ન વિવિધ કવિઓએ સ્તવન, સજ્ઝાય, છંદ અને ચૈત્યવંદન જેવી રચનાઓમાં કર્યો છે.

[૧] કવિ શ્રી સૌભાગ્યવિજયજી મહારાજે ગૌતમસ્વામીના નવ ગાથાના છંદમાં એમનો મહિમા વર્ણવ્યો છે. છંદની આરંભની પંક્તિઓ નીચે મુજબ છે :

**''માત પૃથ્વી-સુત પ્રાતઃ ઊઠી નમો;**
**ગણધર ગૌતમ નામ ગેલે.''**

પ્રભાતના સમયમાં છંદનું સ્તુતિ સ્વરૂપે ગાન કરવામાં આવે છે. પવિત્ર અને દિવ્ય વ્યક્તિના

જીવનનું નામસ્મરણ જીવનમાં સર્વ રીતે સૌભાગ્ય બક્ષે છે. કવિએ પ્રભાતી રાગમાં આ રચના કરી છે. નરસિંહનાં પ્રભાતિયાં કહેવાય છે તેની સાથે આ છંદરચના સામ્ય ધરાવે છે. વર્તમાનમાં પણ પર્વના દિવસે, નૂતન વર્ષ અને મહિનાના પ્રારંભે તેમ જ મંગલમય દિવસે ગૌતમસ્વામીના છંદનું લોકો ગુરુમુખેથી શ્રવણ કરે છે. વિશેષણયુક્ત શૈલીમાં ગૌતમસ્વામીનો પરિચય કરાવતાં કવિ આ જ છંદમાં નીચે મુજબ જણાવે છે :

**''સુરમણિ જેહ ચિંતામણિ સુરતરુ, કામિત પૂરણ કામધેનુ.''**

ગૌતમસ્વામી સુરમણિ, ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન છે. આવા ગૌતમસ્વામીનું ધ્યાન ધરવાથી આત્માનો ઉદય થાય છે.

**''ઉદય જસ નામથી અધિક લીલા લહે,**
**સુજસ સૌભાગ્ય દોલત સવાઈ.''**

ગૌતમસ્વામીના ધ્યાનથી વિઘ્ન-વિનાશ, મનોકામના પૂર્ણ, દુશ્મન દૂર ભાગે, સ્વજનો સાથે સુમેળ રહે વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થાય છે. ગૌતમસ્વામીનો પ્રભાવ માત્ર મનુષ્યલોકમાં જ નથી, સ્વર્ગના દેવો પણ ભક્તિભાવથી મસ્તક નમાવીને પ્રણામ કરે છે.

**''અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુરનર જેહને શિશ નામે.''**

[૨] કવિ લાવણ્યસમયની ૯ ગાથાના ગૌતમસ્વામીના છંદની રચનામાં એમનો મહિમા ગાવામાં આવ્યો છે. ગૌતમસ્વામીના ધ્યાન અને સ્મરણથી શું પ્રાપ્તિ થાય છે તેની માહિતી દર્શાવી છે. આ છંદમાં ગૌતમસ્વામીના જીવન વિષયક સંક્ષિપ્ત ઉલ્લેખ કરીને એમનો મહિમા ગાવામાં આવ્યો છે. છંદનો આરંભ નીચેની પંક્તિથી થાય છે :

**''વીર જિણેસર કેરો શિષ્ય ગૌતમ નામ જપો નિશદિશ.'**

ગૌતમસ્વામીના પ્રભાવનું વર્ણન કરતાં કવિ જણાવે છે કે :

"ગૌતમ નામે ગયવર ચઢે, મનવાંછિત હેલા સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ।।૨।।

જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુંકડા;
ભૂત પ્રેત નવિ ખંડે પ્રાણ, તે ગૌતમ નામ કરું વખાણ. ।।૩।।

ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમનામે વાધે આય;
ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ।।૪।।

શાળ દાળ સુરહા ઘૃત ગોળ, મનવાંછિત કાપડ તંબોળ;
ઘરે સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ।।૫।।

ઘર મયગલ ઘોડાની જોડ, વારું પહોંચે વાંછિત કોડ;
મહિયલ માને મોટા રાય, જો તૂઠે ગૌતમના પાય. ।।૭।।[1]

ઉપરોક્ત કાવ્યપંક્તિઓ ગૌતમસ્વામીના નામસ્મરણનો અપૂર્વ મહિમા પ્રગટ કરે છે. કવિનો

૧. *પ્રાચીન છંદ સંગ્રહ; સંપા. મુનિ વિદ્યાવિજયજી; પા. ૮૬.*

આ છંદ ગૌતમસ્વામીની ગુરુદેવ તરીકે ઉપાસનાથી પ્રાપ્ત થતા લાભની માહિતી આપે છે. કવિની પ્રાસરચના નોંધપાત્ર છે. પ્રત્યેક ગાથામાં "ગૌતમ" શબ્દપ્રયોગ કરીને એમના પ્રત્યેનો અનંત ઉપકારી ગુરુભક્તિભાવ દર્શાવવામાં આવ્યો છે. ભાષા સરળ ગુજરાતી હોવા છતાં પ્રાકૃત શબ્દપ્રયોગો જેવા કે જિણેસર, ગયવર, મયગલ, મહિયલ થયેલા જોવા મળે છે. મંગલ પ્રસંગે ગુરુ ભગવંત આ છંદ સંભળાવે છે, જેથી સમાજમાં ઉપરોક્ત છંદ વિશેષ પ્રચલિત અને લોકપ્રિય છે.

[૩] કવિ રૂપચંદ ગણિના શિષ્ય મુનિ શ્રીચંદે છ ગાથામાં ગૌતમસ્વામીનો મહિમા ગાયો છે. આરંભની પંક્તિ નીચે મુજબ છે :

**''જયો જયો ગૌતમ ગણધાર મ્હોટી લબ્ધિ તણો ભંડાર.''**[૨]

ગૌતમસ્વામીના સ્મરણથી મનોવાંછિત પૂર્ણ થાય, ભૌતિક સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે પ્રકારના વિચારોની છંદમાં અભિવ્યક્તિથી છે. નમૂના રૂપ પંક્તિ જોઈએ તો–

**''ગયગમણી રમણી જગસાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર;**
**આવે કનક કોડિ વિસ્તાર, જયો જયો ગૌતમ ગણધાર.''**[૩]

છંદરચનાની પંક્તિઓ પ્રાસરચનાથી રસિકતાની અનુભૂતિ દ્વારા ભક્તિભાવમાં લીન કરે તેવી છે. 'જયો જયો ગૌતમ ગણધાર' એ પંક્તિની પ્રત્યેક કડીમાં પુનરુક્તિ એ ગૌતમસ્વામીના જયજયકારની ભાવનાને વિશેષ નોંધપાત્ર રીતે પ્રગટ કરે છે.

## ગૌતમસ્વામી અષ્ટક

સંસ્કૃત સ્તોત્રરચનાઓમાં પ્રાતઃસ્મરણીય સ્તોત્ર તરીકે ગૌતમસ્વામી અષ્ટક પ્રથમ કોટિનું અનન્ય પ્રેરણાદાયી સ્થાન ધરાવે છે. એમનું જીવન અને કાર્ય વિશ્વના સર્વ જીવોને માટે અમર પંથના યાત્રી તરીકે ભવસમુદ્રમાં સફર કરનારાને માટે દીવાદાંડી સમાન છે. "પ્રભુના પગલે-પગલે ચાલ્યાં જાય છે નર-નાર." એમ કહીએ ત્યારે સૌ પ્રથમ જો કોઈનું નામસ્મરણ કરવું હોય તો એક માત્ર "ગૌતમસ્વામી ગણધર." "गुरुणाम् गुरु।"

એમના જીવનનો મિતાક્ષરી અર્થઘન અને રહસ્યમય પરિચય ગૌતમસ્વામી અષ્ટકની લઘુરચનામાં થાય છે. બિંદુમાંથી સિંધુનાં દર્શન થાય તેમ લઘુ અષ્ટક એમના જીવનનો પરિચય આપીને પ્રભાતનાં પુષ્પ સમાન પરિમલ પ્રસરાવી જીવનબાગને મ્હેંકતો કરી દે છે. અષ્ટકની મહત્ત્વની વિગતો નીચે પ્રમાણે છે :

આ અષ્ટકની રચના સંસ્કૃત ભાષાના ઈન્દ્રવજ્રા છંદની ૧૦ ગાથામાં થઈ છે. જૈન સાહિત્યની પરંપરામાં કવિના નામનો ઉલ્લેખ લગભગ બધી જ રચનાઓમાં થયેલો હોય છે. અહીં એવો ઉલ્લેખ નથી, એટલે આ સ્તોત્ર પ્રાચીન હોવાનો સંભવ છે. પ્રથમ ગાથાનો આરંભ જોઈએ તો–

**''શ્રી ઈંદ્રભૂતિ વસુભૂતિ પુત્રં પૃથ્વીભવં ગૌતમ ગોત્રરત્નમ્ ।**
**સ્તુવન્તિ દેવાઽસુર માનવેન્દ્રા! સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।।૧।।**

ગૌતમસ્વામીનો મહિમા દર્શાવતી ચોથી પંક્તિ ૧ થી ૯ ગાથામાં સમાન રીતે સ્થાન પામેલી

*. પ્રા. છં. સં. પા. ૮૯. ૩. ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો; લે. મંજુલાલ મજમુદાર; પા. ૧૦૪.*

છે. ગૌતમસ્વામીની વિશુદ્ધ હૃદયથી ઉપાસના એ મનોવાંછિત આપવા માટે સમર્થ છે. મનોવાંછિતનો અર્થ શું કરવો એ પ્રશ્ન વિચારવા જવો છે. ભૌતિક સુખ-સમૃદ્ધિનાં સાધનો, પુત્ર, પત્ની, પરિવાર આદિ તો ભવભ્રમણના નિમિત્ત રૂપ છે. આ જીવનને મનોવાંછિત કોઈ હોય તો તે રત્નત્રયી દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે; એ સિવાય કોઈ ઇચ્છા હોઈ શકે જ નહીં. એટલે ભારેકર્મી જીવો અજ્ઞાનતાને વશ થઈને ક્ષુલ્લક વસ્તુઓની ઇચ્છાઓ પૂર્ણ થાય તેવી ભક્તિના ફળની આશા રાખે છે. પરિણામે સંસાર ઘટાડવાને બદલે વધારે છે. જે પોતાના જીવનમાં આરાધના કરીને, સંસાર ઘટાડીને સર્વોચ્ચ એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને સિદ્ધિપદને પામ્યા તેની પાસે આવી આશા રખાય ખરી ? અનંત ઉપકારી ગુરુ ભગવંત પાસે ભૌતિક સમૃદ્ધિની સોદાબાજી ચાલી રહી છે તો તે મળી જાય, પણ મનુષ્યજન્મ હારી ગયા, તેનું શું ? એ વિચારીએ તો મનોવાંછિતની યથાર્થતા સમજાય.

ગૌતમસ્વામી એ સાક્ષાત્ જ્ઞાનસાગર હતા. ભગવાન મહાવીરે માત્ર ત્રિપદીનું દાન કર્યું અને તેમાંથી દ્વાદશાંગીની રચના કરીને વિરાટ વિશ્વના માનવીઓના કલ્યાણને માટે ભગવાન મહાવીરના વારસદાર તરીકે જ્ઞાનમાર્ગનો અપૂર્વ પ્રકાશ-પુંજ પાથર્યો; જેનું ચિંતન, મનન અને શ્રવણ કરીને ચતુર્વિધ સંઘ આરાધનામય બનીને મનુષ્યજન્મને કૃતાર્થ કરી રહ્યા છે. ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને ત્રિપદી સંભળાવી ત્યાર પછી એમણે દ્વાદશાંગીની રચના કરી. ત્રિપદીની વિગત નીચે મુજબ છે :

**"उप्पन्नेइवा, विगमेइवा, धुवेइवा"**

એટલે કે દરેક પદાર્થ વર્તમાન પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વના પર્યાય રૂપે નષ્ટ થાય છે, અને મૂળ દ્રવ્ય રૂપે નિત્ય રહે છે.

બીજી ગાથા ગૌતમસ્વામીના બહુશ્રુતપણાનો અને અગાધ જ્ઞાનનો પ્રભાવ દર્શાવે છે. ગૌતમસ્વામીનું સ્મરણ તો સંયમ દ્વારા મુક્તિપંથના યાત્રી જેવા ગચ્છના આચાર્યો 'સૂરિમંત્ર' તરીકે નિત્ય જાપ જપીને કરે છે, અને પરોક્ષ રીતે એમના કૃપાપાત્ર બની સુખ-શાતાથી મહાવ્રતનું પાલન કરીને સ્વ-પરના કલ્યાણનો સાક્ષાત્કાર કરાવે છે. ત્રીજી ગાથા ગૌતમસ્વામીની આરાધના મંત્રરૂપે થાય છે તેનો સંદર્ભ દર્શાવે છે.

ગૌતમસ્વામી અનંત લબ્ધિનિધાન હતા. એમના અંગૂઠામાં અમૃત હતું. અક્ષીણ લબ્ધિ હતી, જેથી પાત્રને સ્પર્શ કરે તેમાં અન્ન ખૂટે જ નહીં. અષ્ટાપદ પર્વત પર પોતાની અતુલ શક્તિથી પહોંચી ગયા, તાપસોને પારણાં કરાવ્યાં, વગેરે પ્રચલિત વિગતોનો ઉલ્લેખ છે, જે ગૌતમસ્વામીના જીવનના ચમત્કારના પ્રસંગો સમાન ગણાય છે.

આ અષ્ટકની નવમી ગાથા વિશેષ નોંધપાત્ર છે. બીજ વગર ફળ પ્રાપ્ત થાય નહીં, એ ન્યાયે ગૌતમસ્વામી એ મુક્તિમાર્ગની આરાધનાના બીજ સમાન છે એમ દર્શાવતા કવિ જણાવે છે કે :

**"ત્રૈલોક્યબીજં, પરમેષ્ઠિબીજં, સજ્જ્ઞાનબીજં જિનરાજબીજં**
**યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।।૯।।**

ત્રણ લોક, પરમેષ્ઠિપદ, જ્ઞાનમાર્ગ અને જિનપદના બીજ સમાન ગૌતમસ્વામી અમોને મનોવાંછિત આપો. આવા મહાકલ્યાણકારી ગૌતમસ્વામી ગુરુ—ગણધરનું નામ-સ્મરણ સર્વ રીતે સિદ્ધિ આપનારું બને છે.

અષ્ટકની ૧૦મી ગાથા મધ્યકાલીન કાવ્ય-પરંપરા અનુસાર ફળશ્રુતિનો નિર્દેશ કરે છે. પ્રભાતના સમયમાં જે મુનિઓ એમનું નામસ્મરણ કરે છે તેઓ સર્વ રીતે કલ્યાણને પામે છે. ધર્મની તમામ પ્રવૃત્તિઓમાં લાભની જ દષ્ટિ રહેલી છે એટલે જીવો પણ લાભની અપેક્ષાએ ધર્મમાં જોડાય છે. જ્યારે જ્ઞાનદષ્ટિ જાગે છે ત્યારે સત્ય સમજાતાં ભૌતિક અપેક્ષા પ્રત્યેની કોઈ ઇચ્છા રહેતી નથી. સાધુઓ અને શ્રાવકોને જ નહીં પણ ચતુર્વિધ સંઘને માટે ગૌતમસ્વામીનું પુણ્યસ્મરણ જીવનમાં મંગલકારી બને છે.

***

### નૂતન વર્ષના દિને ભણાવવાની

# અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીની પૂજા

**રચયિતા : અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત**
**શ્રી ગુણસાગરસૂરિજી મહારાજ**

**પ્રેરણાદાતા : તપસ્વી પ. પૂ. મુનિશ્રી ચારિત્રરત્નસાગરજી મહારાજ**

**સંકલનકર્તા : પ. પૂ. મુનિશ્રી સર્વોદયસાગરજી મહારાજ**

**શ્રી ગૌતમસ્વામીની પૂજા : પહેલી**

**(દુહા)**

પ્રણમી સર્વ જિનેશ્વરો, પ્રણમી સિદ્ધભગવાન;
પ્રણમી શ્રી ગુરુદેવને, જે છે કૃપા નિધાન. ૧.

બહુંતેર જિનાલયને નમું, અદ્વિતીય તીર્થ પ્રધાન;
કચ્છમાં જે શોભી રહ્યું, નમે પૂજે પુણ્યવાન. ૨

અનંતલબ્ધિથી ભર્યા, શ્રી ગૌતમ ગણધાર;
રચું પૂજા એ ગુરુદેવની, સર્વ સમૃદ્ધિ દેનાર. ૩.

જલ ચંદન પુષ્પ વાસચૂર્ણ, ધૂપ અક્ષત સુખકાર;
અષ્ટમંગલ દર્પણે કરી, પૂજો અષ્ટ પ્રકાર. ૪.

**ઢાળ : પહેલી**

**(રાગ : મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે....)**

મારે મન પ્યારા રે ગૌતમ સ્વામીજી રે, અનંતલબ્ધિ નિધાન;
ગુણ ગાઉં ગૌતમસ્વામી તણા રે, જાગે આતમજ્ઞાન...મારે મન૦ ૧.

ગુરુ ગૌતમના ગુરુ મહાવીર પ્રભુ રે પ્રણમું વારંવાર;
અસંખ્ય દ્વીપોની મધ્યે શોભતો રે, જંબૂદ્વીપ ગોળાકાર....મારે મન૦ ૨.

લાખ યોજન પ્રમાણ છે જેહનો રે, એનો દક્ષિણ વિભાગ;
ભરતક્ષેત્રના નામે પ્રસિદ્ધ છે રે, ઉત્તર-દક્ષિણ બે ભાગ...મારે મન૦ ૩.

મગધદેશ સોહામણો દક્ષિણે રે, તસ સ્વામી શ્રેણિકરાય;
રાજગૃહી નગરી માંહે વસે રે, અભયકુમાર મંત્રીરાય....મારે મન૦ ૪.

ગોબર ગામે વિપ્ર વસુભૂતિ વસે રે, નીતિ સદાચાર ધાર;
શીલવતી રૂપે રંભા સમી રે, પૃથ્વી પત્ની ગુણાગાર...મારે મન૦ ૫.

પતિપત્ની વ્યવહારે શોભતા રે, સુખમાં દિવસો જાય;
ગૌતમ નીતિ ગુણસાગરસૂરિ કહે રે, ગૌતમ નામે સુખ થાય...મારે મન૦ ૬.

ભવતુ વીર જિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરામગણાદિ-નિવારકઃ, સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

**મંત્ર** : ૐ હ્રીઁ શ્રી જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, રોગ શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽશુભ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વ સુખ સમૃદ્ધિ અષ્ટમહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણ ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા.

### ગૌતમસ્વામી પૂજા–બીજી

**(દુહો)**

ગોબર ગામમાં અન્ય પણ, વિપ્ર વસે ગુણવાન;
પણ વસુભૂતિ વિપ્રવર, તેથી અધિક દીપ્યમાન.

**ઢાળ–બીજી (રાગ : ભરતને પાટે ભૂપતિ રે...)**

ગુણ ગાંઓ ગૌતમ તણા રે, સમૃદ્ધિ થાય અપાર....સલૂણા....
વિપ્ર વસુભૂતિ વિપ્રા પૃથ્વીનો રે, સુખમય જાય સંસાર....સલૂણા....
જિમ ગોયમગુણ ગાઈયે રે, તિમ સમૃદ્ધિ વિસ્તાર સલૂણા...જિમ૦ ૧.

પૃથ્વીમાતાએ શુભ સ્વપ્નથી રે, ગર્ભ ધર્યો સુખકાર સલુણા;
ગર્ભકાલ પૂરો થતાં રે, પુત્રજન્મ થયો સાર સલૂણા....જિમ૦ ૨.

ઈન્દ્રભૂતિ નામ રાખિયું રે, ચંદની જેમ વૃદ્ધિ થાય સલુણા;
ક્રમથી અભ્યાસ કરે ઘણો રે, ચૌદ વિદ્યા ભણી જાય સલૂણા....જિમ૦ ૩.

સાત હસ્તમાન દેહથી રે, શોભે ગુણોના ભંડાર સલૂણા;
સૂર્ય ચંદ્ર જસ તેજથી રે, થયા ગગને ફરનાર સલૂણા....જિમ૦ ૪.

મુખ હસ્ત પદ નેત્ર પદ્મને રે, જોઈ જલે પડ્યાં પદ્મો સાર;
નિરુપમ જસ રૂપ દેખીને રે, અનંત થયો કામધાર સલૂણા....જિમ૦ ૫.

મેરુ ધીર સમુદ્ર ગંભીર બન્યા રે, જિનસેવા પૂર્વે કરી જોય સલૂણા;
'ગૌતમ નીતિ ગુણસૂરિ' કહે રે, ગૌતમ સ્મરો ઋદ્ધિ હોય સલૂણા....જિમ૦ ૬.

ભવતુ વીર જિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરા મરણાદિ નિવારકઃ, સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

**મંત્ર** : ૐ હ્રીઁ શ્રી જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, રોગ-શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽશુભ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વસુખ સમૃદ્ધિ અષ્ટમહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણ ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા ।

**ગૌતમસ્વામી પૂજા–ત્રીજી (દુહો)**

મિથ્યામતિ સંસર્ગથી, મિથ્યાદષ્ટિ દઢ થાય;
હિંસક યજ્ઞોને કરે, ઇન્દ્રભૂતિ દ્વિજરાય.

**ઢાળ–ત્રીજી (રાગ : સમવસરણ સુરવર રચે રે....)**

મિથ્યાધર્મને સેવતો રે, મિથ્યા ધર્મે હોશિયાર, સાહેબ શિવવસિયા....

પ્રચાર કરે મિથ્યા ધર્મનો રે, પાંચસો શિષ્ય પરિવાર, સાહેબ શિવવસિયા....
શિવવસિયા રે મારે મન વસિયા રે, દિલ વસિયા જિનરાજ....સાહેબ૦ ૧.

પૃથ્વીપીઠે બહુ ફરી ફરી રે, ધર્મનામે હિંસાકાર...સાહેબ....
ગૌતમ ગોત્ર ઇન્દ્રભૂતિનું રે, તિણે ગૌતમ નામધાર....સાહેબ.... ૨.

એવા જ દશ પંડિતો મલ્યા રે, હિંસક યજ્ઞ કરનાર....સાહેબ....
સર્વે પોતાને સર્વજ્ઞ માને રે, એક એક શંકા ધરનાર...સાહેબ.... ૩.

પરસ્પર શંકા પૂછે નહીં રે, નિજ ઊણપ ઢાંકનાર....સાહેબ....
યજ્ઞકાર અગિયારે પંડિતો રે, આવ્યા પાવાપુરી સાર....સાહેબ.... ૪.

દેવોએ સમવસરણ રચ્યું રે, ઉપદેશે નિષ્ફળ વીર....સાહેબ....
માનવો કોઈ આવેલ નહીં રે, દેવો ન થાય વ્રતધાર....સાહેબ.... ૫.
'ગૌતમ નીતિ ગુણસૂરિ' કહે રે, જિનવાણી સુખકાર....સાહેબ....

ભવતુ વીરજિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરામરણાદિ નિવારકઃ સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

**મંત્ર** : ૐ હ્રીઁ શ્રી જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, રોગ શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽસુખ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વ સુખ સમૃદ્ધિ અષ્ટ મહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણ ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા ।

**ગૌતમસ્વામી પૂજા–ચોથી**
**(દુહો)**

વૈશાખ સુદિ દશમે પ્રભુ, કેવલજ્ઞાની થાય;
પણ દેશના નિષ્ફલ થતાં, સંઘ સ્થાપવા જાય.

**ઢાળ : ચોથી**

**(રાગ : આજ મારા દેહરાસરમાં મોતીડે મેહ વરસ્યા.)**

મહાવીર પ્રભુજી સંઘ સ્થાપવા, પાવાપુરીમાં આવ્યા રે;
સમવસરણ દેવોએ બનાવ્યું, પ્રભુ પ્રભાવ પથારાયા રે....મહાવીર૦ ૧.

નગરલોક સહુ હર્ષે આવી, સમવસરણે જિન વાંદ્યા રે;
ક્રોડો દેવદેવીઓ આવે, દેખી ગૌતમ આનંદ્યા રે....મહાવીર૦ ૨.

પ્રભાવ દેખો આ યજ્ઞોનો, દેવદેવીઓ આવે રે;
એમ કહે તે સમયે દેવો, સમવસરણમાં જાવે રે....મહાવીર૦ ૩.

ઈન્દ્રભૂતિ અભિમાને બોલે, મૂર્ખોથી આવું કરાય રે;
પણ દેવો જો આવું કરે તો, મુજથી નહીં સહેવાય રે....મહાવીર૦ ૪.

લોકોને પૂછે ક્યાં જાઓ સહુ, તેઓ કહે મહાવીર પાસ રે;
અહો, એણે દેવો આકર્ષ્યા, મહાપાખંડી છે ખાસ રે....મહાવીર૦ ૫.

જીત્યા વિણ છોડું નહીં એહને, મુજ સમ જ્ઞાની ન કોય રે;
'ગૌતમ નીતિ ગુણસૂરિ' કહે, ત્યાં જઈ ગૌતમ જોય રે....મહાવીર૦ ૬.

ભવતુ વીર જિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરામરણાદિ નિવારકઃ સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

**મંત્ર** : ૐ હ્રીઁ જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, રોગ શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽશુભ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વ સુખ સમૃદ્ધિ, અષ્ટ મહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણ ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા ।

**ગૌતમસ્વામી–પૂજા પાંચમી**

**(દુહો)**

સમવસરણે બેઠા પ્રભુ, ક્રોડો દેવોથી પૂજાય;
છત્ર ચામરે પુષ્પવૃષ્ટિથી, શોભે શ્રી જિનરાય.

**ઢાળ : પાંચમી**

**(રાગ : સાંભળજો મુનિ સંયમ રાગે....)**

ગૌતમ પાંચસો શિષ્યે પરિવરિયા, જોઈ સમૃદ્ધિ વિસ્તાર રે;
આ તો મહાઈન્દ્રજાલિયો લાગે, જીતવા કરતો વિચાર રે....ગૌતમ૦ ૧.

ઈન્દ્રભૂતિ ક્ષેમકુશલે આવ્યો ને, સુણી વીરવાક્ય વિચારાય રે;
અરે આ તો મુજ નામ પણ જાણે, મુજ જગપ્રસિદ્ધ જણાય રે....ગૌતમ૦ ૨.

મુજ સંશય જાણી દૂર કરે તો, સાચો જ્ઞાની કહેવાય રે;
ગૌતમ તને આ શંકા છે તે, આ વેદપદોથી વારાય રે....ગૌતમ૦ ૩.

સુણી વેદ-પદો માન મૂકી નમી ગૌતમ, પાંચસો સહ શિષ્ય થાય રે;
જીતાય નહીં મારો ભાઈ કોઈથી પણ, અગ્નિભૂતિથી વિચારાય રે....ગૌતમ૦ ૪.

જઈ હમણાં ભાઈને છોડાવી લઉં, કહી મહાવીર પાસે જાય રે;
વેદ-પદોથી એનો સંશય ટાળે, શિષ્યો સહ એ પણ શિષ્ય થાય રે....ગૌતમ૦ ૫.

વાયુભૂતિ આદિ નવપંડિતો પણ, શંકા નિવારી શિષ્ય થાય રે;
'ગૌતમ નીતિ ગુણસાગરસૂરિ' કહે, અગિયારે સત્યમાર્ગ પાય રે....ગૌતમ૦ ૬.

ભવતુ વીર જિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરામરણાદિ નિવારકઃ, સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

મંત્ર : ૐ હ્રીઁ શ્રી જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, રોગ શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽશુભ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વ સુખ સમૃદ્ધિ અષ્ટ મહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણં ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા ।

## ગૌતમસ્વામી પૂજા–છઠ્ઠી
### (દુહો)

શિષ્યો સહ અગિયારને, દીક્ષા દઈ જિનરાય;
અગિયારને યોગ્ય જાણીને, ગણધર પદ દેવાય.

### ઢાળ : છઠ્ઠી
### (રાગ : જાવો જાવો અય મેરે સાધુ....)

પૂજો પૂજો શ્રી ગૌતમસ્વામી, બહુ જીવ તારણહાર;
બહુ જીવ તારણહાર, ગોયમજી, બહુ જીવ તારણહાર....પૂજો પૂજો૦

વીર પાસેથી ત્રિપદી પામી, સર્વે ગણધરરાય;
દ્વાદશાંગી રચના કરે ક્ષણમાં, જગ ઉપકાર કરાય...પૂજો પૂજો૦ ૧.

છઠ્ઠ છઠ્ઠ તપ કરતાં બહુ ભાવે, ઈન્દ્રભૂતિ ગણરાય;
પરવરિયા પાંચસો શિષ્યોથી, ઉપદેશ દેતા જાય....પૂજો પૂજો૦ ૨.

જગ વિચરી ઉપકાર કરે બહુ, શ્રેષ્ઠ સંયમ પાલનાર;
તપ સંયમે લબ્ધિ મેળવી થાય, અનંત લબ્ધિ ધરનાર....પૂજો પૂજો૦ ૩.

બોધ દઈ જસ જસ દીક્ષા દે, તે તે કેવલી થાય;
નિજ પાસે કેવલ નહીં તો યે, કેવલજ્ઞાન દેવાય...પૂજો પૂજો૦ ૪.

હું મુક્તિ પામું કે નહીં પ્રભુજી, ગૌતમથી પુછાય;
આપ લબ્ધે અષ્ટાપદે જઈ જિન વાંદે તે મોક્ષે જાય....પૂજો પૂજો૦ ૫.

મહાવીર મુખથી સુણી મુક્તિપથ ગૌતમ હર્ષિત થાય;
'ગૌતમનીતિ ગુણસાગરસૂરિ' કહે, ગૌતમ નામે સુખ થાય....પૂજો પૂજો૦ ૬.

ભવતુ વીર જિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરામરણાદિ નિવારકઃ, સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

**મંત્ર** : ૐ હ્રીઁ શ્રી જન્મ-જરા-મત્યુ નિવારણાય, રોગ શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽશુભ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વ સુખ સમૃદ્ધિ અષ્ટમહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણં ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા ।

## ગૌતમસ્વામી પૂજા-સાતમી
### (દુહો)

પંદરસો તાપસ જિહાં, સાધના કરે દિનરાત;
ચડવા તે અષ્ટાપદે, ગૌતમ ધરે દિલ વાત.

### ઢાળ : સાતમી
### (રાગ : રાખનાં રમકડાં....)

ગુરુ ગૌતમને સ્મરતાં પાપ ભાગે, જાણે દિવસે ચોર રે;
દિવસે દિવસે સમૃદ્ધિ જાગે, પુણ્યરાશિ કરે જોર રે....ગૌતમને૦

ગૌતમને આવતા જોઈને, તાપસો ચિંતવે એમ;
અમે નથી ચડી શકતા તો આ, પુષ્ટકાય ચડે કેમ રે....ગૌતમને૦ ૧.

સૂર્યકિરણો અવલંબી ગૌતમ, અષ્ટાપદ ચડી જાય;
દેવ વાંદી વજ્રસ્વામી જીવને, પ્રતિબોધી વળતા થાય રે....ગૌતમને૦ ૨.

પંદરસો તાપસને બોધ દઈ, સાથે લઈને આવે;
લાવી ખીર પાત્રે અંગુઠ ધારી, સર્વેને પારણું કરાવે રે....ગૌતમને૦ ૩.

ખીરનું પાત્ર ભરેલું દેખી, પાંચસો કેવલ પાવે;
સમવસરણાદિ સમૃદ્ધિ જોઈ, કેવલી પાંચસો થાવે રે....ગૌતમને૦ ૪.

જિનવાણી સુણી પાંચસો કેવલી થાય, જાય પર્ષદા જ્યાંય;
વીર કહે, ગોયમ આપણે બેઉ, તુલ્ય થાશું મોક્ષમાય રે....ગૌતમને૦ ૫.

સુણી વીરમુખથી નિજ મુક્તિની વાત, ગોયમ હરખાય;
'ગૌતમ નીતિ ગુણસૂરિ' કહે, ગોયમ પૂજો સુખ થાય રે....ગૌતમને૦ ૬.

ભવતુ વીર જિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરામરણાદિ નિવારકઃ, સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

**મંત્ર** : ૐ હ્રીઁ શ્રી જન્મ-જરા-મત્યુ નિવારણાય, રોગ શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽશુભ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વ સુખ સમૃદ્ધિ અષ્ટ મહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણં ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા ।

## ગૌતમસ્વામીની પૂજા–આઠમી

(દુહો)

જગ ઉપકાર કરી પ્રભુ આવ્યા પાવાપુરી માંય;
દેવશર્મા પ્રતિબોધવા, મોકલે ગૌતમ ત્યાંય.

**ઢાળ : આઠમી**

**(રાગ : આવો આવો દેવ મારા સૂના સૂના....)**

કર્મ ખપાવી વીર પ્રભુજી, શીઘ્ર મોક્ષમાં જાય;
પ્યારા દુઃખદુર્ગતિ હરનાર....(૨)

દેવોના ગમાગમનોથી, વીર મોક્ષ જાણી જાય;
અપાર દુઃખને પામી ગૌતમ, બહુવિધ વિલપતા થાય....પ્યારા૦ ૧.

આવા સમયે વીર પ્રભુ મને, દૂર કેમ મોકલાય;
દૂર હોય તેને સમીપ બોલાવવાનો, વ્યવહાર કેમ લોપાય....પ્યારા૦ ૨.

માન્યું શું કેવલ માગે બાલ, પરે થાય વસ્ત્ર ખેંચનાર;
મોક્ષમાં સાથે આવત તો શું, થાત કંકડાશ કરનાર ?....પ્યારા૦ ૩.

સ્વાર્થી કેમ થયા ? મારો સ્નેહ ચિંતવ્યો કેમ ન દેવ;
વીર વીર કહી પ્રશ્ન પૂછીશ ક્યાં, કોની કરીશ હું સેવ ?....પ્યારા૦ ૪.

ગોયમ કહી ઉત્તર કોણ દેશે, હા કેમ થયા ઠગનાર;
વિલપી ચિંતવે વીતરાગ એ, કર્યો ન મેં વિચાર....પ્યારા૦ ૫.

ક્ષપકશ્રેણિ ચડી કેવલ પાવે સુર થયા મહિમાકાર;
મહાવીર મોક્ષથી શોક ગોયમ, કેવલે થયો જયજયકાર...પ્યારા૦ ૬.

વિચરી ઉપદેશ દઈ ઉપકાર કરી, ગૌયમ મોક્ષે જાય;
ગૃહી પચાશ છદ્મસ્થ વ્રતી ત્રીશ, કેવલી બાર વર્ષ થાય....પ્યારા૦ ૭.

વર્ષ બાણું સર્વાયુ ગોયમ સહસ પચાસ શિષ્યધાર;
'ગૌતમનીતિ ગુણસાગરસૂરિ' કહે, ગૌતમ સ્મૃતિ ઋદ્ધિકાર....પ્યારા૦ ૮.

ભવતુ વીર જિનસ્ય સુશિષ્યકો, ગણધરઃ પ્રથમોવર ગૌતમઃ ।
જનિ જરામરણાદિ નિવારકઃ, સકલ જીવ ગુણાબ્ધિ વિતારકઃ ।।

મંત્ર : ૐ હ્રીઁ શ્રી જન્મ-જરા-મત્યુ નિવારણાય, રોગ શોક દુઃખ દુર્ગતિ વિઘ્ન સંકટ સકલાઽશુભ નિવારણાય, શ્રીમતે અનંતલબ્ધિનિધાનાય સર્વ સુખ સમૃદ્ધિ અષ્ટ મહાસિદ્ધિ પ્રદાય પરમ ગુરુદેવાય શ્રીમતે શ્રી વીર પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિને જલં ચંદનં પુષ્પાણિ વાસચૂર્ણં ધૂપં અક્ષતાન્ અષ્ટ મંગલાનિ દર્પણં યજામહે સ્વાહા ।

**કળશ**

**(રાગ : ધનશ્રી અથવા ગાયો ગાયો રે મહાવીર....)**

ગાયા ગાયા રે ગૌતમસ્વામી ગુણ ગાયા....
અનંતલબ્ધિનિધાનશ્રી ગૌતમ, પ્રથમ શ્રી ગણધરરાયા,
એક સમય પણ પ્રમાદ કરીશ નહિ, ઉપદેશ વીરના પાયા...રે ગૌતમ૦ ૧.

અષ્ટમહાસિદ્ધિપ્રાપદાયક, કલ્પવૃક્ષ ગુરુરાયા;
ચિંતામણિ કામધેનુ કામઘટ, સમાન સમૃદ્ધિ દાયા....રે ગૌતમ૦ ૨.

વિઘ્ન કષ્ટ દરિદ્રતા દુઃખ શોક, જાય ગૌતમ સ્મૃતિ આયા;
ગૌતમસ્વામી સ્મરણથી બહુ જીવ, બહુ સુખસંપતિ પાયા....રે ગૌતમ૦ ૩.

સ્વપર કલ્યાણને કરવા જેમણે, શિથિલાચાર નિવાર્યા;
ઉગ્ર તપસ્વી ઉગ્ર સંયમી આર્યરક્ષિત સૂરિરાયા....રે ગૌતમ૦ ૪.

અજોડ વિદ્વાન વક્તા સંયમી, અચલગચ્છપતિ પાયા;
જૈન કર્યા જેણે લાખો ક્ષત્રિય, શિષ્ય જયસિંહસૂરિરાયા....રે ગૌતમ૦ ૫.

ધર્મઘોષ મહેન્દ્રસિંહ સિંહપ્રભ, અજિત દેવેન્દ્રસિંહ આયા;
ધર્મપ્રભ સિંહતિલક મહેન્દ્રપ્રભ, મેરુતુંગ જયકીર્તિ રાયા....રે ગૌતમ૦ ૬.

જયકેસરી સિદ્ધાંતસાગર ભાવ-સાગર ગુણનિધિ આયા;
ધર્મમૂર્તિ કલ્યાણસાગરસૂરિ પટ્ટાનુપટ્ટે સૂરિરાયા....રે ગૌતમ૦ ૭.

યોગીશ્વર પ્રભાવક સર્વે અચલગચ્છેશ સવાયા;
પટ્ટાનુપટ્ટે ગૌતમસાગરસૂરિ, ગુણસાગરસૂરિ આયા....રે ગૌતમ૦ ૮.

સંવત બે હજાર ચુમાલીશ વર્ષે માગશર સુદિ બારસ આયા;
રાધનપુરે ગોયમ ગુરુપૂજા, શિષ્યાગ્રહે પૂર્ણ થાયા રે....રે ગૌતમ૦ ૯.

ઘર ઘર મંગલ સમૃદ્ધિકારા, પૂજાએ જય જયકારા;
'ગૌતમ નીતિ ગુણસાગરસૂરિ' કહે, ગોયમ પૂજા સુખકારા....રે ગૌતમ૦ ૧૦.

*[ઇતિશ્રી અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી પૂજા સંપૂર્ણ]*

* * *

# આરતી : શ્રી ગુરુ ગૌતમસ્વામીની

કરું આરતી લબ્ધિનિધાના, ગોયમ ગુરુ મહારાયા રે....કરું૦

પહેલી આરતી વીર પ્રભુના, ગણધર પદવી પાયા;
લબ્ધિનિધાને સોહાયા રે....કરું૦

દૂસરી આરતી અષ્ટાપદ તીર્થે, ચોવીશે જિનરાયા;
વંદી સૌ તાપસ તરિયા રે....કરું૦

તીસરી આરતી વીર નિર્વાણ, કેવળ જ્ઞાન પ્રકાશ;
તે દિન દિવાળી પર્વાળી રે....કરું૦

ચોથી આરતી જળચંદન કુસુમે, ધૂપ દીપ મનોહારા;
મંદિર ગોડીજી બિરાજ્યા રે....કરું૦

પાંચમી આરતી સુકૃત કરણી, જ્ઞાન ધ્યાન મનોહારા;
અજરામર શિવ સુખ દાની રે....કરું૦

## મંગળ દીવો

મમ મંદિરીએ પ્રભુ બિરાજે, આનંદ મંગળ પ્રભાવ જણાવે;
અંતર આનંદ ઉલ્લાસ પળ પળ, વિષાદ શોક નહિ નહિ જ્યાં,
પ્રમોદ કારુણ્ય માધ્યસ્થ મંત્રે, વહન વિચારે જીવન વહે જ્યાં;
ભય ભયાનક કારણ ન મળે, યોગ સુયોગ સુગત તો મળે.
અજબ સૌંદર્ય અને રમ્યે, લીલાએ વિશ્વ રમ્યું હૃદયે;
મુજ મંદિરે ટહુકે ક્યારી, પાર્શ્વ જિણંદતો હૃદયે સ્થાપી.
ભાવિક ભક્તો નિત્ય ગોયમ ધ્યાવે, પરમાનંદ પરમ પદ પાવે.

***

## મંગળ દીપક

પ્રિય નાથ મંગળ છો દેવા, જ્યોતિ રૂપ દીપક કરું સેવા રે,
ભવભય ભંજન દુરિત નિકંદન, તારક નાથ દયાળા,
અજરામર આનંદ કારા, તુમ દર્શન અમૃતધારા રે.... પ્રિય નાથ૦

કુમાલપાળ સંપ્રતિ શ્રેણિકે, વિધ વિધ ભટકતે એ ભાવ્યા;
ભવિ જીવ કરે તુમ સેવા, અમરાપુર આનંદ લેવા રે.... પ્રિય નાથ૦

અપ્સરા આરતી અતિ ઉછરંગે, મંગળ દીપક સાથે;
વધાવીને કુમકુમ હાથે, જગદીપક નાયક ધારી રે.... પ્રિય નાથ૦

સંઘ ચતુર્વિધ વિઘ્ન નિવારી, ગૃહ ગૃહ મંગળ માળા;
જિનશાસન રક્ષક દેવા, હોજો સહાયક શાંતિ દેવા રે.... પિય નાથ૦

આ વિશ્વ ખીલી ફૂલવાડી, જ્યાં ગોયમ ગુરુ રખવાળા;
મારું તારું મૂકી કરીએ રખવાળી, પાર્શ્વ ૐ તત્સત્
સમર્યાનું જીવનધ્યેય છે.... પ્રિય નાથ૦

***

# શ્રી ગૌતમસ્વામી છઠ્ઠતપની વિધિ

| ખમાસમણા | સાથિયા | લોગસ્સ-કાઉગસ્સ | નવકારવાલી |
|---|---|---|---|
| ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |

*** પદનું નામ ***

ૐ હ્રીઁ નમો ગોયમસ્વામ

*** ખમાસમણનો દુહો ***

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ;
એ સમ શુભ પાત્ર કો નહિ, નમો નમો ગોયમસ્વામ.

## શ્રી ગૌતમસ્વામી ચૈત્યવંદન

વીર પ્રભુના ગણધર, ગૌતમ ચિત્તમાં સમરો;
જશ નામે મંગલ હુએ, ભવજલધિથી તરો. ૧.

અઠ્ઠાવીશ લબ્ધિ ધરું, ભક્ત વાંછિતને પૂરે;
નામ જપતાં ભવિજનો, દુઃખ સંકટને ચૂરે. ૨.

વીર આણાને શિર ધરે, ચૌદપૂરવનાં જાણ;
આત્મકમલ લબ્ધિનિધિ, ભુવનતિલકના પ્રાણ. ૩.

## શ્રી ગૌતમસ્વામી સ્તવન

નમો ગોયમસ્સ નમો ગોયમસ્સ, ગણણું ગણો નમો ગોયમસ્સ.
વીર આણાને શિર ધરે, અડવીસ લબ્ધિનો ભંડાર. ૧.

સમવસરણમાં આવતાં દેખ્યો વીર તણો દેદાર;
આત્મસંશયને ટાલીને, વીરવાણીનો એ ધાર....નમો૦ ૨.

ઉગ્ર તપસ્વી ઉગ્ર જ્ઞાની એ, ઉગ્ર ઉપયોગના ધાર;
વિનય વીરનો એ કરે, કરવા નિજનો ઉદ્ધાર....નમો૦ ૩.

રગ રગમાં રાગ વીર તણો, માને અનંત ઉપકાર;
મિથ્યા ભૂતડું દૂર કર્યું, શુદ્ધ સમકિતના દાતાર....નમો૦ ૪.

ચઉનાણી ચૌદ પૂર્વધરુ, સમદમ ગુણના આગાર;
જસ નામ મંગલને વિસ્તરે, ધન્ય ગૌતમ ગણધાર....નમો૦ ૫.

પચોસ વર્ષ ઘરમાં વસ્યા, બ્રહ્મચારી વ્રતધાર;
સંયમ ગ્રહી છદ્મસ્થ રહ્યા, તીસ વર્ષ મોજાર....નમો૦ ૬.

બાર વર્ષ કેવલી રહ્યા, કર્યા વિશ્વમાં વિહાર;
પચાસ હજાર શિષ્ય પરિવર્યા, દેશના અમૃતધાર....નમો૦ ૭.

ગૌતમ નામે રોગ નવિ હુએ, વર્તે નવેય નિધાન;
ઋદ્ધિ સિદ્ધિ સંપત્તિ ફલે, ધન્ય ધન્ય ગૌતમ પ્રધાન....નમો૦ ૮.

વીર નિર્વાણ પછી કેવલી, અનંત જ્ઞાનના ધાર;
અનેક જીવોને ભવથી તાર્યા, ભવ્ય જીવોના એ આધાર....નમો૦ ૯.

આત્મકમલમાં જે ધરે, લબ્ધિધરનું એ નામ;
ભુવનતિલક વર તે બને, મેળવે મુક્તિપદ ધામ....નમો૦ ૧૦.

## શ્રી ગૌતમસ્વામી સ્તુતિ

**(રાગ : શંખેશ્વર પાર્શ્વને પૂજીએ....)**

ગૌતમ ગણધર ગુણ ગાઈએ,
નવનિધિ મંગલ પાઈએ;
ઘટ અંતર ક્ષણ ક્ષણ ધ્યાઈએ,
ભુવનતિલક લબ્ધિ પાઈએ.

## શ્રી ગૌતમસ્વામી ચૈત્યવંદન

પ્રહ ઉઠીને હેતથી નમો શ્રી ગૌતમ સ્વામ;
આનંદ મંગલ માલને વરે તે ગુણ-ગણ ધામ. ૧.

ગૌતમ નામે કોઈ નથી, ચીજ ન આવે હાથ;
લબ્ધિનિધિ ગૌતમ સ્મરી, વીર છે જેનો નાથ. ૨.

ૐ હ્રીँ પદ જોડી જપીએ, તરિયે આ સંસાર;
આત્મકમલ લબ્ધિ વરે, ભુવનતિલક આધાર. ૩.

## શ્રી ગૌતમસ્વામી સ્તવન (૨)

ગૌતમસ્વામીના જાપ કરો, ઋદ્ધિ સિદ્ધિ મંગલ માલ વરો;
જસ નામે સંકટ વિઘ્ન ટલે, ત્રિકાલ ગૌતમનું ધ્યાન ધરો. ૧.

વીર ચરણકમલની સેવામાં, વિનયથી દિનરાત રહે;
ચઉનાણી ચૌદપૂર્વના ધણી, વીરની આજ્ઞાને શિર વહે. ૨.

તપ ધ્યાનલીન સદા રહેતા, અઠ્ઠાવીસ લબ્ધિને ધરતા;
વીર તત્ત્વોનો ઉપદેશ કરતા, ભક્તોનાં વાંછિતને પૂરતા. ૩.

ગૌતમ નામે મંગલ માલા, રોગ શોક દરિદ્રને હરતા;
પરિવાર મુનિગણનો મોટો પચાસ હજાર ગણના ધરતા. ૪.

વીરમુક્તિ પછી કેવલલક્ષ્મી, વીતરાગ ભાવોથી એ વરતા;
ભૂમિતલને પાવન કરતા, વર્ષ બાર સુધી જે વિચરતા. ૫.

વીર સ્વામીના ગણધર પહેલા, વીરશાસનનું રક્ષણ કરતા;
પરિવાર સુધર્માને સોંપી, સર્વ કર્મ હરી મુક્તિ વરતા. ૬.

ધન તે જગમાં નરને જાણો, જે ગૌતમ નામ મન ધરતા;
ગણના નહીં જેના પ્રભાવ તણી, આત્મ લબ્ધિનિધિ ઘરમાં ભરતા. ૭.

નિજ વંછિતને પૂરણ કરવા, આત્મઋદ્ધિને પ્રગટ કરવા;
ભુવનતિલક નિજ ઉદ્ધરવા, પલ પલ ગૌતમ તરસે મનવા. ૮.

## ★ શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ ★

**(રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર....)**

ગૌતમસ્વામીનું ગણજું ગણીજે, મંગલમાલા ઋદ્ધિ વરીજે;
આત્મશુદ્ધિ કીજે.... ૧.

અઠ્ઠાવીશ લબ્ધિના ધારી કહીજે, ગૌતમસ્વામીને ચિત્ત ધરીજે;
ભવજંજાલ હરીજે.... ૨.

ગૌતમ-જાપ ભવિ નિત કરીજે, દુઃખ દારિદ્રય સંકટ હરીજે;
મુક્તિની માલા વરીજે.... ૩.

આત્મકમલમાં ધ્યાન ધરીજે, આત્મલબ્ધિ શુભ વરીજે;
ભુવનતિલક મન રીજે.... ૪.

## શ્રી ગૌતમસ્વામી છંદ

**(રાગ : રઘુપતિ રાઘવ રાજારામ....)**

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિન;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧.

ગૌતમ નામે ગયપર ચઢે, મનોવાંછિત હેલા સંપજે;
ગૌતમ નામે ના'વે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨.

જે વૈરી વીરુઆ વંકડા, તસ નામે ના'વે ઢૂંકડા;
ભૂત પ્રેત નવિ ખંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ. ૩.

ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪.

શાલ દાલ સુરહા ઘૃત ગોલ, મનવાંછિત કાપડ તંબોલ;
ઘરે સુઘરની નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ૫.

ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગજાણ;
મોટા મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફલ વિહાણ. ૬.

ઘર મયગલ ઘોડાની જોડ, વારુ પહોંચે વંછિત કોડ;
મહીયલ માને મોટા રાય, જો તૂઠે ગૌતમના પાય. ૭.

ગૌતમ પ્રણમ્યા પાતિક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મલ જ્ઞાન ગૌતમ નામે વાધે વાન. ૮.

પુણ્યવંત અવધારો સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્યસમય કર જોડ, ગૌતમ તૂઠે સમ્પત્તિ કોડ. ૯.

***

# શ્રી ગૌતમસ્વામી દેવવંદન વિધિ

પ્રથમ સ્થાપના સ્થાપી, ઈરિયા વહિયં પડિક્કમી, આ ચૈત્યવંદન કરવું :—

**★ અથ પ્રથમ ચૈત્યવંદન ★**

**નમો ગણધર નમો ગણધર, લબ્ધિ ભંડાર,**
**ઈન્દ્રભૂતિ મહિમા નીલો, વડ વજીર મહાવીર કેરો.**
**ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણિ અગ્યાર માંહે વડેરો.**
**કેવલજ્ઞાન લહ્યું જેણે દિવાલી પરભાત;**
**જ્ઞાનવિમલ કહે જેહના, નામ થકી સુખ-શાત.**

પછી નમુત્થુણં કહી પછી અર્ધા જય વીરરાય કહેવા પછી ખમા૦ દઈ આ ચૈત્યવંદન કરવું.

**★ અથ દ્વિતીય ચૈત્યવંદન ★**

**ઈન્દ્રભૂતિ પહિલો ગણું, ગૌતમ જસ નામ;**
**ગોબર ગામે ઉપન્યા, વિદ્યાના ધામ.**
**પંચસયા પરિવાર શું, લેઈ સંયમ ભાર;**
**વરસ પચાસ ગૃહે વસ્યા, વ્રતે વર્ષ જ ત્રીશ.**
**બાર વરસ કેવલ વર્યા એ, બાણું વરસ સવિ આય;**
**નય કહે ગૌતમ નામથી, નિત્યે નિત્યે નવનિધિ થાય.**

પછી નમુત્થુણં૦ અરિહંત ચેઈ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ૦ કરી પારી નમોઽર્હત્ કહી આ થોય કહેવી :—

**★ અથ ચાર થોયો પ્રારભ્યતે ★**

**ઈન્દ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા;**
**પંચશત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા. ૧.**

પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અરિહંત ચેઈ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નીચે પ્રમાણે થોય કહેવી :—

**ચઉ અઠ દસ દોય જિનને સ્તવે, દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર-પૂર્વે;**
**સંભવ આદિ અષ્ટાપદ ગિરિએ વલી, જે ગૌતમ વંદે લળી લળી. ૨.**

પછી પુખ્ખરવરદી૦ સુઅસ્સ ભગ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ૦ કરી પારીને આ થોય કહેવી :

**ત્રિપદી પામીને જેણે કરી, દ્વાદશાંગી સકલ ગુણે ભણી;**
**દીયે દીક્ષા તે લહે કેવલસરિ, તે ગૌતમને રહું અનુસરી.　　　　૩.**

પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ૦ કરી પારીને નમોઽર્હત્ કહી એક થોય કહેવી :

**જક્ષ માતંગ ને સિદ્ધાયિકા, સૂરિ શાસનની પ્રભાવિકા;**
**શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા, કરો નિત્ય નિત્ય મંગલ માલિકા.　　　　૪.**

પછી બેસીને નમુત્થુણં૦ કહી, ઊભા થઈ અરિહંત ચેઈ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ૦ કરી પારીને નમોઽર્હત કહી આ થોય કહેવી :

**અથ ચાર થોયો પ્રારભ્યતે**

**શ્રી ઈન્દ્રભૂતિ ગણવૃદ્ધિભૂતિ, શ્રી વીરતીર્થાધિપ મુખ્ય શિષ્યમ્;**
**સુવર્ણકાંતિ કૃતકર્મ શાંતિ, નમામ્યહં ગૌતમ ગોત્રરત્નમ્.　　　　૧.**

પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અરિહંત૦ ચેઈ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ૦ કરી, પારી નીચેની થોય બોલવી :

**તીર્થંકરા ધર્મધુરા, ધુરીણા, યે ભૂતભાવિપ્રતિ વર્તમાના;**
**સત્પંચકલ્યાણક વાસરસ્થા, દિશંતુ તે મંગલમાલિકાં ચ.　　　　૨.**

પછી પુખ્ખરવરદી૦ સુઅસ્સભગ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ૦ કરી પારી આ થોય બોલવી :

**જિનેન્દ્રવાક્ય પ્રથિતપ્રભાવં, કર્માષ્ઠાનેક પ્રભેદસિંહં;**
**આરાધિતં શુદ્ધમુનીન્દ્રવર્ગૈર્જગત્યેમેયં જયતાત્ નિતાંતં.　　　　૩.**

પછી સિદ્ધાણં બુદ્ધાણં વેયાવચ્ચ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ૦ કરી પારી નમોઽર્હત્ કહી નીચે પ્રમાણે થોય બોલવી :

**સમ્યગ્દૃશાં વિઘ્નહરા ભવંતુ, માતંગયક્ષા સુરનાયકાશ્ચ;**
**દીપાલિકાપર્વણિ સુપ્રસન્ના, શ્રી જ્ઞાનસૂરિ વરદાયકાશ્ચ.　　　　૪. ઈતિ.**

પછી બેસીને નમુત્થુણં૦ જાવંતિ ચેઈ૦ ખમા૦ જાવંતિ કેવિ૦ નમોઽર્હત્ કહી બે સ્તવનો કહેવાં તે આ–

## અથ ગૌતમ સ્તવનં

**(તુંગિયા ગિરિશિખર સોહે–એ દેશી)**

વીર મધુરી વાણી ભાખે, જલધિ જલ ગંભીર રે;
ઈન્દ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ રજકણ હરણ પ્રવર સમીર રે....વીર૦　૧.

પંચભૂત થકી પ્રગટે ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે....વીર૦　　　૨.

વેદ પદનો અર્થ એહવો કરે મિથ્યારૂપ રે;
વિજ્ઞાન ઘન પદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે....વીર૦ ૩.

ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાનદર્શન ઉપયોગ રે;
પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે....વીર૦ ૪.

જિહાં જેવી વસ્તુ દેખિયે, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવ જ્ઞાન વિપર્યયથી, હોય ઉત્તમ જ્ઞાન રે....વીર૦ ૫.

એહ અર્થ સમર્થ જાણી, મભણ પદ વિપરીત રે;
એણી પેરે ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે....વીર૦ ૬.

દીપાલિકા પ્રભાતે કેવલ લહ્યું, તે ગૌતમસ્વામી રે;
અનુક્રમે શિવસુખ લહ્યા તેહને, નય કહે પ્રણામ રે....વીર૦ ૭.

**ઇતિ પ્રથમ સ્તવનમ્**

## સજ્ઝાય રૂપ દ્વિતીય સ્તવન

**(અલબેલાની–દેશી)**

દુઃખહરણી દીપાલિકા રે લાલ, પર્વ થયું જગમાંહી ભાવ પ્રાણી રે;
વીર નિર્વાણથી સ્થાપના રે લાલ, આજ લગે ઉચ્છાહિ ભવિ.
સમકિત દૃષ્ટિ સાંભલો રે લાલ—એ આંકણી ૧.

સ્યાદ્વાદ ઘર ધોલીએ રે લાલ, દર્શનની કરી શુદ્ધિ;
ભવિ ચારિત્ર ચંદ્રોદય બાંધિયે રે લાલ, ટાલો રજદુઃકર્મબુદ્ધિ...,ભવિ સમ૦ ૨.

સેવા કરો જિનરાજની રે લાલ, દિલ દોઠાં મીઠાશ; ભવિ૦
વિવિધ પદારથ ભાવના રે લાલ, તે પકવાનની રાશિઃ ભવિ૦ સમ૦ ૩.

ગુણીજન પદની નામના રે લાલ, તેહિ જ જુહાર ભટ્ટાર; ભવિ૦
વિવેક રત્ન-મેરાઈયાં રે લાલ, ઉચિત તે દીપ સંભાર; ભવિ૦ સમ૦ ૪.

સુમતિ સુવિનીતા હેજ શું રે લાલ, મન ઘરમાં કરે વાસ; ભવિ૦
વિરતિ સાહેલી સાથસું રે લાલ, અવિરતિ અલચ્છિ નિકાસ. ભવિ૦ સમ૦ ૫.

મૈત્રાદિકની ચિતના રે લાલ, તેહ ભલા શણગાર; ભવિ૦
દર્શન ગુણ વાઘા બન્યા રે લાલ, પરિમલ પર ઉપગાર. ભવિ૦ સમ૦ ૬.

પૂર્વ સિદ્ધ કન્યા પખે રે લાલ, જાનઈયા અણગાર; ભવિ૦
સિદ્ધિશિલા વર વેદિકા રે લાલ, કન્યાનિવૃત્તિ સાર. ભવિ૦ સમ૦ ૭.

અનંત ચતુષ્ટ દાયજો રે લાલ, શુદ્ધા યોગ નિરોધ; ભવિ૦
પાણિગ્રહણ પ્રભુજી કરે રે લાલ, સહુને હરખ વિબોધ. ભવિ૦ સમ૦ ૮.

ઈણિપરે પર્વ દીપાલિકા રે લાલ, કરતાં કોડિ-કલ્યાણ; ભવિ૦
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિ શું રે લાલ, પ્રગટે સકલ ગુણ ખાણ. ભવિ૦ સમ૦ ૯.

### ત્રીજું ચૈત્યવંદન

જીવ કેરો જીવ કેરો, અછે મનમાંહિ;
સંશય વેદ પદે કરી, કહી અર્થ અભિમાન વાર્યો;
શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંયમ આપ તાર્યો.
ત્રિપદી પામી ગૂંથિયા, પૂરવ ચૌદ ઉદાર;
નય કહે તેહના નામથી, હોયે જયજયકાર.

**ઇતિ દેવ-વંદન વિધિ સમાપ્ત.**

***

# શ્રી ગૌતમસ્વામી છંદ

**(હસ્તલિખિત પ્રતના આધારે)**

**સંપાદિકા : સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી "સુતેજ"**

શ્રી વીરવાક્યાત્પ્રગતઃ પ્રભાતે,
યો દેવશર્મપ્રતિબોધનાય;
પ્રાતઃ સમાયન્ કિલ કેવલિત્વં,
તં ગૌતમં ભવ્યજના ભજધ્વં. ૧.

દીપોત્સવે યોજિતપાણિપદ્મૈઃ;
સુરાસુરેશૈર્વિનયાવનમ્રૈઃ;
યદંઘ્રિપદ્મં પ્રણતે પ્રસદ્ય,
તં ગૌતમં ભવ્યજના ભજધ્વં. ૨.

યસ્ય પ્રભાવાદ્ વર હસ્તસિદ્ધેઃ,
પ્રાપ્તોત્વવશ્યં સ્વવિનેય વર્ગઃ
કૈવલ્ય-જ્ઞાનમનન્યશકતે,-
તં ગૌતમં ભવ્યજના ભજધ્વં. ૩.

યન્નામજાપો જગતિ પ્રતીતો–ऽ,
ભીષ્ટાર્થ સિદ્ધિં સકલાં પ્રદત્તે;
કલ્પદ્રુકલ્પં પ્રણમજ્જનાનાં,
તં ગૌતમં ભવ્યજના ભજધ્વં. ૪.

ઇત્થં સ્તુતો વીરજિનેશ શિષ્યઃ;
મુખ્યો મયા કોવિદવૃંદ વંદ્યઃ;
દીપાલિકાયા દિવસે ગણીન્દ્રઃ,
સંઘેऽનઘે મંગલ માતનોતુ. ૫.

***

# ગુરુ ગૌતમ સ્તવનમ્

ગુરુ ગૌતમ—ગૌતમ જપો,
સુખ પાઓ સભી નર-નાર ।
ગુરુ ગૌતમ—ગૌતમ જપો ।।

જાકી છવિ સમ ઔર નહીં છવિ,
તિહુઁ જગ જન—મનહાર ।।ગુરુ૦।।

જાકે સુમરત જનમ—જનમ કે,
નાશત પાપ—પહાર ।।ગુરુ૦।।

ભૂખે તાપસ તૃપ્ત કિયે સબ,
કરુણા—સિન્ધુ અપાર ।।ગુરુ૦।।

કદમ—કદમ પર ખુલતે જાતે,
નિત નવ મંગલ—દ્વાર ।।ગુરુ૦।।

જીવન કી હર સાંસ—સાંસ મેં,
ગુરુ ગૌતમ કી ઝનકાર ।।ગુરુ૦।।

ગૌતમ—ગૌતમ સુમરત પ્રાણી,
હોત ભવોદધિ પાર ।।ગુરુ૦।।

સુર—નર—મુનિ સબ કથ-કથ હારે,
મહિમા અપરમ્પાર ।।ગુરુ૦।।

ધરતી—અમ્બર કરત 'અમર' સબ,
ગુરુ ગૌતમ જય—જયકાર ।।ગુરુ૦।।

*(અમર ભારતીમાંથી સાભાર)*
*—ઉપાધ્યાય શ્રી અમરમુનિ*

***

# શ્રી ગૌતમસ્વામીની પ્રાતઃ પાઠ કરવા યોગ્ય ભાવવાહી સ્તુતિ...

જેનું અદ્‌ભુત રૂપ નિરખતાં, ઉરમાં નહિ આનંદ સમાય,
જેના મંગલ નામે જગમાં સઘળાં વાંછિત પૂરણ થાય.
સુરતરુ સુરમણિ સુરઘટ કરતાં જેનો મહિમા અધિક ગણાય,
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદપંકજ નમું શિશ નમાય. ૧.

વીરપ્રભુના શિષ્ય પ્રથમ જે સકલ લબ્ધિ તણા ભંડાર
વસુભૂતિ દ્વિજ નંદન નવલા પૃથ્વીમાત હૃદયના હાર
જગમાં નહિ કોઈ એહવું કારજ જે તસ નામે ના સિદ્ધ થાય
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદપંકજ નમું નમું શિશ નમાય. ૨.

વીર વદનથી વેદવચનના અર્થ યથાર્થ સુણી તત્કાલ,
બોધ લહી પણસય સહ છાત્રે, સ્વીકાર્યું સંયમ અસરાલ,
ત્રિપદી પામી અન્તર્મુહૂર્તે દ્વાદશ અંગ રચ્યા ક્ષણમાંય
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદપંકજ નમું શિશ નમાય. ૩.

પંદરસો તાપસ પ્રતિબોધી પળમાં કેવળનાણી કર્યા
નિજ લબ્ધે અષ્ટાપદ ચડીને ચઉ વિશ જિનપર પયપ્રણમ્યા
જીવનભર પ્રભુ વીર ચરણની જેણે ભક્તિ કરી સુખદાય
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદપંકજ નમું શિશ નમાય. ૪.

માન થયું જસબોધ નિમિત્તક ને ગુરુભક્ત નિમિત્તક રાગ
થયો વિષાદ ખરેખર જેનો, કેવલવર દાયક મહા ભાગ
નીરખી જસ અદ્‌ભુત આ જીવન કોને મન નવિ અચરજ થાય
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદપંકજ નમું શિશ નમાય. ૫.

***

# ।। શ્રી ગૌતમસ્વામીજીની ગુણસ્તુતિ ।।

**(બન્દે જીવન હૈ સંગ્રામ—એ રાગ)**

ગૌતમ ગુરુનું નામ સમરતાં હોવે મંગલમાળ ભવિયાં હોવે,
વિઘ્નો દૂર પલાય ભવિયાં હોવે.

શ્રી વસુભૂતિ દ્વિજ કુલદીવો,
માત પૃથ્વી કૂખ રત્ન ભવિયાં....માત૦
ઈન્દ્રભૂતિ પ્રભુવચને બૂઝી,
પામ્યા સંયમ રત્ન ભવિયાં....પામ્યા૦ ૧.

વીરપ્રભુના શિષ્ય પ્રથમ એ,
ભવિજન તારણહાર ભવિયાં....ભવિજન૦
ગણધરવર કામિત વરદાયક,
ગુણગણના આધાર ભવિયાં ગુણ૦ ૨.

પ્રભુમુખથી ત્રિપદી લહીને,
દ્વાંદશાંગી રચનાર ભવિયાં....દ્વાદ૦

ઘોર મિથ્યાત્વતણા હરનારા,
જ્ઞાન પ્રકાશન હાર ભવિયાં....જ્ઞાન૦ ૩.

લબ્ધિતણાં ભંડાર પ્રભુજી,
જિન શાસન શણગાર ભવિયાં જિન.
નામ જપંતાં પાતિક જાવે,
પ્રગટે પુણ્ય નિધાન ભવિયાં પ્રગટે૦ ૪.

પ્રહ ઊઠી ગૌતમ નામ જપે જે,
તે લહે લીલવિલાસ ભવિયાં તે.
દુરિત–ઉપદ્રવ દૂર કરીને,
પામે શિવપુર વાસ ભવિયાં–પામે૦ ૫.

નિજલબ્ધે અષ્ટાપદ ચઢિયા,
વાંદ્યા જિન ચઉવીશ ભવિયાં વાંદ્યા,
પંદરસો તાપસ પ્રતિબોધી,
કીધા ત્રિભુવન ઈશ ભવિયાં કીધાં૦ ૬.

કેઈ ભવ્યોને ભવજલધિથી,
પાર કર્યા ભગવંત ભવિયાં પાર.
તુજ કરકજથી દીક્ષિતજન સહુ,
પામ્યા મુક્તિ મહંત ભવિયાં પામ્યા૦ ૭.

કાર્તિક સુદિ એકમને દિવસે,
પામ્યા કેવલ જ્ઞાન ભવિયાં પામ્યા૦
નૂતન વર્ષતણા સુપ્રભાતે,
વર્ત્યો જય જયકાર ભવિયાં વર્ત્યો૦ ૮.

મન વાંછિત હોવે પ્રભુ નામે,
સીઝે સઘળાં કાજ ભવિયાં સીઝે.
હેમચન્દ્ર ગુરુદેવ પસાયે,
આનંદ મંગલ આજ ભવિયાં–આનંદ૦ ૯.

* * *



# સ્તુતિવંદના

## પૂજ્યપાદ આચાર્યદિવશ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મહારાજે રચેલા સ્તોત્રનો પદ્યાનુવાદ

### અનુવાદક : પૂજ્ય આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિજી મહારાજ

છે જેનું અદ્ભુત ને પવિત્ર વૃત્ત જગમાંહે ઘણું,
વળી વિઘ્નવલ્લિ છેદવામાં પરશુ સમ જે સોહતું,
સઘળા પ્રશસ્ત પ્રભાવથી જે ભાવિક જન મન મોહતું,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદકજ નમું. ૧.

વસુભૂતિ દ્વિજગેહે થયો શુભલગ્ન જસ સોહામણો,
ને રત્નકુક્ષિ માત પૃથ્વી નયન-મન રળિયામણો,
જસ નામ જગમાં ઈન્દ્રભૂતિ દેવમણિ સમ દીપતું,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨.

જે ચૌદ વિદ્યા પારગામી વેદશાસ્ત્ર વિચક્ષણ,
અભ્યાસ ક્રિયાકાંડનો કરી કર્મકાંડી વિલક્ષણ,
બન્યા, નામ જેનું વિસ્તર્યું ચોમેર રાશિ સમ ઊજળું,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૩.

નથી કોઈ મુજ સમ શાસ્ત્રવેત્તા, વાદી વક્તા કે કવિ,
શાસ્ત્રો તણા જે મર્મને વળી જાણતા નિર્મળમતિ;
અભિમાન મિથ્યા જેહના મનમાં સદા આવું હતું-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૪.

સર્વજ્ઞ છું વળી વાદીઓને જીતનારો હું જ છું
છે કોણ બીજો મુજ સમો, સાક્ષાત્ હું છું સુરગુરુ;
ઈમ ચિંતવી અભિમાન શિખરે ચિત્ત જસ નિત ગાજતું,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૫.

શાસ્ત્રો તણા પરમાર્થને જે જાણનારા હતા ઘણા
તે પાંચસો છાત્રો તથા બીજા ઘણા પણ પંડિતો;
જસ પાસ શિષ્યપણું લઈને ધન્ય નિજને લેખતા-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૬.

ગુરુવર્ય ! આપ સરસ્વતીના પૂર્ણ કૃપાપાત્ર છો,
વળી વાદીગણતમ ભાણ છો તે સકલશાસ્ત્ર સમુદાય;
બિરુદાવલી જસ બોલી છાત્રો જગત કરતાં ગાય,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૭.

વિપરીત અર્થો વેદપદના કરી શંકા ઊપજી,
શું જીવ છે કે નહિ ? અરે ! કે માત્ર પંચભૂત છે ?
શંકિત છતાં નિઃશંક થઈ, નિજને ગણે સર્વજ્ઞ-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૮.

આજ્ઞા સ્વીકારી જેહની સ્વદેશ ને પરદેશથી,
આવ્યા ઘણાયે પંડિતો ને અન્ય જન પણ હર્ષથી;
નગરી અપાપામાં અનોખો યજ્ઞ જેણે આદર્યો,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૯.

મેઘ સમ ગંભીર રવથી વેદસૂક્તો ઉચ્ચરી,
શ્રી ઇન્દ્રભૂતિ યજ્ઞવિધિ જ્યારે કરાવે હર્ષથી;
નીરખી-સુણી સૌ લોક ત્યારે હર્ષપુલકિત થઈ,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૦.

વિમલ કેવળજ્ઞાનથી જે લોક તેમ અલોકને,
કર તલ બદર જિમ નીરખતાં શ્રી વીર પ્રભુ શા,
નગરી અપાપાએ પધાર્યા જેહના સદ્ભાગ્યથી,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૧.

ત્યાં સજ્જનોથી આગમન શ્રી વીરપ્રભુનું સાંભળી,
આશ્ચર્યકારી તેમ લોકોત્તર ગુણો જાણી-કરી,
પ્રમોદને બદલે થયું અભિમાન મનમાં જેહને,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૨.

સુરલોકથી પ્રભુ વાંદવાને દેવગણ ઉલ્લાસથી,
આવી રહ્યા જ્યારે હતા ત્યારે થયું જસ ચિત્તમાં,
સાક્ષાત્ દેવો યજ્ઞમાં આવી રહ્યા એ તો જુઓ,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૩.

જ્યારે બધા તે દેવતા મૂકી યજ્ઞને આગળ ગયા,
ત્યારે હ્રદયમાં ખિન્ન થઈ કરંતાં વિકલ્પો તે ઘણા;
સાચે જ આ મહાધૂર્ત છે, નહિ તો બને આવું નહિ,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૪.

મુજ જીવતાં છે કોણ જે સર્વજ્ઞ નિજને લેખતો,
વળી સર્વગુણસંપન્ન રૂપે જેને સહુ જન માનતા,
એવા વિચારે રોષથી થયું ઉગ્ર ચિત્ત જેહનું,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૫.

ક્ષણવાર પણ હું ના સહું અભિમાન એનું એહવું,
ઈમ ચિંતવી, નિજ બંધુઓથી વારવા જ છતાં ઘણું,

નિજ પંચશત છાત્રો લઈને જેહ જીતવા નીકળ્યા,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૬.

આવ્યા સમોસરણે નિહાળ્યા વીર વિભુને જે સમે,
અદ્ભુત-અલૌકિક રૂપ નીરખી પામ્યા વિસ્મય તે સમે;
આ કોણ, બ્રહ્મા, વિષ્ણુ કે શિવ-એમ જસ મનમાં થયું-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૭.

મુજને સૂઝ્યું આ શું ? અને આવ્યો અહીં શા કારણે ?
આવ્યો અહીં ના હોત તો શી હાનિ મુજને થાત રે !
જસ ચિત્તમાં ચિંતા ઘણી નિજ કીર્તિના રક્ષણ તણી-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૮.

સદ્ભાગ્યયોગે થાય જો મુજ જીત અહીંયાં વાદમાં,
સૌ પંડિતોમાં હું બનું બેજોડ આ વિશ્વમાં;
કરતાં વિચારો આમ તે આવ્યા સમોસરણે મુદા,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૧૯.

સોપાન-પંક્તિ સ્વર્ણમય ચડતા હતા તેઓ યદા,
શ્રી વીરવિભુ-ઉપકારીએ આભાષીયા પ્રેમે તદા;
કહ્યું : ગોત્ર-ગૌતમ ઈન્દ્રભૂતિ ! શું સુખે આવ્યા તમે-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૦.

તે નામ સુણી મનમાં વિચારે લેશ ના અચરજ સમું,
ત્રણ જગતમાં વિખ્યાત મારું નામ કો જાણે નહિ;
ઇમ ચિંતવી નિજ ચિત્તમાં અભિમાનને જે પોષતા-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૧.

મનમાં મને જે જીવ કેરો ગુપ્ત સંશય છે ખરો,
જે આજ દિન પર્યંત કદીયે કોઈને પણ ના કહ્યો;
તે જો કહે તો માનું આ સર્વજ્ઞ ઇમ જે ચિંતવે,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૨.

પ્રભુએ કહ્યું : ત્યારે તરત હે ઈન્દ્રભૂતિ ! શું તને
છે જીવસંશય નવ વિચારે કેમ વેદ પદાર્થને;
તે સાંભળી ગર્વિષ્ઠ પણ અતિ નમ્ર જે બની ગયા-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૩.

'વિજ્ઞાનઘન' એ વેદ-પદનો અર્થ ગંભીર ઘોષથી,
પ્રભુએ કહ્યો તે સાંભળી થયો દૂર સંશય ચિત્તથી;
પ્રતિબોધ પામી વીરના જે આદ્ય શિષ્ય બની ગયા,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૪.

તે એકલા પણ નહિ અરે ! પંચશત છાત્રો સાથ લઈ,
સંયમ પ્રભુ શ્રી વીર પાસે વર્ષ પચ્ચાસે ગ્રહે;
સર્વત્ર જય જયકાર વર્ત્યો જેમના સત્કાર્યથી-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૫.

નિજ ભ્રાતની દીક્ષા સુણી, પણ ચિત્તમાં સંશય ધરી,
શ્રી અગ્નિભૂતિ આદિ આવ્યા વીર વિભુ પાસે સહી;
દીક્ષિત થયેલા દેખી જેહને તેહ પણ દીક્ષિત થયા-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૬.

પરિવાર ચુમ્માલીશ શત સહ મુખ્ય બુધ અગ્યાર જે,
દીક્ષિત થયા સ્થાપ્યા પ્રભુએ તેહને ગણધર પદે;
કલ્યાણકર શાસન તણી થઈ સ્થાપના ઈમ જેહથી-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૭.

પ્રભુ-વદનથી ત્રિપદી લઈને બીજ બુદ્ધિના ધણી,
અન્તર મુહૂર્ત કાલમાં જે દ્વાદશાંગી રચે ગણી;
શ્રુત રૂપગંગોત્પત્તિ કાજે શોભતા હિમગિરિસમા,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૮.

વિનયથી અતિનમ્ર તેઓ ભાવિકજન હિતકારણે,
બધું જાણતા હોવા છતાં પ્રશ્નો પ્રભુને પૂછતા;
'ગોયમ' કહી પ્રભુ વીર તેના ઉત્તર આપતા-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૨૯.

પ્રભુએ પ્રબોધેલી ક્રિયાઓ અપ્રમત્ત થઈ કહે,
વળી આજીવન છઠ્ઠ પારણે છઠ્ઠ કરી, કર્યો નિર્જરે,
'ગૌતમ કરો ન પ્રમાદ' ઈમ જેને પ્રભુએ ઉપદિશ્યું-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૩૦.

ઉપદેશ મધુરા સાંભળી જસ બોધ પામી જન ઘણાં,
સંસાર છોડી લેઈ સંયમ જ્ઞાન કેવળને વર્યા;
જસ પાણિપદ્મે સાચે કેવળ દાનની લબ્ધિ વસી,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૩૧.

દાતા જગતમાં કોઈ પણ નિજ પાસ વસ્તુને દિયે,
ના હોય જે નિજ પાસ તેનું ધન કિમહિજ સંભવે ?
જેણે ન 'કેવળ' પાસ પણ દઈ દાન મહા અચરજ કર્યું-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૩૨.

ચઉવીશ જિન જે શૈલ અષ્ટાપદ ચડી નિજ શક્તિએ,
વંદન કરે તે તે જ ભવમાં નક્કી મોક્ષે સંચરે !

પ્રભુએ કહેલાં વચન આ સુર પાસથી જેણે સુણ્યાં-
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૩૩.

ભરતે ભરાવ્યાં દેહ વર્ણ પ્રમાણ બિંબથી રાજતાં,
આવ્યા ગિરિ અષ્ટાપદે રચી સ્તોત્ર જગ ચિંતાત્રવિ
જે રત્નત્રય ચઉવીશ જિનને સ્વર્ણ ચૈત્યે સંસ્તવે,
તે મંગલાર્થે શ્રી ગુરુ ગૌતમ તણાં પદ કજ નમું. ૩૪.

શ્રી વિજયધર્મધુરંધરાચાર્યે રચેલા સ્તોત્રને
જોતાં જ દિલ હરખી ઊઠ્યું ને તરત તે મનમાં વસ્યું;
ગૌતમ તણાં ગુણગાન કરતાં સતત ઉત્સુક હૃદયને-
એથી થયો અતિ હર્ષ, જે પદ્યાનુવાદ કરી શમ્યો. ૩૫.

શ્રી નેમિસૂરિ રાજપાટે સૂરિ અમૃત બુધવરા,
ગુરુ દેવસૂરિ શિષ્યસૂરિ હેમચંદ્રે આ મુદા
નિધિ વેદ અંબર નેત્ર (૨૦૪૯) વર્ષે ભાવનગરે ભક્તિથી,
પદ્યાનુવાદ રચ્યો મનોહર વીર વિભુ સાંનિધ્યથી. ૩૬.

*(વિ. સં. ૨૦૪૯ અશ્વિની પૂર્ણિમા. ભાવનગર.)*



# જીવનદર્શન : વિભાગ–૧

- ઇન્દ્રભૂતિ ગૌતમનું મહાપ્રસ્થાન
- ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીના જીવનના કેટલાક પ્રસંગો
- શ્રી ગૌતમસ્વામી ભગવાનની નિર્વાણસાધના
- શ્રી કેશીકુમાર મુનિ
- ગણધર ગૌતમસ્વામીના પાંચ પૂર્વભવો
- ભગવાનની ભૂલ!
- મહાવીરસ્વામીના અગિયાર ગણધરો
- ભગવાન મહાવીરનાં ચરણોમાં સમર્પિત ગુરુ ગૌતમસ્વામી
- યજ્ઞથી સર્વજ્ઞને સમર્પિત મંગલ યાત્રા
- ગૌતમસ્વામીનો શિષ્ય
- ઇન્દ્રભૂતિ ગૌતમની મંગલ ગાથા
- ઇન્દ્રભૂતિ ગૌતમનું તત્ત્વજ્ઞાન
- ગુરુ ગૌતમસ્વામી : એક અધ્યયન
- આ ગણધર મહાવીરના....
- ભગવાન મહાવીરના પ્રથમ સમાગમમાં શરણાગતિ-સમર્પણ
- કેવળજ્ઞાનની ઉષા પ્રગટી
- આત્મસાધનાના અમૃતદાતા ગણધર ગૌતમસ્વામી


અન્યને સર્વજ્ઞ જાણી ઇન્દ્રભૂતિને
ઇર્ષ્યા-અભિમાનનો કીડો સળવળે છે.

# ઈન્દ્રભૂતિ ગૌતમનું મહાપ્રસ્થાન

*—શ્રી રામજી ઠાકરશી દેઢિયા*

**લેખકને-કવિને ક્રાન્તદ્રષ્ટા કહેવામાં આવે છે. એનાં મુખ્યત્વે બે કારણો છે: ૧. એ પોતાની દિવ્ય દૃષ્ટિથી જગતને જુદી જ રીતે જુએ છે; અને ૨. એ પોતાની કલમે જગતને જુદી જ રીતે વ્યક્ત કરી શકે છે. એ જેવી રીતે કોઈ પાત્ર કે પ્રસંગને રજૂ કરે છે તે તાદૃશ્ય થઈ ઊઠે છે! એ જે પાત્રના મનોભાવોને વ્યક્ત કરે છે તે ભાવુકને અભિભૂત કરી જાય છે! એ વર્ણનથી, એ અભિવ્યક્તિથી એનો વર્ણ્યવિષય ચિત્રાત્મક રૂપ ધરે છે; અને તેથી એ ચિરંજીવ બની જાય છે!**

**પ્રસ્તુત આલેખન શ્રી રામજીભાઈ દેઢિયાની આવી ક્રાન્તદૃષ્ટિનો સમર્થ આવિષ્કાર છે. એમની કલમ જાદુઈ લાકડીની જેમ ચમત્કારો સર્જે છે ને ચિત્રો ખડાં કરે છે. ઈન્દ્રભૂતિ પંડિતનું ચરિત્ર, તેમના આંતર-બાહ્ય ભાવોનું નિરૂપણ, તે સમયનું સામાજિક અને ધાર્મિક વાતાવરણ, ભગવાન મહાવીરનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, સમગ્ર પરિવેશને જીવંત કરી મૂકતી સંવાદલીલા, સર્વ પાત્રોના મનોવિશ્વને તાદૃશ્ય કરી મૂકતી લેખકની સુરેખ વર્ણનાત્મકતા—પંડિત ઈન્દ્રભૂતિની વિદ્યાશાળા, વિપ્રદેવ સોમિલનું નિમંત્રણ, યજ્ઞ માટે અપાપાપુરીમાં આગમન અને પ્રાંતે ઈન્દ્રભૂતિ ગૌતમના હૃદયપરિવર્તનની આકર્ષક ક્ષણો—એ સર્વ કાંઈ શ્રી રામજીભાઈની એક સમર્થ લેખક તરીકેની પરિચાયક બની રહે છે. એક-એક પ્રસંગને આકર્ષક, પ્રભાવક અને સદૃશ્ય રીતે કેમ રજૂ કરી શકાય તે આ આલેખન દ્વારા માપી શકાય છે. ખરેખર, આવા અદ્ભુત આલેખન માટે લેખક અભિનંદનના અધિકારી ઠરે છે.** *—સંપાદક*

જંબૂદ્વીપ ! ભરતખંડ ! મગધદેશ—અને ગોબર નામનું ગામ. એ ગામમાં વસુભૂતિ વિપ્રનું રજવાડા જેવું ઘર ! પિતાના વિશાળ મહાલયમાં દેશપ્રસિદ્ધ ઈન્દ્રભૂતિ પંડિત શિષ્યોને અધ્યયન કરાવી રહ્યા છે ! મહાપંડિત અને વાદવિજેતાની કીર્તિ પ્રાપ્ત કરી ચૂકેલા ગૌતમગોત્રીય ઈન્દ્રભૂતિની વિદ્યાશાળામાં દેશવિદેશના વિદ્યાર્થીઓ અધ્યયન કરી રહ્યા છે. અલગ અલગ ખંડોમાં શિષ્યોના પઠન-પાઠન, વાચન, પૃચ્છા, ચર્ચા, મુખપાઠ, વેદગાન, ઈત્યાદિ કાર્યક્રમો ચાલી રહ્યા છે.

સદાયે પવિત્ર મનાયેલા માઘ માસની શીતળતા અંગોપાંગમાં સ્ફૂર્તિનો સંચાર કરી રહી છે. દિવસના બીજા પ્રહરના પ્રારંભને સૂચવતા ડંકા વાગી ગયા છે અને ડંકાના અવાજથી સાવધ થયેલા છાત્રો અભ્યાસમાં અધિક તન્મયતા પ્રાપ્ત કરવા મથી રહ્યા છે.

શ્વેત અધોવસ્ત્ર અને પીતવર્ણું ઉત્તરીય ધારણ કરીને સ્વયં ઈન્દ્રભૂતિ પંડિત એક શુભ્ર અને મૃદુ એવા ઉચ્ચાસને બેસીને વેદગાનની કળા શિષ્યોને શીખવી રહ્યા છે. શાસ્ત્રીના તેજસ્વી છાત્રો શુભાંગ, સીતાંગ, વજ્રાંગ અને રોહિતાંગ ઈત્યાદિ અંગ-ડોલન સાથે વેદગાન અભ્યાસી રહ્યા છે. વાતાવરણમાં પવિત્રતા પ્રસરી રહી છે.

બસ, ત્યારે જ બહારના રાજમાર્ગ પર, વેગથી આવતા ઘોડાને કોઈ અચાનક રોકતું હોય તેવો ખરખરાટીનો અવાજ સંભળાયો. અશ્વારોહી ઘોડેથી ઊતર્યો અને ઘોડાની લગામ એક હાથથી ખેંચતો, વિશાળ પ્રવેશદ્વારવાળા મકાનને ઉત્સુકતાપૂર્વક નીરખી રહ્યો. મકાનના પ્રવેશદ્વારની કમાનની ટોચે મૂકેલું વાગ્દેવીનું કળામય ચિત્ર જોઈને તેને ખાતરી થઈ કે જેને તે શોધી રહ્યો હતો તે આ 'ગૌતમ-વિદ્યાશાળા-ભવન.'

'શુભાંગ, સિતાંગ! જાઓ અને જુઓ. કોઈ અતિથિ ગૌતમવિદ્યાશાળા શોધી રહ્યો લાગે છે ? જો તે આપણા અતિથિ હોય તો તેમને સન્માનસહ અતિથિકક્ષમાં તેડી લાવો. રોહિતાંગ, વજ્રાંગ ! તમે પણ જાઓ. અતિથિના અશ્વને પ્રાણીશાળામાં દોરી જાઓ અને તેના માટે ઉચિત ખાદ્યનો પ્રબંધ કરો.' ઇન્દ્રભૂતિ પંડિત એકીસાથે બોલી રહ્યા. વિનય અને વિવેક બ્રાહ્મણોનાં ભૂષણ ગણાતાં હતાં. શિષ્યો સફાળા ઊઠ્યા. ગુરુજીનું કથન તેમને મન શિરસાવંદ્ય હતું.

ઇન્દ્રભૂતિ મનોમન વિચારી રહ્યા : કોણ હશે એ અતિથિ ? શું પ્રયોજનથી આવ્યો હશે એ ?

અને ભોળી ઉત્સુકતાના ઝૂલતા તરંગોનું સમાધાન તેમના મને શોધી કાઢ્યું. મનોમન તેમણે કહ્યું, 'નક્કી એ કોઈ પુરજન હોવા જોઈએ. દેહકષ્ટીના દાસ ગ્રામજનોને પ્રાજ્ઞ પંડિતોનું શું કામ હોય ? અને ગૌતમ ઇન્દ્રભૂતિની પાંડિત્યપ્રખ્યાતિ તો દૂરના નગરજનોને નિમંત્રતી દશે દિશાએ પ્રસરી ગઈ નથી શું ?' પ્રશસ્ત દર્પનો એક આછો અણસારો ગૌતમની કરોડરજ્જુમાંથી પસાર થઈ ગયો !

પાદપ્રક્ષાલનાદિ ક્રિયાઓ પૂર્ણ કરીને સોમિલેશ્વર વિપ્ર વિદ્યાકક્ષમાં પ્રવેશ્યા. પંડિતો તો તેમને જોઈ જ રહ્યા ! શુભ્ર અંગરખાની રક્તરંગી કોરને વિશેષ ઓપ આપતી નીલવર્ણી કસો આગંતુકની ગૌર-પુષ્ટ દેહયષ્ટિને શોભા આપી રહી હતી. પીતવર્ણી પાઘડીની સોનેરી ધાર, ગળામાં નાની રુદ્રાક્ષની માળા સાથે લાંબી મોતીની માળા, હસ્તકંકણ અને કર્ણકુંડલ અને વદન પર વીખરાયેલી ધનગૌરવાંકિત તેજસ્વી કાંતિ ! સર્વ પ્રમાણો જાણે સોમિલેશ્વરનાં અંગોમાંથી બ્રાહ્મણ છતાં ધનાઢ્ય અને સન્માનપ્રાપ્ત દ્વિજનું અનોખું દર્શન ઉપસાવતાં હતાં !

ઊભા થઈને ચાર ડગલાં સામે આવેલા ઇન્દ્રભૂતિએ હાથ જોડીને સસ્મિત કહ્યું, 'પ્રણામ. પધારો વિપ્રવર ! બિરાજો અહીં આસન પર. ગોબર ગામની આ 'ગૌતમીય વિદ્યશાળા'માં આપનું સ્વાગત છે. કહો, આપનાં પાવન પગલાં અમારે આંગણે કરવાનું શું પ્રયોજન છે ?'

સોમિલ વિપ્ર ઇન્દ્રભૂતિની સપ્રમાણ અને સુડોળ દેહયષ્ટિને નીરખી જ રહ્યા હતા. વિદ્યાકક્ષના પવિત્ર વાતાવરણથી અને છાત્રોની વિનયાન્વિત સ્વાગત-સુશ્રૂષા વડે તેઓ પ્રભાવિત થયા હતા. તેમણે નરમાશથી કહ્યું, 'હું અપાપાપુરીનો સોમિલ બ્રાહ્મણ. આપની ખ્યાતિ સાંભળીને જ અહીં આવ્યો છું. આજે અહીં પ્રત્યક્ષ જોઈને આપની વિદ્યાપારંગતતા વિશે મને કોઈ શંકા રહી નથી. જેવું સાંભળ્યું હતું તેથી પણ વિશેષ વ્યક્તિત્વ આપ ધરાવો છો. એટલે હવે સીધી જ વાત કરી દઉં કે હું આપને મારા યજ્ઞના પુરોહિત તરીકે સ્થાપિત કરવા ઇચ્છું છું. આવતા વૈશાખ માસમાં એક શ્રેષ્ઠ યજ્ઞનું આયોજન કરવાની મારી મનોકામના છે. એમ તો અમારા અપાપાપુરીમાં શતશઃ ક્રિયાકાંડી બ્રાહ્મણો છે જ. પણ મારે તો અંગ, બંગ, કલિંગ, મગધ, કોશલ, અને વત્સ ઇત્યાદિ સર્વ દેશોના ઉત્તમ પુરોહિતોને બોલાવવા છે અને દ્રવ્યનો શ્રેષ્ઠતમ સદ્વ્યય પણ કરવો છે.'

'ઉત્તમ ! અતિ ઉત્તમ !' પ્રૌઢ પ્રમોદના ભાવ સાથે પંડિત ઇન્દ્રભૂતિએ કહ્યું, 'આપના જેવા ધનાઢ્ય, પ્રૌઢ અને જ્ઞાનવાન બ્રાહ્મણને યજ્ઞકાર્ય દ્વારા પુણ્યોપાર્જન કરવાનું મન થયું તેને મહદ્‌ભાગ્ય જ ગણવું રહ્યું. આપ આ યજ્ઞ દ્વારા શ્રેષ્ઠ સ્વર્ગશ્રેણી પ્રાપ્ત કરી શકશો. અમે અવશ્ય પધારશું.' ક્ષણ વાર થોભીને પંડિતજીએ ઉમેર્યું 'આપને ખ્યાલ જ આપી દઉં કે હું મારા શુદ્ધ વેદપાઠી શિષ્યો દ્વારા અપાતી આહુતિઓને જ પ્રાધાન્ય આપું છું. અતઃ મારા પાંચસો શિષ્યોના પ્રવાસન અને આવાસાદિનો સુયોગ્ય પ્રબંધ કરવાનો રહેશે.'

'અવશ્ય ! અવશ્ય !' સોમિલજીએ હસીને કહ્યું, 'સોમિલને ત્યાં દેવકૃપા અને રાજકૃપા ઉપસ્થિત જ છે. કશી આશંકાને સ્થાન નથી. આપને માટે, આપના શિષ્યગણ માટે યથોચિત સ્વાગત-સુવ્યવસ્થા થઈ જશે.'

'સુંદર !' ઇન્દ્રભૂતિએ ગંભીરતાસહ કહ્યું. પચાસ વરસનું તેમનું બ્રહ્મજીવન તેમને ઉતાવળા કે આછકલા થવા દે તેમ નહોતું. વેદ, વેદાંગ, શાસ્ત્ર, પુરાણ, છંદ, અલંકાર અને નિઘંટુની પારંગતતાએ તેમને દિગ્ગજ વિદ્વાનની નામના અપાવી હતી. 'વાદિવિજેતા'પદના ધણી એવા ઇન્દ્રભૂતિએ જરા ચણો ચાંપ્યો, 'અન્ય વિદ્વાનોને પણ આપે આમંત્ર્યા જ હશે ! ?'

'અન્ય વિદ્વાનો પણ જરૂર પધારશે; પણ આદ્ય પુરોહિતનું સ્થાન તો આપે જ શોભાવવાનું છે.'—કહેતાં સોમિલે ઉપરણાનો છેડો બે હાથમાં લીધો.

પોતે જે વાતની સ્પષ્ટતા કરવા માગતા હતા તે વાત સ્વયં યજમાનજીના મોઢે અંકે થતી જોઈને ઇન્દ્રભૂતિએ ગરિમા અને ગર્વ સાથે ડોક ટટ્ટાર કરીને એક હળવો ખોંખારો ખાઈ લીધો !

ક્ષણવાર શાંતિ પથરાઈ ગઈ. કોઈ કાંઈ બોલ્યું નહીં. બેઉ જણ જાણે યજ્ઞની ભાવિ ભવ્યતાનાં દર્શન કરી રહ્યા ! જરાવાર રહીને તેમણે શિષ્યને આજ્ઞા કરી, 'વજ્રાંગ! અતિથિ માટે ભોજનપ્રબંધ કરાવો. ગોરાણીને કહેજો કે અતિથિનો ભોજનપ્રબંધ આપણી સાથે જ થાય. બ્રાહ્મણ કુળના અતિથિ સાત્ત્વિક આહાર જ લેશે.'

સોમિલના મનમાં કશુંક મંથન ચાલી રહ્યું હતું. કોઈક શંકાનું તેમને સમાધાન જોઈતું હતું. પણ ઇન્દ્રભૂતિ પંડિતની આભાથી ઓઝપાયેલા સોમિલની વાચા ઊઘડતી ન હતી. તેના મનમાં વિતર્ક ચાલ્યો, 'પૂછવું તો જરૂર છે—અને વળી પૂછીને પાકું કરી લેવું જ સારું. ધનવ્યય તો હું જ કરવાનો છું તો પછી આટલું પણ ન પૂછી શકું ?'

ગાદી પર બેઠેલા ઇન્દ્રભૂતિ પંડિત વળી બીજી અવઢવમાં હતા : ભાઈઓને યજ્ઞમાં તેડી જવા કે નહીં ? ક્યાંક મારી સરસાઈ કરી લે તો ? જો કે, આમ તો મારાથી નાના જ છે અને મૂળમાં અવિનીત તો નથી જ. લઈ જ જાઉં; ઇન્દ્રભૂતિએ સરવાળે મનથી સમાધાન કરી લીધું. ભાઈઓને તેડી જાઉં તો એટલો ઉપકાર અને ઉપરવટ તો મારો રહેશે ! સોમિલજીને કહ્યું, 'આ જ ગામમાં મારા બે લઘુબંધુ છે. પાંડિત્યમાં પાછા પડે તેવા નથી. આપ તો દેશદેશના પંડિતોને નિમંત્રવાના છો તો તેમને પણ આમંત્રિત કરશો તો ઉચિત થશે.' ઇન્દ્રભૂતિએ કશીક વિનંતિ કરી તે જાણીને સોમિલને આનંદ થયો. સંકોચ પણ દૂર થયો. ઉદારતા અને ઉપકારનો ભાવ મોઢા પર લાવીને તેમણે કહ્યું, 'સુંદર, અતિ સુંદર ! આપના જ લઘુબંધુ છે, તો આપના જેવા જ હશે. તેમને અમે અવશ્ય નોતરશું. શું નામથી તેઓ ઓળખાય છે ?'

પોતે નાના ભાઈઓ પર અનુગ્રહ કર્યો છે તેવા ભાવ સાથે ઈન્દ્રભૂતિએ કહ્યું, 'મારાથી નાનો અગ્નિભૂતિ અને સૌથી નાનો વાયુભૂતિ. ગામના પૂર્વ છેડે તેમના આશ્રમો છે.'

'વાહ ! આ તો સોનામાં સુગંધનું મિશ્રણ !' સોમિલે ઉત્સાહથી કહ્યું, 'તેઓ અમારા પુરોહિત મંડળમાં હશે જ. આજે જ તેમને નોતરતો જઈશ.'—અને હળવી વાતો નીકળી જ છે તો પેલું પૂછી જ લઉં, એમ વિચારી સોમિલ બ્રાહ્મણે કહ્યું, 'પણ પંડિતજી, મારે બીજું પણ કંઈક પૂછવું હતું !'

'હા, જરૂર પૂછો.' કહીને ઈન્દ્રભૂતિ વિચારમાં ઊતરી ગયા. નક્કી આ યજમાન દક્ષિણા સંબંધી પૂછવા માગે છે. અને સારી દક્ષિણા આપવા શક્તિમાન હશે ત્યારે તો આ ગૌતમના ઘર સુધી પહોંચ્યા હશે !

દક્ષિણા કોને પ્રિય નથી ? તે સમયે અને આજે પણ દક્ષિણા તો ઉત્સાહથી અપાય છે અને લેવાય છે !!

ઈન્દ્રભૂતિ પંડિતે યજમાને કેડે વીંટેલા કટિવસ્ત્ર તરફ એક લાલચુ નજર કરી લીધી. તે સમયે પ્રવાસીઓ ચામડાની, કમરે વીંટી લેવાય એવી, પોકળ પટ્ટીઓમાં સોનામહોરો રાખીને તેના પર કટિવસ્ત્ર બાંધતા અને પછી જ પ્રવાસે નીકળતા !!

ઈન્દ્રભૂતિની દૃષ્ટિ અને મનોસૃષ્ટિ પણ ચતુર સોમિલ પારખી ગયા. સાથળના પડખામાં રહેલો કટિવસ્ત્રનો છેડો તેમણે હાથમાં લીધો અને ચોટીચતુર ઈન્દ્રભૂતિએ પણ સંકેતથી જ તેમને છેડાની ગાંઠ ખોલતા રોક્યા !

પલકવારમાં થયેલી આ નયનગોષ્ઠીને દૂર હડસેલતાં ઈન્દ્રભૂતિએ સોમિલને સસ્મિત કહ્યું, 'હા, તો તમે શું પૂછવા માગતા હતા ?'

ઉત્તર આપતાં પહેલાં સોમિલજીએ આસપાસ શંકિત નજર નાખી. એક-બે વિદ્યાર્થીઓ હજી ત્યાં બેઠા હતા. દેખીતું હતું કે સોમિલજી તેમની હાજરીમાં વાત કરવા માગતા ન હતા.

અણસારો સમજી ગયેલા ઈન્દ્રભૂતિએ ફરી આજ્ઞા કરી, 'શુભાંગ ! અમારો અંતરકક્ષ ખોલીને સાફ કરાવો. વાતાયન પણ ઉઘાડજો. અમે ત્યાં બેસીશું.'

થોડીવારે શુભાંગ બહાર આવ્યો. બેઉ મહાનુભાવો અંતરકક્ષમાં પ્રવેશ્યા. સોમિલે દરવાજાનાં કમાડ પાછલા પગે અડકાવ્યાં. આસન પર બેસતાં જ સોમિલે કટિવસ્ત્ર છોડી નાખ્યું. ભીતરથી ચામડાનો પહોળો પટ્ટો છૂટો કરીને સોનામહોરો બહાર કાઢી અને સાથે આણેલી વસ્ત્રપોટલીમાં ભરી દીધી. દોરી ખેંચીને પોટલીનું મોઢું પણ બંધ કર્યું અને માનસહ એ મૃદુ મહોરપોટલી પંડિતજી સામે ધરી. બધી ક્રિયા ધ્યાનથી જોઈ રહેલા ઈન્દ્રભૂતિ પંડિતે હળવા વિવેકથી કહ્યું, 'અરે ! એની અત્યારે શું આવશ્યકતા હતી ? દક્ષિણા તો પૂર્ણાહુતિ પછી પણ લઈ શકાત.' વિવેકની વાત ઝટ વાળી લેતા હોય તેમ ગૌતમ પંડિતે ધીરેથી એ સુવર્ણપોટલી પોતાના પડખામાં સેરવી દીધી !

હવે સોમિલજી નજીક આવ્યા. પંડિતજીએ કાન સરવા કર્યા. સોમિલે કહ્યું, 'હું એમ પૂછતો હતો કે આ યજ્ઞ મને સ્વર્ગ તો અપાવશે ને ? મને તો હવે સ્વર્ગની જ કામના છે. બીજી કોઈ કામના બાકી નથી રહી. કૃપા કરી આ દિશામાં મને આશ્વસ્ત કરો; જેથી હું શેષ જીવન શાંતિથી ગાળી શકું !!' જોડાયેલા હાથે વાત કરતા સોમિલજીએ એક આંગળી સોનામહોરની થેલી તરફ પણ ચીંધી બતાવી.

કરીને આ પૃથ્વીની રક્ષા કરવાની છે. આ તો નર્યો ઉલ્કાપાત મચે તેવી વાત છે.' ઈન્દ્રભૂતિએ આવેશમાં કહ્યું. વાર્તાલાપથી તેમના ધૈર્ય અને સહનશક્તિનો જાણે અંત આવી ગયો હતો.

મોટાભાઈની વાતને સમર્થન આપતાં વાયુભૂતિ પંડિતે પણ કહ્યું, 'વિવિધ પરિવ્રાજકો સાધના કરી શકે; પણ યજ્ઞ, ક્રિયાકાંડ અને ધર્મમીમાંસાની વાત તો કેવળ બ્રાહ્મણો જ કરી શકે. લાગે છે કે કળિયુગની અસર આપણને પૂરેપૂરી થશે.'

પ્રભાસ પંડિતે પોતાનું ઉપવસ્ત્ર સરખું કર્યું. પોતાનું સુકોમળ વદન બે બાજુ ફેરવીને સૌનું ધ્યાન આકર્ષિત કરતાં તેમણે કહ્યું, 'વિપ્રવર્યો, ફક્ત બ્રાહ્મણો જ વેદવિદ્યા ભણી શકે એ વાત તો આપણને સૌને સ્વીકાર્ય છે; પણ અન્ય વર્ણના સાધકો જ્ઞાનસાધના ન કરી શકે એવો આગ્રહ અનુચિત અને અયોગ્ય જ ગણાય! આપણે આપણી શ્રેષ્ઠતા જ્ઞાન, લોકોપકાર ને બ્રહ્મવિદ્યા દ્વારા સિદ્ધ કરવી જોઈએ. પ્રાચીન ઋષિઓમાં ક્યાં વર્ણબાધ હતો? ક્ષત્રિય એવં અન્ય વર્ણીઓએ સંન્યાસ દ્વારા સાધના કરીને બ્રહ્મજ્ઞાન મેળવ્યું જ છે. અને તેનાં ઘણાં ઉદાહરણો પણ મળી આવે છે. અતઃ આપણે એ આગંતુક મહાત્માના સંબંધે જ જાણકારી મેળવવી જોઈએ. અને તે જ્ઞાનની કસોટી પણ કરવી જોઈએ.'

'રાજગૃહીના સૌમ્ય પંડિત પ્રભાસજી સત્ય કહે છે.' મંડિત પંડિતે પોતાનો સૂર પુરાવ્યો. વળી ઉમેર્યું, 'તેમના જ્ઞાનની સાધના બાબત આપણે વિશેષ જાણવું જોઈએ. અને એ પરીક્ષા તો આપણે સ્વયં જ કરવી પડશે. કારણ કે શિષ્યમંડળે પ્રાપ્ત કરેલાં તથ્યો હજી તો કર્ણોપકર્ણ જ ગણાય !'

મંડિત મહાશયની વાત ઈન્દ્રભૂતિને યોગ્ય લાગી. તેમણે તારસ્વરે કહ્યું, 'જ્ઞાનની કસોટી તો કરવી જ પડશે. આપણે વાદ દ્વારા જ તે કહેવાતા જ્ઞાનીને મહાત કરવો પડશે. બ્રાહ્મણોનું વિદ્યારાજ્ય ખંડિત કરવાના તેના પ્રયત્નો સાંખી શકાય નહીં !!'

અત્યાર સુધી અચલ રહેલા મેતાર્ય પંડિતે સવિનય વાત મૂકી; 'વિદ્વત્શ્રેષ્ઠ ! જ્ઞાનની વાત જ મહત્ત્વની છે. આપણા શિષ્યોએ તે સંતપુરુષના જ્ઞાન વિશે શું જાણ્યું-સાંભળ્યું છે તે પહેલાં આપણે જાણી લઈએ અને પછી જ વાદ માટેની તૈયારી કરીએ.'

પ્રભાસશિષ્યો—પ્રઘોષે અને પ્રબુદ્ધે આંખો ઊંચી કરી. ગુરુજનોની સાંકેતિક અનુમતિ મળતાં પ્રઘોષે કહ્યું, 'લોકો તે મહાત્માને સર્વજ્ઞ કહેતા હતા.'

'શું કહ્યું ? સર્વજ્ઞ ? એટલે કે સર્વ તથ્યોને જાણનારા ? ભૂત, ભાવિ અને વર્તમાનને જાણનારા ?' અકંપિત પંડિતે વચ્ચે જ આશ્ચર્ય વ્યક્ત કર્યું. 'અરે, એટલું જ નહીં, પણ સર્વજ્ઞ તો તેને જ કહી શકાય કે જે જનજનના મનની વાત જાણતો હોય અને દર્શાવી શકતો હોય !'

'સુલય, નીલય, તમારે આ બાબતમાં કંઈ કહેવું છે ?' સુધર્મા પંડિતે મેતાર્યશિષ્યોને પૂછ્યું.

સુલયે ગંભીરતાથી વાત શરૂ કરી, 'જાણવા મળ્યું છે તે પ્રમાણે એ મહાસાધકે સાધનાકાળનાં સાડાબાર વર્ષ ઘોર તપશ્ચર્યા અને સૂક્ષ્મ ધ્યાનદશામાં જ વિતાવ્યાં છે. આત્મધ્યાનને અંતે તેમણે ગઈ કાલે જ પૂર્ણ જ્ઞાન સિદ્ધ કર્યું છે. આ પહેલાં પણ તેમને ખૂબ જ જ્ઞાન હતું, પણ સાધકો તે જ્ઞાનને અંશજ્ઞાન ગણાવતા હતા. તે અંશજ્ઞાન દ્વારા પણ તેઓ સજ્જડ ભવિષ્યકથન કરી શકતા હતા.'

'ભવિષ્યકથન તો જ્યોતિષીઓ પણ કરે જ છે ને ?' ચક્રધરથી બોલી જવાયું.

પ્રભાસ પંડિતે સ્પષ્ટતા કરી, 'જ્યોતિષી ગણિતનો આધાર લઈને જ તથા ગ્રહોની સ્થિતિનો નિર્ણય કરીને ભવિષ્યકથન કરી શકે; જ્યારે સર્વજ્ઞ અથવા તો અંશજ્ઞાની કોઈપણ ગણિત વિના પોતાના જ જ્ઞાન અને દર્શન વડે વસ્તુસ્થિતિનું નિરૂપણ કરી શકે.'

ચક્રધરને પોતાનો અનુભવ કહેવો હતો. તેણે કહ્યું, 'એમ તો મારા મામા ભવિષ્યકથન કરી શકે છે. અને એ કથન સાચાં પણ પડ્યાં છે.'

'કોણ તમારા મામા ? તેઓ કયા ગામના છે ? શું વ્યવસાય કરે છે તેઓ ? તેમની પાસે કયું જ્ઞાન છે ?' શિષ્યમંડળમાંથી ઓચિંતા જ સવાલો ઊઠ્યા.

'હું નાનપણમાં મારા મોસાળે જ રહેતો હતો. ત્યારે મામા કનેથી વાત સાંભળી હતી કે થોડા જ સમયમાં આપણા ભરતખંડના મગધદેશમાં જ કોઈ ધર્મચક્રવર્તી પ્રગટ થશે.' ચક્રધરે ચલાવ્યું.

'પણ તમારા મામા વિશે તમે કશું કહ્યું નહીં !' વળી પાછા ઉત્સુક પ્રશ્નો પુછાયા.

'મારા મામાનું નામ ઉત્પલ છે. તેઓ આસ્થિક ગ્રામના રહીશ છે. વ્યવસાયે તેઓ નિમિત્તશાસ્ત્રી છે. હાથ અને પગની રેખાઓ અને શરીરના વિવિધ રચનાસંકેતો પરથી તેઓ મનુષ્યોનાં ભવિષ્યકથન કરે છે. તેમણે ભાખેલ ધર્મચક્રવર્તી કદાચ આપણા અપાપાપુરીમાં ઊતરેલા આ મહાત્મા પણ હોઈ શકે !!'

'કોઈ સાધકને આપણે ધર્મચક્રવર્તી માની લેવાની આવશ્યકતા નથી. આપણે પરીક્ષા કરીને જ કહી શકીએ.' ઇન્દ્રભૂતિએ કહી દીધું. છતાં સૌ પંડિતો નવાઈમાં ડૂબતા દેખાતા હતા જ. શિષ્યોની વાતો, કોણ જાણે કેમ, તેમને રોચક તો લાગતી જ હતી. ચક્રધરે વળી બીજો અનુભવ કહ્યો, 'એ જ આસ્થિક ગ્રામના શૂલપાણિ યક્ષને એક યોગીએ વશ કર્યો હતો. તેનું નામ વર્ધમાન હતું. જો કે મારા મામા તેમને 'નિગંઠ' અને 'સમણ' જ કહેતા હતા. જો તે આ જ મહાત્મા હોય તો તેઓ હવે તો મહાન તાંત્રિક બની ગયા હશે ! હા, તેમની સાધના ગજબની હતી !'

પ્રત્યક્ષ અનુભવોની વાત સાંભળવામાં સૌને વિશેષ રસ પડે છે. અહીં પણ એમ જ થયું. મયૂરધ્વજે પોતાની રજૂઆત વર્ણવી : 'અમારા મોરાક ગામમાં વીરકુમાર નામના તપસ્વી અને જ્ઞાનીએ એક પાખંડી ધૂર્ત અચ્છંદકના અનાચાર ખુલ્લા પાડ્યા હતા. તે વીરકુમાર તો આ મહાત્મા નહીં હોય ? કદાચ, તેમની સાધના પૂર્ણ થઈને ફલવતી પણ થઈ હોય !'

હવે અનુભવકથામાં વ્યક્ત પંડિતના શિષ્ય સોમપદ્મ જોડાયા. તેમણે કહ્યું, 'અમારા ઉત્તર વાચાલાથી થોડે દૂર કનખલ આશ્રમપદ છે. ત્યાં એક ચમત્કાર ઘટિત થયો હતો. ત્યાંના ચંડકૌશિક નામના દૃષ્ટિવિષ સર્પને નાયપુત્ત વીરકુમારે વશમાં આણીને લોકોને ભયમુક્ત કર્યા હતા. એટલું જ નહિ, આ ભયંકર સર્પને પણ ઉપદેશ વડે બોધિત કર્યો હતો.'

બુદ્ધિગમ્ય ન હોય તેવી અને મનને અગોચર પ્રદેશોમાં લઈ જતી વાતો લોકોને સદાય રમ્ય લાગી છે ! પોથીપંડિતોને પણ આ અનુભવકથાઓ રોચક લાગતી હતી. પણ પ્રભાસ પંડિત બીજી જ માટીના હતા. તેમણે ધીરેથી કહ્યું, 'આપણે તો એ મહાત્માના યંત્ર, તંત્ર કે ભવિષ્યકથનની

શક્તિની હકીકતો કરતાં તેમનાં જ્ઞાન, દર્શન અને ઉપદેશની શું અસરો છે તે જાણવું જોઈએ. તો જ આપણે વાદ માટે તૈયાર થઈ શકશું.'

ટોળાની વચ્ચે વાતને ખીલે બાંધનાર એકાદ જ હોય છે !!

'આખરે પ્રભાસજીએ મુદ્દાની વાત કરી ખરી' મૌર્યપુત્ર પંત્રહતે મર્મમાં જ કહ્યું, 'મુદ્દો બાંધવા તો પ્રભાસજી જ બરાબર છે. એ તો રાજગૃહીના પંડિત છે. રાજસભામાં એમનાં બેસણાં હોય છે ! જેવી તેવી વાત નથી. આપણે તો ઘરસંસાર માંડ્યાં, વયની અર્ધી સદીએ પહોંચ્યા અને ત્યારે જ પંડિતાઈ સિદ્ધ કરી શક્યા છીએ; જ્યારે પ્રભાસજીએ આપણા પુત્રોની વયે, સોળ વર્ષે, ત્રણસો શિષ્યોનું ગુરુપદ પ્રાપ્ત કર્યું છે.' સુધર્મા પંડિતે કહ્યું.

'અરે, પુત્રસમોવડિયા જ શું કામ ? મારા પૌત્રની ઉંમરના છે પ્રભાસજી !' પાંસઠ વર્ષીય મૌર્યપુત્ર પંડિતે ભાવ દર્શાવ્યો. ઇન્દ્રભૂતિ પણ રાજી થયા. કહ્યું, 'ભલે હું ચૌદ વિદ્યા-પારંગત અગ્રિમ પંડિત છું; પણ સોળ વર્ષના કુમાર પ્રભાસજીએ પ્રાપ્ત કરેલી ઉપલબ્ધિઓ મને પણ તેમને નમન કરવા પ્રેરે છે. ખરેખર, રાજગૃહીની ભૂમિ સૌભાગ્યવતી છે !' અને વાતને રાજમાર્ગે વહેતી કરવા તેમણે કહ્યું, 'તો શિષ્યો, મહસેન ઉદ્યાનમાં ઊતરેલા અને હવે જેનો પરિચય વીર, મહાવીર, સમણ, નિગ્ગંઠ, નાયપુત્ત અને વર્ધમાનકુમાર તરીકે સ્થાપિત થયો છે તેમના જ્ઞાન, ઉપદેશ વિશે સારભૂત હકીકતો અહીં પ્રસ્તુત કરો.'

મહાધીએ શરૂઆત કરી, 'એક વાત એ કે તેમની પ્રવચનસભામાં સ્ત્રીઓ પણ બેસી શકે છે.'

'તેમની વ્યાખ્યાનસભામાં ક્ષુદ્રોને પણ પ્રવેશ મળી શકે છે.' તીવ્રધીએ કહ્યું.

'જાતિ કોઈ વિશેષ મહત્ત્વ ધારણ નથી કરતી. મનુષ્યનાં કર્મ-કર્તવ્ય જ વિશેષ છે, એમ તેમનું કથન છે.' ધર્મધીએ ઉમેર્યું.

'પ્રાપ્તવ્ય તો મોક્ષ છે કે જ્યાં સર્વ દુઃખોનો અંત આવે છે. સ્વર્ગપ્રાપ્તિ એ લક્ષ્ય ન હોઈ શકે, એ તેમના કથનનો સારાંશ છે.' મલયકેતુએ રજૂઆત કરી.

'ધર્મસંઘમાં ઉચ્ચનીચના ભેદ નથી હોતા. ધર્મનો અધિકાર સર્વ જીવોને છે.' કામકેતુએ ઉમેર્યું.

'સ્ત્રી કે ક્ષુદ્ર પણ મોક્ષના અધિકારી હોઈ શકે છે. સંચિત કર્મોને ક્ષય કરીને કોઈ પણ આત્મા મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.' ધર્મધ્વજે કહ્યું.

'અહિંસા પરમ ધર્મ છે અને મોક્ષપ્રાપ્તિનો ઉત્તમ માર્ગ છે. પશુ-બલિદાનથી કરાતા યજ્ઞ ઘોર નરકનાં દુઃખોનાં દ્વાર ઉઘાડે છે, એમ તેમનું કહેવું છે.' ચક્રવાતે પોતાની સમજ કહી બતાવી.

'સંચિત કર્મોનું ઉન્મૂલન કરવા તપશ્ચર્યા એ જ અમોઘ શસ્ત્ર છે. આ તેમનું કથન વિચારણીય છે.' શ્વેતપદ્મે કહ્યું.

'તપશ્ચર્યા દ્વારા શરીરશુદ્ધિ, મનશુદ્ધિ અને આત્મશુદ્ધિ પામી શકાય છે એ તેમનું પ્રતિપાદનં છે.' કૃષ્ણપક્ષે કહ્યું.

'અહિંસા, સંયમ અને તપ એ ધર્મના ઉત્તમ માર્ગ છે. એ ધર્મમાં રત રહેલા મનુષ્યોને દેવો પણ નમસ્કાર કરે છે, એવી નવી પ્રરૂપણા મહાવીરે કરી છે.' વજ્રધરે કહ્યું.

સંસારની સર્વ વસ્તુઓ પ્રત્યેના રાગ, દ્વેષ અને મોહ જ ભવભ્રમણનાં કારણો છે, એવી વ્યાખ્યા તેમણે પ્રસારિત કરી છે.' રત્નશશીએ સ્પષ્ટતા કરી.

'પ્રવ્રજિત સંન્યસ્ત અને ગૃહસ્થપણું એ બે પ્રકારના ધર્મમાર્ગનો ઉપદેશ મહાવીર કરી રહ્યા છે. સાધુને સર્વ ત્યાગ અને ગૃહસ્થને દેશવિરતિ એટલે કે અંશત્યાગ ! તેના દ્વારા આત્મા મોક્ષ પ્રતિ અગ્રસર થઈ શકે છે. આ તેમની માર્ગદર્શના છે.' રત્નશશીએ રજૂઆત કરી.

પ્રભાસ-શિષ્ય પ્રઘોષ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું, 'મહાવીરની એ વ્યાખ્યા ધ્યાન ખેંચનારી ગણાવી જોઈએ કે જેમાં તેમણે કહ્યું છે કે માત્ર મૂંડાવાથી શ્રમણ થવાતું નથી અને માત્ર ઓમકાર ધ્વનિના ઉચ્ચારણથી બ્રાહ્મણ થવાતું નથી. સમતાથી જ શ્રમણ થવાય અને બ્રહ્મચર્યથી જ બ્રાહ્મણ થવાય !'

'અહો, શું અદ્‌ભુત વ્યાખ્યા ! આજપર્યંત બ્રાહ્મણની આવી વ્યાખ્યા કોઈએ આપી નથી !!' પ્રભાસજીએ અહોભાવપૂર્વક કહ્યું.

ઇન્દ્રભૂતિએ ભવાં ચઢાવ્યાં, સહેજ આવેશ સાથે કહ્યું, 'કોઈના શબ્દોથી આપણે અભિભૂત થવાની જરૂર નથી. શ્રમણ અને બ્રાહ્મણ શબ્દો જ સ્વયં વિરોધાભાસી છે. તેને એક પંક્તિમાં મુકાય જ કેમ ? બ્રાહ્મણ તો જન્મથી જ શ્રેષ્ઠ ગણાય છે.'

કોઈ કાંઈ બોલ્યું નહિ. જરા વાર રહીને ઇન્દ્રભૂતિ-શિષ્ય શુભાંગે જ હિંમત કરી કહ્યું, 'બ્રાહ્મણ માટે એ ધર્મોપદેશક મહાત્માએ વર્ણવેલી અન્ય વ્યાખ્યા પણ તદ્દન નવી લાગે છે. તેમણે કહ્યું છે કે જે ઇન્દ્રિયનિગ્રહી હોય, મુમુક્ષુ હોય, તથા શરીર ઉપર મમતા વિનાના હોય તે જ બ્રાહ્મણ કહેવાય. અને તે જ શ્રમણ કહેવાય.'

સૌ બ્રાહ્મણોએ પોતાના શરીર પ્રતિ તો જોઈ જ લીધું !!! પણ ઇન્દ્રભૂતિને બ્રાહ્મણની વ્યાખ્યા આપતી પંક્તિઓએ કંઈક અજંપો જન્માવ્યો. આક્રોશ સાથે તેમણે ઊંચા સ્વરમાં કહ્યું, 'બસ થયું ! આપણે આ ચર્ચા અહીં જ આટોપશું. શ્રમણ-બ્રાહ્મણને સમાન ગણનારની આ વાક્ચાતુરી મને જરાયે પ્રભાવિત કરતી નથી. આ તો બ્રાહ્મણોના વિદ્યાતેજને અંધકાર કહેવા બરાબર છે. હવે તો આનો પ્રતિકાર જ થશે !!'

ઇન્દ્રભૂતિ ઊભા થઈ ગયા. દશેય પંડિતો તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. ઇન્દ્રભૂતિએ કહ્યું, 'બસ હવે વાદના વિષયોની ચર્ચા નથી કરવી. અરે ! જે સર્વ જાણે છે (સર્વજ્ઞ છે) તેને વિષયોની ચર્ચાની શું જરૂર છે ? કોઈ પોતાને તીર્થંકર કે ધર્મચક્રવર્તી કહેવરાવે તેથી શું ? એવા શબ્દની ઇન્દ્રજાળ રચનારનાં પારખાં મારે સ્વયં જ લેવાં પડશે !!'

ઇન્દ્રભૂતિએ વસ્ત્ર સરખાં કર્યાં ઘસીને યજ્ઞોપવીત નિર્મળ કર્યું, કંઠનો સુવર્ણ પટો જરા ઢીલો કર્યો. ગળાનું રુદ્રાક્ષ સરખું કર્યું અને પોતાના પાંચસો શિષ્યો સહિત યજ્ઞમંડપ બહાર પગ મૂક્યો.

ગર્વ અને ગૌરવનો ભાર ભરીને આગળ વધતા ઇન્દ્રભૂતિ મિથ્યા અભિનિવેશથી લચી પડતા હતા. વાદવિવાદ માટે સજ્જ થઈ રહેલા ઇન્દ્રભૂતિના મનમાં વિચાર-તરંગોના ઓઘ ઊમટ્યા. તેમણે વિચારશ્રેણી માંડી : શું એક મ્યાનમાં બે તલવાર રહી શકે ? શું આકાશમાં બે સૂર્ય હોઈ શકે ? **किम् गुहायां केसरिद्वयम् ?**—એક ગુફામાં બે સિંહ ! મારા બેઠા બીજો સર્વજ્ઞ સંભવે ?!'

ગૌતમની ગતિમાં હવે વેગ આવ્યો હતો. મનનો વેગ તો વધી જ ગયો હતો. સ્વગત બોલ્યા, 'કદાચ, વિશિષ્ટ બુદ્ધિવાળા દેવો ઠગાઈ શકે, પણ વેદ-વેદાંગ, જ્યોતિષ-વ્યાકરણ અને છંદ સહિત ચૌદ વિદ્યાના જ્ઞાતા ઇન્દ્રભૂતિને ઠગવો સહેલ નથી.'

મહસેન ઉદ્યાન નજીક આવ્યું એટલે શિષ્યોએ પોતાના ગુરુનો જયજયકાર બોલાવવા માંડ્યો : 'વાદીમદગંજન ઇન્દ્રભૂતિનો જય હો ! સરસ્વતીકંઠાભરણ ગૌતમનો જય હો ! સર્વ પુરાણના જ્ઞાતા, વસુભૂતિનંદન ઇન્દ્રભૂતિનો જય હો !'

દેવીમંડપમાં ધૂણતા ભુવાને પારો ચડાવવા પડખિયા-ડાકલિયા વિવિધ હાકોટાથી ધૂણનારને બળ પૂરું પાડે છે. બસ, તેમ જ ઇન્દ્રભૂતિના મનોમદને સતેજ રાખવા શિષ્યો પૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે ! 'બૃહસ્પતિપુત્ર ઇન્દ્રભૂતિનો જય હો !' છેલ્લો ઉદ્‌ઘોષ થયો અને ઝિલાયો ત્યારે ગૌતમમંડળ મહસેન ઉદ્યાનના મંડપના પ્રાંગણમાં આવી પહોંચ્યું હતું.

મંડપનો બાહ્ય દેખાવ અને રચના ઇન્દ્રભૂતિ અને તેમના શિષ્યોનાં ગાત્રો શિથિલ કરી દે તેવાં હતાં ! શો વૈભવ ? શી રચના ? અસાધારણ તેજનાં વલયો ! સ્વપ્નમાં પણ ન જોઈ હોય તેવી સ્થાપત્યકૃતિ ! ઇન્દ્રભૂતિના ગર્વતરંગો ઓસરતા હતા ! સમોસરણની સોપાનશ્રેણીનાં પ્રારંભનાં પગથિયાં ચડતાં જ તેમણે ભગવાન મહાવીરની કલ્પનાતીત સુવર્ણમય દેહાકૃતિ જોઈ ! શું કાન્તિ! શી રુચિતા ! અને આસપાસ આ શી ઠકુરાઈ ! સિંહાસન, ચામર, અશોકવૃક્ષ !! ઇન્દ્રભૂતિનું મન છક્કડ ખાઈ ગયું ! તેમની પંડિતપ્રજ્ઞા પૂછી રહી, 'કોણ હશે આ ? સ્વયં ચંદ્ર કે સૂર્ય, કે પછી વિષ્ણુ અથવા બ્રહ્મા તો નહીં હોય ?' ઇન્દ્રભૂતિના ગર્વનાં ચીંથરાં ઊડી રહ્યાં હતાં. તો બીજી બાજુ વૈશાખના બીજા પ્રહરે તેમના દેહના સર્વ ભાગોમાં પ્રસ્વેદ ફૂટી નીકળ્યો !

મનના તરંગોના જવાબ તેમણે પોતે જ શોધી લીધા. અરે ચંદ્ર તો કલંકિત વદનવાળો અને સૂર્ય તો પ્રખર તાપ સહિત હોય ! વિષ્ણુ તો શ્યામ અને બ્રહ્મા તો વૃદ્ધ હોય ! પણ ના, ના, આ તો સુવર્ણ કાન્તિ, યુવા તેજ, નિર્મળ વદન અને સૌમ્યશીતલ આભાવાળા છે ! ઇન્દ્રભૂતિની દૃષ્ટિ પ્રભુના મુખારવિંદ પર જડાઈ ગઈ. વિસ્ફારિત ચક્ષુ વડે તેમણે પ્રભુની દેહાકૃતિનું અવલોકન કર્યું. અને આખરે તેમની પ્રજ્ઞા સ્વયં બોલી ઊઠી, 'અવશ્ય, અવશ્ય, આ જ તે ધર્મચક્રવર્તી છે, આ જ તે તીર્થંકર છે ! ધન્ય દર્શન ! સુજ્ઞુ દર્શનમ્ !!'

ઇન્દ્રભૂતિ ઓઝપાઈ ગયા હતા. થોડી વાર પહેલાંના તેમના વિચારોના પરપોટા ફૂટી રહ્યા હતા ! તેમણે વિચાર્યું, 'શું આ ધર્મચક્રવર્તી સાથે મારે વાદ કરવો પડશે ? અરે, હું તો સંકટમાં સપડાઈ ગયો !!' તેમણે હવે શંકર મહાદેવનું સ્મરણ કર્યું. જરા સ્વસ્થ થયા. ઓપ ખંખેરીને તેમણે મનોમન કહ્યું, 'ચાલો જે થાય તે. આવ્યા જ છીએ તો પ્રયત્ન કરશું જ. હજી પણ કદાચ વાદમાં જીતી પણ જવાય ! અને નહીં તો પણ અહીંથી પાછું થોડું જવાશે ? ના, હવે તો આગળ જ વધવું રહ્યું. એ જ એક માર્ગ રહ્યો છે. સાથે ચાલતાં શુભાંગને કહ્યું પણ ખરું, 'તમે ચર્ચાસત્રમાં મારી સમીપે જ બેસજો. વાદમાં આપણે પીછેહઠ તો નહીં જ કરીએ, છતાં...'

શુભાંગે વચ્ચે જ સ્મરણ કરાવ્યું, 'ગુરુજી, આપનું તો વ્રત જ છે ને ?'

'હા, જે કોઈ મને જ્ઞાનમાં, વિદ્યામાં પરાસ્ત કરે તેનું શિષ્યત્વ સ્વીકારવાની મારી પ્રતિજ્ઞા છે.' ઇન્દ્રભૂતિએ ધૈર્યપૂર્વક કહ્યું.

ગૌતમમંડળ આગળ વધ્યું. બિરદાવલીના ઉચ્ચારણથી આકર્ષિત થયેલા લોકવર્ગે આ દેશખ્યાત વિદ્વાન માટે આગળ જગ્યા કરી આપી. વજ્રઋષભનારાય સંઘયણ અને સમચતુરસ્ત્ર સંસ્થાનવાળું દેહમાન ઇન્દ્રભૂતિને સહજ રીતે જ અગ્રસ્થાનનું માન અપાવે તેમ હતું.

ફક્ત પ્રણામ અને વિશેષ લોકોપચાર ન કરવાના વિચારવાળા ઇન્દ્રભૂતિ હવે સભાકક્ષમાં પ્રવેશી રહ્યા હતા. ત્યાં તો એક ધીર ગંભીર અને માધુર્યયુક્ત વાણીપ્રસાદ સંભળાયો, 'હે ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ ! આવો ભાઈ, આવો. ભલે આવ્યા. સમુચિતમ્ આગમનમ્ !'

વૈશાખના તાપમાં વૃક્ષવિહોણા માર્ગ પર વિહાર કરી રહેલા પ્રવાસીને દૂરના સરોવર પરથી પસાર થઈને આવી રહેલ રસાન્વિત સમીરલહરીઓ જેવી આહ્‌લાદક લાગે તેવી જ આહ્‌લાદકતા પ્રભુના મુખેથી ઉચ્ચારાયેલા મધુર શબ્દો વડે ઇન્દ્રભૂતિએ અનુભવી. તેમનું મન પ્રમુદિત થઈ ગયું. તેઓ કોઈ અદ્‌ભુત શાતાનો અનુભવ કરી રહ્યા ! ત્યાં તો બુદ્ધિએ મનને ટોક્યું, 'જોયું ? જોઈ ને શબ્દજાળ ? તારા નામવિશેષથી જ સંબોધન કર્યું !'

ગૌતમને નવાઈ જરૂર લાગી : અહો, આ તો મને ઓળખે છે ! મારું નામ સુધ્ધાં જાણે છે ! નવાઈના ભાવ સાથે તેમણે સિતાંગ તરફ નજર કરી. ગુરુના ચહેરાના ભાવ વાંચી શકનાર ચતુર શષ્ય સિતાંગે તરત જ કહ્યું, 'ગુરુજી, આપનું નામ તો દિગંતમાં ગાજેલું છે. અરે, જનપદની છાણ વીણતી છોકરી પણ આપને જાણે છે. એટલે અહીં નવાઈ પામવા જેવું કશું નથી. **चित्रम् किमत्र ?'**

પ્રશંસાથી ફુલાયેલા પેટવાળા ગૌતમજીએ હકારમાં માથું હલાવ્યું. તેમણે વિચાર્યું : મહાવીર જ્ઞાનવાન સાધક હશે જ; પણ સર્વજ્ઞ તો ત્યારે જ કહેવાય કે જ્યારે મારા મનની વાત પણ તે કહી આપે ! હા, હું તો તેમને મારા મનના સંશય સંબંધે જ પૂછીશ.

પ્રભુની સન્મુખ જ પહેલી પંક્તિમાં સ્થાન લઈ રહેલા ઇન્દ્રભૂતિ ગૌતમ હજી કંઈ પ્રાથમિકતા કરે તે પહેલાં જ ઇન્દ્રભૂતિના મનની વાત જાણી ચૂકેલા કેવલજ્ઞાની વીર પ્રભુએ એ જ મધુર, સ્પષ્ટ વાણીમાં કહ્યું,

'किं मन्नि अत्थि जीवो ।
ए आहु नत्थित्ति संसओ तुज्झं'

આત્મા છે કે નહીં એવો સંશય તમારા મનમાં થયો છે અને વેદપદોનું યોગ્ય અર્થઘટન ન કરવાથી 'આત્મા નથી' એવી તમારી માન્યતા બંધાઈ છે.'

ઇન્દ્રભૂતિ દિગ્મૂઢ થઈ ગયા; આશ્ચર્યવિભોર થઈ ગયા !!! અહોહો ! આ મહાત્માએ મારા મનનો સંશય કહી બતાવ્યો ! અવશ્ય, તે સર્વજ્ઞ છે, પરિપૂર્ણ જ્ઞાની છે.

ઇન્દ્રભૂતિના મનમાં પ્રસન્નતા છવાઈ ગઈ. પ્રભુના શબ્દો તેમના આત્માને જાણે સુપથ બનાવી રહ્યા હતા. તેમના હાથ પ્રશસ્તભાવે જોડાઈ ગયા! નમ્ર ભાવે તેમણે કહ્યું, 'આપ ખરેખર સર્વજ્ઞ છો. પૂર્ણ જ્ઞાની છો. પરમ વિજ્ઞાની છો. હું અનેક વિદ્યાઓનો જાણકાર હોવા છતાં અજ્ઞાની જ ગણાઉં. આપે તો મારો આત્મવિષયક, માનસિક સંશય યથાતથ્ય રૂપે કહી બતાવ્યો છે. વળી વેદપદના અર્થ બાબતમાં મારો મનોમાર્ગ દોષયુક્ત છે એમ આપે કહ્યું છે. તેથી હવે કૃપા કરી તે જ વેદપદ દ્વારા તેનો સત્યાર્થ સમજાવો.'

પ્રભુ અંતર્યામી હતા. ગૌતમની મનોગાંઠ ક્યાં હતી તે તેમના લક્ષ બહાર ન હતું. તેમણે કહ્યું, 'પૃથ્વીનંદન, **'विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय...'** એ વેદવાક્યનો અર્થ એમ જ છે કે આત્મા કાળાંતરે વિવિધ શરીરો ધારણ કરે છે. દરેક શરીર વિશેષ સંજ્ઞાથી ઓળખાય છે; પણ આત્મા કદી નાશ પામતો નથી. આત્મા ધ્રુવ અને નિત્ય જ રહે છે. વેદપદોનો આ જ ધ્વનિ છે.'

તેજીને ટકોરો બસ હોય છે. ચતુર સેવકને ઈંગિત જ બસ થઈ પડે છે ! કોઈક સદ્ગુરુના બે શબ્દો માત્ર અજ્ઞાન હટાવવા માટે પર્યાપ્ત થાય છે ! ઇન્દ્રભૂતિ માટે કાળ પાકી ગયો હતો. તેમણે સંતોષમાં ડોકું હલાવ્યું. તેમના મનનું સમાધાન થતું હતું. જોડાયેલા હાથ જરા ઊંચા કરીને તેમણે પ્રભુજીને પૂછ્યું, 'પણ પ્રભો ! આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી. કોઈ આંગળી ચીંધીને આત્માને દર્શાવી શકે ?'

મહાવીર પ્રભુએ કહ્યું, 'હે સુમાનસવાળા ગૌતમ ! તમે કદી વાયુને જોયો છે ? ચક્ષુથી ન જોઈ શકાતો વાયુ, નથી એમ શું કહી શકાશે ? વાયુની અનુભૂતિ તો થાય જ છે. અનુભૂતિ દ્વારા વાયુનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, તેમ અનેકવિધ અનુભૂતિઓ દ્વારા આત્માનું અસ્તિત્વ સિદ્ધ જ થઈ જાય છે. અત્યારે પણ મને પ્રશ્નો પૂછનાર અને સંશયો વ્યક્ત કરનાર કોણ છે ? પોતાને હું કહેનાર કોણ છે ?'

'પ્રભુ ! એ તો સ્વયં મારો જ આત્મા છે. આપે ક્ષણવારમાં મારો સંશય નિવારી આપ્યો છે. આપને નમસ્કાર છે.'

ઇન્દ્રભૂતિ ગૌતમનું ગુમાન તો ક્યારનું યે ઓગળી ગયું હતું. હજી થોડા સમય પર તેમણે ગોરાણી સાથે જે વેદપદના અર્થ સંબંધી સંશય વ્યક્ત કર્યો હતો, અને જે સંશય અન્યત્ર ક્યાંય પણ આપીને તથા તેનું સુયોગ્ય અર્થઘટન બતાવીને આ જ્ઞાતપુત્ર મહાવીરે તેમને ઉપકારવશ કર્યા હતા. ઇન્દ્રભૂતિને હવે પ્રતીતિ થઈ ચૂકી હતી કે આ ધર્મચક્રવર્તી જ તેમના સાચા માર્ગદર્શક થઈ શકશે !

મહાવીર પ્રત્યે અત્યંત પ્રશસ્તભાવવાળા થયેલા ઇન્દ્રભૂતિ ગૌતમે પ્રભુને ધર્મોપદેશ માટે વિનંતી કરી.

પ્રભુએ સંસારની અસારતા સમજાવી, આત્માના પરમ લક્ષ્ય તરીકે મોક્ષની સ્થાપના કરી. સર્વ સુખદુઃખના કારણરૂપ મોહભાવથી વિરક્ત થવા રૂપ ધર્મમાર્ગ જાહેર કર્યો, સર્વવિરતિધર્મનું પ્રતિપાદન કર્યું. અહિંસા પરમો ધર્મના બીજ સાથે પંચમહાવ્રત સહિતની પ્રવ્રજ્યાને જ સારભૂત બતાવી.

ઇન્દ્રભૂતિને પ્રભુનો ઉપદેશ અત્યંત રોચક લાગ્યો. માનવ જીવનના પરમ સાફલ્યનો તેમને અનુભવ થઈ રહ્યો ! જીવનની ઉત્તમોત્તમ ક્ષણ પણ હવે આવી પહોંચી હતી. ગૌતમજી પ્રભુ મહાવીર વડે હવે સંપૂર્ણપણે જિતાઈ ચૂક્યા હતા !!!

ઇન્દ્રભૂતિ ગૌતમ ઊભા થયા. નતમસ્તકે અને વિનીતભાવે પોતાના અંતરના ઉદ્ગાર વ્યક્ત કરતાં તેમણે કહ્યું, 'પ્રભો ! આપ ખરેખર ધર્મચક્રવર્તી છો. ધર્મમાર્ગના નાયક એવા આપે વર્ણવેલા ધર્મ પ્રત્યે મારી રુચિ થઈ છે. હું આપના ઉત્તમ ધર્મમાર્ગ પ્રત્યે શ્રદ્ધાન્વિત થયો છું.'

જરા થંભીને તેમણે પોતાના શિષ્યવૃંદ તરફ નજર કરી લીધી. હાથ ઊંચા કરીને સૌ શિષ્યોએ અનુમોદનાનો ભાવ વ્યક્ત કર્યો. ઇન્દ્રભૂતિએ પ્રભુ મહાવીરને ગદ્‌ગદ કંઠે અને આતુર નયને વિનંતી કરી, 'પ્રભો ! હવે હું આપના ધર્મમાર્ગમાં જોડાવાનો સંકલ્પ કરું છું. આપ મને પ્રવ્રજ્યાનો આદેશ આપો. હું જીવનભર આપનું શરણ અંગીકાર કરું છું.'

× × ×

પ્રભુ મહાવીરની અનુમતિ મળતાં, ઇન્દ્રભૂતિએ પોતાનો સર્વ પરિગ્રહ, માનસિક અને કાયિક – સર્વ દૂર કર્યો. શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં, બ્રાહ્મણત્વના પ્રતીક રૂપ શિખાનો કેશગુચ્છ પણ દૂર કર્યો !

મહાવીરસ્વામીએ ઇન્દ્રભૂતિ ગૌતમને દીક્ષિત કર્યા. પોતાના પ્રથમ શિષ્ય તરીકે જાહેર કર્યા. કહો કે, 'પોતાના' જ કર્યા. ઇન્દ્રભૂતિના પાંચસો શિષ્યો ભગવાનના ધર્મસંઘમાં જોડાયા. એ પાંચસો મુનિઓના ગણના અધિનાયક તરીકે પ્રભુએ ગૌતમને સ્થાપ્યા. આમ, ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરના પ્રથમ ગણધર કહેવાયા.

× × ×

કહેવાય છે, પંચ સમવાયનો સમન્વય કાર્યને સિદ્ધિ અપાવે છે !

આત્માનો ચેતના-લક્ષણ જ્ઞાનગુણ-'સ્વભાવ' ઇન્દ્રભૂતિને જન્મથી જ હતો.

ઉત્તમોત્તમ પુણ્યકર્મોથી ઉપાર્જિત ગણધર 'નામકર્મનો ઉદય' તેમને પ્રભુ વીરના પ્રીતિપાત્ર શિષ્યપદે સ્થાપી શક્યું હતું.

પચાસ વર્ષના ગૃહસ્થ ઇન્દ્રભૂતિ માટે અપાપાપુરીમાં જ 'કાળનો પરિપાક' પૂર્ણ થતો હતો.

પ્રભુ મહાવીરના પાંચ પાંચ ભવના સ્નેહ-અનુબંધની પૂર્ણાહુતિ રૂપ 'ભવિતવ્યતા' તેમને એ વૈશાખ માસની સુદ અગિયારસે અપાપાપુરીના મહસેન ઉદ્યાનમાં પ્રભુ સન્મુખ લઈ આવી હતી. અને...સત્ય ધર્મમાર્ગનો પ્રકાશ સાંપડતાં સર્વ માન-કષાયોને દૂર ફેંકી ધર્મમાર્ગમાં જોડાવાનો 'પૂર્ણ પુરુષાર્થ' તેમને ગૌતમસ્વામી રૂપે મહાપ્રસ્થાનના પગથિયે લઈ આવ્યો હતો !

આમ, ગોબ્બર ગ્રામના વસુભૂતિ અને પૃથ્વીદેવીના સુપુત્ર, અધ્યયન-વ્યવસાયી, પચાસ વર્ષીય ઇન્દ્રભૂતિ ગૌતમે મગધદેશની અપાપાપુરી નગરીના મહસેન ઉદ્યાનના ધર્મમંડપમાં, ચરમ તીર્થપતિ ભગવાન મહાવીરના પ્રથમ અનુયાયી અને પ્રથમ ગણધર તરીકે મોક્ષનગરીના પંથે મહાપ્રસ્થાનનો આરંભ કર્યો !!!

*(સંદર્ભ : પૂ. અરુણવિજયજીનું 'ગણધરવાદ' અને ગોપાળદાસ પટેલનું 'શ્રી મહાવીર કથા' પુસ્તક)*

* * *

# ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીના જીવનના કેટલાક પ્રસંગો

*-શ્રી મૂળશંકર પ્રા. ભટ્ટ*

**વિદ્વત્તા વધે, વિચાર-ચાતુર્ય વધે, ભાષા-ભંડોળ વધે; જેનાથી વસ્તુની રજૂઆત અતિ મોહક બનતી જાય, બુદ્ધિવાદના ચમકારા પણ તેજ પકડે; છતાં આ બધું પૂર્ણ નથી; સાધનારૂપ પણ નથી. યોગસાધના તે શિષ્યનું ગુરુને સર્વથા, સર્વદા સંપૂર્ણ સમર્પણ છે. જ્ઞાનપ્રાપ્તિનો સાચો માર્ગ ગુરુ-શિષ્યનો આદર્શ સંબંધ છે.**

**અહીં એ જ જ્ઞાનગંગોત્રીનું પ્રવેશદ્વાર મહાવીર-ગૌતમના સંબંધને લઈને લખાયું છે. રેવતી અને મહાશતક, કેશી અને ગૌતમ, શ્રાવક આનંદ અને ગૌતમ, ગૌતમ ને મહાવીરસ્વામીના વાર્તાલાપમાં અવગાહન કરાવવાનો આ લેખમાં સ્તુત્ય પ્રયાસ કરાયો છે. વળી, આરંભમાં તીર્થંકર અને ગણધરની વ્યાખ્યા, ગૌતમ શબ્દના વિવિધ સંદર્ભો વગેરેનું વિગતે વિવેચન પણ પ્રસ્તુત લેખમાં કરવામાં આવ્યું છે. શ્રી મૂળશંકર પ્રા. ભટ્ટ સાહિત્ય-જગતમાં ગૌરવરૂપ સ્થાન ધરાવે છે. એમની કસાયેલી કલમે આલેખિત કૃતિ પણ સહુને પ્રેરક અને મનનીય બનશે એ નિઃશંક છે.**

*—સંપાદક*

ભગવાન આદિત્યનારાયણ પેઠે ભગવાન મહાવીર સ્વયં-પ્રકાશિત હતા. આ પૃથ્વી પર જન્મ ધારણ કરી મહાનિર્વાણ પર્યંત એક મહાપ્રકાશપુંજ જેમ તેઓ પ્રકાશ ફેલાવતા રહ્યા. તેમના દિવ્ય પ્રકાશને સહારે અનેક પંથભૂલ્યા માનવીઓ સન્માર્ગે વળવા શક્તિમાન થયા.

ચોવીસ તીર્થંકરો વિષે પ્રાચીનતમ ઉલ્લેખ દૃષ્ટિવાદના મૂળ 'પ્રથમાનુયોગ'માં હતો. સમવાયાંગસૂત્ર તથા નન્દીસૂત્રમાં બતાવ્યા મુજબ 'પ્રથમાનુયોગ' હાલ ઉપલબ્ધ નથી.

તીર્થના કર્તા કે નિર્માતા તે 'તીર્થંકર' કહેવાયા. જૈન પરિભાષા અનુસાર તીર્થ શબ્દનો અર્થ 'ધર્મશાસન' થાય છે. 'ભગવતી સૂત્ર શતક'માં જણાવ્યા પ્રમાણે જે સંસારસાગર પાર કરાવનાર, ધર્મ-તીર્થની સ્થાપના કરે છે તે તીર્થંકર કહેવાય છે.

જૈન ધર્મ કોઈ વ્યક્તિ-વિશેષના નામ પરથી પ્રચલિત થયો નથી. વળી તે કોઈ વ્યક્તિ-વિશેષનો પૂજક પણ નથી. આ ધર્મને ઋષભદેવ, પાર્શ્વનાથ કે મહાવીરનો ધરમ કહેવામાં આવ્યો નથી. એ તો આર્હતોનો ધર્મ છે—જિનધર્મ છે. જૈન ધર્મના મૂળ મંત્ર **नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं** માં કોઈ વિશિષ્ટ વ્યક્તિને નમસ્કાર કરવામાં આવ્યા નથી.

શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી જણાવે છે કે, "સ્પષ્ટ મંતવ્ય છે કે તીર્થંકરનો જીવ ભૂતકાળમાં એક દિવસ સામાન્ય માફક સાંસારિક પ્રવૃત્તિઓથી અનેક પ્રકારે ફસાયેલો હતો, પાપરૂપી કાદવથી ખરડાયેલો હતો. કષાયની કાલિમાથી કલુષિત હતો, મોહની મદિરાથી મત્ત હતો. આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી ત્રસ્ત હતો. હેય, જ્ઞેય અને ઉપાદેય પ્રતિ પણ એનો વિવેક ન હતો. ભૌતિક તેમ જ ઇન્દ્રિયજન્ય સુખોને સાચું સુખ માની પાગલની માફક એની પાછળ દોડી રહ્યો હતો. પરંતુ એક દિવસે મહાન પુરુષના સંગથી એનાં નેત્રો ખૂલી ગયાં. ભેદ-વિજ્ઞાનની ઉપલબ્ધિ થવાથી તત્ત્વ પ્રતિ અભિરુચિ જાગૃત થઈ. સાચી અને સત્ય સ્થિતિનું એને ભાન થયું."

ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર થયા.

બૌદ્ધ સાહિત્યમાં મહાવીર અને એમના શિષ્યોને ચાતુર્યામયુક્ત તરીકે ઉલ્લેખ્યા છે. 'દીઘનિકાય'માં એક પ્રસંગ છે. એમાં અજાતશત્રુ તથાગત બુદ્ધને શ્રમણ મહાવીરની સાથે, પોતે કરેલી એક મુલાકાતનું વર્ણન કરતાં કહે છે :

"ભન્તે, હું નિર્ગ્રંથ જ્ઞાતપુત્રની પાસે ગયો હતો. એમને સાંદૃષ્ટિક શ્રામણ્ય-ફલ અંગે પૃચ્છા કરી હતી ત્યારે એમણે મને ચાતુર્યામ સંવરવાદ સમજાવ્યો. એમણે કહ્યું હતું કે 'નિર્ગ્રંથ ચાર સંવરોથી સંવૃત્ત રહે છે. ૧. જલ (કાચું પાણી)નો ઉપયોગ કરતા નથી કેમ કે જલના જીવ ન મરે. ૨. તે સર્વ પાપોનો ત્યાગ કરે છે...."

તીર્થંકરોની અર્થરૂપ વાણીને સૂત્રરૂપમાં ગ્રથિત કરવા માટે કુશળ શબ્દશિલ્પીઓની જરૂર હોય છે. આવા કુશળ શિષ્યો અને અસાધારણ પ્રતિભા ધરાવતા વિદ્વાનો અર્થાત્ ગણધરો તીર્થંકર ભગવંતોના ધર્મસંદેશને ફેલાવતા હોય છે. ચોવીસમા—છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર થયા.

મધ્યમ પાવાના સમવસરણમાં અગિયાર વિદ્વાનોએ ભગવાન મહાવીર સમક્ષ પોતાની શંકાનું સમાધાન કરી દીક્ષા લીધી હતી. આ વિદ્વાનો ભગવાન મહાવીરના પ્રથમ શિષ્યો—ગણધરો કહેવાયા. ગણધરો ભગવાનના ગણના સ્થંભરૂપ હોય છે.

શબ્દકોશમાં ગણધર શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે : "જ્ઞાન, દર્શન આદિ વિશિષ્ટ ગુણોને ધારણ કરનાર, તીર્થંકરોના પ્રધાન શિષ્યો જેઓ એમની મહત્ત્વપૂર્ણ વાણીને સૂત્રરૂપમાં સંકલિત કરે છે."

આ ગણધરોમાં અગ્રસ્થાન ધરાવતા ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરના મુખ્ય શિષ્ય હતા. 'આવશ્યક નિર્યુક્તિ'માં જણાવ્યા મુજબ મગધની રાજધાની રાજગૃહની પાસે આવેલ ગોબરગામ એમની જન્મભૂમિ હતી. આજે ગોબરગામ નાલંદાનો એક વિભાગ ગણાય છે.

એમના પિતાનું નામ વસુભૂતિ, માતાનું નામ પૃથ્વી અને ગોત્રનું નામ ગૌતમ હતું.

'અભિધાન રાજેન્દ્રકોશ'માં ગૌતમનો વ્યુત્પત્તિજન્ય અર્થ કરતાં જૈનાચાર્ય લખે છે કે "બુદ્ધિ દ્વારા જેનો અંધકાર નષ્ટ થઈ ગયો છે તે ગૌતમ." આમ તો ગૌતમ શબ્દ કુળ અને વંશનો વાચક છે. 'સ્થાનાંગ'માં સાત પ્રકારના ગૌત્ર દર્શાવવામાં આવ્યા છે : ૧. ગૌતમ, ૨. ગાર્ગ્ય, ૩. ભારદ્વાજ, ૪. આંગિરસ, ૫. શર્કરાભ, ૬. મક્ષકાભ, ૭, ઉદકાત્માભ.

ગૌતમ નામ કુળ સાથે સંકળાયેલ છે અને ઋષિઓ સાથે પણ સંકળાયેલ છે. ઋગ્વેદમાં

ગૌતમ નામથી અનેક સૂક્ત મળે છે. ગૌતમ નામની અનેક ઋષિ, ધર્મસૂત્રકાર, ન્યાયશાસ્ત્રકાર, ધર્મશાસ્ત્રકાર વ્યક્તિઓ થઈ ગઈ છે. 'ભારતીય પ્રાચીન ચારિત્રકોશ' મુજબ અરુણ ઉદ્દાલક, આરુણિ આદિ ઋષિઓનું પૈતૃક નામ ગૌતમ હતું.

ઇન્દ્રભૂતિ ગૌતમ કયા ગોત્રના (વંશ)ના હતા, તેઓ કયા ઋષિવંશ સાથે સંકળાયેલા હતા તે કહેવું અતિ મુશ્કેલ છે. એટલું સ્પષ્ટપણે કહી શકાય કે તેમનું વ્યક્તિત્વ વિરાટ તથા પ્રભાવશાળી હતું અને ગૌતમ ગોત્રના મહાન ગૌરવને અનુરૂપ હતું. એમની વિદ્વત્તા દૂરસુદૂર પ્રસરેલી હતી. પાંચસો છાત્રો એમની નિશ્રામાં અધ્યયન કરવા વસ્યા હતા.

ઇન્દ્રભૂતિ ગૌતમના વ્યાપક પ્રભાવથી પ્રભાવિત થઈને જ મહાયજ્ઞનું નેતૃત્વ સોમિલાર્યે એમના હાથમાં સોંપ્યું હતું. પચાસ વર્ષની ઉંમરે પોતાના પાંચસો છાત્રોની સાથે એમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ત્રીસ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા અને બાર વર્ષે જીવન્મુક્ત કેવલી ગુણશીલ ચૈત્યમાં માસિક અનશન કરી બાણું વર્ષની ઉંમરે નિર્વાણ પામ્યા.

વાણિજ્યવાસનો વર્ષાવાસ પૂર્ણ કરી ભગવાન મહાવીર મગધભૂમિમાં વિહાર કરતાં-કરતાં રાજગૃહ નગરમાં પધાર્યા. આ નગરનો ગાથાપતિ મહાશતક હતો. તેની પાસે અઢાર કરોડ સુવર્ણમુદ્રા હતી. તેર પત્નીઓ હતી. રાજગૃહમાં ભગવાન મહાવીરે પદાર્પણ કર્યું તેથી મહાશતકે ભગવાનને વંદન કરી શ્રાવકવ્રત ગ્રહણ કર્યું. તેની પત્નીઓમાં રેવતી ક્રૂર અને કામાસક્ત હતી. તેણે અન્ય બાર શોક્યોને મારી નાખી અને પોતે માંસ-મદિરાનો યથેચ્છ ઉપભોગ કરવા લાગી.

મહાશતકને સાધના કરતાં ચૌદ વર્ષ પૂરાં થયાં ત્યારે જ્યેષ્ઠ પુત્રને ઘર-ભાર સોંપી પૌષધશાળામાં તે રહેવા લાગ્યો.

એક દિવસ નશામાં ચૂર બનેલી રેવતી કામાતુર તથા નિર્લજ્જ થઈ મહાશતકને કામપાશમાં બાંધવા પ્રયત્ન કરવા લાગી. બે-ત્રણ વખત રેવતીએ મહાશતકને ડગાવવાના પ્રયત્ન કર્યા પણ તે અવિચલિત રહ્યો. ઘોર તપની સાધનાથી તેનું શરીર કૃશ થઈ ગયું પણ માનસિક ચેતના અનેકગણી વધી ગઈ.

રેવતી ફરીથી કામાન્ધ બની મહાશતક પાસે કામપ્રાર્થના કરવા લાગી. ત્રીજી વખત જ્યારે રેવતીએ આવી માગણી કરી ત્યારે મહાશતકને ક્રોધ આવ્યો અને તેણે રેવતીને અભદ્ર વ્યવહાર માટે કહ્યું, "સાત દિવસમાં તું વિષૂચિકા (કોગળિયું) રોગથી પીડાઈને પૃથ્વી પર અચ્યુત નરકમાં ઉત્પન્ન થશે. ત્યાં તને અત્યંત ઉગ્ર કષ્ટ થશે."

રાજગૃહમાં વિહરતા ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું, "શ્રાવકે આવું વર્તન કરવું યોગ્ય નથી. તું જા અને તેમને વિશુદ્ધ બનાવ."

ભગવાનનો સંદેશો લઈ ગૌતમ મહાશતક શ્રાવક પાસે આવ્યા. ગૌતમસ્વામીને પધારેલા જોઈ મહાશતક અત્યંત પ્રસન્ન થયો. તેણે વંદના કરી. ગૌતમે મહાશતકને ભગવાનનો સંદેશો સંભળાવતાં કહ્યું, "આક્રોશપૂર્ણ કટુવચનથી રેવતીના આત્માને સંતપ્ત કર્યો તે યોગ્ય ન હતું. તું ભૂલનું પ્રાયશ્ચિત્ત કર. આલોચના કરી આત્માને નિર્દોષ બનાવ." ગૌતમના કહેવાથી મહાશતકે ભૂલની શુદ્ધિ કરી અને સાઠ ભક્તનું અનશન પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો.

ભગવાને રાજગૃહથી પશ્ચિમોત્તર પ્રદેશની તરફ પ્રયાણ કર્યું. ત્યાંથી કૃતંગલા થઈ શ્રાવસ્તીમાં પધાર્યા. અહીં ભગવાન મહાવીરે ગણધર ગૌતમને કહ્યું, "ગૌતમ, તું આજ મારા પૂર્વપરિચિતને જોઈશ !"

ગૌતમે સવાલ કર્યો, "ભન્તે, હું કયા પૂર્વપરિચિતને જોઈશ ?" મહાવીર બોલ્યા, "કાત્યાયનગોત્રીય સ્કન્દક પરિવ્રાજકને." ગૌતમને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. તેણે ફરીથી પૂછ્યું, "ભન્તે ! તે પરિવ્રાજક મને ક્યારે અને કેવી રીતે મળશે ?" મહાવીરે સમાધાન કર્યું, "શ્રાવસ્તીમાં પિંગલા નિગ્રંથે એને કેટલાક પ્રશ્નો પૂછ્યા, પણ તે એના ઉત્તર ન આપી શક્યો. અહીં આવવા તે પ્રસ્થાન કરી ચૂક્યો છે. તે જલદીથી અહીં પહોંચી જશે. તું આજે જ એને મળશે."

આમ વાત ચાલતી હતી ત્યાં દૂરથી સ્કન્દક પરિવ્રાજક દેખાયો. ગૌતમ પોતાના સ્થાનેથી ઊઠી એની સામે ગયા. સ્નેહ છલકતી આંખો વડે મધુર વાણીથી બોલ્યા : 'હે સ્કન્દક ! તમારું સ્વાગત છે, સુસ્વાગત છે. અન્વાગત છે." ત્યાર પછી સ્કન્દકનું અહીં આવવાનું પ્રયોજન કહી સંભળાવ્યું. શ્રાવસ્તીવાસી સ્કન્દક કાત્યાયન પરિવ્રાજકનો શિષ્ય હતો. તે ચારેય વેદ, ઇતિહાસ, નિઘંટુ અને ષષ્ટિતંત્રમાં નિષ્ણાત હતો. ત્યાર પછી સ્કન્દકે ભગવાન મહાવીર પાસેથી કેટલાક ખુલાસા મેળવ્યા.

ત્યાંથી ફરતા મહાવીર તથા ગૌતમ રાજગૃહની નજીક તુંગિયા નગરીના શ્રમણોપાસકોએ પાર્શ્વાત્ય સ્થવિરોને સંયમ અને તપ અંગે પ્રશ્નો પૂછ્યા અને સ્થવિરોએ ઉત્તર આપ્યા.

ભિક્ષાચર્યાની આલોચના કર્યા પછી તેઓ ભગવાન પાસે આવ્યા અને પૂછ્યું કે સ્થવિરો આવા ઉત્તરો આપવા સમર્થ છે ? તેમણે આપેલા જવાબો સાચા છે ? ભગવાન મહાવીરે ઉત્તરો યથાર્થ હોવાનું પ્રમાણપત્ર આપ્યું. ત્યાર બાદ ગૌતમે પૂછેલા કેટલાક પ્રશ્નોના ઉત્તર ભગવાન મહાવીરે આપ્યા. તેનો સાર આ પ્રમાણે છે : પર્યુપાસના કરનારને સત્શાસ્ત્ર શ્રવણ કરવાનું ફળ મળે છે. શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાન દ્વારા પ્રત્યાખ્યાન, સંયમ, આશ્રવરહિતપણું, તપ, કર્મરૂપી મેલનો નાશ, અક્રિયપણું અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ત્યાંથી વિહાર કરતા ભગવાન હસ્તિનાપુર તરફ પધાર્યા. 'ઉત્તરાધ્યયન'માં જણાવ્યા મુજબ, ગણધર ગૌતમ શ્રાવસ્તીમાં ભગવાન પૂર્વે પધાર્યા હતા અને કાષ્ઠક ઉદ્યાનમાં રોકાયા હતા. એ નગરીની બહાર એક તિન્દુક ઉદ્યાન હતું. ત્યાં પણ પાર્શ્વસંતાનીય નિર્ગ્રંથ કેશીકુમાર શ્રમણ પોતાના શિષ્યો સહિત રોકાયા હતા. શ્રમણ કેશીકુમાર કુમારાવસ્થામાં જ દીક્ષિત થઈ ચૂક્યા હતા. તેઓ જ્ઞાન અને ચારિત્ર્યમાં પારગામી હતા. મતિ, શ્રુત, અવધિ—ત્રણ જ્ઞાનના સાધક હતા.

બન્નેના શિષ્ય-સમુદાયના અન્તર્માનસમાં જાત-જાતના પ્રશ્નો ઊઠ્યા. શિષ્યોની આશંકાઓથી ઉત્પ્રેરિત થઈ બન્નેએ એકબીજાને મળવાનો નિશ્ચય કર્યો. કેશીકુમાર અને ગણધર ગૌતમનો એ ઐતિહાસિક સંવાદ 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ત્રેવીસમા અધ્યયનમાં **केसी गोतमीय** નામથી સંકલિત છે.

ગૌતમસ્વામીએ કેશીના અનેક પ્રશ્નોનું સમાધાન કર્યું. કેશીકુમારે પ્રશ્ન કર્યો : "આપ સહસ્ર શત્રુઓ વચ્ચે ઊભા છો. એ શત્રુઓને આપે કેવી રીતે જીત્યા ?" ગૌતમે સમાધાન કર્યું : "જ્યારે મેં એક શત્રુને જીતી લીધો, તો પાંચ શત્રુ જિતાઈ ગયા. પાંચ શત્રુઓ જીતી જવાથી દસ અને એ રીતે મેં સહસ્ર શત્રુઓ જીતી લીધા." એ શત્રુઓ કોણ-કોણ છે તેવા પ્રશ્નનો ગૌતમે ઉત્તર

આપ્યો કે બહિર્ભૂત આત્મા, ચાર કષાય અને પાંચ ઇન્દ્રિયો શત્રુ છે. તેને જીતવાથી નિર્ભય થઈ વિચરી શકાય છે. કેશીકુમારે મુક્તપાશ ગૌતમને પાશના પ્રકાર, તૃષ્ણારૂપી ભયંકર લતા, ભીતર પ્રજ્વલતા ઘોર અને પ્રચંડ અગ્નિ અને તેના પ્રકાર વિષે પ્રશ્નો પૂછી સંતોષકારક સમાધાન મેળવ્યું.

ગૌતમે કહ્યું કે મન જ દુઃસાહસિક અને ભીમ અશ્વ છે. ધર્મશિક્ષારૂપી લગામ દ્વારા એનો નિગ્રહ થાય છે. સન્માર્ગે ગમન કરનાર તથા ઉન્માર્ગે પ્રસ્થાન કરનારને સારી રીતે જાણવાથી સન્માર્ગથી વિચલિત થવાતું નથી. જિન-ભાષિત સન્માર્ગ નિશ્ચયરૂપ ઉત્તમ માર્ગ છે. જરા-મરણના વહેણમાં ડૂબતાં પ્રાણીઓ માટે ધર્મદ્વીપ પ્રતિષ્ઠારૂપ છે અને એમાં ગમન કરવું ઉત્તમ શરણરૂપ છે. શરીર એ નૌકા છે. આત્મા એનો નાવિક છે. સંસાર સમુદ્ર છે. આ સમુદ્રને મહર્ષિજન સહજપણે તરી જાય છે. સર્વજ્ઞ જિન-ભાસ્કર ઉદિત સૂર્ય સમાન છે અને સારાયે વિશ્વમાં ઉદ્યોત કરે છે.

નિર્વાણ, સિદ્ધિ, લોકાગ્ર, ક્ષેમ, શિવ અને અવ્યાબાધ નામોથી પ્રસિદ્ધ એવા ધ્રુવસ્થાને જરા, મરણ અને વ્યાધિ નથી. અહીં આરોહણ કરવું નિતાન્ત દુષ્કર છે. આ સ્થાન પ્રાપ્ત કરી ભવપરંપરાનો અંત કરનાર મુનિજન ચિંતામુક્ત થઈ જાય છે.

કેશીકુમારની શંકાઓનું સંતોષકારક નિરાકરણ થતાં ગણધર ગૌતમને નમસ્કાર કરી તેઓ ભગવાન મહાવીરના ભિક્ષુસંઘમાં ભળી ગયા.

પાંચાલના કમ્પિલપુર નગરની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં ભગવાન વિરાજ્યા હતા. કમ્પિલપુરમાં અંબડ નામનો એક બ્રાહ્મણ પરિવ્રાજક પોતાના સાતસો શિષ્યો સાથે રહેતો હતો. એણે ભગવાનનું ત્યાગ-વૈરાગ્યમય જીવન જોયું અને તે સર્વ શિષ્યો સાથે જૈન ધર્મનો ઉપાસક થઈ ગયો.

એક દિવસ ભિક્ષા માટે પરિભ્રમણ કરતા ગણધર ગૌતમે સાંભળ્યું કે અંબડ સંન્યાસી એકસાથે સો ઘરમાંથી આહાર ગ્રહણ કરે છે, અને તે એક જ સમયે સોએ ઘરમાં જોવા મળે છે. ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને આ વિષે પૂછ્યું. ભગવાને ખુલાસો કર્યો કે અંબડ ભદ્ર સ્વભાવનો છે. નિરંતર છઠ્ઠ-તપસ્યાની સાથે આતાપના લેવાથી વીર્યલબ્ધિ સાથે અવધિજ્ઞાન પણ પ્રાપ્ત થયું છે. આને કારણે તે સો રૂપ બનાવી સો ઘરમાં દેખાય છે અને ત્યાંથી આહાર ગ્રહણ કરે છે.

મહાવીરે વધુમાં કહ્યું કે અંબડ જીવાજીવનો જ્ઞાતા શ્રમણોપાસક હોવા છતાં શ્રમણ-ધર્મનો સ્વીકાર કરશે નહીં. અંબડના અંત વિષે ભગવાને કહ્યું હતું કે અનેક વર્ષો સુધી સાધનાપૂર્ણ જીવન વિતાવી અંબડ સંન્યાસી આખરે એક માસના અનશનની આરાધના કરી બ્રહ્મલોકમાં દેવ બનશે અને અંતમાં અંબડનો જીવ મહાવિદેહમાં મનુષ્યજન્મ પામી નિર્વાણ પ્રાપ્ત કરશે. ***[ઔપપાતિક સૂત્ર, અંબડ પ્રકરણ]***

વર્ષાવાસ પૂર્ણ થયા પછી ભગવાને વૈશાલીથી મગધ તરફ પ્રયાણ કર્યું. તેઓ રાજગૃહ પધાર્યા. અહીં અન્ય-મતાવલંબી કેટલાક સાધુ અને પરિવ્રાજકો રહેતા હતા. તેઓ પોતાના મતનું મંડન અને અન્યના મતનું ખંડન કરતા હતા. આ જોઈ અન્ય-મતાવલંબીઓની વિચારધારા ક્યાં સુધી સત્યલક્ષી છે તે જાણવા ગૌતમે ભગવાનને પૂછ્યું :

"કેટલાકને મતે શીલ શ્રેષ્ઠ, કેટલાકને મતે શ્રુત શ્રેષ્ઠ, ત્યારે કેટલાકને મતે શીલ અને શ્રુત બન્ને શ્રેષ્ઠ. તો આપનો શો અભિપ્રાય છે ?" ભગવાન મહાવીર બોલ્યા : "ગૌતમ ! પુરુષ ચાર પ્રકારના હોય છે. કેટલાક શીલસંપન્ન હોય છે પણ શ્રુતસંપન્ન હોતા નથી. કેટલાક શ્રુતસંપન્ન હોય

છે પણ શીલસંપન્ન હોતા નથી. કેટલાક શીલસંપન્ન અને શ્રુતસંપન્ન હોય છે જ્યારે કેટલાક નથી હોતા શીલસંપન્ન કે નથી હોતા શ્રુતસંપન્ન. પહેલા પ્રકારવાળા દેશ-આરાધક, બીજા પ્રકારવાળા દેશવિરાધક, ત્રીજા સર્વારાધક અને ચોથા વિરાધક કહેવાય છે." *[ભગવતી શતક]*

ગૌતમસ્વામીએ આરાધનાના પ્રકાર પૂછ્યા. ભગવાને ત્રણ પ્રકાર ગણાવ્યા : ૧. જ્ઞાનારાધના, ૨. દર્શનારાધના, ૩. ચારિત્રારાધના. જ્ઞાનારાધનાના ત્રણ પ્રકાર : ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. દર્શનારાધનાના પણ એવા જ ત્રણ પ્રકાર છે.

ત્યાર બાદ ભગવાન મહાવીરે ગૌતમને પુદ્‌ગલના પરિણામના પ્રકાર કહી સંભળાવ્યા. તે વર્ણપરિણામ, ગંધપરિણામ, રસપરિણામ, સ્પર્શપરિણામ અને સંસ્થાન પરિણામ—આમ પાંચ પ્રકારના છે. વર્ણપરિણામના પાંચ પ્રકાર : ૧. કૃષ્ણ, ૨. નીલ, ૩. લોહિત, ૪. હરિદ્રા, ૫. શુક્લ. ગંધપરિણામના બે પ્રકાર : ૧. સુરભિગંધ, ૨. દુરભિગંધ. રસપરિણામના પાંચ પ્રકાર છે : ૧. તિક્ત, ૨. કટુક, ૩. કષાય, ૪. અમ્લ, ૫. મધુર. સ્પર્શપરિણામના આઠ પ્રકાર છે : ૧. કર્કશ, ૨. કોમલ, ૩. ગુરુ, ૪. લઘુ, ૫. શીત, ૬. ઉષ્ણ, ૭. સ્નિગ્ધ, ૮. રુક્ષ. સંસ્થાનપરિણામના પાંચ પ્રકાર છે : ૧. પરિમંડન, ૨. વર્તુલ, ૩. ત્ર્ય, ૪. ચતુરસ્ર, ૫. આયત.

અન્યતીર્થિકો જીવ અને જીવાત્માને પૃથક્ માનતા હતા. એ અંગે ગૌતમે સમાધાન ઇચ્છતાં ભગવાન મહાવીરે કહ્યું કે : "અન્યતીર્થિકોની એ માન્યતા મિથ્યા છે. મારું સ્પષ્ટ મંતવ્ય છે કે 'જીવ' અને 'જીવાત્મા' એક જ પદાર્થ છે. જે 'જીવ' છે તે જ 'જીવાત્મા' છે." ગૌતમે પ્રશ્ન કર્યો : "ભગવન્ ! અન્ય તીર્થિકોનું એ મંતવ્ય છે કે પક્ષાવેશથી પરવશ થઈને કોઈ કોઈ કેવલી પણ મૃષા અથવા સત્યમૃષા ભાષા બોલે છે. તે કેવી રીતે ? શું કેવલી આવી બે પ્રકારની ભાષા બોલે છે ?" મહાવીર ભગવાને ઉત્તર આપ્યો : "અન્યતીર્થિકોનું પ્રસ્તુત કથન મિથ્યા છે. મારું સ્પષ્ટ મંતવ્ય છે કે ન તો કેવલીને કદી પક્ષાવેશ થાય છે કે ન તો તેઓ કદી મૃષા યા સત્યમૃષા બોલે છે. તેઓ અસાવદ્ય, અપીડાકારક સત્ય ભાષા બોલે છે."

કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ ગુરુ હતા. તે પ્રત્યેકને પાંચસો-પાંચસો શિષ્યો હતા. તે સર્વ અષ્ટાપદ પર્વત પર આરોહણ કરી રહ્યા હતા. કોડિન્ન તાપસ શિષ્યો સહ પહેલી મેખલા સુધી ચઢ્યા. દિન્ન બીજી મેખલા સુધી અને સેવાલ ત્રીજી મેખલા સુધી ચઢ્યા. તેવામાં ત્યાં ગૌતમસ્વામી પધાર્યા. જોતજોતામાં તેઓ અષ્ટાપદ પર્વતનાં આઠેય શિખર ચઢી ગયા. ગૌતમસ્વામીના આ તપોબલથી બધા પ્રભાવિત થયા. ગૌતમ નીચે આવ્યા ત્યારે સૌએ તેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરી. ગૌતમસ્વામી અને ભગવાનના ગુણ-ચિંતનથી તેઓને કૈવલ્ય પ્રાપ્ત થયું.

પોતાના શિષ્યોની પ્રગતિ તેમ જ અભિવૃદ્ધિથી ગૌતમને સંતોષ થયો પણ પોતે આટલી સાધના કરતા હોવા છતાં છદ્મસ્થ રહ્યા એ વાતનું ખૂબ દુઃખ થયું. તેઓ ગંભીરતાથી આત્મનિરીક્ષણ કરવા લાગ્યા. એ વખતે શ્રમણ ભગવાન મહાવીરે એમની મનોવ્યથા દૂર કરવા માટે કહ્યું : "ગૌતમ ! તારા મનમાં મારા પ્રત્યે અત્યંત અનુરાગ છે, સ્નેહ છે. તે સ્નેહબંધનને કારણે જ તું તારા મોહનો સમ કરી શક્યો નથી. વિશ્વાસ રાખ, તું પણ એક દિવસ મોહથી મુક્ત બની બંધનમુક્ત થઈશ, ને હવે અહીંથી દેહમુક્ત થઈને આપણે બન્ને સમાન લક્ષ્ય પર પહોંચી ભેદરહિત તુલ્યરૂપ પ્રાપ્ત કરશું." આ આશ્વાસનથી ગૌતમના મનની સમસ્ત ખિન્નતા નષ્ટ થઈ અને અપૂર્વ પ્રસન્નતાથી રોમેરોમ પુલકિત થઈ ઊઠ્યું.

ગૌતમના વ્યક્તિત્વના મહાન રૂપને પ્રકટ કરતો એક પ્રસંગ "ઉવાસગદશા"માં આપેલો છે.

વાણિજ્યગ્રામથી ભિક્ષા ગ્રહણ કરી ગૌતમ 'દૂઈપલાસય' ચૈત્ય પ્રતિ પાછા ફરી રહ્યા હતા ત્યારે એમણે આનંદ શ્રાવકે અનશન ગ્રહણ કર્યાની વાત સાંભળી. ગૌતમના મનમાં વિચાર આવ્યો કે આનંદ શ્રમણોપાસક ભગવાનનો પરમ ઉપાસક છે. એણે અનશન વ્રત ગ્રહણ કર્યું છે તો મારે જઈને એની ખબર લેવી જોઈએ.

તેઓ આનંદની પૌષધશાળામાં પહોંચ્યા. ગૌતમને ભાવપૂર્વક વંદન કરી આનંદે પૂછ્યું : "ભગવન્ ! ઘરમાં રહીને ધર્મનું પાલન કરતા શ્રાવકને અવધિજ્ઞાન થઈ શકે ખરું ?" ગૌતમે હા પાડી તેથી આનંદે કહ્યું : "ભગવન્ ! મને પણ અવધિજ્ઞાન થયું છે." પછી પોતાને દેખાતાં વિશાળ દશ્યોનું વર્ણન આનંદે કર્યું. આ સાંભળીને ગૌતમને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા, "આનંદ ! શ્રમણોપાસકને અવધિજ્ઞાન તો થાય છે, પણ આટલી વિસ્તૃત સીમાવાળું અવધિજ્ઞાન થઈ શકતું નથી. તારું કથન ભ્રાન્તિયુક્ત છે. તારી ભૂલ માટે તારે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ."

આનંદે વિનયપૂર્વક કહ્યું, "જિનશાસનમાં એવું વિધાન છે કે સત્ય, તથ્ય તથા અદ્ભુત કથન માટે પણ પ્રાયશ્ચિત્ત કરવું પડે ?" ગૌતમે નકારમાં જવાબ આપ્યો ત્યારે આનંદે કહ્યું, "તો પછી આપ મને સત્યકથન માટે પ્રાયશ્ચિત્ત કરવાનું કેમ કહી રહ્યા છો ?" આનંદની વાત સાંભળી ગૌતમ મૂંઝવણમાં પડ્યા. તેમણે ભગવાન પાસે આ બાબતનો ખુલાસો માગ્યો.

ભગવાન મહાવીરે કહ્યું કે "આનંદે જે કહ્યું તે સાચું છે. તારે પોતાની વાતનો આગ્રહ ન રાખવો જોઈએ. પ્રાયશ્ચિત્ત તારે કરવું પડશે. તેં સત્યવક્તા આનંદની અવહેલના કરી છે. એટલે તું પાછો તેને ઘેર જા અને તારી ભૂલ માટે ક્ષમા માગ."

ગૌતમને પોતાની ભૂલનું ભાન થતાં જ તે સમયે આનંદ પાસે ગયા અને પોતાના કથન પર પ્રાયશ્ચિત્ત કરી ક્ષમા માગી.

તથાગત બુદ્ધે પણ એક વાર કહ્યું હતું કે નિર્ગ્રંથ એ છે કે જેના મનમાં ગાંઠ હોતી નથી. જેનામાં અહંકાર ક્ષીણ થઈ ગયો હોય તેનામાં ગાંઠ ન હોય.

પોતાના બે દિવસના ઉપવાસના પારણાની પરવા કર્યા વિના આનંદની પાસે ગૌતમ ક્ષમા માગવા માટે ગયા એ તેમની મહાનતા બતાવે છે.

'ત્રિષષ્ટિ'માં કહેવાયું છે કે ભગવાન મહાવીરે પરિનિર્વાણના પૂર્વે જ પોતાના પ્રિય શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ આપવા માટે બીજા સ્થાને મોકલી આપ્યા હતા. પોતાના પ્રધાન અંતેવાસી શિષ્યને દૂર મોકલવાનું કારણ એ હતું કે નિર્વાણ સમયે તે અધિક સ્નેહાકુલ ન થઈ જાય.

ભગવાનના આદેશાનુસાર દેવશર્માને પ્રતિબોધ આપી ગૌતમ તરત પાછા ફરવા ઈચ્છતા હતા; પણ રાત્રિ થવાથી નીકળી ન શક્યા. ભગવાનના પરિનિર્વાણના સમાચાર જ્યારે તેમને સાંપડ્યા ત્યારે તેમને વજ્રઘાત જેવી અસર થઈ. એમની હૃદયતંત્રીના સુકુમાર તાર ઝણઝણી ઊઠ્યા.

પરંતુ થોડી પળોમાં તેમણે મોહને ક્ષીણ કર્યો. કેવલજ્ઞાનના દિવ્ય આલોકથી એમનું અન્તર્લોક આભાસિત થઈ ગયું.

* * *



પીલરોનું નકશીદાર દૃશ્ય
[ કોઠારા - કચ્છ ]

# શ્રી ગૌતમસ્વામી ભગવંતની નિર્વાણસાધના

—ડૉ. ઘનશ્યામ માંગુકિયા

**જીવમાત્રનું લક્ષ્ય મોક્ષ હોવું જરૂરી—અનિવાર્ય છે. કારણ, મોક્ષથી જ મુક્તિ મળે છે. મોક્ષ અર્થાત્ નિર્વાણપ્રાપ્તિની આ સાધના પ્રત્યેક તીર્થંકર ભગવંતોએ આચરી છે અને પ્રવર્તાવી છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના ગણધરશ્રેષ્ઠ શ્રી ગૌતમસ્વામી પણ આ જ સાધનાના માર્ગે અવિરત ચાલતા રહ્યા.**

**શ્રી ગૌતમસ્વામીના જીવનના તમામ પ્રસંગો અને એ પ્રસંગોમાં જોવા મળતી પ્રભુ પ્રત્યેની સમર્પિતતા, તત્ત્વજિજ્ઞાસા, સરળતા, વિનમ્રતા, વિશાળતા, ઉદારતા, ક્ષમાભાવ, તપશ્ચર્યા વગેરે નિર્વાણસાધનાની મિસાલ જ છે. લેખકશ્રી ડૉ. માંગુકિયાએ આ લેખમાં શ્રી ગૌતમસ્વામીના જીવન અને કવનનું નિર્વાણસાધનાનાં વિવિધ સ્વરૂપો દ્વારા કંઈક નવું-અનોખું દર્શન કરાવી તેના માહાત્મ્ય અને મહત્ત્વને વધુ બુલંદ બનાવ્યો છે. સરસ્વતીના સાધકોમાં શ્રી માંગુકિયાનું નામ જાણીતું છે.** —*સંપાદક*

**''અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;**
**શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ-દાતાર!''**

**લેખલક્ષ્ય :—**

પ્રસ્તુત શીર્ષકની પસંદગી શા માટે કરી ? અનંતલબ્ધિનિધાન મહામણિ ચિંતામણિ, ગુરુવર, ગણધરશિરમોર, મહામુનિ, શ્રી વીતરાગમાર્ગ—પ્રબોધક શ્રી ગૌતમસ્વામી વિષયક વિભાગો અને અસંખ્ય વિષયોમાંથી 'નિર્વાણસાધના'નો જ વિષયવિશેષ શા માટે પસંદ કર્યો ?! સંક્ષેપમાં પ્રત્યુત્તર છે : 'નિર્વાણ પ્રાપ્ત કરવા માટે !'—ને જરા વિસ્તારથી લક્ષ્યપ્રકાશ છે : અનંત-અનંત એવો જીવરાશિ, અનંત-અનંત કાળથી, અનંત-અનંત યોનિઓમાં ભટકી-ભટકી, અનંત-અનંત વાર મરવા છતાં, પળે-પળે મૃત્યુથી ડરવા છતાં, સંસારચક્રની ચાર જીવગતિમાં પળે-પળે મરે છે, છતાં એકે વાર નિર્વાણ પામતો નથી ! આપણું મરવું પુનરપિ જન્મવા માટે છે ! એવું મરવું કે એવું જન્મવું નિરર્થક છે ! મનુષ્ય જેવો જન્મ અને શ્રી વીતરાગમાર્ગ જેવો મૂળમાર્ગ—મોક્ષમાર્ગ અને ભારત જેવો દેશ બીજી વાર પ્રાપ્ત થવો અતિ અતિ દુર્લભ છે ! જે ગણધરશ્રેષ્ઠ શ્રી ગૌતમસ્વામીની સમયે-સમયે, ક્ષણે-ક્ષણે, શ્વાસે-શ્વાસે કેવળ નિર્વાણપ્રાપ્તિની જ, કેવળ કેવળજ્ઞાનપ્રાપ્તિની જ નિરંતર અને એકમાત્ર સાધના હતી, તે પવિત્રાત્માના આત્મવિહારનું અવલોકન—દર્શન-પૂજન—મનન-ચિંતન—નિદિધ્યાસન કરતાં-કરતાં આપણી એકાર્ધ ક્ષણ પણ સાર્થક થઈ જાય, તો શેષ જીવનને ધન્ય થતાં કેટલી

વાર ?! આવા લેખન-પઠન-પાઠનનો આ સિવાય અન્ય ઉપલક્ષ્ય શો સંભવે ?! પ્રસ્તુત લેખ વાંચતાં-વાંચતાં, ભગવાન મહાવીર અને ગણધર ગૌતમસ્વામીના આત્મપાવન ધર્મવિહારનું પદે-પદે ભવ્ય દર્શન કરતાં-કરતાં, કોઈ દિવ્યાત્માની દષ્ટિ સંસારની અસારતાથી ઉન્મૂલિત થઈ નિર્વાણસમ્મુખ થાય, એ જ લક્ષ્ય, એ જ આત્મપ્રાર્થના !

સંસારી છીએ, સંસારમાં છીએ, આપણામાં પણ સંસાર અક્ષયભાવે, અનંતભાવે, ભરપૂરભાવે ભર્યો પડ્યો છે; તેવે વિષમ સમયે, વિષમય સમયે, દુષમકાળે શ્રી ગૌતમસ્વામીની પળેપળની નિર્વાણસાધના આત્મભાવે વિલોકીએ તો અપૂર્વ કલ્યાણનો અનન્ય હેતુ થાય ! સર્વ ભાવોને, સર્વ માહિતીઓને, સર્વ રાગને, આ લેખપઠનાવધિ પૂરતાં ઉતારી દઈ, કેવળ આત્મભાવથી, નિર્મળ ભાવથી, એકમાત્ર શ્રી વીતરાગમાર્ગ—સમર્પણભાવથી, લેખના અક્ષરે અક્ષરનું આત્મપઠન કરશો, તો અવશ્યમેવ આત્મલાભ—લબ્ધિ થશે, એમ અમારું અંતઃકરણ અનંતધારાથી પ્રવહે છે ! વિષમકાળનાય 'કાળ' રૂપ આ 'વીતરાગમાર્ગ'ને લેશ પણ ઓછો પ્રભાવક, અલ્પ પણ મોક્ષદાયક માનવાની ભૂલ આપણાથી ન થાય, એ જ એકમાત્ર નિરંતરની અભ્યર્થના ! કેમ કે કાળ ગમે તેવો વિકરાળ ભલે રહ્યો, આપણામાં તેનો પ્રવેશ ન થાય, તો આપણે નિર્વાણના મહાપથ ઉપર જ ગતિશીલ છીએ, એમ અચૂક સમજવું ! આવી નિર્વાણસાધનાના અખંડ સાધકનો ખંડપરિચય એ આ લેખનો લક્ષ્ય છે, અને તે માટે અલ્પમતિનો આ અલ્પાતિઅલ્પ પુરુષાર્થ-યત્ન માત્ર છે !

## પંડિતવર્યનો પારિવારિક પરિચય :–

મગધ દેશના ગોબર જનપદના નિવાસી, ગૌતમ ગોત્રજ, શ્રેષ્ઠ બ્રાહ્મણ જ્ઞાતિમાં તેમનો જન્મ. પિતાશ્રીનું નામ વસુભૂતિ અને માતુશ્રીનું નામ પૃથ્વી. માતા-પિતાએ પુત્રરત્નના સર્વાંગીણ પ્રભાવશાળી વ્યક્તિત્વને લક્ષગત કરીને નામકરણવિધિવેળા નામ રાખ્યું ઈન્દ્રતુલ્ય 'ઈન્દ્રભૂતિ'. આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વેનો ભવ્ય કાળ ! દૈવી આત્માઓનું ભૂમિ ઉપર જાણે સાક્ષાત્ વિચરણ ! વેદ, વેદાંત, વેદોક્ત ધર્મની બોલબાલાનો યુગ ! વિદ્યાપ્રાપ્તિનો મહિમાકાળ ! ઈન્દ્રભૂતિએ અલ્પ કાળમાં વિવિધ વિદ્યાઓ સંપ્રાપ્ત કરી લીધી. યજ્ઞવિદ્યા, વેદવિદ્યા, ન્યાયવિદ્યા, તર્કવિદ્યામાં તેમણે ભારતખ્યાત પ્રાવીણ્ય પ્રાપ્ત કરી લીધું. જેવા ઈન્દ્રભૂતિ તેવા જ તેમના અનુજ બંધુ અગ્નિભૂતિ ! જ્ઞાનનો સાક્ષાત્ અગ્નિ-પ્રકાશ ! જેવા અગ્નિભૂતિ તેવા જ અનુજ બંધુ વાયુભૂતિ ! જ્ઞાનનો સાક્ષાત્ સર્વવ્યાપ્ત વાયુમંડલ સમાન વાયુભૂતિ ! એક જ પરિવારમાં પૂર્વજન્મોના યોગસાધનાના અસાધારણ સાધનાબળથી આ ત્રિપુત્રરત્નનો આવિર્ભાવ થયો ! તે વેળા ભારતવર્ષમાં પંડિતોનો વસંતકાળ ચાલતો હતો ! વસંત ઋતુ ઋતુરાજ કહેવાય છે, પરંતુ તેનો આયુષ્ય અવધિ માત્ર દ્વિમાસિક જ હોય છે ! આ પંડિતઋતુનો, પંડિતયુગનો, વિદ્યાયુગનો કાલાવધિ તો અલ્પકાલીન નહોતો ! આથી ધનકુબેર જેવા ધનાઢ્ય બ્રાહ્મણ ગૃહસ્થ શ્રી સોમિલ ભૂદેવને ત્યાં અપૂર્વ યજ્ઞવિધિ હતો ત્યારે, એક નહીં, બે નહીં, પણ અગિયાર-અગિયાર વેદાંતાચાર્યો, પંડિતો (ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ)ને વિશેષ આમંત્રણ પાઠવવામાં આવ્યાં હતાં. એ સૌમાં અગ્રગણ્ય હતા પંડિતવર ઈન્દ્રભૂતિ ! અગિયાર પંડિતોના એ ગણના પોતે ગણાધીશ હતા ! યજ્ઞના મુખ્ય વિદ્વાન ! યજ્ઞવિધિ યથાકાળે સંપન્ન થયો.

## આત્મા-પરમાત્માનું પ્રથમ અલૌકિક મિલન :–

એક જ સ્થળભૂમિ—અપાપાપુરી અને બે વિશેષ વિધિઓ ! એક જ સમય અને બે સમયશ્રેષ્ઠ આત્માઓ ! આજે અપાપાપુરીમાં એક તરફ સમવસરણમાં મધ્યભાગે સર્વજ્ઞ ભગવાન મહાવીર અચલભાવે બિરાજમાન છે, ને બીજી બાજુ યજ્ઞકાર્યભાર પોતાના સહપંડિતોને સુપ્રત કરી, પોતાના પાંચસો શિષ્યોના વિશાળ વૃંદને લઈને, પંડિતપ્રવર ઇન્દ્રભૂતિ ગૌતમ પોતે સર્વજ્ઞ હોવાના અહં સાથે સર્વજ્ઞ મહાવીરને પરાજિત કરવા મહાસેન ઉદ્યાન પ્રતિ પ્રયાણ કરે છે. તેઓ સમવસરણમાં પ્રથમ પ્રવેશદ્વાર પાસે પહોંચે છે, ત્યાં જ મંગલ ઉપદેશધારા ઉપવિરામિત કરતાં, સર્વજ્ઞતાના સર્વ પ્રભાવથી શ્રી મહાવીરના મુખશ્રીથી પ્રશ્નાર્થ ઉદ્ભવ્યો : "હે ગૌતમગોત્રજ ઇન્દ્રભૂતિ ! તમે કુશળ તો છો ને ?" કોઈ રખે માને કે, આ પ્રશ્નાર્થ હતો ! સર્વજ્ઞને પ્રશ્ન કે પ્રશ્નાર્થ ન હોય ! ઊલટું કોઈ સર્વજ્ઞને પ્રશ્ન કે પ્રશ્નાર્થ કરે ! કંઈક મેળવવા માટે, પ્રાપ્ત કરવા માટે ! છતાં વીરની વાણી તો પ્રશ્નાર્થયુક્ત છે ! તેનો અર્થ વ્યાવહારિક પ્રશ્નાર્થના રૂપમાં સમજવાનો નથી. અત્રે તો પરમાત્મા, આત્માને આત્મત્વના ક્ષેમકુશળ પૂછે છે ! મોક્ષ-નિર્વાણદેશના સમાચાર પૂછે છે ! વીરની વાણી ! વીરનું પ્રથમ વ્યક્તિગત સંબોધન ! સર્વજ્ઞની અસીમ કૃપાનું પ્રથમ મહાભાગ્યવાન આત્મપાત્ર એટલે તે યુગના પંડિતવર ઇન્દ્રભૂતિ ! શ્રીમુખદર્શન, શ્રીવાણીશ્રવણ અને શ્રીકૃપાનુભૂતિ થતાં જ ઇન્દ્રભૂતિ નિર્વાણસાધનાના પ્રથમ સુવર્ણસોપાન ઉપર પહોંચી ગયા ! ત્યાંથી તેમને આખોયે વીતરાગમાર્ગ સ્પષ્ટ કળાઈ ગયો ! બે દિવ્ય આત્માઓના મિલનની એક ક્ષણ પણ કેવી યુગ-યુગાન્તરવ્યાપી હોય છે, તેનું આ અલૌકિક દૃશ્ય-દૃષ્ટાન્ત !

સ્વશ્રીનામ-શ્રવણ થતાં જ પંડિતવર્ય ઇન્દ્રભૂતિ આશ્ચર્ય પામ્યા ! પોતે જેમને કદી મળ્યા નથી, નામથી પણ જાણતા નથી, એવા વ્યાખ્યાનપીઠ-આરૂઢ-પુરુષ, પોતાને નામ સહિત શી રીતે જાણે ? મનોમન વિચારવા લાગ્યા : 'જીવ-આત્મા વિષયક મારા સંશયને છેદી શકશે તો હું જાણીશ કે, તે પુરુષ જ્ઞાનસંપન્ન છે.' ત્યાં તો આશ્ચર્યની અવધિ થઈ ! સ્વયં ભગવાન મહાવીર ક્ષણના પણ વિલંબ વિના, અપૂર્વ કંઠમાધુર્યથી સર્વ આત્માઓને મંત્રમુગ્ધ કરી રહ્યા : "હે ઇન્દ્રભૂતિ ! તમારા મનમાં જીવ વિષેનો સંશય છે; પણ હે ગૌતમ ! જીવ છે. તે અરૂપી જીવને ચિત્, ચૈતન્ય, વિજ્ઞાન અને સંજ્ઞા વગેરે લક્ષણોથી જાણી શકાય છે. જીવ સંબંધી વેદના મંત્રવાક્યને તમે યથાર્થપણે અવગત ન કરવાથી, તમારા મનમાં સંશય રહી જવા પામ્યો છે. જ્ઞાનરૂપ એવા વેદનું મંત્રપદ આ પ્રમાણે છે : "**विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्तिः ।**" વેદોક્ત શ્રુતિનો અર્થ તમે એમ કરો છો કે, 'ગમનાગમનની ચેષ્ટાવાળો આત્મા, પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશમાંથી ઉત્પન્ન થઈને, પાછો તેઓમાં જ લય પામી જાય છે. એવા આ પંચભૂતથી લિપ્ત આત્માને તમે પુનર્જન્મરહિત માનો છો. પરંતુ, હે ઇન્દ્રભૂતિ ! એ અર્થયુક્ત નથી, યથાર્થ અર્થયુક્ત નથી. તેનો વાસ્તવ અર્થ આ પ્રમાણે : "**विज्ञान**' એટલે જ્ઞાન, આત્મા '**चिन्मय**' હોવાથી તે '**विज्ञानघन**' પણ કહેવાય છે. એવો 'વિજ્ઞાનઘન' અને સર્વાર્થોપયોગી—ઉપયોગાત્મક આત્મા ભૂતો થકી ઉત્પન્ન થાય છે, ભૂતો જતાં તે ભુલાય છે, પણ અન્ય ભૂતોની અપેક્ષાએ તે હોય જ છે; અને નવા આકારમાં દેખા દે છે, તેથી કરીને તેને '**प्रेत्यसंज्ञा**' હોતી નથી. આત્મા જ્ઞાનમય છે. જો જીવ ન હોય તો પુણ્ય-પાપનું પાત્ર કોણ ? દૂધમાં જેમ ઘી, તલમાં તેલ, કાષ્ઠમાં અગ્નિ, પુષ્પમાં પરાગ, ચંદ્રમાં અમૃત, તેમ આ શરીરમાં આત્મા છે. હે ઇન્દ્રભૂતિ ! જ્ઞાનથી અનુભવાતો આત્મા સિદ્ધ છે. હે આયુષ્યમન્ ! કેવળજ્ઞાનથી હું આત્માને જોઈ શકું છું."

વેદવાક્યનું યથાર્થ અર્થઘટન તો ઘણા કરી શકે ! માત્ર શબ્દાર્થ, વાક્યાર્થ કે શાસ્ત્રાર્થ કાંઈ મોક્ષાર્થ નથી ! તે માટે તેવી આત્મયોગ્યતા જોઈએ. પોતે પંડિતપ્રવર, ભારતપ્રસિદ્ધ છતાં સર્વજ્ઞથી સકારણ પ્રભાવિત થતાંની સાથે જ, ઇન્દ્રભૂતિ કર્મ, પાપ, પુણ્ય ઇત્યાદિ પ્રશ્નોથી–પ્રશ્નોત્તરીથી પરિતોષ પામતાં તેમનું ગુરુપદ સ્વીકારવા ઉદ્યત થાય છે ! પોતાના અહમ્‌ને શૂન્યવત્ બનાવીને આ પંડિતવર નિર્વાણના મહાપથ ઉપર મંગલ-શુભ પ્રસ્થાન કરે છે ! અત્રે બે આત્મા-પરમાત્માનું સંલાપ-મિલન, સંવાદ-મિલન, જ્ઞાન-મિલન, યોગ-મિલન, નિર્વાણપથ-મિલન થાય છે ! એ ક્ષણ, એ આત્મા, એ સ્થળ, એ કાળને પ્રણામ છે !

તીર્થંકરશ્રીની પ્રબુદ્ધ ચેતનાએ, વીતરાગમાર્ગની વીતરાગતાએ અગિયારે પંડિતોને જ્ઞાનવિભૂષિત કર્યા ! જ્ઞાનથી અભિભૂત તે પંડિતો શિષ્યપદ ગ્રહણ કરી, ગણધરપદને પ્રાપ્ત થયા. ઇન્દ્રભૂતિ તે ક્ષણથી ગૌતમગોત્રજ હોવાથી 'ગૌતમસ્વામી' બન્યા. મહસેન ઉદ્યાનમાં તે સમવસરણમાં અગિયારે બ્રાહ્મણ પંડિતો સ્વશિષ્યો સાથે 'સાધુ' બન્યા. વીરનો પ્રથમ ઉપદેશ ભલે વૃથા ગયો, બીજા ઉપદેશને ગૌતમસ્વામીએ સ્વાત્મામાં ઝીલીને નિર્વાણસાધનાને સાર્થક કરી ! એકને બદલે, બેને બદલે અગિયાર-અગિયાર પંડિતોએ એ ઉપદેશને ઝીલ્યો ! પ્રથમ ઉપદેશની વિફલતાનો બીજા ઉપદેશની સફળતાએ ખંગ વાળી દીધો ! મહાપાત્ર મહાવીરને અગિયાર સુપાત્રો પ્રાપ્ત થયાં ! જીવનની પ્રથમ ક્ષણ એવી ઊગી કે તેણે સમસ્ત જીવનકાળને ધર્મોજ્જ્વલ કરી દીધો ! મહાવીરના મહાનામ સાથે ગૌતમસ્વામીનું શ્રીનામ, મહાકાળની કાળયાત્રામાં સુવર્ણાક્ષરે અંકિત થઈ ગયું ! આત્મા જ્ઞાનરૂપ પામ્યો ! જ્ઞાને જ્ઞાનને ઓળખી લીધું—મહાત્માએ આત્માને ઓળખી લીધો ! આનું નામ આત્મમિલન, બાકી બધા દેહધક્કા ! આ થયું નિર્વાણસાધનાની પ્રથમ ક્ષણનું અલ્પતમ શબ્દદર્શન ! હવે દ્વિતીય ક્ષણના શબ્દભાગને વિલોકીએ !

**શ્રાવકશ્રેષ્ઠ આનંદ અને ગણધરશ્રેષ્ઠ ગૌતમસ્વામી :—**

શ્રી મહાવીર ભગવાનના દસ શ્રાવકોમાં આનંદ સર્વપ્રથમ અને સર્વશ્રેષ્ઠ શ્રાવક છે. પિતા ધનદેવ તથા માતા નંદાના સ્વર્ગવાસ પછી (વાણિજ્યગ્રામના દૂઈપલાસય ચૈત્યમાં શ્રી મહાવીર પધાર્યા ત્યારે), તેમનાં દર્શને ગયા. મનોમન આનંદે બાર વ્રતપાલનની પ્રતિજ્ઞા, મહાવીરસ્વામી સમક્ષ લીધી. ઘેર આવીને તેણે પત્નીને એની જાણ કરી. પત્ની શિવાનંદાએ પણ મહાવીરસ્વામી પાસે જઈને તે વ્રતો અંગીકાર કર્યાં. ચૌદ વર્ષ આ વ્રતોનું અવિરત પાલન થયું. આનંદને અપૂર્વ આત્મશાન્તિની પ્રાપ્તિ થઈ ! પંદરમે વર્ષે સર્વ ગૃહભાર પુત્ર ઉપર છોડી, આનંદ પૌષધશાળામાં જઈને અગિયાર પ્રતિમાઓનું વહન કરવા લાગ્યા. તે અગિયારે (દર્શન પ્રતિમા, વ્રતપ્રતિમા, સામાયિકપ્રતિમા, પૌષધપ્રતિમા, કાયોત્સર્ગપ્રતિમા, સચિત આહારવર્જનપ્રતિમા, સ્વયં આરંભવર્જનપ્રતિમા, ભૃતકપ્રેષ્યારંભવર્જનપ્રતિમા, ઉદ્દિષ્ટભક્તવર્જનપ્રતિમા, શ્રવણભૂતપ્રતિમા) વ્રતની અગિયાર માસ સુધી પ્રવૃત્તિ રાખી. આવું વ્રતમય જીવન જીવતાં આનંદનું મન અત્યંત નિર્મળતા પામ્યું ! વિચારોનો પ્રદેશ વ્યાપક અને ઉચ્ચગામી બન્યો. તપનું તેજ જેમ-જેમ ખીલવા લાગ્યું, તેમ-તેમ તેમના હૃદયમાં શ્રી જિનેશ્વરદેવનું શ્રીનામ આઠે પ્રહર રમવા લાગ્યું ! પોતે જાણ્યું કે હવે જીવનકાળ પૂર્ણ થવા આવ્યો છે. સૌની ક્ષમા યાચી અને અન્તઃકરણપૂર્વક સૌને ખમાવ્યા. આત્મરમણતાને લીધે તેમને 'અવધિજ્ઞાન' પ્રાપ્ત થયું.

તે જ ગામમાં, શ્રી મહાવીરની અનુજ્ઞા લઈને ગૌતમસ્વામી ત્રીજી પોરસીએ ગોચરી કરવા નીકળ્યા. લોકોનાં મુખથી આનંદજીની ધર્મસ્તુતિનું શ્રવણપાન કરીને, તેઓ પૌષધશાળા પ્રતિ ગયા. ગૌતમસ્વામીને આવતા જોઈને આનંદજી અત્યંત ખુશ થયા. તેમને વંદન કરી, અત્યંત વિનીતભાવે પ્રાર્થના કરી : 'હે સ્વામી ! તપસ્યાને પરિણામે મારા શરીરમાં માત્ર નાડી અને અસ્થિ જ રહેવા પામ્યાં છે. આથી હું આપની પાસે આવવા શક્તિમાન થયો નથી, પરંતુ મારા ઉપર ઉપકાર કરવા આપ પધાર્યા છો, તેને હું મારાં પરમ અહોભાગ્ય સમજું છું ! સ્વામી ! ગૃહસ્થને ઘરમાં રહેવા છતાં 'અવધિજ્ઞાન' પ્રાપ્ત થાય કે નહીં ?'

'હા, અવશ્ય થાય.' ગૌતમસ્વામીએ તુરંત પ્રત્યુત્તર આપ્યો. 'ભગવન્ ! મને પણ 'અવધિજ્ઞાન' ઉત્પન્ન થયું છે. તે જ્ઞાન દ્વારા હું પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ એમ ત્રણે દિશાઓમાં પાંચસો યોજન પર્યંત દેખી શકું છું અને ઉત્તર દિશામાં હિમવંત વર્ષધર પર્યંત, ઊર્ધ્વલોકે સૌધર્મ દેવલોક અને અધોભાગે રત્નપ્રભા પૃથ્વીના લોલુચ્ચય નામના નરક પર્યંત દેખી શકું છું.'

'હે ભદ્ર ! ગૃહસ્થને અવધિજ્ઞાન થાય, પરંતુ તે અવધિજ્ઞાન તમે કહો છો તેટલી અવધિ પર્યંત વ્યાપક હોઈ શકે નહીં.'

'હે ભગવન્ ! જિન-પ્રવચનમાં સાચા અર્થમાં આલોયણા હોય ?' શ્રાવક આનંદે પૂછ્યું.

'ન હોય.' ગૌતમસ્વામીએ ઉત્તર આપ્યો.

'સ્વામી ! જો એમ છે તો પછી આપને જ એ પ્રમાણે આલોચના કરવી ઘટે છે.' પોતાને ઉત્પન્ન થયેલા અવધિજ્ઞાનની મર્યાદા ઉપર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતાં શ્રાવક આનંદ બોલ્યા.

શ્રાવકશ્રેષ્ઠ અવધિજ્ઞાનસંપન્ન આનંદના શબ્દો ઉપર સંશય થતાં ગણધરશ્રેષ્ઠ ગૌતમસ્વામી શ્રી મહાવીર ભગવાન પાસે ગયા. ગમનાગમન પ્રતિક્રમણાદિકપૂર્વક નમન કરીને તેમણે સર્વ વૃત્તાન્ત નિવેદન કરી પૂછ્યું :

'હે ભગવન્ ! આલોચના શ્રાવક આનંદે કરવાની કે મારે ?'

એક ક્ષણ તો શું, ક્ષણાર્ધનાય વિલંબ વગર સર્વજ્ઞદેવે આજ્ઞા કરી : 'આનંદે નહીં, તમારે આલોચના કરવી, અને તે માટે તમે આનંદને ખમાવો.'

ક્ષણના છઠ્ઠા ભાગનોય વિલંબ કર્યા વિના, આજ્ઞા માથે ચડાવી, ગૌતમસ્વામી ગણધરશ્રેષ્ઠ શ્રાવકશ્રેષ્ઠ આનંદ પાસે ગયા અને તેમને ખમાવ્યા.

'જ્યાં-જ્યાં વસે લઘુતા, ત્યાં-ત્યાં વસે પ્રભુતા !' ક્યાં શ્રાવક આનંદ અને ક્યાં સર્વશાસ્ત્રવિશારદ ગણધરશ્રેષ્ઠ ગણધર ઇન્દ્રભૂતિનું અભિવૃદ્ધિત–વર્ધમાનિત સ્વરૂપ ! પરંતુ અધ્યાત્મવિશ્વની તો તાસીર જ જુદી ! પિંડે સો બ્રહ્માંડે ! આત્મા સો પરમાત્મા ! નિજત્વવિહીનતા એ જ જિનસહિતતા ! જ્યાં નિજનો લોપ, ત્યાં જિનનો ઉદય ! શ્રી મહાવીર ભગવાન પાસે શ્વાસ લીધો ને શ્રાવક આનંદ પાસે ઉચ્છ્વાસ મૂક્યો ! આટલી જ વાર !

**''નમતાને સૌ કો' ભજે, નમતાને સૌ માન;**
**સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન!''**

ગૌતમસ્વામીએ શ્રી આનંદજીને ખમાવ્યા ! આ થઈ એ મહાત્માની નિર્વાણસાધનાની દ્વિતીય

અલ્પતમ વિલોકના ! શ્રી આનંદજી પાસેથી શ્રી મહાવીર ભગવાન પાસે અને શ્રી મહાવીર ભગવાન પાસેથી શ્રી આનંદજી પાસે જતા બે ગૌતમસ્વામીઓ વાચકને અન્તઃકરણમાં દેખાયા હશે જ ! આવતા કરતાં જતા ગૌતમસ્વામી કેવા તેજોજ્જ્વલ હતા ?! આવતી વખતે તેઓ ધર્મ ઉપર ચાલતા હતા, જતી વખતે તેઓ વીતરાગધર્મ ઉપર ચાલતા હતા ! તેથી તેઓ માર્ગસહિત શોભાયમાન-વંદનીય લાગતા હતા. એક ક્ષણ પણ કેવી મહિમાવંત હોઈ શકે, તેનું આ પરમ દૃષ્ટાંત ! નિર્વાણસાધનાનું આ દ્વિતીય સુવર્ણસોપાન ! આ એ ગૌતમ હતા જેને કેશી ગણધરે 'હે ગૌતમ ! આપ પ્રજ્ઞાવંત છો. સંદેહરહિત અને સર્વ સૂત્રોના પારગામી હોવાથી હું આપશ્રીને વંદન કરું છું' એમ કહી વંદન કર્યાં હતાં, તે ગૌતમસ્વામી શ્રાવક આનંદજીને ખમાવે છે ! નિર્વાણસાધનાની આ આરાધના છે !

ગૌતમસ્વામીના તો અનંત ઉપકાર છે ! શ્રી મહાવીર ભગવાનને ભારતનું ભાવિ પૂછનાર તેઓ હતા ! તેમના થકી આપણને છઠ્ઠા આરા સુધીના ભારતવર્ષનું ભવિષ્ય શબ્દસ્વરૂપે જાણવા મળ્યું છે ! એ ભાવિને આધારે આપણે આપણા વર્તમાનને શક્ય તેટલો વધુ સાર્થક કરી લેવાનો છે ! પૃષ્ઠચંપામાં તે સમયે ગાગલિ નામે સમર્થ રાજા રાજ્ય કરતો હતો. ગૌતમસ્વામીના શુભ આગમનની જાણ થતાં જ તે તેમનાં દર્શને ગયો. ગણધરશ્રેષ્ઠ ગૌતમસ્વામી તથા અન્ય મુનિગણને નમસ્કાર કરી યોગ્ય સ્થાને બેઠો. દેવોએ રચેલા સુવર્ણ-કમળ ઉપર બિરાજમાન થઈ, ચાતુર્જ્ઞાનના સ્વામી (અધિપતિ) ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીએ જે દેશના આપી, તે સાંભળીને ગાગલિ રાજાને પરમ સત્યનું યથાર્થ દર્શન થયું. રાજ્યગાદી પુત્રરત્નને સોંપી, પોતાનાં માતા-પિતા સહિત તેણે ગૌતમસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી. તે સર્વ મુનિવરો અને સાધ્વીઓ ગણધર ગૌતમસ્વામીની નિશ્રામાં આગળ ચાલ્યાં. માર્ગમાં શુભ ભાવના માત્રથી તે પાંચે (ગાગલિ, તેનાં માતા, પિતા, શાલ, મહાશાલ)ને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું !

સૌ ચંપાપુરી સ્થિત શ્રી મહાવીર ભગવાન પાસે આવ્યાં. તેઓએ સર્વજ્ઞશ્રીની પ્રદક્ષિણા કરી, અને ગૌતમસ્વામીને પ્રણામ કર્યાં. ત્યારબાદ શ્રીતીર્થને નમીને તે પાંચે કેવળી પર્ષદામાં ચાલ્યા. ગૌતમસ્વામીએ કહ્યું : 'પ્રભુને વંદન કરો.' તે જ ક્ષણે સમર્થ જ્ઞાની, સર્વજ્ઞ શ્રી મહાવીર ભગવાન બોલ્યા : 'હે ગૌતમ ! તે પાંચેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે, માટે આશાતના કરો નહીં !' આ અમૃતવચન, ધર્મવચન, જ્ઞાનવચન શ્રવણ કરતાંની સાથે જ, પોતાના જ શિષ્ય છતાં, જ્ઞાનપૂર્ણ બન્યા હોવાથી પોતે કરેલી આશાતના બદલ, વિનયોદધિ, નમ્રતાના સાગર શ્રી ગૌતમસ્વામી તે સૌને નમ્યા ! સાચું પૂછો તો, ગુરુ શિષ્યોને નમ્યા નહોતા, સીમિત જ્ઞાન વિશેષ જ્ઞાનને નમ્યું હતું ! નિર્વાણસાધનાના નિર્મળ પથ ઉપર ગૌતમસ્વામીએ એક કદમ આગળ તરફ ઉઠાવ્યું હતું ! અજાણતાં થયેલી ભૂલની જાણ થતાં તેઓ જળ ભરેલા વાદળ માફક ઝૂકી પડ્યા ! આ સમયના ગૌતમસ્વામી નિર્વાણમાર્ગના વાયુવેગી મહાયાત્રી અનુભવાય છે ! એવી પરમ વિભૂતિને આત્મવંદના કરીએ છીએ ! તેઓશ્રીના આત્માની શ્રીસંપન્નતાને વંદીએ છીએ !

આવી જ અપૂર્વ ઘટના અષ્ટાપદ પર્વત ઉપર બની ! રાત્રિ અષ્ટાપદ પર્વત ઉપર નિર્ગમન કરી, ઉષઃકાલની અલૌકિક પ્રભા પ્રવર્તતી હતી તેવે પ્રફુલ્લિત સમયે મહામુનિ ગૌતમસ્વામી પર્વત ઉપરથી નીચે ઊતરવા લાગ્યા. ગણધરશ્રેષ્ઠ ગૌતમસ્વામી જે સમયે પર્વત ઉપર ચડતા હતા તે સમયે, અષ્ટાપદ પર્વતને મોક્ષનો મહાહેતુ સાંભળી પર્વતારોહણ કરવા આવેલા કોડાન્ય, દત્ત અને સેવાળ ઇત્યાદિ દોઢ હજાર તાપસોએ ગૌતમસ્વામીને જોયા હતા. તે તાપસોમાંના પાંચસો તપસ્વીઓ

ચતુર્થ તપ અને આર્દ્રકંદાદિકનું પારણું કરતાં પહેલી મેખલા પર્યંત પહોંચી શક્યા હતા. અન્ય પાંચસો છઠ્ઠ તપ અને તે ઉપર સૂકા કંદનું પારણું કરતાં ગિરિરાજની દ્વિતીય મેખલા પર્યંત જોઈ શક્યા હતા અને અન્ય પાંચસો અઠ્ઠમનો તપ કરી સૂકી શેવાળનું પારણું કરતાં તૃતીય મેખલાએ પહોંચ્યા હતા. આ પાંચસો તાપસોએ જ્યારે સુવર્ણ કાન્તિમય દેહયષ્ટિસંપન્ન શ્રી ગૌતમસ્વામીને ગિરિરાજ પ્રતિ—ગતિશીલ જોયા, ત્યારે તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, મહાકાય મુનિરાજ શી રીતે આગળ જઈ શકશે ? પરંતુ ગૌતમસ્વામી તો ઝપાટામાં મહાગિરિ ઉપર પહોંચી ગયા ! વળી એ જોઈ તાપસોએ વિચાર્યું કે, એ મહાત્મા હોવા જોઈએ ! તેથી જો પાછા અહીં આવશે, તો આપણે તેમના શિષ્યો થઈશું !

ગિરિરાજ ઉપરથી અવતરણ કરતા ગૌતમસ્વામીને, તાપસોએ પ્રણામ કરી વિનંતિ કરી : 'હે તપોનિધિ ! હે મહાત્મા ! અમે આપનું શિષ્યત્વ સ્વીકારવાની ઈચ્છા ધરાવીએ છીએ. આપ અમારા શિષ્યત્વનો સ્વીકાર કરો.' પ્રત્યુત્તરમાં ગૌતમસ્વામી બોલ્યા : 'સર્વજ્ઞ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન તમારા ગુરુ થાઓ.' તાપસોએ દીક્ષાનો અત્યધિક આગ્રહ સેવવાથી, ગૌતમસ્વામીએ સૌને ત્યાં જ દીક્ષા આપી. યતિપણાના લિંગને જરૂરી સામગ્રી દેવોએ સ્વયં પૂર્ણ કરી. તાપસ મુનિઓ સાથે ગૌતમસ્વામી શ્રી મહાવીર ભગવાન પાસે જવા ત્યાંથી પ્રસ્થાન કરવા લાગ્યા. બપોરે તેઓ ભિક્ષામાં ખીર લાવ્યા હતા. સૌને પારણું કરાવ્યું. એટલી ખીરમાં સૌ (પંદરસો) તાપસોએ સુખેથી પારણું કર્યું ! શેવાળભક્ષી પાંચસો તાપસોને તો આ ઘટના પરમ આશ્ચર્યમયી લાગી ! તાપસ મુનિઓ ગૌતમ જેવા ગુરુ અને મહાવીર જેવા મહાગુરુ મળ્યાના આનંદથી જીવનની પરમ ધન્યતા અનુભવવા લાગ્યા ! અપૂર્વ આનંદસાગરમાં જાણે કે તેમના આત્માઓ તરવા લાગ્યા ! નિર્મળ ચિત્તની આ ચૈતન્યવિશેષ અવસ્થામાં જ, તે પાંચસોએ મહા-મહા ભાગ્યશાળી તાપસ-મુનિઓને, તે જ ક્ષણે કેવળજ્ઞાનની અપૂર્વ પ્રાપ્તિ થઈ ! ત્યાંથી સર્વ શ્રી મહાવીર ભગવાન જ્યાં બિરાજ્યા હતા તે દિશા તરફ પ્રસ્થાન કરી ગયા. દૂરથી જ સમવસરણની અપૂર્વ રચના નિહાળી ! આ વખતે દત્ત વગેરે પાંચસો તાપસોને શ્રી મહાવીર ભગવાનના આઠ પ્રતિહાર્યને જોતાં જ કેવળજ્ઞાન ઊપજ્યું ! અને બાકી રહેલા કોડાન્ય તાપસોને શ્રી મહાવીર ભગવાનના પરમ દર્શન માત્રથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ! એ સૌ શ્રી મહાવીર ભગવાનની પ્રદક્ષિણા કરી કેવળીની સભા પ્રતિ ગયા. તે જ વખતે ગણધરશ્રેષ્ઠ ગૌતમસ્વામી બોલ્યા : 'પ્રભુને વંદન કરો.' એ સાંભળતાં જ, મહાવીર ભગવાન ગૌતમસ્વામીને ઉદ્દેશીને પ્રશાંતભાવથી બોલ્યા : 'હે ગૌતમ ! કેવળજ્ઞાનીની આશાતના ન કરો !'. આ જ્ઞાનવચનનું શ્રવણ કરતાંની સાથે જ, ગૌતમસ્વામીએ સર્વ કેવળજ્ઞાનીઓને પરમ નમનતાઈથી ખમાવ્યા ! પોતે વિચારવા લાગ્યા : 'હું ગુરુકર્મી આ ભવે સિદ્ધપદને શું નહીં જ પામી શકું કે શું ? એ સર્વ મહાત્માઓને ધન્ય છે કે જેઓ મારાથી દીક્ષિત થવા છતાં ક્ષણવારમાં અને મારા પહેલાં કેવળજ્ઞાનને પામ્યા છે !' આવા અગાધ ચિંતનસાગરમાં ચિંતનગ્રસ્ત રહેલા ગૌતમસ્વામીને શ્રી મહાવીર ભગવાને પૂછ્યું : 'હે ગૌતમ ! તીર્થંકરોનું વચન સત્ય કે દેવતાઓનું ?' પ્રશ્નનો ઉત્તર આપતાં નમ્રતાના નિધિ બોલ્યા : 'તીર્થંકરોનું'. આ સાંભળી ઉપદેશાત્મક શૈલીમાં શ્રી મહાવીર ભગવાન બોલ્યા : "હે ગૌતમ ! હવે અધૈર્ય રાખશો નહીં ! શિષ્ય ઉપરનો ગુરુનો સ્નેહ કઠોળ ઉપરના ફોતરા જેવો હોય છે; જ્યારે શિષ્ય તરીકેનો મારા ઉપરનો તમારો સ્નેહ બહુ જ દૃઢ છે. તેથી તમારું કેવળ રૂંધાયું છે. તે સ્નેહનો જ્યારે અભાવ થશે, ત્યારે તે અવશ્ય પ્રગટશે."

આ પછી તુરત શ્રી મહાવીર ભગવાને દ્રુમપત્રનો પાઠ કહી, તેના સાર રૂપ 'પ્રમાદ ન કરવા'નો શ્રી ગૌતમને સંબોધી, સર્વ મુમુક્ષુઓને ધર્મબોધ આપ્યો.

**કેવળજ્ઞાનની પ્રાપ્તિ :–**

બેતાલીસમા ચોમાસાને ત્રણેક માસ પૂર્ણ થવા આવ્યા. સર્વજ્ઞતાથી પોતાનો નિર્વાણસમય સમીપવર્તી જાણી, શ્રી મહાવીર ભગવાન વિચારવા લાગ્યા : ગૌતમને મારા ઉપર અત્યંત અનુરાગ છે. આથી મારાથી દૂર જશે તો જ તેને કેવળજ્ઞાન થશે. આમ વિચાર કરી, જ્ઞાનથી જોઈ, ગૌતમસ્વામીને નજીકના ગામમાં દેવશર્મા નામક બ્રાહ્મણને પ્રતિબોધ કરવા જવાની આજ્ઞા કરી. સર્વજ્ઞ ભગવાનનો કેવો અનન્ય ઉપકાર !

સાડા બોંતેર વર્ષ, એક પક્ષ અને બે દિવસની વયે, શ્રી મહાવીર ભગવાન નિર્વાણપદને પામ્યા, શાશ્વત મોક્ષપદને પ્રાપ્ત થયા. દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પ્રાપ્ત કરાવી પાછા ફરતાં, રસ્તામાં શ્રી ગૌતમસ્વામીએ ચરમ તીર્થંકર ભગવાનના નિર્વાણપ્રાપ્તિના સમાચાર જાણ્યા. 'નિર્વાણ' શબ્દના શ્રવણથી શ્રી ગૌતમસ્વામીને અપૂર્વ દુઃખ થયું, વેદના થઈ ! તત્ક્ષણે તેઓ જાણે કે નિષ્કંપિત બની ગયા ! અત્યંત-અત્યંત વિક્ષુબ્ધ હૃદયે, અતિ-અતિ બુલંદ કંઠે, જ્યાં ઊભા હતા ત્યાં જ ઊભા રહી 'મહાવીર,' 'મહાવીર' એમ નામજાપ કરવા લાગ્યા. તેમ બોલતાં-બોલતાં તેમનું ગળું, જીભ સુકાવા લાગ્યાં. આથી છેલ્લે માત્ર મહાવીરને સ્થાને 'વીર' ને 'વીર'ને સ્થાને આમાત્ર 'વી,' 'વી' જ ઉચ્ચારી શક્યા ! 'વી' અક્ષર ઉપર સ્થિર થઈ વીતરાગ માર્ગ ઉપરની તેમની અદ્ભુત વિચારસરણી પ્રગટવા લાગી ! પ્રભુ તો વીતરાગી છે, મને એમને માટે રાગ, અનુરાગ શા માટે ?! હું મોહમાં પડ્યો હતો ! હું કોણ છું ? મારું કોણ છે ? કોણ કોનું છે ? આત્મા સ્વયં વિશુદ્ધ રૂપે જ છે ! એમ અતિશય વિશુદ્ધ ભાવે આત્મસ્વરૂપની ગહનતમ વિચારશ્રેણીએ ઊર્ધ્વાતિઊર્ધ્વે આરોહણ કરતાં-કરતાં ક્ષાયિક સમ્યગ્ દૃષ્ટિવાળા શ્રી ગૌતમસ્વામી આસો વદ અમાવાસ્યાની પાછલી રાતે ધ્યાનાન્તરીય સમયે લોકાલોક-પ્રકાશક એવું પરમ, પરિપૂર્ણ, સંપૂર્ણ કેવળજ્ઞાન પામ્યા !

ત્યાર પછી બાર વર્ષ સુધી પૃથ્વી ઉપર ધર્મ વિચરણ કરીને, અનેક ભવ્ય આત્માઓને પ્રતિબોધ આપી, એક માસના ઉપવાસ કરી, બાકીનાં ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી, અક્ષય અવ્યાબાધ આનંદધામને શાશ્વત પ્રાપ્ત થયા; બાણું વર્ષની વયે મોક્ષે સિધાવ્યા. સાધના સાર્થક થઈ !

આ નિર્વાણસાધનાના નિરંતર ક્રમમાં તેમની નમ્રતા, સરળતા, જ્ઞાનવર્ધક તત્ત્વજિજ્ઞાસા, તપશ્ચર્યા, શાસન પ્રતિ અદ્વિતીય શ્રદ્ધા, ગુરુભક્તિ, ગુરુ એ જ પરમેશ્વર; એવો અખંડ આત્મભાવ, શિષ્યના પણ શિષ્ય થઈ ક્ષમાપના કરવાની નિર્દંભ વૃત્તિ, ચિંતનની ગહનતા, નિરંતર જ્ઞાનગમનતા, સર્વાર્પણતા—આ બધા જ ગુણવિશેષોથી અને શ્રી મહાવીર ભગવાનની પરમ કૃપાથી શ્રી ગૌતમસ્વામી પણ કેવળજ્ઞાન પામી સર્વોચ્ચ, પરમ પદને પ્રાપ્ત થયા છે. આશ્ચર્ય તો એ છે કે, પોતે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તે પહેલાં, પોતાને પ્રતાપે, નિમિત્તે શ્રી ગૌતમસ્વામી અસંખ્ય દિવ્ય આત્માઓને કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવવા મહદ્ભાગી બને છે ! આમ સર્વત્ર નિર્મળ હૃદયના, આખાયે શાસનને બાર વર્ષ સુધી અખંડ ધારાએ પ્રકાશનારા અને અંતે પરમપદ પ્રાપ્ત કરનાર ગૌતમસ્વામી સાક્ષાત્ મોક્ષપદના દાતા છે, તેમાં સંશય શો ?! આથી લખીએ છીએ :

''ગગ્ગે કામગવી ભલી, તત્તે સુરતરુવૃક્ષ;
મમ્મે મણિ ચિંતામણિ, ગૌતમસ્વામી પ્રત્યક્ષ.''

એવા પરમ કેવળજ્ઞાનપ્રાપ્ત ગણધરશ્રેષ્ઠ શ્રી ગૌતમસ્વામીને અનંત-અનંત નમસ્કાર હો ! ચોવીસે તીર્થંકરો સહિત ત્રિકાળ વંદન હો !

* * *



# શ્રી કેશીકુમાર મુનિ

*-જ્યોતિર્વિદ પૂ. આચાર્ય વિજયલબ્ધિસૂરિ મહારાજ*

**ભગવાન મહાવીરસ્વામીના સમયમાં જ ભગવાન પાર્શ્વનાથની પરંપરાના એક મેધાવી સંઘસ્થવિર થઈ ગયા. મુનિપ્રવર કેશીકુમાર એમનું નામ. આ સંઘસ્થવિર કેશીકુમાર મુનિ અને ગૌતમસ્વામીજીનો વિદ્વત્તાપૂર્ણ વાર્તાલાપ ઉત્તરાધ્યયનમાં સૂત્રબદ્ધ છે. અત્રે પણ પૂજ્ય આચાર્યશ્રીના આ લેખમાં આર્ય કેશીકુમારના જીવનચરિત્ર સાથે વાર્તાલાપનો ગુર્જરાનુવાદ પ્રસ્તુત છે. 'વિદ્વત્તા સાથે નમ્રતા, ભિન્ન પરંપરા છતાં આત્મીયતા' આપણને આ બંને ગુરુદેવોમાં જોવા મળે છે. —સંપાદક**

ભગવાન મહાવીરસ્વામીના સમયમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં એક એવા મેધાવી આચાર્ય થઈ ગયા કે જેમનો પરિચય આત્માને નિઃશંક પાવન કરનારો છે. આ પૂજ્ય આચાર્યશ્રી હતા શ્રમણ કેશીકુમાર.

ભગવાન શ્રી મહાવીરસ્વામીના પહેલાં જ કેશીકુમારે દીક્ષા લીધી હતી, તેમના પિતાનું નામ જયસેન અને માતાનું નામ અનંગસુંદરી હતું. પિતા જયસેન ઉજ્જૈની નગરીના રાજા હતા. તેઓ શ્રી પાર્શ્વનાથ ભગવંતની પરંપરાના—શાસનના અનુયાયી હતા.

એક દિવસ કેશીકુમાર વ્યાખ્યાન સાંભળી રહ્યા હતા. વ્યાખ્યાતા હતા પ્રભાવશાળી આચાર્ય વિદેશી. વ્યાખ્યાન સાંભળીને તેમ જ આચાર્યશ્રી પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળીને તેમને જાતિસ્મરણજ્ઞાન થયું. સંસારની અસારતાનો બોધ થતાં તેમણે માતા-પિતા અને બીજા ૫૦૦ મુમુક્ષુઓ સાથે દીક્ષા લીધી.

તેઓશ્રી પોતાની પ્રખર પ્રજ્ઞાથી શ્વેતાંબિકાના ઘોર નાસ્તિક રાજા પ્રદેશીને નિઃશંક કરીને જૈન ધર્મનો રાગી ને અનુયાયી બનાવ્યો હતો. શ્રી કેશીકુમાર માટે 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં આ શબ્દોમાં ઓળખ આપી છે : '....મહાયશસ્વી અને જ્ઞાન તેમ જ ચારિત્રના પારગામી એવા કેશીકુમાર નામના શ્રમણ તે સમયે વિદ્યમાન હતા. તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાનથી ભરપૂર હતા....'

શ્રમણ કેશીકુમાર પોતાના બહોળા શિષ્યપરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતા-કરતા એક દિવસ શ્રાવસ્તી નગરીમાં પધાર્યા અને નગરની બહાર આવેલા તિન્દુક વનમાં વિશુદ્ધ ભૂમિમાં તે સૌએ વાસ કર્યો. આ સમયે સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના પ્રથમ શિષ્ય શ્રી ગૌતમ પ્રભુ પણ તેમના વિશાળ શિષ્ય-સમુદાય સાથે આ જ નગરીમાં પધાર્યા. તેઓ સૌએ કોષ્ટક નામના ઉદ્યાનની વિશુદ્ધ ભૂમિમાં વાસ કર્યો.

ભગવાન શ્રી પાર્શ્વનાથ અને ભગવાન શ્રી મહાવીરસ્વામીનો નિર્ગ્રંથ માર્ગ એક જ હતો, પરંતુ બંનેના આચાર-વિચાર અને ક્રિયાકલાપ વચ્ચે થોડુંક અંતર હતું, વેષ અને બાહ્ય

ક્રિયા બંનેના અનુયાયીઓની ભિન્ન-ભિન્ન જણાતી હતી. શ્રી કેશીકુમાર અને શ્રી ગૌતમસ્વામીના શિષ્યોને, એક-બીજાને જોઈને, એકમેકના આચાર-વિચાર જાણીને અનેક પ્રશ્નો થવા લાગ્યા. તેમના મનમાં થયું કે,

—ભગવાન પાર્શ્વનાથે તો ચાર મહાવ્રતની પ્રરૂપણા કરી છે, જ્યારે ભગવાન શ્રી મહાવીર પાંચ મહાવ્રતની પ્રરૂપણા કરી રહ્યા છે. આ ભેદનો હેતુ શું હશે ?

—ભગવાન પાર્શ્વનાથે પંચરંગી વસ્ત્રો પહેરવાનો સાધુ-આચાર બતાવ્યો છે, જ્યારે ભગવાન શ્રી મહાવીર અલ્પોપધિવાળો [અર્થાત્ અલ્પ શ્વેત વસ્ત્ર કે અવસ્ત્રવાળો] સાધુ-આચાર બતાવી રહ્યા છે. તો આ બેમાં સાચું શું ?

—બંને શ્રી તીર્થંકર મહાત્માઓનું ધ્યેય જો એક જ છે તો આવો ભેદ શા માટે ? ક્રિયા-ભેદ પણ શાથી ?

પોતાના શિષ્યોની આ શંકા જાણીને શ્રમણ શ્રી કેશીકુમારે અને ગણધર શ્રી ગૌતમસ્વામીએ તે શંકાઓનું સમાધાન અને નિવારણ કરવા માટે સ્વશિષ્ય સમુદાય સાથે એક સ્થાને મળવાનું વિચાર્યું. આ વિચારણા સાકાર બની તેની નેપથ્યે ચિરકાલીન રોમહર્ષક સત્ય ઘટના છે.

શ્રી કેશીકુમાર અને ગૌતમસ્વામી સ્વ-પરંપરાના શ્રદ્ધેય આચાર્ય ને સંઘનાયક હતા. ગૌતમસ્વામી બાર અંગોના પ્રખર જ્ઞાતા હતા, અનંતલબ્ધિનિધાન હતા, ચાર જ્ઞાનના ધારક હતા અને વિહરમાન તીર્થંકર પરમાત્મા ભગવાન શ્રી મહાવીરસ્વામીના પ્રથમ ગણધર હતા. ગુણસંપત્તિમાં તેઓ શ્રી કેશીકુમારથી દેખીતી રીતે જ મોટા-વડીલ હતા. જ્ઞાનચર્ચા કરવાનું વિચારાયું હતુ, પરંતુ કોણ કોને મળવા જાય કે બંને કયા સ્થાને મળે તેવું કંઈ નક્કી થયું ન હતું.

જ્ઞાન અને લબ્ધિમાં મોટા ગૌતમપ્રભુએ જ નક્કી કર્યું કે મારે જ શ્રમણ કેશીકુમારને મળવું જોઈએ; કારણ, તેઓશ્રી વડીલ કુળના અર્થાત્ ભગવાન શ્રી પાર્શ્વનાથની પરંપરાના શ્રમણ છે. આથી તે મારા વડીલ છે, વડીલને મળવા તો મારે જ જવું જોઈએ. અને શ્રી ગૌતમસ્વામી પોતાના શિષ્યસમુદાય સાથે તિન્દુક વનમાં જાય છે.

શ્રમણ કેશીકુમારને આ સૌના આગમનની ખબર પડે છે તો તેઓ પોતે તેમનું પ્રેમથી સ્વાગત કરવા સામે જાય છે અને ગૌતમસ્વામી માટે પોતે તેમને અનુરૂપ અને પ્રાસુક એવું આસન પાથરીને તે પર બિરાજમાન થવા વિનંતિ કરે છે. દેખીતી ભિન્ન પરંપરાના આ બે મહર્ષિઓનું મિલન એ તે સમયની એક અભૂતપૂર્વ ઘટના છે.

બંને પક્ષ વચ્ચે પ્રેમ અને આદર છે. બધાની આંખોમાં વિમળ જિજ્ઞાસાનો તેજ-ઝબકાર અને હૈયે સત્ય જાણવાની તાલાવેલીનો મંગળ ધબકાર છે. બધા પોત-પોતાના આસને બેસી ગયા ત્યારે જ્ઞાનચર્ચાનો શુભારંભ કરતાં શ્રમણ કેશીકુમાર બોલ્યા :

'હે ભાગ્યવંત ! હું આપને પ્રશ્નો પૂછવા ઇચ્છું છું.'

ગૌતમસ્વામી : 'હે મુનિપ્રવર ! આપને યોગ્ય લાગે તે આપ ભલે પૂછો.'

આટલી પૂર્વભૂમિકા બાદ આ બે જૈન જ્યોતિર્ધરો વચ્ચે જે સંવાદ થયો તે સંવાદ જૈન સાહિત્યનો એક ઉત્કૃષ્ટ ચિંતનાત્મક ગદ્ય-ખંડ છે. આ સંવાદમાં, સંક્ષેપમાં જૈનદર્શનનો

મહત્ત્વનો સારભાગ સુગુંફિત થયો છે. ભાષા, શૈલી, વસ્તુ અને સત્ત્વની દૃષ્ટિએ આપણા આગમ-ગ્રંથોમાં જે કેટલાંક મૂલ્યવાન અને પ્રેરક ચિંતન ગદ્યકાવ્યો છે, તેમાં આ સંવાદનો પણ સમાવેશ થાય છે. આ સંવાદ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'માં ગ્રંથસ્થ થયો છે. આવો, આપણે પણ તેનો અમૃત-સ્વાદ માણીએ.

ગૌતમસ્વામીની અનુજ્ઞા મળતાં શ્રમણ કેશીકુમારે પૂછ્યું : 'હે મુને ! ભગવાન શ્રી પાર્શ્વનાથે ચાર મહાવ્રતરૂપ ધર્મ કહ્યો છે, પણ ભગવાન શ્રી મહાવીર તો પાંચ મહાવ્રતરૂપ ધર્મની પ્રરૂપણા કરી રહ્યા છે, તો હે મેધાવિન્ ! એક જ કાર્ય [મોક્ષપ્રાપ્તિ]માં પ્રવૃત્ત થયેલા આ બંનેમાં ધર્મમાં વિશેષ ભેદ હોવાનું કારણ શું છે ? અને આમ ધર્મના બે ભેદ થઈ જવાથી શું આપને સંશય કે આશ્ચર્ય થતાં નથી ?'

પ્રશ્નને બરાબર ધ્યાનથી સાંભળીને તેનો જવાબ આપતાં ગૌતમસ્વામીએ કહ્યું : 'જીવાદિ તત્ત્વોનો જેમાં નિશ્ચય કરી શકાય છે એવા ધર્મતત્ત્વને પ્રજ્ઞા જ જોઈ શકે છે. [અર્થાત્ શુદ્ધ બુદ્ધિથી જ ધર્મતત્ત્વનો તથા પરમાર્થનો નિશ્ચય કરી શકાય છે.]

પ્રથમ તીર્થંકરના મુનિ ઋજુ-જડ [બુદ્ધિમાં જડ પણ સ્વભાવે સરળ] હતા જ્યારે ચરમ તીર્થંકરના મુનિ વક્રજડ [વાંક-દેખા અને બુદ્ધિનો દુરુપયોગ કરનારા] છે. પરંતુ આ બે વચ્ચેના બાવીશ તીર્થંકરોના સમયના મુનિઓ ઋજુપ્રાજ્ઞ [સરળ બુદ્ધિવાળા અને સાલસ] હતા. આ હેતુથી જ ભગવાન મહાવીરે ધર્મમાં સમય-કાળને અનુસરી ભેદ કર્યો છે.

પ્રથમ તીર્થંકરના મુનિઓનો આચાર-ધર્મ સમજવો કઠિન પડતો હતો પરંતુ સમજ્યા પછી આચરવામાં તે સક્ષમ હોઈ તે સૌ પાર ઊતરતા. પરંતુ ચરમ તીર્થંકરના સમયમાં મુનિધર્મ સમજવામાં સરળ અને સહેલો નથી, અને આચરવામાં પણ કઠિન છે. આથી જ આ બંનેના સમયનાં પાંચ મહાવ્રતરૂપ મુનિધર્મ સમજાવ્યો છે—જ્યારે મધ્યવર્તી બાવીશ તીર્થંકરોના સમયમાં ચાર મહાવ્રતરૂપ ધર્મ બતાવ્યો છે.'

આ સાંભળીને કેશીમુનિએ કહ્યું : 'હે ગૌતમ ! આપે મારી આ શંકાનું સુયોગ્ય સમાધાન કર્યું. હવે આપને એક બીજો પ્રશ્ન પૂછું છું : વર્ધમાનસ્વામીએ અચેલક-ધર્મનો ઉપદેશ આપ્યો છે અને મહામુનિ પાર્શ્વનાથે સચેલક ધર્મનું પ્રતિપાદન કર્યું હતું. હે ગૌતમ ! એક જ ધ્યેય [મોક્ષપ્રાપ્તિ]માં પ્રવૃત્ત થયેલાઓમાં વિશેષતા શું છે ? હે મેધાવિન્ ! વેષમાં ભેદ થઈ જવાથી આપના મનમાં શું શંકા નથી થતી ?

શ્વેત, માનોપેત અને અલ્પમૂલ્યવાળાં વસ્ત્રોનો પરિભોગ તે અચેલકધર્મ અને રંગબેરંગી તથા બહુમૂલ્યવાળાં વસ્ત્રોનો પરિભોગ તે સચેલકધર્મ.

ગૌતમસ્વામી : 'સમય અને સાધુઓનાં માનસ જોઈને તે મહાપુરુષોએ ખૂબ જ સમજપૂર્વક ભિન્ન-ભિન્ન ધર્મસાધનો રાખવાનું વિધાન કર્યું છે. આવો સાદો વેષ રાખવાનાં ત્રણ કારણો છે :

૧. લોકોમાં અલગ-અલગ મત અને વેષ પ્રવર્તી રહ્યા છે. આ વેષથી લોકોને તરત જ ઓળખ થાય છે કે, 'આ જૈન સાધુ છે.'

૨. આ વેષથી ખુદ પોતાને પણ જાગૃતિ રહે કે, 'હું જૈન સાધુ છું.'

૩. ચાતુર્માસમાં સંયમની રક્ષા થાય, સંયમયાત્રાનો નિર્વાહ થાય તેમ જ જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધના થાય તેથી જ આવો વેષ રાખવાનું-પહેરવાનું પ્રયોજન છે. વાસ્તવમાં તો હે ભગવાન ! બંને તીર્થંકરોની પ્રતિજ્ઞા તો આ જ છે કે નિશ્ચયનયથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર—આ ત્રણ જ મોક્ષનાં અદ્‌ભુત સાધન છે.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમે મારો આ સંશય પણ દૂર કર્યો. ખરેખર, તમે ખૂબ જ સુંદર સમન્વય કરી શકો છો. હવે એક બીજી મારી શંકા જણાવું છું તેનું પણ તમે સમાધાન કરો.

હે ગૌતમ ! તમે હજારો દુશ્મનોની વચોવચ ઊભા છો, એ દુશ્મનો તમને જીતવા ઝઝૂમી રહ્યા છે; ત્યારે તમે એ બધા દુશ્મનોને શી રીતે જીતી શકો છો ?'

ગૌતમસ્વામી : 'હે મુને ! હું માત્ર એકને જ જીતવા પ્રયત્નમાં રહું છું. એ એકને જીતવાથી પાંચ જિતાઈ જાય છે. એ પાંચને જીતવાથી દસ જિતાઈ જાય છે. અને એ દસેને જીતી લેવાથી બધા જ દુશ્મનો આપોઆપ જિતાઈ જાય છે.'

કેશી મુનિ : 'એ એક કોણ અને એ દુશ્મનો કયા ?

ગૌતમસ્વામી : 'હે મુને ! [મનની ઊછળકૂદને પરવશ બનેલા] એક જીવાત્માને જો જીતી ન લેવાય તો તે દુશ્મન છે. એવા એ દુશ્મનના પ્રભાવથી ચાર કષાયો [આત્માને જીતી ન લેવાય તો હૈયે કષાયો જન્મે છે] પણ દુશ્મન છે અને પાંચેય ઇન્દ્રિયો પણ દુશ્મન છે. આમ આખી દુશ્મન-પરંપરાને વીતરાગ ઉપદિષ્ટ માર્ગે મેં જીતી લીધી છે. તેથી હું સુખ-શાંતિથી વિહર્યા કરું છું.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમે મારી આ શંકાનું પણ સમાધાન કર્યું. ખરેખર, તમારી બુદ્ધિ સુંદર છે ! હવે તમને મારી બીજી શંકા જણાવું છું, તેનું પણ તમે સમાધાન કરો : હે મુને ! આ લોકમાં ઘણા જીવો કર્મ-જાળમાં કેદ થયેલા છે ત્યારે હે ગૌતમ ! તમે એ કેદમાંથી કેવી રીતે મુક્ત થઈને, પવનની લ્હેરખી જેવા હળવા ફૂલ જેવા થઈને વિચરો છો ?'

ગૌતમસ્વામી : 'હે મુને ! હું એ કેદની બેડીઓને શુદ્ધ ઉપાયોથી સર્વથા તોડી નાખીને મુક્ત બનીને પવનની જેમ વિચરું છું.'

કેશી મુનિ : 'એ બેડીઓ કેવી તે તમે અમને સમજાવવા કૃપા કરશો.'

ગૌતમસ્વામી : 'હે મુનિરાજ ! રાગ, દ્વેષ, મોહ, પરિગ્રહ અને સ્ત્રી-સ્વજનો પરની ગાઢ મમતા તે જ ભયંકર પ્રેમબંધન છે. તેને શુદ્ધ સાધનો-ઉપાયોથી તોડીને હું હળવો ફૂલ જેવો થઈને વિચરું છું.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમે મારી આ શંકાનું પણ સુંદર સમાધાન કર્યું. હવે તમે મને એક બીજી વાત પણ સમજાવો. હે ગૌતમ ! હૃદયના ઊંડાણની જમીનમાં એક વેલ ઊગી છે. એ વેલ પર ઝેરીલાં ફળ ઊગે છે. તો એ વેલને તમે શી રીતે ઉખેડી નાખી છે ?'

ગૌતમસ્વામી : 'હે મુને ! એ વિષવેલડીને તો મેં જડમૂળથી ઉખેડી નાખી છે અને તેથી જ એ વિષવેલનાં ઝેરી ફળોથી મુક્ત બનીને જિનેશ્વરોના ન્યાયમય શાસનમાં આનંદપૂર્વક વિચરી રહ્યો છું.'

કેશી મુનિ : 'એ વિષવેલ કઈ, તે કહેવા કૃપા કરશો ?'

ગૌતમસ્વામી : 'હે મુનીશ્વર ! મહાપુરુષોએ તૃષ્ણાને જ સંસારને વધારનારી વિષવેલ કહી છે. તે વેલ ભયંકર અને ઝેરી ફળોને આપે છે અને જીવોને જન્મ-મરણ કરાવે છે.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. તમે મારી આ શંકાનું પણ સુંદર સમાધાન કર્યું. હવે મારો બીજો સંશય જણાવું છું તેનું પણ સમાધાન આપો. હે ગૌતમ ! હૃદયમાં ખૂબ જ ઝગમગતી અને ભયંકર એક આગ સળગી રહી છે અને તે આખા શરીરને બાળી રહી છે. તો એ આગને તમે કેવી રીતે ઠારી નાખી છે ?'

ગૌતમસ્વામી : 'મોટા મેઘમાંથી દદડતા પાણીના પ્રવાહમાંથી તે ઉત્તમ પાણી લઈને હું તે આગને સતત ઠારું છું તેથી તે ઠરેલી આગ મને જરાય દઝાડતી-બાળતી નથી.'

કેશી મુનિ : 'એ આગ કઈ તે કહેવા કૃપા કરશો ?'

ગૌતમસ્વામી : 'કષાંયો જ આગ છે જે તન, મન અને આત્માને સતત બાળે છે અને વીતરાગરૂપી મહામેઘથી વરસેલી જ્ઞાન, આચાર અને તપશ્ચર્યારૂપી જળધારાઓ છે. તે ધારાઓથી હણાયેલી એ કષાય-આગ સર્વથા ઠરી જાય છે અને મારા આત્માને તે જરા માત્ર પણ બાળી શકતી નથી.'

કેશી મુનિ : 'ગૌતમ ! તમે મારા સંશયને સુંદર રીતે છેદી નાખ્યો છે. હવે મારા બીજા પ્રશ્નનો જવાબ આપવા કૃપા કરશો. હે ગૌતમ ! એક ખૂબ જ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો ખૂબ જ વેગથી દોડી રહ્યો છે. એ ઘોડો તેના માલિકને પણ ગબડાવી દે તેવો છે. તો આવા ઘોડા પર બેઠેલા તમે સીધા માર્ગે શી રીતે જઈ શકો છો ? તેનાથી તમે અવળે રસ્તે કેમ ચાલ્યા જતા નથી ?'

ગૌતમસ્વામી : 'તે વેગીલા ઘોડાને શાસ્ત્રરૂપ લગામથી ખેંચી રાખું છું. આ લગામથી વશ બની જતાં તે ઘોડો મને અવળે રસ્તે ન લઈ જતાં સીધા-સન્માર્ગે જ દોરી જાય છે.'

કેશી મુનિ : 'તે ઘોડો તમે કોને કહો છો ?'

ગૌતમસ્વામી : 'હે મુને ! મન એ જ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો છે. સંસારના વિવિધ વિષયો તરફ એ ઘોડો વેગથી દોડી રહ્યો છે. સમ્યક્ જ્ઞાનરૂપી લગામથી જાતિવંત ઘોડાની માફક હું તેને બરાબર અંકુશમાં રાખું છું.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. તમે મારા આ પ્રશ્નનું પણ સુંદર સમાધાન કર્યું. હવે બીજો પ્રશ્ન રજૂ કરું છું. તેનો ઉત્તર પણ મને કહો. આ સંસારમાં ખોટા રસ્તાઓ ઘણા છે. એ રસ્તાઓમાં જઈને જીવો દૃષ્ટિ વિપર્યાસના કારણે સાચા રસ્તાને-માર્ગને ઓળખી શકતા નથી અને તેથી ઉન્માર્ગે—ખોટે રસ્તે ચડી જઈને દુઃખી થાય છે. તો હે ગૌતમ ! તમે એ ઉન્માર્ગે દોરવાઈ ન જતાં સન્માર્ગે શી રીતે ચાલી શકો છો ?'

ગૌતમસ્વામી : 'જે કોઈ સન્માર્ગે ચાલ્યા જાય છે તે અને ઉન્માર્ગે જાય છે તે બંને માર્ગનું મને બરાબર ધ્યાન છે. તેથી હું મારા માર્ગમાં નષ્ટ-ભ્રષ્ટ થતો નથી અને બરાબર સન્માર્ગે જ ચાલી શકું છું.'

કેશી મુનિ : 'એ માર્ગ કયો તે તમે કહેવા કૃપા કરશો ?'

ગૌતમસ્વામી : 'હે મુનીશ્વર ! સ્વકલ્પિત મતોમાં જે સ્વચ્છંદથી વર્તે છે તે પાખંડીઓ બધા ખોટા માર્ગમાં રખડીને ગોથાં ખાય છે. સંસારના બંધનથી સર્વથા મુક્ત થયેલા જિનેશ્વરોએ સત્યનો જે માર્ગ બતાવ્યો છે તે ઉત્તમ માર્ગ છે.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઘણી ઉત્તમ છે. હવે તમે મારી એક બીજી શંકાનું પણ સમાધાન કરો. જળના મોટા પ્રવાહમાં તણાતાં પ્રાણીઓને તે દુઃખમાંથી બચાવનાર કયું શરણ, કયું સ્થાન, કઈ ગતિ અને કયો આધારદ્વીપ તમે માનો છો ? અને તે દ્વીપ કયો ?'

ગૌતમસ્વામી : 'તે જળના મોટા પ્રવાહમાં એક વિશાળ અને મોટો દ્વીપ છે. આ દ્વીપ પર એ મોટા પ્રવાહનું પાણી આવતું-જતું નથી. જરા અને મરણરૂપી મોટા પ્રવાહથી આ સંસારના જીવો તણાઈ રહ્યા છે. તેનું શરણ, તેનું સ્થાન, તેની ગતિ અને તેનો આધારદ્વીપ બધું જ એક ધર્મ જ છે.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમારો જવાબ ઘણો જ ઉત્તમ છે. હવે બીજા પ્રશ્નનો પણ જવાબ આપો. એક મહાપ્રવાહવાળા સમુદ્રમાં એક નાવ ચોતરફ તરી રહી છે. હે ગૌતમ ! એ નાવ પર તમે ચડેલા છો તો તમે પાર શી રીતે પામશો ?'

ગૌતમસ્વામી : 'જે કાણાંવાળી નાવ છે તે કિનારે પાર ન પહોંચાડતાં વચમાં જ ડૂબી જાય છે અને ડુબાડે છે. કાણાં વિનાની નાવ જ પાર ઉતારે છે.'

કેશી મુનિ : 'એ નાવ તમે કોને કહો છો ?'

ગૌતમસ્વામી : 'શરીર એ જ નાવ છે. આ સંસાર એ સમુદ્ર છે. જીવ પોતે તેનો નાવિક છે. એ સંસારસમુદ્રને મહર્ષિ પુરુષો શરીર દ્વારા તરી જાય છે.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમારા જવાબથી મને ખૂબ જ સંતોષ થયો છે. હે ગૌતમ ! હવે તમે મને એ કહો કે આ સમસ્ત લોકમાં પ્રવર્તતા ઘનઘોર અંધકારમાં ઘણાં બધાં પ્રાણીઓ અટવાઈ રહ્યાં છે. તો તે પ્રાણીઓને પ્રકાશ કોણ આપશે ?'

ગૌતમસ્વામી : 'આ લોકમાં પ્રકાશ કરનાર જે સૂર્ય ઊગ્યો છે તે સકળ લોકના સર્વ જીવોને પ્રકાશ આપશે.'

કેશી મુનિ : 'આ સૂર્ય તમે કોને કહો છો ?'

ગૌતમસ્વામી : 'સંસારના સમસ્ત અંધકારને દૂર કરીને પોતાની અનંત જ્યોતિથી પ્રકાશેલો સર્વજ્ઞરૂપી સૂર્ય જ સમગ્ર લોકનાં પ્રાણીઓને જ્ઞાનનો પ્રકાશ આપશે.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમારો જવાબ ઘણો જ ઉત્તમ છે. હવે તમે મને એ કહેવા કૃપા કરો કે સંસારના જીવો શારીરિક અને માનસિક દુઃખોથી રિબાઈ રહ્યાં છે, તો તેઓને માટે તમારી જાણમાં કલ્યાણકારી, નિર્ભય, ઉપદ્રવ અને પીડારહિત કયું સ્થાન છે ?'

ગૌતમસ્વામી : 'હું તો માનું છું કે જ્યાં જવું ઘણું જ દુર્લભ છે એવું લોકના અગ્રભાગ પર એક એવું સુંદર અને નિશ્ચળ સ્થાન છે કે જ્યાં આગળ જરા, મૃત્યુ, વ્યાધિ કે વેદના કશું જ નથી. આવું પરમ કલ્યાણકારી નિર્ભય, નિરુપદ્રવી અને પીડારહિત સિદ્ધિસ્થાન કે નિર્વાણસ્થાન કહેવાય છે અને ત્યાં મહર્ષિઓ જ જઈ શકે છે. ત્યાં પહોંચ્યા પછી ક્લેશ, શોક, સંતાપ, કે દુઃખ

એવું કશું જ હોતું નથી અને ત્યાં ગયા બાદ પુનરાગતિ થતી નથી.'

કેશી મુનિ : 'હે ગૌતમ ! તમારી બુદ્ધિને ધન્ય છે ! તમે મારા બધા જ પ્રશ્નો અને સંશયોનું ખૂબ જ સુંદર સમાધાન કર્યું છે. હે સંશયાતીત ! હે સર્વ સિદ્ધાંતના પારગામી ગૌતમ, તમને નમસ્કાર હો....'

આ જ્ઞાનવાર્તા પછી શ્રમણ કેશીકુમારે ભગવાન શ્રી મહાવીર પ્રભુ પ્રરૂપિત પાંચ મહાવ્રતરૂપ ધર્મનો ભાવપૂર્વક સ્વીકાર કર્યો. હવે તે ભગવાનના શિષ્ય બની તેમની આજ્ઞા અંગીકાર કરી.

શ્રી કેશી મુનિ પોતાના શિષ્યપરિવાર સાથે ભગવાનના શ્રમણસંઘમાં ભળી જતાં આ સંઘનો બહોળો વિસ્તાર થયો અને તેમના અર્થાત્ શ્રમણ કેશીકુમારના શિષ્યોની જે પરંપરા શરૂ થઈ તે 'ઉપકેશગચ્છ' તરીકે ઓળખાવા લાગી.

'જૈન પરંપરાનો ઇતિહાસ'માં પૂજ્ય શ્રી ત્રિપુટી મહારાજ લખે છે કે "શ્રી કેશીસ્વામી પાંચ મહાવ્રત સ્વીકારી ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં દાખલ થયા અને તેઓનો સંઘ 'પાર્શ્વાપત્ય' તરીકે જાહેર થયો. આ શ્રમણસંઘનાં નિર્ગ્રંથ, ચાતુર્યામી, પાર્શ્વનાથ સંતાનીય, દ્વિવંદનિક, કેવલાગચ્છ વગેરે ઘણાં નામાંતરો છે. તથા માથુર ગચ્છ, કોરંટ ગચ્છ, કુકુદ શાખા, ભિન્નમાલ શાખા, ચંદ્રાવતી શાખા, મેડતા શાખા, ખટ્ટકૂપ શાખા, (નંગી પોશાળ), બિકાનેરી શાખા, ખજવાના શાખા, તપાકોરંટક શાખા, તપારત્ન શાખા વગેરે અનેક પેટા ભેદો છે....' *[ભાગ : પ્રથમ; પૃ. ૧૮.]*



# ગણધર ગૌતમસ્વામીના પાંચ પૂર્વભવો

*—પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ*

**જૈન-જગતમાં ગણધર શ્રી ગૌતમસ્વામીજીની પ્રભાવિકતા જેટલી જાણીતી-માનીતી છે, એથી કંઈક ગણી વધારે અજ્ઞાત હોય, તો એ છે : એમના પૂર્વ-જન્મોની કથા. આ ભવ-કથા ખૂબ જ રસપ્રદ શૈલીમાં અહીં રજૂ થઈ રહી છે. જીવનમાં 'કલ્યાણ મૈત્રી'ની કેટલી બધી તાતી જરૂરિયાત છે એ આ કથા કહી જાય છે. મૈત્રીનું કોઈ મહત્ત્વ નથી, મહત્ત્વ તો છે કલ્યાણમૈત્રીનું ! આ કથાનાં મૂળ એક પ્રાચીન હસ્તપ્રતમાં સંઘરાયેલાં પડ્યાં છે, એના આધારે આનું રસમય લેખન થયું છે.**

**જિનદર્શનના અણમોલ રત્ન સમા પૂજ્યપાદ અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરજી એકાએક જ પરમોચ્ચ પદવીએ પહોંચ્યા ન હતા, પણ તેમણે મુક્તિમાર્ગના ધીર-ગંભીર યાત્રી તરીકે અગાઉના ભવોથી ભાથું બાંધેલું. અહીં પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આ પૂર્વભવોમાંથી પાંચની આપણને ઝાંખી કરાવે છે.**

*—સંપાદક*

[૧]

સંસારના આ સાગરમાં ઝંઝાવાત ક્યારે જાગી ઊઠે અને જીવની જેમ ધર્મનું સુકાન ઝાલીને બેઠેલા માનવીના હાથમાંથી સુકાનની પક્કડ છૂટી જતાં, એનું જીવન-જહાજ ક્યારે ડૂબી જાય, એ કહેવું અઘરું છે, ખૂબ જ અઘરું, આપણા જેવા માટે તો અશક્ય જેવું !

મહાશ્રાવક મંગલના જીવનમાં તોફાન એકાએક જાગ્યું. સુકાનની પક્કડ છૂટી ગઈ અને સઢની ફરેરાટી બોલવા માંડી. ડૂબતા વહાણને ઉગારવા સુધર્મા દોડી આવ્યો; પરંતુ એની મબલખ મહેનત પણ એળે ગઈ. એ બોલી ઊઠ્યો : રે ! રે ! મારા મિત્રનું આ જીવન-જહાજ શું કિનારે આવીને ડૂબી જશે ? જીવન તો જીવી જાણ્યું ! શું હવે આ મોજથી મરી નહીં જાણે ?

મંગલ અને સુધર્મા, દિલ એક અને દેહ બે જેવી દોસ્તી માટે આખા બ્રહ્મપુત્ર નગરમાં જાણીતા ને માનીતા હતા. ધર્મમાં-ધનમાં, ન્યાયમાં-નીતિમાં, નેકમાં-ટેકમાં આ બંને મિત્રો અજોડ ગણાતા હતા. શ્રાવક-જીવનના શણગાર સમી લગભગ બધી આરાધનાઓમાં, એ બંને સાથે જ જોવા મળતા. આમ, મંગલ-સુધર્મા એક આદર્શ કલ્યાણ-મિત્રનો જાણે સદેહે અવતાર હતો !

દિવસનો છેડો જેમ રાત છે, હાલની આલીશાન ઈમારત જેમ કાલનું ખંડિયેર છે, ભોગનો જવાબ જેમ રોગ છે, ધનનો પ્રતિધ્વનિ જેમ ધાંધલ-ધમાલ છે, સુખનો સરવાળો જેમ દુઃખ છે;

એમ જીવનનો પડછાયો મૃત્યુ છે. મહાશ્રાવક મંગલ એક દહાડો બીમાર પડ્યા. બીમારીનાં ચિહ્નો પરથી અંતકાળની આગાહી કળી જઈને એમણે પરલોકનું પાથેય બાંધવાની તૈયારી કરી. જીવનનો દીપ જલે ત્યાં સુધી આહાર-પાણીના ત્યાગની ભીષ્મ-પ્રતિજ્ઞા લઈને એમણે અનશન-વ્રતનો સ્વીકાર કર્યો. અંતસમયની આ અનુમોદનીય આરાધનાની વાતો સાંભળીને, મહાશ્રાવક મંગલની આસપાસ માનવમેદની જામેલી રહેવા માંડી. સૌ અહોભાવ સાથે મનોમન બોલતા : ઓ મરજીવા ! તને સો સો સલામ ! તેં તારી જીવન-નાવને તોફાની સાગરમાં હેમખેમ ચલાવી જાણી ! મઝધાર તું વટાવી ગયો; કિનારો હવે તો આ રહ્યો !

મહાસાગરમાં જામતા ઝંઝાવાતને જોઈને માનવમેદનીને જેટલું આશ્ચર્ય નહોતું થતું, એટલું આશ્ચર્ય આ ઝંઝાવાત વચ્ચે પોતાની જીવન-નાવના આ ધર્મ-સુકાનને મક્કમતાથી ઝાલીને બેઠેલા મરજીવા મંગલને જોઈને થતું હતું. ગ્રીષ્મની ભીષ્મ ઋતુ હતી. સૂર્યનું એક-એક કિરણ જાણે જ્વાળાની જેમ ભડભડી રહ્યું હતું. છતાં મંગલ પોતાની પ્રતિજ્ઞામાં અણનમ હતો. આહાર-પાણીનો ત્યાગ એટલે ત્યાગ! આવી અણનમ સાધનામાં ઉત્તર સાધક તરીકે મિત્ર સુધર્માનો ફાળો કંઈ નાનો-સૂનો ન હતો ! રાતદિવસ ભૂલી જઈને, પોતાના કલ્યાણમિત્રના મૃત્યુને મહોત્સવ બનાવવા એ કટિબદ્ધ બન્યો હતો. જીવન-સાગરની ભીષણ મઝધારને વટાવીને મંગલની કાયા-કિશ્તી કિનારા તરફ બઢી રહી. પણ ત્યાં અચાનક તોફાન જાગ્યું. સુકાન સાથેની પક્કડ છૂટી ગઈ અને મરજીવો મંગલ 'પાણી' માટે પોકાર કરી રહ્યો : પાણી ! પાણી !

સાધનાની સરવાણીને સૂકવી નાખતો, ધર્મ-ધનની કમાણીને ધૂળ-ધાણી કરી નાખતો, પાણી-પાણીનો આ પોકાર સાંભળીને સુધર્મા બોલ્યો : 'મંગલ ! પ્રતિજ્ઞા યાદ કર. જીવન જીવી જાણ્યું, હવે મોતને હારી ન જા. પ્રતિજ્ઞાભંગથી અંગ-અંગથી ભભૂકી ઊઠતી અગનજ્વાળાની ગરમીનો વિચાર કર. પછી તને પાણી યાદ પણ નહીં આવે. સાંભળેલી ધર્મવાણી યાદ કર.' તેજીને ટકોર બસ હતી. મંગલ વધુ જાગ્રત બની ગયો. પાણી ભૂલીને હવે એ 'વાણી-વાણી' કરી રહ્યો. પણ હવે શરીર ધખી ઊઠ્યું હતું. સહરાના રણની જેમ જઠરા જલી રહી હતી. તાળવું સુકાઈ જતું હતું. વાણી ભુલાઈ ગઈ; પાછું પાણી યાદ આવ્યું. પાણી લાવો, કોઈ પાણી આપો !

ઉનાળાની રાત હતી. કલ્યાણમિત્ર સુધર્મા મંગલને સમજાવી રહ્યો. પણ હવે સમજાવટનો અર્થ નહોતો. મંગલના મનની સામે તો મીઠાં-મીઠાં સરોવરો લહેરાઈ રહ્યાં હતાં. એમાં દિવસ-રાતફરતાં માછલાંનું જીવન એને ધન્ય જણાતું હતું : ઓહ ! આ જળજંતુઓ કેટલાં સુખી ! એમને તરસનું દુઃખ જ નહીં ! એમને ઉનાળાનો ઉકળાટ જ નહીં ! બસ, આખો દિવસ પાણીની પથારીમાં પોઢ્યા જ કરવાનું !

મહાશ્રાવક મંગલ એ રાતે જીવન જીત્યો, છતાં મૃત્યુ હારી ગયો. સુધર્માને માટે મિત્રનું આ મૃત્યુ બેવડો આઘાત ઝીંકનારું નીવડ્યું. મિત્રની વિદાયનું દુઃખ તો હતું જ; પણ મોત મંગલમય ન નીવડ્યું, એનું દુઃખ વધારે હતું. દિવસો સુધી એના અંતરમાંથી એક નિસાસો નીકળતો જ રહ્યો : હાય ! નાવ કિનારે આવીને ડૂબી ગઈ !

[ ૨ ]

મહાસાગરની જેમ ઘૂઘવતી વિપાશાંતર નદી ખળભળી ઊઠી. મોજાંઓના ઉદ્દંડ ઉછાળથી આખી નદી પ્રલય-તાંડવ ખેલી રહી. પરદેશ-પ્રવાસ ખેડનારા પ્રવાસીઓના જીવ અધ્ધર થઈ ગયા.

એક પછી એક નૌકા મોજાંની હડફેટમાં આવીને નદીના પ્રલય-પૂરમાં હોમાવા માંડી. પરદેશ-પ્રવાસે નીકળેલા સુધર્માએ જોયું કે, હવે મોત અટ્ટહાસ્ય વેરી રહ્યું છે, જીવવાની આશા રાખવીય નિરર્થક છે, ત્યારે મોતને ઉજાળવા એ ધર્મધ્યાનમાં બેસી ગયો. થોડી પળો વીતી-ન-વીતી, ત્યાં તો હોડીનો ભુક્કો બોલી ગયો. સુધર્માની સાથે સૌ નદીમાં ફેંકાઈ ગયા. લાકડાની જેમ પાણીની થપાટથી સૌ આમ-તેમ ફેંકાઈ અથડાઈ રહ્યા.

સુધર્માએ આંખો ખોલી. ચોમેરથી દિલદ્રાવક કિકિયારીઓ આવી રહી હતી. દૂર-દૂર નજર ગઈ, તો એક મહામત્સ્ય પોતાની તરફ વેગથી ધસી આવતો સુધર્માએ જોયો. ભયથી એણે આંખ મીંચી દીધી. એક તરફ તોફાને ચડેલી મહાનદી ને બીજી તરફ ધસમસતો મહામત્સ્ય ! જીવનને જુહાર કરીને સુધર્મા મોતને ભેટવા તૈયાર થઈ ગયો; પણ બીજી જ પળે આશ્ચર્ય સર્જાયું ! મોત જાણે મિત્ર બની ગયું ! એ મહામત્સ્યે સુધર્માને પોતાની પીઠ પર લઈ લીધો ને મત્સ્ય કિનારા ભણી સડસડાટ ચાલ્યો ગયો. સુધર્માએ જરાક આંખ ખોલી, તો પોતે કિનારાની સાવ નજીક આવી ગયો હતો. તરવા માટે તરણાનીય આશા રાખવી જ્યાં વ્યર્થ હતી ત્યાં સાક્ષાત્ કિનારો મળતાં સુધર્માની ધર્મશ્રદ્ધાને કોઈ આરો-ઓવારો ન રહ્યો. મત્સ્યનો મહોપકાર માણતો સુધર્મા પોતાના પંથે ચાલતો થયો.

સુધર્માને જીવનદાન દેનાર આ મત્સ્યનું જીવન જાણવા જેવું અજબ-ગજબનું હતું. થોડાં વર્ષો પહેલાં જ એક વિચિત્ર આકારનો મહામત્સ્ય જોતાં, એ દિગ્મૂઢ બનીને એની સામે જોતો રહેલો. એમ કરતાં-કરતાં પોતાની જાતિનું સ્મરણ થાય, એવી ભૂમિકા રચાઈ ગયેલી. એને કંઈક યાદ આવેલું : ઓહ! આવો આકાર મેં ક્યાંક જોયો છે. હા, હા. આ તો મુનિનો આકાર છે. ને પછી પોતાની જાતિનું સ્મરણ થયેલું : રે ! નાવ કિનારે આવીને ડૂબી ગઈ ! હું જ મંગલ. પાણી-પાણી કરતો મર્યો અને આ નદીમાં મહામત્સ્ય તરીકે હું જન્મ્યો. મતિ એવી ગતિ. સ્મરણ એવું મરણ !

જાતિનું આ સ્મરણ થયું હતું, ત્યારથી આ મત્સ્યનું આખું જીવન પલટાઈ ગયું હતું. એણે હિંસાનો ત્યાગ કર્યો હતો, રાત્રિભોજન છોડી દીધું હતું, અને મળેલી બુદ્ધિ પ્રમાણે ધર્મમય જીવન જીવી જાણવાનો સંકલ્પ કર્યો હતો. મૃત્યુ આ કાચી કાયાનું થાય છે; પણ એના દ્વારા જામ થયેલાં વેર કે વાત્સલ્યના સંસ્કાર કંઈ સાફ થઈ જતા નથી ! નદીમાં તણાતા સુધર્માને જોતાં જ મહામત્સ્યને સુધર્માની કલ્યાણ-મૈત્રી સાંભરી આવી અને એણે સુધર્માને જીવનદાન આપીને કંઈક ઋણ અદા કર્યાનો સંતોષ અનુભવ્યો.

સુધર્મા અને મહામત્સ્યની જીવનલીલા એક દહાડો સમેટાઈ ગઈ. બંને દેવલોકમાં દેવતાઈ ભોગ માણવા ચાલ્યા ગયા. જંબૂદ્વીપના પૂર્વમહાવિદેહમાં આવેલા, પુષ્કલાવતી વિજયના બ્રહ્માવર્ત દેશના બ્રહ્મપુત્ર નગરનિવાસી સુધર્માનો એક ભવ પૂર્ણ થયો, ત્યારે એના મિત્ર મંગલના બે ભવ પૂર્ણ થયા : મંગલનો ને મત્સ્યનો !

[૩]

સ્નેહના સંસ્કારમાં એવું તો સ્વયંભૂ સામર્થ્ય હોય છે કે, એને કાળની લંબાઈ કે ક્ષેત્રની દૂરતા ભૂંસી શકતી નથી. આ સત્યને દાબી દેવાનું સામર્થ્ય બિચારા જ્યોતિર્માલીદેવ પાસે તો હોય જ ક્યાંથી ? સૌધર્મ સ્વર્ગની સંપત્તિ સાંપડી. સુરાંગનાઓ સાથે સંવાસનું સૌભાગ્ય મળ્યું, તોય જ્યોતિર્માલીને કંઈક ખૂટતું હોય એમ લાગતું હતું. આ ભર્યા ભોગ વચ્ચે એને 'કલ્યાણમૈત્રી'ની

યાદ પીડતી હતી. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો, તો એ નાચી ઊઠ્યો : રે ! મારો કલ્યાણમિત્ર સુધર્મા તો મારી નજીક જ વિમાનમાં દેવ તરીકેની પુણ્યાઈ ભોગવી રહ્યો છે. આ તો કેડમાં છોકરું અને ગામમાં.....ને જ્યોતિર્માલી સીધો જ એ વિમાનમાં પહોંચી ગયો. પોતાની કલ્યાણમૈત્રી તાજી કરાવીને એણે વિદ્યુન્માલીને કહ્યું : મિત્ર ! આ તો ભોગની લપસણી ભૂમિ છે. આપણે અરસ-પરસ એકબીજાના કલ્યાણમિત્ર બનીને રહીશું, તો-તો ઠીક છે, નહીં તો કઈ ગોઝારી ગતિમાં ગમન કરવું પડશે, એ કોણ જાણે ?

સબરસના સંગથી બધું ભોજન ભાવતું થઈ જાય, એમ મિત્રની માધુરી સાંપડતાં જ્યોતિર્માલીના આનંદની કોઈ અવધિ ન રહી. ભોગી ભમર મન ભરીને પરાગ પીએ, એમ બંને દેવમિત્રો પ્રભુભક્તિના પ્રસંગોમાં પેટ ભરીને ધર્મ-રસ પીતા રહ્યા.

લડાઈના બાણને નિષ્ફળ બનાવવામાં ભલે માનવજાત મર્દ રહી, પણ લલનાનાં કટાક્ષ-બાણ ખમવાની મર્દાનગી માનવ-જાતમાં કોઈ વીરલાને જ વરી હોય છે. વિદ્યુન્માલી દેવ હતો, છતાં એ જાત તો માનવીની જ ને ! પોતાના વિમાનમાં સૌંદર્યનાં સો-સો સુમન ખિલખિલાટ હસતાં હતાં, છતાં અન્યત્ર ખીલેલા એક સામાન્ય પુષ્પથી એને પ્રેમ બંધાઈ ગયો. એક અપરિગૃહીતા દેવી પર એ આસક્ત બની ગયો. પોતાના પતિદેવનો આવો અધમ વિચાર દેવીથી અજાણ્યો ન રહી શક્યો ! એક દહાડો આ વાતની ગંધ જ્યોતિર્માલીને પણ આવી ગઈ. કલ્યાણમૈત્રીને કટોકટીમાં મૂકીનેય એણે પોતાનો ધર્મ અદા કરવાનું નક્કી કર્યું. દિલનાં દ્વાર ખોલવા ને ખોલાવવા જોગું વાતાવરણ મેળવીને, એક દહાડો જ્યોતિર્માલીએ પૂછ્યું : મિત્ર, ઉદાસ કેમ ? તારા મોં પર પ્યાસ કેમ ?

વિદ્યુન્માલીએ મિત્રની આગળ હૈયું ખોલી નાખ્યું. જ્યોતિર્માલીએ ભૂતકાળ યાદ કરાવતાં કહ્યું : મેં નહોતું કહ્યું ? – આ તો ભોગની લપસણી ભૂમિ છે. પૂર્વભવ યાદ કર : હું અનશનમાં પાણી-પાણી કરતો હતો, ત્યારે ધર્મની વાણીની પ્રેરણા મને તેં જ આપી હતી ને ? શું આજે હવે મારે તને પ્રેરણા દેવી પડશે ? પાણીની એ પ્યાસ કરતાંય, પ્રેમની આ પ્યાસ કેટલી બધી ભયંકર છે, એનો વિચાર તો કર ! પૂર્વભવમાં હું રોગી હતો અને તું વૈદ હતો. આજે તું રાગનો રોગી બનીશ, તો મારે વૈદ બનીનેય તને અપથ્ય આરોગતાં રોકવો પડશે ? મિત્ર ! ચામડાં ચૂંથવાની આ ચમાર-ચાલ તને શોભે ખરી ?

વિદ્યુન્માલીનું માથું શરમથી નીચું નમી ગયું. હૈયાપલટની એ નિશાની હતી. મિત્રનો પગ પકડતાં એ બોલ્યો : મિત્ર ! તારો ઉપકાર હું ક્યારે વાળી શકીશ ?

બંને મિત્રો છૂટા પડ્યા ત્યારે એમના મોં પર આનંદ હતો, એકને પ્રકાશ પ્રદાન કરવાનો આનંદ, તો બીજાને એ પ્રકાશ ઝીલવાનો ! મંગલ-સુધર્માના ભવની કલ્યાણ-મૈત્રી, આ રીતે દેવભવમાં ઢાલ બનીને વિદ્યુન્માલીના આત્માનું રક્ષણ કરી ગઈ. કપૂર જે સાહજિકતાથી ઊડી જાય, એવી જ સાહજિકતા સાથે બંને દેવોની કાયાનું કપૂર સુવાસ ફેલાવીને એક દહાડો ઊડી ગયું.

[૪]

ગગન-પ્રવાસ કરતું વિદ્યાધરનું વિમાન એકાએક અટકી ગયું. વિમાન ધરતી પર ઊતર્યું. વેગવાન બહાર આવ્યો. બાજુમાં જ ક્રીડા કરતી બાળા ધનમાલાનું અપહરણ કરીને વેગવાને વિમાન દોડાવી મૂક્યું.

વેગવાન ક્યાંનો ? ધનમાલા ક્યાંની ? પણ પ્રેમનો આવેશ દેશને નથી જોતો કે વેશને નથી જોતો ! કીર્તિને મેશ લાગશે કે નામના નામશેષ થઈ જશે, એનોય એ વિચાર નથી કરતો. વેગવાન વિદ્યાધર રાજવી સુવેગનો પુત્ર હતો. મહાવિદેહ-ક્ષેત્ર. ત્યાં પુષ્કલાવતી-વિજય. એમાં આવેલી નગરી 'વેગવતી'નો સુવેગ રાજા હતો, જ્યારે 'ધનમાલા' ધનદેવ શેઠની પુત્રી હતી. પશ્ચિમ મહાવિદેહમાં આવેલા ધનવંતી-વિજયમાંની તરંગિણી નગરી ધનશેઠનું વતન હતું. વેગવાને પ્રેમનો પાસો નાખ્યો તો ખરો, પણ એ ઊંધો પડ્યો. અપહૃત ધનમાલાએ વેગવાન સાથે લગ્ન કરવાની સ્પષ્ટ ને સાફ-સાફ શબ્દોમાં ના સુણાવી દીધી. પણ વેગવાન ખરો પાગલ નીકળ્યો. પરાણે પ્રીત કરવાનો એનો ખુલ્લો મનસૂબો જોઈને, મહામંત્રી ધીસખા ચિંતિત થઈ ગયા : આ પાગલ વિદ્યા-વારસાને ખોઈ તો નહીં બેસે ને ?

વૈતાઢ્ય-ગિરિની એક શિલા પાસે વેગવાનને લઈ જઈને મંત્રીએ કહ્યું : યુવરાજ ! આ શું લખ્યું છે, એ જરા વાંચો તો ખરા ! શિલાલેખ વાંચીને વેગવાન સન્ન અને સજ્જ થઈ ગયો. ત્યાં લખ્યું હતું : અપહૃત કન્યા સાથે જે કોઈ વિદ્યાધર બળાત્કારે લગ્ન કરશે, એની તમામ વિદ્યાઓ વિનાશ પામી જશે. વેગવાન સમજી ગયો કે, ઉતાવળ કરવા જઈશ તો વિદ્યાથીય જઈશ ને આ વિદ્યાધરીથીય જઈશ. હજારો હતાશાઓમાં એક અમર આશાને આધારે એ જીવતરના દહડા ગણી રહ્યો. અને એક દહાડો એની આશા-વેલડી ફળી પણ ખરી !

ધનમાલાએ રાજીખુશીથી વેગવાન સાથે લગ્ન કર્યાં. ચિરપ્રતીક્ષા પછીની આ પ્રાપ્તિથી એ પ્રેમઘેલો થઈ ગયો. પણ પ્રેમના આ રંગ હળદરિયા નીવડ્યા. બીજા એક વિદ્યાધરે ધનમાલાનું હરણ કર્યું. ધનમાલા વેગવાનને વીસરી જઈને ત્યાં મોહનો માંડવો રચી બેઠી. પાણીના અંતે પાણીમાં ગયા. વેગવાન માટે વસમી વેદના ઉપજાવનારો આ ફટકો હતો. પણ મંત્રીએ વેદનાને વિરાગનો વળાંક આપતાં કહ્યું : યુવરાજ ! સંસારમાં આ કંઈ અકસ્માત નથી બન્યો. આવું તો અહીં બન્યા જ કરતું હોય છે. માટે જ મોહના માંડવાને જ્ઞાનીઓ પાયા વિનાનો ગણાવે છે. ક્યારે એ પડી ભાંગે એ કહેવાય નહીં !

વેદના વિરાગમાં પલટાઈ જતાં વેગવાને સંયમ-જીવનનો સ્વીકાર કર્યો. વેગવાનના આ વિરાગે મંત્રીશ્વરનેય ત્યાગ માટે જાગૃત કર્યા. એમણેય ત્યાગધર્મ અદા કર્યો. ધનમાલાના જીવનમાંય એક અજબ ઘડી આવી. એનાં પોતાનાં પાપ સાપ બનીને એના અંગઅંગને ડંખી રહ્યાં. પાપનાં ઝેર ઉતારવા એણેય સાધ્વી-જીવનનો સ્વીકાર કર્યો. આમ, સંયમ-જીવન પૂર્ણ થતાં ત્રણેય આઠમા દેવલોકમાં દેવ તરીકેનું ભોગ-જીવન પામ્યાં.

[૫]

"ગોયમ ! આ મંગલ એ જ તું !"

કલ્યાણમૈત્રીની આવી આ કથા વર્ષો પહેલાં ભગવાન શ્રી મહાવીર-દેવે ગણધર ગૌતમને કહી હતી.

"ભયવં ! તો મારો એ કલ્યાણમિત્ર એ સુધર્મા, અને વેગવાનને વૈરાગ્ય તરફ વાળનાર એ મંત્રી કોણ ?" ગણધર શ્રી ગૌતમસ્વામીનો આ પ્રશ્ન હતો. સામે બેઠેલા સ્કંદક પરિવ્રાજક તરફ આંગળી ચીંધતાં પ્રભુએ કહ્યું : ગોયમ ! આ પરિવ્રાજક સુધર્માનો જીવ. અને આ પિંગલક નિર્ગ્રંથ મંત્રીનો જીવ.

પિંગલક મુનિની પ્રેરણાથી કેટલાક પ્રશ્નોનું સમાધાન મેળવવા આવેલા પરિવ્રાજક સ્કંદક સામે જ બેઠા હતા. નિર્ગ્રંથ પિંગલક મુનિ પણ ત્યાં હાજર હતા. પરિવ્રાજક આવતા હતા, ત્યારે ભગવાને ગૌતમ ગણધરને કહ્યું હતું : આજે પાંચ પાંચ ભવથી તારા પરિચિતનો તને મેળાપ થશે. ને પછી પાંચ પાંચ ભવની પ્રીત બતાવવા આ કથા પ્રભુએ શ્રીમુખે કહી સંભળાવી હતી.

ધર્મસભા કથા-પાત્રોનો મેળ મેળવતાં બોલી ઊઠી : મંગલ શ્રાવક-મત્સ્ય, જ્યોતિર્માલી, વેગવાન-વિદ્યાધર અને દેવના ભવ પૂરા કરીને આ ભવમાં ગણધર શ્રી ગૌતમસ્વામી બન્યા. સુધર્મા-શ્રાવક-વિદ્યુન્માલી, ધનમાલા અને દેવ તરીકેનાં જીવન જીવીને પરિવ્રાજક સ્કંદક બન્યા. અને પેલા મંત્રી, દેવભવ પૂર્ણ કરીને આ ભવમાં નિર્ગ્રંથ-પિંગલક મુનિ બન્યા. ઓહ ! કલ્યાણમૈત્રી ખરી જાળવી ! મિત્ર બન્યા તે પ્રમાણ એ આનું નામ ! આ ભવમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય તરીકે જુદે-જુદે સ્થાને જન્મ્યા તોય આજે સગા ભાઈની જેમ પાછા ભેગા મળી ગયા. આનું નામ પ્રેમની પરંપરા !

*['કલ્યાણ'માંથી સાભાર.]*

* * *



# ભગવાનની ભૂલ!

*-પરમ પૂજ્ય આચાર્યદેવ જયઘોષસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય*
*પૂજ્ય મુનિશ્રી જયદર્શનવિજયજી મહારાજ*

**પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય, શાંતમૂર્તિ પૂજ્ય મુનિશ્રી જયદર્શનવિજયજી મહારાજ સાહેબે પ્રાસાદિક નિર્મળ, ધારાવાહી, તેજસ્વી વાણીમાં અહીં પ્રસંગ-આલેખન સાથે સાધકોને માર્ગદર્શન મળે તેવી વાણી-સરવાણી વહાવી છે. આખો લેખ વિદ્વત્તાપૂર્ણ હોવા છતાં સમજવામાં સરળ અને પ્રબોધક છે.**

**પૂજ્યશ્રીએ આ પ્રકાશન માટે ખૂબજ રસ લીધો છે.** *—સંપાદક*

"ભંતે ! આપશ્રીના નિર્દેશને અનુસરીને હું આ ભાગી રહેલા ખેડુના આત્મિક લાભ માટે ગયો. જાતે બ્રાહ્મણ અને એક નહીં પણ સાત સાત પુત્રીઓનો પિતા તે હાલિક માંડ માંડ ખાનપાનના બે પગ સરખા કરી શકતો હતો. ધમધમાટ તાપમાં શરીરને તપાવી, પરસેવાના રેલા પાડી, સખત મજૂરી કરવી એ જ તે બિચારાના ભાગ્યને ભળી હતી.

"આપના સૂચનમાં સચોટ લાભાલાભનાં પારખાં પ્રત્યક્ષ અનુભવ્યાં છે, માટે આપશ્રીનું વચન પ્રમાણી આ હાલિકને પ્રતિબોધવા બેસી ગયો. પાપી પેટનો ખાડો પૂરવા આવી વેઠ કરવા કરતાં પાપને જ કાપી નાખવા પ્રવ્રજ્યાના પંથે રહેલા સાધુઓની અહિંસા અને ગૃહસ્થોની હિંસાના ભેદ બતાવતાં તેને સમજાવ્યું કે તેનો ખેતર ખેડવાનો ધંધો કેટલો હિંસક કહેવાય. તેમાં શુભ અધ્યવસાય તો ગજ ગજ દૂર ભાગતા રહે ! પાછું બાંધેલું પાપ પોતાની પત્ની, પુત્રીઓ કે પરિવાર વહેંચી ન શકે. બલ્કે પોતાના પાપની પોટલીનો ભાર-પ્રભાર પોતે જ ઊંચકતા ચાલવાનો, ને તે પણ એક નહિ પણ અનેક ભવોની લાંબીલચક સફર કરતાં કરતાં.

"હે ભંતે ! બસ, આટલું જ અધકચરું જ્ઞાન આપ્યું ને આપશ્રીના પસાયે આ ખેડૂતનું દિલ ખેડાઈ ગયું ! જોતજોતામાં તો તેનાં પરિણામોએ પલટો ખાધો. ભૂમિની ધૂળથી મેલો થયેલો આ ખેડુ મનથી સાવ ઊજળો બની ગયો. અત્યંત હિંસાની ખેતીવાડીને ત્યાગી દઈને અહિંસાક્ષેત્રની અદકેરી સફર માણવા મનપલટા સાથે વેશપલટો પણ કરી નાખ્યો. જે દીક્ષાને દુર્લભ-અતિ દુર્લભ ગણીએ છીએ તે આ ખેડુએ સાવ સુલભ બનાવી નાખી, ને અમારી પાસે પ્રવ્રજ્યા પામી પવિત્ર વેશ પહેરી લીધો. પણ તે ભદ્રિક-ભાવિક જીવને આમ આપ સાથે આંખો મળતાં જ ભાગતો જોઈને હવે ખરું લાગી આવ્યું કે પવિત્ર એવી પ્રવ્રજ્યા તો પુણ્યશાળીઓ જ પામી શકે, પચાવી શકે, ને પરમાર્થ સાધી શકે."

ગુરુ ગૌતમસ્વામીએ અનેક શિષ્યોનું સર્જન કરીને પોતાના પરમ ગુરુ પરમાત્માની પર્ષદામાં વધારો કર્યો હતો. તેમના જ પ્રતાપે વૈશાખ સુદિ ૧૧ના ધન્ય દિવસે ૪૪૧૧ (ચાર હજાર ચારસો અગિયાર) જેટલા પુણ્યશાળીઓ પરમાત્માનાં પાવન પગલાં સ્પર્શી શક્યા. ગુરુ ગૌતમ સ્વયં ગુરુતાથી

સાવ હળવા રહી પોતાના ગુરુ મહાવીરદેવના સ્થાપિત સંઘને ખીલવવા લાગ્યા હતા. ન જાણે કેટલાય આત્માઓ તેમનાથી પ્રતિબોધ પામી પ્રવ્રજ્યાના પંથને પામી ગયા ને બેજોડ સાધના-આરાધનાનાં સોપાનો સર કરવા લાગી ગયા હતા. પણ...

પણ આમ તડાકાભેર ચાલતા ધર્મવ્યાપારમાં આજે નાની પણ નજરે ચડી જાય તેવી નુકસાની થઈ ગઈ હતી. પળવારમાં પ્રતિબોધ પામેલો હાલિક નામનો ખેડૂત પળવારમાં પરમાત્માને પહેલી નજરે જોતાં જ પ્રવ્રજ્યાનો પહેરવેશ પડતો મૂકીને, ઓઘો ફગાવીને, મુઠ્ઠીઓ વાળી પલાયન થઈ ગયો. પાછાં વળીને પણ ન જોયું કે તેના દગ્ધ દિલને અને નગ્ન ડિલને જોઈ કેટલાય દેવો પણ ગૌતમ ગણધરની તરફ કટાક્ષ સાથે હસી રહ્યા હતા. તેમને ઝપાટાભેર વિચારો આવી ગયા કે, શા માટે આ હાલિક ખેડુને પ્રતિબોધવા ગુરુદેવ પ્રભુ વીરે મને જ મોકલ્યો હશે ? શા માટે તેઓએ મોકલતી વખતે ખાતરી પણ આપી કે તારા થકી પેલા ખેડૂતને સારો લાભ થશે ? અને જો ખરો લાભ જ થવાનો હોત તો આમ ગણતરીની ક્ષણોમાં તે હાલિક આમ હાલતો ભાગી છૂટેત ? અત્યાર સુધી આપેલ દીક્ષાદાન પછી કોઈ દીક્ષા આવી નિષ્ફળ ને નકામી નથી ગઈ. આ તો ખરેખર કલંક લાગી જાય તેવી બીના બની ગઈ કહેવાય !

તેમનું શાંત મન ખળભળી ઊઠ્યું. જાણે પ્રશાંત સરોવરમાં પથરો પડ્યો ! છતાંય બે-લગામ જઈ રહ્યા મનને લગામમાં લઈ તેમણે પોતાના બચાવપક્ષે પરમાત્મા પાસે બયાન તો રજૂ કરી જ દીધું. પણ સાથે જિજ્ઞાસા સંતોષવા બે-પાંચ પ્રશ્નો પણ પૂછી લીધા. તેઓશ્રીએ આગળ ધપાવ્યું...

"ભંતે ! આપશ્રીએ પેલા ભાગી રહેલ ખેડુને પમાડવામાં ઘણો લાભ કહ્યો તેમાં શું રહસ્ય છે ? તો પછી તે ખેડુ અમારી પાસે દીક્ષા પામ્યો ને જન્મોજન્મનાં વેર ભૂલી જવાય તેવાં આપશ્રીનાં દર્શન થતાં જ એક વેરીની અદાથી દીક્ષા છોડી કેમ ભાગ્યો ? શું મારાથી કોઈ ભૂલ થઈ ?"

પ્રશાંત મુદ્રામાં મહાલતાં કેવળી પ્રભુએ શિષ્ય ગૌતમના લાંબા લચક બયાન પછી તેમના તથા દેવોના અને સામે રહેલા સૌના પ્રતિબોધ માટે પોતાનો જવાબ રજૂ કર્યો.

"હે ગોયમ ! ભૂલ તમારાથી નહિ, પણ મારાથી જ થઈ ગઈ છે; જેથી મને જોતાં જ તમારા નવા શિષ્યે છલાંગ મારીને છૂટી જવા આવું અનર્થ કરી નાખ્યું છે."

સૌનાં મન-મગજમાં મંથન થવા લાગ્યું કે, શું કહેવાતા સર્વજ્ઞ વીતરાગ પ્રભુ પણ ભૂલ કરી શકે ? તો પછી છદ્મસ્થ અને કેવળીમાં શું ફરક ? પણ તેટલામાં તો પરમાત્માએ પોતાની ભૂલનો એકરાર કરતી જન્મોજન્મની સત્યકથા કહી સંભળાવી.

"વત્સ ગૌતમ ! મારાથી જે ભૂલ થઈ છે તે મારા જ આગળના ભવમાં જ્યારે હું ત્રિપૃષ્ઠ વાસુદેવ હતો ત્યારે ઘટેલી ઘટના છે. અને નાની કે મોટી ભૂલનું શૂલ વેરના વિપાકો વગેરે કઈ રીતે ફૂલેફાલે અને સમય આવ્યે પોતાનો પ્રભાવ બતાવે તેનો ખરો પરિચય જ આ ખેડૂતે કરાવ્યો. દીક્ષા લઈ તરત દીક્ષા છોડી દેવી એ કોઈ નવી ઘટના લાગે; પણ આ બધા પાછળ રાગદ્વેષનાં તોફાનો રમત રમી રહ્યાં છે, તે જાણવા જેવાં છે."

સૌ સ્તબ્ધ બની પરમાત્માને સાંભળવા લાગ્યા.

"વત્સ ગૌતમ ! નગર હતું પોતનપુર ને રાજા થઈ ગયો પ્રજાપતિ. તેનો પુત્ર ત્રિપૃષ્ઠ નામે હતો. વાસુદેવ થવાનો હતો અને કુદરતના નિયમ પ્રમાણે વાસુદેવના હાથે જ પ્રતિ-વાસુદેવનું મોત નિશ્ચિત થાય છે. માટે મારા સમકાળે જ ત્રણ ખંડનો સ્વામી અશ્વગ્રીવ નામે પ્રતિવાસુદેવ થઈ ગયો. કોઈ નિમિત્તિયાને નોતરી તેણે પોતાના મરણનું કારણ જાણવા પ્રશ્ન કર્યો. જવાબમાં જાણવા મળ્યું કે, તેનું મોત મારા હાથે થવાનું છે. સાંભળતાં જ પ્રતિવાસુદેવ રાજા રોષવાળો બની મારા ઉપર દ્વેષવાળો બની ગયો. મારાથી મુલાકાત કર્યા વગર જ મનોમન મને મારી નાખવા ઉપાયો યોજવા લાગ્યો. પણ મારાથી ઓછા પુણ્યવાળો હોવાથી તેના અજમાવેલા બધા જ ઉપાયો ઓછા પડ્યા ને નિષ્ફળ ગયા. જ્યારે હું કુદરતના ખોળે ઊછરતો, બાળકમાંથી કિશોર બની, જોતજોતામાં જુવાનીના જોશમાં બાહોશ બની ગયો. કુદરતે મને બુદ્ધિ પણ બક્ષી અને બળ પણ; કારણ કે મેં પહેલા ભવમાં તેવા પ્રકારનાં પુણ્યકર્મો ઉપાર્જિત કર્યાં હતાં. હે ગૌતમ ! તારો અને મારો સંબંધ પણ આ ભવથી આજ લગી ગુપ્ત કે પ્રગટ રૂપે ચાલતો જ આવ્યો છે."

વાર્તા દ્વારા વસ્તુસ્થિતિનું બયાન આગળ વધી રહ્યું હતું ત્યાં વળી પરમાત્મા સાથેના પોતાના જુગજૂના સંબંધોની વાતોનો વળાંક આવતાં ગૌતમજીનું મન ગોથાં ખાતાં ગુમરાવા લેવા લાગ્યું. પણ તેમણે તથા સૌએ તન્મયતામાં જ તણાતાં તણાતાં વીરવાણી રૂપે પોતાની જિજ્ઞાસા ઠારવા કહાણીને આગળ સાંભળી.

"ગોયમ ! હવે બન્યું એવું કે અશ્વગ્રીવના પુરોદ્યાનમાં એક શાલિક્ષેત્ર હતું. તેમાં આવીને એક સિંહ નિરંતર અનેક મનુષ્યોને મારવા લાગ્યો. પણ તે સિંહને મારવા કોઈ સમર્થ ન હતા. વધતા ઉપદ્રવને નાથવા ત્રિખંડનાથ પ્રતિવાસુદેવે પોતાના ખંડિયા બધાય રાજાઓને વારાફરતી તે ક્ષેત્રના રક્ષણ માટેની જીમ્મેવારી સોંપી. પણ સૌ રાજાઓ સામે જંગલનો રાજા બળવાન ઠર્યો, જેથી તે સિંહની ખ્યાતિ ખૂબ વધી, અને તેના દ્વારા માણસોની ખુવારી પણ.

"વારા પછી વારો આવતાં મારા પિતા પ્રજાપતિ પણ પ્રતિવાસુદેવની આજ્ઞામાં અટવાયા. જેથી તેઓ તે સિંહને દમવા પરાણે તૈયાર થઈ ગયા. પણ તે સમયે મારા પુરુષાતને મારામાં પોરસ જગાવ્યું. મેં મારા પિતાને ત્યાં જતાં રોક્યા, ને તેમને બદલે તેમની જીમ્મેવારી મારા માથે ઓઢી લીધી. સૈન્ય-સરંજામને પણ ઉપેક્ષી, ફક્ત એક સારથિ સાથે રથમાં બેસી, તે શાલિક્ષેત્રની સ્પર્શના કરી. શાલિક્ષેત્રે જઈ સિંહને લલકાર્યો.

"લલકાર થકી સિંહનું લાલ લોહી ગરમ થઈ ગયું. પૂંછડી પછાડી, આસ્ફોટક અવાજ કરી, જાણે તેણે સામે આવેલ આદમીને સાવધાન થઈ જવાનો સંકેત કર્યો. આ સિંહે અત્યાર સુધીમાં અનેકોને યમનાં દ્વાર દેખાડી દીધાં હતાં તેથી મને પણ ઘાસના તણખલાની જેમ માની, મગરૂબીમાં જ ગુફાની બહાર નીકળ્યો. ઝીણી આંખમાંથી તીણી દૃષ્ટિ નાખી. મારી સાથે ફક્ત એક સારથિ સિવાઈ બીજું કોઈ શસ્ત્રાસ્ત્ર પણ ન જોવાથી તે ચમક્યો. તેને લાગ્યું કે, શા માટે આ મૂર્ખ માણસ મરવાને માટે મારી સામે ચાલી આવ્યો છે ? પણ તે સિંહને ગુમાને ગુમનામ બનાવ્યો હતો તેથી વધુ લાંબો વિચાર કર્યા વિના કેશવાળી ઉલાળતો ને પગ પછાડતો, છલાંગ મારતો મારી સામે થઈ ઊભો અને જડબું ફાડીને મને ફાડી ખાવા વિકરાળ સ્વરૂપ બનાવી પહેલો પ્રહાર પંજા વડે કર્યો. મારા માટે તેની આ આક્રમક પહેલનું

નિમિત્ત સારું હતું. મેં સ્વરક્ષણ માટે જાતને સંભાળી લીધી, ને બે બાહુના બળે તેના પંજાનો પ્રહાર ખમી ખાઈને તેનાં જડબાંને ઝાલી લીધાં. બે હાથથી જડબાં બરોબર પકડીને તેની કાયાને જકડી, અને તેને ખૂબ ઘુમાવ્યો ને વારંવાર ભૂમિ પર પછાડ્યો. આમ વારંવાર કરીને તેનાં ગાત્રો ઢીલાં પડ્યાં ત્યારે મોકો ઝડપી લઈ તેનાં જડબાંને કપડાની જેમ ચીરી નાખ્યાં. ચિત્કાર સાથે વનસિંહ ફસકાઈ પડ્યો. લાલચટ્ટક લોહી જાણે ગરમ દૂધના ઉફેણાની જેમ શરીર રૂપી તપેલામાંથી છલકાવા લાગ્યું ! પળવારમાં તો તે રક્તરંજિત થઈને શ્વાસોચ્છ્વાસ લેવા લાગ્યો, દોડવા લાગ્યો, તેને ચક્કર આવવા લાગ્યાં. તેમ છતાં તે વારંવાર મારી સામે ઘૂરકવા લાગ્યો.

"હિંસાની નીતિરીતિ જ એવી છે કે, હિંસક કદાચ એમ માનીને મલકાય છે કે મેં શિકારને હણ્યો ને વિજયવાવટો ફરકાવ્યો. પણ હકીકતમાં કુદરતનાં ગણિત કેવાં અકળ હોય છે તે પણ જાણવું-સમજવું જરૂરી ગણાય. એક વખત પ્રમાદમાં થયેલ હિંસા વગેરેનાં પાપો ભવોભવના માર્ગમાં પડછાયા બનીને પાછળ પાછળ ચાલે છે. એટલું જ નહિ, તે પાપોના અનુબંધો સંસારી જીવને વધુ ને વધુ સંસારમાં બંધાવું પડે તેવાં નિમિત્તો સર્જે છે. એક ભવમાં મેળવેલ વિજય બીજા ભવોની પરંપરામાં પરાજય ઉપર પરાજયનો પ્રક્રમ ખડકી દે છે. અનેકોને પમાડી દેવાની પરાર્થ ભાવનામાં પરમાર્થ હોવા છતાંય તે ભાગી રહેલ ખેડૂતને હું ન પમાડી શક્યો તેમાં મૂળ કારણ મારી પોતાની જ પૂર્વભવની ભૂલ છે. જેથી હે ગોયમ ! તમે તમારી વચનલબ્ધિથી એકને પમાડવામાં નિમિત્ત બન્યા, જ્યારે હું તે જ પામી ગયેલ જીવને ભગાડવામાં નિમિત્ત બન્યો."

પરમ ગુરુ વીર પરમાત્માની ધીરગંભીર વાણી સૌનાં મનને કેન્દ્રિત કરી ચૂકી હતી. પરમાત્મા પોતાનો આગલો ભવ જાણે સ્પષ્ટ ચિત્રરૂપે આલેખી રહ્યા હતા. પણ ભાગી ગયેલા ખેડૂતને ગૌતમના આગલા ભવો સાથે શો સંબંધ તેનો ઉકેલ હજુ મળ્યો ન હતો, તેથી સૌ સાંભળનારની જિજ્ઞાસા જુવાળે ચડી હતી. કેવળી પ્રભુએ સૌના મનોગત ભાવોને લગભગ સરખા માપી પોતાની કથા આગળ ધપાવી :

"વત્સ, ગૌતમ ! વગરકારણે કોઈને પહેલી નજરે જ જોતાં જ્યારે અતિ રાગ કે અતિ દ્વેષનાં પરિણામો ઊછળી પડે ત્યારે રાગદ્વેષના મૂળ કારણમાં ક્યાંક, કોઈ ભવના બંધાયેલા અનુબંધો ગોઠવાયેલા હોઈ શકે. હકીકતમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તે મારો જીવ છે, તેમ મારા હાથે હણાયેલો સિંહ તે આ ભવનો હાલિક ખેડૂતનો જીવ. તમને મેળવી તે પામી ગયો, પણ મને જોતાં જ તે દીક્ષા પણ છોડી ભાગી ગયો. આ ઊંડાં મૂળ તપાસતાં તમને સૌને જાણ થઈ ને, કે શા માટે તે મારા ઉપર અકારણ દ્વેષ કરી બેઠો ? માટે હે ગોયમ ! તમારે જરાય ક્ષોભ પામવા જેવું નથી કે એમ માનવાની જરૂર નથી કે તમારી કોઈ ભૂલને કારણે તે ભાગ્યો છે. હકીકતમાં તો ભૂલ મારા આગલા ભવની હતી, જે એના કારણરૂપે જણાવી."

ગૌતમ ગણધર સહિત સૌને આશ્ચર્ય થયું. આ કથા સાંભળતાં આનંદ પણ થયો કારણ કે, ભગવાન જેવા ભાગ્યવાન પણ પોતાની પૂર્વભૂલનો એકરાર અનોખી નિખાલસતાથી કરી સૌને પ્રતિબોધ માટે સમજાવી રહ્યા હતા, કે નાના કે મોટા રાગના કે દ્વેષના તરંગોમાં તણાતો માણસ પોતાના અલ્પજ્ઞાનથી જાણતો નથી હોતો કે શા માટે અકારણ કોઈના પ્રતિ પ્રીતિનાં પલ્લવ પલ્લવિત

થઈ જાય છે, ને શા માટે કોઈ નિમિત્ત વગર એક જીવ બીજા જીવને પહેલી નજરે નિહાળતાંની સાથે જ ક્રોધનો કાદવ ઉછાળવા લાગે છે ?

મેધાવી ગણધર ગૌતમસ્વામી પળભરમાં પામી ગયા કે આ સંસારના નાટ્યમંચ ઉપર એક જ પરિવારમાં પેદા થતાં ભાઈ-ભાઈ, બાપ-બેટા, દાદા-દીકરા, મા-દીકરી વચ્ચે અથવા બે પરિવાર થકી ખડા થતા સંબંધો, જેને નણંદ-ભોજાઈ, સાસુ-વહુ, શેઠ-નોકર, પતિ-પત્ની વગેરે વચ્ચે યા અતિ દુલાર કે અતિ દ્વેષ કયાં કારણોથી અકારણ ઉત્પન્ન થઈ જતા હોય છે ? શા માટે એક જીવનાં નેત્રો બીજા જીવ ઉપર નેહ-સ્નેહનાં નીર વહાવે ? જ્યારે ત્રીજી વ્યક્તિ ઉપર એ જ નેત્રો નઠારી નારાજી ઠાલવે ? જો સંસારમાં રાગદ્વેષની રમતો ન રમાતી હોત તો સંસારી અને સિદ્ધ વચ્ચે શું ફરક હોત ? પણ...

પણ, એવું કેમ થયું કે પ્રભુ વીર વીતરાગી બની ગયા તોય ખેડુનો દ્વેષ ઠર્યો નહિ. બનવા જોગ છે, હજી તેનાં કર્મો ભારી હોય. પણ શા માટે મને જોઈને તેને હેત ઊભરાયું, અને શા માટે પરમાત્માએ કહ્યું કે, મારા થકી તે જીવ ધર્મ પામશે ? ધર્મ પામી આમ ધજાગરા જેવું ભાગી છૂટવાનું કામ કર્યું તો તે ધર્મ પામ્યો કહેવાય કે કેવળીની અશાતના કરી અધર્મ ?

જ્ઞાની ગૌતમે પોતાના જ્ઞાનનો ઉપયોગ સુધ્ધાં ન કર્યો, અને પરમાત્માને પોતાના બે પ્રશ્નો રજૂ કર્યા. કારણ કે પોતે માનતા હતા કે ગમે તેવા જ્ઞાની છે, પણ પોતે પ્રભુના કેવળજ્ઞાનરૂપી સૂર્યની સામે નાનકડા તારલિયાના ટમટમાટની શી કિંમત ?

પરમાત્મા વીરે રહસ્ય ખોલતાં ખુલાસો કર્યો :

"હે ગૌતમ ! ખેડુનું મારા પ્રત્યેનું દ્વેષી વલણ સ્વાભાવિક હતું, તેમ તારા પ્રત્યેનું પ્રીતનું વલણ પણ સ્વાભાવિક હતું. કારણ કે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં મારા હાથે હણાયેલો તે વનસિંહ જ્યારે લોહી ઓકતો આળોટી રહ્યો હતો અને છેલ્લા શ્વાસ લેતો હતો ત્યારે વિચારતો હતો કે, હું વનનો રાજા નાના એવા માણસથી હણાયો. ધિક્કાર છે મારા જીવતરને કે મોટા મહારથીને માર્યા કે મહાત કર્યા, પણ મોત તો કમોત દશામાં જ થઈ રહ્યું છે.

"આમ, પોતાના બળની નિંદા કરતો અને પોતાના પરાક્રમનો વિક્રમ તૂટેલો માનતો જ્યારે તે કણસી રહ્યો હતો ત્યારે, હે ગૌતમ ! મારા રથના સારથિરૂપે રહેલો તું તે સિંહને સાંત્વના આપવા આવી ગયો. સિંહના આર્ત-રૌદ્ર ધ્યાનને અટકાવવા તેં તારી આગવી મીઠી વાણીથી સિંહને બોધ આપતાં કહ્યું, 'વનકેસરી ! તું ખેદ ન પામ—કારણ કે તારી હત્યા કરનાર તે નાનો માણસ નહિ, પણ વાસુદેવ બનનાર નરકેસરી પોતે જ છે. તું પશુસિંહ છો, તેમ તે પુરુષસિંહ છે. તું વનનો રાજા કહેવાય, તેમ તે રાજાનો રાજા થનાર છે. માટે એમ ન વિચાર કે કોઈ રંકે તને રોળી નાખ્યો છે. પણ હકીકતમાં એક સિંહથી બીજો સિંહ હણાયો છે. માટે તારું મૃત્યુ ગૌરવરૂપ ગણાય. કેમકે, તેં ઘણાને હરાવ્યા-હંફાવ્યા; હવે તને એક નરોત્તમે હણ્યો છે.'

"ગુમાની સિંહનો ગર્વ હળવો થયો ને તારી મીઠી વાણીના પ્રતાપે ગૌરવ માનવા લાગ્યો કે, મરણ પણ મળશે તોય મામૂલી માનવ થકી નહિ, પણ મહામાનવ થકી. આમ પોતાના મનને મનાવી પ્રાણત્યાગ કર્યો. પણ પ્રાણ છોડતા પૂર્વે તેણે મારા પ્રત્યે દ્વેષનાં અને તારા પ્રત્યે રાગનાં

બીજ વાવી નાખ્યાં હતાં; જેથી વચમાં અનેક ભવો કરી પાછા આપણાં ત્રણેયના જીવાત્માઓ કર્મરૂપી કુદરતની કરામતે અહીં ભેગા મળ્યા.

"મારી હિંસાએ મને નરકનો દરવાજો દેખાડ્યો; જ્યારે સમાધિ સાથે મરીને સિંહ અનુક્રમે દેવલોક સંચર્યો ને સુદંષ્ટ્ર નામના નાગકુમાર રૂપે જન્મ્યો. તે જ દેવે મારી સાધનાની શરૂઆતમાં નદી ઓળંગતી વખતે નૌકા ઉપર ઉપસર્ગો કરી પોતાના વેરની વસૂલાત ઇચ્છી, પણ ફાવ્યો નહિ. ત્યાંથી આવી તેણે આ ખેડુ રૂપે જન્મ લીધો, ને યૌવનાવસ્થા પામ્યો. આ તરફ મારો સાધનાકાળ પૂરો થયો ને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. પછી તું તથા અન્ય દસ ગણધરો પ્રાપ્ત થયા. તે દરમિયાન આ ખેડૂત ખેતી કરતો આપણી દૃષ્ટિમાં આવ્યો ત્યારે તેને પ્રતિબોધવા મેં તને મોકલ્યો. કારણ કે મારા કરતાં તે ખેડુ તારી પાસેથી જ ધર્મ પામવાનો હતો અને મારે પડદા પાછળ રહી ફક્ત દૃશ્ય જોવામાં જ તે હાલિકની ભલાઈ હતી.

"ગૌતમ ! તારો આત્મા પણ સારથિનો ભવ પૂરો કરી મધુર સ્વભાવ ને મધુરી વાણીના પ્રતાપે પ્રગતિ પામતો ભવનાં ભ્રમણ પૂરાં કરવા લાગ્યો. તારાં કર્મો તારી ભદ્રિકતાના પરિણામે હળવાં પડવા માંડ્યાં ને તારા આ ભવ પૂર્વેના પાંચ મહત્ત્વના ભવોમાં તારો સારો વિકાસ થયો."

ગણધર ગૌતમ તો પોતાના ભવભ્રમણની વાર્તા કોઈ પણ ભ્રમણા વગર સાંભળી વાગોળવા લાગ્યા; પણ વધુ આનંદ તો આજુબાજુ એકત્રિત થયેલા દેવો-માનવો અનુભવી રહ્યા. પરમાત્મા તો જાણે પરાર્થકરણના વ્યસનને વશ કથાવાર્તા આગળ વધારવા લાગ્યા :

"હે ગૌતમ ! આ જ ભવના પાંચમા ભવ પૂર્વે તારો જન્મ મંગલ નામે થયો ને સૌભાગ્ય નામકર્મ થકી મંગલશ્રેષ્ઠીના નામે નામના પામ્યો. એ ભવમાં તારે સુધર્મા નામના માણસ સાથે મૈત્રી થઈ. મૈત્રીનાં મૂળ ઊંડાં થયાં, જેથી તમે બેઉ પણ એકબીજાના રાગમાં રાચતા. તે પછીના ભવમાં પણ ફરી ભેગા થયા. શ્રેષ્ઠીના ભવમાં જીવન સારું જીવ્યા પણ મૃત્યુ વેળાએ મનને પાણી-પાણીના આર્તધ્યાનમાં પરોવી મનુષ્યભવ હારી ગયા, તેથી સમુદ્રનો મોટો માછલો બન્યા. તમારો મિત્ર સુધર્મા મરીને મનુષ્યભવ પામ્યો. એક વખત તે સમુદ્રમાં પડી ગયો ત્યારે પૂર્વભવના પ્રેમને કારણે તેમની સહાયતામાં આવ્યા અને તેમને સમુદ્રમાં ડૂબતા બચાવી, પીઠ ઉપર બેસવા દઈ, કિનારે પહોંચાડ્યા.

"ફરી ત્રીજા ભવમાં તારો પરગજુ જીવ જ્યોતિર્માલી નામનો દેવ બન્યો ને તારો મિત્ર પણ દેવગતિ પામ્યો. પણ તે ભવમાં પણ તારા મિત્રને દેવાંગનાઓમાં લુબ્ધ જોઈને તેને પ્રતિબોધ પમાડી વાસનાના વમળથી વાર્યો ને પતનના પંથે જતાં ઉગાર્યો. આમ, તમારામાં પરાર્થકરણ ને પરગજુપણું પાંગરતાં પ્રતિબોધ પમાડવાની શક્તિ-લબ્ધિ વિકસતી ચાલી. ચોથો, એટલે કે તારા આ ભવ પહેલાંનો ભવ પણ રાજપુત્ર વેગવાનના રૂપે થયો. તું રાજા સુવેગનો સંતાન બન્યો. સુધર્માનો જીવ સ્ત્રીલાલસામાં લપેટાતો-લોપાતો સ્ત્રી-અવતાર પામ્યો, જેનું નામ હતું કન્યા ધનમાલા. તારો તથા તેનો મેળાપ તો થયો, પણ ધનમાલા વિલાસી સંસ્કારના કારણે તારા ઉપરની પ્રીત ભૂલી પરમાં આસક્ત બની ગઈ હતી. તને તેવાં કારણોથી તુમુલ વૈરાગ્ય થયો, જેથી તેં તારા મંત્રીને પ્રતિબોધી મંત્રી સાથે જ દીક્ષા લીધી. ચારિત્રની ચર્યાઓને ચતુરતાપૂર્વક પાળી આ ભવમાં તું ઇન્દ્રભૂતિ નામે બ્રાહ્મણ કુળમાં અવતર્યો. તારો મિત્ર સુધર્મા તારી દીક્ષા પછી પોતાની વાસનાના

વિકારોથી ઉદ્વેગ પામી, પશ્ચાત્તાપ વડે પાપોને પાતળાં પાડી આ ભવમાં ફરી પુરુષરૂપે અવતર્યો, જેનું નામ છે સ્કંદક કાત્યાયન."

ઈન્દ્રભૂતિ ગૌતમને હાલિકના પહેલા પ્રશ્નના જવાબ ઉપરાંત પોતાની પ્રગતિનો અહેવાલ પણ અનાયાસ જાણવા મળ્યો. તેઓ તથા સૌ જ્યારે ઉત્કંઠાથી કંઠ અને કાન ઊંચા જેવાં કરી પરમાત્માને સુણી રહ્યા હતા, ત્યારે પરમાત્માએ હાલિક ખેડૂતને લગતો બીજો પ્રશ્ન પણ ઉકેલી દીધો.

"વત્સ ગોયમ ! હવે તમારા મનમાં બીજો પ્રશ્ન છે કે હાલિક ખેડૂત પ્રતિબોધ તારા વડે જ પામ્યો ને દીક્ષા પણ સ્વીકારી, પણ મને દેખતાં જ તે મારી અશાતના જેવી ક્રિયા કરી કેમ ભાગ્યો ? આમ, દીક્ષાને દોકડા-બે દોકડાના મૂલ્યની માની છોડી-તરછોડી ચાલવામાં તેણે પ્રાપ્ત કર્યું કે ગુમાવ્યું ને ?"

ગણધરે હકારાત્મક ડોકું હલાવ્યું—ને પ્રભુએ પ્રકાશ્યું :

'ગૌતમ ! હકીકતમાં તારી પ્રીતિની ન્યારી નીતિમાં નમ્રતાપૂર્વક દીક્ષા લઈ તે ખેડૂતે ચડતા પરિણામે તારા મોઢે તારા ગુરુ એવા મારા ગુણોનું વર્ણન તારી વિશિષ્ટ શૈલીમાં સાંભળી સમકિત મેળવી લીધું અને તે પછી મારા અતિશયોથી અંજાઈ જઈ તે સમકિતને નિર્મળ પણ બનાવ્યું. તે પછી મને નજરોનજર નિહાળતાં દ્વેષ-સંસ્કારના કારણે, મને પોતાના ગુરુના ગુરુ તરીકે ન સ્વીકારતાં દીક્ષાનો વેશ ફગાવીને ભાગ્યો. પણ, જે જીવને એક વખત પણ સમકિત સ્પર્શી જાય, પછી તેનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તમાં અવશ્ય પૂર્ણ થાય તેમ તે હાલિક મોક્ષ મેળવી આત્મકલ્યાણ સાધી જશે."

હસી પડેલા દેવોનું હાસ્ય ઉપરોક્ત હકીકત જાણી હવામાં વિલાઈ ગયું ને સૌ ગંભીર બની લબ્ધિવાન ગૌતમને ગુરુ વીર પરમાત્મા સાથે વંદી રહ્યા, અભિનંદી રહ્યા.

* * *



જિનમંદિરોની કલા-સંપત્તિ ખરેખર વિશ્વમાં બેજોડ અને સમૃદ્ધ છે.

# મહાવીરસ્વામીના અગિયાર ગણધરો

*—સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપદ્મસૂરિજી મહારાજ*

આવશ્યક સૂત્ર, વિવિધ તીર્થ—કલ્પ વગેરે ગ્રંથોને આધારે, પ્રભુ વીરના અગિયાર ગણધરોના પરિચય સાથે લબ્ધિઓનું રસમય વર્ણન અહીં ઉપસ્થિત થયેલું છે. ગૌતમ ગણધરનું પ્રારંભિક જીવન-આલેખન પણ વાંચનારને મળશે. ગણધરો વિષેનું સવિસ્તાર આલેખન અહીં પ્રસ્તુત છે. *—સંપાદક*

## [૧] લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી

**જન્મ, માતા-પિતા, કુટુંબ :—** ઘણો કાળ વીત્યા બાદ સારથિનો જીવ મગધ દેશના ગોબર નામના ગામમાં વેદાદિ પારંગત વસુભૂતિ બ્રાહ્મણના પુત્રપણે ઉત્પન્ન થયો. તેમનું નામ ઇન્દ્રભૂતિ અને ગોત્ર ગૌતમ હતું. એમનો જન્મ જ્યેષ્ઠા નક્ષત્રમાં અને વૃશ્ચિક રાશિમાં થયો હતો. એમને પૃથ્વી નામની માતા હતી. વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાનના ધારક આ શ્રી ઇન્દ્રભૂતિજીને અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના બે નાના ભાઈ હતા. તેઓ વ્યાકરણ, ન્યાય, કાવ્ય, અલંકાર, પુરાણ, ઉપનિષદ, વેદ વગેરે સ્વધર્મશાસ્ત્રના પારંગત બન્યા. હંમેશાં ત્રણે ભાઈઓ પાંચસો—પાંચસો શિષ્યોને ભણાવતા હતા. આવા પંડિત હોવા છતાં સમ્યગ્દર્શનના અભાવે તેઓ ખરા જ્ઞાની નહોતા ગણાતા, કારણ કે શુદ્ધ શ્રદ્ધાયુક્ત જ્ઞાન જ સાચું જ્ઞાન કહેવાય છે અને તે એમની પાસે ન હતું.

**ભગવાન મહાવીરનો સમાગમ અને દીક્ષા :—** એ પ્રમાણે શ્રી ઇન્દ્રભૂતિ ૫૦ વર્ષની ઉંમર સુધી મિથ્યાત્વી રૂપે રહ્યા. બીજી બાજુ શ્રી મહાવીરદેવને કેવલજ્ઞાન થયા બાદ તીર્થની સ્થાપના કરવાના પ્રસંગે, શ્રી ઇન્દ્રભૂતિ વગેરે અગિયારે બ્રાહ્મણો ગણધરપદને લાયક જણાયા. તેથી પ્રભુ વિહાર કરી મધ્યમ પાપા (અપાપા) નગરીના મહસેન નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં સમવસરણમાં બેસી પ્રભુ દેશના આપી રહ્યા હતા અને નગરીમાં સપરિવાર ઇન્દ્રભૂતિ આદિ બ્રાહ્મણો યજ્ઞક્રિયા કરી રહ્યા હતા; ત્યારે ઇન્દ્રભૂતિને, આકાશમાર્ગે આવતા દેવોના નિમિત્તે, સર્વજ્ઞ પ્રભુ શ્રી મહાવીરનો પરિચય થયો. તે પ્રભુની પાસે ગયો ત્યારે પ્રભુએ તેને પૂછ્યું, "હે ઇન્દ્રભૂતિ ! તમને 'જીવ છે કે નહીં' આ બાબતે સંદેહ છે." પ્રભુનું આ વચન સાંભળીને ઇન્દ્રભૂતિને આશ્ચર્ય થયું અને સાથે-સાથે પ્રભુના સર્વજ્ઞપણાની ખાતરી થઈ. વેદવાક્યનો ઇન્દ્રભૂતિ જે અનુચિત અર્થ કરતા હતા તેનો પ્રભુએ ઉપયોગ ધર્મની અપેક્ષાએ, સત્ય અર્થ સમજાવ્યો એટલે સંદેહ દૂર થતાં, તેમણે પચાસ વર્ષ થયાં બાદ એકાવનમા વર્ષે, વૈશાખ સુદિ અગિયારસના દિવસે પૂર્વ ભાગમાં સંયમ ગ્રહણ કર્યું. (બાકીના ૧૦ બ્રાહ્મણોએ પણ તે જ દિવસે પોતાનો સંશય દૂર થતાં ઇન્દ્રભૂતિજીની માફક દીક્ષા ગ્રહણ કરી.)

**ગણધરપદ અને ચાર જ્ઞાનની પ્રાપ્તિ :—** અહીં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે,

પોત-પોતાનો સંદેહ દૂર થતાં શ્રી ઇન્દ્રભૂતિ આદિની મિથ્યા પરિણતિ પણ દૂર થઈ અને સમ્યક્ત્વની પરિણતિ પ્રાપ્ત થઈ. પ્રભુએ લાયક જાણી તેમને ગણધરપદવી આપી અને વાસક્ષેપ કર્યો, એટલે એ જ વખતે તેઓ બધા સમ્યગ્દર્શન ઉપરાંત ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ)ના ધારક બન્યા. ખરેખર, પ્રભુના વાસક્ષેપનો પ્રભાવ અલૌકિક હોય છે. થોડા જ વખત પહેલાં જેઓને સમ્યગ્જ્ઞાનની ગંધ પણ ન હતી, જેઓ મિથ્યા જ્ઞાનરૂપી કાદવમાં ખૂંતેલા હતા અને જેથી તેઓ પ્રભુને 'ઇન્દ્રજાલિયો' વગેરે-વગેરે શબ્દો કહેતા હતા, તેઓ થોડા જ વખતમાં આવા જ્ઞાની બન્યા અને ઉચ્ચ કોટિમાં મુકાયા. ખેરખર, સત્પુરુષોનો સમાગમ અપૂર્વ લાભકારક હોય છે !

**તીર્થંકરપદ અને ગણધરપદનો ટૂંક વિચાર :—** તીર્થંકરપદ સિવાયનાં બીજાં બધાં પદોમાં ગણધરપદ પ્રધાન છે. અનેક ગ્રંથો ઉપર સરલ ટીકા બનાવનાર અને સરસ્વતીના વરદાનવાળા આચાર્ય મલયગિરિજી મહારાજે પંચસંગ્રહમાં કહ્યું છે કે—કષાયની મંદતાવાળા અને સમ્યગ્દર્શન સહિત એવા જે જીવો 'આશ્ચર્ય છે કે—મહાદેદીપ્યમાન, શ્રી તીર્થંકરના ધર્મરૂપી દીવો હયાત છતાં મોહરૂપ તિમિરથી ઢંકાયેલાં નેત્રવાળા આ બિચારા સંસારી જીવો અનેક કષાયાદિ સ્વરૂપ કાંટાઓથી ભરેલા સંસારમાં આથડે છે,' એવી ભાવદયાથી પ્રેરાઈને સર્વ જીવોને ઉદ્ધારવાનો પ્રયત્ન કરે છે, તેઓ તીર્થંકર નામકર્મ બાંધે છે અને સ્વજનવર્ગનો ઉદ્ધાર કરવાની ભાવના ભાવનાર જીવો ગણધરપદને પામે છે. મહાપુણ્યશાળી જીવો જ આ સ્થિતિને પામી શકે છે, તેથી તેમની રૂપસંપદા પણ ઇતર જીવો કરતાં વિશિષ્ટ હોય છે. યાવત્ આહારક શરીરના રૂપસૌંદર્યથી પણ ગણધરદેવોનું રૂપ અધિક હોય છે.

**શક્તિ, ગુણો, તપ અને ગુરુભક્તિ :—** સર્વ ગણધરોમાં શ્રી ગૌતમ ગણધર મહાપ્રભાવશાળી ગણાય છે, કારણ કે તેઓશ્રી અનેક લબ્ધિઓના નિધાન હતા. સાથે-સાથે તેઓ નિરભિમાન પણ તેટલા જ હતા, તે આનંદ શ્રાવકના અવધિજ્ઞાનની બાબતમાં પોતાની ભૂલ જણાતાં તેમણે તેને 'મિચ્છામિ દુક્કડં' દીધો તે ઉપરથી જાણી શકાય છે. એવી ઊંચી હદે પહોંચ્યા છતાં તેઓનો ગુરુભક્તિમાં અપૂર્વ પ્રેમ હતો. ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવામાં તેઓ આનંદ અનુભવતા હતા અને ખરી મોટાઈ પણ તેમાં જ સમજતા હતા. વસ્તુતત્ત્વનો નિર્ણય મેળવવા સાથે, બીજાઓને બોધ પમાડવા માટે અને સ્વશિષ્યોનો શ્રદ્ધાગુણ વધારવા માટે પણ શ્રી ગૌતમ મહારાજે વારંવાર ભગવાનને અનેક પ્રશ્નો પૂછ્યા છે અને તેથી જ ભગવતીસૂત્રમાં ૩૬ હજાર વાર શ્રી ગૌતમ મહારાજનું નામ આવે છે. આવા પ્રકારની પ્રશ્નશૈલીને અપૂર્વ બોધદાયક જાણીને શ્રી શ્યામાચાર્ય ભગવંતે શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં પણ તે શૈલી કાયમ રાખી છે. અણાહારપદની વાનકી અને નિકાચિત કર્મોને તોડવાનું અપૂર્વ સાધન ક્ષમાપ્રધાન તપશ્ચર્યા છે, એમ સમજીને, શ્રી ગૌતમસ્વામી છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા હતા. છતાં તેઓનું શરીર મહાતેજસ્વી દેખાતું હતું.

**કેવળજ્ઞાનની પ્રાપ્તિની શંકા અને તેનું નિવારણ :—** પૃષ્ઠ ચંપાનગરીના શાલ અને મહાશાલ નામના રાજપુત્રોએ, પ્રભુની દેશનાથી વૈરાગ્ય પામી પોતાના ભાણેજ ગાંગિલને રાજ્ય સોંપી, દીક્ષા ગ્રહણ કરી. તેઓ અગિયાર અંગો ભણ્યા અને ગીતાર્થ બન્યા. પછી ગાંગિલકુમારાદિને પ્રતિબોધ કરવા માટે, પ્રભુની આજ્ઞા લઈ ગૌતમસ્વામીની સાથે તે બન્ને (શાલ-મહાશાલ) પૃષ્ઠ ચંપાનગરીમાં પધાર્યા. ત્યાં ગાંગિલ રાજાએ ગણધર શ્રી ગૌતમ મહારાજની દેશના સાંભળી, વૈરાગ્ય

પામી, સ્વપુત્રને રાજ્ય સોંપી, માતા-પિતા સહિત, ગૌતમસ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી સપરિવાર ગૌતમસ્વામી પ્રભુ વીરની પાસે આવવા રવાના થયા. ત્યાં રસ્તામાં શાલ અને મહાશાલને પોતાનાં બહેન-બનેવી આદિના ગુણોની અનુમોદના કરતાં ક્ષપકશ્રેણિમાં કેવળજ્ઞાન થયું. આ બીના, પ્રભુ શ્રી વીરની પાસે આવ્યા બાદ પ્રભુશ્રીના કહેવાથી જ્યારે શ્રી ગૌતમ મહારાજે જાણી ત્યારે તેઓ વિચાર કરવા લાગ્યા કે શું મને કેવળજ્ઞાન નહીં થાય ? આ વાતનો ખુલાસો કર્યો કે આજે જ પ્રભુએ ફરમાવ્યું છે કે 'જે ભવ્ય જીવ સ્વલબ્ધિ વડે અષ્ટાપદ પર્વત ઉપર જઈ જિનેશ્વરોને વંદન કરે તે આત્મા તે જ ભવે સિદ્ધિપદ પામે.' એ સાંભળીને તેઓ પ્રભુની આજ્ઞા લઈને ચારણલબ્ધિથી વાયુ જેવા વેગે અષ્ટાપદ પર્વત ઉપર ચઢી, તીર્થવંદના કરી, અશોક વૃક્ષની નીચે બેઠા ! ત્યાં વૈશ્રમણ આદિ દેવોને સંસારની વિચિત્રતા ગર્ભિત દેશના સંભળાવી. છેવટે વૈશ્રમણને શંકાશીલ જાણીને પુંડરીક અને કંડરીકનું દૃષ્ટાંત કહી તેને નિઃસંદેહ બનાવ્યો.

**પંદરસો તાપસોને દીક્ષા, ભોજન અને કેવળજ્ઞાન :–** રાત ત્યાં રહી તેઓ સવારે નીચે ઊતરવાની તૈયારી કરતા હતા ત્યારે નીચે, પૂર્વે આવેલા પંદરસો તાપસો, ગૌતમસ્વામીની (ચઢતી વખતની) અપૂર્વ શક્તિ જોઈને આશ્ચર્ય પામીને 'તેઓ ઊતરશે ત્યારે તેમના શિષ્ય થઈશું', આવા ઇરાદાથી તેમની રાહ જોઈ રહ્યા હતા. એટલે જ્યારે ગૌતમસ્વામીને આવેલા જોયા ત્યારે તેઓએ દીક્ષાની માગણી કરી. ગૌતમસ્વામીએ બધા તાપસોને દીક્ષા આપી. પછી આ બધા પ્રભુની પાસે જવા ચાલ્યા. વચમાં એક ગામ આવ્યું ત્યાં શ્રી ગૌતમસ્વામીએ અક્ષીણ-મહાનસીલલબ્ધિના પ્રભાવે થોડી ખીર છતાં સર્વેને તૃપ્ત કરી, સર્વેને વિસ્મય પમાડ્યા.

એ પંદરસો તાપસોમાંથી પાંચસોને જમતાં, પાંચસોને પ્રભુની પ્રાતિહાર્યાદિ ઋદ્ધિ જોતાં અને પાંચસો તાપસોને પ્રભુનાં દૂરથી દર્શન થતાંની સાથે જ કેવળજ્ઞાન પ્રગટ થયું. આ વાતની શ્રી ગૌતમસ્વામીને ખબર ન હોવાથી તેમણે તાપસોને કહ્યું કે, પ્રભુને વંદન કરો. એટલે શ્રી મહાવીરદેવે કહ્યું, 'હે ગૌતમ, આ સર્વ કેવલી છે, તેથી વંદન કરવાનું ન કહેવાય !' આ સાંભળી તરત જ શ્રી ગૌતમ મહારાજે કેવલી તાપસોને ખમાવ્યા. ધન્ય છે શ્રી ગૌતમ દેવના નમ્રતાના ગુણને !

**ફરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિની શંકા અને તેનું સમાધાન :–** આ અવસરે ફરી શ્રી ગૌતમ મહારાજે વિચાર્યું કે–"જરૂર હું આ ભવમાં મુક્તિમાં જઈશ નહીં કારણ કે મેં જેઓને દીક્ષા આપી તેઓ કેવલજ્ઞાન પામ્યા અને હું ન પામ્યો." એટલે પ્રભુએ પૂછ્યું—'હે ગૌતમ ! તીર્થંકરોનું વચન સાચું કે દેવોનું વચન સાચું ?' આ પ્રશ્નનો શ્રી ગૌતમે વિનયથી જવાબ આપ્યો : 'નક્કી તીર્થંકરનું વચન સત્ય છે.' પ્રભુએ ગૌતમને આશ્વાસન પમાડવા માટે વધુમાં કહ્યું કે—'હે ગૌતમ, આમ અધીરતા કરીશ નહીં. લાંબા કાળના પરિચયથી તને મારા ઉપર દૃઢ રાગ છે, તે દૂર થતાં જ તને કેવલજ્ઞાન થશે !' ગૌતમસ્વામીને આથી શાંતિ થઈ !

આ પ્રમાણે શ્રી ગૌતમ મહારાજા મહાવીરદેવની પાસે બહુ દૂર નહીં અને બહુ પાસે નહીં તેમ ઉભડક પગે વિનયપૂર્વક બેસતા હતા, અને ધર્મધ્યાન, શુક્લધ્યાન રૂપી કોઠાને પ્રાપ્ત થયેલા પાંચ ઇન્દ્રિયોને અને મનને સ્થિર રાખતા હતા તેમ જ સંયમ અને તપ વડે આત્માને નિર્મલ બનાવી રહ્યા હતા. ગૌતમ ગોત્રમાં જન્મેલા, સાત હાથની કાયાવાળા, સમચતુરસ્ર સંસ્થાનના ધારક

અને વજ્રઋષભનારાચ સંઘયણવાળા શ્રી ગૌતમસ્વામી મહાતપસ્વી, ઘોર બ્રહ્મચર્યના પાલક અને સંક્ષિપ્ત તેમ જ વિપુલ તેજોલેશ્યાને ધારણ કરનારા હતા. વળી તેઓ ચૌદ પૂર્વના જ્ઞાતા, ચાર જ્ઞાનના ધારક અને સર્વાક્ષર સંયોગોના જાણકાર હતા. છતાં તેમને જ્યારે-જ્યારે જિજ્ઞાસારૂપ સંશય થાય ત્યારે વિનયપૂર્વક કયાં કારણોથી કયું કર્મ બંધાય? કર્મથી મુક્ત થવાનો શો ઉપાય? તેમ જ **'चलमाणे चलिय'** વગેરેના મહાવીર પ્રભુને પ્રશ્નો પૂછી તેનો ખુલાસો મેળવતા હતા.

**હાલિક ખેડૂતનો પ્રસંગ, પૂર્વ સંસ્કારોનું પ્રાબલ્ય :**— પ્રારંભમાં કહ્યા પ્રમાણે શ્રી ગૌતમ મહારાજે જે સિંહને મરતી વખતે નવકારમંત્ર સંભળાવી આશ્વાસન આપ્યું હતું, તે સિંહ મરીને અત્યારે ખેડૂત થયો હતો. તેને જોઈને પ્રભુ વીરે કેવલજ્ઞાનથી જાણ્યું કે—જો કે મેં ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં આને મારેલ હોવાથી મારી ઉપર તેને દ્વેષ છે, તો પણ તેનો હું ઉદ્ધાર કરું. એટલે પ્રભુએ ગૌતમ ગણધરને કહ્યું કે "હે વત્સ, આ સામે ખેતરમાં ખેડ કરતા ખેડૂતને પ્રતિબોધ કરવા જા!" એટલે ગૌતમસ્વામીએ ત્યાં જઈ તેને ઉપદેશ આપ્યો અને તેને દીક્ષા દીધી. પછી તેને સાથે લઈને શ્રી ગૌતમ ગણધર પ્રભુની પાસે આવ્યા. પ્રભુને જોતાંની સાથે જ દ્વેષ જાગવાથી વેષ મૂકીને તે ખેડૂત ચાલ્યો ગયો.

અહીં સંસ્કારનો સિદ્ધાંત સમજવા જેવો છે. જેવા સંસ્કાર આ ભવમાં પડ્યા હોય તેવા સંસ્કાર લઈને જીવ ભવાંતરમાં જાય છે. પાછલા ભવમાં સંયમાદિની આરાધનાના ઉચ્ચ સંસ્કારને પ્રતાપે જ શ્રી વજ્રસ્વામી આદિ મહાપુરુષોને નાની ઉંમરમાં પણ સંયમ-સાધનાનો ઉત્તમ અવસર મળ્યો હતો. સાથે-સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે પાછલા ભવમાં ખરાબ સંસ્કાર પડ્યા હોય તો તેવા જ સંસ્કારનો ભવાંતરમાં અનુભવ થાય છે. હાલિકના પૂર્વસંસ્કારોએ જોર માર્યું અને તે પ્રભુ વીરને જોઈને સંયમ છોડીને નાસી ગયો.

**શ્રી વીરનિર્વાણ અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ :**— શ્રી ગૌતમ મહારાજે પચાસ વર્ષની ઉંમર વીત્યા બાદ એકાવનમા વર્ષે દીક્ષા ગ્રહણ કરીને ત્રીસ વર્ષ સુધી, એટલે ૮૦ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી છદ્મસ્થભાવે પ્રભુ શ્રી વીરની સેવા કરી અને આત્માને નિર્મલ કર્યો. ૮૧મા વર્ષના પ્રારંભમાં તેમને કેવલજ્ઞાન પ્રગટ થયું, તે પ્રસંગ આ પ્રમાણે છે : પોતાનો નિર્વાણસમય નજીક જાણીને પ્રભુ મહાવીરદેવે, "ગૌતમનો મારી ઉપર અત્યંત રાગ છે, માટે મારાથી દૂર હશે તો જ તેને કેવલજ્ઞાન થશે." એમ વિચારીને શ્રી ગૌતમને નજીકના કોઈક ગામમાં રહેતા દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ કરવા જવાની આજ્ઞા ફરમાવી. તે પ્રમાણે ત્યાં જઈ તેને પ્રતિબોધ પમાડી પાછા ફરતાં રસ્તામાં તેમણે, પ્રભુના પંચમ-નિર્વાણ-કલ્યાણક માટે આવેલા દેવોના કહેવાથી, પ્રભુ શ્રી મહાવીરના નિર્વાણના સમાચાર જાણ્યા. તેમને અસહ્ય ખેદ થયો અને તે સ્તબ્ધ થઈ ગયા. અને તેઓ ખિન્ન હૃદયે 'મહાવીર' 'મહાવીર' શબ્દનો મોટે સ્વરે જાપ કરવા લાગ્યા. 'વીર' 'વીર' એમ બોલતાં-બોલતાં કંઠ સુકાવા લાગ્યો એટલે છેવટે એકલો 'વી' શબ્દ જ બોલવા લાગ્યા. પોતે દ્વાદશાંગીના જાણકાર હોવાથી 'વી' શબ્દથી શરૂ થતા અનેક સ્તુતિ-સૂચક શબ્દો તેમને યાદ આવ્યા. છેવટે વીતરાગ શબ્દની વિચારણા કરતાં તેમણે જાણ્યું કે—પ્રશસ્ત સ્નેહ પણ મોક્ષ પામવામાં વિઘ્નકર્તા છે. એમ જાણી શ્રી ગૌતમ મહારાજા વિચારવા લાગ્યા કે—ખરેખર હું ભૂલ કરું છું. પ્રભુ તો વીતરાગ છે. એમને મારી ઉપર રાગ હોય જ શેનો? ખરેખર, હું જ મોહમાં પડ્યો છું,

મારું કોઈ નથી, તેમ હું કોઈનો નથી; એમ વૈરાગ્ય ભાવના ભાવવાપૂર્વક ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિવાળા શ્રી ગૌતમસ્વામી આસો વદ અમાસની પાછલી રાતે—ધ્યાનાન્તરીય સમયે લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાન પામ્યા. વાજબી છે કે—મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા ભવ્ય જીવોને વજ્રની સાંકળ સમાન કોઈ પણ હોય તો તે એક સ્નેહ છે. સવારે ઇન્દ્રાદિક દેવોએ કેવલજ્ઞાનનો મહિમા કર્યો.

**અનશન અને નિર્વાણની પ્રાપ્તિ :**—પછી બાર વર્ષો સુધી જગતી-તલની ઉપર વિચરી, ગૌતમદેવ અંતિમ સમયે શ્રી રાજગૃહ નગરની બહારના વૈભારગિરિ પર્વતની ઉપર આવ્યા અને ત્યાં પાદપોપગમન અનશનમાં એક મહિનાના ઉપવાસ કરી, સુધર્માસ્વામીને ગણ સોંપીને, ૯૨ વર્ષનું આયુષ્ય વિતાવી અને બાકીનાં ચારે અઘાતી કર્મોનો ક્ષય કરી, અક્ષય-અવ્યાબાધ સુખમય મુક્તિપદને પામ્યા !

વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોના બધા ગણધરોમાં શ્રી ગૌતમ ગણધર મહાપ્રભાવશાળી ગણાય છે. તેમના ક્ષમા, નમ્રતા, સરલતા, લબ્ધિસંપન્નતા આદિ અનેક ગુણોથી આકર્ષાઈને શ્રીસંઘ, દિવાળીના દિવસે ચોપડામાં, શારદાપૂજન કરતી વખતે "શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હોજો" એમ લખે છે, અને કાર્તિક સુદ એકમના દિવસે સવારમાં તેમના સ્તોત્ર-રાસ વગેરે સાંભળે છે. એવા ગુરુ ગૌતમ સૌનું શ્રેય કરો !

## [૨] અગ્નિભૂતિ ગણધર

મગધ દેશના ગોબર ગામમાં ગૌતમગોત્રના વસુભૂતિ બ્રાહ્મણ અને પૃથ્વી માતાના પુત્ર શ્રી અગ્નિભૂતિનો જન્મ વૃષભ રાશિ અને કૃત્તિકા નક્ષત્રમાં થયો હતો. તેઓ મહાબુદ્ધિશાળી હોવાથી મોટી ઉંમરે ચૌદ વિદ્યાના પારગામી બન્યા. 'કર્મ છે કે નહીં—આ સંશય દૂર કરીને પ્રભુ શ્રી મહાવીરદેવે તેમને, તેમના પાંચસો શિષ્યો સાથે, ૪૭મા વર્ષની શરૂઆતમાં વૈશાખ સુદ અગિયારસે દીક્ષા આપી અને ગણધરપદે સ્થાપ્યા. ત્રિપદી સાંભળીને અગિયાર અંગોની રચના કરવામાં સમર્થ અને ચતુર્જ્ઞાની એવા શ્રી અગ્નિભૂતિ મહારાજ છદ્મસ્થપણામાં ૧૨ વર્ષ રહ્યા. એટલે ૫૮ વર્ષ વીત્યા બાદ ૫૯મા વર્ષની શરૂઆતમાં તેઓ કેવલજ્ઞાન પામ્યા. ૧૬ વર્ષ સુધી કેવલીપર્યાય આરાધી, ૭૪ વર્ષનું સંપૂર્ણાયુ પૂરું કરી, વૈભારગિરિ ઉપર પાદપોપગમન અનશન કરવાપૂર્વક માસક્ષમણ કરી, તેઓ નિર્વાણ પામ્યા. તેમના સંઘયણ, દેહ, રૂપ વગેરેની બીના શ્રી ઇન્દ્રભૂતિજીના ચરિત્ર પ્રમાણે સમજવી.

## [૩] શ્રી વાયુભૂતિ ગણધર

ત્રીજા ગણધર મહારાજા પહેલા અને બીજા ગણધરના સગા ભાઈ થાય, તેથી માતા-પિતાનાં નામ પૂર્વની માફક જાણવાં. તેમનો જન્મ તુલા રાશિમાં સ્વાતિ નક્ષત્રમાં થયો હતો. તેઓ ચૌદ વિદ્યાના પારગામી બન્યા હતા. તેમને "આ શરીર છે તે જ આત્મા છે કે શરીરથી અલગ આત્મા છે ?"—આ સંશય હતો. પ્રભુ શ્રી વીરના સમાગમથી તે સંદેહ દૂર થતાં ૫૦૦ શિષ્યો સહિત, પૂર્વે કહેલી તિથિએ, ૪૨ વર્ષનો ગૃહસ્થપર્યાય વીત્યા બાદ, તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી. ૧૦ વર્ષ છદ્મસ્થપણામાં રહી, ૫૩મા વર્ષની શરૂઆતમાં તેઓ સર્વજ્ઞ થયા. ૧૮ વર્ષ કેવલીપણે વિચરી, ૭૦ વર્ષનું સર્વાયુ પાળી પ્રભુની હયાતીમાં તેઓ નિર્વાણ પામ્યા. બાકીની બીના પૂર્વની માફક જાણવી.

## [૪] શ્રી વ્યક્ત ગણધર

આ શ્રી વ્યક્ત ગણધર મહારાજ, કોલ્લાક ગામના રહીશ, ભારદ્વાજ ગોત્રના, પિતા ધનમિત્ર અને માતા વારુણીના પુત્ર હતા. તેમનો જન્મ મકર રાશિ અને શ્રવણ નક્ષત્રમાં થયો હતો. શ્રી ઇન્દ્રભૂતિજીની માફક, ૫૧મા વર્ષની શરૂઆતમાં "પાંચ (પૃથ્વી આદિ) ભૂત છે કે નહીં?" આ સંદેહ દૂર થતાં ૫૦૦ શિષ્યો સહિત તેમણે પ્રભુ શ્રી વીરની પાસે દીક્ષા ગ્રહણ કરી. શ્રી અગ્નિભૂતિની માફક ૧૨ વર્ષ પ્રમાણ છદ્મસ્થ પર્યાય ગાળી, ૬૨ વર્ષની ઉંમર વીત્યા બાદ, ૬૩મા વર્ષની શરૂઆતમાં તેઓ કેવલજ્ઞાન પામ્યા. ત્રીજા ગણધરની માફક ૧૮ વર્ષ સુધી કેવલીપણે વિચરી પ્રભુ વીરની હયાતીમાં સર્વાયુ ૮૦ વર્ષનું પૂર્ણ કરી મુક્તિપદ પામ્યા હતા. બાકીની બીના પૂર્વની જેમ જાણવી.

## [૫] શ્રી સુધર્માસ્વામી ગણધર

આ પાંચમા ગણધર સુધર્માસ્વામીજી કોલ્લાક ગામના રહીશ, અગ્નિવેશ્યાયન ગોત્રમાં જન્મેલા, પિતાશ્રી ધનમિત્ર વિપ્ર અને માતાશ્રી ભદ્દિલાના પુત્ર હતા. કન્યા રાશિ અને પ્રભુ શ્રી વીરનું જે જન્મનક્ષત્ર હતું તે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. કુશાગ્ર બુદ્ધિના પ્રભાવે તેઓ ચૌદ વિદ્યાના પારંગત થયા. તેમને એવો સંશય હતો કે "જે પ્રાણી જેવો આ ભવમાં હોય, તેવો જ તે (પ્રાણી) પરભવમાં થાય છે કે બીજા સ્વરૂપે?" પ્રભુ શ્રી વીરે આ સંશય દૂર કર્યો, જેથી તેમણે પણ પહેલા અને ચોથા ગણધરની માફક એકાવનમા વર્ષની શરૂઆતમાં પ્રભુની પાસે દીક્ષા લીધી. આ શ્રી સુધર્માસ્વામીની બાબતમાં શ્રી શત્રુંજય માહાત્મ્યમાં કહ્યું છે કે—આદીશ્વર ભગવંતની આજ્ઞાથી શ્રી પુંડરીક ગણધરે સવાલાખ શ્લોક પ્રમાણ શ્રી શત્રુંજય માહાત્મ્ય બનાવ્યું હતું.

તે ઘણું વિશાળ હોવાથી અલ્પ જીવિત—બુદ્ધિવાળા જીવોના ઉપકારને માટે પ્રભુ શ્રી મહાવીરદેવની આજ્ઞાથી ગચ્છનાયક[૧] શ્રી સુધર્માસ્વામી ગણધરે તેને ટૂંકું કરીને ૨૪ હજાર શ્લોક પ્રમાણ બનાવ્યું. ત્યાર બાદ કાલાન્તરે શીલાદિત્ય રાજાની વિનંતી ધ્યાનમાં લઈને આચાર્ય શ્રી ધનદેવસૂરિજી મહારાજે તેથી પણ નાનું શત્રુંજય માહાત્મ્ય બનાવ્યું.

સુધર્માસ્વામીજી મહારાજ પહેલાં ઉદયના ૨૦ આચાર્યોમાં મુખ્ય યુગપ્રધાન થયા. યુગપ્રધાન મહાપુરુષો (પ્રાયઃ) એકાવતાર હોય છે. તેમણે ૪૨ વર્ષ (બીજા ગણધરો કરતાં અધિક સમય) સુધી છદ્મસ્થપણું ભોગવ્યું. તેમાં તેઓ ૩૦ વર્ષ સુધી પ્રભુ વીરની સેવામાં રહ્યા અને ૧૨ વર્ષ સુધી શ્રી ગૌતમ મહારાજની સેવામાં રહ્યા. ૯૨ વર્ષ વીત્યા બાદ, ૯૩ વર્ષની ઉંમરે તેઓ કેવલજ્ઞાન પામ્યા. ૮ વર્ષ સુધી કેવલીપણે વિચરી જંબૂસ્વામી આદિ ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધી ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં વૈભારગિરિની ઉપર માસિક અનશન કરી, પ્રભુ શ્રી વીરના નિર્વાણથી ૨૦ વર્ષે મુક્તિપદ પામ્યા. બાકીની બીના પૂર્વની માફક જાણવી.

---

*૧. પ્રભુ શ્રી મહાવીરે અગિયારે શિષ્યોને ગણધરપદ દેતી વખતે બીજા સર્વ કરતાં દીર્ઘાયુ હોવાથી સુધર્માસ્વામીને ગણની અનુજ્ઞા કરી હતી.*

## [૬] શ્રી મંડિત ગણધર

છઠ્ઠા ગણધર મંડિત મહારાજ, વાસિષ્ઠ ગોત્રના, મૌર્ય ગામના રહીશ, વિપ્ર શ્રી ધનદેવ અને માતા શ્રી વિજયદેવાના પુત્ર હતા. તેમનો સિંહ રાશિ અને મઘા નક્ષત્રમાં જન્મ થયો હતો. બૃહસ્પતિને પણ જીતે એવા બુદ્ધિવંત હોવાથી તેઓ થોડા સમયમાં ચૌદ વિદ્યાના પારગામી થયા. તે હંમેશાં ૩૫૦ શિષ્યોને ભણાવતા હતા. તેમને બંધ-મોક્ષની બાબતમાં સંદેહ હતો, તે પ્રભુ વીરે દૂર કર્યો, તેથી તેમણે ૫૪મા વર્ષની શરૂઆતમાં પ્રભુની પાસે દીક્ષા લીધી. તેઓ ગણધરપદને પામ્યા હતા અને દ્વાદશાંગીના રચનાર હતા. તેઓ છદ્મસ્થપણામાં ૧૪ વર્ષ સુધી રહ્યા એટલે–૬૮મા વર્ષની શરૂઆતમાં તેઓ કેવળજ્ઞાન પામ્યા. કેવલીપણે ૧૬ વર્ષ સુધી વિચરી, ૮૩ વર્ષનું સર્વાયુ પૂર્ણ કરી પ્રભુની હયાતીમાં જ તેઓ મુક્તિપદને પામ્યા. બાકીની બીના પહેલા ગણધરની માફક સમજી લેવી.

## [૭] મૌર્યપુત્ર ગણધર

આ મૌર્યપુત્ર ગણધર મહારાજા કાશ્યપ ગોત્રના મૌર્યગામવાસી, મૌર્ય બ્રાહ્મણના પુત્ર હતા. તેમની માતાનું નામ વિજયદેવી હતું. તેઓનો જન્મ વૃષભ રાશિમાં મૃગશિર નક્ષત્રમાં થયો હતો. તેઓ ચૌદ વિદ્યાના પારગામી હતા અને ૩૫૦ શિષ્યોના અધ્યાપક હતા. તેમને "દેવો છે કે નહીં ?" એવો સંશય હતો. પ્રભુ વીરે તે દૂર કર્યો એટલે ૬૫ વર્ષની ઉંમરે તેઓ દીક્ષિત બની ગણધર બન્યા. સર્વ લબ્ધિનિધાન એવા તેઓશ્રી ૧૪ વર્ષ છદ્મસ્થપણામાં રહ્યા, એટલે ૭૯ વર્ષ વીત્યા બાદ ૮૦મા વર્ષની શરૂઆતમાં તેઓ કેવલજ્ઞાન પામ્યા. ૧૬ વર્ષ સુધી કેવલીપણે વિચરી સર્વાયુ (૬૫+૧૪+૧૬) ૯૫ વર્ષનું પૂર્ણ કરી પ્રભુની હયાતીમાં શૈલેશી અવસ્થા અનુભવીને તેઓ નિર્વાણપદ પામ્યા. બાકી બીના આગળ પ્રમાણે સમજવી.

## [૮] શ્રી અકંપિત ગણધર

આ આઠમા ગણધર મહારાજ, ગૌતમ ગોત્રના, પિતા દેવ બ્રાહ્મણ અને માતા જયંતીના પુત્ર હતા. તેઓનો મકર રાશિ, ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મ થયો હતો. તીવ્ર બુદ્ધિના પ્રભાવે છએ દર્શનનાં શાસ્ત્રો ભણીને તેઓ મહાસમર્થ વિદ્વાન થયા. તેઓ ૩૦૦ શિષ્યોને ભણાવતા હતા. તેમનો "નારકીઓ છે કે નહીં ?" આ સંશય પ્રભુ શ્રી વીરે દૂર કર્યો એટલે તેમણે પ્રભુની પાસે ૪૯મા વર્ષની શરૂઆતમાં દીક્ષા લીધી અને તેઓ ગણધર પદવી પામ્યા. ૯ વર્ષ છદ્મસ્થપણોમાં રહી તેઓશ્રી ૫૮મા વર્ષની શરૂઆતમાં કેવલજ્ઞાન પામ્યા. ૨૧ વર્ષ સુધી ધ્યનાતીત ભાવે વિચરી, ઘણા ભવ્ય જીવોને મોક્ષમાર્ગના મુસાફર બનાવી, સર્વાયુ (૪૮+૯+૨૧) ૭૮ વર્ષનું પૂર્ણ કરી પંચમ ગતિ (મોક્ષ)ને પામ્યા. બાકીની બીના શ્રી ઇન્દ્રભૂતિની માફક જાણવી.

## [૯] શ્રી અચલભ્રાતા ગણધર

આ નવમા ગણધર મહારાજ કોશલા (અયોધ્યા) નગરીના રહીશ, હારિત ગોત્રના, પિતા શ્રી વસુ બ્રાહ્મણ અને માતા નંદાના પુત્ર હતા. મિથુન રાશિ અને મૃગશિર નક્ષત્રમાં તેઓ જન્મ્યા હતા. સાંખ્ય, બૌદ્ધ દર્શનાદિ સર્વ શાસ્ત્રોના તેઓ પારગામી બન્યા. પ્રભુ શ્રી મહાવીર દેવના સમાગમથી ૩૦૦ શિષ્યોના અધ્યાપક એવા તેમનો, "પુણ્ય-પાપ છે કે નહીં"

આ સંશય દૂર થતાં, તેઓ ૪૭મા વર્ષની શરૂઆતમાં દીક્ષા લઈ ગણધર પદવી પામ્યા. ૧૨ વર્ષ છદ્મસ્થપણામાં રહી ૫૯મા વર્ષની શરૂઆતમાં કેવલજ્ઞાન પામ્યા. ૧૪ વર્ષ સુધી કેવલીપણે વિચરી સર્વાયુ ૭૨ વર્ષનું પૂર્ણ કરી સનાતન શાંતિમય સિદ્ધપદને પામ્યા. બાકીની બીના પ્રથમ ગણધરની માફક જાણવી.

## [૧૦] શ્રી મેતાર્ય ગણધર

આ શ્રી દસમા ગણધર વચ્છદેશાન્તર્ગત તુંગિક નામના ગામમાં રહેનાર કૌડિન્ય ગોત્રના પિતાશ્રી દત્ત બ્રાહ્મણ અને માતાશ્રી વરુણદેવાના પુત્ર થાય. તેમની જન્મરાશિ મેષ હતી અને તેમનું જન્મ-નક્ષત્ર અશ્વિની હતું. તેઓ મહાસમર્થ પંડિત અને ૩૦૦ શિષ્યોના અધ્યાપક હતા. તેમને "પરલોક છે કે નહીં ?" આ સંશય હતો. પ્રભુ વીરે તે દૂર કર્યો, એટલે ૩૭ વર્ષની ઉંમરે તેઓ દીક્ષા લઈ ગણધર પદવી પામ્યા. ૧૦ વર્ષ છદ્મસ્થપણામાં રહી, ૪૭મા વર્ષની શરૂઆતમાં તેઓ કેવલી થયા. તેઓશ્રી ૧૬ વર્ષ કેવલીપણે વિચરી છેવટે (૩૬+૧૦+૧૬) ૬૨ વર્ષનું સર્વાયુ પૂર્ણ કરી જન્મજરાદિ ઉપદ્રવરહિત પરમપદને પામ્યા. શેષ બીના પ્રથમ ગણધરની માફક જાણવી.

## [૧૧] બાલસંયમી શ્રી પ્રભાસ ગણધર

રાજગૃહી નગરીમાં કૌડિન્ય ગોત્રમાં જન્મેલ શ્રી બલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને અતિભદ્રા (અતિબલા) નામની સ્ત્રી હતી. તેમને ત્યાં કર્ક રાશિ અને પુષ્ય નક્ષત્રમાં એક પુત્રનો જન્મ થયો. તેનું નામ પ્રભાસ પાડ્યું. તે અનુક્રમે સર્વ શાસ્ત્રોમાં નિષ્ણાત બન્યો. આ શ્રી પ્રભાસ બ્રાહ્મણ ૩૦૦ શિષ્યોના અધ્યાપક હતા. તેમને "મોક્ષ છે કે નહીં ?" આ સંશય હતો. તે ભાવકરુણાના ભંડાર, ભગવંત મહાવીરે યથાર્થ બીના સમજાવી દૂર કર્યો, એટલે પ્રભુની પાસે ૧૬ વર્ષની (બીજા ગણધરો કરતાં નાની) ઉંમરે દીક્ષા લઈ ગણધરપદ પામ્યા. ૮ વર્ષ છદ્મસ્થપણામાં રહી, ૨૪ વર્ષની ઉંમર વીત્યા બાદ ૨૫મા વર્ષની શરૂઆતમાં તેઓ કેવલજ્ઞાન પામ્યા. ૧૬ વર્ષ સુધી કેવલીપણે વિચરી સર્વાયુ ૪૦ વર્ષનું પૂર્ણ કરી પ્રભુની હયાતીમાં જ તેઓ આત્મરમણતારૂપ મોક્ષને પામ્યા.

**ઉપસંહાર** :— આવશ્યક સૂત્ર, વિવિધ-તીર્થ-કલ્પ વગેરે ગ્રંથોને આધારે આ પ્રમાણે અગિયારે ગણધરોની જીવનરેખાનો અહીં ટૂંકમાં જ ઉલ્લેખ કર્યો છે. ભવ્ય જીવો પ્રભુ શ્રી મહાવીરના અપૂર્વ બોધદાયક મુદ્દાઓનું અને શ્રી ઇન્દ્રભૂતિ મહારાજ આદિના જીવનનું રહસ્ય વિચારી, પૂજ્ય પુરુષોએ આચરેલા પવિત્ર પંથે ચાલી અવ્યાબાધ મોક્ષસુખ પામે એ જ હાર્દિક ભાવના !

*[''જૈન સત્ય પ્રકાશ''માંથી સાભાર]*

* * *

# ભ. મહાવીરનાં ચરણોમાં સમર્પિત ગુરુ ગૌતમસ્વામી

*—શતાવધાની પૂ. સાધ્વી શ્રી નિર્મળાશ્રીજી, M.A., સાહિત્યરત્ન, ભાષારત્ન.*

**ગુરુ ગૌતમ વિચારે છે : વીતરાગ સાથે સ્નેહ કેવો? તેઓ રાગમુક્ત થઈ મોક્ષે પધારે તો હું શા માટે રાગનાં બંધન રાખું? આત્મધ્યાન રાખું? તે જ સાચો સાથી છે?....**

**આત્મચિંતનની ઉચ્ચતમ દશામાં આરોહણ કરી કેવળજ્ઞાન પામનારા ગુરુ ગૌતમસ્વામીની ભાતીગળ સુંદર ગાથા અત્રે પ્રસ્તુત છે. આ લેખનાં લેખિકા પૂ. સાધ્વી શ્રી નિર્મળાશ્રીજીની વિદ્વત્તા જાણીતી છે, પૂજ્યશ્રીને સાંભળવા એ જીવનનો એક લ્હાવો ગણાય છે. પૂજ્યશ્રીનો જન્મ : વિ.સં. ૧૯૭૮ ફા. વદ ૬ ને રવિવાર, તા. ૧૯-૩-૧૯૨૨. દીક્ષા : વિ. સં. ૧૯૮૭ અષાઢ સુદ ૮ (નવ વર્ષની બાલવયે). દીક્ષાપર્યાય દીર્ઘ એવો ૬૫ વર્ષનો છે. આ દરમિયાન ધર્માભ્યાસમાં વ્યાકરણ, ન્યાય અને ધર્મશાસ્ત્રનો તથા અન્ય અભ્યાસમાં એમ. એ., સાહિત્યરત્ન, ભાષારત્ન વગેરે. પ્રવૃત્તિઓમાં ધર્મક્રિયા–આરાધના ઉપરાંત જાહેર વ્યાખ્યાનો, શતાવધાનના પ્રયોગો, કન્યા સંસ્કાર શિબિર, મુમુક્ષુ કન્યાઓને દીક્ષાપ્રદાન અને વિવિધ ધર્મ-શાસન પ્રભાવનાની પ્રવૃત્તિઓ. સાહિત્યસર્જનમાં 'ભારતીય દર્શનમેં અભાવ મીમાંસા' ઉપર એક થીસિસ/નિબંધ તેમ જ પ્રસંગોપાત્ત વિવિધ વિષયો ઉપર લેખો આદિનું સર્જન કર્યું છે.**

***—સંપાદક***

આજથી લગભગ પચીસસો વર્ષ પહેલાં ભારતમાં એક એવા મહાપુરુષનો જન્મ થયો હતો કે જેના જીવનમાં સમર્પણ, સાધના, તપ, વિનય, જ્ઞાન અને ચારિત્રની અનેકવિધ ધારાઓ એક-એકથી આગળ વધી રહી હતી.

તીર્થંકર ભગવાન મહાવીરનાં ચરણોમાં સર્વથા સમર્પિત તે મહિમાશાળી વ્યક્તિનું નામ હતું ઇન્દ્રભૂતિ ગૌતમ. તેમની કાયા સાત હાથ ઊંચી, સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણથી યુક્ત હતી. તેમનું લાવણ્યમય ગૌરવર્ણ શરીર કસોટી પર ખેંચેલી સ્વર્ણરેખાની સદૃશ્ય દેદીપ્યમાન હતું. ગૌતમ ગોત્રના મહાન ગૌરવને અનુરૂપ જ તેમનું વ્યક્તિત્વ બહુ જ પ્રભાવશાલી હતું. તેઓ ચૌદ વિદ્યામાં પારંગત હતા. દૂર-દૂર સુધી તેમની વિદ્વત્તાની પ્રશંસા થતી હતી. પાંચસો વિદ્યાર્થી વિદ્યાધ્યયન માટે તેમની પાસે રહેતા હતા.

વિદ્યા એ જ આ કુટુંબની સંપત્તિ. વિદ્યાદાન એ એમનો વ્યવસાય. યજ્ઞકર્મ એ જ એમનું ધ્યેય. સંપૂર્ણ વિદ્યા તથા યજ્ઞયાગના અભ્યાસી બની જવાથી નાની ઉંમરમાં જ મગધના દિગ્ગજ વિદ્વાનોમાં એમની ગણના થવા લાગી. યજ્ઞોમાં તેઓને આદરપૂર્વક આમંત્રણો મળવા લાગ્યાં.

વૈશાખ સુદ દશમના દિવસે જૂંભિક ગામમાં શ્રમણ ભ. મહાવીરને કેવળજ્ઞાન પ્રગટ્યું. ભગવાનની સાડાબાર વર્ષ જેટલી લાંબી આત્મસાધના તે દિવસે પૂર્ણ થઈ; ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. ભ. મહાવીરનો કેવળજ્ઞાન કલ્યાણકનો ઉત્સવ ઊજવવા સ્વર્ગનાં દેવ-દેવીઓ ધરતી પર આવ્યાં. આનંદ-ઉલ્લાસથી મહોત્સવ ઊજવ્યો. ઋજુવાલિકા નદીના ઉત્તર કિનારે દેવોએ સમવસરણ રચ્યું. ભગવાને તેમાં વિરાજીને દેશના આપી. દેવ-દેવીઓનું ભાગ્યવિધાન જ અવ્રતી રહેવાનું હોય ત્યાં તેઓ ભગવાનનો આદેશ ન ઝીલી શકે એમાં એમનો પણ શો દોષ ? ભગવાન બીજે દિવસે વિહાર કરીને અપાપાનગરીના મહસેન વનમાં પધાર્યા.

અપાપાનગરીમાં એ જ સમયે સોમિલ નામના એક ધનાઢ્ય બ્રાહ્મણે મોટો યજ્ઞ આદર્યો હતો. મંત્રાક્ષરોમાં અને ક્રિયાકાંડમાં નિપુણ ઈન્દ્રભૂત્યાદિ ૧૧ પંડિતોને નોતર્યા હતા.

અપાપાનગરીમાં આજે ચારે તરફ ધમાલ હતી. એક તરફ હજારો લોકો યજ્ઞના દર્શને જઈ રહ્યાં હતાં તો બીજી તરફ અસંખ્ય માનવીઓ ભ. મહાવીરની ધર્મપર્ષદા તરફ જઈ રહ્યાં હતાં. આખી નગરી હિલોળે ચડી હતી. રાજા-મહારાજાઓ પણ વસ્ત્રો-આભૂષણ સજીને આવવા લાગ્યા. અરે ! જોતજોતાંમાં નગરીનું આકાશ પણ દેવવિમાનોથી છવાઈ ગયું.

ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે પંડિતો દેવોના આ આગમનથી પળવાર ગર્વને અનુભવી રહ્યા : કેવો પ્રભાવશાળી છે અમારો યજ્ઞ ! પણ એમનો આનંદ અને ગર્વ વધુ વખત ટકી ન શક્યો. જોતજોતાંમાં દેવવિમાનો યજ્ઞભૂમિના આંગણામાં ઊતરવાને બદલે નગરની બીજી દિશા તરફ વળી ગયાં !

તરત જ કોઈ જાણકારે ખુલાસો કર્યો : નગરીની બીજી દિશામાં મહસેન વનમાં આજે નિર્ગ્રન્થ શ્રમણ ભ. મહાવીર પધાર્યા છે. ત્રણે લોક અને ત્રણે કાળના જાણકાર છે. વાત-વાતમાં તેઓ જન્મ-જન્માંતરના ભેદ કહી આપે છે. મહસેન વનમાં અત્યારે એમની ધર્મસભા રચાઈ છે. બધા દેવો એ ધર્મસભામાં જઈ રહ્યા છે.

આ વાત સાંભળીને પંડિત ઈન્દ્રભૂતિ વિચલિત બની ગયા. તેમના હૃદયને મોટો આઘાત લાગ્યો. એમનું અંતર અધીરતા અને બેચેનીનો આઘાત અનુભવી રહ્યું હતું. ક્યારે મહાવીર પાસે પહોંચું અને ક્યારે એમની સાથે વાદ કરીને એમને પરાજિત કરું ! યજ્ઞકર્મ એના ઠેકાણે રહ્યું અને પંડિત ઈન્દ્રભૂતિ ગૌતમ પોતાના ૫૦૦ શિષ્યો સાથે, શ્રમણ મહાવીરની ધર્મસભા તરફ ચાલી નીકળ્યા. ધર્મસભામાં પહોંચ્યા ત્યારે તેમની મનઃસ્થિતિ શું રહી હશે તે કહેવું કઠિન છે. ભ. મહાવીરના પ્રતિ એમની ધારણાઓ બહુ જ ભિન્ન હતી. ભગવાન મહાવીર ૪૨ વર્ષના તેજસ્વી રાજકુમાર હતા, જ્યારે ઈન્દ્રભૂતિ ૫૦ વર્ષને પાર કરી ગયા હતા.

ભ. મહાવીરના સમવસરણની અલૌકિક છટા જોઈ, અસંખ્ય દેવતાઓને ભક્તિપૂર્વક વંદન કરતા જોઈ અને ભગવાનની દિવ્ય ધ્વનિનો મનોહર ઘોષ સાંભળતાં જ ઈન્દ્રભૂતિ ગૌતમની અહંકાર, ઈર્ષા અને અભિમાનની ભાવનાઓ નિરસ્ત થઈ ગઈ. ભગવાનના પ્રતિ આકર્ષણ-ભાવ જાગ્યા.

મન વિચારવા લાગ્યું કે, ક્ષણવારમાં શ્રદ્ધાપૂર્વક તેમનાં ચરણોમાં સમર્પિત બની જાઉં. વાસ્તવમાં આ સર્વજ્ઞ છે! મારા મનની વાતો જાણી શકે છે! વિચારોમાં ખોવાયેલા ભ. મહાવીરની પાસે પહોંચ્યા. ત્યાં એક ધીર-ગંભીર સ્વર તેમના કાને અથડાયો : "ઇન્દ્રભૂતિ! તમે આવી ગયા!" ઇન્દ્રભૂતિ વિચારવા લાગ્યા : શું ભ. મહાવીર મારા નામથી પરિચિત છે? અરે, આ મગધમંડળમાં મારા નામથી કોણ અનભિજ્ઞ છે? એમને ખરા સર્વજ્ઞ ત્યારે જ માનું કે તેઓ મારા મનની શંકાને પામીને પોતાના જ્ઞાનના બળે એનું સમાધાન કરે.

ભ. મહાવીરે એ જ ક્ષણે કહ્યું : "ઇન્દ્રભૂતિ ગૌતમ! જીવ છે કે નહીં—આ શંકા તમારા હૃદયને વર્ષોથી સતાવી રહી છે, ખરું ને?" ઇન્દ્રભૂતિના અંતરમાં આનંદની તેજરેખા ચમકી ઊઠી. એમને થયું : સામે બેઠેલા સર્વજ્ઞ મહાપુરુષ કેવી સાચી વાત કરી રહ્યા છે! આટઆટલાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યા છતાં જીવ નામક તત્ત્વની શંકા વર્ષોથી સતાવતી હતી. આ શંકાનું કોઈ સમાધાન મળતું ન હતું.

ભ. મહાવીરે, સર્વજ્ઞતાના બળે, જીવવિષયક શંકાનું સમાધાન કર્યું. તેમનાં યુક્તિસંગત વચનોથી ઇન્દ્રભૂતિ ગૌતમની મનની ગાંઠો ખૂલી ગઈ અને જીવ સંબંધી શંકા દૂર થઈ. ભગવાનની સર્વજ્ઞતા અને વીતરાગતા ઉપર અતૂટ વિશ્વાસ થયો.

ઇન્દ્રભૂતિ ભ. મહાવીરનાં ચરણોમાં હાથ જોડીને મસ્તક નમાવીને વિનયપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા : "ભન્તે! આપની તર્કયુક્ત વાણી સાંભળવાથી મારા સંશયો દૂર થયા. આપનું જ્ઞાન લોક-કલ્યાણકારી માનું છું. પ્રભો! મને આપનો શિષ્ય બનાવો, આપના આચારની વિધિપૂર્વક દીક્ષા આપો અને મુક્તિનો સાચો માર્ગ બતાવો.

ઇન્દ્રભૂતિ ગૌતમ પોતાના પાંચસો શિષ્યોની સાથે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ભ. મહાવીરના શિષ્ય બન્યા. આ વાત વીજળીની માફક ચારે બાજુ પ્રસરી ગઈ. ઇન્દ્રભૂતિ પછી ભગવાનની પાસે અગ્નિભૂતિ, વાયુભૂતિ આદિ પંડિતો પોત-પોતાના શિષ્યોની સાથે સમવસરણમાં આવ્યા અને પોત-પોતાની શંકાઓનું સમાધાન પ્રાપ્ત કરી ભગવાનના શિષ્યો બન્યા.

ભ. મહાવીરે સમવસરણમાં ૧૧ પંડિતોને પોતાના ગણધરપદે સ્થાપ્યા. એ પંડિતોના ચુમ્માલીસસો જેટલા શિષ્યો પણ દીક્ષિત બનીને ભગવાનના શ્રમણસંઘને સમૃદ્ધ બનાવી રહ્યા. વૈશાખ સુદ અગિયારસના આ દિવસે ધર્મતીર્થની સ્થાપના કરી. ભગવાને ત્રિપદીનો ગુરુમંત્ર ગણધરોને આપ્યો. ભગવાનની સૂત્રરૂપ વાણીનો વિસ્તાર કરવાનું કામ ગણધર મહારાજાએ સંભાળ્યું. ભગવાનના સમસ્ત શ્રમણસંઘના નાયક બન્યા હતા ગુરુ ગૌતમસ્વામી. દીક્ષા લીધી તે પળથી જ જીવનસાધના અને શાસન-પ્રભાવના એ જ એમનું જીવનકાર્ય બન્યું હતું. વૈશાખ સુદ ૧૧નો દિવસ ધન્ય-ધન્ય બન્યો. રાજકુમારી ચંદના આદિ અનેક રાજકુમારીઓએ તે દિવસે દીક્ષા ગ્રહણ કરી.

ઇન્દ્રભૂતિ ગૌતમ ભ. મહાવીરના પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર હતા. ભ. મહાવીર પછી જૈન પરંપરામાં સાર્વભૌમ વ્યક્તિત્વ બીજા કોઈનું હોય તો તે ગણધર ગૌતમનું છે. ગૌતમસ્વામી જેટલા મોટા તત્ત્વજ્ઞાની હતા તેટલા સાધક પણ હતા. શ્રુત-શીલની પવિત્ર ધારાથી તેમનો આત્મા વિભૂષિત હતો. પચાસ વર્ષની અવસ્થા હોવા છતાં તેમના મુખ પર કોઈ

પ્રકારની વિવર્ણતા આવી ન હતી. તેમનું બાહ્ય દર્શન આકર્ષક, સુંદર અને તેજસ્વી હતું, તો અંતરંગ દર્શન તેનાથી અધિક તપોભૂત, જ્ઞાનગરિમામંડિત અને સાધનામય હતું.

તપ:સાધના કરવાથી તેમના તેજમાં અધિક તેજસ્વિતા આવી હતી. એમના પારસમણિ જેવા સંપર્કથી અનેક પાપી જીવોનો ઉદ્ધાર થતો હતો. પ્રભુ ઉપર એમની શ્રદ્ધા અને ભક્તિ અનન્ય હતાં. એમની નમ્રતા, સરળતા, ગુણ-પ્રેમ આદિ ગુણો બીજાને માટે દૃષ્ટાંતરૂપ બનતા. સર્વનું મંગળ કરનારી મૈત્ર્યાદિ ભાવનાઓ તેમના રોમ-રોમમાં હતી.

મહાજ્ઞાની હોવા છતાં પણ જ્ઞાનનું ગુમાન, પ્રભુના પ્રથમ ગણધર હોવા છતાં મોટાપણાનું અભિમાન અને અનેક જીવોના ઉદ્ધારક હોવા છતાં પોતાની પ્રભાવનાનો અહંકાર એમને રજમાત્ર સ્પર્શી શક્યાં ન હતાં. એમના નામે સંકટો દૂર થતાં, સહુનું મંગળ થતું અને અનેકવિધ ચમત્કારો સર્જાતા. એમની આવી ખ્યાતિ હોવા છતાં નામનાથી અને કામનાથી તેઓ જળકમળની માફક અલિપ્ત હતા.

ગૌતમસ્વામીનો વ્યવહાર બહુ જ મધુર અને વિનયપૂર્ણ હતો. તેઓ કોઈ કાર્યવશ બહાર જાય તો ભગવાનની આજ્ઞાપૂર્વક જતા તેમ જ પાછા આવતા ત્યારે પણ પુનઃ ભગવાનની પાસે પોતાની કાર્યસંપન્નતાની જાણ કરી પછી જ કોઈ કાર્યમાં રત થતા. મોટા-મોટા તપસ્વી સાધકોને પણ સાધના, વિનય અને વ્યવહારમાં ગૌતમસ્વામીજીનું ઉદાહરણ અપાય છે. રાજકુમાર અતિમુક્તકની સાથે ઇન્દ્રભૂતિ ગૌતમનો વાર્તાલાપ અને તેમનો વ્યવહાર એ ઉપરથી ખ્યાલ આવે છે કે આટલા મહાન તત્ત્વજ્ઞાની અને સાધક અબોધ બાળકની સાથે પણ કેટલી મધુરતા અને આત્મીય ભાવનાની સાથે વ્યવહાર કરે છે. ગૌતમનું આંતરિક વ્યક્તિત્વ જેટલું ગંભીર અને પ્રૌઢ હતું, તેટલું જ બાહ્ય વ્યક્તિત્વ પણ મધુર અને ચુંબકીય હતું. શારીરિક સૌષ્ઠવ, દેહલાલિત્ય અને વ્યવહાર-કુશલતાના કારણે ગૌતમના પ્રથમ દર્શનમાં જ સૌ કોઈ તેમના આત્મીય બની જતાં હતાં.

ગુરુ ગૌતમસ્વામી ગૃહસ્થાવસ્થામાં ચૌદ વિદ્યાના પારગામી હતા અને ભ. મહાવીરના શિષ્ય બનીને ચૌદપૂર્વમાં પારંગત બન્યા. તે પછી પોતાના જીવનને તપ:સાધનામાં લગાવીને નિરંતર છઠ્ઠના પારણે એકાસણાં કરતા હતા. દિવસના ત્રીજા પહોરે સ્વયં ભિક્ષાપાત્રની પડિલેહણ કરીને એક સામાન્ય ભિક્ષુકની માફક ફરતા. લૂખો-સૂકો જે પ્રાસુક આહાર પ્રાપ્ત થતો તે પ્રસન્નતાપૂર્વક ગ્રહણ કરતા હતા. ભગવાનની પાસે જઈને આહાર બતાવતા અને પારણાંની આજ્ઞા લઈને પોતાના અન્ય શ્રમણોને, જે તેમનાથી નાના હતા, તેમને ભોજન માટે પ્રેમપૂર્વક આમંત્રણ આપતા : 'તમે બધા મારા ભોજનને સ્વીકારીને મને કૃતાર્થ કરો. પોતાનાથી નાના સાધુઓ અને શિષ્યોની સાથેનો તેમનો આ પ્રકારનો વિનય અને પ્રેમપૂર્ણ વ્યવહાર શ્રમણસંઘ માટે સંપૂર્ણ આદર્શ બની ગયો. ગૌતમ સ્વયં પોતાના હાથે વસ્ત્રાદિનું પડિલેહણ કરતા હતા. આ સ્વાવલંબન વસ્તુતઃ તેમના માટે મહત્ત્વપૂર્ણ ન રહ્યું હોય, પરંતુ શ્રમણસંઘના માટે એક દિશાદર્શક હતું, 'પોતાનું કાર્ય સ્વયં કરો' આ ભાવનાનું પ્રબલ સમર્થક હતું.

## ગૌતમસ્વામીની ચર્યા

ગૌતમસ્વામી પ્રથમ પહોરમાં સ્વાધ્યાય, બીજા પહોરમાં ધ્યાન અને તૃતીય પહોરમાં ગોચરી માટે ભ્રમણ કરતા હતા. ભિક્ષા-ભોજન આદિ કાર્ય માટે એક પ્રહરથી અધિક સમય

ન બગાડતા. ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાયમાં મગ્ન રહેતા. રાત્રે દ્વિતીય પ્રહરમાં ધ્યાન, તૃતીય પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાયમાં મગ્ન. ગૌતમસ્વામીજીની કઠોર ચર્યા વર્તમાનકાલીન જૈન શ્રમણો માટે દુષ્કર અને દુષ્પાલ્ય ગણાય છે. આજે પણ ગૌતમસ્વામીની 'કરણી' એક ઉચ્ચતમ ક્રિયાપાત્રતાનું સૂચક છે. સાથે એ પણ ધ્વનિત થાય છે કે એક મહાન તત્ત્વજ્ઞાની કેવળ-જ્ઞાનસાગરને આરપાર માપવામાં જ કેવળ સમર્થ ન હતા; પરંતુ આચારક્રિયાનું પણ ઉચ્ચતમ ઉદાહરણ બનીને હજારો વર્ષ બાદ આજ પણ ઝગમગી રહેલ છે. ગૌતમસ્વામીની તપશ્ચર્યાની સાથે શાન્તિ-સહિષ્ણુતાનો મણિ-કાંચન સંયોગ હતો. શાન્તિના કારણે તપજ્યોતિથી તેમનું મુખમંડળ દેદીપ્યમાન હતું. ગૌતમસ્વામીએ તપ કરીને આત્મજ્યોતિને દેદીપ્યમાન બનાવી હતી. આ તપમાં કોઈ પ્રકારની કામના, આશંસા અને યશઃકીર્તિની અભિલાષા ન હતી. સમતા એ સાધનાના કેન્દ્રમાં હતી અને અહિંસા, સંયમ અને તપની સિદ્ધિના માટે એ સાધના સમર્પિત થઈ હતી. ગુરુ ગૌતમ જ્યાં હોય ત્યાં આનંદ અને પ્રસન્નતાની મધુરતા પ્રસરતી રહેતી.

અધ્યાત્મની ચરમ સ્થિતિ પર પહોંચેલા સાધક માટે તપોજન્ય લબ્ધિઓ અને સિદ્ધિઓ તેમનાં ચરણોમાં આળોટવા લાગે છે. ગુરુ ગૌતમસ્વામીનો પુણ્યાનુયોગ કંઈક એવો વિશિષ્ટ હતો કે લબ્ધિઓના ભંડારરૂપ બનીને દીન-દુઃખી જીવોના મોટા આધાર, અશરણના શરણ અને દીનોના ઉદ્ધારક તરીકે કીર્તિના અધિકારી બની ગયા હતા. એમની પૂજા, ભક્તિ અને સ્તુતિ તો ઠીક, માત્ર એમનું નામસ્મરણ પણ મહામંગલકારી લેખાય છે. તે સંકટોને દૂર કરે છે, મનના મનોરથોને પૂર્ણ કરે છે. કવિવર લાવણ્યસમયજીએ લખ્યું છે કે—'જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન.'

ગૌતમ કેવળ શ્રુતજ્ઞાનના જ નહીં, પરંતુ માનસવિદ્યાના પણ વિજ્ઞાતા હતા. તેઓ સંજ્ઞિપંચેન્દ્રિય જીવોના મનોભાવોને જાણી શકતા હતા. અર્થાત્ તેઓને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન થયેલાં.

એક વેળા ગુરુ ગૌતમે કોઈની પાસે સાંભળ્યું કે પ્રભુએ આજની દેશનામાં કહ્યું છે કે, 'જે માનવી પોતાના બળે અષ્ટાપદ તીર્થની યાત્રાએ જશે, ત્યાં રહેલા ચોવીસ જિનેશ્વરોની મૂર્તિઓને જુહારશે, તે આ ભવે અવશ્ય મોક્ષે જશે.' આ વાત જાણી, પ્રભુની આજ્ઞા લઈ ગૌતમસ્વામી પોતાની જંઘાચારણ લબ્ધિના બળે અષ્ટાપદ પર્વત ઉપર પહોંચી જાય છે. અહીં નીચે અષ્ટાપદની તળેટીમાં પંદરસો તાપસો જુદી-જુદી તપશ્ચર્યા કરીને બેઠા છે. તેઓ ઉપર જવાની ઈચ્છાથી આવેલા, પણ જવાય જ નહીં. તેઓએ ગૌતમસ્વામીને પર્વત ઉપર ચઢી જતા જોઈને વિચાર્યું કે આ મહાપુરુષના શિષ્ય બનીએ તો આપણું કામ થઈ જશે. ગુરુ ગૌતમ પાછા આવ્યા એટલે તાપસોએ કહ્યું : 'હે મહાત્મા ! અમને આપના શિષ્ય બનાવો.'

ગૌતમસ્વામી કહે : 'મારા પૂજનીય ગુરુ ભગવાન મહાવીરસ્વામી તમારા ગુરુ હો.' તાપસોએ પુનઃ આગ્રહ કર્યો : 'અમને તમારા શિષ્ય કરો.' ગુરુ ગૌતમે સૌને દીક્ષા આપી. માર્ગમાં ગોચરીનો વખત થયો એટલે ગોચરી લેવા ગયા, અને નાનકડા પાત્રમાં ખીર વહોરી લાવ્યા. સૌ વિચારવા લાગ્યા : ગુરુ તો કેટલી ઓછી ભિક્ષા લાવ્યા ! છતાં શ્રદ્ધા રાખીને બધા હારબંધ બેસી ગયા.

પછી તો પાત્રમાં અંગૂઠો રાખીને એટલી ખીરમાંથી સૌને પારણાં કરાવ્યાં કે કોઈ ભૂખ્યા ન રહ્યા. 'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર....' એ ચઢતી વિચારશ્રેણીએ પ્રથમ ૫૦૦ તાપસોને અને પ્રભુ સન્મુખ પહોંચતા ક્રમે ૫૦૦-૫૦૦ને—એમ બધા તાપસોને કેવળજ્ઞાન થયું.

પ્રસ્તુત ઘટનાએ ગૌતમના મનને બહુ વિચલિત બનાવ્યું. શિષ્યોની પ્રગતિથી એમના મનમાં કોઈ ઈર્ષ્યા ન હતી, કિન્તુ આટલી તપશ્ચર્યા, સાધના, ધ્યાન આદિ કરવા છતાં અને પ્રભુના પ્રતિ અનન્ય શ્રદ્ધા છતાં પણ સ્વયં છદ્મસ્થ રહ્યા—આ વાતથી એમને મનમાં ઘણી ચોટ પહોંચી. ગૌતમસ્વામી આત્મનિરીક્ષણ કરવા લાગ્યા કે મારી ક્યાં કમી છે ? મારા અધ્યાત્મયોગમાં ક્યાં રુકાવટ આવી રહી છે, જેને તોડવામાં હું અસમર્થ છું ?

ત્યારે ભ. મહાવીરે પોતાના શિષ્યની મનોવ્યથા અને ખિન્નતા દૂર કરવા કહ્યું : 'હે ગૌતમ ! તમારા મનમાં મારા પ્રતિ અનુરાગ અને સ્નેહ છે. સ્નેહબંધનના કારણે તમે મોહનો ક્ષય કરી શકતા નથી. એ મોહ તમારી સર્વજ્ઞતામાં મુખ્ય અવરોધક છે. એ અવરોધ દૂર થતાં અવશ્ય કેવળજ્ઞાન પ્રાપ્ત થશે.'

## ગૌતમસ્વામીની સરાગ ઉપાસના

ગૌતમે પચાસ વર્ષની આયુમાં દીક્ષા ગ્રહણ કરી. જે દિવસે ભ. મહાવીરને કેવળજ્ઞાન થયું તેના બીજા જ દિવસે દીક્ષા થઈ. ભગવાનની વિદ્યમાનતામાં તેમને કેવળજ્ઞાન ન થયું, યદ્યપિ તેમની સાધના ઉજ્જ્વલ, ઉત્કટ અને શ્રમણસંઘમાં આદર્શરૂપ હતી. તેમના ઉપદેશથી હજારો દીક્ષિત શિષ્યો કેવળી બન્યા. ભવિતવ્યતાએ ગુરુ ગૌતમને ૩૦ વર્ષ સુધી કેવળજ્ઞાન ન થયું. આ એક આશ્ચર્યકારી વાત છે. આગમોમાં એક જ પ્રત્યુત્તર મળે છે : ભ. મહાવીરના પ્રતિ સ્નેહબંધનના કારણે ગૌતમ વીતરાગ સ્થિતિ પ્રાપ્ત ન કરી શક્યા. આ આશ્ચર્યકારી ઘટના હોવા છતાં જૈનદૃષ્ટિની 'સમત્વયોગ'ની નિષ્પક્ષ ઉદ્‌ઘોષણા છે. જે સાધક પોતાના દેહની મમતાથી મુક્ત છે, પરંતુ પોતાના ભગવાન પ્રત્યે અનુરાગ ધરાવે છે, તે પણ બંધનયુક્ત જ છે. ગૌતમના અંતઃકરણમાં પ્રભુ મહાવીર પ્રતિ જન્મ-જન્માંતરનો સંશ્લિષ્ટ અનુરાગ હતો.

## પાવામાં અંતિમ વર્ષાવાસ

પરમાત્મા ભ. મહાવીરનો અંતિમ વર્ષાવાસ પાવામાં થયો. હસ્તિપાલ રાજાની સભામાં ભગવાન સ્થિરવાસ રહ્યા. કાર્તિક (આશ્વિન) અમાવાસ્યા સજીક આવી. અંતિમ દેશના માટે દેવોએ સમવસરણની વિશેષ રચના કરી. દેવરાજે ઊભા થઈને પ્રભુની સ્તુતિ કરી. તે પછી હસ્તિપાલ રાજાએ ભ. મહાવીરની સ્તુતિ કરી. ભગવાને સોળ પ્રહરની દેશના આપી. તે દિવસે ભગવાને છઠ્ઠતપ કરેલું. દેશના પશ્ચાત્ પુણ્યપાલ રાજાએ પોતાને આવેલાં આઠ સ્વપ્નોનું ફળ પૂછ્યું. પુણ્યપાલ રાજા આ સાંભળીને સંસારથી વિરક્ત બન્યા. ગૌતમ ગણધરે પાંચમા આરા સંબંધમાં પ્રશ્ન કર્યો. ભન્તે ! આપના પરિનિર્વાણ પછી પાંચમો આરો ક્યારે બેસશે ? ભગવાને પ્રત્યુત્તર આપ્યો કે—ત્રણ વર્ષ સાડાઆઠ (૯) માસ વ્યતીત થયે. આગામી ઉત્સર્પિણીમાં થનારા તીર્થંકર, વાસુદેવ, બળદેવ, કુલકર આદિના પરિચય ગૌતમના ઉત્તરમાં ભગવાને આપ્યા.

દેવરાજ ઇન્દ્રે ભગવાનના પરિનિર્વાણનો અંતિમ સમય નિકટ આવ્યો જોઈને અશ્રુપૂરિત નયનોથી પ્રભુને પ્રાર્થના કરી કે, ભગવાન ! આપના જન્મનક્ષત્ર (હસ્તોત્તરા)માં ભસ્મગ્રહ સંક્રમણ કરી રહેલો છે. તેનો ખરાબ પ્રભાવ બે હજાર વર્ષ સુધી આપના ધર્મસંઘ ઉપર રહેશે. અતઃ આપ આયુષ્યની વૃદ્ધિ કરો. ભગવાને કહ્યું : દેવરાજ ! આયુષ્ય કદી વધારાતું નથી.

## ભગવાનનું નિર્વાણ—ગૌતમનો અવિહડ રાગ

એ દિવસે ભગવાને વિચાર્યું—કે આજ મારું નિર્વાણ થનારું છે. ગૌતમને મારા ઉપર અત્યંત અનુરાગ છે. આ અનુરાગને કારણે મૃત્યુના સમયે તે અધિક શોકવિહ્વલ ન થાય, અને દૂર રહીને અનુરાગના બંધનને તોડી શકે... પૂજ્ય હર્ષવિજયજીએ કહ્યું છે કે—'દઢ મોહ બંધણ સબળ બાંધ્યો, વજ્ર જિમ અભંગ; અલગા થયા મુજ થકી એહને ઉપજસે રે કેવળ નિય અંગકે; ગૌતમ રે ગુણવંતા.' અતઃ દેવશર્મા નામક બ્રાહ્મણને પ્રતિબોધ આપવા માટે ઢૂંકડે ગામ મોકલ્યા. "આજ્ઞા ગુરુણાં હિ અલંઘનીયા" ગુરુજનોની આજ્ઞા શિષ્યને અલંઘનીય અને અતર્કણીય હોય છે. ગૌતમે પ્રભુના આદેશને હર્ષપૂર્વક શિરોધાર્ય કરી, ને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા નીકળી ગયા.

રાત્રિમાં ભગવાન નિર્વાણ પામ્યા. ગૌતમસ્વામીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ એકદમ મોહવિહ્વલ થઈ ગયા. તેમના હૃદયને વજ્રાઘાત લાગ્યો. તેઓ મોહદશામાં 'ભન્તે !' 'ભન્તે !' પોકારવા લાગ્યા. ભગવાનને ઓલંભા દેતા કહેવા લાગ્યા : 'પ્રભુ ! આપે આ શું દગો કર્યો ? જીવનપર્યંત છાયાની માફક આપની સેવામાં રહ્યો, ને ખરે અવસરે અંતિમ સમયે મને દૂર કર્યો ! શું આપને શંકા હતી કે હું બાળકની માફક આપનો છેડો પકડીને મોક્ષે જવામાં આપને રોકત ? ને કદાચ હું આપની સાથે આવત તો શું સિદ્ધશિલા સાંકડી થઈ જાત ?

પ્રભો ! હવે હું કોનાં ચરણમાં પ્રણામ કરું ? હવે મારા મનના પ્રશ્નોનું કોણ સમાધાન કરશે ? હું કોને 'ભન્તે' કહીશ અને કોણ મને 'ગોયમ' કહીને બોલાવશે ?' થોડી ક્ષણો આ પ્રકારની ભાવવિહ્વલતામાં ડૂબીને ઇન્દ્રભૂતિ પછીથી સ્વસ્થ બન્યા.

આ તત્ત્વજ્ઞાની મહાન સાધકે પોતાના મનના ઘોડાને રોક્યો, અને વિચાર કરવા લાગ્યા : 'આ મારો મોહ કેવો ! વીતરાગની સાથે સ્નેહ કેવો ! ભગવાન વીતરાગ છે. હું તેમના રાગમાં નિરર્થક ફસાયો છું. તેઓ રાગમુક્ત થઈને મોક્ષ પધારે તો હું શા માટે રાગનું બંધન રાખું ? મારે આત્મદશાનું ધ્યાન રાખવું જોઈએ. તે જ પરમ સાથી છે; બાકી બધું બંધન છે અને આત્માથી પર છે.' આ પ્રમાણે આત્મચિંતનની ઉચ્ચતમ દશા પર આરોહણ કરી રહેલા ઇન્દ્રભૂતિએ પોતાના રાગને ક્ષીણ કર્યો અને તે જ રાત્રિના ઉત્તરાર્ધ પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ભ. મહાવીરના નિર્વાણ પછી સંઘના નેતાના રૂપમાં ગણધર ગૌતમ પ્રભુ મહાવીરના સંઘમાં સર્વથી જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ હતા. જ્ઞાન અને તપસાધનામાં અદ્વિતીય હતા. સંઘનું નેતૃત્વ ગુરુ ગૌતમના હસ્તકમલમાં આવતું હતું. પણ ગૌતમ તે જ રાત્રિમાં સર્વજ્ઞ થઈ ગયા હતા. અતઃ પ્રશ્ન આવ્યો કે સર્વજ્ઞની પરંપરા ચલાવવા માટે તથા તેમની આગમવાણીને તેમના નામથી પરંપરિત કરવા માટે સર્વજ્ઞના ઉત્તરાધિકારી છદ્મસ્થ હોવા જોઈએ, નહીં કે સર્વજ્ઞ. આ દૃષ્ટિથી ભ. મહાવીરના ઉત્તરાધિકારી ગણધર સુધર્મા થયા.

ગૌતમસ્વામી બાર વર્ષ પૃથ્વી પર વિચરીને ઉપદેશ આપતા રહ્યા. તેઓ અંતિમ સમયમાં રાજગૃહી નગરીના ગુણશીલ ચૈત્યમાં આવ્યા અને ૯૨ વર્ષની પાકટ ઉંમરે એક માસનું અણસણ કરી અનંત સુખના ધામ મોક્ષને વર્યા.

ગૌતમસ્વામી જે સ્થળે મુક્ત બન્યા તે ગુણશીલ ઉદ્યાન આજ (ગુણિયાજીતીર્થ) ગુરુ ગૌતમસ્વામીના અંતિમ સંસ્કારની સ્મૃતિરૂપે રચવામાં આવેલા જળમંદિરથી પવિત્ર તીર્થધામ બની ગયું.

કવિવર શ્રી સૌભાગ્યવિમલજી "ગૌતમસ્વામીના છંદ"માં એમનો મહિમા વર્ણવતાં કહે છે :

**દુષ્ટ દૂરે ટળે, સ્વજન મેળો મળે, આધિ, વ્યાધિ ને ઉપાધિ નાસે;**
**ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વલી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે.**

* * *



# યજ્ઞથી સર્વજ્ઞને સમર્પિત મંગલયાત્રા

*સંકલન : પ્રા. કુમુદચંદ્ર જી. શાહ*

**દર વરસે પર્યુષણમાં ઉપયુક્ત, ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજા વિરચિત શ્રી કલ્પસૂત્રની સુબોધિકામાંથી ગૌતમસ્વામીના આ પ્રસંગનો ગુર્જરાનુવાદ અત્રે મૂક્યો છે.**

**યજ્ઞ, દેવોનું આગમન, સર્વજ્ઞ કોણ ? સમવસરણ તરફ ગમન, આવકાર, શંકા-સમાધાન, સમર્પણ અને ગણધરપદની સ્થાપના સુધીની વાતો અત્રે પ્રસ્તુત છે. પ્રા. શ્રી કુમુદચંદ્રભાઈની અંગ્રેજી ભાષા ઉપર સારી એવી પકડ છે. જૈન ધર્મ અને સાહિત્યમાં ઊંડો રસ ધરાવે છે.** *—સંપાદક*

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુને ઋજુ-વાલુકા નદીને કાંઠે કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થયું ત્યારે ઈન્દ્રોનાં સિંહાસન ડોલ્યાં. તેમણે અવધિજ્ઞાનથી પ્રભુના કેવળજ્ઞાનની વાત જાણી કે તુરત જ, પરિવાર સાથે આવી સમવસરણની રચના કરી. વીર પ્રભુએ સમવસરણમાં વિરાજી દેશના આપી તે વખતે માત્ર દેવોની ઉપસ્થિતિ અને મનુષ્યની અનુપસ્થિતિના કારણે કોઈને વિરતિનાં પરિણામ થયાં નહીં. આથી પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ, જે આ હુંડા અવસર્પિણી કાળનું 'અચ્છેરુ' જાણવું.

જૃંભિક ગ્રામ-નગરથી પ્રભુ અપાપાપુરીના મહસેન નામના ઉદ્યાનમાં પધાર્યા.

**''મહાસેન વનમાં આવ્યા જગસ્વામી, વીર પ્રભુ વર કેવળ પામી.''**

## શંકાશીલ બ્રાહ્મણ પંડિતો

તે વખતે અપાપાપુરીમા 'સોમિલ' નામના ધનાઢ્ય બ્રાહ્મણે પોતાના ઘરે યજ્ઞ કરવા માટે તે સમયના સમર્થ વિદ્વાન બ્રાહ્મણ પંડિતોને આમંત્ર્યા હતા તેમાં ઈન્દ્રભૂતિ, વાયુભૂતિ, અગ્નિભૂતિ નામના ત્રણ ભાઈઓ પાંચસો-પાંચસો શિષ્યના પરિવાર સાથે આવ્યા હતા. બીજા પણ ૮ પંડિતો હતા. કુલ અગિયારે પંડિતો ચૌદ વિદ્યામાં પારગામી હતા. દરેક પંડિતને એક-એક તત્ત્વની શંકા હતી; પરંતુ ખૂબી એ હતી કે જો પોતે પોતાને શંકા છે એમ જણાવે તો તેમનો 'સર્વજ્ઞ' હોવાનો ડોળ ખુલ્લો પડી જાય અને પોતાનું માન શિષ્ય પરિવાર વગેરેમાં ઊતરી જાય એવા ભયથી શંકા મનમાં ગુપ્ત રાખી વ્યવહાર ચલાવતા.

આ ૧૧ મુખ્ય પંડિતો તેમના કુલ ૪૪૦૦ શિષ્યો સાથે યજ્ઞમંડપમાં બેઠા હતા.

આ લેખમાં આપણે ફક્ત ગૌતમસ્વામી પૂરતો ઉતારો આપીશું.

## ઈન્દ્રભૂતિનો ક્રોધ અને ખેદ

એટલામાં શ્રી મહાવીર પ્રભુને વંદન કરવા આકાશમાંથી દેવ-દેવીઓના સમૂહો અપાપાપુરી બાજુ આવતા દેખાયા, તે જોઈ એક-બીજાને કહેવા લાગ્યા : જોયો ને આપણા યજ્ઞનો

પ્રભાવ ! આપણે મંત્રોથી જે દેવોનું આહ્વાન કરીએ છીએ તે જ દેવો પોતે જ સીધા આપણા યજ્ઞમંડપમાં ઊતરી આવે છે.

બધા બ્રાહ્મણો આકાશ સામે તાકી, દેવોના સમૂહ યજ્ઞમંડપમાં ઊતરે તેની રાહ જોતા હતા, પરંતુ દેવો તો મહસેનવનમાં પ્રભુ મહાવીર હતા તે તરફ જવા લાગ્યા; તેથી બ્રાહ્મણ પંડિતોનાં મોં પડી ગયાં. તે વખતે કોઈ બોલી ઊઠ્યું : આ દેવો તો 'સર્વજ્ઞ મહાવીર પ્રભુ'ને વંદન કરવા જાય છે.

'સર્વજ્ઞ' શબ્દ સાંભળતાં જ પંડિત ઇન્દ્રભૂતિના હૃદયમાં ક્રોધાગ્નિ સળગી ઊઠ્યો. "મારા સિવાય આ પૃથ્વીના પટ પર બીજો સર્વજ્ઞ હોઈ શકે ખરો ? લોકો જેને સર્વજ્ઞ કહે છે તે કોઈ જબરજસ્ત ધુતારો હોવો જોઈએ, કેમ કે ઠગ માણસને કદાચ છેતરી શકે, પણ બુદ્ધિશાળી દેવો આવી ભૂલ કરે ખરા ? અમારા પવિત્ર યજ્ઞમંડપને છોડી, મને સર્વજ્ઞને છોડી દેવો સીધા ત્યાં કેમ ચાલ્યા ગયા ? ખરેખર, દેવોને પણ છેતરનાર આ કોઈ પાકો પાખંડી હોવો જોઈએ ! નહીંતર નિર્મળ જળને છોડી જનાર કાગડાની પેઠે, અગાધ જળથી ભરેલા સરોવરને છોડી જનાર દેડકાની પેઠે, સુગંધી ચંદનને છોડી જનાર માખીઓની પેઠે, સ્વાદિષ્ટ ફળવાળા સુંદર વૃક્ષને છોડી જનાર ઊંટની પેઠે, મિષ્ટ દૂધપાક છોડી દેનાર ભૂંડની પેઠે, અને સૂર્યના ઝળહળતા પ્રકાશને છોડી દેનાર ઘુવડની પેઠે, ભ્રાંતિ પામેલા આ દેવતાઓ પવિત્ર યજ્ઞમંડપને છોડી, એ પાખંડી પાસે કેમ ચાલ્યા જાય ?

અથવા તો જેવો આ સર્વજ્ઞ, તેવા જ તેના આ દેવ પણ હશે ! સરખે-સરખાનો આ ઠીક મેળાપ થયો !

આંબાના સુગંધી મ્હોર ઉપર, સુગંધના પીછાણનારા વિચક્ષણ ભમરાઓ જ ગુંજારવ કરતા એકઠા થાય; બાકી કાગડા તો કડવો લીમડો જ પસંદ કરે ! આ પ્રમાણે ઉત્તમોત્તમ પવિત્ર યજ્ઞમંડપમાં સમર્થ, સમજુ અને વિચક્ષણ દેવો જ પધરામણી કરે; બાકી તો હલકા અને અણસમજુ દેવો, કોઈ આડંબરી કે પાખંડી ધુતારા પાસે જાય, તેમાં શું આશ્ચર્ય ?

જેવો યજ્ઞ હોય તેવા જ તેને બલિ મળે એ સ્વાભાવિક છે. આ રીતે પોતાના મનને મનાવવા છતાં, ઇન્દ્રભૂતિને વીર પ્રભુના સર્વજ્ઞપણાનો ઝળહળી રહેલો પ્રભાવ અસહ્ય લાગ્યો. વારંવાર તે આ વિષે વિચારવા લાગ્યો :

"શું એક જ આકાશમાં બે સૂર્ય હોઈ શકે ? એક જ ગુફામાં બે સિંહ પાસે-પાસે રહી શકે ? એક જ મ્યાનમાં બે તલવાર કોઈ દિવસ રહી જાણી છે ? તો પછી, એક તો હું અને બીજા તે, એમ બે સર્વજ્ઞ શી રીતે હોઈ શકે ? ખરેખર, આ કોઈ પરદેશથી આવી ચડેલો, સર્વજ્ઞપણાનો ખોટો ડોળ રાખનાર, લોકોને તો ઠીક, દેવોને પણ છેતરનાર કોઈ ભયંકર ધૂર્ત ઇન્દ્રજાળિયો જણાય છે !"

પ્રભુને વંદન કરી પાછા ફરતાં લોકોને ઇન્દ્રભૂતિ હસતાં-હસતાં પૂછે છે : તમે તે સર્વજ્ઞને જોયો ? કહો તો ખરા કે એ સર્વજ્ઞ કેવો છે ? તેનાં રૂપ-ગુણ વિશે કંઈક તો કહો.

લોકો તો ઇન્દ્રભૂતિને એકી અવાજે કહેવા લાગ્યા : ભાઈ ! જો ત્રણે જગતના જીવો એકઠા થાય, અને તેમના આયુષ્યની સમાપ્તિ થાય ત્યાં સુધી ગાયા કરે તો પણ આ સર્વજ્ઞ પ્રભુના ગુણો

ન ગાઈ શકાય. પરાર્ધથી ઉપર ગણિત હોય અને સર્વજ્ઞ પ્રભુનાં ગુણ-ગાન ગાવામાં આવે તો પણ તે અધૂરાં ને અધૂરાં રહી જાય.

આવા જવાબો સાંભળી ઇન્દ્રભૂતિ તો ડઘાઈ ગયો. તેને થયું કે : ખરેખર એ ધૂર્ત જબ્બર માયાવી હોવો જોઈએ. જુઓ તો ખરા, તેણે આ સમગ્ર જનતાને કેવી આંજી નાખી છે ! પરંતુ તેથી શું થયું ? હાથી કમળને ઉખેડી નાખે અને સિંહ એકાદ હરણને હણી નાખે, તેમાં તેની બહાદુરી ન ગણાય. જ્યાં સુધી એ સર્વજ્ઞ મારી સાથે વાદ-વિવાદમાં નથી ઊતર્યો ત્યાં સુધી જ તેનું મિથ્યાભિમાન ટકી રહેવાનું.

પણ આમ મારે બેઠાં-બેઠાં ક્યાં સુધી મનઃસંતાપ કરવો ? જેમ અંધકારના સમૂહનો નાશ કરવામાં સૂર્ય જરા પણ વિલંબ કરતો નથી, જેમ અગ્નિને હાથનો સ્પર્શ થતાં જ તે પોતાનો પ્રતાપ બતાવી આપે છે, અથવા સિંહ પોતાની કેશવાળી ખેંચાતાં જેમ ભયંકર ગર્જના કરે છે, તેમ મારે પણ એ સર્વજ્ઞનો મિથ્યાડંબર જોતજોતામાં તોડી નાખવો જોઈએ.

જેણે પ્રખર પંડિતોની સભામાં ભલભલા વાદીઓનાં મોં બંધ કરી દીધાં છે એવા મારી પાસે, આ ઘરમાં જ શૂરવીર બની બેઠેલો સર્વજ્ઞ ક્યાં સુધી સ્પર્ધા કરી શકવાનો હતો ? જે અગ્નિ મોટા-મોટા પર્વતોને ક્ષણમાત્રમાં બાળીને ભસ્મ બનાવી દે તે અગ્નિ પાસે એક સુક્કા લાકડાનું શું ગજું ? જે વાયુ મદોન્મત્ત હાથીઓને પણ ઉડાડી મૂકે, તેની પાસે એક રૂની પૂણીનું શું ગજું ?

ગૌડ દેશના પંડિતો તો મારા ભયથી દૂર અન્ય દેશમાં નાસી ગયા છે. ગુજરાતના પંડિતો જર્જરિત થઈને ત્રાસ પામ્યા છે. મારી બીકથી માળવાના પંડિતો તો મરી ગયા છે. તિલંગ દેશના પંડિતો તો મારાથી ડરીને ક્યાંય નાસી ગયા છે, તેમનો તો પત્તો જ નથી. દ્રાવિડ દેશના વિચક્ષણ પંડિતો શરમથી દુઃખી-દુઃખી થઈ રહ્યા છે. આજે કોઈ વાદી મારી સામે વાદ-વિવાદ કરવા ઊભો રહેવાની હિમ્મત કરતો નથી. અરે ! દુનિયામાં વાદીઓનો મોટો દુકાળ પડ્યો છે ! આવી રીતે દરેક દેશના પંડિતોને જીતી જગતમાં વિજય-પતાકા ફરકાવનાર એવા મારી પાસે, સર્વજ્ઞ તરીકે મિથ્યા અભિમાન કરનારા આ પામર સર્વજ્ઞના શા ભાર છે ?

## અગ્નિભૂતિ સાથે આલોચના

ઇન્દ્રભૂતિએ પોતાના ભાઈ અગ્નિભૂતિને કહ્યું : ભાઈ, મગ પકાવતાં કોઈ કોરડુ દાણો રહી જાય તેમ બધા વાદીઓને જીતવા છતાં આ વાદી ક્યાં સંતાઈ ગયેલો ? મને લાગે છે કે મારે પોતે જ તેને પરાસ્ત કરવો જોઈએ. અગ્નિભૂતિ બોલ્યો : વડીલ બંધુ ! એક પામર વાદીને જીતવા તમારે શા માટે તસ્દી લેવી જોઈએ ? એક કમળને ઉખેડીને ફેંકી દેવા શું ઇન્દ્રના ઐરાવત હાથીની જરૂર પડે ? મને આજ્ઞા આપો, હું પોતે જ આ વાદીને પરાસ્ત કરી આવું.

ઇન્દ્રભૂતિ કહે : અરે ! આ કામ તો મારો એક સામાન્ય શિષ્ય પણ કરી શકે તેમ છે. પણ મને એમ થાય છે કે આ વાદીનો પરાજય મારે જ કરવો જોઈએ. એમ બને કે તલની ઘાણીમાં એકાદ તલ પિલાયા વિનાનો રહી જાય, ઘંટીમાં એકાદ દાણો દળાયા વિનાનો રહી જાય, ખેતરમાં ઘાસ કાપતાં એકાદ તણખલું કપાયા વગરનું રહી જાય, અગસ્ત્ય ઋષિ સમુદ્રો પીતાં કોઈ એકાદ ખાબોચિયું પીવાનું ભૂલી જાય, તેમ જગતના બધા વાદીઓને જીતતાં, ભૂલથી આ એક વાદી રહી ગયો લાગે છે. કોઈનો પણ 'સર્વજ્ઞપણા'નો મિથ્યાડંબર

મને અસહ્ય થઈ પડે છે. સ્ત્રી એકવાર પણ સતીત્વથી ભ્રષ્ટ થાય તો તે અ-સતી જ કહેવાય, તેમ આવો એક વાદી જિતાયા વિનાનો રહી જાય તો પણ મારી કીર્તિને મોટું કલંક લાગે. તમે તો જાણો છો જ કે શરીરમાં રહી ગયેલું નાનું શલ્ય પણ પ્રાણઘાતક નીવડે છે. વહાણમાં પડેલું નાનું ગાબડું બધાનો પ્રાણ-નાશ કરવા સમર્થ છે. કિલ્લાની મજબૂત દીવાલોમાંથી એકાદ ઈંટ ખસી પડે તો તે પણ જોખમકારક ગણાય છે. માટે હે અગ્નિભૂતિ ! જગતના વાદીઓને જીતીને મેં જે અક્ષય કીર્તિ મેળવી છે તેનો વિચાર કરતાં, આ વાદીને જીતવા મારે પોતે જ જવું જોઈએ, એમ મને ચોક્કસ લાગે છે.

## ઈન્દ્રભૂતિની બિરદાવલી

એ વખતે ઈન્દ્રભૂતિએ આખા શરીર ઉપર બાર જેટલાં તિલક કર્યાં હતાં, સુવર્ણની જનોઈ પહેરી હતી, અને ઉત્તમોત્તમ પીતાંબર ધારણ કર્યાં હતાં. તે મહાવીર પ્રભુ સાથે વાદ-વિવાદ કરવા ઊપડ્યો, તેની સાથે તેના પાંચસો શિષ્યો પણ ચાલી નીકળ્યા. શિષ્યોના હાથમાં પુસ્તકો હતાં. કેટલાકે એક હાથમાં કમંડલુ અને કેટલાકે દર્ભ રાખ્યા હતા. આ પાંચસો શિષ્યો ઈન્દ્રભૂતિની બિરદાવલી ગાતા બોલવા લાગ્યા : હે સરસ્વતી કંઠાભૂષણ ! હે વાદી-મદ-ગંજન ! હે વાદી-તરુ-ઉન્મૂલન હસ્તિ ! હે વાદી-ગજ-સિંહ ! હે વિજિત-અનેકવાદ ! હે વિજ્ઞાન-અખિલ-પુરાણ ! હે કુમત-અંધકાર-નભોમણિ ! હે વિજિત-અનેક-નરપતિ ! હે શિષ્યાદત બૃહસ્પતિ ! હે સરસ્વતી લબ્ધ-પ્રસાદ ! વગેરે-વગેરે.

ચાલતાં-ચાલતાં આખા માર્ગનું વાતાવરણ ઉપર્યુક્ત બિરુદાવલીઓથી ભારે થઈ ગયું.

## ઈન્દ્રભૂતિના અહંકારના તરંગો

માર્ગમાં જતાં-જતાં ઈન્દ્રભૂતિના મનમાં અહંકારના અનેક તરંગો ઊછળવા લાગ્યા : "અરે ! આ ધીઠા માણસને આવું પાખંડ ક્યાંથી સૂઝ્યું ? એણે મને નાહકનો શા સારુ છંછેડ્યો ? જેમ દેડકો સાપને લાત મારવા તૈયાર થાય, ઉંદર બિલાડીની દાઢ પાડવા તૈયાર થાય, બળદ ઈન્દ્રના ઐરાવત હાથીને પ્રહાર કરવા આતુર થાય, સામાન્ય હાથી પર્વતને તોડી નાખવાનો ડોળ કરે અને સસલો કેસરી સિંહની કેશવાળી ખેંચવાનું સાહસ કરે, તેમ મારા દેખતાં આ માણસને પોતાનું સર્વજ્ઞપણું પ્રસિદ્ધ કરવાનું ક્યાંથી સૂઝ્યું ? એને ખબર નથી કે આ વાયુ સામે ઊભો રહી પોતે આગ સળગાવી રહ્યો છે ? અને એને એમ પણ ખબર નથી કે શરીરના સુખ માટે કૌવચની વેલને આલિંગન કરવાથી તો ઊલટી વેદના થાય ? ખેર ! એનો ખોટો આડંબર ક્યાં સુધી ટકવાનો હતો ? જોત-જોતામાં હું એને નિરુત્તર બનાવી દઈશ. આગિયાના કીડા અને ચંદ્ર-તારાના પ્રકાશ ક્યાં સુધી ટકે ? સૂર્યનો ઉદય થતાં જ એ બધા નાસી જવાના. જ્યાં સુધી કેસરીની ગર્જના ન સંભળાય ત્યાં સુધી મદોન્મત્ત હાથી ભલે ગર્જના કરી લે !

એક રીતે તો આ ઠીક જ થયું. બધા વાદીઓ મારા નામ માત્રથી બીઈને, ડરીને, ગભરાઈને દૂર-દૂર નાસી જતા હોવાથી, ઘણા વખતથી મને કોઈ વાદી જ મળતો ન હતો, અને મને પણ વાદી સાથે વાદ કરવાની તાલાવેલી લાગી હતી તે ઈચ્છા આજે પૂરી થતાં મને ખરેખર આનંદ જ થવો જોઈએ. ભૂખ્યાંને ભોજન મળવાથી જે તૃપ્તિ થાય, જે આનંદ થાય, તે તૃપ્તિ અને આનંદ આજે મને પ્રાપ્ત થયાં છે. હાશ ! આજે આ ઘમંડી વાદી સાથે વાદ કરીને મારી જીભની ચળ ઉતારીશ. વ્યાકરણમાં તો હું એવો પરિપૂર્ણ છું કે એ વિષે

મને જરાય બીક નથી. સાહિત્યમાં મારી બુદ્ધિ અસ્ખલિત છે. તર્કશાસ્ત્રમાં તો મારા જેવો બીજો પારગામી બીજો કોણ છે ? મેં કયા શાસ્ત્રમાં પરિશ્રમ-પુરુષાર્થ નથી કર્યો ? અરે વાદી ! તારો પરાજય તો હું દરેક શાસ્ત્રમાં, રમતાં-રમતાં કરી શકું તેમ છું."

આ પ્રમાણે જ્ઞાન-મદના તરંગોમાં તણાતો-તણાતો ઈન્દ્રભૂતિ શ્રી મહાવીર પ્રભુના સમવસરણ પાસે આવી પહોંચ્યો.

## ઈન્દ્રભૂતિને ગભરામણ અને મૂંઝવણ

અરે ! પ્રભુને જોતાં જ ઈન્દ્રભૂતિને આ શું થયું ? શા માટે એકાએક ગભરાઈને ઊભો થઈ રહ્યો ? ચોંત્રીસ અતિશયોથી શોભી રહેલા સમવસરણમાં સુવર્ણના સિંહાસન પર બેઠેલા, સુરેન્દ્રો-નરેન્દ્રોથી પૂજાતા અને અમૃતમય વાણીથી દેશના આપી રહેલા વિશ્વવંદ્ય વીર પ્રભુનું તેજસ્વી અને ભવ્ય મુખારવિંદ જોઈ ઈન્દ્રભૂતિ કેમ દંગ થઈ ગયો ? સમવસરણનાં પગથિયાં પાસે ઊભો રહી જાત-જાતના વિચારો કરવા લાગ્યો.

અહો ! આ તે બ્રહ્મા હશે ? ના, બ્રહ્મા તો વૃદ્ધ છે અને આ તો યુવાન છે. શું આ વિષ્ણુ છે ? ના, વિષ્ણુ તો લક્ષ્મી સાથે હોય. શું આ શંકર હશે ? ના, તેની સાથે તો પાર્વતી હોય. લાગે છે તો સૌમ્ય તેજસ્વી ચન્દ્ર જેવા. પણ ના, ચન્દ્ર તો કલંક સહિત હોય. તો શું આ સૂર્ય હશે ? ના રે ના, સૂર્ય સામું જોઈ પણ ન શકાય, અને આ તો સૌમ્ય કાન્તિવાળા છે. ત્યારે શું આ 'મેરુ' હશે ? મેરુ તો સ્વાભાવિક કઠણ હોય, આ તો કોમળ છે. ત્યારે શું આ કૃષ્ણ હશે ? એ પણ અસંભવ. કૃષ્ણ તો કાળો છે, ને આમની કાન્તિ તો સુવર્ણના તેજ જેવી ઝળહળી રહી છે. તો શું આ કામદેવ તો નહીં હોય ? ના, કામદેવ તો અનંગ છે, તેને શરીર જ ક્યાં હોય છે ! આને સરસ સુંદર રૂપાળું શરીર છે.

આખરે, બહુ-બહુ વિચાર કરતાં તેને ઝબકારો થયો કે આ પુરુષ તો અઢાર-દોષ-રહિત, સર્વગુણસંપન્ન, સર્વજ્ઞ છેલ્લા જૈન તીર્થંકર જ છે.

આ વિચારથી ખાતરી થતાં ઈન્દ્રભૂતિના અભિમાની તરંગો હવામાં જ ઊડી ગયા. તે ગંભીર મૂંઝવણમાં પડ્યો : અરેરે ! અત્યાર સુધી જગતના વાદીઓ પર વિજય મેળવી જે યશ-કીર્તિ-નામના મેળવી છે તે હવે હું શી રીતે જાળવી શકીશ ? હે શંભુ ! હું અહીં ન જ આવ્યો હોત તો ઠીક થાત. મને અહીં આવવાની દુર્બુદ્ધિ ક્યાંથી સૂઝી ? સમગ્ર જગતના વાદીઓને જીતનાર એવો હું એકને જીતવા ન આવ્યો હોત તો મારી શી મોટી બદનામી થઈ જવાની હતી ? એવો કોણ મૂર્ખ હોય કે એક ખીલીને માટે આખો મહેલ પાડી નાખે ?

અરેરે ! મેં કેવું અવિચારી સાહસ કર્યું ! મારી કુબુદ્ધિએ જ મને આ જગદીશના અવતારને જીતવા મોકલ્યો ! હું આ તેજસ્વી સર્વજ્ઞ-મહાજ્ઞાની આગળ કેવી રીતે બોલી શકીશ ? અરે ! તેમની પાસે કેવી રીતે જઈ ઊભો રહીશ ?

હે ભોલે શંકર ! મને આ આપત્તિમાંથી ઉગારો. મારાં યશ-કીર્તિનું રક્ષણ કરો. ભાગ્ય-યોગે જો હું અહીં વિજય મેળવું તો હું ત્રણે જગતમાં એક અદ્વિતીય પંડિત ગણાઈ જાઉં એ નિઃશંક છે.

## શ્રી વીર પ્રભુનું ઈન્દ્રભૂતિને મધુર સંબોધન

ઉપર પ્રમાણે ઈન્દ્રભૂતિ હજી શંકાના, ઘોર નિરાશાના છતાં આછી આશાના તરંગોમાં ઘસડાતો ઊભો હતો તેટલામાં જ શ્રી વીર પ્રભુએ, અમૃત સરખી મધુર વાણીમાં તેને સંબોધન કર્યું, તેના નામ અને ગોત્રનો ઉલ્લેખ કરી કહ્યું : હે ગૌતમ ઈન્દ્રભૂતિ ! તું અહીં ભલે આવ્યો. પોતાનાં નામ અને ગોત્રનો ઉચ્ચાર સાંભળી ઈન્દ્રભૂતિ તો સ્તબ્ધ થઈ ગયો; પણ બીજી ક્ષણે અભિમાને ઉછાળો માર્યો : અરે ! આમાં શું આશ્ચર્ય છે ? આ જગતમાં મને કોણ નથી ઓળખતું ? આબાલવૃદ્ધ બધા મારું નામ જાણે છે. સૂર્યને વિશ્વમાં કોઈ ન ઓળખે, એમ કદી બને ખરું ? હા, જો આ પુરુષ મારા મનમાં રહેલા સંશયો કહી આપે તો હું જરૂર તેને સર્વજ્ઞ માનીશ.

## ગણધર-વાદનો આરંભ

ઈન્દ્રભૂતિ આમ વિચારી રહ્યો છે એટલામાં તો સમુદ્રમંથનના ગર્જન જેવા, ગંગાના પૂર જેવા અથવા આદિ-બ્રહ્મના ધ્વનિ જેવા ગંભીર અવાજે પ્રભુ બોલ્યા : હે ઈન્દ્રભૂતિ ! તને જીવ છે કે નહીં એ વિશે જ શંકા છે ને ? આ સંશય તને પરસ્પર વિરુદ્ધ ભાસતાં વેદવાક્યોથી જ થયો છે. એ વાક્ય આ પ્રમાણે છે :

"વિજ્ઞાન-ઘન એવ, એતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય, તાનિ એવ અનુવિનશ્યતિ, ન પ્રેત્ય સંજ્ઞા અસ્તિ."

**અર્થઃ—** વિજ્ઞાનનો સમૂહ, આ ભૂતોમાંથી ઉત્પન્ન થઈને, તે જ ભૂતોમાં લય પામે છે, તેથી પરલોકની સંજ્ઞા નથી અર્થાત્ પુનર્જન્મ નથી. તેથી જીવ જેવું કંઈ છે નહીં.

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ—આ પાંચ મહાભૂતો શરીરરૂપે પરિણમ્યા હોય ત્યારે શરીરરૂપે પરિણમેલા એ પાંચ ભૂતોમાંથી જ "આ ઘડો, આ ઘર, આ મનુષ્ય" એવા વિવિધ પ્રકારના-વિજ્ઞાન-ઘન—જ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે. તે આત્માને માનનાર, જ્ઞાનના આધારરૂપ આત્માને માને છે તે આત્મા જેવી કોઈ વસ્તુ નથી. કારણ, જ્ઞાન પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે તેથી જ્ઞાનના આધારરૂપ આ પાંચ ભૂતોને માનવા જોઈએ.

જેમ મદિરામાંથી એક પ્રકારની મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ શરીરરૂપે થયેલા પાંચ ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે. અને જ્યારે પાંચ ભૂતોનો વિનાશ થાય છે ત્યારે તે વિજ્ઞાનનો સમુદાય, પાણીના પરપોટા પેઠે, તે ભૂતોમાં જ વિલીન થાય છે. માટે જીવ નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી, તેથી પરલોક પણ નથી. જ્યારે આત્મા જ ન હોય તો પુનર્જન્મ કે પરલોક ક્યાંથી હોય ?

હે ઈન્દ્રભૂતિ ! વધારામાં તું એમ પણ માને છે કે ઉપર પ્રમાણેનો વેદવાક્યનો અર્થ યુક્તિથી પણ ઠીક લાગે છે, કેમકે (૧) પ્રત્યક્ષ પ્રમાણથી તો આત્મા ઓળખાતો નથી. (૨) તે દેખવામાં પણ નથી આવતો તેમ સ્પર્શાદિ અનુભવથી પણ નથી જણાતો, તેથી આત્મા છે તેની સાબિતી શી ? જો આત્મા વસ્તુતઃ હોય તો ઘટ-પટ—ઘડા અને વસ્ત્રની જેમ પ્રત્યક્ષ કેમ ન દેખાય ? (૩) જો કે પરમાણુઓ તો દૃષ્ટિમાં નથી આવતાં તેમ સ્પર્શ વગેરેથી નથી અનુભવાતાં, છતાં તેઓ જ્યારે ઘડા કે વસ્ત્રરૂપે—કાર્યરૂપે પરિણમે છે ત્યારે તો જરૂર પ્રત્યક્ષ થાય છે; પરંતુ આત્મા તેવા

કાર્યરૂપે પણ પરિણમેલો પ્રત્યક્ષ જણાતો નથી. (૪) અનુમાનથી પણ આત્માની સિદ્ધિ થઈ શકતી નથી, કેમ કે અનુમાન પ્રત્યક્ષપૂર્વક પ્રવર્તે છે. દાખલા તરીકે, જેણે પહેલાં એકવાર પણ રસોડા જેવા સ્થળમાં ધુમાડો અને અગ્નિનો સંબંધ નજરોનજર જોયો હોય તે જ માણસ પર્વત ઉપર ધુમાડો નીકળતો જોઈ અનુમાન બાંધી શકે કે 'જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ પણ હોય.' આવી રીતે અનુમાન બાંધવામાં પણ પ્રત્યક્ષની જરૂર તો ખરી જ. હવે આત્માની સાથે કોઈનો સંબંધ પ્રત્યક્ષ દેખાતો નથી, તેથી અનુમાનથી પણ આત્મા સિદ્ધ થઈ શકતો નથી. (૫) આત્માનો નિર્ણય આગમથી પણ થઈ શકતો નથી; કેમ કે કોઈ શાસ્ત્ર આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે, તો વળી બીજું શાસ્ત્ર આત્મા નથી એમ પ્રરૂપે છે. આવી રીતે પરસ્પર વિરુદ્ધ જણાતાં શાસ્ત્રોમાં કયું સાચું ને કયું ખોટું ? (૬) આત્માની સિદ્ધિ ઉપમા-પ્રમાણથી પણ થઈ શકતી નથી; કારણ કે ઉપમા-પ્રમાણ તો પદાર્થમાં સાદશ્ય બુદ્ધિ ઉત્પન્ન કરે છે, જેમ કે જંગલમાં ગયેલો માણસ રોઝ નામના જંગલી પશુને જુએ ત્યારે સરખામણીની દષ્ટિએ તેને લાગે કે જેવી ગાય છે તેવું આ પશુ છે; પરંતુ જગતમાં આત્મા જેવો બીજો કોઈ પદાર્થ જ નથી, તેથી ઉપમા-પ્રમાણથી આત્માની સિદ્ધિ થઈ શકતી નથી.

માટે આત્મા નથી એમ જ માનવું પડે છે.

વળી ઘી-દૂધ-બદામ વગેરે ઉત્તમ પદાર્થો ખાવાથી શરીર પુષ્ટ બન્યું હોય તો તેમાંથી જ્ઞાન પણ સતેજપણે સ્ફુરે એવો ક્વચિત અનુભવ થાય છે, તેથી શરીરરૂપે પરિણમેલાં પાંચ ભૂતોમાંથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ માન્યા વિના છૂટકો નથી.

હે ગૌતમ ! એક બાજુ 'વિજ્ઞાન-ઘન' જેવાં વેદ-પદોથી તું આત્માની સિદ્ધિ કરી શકતો નથી, પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન, ઉપમા વગેરેથી પણ આત્મા સિદ્ધ થઈ શકતો નથી, અને બીજી બાજુ કેટલાંક વેદ-વાક્યો આત્મા છે તેમ જણાવે છે તેથી તારા હૃદયમાં લાંબા સમયથી આત્મા વિશે સંશય છે તેથી તને ચેન પડતું નથી.

પ્રભુએ કહ્યું : હે ગૌતમ ! તારો સંશય અનાવશ્યક અને અસ્થાને છે.

## શ્રી વીરપ્રભુ 'આત્મા છે' તેમ પ્રરૂપે છે.

**[૧] પ્રત્યક્ષ રૂપે :** પ્રભુ આગળ આવી ગયેલું 'વિજ્ઞાન-ઘન'વાળું વાક્ય લઈને તેનો ખરો અર્થ સમજાવે છે : 'વિજ્ઞાન-ઘન' એટલે પાંચ ભૂતોનો સમુદાય નહીં પરંતુ વિશિષ્ટ જ્ઞાન—જ્ઞાન-દર્શનનો ઉપયોગ તે વિજ્ઞાન અને તે વિજ્ઞાન એટલે જ્ઞાન-દર્શનના સમુદાય રૂપ જ આત્મા.

આ આત્મા જ્ઞેયપણે—જાણવાયોગ્યપણે ઘટ-પટ વગેરે પાંચ ભૂતોના વિકાર થકી ઉપયોગ રૂપે ઉત્પન્ન થઈને, તે ભૂતોનો જ્ઞેયપણે અભાવ થયા પછી, આત્મા પણ તેઓના ઉપયોગ રૂપે વિનાશ પામે છે અને બીજા પદાર્થના ઉપયોગ રૂપે ઉત્પન્ન થાય છે, અથવા, સામાન્ય રૂપે રહે છે.

'ન પ્રેત્ય સંજ્ઞા અસ્તિ' આવી રીતે પૂર્વના ઉપયોગ રૂપ આત્મા ન રહેલો હોવાથી, પૂર્વના ઉપયોગ રૂપ સંજ્ઞા રહેતી નથી.

એટલે કે આત્માના પ્રત્યેક પ્રદેશે જ્ઞાન-દર્શનના ઉપયોગ રૂપ અનંતા પર્યાયો રહેલા છે, તે વિજ્ઞાનના સમુદાયથી આત્મા કથંચિત અભિન્ન છે, એટલે કે આત્મા વિજ્ઞાનમય હોવાથી

'વિજ્ઞાનઘન એવ'—વિજ્ઞાનના સમુદાય રૂપ જ છે—તેથી વેદ-વાક્યમાં કહ્યું છે—ન પ્રેત્ય સંજ્ઞા અસ્તિ—પૂર્વના ઉપયોગ રૂપ સંજ્ઞા રહેતી નથી.

આત્માના ત્રણ સ્વભાવ છે : જે પદાર્થનું વિજ્ઞાન પ્રવર્તતું હોય તે (૧) વિજ્ઞાન પર્યાય રૂપે આત્મા ઉત્પન્ન થાય છે, તે સમયે પહેલાંના પદાર્થના વિજ્ઞાનપર્યાય નાશ પામેલા હોવાથી, તે પહેલાંના (૨) વિજ્ઞાનપર્યાય રૂપે આત્મા વિનશ્વર રૂપ છે, અને, અનાદિ કાળથી પ્રવર્તેલી વિજ્ઞાન-સંતતિ વડે (૩) દ્રવ્યપણે આત્મા અવિનશ્વર સ્વરૂપ છે. આ પ્રમાણે પર્યાય રૂપે આત્મા ઉત્પન્ન થાય છે, પર્યાય રૂપે આત્મા વિનાશ પામે છે; પરંતુ દ્રવ્યરૂપે તો આત્મા નિત્ય જ છે.

હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! ધ્યાન રાખ, પ્રત્યક્ષથી આત્માની સિદ્ધિ. જ્ઞાન દરેકને પોતાના અનુભવસિદ્ધ હોવાથી પ્રત્યક્ષ છે અને જ્ઞાન આત્માથી કથંચિત અભિન્ન છે માટે જેમ જ્ઞાન પ્રત્યક્ષ છે તેમ અભિન્ન આત્મા પણ પ્રત્યક્ષ છે.

ત્રિકાળ સ્વરૂપ આત્મા : હું બોલ્યો, હું બોલું છું. હું બોલીશ—આ પ્રમાણે ત્રણે કાળના વ્યવહારમાં 'હું' એવી જે પ્રતીતિ થાય છે તે પ્રતીતિથી પણ આત્મા પ્રત્યક્ષ સિદ્ધ છે.

કદાચ 'હું' શબ્દથી કોઈ કહે કે શરીરની પ્રતીતિ થાય છે તો તે યોગ્ય નથી, કેમ કે શરીરનું મડદું કદી 'હું બોલ્યો' એમ કહી શકે નહીં, માટે આ પ્રતીતિ શરીરથી જુદા એવા અશરીરી એવા આત્માને થાય છે.

વસ્તુતઃ જેના 'ગુણ' પ્રત્યક્ષ હોય તે 'ગુણી' પણ પ્રત્યક્ષ જ ગણાય. આત્માના ગુણો સ્મરણ, ઇચ્છા, સંશય વગેરે આપણે અનુભવીએ છીએ તે ગુણોનો આધાર આત્મારૂપી ગુણી છે, કેમ કે જેવા ગુણ હોય તેવો જ ગુણી હોય.

આ ગુણો અમૂર્ત અને ચૈતન્યરૂપ છે, જ્યારે શરીર તો મૂર્ત અને જડરૂપ છે. ટૂંકમાં, અમૂર્ત અને ચૈતન્યસ્વરૂપ ગુણવાળો ગુણી તે અમૂર્ત અને ચૈતન્યસ્વરૂપ આત્મા છે.

### [૨] હે ઇન્દ્રભૂતિ ગૌતમ! આત્માની સિદ્ધિ અનુમાનથી પણ થઈ શકે છે :

એવો સામાન્ય નિયમ છે કે જે વસ્તુ 'ભોગ્ય' (ભોગવવા યોગ્ય) હોય તેનો ભોગવનાર 'ભોક્તા' હોવો જ જોઈએ. જેમ ભોજન, વસ્ત્ર વગેરે ભોગ્ય છે તેનો ભોક્તા મનુષ્ય છે—શરીર પણ ભોગ્ય પદાર્થ છે તો તેનો ભોક્તા શરીરી-શરીરવાળો હોવો જોઈએ તે જ અશરીરી આત્મા.

### [૩] આગમથી આત્મસિદ્ધિ (વેદ-વાક્યથી) :

હે ઇન્દ્રભૂતિ ! વેદમાં કહ્યું છે કે "સઃ વૈ અયમ્ આત્મા જ્ઞાનમયઃ" એટલે આ આત્મા ખરેખર જ્ઞાનમય છે. વળી કહ્યું છે કે : "દદદ—દમો દાનં દયા—ઈતિ દકારત્રયં યઃ વેત્તિ સઃ જીવઃ" એટલે દદદ—દમ, દાન ને દયા એ ત્રણ દ-કારને જે જાણે છે તે આત્મા છે. આ વેદવાક્ય પણ આત્મા જ સિદ્ધ કરે છે.

### [૪] વિવેકબુદ્ધિથી શંકા-નિરસન :

તું જે એમ માને છે કે ઘી-દૂધ-બદામ વગેરે ઉત્તમ પદાર્થો વાપરવાથી પુષ્ટ બનેલા શરીરનું ચૈતન્ય સતેજ અનુભવાતું હોવાથી, પંચ-ભૂતોના સમુદાય રૂપ શરીરમાંથી આ ચૈતન્ય ઉત્પન્ન થાય

છે; પણ આ માન્યતા અયોગ્ય છે, કેમકે તે વખતે પુષ્ટ થયેલું શરીર ચૈતન્યનું સહાયક બને છે, પણ તેમાંથી ચૈતન્ય ઉત્પન્ન થતું નથી.

સહાયક ને ઉત્પાદક બંનેમાં ફરક છે : તેનો ભેદ બરાબર સમજવો જોઈએ. દા. ત. અગ્નિમાં સુવર્ણ મૂકવાથી સુવર્ણ પીગળે છે તે દ્રવતામાં—પીગળવામાં અગ્નિ સહાયક છે, પણ દ્રવતા અગ્નિમાંથી થઈ તેમ ન કહેવાય. દ્રવતા ગુણ સુવર્ણનો છે તેથી દ્રવતા અગ્નિની સહાયથી સુવર્ણમાં થાય છે.

તે પ્રમાણે પુષ્ટ શરીર ચૈતન્યને સતેજ બનાવવામાં સહાયક છે પરંતુ ચૈતન્ય શરીરમાંથી ઉત્પન્ન થયું માનવું તે ભ્રમ છે. ચૈતન્ય તો આત્મામાંથી જ આવે છે અને તેથી તે આત્માનો ધર્મ છે.

**''પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ,**
**દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ.''** *—શ્રીમદ્ રાજચંદ્ર*

હે ઈન્દ્રભૂતિ ! તું વિચારી જો કે ઘણી વાર માણસો ઘણા પુષ્ટ હોય છે પણ શરીરના પ્રમાણમાં જ્ઞાન ઘણું અલ્પ હોય છે; જ્યારે કેટલાક કૃશ અંગવાળા દૂબળા-પાતળા શરીરવાળા અસાધારણ બુદ્ધિબળ ધરાવતા હોય છે; એટલે શરીરને અને જ્ઞાનને કંઈ લેવા-દેવા નથી. જો શરીરમાંથી ચૈતન્ય ઉદ્ભવતું હોય તો મૃત શરીરમાંથી કેમ નથી ઉદ્ભવતું ? ત્યાં શરીર તો છે જ.

વળી ગાંડા થઈ ગયેલા માણસનું ચૈતન્ય વિકારવાળું હોય છે છતાં તેનું શરીર તો જેવું ને તેવું જ હોય છે—તેના શરીરમાં કંઈ વિકાર દેખાતો નથી, તો પછી શરીરમાંથી ચૈતન્ય ઉદ્ભવે છે તેમ કઈ રીતે કહેવાય ?

માટી ઘણી હોય તો ઘડો પણ મોટો થાય; તેથી માટીમાંથી ઘડો થયો એમ મનાય છે, પરંતુ શરીર અને ચૈતન્યના વિષયમાં તેમ અનુભવાતું નથી. જબરદસ્ત મોટાં માછલાંઓમાં જ્ઞાન ઘણું અલ્પ હોય છે, જ્યારે નાના શરીરવાળા મનુષ્યમાં જ્ઞાન વધારે હોય છે.

એટલે દરેક દૃષ્ટિથી વિચારતાં "પાંચ ભૂતોના સમુદાયરૂપ શરીરમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે"—આમ વિચારવું તે મિથ્યા પ્રલાપ સમાન છે. શરીરથી જ્ઞાન ઉત્પન્ન થતું નથી પરંતુ શરીરથી જુદા એવા કોઈ પદાર્થથી જ્ઞાન ઉદ્ભવે છે અને તે પદાર્થ તે આત્મા છે.

હે ઈન્દ્રભૂતિ ! (૧) "વિજ્ઞાન-ઘન" જેવાં વેદ-વાક્યોથી, (૨) પ્રત્યક્ષ પ્રમાણથી, (૩) અનુમાન પ્રમાણથી, (૪) આગમ પ્રમાણથી તથા (૫) સામાન્ય વિવેકબુદ્ધિથી પણ ૧૦૦ ટકા નક્કી થાય છે કે "આત્મા છે;" તેથી તારો "જીવ છે કે નહીં" તે સંશય છેદાઈ જાય છે.

જેવી રીતે દૂધમાં ઘી, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, પુષ્પમાં સુગંધી અને ચન્દ્રકાન્ત મણિમાં જળ રહેલું છે, તેવી જ રીતે શરીરથી જુદો પણ શરીરમાં જ રહેલો એવો આત્મા છે.

ઉપર પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરનાં મધુર સંબોધનો સાંભળી ઈન્દ્રભૂતિનો સંશય દૂર થયો અને વિનમ્ર, વિવેકી, વિનયવંત શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમે, પ્રભુના સમવસરણમાં, તે જ વખતે, પોતાના પાંચસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ત્યાર પછી ભગવંતે "ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા" એટલે, દરેક પદાર્થ વર્તમાન

પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વના પર્યાય રૂપે નષ્ટ થાય છે અને મૂળ દ્રવ્ય રૂપે નિત્ય—ધ્રુવ—કાયમ રહે છે.—એ પ્રમાણે પ્રબોધ કર્યો. પ્રભુ-મુખથી ત્રિપદી સાંભળી, બીજબુદ્ધિના ધણી શ્રી ગૌતમસ્વામીએ દ્વાદશાંગીની રચના કરી.

આમ પંડિત ઈન્દ્રભૂતિ પ્રભુના પ્રથમ ગણધર ગૌતમસ્વામી થયા.

* * *



# ગૌતમસ્વામીનો શિષ્ય

*–સુશીલ*

**આ ભવના નહીં પણ પૂર્વ ભવોના જડ સંસ્કારો કેવાં કેવાં કામ કરે છે તે આ કથા બહુ જ રહસ્યમય રીતે સમજાવે છે. સ્નેહરાગ, કામરાગ અને દૃષ્ટિરાગનાં બંધનો યુગો સુધી બંધાઈ જાય છે. વૈર અને સ્નેહના પછી તો ગુણાકારો થયા જ કરે છે અને તેના પડઘા અને પડછાયા જાણે ભવોભવ સાથે જ હોય તેવી પ્રતીતિ થયા કરે છે.**

**પ્રભુ વીરના ૧૬મા ભવથી લઈને છેક છેલ્લા ભવ સુધી સંકળાયેલી આ કથા આપણને ઘણું બધું કહી જાય છે. પ્રભુનું દર્શન બોધિબીજનું વાવેતર કરી જ દે છે, એ વાત સ્પષ્ટપણે આમાંથી જ સમજાય છે. લેખક શ્રી સુશીલના વિપુલ સાહિત્યસર્જનથી સમગ્ર જૈન સમાજ પૂરી રીતે વાકેફ છે. પ્રાચીન જૈનસાહિત્યનાં રહસ્યોને બહાર લાવવામાં તેમનું પ્રદાન ઘણું મોટું છે.** *–સંપાદક*

કેટલાક ચહેરા જ એવા ભવ્ય અને મનોહર હોય છે કે જે અપરિચિત છતાં જાણે ઘણા જૂના કાળના આપ્તજન હોય એવા લાગે; જેને જોતાં જ પ્રેમના અંકુર પ્રકટે. એથી ઊલટું, કેટલીકવાર એવા ચહેરા પણ નજરે પડે કે જેમને જોઈને આપણને કોઈ પણ પ્રકારનો સદ્ભાવ ન સ્ફુરે – જાણે કે જૂના કાળના વિરોધી હોય એવી બેચેની અનુભવીએ. આમ શા સારુ બનતું હશે તેનું સમાધાન તત્કાળ મળી શકતું નથી. પણ આત્મા જે અનંત કાળથી વિવિધ પ્રકારના રાગ-દ્વેષ પ્રકટાવતો અને અવનવા સંબંધ બાંધતો ભ્રમણ કરી રહ્યો છે તેનો ઈતિહાસ તત્ત્વદૃષ્ટિએ તપાસવામાં આવે તો ઘણા કઠિન પ્રશ્નો સહેલાઈથી ઉકેલી શકાય. ભગવાન શ્રી મહાવીરસ્વામીના જીવનમાં પણ એવો જ એક પ્રસંગ બન્યો હતો.

એકવાર જંગમ કલ્પવૃક્ષ સરખા શ્રી મહાવીરસ્વામી અને તેમના પ્રિય શિષ્ય ગૌતમસ્વામી વિહાર કરતાં એક ગામથી બીજે ગામ જતા હતા. સૂર્ય માથે પહોંચ્યો હતો. કિરણોના તાપથી ધરતી ઊની જ્વાળાઓ ફેંકતી હતી.

માર્ગની એક બાજુએ એક ખેડૂત હળ હાંકતો પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. તાપના પ્રકોપને લીધે તેનો ચહેરો તપાવેલા ત્રાંબાની જેમ લાલચોળ દેખાતો હતો. પ્રભુએ તેની તરફ દૃષ્ટિ કરી ગૌતમસ્વામીને સંબોધીને કહ્યું : 'ગૌતમ ! આને પ્રતિબોધ કરવા જેવું છે. તને મોટો લાભ થશે.'

ગૌતમસ્વામીને માટે આટલો ઈશારો બસ હતો. તે એકદમ પેલા ખેડૂત પાસે ગયા. મહાવીર પોતાને માર્ગે આગળ ચાલ્યા.

ખેડૂતને શ્રી ગૌતમસ્વામીની ભવ્ય અને પુણ્યપ્રભાવી આકૃતિમાં કોઈ અદ્ભુત પ્રશમરસની

પ્રતીતિ થઈ—જાણે કે ઘણા જૂના કાળના કોઈ આપ્તજન અનાયાસે મળ્યા હોય એટલો પ્રથમ દર્શને જ સંતોષ થયો. ગૌતમસ્વામીએ વૈરાગ્યનાં જે બે-ચાર વાક્યો ઉચ્ચાર્યાં તે પણ તેના અંતરમાં આરપાર ઊતરી ગયાં. તે પોતાનું જે કંઈ હતું તે બધું ત્યાં પડતું મૂકી શ્રી ગૌતમસ્વામી સાથે ચાલી નીકળ્યો.

'આવી શાંત મુદ્રા મેં જીવનભરમાં નિહાળી નથી અને આવી હિતકર વાણી પણ હું આજે જ સાંભળું છું.' ખેડૂત બોલ્યો.

ગૌતમસ્વામીએ તેને મહાવીર પરમાત્માનો વેષ આપ્યો અને ખેડૂતે અંતરના ઉમળકા સાથે અંગીકાર કર્યો.

બંને પાછા આગળ ચાલ્યા.

'હવે આપણે ક્યાં જઈશું ?' થોડે દૂર ગયા પછી ખેડૂતે પૂછ્યું.

'મારા ગુરુદેવ પાસે.'

'તમારે પણ ગુરુદેવ છે ? અહો ! એ તો વળી કેવાયે શાંત, મધુર અને ઉપકારક હશે !' ખેડૂતના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'દેવો પણ જેની ચરણરજ લઈ પોતાને કૃતાર્થ માને એવા એ વિશ્વવંદ્ય અને પવિત્ર પુરુષ છે.' ગૌતમે ખુલાસો કર્યો.

અત્યંત સદ્‌ભાવ અને શ્રદ્ધાથી પ્રેરાયેલો ખેડૂત ત્વરિત ગતિએ માર્ગ કાપતો આગળ ચાલ્યો. ગૌતમસ્વામીએ માર્ગમાં મહાવીર ભગવાનના અતિશયોનું વિસ્તૃત વર્ણન સંભળાવ્યું.

મહાવીર ભગવાન એ વખતે સમવસરણમાં વિરાજ્યા હતા. ઊછળતા ઉલ્લાસ અને દૈવી ઋદ્ધિ-સમૃદ્ધિ વડે વાતાવરણ ભરચક ભાસતું હતું. ગમે તેવા નિષ્ઠુર સંસારીનું શિશ પણ મહાવીરના ચરણમાં નમી પડે એવો તેમનો પ્રભાવ હતો.

ખેડૂતે આઘેથી આ દેખાવ જોયો. મહાવીરની મુખમુદ્રા નિહાળી. તેને એમાં સૌમ્યતા અને શાંતિ ન જણાયાં. તે ચમક્યો. પૂર્વનો કોઈ વિરોધી પોતાના પરિવારની મધ્યમાં બેઠો હોય એમ તેને લાગ્યું. તેણે દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો અને કંઈ પણ બોલ્યા વિના પીઠ ફેરવી.

ગૌતમસ્વામી કંઈ નિશ્ચય ન કરી શક્યા. જે પવિત્ર પુરુષ પાસે જન્મવેરીઓ પણ પોતાનું વૈર ભૂલી જાય તેને જોઈને આ ખેડૂત એકાએક ઉદાસ કેમ થયો એ તેમનાથી ન સમજાયું.

'જોયો ? ગૌતમસ્વામીનો આ શિષ્ય !' પર્ષદામાંથી કોઈના છૂપા હાસ્યનો અવાજ સંભળાયો.

'શિષ્ય તો બહુ સારો શોધી લાવ્યા !' બીજાએ ટીકામાં ઉમેરો કર્યો.

ગૌતમસ્વામી પોતે પણ શરમાયા. જેને પ્રતિબોધ કરવાનું પોતે અભિમાન રાખતા હતા તે શિષ્યને આવો કાયર જોઈને તેમને મનમાં અત્યંત ગ્લાનિ થઈ.

'મુનિ ! આ જગતવંદ્ય પરમાત્માને વંદન કરો. મુનિઓના અગ્રણી અને મુક્તિમાર્ગના ઉપદેષ્ટા એવા આ પુરુષના ચરણમાં આત્મનિવેદન કરો.' ગૌતમસ્વામીએ પરમ શાંતિપૂર્વક ખેડૂત-શિષ્યને કહ્યું.

'એ જ જો પરમાત્મા હોય અને તમારા ગુરુ હોય તો મને દીક્ષાના આ વેષની પણ કંઈ જ જરૂર નથી. મારાથી એક ક્ષણ પણ તેમની પાસે ન રહી શકાય. એને જોતાં જ મને કંઈ કંઈ થઈ જાય છે !' એટલું કહી ગૌતમસ્વામીનો આ નવો શિષ્ય ત્યાંથી નાઠો.

મહાવીર પ્રભુ પાસે આવી, બે હાથની અંજલી જોડી ગૌતમસ્વામીએ પૂછ્યું : 'પ્રભુ ! કોઈની ઉપર નહીં ને આપની ઉપર જ એને આટલું બધું વૈર શા સારુ ? આપે આ સંસારમાં કોઈનું પણ અનિષ્ટ નથી કર્યું, છતાં આપને નીરખીને તે શા સારુ આમ વિહ્વળ જેવો બની ગયો ?'

'કારણ વિના કાર્ય અસંભવિત છે. પણ એ કારણ એટલું બધું ગહન અને પુરાતન છે કે જ્ઞાની પુરુષ સિવાય બીજું કોઈ તેનું સ્પષ્ટીકરણ ન કરી શકે. જો, સાંભળ !

જ્યારે હું ત્રિપૃષ્ઠ નામનો વાસુદેવ હતો ત્યારે આ ખેડૂતનો આત્મા એક સિંહ રૂપે ઉપવન અને ગામમાં ભારે રંજાડ કરતો. ત્રિપૃષ્ઠના ભવમાં મેં જ આ સિંહને પકડીને ચીરી નાખ્યો હતો. જ્યારે તે એક માણસના હાથથી મૃત્યુ પામવાને લીધે તરફડતો હતો ત્યારે તેં જ તેને મીઠાં વચનો કહી શાંત કર્યો હતો. એ ગત ભવોનું વૈર હજી ચાલ્યું આવે છે. વૈર અને સ્નેહનાં ઘણાંખરાં કારણો જીવનમાં આમ ગુપ્તપણે પ્રવર્તતાં હોય છે.'

પ્રભુના મુખના આ ઉદ્ગાર સાંભળી સૌના અંતરમાં એક પ્રકારનો નવીન પ્રકાશ પડ્યો. આ ભવના નહીં તો પૂર્વભવના કેટલાક સંસ્કારો વર્તમાન જીવનમાં કેવો અગત્યનો ભાગ ભજવે છે તે સૌને સમજાયું.

પ્રભુ પ્રત્યે અભાવ ધરાવનાર, ગૌતમસ્વામીનો શિષ્ય, માત્ર ગૌતમસ્વામી અને તેમણે સંભળાવેલાં સત્યો પ્રત્યે રુચિ અને ભક્તિ રાખી રહ્યો. તેથી તે દિવસથી તે શુકલપક્ષીયો ગણાયો. ગમે ત્યારે પણ તે પોતાનું આત્મકલ્યાણ સાધી પરમપદે પહોંચવાનો.

* * *

# ઈન્દ્રભૂતિ ગૌતમની મંગલ ગાથા

*—દણ્ડપાણિ*

**વિશ્વનું તંત્ર નિશ્ચિત શાશ્વત-સનાતન સત્યોને અનુસરીને ચાલી રહ્યું છે. આ શાશ્વત સત્યો અવિરતપણે અને અચૂકપણે તેનાં કાર્યો કરી રહ્યાં છે. આ શાશ્વત સત્યો સર્વ સ્થળે અને સર્વ કાળે સાચાં હોય છે.**

**વિશ્વની કોઈ સત્તા એને ઉથલાવી શકતી નથી. તીર્થંકરોએ આપેલ ત્રિપદી અને તેમાંથી આ ગણધરોએ ગૂંથી છે દ્વાદશાંગી!**

**ઈન્દ્રભૂતિથી લઈને નિસર્ગનાં, પ્રકૃતિનાં સર્વ સત્યોનું સાક્ષાત્કાર કરનાર ગણધર ગૌતમ સુધીનું સુંદર મજાનું વિશ્લેષણ અહીં નજરે પડે છે.**

**સંવાદ છે માટે જ સ્વીકાર છે......**

**સામાને સમજવાની ભૂમિકા છે માટે જ સાક્ષાત્કાર છે.......** *—સંપાદક*

ભગવાન મહાવીરના શાસનમાં ઈન્દ્રભૂતિ ગૌતમનું સ્થાન સર્વોપરી છે. ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરના સર્વપ્રથમ શિષ્ય અને ગણધર હતા. તેઓ ચૌદ હજાર સાધુઓ અને છત્રીશ હજાર સાધ્વીઓના અગ્રણી હતા. ભગવાન મહાવીર જે કાંઈ કહેતા, તે ગૌતમને સંબોધીને જ કહેતા હતા. 'સમયં ગોયમ મા પમાયએ'—ભગવાન મહાવીરનું આ વચન આજે પણ જેમનું તેમ સુરક્ષિત છે. ભગવાન મહાવીરના પરમ પ્રેમપાત્ર ઈન્દ્રભૂતિ ગૌતમ જ હતા. કદાચ એટલે જ આજે પણ ચતુર્વિધ સંઘ ભગવાન મહાવીર પછી તરત જ તેમને જ યાદ કરે છે. એ મંગળ શ્લોક આ પ્રમાણે છે :

**मंगलं भगवान् वीरो, मंगलं गौतम प्रभुः ।**
**मंगलं स्थुलिभद्राद्याः, जैन धर्मोऽस्तु मंगलम् ॥**

શ્રી ગૌતમસ્વામીના અદ્‌ભુત સમર્પણે તેમને મંગલકારીઓમાં બીજું સ્થાન પ્રાપ્ત કરાવી દીધું છે. ભગવાન મહાવીર પ્રત્યે તેમનું સમર્પણ અદ્‌ભુત હતું. તેઓએ ભગવાન પ્રત્યે પોતાનું કેવળજ્ઞાન પણ ન્યોછાવર કરી દીધું હતું. તેઓને કેવળજ્ઞાનથી મહાવીર પ્રભુ વધારે વહાલા હતા. શું તે જાણતા ન હતા કે ગુરુ પ્રત્યેનો અસીમ અનુરાગ તેમને કેવલજ્ઞાન-પ્રાપ્તિમાં બાધક બની રહ્યો છે ? ! ચોક્કસ જાણતા હતા; પરંતુ તેમને પોતાના કેવલજ્ઞાનની એટલી પરવા ન હતી જેટલી પોતાના ગુરુની પરવા હતી. ગુરુ એટલા બધા વહાલા હતા કે ક્ષણવાર માટે પણ તેઓ તેમનો વિરહ સહન કરી શકતા નહીં. પરમ ભક્તની આ જ ઓળખાણ છે ને! પરમ ભક્ત મુક્તિ નહિ, જન્મોજન્મ ભક્તિ ઈચ્છે છે. તેને ભય છે કે જો મને મુક્તિ મળી ગઈ તો મારી ભક્તિ ચાલી જશે. એમ તો ન જ થવું જોઈએ. 'જયવીયરાય' નામના પ્રાર્થના સૂત્રમાં પણ એવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે કે—

**''વારિજ્જઈ જઈવિ નિયાણે-બંધણં વીયરાય! તુહ સમયે;**
**તહવિ મમ હુજ્જ સેવા,**
**ભવે ભવે તુમ્હ ચલણાણં.''**

હે વીતરાગ દેવ! તમારા આગમમાં નિયાણું બાંધવાનો અર્થાત્ ફળ માંગવાનો નિષેધ હોવા છતાં હું ફળ માંગવાનું દુઃસાહસ કરું છું. મારી માગણી એટલી જ છે કે મને જન્મોજનમ આપનાં ચરણોની સેવા કરવાનો અવસર મળે.

ઈન્દ્રભૂતિ ગૌતમ અને ભગવાન મહાવીરના મિલનની વાત અત્યંત રોમાંચક છે. શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ મગધ દેશના નિવાસી વસુભૂતિ ગૌતમના પુત્ર હતા. તેમની માતાનું નામ પૃથ્વીદેવી હતું. તે પૃથ્વી જેવી વિશાળ હૃદયવાળી અને ક્ષમાશીલ હતી. સાત હાથનો દેહ ધારણ કરવાવાળા બ્રાહ્મણ કુલભૂષણ ઈન્દ્રભૂતિ વેદવિદ્યામાં પારંગત હતા. તેમની રૂપશોભા અલૌકિક હતી. તેમના મુખમંડળે અને તેમની આંખોએ કમળો પાસેથી એમનું સૌંદર્ય છીનવી લીધું હતું તથા તેમનાં કર-ચરણોએ કમળ પાસેથી તેની સુકુમારતા છીનવી લીધી હતી. સુંદરતા અને સુકુમારતા છીનવાઈ જવાથી બિચારાં કમળોને જળમાં છુપાઈ જવું પડ્યું હતું. તેઓ એટલા તેજસ્વી હતા કે સૂર્ય-ચંદ્રે આકાશમાં ભ્રમણ કરવાનું જ યોગ્ય માન્યું હતું. તેમના રૂપની સરખામણી ખુદ કામદેવ પણ કરી શક્યા નહીં. આમ શ્રી ઈન્દ્રભૂતિ સુંદર, સુકુમાર અને તેજસ્વી હોવાની સાથે ધૈર્યવાન અને ગાંભીર્યવાન પણ હતા. ધૈર્યમાં મેરુ પર્વત સમાન અને ગંભીરતામાં સ્વયંભૂ રમણ સમુદ્ર સમાન હતા.

વૈશાખ સુદ એકાદશીને દિવસે પાવાપુરી નગરમાં સોમિલ નામના બ્રાહ્મણ યજમાને એક મહાયજ્ઞનું આયોજન કર્યું હતું. તે યજ્ઞમાં તે સમયના ભારતના શ્રેષ્ઠતમ મહાવિદ્વાન અગિયાર બ્રાહ્મણો પોતાનું યોગદાન દઈ રહ્યા હતા. તેઓ આ મહાયજ્ઞના અધ્વર્યુ હતા. તેઓમાં ઈન્દ્રભૂતિ ગૌતમનું નામ સૌથી આગળ હતું. પ્રત્યેક વિદ્વાન બ્રાહ્મણ વધુમાં વધુ પાંચસો શિષ્યોના ગુરુ હતા. તેઓ પોતાના શિષ્ય-પરિવાર સાથે સમારંભમાં ઉપસ્થિત હતા. તેઓ ચૌદ વિદ્યાઓના જ્ઞાતા તથા વેદપાઠી હતા. પોતાને સર્વજ્ઞ માનતા હતા. સાથે સાથે ખૂબ અભિમાની પણ હતા. આ અહંના કારણે જ વેદાભ્યાસ વખતે તેઓને જે શંકા થઈ હતી તે કોઈને દર્શાવતા ન હતા. અગિયારમાંથી દરેક વિદ્વાન બ્રાહ્મણના મનમાં એક એક શંકા હતી. ઈન્દ્રભૂતિના મનમાં તો જીવના અસ્તિત્વ વિષે જ શંકા હતી. તેઓ વિચારતા હતા કે જીવ છે કે નહીં? વેદની પંક્તિઓના અર્થ બરાબર નહીં કરી શકવાથી જ તેઓ આ શંકામાં ફસાઈ ગયા હતા.

યજ્ઞકર્મનો પ્રારંભ થયો. વેદની ઋચાઓના ઉચ્ચારણથી દેવોનું આહ્‌વાન થવા માંડ્યું. અને એક ચમત્કાર થયો. યજ્ઞમાં ઉપસ્થિત થયેલા સર્વ લોકોને આકાશમાં થોડે દૂર દેવસમૂહ દેખાવા લાગ્યો. વેદની ઋચાઓનો આ પ્રત્યક્ષ પ્રભાવ જોઈને ઈન્દ્રભૂતિ આદિ સર્વ વિદ્વાનો ચકિત થઈ ગયા. વેદોક્ત ઋચાઓ પ્રત્યે તેમનો આદરભાવ દ્વિગુણિત થઈ ગયો. અચાનક ઈન્દ્રભૂતિના મુખમાંથી હર્ષોદ્‌ગાર નીકળ્યા : 'અહા! ખરેખર આ યજ્ઞ મહાન છે. વેદની ઋચાઓમાં અલૌકિક શક્તિ છે. આ ઋચાઓને આધીન થઈને દેવસમૂહ આજ આ યજ્ઞમાં પોતાનું યોગદાન દેવા આવી રહ્યા છે.'

ક્ષણભરમાં જ ઇન્દ્રભૂતિનો આ હર્ષ આશ્ચર્યમાં પરિવર્તિત થઈ ગયો. જોત-જોતામાં દેવગણ યજ્ઞમંડપ પાર કરીને આગળ નીકળી ગયો. તેઓએ કહ્યું : 'અરે, મનુષ્યથી તો ભૂલ થઈ જાય, પણ આજ દેવતાઓથી આ કેવી ભૂલ થઈ રહી છે ! મહાયજ્ઞ તો અહીં ચાલી રહ્યો છે અને આ દેવગણ આગળ ક્યાં જઈ રહ્યો છે ?' એવામાં એમને કંઈક અવાજ સંભળાયો : 'ચાલો, ચાલો, જલદી કરો. સર્વજ્ઞ દેવના દર્શનમાં વિલંબ થઈ રહ્યો છે.'

આ વાત સાંભળતાં જ ઇન્દ્રભૂતિનું અભિમાન જાગી ઊઠ્યું. ઈર્ષ્યાથી અભિભૂત થઈને તેઓ અન્ય બ્રાહ્મણોને કહેવા લાગ્યા : 'આ તો ખૂબ આશ્ચર્યની વાત છે કે આજ દેવગણ ભટકી ગયો. મનુષ્ય તો ભૂલ કરે; પણ આ દેવગણ તો પ્રબુદ્ધ હોવા છતાં ભૂલ કરી રહ્યો છે. મહાયજ્ઞ તો અહીં ચાલી રહ્યો છે અને આ દેવસમૂહ આગળ ક્યાં જઈ રહ્યો છે ? સાક્ષાત્ સર્વજ્ઞ એવો હું અહીં ઉપસ્થિત છું, તો પછી આ દેવગણ કોના દર્શનથી કૃતાર્થ થવા માટે જઈ રહ્યો છે ? આ બીજો સર્વજ્ઞ કોણ છે ?'

આ સાંભળીને એક બ્રાહ્મણે કહ્યું : 'હે સ્વામી ! કોઈ એક માયાવી પુરુષ નગરની બહાર પોતાની માયાજાળ ફેલાવીને બેઠો છે. કોઈએ એવી અફવા ફેલાવી છે કે તે બીજાના મનની વાત જાણે છે. આ અફવાને લીધે બિચારાં ભલાંભોળાં લોકો એની માયાજાળમાં ફસાઈ રહ્યાં છે. આ અફવા જંગલની આગની જેમ ચારે તરફ ફેલાઈ ગઈ છે; કદાચ એટલા માટે જ દેવગણ પણ એમની પાસે જઈ રહ્યો છે.' આ સાંભળીને ઇન્દ્રભૂતિને ક્રોધ આવી ગયો. તેમણે આવેશમાં આવીને કહ્યું : 'એવો કોણ છે કે જે મારા જેવા સર્વજ્ઞ સામે ટક્કર લઈ શકે છે ? આ દેવગણ ભલે એમની માયાજાળમાં ફસાય, પણ હું એમની માયાજાળમાં નહીં ફસાઉં. હું એમની માયાજાળને તોડીને સમગ્ર સંસારની સામે એની પોલ ઉઘાડી પાડી દઈશ. એણે મારી ગુફામાં પ્રવેશ કર્યો છે. હવે એ મારાથી બચી નહીં શકે. ઓ માયાવી સર્વજ્ઞ ! હું તારી પાસે આવી રહ્યો છું. એક મ્યાનમાં એક જ તલવાર રહી શકે છે. હું જ્ઞાનસૂર્ય છું. જેમ સૂર્યના આગમનથી ઘુવડને છુપાઈ જવું પડે છે, તેમ મારી તરફ જોતાં જ તારી આંખો અંજાઈ જશે. તું મારું તેજ સહન નહીં કરી શકે. ભયભીત થઈને તારે ભાગી જવું પડશે. સાવધાન ! તારી સાથે ટક્કર લેવા હું આવી રહ્યો છું. માયાવીઓની માયાજાળથી ભોળા જીવોનું રક્ષણ કરવું એ મારું પરમ કર્તવ્ય છે. આટલું કહીને પોતાના પાંચસો શિષ્યોને સાથે લઈને પંડિતશિરોમણિ ઇન્દ્રભૂતિ સર્વજ્ઞ દેવ સાથે શાસ્ત્રાર્થ કરવા નીકળી પડ્યા.

આ સર્વજ્ઞ દેવ કોણ હતા ? તેઓ બીજા કોઈ નહીં, જ્ઞાતપુત્ર વર્ધમાન મહાવીર હતા. વૈશાખ સુદ દશમને દિવસે સાંજના સાડા ચાર વાગે જૃંભિક ગામની બહાર, ઋજુવાલિકા નદીને કિનારે, શાલિવૃક્ષની નીચે, બેલેની તપસ્યા સહિત ગોદુહ આસનમાં ભગવાન જ્યારે શુક્લધ્યાનમાં લીન હતા ત્યારે ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચતાં જ—ક્ષપકશ્રેણી પર આરોહણ કરતાં જ—તેઓનાં સમસ્ત ઘાતીકર્મોનો ક્ષય થઈ ગયો હતો અને તેઓને લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. પરંતુ ત્યાં દેવો નિર્મિત સમવસરણમાં મનુષ્યોની અનુપસ્થિતિના કારણે ધર્મલાભનો અભાવ જાણીને ભગવાન ત્યાંથી વિહાર કરીને પાવાપુરી પધાર્યા હતા. અને ત્યાં મહાસેન નામના ઉદ્યાનમાં સમવસરણની રચના કરવામાં આવી હતી.

ક્રોધ અને અભિમાનથી ધૂંધવાતા ઇન્દ્રભૂતિ મહાસેન વનમાં સ્થિત સમવસરણની પાસે પહોંચ્યા. સમવસરણની અપૂર્વ શોભાનું અવલોકન કરીને તેઓ દિંગ થઈ ગયા. તેઓ સમવસરણમાં પ્રવેશ્યા. અશોકવૃક્ષની નીચે સુવર્ણાસન પર બિરાજમાન ચરમ તીર્થંકર ભગવાન મહાવીરનાં દર્શન થતાં જ તેઓ વિચારોમાં ખોવાઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા, 'આવો વાદી તો મેં પહેલાં ક્યારેય જોયો નથી. આની સાથે મુકાબલો કરવો બહુ મુશ્કેલ છે. આ છે કોણ ? બ્રહ્મા ? વિષ્ણુ ? કામદેવ ? નળ ? કુબેર ? ઇન્દ્ર ? ના, ના. એમાંથી આ કોઈ નથી. હા, હા, યાદ આવ્યું. લોકો જેને 'શ્રી વીર જિનેન્દ્ર' કહે છે એ જ આ છે. અરે ! ગજબ થઈ ગયો. હું તો મુસીબતમાં મુકાઈ ગયો. આ તો સાક્ષાત્ જ્ઞાનસૂર્ય છે, અને હું તો એની સામે એક નાનકડા આગિયા જેવો છું. અરે, રાઈનો દાણો કોઈ દિવસ મેરુ પર્વત સામે ટકી શકે ? વિવાદ કર્યા વગર ચાલ્યો જઈશ તો લોકો શું કહેશે ? હે ભગવાન ! ત્રાહિ મામ્ ! ત્રાહિ મામ્ !'

આ પ્રકારે તેઓ વિચારી રહ્યા હતા અને તે ક્ષીણમોહ મહાયોગીનું અદ્ભુત સામ્રાજ્ય પણ જોઈ રહ્યા હતા. ભગવાનના સમવસરણમાં પ્રવેશ પામેલી હરણી સિંહબાળને સ્પર્શી રહી હતી, ગાય વાઘના બચ્ચાને ચાટી રહી હતી, બિલાડી હંસના બચ્ચાને વ્હાલથી સ્પર્શી રહી હતી, અને મયૂરી સાપની પાસે શાંત ભાવથી બેઠી હતી. તે મહાયોગીના સામ્રાજ્યમાં જન્મજાત વેર કે ભયનું નામનિશાન ન હતું. ત્યાં તો ચારે તરફ પ્રેમ અને નિર્ભયતાનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. અહિંસાની ચરમ સીમા દેખાતી હતી.

એવામાં ઇન્દ્રભૂતિના કાનોમાં એક મધુર સ્વરલહરી ગુંજી ઊઠી : 'હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! હું તમારી જ પ્રતીક્ષામાં એક રાતમાં બાર જોજન ભૂમિ વટાવીને અહીં આવ્યો છું. તમે સકુશળ તો છો ને ? સારું કર્યું, તમે આવ્યા !' ભગવાનના મુખે પોતાનું નામ સાંભળીને તે પળવાર તો વિસ્મિત થઈ ગયા; પણ બીજી જ પળે તેઓ વિચારવા લાગ્યા : 'મારું નામ તો વિશ્વવિખ્યાત છે. માત્ર નામ લઈને બોલાવવાથી એને સર્વજ્ઞ ન માની લેવાય. એમનું મહત્ત્વ તો હું ત્યારે જ સ્વીકારું કે જ્યારે તેઓ મારા મનની શંકાનું નિવારણ કરી આપે.

ઇન્દ્રભૂતિ ગૌતમ આમ વિચારી રહ્યા હતા ત્યાં ધીરગંભીર ધ્વનિ ફરી એમના કાને પડ્યો : 'હે ગૌતમ ! તમારા મનમાં જીવના અસ્તિત્વ વિષે જે શંકા છે તે નિરર્થક છે. જીવ ત્રૈકાલિક સત્ય છે. વેદની ઋચાઓનો અર્થ કરવામાં તમારાથી કંઈક અસાવધાની થઈ ગઈ છે. સાંભળો, હું તમને એ ઋચાઓનો ગૂઢાર્થ સમજાવું છું.' આટલું બોલીને ભગવાને પોતે ઋચાગાનનો પ્રારંભ કર્યો. કેવી હતી ભગવાનની એ દિવ્ય વાણી ? સમુદ્રમંથન વખતે જે ધ્વનિ થયો હતો અથવા ગંગામાં ઘોડાપૂર આવે ત્યારે જેવો ધ્વનિ થાય, તેવી એ વાણી હતી ! તે તો જાણે આદિ બ્રહ્મની જ ધ્વનિલીલા હતી ! ભગવાનની તે દિવ્ય વાણી સમસ્ત સમવસરણમાં ગુંજવા લાગી. બાર પ્રકારની પર્ષદા તન-મન એકાગ્ર કરીને એ ધ્વનિનું રસાસ્વાદન કરવા લાગી.

ભગવાનના મુખથી વેદવચન પ્રસારિત થયાં : **'विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति, न प्रेत्यसंज्ञास्तीति जीवा भाव श्रुतिः ।'**

ભગવાન આગળ બોલ્યા : 'હે ગૌતમ ! ઉપર્યુક્ત વેદવચનનો તું જે અર્થ કરે છે તે આ પ્રમાણે છે – વિજ્ઞાનઘન એવો ચેતનપિંડ પંચમહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે અને એ પંચમહાભૂતોના

નાશ સાથે જ આ વિજ્ઞાનઘન ચેતન પણ નાશ પામે છે. પરલોક નથી, અને જીવનું પરલોકગમન થતું નથી. જેમ દીપક પ્રજ્વલિત થતાં જ પ્રકાશ ઉત્પન્ન થાય છે અને ઓલવાતાં જ પ્રકાશ નષ્ટ થઈ જાય છે, તેમ પંચમહાભૂતોના સંયોગથી જીવ પ્રગટ થાય છે અને તેના વિઘટનથી જીવ પણ લુપ્ત થઈ જાય છે. પંચમહાભૂતો સિવાય અલગ જીવ નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. આમ, વેદોમાં એમ પણ કહ્યું છે કે, **अयमात्मा ज्ञानमयः मनोमयः**...અર્થાત્ આ આત્મા જ્ઞાનમય છે, મનોમય છે, વગેરે...

આ બન્ને વેદવચનોમાં પરસ્પર વિરોધ દેખાય છે. પ્રથમ વેદવચનથી જીવનો નિષેધ સિદ્ધ થાય છે, તો બીજા વેદવચનથી જીવનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ થાય છે. એટલા માટે તમારા મનમાં જીવના અસ્તિત્વ બાબત શંકા ઉત્પન્ન થઈ છે કે જીવ છે કે નહીં.

પરંતુ હે ગૌતમ ! તમારી આ શંકા નિરર્થક છે. પહેલું વેદવચન પણ જીવની સ્વતંત્ર સત્તા સિદ્ધ કરે છે. એનો અર્થ આ પ્રમાણે પણ થઈ શકે અને પેલો અર્થ પણ સાચો છે. સાંભળો, વિજ્ઞાનનો અર્થ છે જ્ઞાન અને દર્શન. જીવ જ્ઞાન અને દર્શનથી અભિન્ન છે. તે જ્ઞાન-દર્શનમય છે; તેથી વિજ્ઞાનઘનનો અર્થ જીવ જ થાય છે. આ જીવને **एतेभ्यः भूतेभ्यः** અર્થાત્ ઘટાદિક ભૂતોના દર્શનથી **समुत्थाय** અર્થાત્ જ્ઞાન ઉત્પન્ન થાય છે અને **तानि एव**—એ જ જ્ઞાન જ્ઞેયમાંથી ઉપયોગ ચાલ્યો જવાથી એમાં જ વિલીન થઈ જાય છે. **अनुविश्यति** અર્થાત્ પછી તે ઘટનાબોધનો પર્યાય નાશ પામે છે. **न प्रेत्य संज्ञा अस्ति**—અર્થાત્ પૂર્વમાં જે જ્ઞાનસંજ્ઞા હતી તે રહી નહીં. ઘટના દર્શનથી જે જ્ઞાન થયું તે ઘટમાં જ રહ્યું, પટમાં નહીં. જીવનું ઘટના વિષયમાં જે જ્ઞાન દર્શનોપયોગ હોય છે તે ઘટમાં જ હોય છે, પટમાં નથી હોતું.

એટલા માટે વેદપદોમાં કોઈ પ્રકારનો વિરોધ નથી. યજુર્વેદમાં પણ કહ્યું છે—**इति द-कार त्रयं यो वेत्ति स जीवः** ।—દયા, દાન અને દમન—આ ત્રણ દ-કારોને જે જાણે છે તે જીવ છે.

હે ઈન્દ્રભૂતિ ! તે સકળ દેહમાં એવી રીતે વ્યાપેલો રહે છે, જેમ તલમાં તેલ, દૂધમાં ઘી અને લાકડામાં અગ્નિ. શરીર ભોગ્ય છે અને જીવ તેનો ભોક્તા છે. જીવના અસ્તિત્વ બાબતમાં કોઈ પ્રકારની ચિંતા નહીં કરવી જોઈએ.'

ભગવાનના શ્રીમુખે પોતાની શંકાનું સમાધાન સાંભળીને ઈન્દ્રભૂતિ કૃતાર્થ બની ગયા. એમનું સઘળું અભિમાન ઓગળી ગયું. ત્રણ લોકના નાથનાં દર્શન કરીને તેઓ ગદ્‌ગદ થઈ ગયા. ત્રણ પ્રદક્ષિણા કરીને તેઓ ભગવાનનાં ચરણોમાં નમી પડ્યા. પોતાના પાંચસો શિષ્યો સાથે તેમણે ભગવાન પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. તેઓ ભગવાનના પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર બન્યા. ભગવાને તેમને ત્રિપદી પ્રદાન કરી—ઉપન્નેઈ વા વિગમેઈ વા ધ્રુવેઈ વા. આ ત્રિપદીને તેમણે દ્વાદશાંગીમાં વિસ્તારિત કરી. ભગવાને જે જે અર્થ પ્રગટ કર્યા, તે સર્વને તેમણે સૂત્રબદ્ધ કર્યા. આ પ્રમાણે જિનાગમોનું પ્રવર્તન થયું.

શ્રી ઈન્દ્રભૂતિની જેમ જ બીજા બધા વિદ્વાનો ભગવાન મહાવીર સાથે વિવાદ કરવા માટે ગયા અને પોતાની શંકાઓનું સમાધાન મેળવતાં જ તે ભવભીરુ આત્માઓએ પોતાના શિષ્યગણ સાથે ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. આમ વૈશાખ સુદ એકાદશીને દિવસે અગિયાર મહાવિદ્વાન બ્રાહ્મણોએ પોતાના ચુંમાલીસસો શિષ્યો સાથે મુક્તિમાર્ગ પ્રતિ પ્રયાણ કર્યું. તે અગિયાર વિદ્વાનો

ભગવાનના અગિયાર ગણધર બન્યા અને તેઓએ ભગવાન પાસેથી ત્રિપદી ગ્રહણ કરીને ક્ષણ માત્રમાં બાર અંગોની રચના કરી. આ પ્રસંગે ઇન્દ્ર મહારાજ રત્નથાળમાં વાસક્ષેપ લઈને ઉપસ્થિત રહ્યા. ભગવાને અગિયારે ગણધરોના મસ્તક પર વાસક્ષેપ કર્યો અને એ પ્રમાણે એમના ધર્મતીર્થનું પ્રવર્તન થયું. એ પછી મહાસતી ચંદનબાળાએ પણ ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. આરાધક શ્રાવક-શ્રાવિકાઓએ શ્રાવકવ્રત સ્વીકાર્યાં અને ભગવાનના ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ.

શાસન-સ્થાપના પછી ત્રીશ વર્ષ સુધી ભગવાન મહાવીરે ધર્મનો માર્ગ સમજાવ્યો. શ્રી ગૌતમસ્વામીએ પૂર્ણ સમર્પિત ભાવથી ભગવાનની સેવા કરી. તેઓ બધું જ છોડી શકતા હતા, પણ ભગવાનને નહીં. ભગવાન પ્રત્યે તેમને એક પ્રકારનો મોહ થઈ ગયો હતો. આ મોહના આવરણને લીધે કેવલજ્ઞાન પ્રગટ થતું ન હતું. ભગવાન મહાવીર પણ આ વાત સારી રીતે સમજતા હતા. એ માટે અંતિમ સમયે તેઓએ શિષ્યોત્તમ ગૌતમને આદેશ દીધો કે તમે આજે બાજુના ગામમાં જઈ દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધિત કરી આવો. ગુરુનો આદેશ શિરોધાર્ય કરીને ઇન્દ્રભૂતિ ત્યાં પહોંચી ગયા અને રાતવાસો પણ ત્યાં જ કર્યો. આસો વદ અમાવાસ્યાની એ કાળરાત્રિ હતી. તે રાતે અંતિમ સમયે ભગવાને પોતાના ચરમ દેહનો ત્યાગ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું. તેઓ સિદ્ધ પરમાત્મા બન્યા. પ્રાતઃકાળે ઇન્દ્રભૂતિ પાછા આવ્યા ત્યારે ભગવાનનું નિર્વાણ થઈ ચૂક્યું હતું. શ્રી ગૌતમસ્વામી આ પ્રકારનો વિરહ સહન ન કરી શક્યા. તેમની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યા.

તેઓ વિલાપ કરવા લાગ્યા : 'હે વીર ! આપ મને છોડીને કેમ ચાલ્યા ગયા ? હે વીર ! હું સમજદાર હોવા છતાં છેતરાઈ ગયો. હે વીર ! જો હું આ જાણતો હોત કે આપ મને આવી રીતે રઝળતો મૂકીને ચાલ્યા જશો, તો હું આપનો આદેશ હોવા છતાં દેવશર્મા પાસે ન જાત. હે વીર ! દેવશર્માને પ્રતિબોધ તો બીજા કોઈ દિવસે પણ દઈ શકાત. આપે મને અંતિમ સમયે આપનાથી શા માટે દૂર કર્યો ? હે વીર ! અંતિમ સમયે આપ મને આપની પાસે રાખત તો શું નુકસાન થાત ? હું આપની પાસે મોક્ષનો ભાગ થોડો માંગવાનો હતો ? હે વીર ! આપની પછી આ શાસનની કેવી હાલત થશે ? સૂર્યાસ્ત થયા પછી ઘુવડ અવાજ કરવા લાગે છે, એમ જ હવે ધર્મસૂર્ય-જ્ઞાનસૂર્યનો અસ્ત થઈ જવાથી અજ્ઞાની-પાખંડી ભોળા જીવોને ઠગશે.'

આ પ્રકારે વારંવાર 'વીર' 'વીર'ના ઉચ્ચારણને લીધે એકાએક શ્રી ગૌતમસ્વામીજીને એ વિચાર આવી ગયો કે ભગવાન તો વીતરાગ હતા. તેમને મારામાં કોઈ પ્રકારનો મોહ ન હતો. આ મારો જ દોષ હતો કે હું એમના પ્રત્યે મોહિત થઈ ગયો હતો. તેઓએ મારો પ્રશસ્ત સ્નેહરાગ દૂર કરવા જ મને પોતાના અંતિમ સમયે દૂર મોકલી દીધો હતો. હું માત્ર રાગભાવને લીધે જ તેમને મારાથી જુદા માની રહ્યો હતો. વાસ્તવમાં તો અમે બંને એક જ છીએ. આમ ચિંતન-સાગરમાં ગોથાં ખાતાં ખાતાં કારતક સુદ એકમને દિવસે શ્રી ગૌતમસ્વામીજીને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. અહંકારને કારણે તેઓ પ્રતિબોધિત થયા, રાગ સહિત તેઓએ ગુરુભક્તિ કરી અને વિલાપ કરતાં કરતાં તેઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ઇન્દ્રાદિક દેવતાઓએ તેમના કેવળજ્ઞાનનો મહોત્સવ ઊજવ્યો. તેઓ સિંહાસન પર કેવળલક્ષ્મી સાથે શોભી રહ્યા. અનુપમ આભાથી તેમનું મુખમંડળ દેદીપ્યમાન થઈ ઊઠ્યું.

જેમ કોયલની કૂકથી આમ્રવૃક્ષ ગુંજી ઊઠે છે, પુષ્પની સુગંધથી ઉદ્યાન સુગંધિત થઈ ઊઠે છે, સુગંધ અને શીતળતાને લીધે ચંદનવન શોભાયમાન થઈ જાય છે, જળતરંગોથી ગંગાજળ તરંગિત થઈ જાય છે, અને પ્રખર તેજથી કનકાચલ પર્વત ઝગમગી ઊઠે છે, એવી રીતે કેવલજ્ઞાનપ્રાપ્તિ પછી સૌભાગ્યસાગર શ્રી ગૌતમસ્વામી શોભાયમાન થઈ રહ્યા હતા. જેમ હંસો વડે માનસરોવર શોભાયમાન થાય છે, ભમરોના ગુંજારવથી કમળવન શોભાયમાન થાય છે, તારાઓ વડે આકાશ શોભાયમાન થાય છે અને દેવસમૂહથી મેરુ પર્વત શોભાયમાન થાય છે, તેવી રીતે ગુણોના કદલીવનમાં શ્રી ગૌતમસ્વામી શોભાયમાન થઈ રહ્યા હતા. જેવી રીતે સુંદર સુકોમળ શાખાઓ વડે કલ્પવૃક્ષ સુશોભિત થાય છે, મધુર ભાષાથી મુખની શોભા વધે છે અને ઘંટારવથી જિનમંદિર રણકી ઊઠે છે, તેવી રીતે શ્રી ગૌતમસ્વામીજી આત્મલબ્ધિથી પરિપૂર્ણ થઈને મલકી રહ્યા હતા.

આમ કેવલલક્ષ્મી વડે શોભાયમાન શ્રી ગૌતમસ્વામીજીએ ભગવાન મહાવીરના નિર્વાણ પછી બાર વર્ષ સુધી ભારતભૂમિમાં વિહાર કરીને લોકોને જિનવચનામૃતનું પાન કરાવ્યું. તેઓ પચાસ વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા. ત્રીશ વર્ષ સુધી સંયમ પાલન કરીને છદ્મસ્થાવસ્થામાં રહ્યા અને બાર વર્ષ સુધી તેઓ કેવલી પર્યાયમાં રહ્યા. આમ બાણું વર્ષની ઉંમર પૂરી કરીને તેઓ નિર્વાણ પામ્યા. ભગવાન મહાવીરનું વચન સત્ય સાબિત થયું. અંતમાં બન્ને ગુરુ-શિષ્ય એકસરખા થઈ ગયા.

શ્રી ગૌતમસ્વામીના નામનો આજે પણ ખૂબ જ મહિમા છે. મંગલ પાઠમાં તેઓનું નામ લેવામાં આવે છે. તેમના ધ્યાનથી મનુષ્ય વાંચ્છિત ફળ પ્રાપ્ત કરી શકે છે, તેમના રોગ-શોક નષ્ટ થઈ જાય છે, અને ભૂતપ્રેત આદિ પણ તેમના નામથી દૂર ભાગી જાય છે. ગૌતમસ્વામી જિનશાસનના શણગાર હતા. તેમના નામથી હંમેશાં જય જયકાર વર્તે છે. તેમને પ્રણામ કરવાથી જન્મોજન્મનાં પાપ નાશ પામે છે અને ઉત્તમ સંગતિ પ્રાપ્ત થાય છે.

એવા શ્રી ગૌતમસ્વામીજીનું સ્મરણ આપણે હંમેશાં કરતા રહેવું જોઈએ.

* * *

# ઈન્દ્રભૂતિ ગૌતમનું તત્વજ્ઞાન

*—શ્રી કનૈયાલાલ ગૌડ*

**એક જ નિર્ગ્રંથ ધર્મ. એ ધર્મના છેલ્લા બે તીર્થંકરો તે ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર. ભગવાન મહાવીરે તીર્થનું પ્રવર્તન કર્યું ત્યારે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના શ્રમણો અને શ્રમણોપાસકો મોજૂદ હતા. એમને ભગવાન મહાવીરની ચારને બદલે પાંચ મહાવ્રતો યોજવાની તેમ જ વસ્ત્રોના સર્વથા ત્યાગની તથા ભિક્ષુએ અલ્પમૂલ્ય, જીર્ણશીર્ણ અને સાવ સાદાં શ્વેત વસ્ત્રો વાપરવાની વાત સમજાતી ન હતી. બંને પરંપરાના ધર્મનું તત્ત્વ અને ધ્યેય તો એક જ હતું; છતાં બંનેમાં આવો ક્રિયાભેદ કેમ, એવી શંકા સૌને સતાવતી હતી. આ શંકાના સમાધાન/નિવારણ માટે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ અને ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમસ્વામીનું મિલન થયું. તેઓ વચ્ચે વિવિધ-વિષયસ્પર્શી જે વાર્તાલાપ થયો તે આ ભેદના હાર્દને સમજાવી ગયો, એટલું જ નહીં; એક જ ધર્મની બે પરંપરાઓના સંગમરૂપ પણ બની ગયો. પ્રસ્તુત લેખ દ્વારા ચાલો આપણે પણ ગૌતમસ્વામીની અગાધ જ્ઞાન-ગરિમાનું દર્શન કરી ધન્ય બનીએ.** *—સંપાદક*

એક વાર કેશી શ્રમણ પોતાના શિષ્યમંડળ સહિત વિચરણ કરતા શ્રાવસ્તી પધાર્યા. તેઓ તિન્દુક ઉદ્યાનમાં રહ્યા. સંયોગવશ, એ દિવસોમાં જ ઈન્દ્રભૂતિ ગૌતમ પણ પોતાના શિષ્ય-સમુદાય સહિત વિચરણ કરતા કરતા શ્રાવસ્તી પધાર્યા અને કોષ્ઠક ઉદ્યાનમાં રહ્યા. જ્યારે બંનેના શિષ્યો ભિક્ષાચરી આદિ માટે નગરીમાં જતા તો ત્યાં બંનેની પરંપરાઓના ક્રિયાકલાપમાં લગભગ સરખાપણું અને વેષમાં અસમાનતા જોઈ, બંનેમાં આશ્ચર્ય અને જિજ્ઞાસા ઉત્પન્ન થયાં. બંને પક્ષના શિષ્યોએ પોતપોતાના ગુરુજનોને આ કહ્યું. આ સાંભળીને બંને પક્ષના ગુરુઓએ પણ, પરસ્પરના મતભેદો તથા આચાર-ભેદ અંગે એક સ્થળે બેસી ચર્ચા કરી લેવાનો નિશ્ચય કર્યો. પાર્શ્વ પરંપરાના આચાર્ય હોવાના નાતે કેશી શ્રમણ ગૌતમથી જ્યેષ્ઠ હતા. આથી ગૌતમે જ વિનય-મર્યાદાની દૃષ્ટિએ આ અંગે પહેલ કરી. પોતાના શિષ્યસમૂહ સાથે તેઓ તિન્દુક ઉદ્યાનમાં, જ્યાં કેશી શ્રમણ વિરાજમાન હતા, પધાર્યા. ગૌતમને આવેલા જોઈ કેશી શ્રમણે પણ તેમનો પૂરો આદર-સત્કાર કર્યો. તેમણે તત્કાલ ગૌતમને બેસવા માટે, પ્રાસુક પયાલ અને કુશતૃણ સમર્પિત કર્યાં. કેશી શ્રમણ અને મહા યશસ્વી ગૌતમ—બેઠેલા બંને જાણે સૂર્ય અને ચંદ્ર જેવા સુશોભિત થઈ રહ્યા હતા.

કેશી શ્રમણે ગૌતમની અનુમતિ લઈ પૂછ્યું—'હે મહાભાગ ! મહામુનિ પાર્શ્વનાથ દ્વારા પ્રતિપાદિત આ ચાતુર્યામ ધર્મ અને મહામુનિ વર્ધમાને જેનું પ્રતિપાદન કર્યું છે એવો આ પંચ-શિક્ષાત્મક ધર્મ, હે મેધાવિન્ ! બંને જ્યારે એક જ ઉદ્દેશ લઈને પ્રવૃત્ત થયા છે તો પછી આ ભેદ—તફાવતનું શું કારણ છે ? આ બે પ્રકારના ધર્મો જોઈ તમને સંદેહ કેમ નથી થતો ?'

ગૌતમે કેશી શ્રમણના પ્રશ્નનો ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યો–જે ધર્મમાં જીવાદિ તત્ત્વોનો વિશેષ નિશ્ચય કરાય છે, એવા તત્ત્વની સમીક્ષા પ્રજ્ઞા કરે છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના મુનિઓ સ્વભાવે ઋજુ (સરળ) અને જડ (મંદમતિ) હોય છે, અંતિમ તીર્થંકર મહાવીરસ્વામીના મુનિઓ સ્વભાવે વક્ર અને જડ હોય છે. આ જ કારણે ધર્મના બે પ્રકાર કરવામાં આવ્યા છે.

'પ્રથમ તીર્થંકરના મુનિઓના કલ્પ સાધ્વાચાર દુર્વિશોધ્ય હતો. અંતિમ તીર્થંકરના મુનિઓ દ્વારા સાધ્વાચારનું પાલન કરવું મુશ્કેલ છે પરંતુ મધ્યના બાવીશ તીર્થંકરોના સાધકો દ્વારા કલ્પનું પાલન કરવું સરળ છે.'

ગૌતમના ઉત્તરથી કેશી શ્રમણને પૂર્ણ સંતોષ થયો. તેમણે કહ્યું—'હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારું સમાધાન તો કરી આપ્યું પણ મને બીજી એક શંકા પણ છે. મારી એ અંગેની જિજ્ઞાસાને શાંત કરો. વર્ધમાનસ્વામીએ અચેલક ધર્મનો ઉપદેશ આપ્યો છે અને મહાયશસ્વી પાર્શ્વનાથે સચેલક ધર્મનો. એક જ કાર્યથી પ્રવૃત્ત આ બંનેમાં તફાવતનું શું કારણ છે ? બે જાતના વેશ જોઈને આપને કેમ સંદેહ થતો નથી ?'

ગૌતમે કેશી શ્રમણના પ્રશ્નોને ખૂબ ધીરજપૂર્વક સાંભળ્યા અને કહ્યું—'ધર્મનાં સાધનોને યથોચિત રૂપે જાણીને જ–સારી રીતે વિ-જ્ઞાન પ્રાપ્તિ પછી જ–એની અનુમતિ આપી છે. ભિન્ન ભિન્ન પ્રકારનાં ઉપકરણોનું વિધાન જનતાની પ્રતીતિ માટે છે, સંયમ યાત્રા-નિર્વાહને માટે છે અને હું સાધુ છું એ પ્રકારનો બોધ રહે માટે જ લોકમાં લિંગ (ચિહ્ન)નું પ્રયોજન છે. વસ્તુતઃ બંને તીર્થંકરોના સિદ્ધાંત, નિશ્ચયદષ્ટિએ તો, સમ્યક્-જ્ઞાન-દર્શન અને ચારિત્ર્ય જ મોક્ષનું વાસ્તવિક સાધન છે.'

કેશી શ્રમણે ફરી પ્રશ્ન કર્યો—'હે ગૌતમ ! આપ અનેક દુશ્મનો વચ્ચે ઊભા છો, તેઓ તમારા પર વિજય મેળવવા દોડી રહ્યા છે. આપે એ શત્રુઓને કેવી રીતે જીતી લીધા ?'

ગૌતમે પ્રશ્ન સાંભળી ઉત્તર આપ્યો : 'એકને જીતવાથી પાંચ જિતાઈ ગયા અને પાંચને જીતવાથી દશ જિતાઈ ગયા. દશેયને જીતીને મેં બધા શત્રુઓને જીતી લીધા.'

'આપે શત્રુ કોને કહ્યા ?'

'હે મુનિશ્રેષ્ઠ ! એક ન જીતેલો આત્મા જ શત્રુ છે. કષાય અને ઈન્દ્રિયો શત્રુ છે. એમને જીતીને હું નીતિ અનુસાર વિહાર કરું છું.'

અર્થાત્ એક આત્માને જીતી લેવાથી જે ક્રોધાદિ ચાર કષાય છે એમને જીત્યા અને મન સહિત પાંચેયને જીતવાથી પાંચ ઈન્દ્રિયો જે મનને આધીન છે, તેમને પણ જીતી લઈ શકાય છે. આ બધા મળીને દશ થાય છે. અને આ દશને જીતી લેવાથી, એના આખ્ખા પરિવારને, જેની સંખ્યા હજારોની છે, જીતી લેવાય છે. આ જ ગૌતમના કથનનો અર્થ છે.

'આ લોકમાં ઘણાં શરીરધારી જીવો પાશોથી બદ્ધ દષ્ટિગોચર થાય છે. આપ બંધનથી મુક્ત અને લઘુભૂત થઈને કેવી રીતે વિચરણ કરો છો ?'

'હું એ બંધનોને સર્વ પ્રકારે કાપીને તથા ઉપાયોથી વિનષ્ટ કરીને બંધનમુક્ત અને લઘુભૂત થઈને વિચરણ કરું છું." ગૌતમે કેશી શ્રમણની શંકાનું નિવારણ કર્યું.

'પાશ-બંધન કોને કહેવાયાં છે ?'

'તીવ્ર રાગ-દ્વેષ વગેરે અને સ્નેહ ભયંકર પાશ-બંધન છે. એમને ધર્મ-નીતિ મુજબ કાપીને ક્રમાનુસાર વિચરણ કરું છું.'

'હૃદયની ભીતર ઉત્પન્ન એક લતા છે જેનું ભક્ષણ કરવાથી ઝેર સમું ફળ આપે છે. આપે એને કેવી રીતે ઉખાડી ?'

'એ લતાને સંપૂર્ણપણે કાપીને અને મૂળમાંથી ઉખાડીને હું નીતિ અનુસાર વિચરણ કરું છું. આથી હું તેનું ઝેર ખાવાથી મુક્ત છું.'

'એ લતા આપ કઈ કહો છો ?' કેશી શ્રમણે પૂછ્યું.

'ભવ-તૃષ્ણાને જ ભયંકર લતા—વેલ કહી છે. એમાં ભયંકર વિપાકી-ફળ લાગે છે. હું એને મૂળમાંથી જ ઉખાડી, નીતિ અનુસાર વિચરણ કરું છું.' ગૌતમે ઉત્તર આપ્યો.

'શરીરધારી જીવોને દઝાડતી-બાળતી રહેતી ઘોર અગ્નિ-જ્વાળાઓ ચારે તરફ પ્રજ્વલિત થઈ રહી છે. આપે એ કઈ રીતે બુઝાવી ?' કેશી શ્રમણે પ્રશ્ન કર્યો.

ગૌતમે કહ્યું, 'મહામેઘથી ઉત્પન્ન બધા જળમાંથી ઉત્તમ જળ લઈ હું એનું નિરન્તર સિંચન કરું છું. આ કારણે સિંચન-શાંત કરેલી અગન-જ્વાળાઓ મને દઝાડતી નથી.'

'એ અગન-જ્વાળાઓ કઈ છે ?' કેશી શ્રમણે પૂછ્યું.

'ક્રોધ, માન, માયા, લોભને જ અગન-જ્વાળાઓ કહી છે. શ્રુત, શીલ અને તપ જળ છે. શ્રુત-શીલ-તપરૂપ જળધારાથી શાંત અને નષ્ટ થયેલી અગન-જ્વાળાઓ મને દઝાડતી નથી.'

'સંસારમાં અનેક કુપંથ છે. એની પર ચાલવાથી પ્રાણી ભટકવા લાગે છે. સન્માર્ગ પર ચાલતાં આપ કેમ ભટક્યા નહીં—ભ્રષ્ટ થયા નહીં ?'

'જે સન્માર્ગ પર ચાલે છે અને જેઓ ઉન્માર્ગ પર ચાલે છે તે બધાં મારા જાણેલાં છે. એથી જ હું ભ્રષ્ટ થતો નથી.'

'માર્ગ શેને કહેવાય છે ?'

'કુપ્રવચનોને માનનારા બધા પાખંડી ઉન્માર્ગગામી છે. સન્માર્ગ તો જિનેન્દ્ર-વીતરાગ દ્વારા કથિત છે અને એ જ માર્ગ ઉત્તમ છે.'

'મહાન જળ-પ્રવાહના વેગથી વહેતા (ડૂબતા) પ્રાણીઓને માટે શરણ, ગતિ, પ્રતિષ્ઠા અને દ્વીપ આપ કોને માનો છો ?'

'જળની મધ્યમાં એક વિશાળ મહાદ્વીપ છે જ્યાં મહાન જળ-પ્રવાહના વેગની ગતિ નથી.'

'દ્વીપ આપ કોને કહો છો ?'

'જરા અને મરણના વેગથી વહેતાં-ડૂબતાં પ્રાણીઓને માટે ધર્મ જ દ્વીપ છે, પ્રતિષ્ઠા છે, ગતિ છે અને ઉત્તમ શરણ છે.'

'મહાપ્રવાહવાળા સમુદ્રમાં નૌકા ડગમગી રહી છે, આપ એના પર આરૂઢ થઈને સામે પાર કેમ જઈ શકશો ?'

'જે નૌકા છિદ્રયુક્ત છે એ સમુદ્ર-પાર સુધી જઈ શકતી નથી.'

'આપ નૌકા કોને કહો છો ?'

'શરીરને નૌકા કહેવામાં આવી છે અને જીવ તેનો નાવિક છે. સંસારને સમુદ્ર કહેવાયો છે જેને મહર્ષિ પાર કરી શકે છે.'

'ઘોર અને ગાઢ અંધકારમાં ઘણાં પ્રાણીઓ રહે છે. સંપૂર્ણ લોકમાં પ્રાણીઓ માટે કોણ પ્રકાશ પ્રદાન કરશે ?'

'સમગ્ર લોકમાં પ્રકાશ કરવાવાળો નિર્મળ સૂર્ય ઉદિત થઈ ચૂક્યો છે, તે જ સમસ્ત લોકમાં પ્રાણીઓને માટે પ્રકાશ પ્રદાન કરશે.'

'આપ સૂર્ય શેને કહો છો ?'

'જેનો સંસાર ક્ષીણ થઈ ચૂક્યો છે, જે સર્વજ્ઞ છે એવો જેનો સૂર્ય ઉદિત થઈ ગયો છે તે જ સમસ્ત લોકમાં પ્રાણીઓને માટે પ્રકાશ કરશે.'

'શારીરિક અને માનસિક દુઃખોથી પીડિત પ્રાણીઓને માટે ક્ષેમ-શિવ અને અનાબાધ (બાધા-વિઘ્ન-રહિત) સ્થાન કયું છે ?'

'લોકના અગ્રભાગમાં એક સ્થાન એવું છે જ્યાં વૃદ્ધત્વ, મૃત્યુ, વ્યાધિઓ તથા વેદનાઓ નથી. પણ ત્યાં પહોંચવું બહુ જ મુશ્કેલ છે.'

'એ કયું સ્થાન ?'

'જે સ્થાનને મહામુનિજન જ મેળવી શકે છે તે સ્થાન નિર્વાણ, અબાધ, સિદ્ધિ, લોકાગ્ર, ક્ષેમ, શિવ અને અનાબાધ છે. ભવ-પ્રવાહનો અંત કરી દેનારા મહામુનિ જેને પ્રાપ્ત કરી, શોખથી મુક્ત થઈ જાય છે તે સ્થાન લોકના અગ્રભાગમાં છે. અને જ્યાં પહોંચવું અત્યંત કઠિન છે, શાશ્વતરૂપે ત્યાં જ વાસ થઈ જાય છે.'

ગૌતમસ્વામી દ્વારા પોતાની શંકાઓનું સમાધાન થવાથી કેશી શ્રમણ ખૂબ જ સંતુષ્ટ અને પ્રભાવિત થયા. આથી જ એમણે ઈન્દ્રભૂતિ ગૌતમને સંશયાતીત, સર્વસિદ્ધાંતસમુદ્ર શબ્દથી સંબોધિત કરી મસ્તક ઝુકાવી વંદન કર્યાં. સાથોસાથ તેમણે પહેલાં જે ચાતુર્યામ ધર્મ ગ્રહણ કર્યો હતો એનું અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના પંચ મહાવ્રતરૂપ ધર્મમાં વિલીનીકરણ કરી દીધું, અર્થાત્ પંચમહાવ્રતધર્મનો અંગીકાર કરી લીધો.

એ તિન્દુક ઉદ્યાનમાં કેશી અને ગૌતમનો જે સમાગમ થયો એથી શ્રુત અને શીલનો ઉત્કર્ષ થયો અને મહાન પ્રયોજનભૂત અર્થોનો વિનિશ્ચય થયો. તે સમગ્ર સભા ધર્મચર્ચાથી સંતુષ્ટ થઈ અને મુક્તિમાર્ગમાં સમુપસ્થિત થઈ.

* * *

# ગુરુ ગૌતમસ્વામી : એક અધ્યયન

*—શાસન જ્યોતિર્ધર પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ.ના શિષ્ય*
*પૂ. મુનિરાજશ્રી પૂર્ણાનન્દસાગરજી મહારાજ*

ગણધર ગૌતમસ્વામી ભગવંતનો અત્રે આંતર-બાહ્ય બાયોડેટા આપ્યો છે. સાથે એમના જીવનની બનેલી રહસ્યમય ઘટનાઓનો ઉલ્લેખ અત્રે આપ્યો છે.

આ લેખના વાચનથી વાચકનાં ચક્ષુઓ સામે ગણધર ભગવંતના લબ્ધિવંત, વિનયવંત જીવનનું અદ્‌ભુત ચિત્ર ખડું થયા વિના રહેતું નથી. *—સંપાદક*

**શ્રી ગૌતમસ્વામિને નમઃ**

**ભદ્દો વિણીય વિણઓ, પઢમ ગણહરો સમ્મત્ત સુઅ નાણી**
**જાણંતોડવિ તમત્થં, વિમ્હિય હિયઓ સુણઇ સવ્વં ।।**

*—પ્રભુ મહાવીર-હસ્ત-દીક્ષિત શ્રી ધર્મદાસ ગણી રચિત*
*શ્રી ઉપદેશમાલા, ગાથા-૬*

**નામ** : ઈન્દ્રભૂતિ

**ગોત્ર** : ગૌતમ

**પિતા** : વસુભૂતિ વિપ્ર

**માતા** : પૃથ્વીમાતા

**ભાઈ** : બે—અગ્નિભૂતિ, વાયુભૂતિ

**ગામ** : ગોબરગામ

**દેશ** : મગધ

**રાજા** : શ્રેણિક

**વર્ણ** : કંચન

**ઊંચાઈ** : સાત હાથ સપ્રમાણ દેહ

**શિષ્ય** : ૫૦૦

**દીક્ષા ઉંમર** : ૫૦ વર્ષ

**દીક્ષા દિવસ** : વૈશાખ સુદ ૧૧

**દીક્ષાનગર** : પાવાપુરી (અપાપાપુરી)

**દીક્ષાદાતા** : તીર્થંકર મહાવીરસ્વામી

**દીક્ષા વખતે પરિવાર** : ૫૦૦ શિષ્યો

**ભગવાનના કેટલામા શિષ્ય** : પ્રથમ

**પદવી** : ૧લા ગણધર

**દીક્ષા વખતે શું કર્યું** : દ્વાદશાંગીની રચના, ચૌદ પૂર્વ સહિત

**કેવી રીતે રચના કરી** : ત્રિપદી પામીને (ભગવાન પાસેથી)

**ત્રિપદીનું નામ** : ૧. ઉપન્નેઈ વા
૨. વિગમેઈ વા
૩. ધુએઈ વા

**ભગ. મહાવીરના તીર્થસ્થાપના સ્થળ તથા દિન** : પાવાપુરી, વૈશાખ સુદ ૧૧

**દીક્ષા છદ્મસ્થ પર્યાય** : ૩૦ વર્ષ

**દીક્ષા પર્યાયમાં તપશ્ચર્યા** : છઠ્ઠના પારણે છઠ્ઠ સદાય

**નિર્વાણ વખતે તપશ્ચર્યા**- એક માસનું અણસણ

**દીક્ષા પર્યાયે મહત્ત્વની બાબત** : બધીય મહત્ત્વની, પણ અષ્ટાપદ પર્વત ઉપર પોતાની લબ્ધિથી ચઢવું.

**અષ્ટાપદ પર્વત પર જઈ શું કર્યું:**

(૧) ચોવીસે તીર્થંકર પ્રભુને વાંદ્યા

(૨) જગચિંતામણિ ચૈત્યવંદન રચ્યું

(૩) વજ્રસ્વામીના જીવ દેવ તિર્યક્જૃંભકને (પુંડરીક કંડરીક અધ્યયન ભણી) પ્રતિબોધ.

(૪) વળતાં ૧૫૦૩ તાપસોને પ્રતિબોધ, દીક્ષા, પારણું.

**પારણું :**

'ખીર ખાંડ ધૃત આણી
અમિ અવુઠ અંગુઠ ઠવિ,
ગોયમ એકણ પાત્ર,
કરાવે પારણું સવિ.' *(રાસ, ગાથા-૪૦)*

ગોચરી વાપરતાં ૫૦૧ને કેવળજ્ઞાન, સમવસરણ દેખતાં ૫૦૧ કેવળી, જિનવાણી સાંભળી ૫૦૧ કેવળી—એમ સર્વે ૧૫૦૩ કેવળી થયા.

શ્રી ગૌતમ ગુરુ જેને દીક્ષા આપે તે કેવળી થાય. આમ ૫૦,૦૦૦ ગૌતમગુરુના શિષ્ય કેવળ પામ્યા. પ્રભુ મહાવીરના ૭૦૦ શિષ્યો મોક્ષે ગયા છે.

'તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ,
પંદરશે ત્રણને દીખ્ખ દીધી,
અઠ્ઠમને પારણે તાપસ કારણે
ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી.'

*('છંદ ઉદયરત્ન')*

**કેવળજ્ઞાન પામવાનો દિવસ-સમય** : કારતક સુદ ૧ (ઝાયણી) પરોઢીએ.

**કેવળજ્ઞાન પામવાનું નિમિત્ત** : ભગવાનનું નિર્વાણ.

**કેવળજ્ઞાન પામવાનું વર્ષ** : વિક્રમ વર્ષ પૂર્વ ૪૭૦ વર્ષ

**કેવલી પર્યાય** : ૧૨ વર્ષ

**કેવળજ્ઞાન પામ્યા પહેલાં મનોવેદના** : શ્રી વીર પ્રભુના નિર્વાણથી વેદના.

'ધ્રસક પડ્યો તવ ધ્રાસકો,
ઉપન્યો ખેદ અપાર;
વીર-વીર કહી વલવલે
સમરે ગુણ-સંભાર.' ૧

'પૂછીશ કોને પ્રશ્ન હું
ભંતે કહી ભગવંત;
ઉત્તર કુણ મુજ આપશે,
ગોયમ કહી ગુણવંત.' ૨

*-વિજયમાણિક્યસિંહસૂરિ*

**શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન પૂર્વે કેટલાં જ્ઞાન** : મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય–૪.

**સમકિત કયું હતું** : ક્ષાયોપશમિક.

**પ્રભુ મહાવીરને કેટલા ગણધર** : ૧૧ ગણધર ભગવંત.

**પ્રભુ મહાવીર પછી કેટલા મોક્ષે પધાર્યા** : ૨. (૧) શ્રી ગૌતમસ્વામી, (૨) શ્રી સુધર્મસ્વામી.

**વર્તમાન પટ્ટ પરંપરા કયા ગણધરની** : શ્રી સુધર્મસ્વામીની પટ્ટ પરંપરા.

**વર્તમાન ૧૧ અંગ કોની રચના** :

શ્રી સુધર્મસ્વામીની. (સિવાય શ્રી ભગવતીજી)

**શ્રી ભગવતીજીમાં કેટલા પ્રશ્નો છે?** : ૩૬૦૦૦ પ્રશ્નો શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા.

ઉત્તર ભગવાનના છે. શ્રી ભગવતીજીમાં ૩૬૦૦૦ વખત શ્રી 'ગૌતમ' (ગોયમ) નામ આવે છે.

**શ્રી ગૌતમસ્વામીને શ્રી વીર પ્રભુ સાથે પાછળના ભવનો સંબંધ છે? :** હા, પ્રભુના ૧૮મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ વેળા સારથિ શ્રી ગૌતમસ્વામીનો જીવ હતો. (મરીચિ-શિષ્ય કપિલ ?)

**આ સિવાય પાછળના અનન્તર ભવ? :** શ્રી ગૌતમસ્વામીના પાછલા ભવ-(૧) મંગળ શેઠ (૨) મત્સ્ય (૩) સૌધર્મદેવ (૪) વેગવાન વિદ્યાધર (૫) ૮મો દેવલોક (૬) ગૌતમસ્વામી.

**આ ભવે કોની સાથે સંબંધિત હતા? :** સ્કંદક પરિવ્રાજક, જે પછી ભગવાનના સંઘમાં ભળી ગયેલ, તેની સાથે સંબંધિત હતા.

ઉપરના પાંચ ભવો આગમવિશારદ પૂ. પં. શ્રી અભયસાગરજી મ. સંશોધિત હસ્ત-લિખિત પ્રતના આધારે લખ્યા છે.

**પ્રશ્નોત્તરીની એક વાનગી ટૂંકાવીને :**

ગૌતમ–'હે ભગવન્! કેટલાક અન્ય સંપ્રદાયીઓ કહે છે કે શીલ જ શ્રેય છે, બીજા કહે છે કે શ્રુત જ શ્રેય છે, ત્રીજા કહે છે કે અન્યોન્ય નિરપેક્ષ શીલ અને શ્રુત શ્રેય છે. તો હે ભગવન્! તેમનું કહેવું બરાબર છે ?'

પ્રભુ મહાવીર–'હે ગૌતમ ! તે તે લોકોનું કહેવું મિથ્યા છે. ચાર પ્રકારના પુરુષો છે. (૧) શીલસંપન્ન પણ શ્રુતસંપન્ન નહીં, તે પાપથી નિવૃત્ત પણ ધર્મ જાણતા નથી. (૨) શીલસંપન્ન નથી પણ શ્રુતસંપન્ન છે, તે પાપથી અનિવૃત્ત પણ ધર્મ જાણે છે. (૩) શીલસંપન્ન અને શ્રુતસંપન્ન છે, તે પાપથી નિવૃત્ત અને ધર્મ જાણે છે. (૪) શીલસંપન્ન નથી અને શ્રુતસંપન્ન નથી, તે પાપથી નિવૃત્ત નથી અને ધર્મથી અજ્ઞાત છે. એટલે (૧) અંશતઃ આરાધક (૨) અંશતઃ વિરાધક (૩) સર્વાંશે આરાધક (૪) સર્વાંશે વિરાધક છે.

**અન્ય કેટલાક પ્રસંગો :**– (૧) શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના શ્રી કેશીકુમાર શ્રમણ સાથે શ્રી ગૌતમસ્વામીનો સંવાદરૂપે વાર્તાલાપ. પરિણામે શ્રી પાર્શ્વપ્રભુના શ્રમણો તથા શ્રમણોપાસકો પ્રભુ મહાવીરના સંઘમાં જોડાયા. અર્થાત્ ૪ યામને બદલે ૫ યામનો સ્વીકાર કર્યો. (યામ = મહાવ્રત) 'શ્રમણો શ્વેત વસ્ત્ર જ રાખે (રંગીન નહીં)' એ નિયમ સ્વીકાર્યો.

(૨) ૪ જ્ઞાનના ધણી શ્રી પ્રથમ ગણધર આનંદ શ્રાવકને 'મિચ્છામિ દુક્કડમ્' દેવા ગયા.

(૩) અતિમુક્તક કુમાર સાથે વાતચીત, પરિણામે બાળક અતિમુક્તકની દીક્ષા અને કેવળજ્ઞાન નવ વર્ષે.

(૪) પૃષ્ઠચંપાના રાજા ગાંગલિ તેમનાં માતા-પિતા પિઠર-યશોમતીની દીક્ષા; ત્યાંથી ભગવાન પાસે જતાં રસ્તામાં જ સાધુ શાલ-મહાશાલ જે ગાંગલિ રાજાના મામા છે તે બંને તથા આ ત્રણને કેવળજ્ઞાન થયું.–પાંચેયને કેવળજ્ઞાન.

(૫) ઉદક પેઢાલપુત્ર–શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્ગ્રંથ સાથે શ્રાવકના પહેલા અણુવ્રત સંબંધી વાર્તાલાપ. પેઢાલપુત્ર શ્રી મહાવીર પ્રભુના સંઘમાં જોડાયા એટલે પ્રભુ મહાવીરની પરંપરામાં પ્રવેશ્યા.

(૬) હાલિક ખેડૂતે ગુરુ ગૌતમસ્વામી પાસે રાજી થઈ દીક્ષા લીધી, પણ ભગવાનને જોતાં જ ભાગી ગયો. ભગવાને ભ્રમ ભાંગ્યો કે તે પૂર્વભવમાં સિંહ હતો. તેને મેં (ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં) મારી નાખેલ તેને તેં

(સારથિ-ગૌતમસ્વામીનો જીવ) આશ્વાસન આપેલ તેથી તારા ઉપર ભક્તિરાગ, અને મને જોઈને વૈરથી ભાગી ગયો, પણ સમકિત પ્રાપ્ત કરી ગયો.

(૭) અને એક વિશેષ... દેવશર્મા વિપ્ર સરળ પરિણામી, ધર્મનો ઈચ્છુક, તેને પ્રતિબોધ કરવા ભગવાનની આજ્ઞાથી ગયા. દેવશર્મા પ્રતિબોધ પામ્યો. પાછા વળતાં પ્રભુના મહાનિર્વાણની વાતજાણી, ખેદ, વેદના, વલવલાટ અને રાગમાંથી વૈરાગ્ય ને વૈરાગ્યથી વીતરાગ, કેવળજ્ઞાન, કેવળદર્શન પામ્યા. દેવોએ મહિમા કર્યો.

'ત્રૈલોક્ય બીજં પરમેષ્ઠિ બીજં,
સદ્જ્ઞાન બીજં જિનરાજ બીજં;
યન્નામચોક્તં વિદધાતિ સિદ્ધિં,
સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।।
—અષ્ટક.

**પંડિત ઈન્દ્રભૂતિ મિથ્યાત્વી કેમ?** : પોતે સર્વજ્ઞ નહીં હોવા છતાં સર્વજ્ઞ કહેવરાવતા હતા.

**સર્વજ્ઞ કેમ નહીં?** : પોતાને શંકા હતી તે છુપાવતા હતા. સર્વજ્ઞને શંકા હોય નહીં.

**શી શંકા હતી?** : જીવ છે કે નહીં ? તે શંકા હતી. (જીવનું અસ્તિત્વ ન સ્વીકારે તે પણ મિથ્યાત્વ કહેવાય.)

**શંકા શા આધારે હતી?** : 'વેદ-પદનો અર્થ એહવો કરે મિથ્યારૂપ રે...' (દિવાળી દેવવંદન સ્તવન). વેદવાક્ય—'વિજ્ઞાનઘન એવ...'નો અર્થ કરતાં જીવના અસ્તિત્વની શંકા થઈ.

**શંકા શી રીતે દૂર થઈ?** :

પ્રભુએ તેનો સાચો અર્થ કરી બતાવ્યો. 'શ્રીમુખે સંશય સામિ સવે ફેડે વેદ પએણ તો.' (શ્રી ગૌતમસ્વામીનો રાસ) અને પછી તો...

'માન મેલ્હી મદ ઠેલી કરી,
ભક્તિએ નામે શિશ તો;
પંચસયાસું વ્રત લીઓએ,
ગોયમ પહેલો સીસ તો.'
*(રાસ-૨૨-૨૩)*

અને સાથે જ ગણધરલબ્ધિની પ્રાપ્તિ, સમ્યક્ત્વની પ્રાપ્તિ, દ્વાદશાંગીની રચના વગેરે અને ગુરુ ગૌતમસ્વામી પ્રથમ ગણધર બન્યા.

**તેમના ભાઈઓ પણ ગણધર છે?** : હા, બંને ભાઈઓ (૧) અગ્નિભૂતિ અને (૨) વાયુભૂતિ અનુક્રમે બીજા-ત્રીજા ગણધર છે.

**તેમને પણ શંકા હતી? શી?** : હા. કર્મ છે કે નહીં ? જીવ-શરીર એક જ છે કે ભિન્ન ?

**તે શંકાઓ પણ ભગવાનથી દૂર થઈ?** :

હા. બંનેને ભગવાનથી જ શંકાઓનું નિવારણ થયું અને પ્રવ્રજ્યા અંગીકાર કરી.

**બંનેને કેટલા શિષ્યો?** : દરેકને ૫૦૦-૫૦૦ શિષ્ય હતા, અને સર્વ શિષ્યો સાથે જ દીક્ષિત થયા.

એમ ત્રણે ભાઈઓ, ત્રણે ગણધરો, ત્રણેને એક-એક શંકા, ત્રણેને ૫૦૦-૫૦૦ શિષ્યો, ત્રણેના ગુરુ ભગવાન મહાવીર એક જ.

આવા ૪ જ્ઞાનધારક, પ્રથમ ગણધર, લબ્ધિવંત, જેને દીક્ષા આપે તે કેવળજ્ઞાન પામે, સર્વના ગુરુને પણ પ્રભુ 'મા સમયં ગોયમ પમાયએ' ગૌતમ, એક સમય પણ પ્રમાદ કરીશ નહીં—એમ કહેતા, ને વિનયવંત ગુરુ ગૌતમસ્વામી તેને આવકારતા, સ્વીકારમાં પ્રફુલ્લ બનતા.

**અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમે લબ્ધિનો ઉપયોગ કેટલી વખત કર્યો? શા માટે અને ક્યાં કર્યો?** : ફક્ત બે જ વખત. મોક્ષ જવાની તાલાવેલી હતી તે ખાતરી કરવા અષ્ટાપદે

પહોંચ્યા તે એક વખત અને ખીરને અખૂટ કીધી તે બીજી વખત. એમ બે જ વખત લબ્ધિનો ઉપયોગ કર્યો અને કહેવાય છે કે ઉપયોગ તો એકે વખત મૂક્યો નથી. ખરા વિનીત !

**જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થાય તેવી લબ્ધિ બીજા કોઇ ગણધરને હતી?** ના,

જાણવામાં નથી આવ્યું. ચોવીસે તીર્થંકર પરમાત્માના ૧૪૫૨ ગણધરો પૈકી બીજા કોઈને આવી લબ્ધિ ન હતી.

આપણે પણ તેઓશ્રી પાસે દીક્ષિત થયા હોત તો કેવળી થઈ મોક્ષસ્થાને હોત...

**હસ્તદીક્ષિત** : ૫૦,૦૦૦ કેવલી ભગવંત

**કુલ આયુ** : ૯૨ વર્ષ

**નિર્વાણગામ** : રાજગૃહી નગર, વૈભારગિરિ

***



# આ ગણધર મહાવીરના...

*—મધુકર*

**શ્રી ગૌતમસ્વામી મહાવીર દેવના પ્રથમ ગણધર હતા પરંતુ ભગવાન મહાવીરના કુલ અગિયાર ગણધર હતા અને તે સર્વ જ્ઞાની-તપસ્વી ભવ્યાત્માઓ હતા. ગૌતમ ગણધર સાથેના અન્ય ગણધરો વિષેની માહિતી ગૌતમસ્વામીના ચરિત્ર આસપાસના આભામંડળ જેવું રૂપ ધારણ કરે છે. એનાથી કમળથી સરોવર અને સરોવરથી કમળ શોભાયમાન બને છે તેમ, ગુરુ ગૌતમના ચરિત્રની રેખાઓ વધુ દેદીપ્યમાન બને છે**

*—સંપાદક*

સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્મા શ્રી મહાવીર ભગવાનનો પાવાપુરીમાં બ્રાહ્મમુહૂર્તે પ્રવેશ થતાં જ પાવાપુરીનું આકાશ દેવદુંદુભિના અવાજથી ગુંજી ઊઠ્યું. પાવાપુરીનું મહસેન વન વિવિધ પ્રકારનાં પુષ્પોથી મહેંકી ઊઠ્યું. કોયલ ટહુકવા લાગી. મયૂર પોતાની પંખ ફેલાવી નૃત્ય કરવા લાગ્યા. વૃક્ષો પર ચકલીઓ ચહકવા લાગી. મહસેન વનમાં ચારે બાજુ આનંદનું સામ્રાજ્ય ફેલાઇ ગયું.

વૈશાખ શુક્લ એકાદશીનો મંગલ દિન ભગવાનના સમવસરણથી શોભાયમાન થઇ ગયો હતો. શીતલ હવા મંદ ગતિથી વહી રહી હતી. અસીમ આકાશ સીમિત લાગી રહ્યું હતું. કોટિ-કોટિ દેવ-દેવેન્દ્રોના ગમનાગમનથી જનસમૂહનાં ભક્તિગીતોના ધ્વનિઓ જગ્યાએ જગ્યાએ સંભળાતા હતા.

તે દિવસે કેવળજ્ઞાનની પ્રગટ જ્યોતિએ મૂર્તરૂપ ગ્રહણ કરીને પાવાપુરીના પ્રાંગણમાં પોતાનો મુકામ કરી લીધો હતો. પરમાત્માની પતિતપાવની ભવ્ય જનહિતકારિણી વાણી પ્રવહમાન હતી. દેવસમૂહ, જનસમૂહ અને જીવસમૂહનું આગમન એક તથ્યને પ્રગટ કરી રહ્યું હતું કે અનંત લોકોત્તર વિભૂતિસંપન્ન પરમાત્મા સમવસરણમાં બિરાજમાન છે.

પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું વૈશાખ શુક્લા દશમીના દિવસે; પણ શાસન-સ્થાપના થઇ વૈશાખ શુક્લા એકાદશીના દિવસે. તો તે દિવસે ચતુર્વિધ સંઘરૂપ વીરશાસનની સ્થાપના થઇ રહી હતી. ગણધરપદની સ્થાપના થઇ રહી હતી. તત્કાલીન તત્પ્રદેશીય પ્રખર પંડિત પરિપૂર્ણ અગિયાર મહાવિદ્વાન બ્રાહ્મણ પરમાત્માને સમર્પિત થઇ ગયા હતા. તેમના આત્મસમર્પણ અને શાસન-સ્થાપનાની સંદેશ-લહર સર્વત્ર પ્રસારિત થઇ ગઇ હતી. તે અગિયારે વિદ્વાન પ્રવર્તમાન જૈનશાસનના ગણધર-અધિનાયક થયા.

ભરતખંડની આર્યભૂમિ આપની પદરજથી પાવન બનાવવાવાળા તે અગિયાર ગણધરોમાં સૌથી પહેલા છે ઇન્દ્રભૂતિ; જેમણે પચાસ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કર્યો. ત્રીસ વર્ષ સુધી સંયમપાલન કરતાં પશ્ચાત્ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. બાર વર્ષ સુધી તેઓ કેવળી અવસ્થામાં વિચર્યા અને બાણું વર્ષની ઉંમર પૂર્ણ કરી મોક્ષે ગયા.

અગ્નિભૂતિ તેમના નાના ભાઈ. તેમનો જન્મ કૃત્તિકા નક્ષત્રમાં થયો હતો. તે ૪૬ વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા, ૧૨ વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં રહ્યા અને ૧૬ વર્ષ સુધી કેવળી અવસ્થામાં રહ્યા. ૭૪ વર્ષની વયે મોક્ષ પ્રાપ્ત કર્યો.

ત્રીજા ગણધર વાયુભૂતિ, તે પણ ઈન્દ્રભૂતિના નાના ભાઈ હતા. તેમનો જન્મ સ્વાતિ નક્ષત્રમાં થયો હતો. તે ૪૨ વર્ષ સુધી ગૃહસ્થ-પર્યાયમાં રહ્યા, ૧૦ વર્ષ સુધી છદ્મસ્થ પર્યાયમાં રહ્યા અને ૧૮ વર્ષ સુધી કેવળી પર્યાયમાં રહ્યા. તેમ ૭૦ વર્ષની ઉંમર પૂર્ણ કરીને તેમણે સિદ્ધગતિ પ્રાપ્ત કરી.

ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ ત્રણે સગા ભાઈ હતા.

ચોથા ગણધર ભક્ત, જે પિતા ધનમિત્ર અને માતા વારુણીના પુત્ર હતા, કોલ્લાગ સંનિવેશના નિવાસી હતા, ભારદ્વાજગોત્રીય હતા. તેમનો જન્મ શ્રવણ નક્ષત્રમાં થયો હતો. ૫૦ વર્ષની વયે ચારિત્ર ગ્રહણ કર્યું. ૧૨ વર્ષ સંયમપાલન પશ્ચાત્ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ૧૮ વર્ષ સુધી કેવળી પર્યાયમાં રહ્યા અને ૮૦ વર્ષની ઉંમર પરિપૂર્ણ કરીને તે મુક્તિગામી થયા.

ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં જન્મેલા ગણધર સુધર્મા પણ કોલ્લાગ સંનિવેશના નિવાસી હતા. અગ્નિવૈશ્યાપનગોત્રીય ધમ્મિલ પિતા અને ભદ્રિલા માતાના તે સંતાન હતા. ૫૦ વર્ષની ઉંમરમાં તેમણે સંયમ ગ્રહણ કર્યો. ૪૨ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં રહ્યા. તે પછી ૮ વર્ષ કેવળી પર્યાયમાં વ્યતીત કરીને, ૧૦૦ વર્ષની ઉંમર પૂર્ણ કરીને, સિદ્ધગતિને પ્રાપ્ત થયા.

વસિષ્ઠગોત્રીય ધનદેવ પિતા તથા વિજયાદેવીના સંતાન મંડિક ગણધર મઘા નક્ષત્રમાં જન્મ્યા હતા. તેમણે ૬૫ વર્ષની ઉંમરમાં ભગવાન પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. ૧૪ વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં રહેવા પશ્ચાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ૧૬ વર્ષ કેવળી પર્યાયમાં વિતાવીને તેમણે ૯૫ વર્ષની ઉંમર પૂર્ણ કરી ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત કર્યું.

સાતમાં ગણધર કશ્યપગોત્રીય મૌર્યપુત્ર હતા. તે રોહિણી નક્ષત્રમાં જન્મ્યા હતા. મૌર્ય પિતા અને વિજયદેવા માતાના સંતાન હતા. મૌર્ય સંન્નિવેશના નિવાસી હતા. ૨૨ વર્ષની ઉંમરમાં ચારિત્ર ગ્રહણ કર્યું. ૫૨ વર્ષ સંયમપાલન પશ્ચાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ૧૬ વર્ષ તેરમા ગુણસ્થાનમાં વિતાવીને તેમની પોતાની ૮૦ વર્ષની ઉંમર પૂર્ણ થતાં મુક્તિ પ્રાપ્ત કરી.

મિથિલાનિવાસી દેવ પિતા અને જયંતી માતાના પુત્ર અકમ્પિત ગૌતમગોત્રીય હતા. ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મ્યા હતા. ૪૮ વર્ષની ઉંમરમાં ચારિત્ર ગ્રહણ કરીને ૯ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં વિતાવ્યાં. ૨૧ વર્ષ કેવળી પર્યાયમાં, ૭૮ વર્ષની વયે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

કોશલા નિવાસી હસ્તિગોત્રીય અચલભ્રાતા ગણધર વસુ પિતા વ નંદા માતાના સંતાન હતા. મૃગશિરા નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. તેમણે ૪૬ વર્ષ ગૃહસ્થાવસ્થામાં, ૧૨ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં અને ૧૪ વર્ષ કેવળી અવસ્થામાં વિતાવીને ૭૨ વર્ષની ઉંમરમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

દસમા ગણધર મેતાર્ય અશ્વિની નક્ષત્રમાં જન્મ્યા હતા. કૌશાંબી નિવાસી કૌણ્ડિણ્યગોત્રીય દત્ત પિતા તથા વરુણદેવા માતાના તે પુત્ર હતા. ૩૬ વર્ષ ગૃહસ્થધર્મના પાલન પશ્ચાત્ તેમણે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી. દીક્ષાનાં ૧૦ વર્ષ પછી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ૧૬ વર્ષ

સુધી ધર્મમાર્ગ દર્શાવતા રહ્યા. આ પ્રકારે ૬૨ વર્ષની ઉંમર પૂર્ણ કરીને તેઓ મુક્તિમાર્ગે સંચર્યા.

અગિયાર ગણધરોમાં લઘુતમ વયના ગણધર પ્રભાસ હતા. કૌણ્ડિણ્યગોત્રીય બલ પિતા તથા અતિભદ્રા માતાના પુત્ર હતા. પુષ્ય નક્ષત્રમાં જન્મેલા પ્રભાસ રાજગૃહીના હતા. ૧૬ વર્ષની લઘુ વયે વિદ્યામાં પારંગત થઈ ગયા હતા. ૧૬ વર્ષે ચારિત્ર ગ્રહણ કર્યું અને તરત જ પરમાત્મા મહાવીર દેવથી ગણધરપદ પ્રાપ્ત કરી લીધું. કમાલની વાત તો એ છે કે તેમણે પણ ત્રિપદી ગ્રહણ કરીને મુહૂર્ત માત્રમાં બાર અંગોની રચના કરી લીધી. આ ભગવાન મહાવીરના સમયની એક ગૌરવમયી ઘટના છે કે એટલી લઘુવયમાં વિદ્વત્તા, યોગ્યતા એવં સંપન્નતાને એક જ સ્થાન પર એકત્રિત થવાનો અભૂતપૂર્વ અવસર પ્રાપ્ત થયો. દીક્ષાનાં ૮ વર્ષ પશ્ચાત્ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ૧૬ વર્ષ કેવળી અવસ્થામાં વિતાવીને અને ૪૦ વર્ષની વય પૂર્ણ કરી, દેહત્યાગ કરી, નિર્વાણ પ્રાપ્ત કર્યું.

એક પશ્ચાત્ એક અગિયારે વૈદિક મહાવિદ્વાનોના ભગવાન પ્રતિ સમર્પણ જિનશાસનની પ્રસ્થાપના એવં પ્રભાવકતાની સ્પષ્ટરૂપ શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે. ગણધરોના આ સંક્ષિપ્ત પરિચયથી આ સ્પષ્ટ થઈ જાય છે કે પરમાત્માના અનંત જ્ઞાનદર્શનના લોકોત્તર ઐશ્વર્યની સ્થિતિ કેવી હશે ? પરમાત્માના આ લોકોત્તર ઐશ્વર્ય પાસે પોતાને અજેય માનવાવાળા આ દિગ્ગજ વિદ્વાનોએ પોતાનું સમર્પણ કરવામાં જરા પણ વિલંબ ન કર્યો!

આ બધા વિદ્વાનો અલગ અલગ ગોત્રીય હતા, પણ પરમાત્માના શાસનમાં સમાન હતા. પરમાત્માના શાસનમાં ગોત્રભેદ તો દૂર, વર્ણભેદ પણ ન હતો. પરમાત્માએ બધાને એક જ સંઘમાં પ્રવ્રજિત કર્યા હતા!



# ભગવાન મહાવીરના પ્રથમ સમાગમમાં શરણાગતિ-સમર્પણ

*—શ્રી જશુભાઈ જે. શાહ*

**આપણી બુદ્ધિ, સમજણ અને જ્ઞાન ક્ષુદ્ર છે. સત્ય વિરાટ છે, અનંત છે, ભવ્ય છે. આ ભાન રાખવાથી આપણા અહંનું વિસર્જન થાય છે. અહં તૂટતાં મમત્વ પણ જાય છે. સત્યની અનંત વિરાટતાનું આપણને ભાન થાય છે. અત્રે ઈન્દ્રભૂતિને સત્યનું દર્શન થયું ત્યારે મમત્વ ગયું જ્ઞાનનો આવિર્ભાવ થયો કે સત્ય શું છે—તેનું વર્ણન કરવામાં આવ્યું છે. અત્રે શાસ્ત્ર, સમર્પણ અને શરણાગતિના મર્મોનું ઉદ્‌ઘાટન છે. ભક્તિ અને ઋજુતાની અભિવ્યક્તિ છે.** *—સંપાદક*

પરમ ઉપકારી, દેવાધિદેવ ત્રણ લોકના નાથ, ચરમ તીર્થપતિ, પરમાત્મા મહાવીર પ્રભુના પ્રથમ ગણધર, મહામંગલકારી, અનંત રિદ્ધિ-સિદ્ધિ અને અનેક લબ્ધિના ભંડાર શ્રી ગૌતમસ્વામીનું જીવન પવિત્ર અને પ્રભાવશાળી હતું. જેમણે પ્રથમ પરિચયમાં આવતાં જ પોતાનું જીવન મહાવીર પ્રભુના ચરણે સમર્પિત કર્યું હતું. શાસ્ત્રકારોએ ગુરુ ગૌતમના શિષ્યત્વ અને ભક્તિના મુક્ત કંઠે વખાણ કર્યાં છે. આજથી ૨૫૦૦ વર્ષ પહેલાંની આ ઘટના આજે પણ એવી ને એવી છે :

**શ્રી ઈન્દ્રભૂતિ વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્ ।**
**સ્તુવન્તિ દેવાસુરમાનવેન્દ્રાઃ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ।।**

પૃથ્વીદેવીને મહામંગલકારી સ્વપ્નસૂચિત પુત્ર ગર્ભમાં આવ્યો અને પૂરા માસે રૂપ, તેજ અને સૌંદર્યના અવતાર સમો બાળક અવતર્યો. માતાપિતાએ પુત્રનું નામ ઈન્દ્રભૂતિ પાડ્યું. ઉન્દ્રભૂતિને અનુક્રમે અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના ભાઈઓ થયા. ત્રણે ભાઈઓ મોટા થતાં વિદ્યા, બુદ્ધિ, ધર્મ આદિમાં આગળ વધતા રહ્યા. ત્રણે ભાઈઓ ધર્મ, વિદ્યા અને શાસ્ત્રમાં પારંગત બને તે માટે માતાપિતાએ તેમને યોગ્ય ઉપાધ્યાય પાસે અભ્યાસ માટે મૂક્યા. ત્યાં ત્રણે ભાઈઓ ઝડપથી ચાર વેદ અને ચૌદ વિદ્યાઓ તથા અન્ય શાસ્ત્રોમાં પારંગત બન્યા અને સમગ્ર દેશમાં મહાવિદ્વાન તરીકે પંકાવા લાગ્યા. દેશ-પરદેશના સેંકડો વિદ્યાર્થીઓ આ મહાપંડિતોના આશ્રમોમાં રહીને વિદ્યાભ્યાસ કરવા લાગ્યા.

મહાપંડિત ઈન્દ્રભૂતિની કાયા સાત હાથ ઊંચી, મજબૂત અને સુંદર હતી. તેમનો વર્ણ કામદેવ જેવો મોહક હતો. ચહેરા પર સદાયે જ્ઞાનનો પ્રકાશ ઝળહળતો. જીભ પર સર્વદા સરસ્વતીનો વાસ હતો. આ સર્વગુણસંપન્નતાને લીધે ધીરે ધીરે તેમનામાં હું સર્વજ્ઞ છું એવો ભાવ જાગૃત થયો. અનેક વિદ્વાનો સાથે વાદ-વિવાદમાં ઊતરતા અને વિજયી થતા એટલે તેમના અહંકારમાં ઉમેરો થતો ગયો.

આ એ જ સમય હતો કે જ્યારે મહાવીર પ્રભુ દીક્ષા ગ્રહણ કરી ઘોર તપશ્ચર્યા કરી રહ્યા હતા. બાર વર્ષ સુધી તપ કરીને ભગવાને ઘોર ઉપસર્ગોને પૂર્ણ સમતાભાવે સહન કરીને કાયાની માયાને વિસારી મૂકી હતી. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રની રચના કરતાં કહ્યું છે કે,

**'नमो दुर्वाररागादि–वैरिवारनिवारिने,**
**अर्हते योगीनाथाय, महावीराय तायिने ।'**

એવા ભગવાન મહાવીરના દીક્ષા લીધાના તેરમા વર્ષના મધ્યભાગમાં, વૈશાખ સુદ દશમના દિવસે, ઋજુવાલુકા નદીને કાંઠે, શાલવૃક્ષની નીચે, પરમાત્મા ગોદોહાસને ઊભડક બેઠેલા હતા. છઠ્ઠનો તપ હતો. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો યોગ હતો. તે વખતે પરમાત્મા વીરને ઉત્તમોત્તમ સમસ્ત આવરણ વગરનું, સર્વ પ્રકારે પરિપૂર્ણ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું. શ્રી મહાવીરસ્વામી સર્વજ્ઞ-સર્વદર્શી થયા.

મહાવીર પ્રભુને કેવળજ્ઞાન થતાં જ ઈન્દ્રનાં ઈન્દ્રાસન ડોલ્યાં. અવધિજ્ઞાનથી પ્રભુને કેવળજ્ઞાન થયાની વાત જાણી તરત જ દેવોના પરિવાર સાથે ઈન્દ્ર આવી પહોંચ્યા અને સમવસરણની રચના કરી. તે સમવસરણમાં બેસીને પ્રભુએ દેશના આપી. આ પ્રથમ સમવસરણમાં માત્ર ઈન્દ્ર અને દેવો એકઠા થયા હોવાથી પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. પ્રભુ ત્યાંથી વિહાર કરી અપાપાપુરીની પાસે આવેલા મહસેન નામના ઉદ્યાનમાં પધાર્યા.

એ સમયે અપાપાપુરીમાં વિખ્યાત વેદાંતી સોમિલ નામનો ધનવાન બ્રાહ્મણ રહેતો હતો. આ સોમિલે ભવ્ય યજ્ઞ આરંભ્યો અને યજ્ઞની વિધિ માટે અનેક વિદ્વાન પંડિતોને બોલાવ્યા. આ તમામ પંડિતોમાં તે સમયના સૌથી વધુ વિદ્વાન ગણાતા ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ નામના અગિયાર પંડિતો મુખ્ય હતા. આ વિદ્વાનોની નિશ્રામાં સોમિલે યજ્ઞ આરંભ્યો. વિવિધ છંદોયુક્ત મંત્રોચ્ચારથી વાતાવરણ ગૂંજવા લાગ્યું. યજ્ઞકુંડમાંથી નીકળતી જ્વાળાઓ ગગનને આંબવા લાગી.

એવે સમયે પરમાત્મા મહાવીરને વંદન કરવા માટે આકાશમાંથી દેવોનો સમૂહ પૃથ્વી પર ઊતરવા લાગ્યો. આટલા બધા દેવોને જોઈ યજ્ઞમાં હાજર રહેલાં લોકો ખુશખુશ થઈને કહેવા લાગ્યાં કે, 'જુઓ, જુઓ ! આ મહાન વિદ્વાન બ્રાહ્મણોના હાથે થતી શુદ્ધ યજ્ઞાદિક ક્રિયા અને પવિત્ર મંત્રના પ્રભાવથી સેંકડો દેવો યજ્ઞમંડપમાં આવી રહ્યા છે. સકલ શાસ્ત્રોમાં પારંગત, સર્વજ્ઞ ઈન્દ્રભૂતિ ગૌતમ જ્યાં બિરાજમાન હોય ત્યાં દેવો આવે તેમાં શું આશ્ચર્ય !' પરંતુ બીજી જ પળે લોકોને આશ્ચર્ય થયું કે, 'અરે, આ શું ? યજ્ઞમંડપ વટાવીને દેવો ક્યાં જઈ રહ્યા છે ?' એમ થવાથી યજ્ઞભૂમિ પર સોપો પડી ગયો ! પંડિતો ઝંખવાણા પડી ગયા. મહાપંડિત ઈન્દ્રભૂતિ વિચારમાં પડી ગયા કે, આ શું થઈ રહ્યું છે !

પૂછપરછ કરતાં મહાપંડિત ઈન્દ્રભૂતિના કાને લોકોના અવાજ સંભળાયા કે આ દેવો તો મહસેન વનમાં આવેલા સર્વજ્ઞ પરમાત્મા મહાવીરસ્વામીને વંદન કરવા જાય છે ! આ શબ્દો સાંભળતાં જ ઈન્દ્રભૂતિ ક્રોધથી ધમધમી ઊઠ્યા : 'આ જગતમાં, આ સમસ્ત પૃથ્વી પર મારા સિવાય બીજો કોઈ સર્વજ્ઞ છે જ ક્યાં ?' પણ આ શું ? કહેવાતો ધુતારો મૂર્ખ લોકોને છેતરી શકે,

પણ આ ધુતારાએ તો દેવોને પણ છેતર્યા છે ! નહિતર, આ પવિત્ર યજ્ઞમંડપ અને મારા મુખમાંથી થતા મંત્રોચ્ચારોને છોડીને દેવો આમ આગળ ન જાય !

ખરેખર, આ દેવોને છેતરનાર મહાવીર પાખંડી હોવો જોઈએ. ગુસ્સાથી ધમધમતા ઈન્દ્રભૂતિ વિચારવા લાગ્યા કે, હું સર્વજ્ઞ છું અને છતાંયે બીજો કોઈ સર્વજ્ઞ હોય તે કેમ બની શકે ? એક ગુફામાં શું બે સિંહ રહી શકે ? એક મ્યાનમાં શું બે તલવાર રહી શકે ? તો પછી એક પૃથ્વી પર બે સર્વજ્ઞ કેમ સંભવે ? હું એના સર્વજ્ઞપણાનો દંભ ચીરી નાખીશ.

ભગવાન મહાવીરને વંદન કરી પાછા ફરતાં લોકોને ઈન્દ્રભૂતિ હસતાં હસતાં પૂછવા લાગ્યા, 'કેમ ? તમે તે સર્વજ્ઞને જોયો ? કહો તો ખરા, તમારો તે સર્વજ્ઞ કેવો છે ? ભાઈ, તમારા તે સર્વજ્ઞનું વર્ણન તો કરો જરા....'

લોકો કહેવા લાગ્યાં, 'હે ઈન્દ્રભૂતિ ! શું પરમાત્મા મહાવીર દેવનું અદ્‌ભુત રૂપ ! કરોડો વર્ષોનું આયુષ્ય હોય અને હજારો જિહ્‌વા હોય તો પણ ભગવાનના ગુણોનું પૂરું વર્ણન ન થઈ શકે, એવા એ સુંદર, અદ્વિતીય, ગુણવાન અને સર્વગુણસંપન્ન છે. જોયા જ કરો, જોયા જ કરો, તો ય તૃપ્તિ ન થાય એવું અદ્‌ભુત એમનું રૂપ છે !'

લોકોનાં વચનો સાંભળી ઈન્દ્રભૂતિ લાલપીળા થઈ ગયા. 'બસ, અત્યારે જ મહસેન વનમાં જઈ એ મહાધૂર્તરાજના સર્વજ્ઞપણાને છેદી-ભેદી નાખું ને વાદમાં એને મહાત કરીને મારું સર્વજ્ઞપણું સિદ્ધ કરું. એ વાદમાં હારી જતાં એનો મિથ્યાડંબર ખુલ્લો પડી જશે અને મારો જયજયકાર થશે. એમ થવાથી મારી કીર્તિ બમણી થઈને ચોમેર પ્રસરશે !!!'

ગૌડ દેશમાં જન્મેલા પંડિતો મારા ભયથી ડરીને સંતાઈ ગયા છે. ગુજરાતના પંડિતો મારા નામથી ધ્રૂજે છે. માળવાના પંડિતો તો ક્યાંય દેખાતા નથી. અને લાટના પંડિતોનો ક્યાંય પત્તો નથી ! દ્રવિડ દેશના પંડિતો શરમથી નીચું મોં લઈને ફરે છે ! મારા નામે જગતનો કોઈ વિદ્વાન વિવાદ કરવા તૈયાર થતો નથી; ત્યાં આ સર્વજ્ઞનો શો હિસાબ !

અગ્નિભૂતિ આદિ પંડિતો ઈન્દ્રભૂતિને કહે છે : 'હે વડીલ બંધુ ! એક પામર વર્ધમાનને જીતવા આપ શા માટે જાઓ છો ? આપ આજ્ઞા કરો; અમારામાંથી કોઈ પણ જાય અને એને પરાસ્ત કરીને પાછો આવે !'

ઈન્દ્રભૂતિ કહે છે : 'અરે અગ્નિભૂતિ ! આ કામ તો મારો એક સામાન્ય શિષ્ય પણ કરી શકે તેમ છે. પણ આ કહેવાતા સર્વજ્ઞને તો મારે જોવો છે ને જીતવો છે. જેમ ઘાણીમાં એક તલનો દાણો પિલાતો રહી ગયો હોય, જેમ ઘંટીમાં અનાજનો એક દાણો દળાતો રહી ગયો હોય, તેમ જગતમાં સર્વ વાદીઓને જીતતાં આ એકાદ દાણો રહી ગયો હશે ! માટે આ વર્ધમાનને જીતવા મારે જ જવું જોઈએ એમ મને લાગે છે.'

પચાસ વર્ષની વયના સાક્ષાત્‌ સરસ્વતીના અવતાર સમા ઈન્દ્રભૂતિ ગૌતમે પોતાના સમગ્ર શિષ્યપરિવાર સાથે, પૂર્ણ આડંબર પૂર્વક, જ્યાં પરમ તારક દેવાધિદેવ ત્રિલોકનાથ ચરમ તીર્થપતિ પરમાત્મા મહાવીરદેવ મહસેન વનમાં સમવસરણમાં બિરાજી જગતના જીવોને મહાઉપકારી ધર્મવાણીનું અમૃતપાન કરાવી રહ્યા છે તે બાજુ ડગ માંડ્યાં. એમનાં પગલાંથી પૃથ્વી ધમધમી ઊઠી. પોતાનો પ્રભાવ પાડવા ઈન્દ્રભૂતિએ આખા શરીરે બાર તિલક કર્યાં હતાં, સોનાની જનોઈ ધારણ કરી હતી,

ઉત્તમોત્તમ પીતાંબર પહેર્યું હતું. શિષ્યો ઈન્દ્રભૂતિની બિરદાવલી બોલી રહ્યા હતા : 'હે સરસ્વતી કંઠાભરણ, હે વાદીવિજય–લક્ષ્મીશરણ, હે વાદી-મદગંજન, હે વાદી-મુખભંજન, હે વાદી-ગજસિંહ, હેવાદીશ્વરલીહ, હે વાદીસિંહ અષ્ટાપદ, હે વાદીવિજયવિશદ, હે વાદી-ચક્રચૂડામણિ, હે પંડિત શિરોમણિ, હે વિજતાનેકવાદ, હે સરસ્વતીલબ્ધપ્રસાદ !'

પાંચસો શિષ્યોથી વીંટળાયેલા ઈન્દ્રભૂતિ રસ્તામાં વિચારે છે કે, અરે, આ મૂર્ખ માણસને આવું ક્યાંથી સૂઝ્યું ? એણે સર્વજ્ઞનો ડોળ કરી મને શા માટે છંછેડ્યો ? એને ખબર નથી કે સર્વજ્ઞ એવો આ ઈન્દ્રભૂતિ પળવારમાં તારું અભિમાન ઉતારી નાખશે. આમ અનેક જાતના અભિમાનથી ભરેલા, ગર્વથી છકેલા, તર્કવિતર્ક કરતા, ઈન્દ્રભૂતિ આગળ વધ્યા. ગૌતમસ્વામીના રાસમાં આનું વર્ણન કરતાં કવિએ કહ્યું છે કે,

**'તવ ચઢિયો ઘણ માન ગાજે, ઈંદભૂઈ ભૂદેવ તો,**
**હુંકારો કરી સંચરિયો, કવણ સુ જિનવર દેવ તો,**
**જોજન ભૂમિ સમવસરણ, પેખે પ્રથમારંભ તો.'**

ત્રણ લોકના નાથ, દેવાધિદેવ વીતરાગ પરમાત્મા સમવસરણમાં બેસી જ્યાં દેશના દઈ રહ્યા છે ત્યાં ઈન્દ્રભૂતિ આવ્યા અને પ્રવેશતાં જ દેવોએ રચેલા સમવસરણની શોભા નીરખવા લાગ્યા. ત્રણ ગઢથી યુક્ત એવું સુંદર, દિવ્ય, મંગલ, પવિત્ર, ભવ્ય સમવસરણનું પગથિયું ચડતાં જ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

ત્રીજા ગઢમાં પ્રવેશ કરતાં સુવર્ણમય સિંહાસન પર બેઠેલા, બંને બાજુ ઈન્દ્રો જેમને ચામર ઢોળી રહ્યા છે એવા, દિવ્યમૂર્તિ, ચોવીસમા તીર્થપતિ, ચોત્રીશ અતિશયોથી શોભી રહેલા, પાંત્રીશ ગુણોથી યુક્ત, અમૃતમય વાણીથી દેશના આપી રહેલા કરુણાસાગર પરમાત્મા મહાવીરસ્વામીનું પરમ તેજસ્વી, ભવ્ય, શાંતસુધારસ નિર્ઝરતું મુખારવિંદ જુએ છે ને દિંગ થઈ જાય છે !

એકદમ ઊભા રહી જાય છે અને વિચારવા લાગે છે કે, આ તે બ્રહ્મા હશે ? વિષ્ણુ હશે ? કે શંકર હશે ? આવું અદ્‌ભુત સુંદર રૂપ ! હજારો સૂર્યથી પણ અધિક તેજસ્વી ! સેંકડો કામદેવોથી પણ સુંદર ! હજારો ચંદ્રો કરતાં સૌમ્ય ! ખરેખર, સાક્ષાત્ ત્રિલોકનાથ વિના આ શક્ય નથી. આ ચોવાશમા તીર્થપતિ ભગવાન મહાવીર જ છે.

વળી, અભિમાનનો ઉછાળો આવ્યો કે, જો આને જીતી લઉં તો ત્રણે લોકમાં મારી કીર્તિ ગાજે.

ત્યાં, અમૃત જેવી મધુર વાણીથી મેઘધ્વનિ જેવો અવાજ સંભળાયો : 'હે ગૌતમ ઈન્દ્રભૂતિ ! તું અહીં ભલે આવ્યો.'

પરમાત્માની વાણી સાંભળી ઈન્દ્રભૂતિ વિચારમાં પડી ગયા; શું પરમાત્મા મને ઓળખે છે ?

પણ, બીજી જ ક્ષણે, અભિમાન રૂપી સર્પ ફૂંફાડો મારી રહ્યો : 'મને કોણ ઓળખતું નથી ? પણ, આ મહાપુરુષ મારા મનમાં રહેલા સંદેહનું સમાધાન કરી આપે તો હું એમને સાચા સર્વજ્ઞ માનું.' ઈન્દ્રભૂતિ હજી તો મનમાં વિચારે છે ત્યાં તો સમુદ્રમંથન જેવો, ગંગાના ધીરગંભીર પ્રવાહ જેવો, બ્રહ્માના મુખમાંથી નીકળતા આદિ ધ્વનિ જેવો અવાજ સંભળાયો, 'હે પ્રિય ગૌતમ ! તારા મનમાં સંદેહ છે કે જીવ છે કે નહિ ? ખરું ? હું કહું છું કે જીવ નામે તત્ત્વ છે. એ સ્વતંત્ર

અને શાશ્વત છે. દેહ અને જીવ બંને જુદા છે. દેહ પંચમહાભૂત, જેવાં કે અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ અને આકાશનો છે; જ્યારે જીવ એ આત્મા છે. જીવને નથી વર્ણ, નથી સ્પર્શ, નથી ગંધ. એ તો અજર અમર સનાતન છે. જીવનું બીજું નામ છે આત્મા. આત્મા જ્ઞાનમય છે. જેવી રીતે દૂધમાં ઘી, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, પુષ્પમાં સુગંધ અને ચંદ્રકાન્ત મણિમાં જળ રહેલું છે, તેવી રીતે શરીરથી જુદો પણ શરીરમાં જ રહેલો આત્મા છે.' આ સાંભળતાં ઇન્દ્રભૂતિ ગૌતમના મનનો સંશય તરત જ દૂર થયો. પરમાત્માના મુખથી નીકળેલી વાણી દ્વારા પોતાના મનનો સંશય દૂર થતાં ઇન્દ્રભૂતિના ગર્વનું વિસર્જન થયું. પરમાત્માના દર્શનમાં એવી તાકાત છે કે તમામ દોષો શાંત થઇ જાય. ઇન્દ્રભૂતિ પોતાની તમામ વિદ્વત્તાને, તમામ પંડિતાઈને, તમામ હોંશિયારીને ફગાવી દઈ, અભિમાનને ઓગાળી દઈ, પરમાત્મા વીરનાં ચરણોમાં પોતાનું મસ્તક ઝુકાવે છે. એકલું મસ્તક જ નહિ, પોતાનું મન, પોતાનો દેહ, પોતાનો આત્મા, સમગ્ર જીવન પ્રભુ વીરના ચરણે સમર્પણ કરે છે. અર્થાત્, સંપૂર્ણ સમર્પણભાવ સાથે પરમાત્મા વીરનાં ચરણોમાં પોતાનું સમગ્ર જીવન અર્પણ કરી પોતાના પાંચસો શિષ્યો સાથે અણગાર બને છે.

**'પ્રભુ વચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણી વાર;**
**ચઉદહ પૂરવમાં રચે, લોકાલોક વિચાર.**
**ભગવતીસૂત્રે ધૂર નમી, બંભી લિપિ જયકાર;**
**લોકો લોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર.'**

**'श्री वर्धमानात् त्रिपदीमवाप्य मुहूर्तमात्रेण कृतानि येन**
**अंगानि पूर्वाणि चतुर्दशापि, स गौतमो यच्छतु वांछितं मे ।'**

પરમાત્મા વીરના પ્રથમ શિષ્ય, પરમાત્મા વીરના પ્રથમ ગણધર તરીકેનું સ્થાન પ્રાપ્ત કરે છે. અરે, કેવો ઉત્તમ સમર્પણભાવ ! કેવી એ ગુરુ-શિષ્યની અલબેલી બેલડી ! ભગવાન મહાવીરસ્વામીને જીતવા આવેલા ઇન્દ્રભૂતિ સર્વ રાગદ્વેષને જીતીને ભગવાનના બની રહ્યા !

ભગવાન મહાવીર પ્રત્યેનો ગૌતમસ્વામીનો સમર્પણભાવ અજોડ અને અદ્ભુત હતો. અનેક શિષ્યોના ગુરુ હોવા છતાંયે ગૌતમસ્વામીમાં કદી અભિમાન ન હતું. એમનું જીવન સરળ, સૌમ્ય અને પ્રભાવશાળી હતું. મન, વચન, કાયાથી સંપૂર્ણ સમર્પિત થયેલા આ ભવ્ય આત્મા અનન્ય ભક્તિભાવ કેળવે છે. પોતાનો જ્ઞાનનો ઘમંડ, સાપ જેમ કાંચળી ઉતારે તેમ ઉતારીને, જ્યારે જ્યારે સહેજ પણ શંકા પડે ત્યારે પરમાત્માને 'भन्ते!'નું સંબોધન કરી વિનયપૂર્વક પ્રશ્ન કરે છે. પરમાત્મા પણ પ્રેમથી 'હે ગોયમ !' એવા મીઠા સંબોધનથી પ્રશ્નનો ઉત્તર આપે છે. આ અધિકાર આપણને ભગવતીસૂત્રમાં જોવા મળે છે.

પરમાત્માના ચરણે સંપૂર્ણ સમર્પિત થયેલા ગુરુ ગૌતમ, મહા વિવેકી અને અતિ નમ્ર છે, એ વાત તેમના જીવનમાં ડગલે ને પગલે જોવા મળે છે. જેમ કે, આનંદ શ્રાવકે અણસણ સ્વીકારી ઉગ્ર આરાધના શરૂ કરી તે સમાચાર જાણી, ગૌતમસ્વામી આનંદ શ્રાવકની શાતા પૂછવા તેમને ઘેર ગયા. આનંદ શ્રાવકે ગૌતમસ્વામીને વંદન કરી કહ્યું કે, 'મને અવધિજ્ઞાન થયું છે. તેથી હું આકાશમાં સૌધર્મકલ્પ સુધી અને પાતાલમાં લોલુચ્ચ નરકાવાસ સુધીના પદાર્થોને જાણી શકું છું.'

મહાજ્ઞાની ગૌતમસ્વામીએ આનંદ શ્રાવકને કહ્યું, 'હે આનંદ ! શ્રાવકને અવધિજ્ઞાન થાય ખરું; પણ આટલું દૂરગ્રાહી થાય નહીં. માટે તમારે ભ્રાન્તકથનનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.'

આનંદે કહ્યું, 'હે પ્રભુ ! મને શ્રદ્ધા છે કે મેં સત્ય વચન જ કહ્યું છે. છતાં આપ પરમ કૃપાળુ વીર ભગવંતને પૂછજો.'

ગુરુ ગૌતમસ્વામી ભગવાન વીર પાસે આવે છે. ભગવાન કહે છે, 'હે ગોયમ ! આનંદ શ્રાવક સાચા છે. માટે તમારે તમારા ભ્રાન્તકથન માટે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. તે માટે આનંદ શ્રાવક પાસે જઈ ક્ષમા માગવી જોઈએ.'

મહાજ્ઞાની, પરમાત્માના પ્રથમ ગણધર, દ્વાદશાંગીના રચયિતા, અનેક શિષ્યોના સ્વામી એવા ગૌતમસ્વામી સ્હેજ પણ અભિમાન રાખ્યા વગર તરત જ પાછા આનંદ શ્રાવક પાસે જાય છે અને આનંદ શ્રાવક સમક્ષ બે હાથ જોડી પોતાના ભ્રાન્તવચન બદલ मिच्छा मि दुक्कडं માંગે છે. કેવી ભવ્ય નમ્રતા !

પ્રભુની સેવા એ તો ગૌતમસ્વામીને મન જીવનસર્વસ્વ હતું. અનેક લબ્ધિઓના સ્વામી હોવા છતાંય સદાય એક નાનકડા શિષ્યની માફક પરમાત્માની નિરંતર ભક્તિ કરતા હતા. સર્વજ્ઞ ભગવાન મહાવીર પર ગણધર ગૌતમને અનન્ય અનુરાગ હતો. આ અનુરાગ કેવળજ્ઞાન થવામાં અવરોધરૂપ હતો. પરમાત્મા વીરને પોતાના નિર્વાણસમયની ખબર હોવા છતાં, ગૌતમસ્વામીને બ્રાહ્મણ દેવશર્માને પ્રતિબોધવા માટે મોકલ્યા. ગૌતમસ્વામી દેવશર્માને પ્રતિબોધીને પાછા ફરે છે ત્યારે રસ્તામાં જ તેમને સમાચાર મળે છે કે, પરમાત્મા વીર નિર્વાણ પામ્યા છે.

સાંભળતાં જ ગૌતમસ્વામી ચોધાર આંસુએ રડવા લાગ્યા. હે વીર ! હે વીર ! હે સ્વામી !હવે હું કોના ચરણકમળમાં મારું મસ્તક ઝુકાવીને વારંવાર પદાર્થો વિષે પ્રશ્નો પૂછીશ ? હવે હું 'હે ભગવાન !' એવું સંબોધન કોને કરીશ ? મને હવે બીજો કોણ 'હે ગોયમ !' કહીને સંબોધશે ? હે ત્રણ લોકના નાથ ! હે દયાળુ ભગવાન, છેલ્લી ઘડીએ આપે મને દૂર મોકલી દીધો ?'

પરમાત્માને યાદ કરી રડતાં રડતાં ગૌતમસ્વામીની જ્ઞાનદૃષ્ટિ સતેજ થઈ. શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને એકદમ વિચાર આવ્યો : વીતરાગ તો સ્નેહ વગરના જ હોય. મારા એકપક્ષીય સ્નેહને ધિક્કાર છે. મારે આવા સ્નહનો આ ક્ષણે જ ત્યાગ કરવો જોઈએ. હું એકલો જ છું. મારું કોઈ નથી તેમ હું પણ કોઈનો નથી. આવી રીતે સમભાવ વિશે આરૂઢ થતાં ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. એક કવિએ કહ્યું છે કે

'अहंकारोऽपि बोधाय, रागोऽपि गुरुभक्तये ।
विषादः केवलायाभूत्, चित्रं श्री गौतमप्रभो ॥'

ઈન્દ્રભૂતિ ગૌતમ, ગણધર ભગવંતનો પ્રચંડ ગર્વ તેઓને બોધને માટે થયો. તેમનો પરમાત્મા વીર પ્રત્યેનો રાગ ગુરુ ભક્તિમાં પરિણમ્યો અને પરમાત્માના વિરહથી ઉદ્ભવેલો ખેદ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયભૂત થયો. આમ, ભગવાન મહાવીરના પ્રથમ સમાગમમાં સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી, પરમાત્માને સમગ્ર જીવન સમર્પણ કરનાર ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ પરમાત્મા વીરની કૃપા પામી ઈન્દ્રભૂતિમાંથી ગણધર ગૌતમસ્વામી બન્યા અને સર્વજ્ઞ બનીને મોક્ષસુખને પામ્યા.

* * *

# કેવળજ્ઞાનની ઉષા પ્રગટી!

*—શ્રી ઈશ્વરભાઈ હ. પટેલ*

**ગુરુ ગૌતમને કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં એક માત્ર તરણા જેવો અંતરાય હતો, તે દેહરાગ. પ્રભુની હયાતીમાં પ્રભુના પાર્થિવ દેહ પ્રત્યેની અનન્ય અનુરાગિતા. પ્રભુના નિર્વાણ સાથે ગૌતમસ્વામીથી એ દેહરાગ કેમ છૂટે છે અને કેવળજ્ઞાનનો સૂર્ય કેવો ઝળહળી રહે છે તેનું સુંદર વર્ણન આ લેખમાં મળે છે.** *—સંપાદક*

આસોની અમાવાસ્યા !

પ્રભુ મહાવીરનો એ નિર્વાણદિન !

સારા જગતને સત્ય અને અહિંસાનો પરમ તેજસ્વી અમર સંદેશ દેનાર પ્રભુ મહાવીરનો એ નિર્વાણદિન !

સંત પુરુષો કદી નિર્વાણ પામતા નથી. નિર્વાણ પામે છે તેમનો પાર્થિવ દેહ.

એ આસોની અમાવાસ્યાનો દિવસ હતો. આજે પ્રભુ પોતાનો પાર્થિવ દેહ છોડી જવાના છે, પણ પ્રભુ મહાવીરના મનમાં એક આછીપાતળી ચિંતા છે. એ છે પોતાના શ્રેષ્ઠ શિષ્ય ગૌતમની.

ગૌતમ એ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય, પ્રથમ ગણધર. ગણધર ગૌતમનો પ્રભુ મહાવીર ઉપર એટલો બધો સ્નેહ કે ન પૂછો વાત. આ અત્યંત સ્નેહપણાને કારણે ગૌતમના મનમાં મહાવીર પ્રત્યે રહેલી ભાવનાએ અતિરેકનું સ્વરૂપ લીધું. આથી કરીને ગણધર ગૌતમ પ્રભુના તત્ત્વના રાગી બનવાને બદલે દેહરાગી બનવા લાગ્યા. તેથી પ્રભુના મનમાં પોતાના મહાન શિષ્ય પ્રત્યે આ છેલ્લી ઘડીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી જોઈ લીધું કે, 'હું જઈશ એટલે ગૌતમ મારા પ્રત્યેના અત્યંત સ્નેહને કારણે કદાચ પોતાની જાતનું ભાન ભૂલી જશે. મારા દેહવિલયના વિલાપમાં તે કદાચ ગાંડોતૂર બની જશે. આથી કરીને તે કેવળજ્ઞાનથી વંચિત રહી જશે. મારા દેહ સાથે મમતા બાંધી બેઠેલો ગૌતમ, બુદ્ધિવાન ગૌતમ, શું કેવળજ્ઞાનથી વંચિત રહી જશે ? ગૌતમનો હાથ જેના પર રહે છે તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે. પણ, દેહ પ્રત્યેની ભાવનામાં તણાઇ ગયેલો ગૌતમ શું મુક્તિથી ટળી જશે ?

ભગવાન મહાવીરે આ વસ્તુ પોતાની દિવ્ય દૃષ્ટિથી નિહાળી લીધી. અને પોતાના મહાન શિષ્યરત્નને પરમાવસ્થા પ્રાપ્ત કરાવવા ખાતર પોતાના નિર્વાણદિનના દિવસે ગૌતમ મુનિને બાજુના ગામમાં દેવશર્મા નામના વિપ્રને પ્રતિબોધવા સારુ મોકલ્યા. ભગવાન મહાવીરના શબ્દેશબ્દ જીવનમાં ઉતારનાર ગૌતમ, પ્રભુની આજ્ઞાને શિરોમાન્ય ગણી ચાલી નીકળ્યા. તેમને ક્યાં ખબર હતી કે, પ્રભુના જીવનની અંતઘડી, આવીને ઊભી છે !

ગૌતમના ગયા પછી પ્રભુ મહાવીરે પોતાની સમ્યક્ દૃષ્ટિ કેળવી. આસોની અમાવાસ્યાની

ઘોર રાત્રીએ પોતાના શ્રેષ્ઠ શિષ્ય ગૌતમની ગેરહાજરીમાં નિર્વાણ પામ્યા. ચારે દિશામાં શંખનાદ થયો. સ્વર્ગ દુંદુભિનાદથી ગાજી ઊઠ્યું !

માનવ માનવના અંતરમાં જ્ઞાનજ્યોત પ્રગટાવનાર મહાદીપક લોકચર્મચક્ષુ સામેથી વિદાય લઈ ચૂક્યો એટલે માનવે સ્થૂળ કોડિયામાં દીપકમાળા પ્રગટાવી અંધારી રાત્રિને ઝળહળાવી મૂકી. હજારો દીપકોથી ઝળહળી ઊઠેલી રાત્રિ દિવાળી કહેવાઈ.

બીજી પ્રભાતે, હજી સૂર્યે પોતાનું મુખ પૂર્વ દિશા પર કાઢ્યું ન હતું. પૂર્વ દિશાએ એના આગમન પૂર્વે કસુંબી રંગની ચૂંદડી ઓઢી લીધી ન હતી. એવા વખતે ભગવાન મહાવીરની આજ્ઞાને સાર્થક કરવા બાજુના ગામમાં ગયેલ ગૌતમસ્વામી દેવશર્માને પ્રતિબોધી ઉતાવળે પગલે પ્રભુ પાસે આવવા નીકળી ચૂક્યા છે. ત્યાં તો સાંભળ્યું કે, પ્રભુ નિર્વાણ પામ્યા છે ! ગૌતમના હૃદયમાં જબરદસ્ત ધ્રાસકો પડ્યો. કોઈ મુનિરાજે આ પ્રસંગ ઢાળમાં વર્ણ્યો છે :

**ધશક પડ્યો ધ્રાસકો, ઊપજ્યો ખેદ અપાર;**
**વીર ! વીર ! કહી વલવલે, સ્મરે ગુણ સંભાર.**

ગૌતમમુનિના હૃદયમાં ગજબ ધ્રાસકો પડ્યો. તેઓ વીર ! વીર ! કહીને એક બાળકની માફક રડવા લાગ્યા. ભગવાન મહાવીરના ગુણો સંભારીને આંસુડાં સારવા લાગ્યા. અને આગળ વધતાં વધતાં કહેવા લાગ્યા કે—

**'અહો, પ્રભુ ! આ શું કર્યું, દીનાનાથ દયાળ !**
**તે અવસર મુજને તમે કાઢ્યો દૂર કૃપાળ.'**

અહો, પ્રભુ ! મારા એવા તે કયા ભવના અંતરાયો મને નડ્યા કે જેને તમે જીવન સુધી રાખ્યો અને છેલ્લી ઘડીએ વિખૂટો પાડ્યો ? છેલ્લી ઘડીએ અળગો કર્યો ? કહો, પ્રભુ ! મારો એવો શો અપરાધ હતો ?

**'પૂછીશ કોને પ્રશ્ન હું, ભન્તે કહી ભગવંત;**
**ઉત્તર કોણ મુજ આપશે, ગોયમ કહી ગુણવંત.'**

એ તો કહો, પ્રભુ ! હવે હું 'ભગવાન' કહીને પ્રશ્ન કોને પૂછીશ ? મારા પ્રશ્નનો ઉત્તર કોણ આપશે ? પ્રભુ ! મને મહર્ષિ ગૌતમ, ગૌતમ ગણધર ને ગુરુ ગૌતમ કહીને બધા બોલાવશે; પણ 'ગોયમ' કહીને કોણ બોલાવશે ? 'ગૌતમ !'નો સ્નેહભર્યો રણકો હવે ક્યાં સાંભળવા મળશે ?

પાવાપુરીના દ્વારે આવતાં આવતાં તેમના મુખ ઉપર કોઈ અજબ રેખાઓ રમવા લાગી. જાણે ગૌતમમુનિના અંતરમાં પડેલા પ્રભુ મહાવીરનાં દિવ્ય વચન-કિરણો, જે ભાવનાના અતિરેકના ભારથી દબાઈ ગયાં હતાં તે ખૂબ વિલાપના અંતે પ્રકાશવા લાગી ચૂક્યાં હતાં. તેમના અંતરમાં પ્રભુ મહાવીરનાં દિવ્ય વચનોનો સુમધુર ધ્વનિ ઊઠવા લાગ્યો. અને....

'ગોયમ ! વ્યક્તિ પ્રત્યેનો મોહ એ એક પ્રકારની ભ્રાન્તિ છે. આજે જગતમાં આવી ભ્રાન્તિની સત્તા ચાલી રહી છે. આ વ્યક્તિરાગ એક એવી વસ્તુ છે કે જે ભલભલા સંયમી તપસ્વીઓને પણ નિર્માલ્ય બનાવી મૂકે છે. ગૌતમ ! તને ફરીવાર પણ એ જ કહું છું કે, આ હાડચામથી બનેલા માનવદેહ પ્રતિ અતિ સ્નેહ રાખવો એ મોટામાં મોટું દુઃખનું કારણ છે. માટે, એ નાશવંત

શરીરના પૂતળાને નજર સમક્ષથી દૂર કરીને, અંતરદષ્ટિએ જોઈશ તો તને સત્ય દેખાયા વિના રહેશે નહીં. ત્યાં પ્રભુ કે ગૌતમ નહીં દેખાય, ગુરુ કે શિષ્ય નહીં દેખાય, મહાન કે વામનનો ભેદ નહીં દેખાય. ત્યાં દેખાશે એક માત્ર પરમ દિવ્ય જ્યોતિ !

એ પરમ જ્યોતિ સદાને માટે પ્રકાશમય જ રહેવાની ! આ શરીરનો કોઠો ક્ષણભંગુર છે, એનો તો એક વખત અંત આવવાનો જ છે. માટે વ્યક્તિપૂજાને બદલે આત્મિકપૂજાને લક્ષ્ય બનાવ. માત્ર શરીરરાગી બનવાને બદલે આત્મરાગી બન !'

એક બાજુ નૂતન વર્ષની નવલી ઉષા પ્રગટી જગતને પ્રકાશમય બનાવી રહી હતી ! બીજી બાજુ લબ્ધિવાન ગૌતમના અંતરની અંદર દિવ્યજ્ઞાન-કેવળજ્ઞાનની ઉષા પ્રગટી રહી હતી !

કારણ કે, જે વસ્તુ પ્રભુ મહાવીરની હયાતીમાં ગૌતમસ્વામીને સમજાઈ ન હતી તે પ્રભુના નિર્વાણ બાદ ગૌતમ મુનિને સમજાઈ ગઈ !!

* * *

અમદાવાદ – ઝવેરીપાર્ક, શ્રી આદીશ્વર જૈન મંદિરમાં બિરાજમાન શ્રી ગૌતમસ્વામી



# આત્મસાધનાના અમૃતદાતા ગણધર ગૌતમસ્વામી

—શ્રી ચેતન વેલજી છેડા

**સાદી અને સરળ ભાષામાં વર્ણવેલી ઘટનામાં પણ સાચી સંવેદનાનો ધબકાર હોય તો તે પ્રભાવક બન્યા વગર રહે નહિ. અહીં ગૌતમસ્વામીના જીવનચરિત્રને લેખકે સરળ પણ વેધક શૈલીથી વ્યક્ત કરીને તેમના પ્રભાવનો પરચો આપ્યો છે. સાચો ભાવક એમાં રહેલી ભક્તિની ભાવભરી સંવેદનાઓ પામીને ધન્ય બનશે જ.**

**—સંપાદક**

**'સર્વારિષ્ટ પ્રણાશાય, સર્વાભિષ્ટાર્થદાયિને ।**
**સર્વલબ્ધિનિધાનાય, શ્રી ગૌતમસ્વામિને નમઃ ।।'**

લોભ, લાલચ અને લોલુપતા જેને વળગે છે તે માનવી દીન, રંક અને નિસ્તેજ બની જાય છે અને અગ્નિના સ્પર્શથી જેમ બીજ નિઃસાર થઈ જાય છે એમ, આવી ઠગારી આશાનો દાસ બનેલો માનવી પોતાનું સર્વ સત્ત્વ ગુમાવી બેસે છે. સંતોએ આવી આશાને હંમેશાં જાકારો આપ્યો છે. આ સર્વથી મુક્તિ મેળવવી એ પણ એમની સાધનાનું એક ધ્યેય હોય છે. આવી આશા તો નિરાશા-હતાશા કરતાં પણ વધારે નુકસાન કરનારી અને લાચાર બનાવનારી છે. સંતોની સાધના તો અમર આશાથી ભરેલ જીવંત સાધના હોય છે. તેથી જ એમને નિરાશા અને ગમગીની સ્પર્શી શકતી નથી અને એમની સાધનામાંથી જ જન્મતી સિદ્ધિ સૌ કોઈની આશાનો આધાર બની રહે છે.

આવી આશાના મહાન આધારસ્તંભ હતા અનંતલબ્ધિના સ્વામી ભગવાન મહાવીરદેવના પરમ વિનયી મુખ્ય શિષ્ય અને પ્રથમ ગણધર ગુરુ ગૌતમસ્વામી. એમના નામનો એટલો બધો મહિમા છે કે મરતાંને જીવન મળે, દુઃખિયાનું દુઃખ દૂર થાય, રોગ-શોક-સંતાપ શાંત થઈ જાય, ભય માત્ર નાશ પામે અને સર્વત્ર સુખ-શાંતિ અને આનંદ-મંગળ પ્રવર્તી રહે! એ ધર્મપુરુષનો અને એમના નામસ્મરણનો એ પ્રભાવ છે. એ પ્રભાવ છે એમની નિર્મળ, નિઃસ્વાર્થ અને નિષ્કપટ જીવનસાધનાનો અને પરગજુ પ્રકૃતિનો. એમની એ સાધના આજે પણ કંઈક જીવો માટે આશ્વાસન, આશા અને આધારરૂપ બનીને એમનામાં બળ, બુદ્ધિ ને તેજ પ્રગટાવે છે. ધર્મના આ અમૃતનું પાન કરનારાં સંતો અને સતીઓ યુગે યુગે આવતાં જ રહે છે અને કેટલાક આત્માઓ તો એ અમૃતનું પાન કરવાની સાથે સાથે પોતાની શ્રેષ્ઠ સાધનાના અમૃતનું દાન કરીને એ પરબોને વધારે સમૃદ્ધ બનાવતા જાય છે.

આવા જ એક મહાસંત, શ્રેષ્ઠ સાધક અને સિદ્ધ મહાપુરુષ હતા ગુરુ ગૌતમસ્વામી, જે શ્રમણ ભગવાન મહાવીરના ધર્મતીર્થના અમૃતનું પાન કરીને અજર-અમર બની ગયા. દીનદુઃખી જગત આજે પણ એ મહાપુરુષની લબ્ધિ, ઋદ્ધિ અને સિદ્ધિઓનું સ્મરણ કરીને એમનું શરણ શોધે છે. સૌ ભાવિક નરનારીઓ અમૃતના અધિકારી એ પ્રાતઃસ્મરણીય ધર્મપુરુષનું પુણ્યસ્મરણ કરીને એમની સ્તુતિ કરતાં કહે છે :

**'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;**
**તે ગુરુ ગૌતમ સમરીએ, મનવાંછિત ફલદાતાર.'**

ધર્મશાસ્ત્રોની રચના ભૂમિ, ધર્મનાયકોની અવતારભૂમિ, ધર્મ અને ધર્મતીર્થોની સ્થાપના-ભૂમિ, ભગવાન મહાવીરના જન્મ અને નિર્વાણની ભૂમિ, બડભાગી મગધ દેશ ! ધર્મો, ધર્મસ્થાપકો અને ધર્મશાસ્ત્રોના ત્રિવેણીસંગમે એ ધરતીના કણ કણને પાવન બનાવી ધર્મ-સંસ્કારિતાનો ઈતિહાસ સર્જ્યો હતો. એ પુરાણસિદ્ધ મગધદેશ એ જ અત્યારનો બિહાર પ્રદેશ.

મગધદેશમાં ગોબર નામનું ગામ, વિદ્યા અને વિદ્વાનોની ખાણ, વૈદિક બ્રાહ્મણધર્મનું ધામ. એમાં એક યજ્ઞ-કર્મ અને વેદ-વેદાંગ-પારંગત વિપ્રવર રહે. વસુભૂતિ એનું નામ. યજ્ઞકર્મ અને વિદ્યાદાન એ જ એમનો વ્યવસાય. એમનાં ભાર્યાનું નામ પૃથ્વીદેવી. ગૌતમ એનું ગોત્ર. પૃથ્વીમાતાને ત્રણ પુત્રો હતા : ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ. ત્રણેય સૂર્ય, ચંદ્ર અને ઈન્દ્ર સમાન તેજસ્વી હતા. આ બંધુત્રિપુટી વિદ્યા, ધર્મ અને શુચિતાના પવિત્ર સંગમરૂપ હતા.

પંડિત ઈન્દ્રભૂતિનો જન્મ શ્રમણ ભગવાન મહાવીર વર્ધમાન પહેલાં આઠ વર્ષે, વિક્રમ સંવત પૂર્વે ૫૫૦માં, આજથી લગભગ ૨૫૫૦ વર્ષ પહેલાં થયો હતો. તેમની કાયા વજ્ર જેવી મજબૂત હતી. તેમનાં હાડકાં વજ્રઋષભનારાચ નામે સંઘયણ (સાંધા)વાળાં હતાં. એમની સાત હાથ ઊંચી પડછંદ કાયાનાં અંગ-પ્રત્યંગો પ્રમાણસર અને સોહામણાં હતાં. જેનું એક એક અંગ પ્રમાણસર હોય એવો દેહ. એમનો વર્ણ સોનાની રેખ જેવો ઊજળો અને તેજસ્વી હતો. પણ પોતાની આવી સુંદર, સુદૃઢ અને નીરોગી કાયાનું એ વિપ્રવરને ભાન ન હતું અને અભિમાન પણ ન હતું. કાયા તો એમને મન સાધનાનું માત્ર સાધન હતી.

એ જ કાળની વાત છે. અપાપાનગરીમાં સોમિલ નામે એક ધનાઢ્ય બ્રાહ્મણ રહે. એણે મોટો યજ્ઞ આદર્યો હતો. એ માટે એણે મોટા મોટા અગિયાર વિદ્વાન બ્રાહ્મણોને નોતર્યા હતા. તેમાં પહેલા ત્રણ, એટલે કે, ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ મોખરે હતા. અગિયારે બ્રાહ્મણોની ક્રિયાકાંડ અને મંત્રાક્ષરોમાં ખૂબ જ ખ્યાતિ હતી. લોકોમાં એવી માન્યતા હતી કે તેમના મંત્રોચ્ચારોથી દેવલોકના દેવ પણ યજ્ઞમાં આવતા.

આ યજ્ઞ વેળાએ આ નગરીની બીજી દિશામાં એક ઉદ્યાનમાં પ્રભુ મહાવીર પધાર્યા હતા. અને વિદ્વાન બ્રાહ્મણો દેવોના આગમનની રાહ જોતા હતા ત્યારે જ દેવો આકાશમાં પસાર થતા દેખાયા. બ્રાહ્મણો રાજી થયા; પણ દેવોનાં વિમાનો તો બીજી દિશામાં જતાં દેખાયાં. કોઈને પૂછવાથી જાણ થઈ કે અહીં મહાજ્ઞાની સર્વજ્ઞ એવા મુનિ પધાર્યા છે. ત્યારે પંડિત ઈન્દ્રભૂતિને આઘાત લાગ્યો અને કહ્યું કે, મારા જેવા સર્વ શાસ્ત્રોના જ્ઞાતા અને સર્વવિદ્યાવિશારદ મહાપંડિત બેઠા હોવા છતાં આ સર્વજ્ઞપણાનો ઢોંગ કરનાર વળી કોણ છે?

એટલે, મહાવીરનું ગુમાન ઉતારવા પોતાના પાંચસો શિષ્યો સાથે ચાલી નીકળ્યા. પરંતુ પ્રભુના ખરા સર્વજ્ઞપણાની જાણ થઈ ત્યારે તેમણે પોતાના પાંચસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. ત્યાર બાદ તેમના ભાઈ અગ્નિભૂતિ પોતાના પાંચસો શિષ્યો સાથે પોતાના ભાઈને છોડાવવા ચાલી નીકળ્યા. પણ પ્રભુ મહાવીરે તેમને ઉપદેશ આપ્યો ત્યારે તેઓ પણ પોતાના પાંચસો શિષ્યો સાથે દીક્ષિત થયા. લઘુબંધુ વાયુભૂતિએ પણ એમ વિચાર્યું અને તેઓનું પણ એ જ પરિણામ આવ્યું. તે પછી યજ્ઞકાર્યમાં રોકાયેલા બાકીના આઠે પંડિતોની પણ એ જ પરિણતિ થઈ. આમ, અગિયારે પંડિતોની શંકાના નિરાકરણમાં ભગવાન મહાવીરે જે જ્ઞાનગંભીર વાતો સમજાવી એમાં જીવને સંસારમાં રોકી રાખીને એમાં રખડાવનારાં કારણોનું અને સંસારના બંધનમાંથી મુક્ત થવાના ઉપાયોનું સ્પષ્ટ, સુરેખ અને પ્રતીતિકર નિરૂપણ જોવા મળે છે.

આ અગિયારે પંડિતો સાથેના ભગવાન મહાવીરના વાર્તાલાપને શાસ્ત્રકર્તાઓએ 'ગણધરવાદ'ના નામે ઓળખાવ્યો અને સાચવી રાખ્યો. ભગવાનના સમસ્ત શ્રમણસંઘના નાયક બન્યા હતા ગુરુ ગૌતમસ્વામી. ભગવાન મહાવીર અને ગુરુ ગૌતમ વચ્ચેના સ્નેહનો તંતુ છેક પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના યુગથી લંબાતો હતો.

લાખના આંકડામાં દસ, વીસ, પચીસ, પચાસ હજારનો આંકડો આપમેળે સમાઈ જાય, એવું જ આત્મયોગી માટે ઋદ્ધિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓના ચમત્કારનું હોય છે. ગૌતમસ્વામીની નામના ચોમેર લબ્ધિઓના ભંડાર રૂપે વિસ્તરી હતી. કેવી કેવી એ લબ્ધિઓ હતી ? હાથનો સ્પર્શ થતો ને જીવોનાં દુઃખદર્દ દૂર થઈ જતાં ! એમના મળો રોગને દૂર કરનારાં સુવાસિત ઔષધો હતાં ! આંખને ઈશારે ઝેર દૂર કરી શકતા ! અંગૂઠામાં એવું અમૃત હતું કે જે વસ્તુને એનો સ્પર્શ થતો એ અખૂટ બની જતી ! સામી વ્યક્તિના મનને જાણવું, દૂર દૂર ઘટતી ઘટનાને જાણવી વગેરે અનેક પ્રકારની સિદ્ધિઓ તેમને વરી હતી.

એક વખત ભગવાન પાર્શ્વનાથની પરંપરાવાળા કેશીકુમાર શ્રમણ પોતાના શ્રમણસંઘ સાથે શ્રાવસ્તી નગરીમાં આવ્યા. એ વખતે ગુરુ ગૌતમ પણ ત્યાં જ આવી પહોંચ્યા. તેઓની બંનેની ધર્મપરંપરા એક જ હતી; પરંતુ ક્રિયાકાંડ અલગ અલગ હતા. તેથી ગૌતમસ્વામીએ તેમને તેમના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપીને સમજાવ્યું. ગૌતમસ્વામીની વાણી સાંભળીને કેશીકુમારે અને તેમના શિષ્યોએ ભગવાન મહાવીરના પ્રતિક્રમણ અને પાંચ મહાવ્રતવાળા ધર્મનો સ્વીકાર કર્યો. એ બે સંતોનું મિલન બે પરંપરાના એકીકરણને લીધે સંઘના ઈતિહાસમાં અમર બની ગયું.

અને હવે, મહાવીરસ્વામીએ અષ્ટાપદ પર્વતનો મહિમા વર્ણવતાં કહ્યું કે, જે સાધક પોતાની લબ્ધિના બળે અષ્ટાપદ તીર્થ પર જઈને ત્યાં રહેલાં જિનબિંબોનાં વંદન કરી એક રાત્રિ ત્યાં જ રહે તે મોક્ષનો અધિકારી બને છે. ત્યારે ગૌતમસ્વામીએ અષ્ટાપદ તીર્થ પર જવા પ્રભુ પાસે અનુમતિ માગી. પ્રભુએ રજા આપી. પોતાની ચારણલબ્ધિ વડે તેઓ વાયુવેગે થોડી જ ક્ષણોમાં અષ્ટાપદની તળેટીમાં પહોંચી ગયા અને અષ્ટાપદના ચોવીશ તીર્થંકરોને વંદના કરી અને દેવો, અસુરો, વિદ્યાધરોને ધર્મોપદેશ સંભળાવ્યા. રાત અષ્ટાપદ પર વિતાવીને સવારે પર્વત પરથી નીચે ઊતરવા લાગ્યા, ત્યારે અધવચ્ચે તેમને પંદરસો તાપસો મળી ગયા. એ

તાપસોએ તેમની લબ્ધિ, સિદ્ધિ અને રિદ્ધિ જોઈને તેમને પોતાના ગુરુ બનવાનું કહ્યું ત્યારે ગૌતમસ્વામીએ પંદરસો તાપસોને દીક્ષા આપી. જ્યારે ભોજનવેળા થઈ ત્યારે ગૌતમસ્વામીએ પૂછ્યું કે આજે તમે તમારા તપનું પારણું કેવા આહારથી કરશો ? ત્યારે બધાએ ખીરનું પારણું કહ્યું. તેથી તેમણે લબ્ધિના બળે પંદરસો તાપસોને પેટ ભરીને ખીરનું પારણું કરાવ્યું.

ગૌતમસ્વામી તપસ્વી હતા. તેઓ છઠના પારણે છઠની તપસ્યા કરતા હતા અને કાયાની માયાથી મુક્ત રહીને દેહને દાપું આપવા ખાતર લુખ્ખોસુક્કો, રસ-કસ વગરનો, સાદો નિર્દોષ આહાર લેતા હતા.

જ્યારે ભગવાન મહાવીર પાવાપુરીમાં નિર્વાણ પામ્યા ત્યારે ગૌતમસ્વામી દેવશર્માને પ્રતિબોધ કરી પાવાપુરી આવી રહ્યા હતા. તેમણે અડધે રસ્તે જ આ આઘાતજનક સમાચાર સાંભળ્યા. જાણે કમળપુષ્પ પર વજ્રાઘાત થયો. એમનું રોમ રોમ બેહોશ અને બેચેન થઈ ગયું. એમની વાચા હરાઈ ગઈ. એમના અંતરની વેદનાને કોઈ અવધિ ન રહી. અને પછી તેઓ પોતાની જાતને ધિક્કારવા લાગ્યા કે, મારી રાગદૃષ્ટિને દૂર કરવા જ કરુણાસાગર ભગવાને અંત સમયે પોતાની પાસેથી અળગો કર્યો અને મારા જીવનને મારી મેળે અજવાળવાનો માર્ગ મને બતાવી દીધો. આ પણ મારા ઉપર ભગવાનનો કેવો મોટો અનુગ્રહ ! હું અબૂઝ એ સમજ્યો નહિ, ને પ્રભુને દોષ દેવાના મહાદોષમાં પડી ગયો ! ક્ષમાશ્રમણ ભગવાન મારા આ દોષને ક્ષમા કરશો. અને એ પશ્ચાત્તાપ અને આત્મનિરીક્ષણના તાપમાં ગૌતમસ્વામીનાં મોહ-માયા-મમતાનાં શેષ બંધન પળવારમાં ભસ્મ થઈ ગયાં. એમનો આત્મા પૂર્ણ નિર્મળ બની ગયો અને એમના જીવનમાં કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ વ્યાપી વળ્યો !

જ્યોતથી જ્યોત પ્રગટે એમ ભગવાન મહાવારનું નિર્વાણ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બની ગયું. કારતક વદ અમાવાસ્યાની રાત્રીનો છેલ્લો પહોર ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનથી પ્રકાશમાન થઈ રહ્યો. બાર અંગસૂત્રી (દ્વાદશાંગી)ના અને ચૌદ પૂર્વના ધારક ગૌતમસ્વામી તે દિવસે સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.

વિક્રમ પૂર્વે ૪૭૦મા વર્ષની આ ઘટના.

આજે અઢી હજાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં, છતાં એ ઘટના સ્હેજે ઝાંખી બની નથી. ભગવાન મહાવીરના મહાનિર્વાણના પુણ્યસ્મરણની સાથે ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો પ્રસંગ એકરૂપ બનીને સદા સ્મરણીય બની ગયો !

કેવળજ્ઞાન પછી બાર વર્ષ સુધી ગૌતમસ્વામી પૃથ્વીને પાવન કરતા રહ્યા અને ગામ-નગરોમાં વિચરી ભગવાનના શાસનની પ્રભાવના કરતા રહ્યા.

કાળ પાકે ને ફળ-ફૂલ-પાંદડાં ખરવા લાગે.

સમય આવે ને નદી-સરોવરનાં નીર સુકાવા લાગે.

એવું જ દેહનું સમજવું.

ગૌતમસ્વામી પોતાની કાયાનો વિશ્વના જીવોના કલ્યાણ માટે નિરંતર ઉપયોગ કરતા રહ્યા. છેવટે, બાણું વર્ષની પરિપક્વ વયે તેમણે રાજગૃહ નગરમાં વૈભારગિરિ ઉપર કાયાની

માયા ઉપર પૂર્ણ વિજય મેળવી એક માસનું અણસણ સ્વીકાર્યું અને અણસણને અંતે ગૌતમસ્વામી મહાનિર્વાણ પામ્યા. એમની આત્મજ્યોત ભગવાન મહાવીર અને અનંત મુક્ત આત્માઓની જ્યોતમાં સદાને માટે ભળી ગઈ !

ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય, ગણધર શ્રી ગૌતમસ્વામી તે દિવસે અક્ષરસુખના સ્વામી બની સિદ્ધ, બુદ્ધ મુક્ત થયા.

રાજગૃહ નગર, ગુણશીલ ઉદ્યાન (ગુણાયા તીર્થ) ગુરુ ગૌતમસ્વામીના અંતિમ સંસ્કારની સ્મૃતિરૂપે રચવામાં આવેલ જળમંદિરથી પવિત્ર તીર્થધામ બની ગયું.

સર્વનું કલ્યાણ કરવાની ઉદાત્ત ભાવના સેવવી, નિર્મળ નિખાલસ સરળ વૃત્તિ રાખવી, દુઃખ જોઈને કરુણાથી ગદ્ગદ થઈ જવું, સુખને જોઈ પ્રસન્નતા અનુભવવી, સર્વનું કલ્યાણ કરવા તત્પર રહેવું.—આ રીતે સ્વામી ગૌતમ વિશ્વકલ્યાણની ભાવનાના પ્રતીક બની ગયા !

ધન્ય ભગવાન મહાવીરસ્વામી !

ધન્ય ગુરુ ગૌતમસ્વામી !

* * *




વીર નિવાર્ણના સમાચારનો શોક શ્લોકરૂપ
બન્યો, વેદના વંદના બની, આઘાત
ઘાતીકર્મનો ઘાતક બન્યો અને વ્યથા એક
ઐતિહાસિક કથા બની ગઇ.

# ગુણદર્શન : વિભાગ–૨


- ❀ ગૌતમ ગણધર : એક વિશિષ્ટ પરિશીલન
- ❀ પ્રસન્ન અને પ્રશાંત, સાદા અને સરળ ગૌતમસ્વામી : એક શબ્દચિત્ર
- ❀ એક સાધકની આંતર-સિદ્ધિનો સરવાળો
- ❀ રિદ્ધિ-સિદ્ધિ-લબ્ધિના અધિષ્ઠાતા ગુરુ ગૌતમસ્વામી
- ❀ વિનયવંત વિદ્યાભંડાર
- ❀ 'ભયવં'નો નાદબ્રહ્મ : ગૌતમસ્વામી
- ❀ બ્રહ્મચારી ગૌતમ
- ❀ શ્રી ગૌતમ ગણધરનું ધ્યાન–સંવેદન
- ❀ વિનયમૂર્તિ ગૌતમ
- ❀ મન ગૌતમ બને....તો મહાવીર સ્હેજે મળે
- ❀ મંગલમ્ ગૌતમપ્રભુ
- ❀ તે ગુરુ ગૌતમ સમરીએ
- ❀ મોક્ષનું બીજ વિનય
- ❀ વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવનાર શ્રી ગૌતમસ્વામીની ગૌરવગાથા
- ❀ ગુરુ ગૌતમસ્વામી : જૈન શાસનની અનન્ય વિભૂતિ
- ❀ પ્રાતઃસ્મરણીય ગુરુ–શિષ્ય
- ❀ શ્રીમદ્ રાજચંદ્રની વિચારધારાના પરિપ્રેક્ષ્યમાં ગણધર ગૌતમ : એક વિહંગાવલોકન
- ❀ જ્યાં જ્યાં મારી નજર ફરે, ગૌતમ દેખું [ને] આતમ ઠરે!!

જૈન શાસનમાં વર્તમાન વિશ્વના રાજા સમાન
પંચપરમેષ્ઠી ભગવંત જેઓ તૃતીય સ્થાને બિરાજે
છે. તે આચાર્ય ભગવંતનેજ જેની આરાધના
કરવાને અધિકારી છે તે શ્રી સૂરિમંત્ર પટ્ટદર્શન



# ગૌતમ ગણધર : એક વિશિષ્ટ પરિશીલન

*–પ. પૂ. મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજ*

જૈન સાહિત્ય પ્રસિદ્ધ ૩ ગણધરો, ૨૪ ભગવંત, ૧૪૫૨ ગણધરો, ગૌતમસ્વામીજીની આરાધનામાં ભળેલ સાંપ્રતકાલીન વિકૃતિ સામે લાલબત્તી; ગૌતમસ્વામીના ૫ ભવોનો નામોલ્લેખ, સ્નેહરાગની વિકરાળતાનું તાદૃશ ચિત્ર, પ્રચંડ રાગની માત્રા સામે દ્વેષ નહીંવત્, સર્વોત્કૃષ્ટ બોધિદાતા.

ગણધર કોણ બને?

૫૦ હજાર શિષ્યો કઈ રીતે?

માનની ટોચે છતાં માયાથી મુક્ત દેવવંદનમાં ગૌતમસ્વામી

વીશ સ્થાનકમાં ગૌતમસ્વામી

સુકૃત અનુમોદના દ્વારા ભવિતવ્યતા

પરિપાકનાં આલંબન નિત્ય સ્મરણમાં ગૌતમસ્વામી

આવા વિષયોથી ભરેલ આ પરિશીલન સ્થિરતાથી વાંચી-મનન કરી ''જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવલ ઊપજે રે'' એ અપ્રતિમ અદ્‌ભુત ગૌતમ-લબ્ધિની સિદ્ધિનો વિનિયોગ પ્રાપ્ત કરનારા–કરાવનારા–બનનારા ભાગ્યશાળી બનો.

પાછળની ભાવવાહી પાંચ સ્તુતિ કંઠસ્થ કરી રોજ પ્રાતઃકાલે સ્મરણ કરવા જેવું છે.

*–સંપાદક*

**ચૌદશે બાવન ગણપતિ, તેહના પ્રણમીને પાય રે,**
**ગૌતમ ગુરુને ગાઈશું, પાતિક દૂર પલાય રે...ગુણ રે ગાવો ગૌતમસ્વામીના.**

શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનમાં આ અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકરોના ૧૪૫૨ ગણધરો થયા તેમાં પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવંતના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામીનું નામ જૈન જગતમાં અને વિશેષે શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગમાં પ્રસિદ્ધ છે.

સિદ્ધગિરિ, શત્રુંજય, સિદ્ધાચલ, પાલીતાણાના નામથી દર વર્ષે લાખો મનુષ્યો યાત્રાએ જાય છે તે તીર્થ પ્રસિદ્ધ થયું 'પુંડરીક ગણધર'થી. 'પાવન પુરુષ પસાયથી, પૃથ્વી પવિત્ર થઈ જાય રે' એ ઉક્તિ અનુસાર પાંચ કરોડ આત્મા સાથે, આ અવસર્પિણીમાં આ તીર્થે સૌ પ્રથમ પુંડરીક ગણધર મોક્ષે ગયા. તેથી પુંડરીક ગણધર અને તીર્થ બંને લોકહૈયે જડાઈ ગયાં છે.

પ્રથમ તીર્થપતિ શ્રી આદિનાથ ભગવંતને ૮૪ ગણધરો હતા. બીજા અજિતનાથ ભગવંતને ૯૫ ગણધરો હતા. ત્રીજા સંભવનાથ ભગવંતને ૧૦૨ ગણધરો હતા. ચોથા અભિનંદનસ્વામીને ૧૧૬ ગણધરો હતા. પાંચમા સુમતિનાથ ભગવંતના ૧૦૦ ગણધરો હતા. છઠ્ઠા પદ્મપ્રભ ભગવંતના ૧૦૭ ગણધરો હતા. સાતમા સુપાર્શ્વનાથ ભગવંતના ૯૫ ગણધરો હતા. આઠમા ચંદ્રપ્રભુજીના ૯૩ ગણધરો હતા. નવમા સુવિધિનાથ (પુષ્પદંત) ભગવંતના ૮૮ ગણધરો હતા. દશમા શીતલનાથ ભગવંતના ૮૧ ગણધરો હતા. ૧૧મા શ્રેયાંસનાથ ભગવંતના ૭૬ ગણધરો હતા. ૧૨મા વાસુપૂજ્યસ્વામીના ૬૬ ગણધરો હતા. ૧૩મા વિમલનાથ ભગવંતના ૫૭ ગણધરો હતા. ૧૪મા અનંતનાથ ભગવંતના ૫૦ ગણધરો હતા. ૧૫મા ધર્મનાથ ભગવંતના ૪૩ ગણધરો હતા. ૧૬મા શાંતિનાથ ભગવંતના ૩૬ ગણધરો હતા. ૧૭મા કુંથુનાથ ભગવંતના ૩૫ ગણધરો હતા. ૧૮મા અરનાથ ભગવંતના ૩૩ ગણધરો હતા. ૧૯મા મલ્લીનાથ ભગવંતના ૨૮ ગણધરો હતા. ૨૦મા મુનિસુવ્રતસ્વામીના ૧૮ ગણધરો હતા. ૨૧મા નમિનાથ ભગવંતના ૧૭ ગણધરો હતા. આ બધા ગણધરોમાંથી કોઈ પ્રસિદ્ધ નથી. ૨૨મા બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવંતના ૧૧ (મતાંતરે ૧૮)માંથી પ્રથમ વરદત્ત ગણધર ગિરનાર (જૂનાગઢ) તીર્થની સાતમી ટૂકે અનશન આદરી મોક્ષે ગયા. ત્યાં સાતમી ટૂકે આ વરદત્ત ગણધરનાં પગલાં છે, જે હાલ વૈષ્ણવોના તીર્થ તરીકે ગુરુ દત્તાત્રયનાં પગલાં તરીકે પૂજાય છે. સૌરાષ્ટ્રમાં જામનગર વગેરે શહેરોમાં ગુરુ દત્તાત્રયનાં મંદિરો પણ છે. આ પવિત્ર ગિરનાર તીર્થે આવતી ચોવીશીના ૨૪ તીર્થંકરો મોક્ષે જશે. વરદત્ત ગણધરનાં પગલાંની બાજુમાં હાલ ભૈરવની જગ્યા તરીકે ઓળખાતી જગ્યા છે. એ જગ્યાએ શ્રી નેમિનાથ ભગવંતના સાધુઓ અનશન સ્વીકારી અંતિમ સાધના કરી કર્મો ખપાવી મોક્ષે ગયેલા છે.

૨૩મા પાર્શ્વનાથ ભગવંતના ૧૦ ગણધરો હતા. ૨૪મા વર્ધમાન-મહાવીરસ્વામીના ૧૧ ગણધરો હતા. તેમાં પ્રથમ ઈન્દ્રભૂતિ ગૌતમ તથા પાંચમા સુધર્મ એ બંને પ્રસિદ્ધ છે. વર્તમાન કાલે પંચમ ગણધર સુધર્માસ્વામી નામથી સાધુ-સાધ્વીઓમાં પ્રસિદ્ધ રહ્યા છે. શ્રાવક-શ્રાવિકા વર્ગમાં તે નામ ઓછું થતું જાય છે. બે જગ્યાએ સુધર્માસ્વામીનું નામ યાદ કરાય છે. (૧) સુધર્માસ્વામીની પાટ (૨) સુધર્માસ્વામીની સ્થાપના.

સુધર્માસ્વામીની પાટ શબ્દ શાથી પ્રયોજાયો ? : ભગવંત મહાવીરના ૧૧ ગણધર હતા. તેમાંના ૯ ગણધરો ભગવંતની હાજરીમાં મોક્ષે ગયા. તેમનો ગણ (પરિવાર=શિષ્ય-પ્રશિષ્યાદિ) સુધર્માસ્વામીને ભળાવતા ગયા. પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ પણ પોતાનો પરિવાર સુધર્માસ્વામીને ભળાવીને મોક્ષે ગયા. ભગવંત પછી ભગવંતની પાટે પંચમ ગણધર સુધર્માસ્વામી આવ્યા. તેથી વર્તમાન કાલે જે કોઈ શ્વેતામ્બર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી, સાધુ, સાધ્વી, સંત, મહાસતી, આર્યિકા આ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભારતમાં વિચરે છે તે તમામ પંચમ ગણધર સુધર્માસ્વામીની પરંપરામાં થયાં. વાચના સુધર્માસ્વામીની રહી. વ્યાખ્યાનની પાટને સુધર્માસ્વામીની પાટ તરીકે ઓળખવામાં આવે છે. જો કે કાળના પ્રભાવથી હવે કેટલાક સંપ્રદાયના નાયકની પાટ શબ્દ પ્રયોજાતો જાય છે તે દુઃખદ છે. સાથે-સાથે એ પણ નોંધવું સ્થાને છે કે એક ભાગ બૃહદ્ સૌધર્મ તપાગચ્છ નામથી ઓળખાતો સંપ્રદાય પંચમ ગણધર સુધર્માસ્વામીના નામને સવિશેષ જાળવે છે તેમ જ સુધર્મ પ્રસારક મંડળના નામથી પણ ગણધર સુધર્માસ્વામીના નામને પ્રસિદ્ધ રાખે છે.

**સુધર્માસ્વામીની સ્થાપના** : જૈન જગતમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગમાંનો એક તપાગચ્છ. તેમની માન્યતા પ્રમાણે જેમ ૨૪ તીર્થંકરોના શરીર પરનાં ચિહ્ન પરથી લંછનો કોતરાય છે તેમ ગણધર સુધર્માસ્વામીના શરીર ઉપરના ચંદણગના નિશાન પરથી સ્થાપનાજી ચંદણગના રખાય છે. કોઈક પરંપરામાં સુખડના દાબડા જેવામાં એક બાજુ મહાવીરસ્વામી અને બીજી બાજુ સુધર્માસ્વામી મુકાય છે.

આગમોમાં ગણધર સુધર્માસ્વામી તેમના શિષ્ય જંબૂને આ પ્રમાણે કહે છે તે શબ્દો અનેક જગ્યાએ પ્રયોજાયેલો હોવાથી પણ ગણધર સુધર્માસ્વામીનું નામ પ્રસિદ્ધ છે.

આમ છતાં હકીકત છે કે ૧૪૫૨ ગણધર ભગવંતોમાંથી ૧૪૪૨મા ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ જેટલી પ્રસિદ્ધિ કોઈને નથી મળી. બીજી વિશેષતા એ છે કે દરેક તીર્થંકર કે ગણધર પોતાના નામથી ઓળખાય છે, પ્રસિદ્ધ થાય છે; જ્યારે જૈન જગતના આ અવસર્પિણી કાળના ૧૪૪૨મા ગણધર 'ઈન્દ્રભૂતિ' નામથી નહીં, પણ 'ગૌતમ' ગોત્રથી પ્રસિદ્ધ થયા છે. ગૌતમ નામ નથી, ગોત્ર છે. ગૌતમસ્વામીનું નામ ઈન્દ્રભૂતિ હતું તે પણ ઘણા ઓછા શ્રાવક-શ્રાવિકાઓને ખબર હશે.

વર્તમાનકાલે ગણધર શ્રી ગૌતમસ્વામીજી અંગે બે અતિ દુઃખદ બાબતો :

(૧) જૈન જગતના ૧૪૫૨ ગણધરો પૈકી સૌથી પ્રસિદ્ધ શ્રી ગૌતમસ્વામીજીના જીવનની મૂલાગમપ્રણીત માહિતી લુપ્ત થઈ ગઈ છે. અનેક પ્રકારની આપત્તિઓમાં વિપુલ પ્રમાણમાં જૈન સાહિત્ય લુપ્ત થઈ ગયેલું છે, જેમાં અનેક આગમો પણ લુપ્ત થઈ ગયેલાં છે. નંદિસૂત્ર કે પક્ખીસૂત્રમાં કેટલાંક આગમોનાં નામ છે, જેમાંનું કશું જ ઉપલબ્ધ નથી. તેવી જ રીતે વર્તમાનકાલીન શ્વેતામ્બર મૂર્તિપૂજક માન્યતાનાં ૪૫ આગમો કે સ્થાનકવાસી-તેરાપંથી માન્યતા પ્રમાણે ૩૨ આગમોમાંના એકેય આગમમાં ગણધર શ્રી ગૌતમસ્વામીજીનું જીવનચરિત્ર મળતું નથી. તેઓશ્રી ક્યારે સમ્યક્ત્વ પામ્યા, કેટલા ભવ થયા વગેરેની માહિતી મૂલ આગમમાં ઘણો ભાગ નાશ પામવાને કારણે આપણી પાસે છે નહીં.

(૨) બીજી દુઃખદ હકીકત છે વિકૃત ભક્તિ : ૨૪ તીર્થંકરોમાં ૨૩મા શ્રી પાર્શ્વનાથ અને ૧૪૫૨ ગણધરોમાં શ્રી ગૌતમ ઈન્દ્રભૂતિ. આ એક તીર્થંકર અને ગણધરની આરાધના, સાધના, જાપ, તપ, યાત્રા, પ્રતિષ્ઠા કરાવવા પાછળ જે ભૌતિક ઈચ્છાની પરિપૂર્તિનું લક્ષ્ય ચતુર્વિધ શ્રીસંઘમાં જે રીતે જોવામાં આવે છે, જે રીતે વધી રહ્યું છે તે માથું ફરી જાય તેવું છે. ભૌતિક દાખલાથી કહીએ તો પાન-સિગારેટ કે મસાલા માટે મારુતિ, કોન્ટેસા કે ટોયેટો આપી દેવા જેવી મૂર્ખામી છે.

બે દિવસ પહેલાંનો પ્રસંગ યાદ આવે છે. ભગવંત પાસે બોલવાની કંઠસ્થ કરેલી સ્તુતિમાંથી એક સ્તુતિની બે લીટી ભુલાઈ ગયેલી. મહેનત કરી યાદ ન આવે. દિવાળીની મોડી રાત્રે દેવવંદન બાદ 'ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ'નો જાપ કરતાં માળા પૂરી થઈ. વિચાર આવ્યો, જે ગૌતમસ્વામીથી દીક્ષિત થયેલા એક સિવાયના બધા કેવલજ્ઞાન પામ્યા, તો મને એક ભુલાયેલી સ્તુતિ એ મહાપુરુષના સ્મરણથી યાદ ન આવે ? ફોટા સામે નજર કરી અને ભુલાયેલી બંને લીટી યાદ આવી ગઈ. આ તો ઘણો જ સામાન્ય લાભ કહેવાય. હકીકત

છે કે પરમપદની પ્રાપ્તિ માટેની જુદી-જુદી આરાધનામાં પરમાત્મા મહાવીર ભગવંતના શાસનનાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને ૧૪૪૨મા ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમનું આલંબન વિશિષ્ટ સહાયક છે જ, તેમાં પણ બે મત નથી.

સામાન્ય વ્યવહારમાં આપણને એમ જોવા મળે છે કે બીજા જીવ પ્રત્યે લાગણી-બહુમાનમાં પૂર્વભવના સંબંધો કામ કરતા હોય છે પરંતુ અહીં એવું નથી. તીર્થંકરો પ્રત્યે ગણધરોને ઉચ્ચ કોટિનું બહુમાન હોવા છતાં પૂર્વભવમાં તીર્થંકર-ગણધરો ભેગા થયા જ હોય તેવો એકાંત નિયમ નથી. પૂર્વભવમાં દેવતત્ત્વ-ગુરુતત્ત્વની રીતે આરાધના થયેલી હોય તે જરૂરી છે. વ્યક્તિનું જૈનશાસનમાં મહત્ત્વ નથી, ગુણનું મહત્ત્વ છે, પદનું મહત્ત્વ છે. અરિહંત પદનું મહત્ત્વ છે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદ (ગુરુતત્ત્વ) મહત્ત્વનું છે. વ્યક્તિરાગ વગર એ દેવ-ગુરુ તત્ત્વની આરાધના થાય તે જીવને પાર લઈ જનાર છે. આથી જ પૂર્વભવમાં તીર્થંકરો-ગણધરો ભેગા મળે તે જરૂરી નથી.

ગણધર શ્રી ગૌતમસ્વામીજીના પૂર્વભવો પૂ. ત્રૈલોક્યસાગરજી ગણિવર્યે પ્રકાશિત કરેલા મળે છે. તેમાં પણ છેવટના ભવે મહાવીરસ્વામી જોડેનો સંબંધ જોવા મળે છે. ભગવાન મહાવીરના ૧૮મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ગૌતમસ્વામીનો જીવ તેમના સારથિ તરીકે હતો તેવું વડીલો પાસે સાંભળેલ છે તેમ ઉલ્લેખ પણ કરેલ છે.

**ગૌતમસ્વામીજીના ભવો :** ગૌતમસ્વામીના ભવો ટૂંકમાં જોઈએ. તેમના ૫ પૂર્વભવો ક્રમશઃ બ્રહ્મદત્ત નગરના મંગલ શ્રેષ્ઠિ તરીકે, જળાશયમાં મોટા મત્સ્ય તરીકે, પહેલા સૌધર્મ દેવલોકમાં જ્યોતિર્માલી નામના દેવ તરીકે, મહાવિદેહ ક્ષેત્રમાં વેગવાન વિદ્યાધર મનુષ્ય તરીકે તથા આઠમા દેવલોકના ઈન્દ્ર તરીકે થયા. દેવલોકનું આયુષ્ય પૂર્ણ થયે મનુષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ થયા.

ગૌતમસ્વામીજીના જીવનનાં વિવિધ પાસાંઓને જોઈએ તો તેમના વાંચેલા-સાંભળેલા ભવો પ્રમાણે પ્રથમથી છેલ્લા ભવમાં જે રહસ્યો, જે દીવાદાંડી રૂપ છે તે દ્વારા મુમુક્ષુને મળતી વિગતો જોઈએ.

મહાપુરુષો ભારપૂર્વક એક વાત જણાવે છે કે 'રાગી બધ્નાતિ કર્માણિ વીતરાગો વિમુચ્યતે.' સંસાર-સમુદ્રમાં જીવને અનેક ભવપરંપરા કરાવનાર 'કર્મ' છે. સામાન્ય જનસમુદાયમાં જીવ પાપથી સંસારમાં રખડે છે તેમ માન્યતા છે. બંને વાત એક જ છે કેમકે પૂ. હરિભદ્રસૂરિજી મહારાજાએ પાપની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે 'આગમનિષિદ્ધ કર્મ' અર્થાત્ આગમમાં નિષેધ કરાયેલાં કર્મ તે પાપ. આવું પાપ રાગી આત્મા બાંધે છે, વીતરાગ બાંધતા નથી. રાગના ૩ પ્રકાર જૈન જગતમાં પ્રચલિત છે. (૧) કામરાગ, (૨) સ્નેહરાગ, (૩) દૃષ્ટિરાગ. આમાં કામરાગની વિષમતા-ભયંકરતા જૈન-જૈનેતર બધામાં પ્રસિદ્ધ છે. કામરાગથી આ ભવ કે પરભવમાં અનુભવવા પડતાં દુઃખો વિષે પૂર્વકાલથી વર્તમાનકાલ સુધીમાં જન્મ-મરણ-પુનર્જન્મની ઘટમાળમાં માનતા કે કેવલ ભૌતિક સુખમાં લેપાયેલા દેખાતા પાશ્ચિમાત્ય જગતમાં પણ તેની વિરૂપતા વિષે લખાણો જોવા મળતાં રહે છે. દૃષ્ટિરાગની ભયંકરતા વિશે જૈન શાસ્ત્રોમાં અનેક દૃષ્ટાંતો જોવા મળે છે, જ્યારે સ્નેહરાગનાં છપાયેલાં દૃષ્ટાંતો કેટલાં ? સ્નેહરાગની વિષમતાનાં વર્ણનો કેટલાં ?

ગણધર ગૌતમસ્વામીજીનું જીવન એટલે સ્નેહરાગની વિકરાળતા સામેની અપ્રતિમ દીવાદાંડી.

સમુદ્રમાં પાણીની અંદર રહેલા ખડકો પાણી ઉપર પસાર થતાં જહાજોનો સોથ વાળી

દેવા શક્તિમાન છે પરંતુ દીવાદાંડીના તેજથી જહાજના માલમ કે નાખુદા તથા પિંજરિયાને જ નહીં, પણ જહાજ પર કામ કરતા નાના-મોટા બધાને ખડકો વિષે ખબર પડે છે તેમ જીવનમાં આવતા વિવિધ જીવો જોડે જોડાતો સ્નેહરાગ એવો જ ભયંકર છે જે જીવન-જહાજના ટુકડે-ટુકડા કરી નાંખે છે—તે યાદ કાયમ રહે અને તેવા સ્નેહરાગથી આત્મા લોપાય નહીં તે માટે ૧૪૪૨મા ગણધર ગૌતમ ઇન્દ્રભૂતિનું ઉદાહરણ અપ્રતિમ છે.

શાલિભદ્રને માતા પરનો સ્નેહરાગ ૩૩ સાગરોપમની જેલ સાથે નવ મહિના અંધારી કોટડીમાં ઊંધે મસ્તકે લટકવાની સજા કરાવનાર બન્યો. ચિલાતીપુત્ર પરનો સ્નેહરાગ સુષમાને મસ્તક કપાતાં પણ આનંદદાયી રહ્યો. જીવન વ્યર્થ જનાર થયો. વાસુદેવ પરના સ્નેહરાગને કારણે બલદેવો ભાઈના મૃત્યુ પર્યંત દીક્ષા અંગીકાર કરતા નથી. ૬—૬ મહિના સુધી મૃત શરીરને, ભ્રાતૃ-સ્નેહરાગને કારણે બલદેવોએ વાસુદેવોના શબને ઉપાડીને ફર્યા કર્યાનાં દૃષ્ટાંતો છે. પરિવારના સ્નેહરાગને કારણે સંયમ અંગીકાર કરવાથી અટકતા અનેક દાખલા તો વર્તમાનકાલે પણ નજરે જોવા મળે છે. પુત્રસ્નેહને કારણે પેશાબ કરેલી થાળીમાંથી ચોખ્ખું રહેલું ભોજન કરતો કોણિક કે રુધિર-પરુવાળી આંગળી મોઢામાં લઈને પુત્રને શાંત કરવા પ્રયત્ન કરતો શ્રેણિક આ સ્નેહરાગની પૂર્ણ અસરનાં દૃષ્ટાંતો છે. આવા અનેક સ્નેહરાગની તીવ્ર વિષ સમાન વાતમાં ગૌતમ ગણધરનો સ્નેહરાગ જીવનમાં જે ધોબીપછાડ ખવરાવનાર બન્યો તે વિચાર કરતાં ચક્કર આવે તેમ છે.

ગૌતમ ગણધર જેને-જેને દીક્ષા આપે તેને-તેને કેવલજ્ઞાન થયા કરે છે તેમાં શાલ-મહાશાલનો પ્રસંગ બને છે. ભગવંત મહાવીરની આજ્ઞાથી એ શાલ-મહાશાલને પ્રતિબોધ કરવા જાય છે. સંસારની ભયંકરતા સમજાવે છે. રાગ-દ્વેષની વિનાશકારિતા સમજાવે છે. શાલ-મહાશાલ પ્રતિબોધ પામે છે. દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા બાદ જગદ્ગુરુ મહાવીર ભગવંત પાસે આવતાં જેમના હૈયામાં રાગ-દ્વેષની અનર્થકારિતા ઊતરેલી છે તેવા શાલ-મહાશાલ શુક્લધ્યાનની અગ્નિમાં ઘાતીકર્મો ખપાવી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. સમવસરણમાં પહોંચીને ભગવંતને વંદન કરવા જણાવે છે, કે ભગવંત બોલે છે, "હે ગૌતમ ! કેવલીની આશાતના કરીશ નહીં." ગણધર ગૌતમને આંચકો લાગે છે. હું દીક્ષા આપું તેને કેવલજ્ઞાન થાય છે અને મને જ નથી થતું, એમ કેમ ? જગતને રાગ-દ્વેષની ભયાનકતાનું ભાન કરાવવાની સમર્થ શક્તિ ધરાવનારો ૧૪ પૂર્વનો સ્વામી પોતાની જાતને રાગથી છોડાવી શકતો નથી; પોતાની રાગ-દશા જોવા-સમજવા તૈયાર નથી, તો છોડે કેવી રીતે ? કેવી કરુણતા છે ! દ્વાદશાંગીનો રચયિતા કસ્તુરી મૃગ જેવી સ્થિતિમાં ? સ્નેહરાગની કેટલી બધી વિશાળ પકડ છે ! ખેદવાળા ગૌતમ ગણધરને દેવતાની વાતો કાને પડે છે, "ભગવંતે ફરમાવ્યું કે જે મનુષ્ય સ્વ-લબ્ધિથી અષ્ટાપદની યાત્રા કરે તે તે જ ભવમાં કેવલજ્ઞાન પામે." પોતાનું કેવલજ્ઞાન નિશ્ચિત કરવા વીર પ્રભુની આજ્ઞા માંગે છે : હે ભગવંત ! જો આપની આજ્ઞા હોય તો હું અષ્ટાપદ તીર્થની યાત્રા કરવા પ્રયાણ કરું ? ભગવંત પોતાના જ્ઞાનથી જાણે છે અને જુએ છે કે આમાં અનેક આત્માઓનો ઉદ્ધાર રહેલો છે. રજા આપે છે. ગૌતમસ્વામી અષ્ટાપદ જઈ રહ્યા છે ત્યારે ઉપવાસને પારણે ઉપવાસ કરનાર ૫૦૦ તાપસનું એક વૃંદ અષ્ટાપદની પ્રથમ મેખલામાં આગળ ચાલવાને અશક્તિમાન હોવાથી રહેલું છે. છઠ્ઠને પારણે છઠ્ઠ કરનાર ૫૦૦ તાપસનું જૂથ બીજી મેખલામાં અટકેલું છે. અઠ્ઠમને પારણે અઠ્ઠ કરનાર ૫૦૦ તાપસનું જૂથ ત્રીજી મેખલામાં અટકેલું છે. તપથી કાયા શોષાઈ ગઈ છે. આવતા ગૌતમ ગણધરને જોઈને ત્રણે જૂથના તાપસોને એક

જ વિચાર આવે છે કે અમે તપ કરી કાયા શોષવી છતાં એટલી લબ્ધિ ઉત્પન્ન થઈ નથી કે આગળ વધીએ; તો પછી આ દઢકાય જીવાત્મા આગળ કેવી રીતે જશે ? તાપસો વિચાર કરતા રહ્યા અને ગણધર ગૌતમ સૂર્યનાં કિરણોના આલંબને ઉપર પહોંચ્યા. ભરત ચક્રીએ ભરાવેલા ચોવીશે જિનેશ્વરોની ભાવભરી વંદના-સ્તુતિ કરી. જગચિંતામણિ સ્તોત્રથી ભાવપૂર્વક સર્વ જિનાલયો, સર્વ શાશ્વત બિંબોની વંદના કરી. પાંચ તીર્થોમાં (૧) શત્રુંજયના આદિનાથ, (૨) ગિરનારના નેમિનાથ, (૩) સત્યપુર (સાચોર, જિ. જાલોર, રાજસ્થાન)ના મહાવીરસ્વામી, (૪) ભરૂચના મુનિસુવ્રતસ્વામી અને (૫) મુહરી પાર્શ્વનાથ (જે હાલ ટીંટોઈ ગામે વિરાજમાન છે. હિંમતનગરથી શામળાજી જતાં વચ્ચે આ તીર્થ છે. શામળાજીથી ૧૯ કિલોમીટર જતાં ટીંટોઈ છે.).

અષ્ટાપદજી ઉપર આવેલા તિર્યક્ જંભૂક દેવની શંકા દૂર કરવા પુંડરીક-કંડરીક અધ્યયન કહી શંકા દૂર કરી. નીચે ૧૫૦૦ તાપસનાં ત્રણે જૂથ એક જ ભાવના કરે છે કે નીચે ઊતરે ત્યારે આ પુણ્યવાન પુરુષને ગુરુ બનાવવા, જેથી આપણો નિસ્તાર થશે. નીચે ઊતરે ત્યારે બધા ગૌતમસ્વામીજી પાસે દીક્ષા લેવા તત્પર બને છે. દેવતાઓ વેષ આપે છે. બધાને પારણાનો દિવસ છે. ગૌતમસ્વામીજી ઉપર તુંહી-તુંહી ભક્તિવાળા હોવા સાથે રાગ સંસારમાં ડુબાડે તે સમજતા ૫૦૦ તાપસો જે અઠ્ઠમને પારણે અઠ્ઠમ કરનારા છે તે પારણું કરતાં કેવલજ્ઞાન પામે છે. પારણું કરીને ભગવાન મહાવીર પાસે જતાં સમવસરણની ઋદ્ધિ દેખીને બીજા છઠ્ઠને પારણે છઠ્ઠ કરનારાનું જૂથ કેવલજ્ઞાન પામે છે. ઉપવાસને પારણે ઉપવાસ કરનારા ત્રીજા જૂથને ભગવંતનું રૂપ જોતાં કેવલજ્ઞાન ઊપજે છે. સમવસરણમાં કેવલીની પર્ષદા તરફ જતા ૧૫૦૦ તાપસને ગણધર ગૌતમસ્વામી અટકાવે ત્યાં મહાવીર પરમાત્માના શબ્દો કાને પડે છે : "હે ગૌતમ, કેવલીની આશાતના કરીશ નહીં." આ શબ્દો સાંભળતાં ઇન્દ્રભૂતિ ગૌતમને ખળભળાટ મચી જાય છે. અષ્ટાપદની યાત્રા કરી આવ્યો તો પણ અષ્ટાપદને અડધે રસ્તે નહીં પહોંચનારને કેવલજ્ઞાન, અને હું એમ ને એમ ! કારણ શું ? શું નડે છે ? આવા વિચારમાં અટવાયેલા ૧૪૪૨મા ગણધરને કાને શબ્દો પડે છે : તારો મારા ઉપરનો ઘણા ભવ પહેલાંનો રાગ છે. ચિર પરિચિત છો. રાગ છોડી દે તો હમણાં કેવલજ્ઞાન થઈ જાય. ગણધર ગૌતમ પોકારી ઊઠે છે, કેવલજ્ઞાન થાય કે વેગળું રહે, મારે ભગવાન પહેલા. સાંભળવા પ્રમાણે ભગવંત મહાવીરના ત્રીજા મરીચિના ભવમાં તેમની દીક્ષા છોડી પરિવ્રાજક બનેલી અવસ્થામાં શિષ્ય બનેલા કપિલ રાજપુત્ર ગૌતમ ઇન્દ્રભૂતિનો જીવ હતો. કેટલાયે સાગરોપમ પહેલાંનો સ્નેહરાગ અનેકના સ્નેહરાગ છોડાવનારને પોતાને છૂટતો નથી, તેનાથી વધારે દુઃખદ, વધારે કરુણ શું હોઈ શકે ? સ્નેહરાગની પરાકાષ્ઠા છે કે રાગ ખોટો જ તેમ પ્રતિબોધી કલાકોમાં કેવલજ્ઞાન આપનારને રોમેરોમમાં સ્નેહરાગ ભરેલો રહે છે. કેટલી વિષમતા ! કેટલી ભયંકરતા !! કેટલા દઢ ધ્યાનથી આપણા જીવો જેવા પામર જીવોને વિચારવાની વાત છે !!!

સ્નેહરાગના અડાબીડ જંગલમાં અટવાયેલા હોવા છતાં જગતના જીવો તરફનો પ્રેમ-લાગણી-મમતાયુક્ત અને દ્વેષયુક્ત ઇન્દ્રભૂતિ ગૌતમનો આત્મા જોઈએ.

લગભગ એક કોડાકોડી સાગરોપમ જેવા દીર્ઘ સંસારમાં સ્નેહરાગની ભઠ્ઠીમાં શેકાવા છતાં અન્ય જીવોને શાતા-શાંતિ આપવા તરફ સ્વાભાવિક જ ગૌતમ ગણધરનો જીવ ટેવાયેલો છે તે અતિ અદ્ભુત વસ્તુ છે. સામાન્ય રીતે જ્યાં રાગની માત્રા તીવ્ર હોય ત્યાં દ્વેષ પણ તીવ્ર હોય છે. પરંતુ ગૌતમસ્વામીના જીવનમાં તેનાથી તદ્દન વિપરીતતા છે. તેના બે પુરાવા પ્રસિદ્ધ છે.

ભગવંત મહાવીરનો જીવ ૧૮મા ભવે પોતનપુરીમાં જન્મ લે છે. ત્રિપૃષ્ઠ નામ છે. ભવિષ્યમાં વાસુદેવ થનાર છે. તે રાજપુત્ર સારથિ તરીકે ગૌતમસ્વામીનો જીવ છે. ત્રિપૃષ્ઠ ઉપરનો તેનો સ્નેહ પૂર્વભવના અભ્યાસને કારણે ખૂબ જ છે. ત્રિપૃષ્ઠના પિતાજી અશ્વગ્રીવના ખંડિયા રાજા છે. અશ્વગ્રીવનો દૂત પ્રસંગે આવે છે. ત્રિપૃષ્ઠના પિતા પ્રજાપતિ તેનું ખૂબ ધ્યાન રાખે છે. અશ્વગ્રીવનો ડર છે. ત્રિપૃષ્ઠને ગમતું નથી. દૂતને મારે છે. અશ્વગ્રીવને ખબર પડે છે. તે સમયે અશ્વગ્રીવનું ચોખાનું મોટું ખેતર છે. ત્યાં સિંહનો ઉપદ્રવ છે. દર વર્ષે ખંડિયા રાજાઓનો વારો રાખેલો છે. સિંહ ખેતરનાં પશુઓને મારી ન નાખે તેનું ધ્યાન રાખવાનું. વારો બીજાનો હોવા છતાં અશ્વગ્રીવ પ્રજાપતિને કોપથી તે કામ સોંપે છે. પ્રજાપતિ મૂંઝાય છે. ત્રિપૃષ્ઠને ખબર પડે છે. પિતાને સમજાવી રજા લઈને પોતે ત્યાં જાય છે. ત્યાંના માણસોને પૂછે છે કે દર વર્ષે આવનારા આ ખેતરનું રક્ષણ કેવી રીતે કરે છે. જવાબ મળે છે કે લશ્કર સાથે રક્ષણ કરે છે. સિંહ ભયંકર છે. ગમે ત્યારે આવી ચડે છે. આટલી તૈયારી છતાં દર્ષે કેટલાંયે ઢોરના જાન જાય છે. ત્રિપૃષ્ઠ પૂછે છે, સિંહ ક્યાં રહે છે ? પહાડની ગુફાઓમાં. જગ્યા બતાવો. દૂરથી જગ્યા બતાવે છે. પોતે એકલો જવા તૈયાર થાય છે પણ સ્નેહરાગની શ્રૃંખલામાં રહેલો સારથિ સાથે જાય છે. સિંહને હાકોટા કરી ગુફા બહાર કાઢે છે. ત્રિપૃષ્ઠ વિચારે છે કે હું રથમાં, સિંહ નીચે, તે અન્યાય કહેવાય. નીચે ઊતરે છે. ફરી વિચાર આવે છે, હું હથિયાર સહિત, સિંહ હથિયાર રહિત, તે અન્યાય કહેવાય. હથિયાર મૂકી સામે જાય છે. સિંહને આશ્ચર્યસહ ક્રોધ ઉદ્ભવે છે. એક પંજાના ઘા ભેગો આનો ઢાળિયો કરી નાંખુ. કૂદે છે. ત્રિપૃષ્ઠ ઉપર પંજો પડે તે પહેલાં સિંહના બંને પગ પકડીને ત્રિપૃષ્ઠ ચીરી નાંખે છે. લોહી વહેવા માંડે છે. સિંહ તરફ તુચ્છકારથી જોતો ત્રિપૃષ્ઠ નિરાંતે ઊભેલો છે. પરંતુ સ્વાભાવિક કરુણાવાળો સારથિ તરફડતા સિંહ પાસે જાય છે. મોઢા અને આંખના વર્તારાને જોતાં સિંહના મનની વાત સમજે છે. સિંહના મનના ભાવો લખતાં ગુણચંદ્રસૂરિજી 'મહાવીર ચરિયં'માં જણાવે છે કે ત્યારે સિંહને મનમાં ખૂબ ગ્લાનિ છે, જાત ઉપર નફરત છે. મારું પરાક્રમ ક્યાં ગયું ? શસ્ત્રરહિત આ જુવાનના હાથે મારું મોત થાય ? ધિક્કાર છે મારી જાતને. આ સમયે સારથિ (ગણધર ગૌતમનો જીવ) મધુર શબ્દોથી સિંહને આશ્વાસન આપે છે : હે વનરાજ ! તું ખૂબ જ પરાક્રમી છો. તારે દુઃખ પામવાની જરૂર નથી. તું પશુમાં સિંહ છો, આ મનુષ્યમાં સિંહ છે. આ ભરતક્ષેત્રમાં પ્રથમ વાસુદેવ થનાર છે. તારું મોત કોઈ સામાન્ય માનવીના હાથે નથી થયું. સિંહના હાથે સિંહ મોત પામે તેમાં કંઈ લાંછન નથી. આશ્વસ્ત બનેલો સિંહ એક તરફ સારથિ સામે પ્રેમથી જુએ છે, બીજી તરફ ત્રિપૃષ્ઠ સામે દ્વેષભરી નજર છે. મૃત્યુ પામે છે.

સર્વસામાન્ય અનુભવો એમ કહે છે કે જીવને જેના ઉપર સ્નેહરાગ હોય છે તેની ઉપર વિરૂપ ચિંતવનાર કે આચરનાર હોય તેના ઉપર દ્વેષ થાય છે, જ્યારે ૧૪૪૨મા ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમમાં એક પાત્ર પ્રત્યે પ્રકૃષ્ટ સ્નેહરાગ હોવા છતાં દ્વેષની માત્રા કેટલી પાતળી કરેલ હશે કે પોતાના સ્નેહપાત્ર પ્રત્યે ધિક્કાર વર્ષાવનારને પણ શાંતિથી, પ્રેમથી સમજાવીને, મૃત્યુની અતિ કષ્ટદાયક સ્થિતિમાં શાંત પાડી શકે. પરિણામ કેટલું સુંદર આવ્યું ! ત્રિપૃષ્ઠ જ્યારે છેલ્લા ભવમાં ચરમ તીર્થપતિ મહાવીર વર્ધમાન બને છે, ત્યારે ગણધરાદિ પરિવાર વિચરી રહ્યો છે. વિહાર કરતાં રસ્તામાં ખેતી કરતા એક ખેડૂતને જોઈને ભગવંત આજ્ઞા કરે છે : હે ગૌતમ ! સામે ખેતરમાં ખેતી કરતા ખેડૂતને પ્રતિબોધ કરીને આવ. ઈન્દ્રભૂતિ

ખેડૂત પાસે જાય છે. ભગવંત આગળ વિહાર કરે છે. ઇન્દ્રભૂતિ ગૌતમને જોતાં જ ખેડૂતને સ્નેહ થાય છે. ઉપદેશ સાંભળે છે. ભવની ભૂતાવળ સમજાય છે. સમર્પિત થાય છે. સંયમ અંગીકાર કરે છે. સંયમ બાદ જ્યારે ગૌતમસ્વામી જણાવે છે કે હવે આપણે મારા ગુરુ જે જગદ્‌ગુરુ છે તેમની પાસે જઈએ; ત્યારે ખેડૂતને અત્યંત હર્ષ થાય છે. મનમાં તીર્થંકરના ગુણોની અનુમોદના જાગે છે. જો આ ગુરુ આટલા ગુણવંત છે તો તેમના ગુરુ કેવા ઉત્તમ ગુણવાળા હશે ? સંસારમાં ફસાયેલા મારા જીવને તારવા પોતાના શિષ્યને વગરકહ્યે મોકલનારા આવા ઉપકારી મને કોણ મળશે ? હવે એ તારક જ મારા માટે શરણ કરવા લાયક જ છે. તીર્થંકરના ગુણો, શરણ વગેરે વિચારતાં તે જીવ અનાદિકાલીન નિબિડ રાગ-દ્વેષની ગ્રંથિ તોડી સમ્યક્ત્વ પામે છે. સંસાર પરિત્ત થાય છે. સમવસરણ પાસે પહોંચે છે. ગૌતમસ્વામી જણાવે છે કે હવે ભગવંતને વંદન કરો. ત્યાં ખેડૂત મુનિ પૂછે છે કે આ જ તારા ગુરુ છે તો આ તારો ઓઘો (રજોહરણ) અને આ મુહપત્તિ પાછાં, મારે દીક્ષા પાળવી નથી. ભાગી જાય છે. પર્ષદામાં અનેક વિચારણા થાય છે, ગૌતમસ્વામીને પણ મૂંઝવણ થાય છે કે હું જેને દીક્ષા આપું તેને કેવલજ્ઞાન થાય અને આ જીવ દીક્ષા મૂકીને ચાલતો થયો. એમ કેમ ? ભગવંત કહે છે કે હે ગૌતમ ! તે જીવ જતો રહ્યો છે તે મારા કારણે. મારા ઉપર એને ભવાંતરનો દ્વેષ ચાલ્યો આવે છે. તારા ઉપર સ્નેહ છે. તારા થકી દીક્ષા લીધી. મને જોઈને ભાગી ગયો, પણ સમ્યક્ત્વ પામીને ગયો. સંસાર પરિત્ત કરતો ગયો છે. ગળાડૂબ સ્નેહરાગમાં હોવા છતાં દ્વેષની માત્રા પરના અદ્‌ભુત કાબૂની કમાલ રૂપ ૧૪૪૨મા ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમના જીવનની આ વાત બીજે ક્યાંય ભાગ્યે જ જોવા મળશે.

**અદ્‌ભુત બોધિદાતા** :— કોઈ પણ તીર્થંકરના હાથે દીક્ષિત થનાર બધા જીવોને કેવલજ્ઞાન થતું નથી. ચરમ તીર્થપતિ વર્ધમાન મહાવીરસ્વામીજીના જીવનમાં વિચારીએ તો તેમના ૧૪૦૦૦ શિષ્યો હતા તેમાંથી માત્ર ૭૦૦ને કેવલજ્ઞાન થયું. પ્રાયઃ તીર્થંકરોના સાધુમાં ૧/૧૦ને કેવલજ્ઞાન તે જ ભવમાં થાય છે, જ્યારે ગૌતમ ગણધરના ૫૦,૦૦૦ શિષ્યો. દરેકને કેવલજ્ઞાન. ૧ ખેડૂત ગયો તે પણ સમ્યક્ત્વ લઈને ગયો. અહીં આપણને પ્રશ્ન થાય કે બોધિદાતાની વાતમાં જ્ઞાનની વાત ક્યાં આવી ? 'બોહિદયાણં' વિશેષણ સર્વસામાન્ય રીતે તીર્થંકરો માટે વપરાયેલું છે પરંતુ બોધિ માટે શાસ્ત્રમાં જણાવે છે કે 'તિવિહા બોહિ પન્નત્તા.' ત્રણ પ્રકારે કહેલી છે. (૧) દર્શનબોધિ, (૨) જ્ઞાનબોધિ, (૩) ચારિત્રબોધિ. આની અંદર ચારિત્રબોધિ દાતામાં જોઈએ તો વર્ધમાન મહાવીર મહારાજાએ ૧૪૦૦૦ને ચારિત્ર આપ્યું, જ્યારે ગણધર ગૌતમે ૫૦,૦૦૦ને. ભગવંત મહાવીરની પરંપરાના તો શ્રેષ્ઠ ચારિત્રબોધિ દાતા ગૌતમ ગણધર અનબીટન છે અને રહેશે.

દરેક તીર્થંકર ત્રીજા ભવમાં તીર્થંકર નામ-કર્મની નિકાચના કરે છે. દરેક તીર્થંકરના ૮ પ્રાતિહાર્ય, વાણીના ૩૫ ગુણ, ચોંત્રીશ અતિશય, પારણે પંચ દિવ્ય પ્રગટ થવા તે બધી વાતો સરખી હોય છે પરંતુ દરેક તીર્થંકરથી પ્રતિબોધાયેલ કે ચારિત્રબોધિ પ્રાપ્ત કરનારાની સંખ્યા એકસરખી હોતી નથી. તેવી જ રીતે દરેક ગણધર ત્રિપદી પ્રાપ્ત કરી તેમાંથી દ્વાદશાંગીની રચના કરે, દરેક ગણધર ચાર જ્ઞાનના માલિક, ૧૪ પૂર્વના જ્ઞાતા, તે જ ભવે મોક્ષે જાય એટલે કે કેવલજ્ઞાન પણ પ્રાપ્ત થઈ જ જાય તે સરખું; પરંતુ દરેક ગણધરના હસ્તે ચારિત્રબોધિ પામનારા સરખા ન હોય. આમાં તેઓની આયુષ્ય-મર્યાદા કારણભૂત હોય કે જે-તે કાળ કારણભૂત હોય કે

ગણધર નામ-કર્મની નિકાચના વખતનો ભાવ કારણભૂત હોય—એ જે હોય તેમાં ભાવ કારણભૂત હોય તો ભાવ કયો લેવાનો કે શું લોવાનો ?

મહાપુરુષો જણાવે છે કે જગતના તમામ જીવોને પ્રભુશાસનમય બનાવી દઉં કે જગતના તમામ જીવોને દુઃખથી મુક્ત કરું, સુખી કરું—આવા પ્રકારની ભાવના તથા વીશસ્થાનકમાંથી એક કે વધારે સ્થાનકની આરાધનાથી જીવ તીર્થંકર નામ-કર્મની નિકાચના કરે છે.

**ગણધર કોણ બને?** :—મારા કુટુંબીજનો, મારા પરિચયમાં આવનાર બધાને હું પ્રભુશાસનમય બનાવી દઉં, દુઃખમુક્ત કરું કે સુખી કરું તે ભાવના બળે જીવ ગણધર નામકર્મ બાંધે છે. આ જ ભાવ તે ઉત્તમ જીવોને એવો સુંદર ક્ષયોપશમ બક્ષે છે કે માત્ર ત્રિપદીના આ પુન્યાત્માઓ દ્વાદશાંગીની રચના કરે છે તે પણ માત્ર બે ઘડીમાં એટલે કે માત્ર ૪૮ મિનિટ જેટલા સમયમાં દ્વાદશાંગીની રચના કરે છે. દ્વાદશાંગી એટલે બાર અંગ : (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ (સૂયગડાંગ), (૩) ઠાણાંગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી સૂત્ર (વિવાહ પન્નત્તિ), (૬) જ્ઞાતાધર્મકથાંગ, (૭) ઉપાસક દશાંગ, (૮) અંતકૃત દશાંગ (અંતગડ દશાંગ), (૯) અનુત્તરોપપાતિક દશાંગ, (૧૦) પ્રશ્ન વ્યાકરણ (પણ્હાવાગરણં), (૧૧) વિપાક સૂત્ર, (૧૨) દૃષ્ટિવાદ. દૃષ્ટિવાદમાં ૧૪ પૂર્વોનો પણ સમાવેશ થાય છે. ૧૪ પૂર્વ માટે વાત આવે છે કે ૧ ઐરાવત હાથી બરાબર વજનની શાહી લઈને લખાણ લખાય ત્યારે ૧ પૂર્વ થાય. ૨ હાથી બરાબર વજનની શાહી લઈને લખાણ લખાય ત્યારે બીજું પૂર્વ થાય. ૪ હાથી બરાબર ત્રીજું, આઠ હાથી બરાબર ચોથું પૂર્વ, ૧૬ હાથી બરાબર પાંચમું પૂર્વ, ૩૨ હાથી બરાબર છઠ્ઠું પૂર્વ, ૬૪ હાથી બરાબર સાતમું પૂર્વ, ૧૨૮ હાથી બરાબર આઠમું પૂર્વ, ૨૪૮ હાથી બરાબર નવમું પૂર્વ, ૫૧૨ હાથી બરાબર દશમું પૂર્વ, ૧૦૨૪ હાથી બરાબર અગિયારમું પૂર્વ, ૨૦૪૮ હાથી બરાબર બારમું પૂર્વ, ૪૦૯૬ હાથી બરાબર તેરમું પૂર્વ, ૮૧૯૨ હાથી બરાબર ચૌદમું પૂર્વ. અર્થાત્ ૧૬૩૮૩ ઐરાવત હાથી એક પલ્લામાં અને બીજા પલ્લામાં તેટલી શાહી. તો તે શાહીમાંથી કેટલું લખાણ થાય ? એ પ્રમાણ મુજબનું લખાણ એટલે ૧૪ પૂર્વો. આવા અધધધ કરી દે તેટલા જ્ઞાનને ૪૮ મિનિટ કરતાં કાંઈક ન્યૂન સમયમાં આપનારા જ્ઞાનદાતા તો બધા ગણધરો હોય; પરંતુ જે દીક્ષા પોતાની પાસે લેવા આવે તે બધાને ક્ષાયિક જ્ઞાન બોધિદાતા તો એક ૧૪૪૨મા ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ સિવાય કોઈ જોવા મળતું નથી. સાથે એ વાત પણ મહત્ત્વની છે કે વર્ષો સુધી પોતે અસર્વજ્ઞ જ રહે છે અને શિષ્યો સર્વજ્ઞ જ બને છે.

બહુલતાએ તીર્થંકર પરમાત્મા સાથે વિચરનારા એવા ગૌતમસ્વામીજીને ૫૦ હજાર શિષ્યો થયા કઈ રીતે ? આવો તર્ક કોઈ ઉઠાવે તો વાજબી છે. આ કાળની આ સદીની જૈનશાસનની ઝળહળતી જ્યોત જેવા અને જેને દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનું બિરૂદ મળેલું છે એવા તેમ જ જેમને દિર્ઘદૃષ્ટિ—કૉમ્પ્યુટર માઈન્ડ—નૈતિક હિમ્મતના બળે આપણને ૪૫ આગમનો મુદ્રિત વારસો પ્રાપ્ત થયો છે તથા જે મુદ્રિત વારસાના આધારે જ વર્તમાનકાલીન વિદ્વાનો આગમ સંશોધન કરી શકે છે એવા આગમોદ્ધારક આ૦ દેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા. (સાગરજી મહારાજ) આ તર્કનો જાણે જવાબ વાળતા હોય તેમ જણાવે છે કે નંદિષેણ મુનિ જ્યારે પતિત થયા, વેશ્યાને ઘેર રહ્યા, ત્યારે નિયમ કરેલો કે રોજ ૧૦ જીવોને પ્રતિબોધીને સંયમમાર્ગે વાળું પછી જ ભોજન કરવું. આ નંદિષેણ મુનિથી પ્રતિબોધ પામીને દીક્ષા અંગીકાર કરવા જનાર ગણધર શ્રી ગૌતમસ્વામીના

શિષ્ય બની કેવલજ્ઞાન પામતા રહ્યા હોય તે સંભવે છે. (નંદિષેણ મુનિ પણ અવસરે ભૂલ સુધારી, આલોચના કરી ફરી દીક્ષા ગ્રહણ કરી તે જ ભવમાં મુક્તિ પામ્યા છે.)

પોતે દીક્ષા વખતે પ્રાપ્ત કરેલા જ્ઞાનમાં કશો વધારો ન થવા છતાં ત્રીસ વર્ષ પર્યંત અનેકને એક સમયમાં ત્રણે કાળના સર્વ વિચાર જાણનાર બનાવનાર અદ્ભુત જ્ઞાનબોધિદાતા તથા જેને સમજાવે તે ચારિત્ર લેવા તૈયાર થઇ જાય તેવા ચારિત્રબોધિદાતા ગણધર ગૌતમસ્વામીને અગણિત વંદન કરી આપણે તેમના જીવનાં બીજાં રહસ્યો તરફ જઇએ.

## અભિમાનનું પૂતળું–સરલતાની મૂર્તિ

સોમિલ બ્રાહ્મણને ત્યાં જબ્બર યજ્ઞનું આયોજન થયેલું છે. યજમાન-યજ્ઞકર્તામાં સૌથી વડીલ ઇન્દ્રભૂતિ ગૌતમ છે. ૫૦૦ શિષ્યો છે. બીજા પણ ૧૦ વિદ્વાન પંડિતો છે જે ૧૧ના કુલ ૪૪૦૦ શિષ્યો છે. સોનાની જનોઈ છે. ભણવા-ભણાવવા-યજ્ઞાદિ કર્મમાં રહેલા છે. પોતાની જાતને ઇન્દ્રભૂતિ ઘમંડમાં અંધ બની સર્વજ્ઞ માને છે. યજ્ઞક્રિયા ચાલુ છે. આકાશમાંથી દેવતાઓને આવતા જુએ છે. ઘમંડ ઊછળે છે. જુઓ યજ્ઞનો મહિમા ! દેવતાઓ આવે છે. યજ્ઞમંડપ છોડીને દેવતાઓ આગળ જાય છે ત્યારે અકળાય છે. ક્યાં જાય છે ? જવાબ મળે છે : સર્વજ્ઞની પાસે. અભિમાન ધણધણે છે. મારા જીવતાં પોતાને સર્વજ્ઞ કહેવરાવનાર બીજો છે કોણ ? હવે ત્યાં તુરત પહોંચું, વાદ કરું અને અને એના આ સર્વજ્ઞપણાના ફટાટોપને ચૂરેચૂરા કરી નાખું. વાદ કરવા જવા તૈયાર થયેલા ઇન્દ્રભૂતિને તેમનો નાનો ભાઇ સમજાવે છે કે તમે બેસો. હું જઇને એને હરાવીને આવું. ત્યારે ઇન્દ્રભૂતિ જવાબ આપે છે કે આવા વાદી કીડાને તો મારો એક શિષ્ય પણ હાર આપવા સમર્થ છે; પરંતુ વાદીનું નામ સાંભળીને મારું મન સ્થિર રહેતું નથી. માન-કષાયની ઇન્દ્રભૂતિમાં આ સમયે કેટલી પ્રબલતા છે ? દેશી ભાષામાં કહીએ તો અભિમાનનું પૂતળું. પોતે જાણે છે કે મને જીવ છે કે નહીં તે શંકા છે. વેદનો પારગામી મનાતો હું મારી શંકાને વેદવાક્ય દ્વારા નિવારણ કરી શકતો નથી. લોકોમાં સર્વજ્ઞ તરીકેની ખ્યાતિ હોવાના અભિમાનથી શંકા બીજા પંડિતોને પૂછી પણ નથી શકાતી. છતાં અભિમાનનો પાર નથી. બીજો સર્વજ્ઞ હોય તે શબ્દ સાંભળવા તૈયાર નથી. સમવસરણમાંથી આવતા લોકોને હાંસીપૂર્વક પૂછે છે : તમારો સર્વજ્ઞ કેવો છે ? પોતાની ગુરુતાવાળા કેવા કેવા વિચારો કરે છે તેનું લંબાણપૂર્વકનું વર્ણન પૂ. વિનયવિજયજી ઉપાધ્યાયજીએ કલ્પસૂત્ર સુબોધિકામાં કરેલ છે. સમવસરણમાં પહોંચે ત્યારે ભગવંત મહાવીર મહારાજાનાં વચન કાને પડે છે. હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! તું સુખપૂર્વક આવેલ છે ? ત્યાં પણ અભિમાન કેવા વિચાર કરાવે છે ? મારું નામ જગતમાં કોણ નથી જાણતું ? દ્વિતીય કષાયનું પ્રાબલ્ય છે પરંતુ તૃતીય કષાય ખૂબ જ પાતળો કરી નાખેલ છે તેથી મનમાં વિચાર આવે છે કે જો વર્ષોની મારી શંકા પ્રગટ કરે તો હું માનું કે આ સાચો સર્વજ્ઞ છે. ભગવંત જણાવે છે કે તને જીવની શંકા છે પરંતુ વેદવાક્ય વિપરીત સમજવાથી એ શંકા છે. વેદવાક્ય ભગવાન સમજાવે કે તુરત પોતાની જાત ભગવંતને સમર્પી દે છે. તે સમર્પણ ઠેક-ઠેકાણે પ્રકાશિત થાય છે. સરલતાની મૂર્તિ લાગે છે. બાળકની જેમ પ્રશ્નો રજૂ કરે છે. ઉત્તર મેળવી ધન્યતા અનુભવે છે. માયા-કપટ-દંભમાં જે અતિ પાતળાપણું થઇ ગયું છે તેથી માન મારનાર નથી બનતું, તારનાર બને છે. સત્ય સહેલાઈથી સ્વીકારી શકે છે. પ્રસિદ્ધિ ગૃહસ્થપણામાં ઘણી મેળવેલી પરંતુ તે પ્રસિદ્ધિ દંભ-પ્રપંચ-જૂઠ-પ્રચાર-પ્રસારથી

નહીં, સહજ હતી, તેથી જ સમર્પિત બનતાં વાર ન લાગી. દંભ-પ્રપંચ-જૂઠ-પ્રચાર સાથે કીર્તિ કે વિદ્વત્તાને વરેલા જીવોમાં જે ઘમંડ હોય છે તેને પડકાર મળે ત્યારે હવાતિયાં મારે છે, પછડાટિયાં મારે છે, પોતાની જાતને અને પોતાની વાતને સાચી મનાવવા અનેક કાવા-દાવા કરે-કરાવે છે; જ્યારે ગણધર ગૌતમસ્વામી અભિમાનના શિખરે હોવા છતાં સરલતાના શણગારથી વિભૂષિત છે, જેથી સાચી વાત ભરસભામાં કબૂલ કરતાં વાર નથી લાગતી.

બહુલતાએ આવું પ્રચંડ અભિમાન અને નીતરી સરળતા એક જ વ્યક્તિમાં એકસાથે વર્તતાં જોવા મળવાં મુશ્કેલ છે. ૧૪૪૨મા ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમના જીવનની અજબ-ગજબની કેડીઓ છે.

## દેવવંદનમાં ગૌતમસ્વામી

શ્વેતાંબર જૈન પરંપરામાં મંદિરમાર્ગી આરાધકોમાં વાર્ષિક આરાધના જે ક્રિયાઓ સાથે જોડાયેલ છે અને વર્તમાનકાલે સમૂહમાં કરાય છે તેમાં ૧ વસ્તુ દેવવંદન છે. આવા દેવવંદનમાં ચોક્કસ દિવસે આશ્રીને થતાં દેવવંદનમાં જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ત્રણ ચતુર્માસી (ચોમાસી), ચૈત્રી પૂનમ અને દિવાળીનાં દેવવંદન પ્રસિદ્ધ છે, જેમાં જ્ઞાનપંચમીનાં દેવવંદન પાંચ જ્ઞાન સાથે સંકળાયેલાં છે તથા જ્ઞાનપદની ૨૦ માળા અને પાંચ જ્ઞાનના ૫૧ ભેદને કારણે ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ છે. મૌન એકાદશીના દેવવંદનમાં માગશર સુદ ૧૧ના ત્રણ ભગવંતના પાંચ કલ્યાણકને આશ્રીને આરાધના છે તથા નેવું જિનના ૧૫૦ કલ્યાણકને આશ્રીને ૧૫૦ માળા, ૧૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ છે. ચોમાસી દેવવંદનમાં ૨૪ ભગવાનને આશ્રીને આરાધના છે. ચૈત્રી પૂનમે સિદ્ધાચલજી ઉપર પુંડરીક ગણધર મોક્ષે ગયા તેથી સિદ્ધાચલજી-આદેશ્વરજી તથા પુંડરીકસ્વામીને આશ્રીને આરાધના છે. આદ્ય તીર્થંકરના આદ્ય ગણધરનું દેવવંદનમાં સ્થાન છે પરંતુ સ્વતંત્ર નહીં. દિવાળીના દેવવંદનના બે ભાગ પડે છે. પ્રથમ દેવવંદનનો જોડો નિર્વાણ કલ્યાણકને આશ્રીને ભગવાન મહાવીર સાથે સંબંધિત છે જ્યારે બીજો દેવવંદનનો જોડો ૧૪૪૨મા ગણધર ગૌતમસ્વામીનો સ્વતંત્ર છે. અર્થાત્ કેવલજ્ઞાન કલ્યાણક તીર્થંકરોનાં ઊજવાય પરંતુ કેવલજ્ઞાનનો દિવસ દેવવંદન-માળા વગેરે આરાધના દ્વારા પસાર કરવાનું નિમિત્ત બનનાર એક માત્ર ગૌતમ ગણધર જ જોવા મળે છે. અનેક આત્માને કેવલજ્ઞાન પામવામાં નિમિત્તભૂત બનવાને કારણે તેમના કેવલજ્ઞાનના દિવસે વિશિષ્ટ આરાધના થતી હોય તેમ કલ્પી શકાય.

ઇન્દ્રાદિક દેવતાઓ આવે છે. કેવલજ્ઞાનનો મહિમા કરે છે. વીરપ્રભુના ૧૧માંથી નવ ગણધરો કેવલજ્ઞાન અને મોક્ષ તેમની હયાતીમાં જ પામેલા છે; પરંતુ તે નવે ગણધરોના કેવલજ્ઞાનનો મહિમા થયેલો હોય તેમ વાંચવા-સાંભળવામાં આવેલ નથી—જ્યારે ૧૪૪૨મા ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમના કેવલજ્ઞાનનો મહિમા જૈનજગતના સર્વ ફિરકાને માન્ય છે.

વર્તમાનકાલીન જગતમાં પણ એક યા વધારે કારણોસર ભારતમાં પર્વ દિવસોની રજામાં ગૌતમ કેવલજ્ઞાનનો દિવસ રજારૂપે જાહેર થાય છે. સંવત્સરી કે મહાવીર જન્મ કલ્યાણકનો દિવસ જૈન પર્વ તરીકે રજાનો જાહેર થાય ત્યારે કોઇક ને કોઇક ફિરકાને સંમત ન હોય તેવું જોવા મળે છે પરંતુ ગૌતમ કેવલજ્ઞાન દિનની રજામાં જૈનોના એકે ફિરકામાં મત-મતાંતર જોવા મળતાં નથી. ભગવંત મહાવીર મહારાજાના જન્મસ્થાન વિષે મત-મતાંતર પ્રવર્તે છે પરંતુ ગણધર ગૌતમના જન્મસ્થાન વિષે મતાંતર નથી.

## ગણધર ગૌતમ પ્રભુના જીવનમાં ઘટેલી કેટલીક વિલક્ષણતા

કાજળઘેરી અમાસની કાળી ડિબાંગ રાત્રિ એટલે અંધકારનું સામ્રાજ્ય વર્તતું હોય. આ હુંડા અવસર્પિણી કાળમાં જન્મેલા જીવોની જાણે ભરપૂર ભાવદયા ભાવતા હોય તેમ ભગવંત મહાવીર મહારાજા એકધારી દેશના વહાવી રહ્યા છે. સર્વસામાન્ય રીતે પહેલા અને ચોથા પહોરે તીર્થંકરની વાણી સાંભળવા મળે, પરંતુ બીજા પહોરે ગણધરની વાણી સાંભળવા મળે તેમ જ છેલ્લે અવસરે આયુષ્યની સમાપ્તિ પહેલાં પ્રાયઃ તીર્થંકર ભગવંતો મૌન થઈ જાય છે. પરંતુ વીરપ્રભુએ છેલ્લા ૧૬ પહોર ચારે આહારના ત્યાગમય છઠ તપની આરાધના કરી છે અને એકધારી દેશના ચાલુ છે.

મરુદેવા અધ્યયન પ્રરૂપતા ભગવંત નિર્વાણ પામે છે. હાજર રહેલા વિષાદમય બની જાય છે. ઈન્દ્રાદિક દેવતાઓ પણ વિષાદમય બની જાય છે. એક સામાન્ય એક ભવના સ્વજનની વિદાય પણ જીવને દુઃખ ઉત્પન્ન કરનારી બનતી જગતમાં જોવા મળે છે. કેટલાકની વિદાય દિવસો સુધી કે મહિનાઓ અને વર્ષો સુધી જીવનમાં ઘેરા આઘાતની લાગણી મૂકી જતી જોવા મળે છે. જેમ સ્નેહ વધારે તેમ આઘાત વધારે. પરંતુ ટોચના સ્નેહ છતાં ગૌતમ ગણધરને ભગવંતની વિદાય વહેલામાં વહેલા આઘાતને બદલે, વિષાદને બદલે કૈવલ્યની પ્રાપ્તિ કરાવનાર બને છે. જગતને માટે આઘાતનો પ્રસંગ ગૌતમના જીવનમાં ભવોભવનો આઘાત સાદિ અનંત ભાગે દૂર કરનાર બને છે. સઘળા જીવોને અંધકાર જ્યારે ગૌતમને જ્ઞાનનો પ્રકાશ દેનાર બને છે. સઘળા જીવોનો શોક, જ્યારે ગૌતમને નિજાનંદમાં ડુબાડનાર બને છે. હવે શું થશે તે ગૂંચવાતો પ્રશ્ન અનેક જૈનોને ઘૂમરાય છે ત્યારે હવે શું થશે તે સ્પષ્ટ જોનાર અને જાણનાર ગૌતમ ગણધરને બનાવનાર બને છે.

૧૪૫૨ ગણધરોમાં એક જ ૧૪૪૨મા ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ વિષે સૌથી વધારે સાહિત્ય ઉપલબ્ધ છે. કુલકો, અષ્ટકો, સ્તોત્રો, રાસ, સ્તુતિ વગેરે સૌથી વધારે તેમનાં છે, તેમ જ પ્રતિમાજી પણ ગૌતમસ્વામીજી ગણધરનાં સૌથી વધારે જોવા મળે છે તેમ જ નૂતન પ્રતિમાજી પણ તેમનાં જ પ્રતિષ્ઠિત થઈ રહ્યાં છે. નામસ્મરણ પણ તેમનું જ જૈન જગતમાં સૌથી વધારે કરાઈ રહ્યું છે.

## વીશસ્થાનકમાં ગૌતમસ્વામી

કોઈ પણ તીર્થંકર તીર્થંકર બનતાં પહેલાં ત્રીજા ભવમાં એક કે વધારે સ્થાનકોની આરાધના તથા સવિ જીવ કરું શાસનરસી—ની ભાવના એ બેના બળે તીર્થંકર નામ-ગોત્ર કર્મની નિકાચના કરે છે. એ સામાન્ય રીતે હાલ શ્વેતાંબર આમ્નાયમાં ૨૦ સ્થાનકો છે, જો કે તે સ્થાનકોનાં નામ-ક્રમ કે સંખ્યામાં કેટલાક આચાર્યો વચ્ચે મતાંતર છે; પરંતુ વર્તમાન કાલે તેમાં એક સ્થાનક તરીકે 'ગૌતમ ગણધર'ને આશ્રીને આરાધના છે. કેટલાયે પુન્યવાન આરાધકો ઉપવાસથી બાકીના ૧૯ કે અઢાર સ્થાનક આરાધે છે પરંતુ આ પદની આરાધના છઠ (બેલો) બે ઉપવાસ સાથે કરીને કરે છે. આ પણ કેવી ગૌતમ ગણધરની વિશિષ્ટતા છે કે તીર્થંકર નામકર્મની નિકાચનાનાં સ્થાનકોમાં એકેય તીર્થંકરનું નામ નથી પરંતુ ગણધરનું છે. માલિક બનવાનું છે પણ માલિકનું નામ નહીં, સેવકનું નામ. વળી બીજા બધામાં ૧ ઉપવાસ, જ્યારે આમાં બે ઉપવાસ. કારણ ? કારણ કે ગૌતમસ્વામીજી છઠને પારણે છઠ કરતા હતા. (એક સ્થાનકમાં ચોથભક્ત કરાય છે.) અલબત્ત અઠ્ઠાઈથી પણ વીશસ્થાનક કરનાર પુન્યાત્મા હાલ છે અને ભગવંત મહાવીર મહારાજાએ

તો જાવજ્જીવ માસક્ષમણને પારણે માસક્ષમણ ત્રીજા ભવમાં કરેલ. આવા ભગવંત મહાવીર મહારાજા જેવા ઘોર તપસ્વીનું નામ કે આરાધના તેમના જ શાસનમાં પણ વીશ સ્થાનકમાં નથી. જ્યારે ૧૪૪૨મા ગણધર શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમની આરાધના વિશિષ્ટ નામ સહ થાય છે. આ પદની આરાધનામાં કાઉસ્સગ્ગ-ખમાસમણ વગેરે માટે ૧૧ તથા ૨૮ બે અંકની વાત આવે છે. ૧૧નો અંક ભગવંત મહાવીરના ૧૧ ગણધર હતા તે હિસાબે હોય તો ગોયમપદની આરાધના એટલે ગણધરપદની આરાધના. ૨૮નો અંક લબ્ધિને હિસાબે હોય તેમ લાગે છે. ગૌતમસ્વામી લબ્ધિવંત હતા. લબ્ધિ ૨૮ પ્રસિદ્ધ છે. અને 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ કહેવાય છે, તો પ્રશ્ન થાય છે કે ગૌતમસ્વામીની લબ્ધિ હોજો એટલે કઇ ? શું અક્ખીણ મહાનસી લબ્ધિ મતલબ અક્ષીણ મહાનસી લબ્ધિ એ હેતુ છે ? સૂક્ષ્મ વિચારણા કરતાં એમ લાગે છે કે આ વાત બરાબર ન હોઈ શકે. એક જ પાત્રમાં લાવેલ ખીરથી પંદરસો આત્માને કપાળે તિલક કરવું હોય તો પણ ન થઈ શકે તેને બદલે તે પાત્રમાં અંગૂઠો બોળી રાખીને ૧૫૦૩ તપસ્વીઓને જેટલી જરૂર હોય તેટલી ખીર આપી છેવટે પોતે પણ તે પાત્રમાંની ખીર દ્વારા ઉદરપૂર્તિ કરી અર્થાત્ અન્નભંડાર અખૂટ રહે તેવી લબ્ધિની માગણી કરવી તે વાત ઉચિત હોત તો જય વીયરાયમાં તેવી માગણી-પ્રાર્થના-યાચના ગોઠવાયેલી હોત. આવી જ કોઈક માન્યતામાં અટવાયેલા રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરેના કેટલાક લોકોમાં એવો રિવાજ છે કે જ્યારે-જ્યારે લગ્નાદિ પ્રસંગે જમણવાર કરવામાં આવે છે ત્યારે રસોડામાં ગૌતમસ્વામીની પ્રતિકૃતિ રાખવામાં આવે છે તેમાં પણ ક્યાંક-ક્યાંક તો વિવેક ચૂકી જતાં એવી રીતે રાખવામાં આવે છે કે રસોડાનો ધુમાડો તે પ્રતિકૃતિ ઉપર ફેલાતો રહે. વ્યવહારમાં સામાન્ય બુદ્ધિવાળા માનવીને પણ એટલી સમજણ મહદ્ અંશે હોય છે કે જેમના દ્વારા પોતાનું કામ કરવાનું હોય તેમના પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. પ્રસંગે કોઈ સમાજમાં અગ્રેસર ગણેલાને બોલાવે તો તેમને ઉચિત સ્થાને બેસાડવા જોઈએ. તેમાં વિવેક રાખવાનું ચૂકે તો તે અગ્રેસરનું અપમાન ગણાય.

બીજી વાત એ પણ વિચારવાની મહત્ત્વની છે કે શું 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો'માં આપણે આવી લબ્ધિ માનવાની ? આવી લબ્ધિ માગવાની ? આ તો તુચ્છ બાબત છે. દેવના ભવમાં અન્નાદિ ખોરાક ભવ પૂરો થાય ત્યાં સુધી એકે વાર લેવાનો નથી, તો ત્યાં ગયા પછી ગૌતમસ્વામી તથા તેમની લબ્ધિ નકામાં ગણાય ને ? ખાવાનો પ્રશ્ન ન હોય પછી અન્નભંડાર ભરપૂર રહે કે ન રહે તેની કશી ચિંતા રહેવાની ખરી ?

જે જૈન ફિરકામાં કાર્તિક સુદ ૧ના (નૂતન વર્ષે) દિવસે ગૌતમસ્વામીનો રાસ વંચાય છે તેમાં એક વાત આવે છે 'જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવલ ઊપજે એ.' આપણે આ લબ્ધિની ઈચ્છા રાખવાની છે—(૧) એવા ગૌતમસ્વામી જેવા લબ્ધિવંત ગુરુ મળે કે જેમની પાસે દીક્ષા લઈને હું તુરત જન્મ-મરણથી મુક્ત બનું, કૈવલ્ય પ્રાપ્ત કરું, મોક્ષ મેળવું. (૨) એવી ગૌતમસ્વામી જેવી લબ્ધિ પ્રાપ્ત થાય કે અનેક જીવોના કૈવલ્યની પ્રાપ્તિમાં હું નિમિત્ત બનું. કૈવલ્યની પ્રાપ્તિમાં નિમિત્ત ન બની શકું તો પણ મારા પરિચયમાં આવનારને, મારા સંસર્ગમાં આવનારને ધર્મમાર્ગે આગળ વધારનારો બનું. આવી લબ્ધિની પ્રાપ્તિપૂર્વક 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો,' એ વિચારવાનું છે. તુચ્છ ભૌતિક માગણી જેવી લબ્ધિ માગવી એટલે ચક્રવર્તી પ્રસન્ન થયા પછી ઘેર-ઘેર ભોજનની માગણી કરનાર બ્રાહ્મણ જેવી બુદ્ધિહીનતાનું પ્રદર્શન કરવા બરાબર ગણાય.

## ઋષિમંડલ સ્તોત્રનું પ્રદાન

વર્તમાન કાલે શ્વેતાંબર આમ્નાયમાં ૧૪૪૨મા ગણધર ગૌતમના પ્રદાનમાં (૧) જગચિંતામણિ, (૨) ઋષિમંડલ અગ્રસ્થાને છે. મંદિરમાર્ગી આમ્નાયમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની દૈનિક આવશ્યક ક્રિયામાં જગચિંતામણિ પ્રતિદિન આવે છે. સવારના પ્રતિક્રમણમાં આવે છે. પચ્ચક્ખાણ પારવામાં સાધુ-સાધ્વી-પોષધવાળા શ્રાવક-શ્રાવિકા તેમ જ વિધિ સહ અનુષ્ઠાન કરનાર શ્રાવક-શ્રાવિકાને જગચિંતામણિ ચૈત્યવંદન કરવાનું હોય છે. પ્રથમ ગોચરી કર્યા બાદ જગચિંતામણિ ચૈત્યવંદન કરવાનું હોય છે. પૌષધમાં આયંબિલ કે એકાસણું કરનાર શ્રાવક-શ્રાવિકાઓ આયંબિલ કે એકાસણું કરી લે ત્યાર બાદ જગચિંતામણિ ચૈત્યવંદન કરે છે. શ્રી જિનેશ્વર પરમાત્માનું સ્નાત્ર ભણાવાય ત્યારની વિધિમાં જગચિંતામણિ ચૈત્યવંદન કરવામાં આવે છે.

ઋષિમંડલ સ્તોત્ર શ્રી ઉપધાન તપ વહન કરનાર શ્રાવક-શ્રાવિકાને નિત્ય સંભળાવવામાં આવે છે.

કેટલાક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા પ્રતિદિન તે ઋષિમંડલ સ્તોત્ર ભણે છે.

વિવિધ મુશ્કેલીના સમયે કેટલાક આ મંત્રગર્ભિત ઋષિમંડલ ગણે છે અથવા ઋષિમંડલના મૂલમંત્રની માળા ગણે છે.

## વિવિધ પ્રશ્નકર્તા ગૌતમ ગણધરનો અનેક વખત કરાયેલો એક મહત્ત્વનો પ્રશ્ન

શ્વેતાંબર આમ્નાય માન્ય અનેક આગમોમાં વિશેષ કરીને શ્રી ભગવતી સૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) ગ્રંથમાં જુદી-જુદી બાબતોના અનેક પ્રશ્નોની વાત આવે છે તેમાં ધ્યાન ખેંચે તેવી વસ્તુ એક છે. હે ભગવંત ! જમાલિ કાલ કરીને ક્યાં ઉત્પન્ન થયેલ છે ? હે ભગવંત ! ધન્ય અણગાર કાલ કરીને ક્યાં ઉત્પન્ન થયેલ છે ? હે ભગવંત, ગોશાલક કાલ કરીને ક્યાં ઉત્પન્ન થયેલ છે ? મતલબ જુદા-જુદા જીવોના કાલ કર્યા પછી શું થયું તે અંગેના પ્રશ્નો. બહુલતાએ આ પ્રશ્નોમાં એક વાત ઘણી સૂચક આવે છે કે આ પ્રશ્નો પ્રાયઃ જે તે જીવોના કેવલજ્ઞાન-મોક્ષ સુધી પહોંચે છે. જાણે કે પ્રશ્નકર્તામાં રહેલી કરુણાનાં દર્શન થાય છે. જે કરુણાની સાક્ષાત્તા મૃગાપુત્ર જોવા જવાની ઉપાસક દશાંગ સૂત્રમાં સ્પષ્ટ થાય છે. જીવો આવા અને આટલા દુઃખી કેમ હોય તે પ્રશ્નમાં ટપકતી કરુણા આપણને સ્પર્શી જાય છે. સામાન્યતયા જીવો કુત્સિત જોવાનો સ્વપ્નમાં પણ વિચાર ન કરે, તેને બદલે આંખ-નાક-કાન-મોઢા વગરના મનુષ્યપિંડને જોવાનો વિચાર નહીં પણ અમલ ગૌતમ ગણધરના હૃદયમાં વહેતી કરુણતાને સાક્ષાત્ કરાવે છે. આવા દુઃખને જીવ કેમ પામે તે પ્રશ્ન દ્વારા ત્રિભુવનપતિનો ઉત્તર જાહેરમાં બોલાવીને બીજા જીવો તે વાત સાંભળી-સમજી તેવાં દુઃખો ન પામે તે ભાવદયાની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

## ગૌતમ ગણધરનાં વિશેષણો

શ્રી ભગવતી સૂત્ર તથા ઔત્પાતિક (ઓવાઈયં) સૂત્રમાં જણાવે છે કે ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ઇન્દ્રભૂતિ અણગાર છે. તે કેવા છે તેનું વર્ણન મૂળ ભાષામાં જણાવીએ. સત્તુસ્સેહે, સમચઉરસસંઠાણ સંઠિએ વઈરરિસહણારાય સંઘયણે કણગ-પુલગ- ણિઘસ-પમ્હ-ગોરે ઉગ્ગતવે દિત્તતવે તત્તતવે મહાતવે ઘોરતવે ઓરાલે ઘોરે ઘોરગુણે ઘોરતવસ્સી ઘોરબંભચેરવાસી ઉચ્છૂઢસરીરે સંખિત્ત

વિઉલતેયલેસ્સે ચોદ્દસપૂવ્વી ચઉનાણોવગએ સવ્વક્ખ- રસન્નિવાતી...ભાવેમાણે વિહરઈ. (પંચમ અંગ તથા પ્રથમ ઉપાંગનાં વિશેષણો ભેગાં કરીને અત્ર લીધેલ છે.)

## નિત્ય સ્મરણમાં ગૌતમસ્વામી

તપાગચ્છ-ખરતરગચ્છ-અંચલગચ્છ, ત્રિસ્તુતિક મત (બૃહદ્ સૌધર્મતપાગચ્છ) વગેરે શ્વેતામ્બર આમ્નાયમાં પૂ. સાધુ-સાધ્વી રાત્રે સૂતાં પહેલાં સંથારા પોરિસીમાં તેમ જ પોષાતી શ્રાવક-શ્રાવિકા પણ સંથારા પોરિસીમાં 'ગોયમાઈણં મહામુણિણં' શબ્દોથી ૧૪૪૨મા ગણધર ગૌતમસ્વામીને સ્મરણ કરાય છે.

**સુકૃત અનુમોદના દ્વારા ભવ સાફલ્ય** : સંથારા પોરિસીમાં કરાતું સ્મરણ નાનકડી વાત લાગે; પરંતુ તેની પાછળ કેટલું મહત્ત્વ છે ? શ્રી ભગવતી સૂત્રના ૧લા શતકના ૨જા ઉદ્દેશામાં જીવની વાત આવે છે. એ ભવ્ય-ભવ્ય-દુર્ભવ્ય-જાતિભવ્ય વગેરે. જન્મ-મરણમાંથી છૂટવા જે ધર્મ-આરાધના કરે છે તે ભવ્ય નિશ્ચે છે, પણ દુર્ભવ્ય હોય તો ?

પંચસૂત્રમાં ભવિતવ્યતાને પકાવવાની ૩ બાબતો જણાવી છે : (૧) ચાર શરણા (૨) સુકૃત અનુમોદના (૩) દુષ્કૃત ગર્હા. 'ગોયમાઈણં મહામુણિણં' સુકૃત અનુમોદનાનું સુંદર પ્રતીક છે. ગોયમ આદિ અર્થાત્ ગૌતમસ્વામીથી આજ પર્યંતના મુનિ ભગવંતોના જીવનની આરાધનાની અનુમોદના રૂપ સુકૃત અનુમોદના છે. સુકૃત અનુમોદના થાય, ગુણાનુરાગ વધતો ચાલે અને છેવટે "ઉત્તમના ગુણ ગાવતા ગુણ આવે નિજ અંગ" મુજબ આત્મા પોતે પોતાના સર્વ ગુણો પ્રગટ કરનારો બને, સાદિ અનંત ભાગે શાશ્વત સુખનો ભોક્તા બને.

પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવંતે તીર્થંકરો માટે જેમ વીતરાગ સ્તોત્રમાં લખ્યું કે હે ભગવંત ! તમારા જેવાના ગુણોત્કીર્તન માટે કોણ સમર્થ છે ? મતલબ, કોઈ નથી. તેમ ગૌતમસ્વામી જેવા ગુણવંતા ગણધર ભગવંતના ગુણ વર્ણવવા માટે મારી શક્તિ અતિ અલ્પ છે. મતિ અલ્પ છે. શ્રી નંદલાલભાઈના આગ્રહથી અહીં મેં જે લખેલ છે તેમાં ગણધર ભગવંતની મતિમંદતાથી આશાતના-અવહેલના થઈ હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

પુસ્તક પ્રકાશિત કરનારને, તેમાં ફાળો આપનારને, વાંચનારને અને મને આવા ઉત્તમ ગૌતમસ્વામીજી જેવા ગુરુ મળે અને જન્મ-મરણની જંજાળ દૂર થાય તે જ ભાવના.

## પરમ ઉપકારી શ્રી ગૌતમસ્વામીજીના પ્રતિમાજી સમ્મુખ બોલવાની પાંચ સ્તુતિ

(૧) પ્રભુ વીરના અગિયાર માંહિ, જેહ સૌથી છે વડા,
પ્રશ્નો કરંતા વિવિધ ભાતે, સમવસરણે જે ખડા;
વિનયીમાં શિરદાર જે છે, માંગુ તે ગૌતમ કને,
કૈવલ્યદાનની લબ્ધિ ગુરુ ગૌતમ તણી મળજો મને.

(૨) અષ્ટાપદ માંહે બનાવ્યું, જેણે જગચિંતામણિ,
ચઉનાણે જાણી શંકા ફેડે, વયરસ્વામી જીવ તણી;
છઠ્ઠ પારણું નિત્ય કરંતા, ગૌતમ વીનવું તને,
કૈવલ્યદાનની લબ્ધિ ગુરુ ગૌતમ તણી મળજો મને.

(૩) ભવિક જીવ પ્રતિબોધ પામી, ગૌતમ શરણું ધરે,
ઘાતી અઘાતી સર્વ વામી, સિદ્ધિસુખ સહેજે વરે;
એહવા ગુરુથી વેગળા તે, નિત ભટકતા ભવ વને,
કૈવલ્યદાનની લબ્ધિ ગુરુ ગૌતમ તણી મળજો મને.

(૪) સંથારા પોરિસી વિધિ માંહે, જેહનું સ્મરણ કહ્યું,
ચારે ગતિમાં ફેરા કરતાં, આજ મેં શરણું લહ્યું;
સંસાર પરિમિત થાય તો શરણું જ સાચું તે બને,
કૈવલ્યદાનની લબ્ધિ ગુરુ ગૌતમ તણી મળજો મને.

(૫) ઈન્દ્રભૂતિ ગૌતમ નિહાળી, આંખડી પાવન થઈ,
જન્મ સફલો માહરો ને, દુર્ગતિ દૂરે ગઈ,
ગણિ ગૌતમ ગુણ ગણવા, કોણ શૂરો જગ જને,
કૈવલ્યદાનની લબ્ધિ ગુરુ ગૌતમ તણી મળજો મને.

*—રચયિતા : પૂ. મુનિરાજશ્રી સુધર્મસાગરજી મહારાજ.*

* * *



[illegible] સાડાબાર વર્ષ જમીન પર બેઠા નથી.

# પ્રસન્ન અને પ્રશાંત, સાદા અને સરળ ગૌતમસ્વામી : એક શબ્દચિત્ર

*–ઈન્દિવર જૈન*

**સ્વાધ્યાય-વીર....ધ્યાન-વીર....યોગ-વીર....તપ-વીર....નર-વીર....જીવન-વીર છે ગૌતમસ્વામીજી! મોહક શબ્દચિત્ર ઉપસાવ્યું છે. પ્રસન્ન અને પ્રશાંત છે, સાદા અને સરળ છે, તપસ્વી અને તેજસ્વી છે, ગંભીર અને મનમોહક છે ગણધર ગૌતમસ્વામી મહારાજા!**

**શબ્દદેહ દ્વારા અહોભાવ જગાડનારો લેખ છે, એક વાર નિરાંતે વાંચવો રહ્યો.**

*–સંપાદક*

પચાસ વરસનો માનવી એટલે ડોસો. તોફાની બળદે આડા-અવળા પાડી દીધેલા ચાસ જેવી કરચલીવાળો ચહેરો. આંખ પર જાડા કાચનાં ચશ્માં, હાંફતી છાતી અને ઢસડાતી ચાલ.

ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાનને પહેલી વાર મળે છે ત્યારે જીવનની પૂરી બે પચ્ચીસી વટાવી ચૂક્યા હોય છે. પણ ના, ગૌતમ ખોંખતા ડોસા નથી. એ તો મૂછનો દોરો ય ન ફૂટ્યો હોય તેવા, પાતાળ ફોડીને ઊંચે ઊછળતા પાણીના ધોધ જેવા જોબનથી ઝૂમતા ઝમકતા જોશીલા જવાન. ઊંચી પડછંદ કાયા. વિશાળ છાતી. હાથીની સૂંઢ જેવા પોલાદી માંસલ બાહુ, સુડોળ સુદૃઢ પગ, ગોરો વાન, ભરાવદાર ચહેરો, ઝગારા મારતું વિશાળ લલાટ, ફૂલેલાં નસકોરાં, લાંબા કાન, પાણીદાર આંખો. રોમ-રોમમાંથી ઊડતી ગુલાબી.

આંખોમાં શાંત ઝિલમિલ થતો પ્રેમનો ક્ષીરસમુદ્ર. લલાટમાં સો-સો સૂરજના ય તેજને આંબતું તપનું તેજ. ચહેરા પર નીતરતી શરદ પૂનમની ચાંદની. હોઠો પર મધુરતાની સરગમ. ચાલમાં લય. સ્થિરતામાં શાંતિની અનુગુંજ. વાણીમાં કુંવારા ઝરણાનો નિનાદ.

ન આંખમાં ચંચળતા, ન હોઠમાં, ન વાણીમાં ઉતાવળ, ન ચાલમાં. ગંભીર, પણ ભારેખમ નહીં. શાંત, પણ સોગિયા નહીં. પ્રશાંત અને પ્રસન્ન. સાદા અને સરળ. તપસ્વી પણ તેજસ્વી. જ્ઞાની પણ નિરભિમાની. ગંભીર પણ મનમોહક.

તમે કોઈ પૂર્ણ પુરુષની આવી કે આથી ય સવિશેષ ઉદાત્ત, ઉત્તુંગ અને ઉત્તમ કલ્પના કરી શકો તો નક્કી માનજો કે તમારી એ કલ્પનાસૃષ્ટિના પૂર્ણ અને પુણ્યવંતા પુરુષ તે બીજા કોઈ નહીં, પણ ગૌતમસ્વામી છે. એકમેવ, અદ્વિતીય અને અનુપમ માત્ર ગૌતમસ્વામી જ.

આવા સર્વાંગસંપૂર્ણ અને સર્વગુણસંપન્ન ગૌતમની સવાર બ્રાહ્મમુહૂર્તમાં ઊગતી. દિવસના પ્રથમ પ્રહરમાં તે નૂતન દિવસનું સ્વાગત કરતા અને દિવસના ત્રીજા પ્રહરમાં દિવસને પ્રેમથી

વિદાય આપતા. અર્થાત્ રોજ રાતના મધરાતે બાર વાગે સૂઈ જતા. તેમનો દૈનિક નિત્યકામક્રમ આ પ્રમાણે હતો :– પ્રથમ પ્રહર : સ્વાધ્યાય. બીજો પ્રહર : ધ્યાન. ત્રીજો પ્રહર : ભિક્ષાટન. ચોથો પ્રહર : સ્વાધ્યાય. રાતના :– પ્રથમ પ્રહર : સ્વાધ્યાય. બીજો પ્રહર : ધ્યાન. ત્રીજો પ્રહર : નિદ્રા. ચોથો પ્રહર : સ્વાધ્યાય.

ગૌતમસ્વામી ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય હતા, પ્રથમ ગણધર હતા. ભગવાનને ચરણે પોતાનું જીવન સમર્પણ કર્યું તે પહેલાં તેમની વિદ્વત્તાનાં યશોગાન સમગ્ર ભારતવર્ષમાં ગવાતાં હતાં. વેદધર્મના તે મૂર્ધન્ય વિદ્વાન હતા. શ્રમણત્વ અંગીકાર કર્યું ત્યારે તેઓ પાંચસો શિષ્યોના શ્રદ્ધેય ગુરુ હતા. આ ઉપરાંત ભગવાન મહાવીરના હજારો શ્રમણ અને શ્રમણીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ તેમને વંદન કરતાં. પોતાની જિજ્ઞાસાઓનું તેમની પાસેથી સમાધાન મેળવતાં. આજની રાજકીય પરિભાષામાં કહીએ તો ભગવાનની ધર્મસભામાં ગૌતમસ્વામીનું સ્થાન ગૃહમંત્રી [Home Minister] જેવું ચાવીરૂપ હતું.

આવા સર્વોચ્ચ સ્થાને બિરાજિત ગૌતમસ્વામી જાતે પાતરાં લઈને ગોચરીએ જતા. જવા અગાઉ ભગવાનની આજ્ઞા માગતા. ભગવાન કહેતા : 'દેવાનુપ્રિય ! સુખ ઊપજે તેમ કરો.' અને તેઓ મધ્યાહ્ન અર્થાત્ બપોરના ગોચરી માટે નીકળતા.

ગૌતમ ગોચરી માટે જતા કે અન્ય કોઈ કાર્ય માટે, તો ચાલતાં તેઓ કદી આડું-અવળું જોતા નહીં. રસ્તા પર સ્થિર નીચી નજર કરીને જયણાથી ચાલતા. ગોચરી માટે તેઓ સાધારણ સ્થિતિવાળાના ઘરે જતા, અને ત્યાંથી લૂખો-સૂકો જે પ્રાસુક (નિર્દોષ) આહાર મળતો તેનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરતા.

ગોચરી લઈને આવ્યા બાદ તે ગોચરી ભગવાનને બતાવતા. પછી પોતાના સહવર્તી અને શિષ્ય-પ્રશિષ્ય સાધુઓને 'સાહુ હુજ્જામિ તારિઓ—આપ સૌ મારી લાવેલી ગોચરી (ભોજન)નો સ્વીકાર કરી મને ઉપકૃત કરો'—કહીને પ્રથમ બીજાને જમાડતા અને પછી પોતે જમતા. જો કે તેઓ મોટે ભાગે તપ કરતા. બે દિવસ ઉપવાસ (છઠ્ઠ) કરતા. ત્રીજે દિવસે છૂટું મોઢું રાખતા. પરંતુ ત્યારેય પણ તેઓ એક જ ટંક ભોજન કરતા. ભોજનમાં પણ માત્ર લૂખો-સૂકો જ આહાર. આહાર પણ દેહને ટકાવી રાખવા પૂરતો જ લેતા. આહાર લેવાના સમયે પણ સંપૂર્ણ અનાસક્તિ. રસને મમળાવવાનો નહીં. અ-રસથી મોં બગાડવાનું નહીં. ચૂપચાપ કોળિયા પેટમાં પધરાવી દેતા.

હા, તો ગૌતમસ્વામી તપસ્વી હતા. ઉગ્ર તપસ્વી. છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા. પારણામાં પણ એક જ ટંક આહાર. તેઓ અનાસક્ત આહારી હતા. ભૂખથી તેઓ અકળાતા નહીં. ભાવતાં ભોજન જેવું તેમને કંઈ હતું નહીં. વહેલી સવારથી મોડી રાત સુધી કાર્યરત રહેતા. અઢેલીને બેસતા નહીં. બપોરે આડે પડખે પણ થતા નહીં. શિષ્યો અને અનુયાયીઓની સતત આવન-જાવન. પણ ચહેરા પર ક્યાંય થાક નહીં. ક્યાંય કશામાં રઘવાટ નહીં. ભગવાન સિવાય બીજા કોઈ પ્રત્યે ન રાગ, ન મમતા. સૌની સાથે ભીડમાં, છતાંય સૌથી અલિપ્ત. ભીડમાં પણ એકાકી, એકાંતમાં પણ એકાકી, સદાય સર્વત્ર આત્મભાવમાં મગન-મસ્ત, દેહધારી છતાં દેહાતીત.

ગૌતમસ્વામી આવા ઉગ્ર તપસ્વી અને ઘોર બ્રહ્મચારી હતા. આ તપ અને બ્રહ્મચર્યના પ્રભાવથી ગૌતમસ્વામી અનંતલબ્ધિનિધાન બન્યા. તેઓ બોલતા અને તેમની વાણીમાંથી અમૃત

નીતરતું. તેમનું વચન ક્યારેય મિથ્યા થતું નહીં. વચનસિદ્ધ હતા એ. તેમની વાણીમાં જાદુ હતો. જેમને તેઓ પ્રતિબોધ પમાડતા તેમનો જીવનોદ્ધાર થઈ જતો.

તેઓ હવામાં ઊડી શકતા. ઊંચો અષ્ટાપદ પર્વત. ઉપર જોતાં ડોક રહી જાય. ઉપરથી નીચે જોતાં આંખ ચકરાવે ચડે. જાડા માણસનું તો તેના પર ચડવાનું કામ નહીં. પણ ગૌતમસ્વામી ઉપર ચડ્યા. ઉપલબ્ધ ચારણલબ્ધિનો ઉપયોગ કર્યો. સૂર્યનાં કિરણોને પકડી સડસડાટ આંખના પલકારામાં ઉપર પહોંચી ગયા અને એવી જ ત્વરાથી નીચે આવી ગયા.

તેમના સ્પર્શમાં રોગ-શમનની શક્તિ હતી. એ સ્પર્શમાં શૂન્યને પણ છલકાવી અખૂટ રાખવાની ય તાકાત હતી.

સાંભળેલું તેઓ ભૂલતા નહીં. એક પદ જાણતાં પછીનાં બીજાં પદ પણ આપોઆપ બોલી જતા. પદના અનેકવિધ અર્થ જાણતા. તેઓ નાનાં-મોટાં રૂપ પણ ધારી શકતા. સામાના મનમાં ચાલતી ગડભાંજ તેઓ નજર માત્રથી જાણી શકતા. તેજોલેશ્યા જેવી સંહારક શક્તિ પણ તેમને પ્રાપ્ત થઈ હતી. કહે છે કે એકસાથે સોળ મહાદેશોને ભસ્મસાત્ કરી શકે તેવી સમર્થ સંહારક તેજોલેશ્યા તેમને તપના પ્રભાવથી પ્રાપ્ત થઈ હતી !

ગૌતમસ્વામીએ પોતાની લબ્ધિઓનો ઉપયોગ માત્ર બે જ વાર કર્યો. એક અષ્ટાપદની યાત્રા પ્રસંગે, બીજી વાર તાપસોને પારણાં કરાવવા માટે. પણ તેમને મળેલી લબ્ધિઓ એવી અચિંત્ય પ્રભાવક હતી કે તે આપોઆપ કામ કરતી. આથી જ કદાચ તેઓ આજ સુધી સૌના સૌથી વધુ પ્રિય અને પૂજ્ય, વંદનીય અને શ્રદ્ધેય બની રહ્યા છે.

ગૌતમસ્વામી માત્ર તપસ્વી જ નહોતા, જ્ઞાની હતા. અનંત જ્ઞાની. તેમનો તપ જ્ઞાનથી રસાયેલો હતો. અથવા તેમનું જ્ઞાન તપથી પરિપ્લાવિત હતું. જ્ઞાન અને તપ તેમના જીવનમાં સમરસ બન્યાં હતાં. વેદકાલીન ચાર વેદ, છ વેદાંગ, ધર્મશાસ્ત્ર, પુરાણ, મીમાંસા, ન્યાયશાસ્ત્ર આદિ ૧૪ વિદ્યાના ઈન્દ્રભૂતિ ગૌતમ મૂર્ધન્ય વિદ્વાન હતા. તે સમયે વૈદિક પંડિતોમાં તેઓ દિગ્વિજયી હતા. પણ જીવના અસ્તિત્વ વિશે શંકામાં હતા. ભગવાન મહાવીરે એ શંકાનું સમાધાન કરાવી આપ્યું અને ઈન્દ્રભૂતિનો કાયાપલટ થઈ ગયો. નવો જન્મ તેમને મળ્યો. ભગવાનના તેઓ પ્રથમ શિષ્ય ગૌતમ ગણધર બન્યા.

ગણધર ગૌતમે ભગવાન મહાવીરના જીવન અને કવનને આત્મસાત્ કર્યું. ભગવાને તેમને ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની દેશના આપી. આ ત્રિપદીને ગૌતમે કુશાગ્ર બુદ્ધિથી પચાવી અને અર્થથી વિસ્તૃત કરી દ્વાદશાંગીની રચનામાં પાયાનો, મહત્ત્વનો પ્રમુખ ભાગ ભજવ્યો. આ દ્વાદશાંગીમાં સમગ્ર જૈન દર્શનનો સમાવેશ થઈ જાય છે.

ગૌતમસ્વામીનાં જ્ઞાન અને તપ સર્વોત્કૃષ્ટ હતાં. સર્વોચ્ચ લબ્ધિઓ તેમને ઉપલબ્ધ હતી છતાં છાતીમાં અક્કડ ન હતી. સામા પર પડતી નજરમાં તુચ્છતા ન હતી. ગરદન ટટ્ટાર ન હતી. વાણીમાં અભિમાનનો રણકાર પણ નહીં. 'હું જાણું છું કે હું કશું જ નથ. જાણતો.' એવી સહજ નમ્રતાના રેશમ-દોરથી તેમનાં વાણી, વિચાર અને વ્યવહાર સુગુંફિત થયાં હતાં.

ભગવાનની આજ્ઞા એ તેમનું જીવન હતું. આજ્ઞાના અમલમાં કોઈ પ્રશ્ન નહીં. કોઈ શંકા નહીં. અતૂટ શ્રદ્ધા અને અખૂટ પ્રેમથી આજ્ઞાનો સહર્ષ સ્વીકાર કરતા. ગૌતમ માટે બેધડક કહી

શકાય કે ભગવાનને પૂછ્યા વિના પાણી પણ નહોતા પીતા. ભગવાનના શરણે તેમણે તન, મન, આત્મા—બધું જ સમર્પી દીધું હતું. છતાંય ચહેરા પર કોઈ દીનતા ન હતી. હોઠ પર ગુલામીનો કોઈ હરફ સુધ્ધાં ન હતો. ગૌતમ જેને દીક્ષા આપતા તે કેવલી બની જતા. પરંતુ એમની આંખોમાં 'મૈં ભી કુછ કમ નહીં હૂં' એવો ગુરુથી ચડિયાતા ભાવનો કોઈ જ અણસાર ન હતો.

ગુરુ માટે તેમને માત્ર અવિહડ રાગ જ ન હતો, ભારોભાર બહુમાન હતું. જ્ઞાની અને તપસ્વી તાપસો પાસે તેમ જ અબુધ અને નિર્દોષ બાળક અતિમુક્ત (અઈમુત્તા) પાસે તેમણે પોતાનાં નહીં, પરંતુ ગુરુનાં જ ગુણગાન ગાયાં.

ગૌતમ સ્વયં અનેકના ગુરુ હતા, પરંતુ ભગવાન પાસે તો તેઓ છેલ્લા શ્વાસ સુધી વિનમ્ર શિષ્ય રહ્યા. પોતાને જ્યારે પણ કંઈક જિજ્ઞાસા થતી, તત્ત્વનો નિર્ણય કરવાનો પ્રસંગ ઊભો થતો, શંકા થતી, ત્યારે તેઓ ભગવાન પાસે જતા. જઈને પ્રથમ આદક્ષિણા-પ્રદક્ષિણા કરી ભગવાનને ભક્તિભાવથી વંદન કરીને તેમની સમક્ષ, પણ તેમની બહુ નજીક નહીં, તેમ જ બહુ દૂર પણ નહીં એમ સમુચિત સમાંતર સ્થાને બેસતા. તે સમયે તેમની નજર અને કાન ભગવાનની વાણી ઝીલવા અહોભાવમાં સ્થિર રહેતાં. ચહેરો નમેલો રહેતો અને હાથ લલાટના મધ્યે અંજલિપૂર્વક જોડેલા.

એ જ પ્રમાણે જ્યારે ગૌતમ ભગવાનની આજ્ઞાથી કંઈ બહારના કામે ગયા હોય તો બહારથી આવીને પ્રભુને વંદન કરતા અને પછી પોતાને સોંપાયેલા કામનો અહેવાલ જણાવતા.

આમ ગૌતમસ્વામી વિનય અને વિનમ્રતાના જીવતા-જાગતા પ્રતીક હતા. સ્વાધ્યાય અને ધ્યાન, જ્ઞાન અને તપ; વાણી, વિચાર અને વર્તનનો તેમના જીવનમાં સુભગ અને સમતોલ સમન્વય હતો. શરીરધારી છતાં ભાવથી અશરીરી હતા. દેહધારી છતાં દેહાતીત હતા. પ્રવૃત્તિરત છતાં ભાવથી અકર્મણ્ય હતા. સંસારી છતાંય સંસારથી પર હતા. જીવન-દ્રષ્ટા હતા એ.

મહાવીરના આ શિષ્ય સ્વાધ્યાય-વીર, ધ્યાન-વીર, જ્ઞાન-વીર, તપ-વીર અને યોગ-વીર હતા. નર-વીર અને જીવન-વીર ગૌતમસ્વામીને સો-સો લાખ-કોટિ વંદના !

*[તા. ૧૫-૧૧-૭૭ના 'જિનસંદેશ'માંથી સાભાર]*

* * *



# એક સાધકની આંતરસિદ્ધિનો સરવાળો

*–પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મહારાજ.*

**પ. પૂ. વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન, વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના પ્રસ્તુત લેખમાં અનંત લબ્ધિનિધાન, ચાર ચાર જ્ઞાનના સ્વામી, ભગવાન મહાવીરના શ્રીમુખે 'ગોયમ' 'ગોયમ'નાં વાત્સલ્યસભર સંબોધનો પામતા શ્રી ગૌતમપ્રભુના જીવનચરિત્રના વિવિધ પ્રસંગોના સક્ષમ નિરૂપણ સાથે આચાર્ય ભગવંતે તેમની સાદગી, પ્રતિભાસંપન્નતા, સુજનતા, નમ્રતાતિનમ્રતા, શરણાગતિ, આજ્ઞાપાલન, નિર્માનીતા આદિ અનેક પાસાંઓનો સુપેરે પરિચય કરાવ્યો છે. ગૌ=કામધેનુ, ત=કલ્પતરુ અને મ=ચિંતામણિ એવાં જેમનાં નામમાં જ અદેયદાનદક્ષતા છે તે ગૌતમપ્રભુના ભગવાન મહાવીર સાથેના પૂર્વભવના સંબંધો પણ વર્ણવી આખરે તેમના અને ભગવાન મહાવીર સાથેના અંતરતમ આધ્યાત્મિક સંબંધોને આચાર્યશ્રીએ આ લેખમાં પ્રસ્તુત કર્યા છે.**

*–સંપાદક.*

આપણે જેને 'ગુરુ ગૌતમ' તરીકે નવાજીએ છીએ, તેઓ હકીકતમાં તો એક આદર્શ શિષ્ય હતા. અગણિત લબ્ધિઓના પ્રભાવે તેઓ બહુરૂપી તો હતા જ; પણ સાથે સાથે બહુગુણી પણ હતા જ. બહુમુખી વ્યક્તિત્વથી ઓપતા ગૌતમની ગુણગરિમાને શબ્દબદ્ધ કરવી એ પણ એક અપરાધ હોય તેવું લાગે છે. છતાં 'त्वद्‌भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।'ના ન્યાયે તેમના પ્રત્યે ભક્તિભાવ પ્રદર્શિત કરવામાં ગૌરવ જ છે.

ગૌતમ નામ જ સાન્વર્થ છે. ગૌ એટલે કામધેનુ, ત એટલે કલ્પતરુ અને મ એટલે ચિંતામણિ. એક એક વસ્તુ વાંછિતપૂરક છે, તો ત્રણેનો સરવાળો શું ન કરી શકે ? ગૌતમના રોમે રોમે વીરનું રટણ હતું, વીર જ તેમના જીવનના 'રવિ' હતા. તેથી જ 'રવિ'નો અસ્ત થતાં થોડીવાર સૂનમૂન બની ગયા હતા.

**સ્વાભિમાન :** જેઓ સર્વસન્માન્ય હતા, મહાવીરના મિલન પૂર્વે પોતાની જાતને મોટાઈના મિનારે પહોંચેલી માનતા હતા, અહંકારનાં કાળાડિબાંગ વાદળો આત્મરવિનું દર્શન કરાવવામાં અવરોધરૂપ હતા, મરીચિ જેમ માનથી મદોન્મત્ત હતા; તેમ ઇન્દ્રભૂતિ જ્ઞાનથી મદોન્મત્ત હતા.

ગુરુની પ્રભાવક પ્રભામાં અંજાયેલા ૫૦૦ શિષ્યો દ્વારા કરાતા પોતાના જયજયકારથી જાતને જગતના 'જીતકાસી' માનતા. છતાં, તેમનું એ અભિમાન પણ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું બીજ હતું. મહાવીરના મિલનનું અસાધારણ કારણ તેમનો અહં જ હતો. તેમણે 'महतां दोषोऽपि गुणाय'ની ઉક્તિને ખરે જ ચરિતાર્થ કરી.

**સ્નેહસંબંધોની સરિતા** : Cause & Effect કુદરતનો અફર નિયમ છે. મહાવીર ને ગૌતમનું મિલન તો અંતિમ હતું. આ સ્નેહસરિતાનું ઉદ્‌ગમસ્થાન ખોળવા ઇતિહાસનાં પાનાં ઉલેચવાં પડશે : ત્રીજા ભવમાં જ્યારે મહાવીર મરીચિ રૂપે હતા, ત્યારે ગૌતમ તેના જ શિષ્ય કપિલ રૂપે હતા. અઢારમા ભવે વીર ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા, તો ગૌતમ તેમના સારથિ રૂપે હતા. અંતિમ ભવે વીર–ગૌતમ થયા. ત્રીજા ભવમાં ગુરુશિષ્યના નાતે બંધાયેલ એ સ્નહતંતુની સરિતા સત્યાવીશ ભવો સુધી અસ્ખલિત વહેતી રહી. અને અંતે એ ગુરુશિષ્યના સ્નેહતંતુ એવા તો ગાઢ-પ્રગાઢ બન્યા કે કોઈ તે તોડી ન શકે. સંબંધોની એ સરિતા સિદ્ધિઓના સાગરમાં અક્ષય બની ગઈ.

**સાદગીના સ્વામી** : સમૃદ્ધિની રેલમછેલ વચ્ચે simple livingના સિદ્ધાંતને અપનાવવો ખૂબ કઠિન છે. પ્રભુ મહાવીરના પ્રથમ શિષ્ય, પ્રથમ ગણધર....પ્રભુની પછી દેશના દેવાના અધિકારી હોવા છતાં તેમનું જીવન ખૂબ જ સાદગીભર્યું હતું. તેઓ ગુરુ હોવા છતાં ગોચરી લેવા જતા હતા અને કોઈકને પ્રતિબોધ કરવા પણ જતા હતા.

**શરીરસૌષ્ઠવ** : તગડા હોય તે ભોગી ને દૂબળા હોય તે યોગી—આ માન્યતા ભૂલભરેલી છે. ભગવતીસૂત્ર જેવા શાસ્ત્રમાં 'दित्ततवे....घोरतवे' દ્વારા ઘોર તપસ્વી કીધા છે. દીક્ષા બાદ કાયમ છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા, છતાં ગુલાબના ગોટા જેવી ગુલાબી ને માખણના પિંડ જેવી મુલાયમ ને હૃષ્ટપુષ્ટ કાયાના તેઓ સ્વામી હતા. જેમના થૂંકમાં બધા રોગો દૂર કરવાની તાકાત હોય તેમનું શરીર રોગનો ભોગ પણ શેં બને? ઇન્દ્ર જેવા ઇન્દ્રને ઈર્ષા કરાવે એવી શારીરિક પુન્યાઈ હતી.

**શિષ્યસંપત્તિ ને સત્તા** : દીક્ષા પૂર્વે ૫૦૦ શિષ્યોના ગુરુ હતા. ચારે વેદના અઠંગ અભ્યાસી હતા. દીક્ષા બાદ ચાર ચાર જ્ઞાનના ધણી હતા. ૫૦,૦૦૦ શિષ્યોના સ્વામી હતા. પ્રભુ વીરના પટ્ટાલંકાર હતા. પ્રથમ ગણધર હતા.

**સહાયક ભાવ** : પૂર્વના ભવોમાંય પરાર્થ એ જ તેમનો જીવનમંત્ર હતો. એક વાર તેઓ માછલાના અવતારમાં હતા. પૂર્વપરિચિત શ્રેષ્ઠિનું વહાણ તોફાની વમળમાં ફસાતાં તૂટ્યું. હાહાકાર મચી ગયો. જીવ બચાવવા શ્રેષ્ઠિ ફાંફાં મારવા લાગ્યો ત્યારે તે માછલાએ તે શ્રેષ્ઠિને પોતાની પીઠ ઉપર બેસાડી ઉગારી લીધા હતા.

**સૌજન્ય** : જ્ઞાન સાથે નિરભિમાન હોવું દુર્લભ છે. ખરેખર તો અહંને ઓગાળી નમ્ર બનાવે તે જ જ્ઞાન કહેવાય. પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના સ્થવિર કેશીકુમાર અને ગૌતમ ગણધર તિંદુક નામના ઉદ્યાનમાં આવે છે. બંનેને એકબીજાના સમાચાર મળે છે. કેશીકુમાર ત્રણ જ્ઞાનના સ્વામી હતા, જ્યારે ગૌતમ ચાર જ્ઞાનના. છતાં વિચાર ના કર્યો કે, તેઓ મારી પાસે કેમ ન આવે—કે હું શા માટે ત્યાં જાઉં? કોઈપણ જાતના ભેદભાવ વિના સામે ચાલીને તેઓ કેશીકુમારને

મળવા ગયા. ૨૩મા ને ૨૪મા પ્રભુના શાસનના આચાર-વિચાર-ભેદોનો મુક્તમને તાત્ત્વિક પરિસંવાદ થયો. વયમાં ઘણા મોટા એવા કેશીકુમાર પણ એક પછી એક પ્રશ્ન પૂછતા ગયા ને વિનમ્રભાવે જ્ઞાનગોરિષ્ઠ ગૌતમ જવાબ આપતા ગયા. જેના ફળસ્વરૂપે કેશીકુમારે પોતાનું અસ્તિત્વ મહાવીરશાસનમાં વિલીન કરી દીધું.

**સરળતા** : કેવળી સમાન દેશના દેવા દ્વારા કંઈક આત્માઓના જન્મોજન્મના સંશય છેદનારા ગૌતમ, પ્રભુ પાસે અબૂઝ બની જતા ને એક અજ્ઞ બાળક પોતાની માતાને પ્રશ્ન પૂછે કે, 'આ આમ કેમ ?' 'આ શું છે ?' તેવી જ બાળ-અદાથી તેઓ પ્રભુને સંશય પૂછતા ને જવાબ મળતાં રાજીના રેડ થઈ જતા. નરેન્દ્ર-ચક્રી દેવતાઓને ઈન્દ્રોની સભામાં પ્રશ્ન પૂછવામાં પોતાની 'નાનમ'નો અનુભવ ક્યારેય થયો ન હતો. લોકો મારા માટે શું વિચારશે ? એવો વિચાર જ તેમના માટે અસંભવિત હતો.

પ્રભુ વીરે જ્યારે તેમને ખેડૂતને પ્રતિબોધ કરવા મોકલ્યા ત્યારે વિચાર ન કર્યો કે, 'મારા જેવા મહાનને, સર્વશ્રેષ્ઠ શિષ્યને, એક ખેડૂત જેવા મામૂલી માણસને પ્રતિબોધવાનું કામ ? મારો એક નાનામાં નાનો શિષ્ય પણ આ કામ કરી શકે. હું ૫૦,૦૦૦ શિષ્યોનો ગુરુ, પ્રથમ ગણધર.....ને આવું કામ મારે કરવાનું ?!'

વળી પ્રતિબોધ કરીને લાવ્યા ને પ્રભુનાં દર્શન પણ તેને કરાવ્યાં....પરંતુ તે જ ક્ષણે વેરના સુષુપ્ત સંસ્કાર તેનામાં જાગૃત થયા....ને ગૌતમના હાથમાં ઓઘો સોંપી, કપડાં કાઢી, ઊભી પૂંછડીએ તે ખેડૂત ભાગ્યો. ત્યારે પણ ગૌતમે એમ ન વિચાર્યું કે, પ્રભુ જ્ઞાનમાં જોતા જ હતા ને જાણતા હતા કે આ અબૂઝ પાછો ભાગવાનો છે તો પણ આવી ફોગટ માથાફોડ કરવા શા માટે મને હેરાન કર્યો ?

આ હતી તેમની સરળતા. પ્રભુએ કહ્યું, જાવ. એટલે બીજો વિચાર કે વિકલ્પ વિચારવાનો જ નહીં.

તેઓ ૫૦,૦૦૦ શિષ્યના ગુરુ બીજા નંબરે હતા, પહેલા નંબરે તેઓ વીરના અદના સેવક હતા. ચાર જ્ઞાનની માલિકી ભલે તેમની કહેવાતી; પણ તે જ્ઞાન તેમણે પ્રભુચરણમાં ગીરવે મૂકેલું. જેટલું જ્ઞાન પ્રભુ પાસેથી પ્રાપ્ત થાય તેટલું જ ઉપયોગમાં લેવું એ તેમનો જીવનમંત્ર હતો. પોતે બધું જાણવા છતાં પ્રભુજીને પ્રશ્ન પૂછી પૂછીને પોતાની અજ્ઞાનતા પ્રગટ કરવામાં તેમને અનહદ આનંદ આવતો. અને પ્રભુમુખેથી જ્યારે 'ગોયમ' શબ્દ સાંભળતા ત્યારે તો કદાચ મોક્ષને ય ભૂલી જતા ! તે સમયે એમના રોમે રોમમાં અકલ્પ્ય આનંદની છોળો ઊછળતી, કોઈ દિવ્ય-અલૌકિક સુખના સાગરમાં ખોવાઈ જતા....!

**સહનશીલતા** : તનતોડ કાયાનાં કષ્ટો સહન કરવા કરતાં વચન પરિષહ વેઠવા કઠિન છે. ગાળને ગોળ ગણી મજેથી ગળી જવી સરળ તો નથી જ. ને આ બંને કરતાં 'આંતરસંતાપ' સહેવો અતિ કઠિન છે. ઈષ્ટની અપ્રાપ્તિથી થતા હૈયાબળાપા...અનિષ્ટની પ્રાપ્તિથી થતા આત્મસંઘર્ષના ધડાકા....આપણને ગમતી-જોઈતી વસ્તુ બીજાને અનાયાસે પ્રાપ્ત થઈ જાય, અને આપણે તનતોડ પ્રયત્ન કરવા છતાં હવામાં હવાતિયાં મારવા જેવી દશા થાય ત્યારે અંતરમાં ઊઠતી અકથ્ય વેદના અને શોકની ઘેરી લાગણી વેઠવી કઠિન છે. આ તો ભોગવે એ જ જાણે !

શાલ–મહાશાલ–પિઠર-યશોમતી–ગાંગલિ ને ૧૫૦૦ તાપસોને દીક્ષા આપ્યા બાદ ભગવાન પાસે લઈ ગયા. રસ્તામાં જ તે બધાને કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ થઈ ચૂક્યો હતો. સમવસરણમાં પેસતાં જ પ્રભુને વંદન કર્યા વિના કેવલી પર્ષદામાં બધા પેસવા જાય છે. તેમના કેવળજ્ઞાનથી અજ્ઞાત ગૌતમ કહે છે : 'તીર્થંકરને વંદન કરો ને આમ નહીં, આ બાજુ બેસો. આ તો કેવલીની પર્ષદા છે.' ત્યારે પ્રભુ સ્વયં ઘટસ્ફોટ કરે છે કે, હે ગૌતમ ! કેવલીની અશાતના ન કર. આ શબ્દ સાંભળતાં જ ગૌતમ અવાચક થઈ ગયા : આ...આ....મારા....તાજા દીક્ષિત શિષ્યોને વળી કે....કેવળજ્ઞાન....!!!....ને પરમાત્મા મહાવીરને તન-મન બધું જ ન્યૌછાવર કરનાર મને કાંઈ નહિ !!!

એમ કહી તેઓ શોકસાગરમાં ડૂબી ગયા ને ગદ્‌ગદ કંઠે પોકારી ઊઠ્યા : 'પ્રભુ, મારો મોક્ષ ક્યારે થશે ? મને કેવળજ્ઞાન ક્યારે થશે ?'

અને પ્રભુએ પણ સાંત્વના આપી કે, 'ચિંતા ન કર. આ જ ભવમાં તને કેવળજ્ઞાન થશે.'

'જિહાં જિહાં દીએ દિક્ખ, તિહાં તિહાં કેવળ ઊપજે.' ગૌતમના હાથમાં કેવળજ્ઞાનની લબ્ધિ હતી. જેને ઓઘો આપે તેને કેવળજ્ઞાન પણ આપી દેતા. પોતાના પચાસે હજાર શિષ્યોને કેવળજ્ઞાન....ને પોતાની પાસે નહીં ! કેટલો હૈયાબળાપો...વેદના....વ્યથા....ને શોકથી ઘેરાયેલા હશે એ મહાન આત્મા !

**શરણ-સ્વીકાર** : ગૌતમના એક એક આત્મપ્રદેશે મહાવીર વસતા હતા. ગૌતમે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ કે અસ્તિત્વ રાખ્યું જ ન હતું. પોતાનું સર્વસ્વ વીરમાં વિલીન કરી દીધું હતું. મોક્ષમાં જઈને સમાન થવા કરતાં સેવ્ય-સેવકભાવથી રહેવામાં જ તેમને રસ હતો. 'હું મારી પાસે ન હોવા છતાં મારા બધા જ શિષ્યોને દિવ્યજ્ઞાનની ભેટ આપું ને પ્રભુ પાસે તો કેવળજ્ઞાન છે. છતાં તેમના મારા જેવા માનીતા શિષ્યને આટઆટલાં વર્ષો વીત્યાં છતાં ટળવળાવે છે ! શું આ તેમને યોગ્ય છે ?' મન જ ન હતું, પછી આવો વિચાર તેમને આવે જ ક્યાંથી ?! 'કપટરહિત થઈ આતમ-અર્પણા'નો ગૌતમનો ઉત્કટ શરણભાવ જ વીતરાગી ને અપેક્ષા વિનાના વીરને પણ 'ગોયમ....ગોયમ....' કરવા પ્રેરતો હશે ?!

પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂકવાનું જ્ઞાન જ તેમને ન હતું. તેથી જ પુનઃ પુનઃ સંશયો પૂછવામાં તેમને સંકોચ ન હતો. ગુરુ પાસે અબૂઝ થઈને રહેવામાં જે મજા છે, તેવી મજા જ્ઞાની બનીને રહેવામાં ક્યાંથી હોય ? આ વાતને ચરિતાર્થ કરતો જીવતો-જાગતો દાખલો એટલે જ ગુરુ ગૌતમ....

**સત્યનો સ્વીકાર** : સત્યને પોતાના તરફ ખેંચે તે નહીં, પણ જ્યાં સત્ય હોય ત્યાં ખેંચાય તે ખરો સાધક. છદ્મસ્થ જ્ઞાનીની ભૂલ ન થાય તેવું નથી; પણ થયેલી ભૂલનો એકરાર-સ્વીકાર કરે તે જ ખરો જ્ઞાની. ગુરુ ગૌતમ જ્ઞાનગરિષ્ઠ હતા, જ્ઞાનગર્વિષ્ઠ નહીં. માટે જ સત્યના સ્વીકારમાં ને અસત્ય અને ઉત્સૂત્રના પ્રસંગે ક્ષમા યાચવામાં સ્વને ધન્યમન્ય માનતા.

**ગૌતમ** : 'પ્રભુ ! આનંદ શ્રાવક કહે છે કે મને આટલું અવધિજ્ઞાન થયું છે. મેં કહ્યું, એ શક્ય જ નથી. શ્રાવકને આટલું અવધિજ્ઞાન શક્ય જ નથી. પ્રભુ, આપના સુશ્રાવકો આટલું મૃષા બોલે ?'

**પ્રભુ** : 'ગૌતમ ! ભૂલ આનંદની નહિ, તમારી છે. શ્રાવકને તેટલું અવધિજ્ઞાન શક્ય છે ને તેને થયું છે તે હકીકત પણ સાચી છે. હમણાં જ જાઓ અને તેની માફી માગો અને ભૂલની ક્ષમાયાચના કરો.'

એક પળનો વિલંબ કર્યા વગર ગૌતમ આનંદ પાસે પહોંચ્યા. ક્ષમા માંગી. મૃષાભાષણના મહાપાતકમાંથી આત્મા મુક્ત થયો તેથી રાહતનો દમ ખેંચ્યો. અદ્‌ભુત આનંદની અનુભૂતિ કરી ! ચાર ચાર જ્ઞાનના ધણી એક શ્રાવકને મિચ્છા મિ દુક્કડમ્ આપે. એ કેવી ધન્ય ઘડી ! કેટલી નમ્રતા ! કેટલું ભવ્ય હશે તે દશ્ય !

**સ્વમાન-શૂન્યતા** : એકદા શ્રેણિક મહારાજા દેશનાને અંતે પ્રભુજીને પૂછે છે : હે પ્રભુ ! આપના ૪૪૦૦૦ સાધુઓમાં સર્વોત્કૃષ્ઠ સાધક કોણ ? આરાધનાના અગ્નિકુંડમાં યાહોમ કરીને ઝંપલાવનાર કોણ ? કર્મો સામેના યુદ્ધમાં જાનની પરવા કર્યા વગર ઝઝૂમનાર ખૂંખાર યોદ્ધો કોણ ? વિકૃષ્ટ તપસાધના દ્વારા કષાયોના કચરાને બાળીને ખાખ કરનાર કોણ ?

શ્રેણિકનો પ્રશ્ન ગજબનો હતો. જવાબ સાંભળવા સમગ્ર સભા ઉત્કંઠિત હતી. તરહ તરહના તરંગો ને કલ્પનાતીત કલ્પનાઓ લોકોના મનમાં રમી રહ્યાં હતાં. 'ઉત્કૃષ્ટ સાધક'નો ઈલ્કાબ કોને મળશે ? શ્રેષ્ઠ 'આત્માનુશાસક' અને 'ઘોરતપા'નો કળશ કોના માથે ઢોળાશે, તેની સૌ કોઈને ઈંતેજારી હતી.

ને પરમાત્માના મુખારવિંદમાંથી શબ્દો સરી પડ્યા :

'ધન્નો અણગાર....' સૌની દૃષ્ટિ ધન્ના તરફ ગઈ. પરમાત્માના મુખે ગવાઈ ગયેલા ધન્ના ઉપર સૌએ ધન્યવાદનો વરસાદ વરસાવ્યો. પ્રભુ કહે, ૧૪૦૦૦ સાધુઓમાં ધન્નો એક અદ્વિતીય અણગાર છે. છઠ્ઠના પારણે આયંબિલ કરવાનો આજીવન સંકલ્પ છે. માખી પણ જે આહારને ખાવા તો શું, પણ સૂંઘવાય તૈયાર ન થાય તેવો આહાર વાપરે છે ! કાળના પ્રવાહમાં તેના તપના તેજલિસોટા કાયમ માટે અંકિત થઈ રહ્યા છે. તે ચાલે ને હાડકાનું સંગીત શરૂ થઈ જાય છે ! શરીરની સાથે કષાયોને પણ કૃશ કર્યા છે ! આહારત્યાગ સાથે અનાસક્તભાવ પણ ગજબનો છે !

પ્રભુ મહાવીર પોતાના એક શિષ્યના આટલા ભરપેટ વખાણ કરે ! સભા સ્તબ્ધ થઈ ગઈ !

ધન્ના અણગાર શરમથી નમી ગયા ને ગુરુ ગૌતમ ગુણાનુરાગની ગંગામાં ઝીલતા રહ્યા....!

આ સમય ગૌતમની કસોટીનો હતો. વર્ષોની સાધનાની આજે પરીક્ષા હતી, જેમાં તેઓ પાસ થઈ ગયા.

તેમણે એમ ન વિચાર્યું 'પ્રભુ હમણાં મારું નામ જ લેશે.' હું ગૌતમ, તેમનો પ્રથમ ને આજ્ઞાંકિત શિષ્ય....ચાર જ્ઞાનનો ધણી....છઠ્ઠના પારણે છઠ્ઠ કરનાર બધી જ સાધનાઓ Top levelની છે. પરમાત્માના હૃદયમાં પણ મારું સ્થાન પ્રથમ નંબરે છે. તેથી 'શ્રેષ્ઠ સાધક'ની પદવીનો અધિકારી હું જ છું !....આવો વિચાર ના કર્યો—ને પ્રભુ જ્યારે ધન્ના અણગારનું નામ બોલ્યા ત્યારે ઈર્ષા કે દ્વેષનો અંશ પણ તેમને સ્પર્શ્યો નહીં. ઉપરથી ધન્નાને મનોમન નમી રહ્યા !

આવી મહાન વ્યક્તિમાં કેટલી સરલતા !

**સંખ્યાતીત સિદ્ધિઓના આસામી** : મુક્તિના અભાવમાં તેમને બધી જ સિદ્ધિઓ

ઘાસ-છોડ જેવી ને બેડી જેવી ભાસતી હતી. મુક્તિ ન આપી શકે તે લબ્ધિઓના ખડકલા સાધક માટે ભાર-બોજ રૂપ જ છે. તેમની બાહ્ય લબ્ધિઓ તો સુપરિચિત જ છે. ને આંતરૂલબ્ધિઓનાં દર્શન આપણી પ્રજ્ઞાચક્ષુઓનો અવિષય છે.

- ❖ અ થી જ્ઞ સુધીના અક્ષરો દ્વારા અંત:મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરવાની શક્તિ હોવા છતાં અજ્ઞ માનવાની કળા.
- ❖ ૫૦,૦૦૦નાં સ્વામી હોવા છતાં જાતને દાસાનુદાસ માનવાની કળા.
- ❖ હજારો આત્માના ત્રિકાળવિષયક સંશયોને પળવારમાં છેદવાનું સમાર્થ્ય હોવા છતાં ઠોઠની જેમ સંશયો પૂછતા રહેવાની કળા.
- ❖ સ્વયં સેવ્ય હોવા છતાં રાતદિવસ સેવા કરવાની કળા.
- ❖ ગુરુ હોવા છતાં હલવા ફૂલ રહેવાની કળા.
- ❖ પ્રકાંડ વિદ્વાન હોવા છતાં નિરભિમાન રહેવાની કળા.
- ❖ વિદ્વાન હોવા છતાં વિનીત બની રહેવાની કળા.

આ બધી તેમની આંતરૂલબ્ધિઓ જ બાહ્ય લબ્ધિઓની જનેતા હતી.

**સિદ્ધાંતરક્ષા :** પાર્શ્વનાથ પરમાત્માની પરંપરામાં થયેલ પેઢાલપુત્રને મહાવીર-પ્રણીત પંચ અણુવ્રત પૈકી સ્થૂલ પ્રાણાતિપાત વિષયક શંકા હતી કે 'સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ આપનાર સાધુને સૂક્ષ્મ જીવોની હિંસાની અનુમતિ કેમ ન લાગી શકે ?' ગૌતમસ્વામીને વાતની ખબર પડતાં સામે ચાલીને ગયા. યુક્તિ-પ્રયુક્તિથી શાસ્ત્ર-સિદ્ધાંતનાં રહસ્યાર્થો સમજાવી તેને પ્રતિબોધ કર્યો.

**સત્કારનો તિરસ્કાર :** કાલોદધિ વિસુશ્રાવકો ગૌતમનાં ચરણોમાં આવ્યા. વિનીત બની પૂછ્યું, ભગવંત ! અમારા મનમાં અનેક મૂંઝવણો છે. શાસ્ત્રવિષયક શંકાઓ છે. તેનું કૃપા કરીને નિવારણ કરો.

ગૌતમ જ્ઞાની હતા. પાકેલું પીળું પાંદડું ઝાડ પરથી જે સહજતાથી પડે તેટલી સરળતાથી કઠિનમાં કઠિન પ્રશ્નોનો ઉત્તર આપવા સમર્થ હતા. માત્ર ત્રણ પદના આધારે વિશ્વના તમામ પદાર્થોને સમાવિષ્ટ કરતી દ્વાદશાંગી જેમણે રચી હોય, કયો પદાર્થ તેમના સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનનો અવિષય હોય ! છતાં જાણે પોતે કશું જાણતા જ નથી એવી અદાથી તે સર્વને સંશયોના નિરાકરણ માટે પરમાત્મા પાસે મોકલ્યા. શા માટે પ્રભુ પાસે મોકલ્યા ?....વિચારજો.

**સમર્પણભાવ દ્વારા શોકના સાગરેથી સર્વજ્ઞતાના શિખરે :**

જેનું સ્મરણ....તેનું શરણ....ને તેને જ સમર્પણ....

ગૌતમનું મન મહાવીરમય હતું. તેથી જ પ્રભુ-આજ્ઞા અનહદ આનંદ સાથે શિરસાવંદ્ય જ કરવાની હતી. મન હોય તો આજ્ઞાની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર થાય ને ?

માટે જ અંતકાળે પ્રભુએ આજ્ઞા કરી : ગૌતમ ! દેવશર્માને પ્રતિબોધ કરવા જવાનું છે....

ને....તહત્તિ કરીને ઊપડ્યા.

પ્રભુ વીરના જીવનદીપનું તેલ ખૂટી ગયું. પ્રભુ પરિનિર્વાણ પામ્યા. દેવશર્માને પ્રતિબોધ કરી પાછા ફરતાં ગૌતમ કોઈક અલૌકિક મસ્તીમાં હતા. પ્રભુ-આજ્ઞાપાલનનો હર્ષ તેમનાં તનમનમાં સમાતો ન હતો. હમણાં જલદી જાઉં....પ્રભુનાં ચરણોમાં આળોટું....ને પ્રભુને કહું કે, આપની આજ્ઞાનું સંપૂર્ણ પાલન થયું છે...લો, આ દેવશર્માને પ્રતિબોધ કરીને આવ્યો છું.

ને, પ્રભુ પણ રાજીના રેડ થઈ જશે. વાત્સલ્યસભર દૃષ્ટિથી મને નિહાળશે. આશીર્વાદની હેલીઓ વરસાવી મને નવડાવશે.

પણ, રસ્તામાં અધવચ્ચે જ ગૌતમને વીરનિર્વાણના સમાચાર મળ્યા. વજ્રાઘાત થયો. તેઓ સૂનમૂન થઈ ગયા. મૂર્છિત થઈ ગયા. વિચારોની ઇમારત કૂડૂડૂડૂ ભૂસ થઈ ગઈ ! જરાક ચેતના આવતાં પુનઃ વીર વીરનું આક્રંદ કરવા લાગ્યા. હૃદય ફાડી નાખે તેવો વિલાપ કરવા લાગ્યા. આભ ફાટ્યાનો અનુભવ થયો. તેમનું સર્વસ્વ લૂંટાઈ ગયું. કિંકર્તવ્યમૂઢ બની શોકસાગરમાં ડૂબી ગયા. પોતાના હૃદયના ધબકાર હજી શી રીતે ચાલે છે તે તેમને પોતાને સમજાતું ન હતું. હવે નજર સામેથી ભૂતકાળની સરિતા ખળખળ વહેવા લાગી. દીક્ષા લીધી ત્યારથી આજ સુધીના પ્રત્યેક સંસ્મરણે હૈયાફાટ રડી રહ્યા...:હવે તેમને આશ્વાસન આપનાર કોઈ નથી ! 'ગોયમ' 'ગોયમ' કહીને બોલાવનાર કોઈ નથી. તેમની વિકરાળ વેદનાને ઠારનાર કોઈ નથી.

ને, ને....આ વીરવિરહની અશ્રુધારામાં જાણે તેમના આંતરમળ ધોવાઈ ગયા ન હોય ! તેમ એક શુભ પળે તેમને દિવ્ય પ્રકાશ થયો : હું વીર વીર કરું છું, પણ વીર તો વીતરાગ છે. તેઓને મન બધા સમાન છે. આ ભાવના ભાવતાં વીર પ્રત્યેનો સમભાવ, કે જે કેવળજ્ઞાનમાં બાધક હતો તે દૂર થતાં ગૌતમ સર્વજ્ઞ બન્યા. શોક શ્લોકરૂપ બન્યો. વેદના વંદના બની. આઘાત ઘાતીકર્મનો ઘાતક બન્યો. વ્યથા એક ઐતિહાસિક કથા બની ગઈ ! આવા અદ્ભુત, અલૌકિક, અચિંતનીય, અકલ્પનીય ગુરુ ગૌતમના ચરણે કોટિ કોટિ વંદના......

* * *



# રિદ્ધિ-સિદ્ધિ-લબ્ધિના અધિષ્ઠાતા
# ગુરુ ગૌતમસ્વામી

*—યુગરત્ન આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ*

**एको सत विप्राः बहुधा वदन्ति ।—એક જ સત્ય વિદ્વાનો જુદી જુદી રીતે કહે છે. એમ ગૌતમસ્વામીના જીવનની એક જ ઘટનાને વિદ્વાનો જુદાજુદા દૃષ્ટિકોણ દ્વારા ચિત્રિત કરે છે. અને જે તે પાસું ખરેખર આસ્વાદ્ય બને છે. દરેક પાસેથી કોઈ ને કોઈ નવી વાત મળે છે. પ્રસ્તુત લેખમાં 'વીર' 'વીર'ની ધૂનમાં ગૌતમને 'વીતરાગ'નો બોધ થાય છે તે ઘટના રસપ્રદ છે. —સંપાદક.**

પ્રસિદ્ધ મગધદેશ, જ્યાં ભગવાન મહાવીરે તીર્થની સ્થાપના કરી હતી, એવા ભારતભૂષણ દેશમાં 'ગોબર' નામે ગામ હતું; જેની વિદ્યા, વિવેક અને વિદ્વાનોની પુણ્યભૂમિ તરીકે પ્રસિદ્ધિ થઈ હતી. જ્યાં વૈદિક બ્રાહ્મણધર્મનું ધામ હતું ત્યાં આ મહાપુરુષનો જન્મ થયો હતો.

આ નગરીમાં યજ્ઞકર્મમાં કુશળ, વેદ-વેદાંતમાં પારંગત એવા વસુભૂતિ નામે વિપ્રવર વસતા હતા. તેમનાં ધર્મપત્નીનું નામ પૃથ્વીદેવી હતું; જેમની કુક્ષીએ ત્રણ પુત્રરત્નનો જન્મ થયો— જે અનુક્રમે ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામે સુપ્રસિદ્ધ હતા. ત્રિવેણીસંગમ સમી આ બંધુત્રિપુટી વિદ્યા, ધર્મ અને કર્મકાંડની પવિત્રતાથી ઓપતી હતી. એમનું ગોત્ર ગૌતમ હતું. ત્રણે ભાઈઓ ચૌદ વિદ્યાઓમાં પારંગત હતા. તમામ શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરી જગતમાં અજોડ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. અને, પ્રભુ વીરના ચરણે સમર્પિત બન્યા પછી તો એમની–વિશેષ કરી શ્રી ગૌતમસ્વામીની શક્તિ-સિદ્ધિ-લબ્ધિનો કોઈ પાર ન હતો.

એમના વિનયની પણ પરાકાષ્ઠા હતી. કેટકેટલી વિદ્યા ! કેવું અગાધ જ્ઞાન ! કેવી અપૂર્વ શક્તિ ! છતાં ભગવાનની પાસે બાળક જેવા નિર્દોષ હતા. ખૂબી તો એ હતી કે ભગવાન મહાવીરદેવના ૧૪૦૦૦ સાધુઓમાં ૭૦૦ કેવળજ્ઞાની મોક્ષે ગયા. ભગવાનના આ બધા પોતાના શિષ્યો; પણ શિષ્યના શિષ્યોમાં શ્રી ગૌતમસ્વામીના જ ૫૦,૦૦૦ શિષ્યો હતા. પચાસે પચાસ હજાર શિષ્યોને ગૌતમસ્વામીનો હાથ માથા પર પડતાં જ કેવળજ્ઞાન થયું હતું. આ હતી એમની અપૂર્વ લબ્ધિ !

એવા અનંત લબ્ધિનિધાન ગૌતમસ્વામી એક વાતે ભારે બેચેન હતા : બધા શિષ્યો કેવલજ્ઞાન પામ્યા ને હું હજુ ન પામ્યો. તેમની આ વ્યથાથી ભગવાન મહાવીર અવગત હતા જ. એટલે એકદા ભગવંતે ગૌતમની શંકા દૂર કરતાં કહ્યું : 'गोयम ! सिणेही वज्रसिंखला' હે ગૌતમ ! સ્નેહ તો વજ્રની સાંકળ જેવો છે. તને મારા ઉપર અગાધ અપાર અને અનહદ સ્નેહરાગ છે. પણ આ પ્રશસ્તરાગે સંસારના તમામ રાગોમાં આગ લગાવી કર્મને બાળી આત્મબાગને ખીલવી

નાખ્યો. હવે ફક્ત રહ્યો મારા પરનો રાગ. એને તૂટતાં વાર નહિ લાગે. તને પણ આ જનમમાં જ કેવળજ્ઞાન થવાનું છે એ નિઃસંદેહ હકીકત છે.

આ રાગ—તારો અને મારો સંબંધ ગાઢ-પ્રગાઢ છે. અસંખ્યાત વર્ષથી ચાલી આવે છે. જ્યારે હું મરીચિ નામે ત્રીજા ભવમાં હતો ત્યારે તું કપિલ નામે રાજપુત્ર હતો. મેં તને પ્રતિબોધ કરી ભગવાન ઋષભદેવસ્વામી પાસે પ્રવ્રજ્યા લેવા મોકલ્યો. પૂર્વે પણ અનેકોને મોકલ્યા હતા. પણ ત્યારે તેં કહ્યું, 'મને ત્યાં કેમ મોકલો છો ? શું તમારી પાસે ધર્મ નથી ?'

એક શિષ્યના લોભે હે ગૌતમ ! મારા આત્માએ તે વખતે ઉત્સૂત્ર ભાષણનું પાપ વહોરી લીધું અને કહ્યું, 'कविला इत्थंपि इहयंपि' કપિલ ! અહીંયાં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે. આટલું ઉત્સૂત્ર ભાષણ કરતાં એક કોડાકોડીપમ સંસાર વધારી લીધો. એટલે વર્ષોથી મારા પર તારો અગાધ પ્રેમ છે, એ સ્નેહરાગ હોવાને કારણે તને કેવળજ્ઞાન થયું નથી પણ થવાનું છે. જે આત્મા પોતાની લબ્ધિથી શ્રી અષ્ટાપદ તીર્થની યાત્રા કરે છે, ઉપર ચઢી ચત્તારી-અઠ્ઠ-દસ-દોય એવા ચારે દિશામાં બિરાજમાન ચોવીશે તીર્થંકરોના દર્શન કરે છે, યાત્રા કરે છે તે આ ભવમાં જ કેવળજ્ઞાન પામે છે. ગુરુ ગૌતમને તો ભગવાન દિવસને રાત કહે અને રાતને દિવસ કહે; કાગડો કાળો છે, પણ ધોળો કહે તેય માનવા તૈયાર હતા. 'અસ્થિ મજ્જા' ભગવાન મહાવીર પર એમની અગાધ શ્રદ્ધા હતી. રગરગમાં, નસનસમાં અને તારેતારમાં ભગવાન મહાવીર વણાઈ ગયા હતા. છતાં મુક્તિ માટેની એટલી બધી તાલાવેલી ને ઉત્કંઠા હતી કે ન પૂછો વાત !

આ વાત શ્રવણ કરી, પ્રભુની આજ્ઞા લઈ, તેઓ અષ્ટાપદ પર્વત પર સૂર્યનાં કિરણો દ્વારા-લબ્ધિ દ્વારા ક્ષણવારમાં ચડી ગયા. દર્શન કરી પાવન બન્યા. તિર્યગજાંભક દેવ કે જે વજ્રસ્વામીનો જીવ હતો તેને પ્રતિબોધ કર્યો. પ્રતિબોધ કરી પાછા ફર્યા તે વખતે તાપસો વિચારતા હતા કે અમે તપ કરીને કાયા ગાળી નાખી, છતાં માંડ-માંડ એક-બે પગથિયાં ચઢી શક્યા છીએ. અને આ મહાપુરુષ તો ક્ષણમાં ઉપર ચઢી ગયા ! શો વિલક્ષણ પ્રભાવ છે ! માટે હવે તેઓ પાછા ફરે તો આપણે બધાએ એમના શિષ્ય બની જવું. અને ૧૫૦૩ તાપસો શિષ્યો બની ગયા, પામી ગયા, સિદ્ધ-બુદ્ધ-મુક્ત ને નિરંજન બની ગયા.

**'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;**
**શ્રી ગુરુ ગૌતમ સમરતાં વાંછિત ફલદાતાર.**

જેમના પુણ્ય નામમાં જબ્બર શક્તિ અને પ્રભાવ હતો. અમારા ગુરુ-દાદાગુરુ મહારાજ સાથે વિહાર કરતાં નાનાં ગામોમાં ગયા હોઈએ તે વખતે 'ઘર થોડાં ને સાધુ ઘણા' હોય ત્યારે ગુરુદેવો કહે : 'ગૌતમસ્વામી ભગવાનનું નામ લઈને ગોચરી જાવ. પછી પૂછવાનું જ શું ? આપણે જાણીએ છીએ કે નાનકડા પાત્રમાં ખીર વહોરી લાવી જે લબ્ધિધર મહાપુરુષે ૧૫૦૩ તાપસોને અંગૂઠો પાત્રમાં રાખીને ખીરનાં પારણાં કરાવ્યાં હતાં. તાપસોને પીરસતાં છતાં ખૂટે જ નહિ, ખૂટે જ નહિ. તે જોતાં ૫૦૧ તાપસ તો વાહ ગુરુ ! વાહ ગુરુ ! શું ભાવ-પ્રભાવ ! -ગુણ ગાતાં ગાતાં ખીર ખાતાં ખાતાં કેવળજ્ઞાન પામે છે.

બીજા ૫૦૧ તાપસો ગુરુ સાથે ભગવાન પાસે જતાં સમવસરણને નીરખતાં કેવળજ્ઞાન પામે છે. ત્રીજા ૫૦૧ તાપસો પ્રભુની વાણી કર્ણગોચર થતાં કેવળજ્ઞાન પામે છે. આમ, ૧૫૦૩

કેવળજ્ઞાન પામેલા તાપસો સમવસરણમાં કેવળીઓની પર્ષદામાં જવા લાગ્યા ત્યારે ગુરુ ગૌતમ બોલી ઊઠ્યા...ત્યાં નહિ, આ બાજુ આવો. પણ પ્રભુ તો સર્વજ્ઞ હતા. ભગવાને કહ્યું : ગૌતમ ! કેવળીઓની અશાતના ન કર. પ્રભુનાં વચન શ્રવણ થતાં ગૌતમસ્વામીને ભારે વિષાદ થયો.

* * *

પરમાત્માની કરુણા એવી અદ્ભુત હતી કે તેઓ જ્ઞાનથી જાણે છે કે નિર્વાણસમય નજીક છે. ગૌતમને મારા ઉપર અધિક સ્નેહ છે. મારું નિર્વાણ થતાં એની છાતી ફાટી જશે. માટે દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલે છે. દેવશર્માને પ્રતિબોધ કરી પાછા ફરતાં ભગવાનના નિર્વાણના સમાચાર સાંભળતાં છાતીફાટ રુદન કરે છે, નિર્દોષ બાળકની જેમ. ચાર કલ્યાણકોમાં તો ત્રણે જગતમાં અજવાળાં પથરાય છે; પણ નિર્વાણ કલ્યાણકમાં ત્રણે જગતમાં અંધકાર પ્રસરે છે. જેમ સર્ચલાઈટ બુઝાતાં અંધકાર ફેલાય તેમ ભગવંતરૂપ પ્રકાશ બુઝાતાં અંધકાર પ્રસરે છે. ગૌતમસ્વામી વિલાપ કરે છે, છાતીફાટ રુદન કરે છે. વીર-વીર-ની ધૂન મચાવતાં 'વી' વર્ણ જીભે સ્પર્શ્યો. ઓહ ! પ્રભુ તો વીતરાગ છે ! રાગ મને છે અને તેમને વીતરાગ ઉત્પન્ન થાય છે—અને કર્મનાં બંધન તૂટતાં પરોઢિયે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થાય છે. બેસતા વર્ષે આનો જ મહિમા મનાવવામાં આવે છે. પ્રભુ નિર્વાણ પામ્યા તે વખતે ત્યાં ૧૮ દેશના રાજાઓ ભેગા થયા હતા. તેમણે ઉપવાસરૂપ પૌષધ કર્યો હતો અને મેરૈયાં કાઢ્યાં હતાં. આ બાહ્ય પ્રકાશ દ્વારા જ કામ લેવાનું છે. સૌ દીવા કરી દિવાળી પર્વ ઊજવે છે. નંદિવર્ધન રાજાને પ્રભુના વિરહમાં ભારે વિષાદ જન્મે છે. બહેન સુદર્શનાએ ભાઈને પોતાને ત્યાં નિમંત્રી જમાડ્યા, ત્યારથી ભાઈબીજનું પર્વ શરૂ થયું.

ગૌતમસ્વામીનું ચરિત્ર અદ્ભુત છે. અગાધ જ્ઞાન છતાં ગર્વ નહિ. પહેલાં એમને ગર્વ હતો, પણ તે સાચો હતો કે જગતમાં મારા જેવો કોઈ જ્ઞાની નથી. તેઓ ૧૪ વિદ્યાઓમાં પારંગત હતા. માટે જ પ્રભુ પાસે ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે વિવાદ કરવા ગયા. પણ ભગવાનનું તેજ જોતાં જ ભોંઠા પડી ગયા. ભગવાને મીઠા-મધુર શબ્દોથી સંબોધ્યા, 'સુખે આવ્યા ઈન્દ્રભૂતિ !' વેદનાં પદો દ્વારા 'જીવ નથી' એ પ્રકારના ગૌતમ ઈન્દ્રભૂતિના સંશયને વેદનાં પદો દ્વારા જ દૂર કર્યો. તરત જ ગૌતમ ૫૦૦ શિષ્યો સાથે ભગવાનના શિષ્ય બની ગયા. 'મારું તે સાચું નહિ, પણ સાચું તે મારું.' એ તેમની માન્યતા હતી તે પામી ગયા. ગર્વ ગળી ગયો. 'સાચું તે મારું, બીજું બધું કાચું. મારું તે જ સાચું નહિ.' આ વાક્ય હૃદયમાં ઊતરી જાય તો ગૌતમસ્વામી ભગવાનની જેમ આપણો પણ બેડો પાર થઈ જાય !

ભગવતીસૂત્રમાં ગૌતમસ્વામીનાં વિશેષણો વાંચતાં રૂંવાડાં ખડાં થઈ જાય છે. ભલભલા એમનું તેજ જોઈ અંજાઈ જતા. એમનું નૈષ્ઠિક બ્રહ્મચર્ય, છઠ્ઠના પારણે છઠ્ઠની જીવનભરની ઉત્કટ તપશ્ચર્યા, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન અને અનેક લબ્ધિસંપન્ન હતા.

ગણધર ભગવંતો ત્રિપદી શ્રવણ કરી કાચી બે ઘડીમાં દ્વાદશાંગીની રચના કરવાની અદ્ભુત તાકાતવાળા હોય છે. જેમ ચાવી દ્વારા તાળું ખૂલે તેમ પ્રભુજીનો હસ્ત ગણધર ભગવંતોના મસ્તક પર પડતાં જ્ઞાનાવરણીય કર્મનો અનુપમ ક્ષયોપશમ થાય છે. આવી યોગ્યતા ગણધર થનાર આત્મામાં જ હોય છે.

ભગવતીજીનું નામ તો વિવાહ-પ્રજ્ઞપ્તિ છે. પણ પ્રચલિત નામ ભગવતીસૂત્ર છે. આમ થવાનું કારણ એ છે કે એમાં ૩૬૦૦૦ પ્રશ્નો છે. ૩૬ હજાર વાર ભગવાન મહાવીર અને ૩૬ હજાર વાર ગોયમ શબ્દ આવતાં પૂજ્યતાને પ્રાપ્ત થયું. માટે તેનું નામ ભગવતીજી. ભગવતીજી એટલે પૂજ્ય. મોટા ભાગના પ્રશ્નો ગૌતમસ્વામીના છે. બાકી ચતુર્વિધ સંઘના પણ પ્રશ્નોનો એમાં સમાવેશ થાય છે.

ભગવતીજીની રચના કરનારા પોતે જ હોવા છતાં પ્રશ્નો પૂછવાની શી જરૂર ? આ વાતનો ખુલાસો ભગવતીજી સૂત્રમાં સુંદર રીતે કરવામાં આવ્યો છે. તેઓ જ્ઞાની હતા છતાં પર્ષદાને બોધ પમાડવામાં તેમ જ હું જે કહું તે જ પ્રભુજી કહે છે એટલે શિષ્યોને વિશ્વાસ પેદા થાય કે પ્રભુજી કહે છે તે જ ગૌતમસ્વામી કહે છે. ત્રીજી વાત એવો કલ્પ છે કે રચના કર્યા બાદ પુનઃ સંભળાવવા જવું. કદાચ, છદ્મસ્થ અવસ્થાને કારણે ભૂલ થતી હોય તો પ્રભુજી ખુલાસો કરે, એટલે પૂછવાથી, સંભળાવવાથી પ્રભુજીની મહોરછાપ પડે છે. માટે પરમાત્માનાં આ વચનો છે. લખાણ મહેતાજી કરે છે અને સહી શેઠજીની હોય છે, તો તે પત્ર મહેતાજીનો ન કહેવાય, શેઠનો જ કહેવાય. તેમ સંભળાવવાથી સહી કરવા જેવું થાય. પરમાત્માએ કહ્યું છે માટે–

**'सुअं मे आउसं तेणं भगवया एवमक्खायं ।'**

એમનો વિનય, નમ્રતા લઘુતા, નિરાગ્રહ તપ-ત્યાગ આ બધું જ અદ્ભુત અને અલૌકિક હતું. આ બધા ગુણોના ગુણગાન કરી આપણે સ્વજીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ એવી શુભ મનોકામના.

**જૈનાગમોમાં વિવિધ વિષયો, મહાપુરુષો આદિને અનુલક્ષીને અનેક હસ્તપ્રતો પૂર્વકાળે લખાઇ હતી. આવી હસ્તપ્રતોમાં કેટલાકનું સંશોધન થયું છે તો કેટલીક હસ્તપ્રતોનું સંશોધન થયું નથી. આવી હસ્તપ્રતોનાં પાના અહીં રજૂ કરીએ છીએ.**


॥श्री जिनाय नमः॥ श्री इंद्रभूतिं वसुभूतिपुत्रं पृथ्वीभवं गौत
मगोत्ररत्नं स्तुवंति देवासुरमानवेंद्राः स गौतमो यच्छतु वांछि
तं मे ॥१॥ श्री वर्द्धमानात् त्रिपदीमवाप्य मुहूर्तमात्रेण कृतानि ये
न अंगानि पूर्वाणि चतुर्दशापि स गौतमो यच्छतु वांछितं मे ॥२॥
श्री वीरनाथेन पुरा प्रणीतं मंत्रं महानंदसुखाय यस्य ध्यायंत्य
मी सूरिवराः समग्राः स गौतमो यच्छतु वांछितं मे ॥३॥ यस्याभिधा
नं मुनयोपि सर्वे गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले मिष्टान्न
पानांबरपूर्णकामाः स गौतमो यच्छतु वांछितं मे ॥४॥ अष्टापद

V 1A

# વિનયવંત વિદ્યાભંડાર

*-પૂ. આચાર્યશ્રી વિજયવારિષેણસૂરિજી મહારાજ*

**'ધર્મચક્રવર્તીના પાદપદ્મમાં મને સ્થાન મળ્યું પછી મારી આત્મિક દરિદ્રતા ક્ષણભર ટકે નહીં.' આવો જીવતો-જાગતો પ્રચંડ પુરુષાર્થ એટલે ગૌતમસ્વામીજી મહારાજા!**

**પ્રભુની બિનશરતી સ્વીકારેલી શરણાગતિનું આલેખન અહીં તપસ્વી આચાર્ય ભગવંતે આલેખ્યું છે. અનેક શ્રીસંઘો તરફથી 'મરાઠાવાડા ઉદ્ધારક'ની પદવી પ્રાપ્ત કરનારા પૂજ્યશ્રીએ દક્ષિણ ભારતના પ્રાંતોમાં 'જૈનં જયતિ શાસનમ્'નો જયઘોષ ગાજતો કર્યો. એકદત્તી ઠામચૌવિહારી ઓળી કરનારા વર્તમાનમાં તેઓ વિશ્વવિક્રમ ધરાવનારા આચાર્યપ્રવર છે.** *—સંપાદક*

'નમો' શબ્દના મંગલ ફાઉન્ડેશન ઉપર રચાયું છે જૈનશાસન. 'નમો'ના ઉચ્ચાર વિના વિનયના લાભો કોઈ પ્રાપ્ત કરી શકતું નથી. 'નમો' જેને ગમ્યો તે સર્વ જગતને ગમ્યા વગર રહેતો નથી. 'નમો'ની સાધનાની સહાયકતાથી સર્વજ્ઞમાં સમર્થ શિખરે પહોંચાય. 'નમો'ના રણકારથી અમંગલો મંગલમય બની જાય છે.

જે પણ જ્યારે પણ ગુણનિધાન ગુરુ ગૌતમને યાદ કરશે તેને સર્વપ્રથમ નજરે ગૌતમ ગણધરની વિનયપ્રધાનતાને જોવી જ પડશે. અહંના શિખરે બેઠેલા ઈન્દ્રભૂતિમાંથી અર્હમ્—અંતરમાં વસેલા ગુરુ ગૌતમની નમ્રતાને નયનોથી નિહાળનારા ભાગ્યશાળી હશે. સદા જે ગોયમ કહીને જ્યારે વીતરાગ વલ્લભ વીર વિભુના વચને આવકારાતા હશે ત્યારે તે નમ્રતાની મૂર્તિનાં નયનો કેવાં નાચતાં હશે ! એવા વિનયની મૂર્તિ સમર્પણતાથી વીર વિભુની આજ્ઞા શિરોધાર્ય કરીને વરદ કર-કમલમાં દંડો લઈને કેવા દોડતા હશે ! જેની પાસે અનંત સિદ્ધિઓ ને લબ્ધિઓ ચરણોની દાસી બનતી હોય, તે લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી તપના આગ્રહી, આચારમાં ચુસ્ત પાલક કે છઠ્ઠને પારણે છઠ્ઠ સદા કરવા ઉત્સાહિત રહેતા હશે.

ગૌતમના તપ સામે આજના જ્ઞાનપ્રેમીને શું હસવું નહીં આવતું હોય ? —જેને તપસા નિર્જરા પસંદ નથી પડતું, જેને ગુણાનુરાગ નજરે નથી ચડતો. વિનયના ભંડાર કેવા અજોડ હતા કે શ્રાવક આનંદને પણ સરળતાથી 'મિથ્યા મે દુષ્કૃતં' કરવા ઉત્સાહથી દોડી ગયા. અભિમાને અટકાવ્યા નહીં હોય ? પંદરસો તાપસોને પલકારામાં વીર-શાસનના બહુમાન-ભાવમાં કેવા ડુબાડ્યા કે કેવળીની પર્ષદાને શોભાવનારા, સત્યં-શિવં-સુંદરંના સાધક બન્યા. દેવશર્માના દુર્લભ જીવનને દીન-દયાળુ દીનાનાથ દેવાધિદેવના દિવ્ય સંદેશને સરળતાથી સુણાવવા સંચર્યા ને સર્વજ્ઞની શોભાના સ્વામી થયા. બાળક જેવી સરળતાના સાક્ષાત્ દર્શન કરવા માટે ગુણનિધિ ગૌતમસ્વામીના ગુણોને યાદ કરીને ગૌરવવંતા ગણધરપદનું બહુમાન કરીએ.

કુંડલપુરના પાવનકર્તા, વસુભૂતિના કુળે શોભતા, રાજગૃહીના વૈભારગિરિથી મોહવિજેતા બનતા, વીતરાગ-ભાવમાંથી વિશુદ્ધ વિમલ ભાવે મોક્ષને પામતા, પચાસ હજાર કેવલીના ગુરુના બિરુદને શોભાવતા, સર્વ મંગલમાં શ્રેષ્ઠ મંગલમ્ કરતા, અનેક સૂરિવરો-મુનિવરો ને દેવેન્દ્રોથી સ્તવના કરાતા, મારા વ્હાલા-પ્યારા-લાડીલા ગૌતમસ્વામીના ચરણે ભાવપૂર્ણ વંદનાવલી, કોટિ વંદન.

પ્રભુ જ્યારે મરીચિના ભવમાં હતા ત્યારે કપિલનું શરીર ધારણ કરીને વીર બનનારા પણ મરીચિના મુખમાંથી 'અહીં પણ ધર્મ છે ને ત્યાં પણ ધર્મ છે'—ના ઉદ્‌ગારો કઢાવનારા તમે જ ગૌતમસ્વામી બની ગયા. કેવા ચમત્કાર કર્યા! ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં વીર વિભુના એ જીવના રથના સારથિ બનનારા તમે જ, તે સિંહને શાંતિ ને સમાધિના પાઠ ભણાવ્યા હતા તે તમે જ છો.

ગૌતમ ગોત્રના ધરનારા ઈન્દ્રભૂતિના ભવમાં ભારતના વિદ્વાનના અભિમાને અથડાતા તમે જ કહેતા હતા, આ કોણ માયાવી આવ્યો છે, જે માનવોને તો ઠીક, દેવોને પણ ફસાવી જાય છે, જે સર્વજ્ઞતાનું બિરુદ ધરાવે છે ને જેને હરાવવા માટે ૫૦૦ શિષ્યોની બિરુદાવલી ગજાવતા આવનારા તમે જ શું ગૌતમસ્વામી બની ગયા, તમે જ પ્રથમ ગણધરપદ પામી ગયા! અરે, તમે જ દ્વાદશાંગીના સમર્થ રચયિતા મિનિટોમાં પલટાઈ ગયા! કેવી તમારી ગુણગ્રાહકતા! કેવી તમારી નમ્રતા! કેવા તમારા ૫૦૦ શિષ્યો પણ બેસી ગયા વીરનાં ચરણે!

સાચે જ, હજી મન નથી માનતું કલિયુગના વીર-શાસનના વક્ર ને જડ જીવોમાં, શું તમારા સાથી ભાઈઓ ને ભાવિકો ૪૪૦૦ના જીવનમાં સરળતા સૂર્યને સન્માનતા તમે સૌ નવીનતાધારક આત્માઓ થઈ ગયા? આજે અહંભાવના અજ્ઞાનમાં આથડતા પામર પૂજ્ય જીવોને તમારું જ્ઞાન, તમારી શક્તિ આંશિક પણ વર્ષાવો તો આ જૈન શાસન એકતાના તારે મધુર સંગીતના સૂરોથી વિશ્વમાં વંદનીય બની જાય.

તમો અમારા વ્હાલા ને પ્યારા ગુણોને અમારામાં અર્પિત કરો તેવી મંગલ આશા રાખીએ છીએ, જેને કરુણાના સાગર, કૃપાના ભંડાર, જરૂર ઉદારતાથી પૂર્ણ કરશો. 'ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ; જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવનિધાન.' પ્રભુભક્ત માટે તો નવનિધાન નહીં, એક જ ધ્યાન જોઈએ છે કે જે મોક્ષના રાગે સદા વિકસતું રહે, વિલસતું રહે.

હે ગુણનિધાન! હવે તો તમારા ચરણે, તમારા સ્મરણે તરવાનું સાધન છે. બાકી સ્વાર્થના રાગે સંસારના સાજે કોઈ સહારો નથી, કોઈ શરણદાતા નથી. અષ્ટાપદના શિખરે સ્વલબ્ધિથી શુભ ભાવોને પોષનારા પુણ્યનિધાન! અમોને પણ આત્મલબ્ધિના સ્વામી બનાવો. ત્રણ ભુવનના તિલક પર રાજતા, સર્વના ભદ્રંકર દાતા, અમોને પુણ્યાનંદના મંગળ માર્ગે, મોક્ષના અગ્રિમ સ્થાને પહોંચાડશો. રક્ષ... રક્ષ... ગૌતમસ્વામી, ત્વમેવ શરણં મમ. તમ શરણે અમ ઉદ્ધાર થશે, અમ જીવ પર તમ ઉપકાર થશે. વ્હાલા, વંદન સ્વીકારો.

* * *

# 'ભયવં'નો નાદબ્રહ્મ : ગૌતમસ્વામી

—પ. પૂ. આ. શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
પૂ. મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી મહારાજ

**વીરની વાણીમાં સતત વહેતો શબ્દ ગોયમ અને ગૌતમના રોમેરોમે આવરાઇ ગયેલો શબ્દ છે ભયવં. આ યાત્રા આજની નથી; પણ ભવોની ગાંઠ ઉકેલાઇ જાય તો સ્પષ્ટ દર્શન થાય અને એ દર્શન જ વાસ્તવિકતાનું ભાન કરાવશે.** —*સંપાદક*

અનેક આદર્શોને ચરિતાર્થ કરનારી વિરલ વિભૂતિ એટલે જ ગૌતમસ્વામી ! કાળના વિકરાળ પેટાળમાં લુપ્ત થયેલા તેમના જીવન-કવનને ખોળવો એ શક્ય જ નથી છતાં મળતાં અવશેષોમાંથી શેષ સર્વની કલ્પના શક્ય છે જ ! નામ, ગામ ને કામની પ્રાથમિક વાતો તો સર્વવિદિત છે. આપણે તો તેમના પાર્થિવ પિંડની પેલે પાર છુપાયેલા પ્રકાશને પિછાણવો છે. તેમની મૌલિકતા ને મહાનતાના મહાસાગરના બિંદુમાત્રનો રસાસ્વાદ માણીશું તો પણ ધન્ય બની જશું.

એક જ જીવનમાં સ્વાભિમાન અને સર્વસ્વ સમર્પણની ચરમસીમા સર કરવી એ જ એમની મહાનતા હતી. મહાવીર મળ્યા પૂર્વે અભિમાનના એટલા ઊંચા આકાશમાં ઊડતા હતા કે તેમને પોતાનાથી ઊંચું કોઇ દેખાતું જ ન હતું. પોતાની જાતને જ સર્વેસર્વા ને સર્વજ્ઞ માનતા હતા. હાજી હા કરનારા ૫૦૦ શિષ્યોનું સ્વામિત્વ ને દશ સહપંડિતોના હજારો શિષ્યોનું સાર્વભૌમત્વ તેમની મોટાઇની આગમાં ઘી હોમતું હતું ! વેદના અઠંગ અભ્યાસી ને યજ્ઞકર્મમાં પરમ પાંડિત્યપૂર્ણ પ્રતિભાશાલી હતા. બ્રાહ્મણ તરીકેની પૂજ્યતા ને અજોડ વિદ્વત્તા દેશ-વિદેશમાં વિખ્યાત બની ચૂકી હતી. વિદ્વાન હોય, વિપ્ર હોય, વિખ્યાત હોય, પછી જમીનથી અધ્ધર શું કામ ન ચાલે ? સત્તા, સ્વામિત્વ ને સમૃદ્ધિ જ અહંકારનું ઓરીજીન છે ને ? પણ જે ક્ષણે તેમને મહાવીર મળ્યા, તેમની સર્વજ્ઞતાને સ્વીકારી, તેમની મહાનતાને માણી, તે જ ક્ષણે એ સ્વાભિમાનના સર્વોચ્ચ શિખર ઉપરથી સડસડાટ નીચે ઊતરી ગયા, કોઇ પણ જાતના સંકોચ કે શરમ વિના, બાળક બગીચામાં લસરપટ્ટી ઉપરથી સહજતાથી ને હસતાં-હસતાં ઊતરી પડે તે અદાથી જ ! ને પ્રભુના ચરણકમલમાં ભ્રમર તરીકેનું સ્થાન મેળવી લીધું. સત્તા, સમૃદ્ધિ ને સ્વામિત્વ—બધું જ વીરમાં વિલીન કરી દીધું. એટલું જ નહીં, પણ સ્વનું પણ સંપૂર્ણ સમર્પણ કરી દીધું ! જેમ સૈનિક બનવાની પ્રથમ શરત છે કે તમારી બુદ્ધિ સેનાપતિને સોંપી દો, તેમ સાધક બનવાની પણ પ્રથમ શરત છે કે તમારાં બુદ્ધિ-મન-અંતઃકરણ યાવત્ સર્વસ્વ તમારા આરાધ્યને સમર્પિત કરી દો ! વિદ્વાન માટે વિનીત બનવાની કઠિનાઇ તો તે જ જાણી શકે ! પણ ગૌતમ માટે કશું કઠિન ન હતું ! બાકી મનઃપર્યવજ્ઞાન હોવા છતાં મૂક જેવા બની જવું અર્થાત્ મોટાઇ બતાવવાની મહેચ્છાને મારવી ને અગણિત આજ્ઞાંકિતોનું આધિપત્ય અનુભવ્યા પછી પણ દાસાનુદાસ બનીને રહેવું એ જેવી-તેવી કળા નથી. આ પણ તેમની લબ્ધિ જ સમજવી, કે અનંત લબ્ધિઓનું પ્રભવસ્થાન જ સમજવું રહ્યું. 'અબ

સૌંપ દિયા ઇસ જીવન કો ભગવાન તુમ્હારે ચરણો મેં'ના સંગીન સંગીત સાથે પ્રભુ સાથે શાશ્વતનું સગપણ કરી લીધું. વિશેષતા તો એ હતી કે તેમણે પોતાનું જ્ઞાન, બુદ્ધિ વગેરે બધું જ પ્રભુ પાસે ગીરવે મૂકી દીધું હતું, તેથી પોતાને પ્રભુ પર જેવો અવિહડ રાગ છે તેવો રાગ વીરને મારા પર છે કે નહીં ?—તે વિચાર માટેના મનોવર્ગણાના દ્રવ્યો જ ન હતાં ! મગજની બધી સ્વિચો ઓફ કરી જ્ઞાનતંતુનાં બધાં જ કનેક્શનો કાપી નાખ્યા હતાં ! બીજી બાજુ વીર તો વીતરાગ હતા. ગૌતમના અનુરાગથી તેઓ પર હતા. 'ગોયમ' પણ તેમના સાહજિક વાક્પ્રવાહનું જ પરિણામ હતું, છતાં પૂર્વજન્મોના સ્નેહતંતુના તાણાવાણા નિરાગી એવા પ્રભુને પણ વારંવાર 'ગોયમ' 'ગોયમ' બોલવા પ્રેરતા હતા. ને વીરના વદનમાંથી વેરાતો એ 'ગોયમ' શબ્દ સાંભળવા ગૌતમનાં સાડા ત્રણ કરોડ રૂંવાડાં સજ્જ થઇ જતાં. 'ભયવં' 'ભયવં' 'ભયવં'નું ક્ષણે-ક્ષણે થતું રટણ જ તેમની સમર્પિતતાનું પ્રતીક હતું ! વીર અને ગૌતમનો સ્નેહ આજે ચરમ સીમાએ પહોંચ્યો હતો, પણ તેનાં મૂળિયાં જુગ-જુગ ઊંડાં હતાં. સૂક્ષ્મ ને કોમળ લાગતા સ્નેહતંતુઓની અખંડિત લંબાઇ માપવા કલ્પનાની ફૂટપટ્ટીનો પનો સદા ટૂંકો જ રહે છે, ત્રિકાળજ્ઞાનીની દિવ્યદૃષ્ટિ જ તેના અતલ ઊંડાણ સુધી પહોંચી તેનાં મૂળ શોધી શકે છે !

આજથી અસંખ્ય વર્ષ પૂર્વે પૂર્વના ત્રીજા ભવમાં મહાવીર જ્યારે ઋષભદેવના પૌત્ર મરીચિ તરીકે હતા, ત્યારે સંસારની સમૃદ્ધિઓ છોડી સંન્યસ્ત બનવા છતાં શારીરિક શિથિલતાનો ભોગ બન્યા. દીક્ષા ન પાળી શક્યા, ન છોડી શક્યા. કપોલકલ્પિત માર્ગ રચી મનગમતી સાધના કરવામાં જ આત્મસંતોષ માની લીધો હતો તે વખતે શિષ્યરૂપે મળેલ રાજકુમાર કપિલ એ જ ભાવિના ગૌતમ હતા.

સ્નેહતંતુના તારો લંબાતા ગયા. અઢારમા ભવમાં વીર ત્રિપૃઠ વાસુદેવ હતા. એક સિંહ પ્રજાને રંજાડતો હતો, તેથી બલિષ્ઠ એવા નરકેસરીએ પ્રજાને આ સતામણીમાંથી સદા માટે મુક્ત કરવા સિંહ સાથે યુદ્ધની બાથ ભીડી. નિઃશસ્ત્ર ને નિર્ભય વાસુદેવે પલવારમાં વનરાજનું મોઢું ફાડી જમીનદોસ્ત કરી નાખ્યો ! સિંહને મર્યાના દુઃખ કરતાં એક નિઃશસ્ત્ર માનવ-કીટથી થયેલા નાલેશીભર્યા પરાજયનું દુઃખ વધારે હતું. વાસુદેવના રથનો સારથિ સિંહના મનોભાવ પારખી ગયો. સાંત્વનનું સુધા-સિંચન એ જ હવે તો પરાજયના પશ્ચાત્તાપરૂપ પાવકમાંથી ઉગારવાનો ઉપાય હતો. સારથિએ સિંહના મનની લગામ હાથમાં લીધી અને કહ્યું કે, વનરાજ ! નાહકનો પશ્ચાત્તાપ શેં કરો ? જય-પરાજયની સોગઠાબાજીમાં પ્રારબ્ધ કરતાં પણ પરાક્રમનું જ પ્રાધાન્ય રહ્યું છે ! તું ખેદ ન કર ! આ કોઇ પામર નર નથી, આ તો નરવીર છે ! તેના હાથનું મોત પણ મંગલ છે ! સારથિના સંવેદનશીલ બે બોલ તરફડતા સિંહના અંતસ્તલની આગ શમાવવા સમર્થ હતા. આ સિંહવિદારક વાસુદેવ તે જ છેલ્લા ભવમાં બન્યા વીર ! તે સારથિ એ જ વીરની કાયામાં છાયાની જેમ રહેતા સદાના સાથી ગૌતમ !

હજુ પણ આ બેલડીના જુગ-જુગ જૂના સંબંધો હોઈ શકે છે, પણ કાળકૃત શાસ્ત્રની સીમિતતા વીર-ગૌતમના આનાથી વધુ પૂર્વ-સંબંધને બતાવવા સમર્થ નથી.

પ્રભુ પ્રત્યેનો અવિહડ રાગ ચરમભવમાં ચરમસીમાએ પહોંચ્યો હતો. તેમના પ્રત્યેક આત્મપ્રદેશમાં—રોમેરોમ વીરનું ગુંજન હતું. મનમાં મહાવીરનું જ મનન. વાણીમાં વીર-વીરનું જ

રટણ, ને પાર્થિવ પિંડનું કાલ્પનિક પોસ્ટમોર્ટમ કરતાં પણ 'મારા મહાવીર'ના જ ભણકારા સંભળાતા ! તેના પ્રભાવે જ અગણિત લબ્ધિઓ તેમના ચરણની પરિચારિકા બની હતી. તેઓ પરમાણુ જેટલા સૂક્ષ્મ ને આકાશ જેટલા વિરાટ બની શકતા હતા. અંગૂઠામાં એવું અમૃત હતું કે પાત્રાં સદા અક્ષુણ્ણ રહેતાં. પાતાળમાં પહોંચી શકતા ને આકાશમાં અધ્ધર પણ ચાલી શકતા. આકડાના રૂથીએ હળવા ને હજારો વજ્રના ભારથીયે ભારે બની શકતા ! આંખથી સાંભળી શકતા ને કાનથી પણ જોઈ શકતા અર્થાત્ પ્રત્યેક ઇન્દ્રિય બધી જ ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવા સમર્થ હતી. શરીરમાંથી સુવાસ ને શ્વાસમાંથી સુગંધના ફુવારાઓ છૂટતા હતા, મળ-મૂત્રની સુવાસિતતા તો સેન્ટના સાગરોને શરમાવે એવી હતી. દીક્ષા લીધી ત્યારથી છઠ્ઠને પારણે છઠ્ઠ કરવા છતાં હૃષ્ટપુષ્ટ દેહલાલિત્ય જોઈ દેવેન્દ્રો પણ ઝાંખા પડતા. આંખમાંથી અમીરસધારા ને વાણીમાંથી વાત્સલ્યનો ધોધ વહેતો હતો. તેઓ વીરને વશ થયા તેના પ્રતાપે આખું જગત તેમને વશ હતું. બધી જ લબ્ધિઓ તેમને લબ્ધ હતી, ને બધી જ સિદ્ધિઓ તેમને સિદ્ધ હતી. પોતાની પાસે કેવળજ્ઞાન ન હોવા છતાં દીક્ષા આપે તેને નિશ્ચિત કેવળજ્ઞાનની ભેટ આપવાની અમોઘ શક્તિના સ્વામી હતા. અંતરની અશુદ્ધિઓ દૂર થતાં વિસ્મય ને ચમત્કાર સર્જતી સિદ્ધિઓ સહજ પ્રગટે છે; પણ સાધકને મન તે છોડા સમાન છે. અનંત લબ્ધિઓના સ્વામી હોવા છતાં તદ્દન અલિપ્ત હતા, તે જ તેમની મહાન લબ્ધિ હતી. પોતે સાવ અજ્ઞાન ને ભોટ છે એવા બાલભાવથી પ્રભુને પુનઃપુનઃ પ્રશ્નો પૂછતા. પ્રભુના મુખથી ઉત્તર સાંભળતાં જાણે કંઈક નવી દિવ્યતાનો તન-મનમાં સંચાર થયો હોય તેવો અનુભવ કરતા ને રાજીના રેડ થઈ જતા. પ્રથમ પ્રહરમાં પ્રભુજીએ દેશના આપ્યા બાદ બીજા પ્રહરમાં તેઓ દેશનાનો પ્રવાહ વહેવડાવતા. માત્ર વિશિષ્ટ પ્રાતિહાર્યનો જ અભાવ હતો, બાકી જિન જેવી જ અનેક ભવોના સંશયોને હરનારી દેશના દેવા તેઓ સમર્થ હતા. સાંભળનારા સ્તબ્ધ થઈ જતા, કારણ કે જિન-અજિનની ભેદરેખાને કળી શકે એવું કોઈ સ્થાન ગૌતમે બાકી રાખ્યું ન હતું. સર્વજ્ઞ જેવા હોવા છતાં સાવ અજ્ઞ રહેવાની તેમની વિરોધાભાસી કરામતે જ એવું કંઈ કામણ કર્યું હશે કે તેઓ વીરની રગેરગમાં છવાઈ ગયા ! બાકી ગૌ ત મ — એ શબ્દસંયોગમાં જ પ્રચંડ શક્તિ-સિદ્ધિનો સ્રોત સમાયેલો છે. ગૌ એટલે ગાય-કામધેનુ, ત એટલે તરુ-વૃક્ષ-કલ્પવૃક્ષ ને મ એટલે મણિ-ચિંતામણિ—આ ત્રણે વસ્તુ વાંછિતપૂરણ છે. તેની પાસે જે માગો તે મળે, તો પછી આ ત્રણેનો સંગીન સમાગમ જ્યાં થતો હોય ત્યાં તો પૂછવું જ શું ? પ્રભુ મળ્યા પૂર્વે પણ ૪૪૧૧ સેવકોનું સ્વામિત્વ તેમના નામના પ્રભાવનું સૂચક છે ને ? મટે જ અનેક શાસ્ત્રોમાં વિકટ વિપત્તિઓ કે વિઘ્નોની વણઝારો વખતે ગૌતમનું નામ-સ્મરણ કરવાનો ઉપદેશ અપાયો છે. ઇપ્સિત કાર્યની સિદ્ધિ ને દરેક કાર્યની શરૂઆતમાં સફળતા માટે ગૌતમને યાદ કરવાનું ફરમાન છે. યાવત્ સાધુઓ ગોચરી લેવા જાય ત્યારે પણ ગૌતમને સ્મૃતિપટ પર લાવે છે અને આજે વર્ષોનાં વ્હાણાં વીત્યા છતાં તેમનું નામ-સ્મરણ પણ ધાર્યાં કામો પૂરાં પાડે છે, મનવાંછિત પૂરે જ છે, અનિષ્ટોને ચૂરે જ છે એ અનુભવસિદ્ધ છે ! આ ઉત્સર્પિણીના છેલ્લા પ્રભુના પ્રથમ શિષ્યપણાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ નાની-સૂની વાત નથી.

ગૌતમસ્વામી જેવા પરમ પુરુષને પારખવા ઔદારિક શરીર, ચર્મચક્ષુ ને કલિકાલના છેલ્લા સંઘયણવાળું મન ક્યાંથી શક્તિમાન બની શકે ? તેમના આંતરવૈભવોની રસલ્હાણ માણવા દિવ્ય દર્શન જરૂરી છે. તરતાં જ ન આવડતું હોય તે વળી તેમના જીવન-સમંદરના અતલ ઊંડાણને

ભેદી મોતી શું મેળવી શકવાનો ? છતાં આજના કહેવાતા વિદ્વાન સ્કોલરો ને સંશોધકો ગૌતમના પવિત્ર જીવન સાથે ચેડાં કરી પોતાની મૂર્ખામી ને પોથીપાંડિત્ય પ્રગટ કરે છે ત્યારે અરેરાટી છૂટી જાય છે. સમસ્ત પર્ષદા ને પ્રાણીગણનાં પાપ અને પ્રમાદના પંકને પખાળવાના હેતુથી પ્રભુ આ સમર્પિત શિષ્યને વારંવાર સંબોધતા કે 'સમયં ગોયમ ! મા પમાયહ'—હે ગૌતમ ! એક ક્ષણનોય પ્રમાદ કરીશ નહીં. ગૌતમ એકદમ અપ્રમત્ત છે એમ પ્રભુ જાણતા જ હતા. આ તો તેમની વાગ્શૈલીનો એક સહજ પ્રકાર હતો. છતાં આજના બેચલરે (?) માત્ર બૌદ્ધિક બડાઈ બતાવવાના કેફમાં વાક્યને બેડોળ બનાવી અર્થ કર્યો કે 'મહાવીરને ગૌતમ નામના એક અતિ પ્રમાદી શિષ્ય હતા તેથી વીરને વારંવાર આમ કહેવું પડતું.' ગુરુગમનો અભાવ હોય ત્યાં આવા બખાડા થાય તેમાં નવાઈ નથી, પણ આવા માથા વગરનાને જ્યારે પી-એચ.ડી.ના પુરસ્કારો મળે ને વિદ્વાન સ્કોલર તરીકેનાં વિશેષણો લાગે ત્યારે આશ્ચર્ય થાય છે. 'અંધેરી નગરી ને ગંડુ રાજા' ને 'અહો ધ્વનિ અહો રૂપં'ની કહેવતો યાદ આવી જાય છે !

ગૌતમના જીવનકવનનો કણ પણ તેમની ગુણગરિમાની પ્રતીતિ કરાવી આપે છે. શ્રેણિક મહારાજા વીરને વંદન કરીને એકદા પ્રશ્ન કરે છે : હે વિભુ ! આપના બધા શિષ્યો સાધનાની ધૂણી ધખાવીને બેઠા છે. તેમાં સર્વશ્રેષ્ઠ સાધક કોણ ? કરુણાના સાગરે પળનાય વિલંબ વિના કહ્યું, ધન્નો અણગાર ! શ્રેણિક મનોમન તેમની ઉત્કૃષ્ટ સાધનાને નમી રહ્યા. આ વખતે ગૌતમસ્વામીને એમ ન થયું કે વીરનો અનન્ય ભગત, વીર-વીરનું રગેરગમાં રટણ કરનારો, તેમનો પડતો બોલ ઝીલનાર પ્રથમ ગણધર, સેંકડો શિષ્યોને સાધના કરાવનાર ને ઘોર તપ કરનાર હું, ને મહાવીરે આટલી મોટી પર્ષદામાં ધન્નાને શ્રેષ્ઠ એવોર્ડ આપી દીધો ! મહાવીરના મને મારી કોઈ કિંમત નહીં ? ના, આવો વિચાર સુધ્ધાં સ્ફુર્યો નહોતો; પણ આ સાંભળી તેમના અંતરમાંથી આનંદના ફુવારાઓ ઊછળતા હતા.

એકદા આનંદ શ્રાવક કહે, મને આટલું અવધિજ્ઞાન થયું છે ! ગૌતમસ્વામીને થયું, ગૃહસ્થને આટલું અવધિ અશક્ય જ છે. પ્રભુને પૂછ્યું, પ્રભુ કહે, શ્રાવકને આટલું અવધિ હોઈ શકે અને આનંદને છે જ—માટે તે સાચો છે. તમારી ભૂલ થાય છે. એમની ક્ષમા માગવી ઘટે ! ને ગૌતમે સ્હેજ પણ સંકોચ વિના એક શ્રાવકના શરણે જઈ 'મિચ્છા મિ દુક્કડમ્' દઈ ધન્યતા અનુભવી.

પ્રભુએ પોતાનો અંતિમ સમય જાણી જાણી-જોઈને ગૌતમને દૂર કરવા દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલ્યા, તે વખતે પણ તેમણે વિચાર ના કર્યો કે આટલો મોટો શિષ્ય-સમુદાય હોવા છતાં આવા નજીવા કામ માટે મારા જેવા મહાન પર્યાયસ્થવિરને પ્રભુ આજ્ઞા કરે છે ? ગુણાનુરાગ, ઈર્ષ્યાનો અભાવ, સરળતા ને નિખાલસતા જેવા અનેકાનેક ગુણોની પરાકાષ્ઠાએ તેઓ પહોંચ્યા હતા, તે આ બધા પ્રસંગો જ પુરવાર કરી આપે છે ! તેમને એક જ વાતની અધિરાઈ ને અધૂરાઈ ભાસતી હતી કે મને કેવળજ્ઞાન ક્યારે થશે ? મારી મુક્તિ ક્યારે થશે ? પોતાના બધા શિષ્યો પાસે એ દિવ્ય જ્ઞાનનો અખૂટ ખજાનો હોય ને પોતાની પાસે ન હોય ત્યારે અધિરાઈ આસમાને પહોંચે તે સહજ છે.

પ્રભુ પણ તેમને માતાની મમતા ને પિતાના વાત્સલ્યનો ધોધ વરસાવી સાંત્વન આપતા કે તું ચિંતા ન કર, અંતે આપણે એક જ થવાના છીએ. શારીરિક દ્વંદ્વ પણ દૂર થઈ જશે, ને

ક્ષીર-નીર પરે આપણે એક-બીજામાં ભળી જશું. ને ગૌતમ ક્ષણવાર શાંતિ અનુભવતા. મુક્તિની અધિરાઈનો દાવાનલ વૉટર-ટૅંકોથી શેં શમે ? તેઓ જાણતા ન હતા કે વીતરાગનો રાગ જ તેમના મુક્તિ-ઉદ્યાનમાં કંટક બની બેઠો છે. પણ ગૌતમની ગતિ જ ન્યારી છે. સંસારનું કારણ કહેવાતો એવો રાગ પણ તેમને શિવનું કારણ બન્યો. પ્રભુ મહાવીરનું નિર્વાણ થયું. આજીવન અંતેવાસી બનેલા ગૌતમ અંતકાળે વીરથી ઘણા દૂર હતા. વીરના વિરહની વિકરાળ વેદનાએ તેમને વિરાગી બનાવી વીતરાગી બનાવ્યા. અંતકાળે આઘા રાખવાના આઘાતે જ તેમના ઘાતિકર્મનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. પ્રશસ્ત રાગ પણ સોનાની સાંકળ સમાન જ છે—આ ભાને તેમને દિવ્ય જ્ઞાનની ભેટ ધરી દીધી. અદના સેવક બની રહેવાની સાધનાએ તેમને શાશ્વત સ્વામી બનાવ્યા.

મહાવીર સ્વામી હતા, તો ગૌતમ સેવક હતા; મહાવીર પિતા હતા, તો ગૌતમ પુત્ર હતા. વીરને સાધ્યસિદ્ધિ માટે ઉપસર્ગોની વણઝાર વેઠવી પડી. ૧૨॥ વર્ષ ઘોર સાધના કરવી પડી. કર્મો સામેના યુદ્ધમાં ભારે જહેમત ઉઠાવી બધી શક્તિ લડાવી ઝઝૂમવું પડ્યું, પૂર્ણતાની પેઢી જમાવતાં પરસેવો પાડવો પડ્યો ને કાયાને કસી ઘસી નાખવી પડી. જ્યારે ગૌતમે આમાંનું કશું કરવું પડ્યું નથી. નથી ઘોર સાધના કરી, નથી ઘોર પરીષહો ને ઉપસર્ગો સહન કર્યા, કે નથી શરીર ઘસ્યું ! તેઓ તો સરળતાથી સહજ રીતે, સમર્પિત ભાવે અખૂટ ખજાનાના વારસદાર સ્વામી બની ગયા.

* * *

**આ જિનમંદિરોએ જ ભારતીય કલા, શિલ્પ, સ્થાપત્ય, સંસ્કૃતિ અને અસ્મિતાનું અનેરું સંવર્ધન કર્યું છે.**



# બ્રહ્મચારી ગૌતમ

*—પૂજ્ય મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજ*

**એક ભવની અસાધારણ ઘટના પાછળ અનેક ભવોનાં સંચિત કર્મોનાં ફળ એકત્ર થયેલાં હોય છે. ખૂબ લાંબા તપ પછી કોઈ સિદ્ધિ મળતી હોય છે. પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી 'ઘોર બ્રહ્મચારી' તરીકે સુખ્યાત થયા. તે ઘટના કાંઈ એક ભવમાં ઘટતી નથી. અહીં મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજે ગુરુ ગૌતમના એક આ વિશેષણને લઈને તપાસ ચલાવી છે; અને શ્વેતામ્બર-દિગમ્બર પરંપરામાં આ અંગે કેવી કેવી માન્યતાઓ પ્રવર્તે છે તે ઝીણવટથી નોંધ્યું છે. અનેક ગુણવિશેષોના ધારક ગણધરના એક ગુણને અવલોકતાં પણ કેટલું સાનંદાશ્ચર્ય થાય છે!** *—સંપાદક.*

જૈન જગત માન્ય-કાળ-વ્યવસ્થામાં દરેક ઉત્સર્પિણી અને દરેક અવસર્પિણીમાં સર્વોત્કૃષ્ટ પુણ્યવાનો ૨૪ હોય છે. અને આ ૨૪ પુણ્યવાનો તીર્થંકરો હોય છે.

આત્મા ઉપર લાગેલા અજ્ઞાનનાં તમામ આવરણો દૂર કરીને જ્યારે આ પુણ્યવાન આત્માઓ સર્વજ્ઞ-સર્વદર્શી બને છે, રાગ અને દ્વેષ સંપૂર્ણતયા ક્ષય થઈ જાય છે, ત્યાર પછી આજીવન પ્રકૃષ્ટ પુણ્યવાની હોય છે.

સર્વજ્ઞ-સર્વદર્શી બને ત્યારે ઉપદેશ દેવા માટેનો, લોકભાષામાં કહીએ તો, જે મંચ હોય તે દેવતાઓ તેમના માટે તૈયાર કરે છે. (જૈનદર્શન સંસારમાં રહેલા જીવોને ચાર ગતિમાં વહેંચે છે : દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંક. સંસારમાંથી જે આત્મા મુક્ત બને છે તે મોક્ષના કે સિદ્ધના જીવો કહેવાય છે.) આ મંચને જૈન-પરિભાષામાં સમવસરણ કહે છે. કોઈપણ તીર્થંકર સર્વજ્ઞ-સર્વદર્શી બને પછી પ્રથમ ઉપદેશ (જૈન પરિભાષામાં જેને માટે 'દેશના' શબ્દ છે.) આપે કે તુરત સાંભળનારામાંથી સંસારત્યાગ કરી સાધુ બનનાર તૈયાર થાય છે. તે સાધુઓમાં કોઈ કોઈ એવા હોય છે, જેઓ દીક્ષા લઈને, ભગવાનને પ્રદક્ષિણા દઈને પૂછે છે કે, તત્ત્વ એટલે શું છે?

ભગવાન જણાવે, ઉપન્નેઈ વા. ભગવંતને પ્રદક્ષિણા આપીને ફરી પૂછે છે : તત્ત્વ શું છે? જવાબ મળે : વિગમેઈ વા. ત્રીજી વાર પ્રદક્ષિણા આપીને પૂછે : તત્ત્વ શું છે? જવાબ હોય : ધુવેઈ વા. આને જૈનપરિભાષામાં કહે છે 'ત્રિપદી' એટલે વસ્તુ ઉત્પન્ન થાય છે, વિનાશ પામે છે અને સ્થિર રહે છે. આટલું સાંભળતાં બીજમાંથી વૃક્ષ બને તેમ, અંતર્મુહૂર્તકાળમાં તેનો વિસ્તાર એવડો કરે કે જૈનશાસ્ત્રો-આગમો-રચાઈ જાય, જેને દ્વાદશાંગી રચનાર 'ગણધર' કહેવાય છે. આ અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરોના એવા ૧૪૫૨ ગણધરો ગણાવવામાં આવે છે.

પ્રસ્તુત ગ્રંથ જેની સાથે જોડાયેલ છે તે ગણધર ગૌતમસ્વામી. જૈનજગતમાં જેનું એક વિશિષ્ટ પ્રદાન છે; વિશિષ્ટ વ્યક્તિત્વ છે.

આ ગણધર ગૌતમસ્વામીના ગુણોમાં એક ગુણ છે 'ઘોર બંભચારી.' ગૌતમ ગણધરમાં

આ ગુણના વિકાસનાં કારણો માટે શ્વેતામ્બર-દિગમ્બર બંને પરંપરાથી આપણે વિચારીએ.

**દિગમ્બર પરંપરા :** અનાદિ નિગોદમાંથી બહાર નીકળીને આગળ વધતાં સિદ્ધિને પ્રાપ્ત કરતા સાધકના ગુણોનો વિકાસ ક્રમિક હોય છે, તેમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીને અપાયેલ 'ઘોર બંભચારી' વિશેષણ મુજબ બ્રહ્મચર્યની સાધનામાંથી સ્વાભાવિક સ્થિતિની પ્રાપ્તિ માટે તેઓશ્રીના પૂર્વભવોની સાધના-આરાધના જણાઈ આવે છે.

સંસારમાં રખડપટ્ટી કરતા કોઈ એક ભવે કાશી દેશના વિશ્વલોચન રાજાની નેત્રવિશાલા નામે રાણી રૂપે ગૌતમનો જીવ હતો. તે રાણી રાજાને અતિ પ્રિય હતી. બંનેનો સંસાર સુચારુપણે વ્યતીત થતો હતો. પરંતુ એક પ્રસંગે ખળભળાટ સર્જ્યો.

કોઈ નર્તકી આવી. તેનો નાચ જોવામાં રાજા એટલો તલ્લીન થઈ ગયો કે વખતનું ભાન ન રહ્યું. રાણી રાહ જોઈને થાકી. અંતે રાણીને નર્તકીની ખબર પડી. એને મનમાં થયું કે, હું રાજાની રાણી, પણ કેદખાના જેવી સ્થિતિ છે. જ્યારે આ નર્તકી યથેચ્છ સુખ ભોગવે છે. હું પણ અહીંથી નાસી જાઉં તો સુખ ભોગવી શકું. વાસના વિકરાળ બની. પાપાનુબંધી પુણ્યે સાથ આપ્યો. આમરી નામની દાસી તથા તેની પુત્રી મદનવતીનો સાથ મળ્યો. ત્રણે ભાગી. યથેચ્છ વિચરણ કરતાં ગમે તે પુરુષો તેની સાથે ભોગ ભોગવવા કહે છે. દારૂ-માંસમાં આસક્ત બને છે. એક વાર અવંતીના પાદરથી થોડે દૂર વનમાંથી ભિક્ષા લેવા નીકળેલા મુનિને જુએ છે. નવજ્યોત—રૂપવંત મુનિ છે. ત્રણે ભાન ભૂલે છે. મુનિને રોકીને વિવિધ ચેષ્ટા કરે છે. મુનિ ઉપસર્ગ જાણી તુરત પાછા વળીને વનમાં જતા રહે છે. ત્રણે પાછી ફરે છે. સાંજના વિચાર આવે છે : રાત્રે મુનિ એકલા હશે? જંગલમાં કોણ આવવાનું ? ત્રણે જંગલમાં જાય છે. મુનિને ગોતીને અનેક પ્રકારે શારીરિક કુચેષ્ટા દ્વારા મુનિને ભોગ ભોગવવા લલચાવે છે. મુનિ પોતાના ધ્યાનમાં સ્થિર રહે છે. ત્રણે સ્ત્રીઓ પ્રત્યે પણ કોઈ જાતનો દ્વેષ નથી કરતા. મનમાં ત્રણેની ભાવદયા ચિંતવે છે કે, વાસનાવશ થયેલી આ ત્રણે સ્ત્રીઓ મારા નિમિત્તે કેટલો સંસાર વધારશે! અત્યારે એ ત્રણેની આસક્તિ જોતાં ઉપદેશ કે સમજાવટ પણ વ્યર્થ છે. રાતભરના ઉપસર્ગ પછી થાકીને ત્રણે પાછી ફરે છે.

પાપાનુબંધી પુણ્ય ખતમ થતાં ત્રણે ખૂબ દુઃખી થાય છે. મદનવતીના આખા શરીરે કોઢ નીકળે છે. તે મરીને નારકીમાં જાય છે. બાકીની બે તિર્યંચમાં. અનેક ભવમાં ભમતાં ત્રણે કૂકડાના ભવમાં ભેગી થાય છે. ઘણાં દુઃખો ભોગવી હળવી બનેલી ત્રણે એક ખેડૂતની પુત્રીઓ બને છે. ત્યાં પણ જન્મથી દુઃખી-દુર્ભાગી છે. જન્મતાંની સાથે પિતા મરી જાય છે. ધીમે ધીમે કુટુંબવિહોણી બને છે. રખડતાં-ભટકતાં મોટી થાય છે.

એક વાર અવધિજ્ઞાની મુનિનો ભેટો થાય છે. તેઓને પૂર્વભવ જાણવા મળે છે. વિષયની વિફલતા સમજાય છે. વાસનાપૂર્તિ કેટલી ભયંકર દુઃખ આપનારી નીવડી તે જાણે છે. થોડા વખતના સુખ માટે આટલું ભયંકર દુઃખ હવે આ વારાના કોઈ ભવમાં ન જોઈએ. વિષયસુખ ક્યારેય નહિ જોઈએ. જાવજ્જીવ શીલવ્રત ત્રણે ધારણ કરે છે. જ્ઞાની ગુરુને પૂછે છે કે હવે દોષકર્મ ખપાવવા શું કરવું ? ગુરુ ભગવંત જણાવે છે કે, 'લબ્ધિનિધાન વ્રત' કરો. ત્રણે બહેનો ગુરુ ભગવંતે કહેલ વિધિ પ્રમાણે વ્રત કરે છે. છેવટે તેનું ઉદ્યાપન કરે છે. આગળ જતાં ત્રણે દીક્ષા ગ્રહણ કરે છે. તેમાં પણ મોટી બહેન

(તેમ, વિશાલા)નો જીવ અત્યંત ઉત્કટતાથી 'લબ્ધિનિધાન વ્રત' કરે છે. સાથે સાથે બીજા જીવોને સુખી કરવાની ભાવના પણ તીવ્ર રહે છે. ત્રણે શીલવ્રતમાં તો એટલાં મક્કમ રીતે આગળ વધે છે કે આત્મપ્રદેશ ઉપર લાગેલા અનેક ભવોથી ભરેલી વાસનાના ભુક્કા બોલાવી દે છે. મન-વચન-કાયાથી નિર્મળ શીલપાલનપૂર્વક આગળ વધતાં અનશન કરીને ત્રણે પાંચમા દેવલોકમાં જાય છે. સ્ત્રી વેદનો છેદ. પુરુષપણું પ્રાપ્ત થયું. ત્યાં પણ બ્રહ્મચર્ય સંબંધી નિયમન. ત્યાંથી જન્મીને ત્રણે અનુક્રમે ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામે પ્રકાંડ પંડિત બને છે.

**શ્વેતાંમ્બર પરંપરા** : જૈનસાહિત્યમાંથી કે વૃદ્ધવાદમાંથી આવેલી વાતોમાં ગૌતમ ગણધરનો પ્રથમ ભવ મરીચિ-શિષ્ય કપિલ તરીકેનો છે. યુવાન વયે દીક્ષાની ભાવના થઈ. દીક્ષા અંગીકાર કરી. મતલબ, વાસના મંદ થયેલી હતી. ત્યાર બાદ જે પાંચ ભવો જોવા મળે છે તેમાં મંગલ શ્રેષ્ઠીના ભવમાં સ્વદારાસંતોષ વ્રત તે જીવે અંગીકાર કર્યું. આ પણ ક્યારે બને ? જ્યારે વાસના નબળી પડે. નહિતર, લાકડામાં જવાની તૈયારી હોય ત્યારે પણ જીવને સંયમ લેવાનું મન થતું નથી.

ત્રીજા ભવમાં ચંડાલ, પછી માછલા, પછી જ્યોતિર્માલી દેવ બને છે. પૂર્વભવના મિત્રને દેવી જોડેના અનુચિત વાસનામય સંબંધોની જાણ પણ સમજાવે છે. આ ક્યારે બને ? સદાચાર પ્રત્યે રાગ હોય તો. એકેક ભવમાં વાસનાના સંસ્કારો તૂટતા જાય છે અને બ્રહ્મચર્ય ગુણ ખીલતો જાય છે. છતાં હજી તીવ્રતમ રીતે કોઈ ભવમાં મૈથુનસેવન ન જ જોઈએ તે દઢ બનતું નથી. હું સ્ત્રી બનું કે પુરુષ બનું; પણ મને જોઈને કોઈને વાસનાવિકાર ન જાગે કે કોઈને જોઈને મને વાસનાવિકાર ન જાગે તે દઢ થયેલ નથી.

પછીના ભવમાં વેગવાન વિદ્યાધર બને છે. તેનો મિત્ર ધનબાલા નામે વિદ્યાધર-કન્યા બને છે. મૂળમાં રહેલો મિત્ર પ્રત્યેનો સ્નેહરાગ જાગે છે. ધનબાળાનું અપહરણ કરે છે. ધનબાળાને પૂર્વભવનો સ્નેહરાગ હોવાથી વાસના જાગતી નથી. વેગવાન બળાત્કારે તેને ભ્રષ્ટ કરવા તૈયાર થાય છે. ત્યાં મંત્રી જણાવે છે, બળાત્કાર કરીશ તો તારી બધી વિદ્યા નાશ પામશે. સમજાવટથી કામ લે છે. ધનબાલા માને છે. લગ્ન કરે છે. કેટલાંક વર્ષો પછી ધનબાલા બીજા જોડે નાસી જાય છે. વેગવાન વિહ્વળ બને છે. વિદ્યાબળે જુએ છે તો દેખાય છે કે, ધનબાળા વિવિધ પુરુષો સાથે યથેચ્છ વ્યભિચાર કરતી હોય છે. તેને વૈરાગ્ય જાગૃત થાય છે. વાસના પ્રત્યે સખત નફરત થાય છે. ધનબાલા પ્રત્યે અનુકંપા જાગે છે. એ સમજે છે કે, એ જીવનો સહજ સ્વભાવ છે. તે શરીરની ભૂખ છોડે છે, માયા-મમતાનાં બંધનો છોડીને દીક્ષા અંગીકાર કરે છે. ત્યાંથી દેવલોકમાં જાય છે અને પછી ઇન્દ્રભૂતિ ગૌતમ રૂપે જન્મે છે.

શ્વેતામ્બર-દિગમ્બર પરંપરાના ભવો વર્ણનથી જે જુદા પડે છે તેમાં કાંઈ અસમંજસમાં પડવા જેવું નથી. મહત્ત્વની વાત છે આ મહાપુરુષમાં 'ઘોર બંભચારી' વિશેષણની સાર્થકતા. દિગમ્બર માન્યતા પ્રમાણે વિષયની લાલસાથી પહેલી દુઃખદ ભવપરંપરાથી અને શ્વેતામ્બર માન્યતા પ્રમાણે પ્રથમ ઉન્માર્ગે જતા મિત્રને જોઈને વૃત્તિની ચંચળતા નાશ કરવા તરફ પ્રયાણ કરતાં છેવટે સ્વાભાવિક કામરાગના સંસ્કારો નાશ પામે છે. પરિણામે, મન છેવટના ભવમાં કેવળ અધ્યયન-અધ્યાપનમાં લીન રહે છે.

શ્વેતામ્બર-દિગમ્બર પરંપરામાં સ્પષ્ટતયા ગુરુ ગૌતમના અવિવાહિતપણાની અસરો ભલે ન હોય; પરંતુ પ્રમાણથી અનુમાન કાઢી શકાય કે આ મહાપુરુષ બ્રહ્મચારીપણે જ સંયમ સ્વીકારનારા હતા. આવા નિર્મળ સંયમી નૈષ્ઠિક બ્રહ્મચારી 'ઘોર બંભચારી' ગણધર ગૌતમસ્વામીને અનેકશઃ વંદનાં વતી આપણને પણ ભવોભવ સુવિશુદ્ધ બ્રહ્મચર્ય અર્પનારા બનો એવી ભાવના ભાવીએ !

* * *




રાજસ્થાનમાં સાંચોરના ગોડીજી
જૈનદેરાસરમાં બિરાજમાન

... પ.પૂ. પંન્યાસ શ્રી ધર્મધ્વજ વિજયજી મ.સા. ની પ્રેરણાથી ...
શ્રી મહાવીર સ્વામિ જિનાલય તથા
શ્રી ગોડીજી શ્વે. મૂર્તિપૂજક તપ ગચ્છ સંઘ સાંચોર (રાજસ્થાન) ના સૌજન્યથી

# શ્રી ગૌતમ ગણધરનું ધ્યાન-સંવેદન

*—પૂ. આચાર્યશ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ*

**વંદનીય વિભૂતિની દિવ્ય-ભવ્ય વિભૂતિમત્તાને જોવા-પામવા-વંદવાની પણ એક વિશિષ્ટ દૃષ્ટિ હોય છે. એ દૃષ્ટિએ એ વિભૂતિની ગુણગરિમાને પામીએ ત્યારે આપણે પણ ધન્યતાનો અનુભવ કરીએ છીએ. પૂ. આ. શ્રી વિજયમિત્રાનંદસૂરિજી મહારાજે ગુરુ ગૌતમને પામવાની એવી દૃષ્ટિનો અહીં પરિચય કરાવ્યો છે.—*સંપાદક***

હે ગણધરપદના સ્વામી ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિજી ! ત્રણ જગતના તારણહાર દેવાધિદેવ શ્રી મહાવીરપ્રભુને ઇન્દ્રજાળિયો ધૂર્ત....કહેતાં કહેતાં આપ પ્રભુ મહાવીરદેવ પાસે આવ્યા. એ ત્રિભુવનનાયકને દેવનિર્મિત સમવસરણમાં બિરાજમાન થયેલા જોયા. આઠ મહાપ્રાતિહાર્યની શોભા નિહાળી. એક બાજુ ઇન્દ્રો વડે ચામર વીંઝાતા જોયા. કેવળજ્ઞાન-કેવળદર્શનના સ્વામી જગદ્ગુરુ શ્રી વીરપ્રભુનું અનુપમ રૂપ, અનુપમ લાવણ્ય નિહાળી આપ હેરત પામી ગયા. આપના અહંકારનો હિમાલય ઓગળી ગયો. આપે મનમાં વિચાર કર્યો : શું આ બ્રહ્મા છે કે વિષ્ણુ ? શું આ સૂર્ય છે કે ચન્દ્ર? શું આ મેરુ છે કે કામદેવ ? ના...ના. બ્રહ્મા તો નથી, એ તો વૃદ્ધ છે; જ્યારે આ તો નવયુવાન છે. વિષ્ણુ પણ નથી, એ તો કાળા છે—આ તો કાંચનવર્ણી કાયાવાળા છે. સૂર્ય પણ નથી, એની તીવ્ર કાંતિ સામે જોઈ પણ ન શકાય; જ્યારે આમની સામે એકીટશે બસ, જોયા જ કરવાનું મન થાય છે. ચન્દ્ર કલંકિત છે; આ તો નિષ્કલંક છે. કામદેવ અશરીરી છે; આ તો શરીરધારી છે. તો આ કોણ છે ? જાણ્યું છે કે જૈનશાસ્ત્રોમાં ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીર થવાના છે. હા...હા, આ તે જ છે. જગદીશનો અવતાર છે. અરે, તો શું આ જગદીશના અવતારને હું જીતવા આવ્યો !

ત્યાં જ દેવાધિદેવ વીરપ્રભુએ આપને આપના નામ-ગોત્રના ઉચ્ચારપૂર્વક મધુર વાણીથી બોલાવ્યા. આત્મા વિષેના આપના સંશયને દૂર કર્યો. આપે પ્રભુના ચરણકમળમાં શિર ઝુકાવ્યું, દીક્ષિત બની પ્રભુના પ્રથમ શિષ્ય બન્યા. ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા—આ ત્રિપદી પામી અબજો શ્લોકપ્રમાણ દ્વાદશાંગી શાસ્ત્રોની રચના કરી, ગણધરપદ પામ્યા. શ્રી વીરપ્રભુએ આપને દ્રવ્યગુણપર્યાયથી તીર્થની અનુજ્ઞા આપી અર્થાત્ તીર્થની માલિકી આપને સોંપી, શાસનનાયક બનાવ્યા. સૌધર્મ ઇન્દ્રે આપના શિરે વાસક્ષેપ નાખ્યો. આ રીતે ગણધરપદના સ્વામી બનેલા આપના ચરણકમળમાં કોટિશઃ વંદન....

'ગૌતમ' એ આપનું પવિત્ર ગોત્ર. વિશ્વમાં આપ આ નામે પ્રસિદ્ધ થયા. સૌ આપને ગૌતમસ્વામી તરીકે સંબોધે છે. પ્રભુ મહાવીરે પણ આપને હજારો વાર 'ગૌતમ !' શબ્દથી સંબોધ્યા છે. વિશ્વના ઉપકારી શ્રી તીર્થંકર તથા ગણધર ભગવંતોના પવિત્ર સ્તોત્રોનું, ગોત્રોનું, અને એ તારકોના નામના મંત્રોનું કલ્યાણકામી આત્માઓ ભક્તિથી સ્મરણ કરે છે, ભાવથી રટણ કરે છે, એની ધૂન મચાવે છે અને આત્મકલ્યાણ સાધે છે.

'ઇન્દ્રભૂતિ' એ આપનું વિશ્વપાવન નામ છે. એ નામ પણ મંત્રરૂપ છે. એ નામમંત્રનું સ્મરણ અને રટણ (જાપ) મનનું રક્ષણ કરે છે, મનના દોષોને દૂર કરે છે, મનને પવિત્ર બનાવે છે અને મનમાં શુભ ધ્યાનની જ્યોત જગાવે છે. આપના નામગોત્રથી ગર્ભિત સેંકડો મંત્રો, એનો જાપ કરનાર સાધકોને આજે પણ સિદ્ધિનું સામ્રાજ્ય આપે છે.

તપ, સંયમ અને ગુરુકૃપાના બળે આપ અનંતલબ્ધિના ભંડાર બન્યા. એ લબ્ધિપદોનું ધ્યાન અને જાપ કલ્પતરુની જેમ ભવ્યાત્માઓને મીઠાં મધુરાં ફળો આપે છે.

સર્વજ્ઞપણાના મિથ્યા અહંકારમાં ડૂબેલા આપનું મિથ્યાત્વ અને અભિમાન દેવાધિદેવ શ્રી મહાવીરપ્રભુના દર્શન અને ઉદ્‌બોધન માત્રથી ઓગળી ગયું. રત્નત્રયીસ્વરૂપ મોક્ષમાર્ગના દાતા શ્રી વીરપ્રભુ ઉપર આપને અજોડ ભક્તિરાગ પ્રગટ્યો અને આપનો અનુપમ ગુરુવિનય વિશ્વમાં અવિસ્મરણીય બની ગયો !

વિશ્વમાં અજોડ આપના વિનયની શું વાત કરીએ ! આપ ચાર જ્ઞાનના સ્વામી હતા; ૫૦,૦૦૦ (પચાસ હજાર) શિષ્યોના ગુરુ હતા; સકલસંઘના પ્રાણપ્યારા પરમ ગુરુદેવ હતા; છતાં વીરપ્રભુ પાસે ૮ વર્ષના બાળક જેવા હતા. આપ પોતે જ્ઞાની હોવા છતાં દરેક વાત વીરપ્રભુને વંદન કરી અતિ નમ્ર ભાવે ચરણમાં મસ્તક મૂકી પૂછતા; અને સંભ્રમપૂર્વક પ્રભુ પાસેથી એનો ઉત્તર સાંભળી આનંદવિભોર બની જતા. પ્રભુ જ્યારે પણ જે આજ્ઞા ફરમાવે તે ઉમંગ અને ઉછરંગથી શિરોધાર્ય કરતા હતા. શાલ અને મહાશાલ રાજાઓ પ્રભુના ઉપદેશથી રાજપાટ-વૈભવ પોતાના ભાણેજને સોંપી અણગાર બન્યા, પ્રભુના શિષ્ય બન્યા. એકવાર શાલ અને મહાશાલ મુનિઓએ પોતાના ભાણેજને પ્રતિબોધ કરી, રાજપાટ છોડાવી, સંયમી બનવાની ઇચ્છાથી, વીરપ્રભુ પાસે એ માટે આજ્ઞા માંગી. પ્રભુએ કહ્યું, 'જાઓ, ખુશીથી જાઓ. સાથે ગૌતમને લેતા જજો.' દીક્ષાના દાનવીર, વિનયના ભંડાર આપને માત્ર પ્રભુનો ઇશારો જ બસ હતો.

હે ગૌતમ ગણધર ! શાલ અને મહાશાલ મુનિઓ સાથે આપ પણ પધાર્યા. ભાણેજને પ્રતિબોધીને સાધુ બનાવ્યો. પ્રભુ વીર પાસે જતાં રસ્તામાં જ એ ભાણેજમુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. દીક્ષાના દાનવીર આપ કેવળજ્ઞાનના પણ દાનવીર હતા. જેને આપ આપના વરદ હસ્તે દીક્ષા આપતા એને કેવળજ્ઞાન થઈ જતું. આપની દાનવીરતા વિશ્વમાં અજોડ છે. એને ભાવભર્યાં વંદન કરી અમે ધન્ય બનીએ !

**मंगलं गौतमप्रभु** -- એ શબ્દોમાં આપની મંગલમયતા લાખો જીભે ગવાય છે. તે આપના મહાવિનયને–પરમ વિનયને–ઉત્કટ વિનયને–પ્રકૃષ્ટ વિનયને–અદ્‌ભુત વિનયને–અલૌકિક વિનયને આભારી છે. અમે પણ **मंगलं गौतमप्रभु** બોલી વિનયના પાવરહાઉસ એવા આપની સાથે કનેક્શન જોડી વિનયનો પ્રકાશ પામીએ અને અમારા અહંકારને ભોંયભેગો કરીએ.

વિનયગુણના સ્વામી હે ગૌતમ ઇન્દ્રભૂતિજી ! અમ પર અમીનજર રાખો ! કૃપાનો ધોધ વરસાવો !

હે પરમ ગુરુદેવ ! આપ બીજબુદ્ધિના ભંડાર હતા. સર્વાક્ષરસન્નિપાતિની લબ્ધિના ધારક હતા. અંતર્મુહૂર્તના કાળમાં એક એક શબ્દમાંથી અનંત અર્થ નીકળે એવા દ્વાદશાંગી શાસ્ત્રોની રચના કરીને આપે વિશ્વને જ્ઞાનનો અમૂલ્ય ખજાનો આપ્યો. સમ્યગ્ જ્ઞાનનો ઝળહળતો પ્રકાશ

વિશ્વ પર પાથર્યો. અજ્ઞાન જગતને જ્ઞાનનો અખૂટ વારસો આપ્યો. હે શ્રુત સંપત્તિના દાતા, પરમ ઉપકારી, પરમ ગુરુદેવ, આપ વિશ્વમાં સદા જયવંત છો !

આપના વરદ હસ્તે દીક્ષિત થનાર પચાસ હજાર શિષ્યો કેવળજ્ઞાન પામ્યા. આ અજાયબીના સર્જક ઓ પુણ્યનિધિ ! આપે બાલજીવોના પ્રતિબોધ માટે શ્રી વીરપ્રભુને હજારો પ્રશ્નો પૂછ્યા. પ્રભુએ 'હે ગૌતમ !'ના સંબોધનપૂર્વક એ પ્રશ્નોના ઉત્તરો ક્યારેક એકદમ સંક્ષેપમાં, તો ક્યારેક અતિ વિસ્તારપૂર્વક આપવાની આગવી રીત પ્રભુ વીરની ખૂબ અજબગજબની હતી; સુર, નર, તિર્યંચોને આનંદવિભોર બનાવી જતી હતી.

જૈનશાસનનું મૂળ વિનય છે. ધર્મનો પાયો વિનય છે. શાસ્ત્રોમાં વિનય ૪ પ્રકારનો, ૧૦ પ્રકારનો, અને ૬૬ પ્રકારનો બતાવવામાં આવ્યો છે. એ સર્વ પ્રકારનો વિનય આપના જીવનમાં સહજ બની ગયો હતો. તાણાવાણાની જેમ વણાઈ ગયો હતો. ક્ષીરનીરની જેમ આત્મપ્રદેશો સાથે ઓતપ્રોત બની ગયો હતો, એ વિનયગુણનો ભવ્ય જીવોને ભવ્ય આદર્શ આપી આપશ્રીએ સકલ સંઘ ઉપર અનંત ઉપકાર કર્યો છે. એ વિનયની જડીબુટ્ટીના દાતા આપ, અમારા માટે તીર્થસ્વરૂપ છો, મહામંગલ સ્વરૂપ છો.

આપે આપના જન્મથી ગોબર ગામને પાવન કર્યું. બિહારની ધરાને ધન્ય બનાવી. પૃથ્વી માતાને રત્નકુક્ષી બનાવી. વસુભૂતિ પિતાનું કુળ દીપાવ્યું. શાસન-નાયક પદ શોભાવ્યું, અનંત-ઉપકારી, અનંત કરુણાના સાગર ચરમ તીર્થપતિ પ્રભુ વીરની ૩૪ વર્ષ સુધી અનુપમ સેવા કરી. ૧૨ વર્ષનો કેવલીપર્યાય પાળી વૈભારગિરિ ઉપર એક માસનું અનશન કરી પરમ પદને વર્યા !



ગૌતમસ્વામી જે સ્થળે અનંતસુખના ધામ મોક્ષને વર્યા તે ગુણશીલ ઉદ્યાન આજ (ગુણિયાજી તીર્થ) ગુરૂ ગૌતમસ્વામીના અંતિમ-સંસ્કારની સ્મૃતિરૂપે રચવામાં આવેલ જલમંદિરથી પવિત્ર તીર્થધામ બની ગયું છે.

અદના સેવક બની રહેવાની સાધના એજ તેમને શાશ્વત સ્વામી બનાવ્યા. લબ્ધિપદોનું ધ્યાન અને જાપ કલ્પતરુની જેમ ભવ્યાત્માઓને મીઠા મધુરા ફળો આપે જ છે.

# વિનયમૂર્તિ ગૌતમ

*—પૂ. આચાર્યશ્રી વિજયકુન્દકુન્દસૂરિજી મહારાજ*

**વિનયથી વૈરાગ્ય અને વૈરાગ્યથી વીતરાગતા સુધી પહોંચનાર ગુરુ ગૌતમસ્વામી મહારાજાની જીવનની ઘટનાઓ પ્રથમ દર્શન, અષ્ટાપદવંદન અત્રે લખાઈ છે. પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયમાં હમણાં જ જેમને સૂરિપદથી વિભૂષિત કર્યા એવા પૂજ્યશ્રીના પ્રસ્તુત લેખની ભાષા સાદી અને સરળ છે પણ તેમાં ગૌતમસ્વામી પ્રત્યેનો અહોભાવ છલકાતો દેખાય છે.** *—સંપાદક*

**'આજ્ઞાથી સેવા દીપે, આજ્ઞામાં સુખસાર;**
**આજ્ઞાથી ગૌતમ ગયા, ભવસાગરની પાર.'**

આ જગતમાં અનેક આત્માઓ જન્મે છે અને મરે છે; પરંતુ સર્વનાં જીવનચરિત્રો આલેખાતાં નથી. જેમનું જીવન વિશિષ્ટ હોય, આદર્શભૂત હોય, પ્રભાવશાળી હોય તેમનું ચરિત્ર જ લખાય છે. એવા એક વિશિષ્ટ આત્માનું ચરિત્ર અહીં આલેખ્યું છે, જેમને જીવો ગૌતમસ્વામી તરીકે ઓળખે છે; જેમનું માહાત્મ્ય કામધેનુ, સુરતરુ, સુરમણિ અને ચિન્તામણિ કરતાં અધિક છે. પ્રભાતે જેમનું નામસ્મરણ સર્વકલ્યાણકારી નીવડે છે.

ગૌતમસ્વામીનું મૂળ નામ ઇન્દ્રભૂતિ હતું; પરન્તુ તેમનું ગોત્ર 'ગૌતમ' હોવાથી ગૌતમસ્વામી તરીકે પ્રસિદ્ધ થયા. જેમ પૃથ્વીમાતા અનેક નરરત્નોની જનની છે, તેમ આ પૃથ્વીમાતાનાં ત્રણ પુત્રરત્નો હતા : ૧. ઇન્દ્રભૂતિ, ૨. અગ્નિભૂતિ અને ૩. વાયુભૂતિ. મગધદેશના ગુબ્બર ગામના વસુભૂતિના આ ત્રણે પુત્રો ચરમ તીર્થંકર શ્રી મહાવીર ભગવંતના અગિયાર ગણધરોમાં પહેલા, બીજા અને ત્રીજા ક્રમે ગણધર બનવા ભાગ્યશાળી થયા હતા. તેમાં ગૌતમસ્વામી ઉત્તમ કાયાવાળા કનકવર્ણા, પોતાના તેજપુંજથી સૂર્યચંદ્રને હરાવીને આકાશમાં ભમતા કરી મૂક્યા હોય એવા તેજસ્વી હતા. કેવળ તેજસ્વી હતા એટલું જ નહિ; સાથે સાથે સમચતુરસ્ર સંસ્થાનવાળા—સમગ્ર દેહ સપ્રમાણ અંગ હોય તેવી કાયાવાળા હતા. વળી તેઓ વજ્રઋષભનારાચ સંઘયણ (સહુથી વધારે મજબૂત) ધરાવતા હતા, જે સંઘયણ વિના કોઈ જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. આ સંઘયણવાળા બધા જીવોને કેવળજ્ઞાન થાય એમ પણ નથી; પરંતુ કેવળજ્ઞાન મેળવનારને તો આ સંઘયણ હોવું આવશ્યક છે. હાલમાં ભારત અને ઐરાવર્ત ક્ષેત્રમાં કેવળજ્ઞાનનો અભાવ દેખાય છે તેમાં વજ્રઋષભનારાચ સંઘયણનો અભાવ પણ કારણભૂત છે. ઇન્દ્રભૂતિએ પોતાના ૯૨ વર્ષના આયુષ્યમાં, ૫૦ વર્ષની વયે ભગવાન મહાવીરના ચરણે દીક્ષા અંગીકાર કરી. ૫૦ વર્ષ સુધી તેમણે શો વ્યવસાય કર્યો હશે તે અંગે ખાસ નોંધ મળતી નથી; પણ યજ્ઞ-ક્રિયા-કાંડ કર્યા-કરાવ્યા હશે એવા સંકેતો મળે છે. ઇન્દ્રભૂતિના લગ્ન થયા હશે કે નહિ એ પણ સંશોધનનો વિષય છે. વેદોનાં પદો જોતાં તેમને આત્મા વિષે સંશય થયો હતો, છતાં પોતાને સર્વજ્ઞ માનતા હતા. અન્ય કોઈને સર્વજ્ઞ જાણી ઈર્ષા કરતા હતા.

એટલે ભગવાન મહાવીરને વાદ કરીને હરાવવાનો નિર્ણય કરીને પોતાના ૫૦૦ શિષ્યો સાથે દેવોએ રચેલા સમવસરણ પાસે પહોંચ્યા. ધમધમ કરતાં સમવસરણના પહેલા જ પગથિયે પહોંચેલા ઇન્દ્રભૂતિ દિગ્મૂઢ બનીને ભગવાનને જોઈ રહ્યા અને વિચારી રહ્યા કે, આ કોણ છે ? બ્રહ્મા છે ? વિષ્ણુ છે ? મહેશ છે ? ત્યાં તો આપોઆપ સૂઝ પડી કે, આ તો ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર છે ! હું એમની પાસે કેવી રીતે જઈશ ? કેવી રીતે બોલીશ ? ત્યાં તો પરમ દયાળુ એવા વીર પરમાત્માએ સામેથી કહ્યું : 'सुखेन आगतवान् असि इन्द्रभूते!'—હે ઇન્દ્રભૂતિ ! સુખપૂર્વક આવો.

લડવા આવનારની સામે પણ આવી પ્રિય વાણી ! આ સાંભળીને ઇન્દ્રભૂતિને આશ્ચર્ય થયું કે, શું તેઓ મારું નામ પણ જાણે છે ! અથવા ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવા મારા નામને કોણ ન જાણે ! પરંતુ મારા મનના સંશયને છેદે તો જાણું કે તેઓ સર્વજ્ઞ છે !

એટલામાં ભગવાને કહ્યું : 'को जीवसंशयः !' — આપને શું જીવવિષયક સંશય છે ? તો તમે વેદના પદોનો અર્થ સારી રીતે કેમ વિચારતા નથી ? એમ કહીને સાચો અર્થ બતાવતાં ઇન્દ્રભૂતિના સર્વ સંશય દૂર થયા અને પ્રભુ પાસે ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા અંગીકાર કરી.

**ગૌતમ ગયા પરખવા, ગયા સ્વયં પરખાઈ;**
**'વીર શિષ્ય થઈ છેવટે, મુક્ત થયા મુનિરાય.**

દીક્ષા અંગીકાર કર્યા પછી 'आणाए धम्मो'—આ સૂત્રને પોતાના જીવનમાં ઉતારી પૂરેપૂરો સમર્પિતભાવ કેળવ્યો. આ ભવમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એવો વિનય કેળવ્યો. ભગવાનના ૧૪ હજાર શિષ્યોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. તેઓમાં એટલી વિશેષતા પ્રગટ થઈ કે તેઓ જેને જેને દીક્ષા આપે તેને પ્રાયઃ કેવળજ્ઞાન પ્રાપ્ત થતું હતું ! દીક્ષા લીધા પછી ભૂલ ન થાય તેની કાળજી રાખતા, અને થઈ જાય તો મિચ્છામિ દુક્કડં દેતાં વાર ન લગાડતા. આનંદ શ્રાવકને ઉત્પન્ન થયેલા અવધિજ્ઞાન સંબંધમાં ભગવાને સમજાવ્યું ત્યારે પોતાની ભૂલ દેખાતાં તેની પૌષધશાળામાં જઈને મિચ્છામિ દુક્કડં દીધું હતું.

દુર્ગંધ મારતા ખરાબ સ્થળે જીવો જતાં નથી; ત્યાં પણ મૃગાપુત્ર લોઢિયાને ત્યાં જઈ કર્મનો વિપાક કેટલો ભયંકર છે તે સાક્ષાત્ જોયું હતું. નાના સાથે નાના થઈને રહેવાનો વિવેક તેઓશ્રીએ કેળવ્યો હતો. છઠ્ઠને પારણે છઠ્ઠ કરીને આત્માને ભાવિક કરતા હતા. તપ વડે સિદ્ધિ અને લબ્ધિ ઉત્પન્ન થાય છે. ગુરુ ગૌતમસ્વામી માટે તો અતિપ્રચલિત દોહરો છે જ :

**'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;**
**તે ગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલદાતાર.'**

એકવાર ભગવાને કહ્યું કે, જે આત્મા પોતાની લબ્ધિથી અષ્ટાપદ પર્વત ઉપર જાય અને ત્યાં એક રાત રહે તો તે જ ભવમાં મુક્તિ પામે છે. એ સિદ્ધ કરવા જ્યોતિરશ્મિચારણલબ્ધિ વડે અષ્ટાપદ પર્વત પહોંચ્યા. ત્યાં 'જગચિંતામણિ સ્તોત્ર' રચ્યું. વજ્રસ્વામીના જીવ તિર્યકજાંભૃકને પુંડરીક-કંડરીક અધ્યયન સંભળાવી પ્રતિબોધ્યા. અષ્ટાપદથી ઊતરતાં ૧૫૦૦ તાપસોને પ્રતિબોધ પમાડ્યો. આ તાપસોએ દીક્ષા લઈ કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કર્યું હતું.

ગૌતમસ્વામીની એક વિશિષ્ટતા એ હતી કે તેઓ એકીસાથે ગુરુ પણ હતા અને શિષ્ય

પણ હતા. પોતે ચાર જ્ઞાનના ધારક હોવા છતાં, નાનામાં નાના પ્રશ્નો-સંશયો ભગવાન પાસે રજૂ કરતા, અને ભગવાનના ઉત્તરને બાળસહજ કુતૂહલથી પામી રહેતા. ઉત્તર મળી જતાં, સંશય દૂર થતાં, આનંદવિભોર બની જતા. અને 'ભગવતી સૂત્ર'માં તો આવા ૩૬ હજાર પ્રશ્નોના નિરાકરણનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે.

ભવોભવ ભગવાન સાથે રહીને, આ ભવે ઈન્દ્રભૂતિ રૂપે જન્મેલા ગૌતમસ્વામીએ ૫૦મા વર્ષે દીક્ષા ગ્રહણ કરી, ૮૦મા વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, ૧૨ વર્ષ કેવલી રહી, અંતે એક માસનું અણસણ કરીને, ૯૨ વર્ષે નિર્વાણ પામ્યા. એવા ગણધર ગૌતમસ્વામીના ચરિત્રના અગણિત ગુણોમાંથી યત્કિંચિત ગુણો પ્રાપ્ત થાઓ ! અને આપણ પામર જીવને પળેપળ પ્રેરણા પ્રાપ્ત થાઓ ! એવી પ્રાર્થનાસહ કોટિ કોટિ વંદના !

* * *



# મન ગૌતમ બને... તો મહાવીર સ્હેજે મળે

*—પ્રો. કે. ડી. પરમાર*

**ઇન્દ્રભૂતિ ગૌતમની ભગવાન મહાવીરસ્વામી પ્રત્યેની સમર્પિતતા જેમ અનન્ય હતી તેમ ભગવાન મહાવીરસ્વામીની ઇન્દ્રભૂતિ ગૌતમ પ્રત્યેની કૃપા પણ અનન્ય હતી. પ્રભુએ ઇન્દ્રભૂતિ ગૌતમને સત્‌નું સંગીત અર્પ્યું. સત્ એ જ ધર્મનો મર્મ. અસત્‌ની સાથે અજ્ઞાન અને અહમ્ પણ લુપ્ત બને છે. વિદ્વાન એવા પ્રો. કે. ડી. પરમારે અહીં આ લેખ દ્વારા સત્ય-અસત્યની ઊંડી સમીક્ષા કરવાપૂર્વક શિષ્યની સમર્પિતતા અને પ્રભુની કૃપાદૃષ્ટિ તથા સદ્‌ગુરુ અને ગુરુકૃપાનો મહિમા વગેરેનું સુંદર અને હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે. —સંપાદક.**

ચિદાનંદ—શુદ્ધાત્માનું સુરીલું અને સંવાદી સંગીત, શ્રમણ ભગવાન મહાવીર પાસેથી, શ્રી ગૌતમ મહારાજાને જે સાંભળવા મળ્યું, તેનો જગતમાં જોટો જડવો મુશ્કેલ છે. એ સંગીતના સૂરમાં છે, સત્યનો રણકાર.

**"सच्चामि वसहि तवो, सच्चामि संजमो**
**तह वसे, तेसा हि गुणा—"**

સત્યમાં તપનો વાસ છે, સત્યમાં સંયમ અને સમસ્ત ગુણોનો વસવાટ છે.

અસત્‌ના ઓરડે ઘૂમતા, કુટાતા અને અથડાતા આત્માને સત્‌ના મહાલયમાં મ્હાલવા, વિહરવા અને આનંદવા માટે, પરમાત્મા મહાવીર દેવનું સહુ કોઈને આમંત્રણ છે. આ સત્‌ના સંગીતમાં સૂર પુરાવવો, એ જ ધર્મનો મર્મ છે.

વામનમાંથી વિરાટ થવાની, ભિખારીમાંથી ભગવાન થવાની, પામરમાંથી પરમાત્મા થવાની, સત્યના આ સૂરમાં જે શક્તિ છે, તે જ ગુરુનો શિષ્ય પર થતો સાચો શક્તિપાત છે. તે જ શક્તિ શિષ્યને અસત્‌માંથી સત્‌માં જવા, તિમિરમાંથી તેજમાં જવા, મૃતમાંથી અ-મૃતનો આસ્વાદ માણવા પ્રેરે છે. અણાહારીપદ પામવા, સંયમસામ્રાજ્યના સ્વામી થવા, ગુણોમાં વસવાટ કરવા અને સુખસાગર બનવા હાકલ કરે છે.

તે માટે પુદ્‌ગલ પરની સઘળી આસક્તિ ખંખેરી નાખવી પડે છે. પુદ્‌ગલની પકડમાં પામરતા અને નશ્વરતા છે; જ્યારે પરમાત્માની પકડમાં મહાનતા અને અમરતા છે. આત્મા જ્યારે પુદ્‌ગલની સઘળી આસક્તિને પરમાત્મા તરફ વાળે છે, ત્યારે એ આસક્તિ ભક્તિનું સ્વરૂપ પામી પરમ સત્યનું ઉદ્‌ઘાટન કરે છે.

ચાવી છે, તાળું છે, તિજોરી છે, તિજોરીનું તાળું બંધ છે. ચાવી ન મળે તો તિજોરીમાં રહેલું ધન જતું રહેતું નથી. તાળું ન ખૂલે તો પણ અંદરના ધનને આંચ આવતી નથી.

આવરણના ખિસ્સામાં પડેલી ચાવીની ખબર, બેખબર આત્માને, ગુરુ વિના કોણ આપે ?

મહાવીર ગુરુ છે; ગૌતમ શિષ્ય છે. ગુરુ-શિષ્યનો સંબંધ પ્રારંભથી પૂર્ણતા સુધીનો છે, ઉદયથી અસ્ત સુધીનો છે, અજ્ઞાનથી કેવળજ્ઞાન સુધીનો છે. પ્રથમ ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધીનો છે.

પ્રથમ ગુણસ્થાને મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ મહારોગ છે, મહારિપુ છે, મહા તિમિર છે. જીવ તેના પનારે છે, તેથી તેને પોતાના શિવ સ્વરૂપનું દર્શન થતું નથી. તેને "સમ્યગ્"માં ફેરવવાનું છે. પ્રથમ ગુણસ્થાન મિથ્યાત્વથી શરૂ થતી આ યાત્રાની પૂર્ણાહુતિ (=સ્વભાવ દશાની પ્રાપ્તિ) તેરમા ગુણસ્થાને થાય છે, પછીની અવસ્થાનું વર્ણન નથી, કેવળ અનુભવ છે.

આ યાત્રાનો આરંભ ઇન્દ્રભૂતિ ગૌતમના અહંકારથી થાય છે, તેની પૂર્ણતા પરમાત્મા મહાવીરદેવને મળવાથી આવે છે.

બંધનકારક અહંકાર તૂટે નહિ ત્યાં સુધી કોઈ પણ જીવ શાતા પામી શકતો નથી. અહંકારનું એરૂ જેને આભડે, એનું આવી બને. જીવ માત્ર અહંકારથી પીડાય છે. તેથી બીજાને પીડા આપવામાં અહંકારને આનંદ આવે છે. બીજાને ઉતારી પાડવામાં અહંકારને મજા પડે છે. કોઈનો ઉત્કર્ષ એ સાંખી શકતો નથી; બીજાં આગળ, પોતાની જાતને આગળ ધરવામાં એ પાછી પાની પણ કરતો નથી.

જાત ઉપરનો પૂરેપૂરો રાગ, એ જ અહંકારનું સ્વરૂપ છે. એ રાગ, સર્વસમર્થ સદ્‌ગુરુના શરણે ગયા વિના શુદ્ધ થતો નથી.

રાગને નિર્મૂળ નહિ, પણ નિર્મળ કરવાનો છે. રાગને નિર્મળ કરવા માટે મહાવીર પાસે પહોંચવાનું છે.

રાગનો વિષય વીતરાગ બને તો, મહાવીર દૂર નથી. આત્માનો વિસામો પરમાત્મા બને ત્યારે જ સકલ કલ્યાણની સિદ્ધિ થાય છે. ઇન્દ્રભૂતિ ગૌતમના જીવનમાં થયેલું એકાએક રૂપાંતર આનો પ્રબળ પુરાવો છે.

પાવાપુરીમાં એક સોમિલ નામનો બ્રાહ્મણ ગૌતમ ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ વગેરે અગિયારે બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવી રહ્યો હતો. સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાન મહાવીર પણ તે વખતે ત્યાં પધાર્યા. આકાશમાર્ગે દેવોએ આવી સમવસરણ રચ્યું. દેવવિમાનોના આગમનને જાણનાર લોકોના મુખે સર્વજ્ઞ પ્રભુની પ્રશંસા સાંભળી, ઇન્દ્રભૂતિ ગૌતમ અભિમાનપૂર્વક આશ્ચર્ય પ્રકટ કરે છે : "વાહ ! મારા સિવાય વળી કોઈ બીજોય સર્વજ્ઞ છે ?" પૃથ્વી ઉપર પોતાના સિવાય કોઈ સર્વજ્ઞ છે; એ વાત પણ તેઓ સાંભળી શકતા નથી, સહી શકતા નથી. અહંકારને ઠેસ વાગી, ભારે પીડા થઈ.

મિથ્યાત્વ-માતંગ પર બેસી, પ્રભુને પરાજિત કરવા એ ચાલી નીકળ્યા. સમવસરણમાં પ્રભુને જોઈ ઠંડા હિમ જેવા થઈ ગયા. વીરનાં મધુર અને સ્વ-શંકાને દૂર કરતાં વેણથી એમના મનના

સંશયો છેદાઈ ગયા. પ્રભુના ચરણે ઝૂકી ગયા. સંપૂર્ણપણે ભગવાન મહાવીરને સમર્પિત થઈ ગયા. આત્મા આબાદ થઈ ગયો. આ એટલે "હું"—એને બાદ કરતાં થતી શુદ્ધિ અને સિદ્ધિની ગૌતમને પ્રાપ્તિ થઈ. આત્મ-સ્વરૂપમાં જાગેલા એ સદ્ગુરુના સાંન્નિધ્યમાં ગૌતમને જીવંત સાધના મળી. જીવનમાં પરિવર્તન આવ્યું. જ્ઞાનનું ઘોર આવરણ અહંકાર, તે ટળી ગયો. અહંકારનું વિસર્જન થયું, નમસ્કારનું સર્જન થયું.

"ઈક્કો વિ નમુક્કારો, જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ...."નો પ્રભાવ જોવા મળ્યો.

ગૌતમસ્વામીને લાધેલા આ સત્યનું દર્શન કરતાં એમ થાય કે આપણે પણ આવા ક્યારે થઈશું ? કે પછી અહંકારરૂપી અજગરના ભરડામાં આવેલો આત્મા ક્યારેય બહાર નહિ નીકળે ?

સદ્-ભાવ અંતરમાં અડી જાય, તો સ્વભાવ પ્રગટતાં વાર નહિ. ગુરુદૃષ્ટિ આત્મા ઉપર પડી જાય તો સમ્યગ્દૃષ્ટિ ખૂલી જતાં વાર નહિ. આ સમ્યગ્ દૃષ્ટિ પ્રગટાવવા માટે જ ધર્મનાં સદનુષ્ઠાનો છે, અનુષ્ઠાનોની આરાધના છે.

જે સાચું છે તેને સ્વીકારીને જ જીવવામાં ધર્મનો જયજયકાર છે, નહિતર હા..હા..કાર છે.

'સત્'ની ચાવી ગુરુ દ્વારા જ હાથમાં આવે છે; અને એ હાથમાં આવે છે ત્યારે તિજોરીના તરબતર માલની ઝાંખી થાય છે. મેળવવું છે કે થવું છે કે બનવું છે, તેના કરતાં જે છે તેને માણવું છે, એમાં જ સાચી ધર્મકલા સમાયેલી છે.

આ કલાનો આરંભ પરમાત્મા તરફની પ્રીતિ-ભક્તિ કે રાગથી થાય છે. પણ આ માર્ગે આગળ વધતાં, રાગનો એક ધાગો પણ રહી જાય તો...? કેવળજ્ઞાન ન પ્રગટે. આકારમાં રહેલા નિરાકારનો અનુભવ ન થવા દે. તે આત્માની લબ્ધિથી બીજા પામી જાય, પણ પોતે રહી જાય.

ગૌતમસ્વામીને કેવી લબ્ધિ મળી હશે ! કે સ્વહસ્તે દીક્ષિત ૫૦,૦૦૦ શિષ્યો કેવળજ્ઞાની થયા. શિષ્યોને કેવળજ્ઞાની થતા જોઈને પોતે રાજી થતા અને ગુરુભક્તિમાં, ગુરુસેવામાં લીન રહેતા. પોતાને પણ કેવળજ્ઞાન જેટલો લાભ માનતા. જગ-ગુરુ આ જાણતા હતા. તેથી સ્તો ગૌતમસ્વામીને પ્રતિબોધ કરવા મોકલ્યા અને પોતે પરમપદ પર આરૂઢ થયા. સિદ્ધ-બુદ્ધ બન્યા.

વીરની આ વિદાય ગૌતમ માટે અસહ્ય બની. વી...ર...વી...રના એ વિલાપમાંથી વીરનો રાગ ગયો અને વીતરાગી બન્યા.

સત્-ગુરુ શિષ્યને, શિષ્ય ન જ રાખે. પોતાના જેવો બનાવીને જ જંપે એવા ગુરુનો મહિમા કોણ બતાવી શકે ?

આરોગ્યને ટકાવવા માટે ચપટી ભસ્મ પણ પૂરતી છે. જે તે ફાકીઓ ફાકવાથી કામ સરતું નથી. દેહાધ્યાસને દૂર કરવા 'સત્'નું સેવન આવશ્યક છે.

એનું સેવન કરનાર જ, દેહમાં રહેલી દિવ્યતાનું દર્શન કરી શકે છે. એના અંગૂઠામાં અમૃત વસે છે. લબ્ધિનો એ ભંડાર બને છે. અને જ્યારે આવું થાય છે ત્યારે, તે સહુ કોઈના વાંછિત ફળદાતાર પણ બને છે.

મન જ્યારે ગુરુને સંપૂર્ણપણે સમર્પિત બને છે, ત્યારે જીવન જીવવાનો અજબ કીમિયો હાથ લાગે છે.

મન ગૌતમ બને તો મહાવીર સ્હેજે મળે.

મનનું મટી જવું, મનનું ન હોવું એ જ મહાવીરનો મેળાપ છે, પરમાત્માની પ્રતીતિ છે, પરમ સત્યનો સાક્ષાત્કાર છે.

**એક પ્રગટેલા દીવા પાસે, અપ્રગટ દીવો આવ્યો,**
**પ્રગટેલાની લપેટમાં આવતાં જ, અપ્રગટ પણ પ્રગટી ગયો.**
**ગુરુ દીવો....ગુરુ દેવતા....વાહ ગુરુ મહાવીર....!**
**વાહ શિષ્ય ગૌતમ....!**

ભગવાન આપણને દાસ રાખવા નથી માગતા. આપણે ભલે ભગવાનને કહીએ કે, "હું તમારો દાસ છું." પણ ભગવાન તો કહે કે, "તું મારા જેવો થઈ જા." ભગવાન સાથે જોડાયેલી ચેતના પણ યોગ્ય સ્થાને પહોંચાડે જ.

માટી જ ઘડારૂપે બને, પણ માટી જંગલમાં કે ખાડામાં પડી રહે તો....? ઘડાપણું પ્રાપ્ત થાય....? અને એ પણ યાદ રાખવાનું કે માટીના ઘડા બને, પણ બધી માટીના નહિ !

ઉપાદાન તત્પર હોય તો ભગવાન સત્વર છે જ. પ્યાસ જાગે તો કૂવો હાજર જ છે. શિષ્ય તૈયાર હોય તો ગુરુ સામેથી આવીને મળે છે. પરમાત્મા તમને પોકારે છે. તમારી તૈયારી હોય તો તે મળવા તૈયાર જ છે. પાવાપુરીમાં મહાવીર પ્રભુ પધાર્યા, શા માટે ? તેનું આ રહસ્ય છે.

ગુરુ પૂર્ણ વીતરાગી હતા...તો શિષ્યમાં રાગનો એક અંશ પણ રહેવા ન દીધો...શિષ્ય પોતાને સર્વજ્ઞ માનતો હતો તો તેને સર્વજ્ઞ ગુરુએ પૂરેપૂરો સાથ આપ્યો. બે વચ્ચે અભેદ કાર્યકર બન્યો એટલે બે ન રહ્યા. રહ્યો માત્ર વીતરાગ-સર્વજ્ઞ એવો એક આત્મા. જેમાં આવા ગુરુ-શિષ્યની બેલડી જામે, એ શાસનનો સૂર કેવો હોય....?

જ્ઞાન ભીતરમાંથી પ્રગટે ત્યારે એ અનુભૂતિ બને છે. આત્માનું ઐશ્વર્ય એ જ્ઞાન છે, અને પરમાત્માનું ઐશ્વર્ય એ કેવળજ્ઞાન છે. જ્ઞાન કેવળજ્ઞાન બને તો આત્મા પરમાત્મા રૂપે પરિણમે. ચૌદમા ગુણસ્થાને બિરાજે, પછી તો પૂર્ણિમાની પૂર્ણતાનો પ્રકાશ જ રહે છે.

આત્મદ્રષ્ટા ગુરુને સમર્પિત થવાની ભાવના જેની પાસે છે, તે જ પોતાની જાતને મિટાવી દેવાનું મહા પરાક્રમ દાખવી શકે છે. એ જ આત્મા અમૃતનો અનુભવ કરી શકે છે.

શરીરમાં રહેલા અશરીરીનો સંબંધ ગુરુકૃપાથી થાય છે ત્યારે તિજોરીનું કાયમી ધન હાથ લાગે છે. જીવ ન્યાલ થઈ જાય છે. સત્ય પૂર્ણપણે પ્રકાશે છે.

સત્ય સરળ છે. સત્ય સિવાય બીજું બધું જટિલ છે. પણ આપણે સરળ નથી, તેથી એવું સત્ય પણ આપણા માટે જટિલ બની ગયું છે.

સત્યનું સર્જન થતું નથી, પણ દર્શન થાય છે. સત્ય સદા ઉપસ્થિત છે; પણ તેને ગ્રહણ કરવાની આંખની જરૂર છે. તે આંખ સદ્‌ગુરુ આપે છે.

સત્ય કોઈ સિદ્ધાંત કે શબ્દ નથી, સત્ય તો પ્રતીતિ છે, અનુભૂતિ છે.

દીપકમાં માટી અને જ્યોતિ બંને છે. માટી પર ધ્યાન આપવાથી અંધકાર મળે છે; જ્યોતિ પર ધ્યાન ઠેરવવાથી પ્રકાશ મળે છે. આ જ નિયમ દેહદૃષ્ટિ અને આત્મદૃષ્ટિને પણ લાગુ પડે

છે. દેહ માટી છે, માટીમાં જ્યોતિ છે, તે આત્મા છે. તેનું દર્શન ભગવાનને જોતાં જ, ગૌતમને થઈ જાય છે અને એ સંપૂર્ણપણે શરણે થઈ જાય છે. યોગ્યને શરણે જવાથી યોગ્યતા પ્રગટે છે.

આત્મસત્તાનો અખંડ એકરાર અંદરથી થઈ જાય છે. કીચડમાંથી કમળ તરફ પગલાં ભરે છે. સત્યને પામવાની આ પણ અનોખી રીત છે.

અસત્યનો પક્ષ અંધારાનો છે. સત્યનો પક્ષ અજવાળાનો છે.

અસત્ એ અંધારું છે; સત્ એ અજવાળું છે.

અંધારું એ ભ્રમ છે. અજવાળું એ બ્રહ્મ છે.

મહાવીર પ્રભુની દષ્ટિ પડતાં જ, ગૌતમનો ભ્રમ જે અત્યાર સુધી અંદર લીલા કરી રહ્યો હતો, તે સઘળો સમેટાઈ જાય છે. સૂર્યના ઉદયે અંધારું ક્યાંથી રહેવા પામે ?

મહિમામંડિત મહાવીરદેવનું જીવન સંપૂર્ણ સત્યમય હતું, તેથી સત્યના સૂર્યનો ઉદય થતાં ગૌતમના મનનો અંધકાર ટળી ગયો, અહંકાર ઓગળી ગયો. એમની ચેતના જાગી ગઈ, સમાધિ લાગી ગઈ અને એમના જીવનમાં સત્યની પ્રતિષ્ઠા થઈ.

"यस्य दृष्टिः कृपावृष्टिः...." એવા સમરથ ગુરુના દષ્ટિપાતની તો...શી વાત કરવી...?

શરીર મૃત છે, આત્મા અ-મૃત છે. આ શરીરરૂપી મડદામાં મહાવીર વસે છે. તે સત્ય નહિ, પણ પરમ સત્ય છે. તેની ઝાંખી ગૌતમને થઈ. અપૂર્ણતા એને આવરે છે. અશુદ્ધિ એને મલિન કરે છે; પણ મહાવીર જેવા ગુરુ મળે તો તે અપૂર્ણતા નિવારે છે, અશુદ્ધિ ટાળે છે. આત્માની સાન અને ભાન ઠેકાણે લાવે છે. સમજણ આપે છે. એ સમજણના પ્રતાપે જ આપણને ગૌતમ જેવા ગુરુ મળે છે. એ મહાવીર-દેવની = ગુરુદેવની બલિહારી છે !

ગૌતમ મહાવીરની પાકી ઓળખાણ અંદરથી કરવાથી આત્મા-પરમાત્માનો ખ્યાલ આવી જશે, યોગ સધાશે, અસલ ઓળખાશે. જય હો મહાવીરસ્વામીનો....! જય હો ગૌતમસ્વામીનો ! અને જય જય હો ગુરુ-શિષ્યની એકતા સાધનાર મહામહિમાશાળી આત્માનો.

આત્મા જ સત્ય છે. સત્ય સર્વવ્યાપી, સનાતન અને શાશ્વત છે. અને જે સર્વવ્યાપી સનાતન અને શાશ્વત છે, તે શિવ છે. અને જે શિવ છે, તે જ સુંદર છે.

સત્યનું દર્શન છે, શિવનું જ્ઞાન છે, અને સુંદરનું આચરણ છે.

આ રત્નત્રયી છે. એમાં રહેવું અને રમવું એ મોક્ષ છે. મહાવીરનો એ માર્ગ છે.

આવો....ત્યારે....આપણે...પણ

ગૌતમ જેવા બનીએ....મહાવીરને નમીએ (ન-મન કરીએ),

આત્મસંપદા સાધીએ, પરમાત્મ સંપદા પામીએ અને

જિન-સ્વરૂપ એવું નિજસ્વરૂપ માણીએ.

* * *

# મંગલમ્ ગૌતમપ્રભુ

*–પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના શિષ્ય*
*પૂ. મુનિરાજ શ્રી રત્નસેનવિજયજી મ૦*

**સાધના એટલે કોઈ ઉચ્ચ ધ્યેયમાં ખોવાઈ જવું; સપાટીએ નહિ પણ તળિયે પહોંચવાનું પરમ લક્ષ.**

બાહ્ય દુનિયાનું સ્હેજ પણ ચિહ્ન ન રહે
સ્થળકાળનું કે જડ પદાર્થનું તત્ત્વ પણ ન રહે
દૂર દૂર સુધી ખોવાઈ જતો આ પ્રચંડ પુરુષાર્થ
તે જ આ સાધના....

**આવી જ પરમ સાધનાના સાધક છે ગણધર ગૌતમસ્વામી મહારાજા!**

પ્રભુ વીરમાં તેઓ ખોવાઈ ગયા અને....
પોતે મંગલસ્વરૂપ બની ગયા....
મંગળના નિધાનરૂપ ગૌતમસ્વામીજીની બે ઘટનાઓ
અત્રે સુંદર રીતે આલેખવામાં આવી છે.
ગૌતમની મંગલયાત્રામાં આપણે પણ
સામેલ થઈએ....

*–સંપાદક*

**'अहंकारोऽपि बोधाय, रागोऽपि गुरुभक्तये**
**विषादः केवलायाभूत्, चित्र श्री गौतमप्रभोः ।'**

કવિ કહે છે – ગૌતમસ્વામીનું બધું વિચિત્ર–આશ્ચર્યકારક જ છે – अहंकारोऽपि बोधाय – અહંકાર પણ બોધને માટે–

સામાન્ય રીતે એવો નિયમ છે કે જેણે જ્ઞાન મેળવવું હોય તેણે નમ્ર થવું જોઈએ. નમ્ર-વિનીત વ્યક્તિ જ જ્ઞાન મેળવી શકે છે. નમ્ર વ્યક્તિને જ શુભ નિમિત્ત સુલભ બને છે. પરન્તુ ગણધર ગૌતમસ્વામીજીના જીવનમાં ઊલટી જ ઘટના બની છે.

ભગવાન મહાવીર પ્રભુ વિહાર કરી અપાપાપુરીના મહસેન વનમાં–જ્યાં દેવતાઓએ ભવ્ય સમવસરણની રચના કરી હતી ત્યાં આવ્યા.

આ તરફ, એ નગરમાં સોમિલ બ્રાહ્મણ યજ્ઞ કરી રહ્યા હતા – એ યજ્ઞના મુખ્ય સૂત્રધાર હતા ઈન્દ્રભૂતિ ગૌતમ. ઈન્દ્રભૂતિ વગેરેના મનમાં જીવાદિ અંગે સંદેહ હતો તો પણ તે પોતાને પૂર્ણ જ્ઞાની સમજતા હતા. જ્યારે ઈન્દ્રભૂતિએ ભગવાન મહાવીરના આગમન અંગે સાંભળ્યું અને આકાશમાર્ગે દેવતાઓને પણ યજ્ઞમંડપ છોડી સમવસરણમાં જતા જોયા કે તેના મનમાં અભિમાન

ઊછળ્યું અને તેણે ગર્વપૂર્વક કહ્યું, 'અરે ! પોતાને સર્વજ્ઞ માનનાર આ કોણ છે ? શું કદી એક આકાશમાં બબ્બે સૂર્ય સંભવે ખરા ? એક ગુફામાં બે સિંહ કહી શકે ખરા ? કદી એક મ્યાનમાં બે તલવાર રહી શકે ખરી ? નહીં જ. તો પછી એકસાથે બબ્બે સર્વજ્ઞ ? હું હમણાં જ જાઉં છું અને એના ગર્વને ચકનાચૂર કરી દઉં છું. તે પોતાની જાતને સમજે છે શું ?'

આ રીતે અત્યંત અભિમાનપૂર્વક ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીર સાથે વાદ કરવા સમવસરણ તરફ આગળ વધ્યા. પણ પછી શું થયું ? આ ઘટનાથી આપણે સુપરિચિત છીએ જ.

કોટિ સૂર્યોથી પણ વધુ તેજસ્વી, કોટિ ચંદ્રોથી પણ વધુ સૌમ્ય એવા ભગવાન મહાવીરને જોતાં જ ઇન્દ્રભૂતિના અભિમાનનો નશો એકદમ ઊતરી ગયો અને તે હતપ્રભ બની સમવસરણની સીડીઓ પર ચઢવા લાગ્યા. ત્યાં તો પછી પ્રભુ મહાવીરે એમને અત્યંત સ્નેહપૂર્વકના શબ્દોથી બોલાવ્યા અને એનું અભિમાન સાવ ઓગળી ગયું. તેમ છતાં અભિમાનના બરફનો એક ટુકડો રહી ગયો'તો. એ વિચારવા લાગ્યા : અરે ! આ મારું નામ કાં ન જાણે ? જગત્ આખું મને જાણે છે. હા, જો એ મારા મનના સંદેહને ય કહી દે તો એને સર્વજ્ઞ માનું. અને એ જ ક્ષણે ભગવાન મહાવીરે ઇન્દ્રભૂતિના મનમાં રહેલ સંદેહને દૂર કરી દીધો.

શંકા–નિવારણની સાથે જ એમનું અભિમાન પણ ચૂરેચૂરા થઈ ગયું. તત્ક્ષણ એમણે પોતાનું જીવન પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરી દીધું. પ્રભુએ એમને ત્રિપદી પ્રદાન કરી અને એ ત્રિપદીના શ્રવણ દ્વારા જ એમણે દ્વાદશાંગીની રચના કરી અને તેઓ ભગવાન મહાવીરના પ્રથમ ગણધર કહેવાયા.

रागोऽपि गुरुभक्तये – રાગ પણ ગુરુભક્તિને માટે.

ગૌતમસ્વામીના હૃદયમાં પ્રભુ મહાવીર પ્રત્યે અપાર સ્નેહ હતો. આ સ્નેહ પણ પ્રશસ્ત રાગ સ્વરૂપ હતો. પ્રશસ્ત રાગ જો કે મુક્તિમાં બાધક જરૂર છે; પણ આ બંધન કાચા સૂતરના તાંતણા જેવું છે જેને ટૂટતાં વાર લાગતી નથી.

પ્રભુ પ્રત્યે એમનું અદ્ભુત સમર્પણ હતું. વાસ્તવમાં પ્રભુ અને ગૌતમની ગુરુ-શિષ્યની જોડી અદ્ભુત જ હતી. પણ એમનો આ રાગ માત્ર ગુરુ-ભક્તિના રૂપે જ હતો. એમાં લેશમાત્ર સ્વાર્થની ભાવના નહોતી.

विषादः केवलाय – વિષાદ પણ કેવલ-જ્ઞાનનું કારણ બન્યો–

ભગવાન મહાવીરનો નિર્વાણ સમય નજદીક આવી ગયો'તો. એમણે ગૌતમસ્વામીને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ આપવા આજ્ઞા કરી. ગૌતમસ્વામીએ તુરત જ પ્રભુ-આજ્ઞા શિરોધાર્ય ગણી અને તે ચાલી નીકળ્યા. આ તરફ મધ્યરાત્રિમાં જ ભગવાન મહાવીર પ્રભુનું નિર્વાણ થઈ ગયું હતું. પ્રભુના નિર્વાણ કલ્યાણક મહોત્સવ માટે હજારો દેવતા આકાશમાર્ગેથી પૃથ્વીતલ પર આવી રહ્યા હતા પણ બધાના મુખ પર વિષાદ છવાયેલો હતો. દેવશર્માને પ્રતિબોધ દઈ, ગૌતમસ્વામી પણ પ્રભુ દર્શનાર્થે નીકળી પડ્યા. રસ્તામાં જ તેમને જાણ થઈ કે ભગવાન મહાવીરનું તો નિર્વાણ થઈ ગયું છે. આ સમાચાર સાંભળતાં જ તેમને ઘણો આઘાત લાગ્યો. તે અનાથ બાળકની માફક કરુણ સ્વરે રડી પડ્યા અને વિલાપ કરવા લાગ્યા, 'હે પ્રભુ ! મને એકલો છોડી આપ ક્યાં ચાલ્યા ગયા ? છેવટના સમયે જ હું આપની પાસે ન રહી શક્યો ! હે પ્રભુ ! આપને તો નિર્વાણ-સમયની જાણ હતી જ. તો મને શા માટે દૂર રાખ્યો ? શું મુક્તિની જગ્યાની ઓછપ હતી ? આ રીતે ખૂબ

વિષાદ કરતા અને વીર ! વીર ! કહેતાં વીરની વીતરાગ દશાનું એમને ભાન થઈ ગયું અને વિચારવા લાગ્યા, 'અહો ! પ્રભુ તો વીતરાગ હતા. એમને મારા પ્રત્યે ન તો રાગ હતો, ન દ્વેષ. આ રીતે પ્રભુના વીતરાગભાવના ધ્યાન દ્વારા તેઓ પણ ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ ગયા. ઘાતિકર્મોનો ક્ષય કરી, એમણે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

અનંત લબ્ધનિધાન શ્રી ગૌતમસ્વામીનું સ્મરણ પણ મહામંગલનું કારણ છે.

નૂતન વર્ષના મંગલ પ્રભાતમાં એમના રાસનું શ્રવણ કરવામાં આવે છે. તેઓ સ્વયં તો મંગલ છે, અન્યને પણ મંગલ બનાવનારા છે.

* * *



# તે ગુરુ ગૌતમ સમરીએ

*શ્રી કુમારપાળ દેસાઈ*

**નવા વર્ષના પ્રાતઃકાળે જેમના જાપનું સ્મરણ કરીને જીવન ધન્ય અને પાવન બનાવવામાં આવે છે તેવા ગુરુ ગૌતમસ્વામીની બહુવિધ પ્રતિભાના ભવ્યાતિભવ્ય વિવિધ અંશોને જૈન દર્શનના વિશ્રુત વિદ્વાન અને પ્રભાવી વક્તા પ્રા. શ્રી કુમારપાળ દેસાઈ એમની સિદ્ધિ વરેલી લેખિનીએ વર્ણવે છે ત્યારે લેખમાં શી મણા હોય?**

**પ્રસંગોનાં આલેખન રસપૂર્ણ અને વાચકોને શુભ ભાવનાઓથી પરિપ્લાવિત કરી દે તેવાં છે.**

**—સંપાદક**

ચરમ તીર્થંકર ભગવાન મહાવીર પછી જૈન પરંપરામાં સૌથી વધુ છવાયેલું અને વ્યાપક વ્યક્તિત્વ હોય તો તે ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર ગૌતમસ્વામીનું છે.

દીપોત્સવીના મંગલ દિવસે જૈન સમાજ પોતાના ચોપડામાં "ગૌતમસ્વામીની લબ્ધિ હોજો" એમ લખીને એમની લબ્ધિની વાંછના કરે છે અને બેસતા વર્ષના મંગલ પ્રભાતે ગૌતમસ્વામીના જાપનું સ્મરણ કરીને અને માંગલિક રૂપે તેમના રાસનું શ્રવણ કરીને પ્રભાતને પાવન બનાવે છે. ગૌતમસ્વામીના વિરાટ અને બહુમુખી વ્યક્તિત્વને પામવું સરળ નથી. તેઓ જેટલા મહાન તત્ત્વજ્ઞાની હતા, એટલા જ ઉદારમના મહાપુરુષ હતા. ગૃહસ્થાવસ્થામાં ચૌદ વિદ્યાના પારંગત હતા, તો ભગવાન મહાવીરના શિષ્ય બનીને ચૌદ પૂર્વમાં પારંગત બન્યા. જ્ઞાનની ગરિમાએ બિરાજતા હતા, તેમ છતાં નમ્રાતિનમ્ર હતા. અનેક જીવોના ઉદ્ધારક હોવા છતાં નામના અને કામનાથી તેઓ સદાય અલિપ્ત રહ્યા. તપને કારણે એમના ચહેરા પર ઉલ્લાસ અને તેજસ્વિતા છલકતાં હતાં. પચાસ વર્ષે દીક્ષા લીધી હોવા છતાં તેમના મુખ પર ભવ્ય તેજ પ્રગટતું હતું. એમના વ્યવહારમાં પદે પદે વિનય પ્રગટ થતો. રાજકુમાર અતિમુક્તક સાથેના વાર્તાલાપમાં એક મહાન જ્ઞાનીનો સામાન્ય કે અજ્ઞાની બાળક સાથે કેવો સૌજન્ય અને લાગણીમય વ્યવહાર હોય તે દેખાઈ આવે છે. કોઈ કાર્ય માટે બહાર જાય તો ભગવાન મહાવીરની આજ્ઞા મેળવીને જતા અને પાછા આવે ત્યારે ફરી ભગવાનને પોતાના કાર્યની માહિતી આપીને પછી જ અન્ય કાર્યમાં રત થતા.

તેજસ્વી કાયા, મનભર દેહલાલિત્ય અને વિવેકપૂર્ણ વ્યવહારને કારણે પ્રથમ દર્શને જ વ્યક્તિ એમનાથી પ્રભાવિત થતી. જીવનમાં તપને પ્રાધાન્ય આપી નિરંતર છઠ્ઠના પારણે એકાસણાં કરતા હતા. પારણાંને દિવસે જાતે જ ગોચરી લેવા જતા. ગોચરી લેવા જનારા અનેક શિષ્યો એમની પાસે હતા, પણ જાતે જ ગોચરી લેવા જતા. વળી ગોચરી લેવા જાય ત્યારે રસ્તામાં આર્દ્રકુમાર મળે કે અતિમુક્તક મળે, તેમની સાથે ભગવાન મહાવીરના સંદેશની

વાત થાય; જ્ઞાન, ધર્મ અને અધ્યાત્મસાધનાની સતત રટણા ચાલે. ગોચરી લાવીને આહાર કરવાની કોઈ ઉતાવળ નહીં. આવ્યા પછી પણ ભગવાન મહાવીરને પ્રણામ કરે. પછી સંઘનાં સાધુ-સાધ્વીને કહે કે, "આ ગોચરીમાંથી કંઈક લો અને મને તારો!" જ્ઞાનના સાગર અને લબ્ધિઓના સ્વામીની આ કેટલી મહાન વિનમ્રતા!

પોતાના હાથે વસ્ત્રાદિનું પડિલેહણ કરતા. સૌથી વડા હોવા છતાં સતત સ્વાવલંબન પર નિર્ભર રહેતા. પ્રથમ પહોરમાં સ્વાધ્યાય, બીજા પહોરમાં ધ્યાન અને ત્રીજા પહોરમાં જાતે ભિક્ષાપાત્રની પડિલેહણ કરીને ગોચરી માટે સામાન્ય ભિક્ષુકની માફક ભ્રમણ કરતા અને જે કાંઈ લૂખોસૂકો આહાર મળે તે પ્રસન્નતાથી આરોગતા. ગોચરી કે ભોજન જેવા કાર્ય માટે એક પ્રહરથી અધિક સમય વ્યય ન થાય તેનું ધ્યાન રાખતા. ચોથા પ્રહરમાં સ્વાધ્યાયમાં ડૂબી જતા. આમ જ્ઞાન અને તપ, વિચાર અને આચાર, સામર્થ્ય અને નમ્રતાનો વિરલ સંયોગ ગુરુ ગૌતમસ્વામીમાં હતો. જ્યાં તેઓ હોય ત્યાં સ્નેહ, સૌજન્ય, આનંદ અને પ્રસન્નતા વ્યાપી જતાં.

ગુરુ ગૌતમસ્વામીએ જે સમયે દીક્ષા લીધી તે પળથી જ સાધના અને શાસનપ્રભાવના એ બે એમનાં જીવનકાર્ય બન્યાં. તેઓ પોતાના પરિચયમાં કદી એમ નહીં કહેતા કે "હું ચૌદપૂર્વી છું. હું ચૌદ હજાર શ્રમણ અને છત્રીસ હજાર શ્રમણીઓનો પ્રમુખ ગણધર છું. હું અવધિ અને મનઃપર્યવજ્ઞાની છું. હું લબ્ધિઓનો સ્વામી છું." પોતાનો પરિચય એટલો જ આપતા કે—"હું શ્રમણ ભગવાન મહાવીરનો શિષ્ય છું." ન કોઈ સન્માનની ભૂખ, ન કોઈ માનની આકાંક્ષા; અહમ્‌નું અનેરું વિગલન એમના વ્યક્તિત્વમાં થયું હતું. ખબર પડે કે સંઘનો કોઈ સાધુ કે સાધ્વી કષ્ટમાં છે, બીમાર છે, તો તરત જ ગૌતમ સૌથી પહેલા ત્યાં ઉપસ્થિત થઈ જતા.

આ ગૌતમ પોતાના પૂર્વજીવનમાં પંડિત ઈન્દ્રભૂતિ હતા. વેદવિદ્યામાં પારંગત હતા. પાંચસો તો એમના શિષ્ય હતા. એ ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરને જીતવા નીકળે છે, પણ મહાવીરના જ્ઞાન અને તેજની આગળ તેઓ જિતાઈ જાય છે. ઈન્દ્રભૂતિ ગૌતમ અને એમના ભાઈ અગ્નિભૂતિ, વાયુભૂતિ અને બીજા આઠ પંડિતો ભગવાન મહાવીરને પરાજિત કરવા આવે છે પરંતુ ભગવાન મહાવીરના પ્રભાવથી પ્રભાવિત થઈને અને તેઓ સાચા સર્વજ્ઞ છે એમ માનીને પોતપોતાની શંકાઓનું સમાધાન મેળવીને પોતાના શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષિત થઈ જાય છે. આ અગિયાર પંડિતો સાથેનો ભગવાન મહાવીરનો વાર્તાલાપ "ગણધરવાદ"ને નામે ઓળખાય છે, જેમાં જૈન દર્શનનો સમગ્ર નિચોડ સમાયેલો છે.

ગૌતમનો આ દીક્ષા-પ્રસંગ ઈ. સ. પૂર્વે ૫૦૦ના વૈશાખ સુદિ ૧૧ના દિવસે બન્યો. અગિયાર પંડિતોને ગણધરપદે સ્થાપ્યા. એ પંડિતોના ૪૪૦૦ જેટલા શિષ્યો પણ દીક્ષિત બનીને ભગવાનના શ્રમણસંઘને સમૃદ્ધ બનાવી રહ્યા. આ દિવસે રાજકુમારી ચંદના આદિ અનેક રાજકુમારીઓએ દીક્ષા ગ્રહણ કરી. એ વખતે ગુરુ ગૌતમની ઉંમર પચાસ વર્ષની હતી. તેઓ ભગવાન મહાવીરથી વયમાં આઠ વર્ષ મોટા હતા; પણ આગમસાહિત્ય દર્શાવે છે કે જેવી કોઈ જિજ્ઞાસા ગુરુ ગૌતમને થતી કે તરત જ ભગવાન મહાવીર પાસે જઈને સમાધાન મેળવી લેતા. ગુરુ પ્રત્યેની સમર્પણશીલ ભક્તિનું એક મહાન શિખર છે ગણધર ગૌતમસ્વામીનું. ચાર જ્ઞાનના ધારક હોવા છતાં તેઓ દરેક બાબતમાં ગુરુને પ્રમાણ લેખે છે.

વિક્રમ સંવત પૂર્વે ૪૭૦ની આસો વદિ અમાવાસ્યાની એ રાત્રિ બે મહાન ઘટનાઓને લીધે જિનશાસનમાં અપૂર્વ મહત્ત્વ ધરાવે છે. દીપોત્સવીની એ રાત્રિના દ્વિતીય પહોરે ભગવાન મહાવીર પાવાપુરીની ધરતી પર નિર્વાણ પામ્યા. અમાવાસ્યાની એ રાત્રિ મહાન ધર્મપર્વ બની ગઈ. લોકોએ દીપક પ્રગટાવીને પ્રભુ મહાવીરના નિર્વાણ કલ્યાણકનું બહુમાન કર્યું. એ જ રાત્રિએ ઘેરા શોક, સંતાપ અને વિલાપમાં ડૂબેલ ગૌતમસ્વામીને પ્રભુ મહાવીરના ગુરુ-વિયોગની વેદનામાંથી જીવનનો નવો માર્ગ મળ્યો. રાગદૃષ્ટિનો પરદો હટતાં આત્મસિદ્ધિનું અમૃત પ્રગટ થયું. એ જ રાત્રિના છેલ્લા પ્રહરે ગૌતમસ્વામીના જીવનમાં કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ વ્યાપી ગયો.

કેવી અલૌકિક આ ઘટના છે ! જ્યોતિમાંથી જ્યોત પ્રગટે અને સર્વત્ર અજવાળું ફેલાય એમ ભગવાન મહાવીરનું નિર્વાણ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બની ગયું. ભગવાન મહાવીરના મહાનિર્વાણના પવિત્ર સ્મરણની સાથોસાથ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો પ્રસંગ એકરૂપ બનીને ચિરસ્મરણીય બની ગયો — બાર અંગસૂત્રો (દ્વાદશાંગી)ના અને ચૌદ પૂર્વના જ્ઞાનના ધારક ગૌતમસ્વામી આ સમયે સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.

**''અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,**
**તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર.''**

ગૌતમસ્વામીની આ પંક્તિઓ ગાઈને એનો માંગલિક ભાવ આપણા જીવનમાં ઉતારીએ છીએ. આ રીતે દીન-દુઃખિયાંના બેલી, અશરણના શરણ, વિઘ્નોના નિવારક અને લબ્ધિઓના સ્વામી ગૌતમસ્વામીની સ્તુતિ કરવામાં આવે છે. ગૌતમસ્વામીની લબ્ધિ જેટલી લોકજીવનમાં જાણીતી છે એટલી વિસ્તૃતપણે ગ્રંથોમાં મળતી નથી. એમનું લક્ષ તો નિરંતર આત્મદર્શન પર જ એકાગ્ર થયું હતું. પરંતુ એમના સૌનું કલ્યાણ કરવા માટે તત્પર એવા કલ્યાણપૂર્ણ સ્વભાવને કારણે સાહજિક રીતે જ સંસારની સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રગટતી હતી. એમના હાથનો સ્પર્શ થતાં લોકોનાં દુઃખ, દર્દ અને દીનતા દૂર થઈ જતાં. એક ઇન્દ્રિય વડે તેઓ બીજી ઇન્દ્રિયનું કામ લઈ શકતા. જેટલી સરળતાથી ધરતી પર ચાલતા એટલી જ આસાનીથી આકાશમાં ફરી શકતા. દૂર દૂર સર્જાતી ઘટનાઓને જાણી લેવી એમને માટે સાવ આસાન વાત હતી. સૂર્યનાં કિરણોને આધારે દુર્ગમ પર્વત પર જઈ શકતા. થોડાક સંકેતથી જ તેઓ ઝેરને દૂર કરી શકતા.

ગૌતમસ્વામીના અંગૂઠામાં અમૃત વસતું હતું. એ અંગૂઠાનો જેને સ્પર્શ થતો તે અખૂટ બની જતો. એકવાર ચારણલબ્ધિના બળે સૂર્યનાં કિરણોને આધારે અષ્ટાપદગિરિ પર પહોંચી ગયા હતા. આવી જ રીતે મહાનસી લબ્ધિ દ્વારા એક નાનકડા પાત્રમાં રહેલી ખીરથી એમણે ૧૫૦૩ તાપસોને પારણાં કરાવ્યાં હતાં. આ લબ્ધિઓ યોગિક શક્તિને માટે જેમ પડકારરૂપ છે તેમ વિજ્ઞાનને માટે પણ પડકારરૂપ છે. પરંતુ આ બધી જ લબ્ધિઓના મૂળમાં નામના, કીર્તિ કે ચમત્કારની કોઈ કામના નથી, બલ્કે લોકકલ્યાણની ઉત્કટ ભાવના અને ધર્મપ્રવૃત્તિનો પ્રતાપ રહેલો છે.

જૈન આગમગ્રંથોમાં અંગસૂત્રોને એ માટે મૌલિક લેખવામાં આવે છે કે એમાં ભગવાન મહાવીરની કલ્યાણકારી વાણી શબ્દદેહ પામી છે. આમાં પાંચમું અંગસૂત્ર તે શ્રી ભગવતીસૂત્ર

છે, જેમાં ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીના સવાલ-જવાબ મળે છે. ગૌતમસ્વામી અતિ આદરભેર 'ભંતે' સંબોધન કરીને મહાવીરને પ્રશ્ન પૂછે અને મહાવીર 'ગોયમ' જેવા હેતભર્યા શબ્દો સાથે એનો ઉત્તર આપે. ભગવતીસૂત્રના છત્રીસ હજાર જેટલા પ્રશ્નો અને ઉત્તરોમાં જૈન દર્શનનાં બધાં જ પાસાંઓનો સમાવેશ થઇ ગયો છે.

આટલી બધી રિદ્ધિ, સિદ્ધિ અને લબ્ધિ ધરાવનારા ગૌતમસ્વામીનું હૃદય નિર્મળ અને નિખાલસ હતું. યોગસાધના દ્વારા સતત આત્મદર્શનની ઉત્કટ તાલાવેલી હતી. વિશાળ ધર્મસંઘના નાયક હોવા છતાં અહંકારથી સાવ અલિપ્ત હતા. જ્ઞાનનો સાગર હોવા છતાં ગર્વ કદી એમને સ્પર્શતો નહીં. આથી જ ભગવાન મહાવીરના ગૃહસ્થ શિષ્ય આનંદ શ્રાવકની પાસે જઈને ગદ્ગદ કંઠે 'મિચ્છામી દુક્કડમ્' આપીને ક્ષમા યાચે છે. આ રીતે અનેક જીવોના ઉદ્ધારક હોવા છતાં પોતાના પ્રભાવનો અહંકાર એમને સ્પર્શી શકતો નહીં. ભવ્ય અને ભદ્ર એમની પ્રકૃતિ હતી. કષાયો, ક્લેશો, કર્મો અને દોષોને દૂર કરવાની એમની પ્રવૃત્તિ હતી અને નીતરેલા નીર જેવી નિર્મળ અને પરોપકારી એમની વૃત્તિ હતી.

મહાવીરસ્વામી પ્રત્યેના એમના પ્રશસ્ત રાગને કારણે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી એ હકીકતમાં પણ ગૌતમસ્વામીનો જાણે સૂક્ષ્મ વિનય પ્રગટ થાય છે ! પોતાને કેવળજ્ઞાન થાય તો પ્રભુની વાણી પ્રત્યુત્તરરૂપે મેળવી શકાય નહીં. ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીની પ્રશ્નોત્તરીમાં માત્ર આધ્યાત્મિક જ નહીં, બલ્કે લૌકિક સમસ્યાઓનું પણ માર્ગદર્શન આ સંવાદોમાં મળે છે. ભગવાન બુદ્ધ અને શિષ્ય આનંદ, શ્રીકૃષ્ણ અને અર્જુન, સોક્રેટિસ અને પ્લેટોના જેવા સંવાદોમાંથી જગતને નવીન દર્શન મળ્યું છે. આવા સંવાદો કઠિન વિષયોને પણ સુગમતાથી સમજાવે છે. ગૌતમસ્વામી અને ભગવાન મહાવીર વચ્ચેના સવાલ-જવાબ ત્રણ લોક, ત્રણ કાળ, ચારે ગતિ તેમ જ ચારે અનુયોગોને આવરી લે છે. જૈન ધર્મમાં વૈયાવચ્ચનો એટલે કે સેવાભાવનાનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. માંદા સાધુની વૈયાવચ્ચને પ્રભુપ્રાપ્તિનો માર્ગ ગણવામાં આવ્યો છે. આ અંગેનો ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી વચ્ચેનો સંવાદ લાક્ષણિક છે.

ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે : "હે ભગવન્ ! જે માંદા સાધુની માવજત કરે છે તે ધન્ય છે કે જે આપને દર્શનથી પામે એ ધન્ય છે ?"

મહાવીર કહે છે : "હે ગૌતમ ! જે માંદાની માવજત કરે છે તે ધન્ય છે."

ગૌતમસ્વામી પૂછે છે, "હે ભગવાન ! આપ એવું શા પરથી કહો છો ?"

ભગવાન મહાવીર કહે, "હે ગૌતમ ! જે માંદા સાધુની સેવા કરે છે તે મને દર્શનથી પામે છે."

આવા સવાલ-જવાબમાં ગૌતમસ્વામીની જિજ્ઞાસુ બાળક જેવી સરળતા અને જાગૃતિ પ્રગટ થાય છે, તો ભગવાન મહાવીરનું વાત્સલ્ય દેખાય છે. ગૌતમસ્વામીના આ પ્રશ્નોનું વિષયવાર વર્ગીકરણ કરીને એનો તુલનાત્મક અભ્યાસ કરવો ઘટે. આ પ્રશ્નોમાંથી જગતને ગણધરવાદ સાંપડ્યો છે. આ કારણે જ ભગવાન મહાવીરની સાથોસાથ ગૌતમસ્વામીનું નામ પ્રત્યેક જિનમંદિર કે ઘરમાં એટલા જ પ્રેમથી અને ભાવપૂર્વક સાથોસાથ ગવાતું રહ્યું છે.

ગૌતમસ્વામીને કેવળજ્ઞાન સાંપડ્યું ત્યારે એમની ઉંમર ૮૦ વર્ષની હતી. એ પછી બાર

વર્ષ સુધી ગુરુ ગૌતમસ્વામી પૃથ્વીને પાવન કરતા રહ્યા. બાણું વર્ષની વયે રાજગૃહ નગરમાં વૈભારગિરિ પર એક મહિનાનું અનશન સ્વીકાર્યું અને અંતે ગૌતમસ્વામી મહાનિર્વાણ પામ્યા. આજે સૈકાઓથી શુભ કાર્યમાં સદા સ્મરણીય અને મંગલકારી ગણાયેલા ગુરુ ગૌતમ જગતકલ્યાણની ભાવનાના પ્રતીક તરીકે તેમ જ મંગલમય વિભૂતિ તરીકે પૂજાય છે.

"સર્વારિષ્ટપ્રણાશાય,
સર્વાભીષ્ટાર્થદાયિને ।
સર્વલબ્ધિનિધાનાય,
શ્રી ગૌતમસ્વામિને નમઃ ।।"

* * *



મંદિરોના મઘમઘતા શુદ્ધ, પવિત્ર અને નિર્મળ વાતાવરણમાં ભલભલા પાપીઓ પણ પોતાના મનની મલીનતા પશ્ચાતાપના પાણીથી ધોઈને પવિત્ર બને છે.

# મોક્ષનું બીજ : વિનય

—પૂ. પંન્યાસશ્રી હેમચંદ્રસાગરજી મહારાજના શિષ્ય
પૂ. મુનિરાજશ્રી અક્ષયચંદ્રસાગરજી મહારાજ

**મોહની ચડવણીથી અહંકાર કાવતરાં કરે છે. પરિણામે આત્માને વિનયથી વંચિત કરી મોક્ષના બીજને જ ખતમ કરી દે છે. મોક્ષનું બીજ વિનય છે. ખરેખર તો ગૌતમસ્વામી પાસે શું માગવા જેવું છે એ વાત પૂજ્ય મુનિરાજશ્રીએ અહીં ખૂબ જ માર્મિકતાથી સમજાવી છે.** *—સંપાદક*

**'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;**
**શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર.'**
**'શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હજો!'**

આવી કડીઓ આપણને અત્યંત પ્રિય હોય છે. એટલું જ નહીં, આવા શબ્દોને ઉચ્ચારવા આપણે હરખઘેલા બની જઈએ છીએ. છતાં પણ હતભાગી એવા આપણા જીવનમાં એવું બનવા પામતું નથી. જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે આ તો એક કાર્ય છે. કાર્યને પામવા પહેલાં કારણને તપાસવું ખાસ જરૂરી છે. કેમ કે કારણ વિના કાર્ય ક્યારેય સરજાતું નથી.

શ્રી ગૌતમસ્વામીજી ભગવંતે ખીરવાળી નાની-શી પાત્રીમાં અંગૂઠો પરિસ્થાપન કર્યો, જેનાથી પંદરસો ને ત્રણ તાપસોને પારણું કરાવી શક્યા !

આવી શક્તિ આપણી પાસે હોય તો ...?!?!

આવી શક્તિ જરૂર સંભવી શકે છે. પરંતુ તેઓશ્રીએ આવી શક્તિ પામતાં પહેલાં કારણરૂપ જે કાર્ય કર્યું છે તે આપણે પણ કરવું જોઈએ ને !

તે કારણ એટલે ગુણ...

કાર્યસ્વરૂપ લબ્ધિની પાછળ કારણસ્વરૂપ ગુણોને પૂજ્યવર ગણધર ગૌતમ ભગવંતે મહદંશે નિરાવરણ કર્યા હતા. જેમ કે તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાન, વિનય, વૈયાવચ્ચ, સંયમ, દર્શન, વિશુદ્ધિ વગેરે.

વાચકશ્રી ! જો હું અહીં બધા જ ગુણોનો સ્વાધ્યાય કરવા બેસું તો હું તો શું, બૃહસ્પતિ પણ બધા ગુણો વર્ણવી ન શકે ! માટે બધા ગુણોનો વિચાર ન કરતાં માત્ર તપ ગુણનો વિચાર કરવાનું નક્કી કર્યું છે. જો કે તપમાંય બાહ્યાભ્યંતર પેટાભેદ ગણતાં લખાણ લાંબું થવાના ભયે અહીં વિનયનું જ માત્ર અધ્યયન કરશું.

(पायच्छित्तं विणओ वेयावच्चं...'નવતત્ત્વ') કેમ કે, વિનય વિના વિદ્યા નથી સાંપડતી. વિદ્યા વિના સમકિતની પ્રાપ્તિ નથી. સમકિત વિના ચારિત્રની પ્રાપ્તિ નથી અને ચારિત્ર વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી, એમ શ્રી ઉદયરત્નજી મહારાજે માનની સજ્ઝાયમાં સ્પષ્ટ સમજાવ્યું છે.

એટલે કે મોક્ષનું બીજ જો કોઈ પણ હોય તો 'વિનય.' વિનયગુણ વિના મોક્ષ કદાપિ મળતો નથી. તેથી જ તો શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં સૌપ્રથમ અધ્યયન વિનય અંગે છે. અને પૂર્વધર શ્રી ઉમાસ્વાતિજી મહારાજે શ્રી તત્ત્વાર્થસૂત્રમાં 'ज्ञानदर्शनचारित्रोपचाराः ||' ૯-૨૩ || નામનું સૂત્ર મૂકીને વિનયની મહત્તા પ્રદર્શિત કરી છે. માટે આવા પરમ વિનયધર શ્રી ગૌતમસ્વામીનું સ્મરણ મરણ પર્યંત શ્રેયસ્કારી છે.

વિનયગુણ શ્રી ગૌતમસ્વામી મહારાજાના રોમેરોમમાં ઠસોઠસ વસેલો હતો. જ્યારથી ચરમ તીર્થપતિ શ્રી મહાવીર ભગવંતને સર્વજ્ઞ તરીકે સ્વીકાર્યા; ત્યારથી બસ મહાવીર પરમાત્મા જ મારા માટે સર્વસ્વ. તુંહી તુંહી ભાવની વિશિષ્ટ પરાકાષ્ઠા જ સમજો. જ્યારે પરમાત્મા પર બહુમાન પ્રગટે છે ત્યારે અવશ્ય અહંભાવ ઓગળે છે. અને અહંભાવ ઓગળે છે ત્યાં વિનયગુણ ખીલ્યા વિના રહેતો નથી.

શ્રી ગૌતમસ્વામી મહારાજાને પણ એવી જ રીતે વિનયગુણ ખીલ્યો, જે શ્રી ગૌતમસ્વામી મહારાજા પરમાત્મા વીરપ્રભુના પ્રથમ શિષ્ય છે, પ્રથમ ગણધર છે, દ્વાદશાંગીના રચનાર છે. 'દ્વાદશાંગી સંપૂર્ણ સત્ય છે,' એવી મહોર પરમાત્મા વીરપ્રભુએ મારેલી છે. સ્વયં ચાર જ્ઞાનના ધણી છે. દીક્ષા લેતાંની સાથે ૫૦૦ શિષ્યોનો પરિવાર છે. અનંત લબ્ધિના નિધાન છે. 'જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન ઊપજે જ' આવી વિશિષ્ટ શક્તિના ધારક છે. 'પરમાત્મા તીર્થંકરદેવ જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થાય જ.' એવો નિયમ નથી. છતાં આવા ગણધર ગૌતમસ્વામીનો વિનય...નમ્રતા...ગજબના...!

પેલા આનંદ શ્રાવકનો એક પ્રસંગ છે. આનંદ શ્રાવકને ઘેર ગૌતમસ્વામી પધાર્યા છે. ત્યાં આનંદ શ્રાવકને લાંબી મર્યાદાવાળું અવધિજ્ઞાન થયું છે. આનંદ શ્રાવક શ્રી ગૌતમસ્વામીને કહે છે કે, 'ભગવંત ! મને આટલી મર્યાદાવાળું અવધિજ્ઞાન થયું છે.' તુરત જ શ્રી ગૌતમસ્વામી કહે છે :

'ભાગ્યશાળી ! આટલી મર્યાદાવાળું અવધિજ્ઞાન શ્રાવકને થાય નહિ. તમો મિચ્છા મિ દુક્કડં દ્યો.'

પરંતુ આનંદ શ્રાવક કહે છે કે, 'મને તો સ્પષ્ટ દેખાય છે.' ત્યારે ગૌતમસ્વામી મહારાજે કહ્યું કે, 'તો તો હું ભગવંતને પૂછી આવું.'

અહીં વિનયની પ્રતીતિ સ્પષ્ટ અનુભવગોચર થઈ આવે છે. જે ચાર જ્ઞાનના ધણી છે, શ્રુતકેવલી છે, વિદ્વત્તાના પારાવાર છે, માત્ર ઉપયોગ મૂકવાની જ જરૂર છે, અર્થાત્ માત્ર વિચારવાની જ જરૂર છે; છતાં વિનય-વિવેકનો પાર નથી. 'હું ભગવંતને પૂછી આવું,' એમ કહે છે !

આવી વ્યક્તિને શું કહેવું !

ભોળા, ભદ્રિક, વિનીત શિષ્ય શ્રી ગૌતમસ્વામી. તેમને તો ઉપયોગ મૂકવાનો વિચાર જ નથી આવતો. 'મારે ઉપયોગ મૂકવાની જરૂર જ શી ?' એવું પણ તેમના મનમાં હોય.

તેઓ તો પહોંચ્યા ભગવંત પાસે, અને કહ્યું, 'ભગવંત ! શ્રાવકને આટલી મર્યાદાવાળું અવધિજ્ઞાન સંભવે ?'

ભગવંતે કહ્યું, 'હા ગૌતમ ! જા, આનંદ શ્રાવકને મિચ્છા મિ દુક્કડં દઈ આવ.'

આવી મહાન વિભૂતિ ગૌતમસ્વામી ! ઊપડ્યા મિચ્છા મિ દુક્કડં દેવા શ્રાવકને. ક્યાં પેલો શ્રાવક અને ક્યાં શાસ્ત્રોના પારગામી શ્રી ગણધર ગૌતમસ્વામી ! જમીન-આસમાનનો ફરક. સરસવ-મેરુ જેટલું અંતર. છતાં શ્રી ગૌતમસ્વામી લેશ માત્ર પણ હિચકિચાટનો અનુભવ નથી કરતા. અને સ્વયં મિચ્છા મિ દુક્કડં દેવા જાય છે. આ છે નમ્રતા... વિનયગુણ...!

શ્રી ગૌતમસ્વામી મહારાજા ૫૦ હજાર કેવલી ભગવંતના ગુરુ છે. સ્વયં પણ શ્રુતકેવલી છે. એટલે કે પરમાત્મા જેવી પ્રરૂપણા કરી શકવા સ્વયં સમર્થ છે. પરમાત્મા આજે દેશનામાં શું કહેવાના છે ? તે પોતે જાણી શકે તેમ છે. પરમાત્મા જે કંઈ કહેવાના છે તે બધી જ બાબતોના પોતે જાણકાર છે. કેમ કે, જે કહેશે તે બધું દ્વાદશાંગીમાં પોતે રચ્યું જ છે ! આવી બધી જ જાણકારી હોવા છતાં પ્રતિદિન પરમાત્માની વાણી અચૂક સાંભળતા. એ પણ કેવી રીતે ? વિસ્મિત હૃદયે. (विम्हीय हियओ) એટલે કે, 'હેં ! આવું હોય !' 'શું આવું જ છે !' 'ખરેખર !' 'આહા' ! આવા આશ્ચર્યકારી ચિત્તથી પોતે દેશના શ્રવણ કરતા. હૃદયમાં પ્રભુ મહાવીર ભગવંત પર અવિહડ સ્નેહને કારણે 'મારા ભગવાનની વાણી !' 'મને મારા ભગવાન સંભળાવી રહ્યા છે !' 'મને મારા ભગવાન જગતનું સત્ય સ્વરૂપ સમજાવી રહ્યા છે !' આવા અવિહડ નેહને કારણે સંપૂર્ણ વાણી સરોમાંચ વિસ્મિત હૃદયે સાંભળતા.

અહીં પણ વિનયની જ વિશિષ્ટતા જોવા મળે છે ને !

પેલા અષ્ટાપદની યાત્રા વખતનો તેઓશ્રીનો વિનય આપણા માટે અવિનયનાશનું નિમિત્ત બની શકે તેમ છે. આદ્ય ગણધર ગૌતમ મહારાજા જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થઈ જ જાય એવું પોતે નજરોનજર નિહાળતા. તેમ છતાં, મનમાં વિચારતા, 'મને ક્યારે કેવળજ્ઞાન ઊપજશે ?' કેવો વિનય !

એક દિવસ દેવો દ્વારા માલૂમ થાય છે કે, જે અષ્ટાપદ તીર્થની યાત્રા પોતાની લબ્ધિથી કરે તે અવશ્ય તે જ ભવે મોક્ષ પામે, એમ ભગવાને કહ્યું હતું. શ્રી ગૌતમ મહારાજા તો ઊપડ્યા આજ્ઞા લઈને અષ્ટાપદ તીર્થે. સૂર્યકિરણોના આલંબને જોતજોતામાં પહોંચ્યા અષ્ટાપદ ઉપર. એટલે કે પોતાની લબ્ધિથી યાત્રા કરી. (સૂર્યનાં કિરણો પણ પુદ્‌ગલ-સ્કંધોનો સમૂહ છે. અર્થાત્ પ્રકાશ એ પણ પુદ્‌ગલ છે, પરમાણુનો જથ્થો છે.) આ પણ વિનયગુણની વિશાળતા સૂચવે છે. કેમ કે પોતે ગણધર છે, ચાર જ્ઞાનના ધણી છે, શ્રુતકેવલી છે. છતાં પણ 'ગણધર એ જ ભવમાં મોક્ષે જાય.' એ વિચાર પોતાની મેળે નથી કરતા.

વાસ્તવમાં ગૌતમસ્વામીની ખીરવાળી—અંગૂઠાવાળી (અક્ષીણ મહાનસ) લબ્ધિ કરતાં વિનયગુણની માગણી કરવા જેવી છે. 'ગૌતમસ્વામીની લબ્ધિ હજો.' એ વાક્યમાં આપણી આધ્યાત્મિક ભાવના છે. માટે જ મોક્ષના બીજરૂપ વિનયગુણની માગણી સર્વશ્રેષ્ઠ છે, ઉત્તમ છે, ચઢિયાતી છે. इत्यलम् ।

સં. ૨૦૪૮ શ્રા. વ. ૭

* * *

# વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવનાર શ્રી ગૌતમસ્વામીની ગૌરવગાથા

*—પૂ. સાધ્વીજી શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મહારાજ*

**વિલાસી આત્માને વિરાગની વાતો સમજાતી નથી. ભોગમાં રમનાર યોગની કિંમત આંકી શકતા નથી. ચિત્ત ત્યાગથી દૂર છે ને રાગમાં ચકચૂર છે. બાહ્ય સુખને મીઠાં મધુર માને છે. ભોગી આત્મા રાગના ત્યાગી ને ત્યાગના રાગી આત્માઓના યોગની મીઠાશ માણી શકતા નથી. પરંતુ એમના સુખને દુઃખ માને છે. કૂદકે અને ભૂસકે આગળ વધતી, રંગરાગમાં રાચતી ને ક્ષણે ક્ષણે પલટાતી આ દુનિયાની પરિસ્થિતિ જોઈને સહેજે શબ્દો સરી પડે છે કે, ભગવાન મહાવીર મોક્ષે પધાર્યા ને અહિંસા પરવારી ને ગુરુ ગૌતમ પણ નિર્વાણ પામ્યા, તો વિનય અને ભક્તિ અદૃશ્ય થઈ ગયા.**

**હિંસાના તાંડવનૃત્યની મહેફિલમાં ભૂલા ભમતાઓ ભવ્યાત્માઓ! દેહને દાગીનાથી દીપાવો કે ચંદ્રની ચાંદનીથી ચમકીલો બનાવો; પરંતુ હૈયામાં થાણાં નાખીને રહેલા ખાઉધરા શયતાનો અને કાળાં કામ કરાવનાર કામાદિ ધાડપાડુઓ આત્મખજાનો લૂંટી રહ્યા છે. ઊઠો! જાગો! ને જુઓ! આવા વિષમ યુગમાં શ્રદ્ધાને સ્થિર કરનાર કોઈ સાધન હોય તો તે ત્રિલોકીનાથ ભગવંતોનાં ચરિત્રો તથા ગણધર ભગવંત અને મુનિભગવંતોનાં જીવનચરિત્રો છે.**

**જેને પૃથ્વી રૂપી પલંગ છે, બાહુ રૂપી ઓશીકાં છે, આકાશ રૂપી ચંદરવો છે, સૂર્ય-ચંદ્રની રોશની છે, દિશાઓ રૂપી દાસીઓ છે, એવાં નિઃસ્પૃહી અણગારોનાં જીવન આપણને પ્રેરણાનાં પીયૂષપાન કરાવીને જીવન ઊર્ધ્વગામી બનાવે છે. જેનાં નામ માત્રથી કામ થાય એવા શ્રી ગુરુ ગૌતમસ્વામીના જીવનમાંથી આપણે કંઈક મેળવીએ. એવો આદર્શ આપણને પ્રસ્તુત લેખમાં પ્રાપ્ત થાય છે.** *—સંપાદક*

૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરની જન્મ અને નિર્વાણની પુણ્યભૂમિ, શીલ અને સદાચાર-સંપન્ન મગધદેશ. તેમાં ગોબર નામનું ગામ, જે કુંડલપુર તરીકે પણ ઓળખાય છે. તે ગામમાં વસુભૂતિ બ્રાહ્મણની ભાર્યા પૃથ્વીદેવીની કુક્ષિએથી બાળકનો જન્મ થયો. તે બાળક રૂપ અને તેજમાં ઈન્દ્રનો અવતાર. નામ ઈન્દ્રભૂતિ. ભગવાન શ્રી મહાવીર પહેલાં ૮ વર્ષ આગળ જન્મ. ઈન્દ્રભૂતિના બીજા બે ભાઈઓ અગ્નિભૂતિ અને વાયુભૂતિ હતા.

ઈન્દ્રભૂતિ સાત હાથની તેજસ્વી કાયાવાળા હતા. શરીરનો બાંધો મજબૂત હતો. ચાર વેદ ને ચૌદ વિદ્યાના પારગામી હતા. શાસ્ત્રાર્થ કરવામાં સમર્થ હતા. તેમની જીભ પર સાક્ષાત્ સરસ્વતી રમતી હતી.

એકવાર અપાપાનગરમાં સોમિલ નામનો બ્રાહ્મણ મહાયજ્ઞ કરાવતો હતો. તેમાં પંડિત તરીકે ઈન્દ્રભૂતિ પધાર્યા છે. અપાપાનગર તરફ આવતાં દેવવિમાનો આકાશમાં દેખાતાં હતા. પોતે વિચાર્યું કે, હું જ્યાં હોઉં ત્યાં દેવોને પણ આવવું પડે. પરંતુ એક ક્ષણમાં જોયું તો દેવવિમાનો આગળ જવા લાગ્યાં.

બીજી બાજુ; મહસેન વનમાં સર્વજ્ઞ ભગવાન મહાવીર પધાર્યા છે. દેવીદેવતા-માનવો વગેરે તેમનાં દર્શન માટે જઈ રહ્યાં હતાં. આ જાણી ઈન્દ્રભૂતિએ વિચાર્યું કે, હું સર્વજ્ઞ છું. મારા હોવા છતાં બીજો સર્વજ્ઞ કોણ છે ? જો હોય તો, મારા ૫૦૦ શિષ્યો સાથે લઈને તેને પરાજિત કરવા જાઉં.

જ્યાં સમવસરણની પાસે પહોંચ્યા ત્યાં ભગવાન તેમને તેમના નામથી બોલાવે છે.

ઈન્દ્રભૂતિ કહે : 'હું વાદ કરવા આવ્યો છું.'

ભગવાને કહે : 'વાદ નહીં, પણ સમાધાન કરવા આવ્યા છો.'

ક્યારેક આખો હાથી નીકળી જાય ને પૂંછ રહી જાય, તેમ સર્વ વિદ્યાસમ્પન્ન ઈન્દ્રભૂતિને એકમાત્ર શંકા રહી ગઈ કે જીવ છે કે નહીં ? ભગવાન તેમની શંકાનું સમાધાન કરે છે. ઋજુ અને સરળ એવા ઈન્દ્રભૂતિએ ભગવાનને કહ્યું : 'મારો અને ૫૦૦ શિષ્યોનો સ્વીકાર કરો.' ભગવાને સૌને દીક્ષા આપી. વૈશાખ સુદ અગિયારસનો એ દિવસ ધન્ય બની ગયો.

નામ પ્રમાણે, એટલે કે ગૌતમમાં રહેલા 'ગૌ' એટલે સાક્ષાત્ કામધેનુ, 'ત' એટલે સાક્ષાત્ કલ્પતરુ ને 'મ' એટલે સાક્ષાત્ સુરમણિ હતા. સુરગવિ, સુરતરુ અને સુરમણિનો ત્રિવેણીસંગમ હતો.

**'શ્રી ગુરુ ગૌતમ સમરીએ, ઊઠી ઊગમતે સુર;**
**લબ્ધિનો લીલો ગુણનીલો, દેખી સુખ ભરપૂર.'**

આવા શ્રી ગુરુ ગૌતમસ્વામીને જે સ્મરે તે અવશ્ય સુખ મેળવે છે.

શ્રી ગુરુ ગૌતમ વૃયોવૃદ્ધ, સંયમવૃદ્ધ ને જ્ઞાનવૃદ્ધ હતા. વેદવિદ્યા તેમ જ યજ્ઞવિદ્યાના આચાર્ય અને પ્રજ્ઞાના પુંજ એવા ગૌતમસ્વામી શ્રમણસંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિનો સમન્વય કરવા માટે મહાસેતુ હતા. પ્રભુ વીરના શાસનના શ્રેષ્ઠ પ્રવાહક ને પથદર્શક હતા. દ્વાદશાંગીના રચયિતા, ચૌદ પૂર્વધારી ને શ્રમણસંસ્કૃતિના ધ્વજધારી, વીર-ઉપદેશના વાહક, શાસનના કલ્પવૃક્ષ, અનુપમ રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના અખંડ નિધાન, અનંત જીવોના તારક, શ્વેતામ્બર-દિગમ્બર વગેરે સર્વ સંપ્રદાયો અને સર્વ ગચ્છોમાં વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવનાર હતા. તેઓશ્રી ઘોર તપસ્વી, દીપ્ત તપસ્વી તપ્ત તપસ્વી અને મહાતપસ્વી હતા. દીક્ષા લીધી ત્યારથી નિર્વાણ પામ્યા ત્યાં સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરનાર હતા. સકલ લબ્ધિના નિધાન હતા.

**'અમૃતમય અંગુઠડો ઠવિઓ પાત્ર મોજાર;**
**ખીર ખાંડ ઘૃત ભરિયો મુનિ દોઢ હજાર.'**

તેઓશ્રી ચરણલબ્ધિથી તળેટી પહોંચ્યા, ને જંઘાચરણ લબ્ધિથી અષ્ટાપદ પહોંચ્યા. અક્ષીણ લબ્ધિના પ્રભાવથી ૧૫૦૦ તાપસોને પારણાં કરાવ્યાં. તાપસોએ વિચાર્યું, આ તો સર્વલબ્ધિનિધાન છે. ૫૦૦ ને ગણધરની ઉત્કૃષ્ટતા વિચારતાં ને પારણું કરતાં કેવળજ્ઞાન, ૫૦૦ ને માર્ગમાં ને ૫૦૦ ને સમવસરણ જોતાં કેવળજ્ઞાન. તેમની મુખાકૃતિ જ એવી હતી કે તેમને જોઈને કેટલાય જીવો પામી જતા. પ્રભુની ગોચરી પણ હંમેશાં તેઓ જ લાવતા. અનંત લબ્ધિના માલિક છતાં

ભગવાનની હાજરીમાં ભાગ્યે જ લબ્ધિનો ઉપયોગ કરતા.

**'પહેલું મંગળ વીરનું, બીજું ગૌતમસ્વામ;**
**ત્રીજું મંગળ સ્થૂલભદ્રનું, ચોથું ધર્મનું ધ્યાન.'**

ગુરુ ગૌતમસ્વામીનો એવો ચમત્કાર હતો કે, તેઓશ્રી જે નદી કે તળાવ પરથી પસાર થાય તે પાણી કોઈ પીએ તો તેમનો રોગ ચાલ્યો જાય. તેઓશ્રી અષ્ટાપદ પર ગયા ત્યારે વજ્રસ્વામીનો જીવ તિર્યકજાંભૃક તરીકે ત્યાં હતો. ગુરુ ગૌતમે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો ને પુંડરીક-કંડરીક નામનું અધ્યયન સમજાવ્યું. તેઓશ્રીની એવી ગજબની તાકાત હતી કે તેના પરમાણુ લઈ તિર્યકજાંભૃક દેવલોકમાં ગયા, ને તે અધ્યયન રોજ ૫૦૦ વાર ગણવા લાગ્યા. ત્યાંથી ચ્યવીને સુનંદાની કુક્ષિએ વજ્રસ્વામી તરીકે ઉત્પન્ન થયા.

ગુરુ ગૌતમની નમ્રતા અપૂર્વ હતી. આનંદ શ્રાવકે જિંદગીભરનું અણશણ સ્વીકાર્યું. તેમને અવધિજ્ઞાન થયું. ગૌતમસ્વામી બોલ્યા, શ્રાવક ઉપર સૌધર્મ ને નીચે નરકવાસ સુધી ન જોઈ શકે. ભગવાને તેમની પાસે મિચ્છામિ દુક્કડમ્ માગવાનું કહ્યું. તેઓ ગયા ને માફી માંગી. કેવી નમ્રતા !

ઉત્કૃષ્ટ પુણ્યપુરુષના જીવનપથ પર નજર નાખતાં તેમની પાસેથી ત્રણ વસ્તુ માગવાનું મન થાય : સરળતા, નિર્દોષતા અને સમર્પિતતા. ચાર ચાર જ્ઞાનના માલિક, ૫૦,૦૦૦ કેવલીના ગુરુ, દ્વાદશાંગીના સ્વયં રચયિતા, ભગવાન શ્રી મહાવીરના પ્રથમ ગણધર. છતાં કેટલી સરળતા, નિર્દોષતા અને ભગવંત પ્રત્યે સમર્પિતતા ! તેમના આ ગુણો આપણને પ્રેરણા કરે છે કે, ગમે તેટલા મોટા બનો, પણ બાળક જેવા સરળ અને નિર્દોષ બનો. આ ત્રણે ગુણો આપણા માટે તેમ જ જગત માટે આશીર્વાદ રૂપ બનશે. તેમનો વિનયગુણ પણ ઉચ્ચ કોટિનો હતો.

તેઓશ્રીની ભગવાન પ્રત્યેની ભક્તિ અનુપમ હતી. ભગવાન કહેતા, મારો રાગ છોડી દે. પણ ભગવાન તેમને મન સર્વસ્વ હતા. ભગવાનનો નિર્વાણકાળ નજીક આવ્યો. ભગવાને તેમને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલ્યા. પાછા ફરતાં પ્રભુના નિર્વાણના સમાચાર સાંભળી આઘાત અનુભવ્યો. વિચારવા લાગ્યા કે, અગિયાર ગણધરમાંથી નવ મોક્ષે ગયા. હું પ્રથમ ગણધર, છતાં સંસારમાં ! અનરાધાર આંસુ ચાલ્યાં. આશ્વાસન કોણ આપે ? 'ગોયમ !' કહી કોણ બોલાવે ? વિરહ આકરો લાગ્યો. વિલાપ કરતાં કરતાં 'હે વીર ! હે વીર !' કહીને ચિંતનમાં મગ્ન થઈ ગયા. રાગદશાનું વાદળ વીખરાયું. મોહ-માયા-મમતાનાં બંધનો તૂટ્યાં. ૮૦ વર્ષની વયે, બેસતા વર્ષની આગલી રાતે તેમને કેવળજ્ઞાન થયું. તેમનો ખેદ પણ કેવળજ્ઞાન માટે થયો.

બાર વર્ષ કેવલીપર્યાય પાળતાં રાજગૃહી નગરીના વૈભારગિરિ પર એક માસનું અણશણ કરી ૯૨ વર્ષે નિર્વાણ પામ્યા.

તેઓશ્રી ભગવાનને મરીચિના ભવમાં કપિલ તરીકે, વાસુદેવના ભવમાં સારથિ તરીકે અને ભગવાનના ભવમાં શિષ્ય તરીકે મળ્યા. તેમનો અહંકાર બોધને માટે, રાગ ગુરુભક્તિ માટે અને ખેદ કેવળજ્ઞાન માટે થયો.

**'જ્ઞાનબલ તેજ ને સકલ સુખસંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે;**
**અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનીમાં, સુરનર જેહને શિશ નામે.'**
**સર્વ વિઘ્નવારક—સર્વ વાંછિતપૂરક-શ્રી ગૌતમસ્વામિને નમોનમઃ ।**

# ગુરુ ગૌતમસ્વામી : જૈનશાસનની અનન્ય વિભૂતિ

—ડૉ. હેમંત જે. શાહ

**ગણધર ગૌતમસ્વામી મહારાજાની દાર્શનિક પ્રતિભાનું પ્રતિપાદન આ લેખમાં સુંદર રીતે કરવામાં આવ્યું છે. આપણે આપણા પોતાના વિચારોને અને મંતવ્યોને ચાહીએ છીએ. અને તેથી જ મમત્વ, પૂર્વગ્રહ, કદાગ્રહ અને અંગત માન્યતાઓમાં અટવાઈ જઈએ છીએ. એ આપણાં દુઃખનું મૂળ બને છે.**

**ગણધર ગૌતમસ્વામીનું જીવન સંવાદી હતું. એ આપણને સર્વ કદાગ્રહોથી મુક્ત કરાવે છે. પરમ ધ્યેય પર પહોંચવાની પારાવાર લગની અને એક માત્ર તલપ અત્રે પ્રસ્તુત છે. ખૂબ જ ભાવથી ડૉ. હેમંતભાઈ શાહે આ વિગતને ન્યાય આપ્યો છે. આ સિવાય પણ ડૉ. શાહ જૈનસાહિત્યના વિવિધ વિષયો પર પ્રકાશ પાડતા રહ્યા છે.**

**—સંપાદક**

ભગવાન મહાવીરના પ્રથમ ગણધર પંડિત ઇન્દ્રભૂતિ જૈનશાસનમાં 'લબ્ધિ તણા ભંડાર' ગુરુ ગૌતમસ્વામી તરીકે ઓળખાય છે. ગુરુ ગૌતમસ્વામી એટલે અનેક લબ્ધિ તથા સિદ્ધિઓના ભંડાર. તેઓને માટે મહાસંત, શ્રેષ્ઠ સાધક, મુમુક્ષુ ધર્મપુરુષ, ગુણિયલ, યોગસાધક શ્રેષ્ઠ તપસ્વી વગેરે સંબોધનોનો ઉપયોગ થાય છે. ગુરુ ગૌતમસ્વામીની પ્રતિભામાં એક બાજુ વિદ્યા અને ચરિત્રનો, તો બીજી બાજુ નમ્રતા અને સત્યપરાયણતાનો પૂર્ણ યોગ જોવા મળે છે. જૈનશાસનના આવા વિશ્વકલ્યાણકારી સાધકના જીવનના કેટલાક પ્રમુખ ઘટક બળોને જોઈશું તો જણાશે કે, ગુરુ ગૌતમસ્વામી જૈનશાસનના સૌ કોઈ માટે પ્રેરણારૂપ અનન્ય વિભૂતિ બની રહે છે. ભગવાન મહાવીરથી સર્વ રીતે અભિન્ન અને એકરૂપ એવા આ સિદ્ધ પુરુષની લબ્ધિઓ અને સિદ્ધિઓ જોતાં પહેલાં આપણે એક દૃષ્ટિ તેમના જીવન પર નાંખીએ.

**આદર્શ પંડિત :** ઇન્દ્રભૂતિ ગૌતમનો જન્મ વિક્રમ સંવત પૂર્વે ૫૫૦માં, એટલે કે ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરના જન્મના આઠ વર્ષ પૂર્વે થયો. જે કુટુંબની સંપત્તિ વિદ્યા હતી અને વ્યવસાય વિદ્યાદાન હતા, તે ગોત્ર ગૌતમનું હતું. માતા પૃથ્વીદેવીના ત્રણ પુત્રોમાં પંડિત ઇન્દ્રભૂતિ સૌથી મોટા હતા. તેમના બે ભાઈઓ—અગ્નિભૂતિ તેમ જ વાયુભૂતિ પણ વિદ્યામાં તેમ જ યજ્ઞયાગમાં ઇન્દ્રભૂતિની માફક જ તેજસ્વી અને પ્રભાવશાળી હતા. પંડિત ઇન્દ્રભૂતિ સુંદર, સુદૃઢ, નીરોગી કાયા ધરાવતા હોવા છતાં તેઓ કાયાની માયાથી પર, સાદાઈ અને સાધુવૃત્તિથી શોભતું ગૃહસ્થજીવન જીવતા હતા. આદર્શ પંડિતના પ્રતીક સમા હતા. ભગવાન મહાવીરને સાડાબાર વર્ષની ઉગ્ર તપશ્ચર્યા બાદ કેવળજ્ઞાન થયું. આ સમય હતો પંડિત ઇન્દ્રભૂતિના જીવન-પલટાનો. પંડિત ઇન્દ્રભૂતિની

અધીરતા અને બેચેની હતી ભગવાન મહાવીર પાસે પહોંચવાની અને હેતુ હતો તેઓ સાથે શાસ્ત્રાર્થ કરીને તેઓને પરાજિત કરવાનો. તેઓ પોતાના ૫૦૦ શિષ્યો સાથે શ્રમણ ભગવાન મહાવીરની ધર્મસભા તરફ ચાલી નીકળ્યા. શ્રમણ ભગવાન મહીવીર તો અંતરમાં અને આત્માની ભીતરમાં વસતા દોષો ઉપર વિજય મેળવીને બન્યા હતા જિન, સર્વજ્ઞ, સર્વદર્શી, અર્હંત, પરમાત્મા અને તીર્થંકર. તેઓ હારજીતથી તેમ જ પ્રતિસ્પર્ધીના પડકારની કઠોરતાથી પર હતા. તેઓની વાણીમાં વાત્સલ્ય, વર્તનમાં મધુરતા અને વિચારોમાં ધર્મમયતા હતી. તેઓનું બળ હતું ઉત્કૃષ્ટ જ્ઞાન અને નિર્મળ ચારિત્ર. ઇન્દ્રભૂતિ ગૌતમની શંકાઓનું સમાધાન થતાં તેઓના 'મનનું ઢાંકણ ખૂલી ગયું.' નિરાંતનો ભાવ અનુભવ્યો. સત્યની ઝાંખી થયાનો આહ્લાદ થયો અને તેમાંથી કૃતજ્ઞતાનો ભાવ ઉત્પન્ન થયો.

કૃતજ્ઞતા દર્શાવતાં ગૌતમે કહ્યું : 'ભગવાન, આપનું કહેવું યથાર્થ છે. આપ સાચા જ્ઞાની, મહાજ્ઞાની, સર્વજ્ઞ છો. આપની કૃપાથી મારો સંદેહ દૂર થયો. હું આપની વાણીને અભિનંદું છું, અભિવંદું છું.'

**આદર્શ દાર્શનિક** : પંડિત ઇન્દ્રભૂતિ તે જ ક્ષણે પ્રભુને સમર્પિત થઈ ચૂક્યા હતા. તેઓની વિનંતી મુજબ ભગવાને તેઓને પોતાના પ્રથમ શિષ્ય તરીકે સ્વીકાર્યા. તે દિવસથી પોતાના જીવનના અંતકાળ સુધી તેઓ ભગવાન પાસે જ રોકાઈ ગયા અને સમગ્ર શાસનભાર પોતાના પર નિભાવ્યો. ભગવાન મહાવીરના નિર્વાણના બીજા દિવસે તેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેવળજ્ઞાન પ્રાપ્ત થતાંની સાથે જ ગુરુ ગૌતમસ્વામીએ સંઘનો શાસનભાર પાંચમા ગણધર સુધર્માસ્વામીને સોંપી દીધો. પોતાની કેવળી અવસ્થામાં બાર વર્ષ સુધી ધર્મપ્રચાર કર્યા બાદ અંતમાં વીર સંવત્ ૧૨માં ગૌતમસ્વામી રાજગૃહી આવ્યા અને એક માસના અનશનથી અક્ષય સુખવાળું મોક્ષપદ પ્રાપ્ત કર્યું. પોતાના બેતાલીસ વર્ષના દીક્ષાજીવન બાદ અને ૯૨ વર્ષની આયુએ તેઓ કાળધર્મ પામ્યા. ગુરુ ગૌતમસ્વામીની લાંબી જીવનયાત્રા દરમિયાન બનેલા અનેક પ્રસંગો તેમ જ સંવાદોમાંથી તેમની પ્રતિભા ઊપસી આવે છે. તેઓ આપણી સમક્ષ એક અનન્ય, અસામાન્ય, મંગલમય વિભૂતિ તરીકે પ્રત્યક્ષ થાય છે. તેઓની આ પ્રતિભામાં તુરત જ ઊડીને આંખે વળગે તેવી જે જે વિશેષતાઓ છે તે દ્વારા આપણે ગૌતમસ્વામીને ઓળખવાનો અને એ રીતે તેમના જીવનમાંથી પ્રેરણા લેવાનો પ્રયત્ન કરીએ.

ગુરુ ગૌતમસ્વામીની પ્રમુખ વિશેષતા છે તેમની દાર્શનિક પ્રતિભા. દાર્શનિક પ્રતિભા એટલે શું ? આ પ્રશ્ન કોઈને પણ સ્વાભાવિક રીતે થાય. પશ્ચિમના વિદ્વાનોને જ મહત્ત્વ આપનારા વર્તમાનના કહેવાતા બૌદ્ધિકોને ખબર હશે કે, ગ્રીક તત્ત્વચિંતક પ્લેટો દાર્શનિક વ્યક્તિના ચારિત્રના ગુણોમાં 'શાશ્વત અને સનાતન સત્યો પ્રત્યેનો અગાધ પ્રેમ, જ્ઞાનની તીવ્ર ઝંખના, સંયમીપણું, મનની વિશાળતા, સર્વ સમયની સર્વ વાસ્તવિકતાનું દર્શન કરવાની શક્તિ, મૃત્યુથી અભય, વાણી-વર્તન અને વિચારમાં સંતુલન, અને સત્ય, ન્યાય, હિંમત અને શિસ્તના સહચારીપણા'ને મુખ્ય ગણાવે છે. ઉપરોક્ત ગુણો કોઈ પણ દાર્શનિક પ્રતિભાના છે. આ ઉપરાંત તેનામાં મેધાવી બુદ્ધિશક્તિ, અર્થઘટનની તર્કશુદ્ધ અભિવ્યક્તિ અને વિચારોની સુસંગતતા પણ જણાવાના. આ બધું આપણને ગુરુ ગૌતમમાં જોવા મળે છે. ઉપર જણાવેલા દાર્શનિક પ્રતિભાના ગુણોમાં પણ ગુરુ ગૌતમસ્વામીમાં તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ અને ચારિત્રની પરિપૂર્ણતા મુખ્ય છે.

**આદર્શ શિષ્ય** : ગુરુ ગૌતમસ્વામી જેમ એક દાર્શનિક તરીકે આપણી સમક્ષ આવે છે, તેમ એક આદર્શ શિષ્ય તરીકે પણ આવે છે. હકીકતમાં તો ગૌતમસ્વામીનું જીવન શ્રમણ ભગવાન મહાવીરના સંદર્ભ વગર સમજવું શક્ય જ નથી. ગૌતમસ્વામીને ભગવાન મહાવીરના પ્રક્ષેપમાં જ જોવા વધુ ન્યાયી બની રહે છે. શો સંબંધ છે આ 'ગોયમ' અને 'ભંતે' પદોનો ? શાસ્ત્રો કહે છે, આ સંબંધ માત્ર તેઓના વર્તમાન જીવનનો જ નહીં, પણ ભવોભવ જૂનો સંબંધ છે. આ સંબંધ જુગ જુગ જૂના કાળ સુધી લંબાયેલો, સ્નેહતંતુથી બંધાયેલો છે. શાસ્ત્રોમાં, બંને—શ્રમણ ભગવાન મહાવીર અને તેમના ગણધર શિષ્ય ગૌતમ અભિન્ન બની ગયા છે. તેઓ ભગવાનના આદર્શ શિષ્ય હતા અને ભગવાન મહાવીરની અખંડ ભક્તિ એ તેઓની સાધનાનું પ્રેરક બળ હતું. ગૌતમને એક તરફ તીવ્ર ઝંખના હતી ધર્મ પામી, ઘાતી અને અઘાતી કર્મોનો આત્યંતિક નાશ કરી મોક્ષને પામવાની. અને બીજી તરફ હતી ભગવાન મહાવીર પ્રત્યેની આસક્તિ અને અનુગ્રહ, જે મોક્ષપ્રાપ્તિમાં બંધનરૂપ હતું. પોતાના નિર્વાણ સમયે ભગવાને વિચાર્યું, 'આજે હું મોક્ષ પામવાનો છું. ગૌતમનો મારા પર ખૂબ જ સ્નેહ છે. એ સ્નેહને કારણે જ ગૌતમ હજી સુધી કેવળજ્ઞાનથી વંચિત છે. એટલા માટે કોઈ એવો ઉપાય કરવો જોઈએ, કે જેથી તેનો સ્નેહ નષ્ટ થાય; સમભાવ, વીતરાગભાવ ઉત્પન્ન થાય.' આમ વિચારી ભગવાને ગૌતમસ્વામીને કહ્યું, 'ગૌતમ, નજીકના ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ છે તે તારા ઉપદેશથી પ્રતિબોધ પામશે. માટે તમે તેને ઉપદેશ આપવા જાઓ.'

ભગવાન મહાવીરની આજ્ઞાને શિરોમાન્ય ગણી ગૌતમ દેવશર્માને ઉપદેશ આપવા ચાલ્યા ગયા. તેઓના ઉપદેશથી દેવશર્માને પ્રતિબોધ પ્રાપ્ત થયો. આ તરફ ભગવાન મહાવીરને નિર્વાણ પ્રાપ્ત થયું. ગૌતમસ્વામી દેવશર્માને પ્રતિબોધ કરીને પાછા ફરતા હતા ત્યારે માર્ગમાં દેવતાઓની વાણી દ્વારા તેમને ભગવાનના નિર્વાણના સમાચાર મળ્યા. સમાચાર સાંભળતાં જ તે મૂર્છિત થયા. ભાનમાં આવ્યા ત્યારે વિચારવા લાગ્યા કે, ભગવાન તો અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર ધરાવનાર હતા. તેઓએ કયા કારણથી પોતાના અંત સમયે મને દૂર મોકલ્યો ? આટઆટલા સમયથી આપની સેવા કરતો રહ્યો, પણ અંતિમ સમયે આપનાં દર્શન ન કરી શક્યો ?....વિચારોને અંતે ગૌતમસ્વામીને જ્ઞાન થયું કે, અત્યાર સુધી તેઓ ભ્રમમાં હતા. તેઓ નિરાગી અને નિર્મમમાં મમતા રાખતા હતા. આ રાગદ્વેષ વગેરે તો સંસારનું કારણ છે. તેનો સર્વથા ત્યાગ કરવામાં ભગવાને પોતાના અંતિમ સમયે મારો ત્યાગ કર્યો છે....આ શુભ વિચાર આવતાં જ તેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

**શ્રેષ્ઠ સાધક** : ગુરુ ગૌતમસ્વામીની દાર્શનિક પ્રતિભા અને ઉત્તમ શિષ્યપણાની સાથે તેઓ શ્રેષ્ઠ સાધક તરીકે પણ આપણી સમક્ષ ઊપસી આવે છે. તેઓ એક 'મહાસંત, શ્રેષ્ઠ સાધક અને સિદ્ધપુરુષ' હતા. શાસ્ત્રમાં તેઓને સાચા 'મુમુક્ષુ ધર્મપુરુષ' તરીકે સંબોધવામાં આવે છે. મુમુક્ષુનો એકમાત્ર અભિલાષ અને પુરુષાર્થ મોક્ષ માટે જ હોય. ગૌતમસ્વામી સાચા મુમુક્ષુ ધર્મપુરુષ હતા. તેઓનું જીવન એક ઉત્કટ અને મહાન સાધક અને તપસ્વીનું જીવન હતું. એટલા માટે તેઓને ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્ત તપસ્વી, મહાતપસ્વી, ઉદાર અને ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યમાં રહેવાના સ્વભાવવાળા અને શરીરના સંસ્કારો ત્યજનારા તરીકે બિરદાવવામાં અને સ્તવવામાં આવે છે.

**વાત્સલ્યમૂર્તિ** : ગૌતમસ્વામી અનેક વિશિષ્ટ ગુણોને કારણે એક અનન્ય વિભૂતિ બની રહ્યા. તેઓની એક વધુ નોંધપાત્ર અને આજના યુગમાં સૂચક એવી વિશિષ્ટતા હતી તેઓની અનેકાંતદૃષ્ટિ. તેઓની 'સમન્વયબુદ્ધિ' જૈનધર્મની અનેકાંતદૃષ્ટિનું એક જીવંત ઉદાહરણ કહી શકાય. જેમ દેવશર્માના પ્રસંગમાંથી ગૌતમસ્વામીની પ્રતિબોધ કરવાની શક્તિનું દર્શન થાય છે, તેમ તે સમયની ભગવાન પાર્શ્વનાથ પરંપરાના શ્રુત સ્થવિર કેશીકુમાર શ્રમણ સાથેના શાસ્ત્રાર્થમાંથી તેમની અર્થઘટનશક્તિ તેમ જ સમન્વયબુદ્ધિ અને તર્કશુદ્ધતાનું દર્શન થાય છે. જૈનદર્શનની અને જૈનધર્મની પાયાની બાબતોમાં એકમતી હોવા છતાં ભૌતિક સ્તરે જોવા મળતી આચાર અને નિયમોની ભિન્નતાને કારણે અલગ લાગતી પાર્શ્વ-પરંપરા અને મહાવીર-પરંપરા એક જ છે અને એ બંનેને એકબીજામાં સમ્મિલિત કરવાનું ગૌતમસ્વામીનું કાર્ય જૈનશાસન પરનો તેમનો મહાન ઉપકાર ગણાવી શકાય.

કેશીકુમાર શ્રમણ સાથેની પ્રશ્નોત્તરીમાં તેઓની મેધાવી બુદ્ધિશક્તિ તેમ જ તેઓની સત્ય સમજવાની અને સમજાવવાની ધીરજ, આવડત અને વાત્સલ્યનું દર્શન થાય છે. ભગવાન મહાવીરના પ્રથમ ગણધર મહાયશસ્વી ગુરુ ગૌતમસ્વામી વિદ્યા અને ચારિત્રમાં પરિપૂર્ણ, દ્વાદશાંગના વેત્તા, તત્ત્વજ્ઞાની હતા. તેઓ મહાન જ્ઞાની, તપસ્વી હોવા છતાં એક આદર્શ મુનિ અને શિષ્ય પણ હતા. એક તરફ તેઓમાં સાધના, જ્ઞાન, તર્કશુદ્ધતા હતી તો બીજી તરફ નમ્રાતિનમ્રતા, સરળતા અને સત્યપરાયણતા હતી. તેઓ વિશ્વકલ્યાણકારી સાધક હતા. તેઓનો આત્મા સદા સંવેદનશીલ હતો. તેઓની દૃષ્ટિ ગુણગ્રાહક અને ધર્મપ્રશંસક હતી. સદા અહંભાવ અને અભિમાનથી પર તેઓ અનેક સિદ્ધિઓ અને લબ્ધિઓના સ્વામી હતા. આવી અનન્ય પ્રતિભાનું નામસ્મરણ, એમની પૂજા, ભક્તિ અને સ્તુતિ એટલે જીવનનાં સંકટો દૂર કરવાં, મનના મનોરથો પૂર્ણ કરવા, આત્મોદ્ધારની પ્રેરણા પામવા અને જિન બનવાની દિશામાં આગળ વધવા માટે મહામંગલકારી ગુરુની ભક્તિ. જૈનશાસનની આવી અનન્ય વિભૂતિને લાખ લાખ વંદના !


दौ गगने स्वशक्तया ययौ जिनानां पदवंदनाय निशम्यती
र्थातिशयं सुरेभ्यः स गौतमो यच्छतु वांछितं मे ॥३॥ त्रिपंचसं
ख्याशततापसानां तपःकृशानामपुनर्भवाय अक्षीणल
ब्ध्या परमान्नदाता स गौतमो यच्छतु वांछितं मे ॥४॥ सदक्षिण
भोजनमेव देयं साधर्मिकं संघसपर्ययेति कैवल्यवस्त्रं प्रद
दौ मुनीनां स गौतमो यच्छतु वांछितं मे ॥५॥ शिवं गते भर्तरि वीर
नाथे युगप्रधानत्वमिहैव मत्वा पट्टाभिषेको विदधे सुरेंद्रैः
स गौतमो यच्छतु वांछितं मे ॥६॥ श्रीगौतमस्याष्टकमादरेण

પ્રાચિન હસ્તપ્રતનું એક પાનું

# પ્રાત:સ્મરણીય ગુરુ-શિષ્ય

*—શ્રી લક્ષ્મીચંદ 'સરોજ'*

**'અલ્પની ભૂમિકામાં બેઠેલા આપણે સૌને માટે અનંતનું દર્શન કરવું કેટલું દુષ્કર અને વિષમ છે? સાડાત્રણ હાથના આ દેહમાં 'અનંત' ક્યાંક છુપાયો છે? મૂઠીભર હૃદયમાં ક્યાંય સંતાયો છે? શરીર, બુદ્ધિ અને હૃદયની સીમા ઓળંગી જઈને એ અનંતને જરૂર મળી શકાય છે.**

**ગુરુનું ગુરુત્વ મહાન છે...તો શિષ્યનું શિષ્યત્વ પણ મહાન છે. એવા મહામાનવ ગુરુ-શિષ્યના સંબંધનું અત્રે સુંદર આલેખન થયું છે.**

**શ્રદ્ધાની આંખે અને વિવેકની પાંખે ચાલો આપણે એ પરમ શ્રદ્ધેયની સમીપે પહોંચવા પ્રયત્ન કરીએ.** *—સંપાદક*

'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ..., સંસ્કૃત ભાષાના એક સુપ્રસિદ્ધ શ્લોકની આ પંક્તિ નિર્વિવાદરૂપે સહજ સ્વભાવે બધા જૈન બંધુઓ ભણે છે. આ પંક્તિનો સંક્ષિપ્ત-સરળ અર્થ છે કે આ યુગની કર્મભૂમિના ચોવીશમા ચરમ તીર્થંકર ભગવાન મહાવીર મંગલમય છે અને એમના સર્વપ્રથમ સુપ્રસિદ્ધ શિષ્ય ગૌતમ ગણધર પણ મંગલમય છે.

## મંગલમય અને અનન્યતમ

ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર મંગલમય એટલે છે કે બંને મહાત્માઓનું આચરણ મંગલમય હતું. અર્થાત્ સુખવર્ધક અને દુ:ખનાશક હતું. આત્મવિકાસક અને શરીર-નાશક હતું. સંસૃતિનું ઉચ્છેદક અને શિવ-પ્રકાશક હતું. બંનેએ કહ્યા કરતાં કર્યું વધુ. બંનેએ પહેલાં પોતાને ઉપદેશ આપ્યો, એ પછી અન્યને આદેશ કર્યો. આથી જ બંને મંગલમય બન્યા. બંને પરસ્પર ગુરુ-શિષ્ય સંબંધે એટલા તો ખ્યાત છે કે એકને યાદ કરતાં બીજાનું સ્મરણ જાગે જ. પણ બંનેની આગવી અનેક વિશેષતાઓ પણ છે. ભગવાન મહાવીર પથ-પ્રદર્શક રહ્યા અને ગૌતમ ગણધર એમના દ્વારા નિર્દેશિત માર્ગ પર ચાલીને જીવન-લક્ષ્ય પામી, સફળ થયા.

ગણધર ચાર જ્ઞાનના—મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવના ધારક હોય છે. કેવલજ્ઞાનનો મહામણિ પામતાં પહેલાં ગૌતમ ગણધર ભગવાન મહાવીરના દિવ્ય-ધ્વનિ-સંદેશવાહક થયા હતા. એમના માધ્યમથી ધર્મપ્રિય ભવ્ય પુરુષોએ ધર્મચેતના પ્રાપ્ત કરી હતી. ભગવાન મહાવીરના સુયોગ્ય શ્રેષ્ઠતમ શિષ્ય થવા માટે ગૌતમ ગણધર અથવા ઇન્દ્રભૂતિ ગૌતમને પોતાની પૂર્વગૃહીત મિથ્યાત્વ-મૂલક માન્યતાઓનો ત્યાગ કરવો પડ્યો અને મહાવીરના અંતેવાસી થવાનો, એમની વાણી પ્રસારિત કરવાનો સુયોગ પ્રાપ્ત થયો. તેનું પરિણામ એ આવ્યું કે તેઓ પ્રાંતે કેવલ-જ્ઞાનની પ્રાપ્તિ કરી શક્યા. દીપાવલીને દિવસે, એક તરફ ભગવાન મહાવીર મુક્તિશ્રીનું વરણ કરી રહ્યા હતા અને બીજી તરફ ગૌતમ ભગવાન મહાવીર જેવી જ કેવલ-જ્ઞાનની દિવ્યજ્યોતિની ઉપલબ્ધિ પામવાને

સક્ષમ બની રહ્યા હતા. ગૌતમ ગણધર હવે સાચા અર્થમાં ભગવાન મહાવીરનું કામ કરવા માટેના ઉત્તરાધિકારી બની રહ્યા હતા, ગુરુ-અવશેષકાર્યને પૂર્ણ કરવા કટિબદ્ધ થઇ રહ્યા હતા. વિચારના આ બિંદુએથી જ કવિએ ગુરુ-શિષ્યની આ જોડીને અમર કરવા માટે એક પંક્તિમાં લખ્યું અને બંનેના મંગલમય અને અનન્યતમ સ્વરૂપની અભિવ્યક્તિ કરી.

## કેવલજ્ઞાની નિર્વાણોન્મુખ

જેમ ભગવાન મહાવીરે ગૌતમ ગણધરને લક્ષ્ય કરી કહ્યું હતું—समयं गोयम मा पमाय—અર્થાત્ હે ગૌતમ ! એક સમય, એક ક્ષણનો નાનકડો અંશ જેટલો સમય પણ તું પ્રમાદ ન કર ! આ સ્વર્ણ-સૂક્તિને ગૌતમ ગણધરે પોતાના દૈનિક જીવનમાં પ્રયોગ કર્યા પછી, કેવલજ્ઞાન પ્રાપ્ત કરી અન્ય ભવ્ય જીવોના હિતાર્થે કહી હતી. સંયમી દીક્ષિત જિતેન્દ્રિય ત્યાગી બનવાના નિર્દેશ આપ્યા હતા. એમણે સમય અને સંયમને સ્વીકૃતિ આપી, લોક-અલોકમાં ઉચ્ચતમ સ્થાનની ઉપલબ્ધિ કરી—એટલે જ સ્તો એમની સ્મૃતિ અર્થે આપણે સસ્વર કહીએ છીએ—मंगलं भगवान वीरो मंगलं गौतम प्रभु....

ચાર ઘાતક કર્મોને નષ્ટ કર્યા પછી મોહનીય જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયકર્મોની ઇતિશ્રી કર્યા પછી જેમ ગૌતમ ગણધરે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું તો એમણે પણ પોતાના પરમ ગુરુ મહાવીરની જેમ બહુજન હિતાય, બહુજન સુખાય સ્વર્ણોપદેશ દેવાનું શરૂ કર્યું અને જ્યાં સુધી જીવિત રહ્યા ત્યાં સુધી પ્રાપ્ત-જ્ઞાનનું વાદળોના વારિદાન માફક વિતરણ કરતા જ રહ્યા. કાળાંતરે પછી જ્યારે ચાર ઘાતક કર્મોનો નાશ કર્યો, વેદનીય આયુ-નામ-ગોત્રને નિઃશેષ કર્યા ત્યારે તેમણે પણ ભગવાન મહાવીરની જેમ નિર્વાણલાભ મેળવ્યો. લોકમાં તો એ પ્રસિદ્ધ હતા પણ આલોકમાં સફળ સિદ્ધ થઇ ગયા. માત્ર રોટી, કપડાં કે મકાનથી જ નહીં પણ શરીરના શ્વાસોચ્છ્વાસ ને ભવ-ભ્રમણથી ય હંમેશ માટે નિશ્ચિંત થઇ ગયા અને ભગવાન મહાવીરની જેમ ગૌતમ પણ બધાને માટે યુગ-યુગના પ્રણમ્ય થયા.

કેવલજ્ઞાનની દિવ્ય જ્યોતિ તો આજ પણ અવિચળ જલી રહી છે. નિર્વાણની દીપશિખા તો આજ પણ અવિરત જલી રહી છે. કર્મભૂમિએથી નહીં પણ વિદેહક્ષેત્રમાં તો આજે પણ વીશ-વીશ તીર્થંકર કેવલજ્ઞાનનો લાભ દઇ રહ્યા છે અને મુક્તિ-શ્રીનું વરણ કરી રહ્યા છે. પ્રસ્તુત પ્રસંગમાં આજ ભગવાન નથી કે નથી ગૌતમ ગણધર એમ કહેવું એ કશા અર્થ કે મહત્ત્વનું નથી. ભગવાન મહાવીર અને ગૌતમ ગણધરની પરંપરાના આચાર્યોના ધર્મગ્રંથો આપણને પ્રાપ્ય છે ત્યાં સુધી નિરાશ થવાનું કોઇ કારણ નથી. જરૂરત છે ભાગ્ય અને આળસ છોડી, પ્રયત્ન અને પુરુષાર્થને અપનાવવાની. જૈન સંસ્કૃતિ તો આજે પણ શ્રમણ-શ્રાવક થવા પર પ્રત્યક્ષ-પરોક્ષરૂપે સંસૃતિમાં ય મુક્તિનો માર્ગ ખોલી રહી છે. વિજ્ઞાનની આ વીશમી શતાબ્દીમાં ય, પાશ્ચાત્ય ભૌતિકવાદી ચકાચૌંધમાં ય જેણે આત્મહિત કરવું છે તેઓ તો આત્મહિત કરી રહ્યાં છે અને જેમણે નથી કરવું એ તો ચર્યા-પ્રવૃત્તિ ભૂલીને ચર્ચા-આલોચનામાં જ સમય સમાપ્ત કરી રહ્યા છે. ભાગ્યને બદલે પુરુષાર્થ કરીને, જિનવાણી કે જનવાણીને અનુરૂપ આપણું આચરણ કરીને સાચા અર્થમાં શ્રાવક-શ્રમણ બનીને આપણે પણ આપણા સુપ્ત-ગુપ્ત મહાવીર અથવા ગૌતમને જગાડી શકીશું. બીજ યા શક્તિરૂપમાં તો પ્રાણી માત્ર

મહાવીર અને ગૌતમ છે; પણ જ્યાં સુધી એને વૃક્ષ અને અભિવ્યક્તિ મળતી નથી ત્યાં સુધી તો બીજ બીજ જ અને શક્તિ માત્ર શક્તિ જ રહે છે. સમર્પણની સાધનાને અનુકૂળ વાતાવરણ અંકુરિત-પલ્લવિત-પુષ્પિત થતાં સુધી સાચવવાથી જ મહાવીર ગૌતમ ઉત્પન્ન થઈ શકશે. જન-સમુદાય જ્યાં સુધી ભોગ-ભક્ત છે, વિલાસમાં આસક્ત છે, શરીરનો સેવક છે, સંસારનો ઇચ્છુક છે, ભક્ષ્ય-અભક્ષ્ય વિચાર-રહિત છે, ન્યાય-અન્યાય વિસ્મૃત કરેલો છે ત્યાં સુધી કોઈએ ય મહાવીર-ગૌતમ બનવાના નથી. મહાવીર-ગૌતમ થવા માટે અહંકાર-મમત્વ-અધિકાર-હક્કનો ત્યાગ કરવો જ પડશે, એ સિવાય ગતિ-મુક્તિ નથી. જે દિવસે સમગ્ર દષ્ટિ, સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રની દિશામાં વધશે એ દિવસે એ પણ મહાવીર-ગૌતમ જેવી થશે. આ સ્થિતિ માટે શુભ ભાવ વધારવો પડશે અને અશુભને હટાવવો પડશે. શુદ્ધ ભાવની ઉપલબ્ધિમાં જ શુદ્ધાત્માનુભૂતિ થશે.

## અંગ્રેજો દ્વારા ઉલ્લેખ

જિનકુશલસૂરિના શિષ્ય વિનયપ્રભ ઉપાધ્યાયે પોતાના સાધર્મિક બંધુ માટે ગૌતમસ્વામીનો રાસ લખ્યો. એના મહિમામાં ઉલ્લેખનીય છે કે એના પઠન-શ્રવણથી જ એના દિવસો બદલાયા. તે દરિદ્રમાંથી સમૃદ્ધ થયો. રાસમાં ગૌતમ ગણધરને જિનશાસન પ્રભાવક શ્રેષ્ઠતમ મુનિઓમાંના (એક) બતાવાયા–

**પૂનમ નિશિજિમ સસહર સોહે, સુર તરુ મહિમા જિમ જગ મોહે,**
**પૂરબ દિશિ જિમ સહસ કરો, તિમ જિન શાસન મુનિ પવરો,**
**પંચાવન જિમિ ગિરિવર રાજે, નર વઈ ઘર જિમ મય ગલ ગાજે.**

કવિએ ગૌતમસ્વામીનો જીવન-પરિચય લખ્યો. અષ્ટાપદ પર ચઢીને જિનબિંબ-દર્શન કર્યા જેવી ઘટનાઓ લખી. ગૌતમસ્વામી પૂર્વગ્રહ છોડીને જૈન ધર્મ-પ્રચારક થયા.

ગૌતમાષ્ટકમ્‌ની સંજ્ઞા સાર્થક છે. એમાં કવિએ પોતાનું નામ તો નથી લખ્યું પણ ગૌતમ દ્વારા અષ્ટાપદની વંદનાનો ઉલ્લેખ કર્યો છે. એક શ્લોકમાં ગૌતમને અક્ષીણ લબ્ધિ દ્વારા પરમાન્નદાતા પણ લખ્યા. ભગવાન મહાવીર બાદ ગૌતમ ગણધર પ્રધાન થયા. એનો ઉલ્લેખ કવિએ આ રીતે કર્યો–

**शिवं गते भर्तरि वीरनाथे युगप्रधानत्वमिहैव मत्वा**
**पट्टाभिषेको विदधे सुरेन्द्रैः स गौतमो यच्छतु वांछितं मे ।**

'પરમ જ્યોતિ મહાવીર' મહાવીર મહાકાવ્યના પ્રણેતા કવિકુલભૂષણ ધન્યકુમાર 'સુધેશે' પોતાનું કાવ્ય ખૂબ પરિશ્રમપૂર્વક લખ્યું અને સર્વાંગ સુંદર બનાવવા પ્રયત્ન કર્યો. એના અઢારમાં સર્ગમાં દેવરાજ ઇન્દ્રભૂતિને ભગવાન મહાવીર પાસે લાવે છે અને તે મહાવીરના પ્રમુખ અને પ્રથમ ગણધર થયા. એમના બંને ભાઈ વાયુભૂતિ અને અગ્નિભૂતિ પણ ગણધર બને છે. અગિયાર ગણધરો થવાની ચર્ચા કવિએ ખૂબ કૌશલપૂર્વક સાધાર સંયોજી છે. કદાચ એટલે જ વિદ્વત્ પરિષદે આ ગ્રંથને પુરસ્કૃત પણ કર્યો છે. આ ગ્રંથના ત્રીજા પરિશિષ્ટમાં ઇન્દ્રભૂતિ પર અપાયેલી ટિપ્પણી પૃષ્ઠ ૬૩૬ પર આ પ્રમાણે છે :–

ઈન્દ્રભૂતિ ગૌતમ ગૃહસ્થાશ્રમમાં મગધ દેશના ગોબરગાંવ નિવાસી ગૌતમ ગોત્રના બ્રાહ્મણ વસુભૂતિના જ્યેષ્ઠ પુત્ર હતા, એમની માતાનું નામ પૃથ્વી હતું. એમનું નામ જો કે ઈન્દ્રભૂતિ હતું પણ તેઓ પોતાના ગોત્રાભિધાન ગૌતમ એ નામે વિશેષ પ્રસિદ્ધ હતા. દીક્ષા સમયે તેમની ઉંમર ૫૦ વર્ષની હતી. તેમનું શરીર સુગઠિત હતું. તેઓ મોટા તપસ્વી અને વિનીત ગુરુ-ભક્ત શ્રમણ હતા. જે રાત્રિએ મહાવીરનું નિર્વાણ થયું એ રાત્રિના અંતે ઈન્દ્રભૂતિ ગૌતમને કેવલજ્ઞાન થયું અને ત્યારબાદ એ બાર વર્ષ જીવિત રહ્યા. માસિક અનશન કરી, ભગવાન મહાવીરના નિર્વાણ બાદ બાર વર્ષે તેઓ પણ નિર્વાણ પામ્યા.

સંસ્કૃત ભાષાના એક શ્લોકનો કવિ 'સુધેશે' અત્યંત કૌશલપૂર્વક અનુવાદ કર્યો અને નીચે મુજબ છંદોબદ્ધ કર્યો–

**ત્રૈકાલ્ય દ્રવ્ય નવ ષટ પદાર્થ-ષટ કાય જીવ ઔ લેશ્યા ષટ્ ।**
**પંચાસ્તિકાય વૃત સમિતિ-જ્ઞાન-ચારિત્ર ભેદ આદિક ઉત્કટ ।।**

**કહ ગયે મોક્ષ કા મૂલ ઈન્હેં, ત્રિભુવન પૂજિત અરિહન્ત સ્વયં;**
**વહ ભવ્ય કિ જો ઈન શ્રદ્ધા કરતા જીવન પર્યંત સ્વયં.**

પૂર્વોક્ત બંને પદ્ય જે શ્લોકનો આધાર છે તે શ્રુતાવતાર કથામૂલક છે અને 'મોક્ષશાસ્ત્રની' પ્રસ્તાવનામાં પણ પ્રકાશકો દ્વારા જોડી દેવામાં આવ્યો છે. આ અંગે પ્રસ્તુત પંક્તિઓના લેખકનો દૃઢ વિશ્વાસ છે કે શ્લોકમાં જૈન ધર્મ અને દર્શનનું રહસ્ય છુપાયેલું છે. શ્લોક પઠનીય, સ્મરણીય, મનનીય થયો છે.

**त्रैलोक्यं द्रव्यषट्कं नवपदसहितं जीव-षट्काय-लेश्याः**
**पंचान्ये चास्तिकाया व्रत-समिति-गति-ज्ञान-चारित्रभेदाः ।**
**इत्येतन्मोक्षमूलं त्रिभुवनमहितैः प्रोक्तमर्हद्भिरीशैः**
**प्रत्येति श्रद्दधाति स्पृशति च मतिमान् यः स वै शुद्धदृष्टिः ।।**

ભગવાન મહાવીર અને ગણધર ગૌતમ પ્રાતઃસ્મરણીય ગુરુ-શિષ્ય છે. મહાપુરુષ મહાવીરની સંગતિ, વિચાર અને કાર્યએ ગૌતમ માત્ર ગણધર જ ન થયા પરંતુ બંનેને મંગલકારી કહ્યા એ રૂપે તેમની સમકક્ષ પણ થવાનો સોનેરી મોકો આપી જૈન સંકૃતિને ય તેમણે સમજાવી. જે વિપરીત જ્ઞાન-વિજ્ઞાન પર ગૌતમ વર્ષો સુધી રીઝયા રહ્યા, ધાર્મિક દાર્શનિક ચેતના સમજી પઠન-પાઠન કરતા રહ્યા એને જ મહામના મહાવીરે સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રમય બનાવી દીધા. મહાવીરે પોતાના સાન્નિધ્યથી પારસ-પથ્થર-સદૃશ ઈન્દ્રભૂતિ ગૌતમના લોખંડને સ્વર્ણ બનાવી દીધું. સંસારના હિમાલયને સિદ્ધિશિલા પ. આસન્ન કરી દીધો. ઈન્દ્રભૂતિ ગૌતમના માનસને પોતાની દિવ્ય ધ્વનિમયી સત્યં, શિવં સુંદરમ્ની સરિતામાં પ્રવાહિત કર્યો. એથી પણ મહાવીર પ્રથમ છે અને ગૌતમ પછી.

માનવ-જીવનનાં બધાં માંગલિક કાર્યોમાં—સુખવર્ધક, દુઃખનાશક કામોમાં તિલક, પૂજન-વિવાહમાં, કાર્યની સિદ્ધિના પ્રારંભમાં આપણે 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ' કહેવાનું ન ભૂલીએ. રક્ષાબંધન અને દીપાવલી જેવા તહેવારોમાં, પર્યુષણ-અષ્ટાહ્નિકા-સિદ્ધચક્ર પાઠ જેવા અવસરોએ પણ પૂર્વોક્ત પંક્તિ સ્મૃતિ-પથમાં રાખીએ. આજે જ રિદ્ધિ-સિદ્ધિ,

શુભ-લાભ સમજીએ અને દૈનિક જીવનમાં પણ સદાચાર-સદ્વિચાર સાથે સમતામૂલક પ્રવૃત્તિ કરીએ. શ્રદ્ધા-વિવેક-ક્રિયાવાન શ્રાવક થઈએ અને શરીરથી આત્મા તરફની દિશામાં ચાલનારા સજાગ સતત શ્રમણ થઈએ તો સંભવ છે કે ક્યારેક આપણા જીવનમાં પણ ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર સદશ દીપમાલિકા યા પ્રકાશપર્વ ઊજવવાનો પ્રસંગ આવે. આ ઉજ્જ્વળ-ઉન્નત ભવિષ્યની આશામાં 'પ્રાતઃસ્મરણીય ગુરુ-શિષ્ય' લેખનો ઉપસંહાર કરું છું.

* * *

ગૌતમસ્વામીનું નિર્વાણ સ્થળ :
રાજગૃહીનગર – વૈભારગિરિ



શ્રી વૈભારગિરિ જ્યાં ગૌતમસ્વામી નિર્વાણ પામ્યા

દુષ્ટ દૂરે ટળે સ્વજન મેળો મળે, આધિ વ્યાધિ ને ઉપાધિ નાસે;
ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વલી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે.

## શ્રીમદ્ રાજચંદ્રની વિચારધારાના પરિપ્રેક્ષ્યમાં

# ગણધર ગૌતમ : એક વિહંગાવલોકન

–ડૉ. ઘનશ્યામ ત્રિ. માંગુકિયા

**જ્ઞાનનો મહિમા અપરંપાર છે. એટલે તો અંતિમ અને અગ્રિમ અવસ્થા 'કેવળજ્ઞાન'ની કહી છે. ધર્મપુરુષો, મહા તપસ્વીઓ આ દર્શન પામ્યા પછી તેઓના જીવનમાં ડગલે ને પગલે આ સમ્યક્ જ્ઞાનનાં દર્શન થતાં હોય છે. એ માટે કોઈ મોટી ઘટનાની જરૂર રહેતી નથી. નાની નાની, સામાન્ય ઘટના ઘટતી હોય કે સર્વસાધારણ વાતચીત થતી હોય–સૌમાં જ્ઞાની પુરુષની આભા ઝળકી ઊઠે છે. શ્રી માંગુકિયાએ અહીં ગૌતમસ્વામીની એ મહાનતાને સામાન્ય પ્રસંગોમાં કે સમકક્ષ માનવીઓ વચ્ચે મૂકી આપી છે. એ દૃષ્ટિએ આ લઘુલેખ તપાસવા જેવો છે.**

**–સંપાદક**

ભગવાન મહાવીરના ગણધરોમાં ગૌતમ અગ્રેસર ગણધર હતા. ગૌતમસ્વામીએ જેમને બોધ આપ્યો હતો તે શિષ્યોમાં સૌ કેવળજ્ઞાન પામ્યા હતા. છતાં ગૌતમ પોતે હજી કેવળજ્ઞાનથી વંચિત હતા તેનું મૂળ કારણ અને મુખ્ય કારણ એ હતું કે, તેમને ભગવાન મહાવીરના અત્યંત સુંદર, સપ્રમાણ, સૌષ્ઠવપૂર્ણ, આકર્ષક, માંસલ, સુચારુ અંગોપાંગો; અતીવ સુંદરતમ વર્ણલીલા, અમૃતમય કર્ણપ્રિય અલૌકિક અદ્‌ભુત વાણીશક્તિ; અપાર રૂપરાશિમાં અને એકેએક બાબતમાં ખૂબ જ મોહિની હતી. જ્યારે નિર્ગ્રંથ પ્રવચનનો નિષ્પક્ષપાતી ન્યાય એવો છે કે, ગમે તે વસ્તુ પરનો રાગ દુઃખદાયક છે. કેમ કે, રાગ એ મોહિની છે અને મોહિની એ જ સંસાર છે. ગૌતમના હૃદયથી એ રાગ જ્યાં સુધી ખસ્યો નહિ ત્યાં સુધી તેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નહીં !

શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર જ્યારે અનુપમેય સિદ્ધિને પામ્યા તે વેળા ગૌતમ નગરમાંથી આવતા હતા–આવી રહ્યા હતા. ભગવાનના નિર્વાણના સમાચાર સાંભળીને તેઓ ખેદ પામ્યા. વિરહથી તેઓ અનુરાગ-વચન બોલ્યા : 'હે મહાવીર ! તમે મને સાથે તો ન લીધો, પરંતુ સંભાર્યો પણ નહીં. મારી પ્રીતિ સામે તમે દૃષ્ટિ પણ કરી નહીં ! આમ તમને છાજતું ન હતું !' એવા તરંગો કરતાં કરતાં તેમનું લક્ષ ફર્યું ને તેઓ નિરાગ શ્રેણીએ ચઢ્યા. 'હું બહુ મૂર્ખતા કરું છું. એ વીતરાગ નિર્વિકારી અને નિરાગી, તેઓ મારામાં કેમ મોહિની રાખે ? એમની દૃષ્ટિ શત્રુ અને મિત્ર પર કેવળ સમાન હતી. હું એ નિરાગીનો મોહ મિથ્યા રાખું છું. મોહ સંસારનું પ્રબળ કારણ છે.' એમ વિચારતાં વિચારતાં તેઓ શોક ત્યજીને નિરાગી થયા. આથી તેમને અનંત જ્ઞાન પ્રકાશિત થયું; અને પ્રાન્તે નિર્વાણ પામી મોક્ષે પધાર્યા.

ગૌતમમુનિનો રાગ આપણને બહુ સૂક્ષ્મ બોધ આપે છે. ભગવાન પરનો મોહ ગૌતમ જેવા

ગણધરને દુઃખદાયક થયો; તો પછી સંસારનો, તે વળી પામર આત્માઓનો મોહ કેવું અનંત દુઃખ આપતો હશે ! સંસાર રૂપી ગાડીને રાગ અને દ્વેષ—બે બળદ છે. એ ન હોય તો સંસારનું અટકન છે જ્યાં રાગ નથી. ત્યાં દ્વેષ નથી. એ માન્ય સિદ્ધાંત છે. રાગ તીવ્ર કર્મબંધનનું કારણ છે; એના ક્ષયથી આત્મસિદ્ધિ થાય છે. જ્યાં સુધી ગૌતમસ્વામીને આ રાગ હતો ત્યાં સુધી તેમના બોધથી તેમના શિષ્યો કેવળજ્ઞાન પામતા છતાં પોતે અટકી રહ્યા હતા. જેવો એ રાગ દૂર થયો કે તુરન્ત તેઓ અનંતજ્ઞાનના અધિપતિ-સ્વામી થયા ! આપણે ડગલે ને પગલે, ખાતાં ને પીતાં, સૂતાં ને જાગતાં, ઘરમાં ને બહાર—સર્વત્ર રાગ અને દ્વેષ કરતાં અટકવું હોય, તેમાંથી કાયમી છુટકારો મેળવવો હોય, તો ગણધર-અગ્રેસર એવા ગૌતમસ્વામીના જીવનની આ પ્રેરક, બોધક, કલ્યાણકારી ઘટના કાયમ નજર સામે રાખવી જોઈએ ! એમ બને તો ગૌતમ ગણધરનું નામ લીધાનો, ચરિત્ર વાંચ્યાનો, જીવન જાણ્યાનો ઉપકાર થયો ગણાય ! જે કાંઈ વાંચવું તે માત્ર આંખથી જ વાંચવું નહિ, પણ હૃદયથી વાંચવું જોઈએ. વાંચેલું મગજમાં જ ન રાખતાં, તુરંત હૃદયમાં ઉતારવું. આમ કરવાથી વાંચેલું, જોયેલું, જાણેલું આપણું પોતાનું થશે. અને જે આપણું પોતાનું હોય તે જ આપણને અણીને વખતે ખપ લાગે. પરિભ્રમણનો જેને અંત લાવવો છે તે જાગૃત હોય !

જૈનદર્શનનાં સૂત્રોમાં 'ઉત્તરાધ્યયન સૂત્ર' નામનો એક ગ્રંથ છે. તેમાં ભગવાન મહાવીરસ્વામીનો ધર્મબોધ શબ્દસ્થ થયો છે. એકવાર ભગવાને પોતાની સન્મુખ બેઠેલા વિનીત ગૌતમમુનિને આ પ્રમાણે કહ્યું, 'હે ગૌતમ ! મનુષ્યનું આયુષ્ય ડાભની અણી પર પડેલા જળના બિંદુ જેવું છે. જેમ તે બિંદુને પડતાં વાર લાગતી નથી, તેમ આ મનુષ્યના આયુષ્યને જતાં વાર લાગતી નથી. આ બોધકાવ્યની ચોથી કડી સ્મરણમાં રાખવા જેવી છે.'समयं गोयम मा पमाए'—એ પવિત્ર વાક્યના બે અર્થ થાય છે : એક, હે ગૌતમ ! સમય, એટલે અવસર પામીને પ્રમાદ ન કરશો. અને બીજો એ કે, મેષાનુમેષમાં ચાલ્યા જતા અસંખ્યાતમા ભાગનો જે સમય કહેવાય છે તેટલો વખત પણ પ્રમાદ ન કરવો. કારણ કે, દેહ ક્ષણભંગુર છે, કાળ-શિકારી માથે ધનુષ્યબાણ ચઢાવીને ઊભો છે. લીધો કે લેશે એમ જંજાળ થઈ રહી છે, ત્યાં પ્રમાદથી ધર્મકર્તવ્ય કરવું રહી જશે.

ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામી ગણધરશ્રેષ્ઠ ગૌતમસ્વામીને સમય માત્ર પણ પ્રમાદ ન સેવવાની બોધના આપતા હોય તો તેના પરથી સંસારી જીવોએ કેટલો બોધપાઠ ગ્રહણ કરવા જેવો છે ? ! ગણધર ગૌતમસ્વામી એક સમય પણ પ્રમાદ કરે તે ન ચાલતું હોય તો સંસારીના નિરંતર પ્રમાદને વિષે શું કહેવું ? આ સર્વોત્તમ દૃષ્ટાંત પરથી આપણે તોલન-મોલન કરી ખરો ઉપદેશ ગ્રહણ કરી, યથાર્થ આત્મપુરુષાર્થ માંડીએ તો અવશ્ય આત્મદર્શન, આત્મપ્રાપ્તિ અને આત્મજ્ઞાન પ્રકાશિત થાય જ ! કેમ કે, એકને થાય તે સૌને થાય એવો સનાતન નિયમ છે.

આ સૃષ્ટિમંડળ ઉપર પણ કેટલીક એવી વસ્તુઓ અને મનેચ્છાઓ રહી છે કે જે કેટલાક અંશે જાણતા છતાં કહી શકાતી નથી. છતાં એ વસ્તુઓ કંઈ સંપૂર્ણ શાશ્વત કે અનંત ભેદવાળી નથી. એવી વસ્તુનું જ્યારે વર્ણન ન થઈ શકે ત્યારે અનંત સુખમય મોક્ષ સંબંધી તો ઉપમા ક્યાંથી જમળે ?

એક વેળા મહાવીરસ્વામીને ગણધરશ્રેષ્ઠ એવા ગૌતમમુનિએ મોક્ષ વિશે પ્રશ્ન કર્યો. ભગવાને ઉત્તરમાં કહ્યું, 'ગૌતમ ! એ અનંત સુખ હું જાણું છું, પણ તે કહી શકાય એવી કોઈ ઉપમા નથી. જગતમાં એ સુખતુલ્ય કોઈ પણ વસ્તુ નથી.' એમ કહીને એક ભીલના દૃષ્ટાંત દ્વારા એ વાત સમજાવી.

શ્રીમદ્ રાજચંદ્ર 'વચનામૃત'ના ૨૧મા પાઠના ૭૪મા વચનમાં લખે છે : 'શ્રી ગૌતમને ચાર વેદ-પઠન કરેલા જોવાને શ્રી મહાવીરસ્વામીએ સમ્યક્ નેત્ર આપ્યાં હતાં'.

ગૌતમ ગણધરની પાત્રતા કેટલી હતી, પવિત્રતા કેવી હતી તેનો ખ્યાલ તો 'શ્રી ભગવતીસૂત્ર'ના ૩જા શતકના ૨જા ઉદ્દેશકનું પ્રથમ ચરણ વાંચીએ ત્યારે જ આવે ! જે કોઈને કહ્યું ન હતું તે ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને કહ્યું હતું :

'હે ગૌતમ ! તે કાળે અને તે સમયે છદ્મસ્થ અવસ્થાએ હું એકાદશ વર્ષના પર્યાયે, છઠ્ઠ છઠ્ઠે સાવધાનપણે નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મતા ભાવતાં, પૂર્વાનુપૂર્વીએ ચાલતાં, એક ગામથી બીજે ગામ જતાં, જ્યાં સુષુમારપુર, જ્યાં અશોક નવખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વી શિલાપટ્ટ, ત્યાં આવ્યો; આવીને અશોકવર પાદપની નીચે પૃથ્વીશિલાપટ્ટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને, બંને પગ સંકોચીને, લાંબા કરીને, એક પુદ્ગલમાં દૃષ્ટિ અડગ રાખીને, અનિમેષ નયનથી, આગળ શરીર સહેજ ઝુકાવીને, યોગની સમાધિથી, સર્વ ઇન્દ્રિયો ગુપ્ત કરીને, એક રાત્રિની મહાપ્રતિમા ધારણ કરીને, વિચારતો હતો.'

શ્રી મહાવીરસ્વામીને ગૌતમાદિ મુનિજન એમ પૂછતા હતા કે, 'હે પૂજ્ય ! "માહણ', 'શ્રમણ', 'ભિક્ષુ' અને 'નિર્ગ્રંથ' એ ચાર શબ્દનો અર્થ શો છે ? તે અમને કહો."

શ્રી તીર્થંકર પરમાત્મા એ શબ્દોના અર્થ વિસ્તારથી સમજાવતા. ઘણા પ્રકારની વીતરાગ અવસ્થાઓને, અનુક્રમે વિશેષથી વિશેષ તે ચારે વિસ્તારથી સમજાવતા. અને એમ શિષ્યો એ શબ્દોના અર્થ ધારતા.

નિર્ગ્રંથની ઘણી દશાઓ કહેતાં એક 'આત્મવાદપ્રાપ્ત' એવો પ્રયોગ કરતા હતા. ટીકાકાર શીલાંકાચાર્ય તે 'આત્મવાદપ્રાપ્ત' શબ્દનો અર્થ એમ કહેતા હતા કે, 'ઉપયોગ છે લક્ષણ જેનું, અસંખ્ય પ્રદેશી, સંકોચવિકાસનું ભાજન, પોતાનાં કરેલાં કર્મોના ભોક્તા, વ્યવસ્થાએ કરી દ્રવ્યપર્યાય રૂપ, નિત્યાનિત્યાદિ અનંત ધર્માત્મક એવા આત્માને જાણનારા.'

જુઓ, શ્રી સૂત્રકૃતાંગસૂત્ર, શ્રુતસ્કંધ ૧, અધ્યયન ૧૬, ગાથા ૫ :

'आयवायपत्ते' = आत्मवादप्राप्त आत्मनः उपयोगलक्षणस्यैकजीवस्यासंख्येयप्रवशात्मकस्य संकोचविकासभाजः स्वकृतफलभुजः प्रत्येकसाधारणतया व्यवस्थितस्य द्रव्यपर्यायतया नित्यानित्या-द्यनंतधर्मात्मकस्य वा वाद आत्मवादस्तं प्राप्त आत्मवादप्राप्तः सम्यगृयथावस्थितात्मस्वतत्त्ववेदीत्यर्थः ।

ગૌતમસ્વામી ચાર જ્ઞાનના ધર્તા હતા. એકવાર તેઓ આનંદ શ્રાવક પાસે ગયા. આનંદ શ્રાવકે કહ્યું, 'મને જ્ઞાન ઊપજ્યું છે.' ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું, 'ના, ના. એટલું બધું હોય નહીં. માટે આપ ક્ષમાપના લો.' આનંદ શ્રાવકે વિચાર્યું કે, આ મારા ગુરુ છે. કદાચ, આ વખતે ભૂલ ખાય, તો પણ ભૂલ ખાઓ છો એમ કહેવું યોગ્ય નથી. ગુરુ માટે શાંતિથી કહેવું યોગ્ય છે એમ ધારીને આનંદ શ્રાવકે કહ્યું, 'મહારાજ ! સદ્ભુત વચનનો મિચ્છા મિ દુક્કડં કે અસદ્ભુત વચનનો મિચ્છામિ દુક્કડં ?' આનંદના આ પ્રશ્નના ઉત્તરમાં ગૌતમસ્વામીએ કહ્યું કે, 'અસદ્ભુત વચનનો મિચ્છા મિ દુક્કડં.' ત્યારે આનંદ શ્રાવકે કહ્યું, 'મહારાજ ! હું મિચ્છા મિ દુક્કડં લેવાને યોગ્ય નથી.' એટલે ગૌતમસ્વામી ચાલ્યા ગયા અને જઈને મહાવીરસ્વામીને પૂછ્યું. મહાવીરસ્વામીએ કહ્યું, 'હે ગૌતમ ! હા, આનંદ દેખે છે એમ જ છે. તમારી ભૂલ છે, માટે આનંદ પાસે જઈ ક્ષમાપના લો.' 'તહત્' કહી ગૌતમસ્વામી ક્ષમાપવા ગયા. જો

ગૌતમસ્વામીમાં મોહ નામનો મહા સુભટ પરાભવ પામ્યો ન હોત તો ત્યાં જાત નહીં, અને કદાપિ ગૌતમસ્વામી એમ કહેત કે, 'મહારાજ ! આપના આટલા બધા શિષ્ય છે તેઓની હું ચાકરી કરું પણ ત્યાં તો નહીં જાઉં.' તો તે વાત કબૂલ થાત નહીં.

કોઈ સાધુ જેણે પ્રથમ આચાર્યપણે અજ્ઞાન અવસ્થાએ ઉપદેશ કર્યો હોય, અને પછી તેને જ્ઞાની પુરુષનો સમાગમ થતાં તે જ્ઞાની પુરુષ જો આજ્ઞા કરે કે જે સ્થળે આચાર્યપણે ઉપદેશ કર્યો હોય ત્યાં જઈ એક ખૂણે છેવાડે બેસી બધા લોકોને એમ કહે કે મેં અજ્ઞાનપણે ઉપદેશ આપ્યો છે, માટે તમે ભૂલ ખાશો નહીં; તો તે પ્રમાણે સાધુએ કર્યા વિના છૂટકો નહીં. જો તે સાધુ એમ કહે, 'મારાથી એમ થાય નહીં; એને બદલે આપ કહો તો પહાડ ઉપરથી પડતું મૂકું, અથવા બીજું ગમે તે પ્રાયશ્ચિત્ત કરું; પણ ત્યાં તો મારાથી નહીં જવાય.' જ્ઞાની કહે છે, ત્યારે એ વાત જવા દે. અમારા સંગમાં પણ આવતો નહીં. કદાપિ તું લાખ વાર પર્વતથી પડે તો પણ કામનું નથી. અહીં તો એમ કરશે તો જ મોક્ષ મળશે. તેમ કર્યા વિના મોક્ષ નથી. માટે જઈને ક્ષમાપના માગે તો જ કલ્યાણ થાય.'

ગૌતમસ્વામી અગ્રેસર ગણધર હોવા છતાં આનંદ શ્રાવકની ક્ષમાપના કરી આવ્યા. કેમ કે, આનંદને જ્ઞાન પ્રકાશિત થયું હતું !

સામાન્ય સંસારી, મતધારી, મતાગ્રહી, સ્વાગ્રહી, દર્શન-દર્શન, ધર્મ-ધર્મ, શાસ્ત્ર-શાસ્ત્ર વચ્ચે ભેદ ઊભો કરીને ચડ-ઊતર ક્રમમાં ગોઠવે છે. પણ જેને ધર્મ પામવો છે તે કદી એવી તુલના કરે નહીં. તેને ક્યાંય અવગુણ નજરે ચડે નહીં. કેમ કે તેની દૃષ્ટિ કેવળ ગુણગ્રાહી બની ગઈ હોય છે. આથી તે સર્વધર્મમાં સમભાવ જુએ છે. આવા સમભાવ પછી ભેદભાવ ક્યાં રહેવા પામે ?!

પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમે જ્યારે 'જીવ છે કે નહીં' તે અંગે મહાવીરસ્વામીને પ્રશ્નો પૂછ્યા ત્યારે ભગવાન મહાવીરે વેદમાંથી જ દાખલાઓ દઈને સમાધાન થાય ત્યાં સુધી સમજાવ્યા કર્યું ! પોતે જૈનદર્શનના દાખલા આપી શક્યા હોત ! પણ જ્ઞાન થયા પછી જ્ઞાનીને દર્શન માત્રમાં નિર્દોષતા દેખાય છે. જે ગ્રાહ્ય છે તેને જ તેમની દૃષ્ટિ ગ્રહણ કરે છે. મહાપુરુષની દૃષ્ટિએ જોતાં સઘળાં દર્શન સરખાં છે. જ્ઞાનની દૃષ્ટિએ ભેદાભેદ હોય નહીં.

કેશીસ્વામી અને ગૌતમસ્વામી કેવા સરળ હતા ! ગૌતમસ્વામીની સમાધાનકારી સરળતાથી અભિભૂત કેશીસ્વામીએ પાંચ મહાવ્રત ગ્રહણ કર્યાં. કેશીસ્વામીની સરળતા પણ કંઈ ઓછી ન હતી. સરળતા વિના ધર્મ પરિણમે શી રીતે ? અને સરળતા હોય ત્યાં ધર્મ પરિણમ્યા વિના રહે શી રીતે ? ઉભયની સરળતાનું જ આ પરિણામ હતું.

ગૌતમસ્વામીની આ બોધપ્રદ ઘટનાઓમાંથી શક્યતમ ગુણ ગ્રહણ કરી આપણે આપણું કલ્યાણ અપ્રમાદપણે શક્ય તેટલું ત્વરાથી કરીએ !

આ લઘુલેખ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રન્થને નજર સમક્ષ રાખીને તૈયાર કર્યો હોવાથી તેની પ્રમાણભૂતતા આપોઆપ સિદ્ધ થાય છે એમ હૈયે ધારણા છે. અસ્તુ.

* * *

# જ્યાં જ્યાં નજર મારી ફરે, ગૌતમ દેખું [ને] આતમ ઠરે ! !

*—પૂ. અચલગચ્છાધિપતિ, આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ. સા. "દિવ્યભાનુ"*

"ૐ નમો જંબૂદ્વીપે દ્વીપે" નામક સૂત્રમાં પ્રાતઃ સમયે પ્રતિક્રમણ વેળાએ શ્રમણ હોય કે શ્રમણી કે શ્રાદ્ધવર્યો मंगलं भगवान वीरो, मंगलम् गौतमः प्रभुः ।-નું પાવન નામ લઇ પ્રાતઃ સમયને સ્વાત્માને ધન્ય બનાવી દે છે...અને ગૌતમ નામોચ્ચાર સાથે પોતાનાં દુષ્કર્મોનો ખાત્મો બોલાવી દે છે. 'ગૌતમ' શબ્દનો અર્થ જાણવા જેવો છે...સંસ્કૃત વ્યાકરણના તદ્ધિત સૂત્રાનુસાર गो भावस्य गौ "तम" પ્રત્યય જોડવાથી પૂર્ણ ગૌતમ શબ્દ બન્યો... ગો એટલે વાણી ! तमस् એટલે અંધકાર ! હા, તિમિર... અજ્ઞાનતાનો, અવિનયતાનો, મોહ-મદ-માયા-ઈર્ષાનો અંધકાર જન જનમાં, ઘટ ઘટમાં જનમોજનમથી સંસ્કારિત છે, ઠાંસીઠાંસીને ભર્યો છે. દુઃખ, દરિદ્રતા, અપુન્યતા (બેડ લક) અપેક્ષાએ અંધકારનું વરવું સ્વરૂપ છે. દુઃખ કોને ગમે ? સંત-મહંતને પણ દુઃખ ગમે ? ના...તો બસ... દુઃખાદિ અંધકારના પર્યાયવાચી શબ્દો છે ! માટે જ સ્તો "ગૌતમ નામે શિવ-સુખસાર !" હું ગૌતમનો બહુ ચાહક છું...ગૌતમમાં ઓવારી ગયો છું ! ગૌતમ ગુરુવરનું નામ હૈયે-હોઠે ઊભરાય ને સાડાત્રણ કરોડ રોમરાજિ મારી વિકસિત થઇ જાય છે. જૈન શાસનમાં, મંત્ર-તંત્ર-યંત્રમાં ગૌતમનું પ્રતિષ્ઠાભર્યું સ્થાન છે...ગૌતમના મંત્રજપથી દિન-પ્રતિદિન...સાગરની ભરતીની જેમ...સાધકને ચારે દિશામાંથી... રિદ્ધિ-સિદ્ધિ-આત્મકલ્યાણની લબ્ધિઓ વરે છે...! સૂરિમંત્ર કલ્પની પીઠિકામાં, વર્ધમાન વિદ્યામાં ગૌતમનું અનેરું સ્થાન છે...ગૌતમના નામ વગર સૂરિમંત્ર કલ્પ અધૂરો ગણાય ! શે ગુણલા ગાઉં ગૌતમનાં ? દુઃખના અંધકારમાંથી મુક્ત થવું હોય તો ગૌતમને કદાપિ ભૂલતા નહીં ! ગૌતમને નહીં ભૂલો તો સુખમાં ઝૂલ્યા વિણ રહેશો નહીં ! અને સંસારમાં ગોથાં ખાવાના દિવસો આવશે નહીં. ગૌતમ—કેવું મધુર નામ ? અરે આશ્ચર્યનું આશ્ચર્ય એ થાય છે કે "પ્રભુ વીરના મુખેય गोयम समयं मा पमायए! ભગવતીસૂત્રના ૩૬ હજાર શ્લોકમાં પદે પદે "गोयम"નું નામ ગુંજી રહ્યું છે. એ મહાપુરુષ લબ્ધિના ભંડાર! વિનયના વારિધિ ! શક્તિના સ્રોત ! કરુણાના કાવેરી ! અંતરના આબુ જેવા શીતલ ! ભગવાન વીર વિભુના અનન્ય, અજોડ ઉપાસક ગૌતમ ! જૈનશાસનની અંદર સર્વ સંપ્રદાયના નિર્વિવાદ રીતે ઉપાસ્ય હોય, સાધ્ય હોય, સાધકો માટે સિદ્ધિદાયક હોય તો ગૌતમ ! અહો ! એમનું જિહ્વાગ્રે નામ રમે અને હૈયામાંથી ગૌતમ પ્રત્યે પ્રેમોર્મિ ઊછળે !

ગૌતમ એક એવી અનોખી, અનુપમ શક્તિશાળી વ્યક્તિ કે એમનું નામ લઇ, જિંદગીમાં જે લાઇનમાં સફળતા મેળવવી હોય એ કક્ષાએ પૂર્ણ સફળતા મેળવી શકાય ! હા, ખાતરી-ગેરંટીપૂર્વક કહી શકું છું... પણ એક શરત...ગૌતમમાં ઓળઘોળ થવું પડે ! ગૌતમમાં પૂર્ણ સમર્પિત થવું પડે ! ગૌતમની સાધનાયે કરવી પડે ! વિદ્યાર્થીને વિદ્યા ન આવડતી હોય,—ચડતી ન હોય, દિમાગ

કમ-મંદ હોય, યા માનવ-યા માનુષી પૂર્વકર્મોના ગાઢ સંસ્કારે જડ હોય, આગ્રહી હોય, કદાગ્રહી હોય, અરે ! અહંકાર-કામ-ક્રોધ-લોભ-વાસના-વિકૃતિથી આપણું દિલ-દિમાગ-દેહયષ્ટિ ઊભરાતાં હોય, આપણામાં નમ્રતા આવતી જ ન હોય, મનમાં એવું લાગે મારે જ્ઞાની બનવું છે ...વિનયી બનવું છે... ધ્યાની બનવું છે...પ્રસન્નમના, પ્રસન્ન-પ્રશાંત હૃદયી બનવું છે...યોગી બનવું છે...મારે અંતરની આરસીનાં દર્શન કવાં છે...તમને એવું લાગે હું નિર્ઘૃણ-કઠોર છું... મારે કોમળ કમળ જેવા સૌરભવંત-ધવલ-નિર્મળ બનવું છે...માનવીની તમન્નાઓ-ઝંખનાઓ સાગરના છેડાથીયે વિશેષ છે...માનવ મનમાં ચાહે મારે ધંધામાં પ્રગતિ સાધવી છે ... હું શેર દલાલ...કિંગ બનું, હું હીરા ઉદ્યોગનો ઉદ્યોગપતિ બનું...માનવ ભોગ, યોગ, ત્યાગના ત્રિવેણીમાં અટવાઈ ગયો છે... અને ન જાને એને ઇચ્છા થઇ ...મારે વિરાગી બનવું છે... શ્રમણ બનવું છે... શ્રેષ્ઠ સાધક–યોગી બનવું છે...ભૌતિક યુગનો માનવ અનેક મહત્ત્વાકાંક્ષાઓમાં જીવતર જીવી રહ્યો છે...ઇચ્છાઓ પૂરી કરવી છે ? બસ એકાદ સંકલ્પ ....તીવ્ર સંકલ્પ કરો...તમો જે બનવા ચાહતા હશો એ ગૌતમના મંત્ર-નામસ્મરણથી નિઃશંક સફળતા સહ અદ્‌ભુત વ્યક્તિત્વના સ્વામી–માલિક બની શકશો !

કોઇ સવાલ નથી...નામ મંત્રાનુષ્ઠાન ગૌતમનું....! શ્રદ્ધાસુમન, સમર્પણ ભાવ તમારા ! શ્રદ્ધાથી કથીર જો કાંચન બની શકતું હોય, સંકલ્પબળથી પથ્થર જો પારસ બની શકતું હોય તો ગૌતમના અજપાજપ વિધિ પુરસ્સર મંત્રાનુષ્ઠાનથી શું ન બની શકો...સ્થિરતા, ધીરતા, શ્રદ્ધાપૂર્વકની સાધના ફળ્યા સિવાય રહે નહીં...! યોગીઓમાં મૂર્ધન્ય મહાયોગીશ્વર ગૌતમની યોગસિદ્ધિની એક ઝલક માણીએ...

કરોડો દેવ-દાનવ-માનવની સભા વચ્ચે પ્રભુ વીર મધુર અસ્ખલિત વાણીપ્રવાહ વહાવી રહ્યા હતા... ગૌતમ પણ એ દેશનામાં તલ્લીન બની ચૂક્યા હતા... પ્રભુ વીર અષ્ટાપદ મહાતીર્થનું અદ્‌ભુત વર્ણન વાણીમાં વહેવડાવતા હતા, અને વીરના મુખકમળમાંથી એક વાત સરકી, અષ્ટાપદ મહાતીર્થની સ્પર્શના કોઇ પણ જીવાત્મા કરે તો આ જ ભવે મુક્તિગામી થાય ! પ્રભુની વાણી સાંભળી...ગૌતમ ગણધરે કહ્યું...પ્રભુ ! હું કેવો હતભાગી ! મારા હાથે મારા પછીયે કેટલાય દીક્ષિત થયા. અપૂર્વ યોગસાધના, આરાધના, અખંડ ઘોર તપસ્યાના પ્રભાવે મુક્તિગામી, અપુનર્ભવી બન્યા ! પ્રભો! ઓ મારા વ્હાલા વીર ! હું હજુ રખડી રહ્યો છું. ન તો મને કેવલ્યરત્ન ઉત્પન્ન થયું, ન તો હું મુક્તિયાત્રી યોગ્ય સાધક બની શક્યો ? પ્રભુ ! કેવો દુર્ભાગી? પ્રભો ! હું ખેદથી, અજંપાથી, શાશ્વતધામ-પરમપદ (મોક્ષ)ની પ્યાસથી તરફડી રહ્યો છું.

પ્રભુ ! આપની વાણીમાં આજે જ સાંભળ્યું... કે...અષ્ટાપદના એકવાર સ્પર્શનથી, દર્શનથી...આ જ ભવે ભવ્યાત્મા મોક્ષગામી બને, શાશ્વત સુખના સ્વામી બને, વાસી બને ! આજ્ઞા આપો... હું પણ અષ્ટાપદે જઇ ... તીર્થસ્પર્શના, દર્શન કરી, મુક્તિયાત્રાની રિઝર્વેશન ટિકિટ કઢાવી, મુક્તિપુરીનો ગ્રીન કાર્ડ કઢાવી શાશ્વત-કાયમનો મુક્તિવાસી બનું એવી મારી ઝંખના છે. પ્રભુ વદ્યા : જહા સુખમ્ ! સર્વલબ્ધિસંપન્ન ! યોગાકર ! વિનયના ભંડાર ગૌતમઅષ્ટાપદ ભણી ઊપડ્યા...અષ્ટાપદની તળેટીએ પધાર્યા....અષ્ટાપદના ગગનચુંબી ઉત્તુંગ શિખરો જાણે આકાશમાં તરતા ન હોય ? અલૌકિક વિરલ દૃશ્ય જોઇ શ્રી ગૌતમ ગણધર આશ્ચર્યમુગ્ધ બન્યા...! ક્ષણવાર વિચારના વમળે અટવાયા...વ્યોમ સાથે આલાપતા ઉત્તુંગ ગિરિવર ! શે પર્વતારોહણ થાય ? પણ... જેના ચરણે શરણે લબ્ધિ, શક્તિ-સિદ્ધિ રમતી હોય એમને શું વિષાદ ? વિષાદ-ખેદને ખંખેરી નાખ્યા ! સ્મિત વેરતા ગૌતમ સૂર્યકિરણના સહારે, અરશ્મિઓને સોપાન બનાવી...ગૌતમ એક પળમાં અષ્ટાપદની ગોદમાં આવી ચઢ્યા ! અષ્ટાપદની યાત્રાર્થે

પધારેલા દીર્ઘતપસ્વી તાપસો ગૌતમની લબ્ધિ નિહાળી...સૂર્યકિરણના આલંબનથી ગૌતમ અષ્ટાપદે ચડ્યા...આ દૃશ્ય જોઇ તાપસો ગુરુ ગૌતમના શિષ્યો બની બેઠા...! કેવી લબ્ધિ ! કેવી શક્તિ ! योगिनाम् किम् असाध्यम् ? યોગી માટે કોઇ ચીજ, ખોઇ ઘટના ઘટવી સહજ હોય છે.

આત્મદર્શન કાજે જીવનમાં ઝંખના અને ઉત્કટ ભાવના હોવી જોઇએ... કારણ કે અપરોક્ષાનુભૂતિ દ્વારા સિદ્ધિ અને સાધનામાં સફળતા મળે ! ગણધરશ્રેષ્ઠ શ્રી ગૌતમને અપુનર્ભવિકની જબ્બરજસ્ત તાલાવેલી હતી...મારાથી પાછળ થયેલ દીક્ષિત જો મોક્ષ જઇ શકતો હોય તો હું કેમ ન જઇ શકું ? પૂર્ણ તાલાવેલી-આંતરખોજ અને ભગવાન મહાવીરની મુખગંગાએથી પ્રવાહિત નિર્મળ વાણીના પાનથી એમને આંતરદિવ્યદૃષ્ટિ મળી ગઇ !

ગૌતમ લબ્ધિ અને સિદ્ધિના સ્વામી કેમ બન્યા ? ચાલો એ રહસ્ય-નેપથ્યને અનાવરણ કરી...ગૌતમના આંતરિક જીવનનાં દર્શન કરીએ...ગૌતમ નિરાસક્ત, નિરભિમાની વ્યક્તિત્વના સ્વામી હતા ! ગૌતમ પ્રૌઢાવસ્થી ગોવા છતાં બાળકભાવમાં મહાલતા હતા...વર્તતા હતા ! બ્રહ્મતેજઃપૂત લલાટ ! તેજપુંજશાં નિર્મળ નયનો ! એ ગૌતમ પ્રભુની અદ્ભુત લબ્ધિ અને સાધના, વિનયના ખજાનાની ચાડી ખાતાં હતાં ! ગૌતમ બાહ્ય વ્યક્તિત્વથી યુવાન લાગતા હતા...! આંતર વ્યક્તિત્વથી કાયમને માટે નિખાલસ બાળકની જેમ જીવન જીવ્યા...! ગૌતમ પ્રભુ વીરની પાસે બાળકની જેમ સવાલો પૂછી ....અનેક જીવોના રાહબર બની પામર જીવોને પરમાત્માના આશિક બનાવ્યા...!

ગુરુ ગૌતમ નિખાલસતાની, સરળતાની, વિનયવંત મૂર્તિ હતા ! માટે જ કહેવાનું મન થાય કે ગૌતમ આપણા જીવનમાં તમામ સવાલોના સમાધાનના સાક્ષાત્ મૂર્તિમંત વિદેહી હતા ! શાસ્ત્રાધ્યયન કરતાં, પઠન કરતાં શંકાઓ જાગે, સવાલો ઊઠે, મન સમાધાન માટે નકારાત્મક, હકારાત્મકમાં ગોથાં ખાય...પણ...ગૌતમના ગુણરૂપ નવનીતમાંથી સદ્વ્યવહાર, સદાચાર, સેવા, સમર્પિતતા, સરળતા, નૈષ્ઠિક શ્રદ્ધા, સિમ્પલ લિવિંગ એ બધું સહજ ગૌતમમાંથી મળી આવે છે. સત્ચરિત જીવન જીવવા માટે ગુરુચાવી ગૌતમ પાસેથી લેવા જેવી છે...પૂર્ણ શાસ્ત્રોના ગીતાર્થો, વિશારદો, વ્યાખ્યાનકારો, કવિઓ, પણ જડાગ્રહી હોય સંભવ છે... પણ ગૌતમના જીવનમાં "આગ્રહ" નામની હિંસા જડમૂળથી કાયમને માટે દેશવટો લઇ ચૂકી હતી...ધીરતા, ગંભીરતાદિના અદ્ભુત ગુણોથી ગૌતમ સહસ્રકિરણસમ દીપ્તિમંત હતા ! માટે જ હું એ નિષ્કર્ષ પર આવ્યો છું કે, "જે કંઇ મેળવવું હોય, તે ગૌતમ નામની અક્ષય ખાણમાંથી બધું જ મળવું શક્ય છે, પૂર્ણ શક્યતા છે..." માટે જ સ્તો એક ચિંતકે કહ્યું કે "બધું જ ખોયા પછી જે મળશે એ અનોખું અને અદ્ભુત પૂર્ણ સંતોષકારક મળશે." જીવનને જો શૂન્ય બનાવી દઇએ તો પૂર્ણતા સ્વયં પ્રગટી ઊઠે !

ગુરુ ગૌતમના સ્તુતિકાર, સ્તવનકારે લખ્યું... 'પ્રહ ઊઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતખિણ સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે, વિનયવંત, વિદ્યાભંડાર, જસગુણ પુહવી નલભે પાર, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો ...અંતિમ પદમાં ગૂઢગર્ભિત વાત કહી કે...**વડ જિમ શાખા વિસ્તરોએ**...કવિએ સરસ વાત કરી...ગૌતમની યશકીર્તિ અદ્ભુત એટલી કે...આવો યશસ્વી અવની પર બીજો મળવો અશક્ય છે... અથવા કવિના ગર્ભિત વાક્યમાં એમ પણ કહી શકાય કે આ ધરાતલ પર પુન્યશાળી ખ્યાતનામ યશસ્વીનો જન્મ થવો મુશ્કેલ છે...વિરલા જ સંતો જન્મ લઇને પોતાની યશ-કીર્તિ મેળવતા હોય છે...! બીજી મહત્ત્વની એક વાત કે, કવિએ શ્લેષાલંકારથી ટંકાર કરતાં કહ્યું :

"નાનેરી પંક્તિ ગાગર જેવી છે...એનું રહસ્ય સાગરથીયે ઊંડાણભર્યું છે...એ પંક્તિનું થોડુંક આચમન કરીએ...વાસ્તવિકમાં આ કવિની ઉપમા ગુરુ ગૌતમ કાજે વામણી બની રહે છે...! કારણ કે વડની શાખાનો વિસ્તાર મર્યાદિત હોય છે....જ્યારે ગૌતમની યશસ્વિતા...કીર્તિ ત્રિજગતમાં વિસ્તરેલી હતી, ફેલાયેલી હતી...વાત્સલ્ય-કરુણાનિધાન ગૌતમ માટે વડની ઉપમા ખરેખર વામન લાગે છે...હા, બીજી ભાષામાં વડની ઉપમા બહુ મસ્ત અને યોગ્ય લાગે છે....કારણ કે વડનું મૂળ સ્થિર છે....વડ સર્વદા ઝૂલે પણ છે...વડ સતત ફળ આપે છે...છાયા આપે છે...અને કોઈ પણ અપેક્ષારહિત શીતળતા બક્ષે છે....કવિએ બહુ સરસ-મજેની ઉપમા આપી....ગુરુ ગૌતમ ખરેખર વડ જેવા જાજરમાન, વિરાટ હતા....ગૌતમ વડ જેવા અર્થાત્ ઉચ્ચ કોટિના મહંત સિદ્ધ પુરુષ હતા....ગૌતમ અંતરમનથી સ્થિર હતા....! "વડનું મૂળ સ્થિર ! ગૌતમનું અંતર-મન મૂળ સ્થિર ! ગૌતમ ગુરુવરનો બાહ્ય દેહ લોક કાજે ઝૂલતો રહેતો...માનવહિત કાજે વિહરતો ! વડ બાહ્ય દૃષ્ટિએ ઝૂલતો હોય છે...તાપ-સંતાપ...તૃષ્ણા પણ સહન કરતો હોય છે...ગૌતમ વડની માફક અડોલ-નિર્ભીક રહી...લોકનિંદા-તાપ-સંતાપ તૃષ્ણા પણ સહન કરતા....! વટવૃક્ષ સૌને અવ્યક્ત ભાવે પ્રેમ આપે, ફળ આપે, છાંયડો આપે. ગૌતમ રૂપી વટવૃક્ષના સાંનિધ્યે આવનાર ભવથી, દુઃખથી, દારિદ્રથી, મન-સંતાપ, અજંપાથી હારેલ, થાકેલ વ્યક્તિને હૈયાની હૂંફ ! પ્રેમરૂપી છાંયડો સ્નેહાર્દ્ર ભાવથી ફળ રૂપી બોધ....વાણી આપતા...વડની શાખા....દૂર દૂર સુધી વિસ્તરેલી હોય છે....તેમ ગૌતમનો શિષ્યવર્ગ-વૃંદ વડની શાખાની જેમ ખૂબ જ વિસ્તરેલો હતો ! અથવા એમ પણ કહી શકાય..શિષ્યો એ ફળ રૂપે છે !....ગૌતમ રૂપી વડના શરણે આવનાર સંતપ્ત, ક્રોધી વ્યક્તિ પણ શીતળતાનો અનુભવ કરતો! વડે (વટવૃક્ષે) કદી કોઈની બુરાઈ ઇચ્છી નથી, ભલાઈ જરૂર કરે ! ગૌતમ એક એવા મહાન સિદ્ધ-સાધક સંત-મહંત હતા કે "કદી કોઈની બુરાઈ ઇચ્છી નથી, અને પ્રભુ મહાવીરથી સ્વપ્નમાંય કદી જુદાઈ ઇચ્છી નહોતી ! અભેદતા, અભેદભાવ, અદ્વૈતતાની સાધના ગૌતમે એવી કરી કે, નિર્વાણ પછી પણ ગૌતમ, પ્રભુ વીરથી જુદા નથી પડ્યા....પણ ખુદાઈ પ્રાપ્ત કરીને મહાવીરમાં લય પામ્યા ! મહાવીરની જ્યોતમાં જ્યોતિરૂપે, શાશ્વત મહાવીર સાથે મુક્તિમાં રહ્યા ! જગતના લૌકિક ઇતિહાસ કે, લોકોત્તર ઇતિહાસમાં વિરલ ઘટના નોંધાવી ગૌતમે કમાલ કરી નાખી ! એક વખત જેનો પાલવ પકડ્યો, એ ગૌતમે પાલવને શાશ્વત મુક્તિની યાત્રા સુધી એ છેડલાને છોડ્યો નહીં ! વાહ ગૌતમનો અદ્ભુત પ્રેમ ! વાહ ! ગૌતમની વીર સાથે અતૂટ અદ્વૈતતા ! આમ તો શાસ્ત્રકાર મહર્ષિઓએ રાગને આગની ઉપમા બક્ષી છે...! પણ ગૌતમનો પ્રશસ્ત રાગ મુક્તિ કાજે સહોદર બન્યો ! છે ને રાગની કમાલ !" જો રાગ સાથે દોસ્તી કરતાં આવડે તો રાગ બાગ બની, જીવનને નંદન બનાવી દે ! ગુરુ ગૌતમ રાગના રહસ્યને પિછાની શક્યા...એટલે તો મહાવીરની જ્યોત સાથે ભળી શક્યા ને ? રાગની સાથે જો ચેનચાળા...આવારા થઈને મદહોશ બનો તો રાગ...દુર્ગતિની...આગમાં એક ઝાટકે ધકેલી દે ! "રાગ સાથે આસક્ત થવું હોય એ પહેલાં...ગુરુ ગૌતમને નજર સમક્ષ લાવી....હૈયામાં પધરાવી...પછી રાગની દોસ્તી કરજો....નહીંતર પસ્તાવાનો વારો આવશે...." चेत! चैतन्य गुरु गौतम आया! जीवनोद्धारकी नई रोशनी लाया!" જે રાગે આગે જતાં [વીરથી દૂર થતાં] ગુરુ ગૌતમને અમૂલ્ય કૈવલ્યરત્નની અનમોલ ભેટ આપી....એ પ્રશસ્ત રાગને મારા શતઃ શતઃ નમન ! વંદન !...કરે પાપ નિકંદન ! ગુરુ ગૌતમના જીવનની ઘટનાઓ આમ્રરસ તુલ્ય છે...આમ્રફળતુલ્ય છે ! સતત આસ્વાદ લ્યો....કદીયે તૃપ્તિ, સંતોષ નહીં

થાય ! ગુરુ ગૌતમના જીવનકવન સમા અમૃતરસને માણો, સદૈવ મધુરતાનો અહેસાસ થશે....અતૃપ્તિનો અનુભવ સતત રહેવાનો. "संत नाम रसफल चाखा, संतोष नवि होई, इम मुनिवर भाखा । ગૌતમનું એકવાર નામ લ્યો...તમને એમ લાગશે, હું નામ...જપ્યા જ કરું...પણ આ ગૌતમની વિરલ ઘટના બેહોશ માનવીને ચૈતન્યના દ્વાર ભણી લઈ જાય છે...સદૈવ હોશમાં કેમ કહેવું ? સાવધાન કેમ રહેવું ? જાગૃતિમાં કેમ રહેવું ? ગુરુ ગૌતમની વિરલ ઘટનાથી સમજાઈ જશે....ગૌતમની પૂર્વાવસ્થાને જાણીએ માણીએ....

ગૌતમ પૂર્વાવસ્થામાં ચૌદ વિદ્યાના...પ્રાજ્ઞ-જ્ઞાની હતા....! પણ એ જ્ઞાન એમના માટે અજીર્ણરૂપ બન્યું ! અજીર્ણ જ્ઞાનમાંથી, અહંકારનો જન્મ થયો ! અહંકારમાંથી દ્વેષ જાગે ! દ્વેષમાંથી ધિક્કાર જાગે ! અને ધિક્કારમાંથી મૃદુતા અને મૈત્રી-પ્રેમનો વિનાશ થાય ! ઈન્દ્રભૂતિ ચૌદ વિદ્યાના...પ્રખર વિશારદ ખરા....પણ પોથીજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન લગભગ અહંકારને માટે પોષક હોય છે...અન્ય માટે શોષક રૂપ પણ હોઈ શકે, માનવ કે મુનિ-મહંત જો એ શાસ્ત્રજ્ઞાનને પચાવી ન શકે તો...! વિવાદ અને વિખવાદ રૂપ પણ બનાવી શકે ! શાસ્ત્રજ્ઞાન એ આમ્રફળ છે...વૃક્ષ પર કેરીનાં ઝૂમખાં જામે ત્યારે આમ્રવૃક્ષ અવનત બની રહે...તેમ શાસ્ત્રજ્ઞાનના આરાધક થયા બાદ વિનમ્ર ન બને તો એ શાસ્ત્રજ્ઞાની અહંકાર, અને આર્તધ્યાનનો નિમિત્ત પણ બની શકે !

ગૌતમ જ્ઞાની જરૂર હતા...પણ આત્મવિલોકી કે અંતરદ્રષ્ટા નો'તા ! પણ એક સમયની વાત...યજ્ઞના પૂજનમાં લીન બનેલા સંસારી ઈન્દ્રભૂતિ ગૌતમ સેંકડો શિષ્યોની વચ્ચે છવાયેલા, ઘેરાયેલા હતા...યજ્ઞકુંડમાંથી હવનની ધૂમ્રસેરો ઊછળી રહી હતી, અને વૈદિક મંત્રોના ઘોષથી, ગગન ગાજી ઊઠ્યું હતું !

સહસા એમની નજર આકાશ ભણી મંડાઈ, વ્યોમવિહારી દેવો યજ્ઞમંડપ તરફ નહીં, પણ પ્રભુ મહાવીરના સમવસરણ તરફ પુરવેગે ગમન કરતા હતા....આ દશ્ય જોઈ, ઈન્દ્રભૂતિ ગૌતમ લગામ વગરના બન્યા ! ક્રોધાગ્નિથી ભભૂકી ઊઠ્યા ! મારી સેવામાં હાજર થનારા દેવો મને મૂકી, ધુતારા મહાવીર પાસે જઈ રહ્યા છે ? ગૌતમે હોઠ ભીડ્યા....બબડ્યા ! લાલઘૂમ નેત્રો ચારે દિશામાં ફેરવી, શિષ્યોને કહ્યું, મારા વ્હાલા પ્રિય શિષ્યો ! એ ધુતારા મહાવીરને વાદમાં જીતી, એ મહાવીરની માયાજાળને ધ્વસ્ત કરી નાંખીશ ! ચાલો, મહાવીરની સભામાં અહંકારથી આવિષ્ટ-ઘેરાયેલા ઈન્દ્રભૂતિ ગૌતમ, પ્રભુ મહાવીરની દેશનાના સભામંડપ ભણી ચાલ્યા....દૂર દૂરથી દેદીપ્યમાન દેખાતી તેજોવલય આકૃતિ ! ક્ષણવાર ગૌતમ આકૃતિમાં અંજાઈ ગયા ! એ રૂપરૂપની અંબાર....આકૃતિ પ્રભુ મહાવીરની હતી....! કરોડો દેવ-દાનવો માનવીની જંગી મેદનીમાં પ્રભુ મહાવીર માલકોષ રાગમાં અસ્ખલિત વાણીપ્રવાહ વહેવડાવી રહ્યા હતા....એ વખતે....દૂરથી પધારતા...ગૌતમને ભર સભાની વચ્ચે....પ્રભુ વીરે મધુરતાથી વધ્યા...भो आगच्छ गौतम ! भो आगच्छ गौतम ! प्रेम्णागच्छ !! कुशलम् ते ? શિવકામી, ભગવાન મહાવીરની મધુર વાણીથી....ગૌતમનો અહંકાર ઓગળ્યો ! પણ ક્ષણવાર...! ગૌતમ સ્તબ્ધ થયા....મારું નામ વીરના મુખે ?....હા, હું વિશ્વવિખ્યાત વિદ્વાન...વિપ્ર છું....યજ્ઞવેત્તા મૂર્ધન્ય વિધિકાર છું...મને કોણ ન ઓળખે...અહંકારજ્વર દ્વિગુણિત વધ્યો...પુનઃ વીરે કહ્યું : भो इन्द्रभूति गौतम ! शंकास्ते वेद्मि, तव समस्याम् सावधानतया श्रुणु ! ભગવાન મહાવીરે ગૌતમની શંકાનું સમાધાન વેદસૂત્રોથી, અકાટ્ય તર્કથી કરી ગૌતમનું દિલ જીતી લીધું ! ગૌતમ જીતવા નીકળ્યો હતો મહાવીરને, પણ પ્રભુ મહાવીરથી ગૌતમ જિતાઈ ગયો ! પરાસ્ત થયા બાદ સમર્પણ ભાવ સહજ જાગે ! વૃત્તિઓ બદલાય...ભાવોમાં ભીનાશ

ઉદ્‌ભવે. ગૌતમ મૃદુ બન્યા....અહંકાર ઓગળી ગયો...અંતર, મન મહાવીર પ્રતિ ઓવારી ગયો....! ગૌતમ પોતાના સમગ્ર અસ્તિત્વથી મુક્ત થઈ, મહાવીરમાં કાયમને માટે શૂન્ય બની....સ્થિર રહ્યા !

જગતમાં પ્રેમના સંબંધો બંધાય છે...ગુરુ-શિષ્યના સંબંધો જોડાય છે...પણ સમર્પણ શાશ્વત ટકાવવું મુશ્કેલ છે....

ગૌતમનો મહાવીર સાથે શાશ્વત પ્રેમ-સમર્પણ ભાવ.....નિર્વાણયાત્રા પછી પણ સિદ્ધ સ્વરૂપે...પ્રભુ મહાવીરની જ્યોતિમાં જ્યોતરૂપે મુક્તિપુરીમાં....શાશ્વત રહ્યો !....કેવો ગૌતમનો પ્રેમ ! ગુરુ-શિષ્યના પ્રેમ-સમર્પણની વિરલ ઘટના "ગીનીસ બુક"માં નોંધાવા જેવી ખરી ! જગતના ઈતિહાસમાં આવી ઘટના જવલ્લે જ બને છે....વિદ્વત્તા સાથે અહંકાર અને ઉદ્ધતાઈ ભળે તો વ્યક્તિનું જીવતર ઝેર (પોઈઝન) બની જાય ! ગૌતમ મહાવીરના સંગે રંગે ચઢ્યા....તો...એમનું જીવન અમૃતતુલ્ય બની ગયું....

"गौतमस्याहंकारोपि अमृतायते!" ગૌતમ મહાવીરના નામની રાત-દિન ઔષધિ સેવન કરતાં કરતાં સ્વયં અમૃતતુલ્ય બની ગયા. સ્વયં મહાવીર બની ગયા ! પ્રભુ વીરના અનન્ય કૃપાપાત્ર પ્રાપ્ત પ્રથમ ગણધર ગૌતમ વીરવિયોગે, વીરવિલાપે કારતક સુદ પ્રતિપદાના શુભ દિવસે કૈવલ્યરત્નને મેળવી, જગદુદ્ધારક બન્યા. પ્રાન્તે મુક્તિગામી બન્યા....એક કવિની શાયરી યાદ આવે છે....

**"मान कियो गणधर हुओ,**
**राग कियो गुरुभक्ति,**
**खेद कियो केवल लह्यो,**
**अद्‌भुत गौतम शक्ति!"**

ગોતમસ્વામીની મિતાક્ષરી જીવનયાત્રા...આ રહી....જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, મગધ દેશાન્તર ગત ગોબર નામ ગામ...પિતા વસુભૂતિ વિપ્ર, માતા પૃથ્વીદેવી, પુત્ર ઈન્દ્રભૂતિ ગૌતમ ગોત્રીય. ૫૦ વરસ ગૃહસ્થાવાસમાં, ૩૦ વરસ પ્રભુ વીરની સેવા કરી....૧૨ વરસ કેવળી તરીકે...દીર્ઘાયુ ભોગવી, સિદ્ધપદને વર્યા. પ્રાન્તે ચૌદ વિદ્યાના જાણકાર, સંસારી અવસ્થામાં નારીરસથી લુબ્ધ ! મહાવીરના સંગે સંસારથી ક્ષુબ્ધ....[પૂર્ણ ત્યાગી બન્યા.] રૂપરૂપથી લસલસતી કાયા ! સાત હાથ પ્રમાણ દેહયષ્ટિ ! ચાલો આજથી સંકલ્પ કરીએ...ગુરુ ગૌતમનાં નામસ્મરણથી, જીવનમાં તપ ત્યાગ, તિતિક્ષાના પરમોપાસ્ય બની, વિનય-વિવેક, લબ્ધિના ભંડાર બની....પામર જીવોને પરમ પદના પથિક બનાવીએ એ જ મંગલ કામના !

**બોલીએ ગૌતમ સ્વામી કી જય**

।। **સર્વારિષ્ટ પ્રણાશાય, સર્વાભીષ્ટાર્થદાયિને, સર્વલબ્ધિ-નિધાનાય, ગૌતમસ્વામિને નમઃ** ।।

પ્રાતઃસમયે એકાદ સંકલ્પ પૂર્વક ગુરુ ગૌતમના મંત્રનો જાપ કરવો.

**મંત્ર** :— ૐ નમો ભગવતે સર્વલબ્ધિસંપન્નાય સર્વાભિષ્ટાર્થદાયિને શ્રી ગૌતમસ્વામિને નમઃ ।

નિત્ય મંત્ર-જપથી સફળતા તમારાં ચરણો ચૂમશે !

***

# માહિતી-દર્શન : વિભાગ-૩

## [સંશોધન-અવલોકન આદિ]

- આગમગ્રંથોમાં ગણધર ગૌતમ
- ૪૫ આગમમાં–મૂલ આગમમાં ''ગૌતમ'' નામોલ્લેખ ક્યાં ક્યાં?
- કવિ-જન હૃદયમાં ઊછળતા ભક્તિરસ-તરંગોના અધિષ્ઠાતા ગુરુ ગૌતમસ્વામી
- 'ગણધર' શબ્દના અર્થો તથા ગણધર પરંપરા : ઉદ્ભવ અને વિકાસ
- ગણધર : અર્થ અને મહત્ત્વ
- આધ્યાત્મિક પરંપરામાં ગુરુનું વૈજ્ઞાનિક મહત્ત્વ
- લબ્ધિ
- લબ્ધિસ્તવ (વ્યાખ્યા સહિત)
- ગૌતમ અને ગોચરી


શ્રી ગૌતમસ્વામીને પ્રભુ મહાવીરના ગુરુવિયોગની વેદનામાંથી જ જીવનનો નવો રાહ મળ્યો. રાગદ્રષ્ટિનો પરદો હટતા આત્મસિદ્ધિનું અમૃત પ્રગટ થયું અને જીવનમાં કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ વ્યાપી ગયો.
વીર-વિરહ-વિલાપ
મુજને મેલ્યો રે ટળવળતો ઇહાં રે, નથી કોઇ આંસુ લોવણહાર;
ગૌતમ કહી કોણ બોલાવશે રે, કોણ કરશે મોરી સાર ?

# આગમગ્રંથોમાં ગણધર ગૌતમ

*—પૂ. આચાર્યશ્રી જયંતસેનસૂરિજી મહારાજ*

ગણધર અને ગણપતિનું સામંજસ્ય ઉપસ્થિત કરીને શરૂ થતા આ લેખમાં આચાર્યશ્રીએ મોહક શૈલીમાં પ્રસંગનું વર્ણન કર્યું છે. ગણધરવાદના અંશને સ્પર્શી અંતે ગૌતમસ્વામી અંગેના જુદા-જુદા આગમગ્રંથોમાં આવતા ઉલ્લેખોનું રસદર્શન કરાવીને એ વંદનીય વિભૂતિ પ્રત્યે અહોભાવ જગાડે છે. પાવનના ચરણે થતું સમર્પણ અનંત ગુણના માલિક બનાવી દે છે.

આ લેખના લેખક શ્રી 'મધુકર'ના ઉપનામથી પણ જૈન-જગતમાં જાણીતા છે. તેમનું બહુ-આયામી વ્યક્તિત્વ બહોળા ભક્તજનોને આકર્ષી ગયું છે. ચિંતનકાર, કથાકાર, ગીતકાર, પ્રવચનકાર અને સમાજસુધારક તરીકેનું તેમનું મૂલ્યવાન પ્રદાન અનેકોને ઉપકારક પુરવાર થયું છે. પૂજ્યશ્રીનું જ્યોતિષ અને ઈતિહાસનું જ્ઞાન પણ અદ્વિતીય રહ્યું છે. છેલ્લે રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાલ શર્માએ પૂજ્યશ્રીને 'રાષ્ટ્રસંત'ની માનદ પદવીથી વિભૂષિત કર્યા છે. *—સંપાદક*

જૈન શાસનની પ્રસ્થાપના સાથે ગૌતમ ગોત્રનો ઘનિષ્ઠ સંબંધ છે. મોટે ભાગે વર્તમાન તીર્થંકરોના શાસનમાં ગૌતમગોત્રીય ગણધરોનું અસ્તિત્વ દષ્ટિગોચર થઈ રહ્યું છે.

ગણના સંસ્થાપક તીર્થંકર પરમાત્મા હોય છે, પરંતુ ગણના સંવાહક ગણધર હોય છે. ગણધર ભગવંત સંઘની સ્થાપનાની સાથે જ તીર્થંકર પરમાત્માના મુખેથી 'ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા' નામની ત્રિપદીને પ્રાપ્ત કરે છે, અને તેનો વિસ્તાર કરે છે. અર્થાત્ તીર્થંકર પરમાત્માના મુખેથી ત્રિપદી રૂપી પુષ્પ પ્રગટ થાય છે અને ગણધર ભગવંત એનો પુષ્પહાર તૈયાર કરે છે, અંતર્મુહૂર્તમાં બાર અંગોની રચના કરે છે.

તીર્થંકરોનો વરદ હસ્ત મસ્તક પર આવતાં જ એક અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરવાની ક્ષમતા ગણધર ભગવંતોમાં પ્રગટ થાય છે. તેઓની સર્વ શક્તિ સંપન્ન આત્માની શક્તિ-સંપદાના દ્વારોદ્‌ઘાટનની મંગલ વિધિ તીર્થંકર પરમાત્મા પ્રાપ્ત કરે છે; જેનાથી તેઓ અનંત ચિદ્દ્ઘન આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ તથા અજીવ તત્ત્વનું સંપૂર્ણ અને વિશદ જ્ઞાનરૂપી ધન પ્રાપ્ત કરીને જિનશાસનના પ્રબળ પ્રવાહક બને છે.

પ્રત્યેક તીર્થપતિ ગણધરોનાં શુભ કરકમળોમાં શાસનધુરા પ્રદાન કરે છે; કારણ કે ગણધર ભગવંત સદા-સર્વદા અપ્રમત્ત સ્થિતિવાળા હોય છે. તેઓ રાત-દિવસ ઉપશમ રૂપી ભાવસાગરમાં નિમજ્જન કરતા રહે છે.

ગણધર અને ગણપતિ બંને એક જ અર્થ પ્રગટ કરે છે. જૈનેતરોમાં ગણપતિનું સ્થાન

અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેઓ ગણપતિને મંગલકારી અને વિઘ્નહર્તા માને છે. તેમની દૃષ્ટિએ ગણપતિ વિદ્યાના અધિપતિ અર્થાત્ વિદ્યાના દેવ છે. જૈનોમાં પણ ગણધર કે જેઓ ગણપતિ જ છે તેઓ પણ મંગલકારી અને વિઘ્નહર્તા છે તથા વિદ્યાના અધિપતિ પણ છે; કારણ કે સંપૂર્ણ દ્વાદશાંગી રૂપ સમ્યક્ વિદ્યાનું નિર્માણ તેઓ જ કરે છે.

અંતિમ તીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીર દેવના શાસનમાં તો ગૌતમ ગોત્રીય ગણધરોનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે. ગૌતમ નામમાં જ અપૂર્વ રિદ્ધિ-સિદ્ધિ અને સમૃદ્ધિ છે. એટલું જ નહીં, તેમાં મંગલમયતા અને સમસ્ત લબ્ધિઓની ચિરંતન ઉપસ્થિતિ પણ છે.

**''સર્વારિષ્ટપ્રણાશાય, સર્વાભીષ્ટાર્થદાયિને,**
**સર્વલબ્ધિનિધાનાય, શ્રી ગૌતમસ્વામિને નમઃ ।''**

**''પ્રહ ઉઠી ગૌયમ સમરીજે,**
**કાજ સમગ્ગહ તતખિણ સીજે,**
**નવનિધિ વિલસે તાસ ઘરે.''**

**''ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય,**
**ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર.''**

તેમ જ 'મંગલં ગૌતમ પ્રભુ' અથવા 'પઠન્તિ તે સૂરિપદં ચ દેવાનન્દં લભંતે નિતરાં ક્રમેણ' જેવાં સ્તોત્રપદોમાં આ વિચાર સ્પષ્ટ રૂપે પ્રકાશમાન છે કે ગૌતમ નામમાં સર્વ પ્રકારની સફળતા સમાયેલી છે.

શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમના જીવનમાં એક વિશેષતા એ પણ હતી કે તેઓ માન રૂપી માતંગ પર સવાર થઈને ભગવાન મહાવીર સમક્ષ આવ્યા હતા. તેઓનું માનસ તો સંશયોથી ભરેલું હતું છતાં તેઓ 'હું એક અને અદ્વિતીય છું'—એવા ભાવમાં રચ્યાપચ્યા હતા. ભગવાન મહાવીરે પોતાનાં જ્ઞાનરૂપી કિરણોથી તેઓની સંશયરૂપી જાળને નાબૂદ કરી નાખી; તથા તેઓના 'અહં'ની ઘનઘોર ઘટાને વિનમ્રતાની અનિલલહેરો વડે કાયમને માટે નામશેષ કરી નાખી. 'અહં'નો નાશ થવાથી તેઓમાં વિનયભાવ અને સંપૂર્ણ સમર્પણભાવની સ્થિતિ પ્રગાઢ બની ગઈ; અને તેઓ પરમાત્મા મહાવીરના પ્રથમ ગણધરપદ પર પ્રતિષ્ઠિત થયા. તેઓ જીતવા આવ્યા હતા ભગવાનને, પરંતુ તેઓ જ ભગવાન દ્વારા જિતાઈ ગયા ! એવા જિતાઈ ગયા કે તેઓ હંમેશને માટે ભગવાનના જ થઈ ગયા ! પરાજિત થયા છતાં ભગવાનના શાસનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને તેઓએ પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી. આમ, તેઓની હાર પણ અદ્ભુત જ કહેવાય ને !

જ્ઞાનધનયુક્ત હોવા છતાં પણ શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ વિનમ્રતાનું મૂર્ત રૂપ હતા. તેઓએ પરમાત્માની સમક્ષ એક બાળક જેવું વર્તન કરીને, વિનમ્રતાથી પોતાના પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર પ્રાપ્ત કર્યો. પરમ તારક પરમાત્મા શ્રી મહાવીર દેવને ચરમ સ્વરૂપી માનવાવાળા શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમના અનન્ય, અવિહડ પ્રશસ્ત સ્નેહ-રાગ પરમાત્મા પ્રત્યે જ હતા. એ જ કારણને લીધે તેઓ મન-વચન-કાયાથી પરમાત્માથી એક ક્ષણવાર પણ અલગ રહેવાનું પસંદ કરતા નહીં.

દિવ્યજ્ઞાની ભગવાન મહાવીર ગૌતમસ્વામીના આ ભાવને સારી પેઠે સમજતા હતા. કાર્તિક કૃષ્ણા ત્રયોદશી—જેને લોકો 'ધનતેરસ' તરીકે ઓળખે છે, હકીકતમાં એ દિવસે તે 'ધન્યતેરસ' થઈ

ગઈ, કારણ કે આ દિવસે પરમાત્મા મહાવીર દેવે સાદિ અનંત સ્થિતિ પ્રત્યે પ્રસ્થાન કરવાની તૈયારી કરી લીધી હતી. સોળ પ્રહર સુધીની ધારાવાહી દેશનાનો શુભારંભ હતો, એ દિવસે પરમાત્મા મહાવીર જળભર્યા મેઘો જેમ જ્ઞાનામૃતની ધારાઓ વરસાવવા લાગ્યા. મહાપ્રયાણ પહેલાં પરમાત્મા અધિકાધિક સતત દાન દેવામાં પ્રયત્નશીલ હતા. ઉપદેશામૃતનું પાન કરીને લોકોના મનમયૂર પ્રસન્નતા અને પરમ શાંતિથી નૃત્ય કરી રહ્યા હતા. જાણે કે ક્ષુધાતુરને મનમાન્યું ભોજન મળી રહ્યું હતું, જાણે પરમાત્મા અંધકારના ગાઢા વનમાં પ્રકાશના પુંજ પ્રસરાવી રહ્યા હતા ! તે દિવસે ગૌતમ ગણધર પણ આ જ્ઞાનગંગામાં પોતાને નિમજ્જિત કરી ધન્યતાનો અનુભવ કરી રહ્યા હતા. ગૌતમગોત્રીય ગણધર અને અન્ય જીવો પણ સ્વસ્થ અને સ્થિરચિત્ત થઈને આ પરમ પાવન પ્રવાહમાં પોતાનું નિર્મલીકરણ કરી રહ્યા હતા.

રાગ છૂટ્યા વિના, સ્નેહબંધન તૂટ્યા વિના ઈન્દ્રભૂતિને કેવળજ્ઞાનનું પ્રગટીકરણ થવું અસંભવ હતું. તેથી પરમાત્માએ જ તેઓનો મોહભંગ કરવા માટે નજીકના ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણને પ્રતિબોધિત કરી આવવાનો આદેશ આપ્યો હતો. ઈન્દ્રભૂતિ પરમાત્માના એક-એક વચનને પ્રાણથી પણ પ્રિય તેમ જ પરમાત્માના આદેશને પોતાના ક્ષેમકુશળમાં સહાયક માનતા હતા. તેથી તેઓએ તરત જ ત્યાંથી પ્રસ્થાન કર્યું.

તેરસની રાત વીતી, ચૌદસનો દિવસ વીતી ગયો અને રાત પણ વીતી ગઈ. અમાસની સવાર પડી. સૂર્યોદય થયો અને તે પોતાનાં સહસ્ર કિરણો વડે અંધકારને દૂર કરીને પ્રાણીઓને નવજીવન પ્રદાન કરવા લાગ્યો. પ્રભુ મહાવીરની વાણી ગંગાજળની જેમ અખંડ-અસ્ખલિત વહી રહી હતી—જાણે કે પિતાનો અંતિમ ઉપદેશ ધર્મપુત્રોને પ્રાપ્ત થઈ રહ્યો હતો. સર્વ પ્રવચન-શ્રવણમાં તલ્લીન હતા, પણ આ તથ્યથી અજ્ઞાત હતા કે પરમાત્મા શાશ્વત સ્થિતિ તરફ પ્રસ્થાન કરવાની તૈયારી કરી ચૂક્યા છે, તેઓનું અને આપણું મળવું હવે ખૂબ જ ઓછા સમય માટે છે.

અમાસનો સૂર્યાસ્ત થઈ ગયો. સર્વ પોતાના ભાવોમાં તલ્લીન હતા. ભવની પીડા શમાવવાવાળી અનુપમ ઔષધિ, સેવનવિધિ સહિત, પરમ ભાવવૈદ્ય શ્રી મહાવીર દેવ પ્રસ્તુત કરી રહ્યા હતા. ક્રમશઃ ક્ષણ ક્ષણ પસાર થઈ રહી હતી, જ્યારે પરમાત્મા ચતુર્દશમ ગુણસ્થાનક આરોહણની પ્રક્રિયામાં પરિપૂર્ણ થઈ ગયા હતા. શુક્લધ્યાનની શ્રેણી પર આરૂઢ થવાથી લોકાકાશ તરફ પ્રગતિ હતી. લિચ્છવી અને મલ્લકી ગણરાજા પણ પૌષધોપવાસથી સંવૃત્ત થઈ પરમ પાવન ગંગોત્રીનું પાન કરી રહ્યા હતા.

મધ્યરાત્રિએ પોતાનો પાલવ ફેલાવ્યો. જે દિવ્ય પ્રકાશ ચારે દિશામાં ફેલાયેલો હતો તે ક્રમશઃ ગાઢ અંધકારમાં પરિવર્તિત થવા લાગ્યો. અનન્તોદ્ધારક સર્વગુણસંપન્ન પરમાત્માએ મહાપ્રયાણ કર્યું. તેઓએ યમરાજના મુખ પર એવો તમાચો ચોડી દીધો કે તે હંમેશને માટે એમનાથી દૂર થઈ ગયો. ભગવાને મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરી લીધો. તેઓ સાચા અર્થમાં મૃત્યુંજય બની ગયા. તેઓએ જન્મનાં મૂળને ઉચ્છેદી નાખ્યાં. જરા-અવસ્થા કાયમ માટે સમાપ્ત થઈ ગઈ.

પરમાત્માના મહાપ્રયાણથી સકળ ચરાચર લોક વ્યથિત થઈ ગયાં. જળચર, ખેચર, ભૂચર આદિ સમગ્ર પ્રાણીગણ પણ પરમાત્માના વિરહથી શોકાકુલ થઈ ગયો. દેવી-દેવતા, ઈન્દ્ર-ઈન્દ્રાણી, નર-નારી આદિના આગમનથી પાવાપુરી નગરી ખીચોખીચ થઈ ગઈ.

પરમાત્મા મહાવીર દેવના મહાપ્રયાણની વાત ઇન્દ્રભૂતિ ગૌતમે ત્યારે જાણી, જ્યારે તેઓએ પ્રાતઃકાલીન જનરવ તથા દેવવાણી સાંભળ્યાં. નિરાધાર બાળકની જેમ તેમને પિતાનો ચિરવિરહ અસહ્ય થઇ પડ્યો. તેઓ 'વીર ! વીર !'નું રટણ કરતાં-કરતાં ભાન-સાન ગુમાવી બેઠા. ક્ષણવારમાં ફરી ભાનમાં આવી, નિર્મમત્વ ભાવ, વીતરાગ ભાવ આદિના ચિંતનમાં લીન થઇ ગયા. ચિંતનસાગરમાં તેઓએ એવી ઊંડી ડૂબકી લગાવી કે તેમના હાથમાં અણમોલ મોતી આવી ગયું, પોતે મોહમુક્ત થઇ ગયા અને કેવલજ્ઞાન-સંપન્ન થઇ ગયા. મહાવીર પ્રભુની નજીક પહોંચવાનું અમોઘ બળ તેઓએ પ્રાપ્ત કરી લીધું. એક જ્ઞાનરૂપી સૂર્યના અસ્ત હોવાની સાથે જ, થોડી જ ક્ષણોમાં બીજા જ્ઞાનસૂર્યનો ઉદય થઇ ચૂક્યો ! સામાન્ય રીતે માન જ્ઞાનપ્રાપ્તિમાં અને મોહમુક્તિમાં અવરોધરૂપ બને છે. પરંતુ ઇન્દ્રભૂતિ માટે આ જ આશ્ચર્યકારક ઘટના બની. તેઓએ માનને લીધે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને મોહમુક્તિ સાધી. દૃષ્ટિમાં પરિવર્તન આવવા સાથે જ રૂપ-સ્વરૂપ-સ્થિતિ આદિ સર્વ બદલાઇ જાય છે.

શ્રી ગૌતમ સ્વામીજી સ્વયં સંપૂર્ણતાથી સંપન્ન બની ગયા. બાર વર્ષ સુધી તેઓએ પોતાના કેવલજ્ઞાનના અલૌકિક પ્રકાશથી વિશ્વને પ્રકાશિત કર્યું અને પરમ જ્ઞાનના પ્રકાશને વિશ્વભરમાં ફેલાવ્યો.

'આણાએ ધમ્મો', 'સમયં ગોયમ મા પમાયએ' જેવાં પરમાત્માના પાવન વચનોને ઇન્દ્રભૂતિ એટલાં આત્મસાત્ કરી ગયા હતા કે તેઓની રગેરગમાં મહાવીરવાણીની જ ઝંકૃતિ થઇ રહી હતી—જાણે કે એમનું જીવન જ મહાવીરમય થઇ ગયું હતું !

ગૌતમના નામનો મહિમા ગૌરવપૂર્ણ છે. વખતોવખત 'ણમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં' પદનું સ્મરણ તેમ જ ઉચ્ચારણ એ વાતનું દ્યોતક છે કે જિનશાસનમાં 'ગોયમ' નામ પોતે જ પ્રભાવશાળી છે. તે નિદ્રાધીનની ભવનિદ્રાને ભગાડી મૂકનાર છે.

પરમાત્મા મહાવીરનાં ઉપદેશ-પદો પર નજર નાખતાં એમ લાગે છે કે સ્થળે-સ્થળે ગૌતમ જ જાણે કે પરમાત્માના શ્રોતા છે ! 'ગોયમા, એવં વયાસી' એ પ્રમાણે પરમાત્માએ ગૌતમને જ લક્ષમાં રાખીને કહ્યું છે, પણ તે સર્વ જનને કલ્યાણકારી નીવડ્યું છે.

ગૌતમે પોતાની પ્રત્યેક શંકાનું સમાધાન મહાવીર પાસેથી જ પ્રાપ્ત કર્યું છે. તેઓ લબ્ધિસંપન્ન હતા, એટલે ગન્તવ્ય પ્રતિ ગતિશીલ થઇ શકતા હતા. એ જ કારણે અષ્ટાપદ મહાતીર્થ પર પહોંચીને સ્વયં સિદ્ધિપદનો નિશ્ચયાત્મક નિર્ણય કરવામાં સક્ષમ અને સફળ થયા છે.

'ગણધર' શબ્દની વ્યાખ્યા કરતાં શ્રી મલયગિરિ આચાર્ય જણાવે છે : 'अनुत्तरज्ञान-दर्शनादिधर्मगणं धरति इति गणधरः ।' લોકોત્તર સ્થિતિ પ્રદાયક એકમેવ અદ્વિતીય પ્રજ્ઞાપક જ્ઞાનદર્શનાદિ ધર્મગણોના ધારક ગણધર હોય છે.

યોગવિંશિકા નામના ગ્રંથમાં લખ્યું છે : 'अत्यन्ताप्त गोचर श्रद्धा स्थैर्यं व्रतोऽनुष्ठाना तीर्थ कृत्वं श्रद्धासमन्विताद् गणधरत्वम् ।'

'यथार्थ वक्तास्त्वाप्तम्'

આપ્ત યથાર્થ વસ્તુસ્થિતિના પ્રવક્તા હોય છે. એવા વક્તા દ્વારા દૃષ્ટ અને પ્રદત્ત વક્તૃત્વમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને તથા સર્વદા સર્વથા સ્થિરતા ધારણ કરીને અનુસ્થિત થવાની પરિણતિથી પરિણત થયેલો આત્મા ગણધરત્વ પ્રાપ્ત કરે છે.

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમની બાબતમાં પણ અને અન્ય ગ્રંથોમાં ઠેર-ઠેર પુણ્ય સ્મરણ કરવામાં આવ્યું છે.

પ્રવચન સારોદ્ધારના આઠમા દ્વારમાં તથા સમવાયાંગ સૂત્રમાં તેઓની નિમ્નલિખિત વિશેષતાઓ દર્શાવી છે :

'स्वनाम ख्याते महावीरस्य प्रथम गणधरे प्रथम गणनायके प्रथम शिष्ये.....'

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ સ્વનામખ્યાત હતા અર્થાત્ તેઓનું નામ સર્વત્ર પ્રસિદ્ધ હતું. તેઓ ભગવાન મહાવીરના પ્રથમ ગણધર અને પ્રથમ ગણનાયક હતા તથા તેઓ તેમના પ્રથમ શિષ્ય પણ હતા.

શ્રી કલ્પસૂત્ર તેમ જ શ્રી વિપાકસૂત્રમાં આ તથ્યને સ્પષ્ટ કરતાં લખ્યું છે :

'સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ જેટ્ઠે અન્તેવાસી ઇન્દભૂઇ અણગારે ગોયમસ્સ ગુત્તેણં...'

શ્રી ઇન્દ્રભૂતિ અણગાર શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અન્તેવાસી અર્થાત્ સૌથી મોટા શિષ્ય હતા અને તે ગૌતમ ગોત્રના હતા.

ચન્દ્રપ્રજ્ઞપ્તિ ગ્રંથમાં ઉલ્લેખ છે કે,

'જિણ વીરસ્સેક્કકારસ પઢમો સે ઇન્દભૂઇ યતિ ણામેણ ઇન્દભૂઇ તિ ગોયમં વંદિઊણ તિવિહેણ...'

ભગવાન મહાવીરના અગિયાર ગણધરોમાં પ્રથમ ઇન્દ્રભૂતિ યતિ હતા.

'થેરેણં ઇન્દભૂઇ બાણઉઇ વાસાઇ સવ્વાઉયં પાઇત્તા સિદ્ધે બુદ્ધે.'

વયોવૃદ્ધ, સંયમવૃદ્ધ તેમ જ જ્ઞાનવૃદ્ધ શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમે ૯૨ વર્ષની લાંબી ઉમરનો ઉપભોગ કરીને સિદ્ધત્વ અને વૃદ્ધત્વને પ્રાપ્ત કર્યાં.

'स्थविर इन्द्रभूति महावीरस्य प्रथम गणनायकः । स च गृहस्थपर्याय पंचाशतवर्षाणि, त्रिशत्छद्मस्थपर्यायं, द्वादशं केवलीपर्यायं पालयित्वा सिद्ध इति सर्वाणि द्विनवति इति ।'

સ્થવિર ઇન્દ્રભૂતિ ભગવાન મહાવીરના પ્રથમ ગણનાયક હતા. તેઓ પચાસ વર્ષ સુધી ગૃહસ્થ પર્યાયમાં, ત્રીસ વર્ષ સુધી છદ્મસ્થ પર્યાયમાં અને બાર વર્ષ સુધી કેવલ પર્યાયમાં રહ્યા. આ પ્રમાણે બાણું વર્ષ સુધી ઉત્તમ દેહમાં સ્થિત રહ્યા.

આ પ્રમાણે પરમ શ્રદ્ધેય, હરહંમેશ વંદનીય તેમ જ સ્તવનીય પરમાત્મા શ્રી વર્ધમાન- સ્વામીના પ્રથમ ગણધર શ્રીમદ્ ગૌતમસ્વામીના પવિત્ર ચરિત્રનું ગાન વિવિધ ગ્રંથાગમોમાં કરવામાં આવ્યું છે. પરમાત્મા સાથે તો તેમનો જન્મ-જન્માંતરથી આત્મીય, અવિચ્છિન્ન તથા અવિહડ સ્નેહસંબંધ હતો. એ જ કારણે સંસારના માર્ગમાં વારંવાર બંનેનું મિલન થયું છે. પોતાનો સ્નેહ- સંબંધ અક્ષુણ્ણ રાખવામાં સંપૂર્ણ સફળતા તેઓને પોતાના અંતિમ ભવમાં જ પ્રાપ્ત થઇ. પ્રભુએ જ્યારે સ્વસ્થાન પ્રતિ પ્રયાણ કર્યું ત્યારે તે સમયે તેઓએ ગૌતમને પણ સ્વસ્થાનનું જ્ઞાન કરાવવા માટે પોતાનાથી દૂર રાખ્યા અને તેમને સ્વસ્થાનનું જ્ઞાન કરાવ્યું અર્થાત્ તે જ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીજીએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અંતે જતાં સાદિ અનંતની સ્થિતિમાં સદા સર્વદાને માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરી દીધું.

* * *

# ૪૫ આગમમાં—મૂલ આગમમાં 'ગૌતમ' નામોલ્લેખ ક્યાં ક્યાં?

*સંકલનકર્તા : પૂ. મુનિ શ્રી દીપરત્નસાગરજી મહારાજ (M.Com.M.Ed)*

**પેથડ મંત્રી માત્ર ભગવતીસૂત્ર સાંભળતાં જ્યાં ગૌતમનું નામ આવતું ત્યાં એક સોનામહોર રાખી પૂજા કરતા.... માત્ર ભગવતી સૂત્રમાં ૩૬ હજાર વખત ગોયમ નામ આવ્યું. ૪૫ આગમોમાં ક્યાં-ક્યાં ગૌતમસ્વામીજીના નામનો ઉલ્લેખ આવે છે તેની મહત્ત્વની નોંધો સંપાદિત કરી અત્રે મુકાઇ છે. મુનિશ્રીએ ખૂબ પરિશ્રમ કરી યાદી તૈયાર કરી છે.**

**'जेंसिं नामग्गहणे पावपबंद्धा विलयं जंति' પ્રમાણે નામ લેતા જઇએ અને પાપોથી મુક્તિ મેળવતા જઇએ.**

**—*સંપાદક***

**नमो नमो निम्मल दंसणस्स**

## આગમોમાં ગૌતમસ્વામી નામોલ્લેખ

**આગમ-સંખ્યાભેદ:—** વર્તમાનકાળે શ્વેતાંબર આમ્નાયમાં મૂર્તિપૂજકો આગમોની સંખ્યા ૪૫ની દર્શાવે છે. સ્થાનકવાસી, તેરાપંથી વગેરે ૩૨ આગમોની માન્યતા ધરાવે છે. આ ૪૫ આગમોના પણ અંગ-ઉપાંગ એવા ભેદ છે. તેમાં ૧૧ અંગ અને ૧૨ ઉપાંગ વિષે બંને આમ્નાયોમાં સમાન માન્યતા પ્રવર્તે છે. પરંતુ છેદસૂત્રો અને મૂળસૂત્રો બાબત માન્યતાભેદ જોવા મળેલ છે. મૂર્તિપૂજકો છેદસૂત્રોની સંખ્યા ૬ જણાવે છે પણ તેમાંના શ્રી મહાનિશીથ તથા શ્રી જિતકલ્પસૂત્ર આગમને સ્થાનકવાસી વગેરે સંપ્રદાય સ્વીકારતા નથી. એ જ રીતે મૂલસૂત્રોમાં આવતું ચોથું 'શ્રી ઓઘનિર્યુક્તિ' સૂત્ર પણ સ્થાનકવાસી વગેરે સંપ્રદાયોમાં સ્વીકૃત નથી. પયન્નાઓનો સ્વીકાર પણ મૂર્તિપૂજકો જ કરે છે. આ રીતે સ્થાનકવાસી, તેરાપંથી ૩૨ આગમો માને છે, મૂર્તિપૂજકો વર્તમાનકાળે ૪૫ની આગમસંખ્યા ગણાવે છે.

**આ સૂચિમાં સ્વીકારાયેલાં આગમો :—** અહીં ૪૫ આગમોને સ્વીકારીને જ 'ગૌતમ-સ્વામી'ના નામનો ક્યાં-ક્યાં ઉલ્લેખ છે તે શોધવા પ્રયત્ન કરેલ છે. જો કે દશમાંથી આઠ પયન્નામાં, છ છેદસૂત્રોમાંથી, એકાદ અંગમાં વગેરે સ્થાને પ્રાયઃ ક્યાંય ગૌતમસ્વામીનો ઉલ્લેખ નજરે પડેલ નથી.

**ગૌતમસ્વામી નામોલ્લેખ કઇ-કઇ રીતે છે? :-** 'गोयम' : આગમશાસ્ત્રોમાં અર્ધમાગધી ભાષાને કારણે ગૌતમ માટે 'गोयम' શબ્દ જ મુખ્યતયા નોંધાયો છે. તેમ છતાં ક્યાંક गोअम કે गोतम શબ્દ પણ જોવા મળેલ છે. દરેક પ્રકાશનમાં પણ गोयम શબ્દમાં સમાનતા જોવા મળતી નથી. गोअम કે गोतम શબ્દ ઉપરાંત માત્ર 'गो०' કરીને પણ મુકાયેલ છે.

'इंदभूइ' : ગૌમતમસ્વામીના 'इन्द्रभूति' નામને લીધે જ્યાં-જ્યાં 'इंदभूइ' કે इंदभूति શબ્દથી ઉલ્લેખ છે, તે પણ અહીં ગણતરીમાં લઇ લીધેલ છે.

## ગૌતમસ્વામીના ઉલ્લેખની પદ્ધતિ :—

મુખ્યત્વે ત્રણ રીતે શ્રી ગૌતમસ્વામીનો આગમમાં ઉલ્લેખ જોઇ શકાય છે :—

[૧] **પ્રાયઃ ચરિત્ર સ્વરૂપે** : જેમાં ગૌતમસ્વામીનું ચરિત્ર અથવા તો કંઇક અંશે પણ કથાનક રૂપે વર્ણન આવતું હોય, જેમ કે હાલ ઉપલબ્ધ એવા उववाइ, सूरपन्नत्ति વગેરે આગમોમાં શ્રી ગૌતમસ્વામી કેવા હતા તેના દેખાવનું વર્ણન આવે છે. બારમું અંગ दृष्टिवाद જે હાલ વિચ્છેદ ગયું છે તેમાં गणधर गण्डिकानुओग નામક વિભાગ હતો તેનો વિચ્છેદ થતાં ગણધર વિષેની માહિતી આગમમાં અનુપલબ્ધ થવા લાગી.

[૨] **પ્રસંગો રૂપે** : વિશેષે કરીને उवासगदशाમાં કે થોડે-વત્તે અંશે અન્ય આગમોમાં ક્યાંક-ક્યાંક પ્રસંગો રૂપે ગૌતમસ્વામી જોવા મળે છે. જેમ કે ગૌતમસ્વામી અને આનંદ શ્રાવક, ગૌતમસ્વામી-મૃગાપુત્ર, ગૌતમસ્વામી અને તાપસો વગેરે.

[૩] **માત્ર નામ સ્વરૂપે પ્રશ્નકર્તા કે સંબોધનમાં** : વિશેષે કરીને આ ત્રીજા સ્વરૂપે જ ગૌતમસ્વામીજી અતિ પ્રસિદ્ધ બન્યા છે. અહીં પણ જે નોંધ રજૂ કરી છે તેમાં ગૌતમસ્વામીના નામોલ્લેખને જ સ્વીકારીને આંકડા અપાયા છે.

## અહીં રજૂ થયેલ નોંધપદ્ધતિ:—

૪૫ કે ૩૨ આગમો વિશે અલગ-અલગ પ્રકાશનો થયાં છે. તેમની વૃત્તિ-નિર્યુક્તિ આદિ પણ એક કરતાં વધુ પ્રકાશિત થઇ ચૂકી છે. પણ બધાં પ્રકાશનોના સૂત્રાંકો કે પરિચ્છેદ-ક્રમાંકનોમાં સામ્ય જોવા મળતું નથી. આ વાતને લક્ષમાં રાખી અહીં અધ્યયન-શતક-વર્ગ-વક્ષસ્કાર-પ્રાભૃત વગેરે બધાંમાં સમાન રૂપે જણાતા શબ્દોથી જ નોંધ લેવાઇ છે. જેમ કે શ્રી આચારાંગ, ત્યાં પ્રત્યેક અધ્યયનમાં ગૌતમસ્વામીનું નામ કેટલી વખત છે; શ્રી ભગવતીજી, તો પ્રત્યેક શતકમાં ગૌતમસ્વામીજીનું નામ કેટલી વખત આવે છે.

## આ નોંધમાં સ્વીકારાયેલી મર્યાદાઓ :—

[૧] આગમમાં इंदभूइ, इंदभूति, गोयम, गोअम, गोतम કે गो० કોઇ પણ શબ્દનો અહીં ગૌતમસ્વામી નામમાં સરખો સ્વીકાર થયો છે, અલગ-અલગ નોંધ કરી નથી, કેમ કે જુદાં-જુદાં પ્રકાશનોમાં પણ એક જ સ્થાને गोयमને બદલે गोतम આદિ પ્રયોગો જોવા મળેલ છે.

[૨] આગમમાં સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ—એવા પાંચ ભેદોમાંથી અહીં માત્ર મૂળ-સૂત્રોમાં ગૌતમસ્વામીજીનું નામ ક્યાં આવે છે તેટલું જ સંશોધન કરેલ છે. આગમનાં બાકી ચાર અંગોનો સ્પર્શ કરેલ નથી.

[૩] અહીં જે અંકો અપાયા છે તેમાં ગૌતમસ્વામીનું નામ તે-તે સ્થાને કેટલી વખત આવે છે તેની કુલ સંખ્યા દર્શાવી છે. આ સંખ્યામાં શક્ય તેટલી ચોકસાઇ છતાં તે-તે અંકો અંદાજે કે આશરે જ સમજવા. આ સંખ્યામાં કંઇક ન્યૂનાધિકતા પણ હોઇ શકે, કેમ કે

ગણતરીમાં ક્યારેક ભૂલ થવાની સંભાવના રહેલી છે.

કેટલાંક પ્રકાશનો સંક્ષિપ્ત વાચના મૂકે છે ત્યાં અમુક એકસરખા પાઠો છોડી દેવાયા છે, તે ક્યાંક जाव०....થી શરૂ થતા પાઠો પણ અપાયા છે. આમ 'गोयम' શબ્દસંખ્યામાં વધઘટ જણાય છે.

## ૧૧ અંગોમાં ગૌતમસ્વામીનો નામોલ્લેખ

**[૧] आचारांग** : આ પ્રથમ અંગસૂત્ર છે. તેમાં બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં નવ અધ્યયન છે. બીજા શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયનો છે, જેમાં છેલ્લાં ચાર અધ્યયનો ચૂલિકા રૂપે છે. મૂળ आचारांग સૂત્રમાં પ્રાયઃ ક્યાંય ગૌતમસ્વામીનું નામ જોવા મળેલ નથી. છેલ્લે-છેલ્લે ચૂલિકામાં એક સ્થાને 'गोयम' સંબોધન જોવા મળેલ છે.

**[૨] सूयगडांग** : આ સૂત્રમાં બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયનો છે, જેમાં ૧ થી ૧૫ પદ્ય સ્વરૂપે જ છે, પણ શ્રી ગૌતમસ્વામીનું નામ પ્રાયઃ ક્યાંય જોવા મળેલ નથી. બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયન છે. આ સાતમા અધ્યયનમાં કુલ ૧૪ સ્થાને શ્રી ગૌતમસ્વામીનું નામ જોવા મળેલ છે.

**[૩] ठाणांग** : આ ત્રીજા અંગમાં ૧ થી ૧૦ સ્થાનો છે, જેમાં દરેક સ્થાનની સંખ્યા મુજબ વર્ણન આવે છે. તેમાં ત્રીજા સ્થાનમાં ૧ વખત, પાંચમા સ્થાનમાં ૧ વખત તથા સાતમા સ્થાનમાં ૧ વખત—એ રીતે શ્રી ગૌતમસ્વામીનો નામોલ્લેખ જોવા મળેલ છે.

**[૪] समवायांग** : આ ચોથું અંગસૂત્ર છે. તેમાં समवाय ૧,૨,૩,૪....એ રીતે ૧૦૦ સુધી અને તેથી પણ આગળ પ્રકીર્ણ સમવાયો છે. તેમાં છેક ૬૭મા સમવાયમાં પ્રથમ શ્રી ગૌતમસ્વામીનો ઉલ્લેખ જોયો. ત્યાર પછી પાછળ-પાછળના સમવાયો જોતાં કુલ ૪૧ વખત ગૌતમસ્વામીનું નામ જોવા મળેલ છે.

**[૫] भगवइ/विवाह पन्नति** : પાંચમું અંગ આ બંને નામે પ્રસિદ્ધ છે. તેમાં કુલ ૪૧ શતક છે. પ્રાયઃ બધા શતકમાં પ્રશ્નોત્તર રૂપે 'गोयम' શબ્દનું સંબોધન જોવા મળેલ છે. આ આગમમાં એટલી બધી વખત गोयम શબ્દ આવે છે કે સંખ્યાની ગણતરીમાં ક્યાંક ને ક્યાંક ભૂલ થઈ જ હોય તેવી પૂરી સંભાવના રહે છે. છતાં અહીં (૧) શતકક્રમ અને (૨) ગૌતમસ્વામીના નામની સંખ્યા આશરે જણાવી છે.

| શતક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌતમસ્વામી નામ | ૨૯૬ | ૮૭ | ૧૩૧ | ૪ | ૧૪૫ | ૧૩૮ | ૧૫૧ | ૩૨૯ | ૮૧ | ૨૮ | ૬૩ |

| શ. | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૩ | ૨૪ | ૨૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૧૦૫ | ૮૨ | ૮૭ | ૩૮ | ૫૮ | ૫૨ | ૮૩ | ૬૬ | ૮૯ | ૪ | ૧ | ૧૬૨ | ૫૩૭ |

| શ. | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૪૦ | ૪૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૨૯ | ૧ | ૩ | ૫ | ૩૬ | ૬ | ૨ | ૨૫ | ૩૪ | ૧૮ | ૧ | ૨ | ૧૭ |

શતક ૨૨, ૩૭, ૩૮, ૩૯માં ગૌતમસ્વામીજીનું નામ જોવા મળેલ નથી.

[૬] नायाधम्मकहा : આ છઠ્ઠા અંગમાં બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૯ અધ્યયન, બીજા શ્રુતસ્કંધમાં ૧૦ વર્ગ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં અધ્યયન મુજબ ગૌતમસ્વામીના નામની સંખ્યા આ રીતે જોવા મળી છે :

| અ. | ૧ | ૬ | ૧૦ | ૧૧ | ૧૩ | ૧૫ | ૧૬ |
|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૫ | ૧ | ૧ | ૨ | ૭ | ૧ | ૨ |

શ્રુતસ્કંધ બીજાના પ્રથમ અધ્યયનમાં ગૌતમસ્વામીનું નામ નવ વખત આવે છે.

[૭] उवासगदसा : ભગવાન મહાવીરના દશ ઉપાસકોને આધારે આ આગમ ગૂંથાયેલ છે. તેમાંના પ્રથમ અધ્યયનમાં આનંદ શ્રાવક સાથેના પ્રસંગમાં પ્રસંગ રૂપે ગૌતમસ્વામીનું વિસ્તારથી વર્ણન આવે છે. દશે અધ્યયનોમાં ગૌતમસ્વામીનું નામ અને તેની સંખ્યા નીચેના કોષ્ટકમાં દર્શાવી છે.

| અ. | ૧ | ૨ | ૫ | ૬ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૧૮ | ૧ | ૧ | ૧ | ૬ | ૧ | ૧ |

[૮] अंतकृद्दशा : આ આગમમાં અંતકૃત કેવળી બનેલા મહાન આત્માનાં કથાનકો છે. તે આઠ વર્ગમાં વિભાજિત થયેલી છે. કોઈ વર્ગમાં દશ, કોઈ વર્ગમાં ૧૩, એ રીતે અલગ-અલગ અધ્યયનો છે. તેમાં પ્રથમ વર્ગમાં પ્રથમ અધ્યયનમાં ૧૧ વખત અને છઠ્ઠા અધ્યયનમાં ૧ વખત ગૌતમસ્વામીજીનું નામ નજરે ચડેલ છે.

[૯] अनुत्तरोववसाइअदसा : આ અંગમાં અંતે આરાધના કરી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા આરાધક આત્માનાં કથાનકો છે. નવમું અંગ ત્રણ વર્ગોમાં વિભાજિત થયું છે. પ્રથમ વર્ગમાં ૧૦ અધ્યયન, બીજા વર્ગમાં ૧૩ અધ્યયન અને ત્રીજા વર્ગમાં ૧૦ અધ્યયન છે. આ પ્રથમ વર્ગમાં પ્રથમ અધ્યયનમાં ૪ વખત ગૌતમસ્વામીનું નામ જોવા મળેલ છે. ત્રીજા વર્ગમાં પ્રથમ અધ્યયનમાં ૫ વખત ગૌતમસ્વામીનું નામ આવે છે, ૩ વખત गोयम શબ્દથી, ૨ વખત इंदभूइ શબ્દથી.

[૧૦] पण्हावागरणम् : આ આગમમાં अधर्म (आश्रव)ના નામથી પાંચ અધ્યયનો અને ધર્મ (સંવર) નામક પાંચ અધ્યયનો છે. આ દશે અધ્યયનમાં ગૌતમસ્વામીજીનું નામ પ્રાયઃ જોવા મળેલ નથી.

[૧૧] विवागसुय : અગિયારમા અંગમાં પણ બે શ્રુતસ્કંધ છે. પ્રથમ दुःखविपाक, બીજું सुखविपाक. આ બંને શ્રુતસ્કંધમાં પણ ૧૦-૧૦ અધ્યયનો છે. પ્રથમ શ્રુતસ્કંધનાં ૧૦ અધ્યયનોમાં શ્રી ગૌતમસ્વામીજીનું નામ આ રીતે છે –

| અ. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૧૯ | ૭ | ૫ | ૩ | ૪ | ૩ | ૮ | ૩ | ૪ | ૩ |

બીજા સુહવિવાગ શ્રુતસ્કન્ધના પ્રથમ અધ્યયનમાં ૬ વખત ગૌતમસ્વામીજીનું નામ જોવા મળેલ છે.

## ૧૨ ઉપાંગોમાં શ્રી ગૌતમસ્વામીનો નામોલ્લેખ

[૧] उववाइ : આ ઉપાંગસૂત્રમાં અધ્યયનાદિ છે નહીં. પ્રાયઃ સર્વ પ્રકાશનોમાં સૂત્રાંક વિભિન્ન છે, તેથી કયા અધ્યયનમાં કેટલી સંખ્યા છે તેવો ભેદ પાડી શકાતો નથી. સમગ્ર ઉવવાઇ સૂત્રમાં અંદાજે ૩૮ વખત શ્રી ગૌતમસ્વામીનો નામોલ્લેખ જોવા મળેલ છે. આ સૂત્રમાં ભગવાન શ્રી મહાવીરે આપેલ ધર્મદિશનામાં બે પ્રકારની ધર્મપ્રરૂપણા બાદ શ્રી ગૌતમસ્વામીનો ઉલ્લેખ જોવા મળેલ છે.

[૨] रायपसेणिय : આ ઉપાંગમાં પણ અધ્યયનાદિ વિભાગો છે નહીં. સીધા સૂત્રક્રમાંક જ છે, જેને કેટલાક પરિચ્છેદક્રમાંક પણ કહે છે. તેમાં અલગ-અલગ પ્રકાશનોમાં ક્રમવિભિન્નતાને કારણે અહીં સીધી જ સંખ્યા આપેલ છે. માત્ર સમજ પૂરતા વિભાગ દર્શાવીએ તો – (૧) આરંભમાં, પ્રદેશી રાજા 'સૂર્યાભદેવ' તરીકે ઉત્પન્ન થયા તે વર્ણન ચાલે છે. (૨) પછી પ્રદેશી રાજાનું મૂળ કથાનક, સમાધિમરણની વાત ચાલે છે. આવા બે વિભાગ થકી ગૌતમસ્વામીજીનો નામોલ્લેખ કરીએ તો – પ્રથમ વિભાગમાં આશરે ૧૫ વખત, બીજા વિભાગમાં આશરે ૭ વખત, એમ કુલ ૨૨ વખત શ્રી ગૌતમસ્વામીજીનું નામ આવે છે.

[૩] जीवाजीवाभिगम : આ ઉપાંગમાં કુલ નવ પ્રતિપત્તિ છે, જેનો અર્ધમાગધીમાં पडिवई કે पडिवत्ती શબ્દથી ઉલ્લેખ છે. આ નવે પ્રતિપત્તિમાં શ્રી ગૌતમસ્વામીજીના નામોલ્લેખની અંદાજી સંખ્યા આ રીતે છે –

| પ્ર. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૭૨ | ૬૮ | ૪૪૧ | ૧૪ | ૪૧ | ૧ | ૩ | ૧૩૦ |

આઠમી પ્રતિપત્તિમાં પ્રાયઃ ક્યાંય ગૌતમસ્વામીજીનું નામ જોવા મળેલ નથી.

[૪] पन्नवणा : આ ઉપાંગમાં ૩૬ પદ છે. તેથી પ્રત્યેક પદમાં શ્રી ગૌતમસ્વામીજીનો નામોલ્લેખ કઇ રીતે છે તે અહીં દર્શાવેલ છે. શ્રી ભગવતીજી જેમ ઉત્તમ તાત્ત્વિક શાસ્ત્ર મનાય છે તેમ શ્રી પન્નવણા પણ તેવું જ ઉત્તમ તાત્ત્વિક શાસ્ત્ર છે, અર્થાત્ દ્રવ્યાનુયોગથી સભર છે.

| પ. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૨ | ૬૧ | ૯૧ | ૨૯૫ | ૧૫૯ | ૧૦૮ | ૨૯ | ૧૧ | ૨૧ | ૪૯ | ૫૮ | ૨૨ |

| પ. | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૨૪ | ૧૨ | ૧૦૯ | ૧૬ | ૧૪૪ | ૧૨૨ | ૪ | ૫૧ | ૮૮ | ૬૪ | ૧૧૮ | ૧૩ |

| પ. | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૪ | ૮ | ૫ | ૧૦૦ | ૧૮ | ૨૫ | ૪ | ૫ | ૨૯ | ૧૮ | ૨૦ | ૮૧ |

[૫] जंबूद्वीपपन्नत्ति : આ ઉપાંગમાં કુલ ૧૭ वक्खार છે. કેટલાંક वक्खारोમાં શ્રી ગૌતમસ્વામીજીનું નામ આવે છે, તેનો સંખ્યા-ઉલ્લેખ અત્રે કરેલ છે. જૈન-ભૂગોળને લગતું કહી શકાય. તેવું આ આગમ છે. પ્રથમ દ્વીપ એવા જંબૂદ્વીપની સવિસ્તર ચર્ચા અહીં થયેલી છે.

| વ. | ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ગૌ. | ૨૫ | ૪૬ | ૩ | ૧૨૨ | ૨૨ | ૧૮૫ |

અન્ય वक्खारમાં ગૌતમસ્વામીજીનું નામ પ્રાયઃ ક્યાંય જોવા મળેલ નથી.

[૬] सूरपन्नति : આ ઉપાંગમાં કુલ ૨૦ પાહુડ (પ્રાભૃત) છે. દરેક પાહુડમાં પણ पाहुडपाहुड [પ્રાભૃત-પ્રાભૃત] છે. ત્યાર પછી ગદ્ય-પદ્યના સૂત્રક્રમાંકનો છે. અહીં पाहुड-पाहुड સુધીનો વિભાગ સ્વીકારી શ્રી ગૌતમસ્વામીનું નામ ક્યાં-ક્યાં આવે છે તેની સંખ્યા નોંધી છે. જૈન-ખગોળના વિશેષ વર્ણનયુક્ત આ ગ્રંથ છે. पाहुड-૧નું पाहुड-पाहुड-૧ : સામાન્ય પરિચય સાથે ગૌતમસ્વામીનું નામ ૧ વખત આવે છે. पाहुड-૧૦ ના पाहुड-पाहुड-૧૬માં ગૌતમનું નામ સંબોધન રૂપે આવે છે.

[૭] चंदपन्नत्ति : सूरपन्नत्ति અને चंदपन्नत्तिમાં પ્રારંભના અતિ અલ્પ તફાવતને બાદ કરતાં સમગ્ર આગમમાં કોઈ વિશેષ તફાવત નથી. બંને ઉપાંગના મૂળપાઠ અલગ-અલગ મળે છે. બંને ઉપાંગોની પૂ. મલયગિરિજી રચિત વિભિન્ન ટીકા મળે છે. છતાં चंदपन्नत्तिની [૨૦૪૯, મા. વ. ૭] આજ પર્યંત પૂ. મલયગિરિજી રચિત મુદ્રિત ટીકા જોવા મળેલ નથી. મૂળ સૂત્રપાઠ પણ દરેક પ્રકાશકે પ્રકાશિત કરેલ નથી. માત્ર તફાવતની નોંધ જ કરી દીધી છે. તેથી અમને તો અહીં પણ માત્ર બે સ્થાને જ ગૌતમસ્વામીજીનો ઉલ્લેખ મળેલ છે.

[૮] निरयावलिया [कप्पिया] : આ ઉપાંગમાં દશ અધ્યયન છે, જેમાં વિસ્તારથી વર્ણન તો માત્ર પ્રથમ અધ્યયનમાં જ છે. બાકીનાં ૨ થી ૧૦ અધ્યયન અતિ સંક્ષિપ્ત રૂપે આપેલાં છે. આ ઉપાંગમાં પ્રથમ અધ્યયનમાં ૭ વખત ગૌતમસ્વામીનું નામ જોવા મળેલ છે. ખાસ કરીને કાલકુમારની ઉત્પત્તિ, ચેલ્લણાનો દોહદ, કાલકુમારનું મરણ – ત્યાં गोयम શબ્દ જોવા મળેલ છે.

[૯] कप्पवडिंसिया : આ ઉપાંગમાં ૧૦ અધ્યયન છે, જેમાં અધ્યયન ૩ થી ૧૦ તો સામાન્ય ઉલ્લેખવાળા જ છે. પ્રથમ બે અધ્યયન કંઈક વિસ્તારથી છે. પ્રથમ 'पद्म' નામના અધ્યયનમાં છેલ્લે-છેલ્લે ગૌતમસ્વામીજીના નામનો ઉલ્લેખ બે વખત થયો છે.

[૧૦] पुप्फिया : આ ઉપાંગમાં ૧૦ અધ્યયનો છે, જેમાં અધ્યયન ૩-૪ કંઈક વિસ્તારયુક્ત છે. અધ્યયન ૧-૨-૫-૬ ખૂબ નાનાં છે, જ્યારે ૭ થી ૧૦ તો ઉલ્લેખ માત્ર જેવાં જ છે. આ અધ્યયનોમાં ગૌતમસ્વામીજીનું નામ આ રીતે છે –

| અ. | ૧ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ગૌ. | ૫ | ૪ | ૭ | ૪ |

[૧૧] पुप्फचुलिया : આ ઉપાંગમાં પ્રથમ અધ્યયન વિસ્તારથી છે. બાકીનાં ૨ થી ૧૦ અધ્યયનોમાં ઉલ્લેખ નામમાત્ર છે. આ પ્રથમ સિરિ અધ્યયનમાં ત્રણ વખત સંબોધન રૂપે ગોયમ શબ્દનો ઉલ્લેખ છે.

[૧૨] वण्हिदसा : આ ઉપાંગમાં પ્રાયઃ ક્યાંય ગૌતમસ્વામીનો ઉલ્લેખ જોવા મળતો નથી.

## ચાર મૂલસૂત્રોમાં ગૌતમસ્વામીનો નામોલ્લેખ

[૧] आवस्सय : આ મૂલસૂત્રમાં છ અધ્યયન છે. સામાયિક, ચઉવિસત્થઓ વગેરે. આ મૂળ છ અધ્યયનોમાં ક્યાંય ગૌતમસ્વામીનું નામ પ્રાયઃ જોવા મળેલ નથી. જે પ્રકાશનોમાં નિર્યુક્તિ કે ભાષ્યની ગાથા સાથે આવશ્યક સૂત્ર છપાયું છે, તે પ્રકાશનોને અહીં લક્ષમાં લીધાં નથી. શ્રી ભગવતીજીમાં આવતા પચ્ચક્ખાણના ભેદો કે જેનો સમાવેશ આવસ્સય સૂત્રમાં છેલ્લા અધ્યયનમાં થયો છે અને પ્રાયઃ બધાં પ્રકાશનોએ સંગૃહીત કર્યો છે, તેમાં શ્રી ગૌતમસ્વામીજીનું નામ સાત વખત આવે છે.

[૨] उत्तरज्झयणाणि : આ મૂળસૂત્ર ૩૬ અધ્યયનોનું બનેલું છે, જેમાં અધ્યયન ૨ નો પ્રારંભ, અધ્યયન ૧૬ અડધું અને અધ્યયન ૨૯ સંપૂર્ણ ગદ્ય છે. બાકી વિશેષે કરીને આ આગમ પદ્યાત્મક જ છે. પદ્યક્રમાંકન લગભગ બધે સામ્ય ધરાવે છે. ૩૬ અધ્યયનોમાં માત્ર ચાર અધ્યયનોમાં જ ગૌતમસ્વામીજીનું નામ જોવા મળેલ છે.

| અધ્યયન | ૧૦ | ૧૮ | ૨૨ | ૨૩ |
|---|---|---|---|---|
| ગૌ. સ્વા. સંખ્યા | ૩૭ | ૧ | ૧ | ૫૫ |

[૩] दसवेयालिय : ૧૦ અધ્યયનો અને ૨ ચૂલિકાઓથી યુક્ત એવા આ મૂળસૂત્રમાં ગૌતમસ્વામીનું નામ પ્રાયઃ ક્યાંય જોવા મળતું નથી.

[૪] ओहणिज्जुत्ति : ગાથાબદ્ધ એવા આ નિર્યુક્તિ સૂત્રમાં ગૌતમસ્વામીનો નામોલ્લેખ પ્રાયઃ થયો નથી.

## છ છેદસૂત્રોમાં ગૌતમસ્વામીનો નામોલ્લેખ

વર્તમાનકાળે ૧. निसीहसुत्तम (निशीथसूत्र), ૨. दसासुयखंध, ૩. बृहत् कप्पसुयं, ૪. ववहारसुयं, ૫. जीयकप्पसुयं અને ૬. महानिसीह—આ છ છેદસૂત્રો પ્રસિદ્ધ છે. તેમાં પ્રથમ પાંચ છેદસૂત્રોમાં પ્રાયઃ ક્યાંય પણ ગૌતમસ્વામીજીનો નામોલ્લેખ થયો હોય તેવું જણાતું નથી. પણ महानिसीह (महानिशिथ) સૂત્રમાં ગૌતમસ્વામીજીનું નામ જોવા મળેલ છે. આ છેદસૂત્રમાં બે પ્રકાશનો જોવામાં આવ્યાં. ૧. आगमरत्नमंजूषा, ૨. आगमसुधासिन्धु. પ્રથમ પ્રકાશન લાંબા પાના રૂપે છે; બીજું પ્રકાશન હસ્તલિખિત ઝેરોક્ષ જેવું છે. શક્ય તેટલી ચોકસાઈ છતાં અહીં આપેલા અંકોમાં ભૂલો હોવાની પૂર્ણ સંભાવના છે, જે વાત આગમસુધાસિંધુ નજરે જોનારને તુરંત પ્રતીત થશે.

| અધ્યયન | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| ગોયમ શબ્દ સંખ્યા | ૧૬ | ૩૧ | ૧૬ | ૨૧ | ૬૯ | ૩૫ | ૪૧ | ૪૩ |

## નંદી-અનુયોગમાં ગૌતમસ્વામીનો નામોલ્લેખ

[૧] नंदी : લગભગ ૭૦૦ શ્લોક ધરાવતા એવા આ આગમમાં સૂત્રક્રમાંકન જ છે. તેથી દરેક પ્રકાશનમાં અસમાન ક્રમસંખ્યા જોવા મળે છે. આરંભમાં થેરાવલી છે. ત્યાં આવતો ગોયમ શબ્દ ગૌતમસ્વામી માટે વપરાયેલ નથી. સૂત્ર ૨૩માં ગોયમ શબ્દથી ગૌતમસ્વામીજીનું સંબોધન છે. ત્યાં કુલ નવ વખત ગૌતમસ્વામીના નામનો ઉલ્લેખ થયો છે. છેલ્લે-છેલ્લે नाणं पंचविहंવાળા સૂત્રમાં બે વખત ગૌતમસ્વામીનું નામ છે.

[૨] अनुओगदार : આ આગમમાં પણ અધ્યયનાદિ વિભાગ જોવા મળતા નથી, પણ જુદાં-જુદાં સૂત્રોમાં ગણતાં પ્રાયઃ ૪૩ સ્થાને ગૌતમસ્વામીનો ઉલ્લેખ છે.

## ૧૦ પયન્નામાં ગૌતમસ્વામીનો નામોલ્લેખ

પયન્નાની સંખ્યા અને નામ વિષે મતભેદ પ્રવર્તે છે. છતાં જ્યાં ૪૫ આગમની ગણના થાય છે ત્યાં-ત્યાં પયન્નાની સંખ્યા ૧૦ની મુકરર થયેલી જ છે. એ વાત વિષે ક્યાંય સંદિગ્ધતા પ્રવર્તતી નથી. સ્થાનકવાસી, તેરાપંથી આદિ સંપ્રદાયોમાં તો પયન્નાનો સ્વીકાર જ થયો નથી. તેથી તેમનાં મંતવ્યો વિચારવાનાં રહેતાં નથી. આપણે ત્યાં પણ દશ પયન્નામાં કેટલાક 'ગચ્છાચાર પયન્નો' સ્વીકારે છે, કેટલાક 'ચંદા વિજય પયન્નો' સ્વીકારે છે. અહીં તો आगमरत्नमंजूषा કે पयन्ना संग्रह-आगमोदय समितिने લક્ષમાં લઈ નોંધ રજૂ કરેલી છે.

દશ પયન્નાનાં નામો આ રીતે છે—૧. चउसरण, ૨. आउर पच्चक्खाण, ૩.महापच्चक्खाण, ૪.भक्त परिण्णा, ૫.तंदुल वेयालिय, ૬.संथारग, ૭. गच्छाचार, ૮. गणिविज्ञा, ૯. देविंदथय અને ૧૦. मरणसमाहि. આ દશ પયન્નામાં तंदुल वेयालिय અને गच्छाचार એ સિવાયના આઠ પયન્નામાં ગૌતમસ્વામીનું નામ પ્રાયઃ ક્યાંય જણાયું નથી. तंदुल वेयालियમાં ૧૭ વખત અને गच्छाचार पइण्णगમાં ૧૯ વખત શ્રી ગૌતમસ્વામીનો નામોલ્લેખ થયેલો છે.

આ રીતે ૪૫ આગમોમાં ગૌતમસ્વામીનું નામ ક્યાં અને કેટલી વખત આવે છે તેની સામાન્ય ગણતરી કરી પ્રકાશ પાડેલ છે. સંપૂર્ણ ચોકસાઈ માટે તો કોઈ પણ એક પ્રકાશનને સાદ્યંત તપાસી અને તે પ્રકાશન પૂરતી જ અંતિમ અંકગણના કરી શકાય. બીજું, અત્રે મૂળ આગમપાઠ લીધા છે, તે રીતે વૃત્તિ-ચૂર્ણિ-ભાષ્ય-નિર્યુક્તિ પરથી પણ ગણના થઈ શકે. અહીં તો માત્ર શ્રી ગૌતમસ્વામીજી આગમગ્રંથોમાં કઈ રીતે છવાયેલા છે તે બાબતને જ આશ્રીને અવલોકન રજૂ કરેલ છે. આ ગૌતમ ગણધરનું ૪૫ આગમ (મૂલ)માં રહેલું નામનિદર્શન સંશોધકને ઉપયોગી બનશે તેમ જ વૃત્તિ વગેરેમાંથી તારવવામાં મદદરૂપ બનશે.

* * *

કવિ-જન-હૃદયમાં ઊછળતા ભક્તિરસ-તરંગોના અધિષ્ઠાતા

# ગુરુ ગૌતમસ્વામી

*—પ પૂ. આચાર્યશ્રી શીલચંદ્રસૂરિજી મહારાજ*

**પ્રભુ વીરના અનન્ય કૃપાપાત્ર હતા... જેમના અંગૂઠે અમૃતનો ભંડાર ભર્યો હતો... ભગવતીસૂત્ર સાંભળતાં ૩૬ હજાર વાર જેમનું નામ આવતાં પેથડ મંત્રીએ તેટલી જ સોનામહોરોથી પૂજન કર્યું હતું, જે કવિ-જન-હૃદયમાં ઊછળતા ભક્તિરસ-તરંગોના અધિષ્ઠાતા હતા, એવા ભગવાન ગૌતમસ્વામીનું શબ્દચિત્ર સાહિત્યના સથવારે અત્રે આપ્યું છે વિદ્વાન આચાર્યશ્રીએ!**

**કોઈ પણ વિષય પર પૂ. આચાર્યશ્રીની અભિવ્યક્તિ અસરકારક અને મર્મસ્પર્શી રહી છે. પ્રવર્તમાન પ્રશ્નો અને સમસ્યાઓને વિચારવાની, સમજવાની, મૂલવવાની અને સુલઝાવવાની તેમની દૃષ્ટિ વ્યાપક, વેધક અને સચોટ હોય છે.**

**પૂ. શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની જીવનકથા આલેખવાનું મંગળ કાર્ય પૂજ્યશ્રીના હાથે થયું હતું. આ લેખ નિરાંતે વાંચજો અને વધારજો બહુમાન-ભાવ.** *—સંપાદક*

ભારતીય જનસમાજ ઘણા પ્રાચીન કાળથી ભક્તિતત્ત્વને વરેલો છે. ભક્તિ એ જાણે એનો જીવન-ધબકાર છે. ભક્તિ વિનાનું જીવન ભારતીય માનવને મન, મીઠા વગરની દાળ સમું છે.

ભક્તિના આ લાવણ્યમય તત્ત્વની ભેટ ભારતીય માનવને આર્યોની ધર્મસંસ્કૃતિ તરફથી મળી છે, એમ કહી શકાય અને એટલે જ આર્ય સંસ્કૃતિનું મૌલિક સૌંદર્ય ભારતના ભક્તિ-ઉત્સવોમાં મુક્તપણે નીખરતું જોવા મળે છે. એ ભક્તિમાં જ્યારે શ્રદ્ધાનું તત્ત્વ ભળે છે ત્યારે તો એ ભક્તિ સાકરના મિશ્રણવાળા ગાયના શેડકઢા દૂધ જેવી મીઠી લાગે છે. ભક્તિ અને શ્રદ્ધાનું સુભગ મિશ્રણ, માત્ર ભક્તિ કરનારને જ નહીં, પણ એને જોનાર અને માણનારને પણ ઘડીભર ડોલાવી જાય છે.

સામાન્ય રીતે, જેટલો કાળ આર્યસંસ્કૃતિનો તેટલો જ કાળ આ 'ભક્તિ'તત્ત્વનો પણ માનવો જોઈએ. જન-પરિભાષાનો કાલ્પનિક ઉપયોગ કરીએ તો 'ભક્તિ અને સંસ્કૃતિ' આર્ય-માનવના સહભાવી પર્યાયો છે. અલબત્ત, કાળભેદે એ બંનેની માત્રામાં વધઘટ થઈ હોવાનું ઈન્કારી ન શકાય. અહીં બહુ દૂરની વાત નહીં કરીએ; પણ, આજના ઇતિહાસવિદો કહે છે કે જ્યારથી પુષ્ટિમાર્ગ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી એટલે કે છેલ્લાં ૫૦૦ વર્ષમાં, જન-સમાજમાં ભક્તિનું એક જોશીલું મોજું ફરી વળ્યું, અને ઉત્તરોત્તર વધતું જ રહ્યું.

ભારતના વિવિધ સંપ્રદાયો પણ એની અસરથી બાકાત ન રહ્યા, તો કવિની કવિતામાં

પણ આજ સુધી સૌંદર્ય તો હતું જ, હવે તેમાં ભક્તિનો પ્રવેશ થયો. અલબત્ત સવિશેષપણે, જો ભાષા કવિતાનું વાહન હતી, તો કવિતા ભક્તિનું વાહન બની.

ભક્તિ જેમ-જેમ કાઠું કાઢતી ગઈ તેમ-તેમ તેણે નવા-નવા વિષયો પર પોતાની પસંદગી ઉતારવા માંડી. અને એ સાથે જ, સ્થળ, કાળ તેમ જ ભાષાના સીમાડા ઓળંગીને, કવિની કવિતાના માધ્યમે, પ્રાચીન-અર્વાચીન જનમાન્ય અને રાષ્ટ્રમાન્ય મહાપુરુષો તથા ધર્મપુરુષોનાં જીવન-કવનનું શ્રદ્ધાભર્યું ભક્તિગાન સવિશેષ આરંભાયું. એના ફલસ્વરૂપે પ્રેમાનંદ ને શામળ જેવા અનેક ભક્ત આખ્યાનકારોની ભેટ ભારતને મળી.

જ્યારે સમગ્ર ધર્મ-સમાજ ભક્તિના મહિમામાં નહાતો હોય ત્યારે, સમકાલીન 'જૈનસમાજ' તેમાંથી કઈ રીતે નિર્લેપ રહી શકે ? જેની પાસે સાત્ત્વિક ભક્તિનો ઉમદા અને આગવો પરંપરાપ્રાપ્ત વારસો છે તેવા એ સમાજમાં પણ અનેક ભક્તકવિઓ પાક્યા અને બહાર આવ્યા. એમનાં કાવ્યો–જેના વિવિધ પ્રકારો છે–માંની ભક્તિને, શબ્દ અને અર્થના અલંકારો, પ્રસાદ-ઓજ-માધુર્ય વગેરે ગુણો, ઉત્તમ કોટિની ગેયતા, નવરસ ઝરતી બાની, આ બધું તો મળ્યું જ; પણ એ ઉપરાંત બે વાનાં એવાં મળ્યાં કે જે એમનાં કાવ્યોને એ દ્વારા એ કવિઓને જનસાધારણના હૈયામાં ચિરસ્થાયી બનાવવામાં કામયાબ નીવડ્યાં. એ બે વાનાં તે આ : ૧. લોકભાષા, જે સામાન્ય-અભણ માનવી પણ સમજી શકે અને હોંશભેર ગાઈ શકે, ૨. લોકોને પ્રિય એવા પ્રચલિત ઢાળોમાં, પ્રસિદ્ધ તેમ જ પ્રભાવક ધર્મપુરુષોની (ક્યારેક અન્ય ઈતિહાસ-પુરુષોની પણ) અને ધર્મતીર્થોની સ્તુતિ, તેમની જીવનઘટનાઓનું વર્ણન તેમ જ ધર્મોપદેશ.

હા, એ જૈન કવિઓના કાવ્યવિષયો મુખ્યત્વે આ રહેતા. કેમ કે મહદંશે એ કવિઓ જૈન મુનિઓ હતા. કેટલાક ગૃહસ્થ કવિઓ પણ થયા, પણ તેઓ પણ મુખ્યત્વે આ જ વિષયોને વળગી રહ્યા હોય એવું લાગે છે, અને આ વસ્તુ અસ્વાભાવિક કે અનુચિત પણ નથી.

પંદરમા સૈકાથી માંડીને અઢારમા સૈકા સુધીના ગાળામાં કવિ શ્રી લાવણ્યસમય, શ્રી સમયસુંદર, શ્રી જિનહર્ષ, શ્રી ઉદયરત્ન વાચક, વગેરે સાધુ કવિઓ તેમ જ દેપાળ અને ઋષભદાસ વગેરે શ્રાવક કવિઓ થયા, તે બધાનો ગુજરાતી સાહિત્યમાં જેટલો નોંધપાત્ર ફાળો ગણાય છે, તેટલો જ ફાળો જન-હૃદયના ચિરંતન ભક્તિરસને સમૃદ્ધ અને પુષ્ટ બનાવવામાં પણ છે, એ સ્વીકારવું જોઈએ.

ઉપર કહ્યું તેમ, જૈન કવિઓની કવિતાનો એક વિષય–કારણ કે તે જનહૃદયની ભક્તિનો-વિષય હતો–'જૈનધર્મના મહાન પુરુષોનું સ્તવન તેમ જ ચરિત્રચિત્રણ' હતો. આમાં ભગવાન આદિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી વગેરે તીર્થંકરોનો, અન્ય મહાન આચાર્યોનો અને મહાન ધર્મપ્રભાવક ગૃહસ્થોનો જેમ સમાવેશ થયો છે, તે જ રીતે, બલ્કે ક્યારેક તો તેથીયે અદકેરા ભક્તિભાવપુરઃસર, ભગવાન ગૌતમસ્વામીનો પણ સમાવેશ થયો છે.

જૈનસંઘમાં–જૈન જનસમાજમાં, ગૌતમસ્વામીનું સ્થાન અનોખું છે અને એમનું આકર્ષણ પણ અપૂર્વ છે. આનું કારણ એમના પુણ્યબળનો પ્રકર્ષ હોય એમ સમજાય છે. ભગવાન મહાવીરના ગણધર હતા. દરેક તીર્થંકરોના ગણધરોની શક્તિ, લબ્ધિઓ અને જ્ઞાન સમાન હોય છે. માટે તો શાસ્ત્રોમાં ગણધરો માટે 'सव्वक्खर सन्निवाइया' એવું વિશેષણ પ્રયોજાયું છે. આમ છતાં, બીજા કોઈ તીર્થંકરના

કોઈ પણ ગણધર કરતાં વધુ ખ્યાતિ, યશ અને સ્તુતિ-પૂજા, ગૌતમસ્વામીની થતી જોવા મળે છે.

જો કે દરેક તીર્થંકરોના ધર્મશાસનમાં તેમના ગણધરોની ખ્યાતિ અને મહત્તા હોય છે જ, તેથી ભગવાન મહાવીરના ધર્મશાસનમાં તેમના પ્રમુખ ગણધર તરીકે ગૌતમસ્વામીની મહત્તા હોય એ સ્વાભાવિક છે. તો પણ, ભગવાન મહાવીરનું શાસન પ્રવર્તમાન છતાં ભગવાન ઋષભદેવ અને ભગવાન પાર્શ્વનાથનો મહિમા તો આજે જનહૃદયમાં અસાધારણ રૂપમાં સૌથી વધારે છે—જોવા મળે છે, તેવો મહિમા એ બધા તીર્થંકરોના ગણધરોનો અત્યારે જોવા મળતો નથી. વળી, ભગવાન મહાવીરના અગિયાર ગણધર જ્ઞાન, લબ્ધિ વગેરેની દૃષ્ટિએ સમકક્ષ હોવા છતાં અને એમના અંતિમ ગણધર તો સૌથી નાની વયના, દીક્ષા લીધી ત્યારે ફક્ત સોળ જ વર્ષના હોવા છતાં, એ બધામાં સર્વાતિશાયી મહિમા—અલબત્ત, જનહૃદયમાં—ગૌતમસ્વામીનો જ છે. માટે જ તો તેઓ અનંતલબ્ધિનિધાન ગૌતમસ્વામી તરીકે વિખ્યાત છે. એમનો મહિમા જૈનશાસનમાં કેટલો ને કેવો છે !—એ જોવા માટે આપણે જરા વિગતોમાં ઊતરીએ :

૧. જૈન આચાર્યોને આચાર્યપદવીના પ્રતીક-રૂપે અપાતા સૂરિમંત્રનું કેન્દ્રબિંદુ ભગવાન ગૌતમસ્વામી છે.

૨. એથીયે આગળ વધીને ભગવાન મહાવીરના ધર્મશાસને તો જૈનો માટે પરમ ઉપાસ્ય એવા વીશસ્થાનક પદ પૈકી પંદરમા પદ તરીકે ગોયમપદની પ્રતિષ્ઠા કરી છે. વીશસ્થાનકનાં અન્ય ઓગણીસ પદોની જેમ જ આ ગોયમપદની વિશુદ્ધ આરાધના કરનાર આત્મા માટે તીર્થંકર બનવાની પૂરી શક્યતાઓ છે. આ વાત વિચારીએ તો ગૌતમ ગણધરની મહામહિમતા સમજાયા વિના ન રહે.

ભગવાન તીર્થંકર તો રાગદ્વેષથી સર્વથા મુક્ત હોય છે, એટલે મહાવીર પ્રભુ તો ગૌતમ ગણધર પ્રત્યે પણ વીતરાગ જ હતા, છતાં એમના ચરિત્રનું અવલોકન કરીએ તો ગૌતમ ગણધર, ભગવાનના અનન્ય કૃપાપાત્ર હતા એવી છાપ આપણા મનમાં ઊપસ્યા વિના ન જ રહે. જૈન આગમોમાં પણ અગણિત સ્થળોએ ભગવાન મહાવીરના મુખે ઉચ્ચારાતો 'ગોયમ' શબ્દ જોવા મળે છે. અરે ! માંડવગઢના જૈન મંત્રી પેથડશાહે તો, પોતાના ગુરુ આચાર્ય શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજે જ્યારે વ્યાખ્યાનમાં શ્રી ભગવતીસૂત્ર વાંચવું શરૂ કર્યું, ત્યારે તેમાં જ્યારે-જ્યારે 'ગોયમ'! પદ આવે ત્યારે-ત્યારે એક સોનામહોર મૂકીને પૂજા કરી. એ રીતે સમગ્ર ભગવતી સૂત્રમાં ૩૬૦૦૦ (છત્રીસ હજાર) વાર એ પદ આવતાં તેમણે તેટલી વાર એક-એક (કુલ ૩૬૦૦૦) સોનામહોર વડે પૂજા કરી.

૪. વળી, પોતાના ગુરુ ભગવાન મહાવીરદેવ પ્રત્યેનો તેમનો અવિહડ અને અનુત્તર અનુરાગ દાખલારૂપ મનાય છે. આજે પણ કોઈ અનન્ય ગુરુભક્ત શિષ્યને જોઈને લોકો કહે છે કે 'આમને જોઈને ગૌતમસ્વામી યાદ આવે છે'.

૫. આ બધું છતાં, જનહૃદયમાં તો એમની પ્રતિષ્ઠા 'ગુરુ ગૌતમ' તરીકે જ છે. વસ્તુતઃ 'ગુરુ ગૌતમ' એ ગુરુપદનું પ્રતીક છે; એવું પ્રતીક, જે 'ગુરુ'પદના ગરવા રૂપનાં નવલાં દર્શન કરાવે.

ગૌતમ ગણધરનો મહિમા સમજવા માટે આટલી વિગતો પૂરતી છે અને એમના પરમ સૌભાગ્યની સૂચક છે.

જનહૃદયમાં આવું અસાધારણ સ્થાન-માન પામનાર આવા મહિમાવંતા ધર્મપુરુષને પોતાની કવિતાનો વિષય બનાવવાનું કવિઓ કેમ ભૂલે ભલા ? આજે ૨૫૦૦-૨૫૦૦ વર્ષોથી કવિઓ એમની સ્તવના અને વર્ણના કરતા રહ્યા છે અને છતાં એમની કવિતા થાકી-કંટાળી નથી, કવિહૃદયમાં જાગેલી ને જામેલી ગૌતમભક્તિમાં ઓટ નથી આવી; એમાં તો ઉત્તરોત્તર ભરતી જ ચાલુ રહી છે.

અને કવિહૃદય જો ન થાકે તો જનહૃદયનો ઉલ્લાસ તો શેં કરમાય ? એક-એક જૈન બાળકને પણ કંઠે રમતો—

**"અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,**
**તે ગુરુ ગોયમ સમરીએ, વાંછિત ફળ દાતાર."**

—આ દોહરો, જનહૃદયમાં પડેલા ગુરુ ગૌતમના અવિચળ સ્થાનની ગવાહી પૂરે છે.

અરે, એક કવિએ તો ગુરુ ગૌતમને પરમાત્માના વજીરપદે સ્થાપી દીધા છે. એ કહે છે :

**"વીર વજીર વડો અણગાર,**
**ચૌદ સહસ મુનિ શિરદાર;**
**જપતાં નામ હોય જયકાર,**
**જયો જયો ગૌતમ ગણધાર..."**

અને વાત પણ સાચી છે. ભગવાન મહાવીર જો જૈનશાસનના સુલતાન હોય તો ગુરુ ગૌતમને એમનું વજીરપદ જ અરઘે.

પ્રાચીન આચાર્યોએ ગુરુ ગૌતમને સંસ્કૃત ને પ્રાકૃત ભાષાઓમાં સ્તુતિ-સ્તોત્રાદિ દ્વારા, તો અર્વાચીન કવિઓએ અપભ્રંશથી માંડીને ઉત્તરોત્તર વિકાસ પામનારી ગુજરાતી-હિંદી વગેરે ભાષાઓમાં સ્તુતિ, સ્તવન, સ્તોત્ર, સજ્ઝાય (સ્વાધ્યાય), ગહુંલી, રાસ, સંધિ વગેરે અનેક સ્વરૂપની કવિતાઓ દ્વારા સ્તવ્યા છે, ને આજે પણ તેઓ સ્તવી રહ્યા છે.

આજે આપણે જેને બિહાર પ્રાંત તરીકે ઓળખીએ છીએ, તે એ જમાનામાં મગધ દેશ કહેવાતો હતો. એ મગધ દેશના ગોબર નામે એક નાનકડા ગામમાં આજથી ૨૫૮૩ વર્ષ પહેલાં અને ભગવાન મહાવીરના જન્મ કરતાં આઠ વર્ષ પહેલાં, ગુરુ ગૌતમનો જન્મ થયો હતો. પિતાનું નામ વસુભૂતિ, માતાનું નામ પૃથ્વી, ગૌતમ એમનું ગોત્ર. એમનું મૂળ નામ ઇન્દ્રભૂતિ. ઉંમરલાયક થતાં તેઓ વૈદિક ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરીને મેધાવી વિદ્વાન તરીકે નામના કાઢે છે. દેશ-દેશાવરના વાદીઓને શાસ્ત્રાર્થમાં જીતી લઈને અજેય વાદી બને છે.

આખાયે મગધ દેશમાં એ અદ્વિતીય વૈદિક આચાર્ય ગણાય છે. પોતાનાં યજ્ઞયાગાદિ કર્મોમાં એમનું સાંનિધ્ય મેળવવા બ્રાહ્મણોમાં પડાપડી થાય છે. પોતાની પચાસ વર્ષની ઉંમરે તેઓ અપાપાપુરી (પાવાપુરી)માં થઈ રહેલા એક મહાયજ્ઞમાં વરિષ્ઠ આચાર્ય તરીકે ભાગ લઈ રહ્યા છે, સાથે તેમના બે નાના ભાઈઓ અગ્નિભૂતિ અને વાયુભૂતિ ઉપરાંત અન્ય આઠ દિગ્ગજ પંડિતો પણ છે. એ યજ્ઞ ચાલુ છે તે જ વખતે ભગવાન મહાવીર સર્વજ્ઞ બનીને તે નગરીમાં પધારે છે. એમને સર્વજ્ઞ કહેવાતા જાણીને ઇન્દ્રભૂતિનું અભિમાન ઘવાય છે, ને તેઓ શાસ્ત્રાર્થ માટે ભગવાન પાસે પહોંચે છે. ત્યાં ભગવાન એમને પ્રતિબોધીને પોતાના પ્રથમ પટ્ટશિષ્ય-ગણધર તરીકે સ્થાપે

છે. આ પછી ત્રીસ વર્ષ સુધી તેઓ અખંડ પ્રભુસેવા કરે છે. એમનો પ્રભુ પ્રતિનો અજોડ અનુરાગ, એમને કેવળજ્ઞાન મેળવવામાં અવરોધક બને છે. આથી એમને વારંવાર અફસોસ થાય છે કે બધાને કેવળજ્ઞાન મળે ને મને જ નહીં! પણ ભગવાન એમને ખાતરી આપે છે કે ગૌતમ! તને ય કેવળજ્ઞાન મળશે જ. અને ભગવાનના નિર્વાણ પછી તરત જ એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. બાર વર્ષ કેવળજ્ઞાની તરીકે વિચરીને કુલ ૯૨ વર્ષનું આયુષ્ય પરિપૂર્ણ કરીને તેઓ નિર્વાણપદના અધિકારી બને છે.

* * *

**પ. પૂ. આ શ્રી. મેરુપ્રભસૂરિજી મ. સા.ની પ્રેરક નિશ્રામાં**
**શ્રી ગૌતમસ્વામીની મૂર્તિપ્રતિષ્ઠાઓ આ પ્રમાણે સુસંપન્ન થઈ.**

**શ્રી આદીશ્વરજી દેરાસર, પાયધુની–મુંબઈ [સં. ૨૦૩૨] ઓઢવ–અમદાવાદ [સં ૨૦૪૨]**
**શ્રી સોસાયટી-પ્રતાપનગર વડોદરા [સં. ૨૦૪૫]**
**મોતીશા શેઠ દેરાસર–ભાયખલા, મુંબઈ [૨૦૪૭] શાસ્ત્રીનગર–ભાવનગર [સં. ૨૦૩૭]**
**આ ઉપરાંત દાદાસાહેબ, ભાવનગર; કૃષ્ણનગર–ભાવનગર અને સિહોર આદિ૦**

**શ્રી અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ગુરુમંદિર સાંગલી (મહારાષ્ટ્ર)**

**પ્રતિષ્ઠા :**

**વીર સંવત ૨૫૫૧, વિક્રમસંવત ૨૦૫૧**
**જેઠ સુદ ૧૨, શનિવાર તારીખ ૧૦-૬-૧૯૯૫**

**પ્રતિષ્ઠાપક :**

**સ્વ. પ. પૂ. ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ આચાર્યભગવન્ત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન સ્વ. પ. પૂ. સહજાનંદી આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ધર્મજિતસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ. પૂ. સૂરિમંત્રની પાંચ વાર આરાધના કરનારા આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મહારાજા.**

# 'ગણધર' શબ્દના અર્થો તથા ગણધર પરંપરા : ઉદ્ભવ અને વિકાસ

—પ્રો. કવિનં શાહ

**૨૪ તીર્થંકરોના ગણધરો પૈકી આદિનાથ પ્રભુના પુંડરીકસ્વામીજીનું મહિમાગાન સ્તવન ચૈત્યવંદન રૂપે અત્રે આપેલું છે. શત્રુંજય માહાત્મ્યના આધારે ૧૪૪૪ ગણધરોનાં પગલાં સાથે શાંતિનાથ અને પ્રભુ વીરના ગણધર ગૌતમસ્વામીજીના જીવન પર પ્રકાશ પાડતી માહિતી અલ્પાંશે અત્રે પ્રસ્તુત છે.**

**પ્રો. કવિનભાઈ શાહનું જૈન સંદર્ભ સાહિત્યમાં આગવું પ્રદાન રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં શ્રીસંઘોએ તેમનું પ્રસંગોપાત્ત જાહેર સન્માન કર્યું છે. આ ગ્રંથયોજનામાં પણ તેમનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે.** —સંપાદક

"ગણધર એટલે અનુત્તર જ્ઞાનદર્શનાદિ—ધર્મ गणं धारयति इति गणधरः" અનુત્તર જ્ઞાન, દર્શન આદિ ધર્મ ગણને ધારણ કરે તે ગણધર કહેવાય છે. પ્રથમ દૃષ્ટિએ ઉપરોક્ત અર્થ વ્યુત્પત્તિથી નિષ્પન્ન થાય છે પણ ગણધર શબ્દ એ રહસ્યમય અર્થવાચક છે. ભગવાનના મુખેથી માત્ર ત્રિપદી સાંભળીને અંતરમુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરવી એ જ એમના અનંત જ્ઞાન-દર્શનનું દ્યોતક બનીને ગણધર નામની સાર્થકતા સિદ્ધ કરે છે.

ભગવાન ચારિત્ર અંગીકાર કરીને જ્ઞાન-ધ્યાન અને તપથી કર્મ ખપાવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. આવું પરમોત્કૃષ્ટ જ્ઞાન પ્રાપ્ત થયા પછી ઈન્દ્ર મહારાજા અન્ય દેવોની સહાયથી સમવસરણની રચના કરે છે જેમાં બેસીને ભગવાન ઉપદેશ—દેશના આપે છે. ભગવાનની દેશના સાંભળીને પ્રતિબોધ પામેલા ભવ્યાત્માઓ ચારિત્ર અંગીકાર કરે છે. તેમાં અગ્રેસર મુનિઓ કે જેઓએ ગણધરપદ પ્રાપ્ત કર્યું છે તેઓ ત્રિપદીના શ્રવણ બાદ દ્વાદશાંગીની રચના કરે છે. પ્રત્યેક તીર્થંકરના સમયમાં આ ક્રમ હોય છે. ગણધરપદે સ્થાપના કરતી વખતે પ્રભુ સુગંધી ચૂર્ણમિશ્રિત વાસક્ષેપ ગણધરોના મસ્તક પર નાખે છે. ઈન્દ્ર પણ આ પ્રસંગે ચૂર્ણવૃષ્ટિ કરે છે. આ પ્રસંગનું વર્ણન શબ્દોમાં શું કરવું ? પુણ્યાત્માઓ ભગવાનના શાસનના સુકાની બનીને રત્નત્રયીની લ્હાણ કરીને મોક્ષપ્રાપ્તિ માટેનો રાજમાર્ગ બતાવે છે.

ભગવાનના ગણધરોની સંખ્યા નિશ્ચિત નથી. ઋષભદેવ ભગવાનના ૮૪ ગણધર છે, જ્યારે મહાવીરસ્વામીના ૧૧ છે. ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રમાં ૨૪ ભગવાનના ચરિત્રની વિગતો છે તેમાં ૨૩-૨૪ ભગવાન સિવાય અન્ય ગણધરોની સંખ્યાનો ઉલ્લેખ મુખ્ય ગણધરના નામથી છે, પણ બાકીના ગણધર-નામનો ઉલ્લેખ નથી.

"अत्थं भासइ अरहा, सुत्तं गथंति गणहरा निउणा ।
सासणस्स हियट्ठाए, तओ सुतं पवत्तइ ॥"

શ્લોકાર્થ : અરિહંતો અર્થ (માત્ર) કહે છે, નહીં કે દ્વાદશાંગી રૂપ શ્રુત, ગણધરો સૂત્ર દ્વાદશાંગરૂપ નિપુણ એટલે સૂક્ષ્માર્થ પ્રરૂપક. આ શ્લોક દ્વારા, ગણધરો દ્વાદશાંગીની રચના કરે છે તેનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

શ્રી તીર્થંકર દેવો પૂર્વના ત્રીજા ભવે વીશસ્થાનક તપની આરાધના દ્વારા અને "સવિ જીવ કરું શાસનરસી"—આવી ઉત્કટ ભાવના દ્વારા નામકર્મની નિકાચના કરે છે.

તીર્થંકર નામકર્મ જો કે પૂર્વના ત્રીજા ભવ પહેલાં પણ ઘણાને બંધાય છે, છતાં તે બાંધેલું નામકર્મ શ્રી કમલપ્રભ નામના આચાર્યની જેમ તૂટી પણ જાય છે. પણ પૂર્વના ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચિત બંધાય છે, તેના પરિપાક રૂપે શાસનના હિતાર્થે સર્વ જીવોની કલ્યાણની કામનાએ શાસનની—તીર્થની સ્થાપના કરે છે. શ્રી તીર્થંકર દેવો અર્થથી પ્રરૂપણા કરે છે, તેને શ્રવણ કરીને ગણધર ભગવંતો પોતાની ભાષામાં ગૂંથે છે, તેને સૂત્ર કહેવામાં આવે છે.

પ્રત્યેક તીર્થંકરના પ્રત્યેક ગણધર અંતર્મુહૂર્તમાં ત્રિપદી શ્રવણ કરી દ્વાદશાંગીની રચના કરે છે. જે તીર્થંકરના જેટલા ગણધરો હોય છે, તેટલી દ્વાદશાંગી રચાય છે.

શ્રી ઋષભદેવ ભગવાનના ૮૪ ગણધરો હતા, તો તેમની ૮૪ દ્વાદશાંગી હતી. ભગવાન મહાવીર દેવના અગિયાર ગણધરો હતા, તેથી અગિયાર દ્વાદશાંગી હતી. સૌની ભાષા-ગૂંથણી જુદા-જુદા શબ્દોમાં હોય છે, પણ અર્થથી તો એકસરખી હોય છે, તેમાં લેશમાત્ર જુદાઈ કે ભિન્નતા નથી હોતી. પણ મહાવીરસ્વામીના શ્રી અચલ અને શ્રી અંકપિત તથા શ્રી મેતાર્ય અને શ્રી પ્રભાસ—આ બબ્બે ગણધરોની રચના શબ્દથી પણ ભિન્ન ન હતી, એ એક વિશેષતા છે.

ગણધર ભગવંતો પૂર્વે ગણધર નામકર્મ ઉપાર્જીને આવેલા હોય છે, જેથી એમાં એવી ઉત્તમ યોગ્યતા પ્રાપ્ત થાય છે કે પ્રભુનો હસ્ત તેમના મસ્તક પર પડતાં, જેમ ચાવી દ્વારા તાળું ઊઘડે તેમ અંતર્મુહૂર્તમાં તેઓ દ્વાદશાંગીની રચના કરી શકે છે.

શ્રી બાલચંદ્રસૂરિએ સ્નાતસ્યા સ્તુતિની રચના કરી છે. તેની ત્રીજી ગાથામાં શ્રુતજ્ઞાનની સ્તુતિ કરવામાં આવી છે, તેમાં ગણધર પરંપરાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

"અર્હત્‌ના મુખમાંથી નીકળેલ, ગણધર-રચિત, દ્વાદશ અંગરૂપ, વિશાલ, ચિત્ર, બહુ-અર્થથી યુક્ત, બુદ્ધિવાળા મુનિગણોએ ધારણ કરેલ, મોક્ષના મુખ્ય દ્વાર-સમું, વ્રત અને ચારિત્રના ફળવાળું, જ્ઞેય ભાવોને (પ્રદર્શિત કરવામાં) પ્રદીપ સમાન, સર્વ લોકમાં અદ્વિતીય એવા અખિલ શ્રુતને હું ભક્તિથી નિત્ય સ્વીકારું (આશ્રય લઉં) છું." [પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકા, ભાગ ત્રીજો, પા. નં. ૧૭૧]

ભગવાનના મુખેથી વાણી સાંભળીને ગણધરો શ્રુતજ્ઞાનની રચના કરે છે. આ જ્ઞાનની વિશેષતા ઉપરોક્ત ગાથામાં દર્શાવી છે. તેમાં બીજ સ્વરૂપે ગણધર ભગવંત છે એમ સમજી શકાય છે.

આમ ગણધરની પ્રણાલિકાની વિગતો જૈન શાસનમાંથી ઉપલબ્ધ થાય છે. જ્ઞાનમાર્ગની ચૈતન્યદૃષ્ટિવાળી પ્રરૂપણાના પ્રસ્થાપક ગણધરોનો મહિમા કળિકાળમાં ભવ્ય જીવોને માટે મોક્ષમાર્ગની યાત્રામાં 'ગુરુ સમાન' પથપ્રદર્શક બની રહે છે.

વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોના ગણધરની કુલ સંખ્યા ૧૪૫૨ છે. મુનિ વૃદ્ધિવિજયજી અને પંડિત વીરવિજયે ૧૪૫૨ ગણધરના ચૈત્યવંદનની રચના કરી છે. તેમાં દરેક ભગવાનના ગણધરની સંખ્યા દર્શાવી છે. મુનિ વૃદ્ધિવિજયજીનું ચૈત્યવંદન નીચે પ્રમાણે છે :

## શ્રી ચૌદસે બાવન ગણધરનું ચૈત્યવંદન

**સરસ્વતી આવે સરસ વચન, શ્રી જિન ધુણતા હરખે મન,**
**જિન ચોવીસે ગણધર જેહ, પભણું સંખ્યા સુણો તેહ. (૧)**

**ઋષભ ચોરાસી ગણધર દેવ, અજિત પંચાણું કરો નિત્ય સેવ,**
**શ્રી સંભવ એકસો વળી દોય, અભિનંદન એકસો સોળ હોય. (૨)**

**એકસો સુમતિ શિવપુર વાસ, પદ્મપ્રભ એકસો સાત ખાસ,**
**સ્વામી સુપાર્શ્વ પંચાણું જાણ, ચંદ્રપ્રભ ત્રાણું ચિત્તે આણ. (૩)**

**અઠ્યાસી સુવિધિ પુષ્પદંત, એકાસી શીતલ ગુણવંત,**
**શ્રેયાંસ જિનવર છોંતેર સુણો, વાસુપૂજ્ય છાંસઠ ભવિ ગણો. (૪)**

**વિમલનાથ સત્તાવન સુણો, અનંતનાથ પચાસ ગુણો,**
**તેતાલીસ ગણધર ધર્મનિધાન, શાંતિનાથ છત્રીસ પ્રધાન. (૫)**

**કુંથુ જિનેશ્વર કહું પાંત્રીસ, અરજિન આરાધો તેંત્રીસ,**
**મલ્લી અઠ્ઠાવીસ આનંદ અંગ, મુનિ સુવ્રત અષ્ટાદશ ચંગ. (૬)**

**નમિનાથ સત્તર સંભાળ, એકાદશ નમો નેમિ દયાળ,**
**દશ ગણધર શ્રી પાર્શ્વકુમાર, વર્ધમાન એકાદશ ધાર. (૭)**

**સર્વ મળી સંખ્યાએ સાર, ચૌદસો બાવન ગણધાર,**
**પુંડરીક ને ગૌતમ પ્રમુખ, જસ નામે લહીએ બહુ સુખ. (૮)**

**પ્રહ ઊઠી જપતાં જયજયકાર, ઋદ્ધિ વૃદ્ધિ વાંછિત દાતાર,**
**રત્નવિજય સત્યવિજય બુધરાય, તસ સેવક વૃદ્ધિવિજય ગુણ ગાય. (૯)**

*[જિનગુણમંજરી, પા. ૧૨૩]*

## ૨૪ ભગવાનના મુખ્ય ગણધરની નામાવલી

| ક્રમ | નામ | સંખ્યા | ક્રમ | નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | પુંડરીક | ૮૪ | ૬ | પ્રદ્યોતન | ૧૦૭ |
| ૨ | સિંહસેન | ૯૫ | ૭ | વિદર્ભ | ૯૫ |
| ૩ | ચારુ | ૧૦૨ | ૮ | દિન્ન | ૯૩ |
| ૪ | વજ્રનાભ | ૧૧૬ | ૯ | વરાહક | ૮૮ |
| ૫ | ચરમ | ૧૦૦ | ૧૦ | નંદ | ૮૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | કચ્છપ | ૭૬ | ૧૮ | કુંભ | ૩૩ |
| ૧૨ | સુભૂમ | ૬૬ | ૧૯ | અભિક્ષક | ૨૮ |
| ૧૩ | મંદર | ૫૭ | ૨૦ | મલ્લી | ૧૮ |
| ૧૪ | જસ | ૫૦ | ૨૧ | શુભ | ૧૭ |
| ૧૫ | અરિષ્ટ | ૪૩ | ૨૨ | વરદત્ત | ૧૧ |
| ૧૬ | ચક્રાયુધ | ૩૬ | ૨૩ | આર્યદિન્ન | ૧૦ |
| ૧૭ | શાંબ | ૩૫ | ૨૪ | ઈન્દ્રભૂતિ | ૧૧ |

## ૨૪ ભગવાનના ગણધરો

ભગવાનને કેવળજ્ઞાન થયા પછી સમવસરણની રચના થાય. પ્રભુ પોતાની દિવ્ય વાણી પર્ષદામાં સંભળાવે. ભગવાનની વાણીથી પ્રતિબોધ પામીને ભવ્યાત્માઓ ચારિત્ર અંગીકાર કરે. ભગવાન ચતુર્વિધ સંઘની સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની સ્થાપના કરે છે. આ પ્રણાલિકા પ્રત્યેક તીર્થંકરના સમયમાં હોય છે. વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના ચરિત્રમાંથી આ સંદર્ભ પ્રાપ્ત થાય છે.

ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ગ્રંથને આધારે ગણધરોની શાસ્ત્રીય પરંપરાનો સંદર્ભ ઋષભદેવ, શાંતિનાથ, પાર્શ્વનાથ, અને મહાવીરસ્વામી – એ ૪ ભગવાનનો આપ્યો છે. બાકીના ભગવાનની આ જ પરંપરા હોવાથી ઉલ્લેખ કર્યો નથી. નમૂના રૂપે આ વિગતો ગણધરોની મહત્તા દર્શાવતી હોવાથી અહીં નોંધ રૂપે રજૂ કરી છે.

**પુંડરીકસ્વામી** : વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનના પુત્ર ભરત અને તેનો પુત્ર ઋષભસેન હતો. આ ઋષભસેન એ જ પુંડરીક નામથી વિખ્યાત છે. ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી સમોવસરણમાં બેસીને દેશના આપતા હતા ત્યારે ઋષભસેન પ્રતિબોધ પામ્યો અને પ્રભુ પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને દર્શન, જ્ઞાન અને ચારિત્રની ત્રિકરણ શુદ્ધે આરાધના શરૂ કરી. પુંડરીકસ્વામી એ પ્રભુ સાથે વિચરવા લાગ્યા. એક વાર પ્રભુ સાથે તેઓ શ્રી સિદ્ધાચલ તીર્થ પર રાયણ વૃક્ષ પાસે પધાર્યા. ઈન્દ્રો અને દેવો એમની વંદનાર્થે પધાર્યા. પ્રભુ આ પ્રસંગે સિદ્ધાચલ તીર્થનો મહિમા વર્ણવતા હતા અને તે વખતે પુંડરીકસ્વામી મોક્ષે જશે એ હકીકત પણ જણાવી. આ તીર્થ શાશ્વત છે એનો મહિમા સાંભળીને આરાધના કરી મોક્ષ-સુખ મેળવવું એ જ ઈષ્ટ છે, વળી આ તીર્થ પુંડરીકગિરિ એવા નામથી પણ પ્રસિદ્ધિ પામશે. આદિનાથ ભગવાનની આ દિવ્ય વાણી ભવ્ય જીવોને હૃદયસ્પર્શી બની ગઈ. ચૈત્રી પૂર્ણિમાને દિવસે પુંડરીકસ્વામી પાંચ કરોડ મુનીશ્વરોના પરિવાર સાથે મોક્ષે સિધાવ્યા, ત્યારથી આ તીર્થનું નામ પુંડરીકગિરિ પડ્યું છે. શત્રુંજય તીર્થ ભગવાનના પ્રથમ ગણધર પુંડરીક ઉપરથી પુંડરીકગિરિ નામે આજે પણ પ્રચલિત છે. એમની ભાવપૂર્વક પૂજાભક્તિ શત્રુંજય ગિરિરાજ પર કરવામાં આવે છે. ચૈત્રી પૂર્ણિમાનો મહિમા અપરંપાર છે. આ તીર્થ પર રાયણનાં પગલાંની

બાજુમાં ગણધર પગલાં છે. પુંડરીકસ્વામીનો મહિમા વર્ણવતી નમૂનારૂપ ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિની એક રચના નીચે આપવામાં આવી છે.

### શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત,
પ્રગટ નામ પુંડરીક જાસ, મહિમાંહે મહંત. (૧)

પંચ ક્રોડ સાથે મુણીંદ, અણસણ તિહાં કીધ,
શુક્લ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ. (૨)

ચૈત્રી પૂનમને દિને, પામ્યા પદ મહાનંદ,
તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ. (૩)

### સ્તવન

એક દિન પુંડરીક ગણધર રે લાલ, પૂછે શ્રી આદિજિણંદ સુખકારી રે,
કહીએ તે ભવજલ ઊતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવવારી રે...એક. (૧)

કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિરવાણ જયકારી રે,
તીરથ મહિમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિરધારી રે...એક (૨)

ઇમની સુણીને તિહાં આવિયા રે લાલ, ઘાતી કરમ કર્યા ક્યાં દૂર તમ વારી રે,
પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ, હુઆ સિદ્ધિ હજુર ભવ વારી રે...એક. (૩)

ચૈત્રી પૂનમ દિન કીજિએ રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે,
ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ, લોગસ્સ થુઇ નમુક્કાર નરનારી રે...એક. (૪)

દશ વીસ ત્રીસ ચાલીશ ભલાં રે લાલ, પચાસ પુષ્પની માલ અતિ સારી રે,
નરભવ લાહો લીજિએ રે લાલ, જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારી રે...એક. (૫)

### થોય

પુંડરીક મંડન પાય પ્રણમી જે, આદીશ્વર જિનચંદાજી,
નેમ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢિયા આનંદાજી,
આગમમાંહે પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન દિનંદાજી,
ચૈત્રી પૂનમદિન દેવી ચક્રેશ્વરી, સૌભાગ્ય દો સુખકંદાજી... (૧)

શ્રી ઋષભદેવ ભગવાનના ગણધરો વિષે આદિનાથ પ્રભુ ચરિત્રમાં નીચે પ્રમાણેની નોંધ પ્રાપ્ત થાય છે :

આદિનાથ ભગવાનના ગણધરોનો સંદર્ભ ભરતપુત્ર પુંડરીકે કરેલ પ્રભુપ્રાર્થના : "આધિ અને વ્યાધિસ્વરૂપ તણખાઓના સમૂહવાળા, શોકરૂપી ધૂમરાશિવાળા, સાત ભયરૂપી ભયંકર અને વિશાળ જ્વાળાવાળા અને ચાર ગતિરૂપી ચારે દિશાઓના મૂળ ભાગ સુધી વિસ્તરેલા આ સંસારરૂપી વિશાળ દાવાનળથી દગ્ધ થયેલાં પ્રાણીઓના રક્ષણને માટે કરુણાસમુદ્ર સરખા આપે સંસારના સારભૂત તત્ત્વરૂપી અમૃતની વૃષ્ટિ કરી છે. હે સ્વામિન્ ! કલ્યાણરૂપી કમળોને

વિકસિત કરવામાં સૂર્યકિરણ સમાન તેમ જ મોહરૂપી અંધકારસમૂહને ઉચ્છેદવામાં ચતુર એવી પ્રવ્રજ્યા મને આપો." આ પ્રમાણે કહીને શ્રી ઋષભસેને–અપરનામ પુંડરીકે ઉગ્ર વૈરાગ્યવાળા ભરત મહારાજાના બીજા ચારસો નવાણું પુત્રો અને સાતસો પૌત્રીની સાથે, શમરસને પ્રસરાવનારી તેમ જ શિવસુખરૂપી વૃક્ષને પ્રગટાવવામાં ભૂમિ સમાન એવી ભાગવતી દીક્ષા સ્વીકારી. ભરતપુત્ર મરીચિએ પરમાત્માને ઇન્દ્રોથી સેવાતા જોઇ હર્ષપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. વળી સંસારવાસજન્ય દુઃખથી વિરક્ત બનેલ બ્રાહ્મીએ પણ ભરત મહારાજાની આજ્ઞા લઇને સંયમ સ્વીકાર્યું. અંધારા કૂવામાં પડેલ કયો વિચક્ષણ પ્રાણી મળેલ અવલંબનને ગ્રહણ કરવામાં વિલંબ કરે ? વળી બાહુબલીએ રજા આપેલ તેમ જ વ્રત ગ્રહણ કરવાની ઇચ્છાવાળી સુંદરી ભરત મહારાજાએ નિષેધ કરવાથી પરમાત્મા પાસે બાર વ્રત ગ્રહણ કરીને પ્રથમ શ્રાવિકા બની. ભરત મહારાજા પણ પ્રભુ પાસે શ્રાવકપણું સ્વીકારીને કલ્યાણના ભાજન બન્યા. ખરેખર ! સ્પર્શ કરાયેલ ચંદ્રિકા શરીરને વિષે અમૃતનું સિંચન કરે જ. સદ્ધર્મરૂપી કલ્પવૃક્ષ સરખા જિનચંદ્ર (શ્રી ઋષભદેવ) દ્વારા કેટલાએક તિર્યંચો, દેવો અને મનુષ્યોએ સમકિત પ્રાપ્ત કર્યું અને કેટલાએક મનુષ્યોએ શ્રાવકધર્મ તેમ જ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. વળી કચ્છ-મહાકચ્છ સિવાયના જે ક્ષત્રિય તાપસો હતા તે સર્વેએ પરમાત્માની પાસે આવીને પુનઃ દીક્ષા લીધી. શ્રી પુંડરીક પ્રમુખ સાધુઓ, બ્રાહ્મી વગેરે સાધ્વીઓ, ભરત વગેરે શ્રાવકો અને સુંદરી વગેરે શ્રાવિકાઓ—આ પ્રમાણે પરમાત્માએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તેનું, જેમ સમુદ્ર મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, તેમ હજુ સુધી કોઇ પણ ઉલ્લંઘન કરતું નથી. તે સમયે ગણધર નામકર્મના ઉદયવાળા પુંડરિક વગેરે ચોરાસી બુદ્ધિમાન સાધુઓને પરમાત્માએ સમગ્ર શ્રુતના બીજરૂપ उत्पादव्यय અને ધ્રૌવ્ય રૂપી ત્રિપદી ઉપદેશી એટલે પુંડરીકસ્વામી વગેરે ગણધરોએ તે ત્રિપદીને અનુસારે દ્વાદશાંગીની રચના કરી. તેવામાં સમગ્ર દેવોથી પરિવરેલ સૌધર્મેંદ્ર દિવ્ય ચૂર્ણથી ભરપૂર થાળ લઇને પ્રભુ પાસે ઊભા રહ્યા એટલે પરમાત્માએ ઊભા થઇને તે બધા ગણધરોના મસ્તકપ્રદેશ પર ચૂર્ણની વૃષ્ટિ કરવાપૂર્વક અનુક્રમે સૂત્રથી, અર્થથી, તદુભયથી, દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી અને નયથી અનુયોગાનુજ્ઞા તેમ જ ગણાનુજ્ઞા આપી. ત્યારબાદ દેવદુંદુભિનો ધ્વનિ થઇ રહ્યો હતો ત્યારે મનુષ્યો, દેવો, વિદ્યાધરો અને તે સર્વની સ્ત્રીઓએ તે દિવ્ય ચૂર્ણની તેમના પર વૃષ્ટિ કરી, એટલે સુવાસથી આકર્ષાયેલ ભમરસમૂહથી વ્યાપ્ત, પરમાત્માના કેવળજ્ઞાનરૂપી સૂર્યથી વિકસિત થયેલ સમગ્ર ત્રણ ભુવનના કલ્યાણરૂપી પદ્મસમૂહની લાલિમાને ધારણ કરતી તેમ જ દેવ, દાનવ અને મનુષ્યોથી ઉછાળાયેલ ચૂર્ણની સુવાસ સમવસરણભૂમિમાં શોભી ઊઠી. બાદ સિંહાસન પર બેઠેલા પરમાત્માએ ગણધરોને ઉદ્દેશીને બોધપૂર્ણ દેશના આપી. [શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર, પા. નં. ૨૩૮]

**શ્રી શાંતિનાથ ભગવાનના ગણધરોનો સંદર્ભ** :—"ચક્રાયુધ વગેરે છત્રીસ ગણધરોને પ્રભુએ ઉત્પાદ, વિગમ અને ધ્રૌવ્ય એ ત્રિપદીનો ઉપદેશ કર્યો. તે ત્રિપદીને અનુસારે તેમણે દ્વાદશાંગી રચી. પછી પ્રભુએ તેમને અનુયોગ, અનુજ્ઞા અને ગણાનુજ્ઞા આપી તે સમયે ઘણાં નર અને નારીઓએ પ્રભુની પાસે દીક્ષા લીધી, અને કેટલાકે સમકિતપૂર્વક શ્રાવકપણું સ્વીકાર્યું." [ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર (ભાષાંતર) પા. ૨૮૯.

**પાર્શ્વનાથ ભગવાનના ગણધરનો સંદર્ભ** :—આ અવસરે વીશ વર્ષની વયવાળા,

અનુપમ રૂપને ધારણ કરનારા, શરીરના અનુપમ લાવણ્યવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનમાં રહેલા, મોટા સૌભાગ્યને ધારણ કરતા, પૂર્વભવમાં નિકાચિત કરેલા ગણધર નામગોત્રવાળા, પ્રશસ્ત લક્ષણો વડે અંકિત થયેલા અને ઉત્તમ કુળમાં જન્મેલા શુભદત્ત, આર્યઘોષ, વસિષ્ઠ, બંભ (બ્રહ્મ), સોમ, શ્રીધર, વારિષેણ, ભદ્રયશ, જય અને વિજય નામના મનુષ્યો પ્રવજ્યા ગ્રહણ કરવા માટે ભગવાનની પાસે આવ્યા. તે વખતે ભગવાને તેઓને સંઘ સહિત તેઓને દીક્ષા આપી. ત્યાર પછી અત્યંત નિર્મળ બુદ્ધિના પ્રકર્ષ વડે સમગ્ર કાર્યનો વિચાર કરનારા અને પરિપાટીએ (અનુક્રમે) રહેલા તેઓને ક્રમે કરીને સર્વ ભાવ અને અભાવને જણાવવામાં સમર્થ ઉત્પાદ, વિગમ અને ધ્રુવ લક્ષણવાળા ત્રણ અર્થપદો આપ્યા. વિનય વડે નમ્ર થયેલા તેઓએ તે અર્થપદોને (ત્રિપદીને) સારી રીતે ગ્રહણ કરીને બીજબુદ્ધિપણા વડે અને પૂર્વભવમાં બાંધેલા ગણધર નામ ગોત્રકર્મના આશ્રય વડે સારી રીતે વિસ્તાર કરીને બાર અંગ અને ચૌદ પૂર્વ રચ્યાં. આ પ્રમાણે સૂત્રની રચના કરી ત્યારે તેના અનુયોગની આજ્ઞા આપવા માટે તે ત્રિલોકના બંધુ પોતે જ તૈયાર થયા. તે વખતે સૌધર્મ ઈન્દ્ર ઘણાં સુગંધ વડે પ્રાપ્ત થયેલા ભમરાના સમૂહે કરીને શ્યામ કાંતિવાળા અને સુગંધવાળા વાસક્ષેપથી ભરેલો રત્નનો થાળ લઈને ભગવાનની પાસે આવ્યા. પછી ભુવનગુરુ ભગવાન કાંઈક નમેલી કાયાવાળા શુભદત્તને આરંભીને વિજય પર્યંત તે દશેના મસ્તક ઉપર "આજથી મેં તમોને સર્વ દ્રવ્ય, પર્યાય અને નય વડે તીર્થની અનુજ્ઞા આપી છે." એમ બોલતાં-બોલતાં વાસક્ષેપની મુષ્ટિ નાખવા લાગ્યા. આકાશમાં રહેલા દેવો પણ ચારે દિશામાં પ્રસરતી સુગંધવાળા ચૂર્ણની મુષ્ટિ નાખવા લાગ્યા. એ જ પ્રમાણે ભગવાને તેઓને ગણ (ગચ્છ)ની પણ અનુજ્ઞા આપી. દેવેંદ્રોના સમૂહ વડે વંદાયેલા, સર્વ લબ્ધિઓ વડે આનંદ પામેલા, પોતાના ગોત્રને પ્રકાશ કરવામાં મનોહર દીપક જેવા, દુષ્કર્મરૂપી કાષ્ઠને બાળવામાં અગ્નિ જેવા, વ્રતને વિષે જ ચિત્તને સ્થિર રાખનારા, તપની લક્ષ્મી વડે યુક્ત, શાંત ચિત્તની વૃત્તિવાળા, શુદ્ધ બુદ્ધિમાં પ્રવેશ કરેલા, ગુણની શ્રેણિ વડે શોભતા, કોઈ વડે પણ દોષને નહીં પામેલા, સ્ફુરાયમાન કાંતિની મૂર્તિવાળા, બુદ્ધિ વડે ઈંદ્રના મંત્રી (બૃહસ્પતિ)ને જીતનારા, ક્રોધ અને વઢવાથી રહિત થયેલા, પૃથ્વીતળના એક અલંકાર-રૂપ, ઉત્પન્ન થયેલી વિચિત્ર શક્તિવાળા તથા એક મોક્ષમાર્ગમાં જ વર્તવાવાળા, આવા પ્રકારના માહાત્મ્ય વડે શોભતા, મોટા સત્ત્વવાળા અને જગતને પૂજવા લાયક ચરણકમળવાળા તે દશે સાધુઓ શીઘ્રપણે ગણધરની પદવીને પામ્યા. [શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. પા. નં. ૧૮૯]

**મહાવીરસ્વામી :**– ભગવાન મહાવીરના ૧૧ ગણધર હતા. તેમના વિષેની મહત્ત્વની વિગતો શ્રી કલ્પસૂત્રમાં વિસ્તારથી આપવામાં આવી છે. પર્યુષણા પર્વનાં વ્યાખ્યાનોમાં ગણધરવાદનું છઠ્ઠું વ્યાખ્યાન એ કલ્પસૂત્રનાં વ્યાખ્યાનોમાં પ્રથમ કક્ષાનું ગણાય છે. ભગવાન મહાવીરના જ્ઞાનનો પ્રકાશ ને પ્રભાવ કેટલો છે તે તો એમની દેશના ને શંકાનિવારણની દિવ્ય દૃષ્ટિની અલૌકિક અનુભૂતિ કરાવે છે. ભગવાનના ૧૧ ગણધરોમાં પ્રમુખ શ્રી ઈંદ્રભૂતિ ગૌતમ વિષે તો સૌ કોઈને ખ્યાલ હોય એ સ્વાભાવિક છે. અત્રે ૧૧ ગણધરોની ટૂંકી, મહત્ત્વપૂર્ણ ને તત્ત્વજ્ઞાનયુક્ત મિતાક્ષરી વિગતો નીચે પ્રમાણે છે.

ગણધરવાદ પ્રયોગ યથાર્થ લાગે છે. દરેક ગણધર જ્ઞાની હોવા છતાં મૂળભૂત શંકા હતી. આ શંકાનું ભગવાન મહાવીરે એમની સાથે સૂત્રાર્થ પ્રતિપાદન કરીને નિવારણ કર્યું. એટલે ગણધરવાદ

શબ્દ વિશેષ અહોભાવપૂર્વક પ્રચાર પામેલો છે. તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુઓને માટે આ વ્યાખ્યાન મનનીય બની રહે છે.

ભગવાન મહાવીરના ગણધરો ને સૂત્રરચનાનો સંદર્ભ નીચે પ્રમાણે છે :

इक्कारस वि गणहरे, पवायए पवयणस्स वंदामि
सव्व गणहर वंसं वायगवंसं पवयणं च ॥

ગૌતમસ્વામી આદિ અગિયાર ગણધરો કે જે પ્રવચન આગમના પ્રવાદક છે તેમને, સર્વ ગણધરોના વંશને, વાચકોના વંશને અને પ્રવચન આગમને હું વંદન કરું છું.

*–ભદ્રબાહુસ્વામી. [આવશ્યક નિર્યુક્તિ પીઠિકા]*




શ્રુતજ્ઞાન અને માનસવિદ્યાના
વિજ્ઞાતા શ્રી ગૌતમસ્વામી

# ગણધર : અર્થ અને મહત્ત્વ

*—ડૉ. તેજસિંહ ગૌડ*

**શાસ્ત્રીય પરિભાષામાં ગણધર શબ્દનું મહત્ત્વ અત્રે આલેખાયું છે.**

**જ્ઞાન એ પ્રકૃતિનો પરમ મંગલ પદાર્થ છે.**

**જ્ઞાન એ વિરાટ શક્તિ છે.**

**જ્ઞાન એ સદ્‌ગુણો છે.....અને**

**જ્ઞાન એ પરમ સુખ છે.**

**શક્તિ + સદ્‌ગુણ + સુખ વગેરેનો સરવાળો આપણા ગણધર ગૌતમ છે. આગમમાં આવેલ ગણધરનો અર્થ અને મહત્ત્વ અત્રે માર્મિક રીતે દર્શાવેલ છે....સાથે ચોવીશ તીર્થંકરોના ગણધરોની સંખ્યા પણ આ લેખમાંથી મળી રહેશે. —સંપાદક**

ગણધરનો વાસ્તવિક અર્થ ગણ અથવા શ્રમણસંઘને ધારણ કરવાવાળા ગણના અધિપતિ, સ્વામી કે આચાર્ય થાય છે. [1]આવશ્યકવૃત્તિમાં અનુત્તર જ્ઞાન, દર્શન આદિ ગુણોના ગણ-સમૂહને ધારણ કરનારને ગણધર કહેવાયા છે.

એક જ પ્રકારની વાચનાવાળા સાધુ સમુદાયને ગણ અને એ સાધુ સમુદાયની વ્યવસ્થાનું સંચાલન કરવાવાળા મુનિને ગણધર કહેવામાં આવ્યા છે.[2]

જૈન ઇતિહાસ અને પરંપરામાં 'તીર્થંકર' શબ્દ જેટલો પ્રાચીન અને અર્થપૂર્ણ છે એટલો જ પ્રાચીન અને અર્થપૂર્ણ છે 'ગણધર' શબ્દ. તીર્થંકર તીર્થ અર્થાત્ સંઘ—સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘના નિર્માતા તથા શ્રુતરૂપ જ્ઞાનપરંપરાના પુરસ્કર્તા હોય છે; જ્યારે ગણધર સાધુ-સાધ્વીરૂપ સંઘની મર્યાદા-વ્યવસ્થા અને સમાચારીના નિયોજક, વ્યવસ્થાપક તથા તીર્થંકરની અર્થરૂપ વાણીને સૂત્રરૂપમાં સંકલન કરવાવાળા હોય છે.[3]

આગમ વાઙ્મયમાં ગણધર શબ્દ મુખ્યત્વે બે અર્થોમાં પ્રયુક્ત છે. તીર્થંકરના મુખ્ય શિષ્ય જે એ (તીર્થંકર) દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનનું દ્વાદશાંગીના રૂપમાં સંગ્રથન કરે છે, એમના ધર્મસંઘને નિમિત્ત ગણોની દેખરેખ કરે છે, પોતપોતાના ગણના શ્રમણોને આગમવાચના દે છે એમને ગણધર કહેવામાં આવે છે. અનુયોગદ્વારસૂત્રમાં ભાવપ્રમાણ અંતર્ગત જ્ઞાન-ગુણના આગમ નામક ભેદમાં દર્શાવાયું છે કે ગણધરોના સૂત્ર આત્મગમ્ય હોય છે. બીજા શબ્દોમાં તેઓ સૂત્રોના કર્તા છે.

*૧. અનુત્તરજ્ઞાનદર્શનાદિ ગુણાનાં ગણં ધારયન્તીતિ ગણધરાઃ ।— આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૦૬૨ વૃત્તિ.*
*૨. જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ, ભાગ-૨, પૃ. ૩૧.*
*૩. ઇન્દ્રભૂતિ ગૌતમ : એક અનુશીલન, પૃ. ૧૦.*

તીર્થંકરોના વર્ણનક્રમમાં એમની અન્યાન્ય ધર્મસંપદાઓ સાથે એમના ગણધરોનો પણ યથાપ્રસંગ ઉલ્લેખ થયો છે. તીર્થંકરોના સાંનિધ્યમાં ગણધરોની જેવી પરમ્પરા વર્ણિત છે, તે સાર્વત્રિક નથી. તીર્થંકરો પછી અથવા બે તીર્થંકરોના અંતર્વર્તી-કાળમાં ગણધર હોતા નથી તેથી ઉદાહરણાર્થ ગૌતમ સુધર્મા આદિને માટે જે ગણધર શબ્દ વપરાયો છે તે ગણધરના શાબ્દિક કે સામાન્ય અર્થમાં અ-પ્રયોજ્ય છે.

ગણધરનો બીજો અર્થ, જે સ્થાનાંગ વૃત્તિમાં લખવામાં આવ્યો છે કે, આર્યાઓ યા સાધ્વીઓ પ્રત્યે જાગૃતિ રાખનારા અર્થાત્ એમના સંયમ-જીવનના સમ્યક્ નિર્વહણમાં હંમેશાં પ્રેરણા, માર્ગદર્શન એક આત્મિક સહયોગ કરનારા શ્રમણ ગણધર કહેવાય છે.

આર્યા પ્રતિ જાગરૂકના અર્થમાં પ્રયુક્ત ગણધર શબ્દથી પ્રકટ થાય છે કે સંઘમાં શ્રમણી-વૃંદની યથાયોગ્ય વ્યવસ્થા, વિકાસ અધ્યાત્મસાધનામાં ઉત્તરોત્તર પ્રગતિ ઇત્યાદિ પર પૂરેપૂરું ધ્યાન આપવામાં આવતું હતું. આ કારણસર જ એમની દેખરેખમાં અને માર્ગદર્શનના કાર્યને મહત્ત્વપૂર્ણ સમજવામાં આવ્યું કે એક વિશિષ્ટ શ્રમણનું મનોનયન માત્ર આ ઉદ્દેશ્યથી થતું હતું.

**મહત્ત્વ :–** ગણધરપદની મહત્તા અંગે આચાર્યશ્રી હસ્તીમલજી મ. સા.એ લખ્યું છે કે ઇન્દ્રભૂતિ ગૌતમે ચરમ શરીરી ગણધરપદની પ્રાપ્તિ કરી. આનાથી એમણે પૂર્વજન્મમાં કરેલી ઉત્કટ સાધના અને પ્રભુ-પુણ્યાર્જનનો પરિચય મળે છે. જૈન પરંપરાના આગમ અને આગમોત્તર સાહિત્યમાં વિશ્વવંદ્ય ત્રૈલોક્યશ્રેષ્ઠ તીર્થંકરપદ પછી ગણધરપદને જ માનવામાં આવે છે. "अत्यन्ताप्रगोचर श्रद्धार्स्थैर्यवतोऽनुष्ठानात्तीर्थकृत्वं मध्यमश्रद्धासमन्विताद् गणधरत्वम् ।" –બિંદુસાર.

જેમ કોઇ વિશિષ્ટ સાધક અતિ ઉચ્ચ કોટિની સાધના દ્વારા કર્મનું ત્રૈલોક્યપૂજ્ય તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરે છે એ જ રીતે ગણધરપદપ્રાપ્તિ માટે પણ સાધકે ઉચ્ચ કોટિની સાધના કરવી પડે છે. તીર્થંકર નામકર્મના ઉપાર્જન માટે તો આગમોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે અમુક ૧૬ કે ૨૦ સ્થાનોમાંથી કોઇ એક અથવા એકથી વધુ સ્થાનોની ઉત્કટ સાધના કરવાથી સાધક તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરે છે. પરંતુ ગણધર નામકર્મની ઉપાર્જના કેવી-કેવી રીતની ઉત્કૃષ્ટ કોટિની સાધના કરવાથી થાય છે, એનો કોઇ સ્પષ્ટ ઉલ્લેખ આગમસાહિત્યમાં દૃષ્ટિગોચર થતો નથી. આવશ્યક મલયગિરિ વૃત્તિમાં જો કે એવો ઉલ્લેખ જરૂર મળે છે કે ભરત ચક્રવર્તીનો ઋષભસેન નામનો પુત્ર, જેણે પૂર્વભવમાં ગણધર નામગોત્રનું ઉપાર્જન કર્યું હતું, સંસારથી વિરક્ત થઇ દીક્ષિત થઇ ગયો–

"तत्थ उसभसेण नाम भरहपुत्तो पुव्वभवबद्धगणहरनामगुत्तो जाय संवेगो पव्वइओ...." આવશ્યક મલય, પ્ર. ભાગ.

ભદ્રેશ્વરે ઇસાની અગિયારમી શતાબ્દીમાં રચિત પોતાના પ્રકૃત ભાષાના 'કહાવલી' નામના બૃહદ્ ગ્રંથમાં પણ ભગવાન ઋષભદેવના ગણધર ઋષભસેનના પ્રવ્રજિત થવાનો ઉલ્લેખ છે કે એમણે પોતાના પૂર્વભવમાં ગણધર નામગોત્ર કર્મનું ઉપાર્જન કર્યું હતું. આ અંગે કહાવલીકાર ભદ્રેશ્વર દ્વારા ઉલ્લેખિત પંક્તિઓ આ મુજબ છે :

"सामिणे य समोसरणे ससुरासुरमणुयसभाऐ धम्मं साहन्ति ससोसभसेणो नाम भरहपुत्तो

पुव्वभवनिबद्धगणधर नामगोत्तो जायसंवेगो पव्वईओ ।"

શ્રમણ ભગવાન મહાવીરના ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર ગણધરોએ પણ પોતપોતાના પૂર્વભવમાં ગણધરપદની પ્રાપ્તિને યોગ્ય કોઇ ને કોઇ રીતની વિશિષ્ટ સાધના કરી હતી એવો સંકેત કેટલાક આચાર્યોએ કર્યો છે.[૪]

જૈન સિદ્ધાંતમાં કર્મવાદનું મુખ્ય અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે. એ એક નિર્વિવાદ સત્ય છે કે પ્રત્યેક પ્રાણી જે-જે પ્રકારે કર્મ કરે છે એ જ કર્મો અનુસાર તે સંસારમાં સામાન્ય પ્રકારનાં કર્મ અથવા વિશિષ્ટ સ્થાન, સ્થિતિ કે સત્તા પ્રાપ્ત કરે છે. તે મુજબ તીર્થંકરપદની પ્રાપ્તિ માટે સાધકે જે પ્રકારની કઠોર સાધનામાંથી પસાર થવું પડે છે એ જ રીતે ચોક્કસપણે, તીર્થંકરપદ પછી સર્વોચ્ચ ગરિમાપૂર્ણ પદની પ્રાપ્તિ માટે પણ સાધકે એનાથી થોડી જ ઓછી કઠોર સાધનાની કસોટી પણ પાર કરવી પડતી હશે. ભદ્રેશ્વરસૂરિ ગણધર ઋષભસેન માટે જે "पुव्वभवनिबद्धगणहरनामगोत्त" વિશેષણ પ્રયુક્ત કર્યું છે, એથી પૂર્વકાળમાં પ્રખ્યાત પરંતુ પશ્ચાત્‌વર્તી કાળમાં વિલુપ્ત એક પરંપરાનો આભાસ થાય છે કે તીર્થંકરોના જે ગણધર હોય છે તેઓ પોતાના પૂર્વભવમાં એક વિશિષ્ટ પ્રકારની ઉચ્ચતમ સાધનાથી ગણધર નામકર્મનું ઉપાર્જન કરી લેતા હોય છે.

આ વિવરણથી ગણધરની મહત્તાનું સહજ જ અનુમાન લગાવી શકાય છે.

વર્તમાન કાળમાં આચાર્યાદિ પદ-પ્રદાન અવસરે કેટલાંક વિધિ-વિધાન અને મંગળ ઉત્સવ થાય છે. સંભવ છે કે એ રીતે ત્રિપદી જ્ઞાન-પશ્ચાત્ ભગવાન વિશિષ્ટ યોગ્યતાવાળા મુનિઓના ચતુર્વિધ સંઘ સમક્ષ ગણધરરૂપને ઘોષિત કરતા હોય અને ઉપસ્થિત ચતુર્વિધ સંઘ અને દેવ-દેવીઓનો સમૂહ હર્ષધ્વનિપૂર્વક મંગલ-મહોત્સવ મનાવી અભિનંદન અને અનુમોદન અભિવ્યક્ત કરતાં હોય. આવશ્યક ચૂર્ણિ, મહાવીર ચરિત્ર અને ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રમાં એ મુજબ ઉલ્લેખ છે કે ઇન્દ્રભૂતિ આદિ અગિયારેય ગણધર પ્રભુ મહાવીરની સન્મુખ થોડા ઝૂકીને પરિપાટીમાં ઊભા રહી ગયા હતા. કેટલીક ક્ષણો માટે દેવોએ વાદ્ય-નિનાદ બંધ કર્યો. એ વખતે જગદ્‌ગુરુ પ્રભુ મહાવીરે સર્વપ્રથમ ઇન્દ્રભૂતિ ગૌતમને લક્ષ્ય કરી એમ કહેતાં કે—"હું તમને તીર્થની અનુજ્ઞા આપું છું" ઇન્દ્રભૂતિના મસ્તક પર પોતાનાં કરકમળોથી સુગંધિત રત્નચૂર્ણ નાખ્યું. પછી પ્રભુએ ક્રમશઃ અન્ય બધા ગણધરોના મસ્તક પર એ જ રીતે ચૂર્ણ નાખ્યું. એ પછી પ્રભુ મહાવીરે પોતાના પંચમ ગણધર આર્ય સુધર્માને ચિરંજીવી જાણીને બધા ગણધરોની આગળ ઊભો કર્યો અને શ્રીમુખે ફરમાવ્યું—"હું તને ધુરીના સ્થાને રાખીને ગણની અનુજ્ઞા આપું છું."

## ગણધર પરંપરા :

આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીરસ્વામી સુધીના પ્રત્યેક તીર્થંકરના ગણધરોની સંખ્યાનો ઉલ્લેખ અહીં કરવો અપ્રાસંગિક નહીં ગણાય. એનાથી ગણધર પરંપરાનું સહજ જ્ઞાન અને અનુમાન થઇ શકશે. જેમ કે—

*૪ જુઓ : મહાવીર ચરિત્ર પૃ. ૨૫૭. આવશ્યક મલય, પ્રવચનસારોદ્ધાર.*

| ક્રમ | નામ : તીર્થંકર પરમાત્મા | ગણધર સંખ્યા |
|---|---|---|
| (૧) | ભગવાન શ્રી ઋષભદેવ | ૮૪ |
| (૨) | ભગવાન શ્રી અજિતનાથ | ૯૫ |
| (૩) | ભગવાન શ્રી સંભવનાથ | ૧૦૨ |
| (૪) | ભગવાન શ્રી અભિનંદન | ૧૧૬ |
| (૫) | ભગવાન શ્રી સુમતિનાથ | ૧૦૦ |
| (૬) | ભગવાન શ્રી પદ્મપ્રભુ | ૧૦૭ |
| (૭) | ભગવાન શ્રી સુપાર્શ્વનાથ | ૯૫ |
| (૮) | ભગવાન શ્રી ચંદ્રપ્રભુ | ૯૩ |
| (૯) | ભગવાન શ્રી સુવિધિનાથ | ૮૮ |
| (૧૦) | ભગવાન શ્રી શીતલનાથ | ૮૧ |
| (૧૧) | ભગવાન શ્રી શ્રેયાંસનાથ | ૭૬ |
| (૧૨) | ભગવાન શ્રી વાસુપૂજ્ય | ૬૬ |
| (૧૩) | ભગવાન શ્રી વિમલનાથ | ૫૭ |
| (૧૪) | ભગવાન શ્રી અનંતનાથ | ૫૦ |
| (૧૫) | ભગવાન શ્રી ધર્મનાથ | ૪૩ |
| (૧૬) | ભગવાન શ્રી શાંતિનાથ | ૩૬ |
| (૧૭) | ભગવાન શ્રી કુંથુનાથ | ૩૫ |
| (૧૮) | ભગવાન શ્રી અરનાથ | ૩૩ |
| (૧૯) | ભગવાન શ્રી મલ્લીનાથ | ૨૮ |
| (૨૦) | ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામી | ૧૮ |
| (૨૧) | ભગવાન શ્રી નમિનાથ | ૧૭ |
| (૨૨) | ભગવાન શ્રી નેમિનાથ | ૧૧ |
| (૨૩) | ભગવાન શ્રી પાર્શ્વનાથ | ૧૦ |
| (૨૪) | ભગવાન શ્રી મહાવીરસ્વામી | ૧૧ |

ગણધર પરંપરા તીર્થંકરો સાથે જોડાયેલી છે. તીર્થંકર પછી સર્વાધિક મહત્ત્વ અને મહિમાશાળી જો કોઈ પદ હોય તો તે એ ગણધરોનું જ છે.

*('શાશ્વત ધર્મ' ''ગણધર ગૌતમસ્વામી વિશેષાંક''માંથી સાભાર ઉદ્‌ધૃત.)*

* * *

# આધ્યાત્મિક પરંપરામાં ગુરુનું વૈજ્ઞાનિક મહત્ત્વ

*—પૂજ્ય મુનિશ્રી નંદીઘોષવિજયજી મ.*

જૈન શાસનમાં મુનિશ્રી એક અચ્છા વિદ્વાન છે. શ્રી નેમિસૂરિ સમુદાયના પ. પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મ.ના શિષ્યરત્ન છે. વિજ્ઞાન સાથે ધર્મનો સમન્વય ખૂબ સુંદર રીતે કર્યો છે. 'જૈનદર્શન : વિજ્ઞાનિક દૃષ્ટિએ' નામના તેમના પુસ્તકમાં ગુજરાતી-હિન્દી-અંગ્રેજી ભાષામાં ખૂબ વિદ્વત્તાપૂર્ણ વૈજ્ઞાનિક સંશોધન દ્વારા લેખો લખી તેઓશ્રીએ યુવાન પેઢી ઉપર ઉપકાર કર્યો છે.

પૂ. મુનિશ્રીએ ભૌતિકશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ભૂગોળ-ખગોળ અને ગણિતને લગતા લેખો લખી તેમની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. ધાર્મિક સિદ્ધાંતો સાથે ઉક્ત શાસ્ત્રોના અધ્યયન, ચિંતન, મનન અને પ્રકાશનની દિશામાં વર્તમાનયુગમાં આ સર્વપ્રથમ પ્રયાસ છે. અત્રે પણ લોહચુંબક અને તેની ચુંબકીય શક્તિ—એના માધ્યમે ગુરુ-શિષ્યનો સંબંધ સમજાવ્યો છે.

ગુરુ મહાવીર અને શિષ્ય ગૌતમને કેન્દ્રમાં રાખી ખૂબ સુંદર નિરૂપણ કર્યું છે. શાંત ચિત્તે એક-બે વખત આ લેખને વાંચવાની ભલામણ છે. *—સંપાદક*

ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पदौ ।
मन्त्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा ॥

ગુરુની પ્રતિમા અથવા આકૃતિ અર્થાત્ દેહ, એ ધ્યાનનું મૂળ છે. ગુરુનાં ચરણકમળ અર્થાત્ પગલાં પૂજાનું મૂળ છે. ગુરુનું વાક્ય, આદેશ અર્થાત્ શબ્દો, એ મંત્રનું મૂળ છે, અથવા શ્રેષ્ઠ મંત્ર છે. અને એ ત્રણે (ધ્યાન, પૂજા તથા મંત્ર) વડે પ્રાપ્ત ગુરુની કૃપા/આશીર્વાદ મોક્ષનું પરમ કારણ છે.

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ગુરુનું જેટલું મહત્ત્વ છે એટલું મહત્ત્વ અન્ય કોઈ પણ પાશ્ચાત્ય પરંપરામાં હોવાનું જાણવા મળ્યું નથી. ભારતીય આધ્યાત્મિક પરંપરામાં મુખ્ય ત્રણ તત્ત્વો છે : દેવ, ગુરુ અને ધર્મ. દેવ અને ગુરુ એક જીવંત વ્યક્તિ સ્વરૂપ છે, જ્યારે ધર્મ એ ગુણ સ્વરૂપ/ભાવાત્મક છે. દેવ અને ગુરુમાં પાયાનો તફાવત એ છે કે દેવ પ્રથમ ગુરુ સ્વરૂપે જ હોય છે, ત્યાર બાદ તેઓ દેવ/દેવાધિદેવ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. એ પરમાત્મ સ્વરૂપ આપણું પરમ ધ્યેય છે. એની તથા ધર્મના ભાવાત્મક સ્વરૂપની ઓળખ આપણને ગુરુ દ્વારા જ થાય છે અને એટલે જ ગુરુતત્ત્વની મુખ્યતા બતાવતાં કબીરજીએ કહ્યું છે કે :

**'ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિનકો લાગું પાય;**
**બલિહારી ગુરુ આપ કી, ગોવિંદ દિયો બતાય.'**

ગુરુએ હજુ સંપૂર્ણ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી; પરંતુ એ પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિના સાચા માર્ગે પ્રયાણ કરી દીધું છે. એ સાચા માર્ગની ઓળખ તથા તેઓનું અનુભવજ્ઞાન દરેક સાધક માટે માર્ગદર્શક બને છે. અને એ માર્ગદર્શન વિના પરમપદની પ્રાપ્તિ કે આત્મસાક્ષાત્કારનો અનુભવ પામવાની જરાય શક્યતા હોતી નથી. માટે જ ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ગુરુની આવશ્યકતા નહીં બલ્કે અતિ આવશ્યકતા બતાવી છે. એ માટે એક જગ્યાએ કહ્યું છે કે :

**'ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;**
**જે ગુરુઓથી વેગળા, રડવડિયા સંસાર.'**

આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ ગુરુનું આટલું બધું મહત્ત્વ અકારણ-નિષ્કારણ બતાવ્યું નથી. તેઓ ખૂબ જ્ઞાની હતા અને સાથે-સાથે અનુભવ-જ્ઞાન પણ હતું. તેઓએ જે કાંઈ પ્રાપ્ત કર્યું હતું તે માત્ર ગુરુની કૃપા/આશીર્વાદથી જ પ્રાપ્ત કર્યું હતું. અને એ સાથે જેઓએ ગુરુઓના-વડીલોના આશીર્વાદ પ્રાપ્ત નથી કર્યા, તેઓ મહાસમર્થ અને વિદ્વાન હોવા છતાં સંસારમાં રખડ્યાં છે, રડવડ્યાં છે, એ તેઓએ પ્રત્યક્ષ અનુભવ્યું છે-જોયું છે, તેથી તેઓએ ગુરુઓનું જે મહત્ત્વ બતાવ્યું છે તે સત્ય છે. અને અને આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ પણ તે યોગ્ય છે.

દરેક જીવંત પ્રાણી, પછી તે સ્થૂળ હોય કે સૂક્ષ્મ, તે દરેકમાં એક પ્રકારની શક્તિ હોય છે, જેને આધ્યાત્મિક પરિભાષામાં આત્મશક્તિ કહી શકાય; જ્યારે વૈજ્ઞાનિક પરિભાષામાં તેને વીજચુંબકીય શક્તિ કહી શકાય. એ સજીવ પદાર્થની વીજચુંબકીય શક્તિની તીવ્રતાનો આધાર આત્માના વિકાસ ઉપર રહેલો છે. જેટલો આત્માનો વિકાસ વધુ તેટલો તેની શક્તિનો ઉઘાડ વધુ. અહીં વિકાસ એટલે આધ્યાત્મિક વિકાસ અર્થ લેવો.

'ન્યુ સાયન્ટિસ્ટ' નામના વિજ્ઞાનના મેગેઝીનમાં અમુક પ્રયોગોના અહેવાલ પ્રગટ થયા છે. તે મુજબ માનવીમાં પણ આવો મેગ્નેટિક કંપાસ અર્થાત્ ચુંબકીય હોકાયંત્ર છે, અર્થાત્ આપણે પણ આપણી જાણ વગર ચુંબકીય ક્ષેત્રની અસર હેઠળ આવી શકીએ છીએ.[૧]

જેઓએ વિજ્ઞાનનો થોડો પણ અભ્યાસ કર્યો હશે, તેઓને ખબર હશે કે લોહચુંબક (Magnet)ની આસપાસ, તેનું પોતાનું એક ચુંબકીય ક્ષેત્ર (Magnetic field) હોય છે અને તે ચુંબકીય રેખાઓ દ્વારા દર્શાવાય છે. જો કે આ ચુંબકીય ક્ષેત્ર અદૃશ્ય હોય છે, છતાં ટેબલ ઉપર મૂકેલા એક મોટા કાગળ ઉપર એક લોહચુંબક મૂકી, તેની આસપાસ લોખંડની ઝીણી ભૂકી ખૂબ આછા પ્રમાણમાં ફેલાવી દો; ત્યારબાદ તે ટેબલને આંગળી વડે ઠપકારતાં, તે લોખંડની ભૂકી આપોઆપ ચુંબકીય ક્ષેત્રમાં ચુંબકીય રેખાઓના સ્વરૂપમાં ગોઠવાઈ જાય છે. આ ચુંબકીય ક્ષેત્રમાં જો લોખંડ આવે તો તેને તે લોહચુંબક આકર્ષે છે. જો આ ચુંબકીય ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારે વારંવાર ફેરફાર કરવામાં આવે તો વીજપ્રવાહ (Electric current) ઉત્પન્ન થાય છે. અને આ વીજપ્રવાહ ધાતુના તાર વગેરેમાંથી પસાર કરીએ તો તેમાં ચુંબકીય શક્તિ પેદા થાય

*૧. જુઓ, તા. ૧૬-૧૨-૯૨, બુધવારના 'ગુજરાત સમાચાર'ની 'શતદલ' પૂર્તિમાંનો શ્રી કાન્તિ ભટ્ટનો લેખ 'જ્ઞાન ગઠરિયાં' કોલમમાં—'સિક્સ્થ સેન્સ એટલે શું?'*

છે. આમ વીજશક્તિ અને ચુંબકીય શક્તિ પરસ્પર આધારિત છે. બંને શક્તિ ભેગી થઈ વીજચુંબકીય શક્તિ બને છે. તેવા જ પ્રકારની બલ્કે તેનાથી વધુ સૂક્ષ્મ અને વધુ શક્તિશાળી શક્તિ, સજીવ પદાર્થમાં હોય છે. સ્થૂલ વીજચુંબકીય શક્તિ અને ક્ષેત્રના નિયમો, જૈવિક વીજચુંબકીય ક્ષેત્ર અને શક્તિને પણ લાગુ પડે છે. જેમ એક ચુંબકને બીજા ચુંબકના ચુંબકીય ક્ષેત્રમાં લઈ જવામાં આવે તો, સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ અને અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે. અર્થાત્ એક ચુંબકનો પ્રભાવ તેના ક્ષેત્રમાં આવેલા બીજા ચુંબક અથવા વસ્તુ ઉપર પણ પડે છે. દરેક સજીવ પદાર્થની આસપાસ વીજચુંબકીય ક્ષેત્ર હોય છે, જેને આભામંડળ કહેવામાં આવે છે, અને કિર્લિયન ફોટોગ્રાફીની મદદથી આ આભામંડળની છબીઓ પણ લઈ શકાય છે. અને એટલે જ પ્રાચીન ઋષિ-મુનિઓએ કહ્યું છે :

चित्रं वटतरोर्मूले, वृद्धाः शिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः ।।

[આશ્ચર્ય છે કે વડના વૃક્ષ નીચે બેઠેલા યોગી-મુનિઓમાં શિષ્યો વૃદ્ધ છે અને ગુરુ યુવાન છે અને એમના કરતાં મોટું આશ્ચર્ય એ છે કે ગુરુનું મૌન એ જ વ્યાખ્યાન છે અને એનાથી જ શિષ્યોના સંશય દૂર થાય છે.]

આ રીતે આધ્યાત્મિક રીતે વિકસિત ગુરુઓના સાંન્નિધ્ય માત્રથી શિષ્યોનો આત્મિક વિકાસ થાય છે અને તેઓમાં અચિન્ત્ય શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે.

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ભિન્ન-ભિન્ન સંપ્રદાયોમાં ભિન્ન-ભિન્ન પદ્ધતિએ ગુરુ શિષ્યોને આશીર્વાદ આપે છે. આ આશીર્વાદ પણ એક પ્રકારનો શક્તિપાત જ છે. સામાન્ય રીતે આશીર્વાદ લેનાર શિષ્ય આશીર્વાદ આપનાર ગુરુના પગે પડે છે અને તેઓનાં ચરણકમળ પકડી લે છે, અને ત્યાર બાદ ગુરુ તેના મસ્તક ઉપર હાથ મૂકે છે અને આશીર્વાદ આપે છે. આ ક્રિયા દરમ્યાન ગુરુના હાથમાંથી નીકળતો વીજપ્રવાહ શિષ્યના મસ્તકમાં થઈ શિષ્યના હાથમાં આવે છે અને તેનો ગુરુના ચરણે સ્પર્શ કરતાં ગુરુના શરીરમાં પ્રવેશ થાય છે. આમ વીજપ્રવાહનું ચક્ર (ઇલેક્ટ્રિક સરકીટ) પૂરું થતાં, ગુરુની શક્તિ શિષ્યમાં આવે છે-આવી શકે છે. અન્ય પરંપરામાં ગુરુ શિષ્યનું મસ્તક સૂંઘે છે, ત્યાં પણ આ પ્રમાણે બને છે.

જૈન પરંપરામાં શ્રમણ ભગવાન મહાવીર, જૈનોના ચોવીસમા તીર્થંકર હતા અને તેઓના પ્રથમ શિષ્ય શ્રી ગૌતમસ્વામી[1] હતા. બંનેનો ગુરુ-શિષ્યનો સંબંધ પ્રસિદ્ધ છે. જો કે તેઓનું મૂળ નામ ઇન્દ્રભૂતિ છે અને ગૌતમ તેઓનું ગોત્ર છે. આમ છતાં અત્યારે જેમ મોટા માણસો માત્ર અટકથી ઓળખાય છે, તેમ પ્રાચીનકાળમાં ઋષિ-મુનિઓ ગોત્રના નામથી ઓળખાતા હતા અને અત્યારે પણ એ જ નામથી તેઓની આરાધના કરવામાં આવે છે. જૈન ધર્મગ્રંથ કલ્પસૂત્રમાં જણાવ્યા પ્રમાણે, ભગવાન મહાવીરસ્વામીની ઉંમર ૪૨ વર્ષ હતી અને ઇન્દ્રભૂતિ ગૌતમની ઉંમર ૫૦ વર્ષ હતી ત્યારે બંનેનો મેળાપ થયો હતો. તે પહેલાં તેઓ ૧૪ વિદ્યાના પારગામી એવા બ્રાહ્મણ પંડિત હતા અને તેઓ યજ્ઞયાગાદિ કરાવતા હતા. તેઓને ૫૦૦ બ્રાહ્મણ શિષ્યોનો પરિવાર હતો. જ્યાં

*૧. આ ગૌતમસ્વામી, એ બૌદ્ધ સંપ્રદાયના ગૌતમ બુદ્ધ નથી અને ન્યાય-વૈશેષિક દર્શનના ગૌતમ ઋષિથી પણ ભિન્ન છે.*

સુધી ઇન્દ્રભૂતિ ગૌતમે મહાવીરસ્વામીને જોયા નહોતા અને તેઓના આધ્યાત્મિક-વીજચુંબકીય ક્ષેત્રમાં પ્રવેશ્યા નહોતા ત્યાં સુધી તેઓ ભગવાન મહાવીરને પણ વાદ-વિવાદમાં જીતી, પોતાની વિજયપતાકા સમગ્ર વિશ્વમાં લહેરાવવાની ખ્વાહિશ ધરાવતા હતા.[૨] પરંતુ જ્યાં ભગવાન મહાવીરસ્વામી બિરાજતા હતા, એ સમવસરણની નજીક આવતાં જ, દર્શન થતાં જ ભગવાન મહાવીરને જીતવાનાં તેઓનાં અરમાનોના ચૂરેચૂરા થઇ જાય છે, અને પોતે જ ભગવાન મહાવીરના ધ્યાનમાં ખોવાઇ જાય છે, અને આ રીતે ध्यानमूलं गुरोर्मूर्तिः પદ યથાર્થ બને છે.

કહેવાય છે કે તીર્થંકર પરમાત્મા જ્યારે ધર્મોપદેશ આપતા હોય છે, ત્યારે બાર-બાર યોજન દૂરથી મનુષ્યો અને પશુ-પક્ષીઓ તેમનો ઉપદેશ સાંભળવા આવે છે. અર્થાત્ તેઓનું વીજચુંબકીય ક્ષેત્ર બાર-બાર યોજન સુધી વિસ્તરેલું હોય છે.

આજના યુગમાં શારીરિક રોગોને દૂર કરવા જેમ એક્યુપંચર, એક્યુપ્રેસર, રંગચિકિત્સા પદ્ધતિનો ઉપયોગ થાય છે તેમ ચુંબકીય પદ્ધતિ (મેગ્નેટો-થેરપી)નો પણ ઉપયોગ થાય છે. આ જ વાત ત્રિલોકગુરુ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની કેવળી અવસ્થાના વર્ણન ઉપરથી ફલિત થાય છે. તેઓનું જૈવિક વીજચુંબકીય ક્ષેત્ર એટલું પ્રભાવશાળી હતું કે તેઓ જ્યાં-જ્યાં વિહાર કરતા તે-તે ક્ષેત્રમાં વિહાર દરમિયાન લોકોના રોગ દૂર થઇ જતા અને વિહાર પછી છ-છ મહિના સુધી કોઇ રોગ થતા નહોતા. કોઇને પરસ્પર વૈરભાવ રહેતો ન હતો અને તેઓના પ્રભાવથી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ સ્વરૂપ દુકાળ પણ પડતો નહોતો. જાણે કે તેઓએ આ બધા ઉપર હિપ્નોટિઝમ (મેસ્મેરિઝમ) ન કર્યું હોય !

વસ્તુતઃ તીર્થંકરોના જીવનના આ બધા અતિશયો (વિશેષ પરિસ્થિતિઓ) કોઇ ચમત્કાર નહોતા, પરંતુ તેઓના આત્મા ઉપરથી કર્મનાં આવરણો દૂર થવાથી પ્રાદુર્ભાવ પામેલી આત્મશક્તિના ચુંબકીય ક્ષેત્રનો જ પ્રભાવ હતો, એમ નજીકના ભવિષ્યમાં પશ્ચિમના વિજ્ઞાનીઓ સિદ્ધ કરે તો નવાઇ પામવા જેવું નથી.

ઇન્દ્રભૂતિ ગૌતમને ભગવાન મહાવીરસ્વામી પાસેથી પોતાની આત્માના અસ્તિત્વ વિષેની અરૂપી શંકાનો જવાબ મળતાં, પોતાનું જીવન ગુરુચરણે સમર્પિત કરી पूजामूलं गुरोः पादौ પદને ચરિતાર્થ કરી બતાવ્યું, અને જ્યારે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી, શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયારે ગણધરોને પ્રવ્રજ્યા (દીક્ષા) આપે છે, ત્યારે ભગવાન પોતે સુગંધી ચૂર્ણ (વાસક્ષેપ), ઇન્દ્ર મહારાજાએ ધરી રાખેલા સુવર્ણથાળમાંથી લઇને અગિયારે ગણધરોના મસ્તક ઉપર નાખી આશીર્વાદ આપે છે અને એ આશીર્વાદ દ્વારા પોતાના કેવલજ્ઞાન રૂપી જ્ઞાનના પ્રકાશનો અંશ શિષ્યોમાં પ્રગટાવે છે. એનાથી શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ કહેલાં માત્ર ત્રણ વાક્યો—(૧) उप्पन्नेइ वा (૨) विगमेइ वा (૩) धुवेइ वा (જેને જૈન પરિભાષામાં ત્રિપદી કહેવામાં આવે છે.)ના આધારે સંપૂર્ણ દ્વાદશાંગી (બાર અંગ) અને ચૌદ પૂર્વ જેવા મહાન ગ્રંથોની તેઓ રચના કરે છે. આમ ગુરુના શબ્દ સ્વરૂપ ત્રિપદી, મંત્રસ્વરૂપ બને છે અને એ રીતે मंत्रमूलं गुरोर्वाक्यं પદ ચરિતાર્થ થાય છે.

*૨. તે સમયના ગૌતમસ્વામીના મનોમંથનનું શબ્દચિત્ર જૈન ધર્મગ્રંથો શ્રી કલ્પસૂત્ર ટીકા અને શ્રી આવશ્યકસૂત્ર ટીકા વગેરેમાં પ્રાપ્ત થાય છે.*

દીક્ષા પછી લગભગ ૩૦ વર્ષ સુધી ગણધર શ્રી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીની સેવા-શુશ્રૂષા, ભક્તિ-વૈયાવચ્ચ કરી અને એના પ્રભાવે શ્રી ગૌતમસ્વામીજીમાં વિશિષ્ટ લબ્ધિઓ-શક્તિઓ પ્રગટ થાય છે, જેના કારણે 'અનંતલબ્ધિનિધાન' એવું સાર્થક વિશેષણ તેઓના નામની આગળ મૂકવામાં આવે છે. આમ છતાં તેઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તેનું કારણ ફક્ત તેઓનો શ્રમણ ભગવાન મહાવીરસ્વામી તરફનો અનુરાગ હતો. એ દૂર કરવા શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી પોતાના નિર્વાણકાળની રાત્રિએ, શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમને પાસેના ગામમાં રહેલ દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલે છે. તે બ્રાહ્મણને પ્રતિબોધ કરી પાછા વળતાં, રસ્તામાં જ શ્રી ગૌતમસ્વામી, ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણના સમાચારથી આકુળ-વ્યાકુળ થાય છે અને એ ગુરુની વિરહવેદનામાં વૈરાગ્ય પ્રગટે છે અને ખુદ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી પ્રત્યેના રાગનું બંધન તૂટી જતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ રીતે मोक्षमूलं गुरोः कृपा પદ પણ શ્રી ગૌતમસ્વામીજીના જીવનમાં ચરિતાર્થ થાય છે.

ટૂંકમાં, ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ગુરુનું જે મહત્ત્વ દર્શાવાયું છે, તે સંપૂર્ણપણે વૈજ્ઞાનિક સિદ્ધાંતથી ભરપૂર છે, તેમાં લેશમાત્ર શંકા કરવાની જરૂર નથી અને આ લેખ પણ મારા ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનાં વાક્ય અને તેઓની જ કૃપાનું ફળ છે.



# લબ્ધિ

*શ્રી રમણલાલ ચી. શાહ*

**મનુષ્યમાં વિવિધ પ્રકારની શારીરિક અને માનસિક શક્તિઓ રહેલી છે. કોઈ પણ વ્યક્તિમાં અસાધારણ એવી શક્તિ જોવા મળે તો લોકોને આશ્ચર્ય પેદા થાય છે. શક્તિઓ તપના પ્રભાવે કે જ્ઞાનથી કે કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. જૈન શાસ્ત્ર આને લબ્ધિ તરીકે ઓળખાવે છે. આ લબ્ધિઓ કઈ? કેટલી? શું પ્રભાવ દેખાડે?—આદિની વિસ્તૃત માહિતી અત્રે પ્રસ્તુત છે. શાસ્ત્રનાં વર્ણનોમાં આવતી ઘટનાઓનો પણ ઉલ્લેખ કરાયો છે. લેખને નિરાંતે વાંચવો. લેખક શ્રી રમણલાલ ચી. શાહ 'પ્રબુદ્ધ જીવન' સામયિકના તંત્રી છે. જૈન સાક્ષરોમાં તેમની ગણના પ્રથમ હરોળમાં થાય છે. બોમ્બે યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે, મુંબઈ જૈન યુવક સંઘના મોભી તરીકે તેમની સેવાઓ જાણીતી છે.** *—સંપાદક*

દિવાળીના દિવસે મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા અને કાર્તિક સુદ પ્રતિપદાને દિવસે, નૂતન વર્ષના પ્રભાતે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. એટલા માટે દિવાળીના અને નૂતન વર્ષના પર્વનો મહિમા જૈનોમાં વિશિષ્ટ ગણાય છે દિવાળીના શારદાપૂજનની વિધિમાં જૈન વેપારીઓ પૂજનના પાનામાં જે શુભેચ્છાઓ દર્શાવે છે તેમાં 'ગુરુ ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ પણ લખે છે.

ગૌતમસ્વામીને લબ્ધિના ભંડાર તરીકે ઓળખાવવામાં આવે છે. 'અનંતલબ્ધિનિધાન' જેવું બિરુદ પણ એમને માટે વપરાય છે. ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર જંઘાચારણ લબ્ધિ વડે સૂર્યનાં કિરણો પકડીને ચડી ગયા હતા. ત્યાંથી પાછા ફર્યા પછી એક પાત્રમાં રહેલી ખીર વડે પંદરસો ત્રણ તાપસોને એમણે પારણું કરાવ્યું હતું. એ પાત્રમાં જમણા હાથનો અંગૂઠો રાખવાથી એમાંની ખીર ખૂટી નહોતી. પોતાની અક્ષીણ-મહાનસીલબ્ધિ વડે તેઓ એમ કરી શક્યા હતા. ગૌતમસ્વામીના જીવનમાં લબ્ધિના ચમત્કારની આવી કેટલીક ઘટનાઓ બની હતી એવું વાંચવા મળે છે. લોકોને આશ્ચર્યમુગ્ધ કરી નાખે એવા ચમત્કારભર્યા શક્તિવિશેષને આપણે લબ્ધિ તરીકે ઓળખાવીએ છીએ.

લબ્ધિ શબ્દ સંસ્કૃત 'लभ्' ધાતુ પરથી આવ્યો છે. 'लभ्' એટલે મેળવવું, પ્રાપ્ત કરવું. 'લબ્ધિ' એટલે 'લાભ' અથવા 'પ્રાપ્તિ'. જે અસામાન્ય વિશિષ્ટ કોટિની શક્તિ વડે ઇચ્છિત વસ્તુઓની ચમત્કારભરી રીતે અનાયાસ પ્રાપ્તિ થાય તે શક્તિને 'લબ્ધિ' તરીકે ઓળખાવવામાં આવે છે. આત્મા ઉપરનાં કર્મનાં ગાઢાં આવરણો જેમ-જેમ દૂર થાય તેમ-તેમ આત્મામાં આવી શક્તિઓ, લબ્ધિઓ પ્રગટ થતી જાય છે એમ જૈન ધર્મ માને છે.

'લબ્ધિ' શબ્દ જૈન શાસ્ત્રગ્રંથોમાં 'અહિંસા'ના અર્થમાં પણ વપરાયો છે. વળી વીર્યાંતરાયના ક્ષય કે ક્ષયોપશમથી પ્રાપ્ત થતી શક્તિના અર્થમાં 'લબ્ધિ' શબ્દ વપરાયો છે.

લબ્ધિની શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે જુદી-જુદી વ્યાખ્યા આપી છે :

लभ्भनं लब्धिः । का पुनरसौ । ज्ञानावरणकर्म क्षयोपशमविशेषः । (લબ્ધિ એટલે પ્રાપ્ત થવું. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતા શક્તિવિશેષને લબ્ધિ કહેવામાં આવે છે.)

इन्द्रियनिवृत्तिहेतुः क्षयोपशमविशेषो लब्धिः । यत्संनिधानादात्मा द्रव्येन्द्रियनिवृत्तिं प्रति व्याप्रियते स ज्ञानावरणक्षयोपशमविशेषो विज्ञायते । (ઇન્દ્રિયની નિવૃત્તિના કારણભૂત એવો વિશિષ્ટ ક્ષયોપશમ તે લબ્ધિ. જેના સંનિધાનથી આત્મા દ્રવ્યેન્દ્રિયોના વ્યાપારમાં પ્રવૃત્ત થાય છે એવો જ્ઞાનાવરણના ક્ષયોપશમનો વિશેષ તેને લબ્ધિ કહેવામાં આવે છે.)

मतिज्ञानावरणक्षयोपशमोत्था विशुद्धजीवस्यार्थग्रहणशक्तिः लक्षणलब्धिः । (મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી વિશુદ્ધિથી જીવમાં પદાર્થોને ગ્રહણ કરવાની જે વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે તે લબ્ધિ.)

तपोविशेषात् ऋद्धिप्राप्तिर्लब्धिः । (તપવિશેષથી પ્રાપ્ત થતી ઋદ્ધિ તે લબ્ધિ.)

सम्मद्दंसण-णाण-चरणेसु जीवस्स समागमो लब्धिनाम । (લબ્ધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચરિત્ર સાથેનો જીવનો સમાગમ.)

विकरणा अणिमादयो मुक्तिपर्यन्ता इष्टवस्तूपलम्भा लब्धयः । (મુક્તિ સુધીની ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ કરાવી આપનાર અણિમાદિ વિક્રિયાઓ તે લબ્ધિ.)

गुणप्रत्ययो हि सामर्थ्य विशेषो लब्धिरिति प्रसिद्धिः । (ગુણોનો સામર્થ્ય વિશેષ લબ્ધિ તરીકે ઓળખાય છે.

आत्मनः शुभभावावरण क्षयोपशमो लब्धिः । (આત્માના શુભ ભાવના આવરણના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય તે લબ્ધિ.)

મનુષ્યમાં વિવિધ પ્રકારની શારીરિક અને માનસિક શક્તિઓ રહેલી છે. જ્યારે કોઇક વ્યક્તિમાં અસાધારણ એવી શક્તિ જોવા મળે તો લોકોને આશ્ચર્ય થાય છે. જ્યારે કેટલીક શક્તિઓ એવી છે કે જેનો પ્રભાવ નજરે ન જોયો હોય તો માન્યામાં ન આવે. સામાન્ય લોકોને એવી વાત ચમત્કારયુક્ત લાગે અને તેના તરફ શ્રદ્ધા કે અંધશ્રદ્ધાનો ભાવ ધારણ કરે. એવી શક્તિઓની વાત સાંભળી બૌદ્ધિક લોકોને તે અપ્રતીતિકર, ધતિંગ કે ગપ્પા જેવી લાગે; પણ તેઓને નજરે જોવાની તક મળે અને જાતે ખાતરી કરે તો તેઓ પણ તે માનવા તૈયાર થાય છે. કેટલાક નાસ્તિક માણસો આવી ઘટના નજરે જોયા પછી આસ્તિક કે શ્રદ્ધાવાન બની જાય છે.

એક શબ્દ સાંભળતાં આખી વાત સમજાઇ જવી, દૂર ક્યાંક બનતી ઘટનાઓનું જાણે નજરે નિહાળતા હોય તેમ જોવું અને વર્ણન કરવું, બીજાના મનમાં ઊઠતા વિચારો અને ભાવો બરાબર સમજી લેવા અને તે પ્રમાણે કહેવા, એક ઇન્દ્રિય દ્વારા બીજી ઇન્દ્રિયના વિષયને જાણી લેવો (જેમ કે સુગંધ પરથી પદાર્થનો રંગ કેવો હશે તે કહી આપવું), જમીનથી અધ્ધર રહેવું, આકાશમાં ગમન કરવું, હાથમાંથી કે વાણીમાંથી અમૃત ઝરતું હોય તેવો અનુભવ થવો, પાત્રમાં પડેલું અન્ન ખૂટે નહીં એવો ચમત્કાર થવો, તેજોલેશ્યાની પ્રાપ્તિ થવી (જે વડે કશુંક બાળી શકાય કે ઠંડું કરી શકાય), પોતાના શરીરના મેલ કે પરસેવા દ્વારા બીજાના રોગો મટાડી શકાય, પોતાના

ઝાડા કે પેશાબને અત્યંત સુગંધીમય બનાવી શકાય, શરીરના નખ, વાળ, દાંત વગેરે દ્વારા બીજાના રોગ મટાડી શકાય, પોતાની શક્તિથી ડુંગરને કંપાયમાન કરી શકાય, ઉપદ્રવ કે સંકટને તત્ક્ષણ શાંત કરી શકાય, વીંછી કે સર્પના ઝેરને ઉતારી શકાય, પોતાના વચન અનુસાર ઘટના કરી શકાય, વશીકરણ, સ્તંભન કે મોચન વગેરે ઘટનાઓ પણ કરી શકાય, પરકાયા પ્રવેશ કરી શકાય, શરીરને નાનું કે મોટું કરી શકાય — આવી-આવી ઘટનાઓ જેમના જીવનમાં થતી હોય તેવી વ્યક્તિઓએ કોઈક વિશેષ શક્તિ પ્રાપ્ત કરી છે એમ કહી શકાય. આવી શક્તિ તપના પ્રભાવે કે જ્ઞાનના વિકાસથી, કે અમુક કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. એને લબ્ધિ તરીકે ઓળખાવવામાં આવે છે. વર્તમાન દેશકાળ અનુસાર ઘણી લબ્ધિઓ ક્ષીણ થઈ ગઈ છે અથવા એવી લબ્ધિઓ ધરાવનાર મહાત્માઓ વિરલ થઈ ગયા છે.

વૈદિક દર્શનમાં વિશિષ્ટ પ્રકારની ચમત્કારિક શક્તિને માટે 'વિભૂતિ' શબ્દ વપરાયો છે. વેદો, ઉપનિષદો, પાતંજલ યોગસૂત્ર, ભગવદ્ગીતા, પુરાણો વગેરેમાં વિવિધ પ્રકારની વિભૂતિઓનું વર્ણન જોવા મળે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ દરેક પ્રકારના યોગાંગ દ્વારા અથવા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, તપ, ઈશ્વર પ્રણિધાન વગેરે દ્વારા આવી વિવિધ વિભૂતિઓ પ્રગટ થાય છે એમ ઉપનિષદો, યોગસૂત્ર, યોગદર્શન, ભગવદ્ગીતા ઈત્યાદિ ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે.

બૌદ્ધ પરંપરાના સાહિત્યમાં પણ લબ્ધિરૂપી વિવિધ ચમત્કારિક શક્તિઓના ઉલ્લેખો મળે છે. આવી લબ્ધિને બૌદ્ધ પરિભાષા પ્રમાણે 'અભિજ્ઞા' નામથી ઓળખવામાં આવે છે. 'વિશુદ્ધ મગ્ગ' નામના ગ્રંથમાં બતાવ્યું છે કે અભિજ્ઞાઓ બે પ્રકારની છે : (૧) લૌકિક અને (૨) લોકોત્તર. આકાશગમન (ઋદ્ધિવિધ), પશુ-પક્ષીઓની બોલીનું જ્ઞાન (દિવ્યસ્રોત), પરચિત્ત વિજ્ઞાનતા (ચૈતિપયેજ્ઞાન), પૂર્વજન્મનું જ્ઞાન (પૂર્વનિવાસાનુસ્મૃતિ), દૂર રહેલી વસ્તુઓનું દર્શન (ચિત્યોત્તપાદ) વગેરે અભિજ્ઞાઓ લૌકિક પ્રકારની છે. સાધક જ્યારે અર્હત્ અવસ્થાની પ્રાપ્તિ કરે છે અને લોકોને નિર્વાણમાર્ગ સમજાવવાને સમર્થ બને છે ત્યારે તેની તે શક્તિને લોકોત્તર અભિજ્ઞા કહેવામાં આવે છે.

લબ્ધિઓ કેટલી છે ? આમ જોવા જઈએ તો આત્માની જેટલી શક્તિ તેટલી લબ્ધિઓ છે એમ કહી શકાય. અર્થાત્ અનંત શક્તિમાન એવા આત્મામાંથી અનંત પ્રકારની લબ્ધિઓ પ્રગટ થઈ શકે. એટલા માટે ગૌતમસ્વામીને 'અનંતલબ્ધિનિધાન' અર્થાત્ અનંત લબ્ધિઓના ભંડાર તરીકે ઓળખાવવામાં આવે છે. પરંતુ કેટલીક વિશિષ્ટ લબ્ધિઓના જે ઉલ્લેખો જુદા-જુદા શાસ્ત્ર-ગ્રંથોમાં જોવા મળે છે એમાં પાંચ, દસ, અઠ્ઠાવીસ, અડતાલીસ, પચાસ કે ચોસઠ પ્રકારની વિભિન્ન લબ્ધિઓ છે.

લબ્ધિના પ્રકારો ભિન્ન-ભિન્ન દૃષ્ટિબિંદુથી ભિન્ન-ભિન્ન દર્શાવવામાં આવ્યા છે.

(૧) ક્ષયોપશમ લબ્ધિ (૨) વિશુદ્ધ લબ્ધિ (૩) દેશના લબ્ધિ (૪) પ્રાયોગ્યતા લબ્ધિ (૫) કરણ લબ્ધિ—એમ મુખ્ય પાંચ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવે છે. આ પાંચ પ્રકારની લબ્ધિમાં પ્રથમ ચાર લબ્ધિ ભવ્ય કે અભવ્ય બંને પ્રકારના જીવોને પ્રાપ્ત થાય છે; પરંતુ કરણ લબ્ધિ તો ફક્ત ભવ્ય જીવોને જ પ્રાપ્ત થાય છે, અને તે પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી.

ક્ષયોપશમને કારણે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને ક્ષયોપશમી લબ્ધિ કહેવામાં આવે છે.

પ્રતિસમય શુભ કર્મોના બંધમાં નિમિત્તભૂત અને અશુભ કર્મોના બંધની વિરોધી એવી લબ્ધિને વિશુદ્ધિ લબ્ધિ કહેવામાં આવે છે. કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ અનુભાગનો ઘાત કરીને અંતઃકોડાકોડી સ્થિતિમાં અને દ્વિસ્થાનીય અનુભાગમાં અવસ્થાન કરવું તેને પ્રાયોગ્ય લબ્ધિ કહેવામાં આવે છે.

ષડ્દ્રવ્ય અને નવતત્ત્વના ઉપદેશરૂપી ઉપદેશ આપવાની શક્તિને દેશનાલબ્ધિ કહેવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ જ આવી દેશનાલબ્ધિ ધરાવે છે.

કાલ, કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપી પાંચ ભેદોને કારણે લબ્ધિના પણ પાંચ પ્રકાર બતાવવામાં આવે છે. દાન, લાભ, ભોગ, પરિભોગ, વીર્ય, સમ્યક્ત્વ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર એમ નવ પ્રકારની કેવળલબ્ધિ બતાવવામાં આવે છે. ભગવતી સૂત્રમાં ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને દસ પ્રકારની લબ્ધિ બતાવી છે. જુઓ :

હે ગૌતમ, દસ પ્રકારની લબ્ધિ છે, જેમ કે (૧) જ્ઞાન-લબ્ધિ (૨) દર્શનલબ્ધિ (૩) ચારિત્રલબ્ધિ (૪) ચારિત્રાચારિત્ર લબ્ધિ (૫) દાનલબ્ધિ (૬) લાભલબ્ધિ (૭) ભોગલબ્ધિ (૮) ઉપભોગલબ્ધિ (૯) વીર્યલબ્ધિ અને (૧૦) ઇન્દ્રિયલબ્ધિ.

આ લબ્ધિઓમાં જ્ઞાનલબ્ધિના પાંચ, દર્શનલબ્ધિના ત્રણ, ચારિત્રલબ્ધિના પાંચ એમ દરેકના પેટા પ્રકાર પણ ભગવતી સૂત્રમાં દર્શાવ્યા છે.

'આવશ્યક નિર્યુક્તિ'માં તથા 'પ્રવચન સારોદ્ધાર'માં ૨૮ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવી છે. દિગમ્બર પરંપરાના ગ્રંથ 'ષટ્ ખંડાગમ'માં ૪૪ પ્રકારની, 'વિદ્યાનુશાસન'માં ૪૮ પ્રકારની, 'મંત્રરાજ રહસ્ય'માં તથા 'સૂરિમંત્ર બૃહત્કલ્પ વિવરણ'માં ૫૦ પ્રકારની અને 'તિલોય પણ્ણતી'માં ૬૪ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવી છે. કોઈ-કોઈ ગ્રંથોમાં કોઈક લબ્ધિનાં નામોમાં અથવા એના પેટા-વિભાગોમાં ફરક જોવા મળે છે.

સિદ્ધચક્રની આરાધનામાં પણ લબ્ધિઓનો મહત્ત્વનો ઉલ્લેખ છે. એમાં લબ્ધિધારકોને નમસ્કાર કરવામાં આવે છે. સિદ્ધચક્રમાં, એના યંત્રમાં એક આવર્તનમાં સોળ લબ્ધિપદ હોય છે. એ રીતે ત્રણ આવર્તનમાં સુપ્રસિદ્ધ એવાં ૪૮ લબ્ધિપદ આવે છે. ॐ ह्रीं अर्हं णमो — એ મંત્રપદ સહિત લબ્ધિધારકોને પ્રત્યેકને નમસ્કાર કરવામાં આવે છે.

'પ્રવચન સારોદ્ધાર'માં બતાવ્યા પ્રમાણે ૨૮ લબ્ધિઓ નીચે પ્રમાણે છે. આ લબ્ધિઓ તપના પરિણામથી પ્રગટ થાય છે. જયશેખરસૂરિએ 'ઉપદેશ ચિંતામણિ'માં લખ્યું છે તે પ્રમાણે : परिणामतववसेणं, एमाइं हुंति लद्धीओ ।(તપના પરિણામના વશથી આ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.)

(૧) आमर्ष औषधि (आमोसहि) : આમર્ષ એટલે સ્પર્શ. જે સ્પર્શ રોગનું નિવારણ કરનાર હોવાથી ઔષધિરૂપ હોય છે એને 'આમર્ષ ઔષધિ લબ્ધિ' કહેવામાં આવે છે. જે સાધકો પોતાના સ્પર્શ માત્રથી રોગનું નિવારણ કરવાની શક્તિ ધરાવતા હોય તેઓ આવી લબ્ધિવાળા કહેવાય છે.

(૨) विपृषौषधि (विप्पोसहि) : 'વિપૃષ' એટલે વિષ્ટા અને મૂત્ર. જે યોગીઓનાં મળ-મૂત્ર ઔષધિ તરીકે કામ લાગે અને રોગનું નિવારણ કરી શકે તેવા યોગીઓ વિપૃષ લબ્ધિવાળા કહેવાય છે.

(૩) खेलौषधिः 'ખેલ' એટલે શ્લેષ્મ અથવા બળખો. જે સાધકોના ખેલ એમની લબ્ધિને કારણે સુગંધિત થઈ જાય છે અને તે વડે તેઓ બીજાના રોગોનું નિવારણ કરવાને માટે સમર્થ બને છે તે ખેલૌષધિ લબ્ધિવાળા કહેવાય છે.

(૪) जल्लौषधिः 'જલ્લ' એટલે મેલ. આ લબ્ધિવાળા સાધકોના શરીરનો મેલ લબ્ધિના કારણે સુગંધિત થઈ જાય છે અને બીજાના રોગોનું નિવારણ કરવાને માટે સમર્થ બને છે. તેઓ જલ્લૌષધિ લબ્ધિવાળા કહેવાય છે.

(૫) सर्वौषधिः જે સાધકોના મળ-મૂત્ર-શ્લેષ્મ, મેલ, નખ, અને વાળ સુગંધવાળા અને વ્યાધિનો નાશ કરવા માટે સમર્થ હોય તેમની લબ્ધિ સર્વૌષધિ લબ્ધિ તરીકે ઓળખાય છે.

(૬) संभिन्नश्रोतः 'સંભિન્ન' એટલે પ્રત્યેક. આ પ્રકારની લબ્ધિવાળા યોગીઓ માત્ર કાનથી જ નહીં, શરીરના કોઈ પણ અંગ દ્વારા સાંભળવાને સમર્થ હોય છે. એમની જુદી-જુદી ઇન્દ્રિયો એક-બીજાનું કાર્ય કરવાને શક્તિમાન હોય છે.

(૭) अवधिज्ञानः જે મહાત્માઓને વર્તમાન તથા ભૂત, ભવિષ્યના રૂપી પદાર્થોનું દર્શન થાય છે અને ઉપયોગ મૂકી તે પ્રમાણે કથન કરવાને સમર્થ હોય છે તેઓની એ લબ્ધિને 'અવધિજ્ઞાન લબ્ધિ' કહેવામાં આવે છે.

(૮) ऋजुमतिः 'ૠજુ' એટલે સામાન્યથી. આમ આ લબ્ધિ મનઃપર્યવજ્ઞાનવાળા મુનિઓને પ્રાપ્ત થાય છે. એ દ્વારા તેઓ સંજ્ઞી જીવોના મનોગત ભાવોને સમાન્ય રૂપથી જાણી શકે છે.

(૯) विपुलमति : 'વિપુલ' એટલે વિસ્તારથી. મનઃપર્યવજ્ઞાનવાળા મુનિઓ આ લબ્ધિ દ્વારા ઘટપટ વગેરે વસ્તુના ધોળા, રાતા, વગેરે સમસ્ત પર્યાયોને ગ્રહણ કરી શકે છે.

(૧૦) चारण लब्धि (जंघा-चारण, विद्याचारण) : આ લબ્ધિવાળા સાધકો આકાશમાં આવવા-જવાની વિશિષ્ટ શક્તિ ધરાવે છે. જે મુનિઓ સૂર્યનાં કિરણો પકડીને એક પગલું ઉપાડીને તેરમા રૂચક દ્વીપે અને બીજું પગલું ઉપાડીને પોતાના સ્થાને પાછા આવે છે તેઓ જંઘાચારણ લબ્ધિવાળા કહેવાય છે. આવી લબ્ધિવાળા ઊર્ધ્વગતિમાં એક પગલું ઉપાડીને પાંડુક વનમાં જાય છે અને ત્યાંથી પાછા ફરતાં પહેલું ઉગલું ઉપાડીને નંદનવનમાં જાય છે અને બીજું પગલું ઉપાડીને પોતાના સ્થાનમાં પાછા આવે છે.

જે મુનિઓ પોતાની લબ્ધિથી પહેલું પગલું ઉપાડીને મનુષ્યોત્તર પર્વતે જાય છે અને બીજું પગલું ઉપાડીને નંદીશ્વર દ્વીપે જાય છે અને ત્યાંથી પાછા ફરતાં એક પગલું ઉપાડીને પોતાના સ્થાનકે પાછા આવી જાય છે તેઓ વિદ્યાચારણ લબ્ધિવાળા કહેવાય છે. આ લબ્ધિવાળા મુનિઓ ઊર્ધ્વગતિમાં પહેલું પગલું ઉપાડીને નંદનવનમાં અને બીજું પગલું ઉપાડીને પાંડુક વનમાં જાય છે. ત્યાંથી પાછાં ફરતાં એક જ પગલું ઉપાડીને પોતાના સ્થાને આવી જાય છે.

(૧૧) आशीविषः આ લબ્ધિવાળા યોગીઓ ફક્ત એક વચન બોલીને શાપ (અથવા આશીર્વાદ) આપવાની શક્તિ ધરાવે છે.

(૧૨) केवली જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મોના ક્ષયથી કેવળજ્ઞાનરૂપ લબ્ધિ પ્રગટ થાય છે.

(૧૩) गणधर : આ લબ્ધિ પ્રાપ્ત કરનાર તીર્થંકર ભગવાનના ગણધરનું પદ મેળવવાને સમર્થ બને છે.

(૧૪) पूर्वधर : આ લબ્ધિ મેળવનાર મહાત્માઓ અંતરમુહૂર્તમાં (બે ઘડીમાં) ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવી શકે છે.

(૧૫) अरिहंत : આ લબ્ધિ દ્વારા અરિહંત ભગવાનનું પદ મેળવી શકાય છે.

(૧૬) चक्रवर्ती : આ લબ્ધિ દ્વારા ચક્રવર્તીનું પદ મેળવી શકાય છે. ચક્રવર્તી એટલે છ ખંડ ધરતીના સ્વામી અને ચૌદ રત્નના ધારક કહેવાય છે.

(૧૭) बलदेव : આ લબ્ધિ દ્વારા બલદેવના પદની પ્રાપ્તિ થાય છે.

(૧૮) वासुदेव : આ લબ્ધિ દ્વારા વાસુદેવના પદની પ્રાપ્તિ થાય છે.

(૧૯) क्षीरमधुसर्पिराश्रव : 'ક્ષીર' એટલે ચક્રવર્તીની ગાયનું દૂધ. મધુ એટલે સાકર વગેરે પદાર્થો, સર્પિ એટલે અતિશય સુગંધવાળું ઘી. આવી લબ્ધિવાળા મહાત્માઓની વાણી સાંભળનારા માણસોને દૂધ, મધ તથા ઘીની મધુરતા જેવો અનુભવ થાય છે.

(૨૦) कोष्ठबुद्धि : 'કોષ્ટ' એટલે કોઠાર. કોઠારમાં રાખેલું ધાન્ય ઘણા લાંબા સમય સુધી એવું ને એવું સારું રહે છે અને બગડી જતું નથી, તેવી રીતે ગુરુના મુખથી એક વખત શ્રવણ કરેલાં વચનો સ્મૃતિમાં એવાં ને એવાં હંમેશને માટે સચવાઈ રહે તેને કોષ્ટક બુદ્ધિ લબ્ધિ કહેવામાં આવે છે.

(૨૧) पदानुसारिणी શ્લોકના કોઈ પણ એક પદને સાંભળવાથી આખા શ્લોકનાં બધાં પદો સમજાઈ જાય તેને પદાનુસારિણી લબ્ધિ કહેવામાં આવે છે.

(૨૨) बीजबुद्धिः એક અર્થ પરથી ઘણા અર્થોને ધારણ કરનારી બુદ્ધિ તે બીજબુદ્ધિ કહેવાય છે.

(૨૩) तैजसी (तेजोलेश्या) ક્રોધે ભરાયેલા સાધુ જેના ઉપર ક્રોધ કર્યો હોય તેવા માણસોને અથવા સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થોને, પર્વત કે મોટાં નગરોને પોતાના મુખમાંથી નીકળેલી જ્વાળા વડે બાળી નાખવાને સમર્થ હોય તે તેજસી લબ્ધિવાળા (તેજોલેશ્યાવાળા) કહેવાય છે.

(૨૪) आहारक શરીરના પ્રકારોમાં એક પ્રકાર તે આહારક શરીરનો છે. આહારક લબ્ધિવાળા મહાત્માઓ પોતાના સંશયનું નિવારણ કરવાને માટે અથવા તીર્થંકર ભગવાનનું સાક્ષાત્ દર્શન કરવાને માટે પોતાના શરીરમાંથી એક હાથ જેટલું પોતાની આકૃતિનું પૂતળું પોતાના મસ્તકમાંથી બહાર કાઢી તીર્થંકર ભગવાન પાસે મોકલે અને સંશયનું સમાધાન કરી, દર્શન કરી પાછું આવી એ પૂતળું પોતાના શરીરમાં દાખલ થઈ જાય છે. આવી લબ્ધિ આહારક લબ્ધિ તરીકે ઓળખાય છે.

(૨૫) शीतलेश्या તેજોલેશ્યાથી રક્ષણ કરવા માટે પ્રાપ્ત થયેલી શક્તિ તે શીતલેશ્યા કહેવાય છે. એ જ્યારે છોડવામાં આવે છે ત્યારે શીતળતા પ્રસરે છે. એથી તેજોલેશ્યા ખાસ અસર કરી શકતી નથી.

(૨૬) वैक्रिय देहधारी આ લબ્ધિથી શરીરને નાનું, મોટું, હલકું કે ભારે કરી શકાય છે અને શરીરનું રૂપ પણ બદલી શકાય છે.

(૨૭) अक्षीण महानसी : આ પ્રકારની લબ્ધિથી નિપજાવેલું ભોજન પોતે ખાય તો જ ખૂટે, પરંતુ બીજા અનેક માણસો ખાય તો પણ ખૂટે નહીં. અર્થાત્ લબ્ધિધારી યોગી પોતે જ્યાં સુધી આહાર ન કરે ત્યાં સુધી ખાવાનું ખૂટતું નથી.

(૨૮) पुलाक : આ લબ્ધિ દ્વારા સાધક એવી શક્તિ પ્રાપ્ત કરે છે કે પોતાના દંડમાંથી પૂતળું કાઢીને શત્રુની સેનાને પરાજિત કરી શકે છે. ચક્રવર્તીનો પણ નાશ કરવાને તે સમર્થ થાય છે.

શ્રી જિનપ્રભસૂરિ કૃત 'સૂરિમંત્ર બૃહત્‌કલ્પ વિવરણ'માં નીચે પ્રમાણે પચાસ લબ્ધિઓનો ઉલ્લેખ છે :

(૧) જિનલબ્ધિ (૨) અવધિલબ્ધિ (૩) પરમાવધિલબ્ધિ (૪) અનન્તાવધિલબ્ધિ (૫) અનન્તાન્તાવધિલબ્ધિ (૬) સર્વાવધિલબ્ધિ (૭) બીજબુદ્ધિ લબ્ધિ (૮) કોષ્ટબુદ્ધિ લબ્ધિ (૯) પદાનુસારી લબ્ધિ (૧૦) સંભિન્ન શ્રોતલબ્ધિ (૧૧) ક્ષીરાસ્રવલબ્ધિ (૧૨) મધ્વાસ્રવલબ્ધિ (૧૩) અમૃતાસ્રવલબ્ધિ (૧૪) અક્ષીણ મહાનસીલબ્ધિ (૧૫) આમર્ષૌષધિલબ્ધિ (૧૬) વિપૃષૌષધિલબ્ધિ (૧૭) શ્લેષ્મૌષધિલબ્ધિ (૧૮) જલ્લૌષધિલબ્ધિ (૧૯) સર્વૌષધિલબ્ધિ (૨૦) વૈક્રિયલબ્ધિ (૨૧) સર્વલબ્ધિ (૨૨) ઋજુમતિલબ્ધિ (૨૩) વિપુલમતિલબ્ધિ (૨૪) જંઘાચારણલબ્ધિ (૨૫) વિદ્યાચારણલબ્ધિ (૨૬) પ્રજ્ઞાશ્રમણલબ્ધિ (૨૭) વિદ્યસિદ્ધલબ્ધિ (૨૮) આકાશગામી લબ્ધિ (૨૯) તપ્તલેશ્યાલબ્ધિ (૩૦) શીતલેશ્યાલબ્ધિ (૩૧) તેજોલેશ્યા લબ્ધિ (૩૨) વાગ્‌વિષ લબ્ધિ (૩૩) આશીવિષ લબ્ધિ (૩૪) દષ્ટિવિષ લબ્ધિ (૩૫) ચારણ લબ્ધિ (૩૬) મહાસ્વપ્ન લબ્ધિ (૩૭) તેજાગ્નિનીસર્ગ લબ્ધિ (૩૮) વાદિલબ્ધિ (૩૯) અષ્ટાંગ નિમિત્ત કુશલ લબ્ધિ (૪૦) પ્રતિમાપ્રતિપન્ન લબ્ધિ (૪૧) જિનકલ્પ પ્રતિપન્ન લબ્ધિ (૪૨) અણિમાદિ સિદ્ધિલબ્ધિ (૪૩) સામાન્ય કેવલી લબ્ધિ (૪૪) ભવત્થ કેવલી લબ્ધિ (૪૫) અભવત્થ કેવલી લબ્ધિ (૪૬) ઉગ્રતપ લબ્ધિ (૪૭) દીપ્ત તપલબ્ધિ (૪૮) ચતુર્દશપૂર્વલબ્ધિ (૪૯) દશપૂર્વલબ્ધિ (૫૦) એકાદશાંગ (શ્રુત) લબ્ધિ.

જૈન ધર્મમાં આમ પચાસ પ્રકારની લબ્ધિનો મહિમા બહુ વર્ણવાયો છે. ઉગ્ર તપશ્ચર્યાથી પ્રગટ થતી આ વિશિષ્ટ લબ્ધિઓ છે. આપણા ધાર્મિક સાહિત્યમાં નીચેનો દુહો પ્રચલિત છે :

**કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ;**
**પચાશ લબ્ધિ ઊપજે, નમો નમો તપ ગુણ ખાણ.**

(તપને ભાવ મંગલ જાણવું, કારણ કે તે ગમે તેવાં ચીકણાં કર્મો ખપાવી દે છે અને પચાસ લબ્ધિઓને ઉત્પન્ન કરે છે. આવા મહાન ગુણના સ્થાનરૂપ તપને વારંવાર નમસ્કાર હો.)

આ બધી લબ્ધિઓમાંથી શ્વેતાંબર પરંપરાની માન્યતા અનુસાર અરિહંતલબ્ધિ, ચક્રિલબ્ધિ, વાસુદેવલબ્ધિ, બલદેવલબ્ધિ, સંભિન્નલબ્ધિ, ચારણલબ્ધિ, પૂર્વલબ્ધિ, ગણધરલબ્ધિ, પુલાકલબ્ધિ અને આહારકલબ્ધિ અભવ્ય પુરુષોને, અભવ્ય સ્ત્રીઓને અને ભવસિદ્ધિક સ્ત્રીઓને પ્રાપ્ત થતી નથી. વળી અભવ્ય પુરુષો અને અભવ્ય સ્ત્રીઓને કેવલીલબ્ધિ, ઋજુમતિ લબ્ધિ અને વિપુલમતિ લબ્ધિ પણ પ્રાપ્ત થતી નથી. ભવસિદ્ધિક સ્ત્રીઓને અરિહંત લબ્ધિ જો પ્રાપ્ત થતી નથી તો મલ્લિનાથ સ્ત્રી તરીકે તીર્થંકર કેવી રીતે થયા એવા પ્રશ્નના જવાબમાં શાસ્ત્રકારો કહે છે કે એ અપવાદરૂપ છે અને એટલા માટે એ ઘટનાની ગણના 'અચ્છેરા'માં થાય છે.

લબ્ધિ વિવિધ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. લબ્ધિની પ્રાપ્તિ માટે 'લબ્ધિવિધાન'ના પ્રકારની એક તપશ્ચર્યાનો ઉલ્લેખ પણ શાસ્ત્રગ્રંથોમાં મળે છે. એમાં વિશેષતઃ ભાદ્રપદ, મહા અને ચૈત્ર મહિનાની અમુક નિશ્ચિત તિથિએ એક ઉપવાસ અને પારણું અથવા બે ઉપવાસ અને પારણું અથવા ત્રણ ઉપવાસ અને પારણું અથવા એક ઉપવાસ અને એકાસણું અથવા એક કે બે ઉપવાસ અને એકાસણું એમ વિવિધ રીતે તપ કરવાનું હોય છે. સતત સળંગ આવી છ વર્ષ સુધી તપશ્ચર્યા કરવામાં આવે અને દિવસમાં ત્રણ વખત 'ॐ ह्रीं महावीराय नमः ।'—આ મંત્રનો જાપ કરવામાં આવે તો એ પ્રકારના તપ અથવા વ્રતને 'લબ્ધિવિધાન' તપ તરીકે ઓળખવામાં આવે છે. તેજોલેશ્યાની લબ્ધિની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્ય વ્રત સહિત છઠ્ઠને પારણે છઠ્ઠ કરવામાં આવે અને પારણામાં એક મૂઠી બાફેલા અડદ અને એક અંજલિ જેટલું પાણી લેવામાં આવે છે એ પ્રકારની 'અપાનકેન' નામની તપશ્ચર્યા અમુક વર્ષ સુધી કરવાનું વિધાન છે. પરંતુ એવી તપશ્ચર્યા કરવા માટે જોઈતું શરીરબળ વર્તમાન સમયમાં રહ્યું નથી એમ મનાય છે.

લબ્ધિ મેળવવાની લાલસાથી ઉગ્ર તપશ્ચર્યા કરવામાં આવે એ એક સ્થિતિ છે ને કર્મક્ષયના આશયથી, મોક્ષપ્રાપ્તિના ધ્યેયથી ઉગ્ર તપશ્ચર્યા કરવામાં આવે અને એમ કરવા જતાં સહજ રીતે લબ્ધિઓ પ્રગટ થવા લાગે એ બીજી સ્થિતિ છે. આત્માને માટે આ બીજી સ્થિતિ જ વિશેષ હિતકર છે.

વિશિષ્ટ પ્રકારની ચમત્કારિક શક્તિ માટે 'લબ્ધિ' ઉપરાંત 'વિદ્યા' શબ્દ પણ જૈન શાસ્ત્રગ્રંથોમાં વપરાયેલો જોવા મળે છે. ત્યાં 'વિદ્યા'નો અર્થ છે એકસરખા વિષયની જુદી-જુદી લબ્ધિઓનો સમૂહ. આમ 'વિદ્યા' શબ્દમાં લબ્ધિનો અર્થ સમાવિષ્ટ છે. આઠ જુદા-જુદા પ્રકારની વિદ્યા માટે કઈ-કઈ લબ્ધિઓ પ્રગટ થયેલી હોવી જોઈએ તે માટે નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે :

(૧) બંધમોક્ષિણી વિદ્યા (બંધનમાંથી છોડાવવાની વિદ્યા) માટે જિનલબ્ધિ, અવધિલબ્ધિ પરમાવધિલબ્ધિ, અનંતાવધિલબ્ધિ, અનન્તાનન્તાવધિલબ્ધિ, સ્વયંબુદ્ધ લબ્ધિ, પ્રત્યેક બુદ્ધ લબ્ધિ અને બુદ્ધબોધિતલબ્ધિ એ આઠ લબ્ધિઓ જોઈએ.

(૨) પરવિદ્યોચ્છેદની (બીજાઓની વિદ્યાઓનો ઉચ્છેદ કરનારી) વિદ્યા માટે ઉગ્રતપલબ્ધિ, ચારણલબ્ધિ, દીપ્તતપલબ્ધિ અને પ્રતિમાપ્રતિપન્નલબ્ધિ એ ચાર લબ્ધિઓ જોઈએ.

(૩) સરસ્વતી (જ્ઞાન વધારનારી) વિદ્યા માટે ચતુર્દશપૂર્વલબ્ધિ, દશપૂર્વલબ્ધિ, એકાદશાંગલબ્ધિ, પદાનુસારી લબ્ધિ, ઋજુમતિલબ્ધિ અને વિપુલમતિલબ્ધિ એ છ લબ્ધિઓ જોઈએ.

(૪) રોગાપહારિણી (રોગ મટાડનારી) વિદ્યા માટે શ્લેષ્મૌષધિલબ્ધિ, વિપૃષૌષલબ્ધિ, જલ્લૌષધિલબ્ધિ, આમર્ષૌષધિલબ્ધિ અને સર્વૌષધિલબ્ધિ એ પાંચ લબ્ધિઓ જોઈએ.

(૫) વિષાપહારિણી (વિષ ઉતારનારી) વિદ્યા માટે વિદ્યાસિદ્ધ લબ્ધિ, ક્ષીરાસ્રવલબ્ધિ અને મધ્યાસ્રવલબ્ધિ તથા અમૃતાસ્રવલબ્ધિ – એ ચાર લબ્ધિઓ જોઈએ.

(૬) શ્રી સંપાદિની (લક્ષ્મી વધારનારી) વિદ્યા માટે બીજબુદ્ધિ લબ્ધિ, કોષ્ઠબુદ્ધિલબ્ધિ, સંભિન્ન શ્રોતલબ્ધિ, અક્ષીણ મહાનસીલબ્ધિ અને સર્વલબ્ધિ – એ પાંચ લબ્ધિઓ જોઈએ.

(૭) દોષ નિર્નાશિની (ભૂતપ્રેતાદિના દોષ નિવારનારી) વિદ્યા માટે વૈક્રિયલબ્ધિ, આકાશગમન લબ્ધિ, જંઘાચારણ લબ્ધિ અને વિદ્યાચારણ લબ્ધિ – એ ચાર લબ્ધિઓ જોઈએ.

(૮) આશિવોપશમની (ઉપસર્ગો શાંત કરનારી) વિદ્યા માટે તેજોલેશ્યાલબ્ધિ, શીતલેશ્યાલબ્ધિ, તપ્તલેશ્યાલબ્ધિ, દષ્ટિવિષલબ્ધિ, આશીવિષલબ્ધિ, વાગ્વિષલબ્ધિ, ચારણલબ્ધિ, મહાસ્વપ્નલબ્ધિ અને તેજોગ્નિનિર્ગલબ્ધિ એ નવ લબ્ધિઓ જોઇએ.

લબ્ધિ શબ્દની સાથે સિદ્ધિ શબ્દ પણ વપરાય છે. વસ્તુતઃ લબ્ધિ એ જ સિદ્ધિ છે. લબ્ધિની સિદ્ધિ અથવા લબ્ધિની પ્રાપ્તિ એ લબ્ધિસિદ્ધિ તરીકે ગણાવવામાં આવે છે. આમ છતાં આઠ પ્રકારની મહાસિદ્ધિઓ નીચે પ્રમાણે દર્શાવવામાં આવે છે જેનો સમાવેશ એક અથવા બીજી લબ્ધિમાં થઇ શકે છે :

(૧) અણિમા—અણુ જેટલા થઇ જવાની શક્તિ.

(૨) લઘિમા—હલકા થઇ જવાની શક્તિ.

(૩) મહિમા—પર્વત જેટલા મોટા થઇ જવાની શક્તિ.

(૪) પ્રાપ્તિ—દૂરની વસ્તુને પાસે લાવવાની શક્તિ.

(૫) પ્રાકામ્ય—ઇચ્છા અવશ્ય પાર પડે જ એવી શક્તિ.

(૬) વશિત્વ—વશ કરવાની શક્તિ.

(૭) ઇશિત્વ—બીજા ઉપર સત્તા ચલાવવાની શક્તિ.

(૮) યત્રકામાવસાયિત્વ — બધા સંકલ્પો પાર પાડવાની શક્તિ.

એક વખત લબ્ધિ પ્રગટ થઇ એટલે તે કાયમને માટે રહે જ, એવું હંમેશાં બનતું નથી. મન, વચન અને કાયાના અશુભ-અશુદ્ધ યોગને કારણે આત્મા જ્યારે ફરી પાછો મલિન થવા લાગે છે ત્યારે લબ્ધિઓનું બળ ઘટવા લાગે છે, એટલે કે ચમત્કારિક શક્તિઓ ઓસરવા લાગે છે. એક વખત લબ્ધિ પ્રગટ થાય અને માણસને પોતાને એની ખાતરી થાય તે પછી આત્માને સંયમમાં રાખવાનું કામ ઘણું અઘરું છે. જેઓ પરકલ્યાણ અર્થે ગુપ્ત રીતે લબ્ધિનો ઉપયોગ કરે છે અને રાગદ્વેષ રહિત એવી પોતાની દશાને ટકાવી રાખે છે તેઓની લબ્ધિ ઝાઝો સમય અથવા કાયમને માટે સચવાઇ રહે છે. પરંતુ જેઓ લોકૈષણા પાછળ પડી જાય છે, વારંવાર પોતાની તેવી શક્તિનો ઉલ્લેખ કરવા લાગી જાય છે, તે વડે બીજાને ડરાવવા કે વશ કરવા લાગે છે ત્યારે તેઓની તેવી લબ્ધિ ક્ષીણ થવા લાગે છે. એક વખત પ્રગટેલી લબ્ધિ લુપ્ત થઇ ગયા પછી ફરી પાછી તેવી લબ્ધિ તે જ જન્મમાં મેળવવાનું કાર્ય દુર્લભ બની જાય છે.

ગુણસ્થાનકની દષ્ટિએ વિચારીએ તો આત્મા જેમ-જેમ નિર્મળ થતો જાય તેમ-તેમ ઉપરના ગુણસ્થાનકે ચડતો જાય છે. એમાં દસમા ગુણસ્થાનકે પહોંચેલા આત્માને જાત-જાતની લબ્ધિઓ પ્રગટ થવા લાગે છે. પરંતુ આ લબ્ધિઓ પ્રત્યે જો તે આકર્ષાય તો ફરી પાછો તે નીચે પડવા લાગે છે. મોહનીય કર્મનો સદંતર ક્ષય થયો હોતો નથી એટલે જીવ પોતાનામાં પ્રગટ થયેલી આવી અદ્ભુત શક્તિઓ જોઇને રાજી થાય છે, તેમાં રાચે છે અને તેના પ્રયોગો કરવા માટે લલચાય છે. એટલે કે આ લબ્ધિઓને વાપરવા માટેનો સૂક્ષ્મ લોભ હજુ ગયો નથી હોતો. માટે આ ગુણસ્થાનકને સૂક્ષ્મ સંપરાય તરીકે ઓળખાવવામાં આવે છે. લબ્ધિ-સિદ્ધિઓની દષ્ટિએ ભવ્યાત્માઓની કસોટી કરનારું આ મહત્ત્વનું ગુણસ્થાનક છે.

પોતાનામાં પ્રગટ થયેલી લબ્ધિઓ પ્રત્યે અનાસક્ત રહેવું તે સાધક માટે અત્યંત મહત્ત્વનું છે. સામાન્ય રીતે સાચા સાધકો પોતાનામાં પ્રગટ થયેલી લબ્ધિઓનું ગોપન કરે છે. પરહિત માટે, યુદ્ધ, દુકાળ કે અન્ય પ્રકારની આપત્તિ આવી પડે ત્યારે આવી લબ્ધિનો તેઓ ઉપયોગ કરે છે; પરંતુ એ લબ્ધિઓનો પોતાના સ્વાર્થ માટે કે વાસનાઓના સંતોષ માટે ક્યારેય ઉપયોગ કરતા નથી. સનતકુમાર ચક્રવર્તીની જેમ લબ્ધિઓ પ્રત્યે પણ તેઓ નિઃસ્પૃહ રહે છે. દસમા ગુણસ્થાનકમાં આવી લબ્ધિઓ જ્યારે પ્રગટ થઈ હોય ત્યારે તે માટે મનથી પણ રાજી ન થવાનો ભાવ રાખવાનો હોય છે, કારણ કે એવી લબ્ધિશક્તિ માટેનો સૂક્ષ્મ લોભ પણ આત્માને નીચો પાડે છે. જેઓ આ કસોટીમાંથી પાર પડે છે, તેઓ ઉપરના ગુણસ્થાનકે ચડી શકે છે. એટલા માટે ઊંચી આધ્યાત્મિક સાધનાના વિષયમાં અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં આવી લબ્ધિઓનું બહુ મૂલ્ય નથી.

* * *



• દિક્ષિત અગિયાર પંડિતોને ભગવાન મહાવીરના આશિ઼ર્વચનો

# લબ્ધિસ્તવ [વ્યાખ્યા સહિત]

સંકલન : પૂ. મુનિશ્રી સર્વોદયસાગરજી મ.

લબ્ધિઓના પ્રકાર, અર્થ, મહત્ત્વ વગેરે સંબંધમાં પૂજ્ય મુનિશ્રી સર્વોદયસાગરજી મહારાજશ્રીએ સંકલન કરેલી નોંધ અત્રે મૂકી છે. પૂ. મુનિશ્રીએ પ્રાચીન અને અર્વાચીન સાહિત્યનું ઘણું ખેડાણ કર્યું છે. પ્રાચીન સ્તોત્રોના આધારે સંખ્યાબંધ મહાપૂજનો પ્રકાશિત કર્યાં છે. 'ગુણમંજૂષા'ના અન્વયે પચાસ જેટલાં પુસ્તકોનું તેમણે સંપાદનકાર્ય કર્યું છે. પૂજ્યશ્રી શાસનપ્રેમી અને મધુરભાષી છે. —સંપાદક

અહીં ગૌતમ ગણધર લબ્ધિઓને વિષે કહે છે–

**जा जस्स तुह पसाया, पसायओ सम्भवन्ति वा लद्धी ।**
**सिरिवीर! तस्स तव्वन्नणेन थोसामि सामि तुमं ॥१॥**

अन्वय—हे सिरि वीर सामी! जा लद्धि जस्स तुह पसाया पसायओ वा सम्भवन्ति तस्स तव्वन्नणेन तुमं थोसामि ॥१॥

व्याख्या—हे श्री वीर स्वामिन्! लब्धयः यस्य प्राणिनः तव प्रसादरूपाः सन्ति । प्रसादात् वा सम्भवन्ति । तस्य प्राणिनः तासां लब्धिनां वर्णनेन तद्वर्णनेन अहं तुमं त्वां स्तवीमि, इति सम्बन्धः ॥

અર્થ–હે શ્રી વીર સ્વામી ભગવાન્ ! જે પ્રાણીને તમારા પ્રસાદરૂપ લબ્ધિઓ પ્રાપ્ત થાય અથવા તમારા પ્રસાદથી અર્થાત્ કૃપાથી લબ્ધિઓ મળે છે તે પ્રાણીના તે લબ્ધિઓનું વર્ણન કરીને હું તમારી સ્તુતિ (સ્તવના) કરું છું.

**जुग्गस्स तुह पसाओ न तं विणा जुग्गया विभित्तुमिमह ।**
**अन्नोन्नासय दोसं पसिय जहा हुंति मा लद्धि ॥२॥**

अन्वय—जुग्गस्स तुह पसाओ । तं विणा दुग्गया न । इमं अन्नोन्नासयदोसं विभित्तुं पसिय। जहा मा लद्धि हुन्ति ॥२॥

व्याख्या—योग्यस्य तव प्रसादो भवति । तं प्रसादं विना अन्यस्य योग्यता नास्ति । इमम् अन्योन्याश्रयदोषं विभेत्तुं प्रसीद प्रसादं कुरु । यथा मम एता लब्धयो भवन्ति ॥२॥

અર્થ–હે ભગવાન ! યોગ્ય વ્યક્તિ ઉપર જ તમારી કૃપા થાય છે. અને તમારી કૃપા વગર બીજાને યોગ્યતા પ્રાપ્ત થતી નથી. એવી રીતે અન્યોન્યાશ્રય દોષ આવે છે. આ દોષને ટાળવા માટે હે ભગવાન્ ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. કૃપા કરો; જેથી આ લબ્ધિઓ મને પ્રાપ્ત થશે ॥૨॥

**लद्धियो-सम्माणु सव्वविरई मल विप्पा मोसे खेल-सव्वुसही ।**
**विउव्वाणसीविस ओही रिउमई विउलमई केवलयं ॥३॥**

**संभिन्न चक्कि जिण-हरि-बल चारणा पुव्व गणहर पुलाए ।**
**आहारग-महुघयखीरआसवे कुट्ठबुद्धी य ॥४॥**

**बीयमई पयाणुसारी अक्खीणग-तेय-सीयलेसाई ॥**
**इय सयललद्धि संखाओ भवियमणुयाण पइ तुट्ठे ॥५॥**

शेषाः गाथाः स्पष्टाः ।

ઉપરોક્ત શ્લોકોમાં વર્ણવેલ ૩૧ પ્રકારની લબ્ધિઓ આ પ્રમાણે છે : (૧) સમ્ક્ત્વલબ્ધિ, (૨) અણુલબ્ધિ, (૩) સર્વ વિરતિ, (૪) મલલબ્ધિ, (૫) વિપ્રુટ લબ્ધિ, (૬) આમર્ષ લબ્ધિ, (૭) ખેલ (શ્લેષ્મા)લબ્ધિ, (૮) સર્વૌષધિ લબ્ધિ, (૯) વિક્રિયા લબ્ધિ, (૧૦) આશીવિષ લબ્ધિ, (૧૧) અવધિ લબ્ધિ, (૧૨) ઋજુમતિ લબ્ધિ, (૧૩) વિપુલમતિ લબ્ધિ, (૧૪) કેવલ લબ્ધિ, (૧૫) સંભિન્ન લબ્ધિ, (૧૬) ચક્રી લબ્ધિ, (૧૭) જિણ લબ્ધિ, (૧૮) વાસુદેવ લબ્ધિ, (૧૯) બલદેવ લબ્ધિ, (૨૦) ચારણલબ્ધિ, (૨૧) પૂર્વ લબ્ધિ, (૨૨) ગણધર લબ્ધિ, (૨૩) પુલાક લબ્ધિ, (૨૪) આહારક લબ્ધિ, (૨૫) મધુ-ઘૃત-ક્ષીર-આશ્રવ લબ્ધિ, (૨૬) કુષ્ઠબુદ્ધિ લબ્ધિ, (૨૭) બીજમતિ લબ્ધિ, (૨૮) પદાનુસારી લબ્ધિ, (૨૯) આક્ષીણગ લબ્ધિ, (૩૦) તેજોલેશ્યા લબ્ધિ અને (૩૧) શીતલેશ્યા લબ્ધિ. હે ભગવાન! આ બધી લબ્ધિઓ તમે સંતુષ્ટ થાઓ ત્યારે ભવ્ય મનુષ્યોને પ્રાપ્ત થાય છે.

व्याख्या— (१) सम्म०। (सम्यक्त्वम्) तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वम् । तच्चानेकविधम् । यदुक्तं दंसणमिह

सम्मत्तं तं पुण तत्तत्तसद्दहणरुवं ।
खइयं खओवसमियं तहोवसमियं नायव्वं ॥३॥
अवउज्झिय मिच्छतो जिणचेइय साहूपूयणुज्जुत्तो ।
आयारमट्ठभेयं जो पालेइ तस्स सम्मत्तं ॥४॥

અર્થ—એ જિનશાસનમાં દર્શન એ જ સમ્યક્ત્વ છે તે જિનેશ્વર ભગવાને નિરૂપેલાં તત્ત્વોને વિષે શ્રદ્ધારૂપ હોય છે તે દર્શન (સમ્યક્ત્વ) ત્રણ પ્રકારનો હોય છે : (૧) ક્ષાયિક સમ્યક્ત્વ, (૨) ક્ષયોપશમિક સમ્યક્ત્વ, (૩) ઔપશમિક સમ્યક્ત્વ. મિથ્યાત્વનો ત્યાગ કરીને જિનેશ્વર ભગવાન ચૈત્ય અને સાધુઓની પૂજા કરવામાં જે ઉદ્યુક્ત હોય છે અને આઠ પ્રકારના આચારને પાળે છે તે સમ્યક્ત્વને પામે છે, તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

(२) अणुलब्धि :— अणुशरीरविकरणशक्तिः । यथा बिशच्छिद्राणि प्रविशति । तत्र चक्रवर्ति भोगानपि भुङ्क्ते ।

અર્થ—શરીરને અણુ પ્રમાણ કરવાની શક્તિને અણુલબ્ધિ કહેવાય છે. આ લબ્ધિના યોગે લબ્ધિધારી શરીરને અણુરૂપ બનાવી શકે છે અને કમલના બિસતન્તુના સૂક્ષ્મ છિદ્રમાં પણ પ્રવેશ કરે છે અને ત્યાં ચક્રવર્તીના ભોગોને પણ ભોગવે છે.

(३) सर्व विरतिः — सर्व विरतिः सप्तदशधा विशुद्धा । यदुक्तम्

पञ्चास्रवाद् विरमणं पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।
दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥१॥ ॥३॥

અર્થ :–વિશુદ્ધ સર્વવિરતિ સત્તર પ્રકારની હોય છે. કહેલું છે કે પાંચ આશ્રવોથી વિરામ પામવું. પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો. ચાર કષાયો ઉપર વિજય મેળવવો અને ત્રણ દણ્ડોથી વિરામ પામવો. એ પ્રમાણે સત્તર પ્રકારનો સંયમ હોય છે.

(૪) मललब्धिः–मलो जल्लः सुगन्धश्च तल्लब्धिमन्तः । इयमत्र भावना–इह मलौषधिलब्धिः कस्यापि शरीरैकदेशे समुत्पद्यते । कस्यापि सर्वशरीरे । तेनात्मानं परं वा यदा व्यपगम बुद्धा लिम्पति तदा तद्व्याधेरपगमो भवति ॥४॥

અર્થ–જે લબ્ધિ વડે શરીરમાં ઉત્પન્ન થયેલો મલ સુગંધી થાય છે તે લબ્ધિને મલલબ્ધિ કહેવાય છે. તે લબ્ધિવાળાઓને મલલબ્ધિવાળા કહેવાય છે–અહીં એવી ભાવના છે. એ મલલબ્ધિ કોઇને શરીરના એક ભાગમાં ઉત્પન્ન થાય છે તો કોઇને સઘળા શરીરમાં ઉત્પન્ન થાય છે. આ લબ્ધિ વડે શરીર-ઇન્દ્રિયોમાં ઉપન્ન થયેલા મળમાં સુગંધ આવે છે અને તેનો શરીરને લેપ કરવાથી રોગ દૂર થાય છે. જ્યારે પોતાના શરીર ઉપર અથવા બીજા કોઇના શરીર ઉપર રોગને મટાડવાની બુદ્ધિથી એમના મલનો લેપ કરાય છે, ત્યારે એનો રોગ દૂર હટે છે.

(૫) विप्रुटलब्धि :- मूत्रस्य पुरीषस्यावयवो विप्रुट् इत्युच्यते । अन्ये प्राहुर्विडिति विष्टा प्र इति प्रस्रवणमौषधिर्यस्यासौ विप्रुडौषधिः ।

અર્થ–મૂત્રના અને વિષ્ટાના અવયવને વિપ્રુટ્ કહેવામાં આવે છે. બીજા લોકો વિટ એટલે વિષ્ટા કહે છે. પ્ર એટલે ઝરવું. જેની ઝરતી વિષ્ટા ઔષધિ હોય છે તેને વિપ્રુડૌષધિ કહેવાય છે.

(૬) आमर्षलब्धि :—आमर्षणमामर्षः संस्पर्शनं स एवौषधिर्यस्यासा वामर्षौषधिः करादिस्पर्शन मात्रादेव व्याध्यपनयनसमर्थः । लब्धि–लब्धिमतोरभेदोपचारात् साधुरेवामर्षौषधि रित्यर्थः । एवं शेषपदेष्वपि भावना कार्या ।

અર્થ :–આમર્ષ એટલે સ્પર્શ એ જ જેની ઔષધિ છે તે આમર્ષૌષધિ કહેવાય છે. તે હાથ આદિના સ્પર્શ માત્રથી વ્યાધિને દૂર કરવામાં (મટાડવામાં) સમર્થ હોય છે. લબ્ધિ અને લબ્ધિવાળા બંનેમાં અભેદનો ઉપચાર કરવામાં આવે છે. તેથી આ લબ્ધિવાળો સાધુ જ આમર્ષૌષધિ લબ્ધિ કહેવાય છે એવી રીતે જ શેષ પદોમાં પણ ભાવના કરવી જોઇએ.

(૭) खेललब्धिः–खेल श्लेष्मा तल्लब्धिमन्तो यदात्मानं परं वा रोगापनयनबुद्ध्या परामृशन्ति तदा तद्रोगापगमः तथा चोक्तम्–

અર્થ–ખેલ એટલે શ્લેષ્મા (કફ). તેની લબ્ધિવાળાઓ જ્યારે પોતાના શરીરને અથવા બીજાના શરીરને રોગને દૂર કરવાની (મટાડવાની) બુદ્ધિથી સ્પર્શ કરે છે ત્યારે તેનો તે રોગ દૂર હટે છે. કહ્યું છે કે—

**यथा हि योगमाहात्म्यात् योगिनां कफबिन्दवः ।**
**सनत्कुमारादेरिव जायन्ते सर्वरुक्च्छिदः ॥१॥**

અર્થ–યોગના માહાત્મ્યથી યોગીઓના કફનાં બિન્દુઓ સનત્કુમાર આદિ મુનિઓની જેમ સઘળા રોગોને છેદવાવાળા થાય છે. (બધા રોગોને છેદે છે)

योगिनां योगमाहात्म्यात् पुरीषमपि कल्पते ।
रोगिणां रोगनाशाय कुमुदामोदशालि च ॥२॥

અર્થ—યોગીઓના યોગના માહાત્મ્યથી તેમની વિષ્ટા પણ કુમુદ (કમળના)ની સુગંધ જેવી સુગંધવાળી થાય છે અને રોગીઓના રોગોનો નાશ કરે છે.

मलकिलः समाम्नातो द्विविधः सर्वदेहिनाम् ।
कर्णनेत्रादि जन्मैको द्वितीयस्तु वपुर्भवः ॥३॥

અર્થ—બધા દેહધારી જીવોનો મલ બે પ્રકારનો કહેલો છે, (૧) કાન, નાક, આદિમાં ઉત્પન્ન થયેલો મલ અને (૨) શરીરમાં ઉત્પન્ન થયેલો મલ.

योगिनां योगसंपत्तिमाहात्म्यात् द्विविधोऽपि सः
कस्तूरिकापरिमलो रोगहा सर्वरोगिणाम् ॥४॥

અર્થ—યોગીઓના યોગસંપત્તિના સામર્થ્યથી તે બન્ને પ્રકારનો મળ કસ્તૂરી જેવી સુગંધવાળો અને રોગીઓના બધા રોગોનો નાશ કરવાવાળો થાય છે. (નાશ કરે છે)

योगिनां कायसंस्पर्शः सिञ्चन्निव सुधारसैः ।
क्षिणोति तत्क्षणं सर्वानामयानामयाविनाम् ॥५॥

અર્થ—યોગીઓના શરીરનો સ્પર્શ, જાણે અમૃતરસો વડે સિંચતો જ ન હોય એમ તે ક્ષણે જ (આમયાવિનામ્) રોગીઓના બધા રોગોને નાશ કરે છે.

(૮) सर्वौषधिलब्धिः—तथा सर्व एते विण्मूत्र-केश-नखादयोऽवयवाः सुरभयो व्याध्यपनयत्वादौषधयो यस्याऽसौ सर्वौषधिः, अथवा सर्वा आमर्षौषध्यादिका औषधयो यस्यैकस्यापि साधोः स एव । तथा चोक्तम्—

नखाः केशारदाश्चान्यदपि योगिशरीरजम् ।
भजते भेषजीभावमिति सर्वौषधिः स्मृताः ॥६॥

અર્થ—જેનાં બધાં જ વિષ્ટા, મૂત્ર, કેશ, નખ આદિ અવયવો સુગંધી અને રોગોને મટાડવાવાળા હોવાથી ઔષધિ છે, અથવા આમર્ષ આદિ બધી જ જેની ઔષધિ છે તે સાધુ જ સર્વૌષધિ લબ્ધિ છે. કહેલું છે કે—

યોગીઓના નખ, કેશ, દાંત, અને યોગીઓના શરીરમાં ઉત્પન્ન થતું બીજું બધું જ ઔષધિ બને છે માટે તેને સર્વૌષધિ કહી છે.

तथाहि तीर्थनाथानां योगभृच्चक्रवर्तिनाम् ।
देहास्थिशकलस्तोमः सर्वसर्गादिषु पूज्यते ॥२॥

અર્થ—તીર્થંકર ભગવંતોના તેમ જ યોગધારી ચક્રવર્તીઓનાં શરીરનાં હાડકાંઓના ટુકડાઓનો સમૂહ સર્વ સ્વર્ગ આદિમાં પૂજાય છે.

किञ्च—मेघमुक्तमपि वारि यदङ्गसङ्गमात्रात् ।
नदीवाप्यादिगतमपि सर्वरोगहरं भवति ॥३॥

અર્થ—વાદળોમાંથી પડેલું વરસાદનું પાણી પણ યોગીઓના અંગના સંગમાત્રથી નદીમાં અથવા વાવડી-કૂવા આદિમાં જાય તોય તે નદીનું અથવા વાવડીનું પાણી બધા રોગોને હરે છે.

विषमूर्च्छिता अपि यदङ्गसङ्गवातस्पर्शादिव निर्विषाः स्युः । विषसंपृक्तमप्यन्नं यन्मुखप्रविष्टमविषं स्यात् । महाविषव्याधिबाधिता अपि यद्वचः श्रवणात् यद्दर्शनाच्च वीतविकाशः स्युः । एष सर्वोऽपि सर्वौषधिप्रकारः ॥८॥

અર્થ—જેઓ વિષ વડે મૂર્છિત થયેલા છે તેઓ પણ જે યોગીઓના શરીરને સ્પર્શ કરીને આવેલા વાયુના સ્પર્શ માત્રથી જ વિષરહિત થાય છે. વિષયુક્ત અન્ન પણ જેમના મુખમાં પ્રવેશ કરતાં જ વિષરહિત થાય છે. ભયંકર વિષાદિ રોગો વડે બાધા પામેલાં લોકો પણ જેમનું વચન સાંભળવાથી અથવા જેમનું દર્શન કરવાથી જ વિકારરહિત થાય છે, એ બધો સર્વૌષધિનો પ્રકાર છે.

(६) वैक्रिया लब्धयः—वैक्रिया लब्धयोऽनेकधा । तद् यथा— (१) महत्त्व (२) लघुत्व (३) गुरुत्व (४) प्राप्ति (५) प्राकाम्य (६) ईशित्व (७) वशित्व (८) अप्रतिघातित्व (९) अन्तर्धान (१०) कामरूपित्वभेदात् ॥९॥

અર્થ—વૈક્રિય લબ્ધિઓ અનેક પ્રકારની હોય છે. તે એ પ્રમાણે— (૧) મહત્ત્વ (૨) લઘુત્વ (૩) ગુરુત્વ (૪) પ્રાપ્તિ (૫) પ્રાકામ્ય (૬) ઈશિત્વ (૭) વશિત્વ (૮) અપ્રતિઘાતિત્વ (૯) અન્તર્ધાન (૧૦) કામરૂપિત્વ વગેરે.

(१) तत्र महत्त्वं मेरोरपि महतरशरीरकरणसामर्थ्यम् । તેમાં મહત્ત્વં એટલે પોતાના શરીરને મેરુ પર્વતથી પણ અધિક મોટું કરવાનું સામર્થ્ય.

(२) लघुत्वं वायोरपि लघुतरशरीरता । લઘુત્વ એટલે શરીરને વાયુથી પણ અત્યંત હલકું કરવાનું સામર્થ્ય.

(३) गुरुत्वं वज्रादपि गुरुत्तरशरीरता । वा इन्द्रादिभिरपि प्रकृष्टबलैर्दुस्सहता । ગુરુત્વ એટલે પોતાના શરીરને વજ્રથી પણ અધિક ભારવાળું (વજનદાર) કરવાનું સામર્થ્ય. અથવા અત્યંત બલવાલા ઈન્દ્ર આદિ વડે પણ સહન ન કરી શકાય એવું વજન.

(४) प्राप्तिर्भूमिस्थस्याऽङ्गुल्यग्रेण मेरुपर्वताय प्रभाकरादिस्पर्शसामर्थ्यम् । પ્રાપ્તિ એટલે ભૂમિ પર રહીને અંગુલીના અગ્ર ભાગ વડે મેરુ પર્વત અને સૂર્ય આદિને સ્પર્શ કરવાનું સામર્થ્ય.

(५) प्राकाम्यमप्सु भूमाविव प्रविशतो गमनशक्तिः । तथा अप्स्विव भूमावुन्मज्जननिमज्जने ॥ પ્રાકામ્ય એટલે ભૂમિની જેમ પાણીમાં પ્રવેશ કરીને ચાલવાની શક્તિ તેમ જ પાણીની જેમ, જમીનમાં ડૂબવાની અને ઉપર આવવાની શક્તિ.

(६) ईशित्वं त्रैलोक्यस्य प्रभुता तीर्थंकर-त्रिदशेश्वर-ऋद्धिविकरणम् । ઈશિત્વ એટલે ત્રૈલોક્યનું સ્વામીપણું તીર્થંકર-દેવેન્દ્રની ઋદ્ધિને કરવું.

(७) वशित्वं वशीकरणलब्धिः । વશિત્વ એટલે વશ કરવાનું સામર્થ્ય.

(८) अप्रतिघातित्वम्-अद्रिमध्येऽपि निःसङ्गगमनम् । અપ્રતિઘાતિત્વ એટલે પર્વત પર ચડ્યાકાર પૃથ્વીની સમાંતર ભૂમિથી જ પર્વતમાં પ્રવેશ કરીને બીજી બાજુ જવાનું સામર્થ્ય.

(९) अन्तर्धानमदृश्यरूपता । અન્તર્ધાન એટલે અદૃશ્ય થવાનું સામર્થ્ય.

(१०) कामरूपित्वं युगपदेव नानाकारविकरणशक्तिः । કામરૂપિત્વ એટલે એકસાથે જ પોતાની ઈચ્છા પ્રમાણે અનેક પ્રકારના આકારોને ધારણ કરવાની શક્તિ.

(११) आशीविषसिद्धिः । तथाऽऽश्यो दंष्ट्रास्तासु विषं येषां ते आशीविषाः । ते च द्विधा-जातितः कर्मतश्च । जातितो वृश्चिक-मण्डूकोरग-मनुष्यजातयः, वृश्चिक-विषं हि उत्कर्षतो भरतक्षेत्रप्रमाणशरीरं व्याप्नोति । मण्डूक विषमपि भरतक्षेत्रप्रमाणं भुजङ्गमविषं जम्बूद्वीपप्रमाणम् ।

અર્થ–આશી એટલે દાઢાઓ જેમની દાઢાઓમાં વિષ હોય છે તેમને આશીવિષ કહેવાય છે. તે બે પ્રકારનાં હોય છે. (૧) જાતિથી (જન્મથી) (૨) કર્મથી. વીંછી-સાપ દેડકો-મનુષ્ય જાતિ આ જન્મથી આશીવિષ હોય છે. વીંછીનું (વૃશ્ચિકનું) વિષ ઉત્કર્ષથી ભરતક્ષેત્ર પ્રમાણ શરીરને વ્યાપ્ત કરે છે. દેડકાનું વિષ પણ ભરતક્ષેત્ર પ્રમાણ શરીરને વ્યાપ્ત કરે છે. સાપનું વિષ જંબૂદ્વીપ પ્રમાણ શરીરને વ્યાપ્ત કરે છે.

कर्मतश्च पञ्चेन्द्रियतिर्यग्योनयो मनुष्या देवाश्चासहस्रारात् । एतेन तपश्चरणानुष्ठानतोऽन्यतो वा गुणत आशीविषवृश्चिकादिसाध्यां क्रियां कुर्वन्ति । शाप प्रदानादिनाऽन्यं व्यापादयन्तीति शेषः । देवास्त्वपर्यावस्थायां तच्छक्तिमन्तो ज्ञेयाः । ते ही पूर्व नरभवे समुपार्जिताशीविषलब्धयः सहस्रारान्तदेवेष्वपि नवोत्पन्ना अपर्यावस्थायां प्राग्भविकाशीविषलब्धिसंस्कारा आशीविषलब्धिमन्तो व्यवह्रियन्ते । ततः परं तु पर्याप्तावस्थायां संस्कारव्यापिनिवृत्तिरिति न तद्व्यपदेशभाजः ते पिशाचादिनाऽपरं व्यापादयन्ति । तथापि न लब्धिव्यपदेशो भवप्रत्ययतस्तथारूप सामर्थ्यस्य सर्वसाधारणत्वात् । गुणप्रत्ययो हि सामर्थ्यविशेषो लब्धिरिति प्रसिद्धम् ॥१०॥

અર્થ–પંચેન્દ્રિય તિર્યગ્યોનિઓ મનુષ્યો અને સહસ્રાર દેવલોક સુધીના દેવો કર્મથી આશીવિષ છે. તેઓ તપશ્ચર્યાનું અનુષ્ઠાન કરવાથી અથવા અન્ય ગુણથી દાઢમાં વિષવાળા વૃશ્ચિકાદિ પ્રાણીઓ વડે સાધવા યોગ્ય ક્રિયા કરે છે, શાપ વગેરે આપીને બીજાને મારે છે. દેવો જ્યારે અપર્યાપ્ત અવસ્થામાં હોય છે ત્યારે જ આશીવિષ શક્તિવાળા હોય છે. કારણ, તેઓએ પૂર્વના મનુષ્યભવમાં આશીવિષ લબ્ધિ ઉપાર્જિત કરેલી હોવાથી સહસ્રારાન્ત દેવોમાં પણ નવા જ ઉત્પન્ન થયેલા તેઓ અપર્યાપ્ત અવસ્થામાં પૂર્વભવમાં મેળવેલી આશીવિષ લબ્ધિના સંસ્કારથી આશીવિષ લબ્ધિવાળા કહેવાય છે. ત્યાર પછી પર્યાપ્ત અવસ્થામાં સંસ્કારોની નિવૃત્તિ થાય છે. માટે તેઓ આશીવિષલબ્ધિવાળા કહેવાતા નથી. તેઓ પિશાચ આદિઓ વડે બીજાને મારે છે. તો પણ તે દેવો લબ્ધિવાળા કહેવાતા નથી. કારણ, ભવ પ્રત્યયથી દેવોને તેવા પ્રકારનું સામર્થ્ય હોય છે. કારણ ગુણપ્રત્યયથી પ્રાપ્ત થયેલા વિશેષ સામર્થ્યને લબ્ધિ કહેવામાં આવે છે, તે પ્રસિદ્ધ છે.

(११) अवधिलब्धिः—अवशब्दोऽधःशब्दार्थः । अवाऽधोऽधो विस्तृतं वस्तु धीयते परिच्छिद्यतेऽनेनेत्यवधिः । यद्वाऽवधिर्मर्यादा रुपिद्रव्येषु परिच्छेदकतया प्रवृत्तिरूपा तदुपलक्षितं ज्ञानं तदप्यवधिः ॥११॥

અર્થ–અવ શબ્દનો અર્થ છે અધઃ–નીચે. અવ-નીચે. નીચે ફેલાયેલી વસ્તુ જેના વડે જણાય છે, તેને અવધિ કહેવામાં આવે છે. અથવા અવધિ એટલે મર્યાદારૂપી દ્રવ્યોમાં જ્ઞાતારૂપે પ્રવૃત્તિ તેના વડે યુક્ત જ્ઞાનને પણ અવધિ કહેવામાં આવે છે.

(૧૨)ऋजुमतिसिद्धिःग्न — ऋज्वी सामान्यग्राहिणि मतिर्घटोऽनेन चिन्तित इति ॥१२॥ ઋજ્વી એટલે સામાન્યને ગ્રહણ કરવાવાળી બુદ્ધિ – જેમ એણે ઘટ જાણ્યો.

(૧૩)विपुलमतिलब्धिःग्न — विपुला विशेष ग्राहिणी मतिः स घटः सौवर्णः पाटलीपुत्रीय इति । વિપુલ એટલે વિશેષને ગ્રહણ કરવાવાળી મતિ-બુદ્ધિ દા. ત. તે ઘટ સોનાનો છે, પાટલીપુત્રમાં બનેલો છે.

(૧૪) केवललब्धि – केवलमसहायं मत्यादिनिरपेक्षत्वात् ।

અર્થ– મન, ઈન્દ્રિય આદિની સહાય વગર કેવળ આત્માથી જે જ્ઞાન થાય છે, તેને કેવલ કહેવામાં આવે છે. એ જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ જ્ઞાન નિરપેક્ષ હોય છે.

(૧૫) संभिन्नलब्धिः – तथा यः सर्वैरपि शरीरादेशैः श्णोति स संभिन्नश्रोता । श्रोतांसीन्द्रियाणि। संभिन्नानि एकैकशः सर्व विषयैर्यस्य स संभिन्नश्रोता । एकतरेणाऽपीन्द्रियेण समस्तापरेन्द्रिय गम्यान् विषयान् योऽवगच्छति स इत्यर्थः । यदि वा श्रोतांसीन्द्रियाणि संभिन्नानि परस्परत एकरूपतामापन्नानि यस्य स तथा । अथवा द्वादश योजनविस्तृतस्य चक्रवर्तिकटकस्य युगपद् ब्रुवाणस्य तत्तूर्यसंघातस्य वा युगपदास्फाल्यमानस्य संभिन्नान् शब्दान् शृणोति ॥१५॥

(૧૬) અર્થ – જે શરીરના બધા આદેશો વડે સાંભળે છે તે સંભિન્નશ્રોતા કહેવાય છે. શ્રોતસ્ એટલે ઈન્દ્રિયો. જેની ઈન્દ્રિયો એક-એક કરીને બધા વિષયોની સાથે જોડાય છે તે સંભિન્નશ્રોતા હોય છે. અથવા જેની ઈન્દ્રિયો પરસ્પર એકરૂપતાને પામેલી હોય છે તે સંભિન્નશ્રોતા હોય છે. અથવા બાર યોજન સુધી ફેલાયેલું ચક્રવર્તી રાજાનું સૈન્ય એકસાથે બોલે છે ત્યારે તેના સંભિન્ન (પરસ્પર મળેલા) શબ્દોને સાંભળે છે અથવા ચક્રવર્તી રાજાના સૈન્યનાં વાદ્યોનો સમૂહ એકસાથે વગાડવામાં આવે ત્યારે તેમના સંભિન્ન શબ્દોને સાંભળે છે તે સંભિન્નશ્રોતા કહેવાય છે.

(૧૬) चक्रवर्ती (१७) अर्हत् (१८) वासुदेव (१६) बलदेव एता ऋद्धयः सुगमाः ।

(૨૦) चारणलब्धि – अतिशय गमनागमनलब्धिसंपन्नश्चारणाः । ते च द्विधाजङ्घाचारणा विद्याचारणाश्च । ये चारित्रतपोविशेषप्रभावात् सद्भूतातिशयगमनागमनलब्धिसम्पन्नास्ते जङ्घाचारणास्ते प्रथमोत्पातेन त्रयोदशं रुचकद्वीपं यान्ति चलन्तः, २ उत्पातेन नन्दीश्वरं ३ उत्पातेन यतो गतास्तत्र यान्ति, ऊर्ध्वमेकेनैव मेरुशिरसि पाण्डुकवनं चलन्तः एकेन नन्दनं वनं, द्वितीयेन स्वस्थानं तेषां हि चारित्रातिशयप्रभावतो लब्धिः स्यात् । ततो लब्ध्युपजीवनेनौत्सुक्यभावतः प्रमादसंभवात् चारित्रातिशयनिबन्धना लब्धिरपि हीयते । ततश्चलन्तो द्वाभ्यामुत्पाताभ्यां स्वस्थानं यान्तीति ।

અર્થ–જેઓ ગમન-આગમનના અતિશયરૂપ લબ્ધિ વડે સંપન્ન હોય છે તેને ચારણ કહેવાય છે. તેના બે પ્રકાર છે (૧) જંઘાચારણ અને (૨) વિદ્યાચારણ. જે ચારિત્ર અને વિશેષ તપના પ્રભાવથી ઉત્પન્ન થયેલી ગમનાગમનના અતિશયરૂપ લબ્ધિ વડે સંપન્ન હોય છે તે જંઘાચારણ કહેવાય છે. તેઓ પહેલા ઉત્પાત વડે એટલે કૂદકા વડે તેરમા રૂચકદ્વીપ પર ચાલતા જાય છે. બીજા કૂદકા વડે નન્દીશ્વર પર જાય છે અને ત્રીજા કૂદકા વડે જ્યાંથી ગયા હતા ત્યાં જાય છે. ઉપર એક જ કૂદકો મારીને મેરુ પર્વતના શિખર પર પાંડુક વનમાં ચાલતા જાય છે. એક કૂદકો મારીને નન્દનવનમાં, બીજો કૂદકો મારીને પોતાના સ્થાનમાં જાય છે તેમને ચારિત્રાતિશયના પ્રભાવથી લબ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી લબ્ધિ વડે ઉપજીવન કરવાથી ઉત્સુકતાના કારણે પ્રમાદ થવાનો સંભવ

હોવાથી ચારિત્રાતિશય વડે પ્રાપ્ત થયેલી લબ્ધિ પણ ક્ષીણ થાય છે. ત્યાર પછી ચાલતા એવા બે કૂદકા વડે પોતાના સ્થાનમાં જાય છે.

ये पुनर्विद्यातिशयतः समुत्पन्नगमनागमनलब्धयस्ते विद्याचारणाः । ते चैकोत्पातेन मानुषोत्तरं २ नन्दीश्वरे यान्ति । चलन्तः स्वस्थानमेकेनैव । ऊर्ध्वम् एकेन नन्दनं द्वितीयेन पाण्डुकं चलन्त एकेनैव स्वस्थानम् । ते रविकरानपि स्वीकृत्य गच्छन्ति । जङ्घाचारणास्त्वेवमेव । विद्याचारणा हि विद्यावशाद् भवन्ति । विद्या च परिशील्यमाना स्फुटास्फुटतरोपजायते । ततः प्रतिनिवर्तमानस्य शक्त्यतिशयसंभवादेकेनैवोत्पातेन स्वस्थानमायान्ति ॥२०॥

અર્થ–જેઓને વિદ્યાના અતિશય વડે ગમનાગમનના લબ્ધિ ઉત્પન્ન થાય છે, તેઓ વિદ્યાચારણ કહેવાય છે. તેઓ એક કૂદકો મારીને માનુષોત્તર પર્વતમાં અને બીજો કૂદકો મારીને નન્દીશ્વરદ્વીપમાં ચાલતા જાય છે. અને કૂદકા વડે જ પોતાના સ્થાનમાં જાય છે. ઊર્ધ્વમાં એક કૂદકા વડે નન્દનવનમાં, બીજા કૂદકા વડે પાંડુકવનમાં ચાલતા એક જ કૂદકા વડે પોતાના સ્થાનમાં જાય છે. તેઓ સૂર્યનાં કિરણોનો આશ્રય કરીને પણ જાય છે. જંઘાચારણો પણ એવી રીતે જ જાય છે. વિદ્યાચારણો વિદ્યાના કારણે હોય છે. વિદ્યાનો પરિશીલન કરતા તે અધિક સ્પષ્ટ અને અસ્પષ્ટ થાય છે. ત્યાંથી પાછા ફરતાં શક્તિનો અતિશય ઉત્પન્ન થવાનો સંભવ હોવાથી તેઓ એક કૂદકા વડે જ સ્વસ્થાનમાં આવે છે ।।૨૦।।

(२१) पूर्वाणि चतुर्दश । (२२) गणधराः प्रसिद्धाः (२३) पुलाकलब्धिः ।

**जिणसासणपडिणीयं, चुन्निज्ज्ञा चक्कवट्टि सिन्नं पि ।**
**कुविओ मुणी महप्पा, पुलायलद्धिय संपन्नो ॥१॥ ॥२३॥**

અર્થ–પુલાક લબ્ધિવડે સંપન્ન, ક્રોધને પામેલા મહાત્મા મુનિ જિનશાસનમાં વર્ણવેલા ચક્રવર્તીના સૈન્યને પણ ચૂરો કરી નાખે છે.

(२४) आहारक शरीर करणलब्धिः—આહારક શરીરને કરવાની લબ્ધિ.

(२६) मधुघयखीरासवलब्धिः– मधु-शर्करादि मधुरद्रव्यम् । सर्पिरतिशायि गन्धादि घृतम् । क्षीरं चक्रवर्ती धेनुदुग्धं, एतत्स्वादोपमानवचनावैर स्वाम्यादिवत् तदाश्रवाः । अथवा यत्पात्रपतितं कदन्नमपि मधुसर्पिक्षीररसवीर्यविपाकं जायते । वचनं शारीरादि दुःखतप्तानां मधुसर्पिःक्षीरादिवत् संपर्कते मधुश्रवाः ॥ २५ ॥

અર્થ–મધુ એટલે સાકર આદિ મધુર દ્રવ્ય. ઘય એટલે ઘીથી ચઢિયાતું–ગન્ધવાળું ઘી. ક્ષીર એટલે ચક્રવર્તીની ગાયનું દૂધ. એમના સ્વાદ જેવું જેમનું વચન મધુર અને રસવાળું હોય છે, વૈરી પણ જેમના સામે વૈર વિનાનો મધુર અને રસવાળો થાય છે. અથવા જેમના પાત્રમાં પડેલું કદન્ન પણ મધુ-ઘી-દૂધ જેવું રસવાળું અને વીર્ય ઉત્પન્ન કરવાવાળું થાય છે, જેમનું વચન પણ શારીરિક આદિ દુઃખો વડે તપેલાઓને મધુ-ઘી-દૂધના સંપર્ક જેવું મધુર અને સાંન્ત્વના આપવાવાળું હોય છે, તેઓ મધુશ્રવા હોય છે.

(२६) कोष्ठबुद्धिलब्धिः– कोष्ठागारिक स्थापितानामसंकिर्णानामविनष्टानां भूयसां धान्यबीजानां यथा कोष्ठोऽवस्थानं तथा परोपदेशादवधारितानां श्रोतानामर्थबीजानां भूयसामनुस्मरणमन्तरे-

णाऽविनष्टनामवस्थानात् कोष्ठबुद्धयः ॥२६॥

અર્થ– કોષ્ઠના (કોઠાના) અધિકારીઓ વડે કોઠામાં અલગ-અલગ રાખેલા (સ્થાપન કરેલા) નાશને ન પામેલાં ઘણાં ધાન્યબીજોનો જેવી રીતે કોષ્ઠ (કોઠો) એક આધાર હોય છે, તેવી રીતે જ બીજાના ઉપદેશથી બુદ્ધિમાં ધારણ કરેલાં ઘણાં અર્થબીજો જેમની બુદ્ધિમાં અનુસ્મરણ વિના પણ નાશ ન પામતાં રહે છે, તે કુષ્ઠબુદ્ધિયો કહેવાય છે.

(૨૭) बीजबुद्धिलब्धिः – सकृद् वसुमतीकृते क्षेत्रे क्षित्युदकाद्यनेककारणविशेषापेक्षं बीजमनुपहतं यथाऽनेकबीजकोटीप्रदं भवती तथा ज्ञानावरणीयादि क्षयोपशमातिशय प्रतिलम्भादेकार्थबीज श्रवणे सत्यनेकार्थबीजानां प्रतिपत्तारो बीजबुद्धयः ॥

અર્થ–એકવાર પૃથ્વી ઉપર ખેડેલા ખેતરમાં વાવેલું સારું બીજ, ભૂમિ, પાણી, હવા આદિ વિશેષ કારણો મળવાથી જેમ અનેક કોટિ બીજોને આપે છે, તેમ જ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમનો અતિશય પ્રાપ્ત થવાથી એક અર્થના બીજને સાંભળ્યા પછી અનેક અર્થોના બીજોને જાણવાવાળા થાય છે, તે બીજબુદ્ધિયો કહેવાય છે.

(૨૮) पदानुसारिनी लब्धिः –पदानुसारिणस्त्रिधाऽनुस्त्रोतः पदानुसारिणः। (२) प्रतिस्रोतः-पदानुसारिणिः । (३) उभयस्रोतःपदानुसारिणश्च । तत्रापि पदस्यार्थं ग्रन्थं च परत उपश्रुत्य ततः प्रातिकूल्येनादि पदार्थग्रन्थं विचारपटवः प्रतिश्रोतः पदानुसारिणः २ मध्यपदस्यार्थं ग्रन्थं च परकीयोपदेशादधिगम्याद्यन्तावधि परिच्छिन्नपदसमूह प्रतिनियतार्थ ग्रन्थोदधि समुत्तारणसमर्थाग्रा धारणातिशयविज्ञाना उभयपदाः ३ ॥२८॥

पदेन सूत्रावयवेनैकेनोपलब्धेन तदनुकूलानि पदशतान्यनुसरन्ति इति पदानुसारिणः ये गुरुमुखात् एकसूत्रपदमनुसृत्य शेषमपि भूयस्तरपदनिकूरम्बमवगाहन्ते तेऽनुस्रोतः पदानुसारिणः ।

અર્થ :–પદાનુસારીઓ ત્રણ પ્રકારના હોય છે. (૧) અનુશ્રોત પદાનુસારી (૨) પ્રતિશ્રોત પદાનુસારી (૩) ઉભયશ્રોત પદાનુસારી. સૂત્રના એક પદને જાણવા વડે તેના અનુકૂલ સેંકડો પદોને અનુસરે છે તે પદાનુસારી હોય છે. જેઓ ગુરુના મુખથી એક સૂત્રપદને અનુસરીને શેષ ઘણા પદોના સમૂહને જાણે છે તેઓ અનુશ્રોત પદાનુસારી હોય છે. પદના અર્થને અથવા ગ્રન્થને બીજાથી સાંભળીને ત્યાર પછી પ્રતિકૂલતા વડે (એટલે ઊલટો) આદિ પદોના અર્થના અને ગ્રન્થના વિચાર કરવામાં જેઓ કુશલ હોય છે તેઓ પ્રતિશ્રોત પદાનુસારી કહેવાય છે. મધ્ય પદના અર્થને અને ગ્રન્થને બીજાના ઉપદેશથી જાણીને આદિથી અન્ત સુધી જાણેલા પદોના સમૂહનો પ્રતિનિયત અર્થ કરીને ગ્રન્થરૂપ સાગરમાંથી તરવા માટે સમર્થ એવા ધારણાશક્તિ વડે અતિશય જ્ઞાનવાળા ઉભયપદ માર્ગાનુસારી હોય છે.

(૨૯) अक्षीण महानसलब्धिः– येषामल्पमप्यन्नं पात्रपतितं श्री गौतमादीनामिव बहुभ्यो दीयमानमपि न क्षीयते तेऽक्षीणमहानसाः कारणे कार्योपचारादिव, अथवा अक्षीणमहानसलब्धयस्तु यत्र, परिमितभूप्रदेशेऽवतिष्ठन्ते, तत्राऽसंख्याता अपि देवादयः परस्परबाधारहितास्तीर्थंकरपर्षदीव सुखमासते ॥२९॥

અર્થ–જેમના પાત્રમાં પડેલું અત્યંત અલ્પ એવું પણ અન્ન શ્રી ગૌતમ ગણધર આદિની જેમ ઘણાં લોકોને આપવા છતાં પણ ક્યારેય ઓછું થતું નથી તે અક્ષીણમહાનસ કહેવાય છે.

કારણને વિષે કાર્યનો ઉપચાર કરવાથી અથવા જે પરિમિત પ્રદેશમાં અક્ષીણમહાનસ લબ્ધિઓ હોય છે ત્યાં અસંખ્યાત દેવો પણ તીર્થંકરની સભાની જેમ પરસ્પર બાધારહિત સુખથી રહે છે ।।૨૯।।

(३०) तेजोलेश्या लब्धयः । (३१) शीतलेश्या । आदिशब्दात् प्राज्ञर्द्धादयोऽन्येपि प्राज्ञर्द्धयः प्रकृष्ट श्रुतावरणवीर्यान्तरायक्षयोपशमाविर्भूताः, अनधीतद्वादशाङ्ग चतुर्दशपूर्वा अपि संतोषमर्थं चतुर्दशपूर्वं निरूपयन्ति । तस्मिन् विचार कृच्छ्रेऽप्यर्थे अतिनिपुणप्रज्ञाः प्राज्ञर्द्धिमन्तः श्रमणाः परालब्धयः त्वयि तुष्टे मनुजानां स्युः ॥ शेषा गाथा स्पष्टाः ।

અર્થ—આદિ શબ્દથી પ્રાજ્ઞર્દ્ધિ આદિ અન્ય લબ્ધિવાળા પણ હોય છે. પ્રાજ્ઞર્દ્ધિ લબ્ધિપ્રકૃષ્ટ શ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય કર્મોના ક્ષયોપશમન વડે પ્રાપ્ત થાય છે તેથી પ્રાજ્ઞર્દ્ધિ લબ્ધિવાળા દ્વાદશાંગીનો અને ચઉદ પૂર્વનો અભ્યાસ ન કર્યો હોય તો પણ ચઉદ પૂર્વના અર્થનું સંતોષથી નિરૂપણ કરે છે. વિચાર વડે અત્યંત કઠિન એવા પણ તે અર્થને વિષે પ્રાજ્ઞર્દ્ધિલબ્ધિવાળા શ્રમણોની બુદ્ધિ અતિ નિપુણ હોય છે. હે ભગવન્ ! તમે પ્રસન્ન થાઓ છો ત્યારે જ આ શ્રેષ્ઠ લબ્ધિઓ મનુષ્યોને પ્રાપ્ત થાય છે.

* * *





# ગૌતમ અને ગોચરી

*—મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મહારાજ*

**મહાત્માઓનાં નામ-સ્મરણ બહુપરિમાણી હોય છે. એમાંથી અગણિત ગુણ-લક્ષણ, અગણિત નીતિનિયમ, અગણિત જીવનશૈલી, અગણિત આદર્શો પ્રાપ્ત થતા હોય છે. અને યથા શક્તિમતિ જીવો એમાંથી માર્ગદર્શન પ્રાપ્ત કરતા હોય છે. ગોચરી-સમયે ગૌતમ-સ્મરણનો શો મહિમા છે તે આ લઘુલેખમાં દર્શાવવામાં આવ્યું છે. દૈનંદિની ક્રિયાઓમાં પણ ગુરુ ગૌતમ કેવું મહત્ત્વનું સ્થાન પામ્યા છે તે આ લેખથી સમજાય છે. પૂ. મુનિશ્રી સુધર્મસાગરજી મહારાજશ્રી આ ગ્રંથપ્રકાશનમાં છેક શરૂઆતથી ઘણી ઘણી રીતે સહાયરૂપ બન્યા છે. —સંપાદક**

પરમ આદરણીય ગણધર શ્રી ગૌતમસ્વામીનું નામ શ્વેતાંબર મંદિરમાર્ગી આમ્નાયમાં પૂ. સાધુ-સાધ્વીઓને રાત્રે સંથારા પોરિસીમાં લેવામાં આવે છે. રાત્રિપૌષધ કરનારાને પણ લેવાનું રહે છે. તેમ જ જ્યાં જ્યારે પ્રતિક્રમણ બાદ સાધુ પોરિસી ભણાવે છે ત્યાં શ્રાવકોને સાંભળવા મળે છે. ત્રણ વખત ગૌતમ નામ આવે છે. તે સિવાયની દિનચર્યામાં પૂ. દેવગુપ્તાચાર્યકૃત 'યતિજિનચર્યા' (પ્રાય: ૬૦૦ વર્ષ થયાં હશે. સાલ યાદ નથી. પ્રત પાસે નથી. વાંચ્યે ૨૦ વર્ષ થઈ ગયાં છે. ક્ષંતવ્ય.)માં પૂ. સાધુ-સાધ્વીને ગોચરી-પાણી લેવા જતી વખતે વિધિના બે શ્લોક બોલીને જવાનું હોય છે. જેમાં,

(૧) **ઉસભસ્સ ય પારણએ, ઈક્ખુરસો આસિ લોગનાહસ્સ;**
**સેસાણ ય પરમાન્નં, અમીયરસ રસોવમં આસિ.**

(૨) **અક્ખીણ મહાનસિ લદ્ધિ, સંભુઓ જયઉ ગોઅમો ભયવં;**
**જસ્સ પાસાએણજ્જવિ, સાહુણો સુત્થિયા ભરહે.**

આ બન્ને શ્લોક બોલીને નાસિકામાં જે તરફનો શ્વાસ ચાલતો હોય તે તરફનો પગ પ્રથમ મુકામ બહાર મૂકતાં શ્વાસ નીચો મૂકવાનો. ત્યાર બાદ ગોચરી માટે પ્રયાણ કરવાનું.

પ્રથમ શ્લોકમાં ચોવીશ તીર્થંકર પરમાત્માને યાદ કર્યા. બીજો શ્લોક એકલા ગૌતમ ગણધરનો.

સાધુને માટે જાણે દીવાદાંડીરૂપ શ્લોક છે. રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ—અનેક સંયમીઓની વિકાસકૂચ અટકાવનારા આ ત્રણે ગારવ ઓછા કરવા કે નાશ કરવામાં ગણધર ગૌતમનો આ શ્લોક ઘણું મહત્ત્વનું કાર્ય કરે છે.

ગોચરીમાં ગમે તેવી રસ-કસવાળી વસ્તુઓ આવે, ગમે તે પ્રમાણમાં આવે, વાપર્યા પછી શાંતિથી પાચન થાય, કોઈ રોગ ન આવે છતાં જીભ ક્યાંય ન સળવળે તેમ કરવું હોય, મારી પુન્યવાની કેવી કે મને ગમે તે ખાવામાં આવે તે પચી જાય, આવા કોઈ પણ પ્રકારના ગારવથી

જીવને પછાડવાનું ન બને તે માટે એક જ શ્લોકમાં આપી દીધું છે કે ભારતમાં સાધુ સુખી છે તે ગૌતમ ગણધરને પ્રતાપે.

ગોચરીમાં ગમે તે વસ્તુ આવે; અનુકૂળ આવે કે પ્રતિકૂળ આવે; વધારે આવે કે ઓછી આવે; પરંતુ ગોચરી વાપરતાં ગૌતમ ગણધર યાદ આવે. અને સાથે સાથે એ ગૌતમ ગણધર કેવી રીતે આહાર કરતા તે યાદ આવે તો સાધુ-સાધ્વીને ઈંગાલ-ધ્રુમના હુમલાનો પ્રશ્ન જ ન રહે.

આહાર-સંજ્ઞા તોડવા માટે પણ ગોચરીમાં કરાતું ગૌતમસ્મરણ મદદરૂપ બને છે. ગોચરી વાપરતાં થયેલ કેવળજ્ઞાનને કવિ રાસમાં કેવું સુંદર વર્ણન કરે છે !

**'કવળ તે કેવળ રૂપ હુઓ, સાચા ગુરુ સંજોગ એ.'**

કવળને કેવળમાં ફેરવનારા આહાર કરતાં આહાર-લાલસા સર્વથા નષ્ટ કરનારા ગણધર ગૌતમને અગણિત વંદનાવલી !

* * *



# હાલારતીર્થ-આરાધનાધામ

સિંહણનદીના કિનારે!

ડેમનાં લહેરાતાં જળની નજદીક.....!!

વિવધ જાતિનાં ફળોના બગીચાની મધ્યમાં.....!!!

ઊંચી ધાર ઉપર–

પશ્ચિમ સમુદ્રના કાંઠે.....

અત્યંત શાંત-પ્રશાંત વાતાવરણમાં....!!

આહ્લાદક પરમાણુઓથી પવિત્ર બનેલા...

**હાલારતીર્થ–આરાધનાધામમાં આપ યાત્રાર્થે અચૂક પધારો.**

બસ, એકવાર આપ પધારશો તો આપને અમારો ચોક્કસ કોલ છે કે વારંવાર આવવાનું મન થશે.

- ❖ એવા ગુરુ ગૌતમના તારણહાર પ્રભુ શ્રી મહાવીરસ્વામી ભગવાન બિરાજમાન છે.
- ❖ ભવ્ય વિશાળ પ્રદર્શની હોલ છે જેમાં પૂર્વમહાપુરુષોનાં ચરિત્રો ચિત્રિત છે.
- ❖ ગુરુમંદિર–સ્મૃતિમંદિર–સુવાક્યોથી સોહામણા માર્ગ......એ અહીંની વિશિષ્ટતા છે.
- ❖ જામનગરથી દ્વારકા હાઈવે રોડ ઉપર ૪૫ કિ. મી. ઉપર.....આ તીર્થ આવેલ છે.

**પૂ. પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મ.સા.ની પ્રેરણાથી હાલારતીર્થ આરાધનાધામ**

મુ. વડાલિયા સિંહણ

(તા. જામખંભાળિયા, જિ. જામનગર)ના સૌજન્યથી

# વૈવિધ્યદર્શન : વિભાગ–૪


* રત્નરાશિની કિરણપ્રભા ગુરુ ગૌતમસ્વામી : કેટલાક પ્રસંગો
* સમયં ગોયમ, મા પમાયએ
* સેવં ભંતે–સેવં ભંતે
* શ્રી ગૌતમસ્વામીએ કહ્યું કે .....
* કર્મનું વિજ્ઞાન અને વિનયમૂર્તિ ગૌતમ
* શ્રી ગૌતમસ્વામીજીની જીવન-અનુપ્રેક્ષા
* અનુપમ જ્ઞાની–અનંતલબ્ધિનિધાન ગણધર શ્રી ગૌતમસ્વામી
* અઠ્ઠાવીશ લબ્ધિના તપની વિધિ
* અનુપમ અને અદ્ભુત
* ભારતીય સંસ્કૃતિ અને ગણધર ગૌતમસ્વામી
* લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી (હાયકુ)
* અહિંસાના એક પરમ ઉપાસક શ્રી ગૌતમસ્વામી
* ગૌતમીય કાવ્ય
* ગણપતિ : શ્રી ગૌતમસ્વામીજીના ગુણોનું આકાર સ્વરૂપ
* તવારીખની તેજછાયા
* ધ્યાની ગૌતમસ્વામીની કૈવલ્યપ્રાપ્તિ તેમજ પ્રતિમા કલાવિધાન
* લબ્ધિતણા ભંડાર ગુરુ ગૌતમસ્વામી
* શ્રી ગૌતમસ્વામી રાસ : પરિચયાત્મક ભૂમિકા
* જ્ઞાનમૂર્તિ ગુરુ ગૌતમસ્વામી

કલિકાલ કલ્પતરુ જંગમયુગપ્રધાન અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્યરત્ન પ. પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા., પ. પૂ. મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. દ્વારા પ્રેરિત સંપાદિત–સંકલિત સાહિત્ય તથા તામ્રયંત્રો અને પૂજનવિધિઓ–ટૂંક નોંધ.

## ★ પ્રાચીન–અર્વાચીન પુસ્તક વિભાગ ★

૧. શ્રી ગુણ મંજૂષા (ભાગ ૧ થી ૫૧ સુધી)

૨. શ્રી મહાપૂજન વિધિ પ્રતો–૫૦ (૨૪ તીર્થંકર પરમાત્માની ૨૪ પૂજનવિધિ) (૨૦ પાર્શ્વનાથ પૂજનવિધિ પ્રતો ૬ વિવિધ પૂજન પ્રત.)

૩. ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્રમ્

૪. શ્રી આગમ ગુણ મંજૂષા (૪૫ આગમો સારાંશ સાથે— ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે.)

**પ્રાચીન સાહિત્ય** :— ૧. શ્રી ગુણવર્મા ચરિત્ર–૪ ભાષામાં

૨. શ્રી નલદમયંતી ચરિત્ર–૫ ભાષામાં

૩. શ્રી નાભાકરાજ ચરિત્ર–૪ ભાષામાં

તા. ક. જેમ જેમ સહકાર મળતો જશે તેમ તેમ ગ્રંથો પ્રકાશિત થશે.

## તામ્રયંત્રો અને મહાપૂજનોનાં વિધિ પુસ્તકો

૧. ૨૪ તીર્થંકર ભગવંતોનાં ૨૪ તામ્રયંત્રો અને મહાપૂજનનોની ૨૪ પ્રતો

૨. શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રાચીન સ્તોત્રોનો આધાર લઈને ૨૦ જેટલાં પાર્શ્વનાથ પ્રભુનાં જુદાં જુદાં નામવાળાં ૨૦ તામ્રયંત્રો અને ૨૦ મહાપૂજનની વિધિ બુકો.

૩. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, શ્રી ઋષિમંડલ મહાપૂજન, શ્રી વીશસ્થાનક મહાપૂજન, શ્રી અજિતશાંતિ સ્તવ મહાપૂજન, શ્રી પંચપરમેષ્ઠિ પૂજન, શ્રી વીર સ્તવ મહાપૂજન, શ્રી ૪૫ આગમ મહાપૂજન.

ઉપરોક્ત કુલ ૫૧ તામ્રયંત્રોમાંથી ૪૭ તામ્રયંત્રો પ્રસિદ્ધ થઈ ગયાં છે. દરેક દેરાસર માટે અનુકૂળતા મુજબ તામ્રયંત્ર વસાવી લેવાં જોઈએ. દેરાસરમાં જગ્યા ન હોય તો ૧૮ અભિષેક કરાવી લાલ કપડામાં વીંટી જ્ઞાનભંડારમાં મૂકી શકાય છે.

ફુલ સાઈઝના તામ્રયંત્રનો નકરો રૂા. ૨,૦૦૦. મિડિયમ સાઈઝનો નકરો રૂા. ૧,૧૧૧. નાની સાઈઝનો નકરો રૂા. ૪૫૧ રાખવામાં આવેલ છે. દેરાસર માટે સંયોગ અનુસાર ભેટ પણ આપવામાં આવશે.

## ગૃહમંદિરની એક અનોખી યોજના

શ્રાદ્ધવિધિ ગ્રંથમાં જણાવ્યું છે કે પ્રત્યેક શ્રાવકના ઘરે ઘર-દેરાસર હોવું જોઈએ. શાસ્ત્રકાર ભગવંતનાં એ વચનોને યાદ કરીને શિખર–ઘુમ્મટવાળા દોઢ ફૂટનાં જિનમંદિર તથા ૧૮ અભિષેકયુક્ત કમલાકારે પંચધાતુના ભગવાન મળી શકશે. જે સંઘમાં દેરાસર ન હોય એમના માટે પાંચ ફૂટથી લઈ ૩૧ ફૂટ સુધીના શિખર-ઘુમ્મટ દેરાસર માટે માર્ગદર્શન મળી શકશે. પત્રથી સંપર્ક કરવા વિનંતી.

*લિ. શ્રી જિન–ગોયમ–ગુણ–સર્વોદય ટ્રસ્ટ તથા શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટના જયજિનેન્દ્ર વાંચશોજી*


પત્ર-સંપર્ક : અમલનેરમાં ટ્રસ્ટનું નામ

**C/o શા સોમચંદ ભાણજી લાલકા**

**મુંબઈ ગલી, પો. અમલનેર**

**પિન ૪૨૫૪૦૧**

પત્ર-સંપર્ક : મુંબઈમાં ટ્રસ્ટનું નામ

C/o **શા. ધીરજ દામજી** ગંગર

**રમેશ એપાર્ટમેન્ટ, અહિલ્યાબાગ સામે,**

**થાણા ૪૦૦ ૬૦૧** Phone : 5348690

# રત્નરાશિની કિરણપ્રભા
# ગુરુ ગૌતમસ્વામી : કેટલાક પ્રસંગો

*—શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ*

આત્મપ્રદેશની વાત જ ન્યારી હોય છે. કર્મસત્તા અને ધર્મસત્તા એનાં ચરણોની દાસી હોય છે, ચક્રવર્તીની સેના કરતાં એનું ઐશ્વર્ય અધિક હોય છે. ઇન્દ્રના દરબાર કરતાં એનો ઝળહળાટ જુદો હોય છે, એ રત્નપુંજ છે..... એ નામ છે ગૌતમસ્વામી. એ રત્નરાશિની કિરણપ્રભા અત્રે આલેખાયેલી છે.

ભૂતકાળ સાથે વર્તમાન અને ભવિષ્યની હારમાળાઓ અભિવ્યક્ત કરવામાં આવી છે.

લેખક શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ જૈન સમાજના ખ્યાતનામ પંડિત તરીકે પંકાયેલા છે. તેઓ મા શારદાના અનન્ય સાધક હતા. તેમનું જૈન સાહિત્યમાં ઘણું મોટું યોગદાન છે. તેમણે ગૌતમસ્વામી ઉપર પણ એક ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાંના કેટલાક પ્રસંગો ખરેખર આંખને વળગે એવા અને હૃદયને સ્પર્શી જાય તેવા છે. આમ તો એ ચરિત્રગ્રંથ ગૌતમસ્વામીના પ્રવર્તમાન પ્રકાશિત સાહિત્યમાં શિરમોર છે. એ ગ્રંથની સામગ્રી વારંવાર વાગોળવા જેવી છે—જેમાંની કેટલીક સામગ્રી જે પ્રસંગરૂપે છે તે અત્રે સાભાર પ્રગટ કરતાં હર્ષ અનુભવીએ છીએ.

સ્વ. શ્રી રતિલાલભાઇ દેસાઇ પોતાના ચોખ્ખા નિર્મળ જીવનને કારણે જૈન શ્રમણ-સંસ્થામાં તટસ્થપણે ઠીકઠીક ઊંડા ઊતરેલા, જૈન પરંપરાના પ્રાચીન મહાન આચાર્યો માટે તેમનું હૃદય ભાવભીનું બની જતું. એમની અનેક વાર્તાઓમાં માનવભક્તિનાં જરૂર દર્શન થાય છે. *—સંપાદક*

## (૧) પુદ્‌ગલ પરિવ્રાજક

શ્રમણ ભગવાન મહાવીરે સત્તરમું ચોમાસું વાણિજ્યગ્રામમાં કર્યું તે પછી ભગવાન વિચરતા વિચરતા પોતાના સંઘ સાથે આલભિકા નગરીમાં પધાર્યા.

આલભિકા નગરીના શંખવન ચૈત્યમાં એક તપસ્વી પરિવ્રાજક રહેતા હતા. એમનું નામ પુદ્‌ગલ (પોગ્ગલ) હતું. એ બ્રાહ્મણ શાસ્ત્રોના મોટા પંડિત હતા અને જીવનસાધના માટે બે ઉપવાસને પારણે બે ઉપવાસની તપસ્યા કરતા હતા, તેમ જ સૂર્યની સામે ઊભા રહીને ઉગ્ર તાપમાં એકાગ્રતાથી આતાપના લેતા હતા. એમની આ સાધના એક દિવસ સફળ થઇ અને બ્રહ્મલોક સુધીના દેવલોકનું એમને જ્ઞાન થયું.

એમને એટલું જ્ઞાન તો સાચું થયું હતું; પણ પૂર્ણ જ્ઞાનના હિસાબે એ ઘણું અધૂરું હતું. અને પોતાના આ અધૂરા જ્ઞાનને પૂરું માનીને તેઓ લોકોને એ પ્રમાણે કહેવા-સમજાવવા લાગ્યા હતા.

એક દિવસ ગુરુ ગૌતમસ્વામી એ નગરીમાં ભિક્ષા લેવા નીકળ્યા. એમણે લોકોનાં મોઢેથી પુદ્ગલ પરિવ્રાજકના જ્ઞાનની વાત જાણી. તેઓને થયું : આવા સરળપરિણામી આત્મસાધકને આવી ભૂલમાંથી ઉગારીને સાચે રસ્તે દોરી જવા જોઈએ. પણ ગૌતમને ભગવાન ઉપર અનન્ય શ્રદ્ધા એટલે એમણે વિચાર્યું : આવા જીવોના સાચા ઉદ્ધારક તો ભગવાન જ છે.

ગૌતમે ભગવાન પાસે જઈને વિનયપૂર્વક પુદ્ગલ પરિવ્રાજકનું જ્ઞાન પરિપૂર્ણ છે કે અપૂર્ણ તે પૂછ્યું. ભગવાને એનું જ્ઞાન અપૂર્ણ હોવાનું કહ્યું.

આ વાત લોકમુખે ફરતી ફરતી પુદ્ગલના જાણવામાં આવી. પરિવ્રાજક સ્વભાવે દુરાગ્રહી નહીં પણ સત્યના શોધક અને સરળપરિણામી જીવ હતા. પોતાની શંકાનું સમાધાન મેળવવા એ સત્વર ભગવાન મહાવીર પાસે પહોંચ્યા અને પોતાની શંકાઓનું નિરાકરણ થવાથી શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને સદાને માટે ભગવાનના ભિક્ષુકસંઘમાં ભળી ગયા.

સત્યના જિજ્ઞાસુ પરિવ્રાજક સત્યનું દર્શન પામ્યાનો આનંદ અનુભવી રહ્યા.

## (૨) ગૌતમ કરતાં ય ચઢિયાતા

ભગવાન મહાવીર તો સત્યના પક્ષપાતી અને ગુણના પ્રશંસક ધર્મનાયક હતા. જે આત્માને વધુ આરાધે તે એમને મન મોટો હતો—ભલે પછી એ ઉંમરમાં, અધિકારમાં કે દીક્ષામાં નાનો હોય.

ભગવાનના શ્રમણસંઘમાં એક અણગાર; બહુ મોટા તપસ્વી અને ચેતન અને જડના ભેદોના બરાબર જાણકાર. કાયાની માયાને વિસ્તારીને એનો ઉપયોગ આત્માના કુંદનને નિર્મળ કરવામાં કરી લેવા માટે એમણે મહાદુષ્કર સાધના આદરી હતી. એમનું નામ ધન્ય અણગાર.

કાકંદી નગરીમાં ભદ્રા નામે એક શેઠાણી રહે. એમને બે પુત્રો : એકનું નામ ધન્ય અને બીજાનું નામ સુનક્ષત્ર. એમની સંપત્તિ અને સુખ-સાહ્યબીનો પાર નહીં. ધન્ય તો ભોગ-વિલાસમાં એવો ડૂબેલો રહે છે કે જાણે એ દુઃખ-દીનતાને જાણતો જ નહોતો. માતાના હેતનો ય કોઈ પાર ન હતો.

એક દિવસ ભગવાન મહાવીરની વાણી ધન્યના અંતરને સ્પર્શી ગઈ—જાણે લોહને પારસનો સ્પર્શ મળ્યો; અને વિલાસમાં ડૂબેલો એનો આત્મા ધર્મને ઝંખી રહ્યો. માતાને સમજાવીને અને છેવટે એમની આજ્ઞા મેળવીને એ ભિક્ષુક બની ગયો. અને કર્મશૂર આત્મા ધર્મશૂર બનીને પોતાની આત્મશક્તિને શતદળ કમળની જેમ વિકસાવવાના પુરુષાર્થમાં લાગી ગયો.

દેહની મમતા મૂકીને એમણે આકરાં તપ આદર્યાં—એવાં આકરાં કે કાયા તો નર્યા હાડકાંનો માળો બની ગઈ, આંખો ઊંડી ઊતરી ગઈ, માંસ સુકાઈ ગયું અને જાણે હાડ અને ચામને કોઈ સગપણ ન હોય એમ ચામડી હવા વગરની ધમણની જેમ કે અનાજ

વગરના ખાલી કોથળાની જેમ ઠટળવા લાગી. અને છતાં દીનતાનું નામ નહીં. ધન્યમુનિ મહાયોગીની જેમ નિજાનંદમાં સદા મગ્ન રહેતા. એમની જાગૃતિ અજબ હતી.

એક વાર રાજા શ્રેણિક ભગવાન મહાવીરના વંદને આવ્યા. ધન્ય અણગારનાં દર્શન કરી એમની સાવ જર્જરિત કાયા જોઈ, એ ભારે અહોભાવ અનુભવી રહ્યા : કેવા આત્મસાધક વીર ! પછી શ્રેણિક રાજાએ ભગવાનને કહ્યું : "ભગવાન ! આપના શ્રમણ સમુદાયમાં ઈંદ્રભૂતિ ગૌતમ ગણધર વગેરે બધા સાધુઓમાં આ ધન્ય અણગાર સોથી મોટા સાધક અને મહાદુષ્કર સાધનાના કરનારા અને કર્મોનો મૂળમાંથી નાશ કરનારા મહાશૂરવીર છે, એમ હું માનું છું"

ભગવાને કહ્યું : "રાજન ! તમારી વાત સાચી છે. ધન્યમુનિ મારા બધા શ્રમણોમાં મહાદુષ્કર સાધના કરનારા છે."

સાંભળનારા ભગવાનની ગુણગ્રાહક અને મધ્યસ્થ દૃષ્ટિને પ્રણમી રહ્યા.

## (૩) ભગવાનના સંદેશવાહક

ભવિતવ્યતા ક્યારેક કેવા દુઃખદાયક સંબંધો જોડી દે છે !

રાજગૃહીના ગૃહપતિ મહાશતક અને એની ભાર્યા રેવતી આવી જ દુઃખદ, કરુણ દશાનાં ભોગ થઈ પડ્યાં હતાં. એક ઉત્તરમાં જાય તો બીજું દક્ષિણમાં ખેંચે, એવાં એક-બીજાથી સાવ વિરોધી એમનાં મનનાં વલણો હતાં.

શ્રેષ્ઠી મહાશતક ભગવાન મહાવીરના શ્રમણોપાસક (શ્રાવક) સંઘમાં ભળ્યા હતા; અને એમની ભાવના અને પ્રવૃત્તિ ધર્મસાધનામાં ઉત્તરોત્તર આગળ વધવાની રહેતી. તેઓ હંમેશાં વ્રત, તપ અને નિયમોના પાલનમાં જાગતા રહેતા અને પોતાના ચિત્તને સ્થિર, સ્વસ્થ અને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરતા !

પણ રેવતીની દિશા સાવ જુદી જ હતી. ઉંમર વધતી એમ એની ભોગ-વિલાસની વાસના અને ઈન્દ્રિયલોલુપતા વધતી જતી હતી. ખાન-પાનમાં એને મન નહીં ખાવા જેવું કે નહીં પીવા જેવું કશું જ ન હતું—એ ન ખાવાનું ખાતી અને ન પીવાનું પીતી ! અને એની વિષયવાસના તો માઝા મૂકી દેતી હતી. એથી એને મહાશતક સાથે કોઈ મનમેળ નહોતો રહ્યો; અને એ તો હંમેશાં મહાશતક તરફના અસંતોષથી બળ્યા જ કરતી.

પોતાની વૃદ્ધ ઉંમર અને જીવનની અનિશ્ચિતતાનો વિચાર કરીને મહાશતકે, ધર્મનું શરણ લઈને, ઘરવ્યવહારનો ત્યાગ કર્યો અને એકથી એક ચઢિયાતી તપસ્યા અને સાધના કરવા માટે તેઓ પૌષધશાળામાં જ રહેવા લાગ્યા. વિલાસિતા અને નર્યા અસંયમના અવતાર સમી રેવતીથી આ બધું શી રીતે સહન થાય ? એ તો અવારનવાર મહાશતકને ચલિત કરવા કંઈ કંઈ પ્રયત્નો કર્યા કરતી.

પોતાની અંતિમ સાધના કરવા મહાશતકે મરણ પર્યંતના અનશનનો સ્વીકાર કર્યો; અને જન્મ-મરણના ફેરાથી સદાને માટે બચી જવા સારુ એકાગ્રતાથી શુભ ધ્યાનમાં સમય વિતાવવા લાગ્યા. તેઓ જીવનની તૃષ્ણા અને મરણના ભયથી ક્રમે ક્રમે મુક્ત થતા જતા હતા.

આવા ગંભીર પ્રસંગથી પણ રેવતીનું મન ન પલળ્યું. એ તો કસાઈના જેવી કઠોરતા ધારણ કરીને, તપસ્વી મહાશતક પાસે પહોંચી ગઈ અને અશ્લીલ શબ્દો અને અશિષ્ટ ચેનચાળાથી એમની સાધનામાં ભંગ પાડવા પ્રયત્ન કરવા લાગી.

મહાશતક આ બધું આંતરિક બળ, વીર્ય અને પરાક્રમથી સહન કરી રહ્યા અને પોતાની છેલ્લી સાધનામાં ઊભા થયેલ વિઘ્નને ટાળવાનો પુરુષાર્થ કરતા રહ્યા. પણ રેવતીના ચેનચાળાએ માઝા મૂકી એટલે મહાશતક પણ પોતાની સાધનાના માર્ગથી જરાક ચલિત થઈને આવેશમાં આવી ગયા.

અને એ આવેશમાં ને આવેશમાં આવી ઉત્કટ સાધનાને લીધે પોતાને પ્રગટેલ વિશિષ્ટ જ્ઞાનથી વસ્તુસ્થિતિને જાણીને, એમણે રેવતીને એના ભયંકર ભાવિની — એની ભાવી-નરક ગતિની — કડવી વાત સંભળાવી દીધી.

પોતાના હાથ હેઠા પડ્યા જાણીને રેવતી તો ત્યાંથી ચાલી ગઈ; પણ, ચંદ્ર ઉપરના રાહુના પડછાયાની જેમ, મહાશતકની સાધનાને દૂષિત કરતી ગઈ !

એ વખતે, ભગવાન મહાવીર એકવીસમું ચોમાસું વાણિજ્યગ્રામમાં વિતાવીને વિચરતા વિચરતા રાજગૃહીમાં પધાર્યા. એમણે જોયું કે થોડીક ભૂલને કારણે, એક ઉત્તમ જીવની કુંદન જેવી સાધનામાં કથીરની રેખાઓ ભળી રહી છે.

ભગવાન તો કરુણાના સાગર. એમણે ગૌતમને બોલાવીને મહાશતકની વાત કરી અને આદેશ કર્યો : "ગૌતમ ! મહાશતકને જઈને કહો કે મરણ સુધીનું અનશન સ્વીકારનાર શ્રમણોપાસક કોઈને સાચું છતાં અપ્રિય અને કડવું વચન કહે કે ક્રોધને વશ થાય તો એથી એની સાધના દૂષિત થાય છે. માટે તમારે રેવતીને કહેલાં કડવાં વચનોનું પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવું ઘટે."

ગૌતમસ્વામીએ સત્વર મહાશતક પાસે જઈને એમને ભગવાનનો સંદેશો કહ્યો.

મહાશતકે ઉલ્લાસપૂર્વક ભગવાનનો આદેશ શિરે ચડાવીને પોતે સેવેલ દોષનું તરત જ પ્રાયશ્ચિત્ત કર્યું.

મહાશતકનું રોમરોમ ભગવાન તરફની કૃતજ્ઞતાથી ઊભરાઈ ગયું—જાણે એમનું અંતર કહેતું હતું : કરુણાનિધિ ભગવાન ! સંસારકીચમાં ડૂબતો ભલો ઉગારી લીધો આ સેવકને !

ભગવાનના સંદેશવાહક ગૌતમ પણ કૃતાર્થતા અનુભવી રહ્યા.

## (૪) શંકાનું સમાધાન

રાજગૃહની નજીકમાં તુંગિયા નામે નગરી હતી. એ નગરીમાં સુખી અને ધર્મતત્ત્વના જાણકાર અનેક શ્રમણોપાસકો રહેતા હતા. એક વાર એ નગરીમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના પાંચસો જેટલા સાધુઓ પધાર્યા અને નગરના પુષ્પવતી ચૈત્યમાં ઊતર્યા. તેઓ સંયમી, જ્ઞાની, તપસ્વી, સુવ્રતી અને ગુણોના ભંડાર હતા.

આવા ગુણવંત મુનિવરોને પોતાના નગરમાં પધાર્યા જાણીને બધા શ્રાવકો ખૂબ હર્ષિત થયા. તેઓ વંદન, ભક્તિ અને ધર્મશ્રવણ કરવા એ મુનિવરો પાસે પહોંચી ગયા અને એ

મુનિવરોએ સંભળાવેલો ભગવાન પાર્શ્વનાથનો ચાર મહાવ્રતોવાળો ધર્મ સાંભળીને ખૂબ રાજી થયા.

ધર્મદેશના સાંભળ્યા પછી એ ગૃહસ્થોએ એ સાધુઓને સંયમના અને તપના ફળ સંબંધી તેમ જ બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછ્યા. મુનિવરોએ એ પ્રશ્નોના જે જવાબો આપ્યા તે સાંભળીને બધા બહુ પ્રસન્ન થયા.

એ જ અરસામાં નિર્ગ્રંથ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યમાં પધાર્યા.

ગુરુ ગૌતમસ્વામી એક વાર ત્રણ ઉપવાસના પારણા માટે ભિક્ષા લેવા નગરીમાં ગયા. નગરમાં ફરતાં ફરતાં તેઓએ ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સાધુઓની તુંગિયા નગરીના શ્રાવકો સાથે થયેલી વાતચીતના સમાચાર જાણ્યા અને આ મુનિવરોએ કહેલ વાત સાચી હશે કે કેમ, તે માટે એમના મનમાં સંશય અને કુતૂહલ જાગ્યાં.

ગોચરી લઈને પાછા ફર્યા બાદ ગૌતમે ભગવાનને પૂછ્યું : "હે ભગવાન! એ સાધુઓએ જે ખુલાસા આપ્યા તે શું સાચા છે? આવા સવાલોના જવાબો આપવાની શક્તિ તેઓ ધરાવે છે ખરા? શું તેઓ વિપરીત જ્ઞાન વગરના, સારી પ્રવૃત્તિવાળા, અભ્યાસી અને વિશેષ જ્ઞાની છે?"

ભગવાને કહ્યું : "ગૌતમ! એ સાધુઓએ જે જવાબો આપ્યા તે યથાર્થ છે. તેઓ આવા જવાબો આપવા સમર્થ, વિપરીત જ્ઞાન વગરના, સારી પ્રવૃત્તિવાળા, અભ્યાસી અને વિશેષ જ્ઞાની છે."

ભગવાનના મુખેથી પોતાની શંકાઓનું સમાધાન મેળવીને ગૌતમસ્વામી ખૂબ રાજી થયા.

## (૫) પરિવ્રાજક અંબડ

ઉદારતાથી અને વિશાળતાથી શોભતા ભગવાન મહાવીરના ધર્મસંઘમાં તો કેવા કેવા જીવો ભળ્યા હતા! એ બધો પ્રતાપ હતો ભગવાનની સમતા, વત્સલતા અને આગ્રહમુક્ત અનેકાંત દૃષ્ટિનો. એમના ભિક્ષુસંઘમાં તો વસ્ત્ર-પાત્રના સર્વથા ત્યાગી, અને પોતાની રુચિ કે લાચારીને લીધે, વસ્ત્ર-પાત્રનો ઉપયોગ કરનાર એમ બંને પ્રકારના શ્રમણોને તો સ્થાન હતું જ; સાથે સાથે પોતાને મનગમતો વેષ અને વ્યવહાર ધરાવનાર બધી નાત-જાતનાં સ્ત્રી-પુરુષોને પણ એમના શ્રાવકસંઘમાં આવકાર મળતો. વેષ-વ્યવહાર ગમે તે હોય, પ્રયત્ન મનને નિર્મળ કરવાનો હોવો જોઈએ : એ જ ભગવાનની મુખ્ય આજ્ઞા હતી. એ આજ્ઞાને માને તે એમના સંઘમાં ભળી શકે.

આવા જ એક વિચિત્ર વેષભૂષાધારી હતા બ્રાહ્મણ પરિવ્રાજક અંબડ. તેઓ કાંપિલ્યપુરમાં રહેતા હતા, અનેક વિદ્યાઓના જાણકાર હતા, સાતસો શિષ્યોના ગુરુ હતા અને ભગવાન મહાવીરની ધર્મદેશનાથી પ્રભાવિત થઈને શ્રમણોપાસક—શ્રાવક બન્યા હતા. અને છતાં એમણે બાહ્ય વેષ અને બાહ્ય આચાર ત્રિદંડી પરિવ્રાજક જેવા જ રાખ્યા હતા. એ છત્ર, ત્રિદંડ અને કમંડલુ રાખતા અને વસ્ત્રો પણ ભગવાં ધારણ કરતા.

ભગવાન મહાવીરના ઉપાસક કહેવાતા આ પરિવ્રાજકનાં રૂપ-રંગ-ઢંગ જોઈને લોકો નવાઈ

પામતાં. વળી એમના ચમત્કારોની પણ કંઈ કંઈ અદ્‌ભુત વાતો લોકજીભે વહેતી થઈ હતી.

એકવાર ત્રીસમું ચોમાસુ વાણિજ્યગ્રામમાં રહીને ભગવાન કાંપિલ્યપુર પધાર્યા. ઇન્દ્રભૂતિ ગૌતમે નગરમાં ભિક્ષાચર્યા માટે ફરતાં ફરતાં અંબડના વેષ, વ્યવહાર અને ચમત્કારોની ઘણી ઘણી વાતો સાંભળી. આથી એમનું મન શંકિત થયું કે આવો વિચિત્ર-વિલક્ષણ જીવ ભગવાનના સંઘનો સાચો શ્રમણોપાસક હોઈ શકે ખરો ?

ગૌતમે ભગવાનને પોતાની શંકાઓ કહી. ભગવાને હા કહીને શંકાઓનું સમાધાન કર્યું.

છેવટે ગૌતમે પૂછ્યું : "શું અંબડ પરિવ્રાજક નિર્ગ્રંથ ધર્મની દીક્ષા લઈને આપના શિષ્ય બનશે ? અને તેઓ કઈ ગતિ પામશે ?"

ભગવાને કહ્યું : "ગૌતમ ! અંબડ મારું શિષ્યપણું તો નહીં સ્વીકારે; પણ એ એક ઉત્તમ શ્રમણોપાસક તરીકે વ્રત, તપ અને નિયમોનું આચરણ કરીને, પવિત્ર જીવનને પ્રતાપે, અહીંથી દેવલોકમાં જશે અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ નિર્વાણ પ્રાપ્ત કરશે."

અંબડના વિચિત્ર લાગતા જીવનનું સત્ય દર્શન પામીને અને એમની સદ્‌ગતિની વાત સાંભળીને, સર્વકલ્યાણના વાંછુ ગૌતમસ્વામી રાજી રાજી થઈ ગયા : પ્રભુના શાસનનો મહિમા કેવો વિસ્તરી રહ્યો છે !

## (૬) કાલોદાયી વગેરેનું સમાધાન

રાજગૃહ નગરનું ગુણશીલ ચૈત્ય ભગવાન મહાવીરના પધારવાથી અનેકવાર પાવન થયું હતું.

આ ગુણશીલ ચૈત્યથી થોડે દૂર કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી વગેરે અન્ય ધર્મ-મતમાં આસ્થા ધરાવનાર ગૃહસ્થો રહેતા હતા. તેઓ તત્ત્વચર્ચાના રસિયા અને સત્યના જિજ્ઞાસુ હતા. અને જ્યારે જ્યારે સમય મળતો ત્યારે, વાર્તા-વિનોદ કરીને પોતાની જિજ્ઞાસાને પૂરી કરવા પ્રયત્ન કરતા. હમણાં હમણાં તેઓમાં ભગવાન મહાવીરે સમજાવેલ પાંચ અસ્તિકાયની અને એમાંનાં ચાર અસ્તિકાય અજીવરૂપ—જડ અને એક સજીવ હોવાની તેમ જ ચાર અસ્તિકાય અરૂપી અને એક- રૂપી હોવાની વાતની ચર્ચા ચાલ્યા કરતી; પણ અંદર-અંદરની ચર્ચાથી એમનું સમાધાન થતું નહીં.

તે વખતે રાજગૃહ નગરમાં મદ્દુક નામે એક શ્રાવક રહેતો હતો. એ શ્રમણ ભગવાન મહાવીરનો ભક્ત અને ધર્મતત્ત્વનો જાણકાર હતો. કાલોદાયી વગેરેએ એને પોતાની શંકા કહી અને મદ્દુકે એનું સમાધાન પણ સારી રીતે કર્યું; છતાં કાલોદાયી વગેરેને એથી સંતોષ ન થયો.

ભગવાને મદ્દુકની વાતને યથાર્થ કહી અને એની પ્રશંસા કરી અને ગૌતમના પ્રશ્નના જવાબમાં ભગવાને એના ઉજ્જ્વળ ભાવિનું કથન કરતાં કહ્યું : "ગૌતમ ! મદ્દુક મારી પાસે દીક્ષા તો નહીં લે, શ્રાવકધર્મનું સારી રીતે પાલન કરીને દેવગતિ પામશે અને અંતે પંચમ ગતિને—મોક્ષને પામશે."

ભગવાન તેત્રીસમું ચોમાસુ રાજગૃહમાં રહ્યા હતા. કાલોદાયી વગેરે પણ ત્યાં જ હતા. ભગવાનની પાંચ અસ્તિકાય, એમાંના ચાર નિર્જીવ અને એક સજીવ હોવાની તથા ચાર અરૂપી અને એક રૂપી હોવાની વાત હજી પણ એમને સમજાતી ન હતી.

એક વાર ગૌતમસ્વામી રાજગૃહમાં ભિક્ષા લેવા નીકળ્યા હતા. તેઓ ભિક્ષાચર્યા કરીને પાછા ફરતા હતા ત્યારે કાલોદાયી વગેરેએ એમને બોલાવીને એમની પાસે પોતાની શંકાઓ રજૂ કરી અને એનું સમાધાન કરવા વિનંતિ કરી.

ગૌતમસ્વામીએ એમની શંકાઓનું સમાધાન આપીને પોતાના જ્ઞાનનો આડંબર રચવાને બદલે બધી શંકાઓનું સમાધાન મેળવી શકાય એવી ભગવાનની દેશના પદ્ધતિની પાયાની વાત સમજાવતાં કહ્યું : "હે દેવાનુપ્રિયો ! જે વસ્તુનું અસ્તિત્વ છે એનો અમે ઇનકાર કરતા નથી અને જે વસ્તુની હયાતી નથી એ હોવાનું કહેતા નથી; મતલબ કે જે છે એ હોવાનું અને જે નથી તે નહીં હોવાનું કહેવાની ભગવાનની પદ્ધતિ છે. આ ઉપરથી તમે તમારી શંકાઓનું સમાધાન મેળવી લેશો."

પણ ગૌતમના આવા ગૂઢ ખુલાસાથી કાલોદાયી વગેરે અન્ય ધર્મ-મતના અનુયાયીઓનું સમાધાન ન થયું એટલે તેઓ સ્વયં ભગવાન પાસે પહોંચ્યા અને પોતાની શંકાઓનું સંતોષકારક સમાધાન મેળવીને તેઓની પાસે દીક્ષિત થઈ ગયા.

એમ લાગે છે કે ભગવાનના પ્રવચનના મુદ્દાઓ અંગેની શંકાઓનું સવિસ્તર સમાધાન ગૌતમસ્વામીએ પોતે આપીને સ્વયં એના યશના ભાગી થવાને બદલે કાલોદાયી વગેરે ભગવાન પાસે આવે એવી સ્થિતિ સર્જી એની પાછળ એમનો એક જ આશય હોવો જોઈએ કે એ જીવોનો ઉદ્ધાર થાય અને ભગવાનનો અને એમના ધર્મતીર્થનો મહિમા વિસ્તરે.

આવા નિર્મોહી અને ભવ્ય હતા ગુરુ ગૌતમસ્વામી.

## (૭) હેતભરી શિખામણ અને મીઠો ઠપકો

રાજગૃહના એક પરાનું નામ નાલંદાવાસ હતું અને એનું એક ઉપવન હસ્તિધામ નામે હતું. એમાં મેતાર્ય ગોત્રના ઉદક પેઢાલપુત્ર નામે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના એક નિર્ગ્રંથ રહેતા હતા. એક વાર ગણધર ગૌતમસ્વામી ત્યાં પધાર્યા.

એ સમયે કુમારપુત્ર નામના ભગવાન મહાવીરની પરંપરાના શ્રમણ નિર્ગ્રંથો ઠેર ઠેર વિચરતા અને શ્રાવકોને વ્રત લેવરાવતી વખતે સ્થૂળ અહિંસાવ્રતના પાલન માટે આ પ્રમાણે નિયમ કરાવતા : "બીજાઓની–રાજા વગેરેની–બળજબરીને કારણે કોઈ ગૃહસ્થ કે ચોરને બંધનમાં નાખવારૂપ હાલતા-ચાલતા જીવોની એટલે કે ત્રસ જીવોની હિંસાને બાદ કરતાં, અને બધી હિંસાથી બચી શકાતું ન હોય તો બને તેટલી – થોડી પણ – હિંસાથી બચી શકાય એવી ભાવનાથી પ્રેરાઈને, હું હાલતા-ચાલતા ત્રસ જીવોની હિંસા નહીં કરું."

*ઉદક પેઢાલપુત્ર નિર્ગ્રંથને, ભગવાન મહાવીરના મતના શ્રમણ નિર્ગ્રંથો દ્વારા શ્રમણોપાસકોને* કરાવવામાં આવતી હિંસાત્યાગની આ પ્રતિજ્ઞામાં દોષ લાગતો હતો. પેઢાલપુત્ર તર્કશીલ અને બુદ્ધિશાળી નિર્ગ્રંથ હતા, એટલે એમને હતું કે ક્યારેક ભગવાન મહાવીરના કોઈ સમર્થ

નિર્ગ્રંથની સાથે વાત કરવાનો અવસર મળશે ત્યારે પોતે એમને પોતાની વાત સમજાવીને એમની વાતમાં રહેલો દોષ બતાવી શકશે. તેઓ આવા અવસરની રાહ જ જોઈ રહ્યા હતા.

જ્યારે એમણે જાણ્યું કે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમસ્વામી પોતાના સ્થાનમાં આવ્યા છે, ત્યારે પેઢાલપુત્રે એમની પાસે આવીને એમના તીર્થના શ્રમણોની શ્રાવકો માટેની સ્થૂળ અહિંસાની પ્રતિજ્ઞામાં રહેલ દોષની વાત કરી. પેઢાલપુત્રને ખાતરી હતી કે આ દીવા જેવા ચોખ્ખા દોષનો ઇન્કાર કોઈ રીતે થઈ શકવાનો નથી.

ગૌતમસ્વામી તો જય-પરાજયના આવેશથી સર્વથા મુક્ત હતા. એમણે શાંતિ અને સ્વસ્થતાથી એ નિર્ગ્રંથની વાત સાંભળી; અને સમભાવપૂર્વક સત્ય સમજાવવા માટે, અનેક દાખલાઓ આપીને, ભગવાન મહાવીરના નિર્ગ્રંથના કથનમાં રહેલ દોષરહિતપણાનું દર્શન કરાવ્યું. પરિણામે નિર્ગ્રંથ પેઢાલપુત્રને પોતાના વિચારમાં રહેલ ખામીનો ખ્યાલ આવ્યો અને બીજાને પરાજિત કરવાની એની ઇચ્છા સફળ ન થઈ. ગૌતમસ્વામીએ સમજાવેલ વાતની સામે કંઈ કહી શકાય એમ તો હતું જ નહીં; છતાં એનું અંતર કંઈક પરાજયની બેચેની અનુભવી રહ્યું. જ્ઞાની ગૌતમસ્વામી એના અંતરના આ ડંખને જાણે પામી ગયા હોય એમ એને હેત-ભરી શિખામણ આપતાં બોલ્યા : "હે આયુષ્યમન્! જે મનુષ્ય પાપ-કર્મથી મુક્ત થવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત કરીને પણ કોઈ શ્રમણ-બ્રાહ્મણની નિંદા-કૂથલી કરે છે તે, ભલે ને પોતાની જાતને એમનો મિત્ર માને તો પણ, પોતાનો પરલોક બગાડે છે."

પેઢાલપુત્ર મૂંગા મૂંગા ગૌતમસ્વામીની વાતને સાંભળી રહ્યા અને પછી ગૌતમસ્વામી તરફ કશો વિનય-વિવેક દાખવ્યા વગર ત્યાંથી ઊઠીને ચાલવા લાગ્યા.

ગૌતમસ્વામીએ જોયું કે પેઢાલપુત્રનું અંતર આવી શિખામણ પછી પણ જાગ્યું નહીં અને એ માટે કંઈક વધારે પ્રયત્ન કરવો જરૂરી છે; એટલે એમણે એને જતો રોકીને, જાણે મમતાભર્યો ઠપકો આપતા હોય એમ, લાગણીપૂર્વક કહ્યું : "હે આયુષ્યમન્ ઉદક! કોઈ શિષ્ટ શ્રમણ કે બ્રાહ્મણના મુખેથી એકાદ ધર્મવાક્ય પણ સાંભળવા કે શીખવા મળ્યું હોય તો માનવું કે એમણે મને સાચો માર્ગ સમજાવ્યો, અને એમ સમજીને એવો ઉપદેશ આપનાર માણસનો પૂજ્ય બુદ્ધિથી આદર-સત્કાર કરવો ઘટે, કોઈ મંગલકારી દેવ કે દેવમંદિરની જેમ એમની ઉપાસના કરવી ઘટે."

ગૌતમસ્વામીના લાગણીભર્યા શબ્દો નિર્ગ્રંથ ઉદક પેઢાલપુત્રના અંતરને સ્પર્શી ગયા. એમણે વિનમ્રતા ધારણ કરીને કહ્યું : "આયુષ્મન્ ગૌતમ! મને કોઈએ અત્યાર સુધી આ વાત સમજાવી નથી. આવા શબ્દો મેં કોઈની પાસેથી સાંભળ્યા નથી. તેથી હું એ પ્રમાણે વર્ત્યો નથી. પણ હવે મને આપનું કહેવું સાચું લાગે છે. આપના શબ્દોને હું શ્રદ્ધા અને ભક્તિપૂર્વક શિરે ચઢાવું છું. મારો આપના નિર્ગ્રંથ સંઘમાં સ્વીકાર કરો."

અને ઉદક પેઢાલપુત્ર ભગવાન પાર્શ્વનાથની પરંપરામાંથી ભગવાન મહાવીરની પરંપરામાં પ્રવેશી ગયા.

ગૌતમસ્વામીનો મમતાભર્યો ઉપદેશ અને મીઠો ઠપકો સફળ થયો.

## (૮) જ્યોતિષશાસ્ત્રની વાતો

ભગવાન મહાવીર ઓગણચાલીસમું ચોમાસું મિથિલા નગરીમાં રહ્યા હતા. આ વખતે ગૌતમસ્વામીએ સૂર્ય, ચંદ્ર વગેરેનાં સ્વરૂપ, એમની ગતિ, એમની સંખ્યા, એમની સ્થિતિ, એમના કાર્ય વગેરેને લગતા સંખ્યાબંધ પ્રશ્નો પૂછીને આકાશમંડળમાં બિરાજતા જ્યોતિશ્ચક્ર સંબંધી જ્ઞાન મેળવ્યું. ભગવાને પણ આ પ્રશ્નોના એવા વિસ્તૃત જવાબો આપ્યા કે એના ઉપરથી સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ જેવા આગમગ્રંથોની રચના થઈ.

સત્યોતેર વર્ષ જેટલી મોટી ઉંમરે પણ ગૌતમસ્વામીની જિજ્ઞાસા કેટલી ઉત્કટ હતી અને સર્વજ્ઞ ભગવાન પાસેથી એનો ખુલાસો મેળવવા તેઓ હંમેશાં કેવા તત્પર રહેતા, તે આ ઉપરથી પણ જાણી શકાય છે.

## (૯) બાળ અતિમુક્તક

ક્યારેક ભગવાન મહાવીર વિચારતાં વિચારતાં પોલાસપુરના શ્રીવન ઉદ્યાનમાં પધાર્યા. એક દિવસ બે પ્રહર દિવસ વીતી ગયો અને ગોચરીની વેળા થઈ, એટલે ગૌતમસ્વામી ભિક્ષાચર્યા માટે નગરમાં નીકળ્યા.

નગરમાં એક ઈંદ્રનું મંદિર હતું. ત્યાં છોકરાઓ રમતા હતા. એમાં એક અતિમુક્તક નામે કુમાર હતો. ગૌતમસ્વામીને જોઈ એને કુતૂહલ થયું. એ રમવાનું મૂકીને એમની પાસે દોડી આવ્યો અને પૂછવા લાગ્યો : "આપ કોણ છો ? અને આ પ્રમાણે શા માટે ફરો છો ?"

ગૌતમસ્વામીએ વહાલપૂર્વક કહ્યું : "અમે નિર્ગ્રંથ સાધુઓ છીએ; તપ અને સંયમનું પાલન કરીએ છીએ; અને નાનાં-મોટાં-મધ્યમ કુળોમાં ભિક્ષાચર્યા કરીને નિર્દોષ આહાર-પાણી મેળવીને અમારી સંયમયાત્રાનો નિર્વાહ કરીએ છીએ."

અતિમુક્તકના મનમાં જાણે ગૌતમસ્વામી વસી ગયા. ઉંમર નાની અને સમજણ ઓછી હતી, પણ ગૌતમસ્વામીને જોઈને, જાણે કોઈ અદ્‌ભુત સંગ મળ્યો હોય એમ, એનું ચિત્ત રાજી રાજી થઈ ગયું અને એ એમની આંગળી પકડીને એમને પોતાને ઘેર ભિક્ષા માટે લઈ ગયો. અને જ્યારે ગૌતમસ્વામી ભિક્ષા લઈને પાછા ફરવા લાગ્યા ત્યારે શ્રમણ ભગવાનના દર્શન માટે બાળક અતિમુક્તક પણ એમની સાથે ગયો.

ગૌતમસ્વામી જેવા આંતર-બાહ્ય શુદ્ધ ગુરુનો થોડોક પણ સત્સંગ પામી અને ભગવાન મહાવીરનાં દર્શન કરી અને એમની વાણી સાંભળી અતિમુક્તકના અંતરમાં અજવાળાં પથરાઈ ગયાં. પોતાની ધર્મભાવનાભરી દૃઢતાથી માતા-પિતાની અનુમતિ લઈને, સુખ-વૈભવની લાલસા ઉપર વિજય મેળવીને, કુમાર અતિમુક્તક હંમેશાંને માટે ભગવાનના ભિક્ષુકસંઘમાં ભળી ગયો.

## (૧૦) ભગવાનના મોક્ષગામી શિષ્યો કેટલા?

મોટી ઉંમર અને ચાર જ્ઞાનના ધારક હોવા છતાં ગૌતમસ્વામી ઉપવાસ જેવું બાહ્ય અને ધ્યાન જેવું આભ્યંતર બંને પ્રકારનાં તપ કરતા રહેતા હતા.

એક વાર ગૌતમસ્વામી સમાધિપૂર્વકના ધ્યાનમાં નિમગ્ન હતા, એ વખતે મહાશુક્ર દેવલોકના

બે દેવો, પોતાની જિજ્ઞાસાને પૂરી કરવા ભગવાન મહાવીર પાસે આવ્યા. તેઓએ અંતરના ભાવોલ્લાસપૂર્વક મનથી જ ભગવાનને વંદન કર્યું અને પોતાની જિજ્ઞાસા પણ મનથી જ પ્રભુને જણાવી—જાણે જ્ઞાનજ્યોતિ ભગવાન પાસે વાણીનો કોઇ ઉપયોગ નહોતો રહ્યો !

પ્રભુ તો ઘટઘટના અંતર્યામી. એમણે પણ મનોમન દેવોની શંકા જાણીને એનો ખુલાસો પણ મનથી જ કરી દીધો—જાણે પ્રભુએ અને દેવોએ મનોમન જ વાત કરી લીધી. સમાધાન મેળવીને દેવો સંતોષ પામ્યા.

ધ્યાન પૂરું કરીને ગૌતમસ્વામી વિચારવા લાગ્યા : આ દેવો કોણ હશે અને ભગવાન પાસે શા માટે આવ્યા હશે ? તેઓ આ સવાલનો જવાબ મેળવવા ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને એમના મનની વાત પામી જઇને કહ્યું : "ગૌતમ! તમારા પ્રશ્નનો જવાબ દેવો પાસેથી જ મેળવી લ્યો."

ગૌતમસ્વામી એ દેવો પાસે ગયા. દેવોએ કહ્યું : "હે ભગવાન ! અમે મહાશુક્ર નામે દેવલોકમાંથી આવ્યા છીએ. ભગવાનના કેટલા શિષ્યો મોક્ષે જશે એ અમારી જિજ્ઞાસા હતી. સર્વજ્ઞ ભગવાને વાણીનો ઉપયોગ કર્યા વગર મનથી જ અમને જવાબ આપ્યો કે "હે દેવાનુપ્રિયો ! સાતસો શિષ્યો સર્વ દુઃખોનો નાશ કરી મોક્ષના શાશ્વત સુખને પામશે."

## (૧૧) સૂર્યાભદેવનો પૂર્વભવ

ભગવાન મહાવીર એક વાર આમલકપ્પા નગરીમાં પધાર્યા. એ વખતે સૂર્યાભ નામે દેવ ભગવાનના દર્શન કરવા આવ્યો હતો.

એ દેવની સમૃદ્ધિ જોઇને ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું : "ભગવાન ! આ દેવ પૂર્વભવે કોણ હતો ?"

ભગવાને કહ્યું : "ગૌતમ ! પહેલાં કેકય નામે દેશમાં પ્રદેસી નામે રાજા રાજ્ય કરતો હતો. એ રાજા આત્મતત્ત્વના અસ્તિત્વને માનતો નહોતો. એની દૃઢ માન્યતા હતી કે આત્મા નામનું શાશ્વત દ્રવ્ય હોઇ શકે જ નહીં. સદ્ભાગ્યે એને પુરુષાદાણી ભગવાન પાર્શ્વનાથના અનુયાયી કેશી નામના શ્રમણનો સત્સંગ થયો. એ જ્ઞાની શ્રમણે અનેક દાખલાઓ અને દલીલો આપીને આત્માનું અસ્તિત્વ સમજાવ્યું અને એને ધર્માભિમુખ બનાવ્યો. એ પ્રદેસી રાજાનો જીવ તે જ આ સૂર્યાભદેવ. ધર્મની આરાધનાને પ્રતાપે એ આવી સમૃદ્ધિ અને દેવગતિ પામ્યો."

## (૧૨) 'નાલંદા-અધ્યયન'ની રચના

રાજગૃહી નગરી તો મગધદેશની રાજધાની. આજે એને 'રાજગિર' કહે છે.

તીર્થભાવનાથી પવિત્ર થયેલ પાંચ પહાડો એના ગૌરવમાં વધારો કરે છે અને એની ધર્મસંસ્કારિતાની કીર્તિગાથા સંભળાવે છે. ભગવાન મહાવીરનાં અનેક ચોમાસાંથી અને સંખ્યાબંધ પુણ્યાત્માઓના મોક્ષગમનથી એ ભૂમિ પાવન થયેલી છે.

બૌદ્ધ-ધર્મ-સંઘના ઇતિહાસમાં પણ એનો ઘણો મહિમા છે, એટલું જ નહીં; ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી બૌદ્ધ ધર્મશાસ્ત્રો ત્રિપિટકોની શુદ્ધિ અને સાચવણી માટેની પહેલી સંગીતિ (વાચના) પણ રાજગૃહીના પાંચ પહાડોમાંના એક પહાડ ઉપરની એક ગુફામાં જ થઇ હતી.

રાજગૃહી નગરીનો વિસ્તાર પણ ઘણો હતો અને એનાં પરાં પણ અનેક હતાં. એમાંના એક પરાનું નામ નાલંદા હતું. ત્યાં ઘણા ધનાઢ્યો વસતા હોવાને કારણે એક મહાન સમૃદ્ધિશાળી સ્થાન તરીકે એની ઘણી ખ્યાતિ હતી. ભગવાન મહાવીરનો આ નાલંદા ઉપનગર સાથે ઘનિષ્ઠ સંબંધ હતો અને ત્યાં એમણે અનેક ચોમાસાં કર્યાં હતાં.

વળી તક્ષશીલા અને વિક્રમશીલા જેવું બૌદ્ધધર્મનું એક મહાવિદ્યાપીઠ નાલંદામાં પણ હતું. એનાં પ્રાચીન અવશેષો, આખી એક વસાહત જેટલા વિપુલ પ્રમાણમાં, છેલ્લા પાંચ-છ દાયકા દરમ્યાન મળી આવ્યા છે, એટલું જ નહીં, અત્યારે ત્યાં નવનાલંદા મહાવિહાર નામથી, બૌદ્ધધર્મ અને સાહિત્યના અભ્યાસ માટે મોટું વિદ્યાધામ ફરી શરૂ થયું છે.

આ રીતે પ્રાચીન મગધદેશના ઇતિહાસમાં નાલંદાનું સ્થાન બહુ ગૌરવભર્યું હોય એમ જાણવા મળે છે.

નાલંદાની કીર્તિગાથાને સાચવી રાખવામાં અને વધારવામાં ગુરુ ગૌતમસ્વામીએ પણ પોતાનો ફાળો આપ્યો હતો, તે આ રીતે : જૈન આગમગ્રંથોમાં અંગસૂત્રોને મૌલિક લેખવામાં આવે છે; ભગવાન મહાવીરની પવિત્ર વાણી એમાં સચવાઈ રહી છે. અંગસૂત્રો બાર છે; એમાંનું બારમું અંગ નષ્ટ થઈ ગયું છે. એટલે અત્યારે આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે અગિયાર અંગસૂત્રો ઉપલબ્ધ છે. આમાં બીજા અંગસૂત્ર 'શ્રી સૂત્રકૃતાંગ'ના 'શ્રી નાલંદીય અધ્યયન'ની રચના ગણધર ગૌતમસ્વામીએ કરી હતી, એમ એ સૂત્રમાં આવતા ઉલ્લેખથી જાણી શકાય છે.

* * *



કલ્પસૂત્ર :- હાથે લખાયેલ : ભદ્રબાહુસ્વામી

# સમયં ગોયમ, મા પમાયએ

*શ્રી રમણલાલ ચી. શાહ*

**''સમયં ગોયમ મા પમાયએ'' એ ચાર શબ્દો ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને કહેલા છે. આ શબ્દો અઢી હજાર વર્ષથી લોકોના શ્રવણમાં અને ચિત્તમાં ગુંજતા રહ્યા છે. શબ્દમાં પણ અનંત શક્તિ છે, બળ છે, પ્રકાશ છે. કરુણાર્દ્ર હૃદયે, સર્વ જીવોનું એક માત્ર હિત ચિંતવી નીકળેલા શબ્દોનો પાર પામનાર પારગામી બન્યા સિવાય ન રહે.......**

**આ શિખામણ રૂપે નથી પણ આત્માને સભાન અને જાગૃત બનાવનારા ટંકશાળી વચનોની લ્હાણ છે. જાણીતા આગેવાન તત્ત્વચિંતક શ્રી રમણભાઈએ એ શબ્દોમાં છુપાયેલ 'સમયં'નું અન્વેષણ અત્રે સુંદર રીતે દર્શાવ્યું છે.** *—સંપાદક*

દિવાળીનો દિવસ એ ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણનો દિવસ. તીર્થંકર પરમાત્માના નિર્વાણનો દિવસ કલ્યાણક તરીકે ઊજવાય છે. અનેક લોકોનું કલ્યાણ જે ઘટનાથી થાય તેને કલ્યાણક કહેવામાં આવે છે. પ્રત્યેક તીર્થંકરનાં પાંચ કલ્યાણકોમાં નિર્વાણનો પ્રસંગ પણ આનંદ અને ઉત્સવનો પ્રસંગ બને છે. ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણના પ્રસંગને અનેક લોકોએ અસંખ્ય દીપક પ્રગટાવીને ઊજવ્યો હતો, માટે એ પર્વને દીપાવલી-દિવાળી પર્વ કહેવામાં આવે છે.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણની ઘટના સાથે ગુરુ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એ મહત્ત્વની ઘટના પણ સંકળાયેલી છે. જ્યાં સુધી મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા નહોતા ત્યાં સુધી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું નહોતું તેનું મુખ્ય કારણ એ હતું કે એમને ભગવાન પ્રત્યે તીવ્ર અનુરાગ હતો. એ અનુરાગ વાસ્તવિક દુનિયાની દૃષ્ટિએ પ્રશસ્ત, પ્રશંસાને યોગ્ય હતો, પરંતુ મોક્ષમાર્ગમાં, કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં તે અંતરાયરૂપ હતો. દિવાળીના દિવસે મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા અને બેસતા વર્ષના પ્રભાતે નીરાગી અવસ્થા પ્રાપ્ત થતાં ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું હતું.

મહાવીરસ્વામી અને ગૌતમસ્વામીનો સંબંધ ત્રીસ વર્ષનો હતો. મહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયું એને બીજે દિવસે પાવાપુરીમાં ઇન્દ્રભૂતિ ગૌતમ સહિત અગિયાર પ્રકાંડ બ્રાહ્મણ પંડિતોનો એમને મેળાપ થયો. તેઓ બધાએ પોતપોતાના મનની શંકા અનુસાર ભગવાનની સાથે શાસ્ત્રાર્થ કર્યો, તેથી સંતોષ પામ્યા અને પોતપોતાના શિષ્ય-સમુદાય સહિત પછી એમના શિષ્યો થયા, અર્થાત્ ગણધરો થયા. એ દિવસથી તે નિર્વાણના દિવસ સુધી એમ સતત લગભગ ૩૦ વર્ષ જેટલા સુદીર્ઘ સમય સુધી ગૌતમસ્વામી ભગવાનની સાથે જ વિચરતા રહ્યા.

મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન ગૌતમસ્વામીને થયાં હતાં, પરંતુ ભગવાન પ્રત્યેના તીવ્ર અનુરાગને કારણે એમને કેવળજ્ઞાન થતું ન હતું. નવાઇ તો એ હતી કે ગૌતમસ્વામી

જેને જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થતું; પરંતુ ખુદ પોતાને કેવળજ્ઞાન થતું નહિ. દ્વેષ ઉપર વિજય મેળવવાનું એટલું કઠિન નથી, જેટલું રાગ ઉપર વિજય મેળવવાનું છે. ગૌતમસ્વામીના મનની આ સ્થિતિ ભગવાન જાણતા હતા, અને એટલા માટે જ તેઓ એમને અનેક વાર કહેતા : 'હે ગૌતમ ! તું સમય (અલ્પતમ ક્ષણ) માત્રનો પણ પ્રમાદ ન કરીશ.'

समयं गोयम मा पमायए' – એ ગૌતમસ્વામીને ઉદ્દેશીને કહેલા ચાર શબ્દો આગમગ્રંથોની કેટલીય ગાથાઓમાં કેટલીય વાર આવે છે. (ઉત્તરાધ્યયનના દસમા અધ્યયનમાં તો એ પ્રત્યેક ગાથાનું છેલ્લું ચરણ છે.) ભગવાને ઉચ્ચારેલા એ શબ્દો એમના બીજા કેટલાય શબ્દોની જેમ અઢી હજાર વર્ષથી લોકોના શ્રવણમાં અને ચિત્તમાં ગુંજન કરતા ચાલ્યા આવ્યા છે. સાધારણ માણસે ઉચ્ચારેલ શિખામણના શબ્દો ઘડીકમાં વીસરાઈ જાય છે, પણ કેટલાક શબ્દો એવા હોય છે કે જે કાલાતીતપણાને પામે છે. હજારો વર્ષ સુધી લોકોમાં એટલા જ વેગ અને બળથી એ શબ્દો વહેતા રહે છે.

શબ્દોમાં અનંત શક્તિ છે. શબ્દને 'બ્રહ્મ' તરીકે ઓળખવામાં આવે છે. આખા વિશ્વમાં ઘૂમી વળવાની તાકાત શબ્દમાં રહેલી છે. બોલનાર વ્યક્તિ શબ્દમાં કેટલું બળ પૂરે છે તેના ઉપર એનો આધાર રહે છે. વિશ્વમાં મનુષ્ય સહિત અનંત જીવો વ્યક્ત કે અવ્યક્ત ધ્વનિનું—શબ્દોનું પ્રતિક્ષણ ઉચ્ચારણ કર્યા કરે છે. એ તમામ શબ્દો કાળના પ્રવાહમાં તણાઈ જાય છે, વીખરાઈ જાય છે, લુપ્ત થઈ જાય છે. કોઈ કોઈ શબ્દો પાંચ-પચીસ વર્ષ કે બે-ચાર સૈકા સુધી જીવંત રહે છે, તો કોઈ કોઈ શબ્દો હજારો વર્ષો સુધી એકસરખું ગુંજન કર્યા કરે છે. समयं गोयम मा पमायए – એ શબ્દો એવા છે કે હજુ હજારો વર્ષ સુધી માનવજાતને માટે પથદર્શક બની રહેશે.

કેટલાક શબ્દો વ્યક્તિના હૃદયમાંથી સ્ફુરે છે; કેટલાક શબ્દો ચિત્તના અતલ ઊંડાણમાંથી પ્રગટ થાય છે. એવા કેટલાક શબ્દોમાં વ્યક્તિના નિર્દોષ, વાત્સલ્યપૂર્ણ, પ્રામાણિક, કલ્યાણકારી તીવ્ર સ્પંદનો રહેલાં હોય છે. સાંભળનારને તે તરત સ્પર્શી જાય છે. કેટલાક શબ્દો માત્ર હૃદય કે ચિત્તમાં જ નહિ, પરંતુ સમગ્ર આત્મામાંથી, સમગ્ર અસ્તિત્વમાંથી એના નિચોડરૂપે સહજપણે સરી પડે છે. એ ભલે એકાદ વ્યક્તિને સંબોધીને બોલાયા હોય; પણ બોલનાર વ્યક્તિ કરુણાર્દ્ર હૃદયે સર્વ જીવોનું એક માત્ર હિત ચિંતવી એ શબ્દો બોલે છે, અથવા એમનાથી અનાયાસ એવા હિતકારી શબ્દો બોલાઈ જાય છે, અથવા એમનાથી બોલ્યા વગર રહી શકાતું નથી. એ શબ્દોમાં એવું જબરું બળ હોય છે કે કાળના પ્રવાહમાં એને ઘસારો લાગતો નથી. બલ્કે કાળ એને ઘસી ઘસીને વધુ ને વધુ સુંદર અને ચકચકિત બનાવે છે. ભગવાને ગૌતમસ્વામીને કહેલા આ શબ્દોમાં પણ એવું જ દિવ્ય અને અલૌકિક બળ છે.

ભગવાને ગૌતમસ્વામીને અને એમના દ્વારા અનેક જીવોને અનેક બાબતોમાં ઘણો મહત્ત્વનો ઉપદેશ આપ્યો છે. એમાં ગૌતમસ્વામીને વારંવાર અપાયેલો ઉપદેશ તે પ્રમાદ ન કરવા વિશે છે. આમ જોઈએ તો આ એક પ્રકારનો નિષેધરૂપ ઉપદેશ છે. મનુષ્યે શું શું કરવું જોઈએ એવી નિષેધરૂપ હજારો શિખામણો વડીલો, જ્ઞાનીઓ, શિક્ષકો કે સંતમહાત્માઓ તરફથી વ્યાવહારિક, સામાજિક, વૈયક્તિક કે સામુદાયિક જીવનને લક્ષીને અપાયા કરે છે. ધાર્મિક અને આધ્યાત્મિક માર્ગે પણ એવી ઘણી બધી શિખામણો અપાયેલી છે. ભગવાને ગૌતમસ્વામીને આપેલી આ નાનકડી

શિખામણ આમ જોઈએ તો સ્પષ્ટ છે પરંતુ આધ્યાત્મિક માર્ગની તે ગહનતમ, સૂક્ષ્માતિસૂક્ષ્મ શિખામણ છે. એ જો સંપૂર્ણપણે અમલમાં મૂકી શકાય તો કેવળજ્ઞાન અને મોક્ષ ક્ષણવારમાં પ્રાપ્ત થઈ શકે.

સારી રીતે જીવવું એ જીવોનું પાર્થિવ લક્ષણ છે; પરંતુ ભોગોપભોગથી ભરેલા આ પાર્થિવ જીવનથી પરં કોઈ સનાતન, નિરુપાધિક અસ્તિત્વ છે એની આંતરપ્રતીતિ તો કોઈક વિરલ મનુષ્યોને ,જ થાય છે. વ્યવહારમાં જેમ અનેક કાર્યો પ્રમાદને લીધે થઈ શકતાં નથી, તેમ આધ્યાત્મિક માર્ગની કેટલીક સિદ્ધિઓ ચિત્તની પ્રમત્તાવસ્થાના કારણે પ્રાપ્ત થતી નથી. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ જગત જ્ઞાનીઓની દૃષ્ટિએ તો અજ્ઞાન અથવા મિથ્યાત્વના ગાઢ અંધકારથી ભરેલું છે. મિથ્યાત્વનો અંધકાર જેમનામાંથી ચાલ્યો ગયો છે, સાચી સમજણ જેમને પ્રાપ્ત થઈ શકી છે, તેઓ પણ પ્રમાદને કારણે અવિરતિમાં અટકી પડે છે. પ્રમાદ જગતના જીવોને જટિલ જંજાળોમાં જકડી રાખે છે. ક્રોધાદિ કષાયો અને મન, વચન તથા કાયાના યોગો જીવને સન્માર્ગે જતાં અટકાવે છે. જે જીવો પોતાની આત્મશક્તિને ખીલવે છે તેઓ બધા અંતરાયો ભેદીને મુક્તિપથ પર પ્રગતિ કરી શકે છે; પરંતુ તેમાં પણ ક્ષણ ક્ષણની, સમય-સમયની અપ્રમત્તાવસ્થા પ્રાપ્ત થવી ઘણી દુષ્કર છે. એવા માર્ગે ગયેલા મનુષ્યોમાંથી પણ મોટા ભાગના મનુષ્યોની સ્થિતિ તો એવી હોય છે કે ધર્મ શું છે તે સમજાય છે પરંતુ તેમાં પ્રવૃત્ત થવાતું નથી, અને અધર્મ શું છે તે પણ સમજાય છે પરંતુ તેમાંથી નિવૃત્ત થવાતું નથી.

**जानामि धर्मं न च मे प्रवृत्तिः ।**
**जानाम्यधर्मं न च मे नित्तिः ।।**

આમ છતાં, આટલું જાણવા જેટલી સ્થિતિએ પહોંચાયું છે, ધર્મ કે અધર્મ વિષેના અજ્ઞાનની સ્થિતિ નથી, એટલી જાગૃતિ પણ ઈષ્ટ છે.

સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન પ્રાપ્ત થવાં સરળ નથી; પરંતુ એ પ્રાપ્ત થયા પછી તદનુસાર સમ્યગ્‌ચારિત્ર ઘડવું એ પણ ઘણી દુષ્કર વાત છે. પ્રમાદ એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. મોહનીય કર્મ જીવને ભગાડે છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ રાગ જીવથી છૂટતો નથી. વીતરાગપણું સહેલાઈથી મેળવી શકાતું નથી, અથવા મેળવ્યું હોવા છતાં પ્રમાદને કારણે ન મેળવ્યા જેવું ઘડીએ ઘડીએ ચાલ્યા કરે છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનક વચ્ચે જીવ અનેકવાર ચડ-ઊતર કર્યા કરે છે. ઉપરના ગુણસ્થાનકે જીવ પ્રમાદના કારણે જ સ્થિર થઈ શકતો નથી. વારંવાર સ્થિર થવાનો મહાવરો જેઓ અનેક વખત કરતા રહે છે તેઓ તેના ઉપર પછી સ્થિર થઈ જાય છે. કોઈ વિરલ મહાત્માઓ પ્રથમ પ્રયાસે જ અપ્રમત્ત બની સ્થિર થઈ જાય છે, ઊર્ધ્વગામી બને છે.

ચિત્તની આ ક્રિયા અતિ સૂક્ષ્મ છે. ભગવાને એટલા માટે શબ્દ વાપર્યો છે 'સમય.' ભગવાને ગૌતમસ્વામીને કહ્યું છે કે 'સમયમાત્રનો પણ પ્રમાદ ન કરીશ.' સમયનો સાદો અર્થ છે કાળ. પરંતુ અહીં 'સમય' શબ્દ જૈન પારિભાષિક અર્થમાં વપરાયો છે. સમય એટલે કાળનું નાનામાં નાનું એકમ (unit.) જેના બે ભાગ થવાનું શક્ય નથી એવો કાળ તે સમય. સમયનું સ્વરૂપ અને સમયનું માપ સમજવા માટે સરસ પ્રતીતિકર ઉદાહરણો અપાયાં

છે. જેમ કે, કોઈ માણસ કોઈ લાંબા જીર્ણ વસ્ત્રને એક ઝાટકે ક્ષણમાત્રમાં ફાડી નાખે તો તેનો એક તાંતણો જે રૂના પૂમડાથી બનેલ છે અને જે રૂના પૂમડામાં અનેક પરમાણુ હોય છે એ તૂટ્યા પછી બીજો તૂટે તેમાં પસાર થયેલા તેટલા સૂક્ષ્મ કાળને માટે 'સમય' શબ્દ વાપરી શકાય. આપણું ચિત્ત સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. પ્રતિક્ષણ, બલ્કે પ્રતિસમય એમાં વિચારોનો, ભાવોનો, સ્પંદનોનો પ્રવાહ નિરંતર ચાલ્યા કરે છે. પ્રતિસમય એ પ્રવાહ પ્રમાદરહિત રહ્યા કરે એ ઘણી દુર્લભ વાત છે. મહાન સાધકો જ એ સિદ્ધ કરી શકે છે. આ પંચમ કાળમાં તો એ શક્ય જ નથી; પરંતુ એ દિશામાં પુરુષાર્થ અશક્ય નથી. ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને સમયં ગોયમ મા પમાયએ એવો જે ઉપદેશ અનેકવાર આપ્યો તે મુક્તિમાર્ગના પ્રવાસીઓ માટે મહત્ત્વનું ભાથું બની રહે છે. એનો અંશ માત્ર પણ આપણા વર્તમાન જીવનમાં ઊતરે તો એ ઐહિક જીવનમાં પણ આધ્યાત્મિક કૃતાર્થતા અનુભવી શકાય.

* * *



અંતિમ સમયે મંગલશ્રેષ્ઠીનો જીવ પાણીમાં દ:રોવાયો

# સેવં ભંતે–સેવં ભંતે

*–પૂજ્ય મુનિ શ્રી સુધર્મસાગરજી મહારાજ*

**મહાપુરુષોની દિનચર્યાની ઝીણી ઝીણી વિગતો સામાન્ય માનવી માટે બહુ મોટું માર્ગદર્શન બની રહેતી હોય છે. નાનકડું નામ-રટણ સામાન્ય માનવીના જીવન-પરિવર્તનનું કારણ બની રહેતું હોય છે. ગૌતમસ્વામી જીવનના ગમે તેવા સમાધાન માટે ચાર અક્ષરનો પાવન–મંત્ર ચીંધે છે : સેવં ભંતે!–તેનું મુનિએ સચોટ વિવરણ કર્યું છે.**

*–સંપાદક*

દ્વાદશાંગીનું પાંચમું અંગ 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'–જેનું પ્રચલિત નામ છે ભગવતીસૂત્ર. એમ કહેવાય-સંભળાય છે કે આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ આગમના ૩૬૦૦૦ પ્રશ્નો તથા તેના સમાધાન હતાં. હાલ ઉપલબ્ધ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં એટલા પ્રશ્નો નથી.

તીર્થંકર પરમાત્માનાં વચનો પ્રત્યેની દૃઢ શ્રદ્ધા કેળવવામાં એક સુંદર આલંબન એટલે પ્રશ્નના ઉત્તરને પ્રાપ્ત કર્યા પછી ગૌતમ ગણધરના મુખમાંથી નીકળતા બે શબ્દો–ચાર અક્ષર 'સેવં ભંતે સેવં ભંતે.'

શંકા રજૂ કરતી વખતે દૃઢ વિશ્વાસ છે કે મારી શંકાનું સમાધાન થશે. આ એક જ સ્થાન છે કે જ્યાં મારી કે બીજા કોઈ પણ જીવની રજૂ થતી શંકાનું સચોટ, સુંદર, સત્ય, હિતકર સમાધાન મળવાનું.

આપણે મનમાં કલ્પનાચિત્ર તૈયાર કરીએ કે ગણધર ગૌતમ ભગવંતને શંકા પૂછી રહ્યા છે, તે સમયે તેમની મુખાકૃતિ કેવી હશે ? નાનું બાળક જેમ પોતાની માતાને કે સ્વજનોને પ્રશ્ન પૂછે ત્યારે તેની મુખાકૃતિ કેવી હોય છે ? ઉત્તર મળતાં બાળકની જિજ્ઞાસા સંતોષાય ત્યારે કેટલો આનંદ હોય છે ! બાળક થોડું મોટું થાય પછી વિદ્યાર્થી બને ત્યારે શંકાનું સમાધાન મેળવતાં કેવો આનંદ પામે છે ! પરીક્ષા આપવા જતી વખતે થતી શંકાનું સમાધાન મળે તો કેવો આનંદ થાય છે ! મોટા થતાં સંસાર-વ્યવહારમાં જે ગૂંચ ઊભી થાય તેનું સમાધાન મળે ત્યારે કેવો આનંદ થાય છે ! આ બધા આનંદના પ્રકારોમાં ક્રમશઃ સ્થિતિ વધારે હોય છે. આની સામે જનમ-મરણના ફેરા મિટાવનાર, અનેક ભવોથી આત્મામાં જમા થયેલા કર્મપ્રદેશોને દૂર કરનાર સમાધાન મળે ત્યારે શંકા દૂર થનારને કેવો આનંદ થાય છે !

આવા આનંદને પ્રાપ્ત કર્યા બાદ ભગવંત પ્રત્યેની દૃઢ શ્રદ્ધા, પ્રતીતિ દર્શાવનાર રોમરોમમાં છલકતો આનંદ પ્રતિપાદન કરનાર ગણધર ગૌતમના ચાર અક્ષરો–બે શબ્દો :

'સેવં ભંતે–સેવં ભંતે !'

હે ભગવાન! તે તેમ જ છે. યથાસ્થિત છે.

બાળપણની અવસ્થામાં થયેલી જિજ્ઞાસા અને મેળવેલ સમાધાન વિદ્યાર્થી-અવસ્થામાં તુચ્છ

લાગે છે. વિદ્યાર્થી-અવસ્થાના પરીક્ષાને લગતાં સમાધાનો વ્યવહારમાં જીવને તુચ્છ લાગે છે.

પરંતુ, ગણધર ગૌતમના પ્રશ્ન, મેળવેલ સમાધાન — સેવં ભંતે, સેવં ભંતે દ્વારા દૃઢ શંકાનિર્મૂલન આજે ૨૫૦૦ વર્ષ બાદ પણ વાંચનાર-સાંભળનારની અનેક શંકાઓ વગરપૂછ્યે નિર્મૂલ કરીને જાણે વાંચનાર-સાંભળનારને મસ્તક ધુણાવતાં બોલાવી દે છે : 'સેવં ભંતે — ભંતે !'

* * *

## અંતરના ઓરડેથી

અવસ્થા બાલ્યવય. પાડોશમાં ૮૫ વર્ષની જૈફ ઉંમરના એક વૃદ્ધ દાદા (સ્થાનકવાસી) નિત્ય પ્રાતઃકાળે શ્રી ગૌતમસ્વામીનો છંદ તથા સોળ સતીનો છંદ બોલે. બહુ સરસ ઉચ્ચાર --ભાવવાહીથી આંખો પણ બંધ ! બોલવાની છટા અનેરી.

મારી ઉંમર સાતેક વરસની. માત્ર સાંભળવાથી હૃદયે અપાર-અમાપ આનંદ. મેં પુસ્તકમાંથી વાંચન-પઠન દરરોજ કરવાનો આરંભ કર્યો ! એક વાર ચાતુર્માસમાં સાધ્વીજી મ. સા.ની નિશ્રામાં ૨૮ લબ્ધિનાં એકાસણાં કર્યાં.

બેસતા વર્ષે (૦))—૧ નો) છઠ્ઠ કર્યો. "ગૌતમ પડઘો તપ" ચારિત્ર ગ્રહણ કર્યા બાદ (ત્રણ) આંબેલ તપ કરી શ્રી ગૌતમસ્વામી રાસ, છંદ, અષ્ટકાદિ સ્તોત્ર કંઠસ્થ કર્યાં. પ્રતિમાસે રાસ અને હરહંમેશ છંદ, અષ્ટક, સ્તોત્ર, સ્મરણ ચાલુ જ છે. જ્યાં જ્યાં ચાતુર્માસ હોય ત્યાં ત્યાં શ્રી ગૌતમસ્વામીના છઠ્ઠ તપ સારી સંખ્યામાં થાય-(પરમાન્નહ) ખીરનાં એકાસણાં પણ હોય જ !

### પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા બાદનો પ્રસંગ :—

પ્રગુરુનું સ્વાસ્થ્ય કથળ્યું, આહારમાં પરેજી પાળવાનું પૂર્ણ (ભિક્ષાર્થે) ગોચરી ગયેલ દાનાંતરાયે ગૃહે-ગૃહે ફરવા છતાં પણ કલ્પનીય દ્રવ્ય ન મળેલ. બીજે દિવસે પણ એવું જ બન્યું ! ત્રીજે દિવસે લબ્ધિવંત આ મહાપુરુષનું અષ્ટકજી ગણતાં ગણતાં તેમનું સ્મરણ કરતાં કરતાં ગાથા ૪ યસ્યાભિધાનં મુનિયોઽપિ સર્વે ગૃહ્ણન્તિ ભિક્ષા-ભ્રમણસ્યકાલે--મિષ્ટાન્ન-પાનામ્બર-પૂર્ણ-કામાઃ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ! આ ગાથા ગૌચર્યાર્થે જતાં જ બોલું ! કલ્પનીય દ્રવ્યનો લાભ પ્રાપ્ય. અરે ! હું પોતે જ અષ્ટકજી બોલતાં બોલતાં ગદ્‌ગદિત થઈ જાઉં--ગાથાના અર્થમાં છેક તેના હાર્દ સુધી પહોંચું છું ! દ્વાદશાંગીના રચનાર, પચાસ હજાર શિષ્યોના ગુરુવર્ય પાંચસો પાંચસો પાંચસો તાપસના તારણહાર પરમાત્મા મહાવીરદેવના વિનયી—અનંત રિદ્ધિ-સિદ્ધિના ભંડાર હે ગૌતમ ગુરુ ! તમોને સહસ્ર નત મસ્તકે વંદન.

**અમરેલી : માગસર સુદિ ૧**

**તા. ૩-૧૨-૯૪**

*—સાધ્વીશ્રી પદ્મયશાશ્રીજી મહારાજ*

*(વિદુષી સાધ્વીશ્રી પ્રિયંવદાશ્રીજી મ. સા.નાં શિષ્યા)*

# શ્રી ગૌતમસ્વામીએ કહ્યું કે.....

—પૂ. આ. શ્રી ભક્તિસૂરિજી સમુદાયના પૂ. પંન્યાસપ્રવર
શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમારશ્રમણ)

શ્રી ગૌતમસ્વામી પોતે ગણધર બન્યા પહેલાં જ્ઞાનના અભિમાન અને અતિરેકમાં કેવી કેવી વિપરીત પરિસ્થિતિ સર્જી હતી; અને ભગવાન મહાવીરના દર્શન ને વાણીથી અહમનું વિસર્જન, આત્મદર્શન અને સમ્યક્ત્વનાં પાન ગણધરપદની અને પ્રાંતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થઇ હતી તેનું તેમ જ સંસારની અસારતા, મૈત્રી ભાવના, સામાયિક, દેવવંદન, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન, આદિ વિષયોનું નિરૂપણ ક્રમે ક્રમે સ્વયં તેઓ સાધકને ઉપદેશીને કરતા હોય એ રીતનું આલેખન પ્રસ્તુત લેખમાં પૂ. પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજશ્રીએ સુંદર અને રોચક ભાષામાં કર્યું છે.

પૂ. પંન્યાસશ્રી સ્વ શાસનદીપક મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન હતા. વળી ન્યાય, વ્યાકરણ, કાવ્યતીર્થ પદવીથી વિભૂષિત હતા. શાસ્ત્રવિશારદ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ (કાશીવાળા)ની દિવ્ય કૃપાથી તેઓશ્રીએ આજ સુધીમાં વિપુલ સાહિત્યસર્જન કર્યું છે. તેમાં ભગવતીસૂત્રના તેમના ગ્રંથપ્રકાશનો જૈન સમાજને અપાયેલી મૂલ્યવાન ભેટ ગણી શકાય તેવા છે. આગમગ્રંથોના વિવેચક તરીકે તેઓ ખ્યાતનામ બન્યા છે. અનુયોગ દ્વારસૂત્ર, બાર વ્રત આદિ પુસ્તકો સાહિત્યજગતને તેમની મોટી દેન ગણી શકાય. ધાર્મિક અને નૈતિક શિક્ષણ માટે ચંદનબાળા કન્યા શિબિરનો શુભ પ્રારંભ તેમની જ પ્રેરણાથી થયો. સરળતા, વિનમ્રતા અને સમતાની મૂર્તિ સમા પૂ. પંન્યાસપ્રવર શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ હમણાં જ તા. ૨૨-૫-૯૫ના રોજ સ્વર્ગવાસી બન્યા. આ પ્રકાશન-પ્રવૃત્તિ માટે પૂજ્યશ્રીને ખૂબ જ અનન્ય લાગણી હતી.

—સંપાદક

## ૧. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! તારા મનની ગ્રંથિઓને છેદવા માટે હું જે કંઇ કહું તે ધ્યાન દઇને સાંભળજે. કેમ કે, હું પણ એક દિવસ તારા જેવો જ ગૃહસ્થ હતો. પુત્ર-પરિવાર અને ધર્મપત્નીની અનુકૂળતા હોવાથી મારી ગૃહસ્થાશ્રમીથી હું સંતુષ્ટ હતો, તૃપ્ત હતો.

(૧) ૧૪ વિદ્યાઓ અને મંત્ર-જંત્ર-દોરાધાગા કરવામાં હું પારગામી હતો.

(૨) પઠનપાઠન ઉપરાંત સારામાં સારો વ્યાખ્યાતા હતો, પાઠક હતો.

(૩) મારી આંખના સંકેતથી દેવદેવીઓ પણ મને અનુકૂળ રહેતાં હતાં.

(૪) વાદવિવાદના રણમેદાનમાં 'ઇન્દ્રભૂતિ'ની ધાક હોવાને કારણે દેશદેશાંતરના મહાપંડિતો પણ મારાથી ચૂપ હતા.

પણ, આટલું હોવા છતાં હું મારી જાતને ઓળખી શક્યો નહીં. માટે મારો આત્મા કંઇક અસંતુષ્ટ હતો. મારા બાહ્ય જીવનમાં ન્યાય-વ્યાકરણ-વેદ-વેદાંત-ઉપનિષદ્ અને ઇતિહાસાદિ વિદ્યાઓ તાણાવાણાની જેમ વણાઇ ગઇ હતી; જ્યારે આંતર્ જીવનમાં અવિદ્યા, અસ્મિતા, અભિનિવેશ, રાગ, દ્વેષના તાંડવને હું ક્યારેય પણ શમાવી શક્યો નથી—જાણે હું ગુપ્ત નાસ્તિક હતો. મારા પ્રત્યે જ મને વિશ્વાસ ન હતો. માટે બાહ્ય સુખાભાસોમાં ગોથાં ખાતો, મારા આત્માનો હું દ્રોહી હતો—એમ મને ઘણીવાર જણાઇ આવતું હતું. પણ, રંગરોગાન કરેલી સંસારની માયામાં હું બેભાન બનેલો હોવાથી આત્માને જાણવાને માટે, તેનું મનન કરવા માટે અને તેનો અવાજ સાંભળવા માટે કદી પણ તૈયાર ન હતો.

* * *

## ૨. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! વધારે ખાવાથી જેમ અજીર્ણના રોગીને ઝાડા અને વમનનો રોગ લાગુ પડે છે તેમ, તપસ્વીને તપનું અજીર્ણ થતાં અસહિષ્ણુતાનો, ક્રિયાકાંડીને ક્રિયાઓનું અજીર્ણ થતાં પરનિંદાનો રોગ લાગુ પડ્યા વિના રહેતો નથી; તેમ મને પણ મારા જ્ઞાનનું અને વિદ્યાઓનું અજીર્ણ થયું હતું. માટે ગમે ત્યાં શાસ્ત્રવાદ કરવામાં, બીજાને અપમાનિત કરવામાં મને અનહદ રસ પડતો હતો. શાસ્ત્રોની પંક્તિઓના અર્થ બદલવામાં હું એટલો બધો હોંશિયાર હતો કે, સંસારના મંચ પર મેં ભલભલા પંડિતોને પણ ગોથાં ખવડાવી દીધાં હતાં.

અને, 'ગુરુઓનાં લક્ષણો તેમના ચેલાઓમાં પણ ઊતરે છે.' આ ન્યાયે બધી વિદ્યાઓમાં હોંશિયાર બનેલા મારા પાંચસો ચેલાઓ જ મારા અહંકારરૂપી સમુદ્રને તોફાને ચડાવવામાં કારણભૂત બન્યા. પછી તો સન્નિપાતના રોગીની જેમ મને પણ શાસ્ત્રચર્ચા માથા પર લીધા સિવાય બીજું કંઇ ગમતું પણ ન હતું.

કોઇ પણ યજમાનના યજ્ઞમાં જ્યારે હું મુખ્ય પંડિતની ગાદી પર બેસતો તે સમયે મારાં ઊજળાં કપડાં, જનોઇ, ટીલાંટપકાં, મંત્રોના શબ્દોની ખૂબીઓ અને મોતીના દાણાની જેમ એક એક શબ્દના સ્પષ્ટ ઉચ્ચારણથી હજારો-લાખો માનવોના હૃદયમાં મારું સ્થાન સ્થિર થઇ ચૂક્યું હતું.

* * *

## ૩. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! મિથ્યાત્વ, અવિરતિ, કષાય આદિના જોરદાર તાવની અસર નીચે મારો આત્મા-મન-બુદ્ધિ અને વચનાદિ સપડાયેલા હોવાથી, લોકૈષણા-ભોગૈષણા અને વિત્તૈષણા જેવા આત્માના ભયંકર શત્રુઓને કોઇ કાળે પણ કાબુમાં કરવા માટે હું સમર્થ બની શક્યો નથી. છતાં પણ મારા ભક્તોને આકૃષ્ટ કરવા માટે હું ઘણી વાર સમાધિ તથા યોગ સાધવા માટે બેસતો

હતો તો પણ મારા સૂક્ષ્મ મનને, બુદ્ધિને કે ચેતનાદિને મર્યાદામાં લેવા માટે હું સમર્થ બન્યો નથી. એટલે કે 'યોગશ્ચિત્તવૃત્તિઃ નિરોધઃ ।'ના સૂત્રની સૂક્ષ્મતર વ્યાખ્યાઓ દ્વારા કેટલાય મારા અનુયાયીઓને યોગની સાધના કરાવી શક્યો; પણ મારો પોતાનો આત્મા યોગી બની શક્યો નથી. ફળસ્વરૂપે, આધ્યાત્મિકતાને બદલે આડંબર, સાત્ત્વિકતાને બદલે ધૂર્તતા, અને ભગવાનના નામે ધમાધમપૂર્વક 'અવિદ્યા-અસ્મિતા' આદિ મારા જીવનમાં જીવતી ડાકણની જેમ તોફાન મચાવતી ગઈ. લોકૈષણા આદિનો હુમલો જોરદાર હોવાથી મારા આંતર્ભાવોને જાણવા માટે કોઈ પણ સમર્થ હતો નહીં. કેમ કે તે સમયનો આખો ભારતદેશ અમારા પંડિતોના હાથમાં હતો અને પંડિતો મારી મુઠ્ઠીમાં હોવાથી ધર્મના નામે આડંબર, યજ્ઞમાં પશુ-પક્ષીઓની ક્રૂર હત્યા, દુરાચાર ઉપરાંત બત્રીસલક્ષણા પુરુષોનાં બલિદાનોમાં અમે ધર્મ સમજનારા હતા.

આ પ્રમાણે મારું જીવન ઘણાં વર્ષો સુધી ચાલ્યું.

* * *

## ૪. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! શરીરમાં તાવની અસર દરમિયાન ખાટી છાશ પીવાથી પરિણામો ક્યાંથી સારાં આવે ? તેવી રીતે આંતરજીવનમાં મિથ્યાત્વ હોય, અવિદ્યા હોય, ત્યારે માણસનું મન જ પરમ શત્રુ બને છે તે સમયે ત્યાગ કરવાયોગ્ય તત્ત્વને ઉપાદેય અને સ્વીકારવાયોગ્ય તત્ત્વને હેય માનીને સંસારના મંચ પર માનવીઓ અમર્યાદિત રીતે વર્તતા હોય છે. મારી પણ એ જ દશા હતી. મારા ભક્તો જેમ જેમ મારી પ્રશંસા કરતા ગયા, તેમ તેમ મારા આંતર્જીવનમાં અહંકાર, માન, ગર્વ, દર્પ તથા મદનો નશો પણ અમર્યાદિત થવાથી મને એટલું પણ ધ્યાન ન રહ્યું કે, માનવીના જન્મ સમયે જ તેનાથી સવાયા માણસોનો જન્મ થઈ ગયો હોય છે. મારા માટે આવું જ બન્યું. જ્યારે મેં મહાવીરસ્વામીને સર્વજ્ઞ રૂપે સાંભળ્યા ત્યારે મારો અહંકાર અને ક્રોધ ચરમ સીમાએ પહોંચ્યા અને મારી વિદ્યાઓનો મદ ફાટ ફાટ થવા લાગ્યો. પરિણામે, મારા શિષ્યોને સાથે લઈ મહાવીરસ્વામીને પરાસ્ત કરવા માટે તેમની પાસે પહોંચી ગયો. સમવસરણનાં એક એક પગથિયાં ચડતાં ચડતાં કોણ જાણે કેટલાય તર્કો-વિતર્કો આવ્યા અને ગયા. તેમ છતાં નશામાં બેભાન બનેલા માણસની જેમ હું પણ અહંકારના નશામાં બેભાન બનીને પગથિયાં વટાવી જ રહ્યો હતો.

* * *

## ૫. ગૌતમસ્વામીએ કહ્યું કે...

સાધક ! સમવસરણમાં બિરાજમાન મહાવીરસ્વામી સામે આવીને ઊભા રહેલા મને ગંભીર નાદથી ભગવાને કહ્યું કે, હે ઇન્દ્રભૂતિ ! તમારા સ્વાગમનથી હું ખુશ થયો છું. કેમ કે, તમે મારા ચિરપરિચિત છો, ગાઢ મિત્ર, પૂર્ણ ભક્ત, કેટલાય ભવના સાથીદાર અને મારા પ્રત્યે અગાધ ભક્તિ અને રાગવાળા છો. માટે બેસો ! વિશ્રાંતિ લો ! અને તમારા મનની શંકાઓને દૂર કરો.

હું કંઈ પણ વિચારું તે પહેલાં તો પ્રભુની અમૃત ભરેલી આંખોનાં પવિત્રતમ કિરણોએ

મને આત્મદર્શન કરાવ્યું, સમ્યક્ત્વનું પાન કરાવ્યું, જ્ઞાનની દક્ષિણા આપી અને રોમરોમમાં વ્યાપેલી મિથ્યાત્વના તાવની અસરને શક્તિહીન બનાવી દીધી. પછી તો દેવાધિદેવના ચરણે મારું મન ઝૂક્યું, શરીર નમ્યું, આત્માએ સમર્પણભાવ સ્વીકાર્યો. તે સમયે મારી આંખોની ચમક, હૃદયનો આનંદ, મનની પ્રસન્નતા વધવા ઉપરાંત લોહીની બુંદ બુંદમાં અમૃતતત્ત્વનો વાસ થયો !

મહાવીરને જીતવા માટે આવેલો હું પોતે જ જિતાઇ ગયો. અને તેમનું અંતેવાસીપણું સ્વીકાર્યા પછી મને લાગ્યું કે ૧૪ વિદ્યાઓ કે ૪૮ લબ્ધિઓ કરતાં પણ સમ્યક્ ચારિત્ર, જ્ઞાન અને દર્શનનો અલ્પાંશ પણ માણસને તારણહાર બને છે.

* * *

## ૬. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! પીળાં ચશ્માંથી સામેવાળાનાં કપડાં પીળાં દેખાય છે, પણ વસ્તુતઃ તે પીળાં હોતાં નથી. તેવી રીતે મારાં ચર્મચક્ષુ પર જ્યાં સુધી લોકૈષણાજનક મિથ્યાત્વનાં ચશ્માં હતાં, ત્યાં સુધી મને રાગ હતો, દ્વેષ હતો અને જિજીવિષા હતી. પણ આજે સમ્યક્ જ્ઞાનનાં સફેદ ચશ્માં મારી આંખ પર ચડેલાં હોવાથી પહેલાં કરતાં આજનો સંસાર, સંસારનો માનવ, માનવનાં કર્મો, કર્મોની લીલા, લીલાઓથી ભોગવાતાં દુઃખો અને દુઃખોથી રિબાતાં અને સંતપ્ત રહેતાં માનવો, જીવો, ભૂતો અને સત્ત્વો, જેવા છે તેવા પ્રકારે સર્વથા જુદા જ પ્રકારે દેખાઇ રહ્યાં છે.

માન-પ્રતિષ્ઠા મેળવવા માટેની ચરમ સીમાએ પહોંચેલો તે સમયનો ઇન્દ્રભૂતિ અને આજના ઇન્દ્રભૂતિમાં આકાશ-પાતાળ જેટલો ફરક મને પોતાને લાગે છે. દેવાધિદેવના મુખેથી નીકળતી જ્ઞાનગંગાના અમૃતતુલ્ય ઠંડા પાણી જેવી મધુર વાણી પેટ ભરીને પીઉં છું ત્યારે દીક્ષા પહેલાંનો બધો મારો આડંબર મને પાપ જેવો લાગે છે, તુચ્છ લાગે છે; અને કોરીધાકોર મારી પંડિતાઇ, વાક્છટા, ચતુરાઇ ઉપર મને પોતાને જ હસવું આવે છે. પણ હવે તો આ બધી વાતો ભૂતકાળની થઇ ગઇ છે, જેની સ્મૃતિ પણ નિરર્થક છે.

* * *

## ૭. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! અજ્ઞાનની મોહમાયા દ્વારા નિર્ણીત કરેલો સંસાર અને દુઃખ-વિયોગ-રોગ-શોક-સંતાપ આદિથી પરિપૂર્ણ આ પ્રત્યક્ષ અનુભવાતો સંસાર કંઇક જુદો જ છે. ચર્મચક્ષુથી નહીં, પણ જ્ઞાનાનુભવનાં ચક્ષુથી જોઇએ ત્યારે જ યથાર્થ સ્વરૂપે જણાઇ આવે છે.

જ્યાં માનવનું શરીર, ઇન્દ્રિયો અને મન વિનશ્વર હોય ત્યાં તેમના માધ્યમથી ભોગવાતાં સુખો શું ખરેખર સુખ છે ? જે સુખની પાછળ રોવું પડે, હાડમારીઓ ભોગવવી પડે, અપમાનિત કે તિરસ્કૃત થવું પડે અને છેવટે શરીર રોગગ્રસ્ત બને તે સંસાર સુખરૂપ શી

રીતે હોઇ શકે ? જેણે ભલભલા ચક્રવર્તીઓને પણ રોવડાવી દીધા અને દૂધમાં પડેલી માખીની જેમ દૂર ફેંકી દીધા, બાળી દીધા, દફનાવી દીધા, તે સંસાર કોઇના માટે પણ કંસાર રૂપે શી રીતે બને ? અર્થાત્, સંસાર કંસાર નથી પણ અસાર છે. કડવા ઔષધ પર સાકરની ચાસણી લગાવીએ તો થોડી વાર માટે મીઠી લાગતી દવાના જેવો લાગતો સંસાર અંતે કડવો છે, જૂઠો છે; જે પ્રમાદી, કષાયી, વિષયી માનવનાં પુણ્યકર્મોને સમાપ્ત કરાવીને અધઃપતનના રસ્તે લઇ જઇ બેહાલ કરી દે છે.

* * *

## ૮. ગૌતમસ્વામીએ કહ્યું કે...

સાધક ! મહાવીરસ્વામીના સૌથી પહેલા બે શબ્દો જ્યારે મારે કાને પડ્યા, ત્યારે જ સંસારની માયાને કાળી નાગણ, કાયાને કાચની બંગડી અને યુવાનીને વીજળીના ચમકારા જેવી સમજી, પુરુષાર્થબળે તેમનો ત્યાગ કર્યો અને મહાવીરસ્વામીનું શરણ સ્વીકાર્યું. સમિતિગુપ્તિ ધર્મના પ્રભાવથી આજે મારું આંતરજીવન લોકૈષણાદિ વિનાનું થયું છે. કામદેવનો નશો અને કષાય રૂપી નાગનું વિષ ઊતરી ગયું છે. ગૃહસ્થાશ્રમના ભૌતિક વિલાસો કરતાં પણ ચારિત્રની સમૃદ્ધિ મારે મન અમૂલ્ય નિધિ છે. આ કારણે મારું મન આજે પ્રસન્ન છે. કર્મરાજાની કુટિલ પ્રકૃતિઓ છેદાઇ ગઇ છે. મસ્તિષ્ક શીતલ છે. જિગરમાં અનાદિ કાળથી પડેલી વિકૃતિઓ અને દુષ્કૃતિઓનું પલાયન અને સંસ્કૃતિઓનું આગમન થયું છે. તેથી સત્યાર્થ રૂપે સંસારના બધાય જીવો સાથે મારો મૈત્રીભાવ બંધાયો છે. કેમ કે, મારા જ્ઞાનથી પ્રત્યેક જીવાત્મામાં કંઇ ને કંઇ સારું તત્ત્વ હું જોઇ રહ્યો છું. માટે મારું સૌથી પહેલાં અગત્યનું કામ એક જ છે કે જીવોને સંશય વિનાના કરી અરિહંતોના શાસનદ્વારે લાવીને હાજર કરું.

* * *

## ૯. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! કેવળ બાહ્ય મનનો નિરોધ એ સંયમ નથી. કેમ કે ભવભવાંતરોનાં કે વર્તમાનકાળે કરાતાં પાપોની માયા, વાસના અને ધારણાનું સ્થાન મનમાં રહેલું છે. આપણે અનુભવીએ છીએ કે, બાહ્ય સાધનો સારામાં સારાં મળેલાં હોવા છતાં, સાધકનું મન જો કેળવણી વિનાનું, અસંસ્કૃત હશે તો તેની સાધના કેવળ યશોવાદ કે અર્થલાભ સિવાય બીજું ફળ આપી શકતી નથી.

તે ભાગ્યશાળી હશે, જે સાધનાકાળ દરમિયાન પોતાના આભ્યંતર મનને સંયમિત કરવા માટે આંખ અને કાન પણ મૌન રાખશે. કેમ કે, જીભના મૌન કરતાં આંખ અને કાનને આપેલું મૌન સંયમ-સાધનામાં વિશેષ ફળદાયક બને છે. તે માટે અરિહંતોના શાસનમાં 'સામાયિક' જ મોટામાં મોટો યોગ કહેવાયો છે—જે વિના બીજા બધા યોગો, પદ્માસનો, નેતિધોતી, શુદ્ધ વસ્ત્રો કે શરીરશુદ્ધિ પણ નિષ્ફળ નીવડે છે.

નિશ્ચયબળ કેળવ્યા વિના પાપોનાં દ્વાર બંધ થતાં નથી. તે વિના અંતર્ધ્યાનને કાબુમાં લેવું તે લોખંડના ચણા ચાવવા જેવો નિષ્ફળ પ્રયત્ન છે. યોગી-મહાયોગી પણ સામાયિકસ્થ થયા વિના કોઈ કાળે સમાધિસ્થ થઈ શકતો નથી. માટે કહેવાયું છે કે, સામાયિક દ્વારા પાપદ્વારો બંધ કર્યા પછી જ તપ-જપ, ધ્યાન-સ્વાધ્યાયાદિ સાધના સાર્થક બનવા પામે છે.

* * *

## ૧૦. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! સામાયિકસ્થ સાધકના જીવનમાં સ્થૈર્ય, ધૈર્ય, ગાંભીર્ય, ઇન્દ્રિયનિગ્રહતા, કષાયવિજયપણું, ઉપરાંત ભાવદયાલુતાની પ્રાપ્તિ સુલભ બનવા પામશે, જેનાથી અરિહંત દેવોના અનહદ ઉપકારને માનવા માટે તે સાધક તૈયાર થશે. અશક્ત માણસને ઔષધ દ્વારા જેમ પાવર દેવામાં આવે છે, તેમ ભવભવાંતરના ભાવરોગોને પણ દેવાધિદેવ પરમાત્માઓને કરેલું દ્રવ્ય અને ભાવવંદન અજોડ શક્તિ આપનારું છે. માટે અધૂરી શક્તિવાળો માનવી જો પૂર્ણ શક્તિસંપન્ન તીર્થંકર દેવોનું સ્મરણ, પૂજન, વંદન, સ્પર્શન. સ્તવન કરશે તો તેનું હૃદય અને મન પણ સશક્ત અને પવિત્ર બનતાં તેનો આત્મા જૂનાં પાપોને નાબૂદ કરવા માટે સમર્થ બનવા પામશે.

માટે મન, વચન અને કાયથી એકાગ્રતાપૂર્વક 'લોગસ્સ'સૂત્ર દ્વારા એક એક તીર્થંકર દેવનાં નામ, ગુણ, સંયમ, કેવળજ્ઞાન અને મોક્ષગમનની સ્મૃતિપૂર્વક કરાયેલા ભાવવંદનથી સાધકનાં મન-બુદ્ધિ-ઈન્દ્રિયો તથા આત્મા આદિ પણ સુરક્ષિત અને સબળ બનતાં જીવનમાં આગળ વધતાં વાર લાગતી નથી.

સામાયિક દ્વારા નવાં પાપોનાં દ્વાર બંધ કર્યા પછી જ પરમાત્મા તીર્થંકર દેવની ઉપાસના-સેવા-ભક્તિ તથા જાત્રાદિ સફળ બનશે અને જીવનના અણુ અણુમાં નવી શક્તિનો સંચાર થશે.

* * *

## ૧૧. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! ભાવપૂર્વક દેવાધિદેવોને વંદન કર્યા પછી સાધકના હૃદયમાં, મનમાં અને આંખોમાં પણ નવા પ્રકારની જ્યોત પ્રકાશે છે; જેનાથી તેને એક વાતની સ્મૃતિ થાય છે કે પરમાત્માઓને ઓળખાવનાર 'ગુરુદેવો' છે. તેમની અસીમ કૃપાથી જિનશાસન, રજોહરણ, જ્ઞાનધ્યાન તથા સંયમસાધનાની જાણકારી પણ હું પ્રાપ્ત કરી શક્યો છું. માટે સંયમદાતા ગુરુદેવને શી રીતે ભુલાય ? કેમ કે, નગણ્ય ઉપકાર કરતાં પણ ગુરુદેવનો ઉપકાર અનંતગણો વધારે છે, એમ સમજીને તે ગુરુવંદન કરવા માટે ભાવપૂર્વક તત્પર થશે—જે સંયમજીવન જીવવા માટે 'દીવાદાંડી' છે. ભરદરિયે તોફાનમાં સપડાયેલું નાવડું પણ દીવાદાંડીના આધારે કિનારે આવી જાય છે, તેમ મારા માટે ગુરુનો ઉપકાર છે. તે ચાહે ઓછા અભ્યાસી હોય કે વધતા ન પણ હોય તો એ ગુરુની તુલનામાં બીજો કોઈ આવી શકતો નથી.

તદ્ભવ મોક્ષગામી શિષ્યો પણ અભવ્ય ગુરુનો ઉપકાર કોઈ કાળે ભૂલતા નથી. પ્રત્યુત-બહુમાનપૂર્વક વિનય જ કરે છે. કેમ કે ગુરુને કે તેમના ઉપકારને ભૂલનારો આ સંસારમાં 'નગુરો' કહેવાય છે. તે નગુરો સમાજ, ધર્મ કે દેશનું જેટલું નુકસાન કરી શકે છે તેટલું હજારો પાપીઓ પણ નથી કરી શકતા.

* * *

## ૧૨. ગૌતમસ્વામીએ કહ્યું કે...

હે સાધક ! ઉપર પ્રમાણે ગુરુવંદનાથી આત્મિક જીવનમાં ઈચ્છાશક્તિને દૃઢ કર્યા પછી તે સાધક ભવભવાંતરનાં કરલાં પાપોને – વાસનાઓને– ધારણાઓને તથા તેમની સ્મૃતિઓને પણ નામશેષ કરવા માટે 'પ્રતિક્રમણ' નામના યોગની સાધના કરવા માટે પૂર્ણ તૈયાર થાય છે. પ્રતિક્રમણ એટલે...

(૧) પાપમાર્ગોનો ત્યાગ કરી પવિત્ર અને સદાચાર માર્ગે આવવું.

(૨) ખોટે માર્ગે ગયેલી ઈન્દ્રિયોને કંટ્રોલમાં લઈને સત્ય માર્ગે લાવવી.

(૩) હિંસા-દુરાચાર અને ભોગલાલસા તરફ પ્રસ્થાન કરેલા મનને અહિંસા-સંયમ તથા તપોમાર્ગ પર લાવવું તે પ્રતિક્રમણ છે.

જેની ઉપાસના જીવમાત્ર ગમે તે સ્થળે અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ કરી શકે છે – શરત એટલી જ કે પાપોનું આલોચન અને પ્રાયશ્ચિત્ત થવું જોઈએ. કેમ કે પ્રતિક્રમણ માટે પાપોની આલોચના, પ્રયશ્ચિત્ત અને પશ્ચાત્તાપની જ આવશ્યકતા છે, જે આત્માના ઉત્થાન માટે પરમૌષધ છે.

૮૪ લાખ જીવયોનિના જીવો સાથે થયેલા અપરાધોનું અને ૧૮ પાપસ્થાનકો સેવાયા હોય તેની આલોચના કરાવી જીવાત્માને પવિત્ર બનાવવા માટે જૈનશાસનની આ એક અપૂર્વ ભેટ છે, જે અન્યત્ર નથી.

* * *

## ૧૩. ગૌતમસ્વામીએ કહ્યું કે...

સાધક ! મેલ વિનાનું વસ્ત્ર દૂરીથી મેલવાળું ન થાય તેની કાળજી જેમ અનિવાર્ય છે તેમ પ્રતિક્રમણ દ્વારા પાપમેલને સાફ કરે; પછી ફરીથી પાપભાવના ન થાય તે માટે શરીર, ઈન્દ્રિયો અને મનને વશમાં કરવા માટે 'કાયોત્સર્ગ'ની આરાધના કર્યા વિના છુટકારો નથી. કેમ કે, આત્માને પાપમાર્ગ તરફ જવામાં આ ત્રણે સાધનો છે. તેથી તેમને દંડ દેવા માટે ઘડી-આધ – ઘડી ઊભાં ઊભાં કે પદ્માસને બેસીને પરમાત્માનું ધ્યાન કરવું તે સૌને માટે ઉપાદેય તત્ત્વ છે.

ત્યાર પછી ભોગ્ય કે ઉપભોગ્ય પદાર્થો માટે પાપો સેવ્યાં હોય, તેનું 'પ્રત્યાખ્યાન' કરવું, એટલે કે જે પદાર્થો, નિમિત્તો, મિત્રો, રસ્તાઓ આદિ આપણા જીવનને માટે પાપજનક બન્યા હોય, તે પદાર્થોને, મિત્રોને, નિમિત્તોને કે રસ્તાઓને પણ ત્યાગ કરવા માટે તૈયાર થવું અથવા તેમનો ત્યાગ કરી જ દેવો તે 'પ્રત્યાખ્યાન' નામનો યોગ છે.

ઉપર પ્રમાણેના સામાયિક, દેવવંદન, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાનથી અતિરિક્ત બીજા એકેય યોગની કલ્પના કેવળ આત્મછલના છે.

મહાવીરસ્વામીનાં ચરણ ગ્રહ્યાં પછી આવો પવિત્રતમ યોગ મને મળ્યો છે. આનાથી વધારે મારે કંઇ પણ જોઇતું નથી. કેવળજ્ઞાનની પ્રાપ્તિની પહેલી ક્ષણ પહેલાં મારી જ એ કામના છે કે આવો ચારિત્રયોગ જીવ માત્રને પ્રાપ્ત થાઓ અને તેની આરાધના કરી સૌ ધન્ય બનો !

* * *

## ૧૪. ગૌતમસ્વામીએ કહ્યું કે...

સાધક ! આ પ્રમાણે વીરનાં ચરણોમાં અપ્રમત્તભાવે રહેવા છતાં પણ હું આજ સુધી કેવળજ્ઞાનથી વંચિત રહ્યો ત્યારે ઘટઘટના અંતર્યામી પરમાત્માએ એક દિવસે મારું સંબોધન કરીને કહ્યું કે — 'હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં.' અને મારું મન તોફાને ચડ્યું, 'કયો પ્રમાદ ? કેવો પ્રમાદ ? હું તો અપ્રમત્ત છું. તો પછી મને કેવળજ્ઞાન ન થવાનું શું કારણ ?'

આમ વિચારે ચડતાં જ મને સમજાયું કે, 'મહાવીરસ્વામી પ્રત્યે મારો પ્રશસ્તતમ રાગ પણ મારા કેવળજ્ઞાન માટે તો પ્રમાદ રૂપે જ કામ કરી રહ્યો છે. માટે આટલો રાગ પણ શા કામનો ?'

ત્યાર પછી દેવશર્માને પ્રતિબોધ કરી પાછા વળતાં મેં સાંભળ્યું કે, 'પતિતપાવન ભગવાન નિર્વાણ પામ્યા છે.' અને....મારા હૃદયનું બંધન મારા હાથમાં ન રહ્યું. તેથી બાળકની જેમ સ્નેહરાગમાં તણાઇને રોવા બેઠો. પણ સાધક ! મારી આંખોમાંથી નીકળેલાં પાણી સાથે મારો સ્નેહપાશ પણ પીગળી ગયો અને કેવળજ્ઞાનની અભૂતપૂર્વ જ્યોતમાં મારો આત્મા ઝળહળી ઊઠ્યો.

* * *

## ૧૫. ગૌતમસ્વામીએ કહ્યું કે...

સાધક !

ભગવાન નિર્વાણ પામ્યા તે આખા વર્ષની અંતિમ અમાવાસ્યા હતી.

ભાવદીપક બુઝાયો જાણીને પોષધવ્રતમાં બેઠેલા રાજા-મહારાજાઓએ સમવસરણમાં દ્રવ્યદીપક પ્રગટાવ્યા. તેથી દીપાવલી-દિવાળીનો પ્રારંભ થયો.

નિર્વાણ પછી આખોય સંઘ શોકસાગરમાં સંતપ્ત હતો; પણ અમાવાસ્યાના પરોઢિયે મને કેવળજ્ઞાન થયું તે કારણે સૌ કોઇ હર્ષાન્વિત થયા અને નવાં વસ્ત્રો, ભૂષણો, ભોજન, પરસ્પર મિલન આદિથી સૌ મળ્યાં. માટે તે દિવસ નવા વર્ષ તરીકે પ્રસિદ્ધ થયો.

જય મહાવીર ! જય ગૌતમ ગણધર ! ! જય સાધક !!!

* * *

# કર્મનું વિજ્ઞાન અને વિનયમૂર્તિ ગૌતમ

*–પૂ. પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી મહારાજ*

**મોઢામાંથી ચીસ નીકળી જાય, છાતીના ધબકારા વધી જાય, મન બહેર મારી જાય, પડછંદ લાગતું શરીર પલવારમાં જડવત્ બની જાય તેવી કરુણ ઘટનાઓ તો સંસારસાગરમાં રોજ નિહાળીએ... પણ કાયાથી ન સેવાયેલા છતાં મનના કોઈ અગોચર ખૂણામાંથી સેવાઈ ગયેલો નાનકડો લાગતો દોષ ક્યારેક આત્માની કેટલી હદે ખાનાખરાબી કરી મૂકે છે તેનો ચિતાર આપણને આ એક નાનકડા લેખ દ્વારા પૂ. પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજશ્રીએ આબાદ રીતે રજૂ કર્યો છે. કર્મની કરામતે મંગળ શેઠને મગર બનાવ્યા, તેમ એક શ્રેષ્ઠિ પણ સંસારના બંધનના તાણાવાણામાં કેવા અટવાયા તે આ ઘટનાનો પ્રસંગ કોઈ યોગ્ય મહાત્મા પાસેથી યોગ્ય સ્થાન ઉપર પૂજ્યશ્રીએ સાંભળેલ. કર્મના નિયમ મુજબ આ રીતે બનવુ એ અશક્ય તો નથી જ, એમ ભારપૂર્વક પૂજ્યશ્રી જણાવે છે.**

**પૂજ્યશ્રી વજ્રસેનવિજયજી મહારાજશ્રીના પ્રત્યેક વ્યાખ્યાનમાં પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીના ઉચ્ચતમ આદર્શોની ઝલક જોવામાં આવે છે. પૂજ્યશ્રીએ ચાલીશથીયે વધુ પુસ્તકોનું પ્રકાશન કરાવરાવ્યું છે. હાલાર પંથકમાં એમના પિતા-મુનિશ્રીએ શાસનપ્રભાવનાની સોંપેલી જવાબદારી બરાબર નિષ્ઠાપૂર્વક અદા કરી રહ્યા છે.**

**આવો આપણે કર્મવિજ્ઞાનની ઘટનામાં ડોકિયું કરીએ...** *–સંપાદક*

પ્રભુ...! જે શ્રેષ્ઠિને હું નિર્યામણ કરાવીને આવ્યો તે શ્રેષ્ઠિ અહીંથી આયુ ક્ષય થયે કઈ ગતિમાં ક્યાં ઉત્પન્ન થશે...?

હે ગૌતમ......! તે શ્રેષ્ઠિ પોતાની પત્નીના મસ્તક ઉપર લોહીના કીડા તરીકે ઉત્પન્ન થઈ ચૂક્યા છે...!

અરે...... ભગવન્.....! આ કંઈ સમજાતું નથી. મેં જેમને ચાર શરણાં સ્વીકારાવીને સતત અરિહંતના રટણમાં એકતાન કર્યા, નિર્યામણા કરાવીને બધું જ વોસિરાવી દેવા સુધીનું કર્તવ્ય કરીને જ્યારે એ આત્મા...! આત્માના ધ્યાનમાં મગ્ન થઈ ગયો ત્યારે જ હું ત્યાંથી દૂર થયો અને આ બાજુ હમણાં જ આવી રહ્યો છું. તો ભગવન્....! એટલી વારમાં એવું તે શું બન્યું કે જેથી એ ભવિક આત્મા આવા નિઃકૃષ્ટ સ્થાને પહોંચી ગયો ?

ચાર ચાર જ્ઞાનના સ્વામી હોવા છતાં પણ એ જ્ઞાનનો ઉપયોગ ન કરતાં બાળક જેમ માતાને પૂછે તેવા જ બાલભાવપૂર્વક આ પ્રશ્નો કરી રહ્યા હતા ત્યારે ભગવંતે કહ્યું કે, હે ગોયમ! જ્યારે તું એ શ્રેષ્ઠિને નિર્યામણા આદિ કરાવીને નીકળ્યો ત્યાર પછી અરિહંતના ધ્યાનમાં મગ્ન

એવા પોતાના પતિને જોઈને એ શ્રેષ્ઠિની પત્ની એના ખંડમાં આવી અને જોરજોરથી રડવા લાગી---જેથી ધ્યાનભંગ થયો અને રડતાં-રડતાં જ આ શ્રેષ્ઠિના પલંગના માંચા ઉપર માથું પછાડ્યું અને માથામાં જોરથી લાગતાં લોહીની ધાર છૂટી ને 'હે સ્વામીનાથ....! આપના વિના મારું કોણ આધાર.....? હે નાથ ! આપ જશો પછી મારું શું ?'—એવાં રુદન કરતી અને સ્વામિનાથ ! સ્વામિનાથ ! વદતી રહી હતી ત્યારે ધ્યાનથી દૂર થયેલા શ્રેષ્ઠિને પત્નીના માથાનો ઘા દેખાતાં અને રુદન સાંભળતાં વિચાર્યું કે અરે...રે...બિચારીનું શું થશે ? કેવું એને લાગ્યું છે અને તે સમયે જ આયુષ્યનો બંધ પડ્યો અને આયુષ્ય પૂર્ણ થતાં એ આત્મા ત્યાં ને ત્યાં પત્નીના મસ્તકમાં નાનકડા કીડા તરીકે ઉત્પન્ન થઈ ગયો....!

અહા...હા....કેવું છે કર્મનું વિજ્ઞાન ! જેવી ગતિ તેવી મતિ આવીને ઊભી રહી.

અનન્ય ગુરુભક્ત એવા પોતે જાણવા છતાં પણ સંપૂર્ણ પૂછીને જ—પ્રશ્નો કરીને સમાધાન મેળવતા હતા એવા વિનયની પરાકાષ્ઠાને પામેલા લબ્ધિવંત ગૌતમસ્વામી મહારાજાનું નામસ્મરણ અનેક આત્માઓના જીવનમાં વિનય-વિવેક-ઔચિત્યના ભંડારને ભરપૂર કરનારું બને એ જ અભ્યર્થના....



મિત્ર સુધર્મા (સ્કંદક)ને પતનના માર્ગેથી પાછા વાળે છે.

# શ્રી ગૌતમસ્વામીજીની જીવન-અનુપ્રેક્ષા

*શ્રી નારાયણ ચત્રભૂજ મહેતા*

મંગલ પ્રાર્થના (અનુપ્રેક્ષા)

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમ પ્રભુ,
મંગલં સ્થૂલભદ્રાચા જૈન ધર્મોસ્તુ મંગલં.

શેત્રુંજા સમું તીર્થ નહીં ઋષભ સમા નહીં દેવ,
ગૌતમ સરખા ગુરુ નહીં વળી વળી વંદું તેહ.

ઉપરોક્ત બંને પંક્તિઓ સાતે નયે શુદ્ધ એવા શ્રી જિનશાસનમાં પ્રચલિત છે, ઠેર ઠેર સાંભળવા-વાંચવા મળે છે.

માત્ર બિરદાવલી પૂરતી જ નહીં, સ્તુતિ સ્વરૂપે જ નહીં; પરંતુ આ બંને મહાન પંક્તિઓ કોઇ અદ્‌ભુત વિરલ ધર્માત્માના પરમ પાવન જીવનમાં ઊંડે ઊંડે જવાની પ્રેરણા રૂપે જ હોય તેમ સમજાય છે.

અદ્‌ભુત અને અજોડ આ બંને પંક્તિઓ સત્ ચિંતનનો ભંડાર છે. કચ્છના વતની પણ ભાવનગરમાં વસવાટ કરતા નારાયણભાઇ મહેતા સારા કવિ પણ છે. અત્રે તેમણે બે પ્રાર્થના-પંક્તિઓ અનુપ્રેક્ષા સ્વરૂપે અને બે ગીતો શાસ્ત્રીય રાગમાં મૂક્યા છે. —*સંપાદક*

### પ્રથમ પંક્તિ

મંગલં ભગવાન વીરો—ભગવાન મહાવીર વર્તમાન શાસનપતિ છે. કોઇ પણ સત્કાર્યમાં, ધર્મ-અનુષ્ઠાનમાં પ્રાથમિક શુદ્ધિ માટે પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર થાય છે તેમાં શ્રી અરિહંત પરમાત્મા પ્રથમ પ્રધાનપદે બિરાજે છે. તે શ્રી અરિહંત શાસન-સ્થાપક છે. તે તારકને નમવું મહામંગલ હોવાથી આદરેલા સત્કાર્યમાં કોઇ વિઘ્ન આવી શકે નહીં—છતાં ચોવીશે તીર્થંકરોમાં એક મહાવીરદેવને જ નમસ્કાર કેમ ?

આ પ્રશ્નનું સમાધાન થાય કે મંગલં ભગવાન વીરો છે—મહાવીર એકલું નથી. સર્વ તીર્થંકરોનું શાસન જેમાં વિલીન થયું છે તેવા વીરસ્વામીને નામજોગ નમસ્કાર કરવાથી સર્વ અરિહંતોને નમસ્કાર થાય છે.

મંગલં ગૌતમપ્રભુ— આ પંક્તિ પણ સરળ બને છે. વિશ્વપતિ શાસનની સ્થાપના કરતાં ચાર પ્રકારી તીર્થની સ્થાપના કરે છે તેમાં પ્રથમ ગણધર તીર્થસ્વરૂપ છે. ભગવાન મહાવીરદેવના શાસનમાં શ્રી ગૌતમસ્વામી આદિ અગિયાર ગણધરદેવોની સ્થાપના પ્રભુજીએ કરી છે તેમાં શ્રી ગૌતમસ્વામીજી પ્રથમ ગણધર તીર્થરૂપે હોવાથી તેઓશ્રીને મંગલ સ્થાને બિરાજમાન કરવા યોગ્ય

ગણાય. વળી સમગ્ર જિન-ચોવીશીના પ્રથમ ગણધરોને તેમાં નમસ્કાર થવાનું પણ સંભવે છે.

પંક્તિનું ત્રીજું ચરણ છે મંગલં સ્થૂલભદ્રાદ્યા – આ વાતમાં નામજોગ નમસ્કરણીય સ્થૂલભદ્રજી મહાત્માને મંગલઘરમાં દાખલ કર્યા ને વ્યક્તિગત અને અજોડપણું જાહેર કરે છે. ચૌદ પૂર્વધરો ભદ્રબાહુસ્વામીજી જેવાને નામજોગ ન લીધા અને સ્થૂલભદ્રજીને જ મંગલઘરમાં પધરાવ્યા તે વ્યક્તિગત વિશેષતા કહી શકાય તેમ છે, જેનું ચિંતન વિશાળ છે એટલે તેમના વિષે સરળતા થાય છે કે સ્થૂલભદ્રાદ્યા—એટલે સ્થૂલભદ્ર જેવા મહાત્માઓને જ મંગલમાં પ્રવેશ મળે છે. જ્યારે ચોથું ચરણ જૈનધર્મ સદા-સર્વદા મહામંગલકારી છે જ.

એમ પ્રથમ પંક્તિ મંગલના ભંડારસમા દેવ, ગુરુ, ધર્મને નમસ્કાર થયો. બીજી પંક્તિ છે તીર્થ, દેવ અને ગુરુ તત્ત્વને વંદના કરવાની. શત્રુંજય સમો તીર્થ નહીં—અન્ય તીર્થોથી વિશેષ બન્યો. શત્રુંજયતીર્થ શાશ્વત્ છે, કોઈ પણ કાળે તીર્થ રૂપે હોય છે અને રહેશે. વળી ભાવશત્રુ ઉપર જય કરનારો હોતાં શ્રી અરિહંત જેવી ઉપમાને પાત્ર બને છે, તારક છે. વળી અન્ય તીર્થમાં થતી આરાધના કરતાં શત્રુંજય તીર્થની પાવન ભૂમિમાં થતી આરાધનાનું ફળ સો-ગણું જ્ઞાનીઓએ ફરમાવ્યું છે એટલે તે અજોડ બને છે.

ઋષભ સમા નહીં દેવ – આ પંક્તિ ગંભીર છે. બધા જ તીર્થંકરો પૂર્ણ જ્ઞાની, અનંત શક્તિશાળી, સરખા ગુણધારી અને પરિણામે મોક્ષે પધારવાવાળા હોય જ છે. વળી બધા જ તીર્થંકરો શાસનસ્થાપના કરે છે, મોક્ષદાતા છે. તો ઋષભદેવ કેવા કારણે અજોડ બની શકે ?

સમાધાન થાય કે શ્રી ઋષભદેવનું પુણ્યાનુબંધી પુણ્ય અનૂઠું અને વિશેષ હતું. અરિહંતપણાની સામ્યતા દરેક તીર્થંકરમાં હોય; પરંતુ પુણ્યકર્મની તરતમતા તો હોય છે. તેના કારણે શ્રી ઋષભદેવસ્વામીને એક અજોડ અને ઉપકારી તપ પ્રાપ્ત થયો. ભૂતકાળના અંતરાય-કર્મથી બંધ પડેલ તે તેમને છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યો. નામ છે વરસીતપ. ૪૦૦ સતત ઉપવાસ થયા; જેની અનુમોદના જૈનશાસનમાં પ્રચલિત થઈ. વરસીતપ ચલણી સિક્કો બન્યો. તે તપમાં વીશ વીશના વીશ ઉપવાસના સળંગ તપ થવાથી વીશ સ્થાનક તપ યુક્ત બની રહ્યો અને તેઓ તારકના પુણ્ય પ્રભાવે જૈનશાસનના ચારે સ્થંભોના સભ્યો પ્રભુ અનુમોદનાએ અંતરાય કર્મ-નિવારક ગણી ઉપયોગમાં લીધો છે. તેનું અભ્યંતર પરિણામ છે સમ્યગ્ દૃષ્ટિ પ્રગટપણાનું.

સતત લાગલગાટ ૪૦૦ દિવસનું વિધિયુક્ત અનુષ્ઠાન મિથ્યાત્વ જેવાં ત્રણ ગુણસ્થાનમાંથી ચોથા ગુણસ્થાને પહોંચાડવાની સ્પ્રિંગરૂપે બન્યો છે.

એટલે અનંત કાળથી ૧-૨-૩ ગુણસ્થાને દોડાદોડી કરતા આત્માઓને ચોથી પગથી દૂર ને દૂર રહેતી, કેમે ચડી શકતા ન હતા તે આત્માઓને આ ચલણી સિક્કો ઉપર ચડવામાં ટેકારૂપ થયો.

એટલે સમજાય છે કે જે અન્ય કાળચક્રોમાં આત્માઓને સમ્યગ્દૃષ્ટિ થતા હતા તેનાથી વિશેષ સંખ્યાના જીવોને સમ્યગ્દાતા ઋષભદેવ બન્યા. વળી તેમના પારણાની તિથિને ખગોળમાં રહેલાં તત્ત્વોએ અમર બનાવી એટલે શ્રી ઋષભદેવ સર્વ તીર્થંકરો કરતાંય વિશેષ ઉપકારી બન્યા.

શાશ્વત તત્ત્વો પોતાના સ્વભાવે જ રહે છે, છતાં ભગવાનના તપની અનુમોદના માટે જ કાયમની યાદગીરી રૂપ અક્ષય તૃતીયા—વૈશાખ સુદ ૩ અક્ષય બની. તીર્થંકરોના કલ્યાણકારી

કલ્યાણકની તિથિઓની નોંધ ખગોળતત્ત્વોએ લીધી નથી; જ્યારે શ્રી ઋષભદેવના તપના પારણાની તિથિને અમર બનાવી તે તો અજોડ છે.

ગૌતમ સરખા ગુરુ નહીં—આ પંક્તિનું ચરણ અજબ-ગજબ ગંભીર છે. શ્રી ગૌતમસ્વામીજી પ્રથમ પંક્તિમાં દાખલ થયા તે તો મહાવીરસ્વામીજી સાથે હતા, શિષ્ય હતા એટલે વર્તમાન શાસનના મહારાજા સાથે વડા કારભારી તરીકે પ્રવેશ પામે તે સરલ બાબત કહી શકાય.

પરંતુ પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને શાશ્વત તીર્થ શત્રુંજય સાથે શ્રી ગૌતમસ્વામીનું ગુરુ તરીકે અજોડપણું બતાવતી પંક્તિનું ચિંતન ગંભીર છે. પાંચ કરોડ મુનિઓને સાથે મોક્ષધામમાં લઈ જનારા પ્રથમ ગણધર પુંડરીકસ્વામીને પણ દાખલ ન કર્યા. સમગ્ર ચોવીશીમાં થયેલા સાડા-ચૌદસો ગણધરોમાં શ્રી ગૌતમસ્વામી અજોડ ગુરુપણાનો નંબર લઈ ગયા તે તો આશ્ચર્યજનક કહી શકાય.

અજોડતા, વિશેષતા કે મહાનતા બધું જ શ્રી ગૌતમસ્વામીજીનું અજોડ જીવન જોતાં સમજાય તેમ પણ છે. છતાં તેમાં અનેક પ્રશ્નો સમાધાન માગે છે. બધા જ ગણધરો તદ્‌ભવે અવશ્ય મોક્ષે જાય છે—અને ગયા છે જ. તો અન્ય ગણધરોથી અજોડ બનવાની શ્રી ગૌતમસ્વામીજીની વિશેષતા શી રીતે બની? હમણાં જ અઢી હજાર વર્ષ પહેલાં થયેલ ગૌતમસ્વામીજી કોટાકોટી સાગરોપમના કાળ પહેલાં થયેલા આદિ જિનેશ્વર સાથે કેમ જોડાઈ ગયા?

જૈનશાસન અનુપ્રેક્ષાનો અમૃતસાગર છે, અગાધ ચિંતનનો ભંડાર છે. તેમાં એક જોઈએ. જિન મંદિરના દરવાજામાં પ્રવેશ કરતાં મોટા ભાગે બે ગજરાજ દૃશ્યમાન છે. કોઈ કવિની કલ્પનાએ ગજરાજોને પૂછ્યું : 'આપ ચૈત્યની બહાર કેમ ઉભા છો?' બંનેએ જવાબ આપ્યો : અમારો ઈતિહાસ જિન ચોવીશીના બંને છેડા એક કરે છે. એટલે ચૈત્ય બિરાજિત ચોવીસે તીર્થંકરોનાં જીવન તેમાં સમાવિષ્ટ થાય છે. અમારા માલિકો હતા પ્રથમ તીર્થંકરના પુત્ર બાહુબલીજી અને ચોવીસમા તીર્થંકરના પ્રથમ પટધર ગૌતમસ્વામીજી. અમને છોડીને તે અંદર પધાર્યા છે. અમને કોઈ મુદત નહીં આપવાથી રાહ જોતા અહીં રોકાયા છીએ. અહંકારી હોવાથી અંદર આવવાના અધિકારી નથી.

ગાઢ-પ્રગાઢ જામ થયેલો અહંકારનો કષાય શ્રી બાહુબલીજીએ બહેન મહારાજના એક વચનથી અને શ્રી ગૌતમસ્વામીજીએ માત્ર એક સમાધાનથી ઓગાળી નાખ્યો. અહંકારની જગ્યાએ નમ્રતાં, વિનય-ગુણોને દાખલ કર્યા.

શ્રી ગૌતમસ્વામીજી અજોડ લબ્ધિધારી છે. અંગૂઠો બોળીને ૧૫૦૦ તાપસોને ક્ષીરનું ભોજન આપી પારણાં કરાવ્યાં તે સામાન્ય છે—એવું બીજાને પણ હોઈ શકે. પરંતુ જે ભગવાનમાં પણ ચોક્કસ નથી તેવું ભક્તમાં આવે તે તો અજબ છે. શ્રી અરિહંતદેવ દીક્ષા આપે તેને તદ્‌ભવે કેવળજ્ઞાન થાય કે ન પણ થાય; પરંતુ શ્રી ગૌતમસ્વામીજી જેને રજોહરણ આપે તેને અવશ્ય કૈવલ્ય થાય. અન્ય કોઈ ગણધરોને આવી મહાલબ્ધિ મળી હોય તેમ બન્યું નથી; જ્યારે શ્રી ગૌતમસ્વામીજીને આ ઉત્કર્ષલબ્ધિ હોવાનું સાક્ષાત્ બન્યું છે. હજુ એક વિશેષ વાત છે. જેની પાસે જે પદાર્થ હોય તે તો આપે—આપી શકે; પરંતુ જેની પાસે જે ચીજ નથી છતાં અન્યને અવશ્ય આપે તે તો આ જગતનું અદ્‌ભુત આશ્ચર્ય કે અપવાદ માત્ર ગૌતમસ્વામી ભગવાન છે. પોતાની પાસે મનઃપર્યવજ્ઞાન સુધીની મૂડી છે. બારમા ગુણસ્થાને છે તે ધર્માત્મા કેવળજ્ઞાનનું દાન કરી

શિષ્યોને તેરમા ગુણસ્થાને પહોંચાડે. ભગવાનથી ભક્ત સવાયા. ગુરુથી ચેલા આગરા તે કહેવતને શ્રી ગૌતમે સત્ય સત્ય કરી બતાવ્યું.

ભગવાન દીક્ષા આપે તે સાધુ તદ્ભવે મોક્ષે જાય કે ન પણ જાય; પણ ગૌતમ દીક્ષા આપે તે તો અવશ્ય મોક્ષે જાય. ગુરુથી શિષ્ય સવાયા.

પોતે છદ્મસ્થ અને શિષ્યો કેવલી. તે પણ શ્રી ગૌતમસ્વામીનું અજબ દાન છે. ગુરુથી ચેલા આગરા.

અને ત્રીજો સ્તર છે પરમાત્માની અવિહડ અતૂટ ભક્તિ. ભગવાને અનેક પ્રહાર કર્યા. ગોયમ એક સમયનો પણ (રાગ) પ્રમાદ ન કર. પણ સાંભળે જ કોણ ! મુક્તિને ઠેલતા રહ્યા પણ ભક્તિમાં તો એવા ચોંટી રહ્યા કે પ્રભુજીના અનેક પ્રહારો અને અખતરા પણ કામ આવ્યા નહીં. આ બધી અજબતાનાં આધ્યાત્મિક સમાધાન થઈ શકે છે; પરંતુ અનંતલબ્ધિનિધાન, અનંત શક્તિશાળી, જવાંમર્દ ભક્તાત્મા શ્રી ગૌતમસ્વામીજીનો જોટો ક્યાંય જડે તેમ નથી.

ભગવાને શ્રી ગૌતમસ્વામીને પ્રમાદી કહીને અનેક પ્રહાર કર્યા છતાં દુઃખ લાગ્યું નહીં. છેવટે તે યુવરાજ પ્રભુપાટનો વારસ, પ્રથમ ગણધર, શાસનસમ્રાટ અને સ્થાપનાચાર્યના હકદાર હોવા છતાં તે પદ માટે શ્રી ગૌતમને માન્ય કર્યા નહીં અને પૂછ્યું પણ નહીં. તેનો હક્ક છીનવીને સુધર્માસ્વામી—નાના ગણધરને શાસન સોંપી દીધું તો પણ શ્રી ગૌતમે પ્રભુનો ઉપકાર માન્યો કે મને બોજામુક્ત કર્યો.

ગજબની ભક્તિ, ગજબની નમ્રતા. શ્રી ગૌતમસ્વામી અજોડ અને બેનમૂન છે. શ્રી ગૌતમસ્વામીજીના ગંભીર અને આધ્યાત્મિક જીવનના ગ્રંથો લખાય તો પણ ઓછા પડે છે.

શ્રી ગૌતમસ્વામી સંઘતીર્થ, પ્રથમ ગણધર, અજોડ ભક્ત, અજોડ લબ્ધિનિધાન, પ્રાતઃસ્મરણીય, મહામંગલ, ઉત્તમ ઉત્તમોત્તમ અને શરણગમ્ય સાક્ષાત્ પરમાત્મા છે.

ગૌતમસ્વામીજીના નામમાં ત્રણે મંત્રદેવો શ્રી નમસ્કાર મહામંત્રમાં સ્થાપિત થયેલા ૧૮ પૈકીના છે. ગ—અખંડ હસ્તિ સ્વરૂપ, ત—તીર્થ સ્વરૂપ, મ—મોક્ષ સ્વરૂપ છે. ૬૮ તીર્થોની સંખ્યાએ ૨-૧-૯ = કુલ બાર થાય છે. તે બારમા ગુણસ્થાનવર્તી ગણધર ભગવંત હોઈ શકે.

જૈન શાસનની મહાન વિરલ વિભૂતિ શ્રી ગૌતમસ્વામીને કોટિ કોટિ વંદના.

## ગુરુ કેવા કરવા

ગીત (રાગ ભીમપલાસ)

ગુરુ કરવા તો ગૌતમ જેવા અવશ્ય કેવળ આપે
સકળ કર્મનો છેદ કરાવી અવિચલ ધામે સ્થાપે.

ચૌદ શતક ચોવીશી ગણધર સઘળા છે ઉપકારી
પણ ગૌતમની રીત અનોખી રહે નહીં સંસારી
સર્વ શિષ્યને મોક્ષ લક્ષ્મીના એક જ માપે માપે.....ગુરુ કરવા૦

નહીં મોટા કે નહીં કો નાના માત્ર શિષ્ય છે પ્યારા
ગૌતમ માના ખોળે પહોંચે જિનશાસન રમનારા
એકેનો કચવાટ ન રહેતો સિદ્ધ સ્થાનને આપે....ગુરુ કરવા૦

હોવાવાળા આપે તેમાં નવાઇ નહીં દેખાતી
નથી છતાં જે કેવળ આપે દાન કળા લેખાતી
એવા શ્રી ગૌતમ ગણધરને જો અંતરમાં સ્થાપે....ગુરુ કરવા૦

જેની પાસે પૂર્ણ હતું પણ સઘળાને નહીં આપ્યું
યોગ્ય આત્મા પગથી ચડતાં તેનું ભવદુઃખ કાપ્યું.
ગૌતમ જેવી અજોડ લબ્ધિ હોય નહીં પણ આપે....ગુરુ કરવા૦

કરુણાસાગર મહાવીરસ્વામી ગૌતમ કર્યો સવાયો
નિજથી નિજ શિષ્યોની લબ્ધિ કેવળ ધરનો રાયો
મુક્તિના દાતાર અંતરે વીરપ્રભુને જાપે....ગુરુ કરવા૦

નિજ પાસે જે ચીજ નથી પણ બનતા તેના દાની
પૂર્વકાળના ઈન્દ્રભૂતિ પણ હતા પૂર્ણ અભિમાની
માન દૈત્યને પલકવારમાં મૂળ સમૂળો કાપે....ગુરુ કરવા૦

કરમે શૂરા ધરમે શૂરા અજોડ ગૌતમસ્વામી
સર્વ કર્મનો નાશ કર્યો જે વીરપ્રભુને પામી
વીર અને ગૌતમ નારાયણ નિજ અંતરમાં સ્થાપે....ગુરુ કરવા૦

શ્રી ગૌતમસ્વામીજીનો ભક્તિમંત્ર
ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી ગૌતમસ્વામિને નમઃ ।

ચૌદ મંત્રના સમૂહરૂપ ચૌદ ભેદવાળા આત્માને ચૌદે ગુણસ્થાન ચડાવે છે. આવા પરમ પાવન મહામંત્રનો ઉપયોગ અવશ્ય લાભદાયક બને છે.

* * *

# ભગવાન અને ભક્ત

ગીત (રાગ ભીમપલાસ)

રાગી ગૌતમ ત્યાગી કરવા મહાવીર દેવ વિચારે
શાસન સુધર્માને સોંપી એક ઝાટકો મારે.

યુવરાજા તો ગૌતમ ગણધર પ્રભુની પાટ દીપાવે
છતાં વારસો દઇ બીજાને એને અયોગ્ય ગણાવે
તો પણ પ્રભુનો રાગી ગૌતમ રાગ નહીં અધિકારે....રાગી૦

રાગ સરાગી સ્વામી ઉપર કદી ન ખોટું લાગે
મુક્ત કર્યો આ બોજામાંથી રાગ વધારે જાગે
પ્રશસ્ત રાગી ગૌતમ સેવક વીર વીર ઉચ્ચારે....રાગી૦

ચાર જ્ઞાનના સ્વામી ગૌતમ કેવલ થાતું અટકે
પ્રમાદ ટળવા શ્રી ગૌતમનો વીર પ્રભુને ખટકે
અનેક શિક્ષા એને આપે પ્રમત્ત દોષને ટાળે....રાગી૦

સમય માત્ર પણ પ્રમાદ ભૂંડો ગૌતમ ચિત્તમાં ધારો
વીતરાગીનાં જાવન જાણો આગમ વચણ વિચારો
નિરમોહી શાસનના સ્વામી સ્યાદ્વવાદ અધિકારે....રાગી૦

નિજ નિર્વાણી નજીક જાણી એક અખતરો કીધો
અન્ય જીવનો ઉદ્ધાર કરવા અળગો ફેંકી દીધો
સિદ્ધ થયાના સમાચારથી રડતો ચડ્યો વિચારે....રાગી૦

હું રાગી ને પ્રભુ વીતરાગી સમજ્યો વાત ન સાચી
જ્ઞાન તણો ઉપયોગ ન મૂક્યો માત્ર રાગમાં રાચી
મોહ રાય આતમને પાડે ગુણ ઠાણે અગિયારે....રાગી૦.

રાગ છૂટતો અંતરમાંથી પહોંચ્યા પંચમ જ્ઞાને
ચૌ મંગલમાં સ્થાન ધરાવે પ્રથમ હતા અભિમાને
નારાયણ વંદે શુભ ભાવે ગૌતમ જીવન સુધારે....રાગી૦

*—નારાયણ ચત્રભૂજ મહેતા, ભાવનગર.*

* * *

## ૯ (નવ) કરોડનો વિક્રમરૂપ જાપ

પ. પૂ. શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના અને પૂ. જિનશાસન શણગાર આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ના પરિવારના પૂ. મુનિશ્રી વિદ્યાધરવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી રવિચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં સં. ૨૦૪૯ના પાલિતાણા ચાતુર્માસ દરમ્યાન અનંતલબ્ધિનિધાન, રોગ-વિઘ્નાદિનો નાશ કરનાર, શાંતિ આપનાર અને જેનું નામ પણ મંગલ છે, એવા શ્રી ગુરુ ગૌતમસ્વામી જાપ કરાવવામાં આવતાં ૯ (નવ) કરોડનો વિક્રમરૂપ જાપ થયો હતો.

જાપનું પદ : "ૐ હ્રીં" શ્રી અરિહંત ઉવજ્ઝાય શ્રી ગૌતમસ્વામિને નમઃ."

# અનુપમ જ્ઞાની અનંતલબ્ધિનિધાન ગણધર શ્રી ગૌતમસ્વામી ભગવંત

*શ્રી મંજુલા પ્રેમજી ગડા*

**પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમમાં ભારોભાર અભિમાન; અને અનુપમ જ્ઞાની અનંતલબ્ધિનિધાન ગણધર શ્રી ગૌતમસ્વામીમાં છલોછલ નિરાભિમાન! એક જ વ્યક્તિમાં કેવો વિરોધાભાસ....! પ્રભુને સમર્પિત અંતરથી આ અંતર તો કપાય ગયું, પણ ૫૦,૦૦૦ કેવલીના એ ગુરુ ગૌતમસ્વામી પ્રભુ મહાવીર પરમાત્માની ઉપસ્થિતિમાં કેવલજ્ઞાન ન પામ્યા, તે ન જ પામ્યા! અને જ્યારે કેવલજ્ઞાન પામ્યા, તો તે પણ રાગના આલાપ-વિલાપના સૂરે સૂરે! શ્રી ગૌતમસ્વામીના ગુણો અદ્ભુત અને અવર્ણનીય હતા. તેઓમાં શક્તિ, લબ્ધિ પણ અનંત હતી. આ અનેકવિધ સદ્ગુણ-સૌરભની મહેક પ્રસ્તુત લેખમાં આપણને સંપ્રાપ્ત બને છે. વિદુષી લેખિકા બહેનની કલમનો આ કસબ પણ એ રીતે અહીં આવકાર્ય અને અભિનંદનીય બને છે. —*સંપાદક***

**'કોણ છે એ સર્વજ્ઞનો દાવો કરનારો?<br>હું અહીંયાં બેઠો છું અને બીજો કોઈ<br>સર્વજ્ઞ ફૂટી નીકળે? જોઇ લઇશ એને!'**

હા..... આ છે ઇન્દ્રભૂતિ ગૌતમ! જઇ રહ્યા છે વીર પાસે.

ભગવાન મહાવીરસ્વામીજીના છદ્મસ્થાવસ્થાના પ્રથમ શિષ્ય ગોશાળો જે પાછળથી પોતાને ચોવીશમા તીર્થંકર ગણાવી ભગવાનની સામે થયો હતો. પોતાને તીર્થંકર ગણાવતો ગોશાળો અને ભગવંતના સમાગમ પહેલાંના ઇન્દ્રભૂતિ આંખમાં લગભગ સરખો અહંકાર લઇને ફરતા હતા. અહંકારની આગમાં ધગ ધગ થતો ઇન્દ્રભૂતિ સમગ્ર ભારતમાં વિદ્વત્તા માટે પંકાઇ ચૂક્યો હતો. વિશાળ લલાટની તેજસ્વિતા જોઇ ભલભલા વિદ્વાનોની બુદ્ધિ બુઠ્ઠી થઇ જતી હતી. અને એ જોઇ ઈંદ્રભૂતિના અહંકારના ઉષ્ણ જળમાં વધુ ને વધુ ભરાવો થતો હતો.

બિહારમાં ગોબર ગામ અને ગૌતમ ગોત્રમાં જન્મેલા ઇન્દ્રભૂતિ—પોતાના પાંચસો શિષ્યો, વિશિષ્ટ બ્રાહ્મણો અને બંધુઓ વાયુભૂતિ અને અગ્નિભૂતિ નિજ પરિવાર સાથે રાજગૃહીમાં, ક્દીયે ભારતમાં ન થયો હોય તેવો અજોડ યજ્ઞ કરાવી રહ્યા હતા. બુલંદ અવાજના મંત્રોચ્ચારથી રાજગૃહી ગાજી રહી હતી. દેવવિમાનોને રાજગૃહી તરફ આવતાં જોઇ હરખાયેલો ઇન્દ્રભૂતિ અહંકારથી અને અજ્ઞાનથી લદાયે જતો હતો. પણ.....ત્યાં જ રંગમાં ભંગ પડે છે. લોક ઊઠીને ચાલી રહ્યું.....દેવવિમાનોએ દિશા વાળી લીધી.... ઇન્દ્રભૂતિને આશ્ચર્ય થયું... મહસેન વનમાં મહાવીર પધાર્યા હતા અને બધા ત્યાં જ જઇ રહ્યા હતા. તે જાણી ઝાંખપ અનુભવી....

'મહાવીર તે વળી કોણ છે મોટો ?'

ગૌતમને અભિમાન થયું. વીર સાથે વાદવિવાદ કરવા માટે પાંચસો શિષ્યોના પરિવાર સાથે ઈન્દ્રભૂતિ જઇ રહ્યા છે ભગવાન મહાવીરદેવને બતાવી દેવા માટે.... બહાર ક્રોધ દેખાઇ રહ્યો છે. અંદર અભિમાન સળવળી રહ્યું છે. બંનેના મિશ્રણે ઈર્ષા ઉત્પન્ન કરી છે... અને તેમાંથી ભગવાન પાસે જવાનું બન્યું છે. હા..... રસ્તામાંય તેમના અંતરમાં ભગવાન પ્રત્યેની ભારોભાર દ્વેષની વિચારણા ચાલુ જ છે...

'જોઇ લઇશ એ નવા આવેલા સર્વજ્ઞને.'

અને છેક ઈન્દ્રભૂતિ સમવસરણ સુધી પહોંચ્યા... સિંહાસન પર બિરાજમાન પ્રભુ વીરને એ નીરખી જ રહ્યા....

અને સ્તબ્ધ થઇ ગયા....

આ રૂપ.....? આ કાન્તિ..... આ પ્રભાવ.....? આ તેજ.....? ક્ષણભર તો ખેદ થઇ ગયો.

'અહીંયાં ન આવ્યો હોત તો સારું હતું'.....

પણ અંદર બેઠેલા અહંકારે તો છેક સમવસરણનાં પગથિયાં ચડાવ્યા... અને મનમાં થઇ રહ્યું કે વાત તો કરી લેવા દે..... અને ત્યાં જ ભગવાનના શ્રીમુખે મધુર ધ્વનિમાં 'હે ઈન્દ્રભૂતિ ગૌતમ ! સુખે આવ્યા ?' ના શબ્દો સાંભળી આશ્ચર્ય અનુભવ્યું, ત્યાં તો મનના અહંકારે સમજાવ્યું.. 'મુજને કોણ ન ઓળખે' અને અતિ ગર્વ અનુભવ્યો. અરે !... ત્યાં તો ભગવાનના શ્રીમુખે પોતાના મનમાં રહેલી 'આત્મા છે કે નહીં ?'ની શંકા સાંભળી... અને એ શંકા દૂર થતાં જ અહંકારનો મેરુ ઓગળવા લાગ્યો.

...સત્યનું દર્શન થઇ રહ્યું, અંતરમાં શાતા થઇ ગઇ... અને ઈન્દ્રભૂતિ 'વીર'નાં ચરણોમાં ઝૂકી પડ્યા.

બસ.... હવે બીજો કોઇ વિચાર નથી. 'વીર'ને દેખાડી દેવા નીકળેલા ઈન્દ્રભૂતિ ગૌતમ, પ્રભુ 'વીર'નાં ચરણોમાં નાના બાળકની જેમ બેસી રહ્યા. એક વખત મહામિથ્યાત્વમાં બેઠેલા ઈન્દ્રભૂતિ કાયમ માટે.... શાશ્વતકાળ સુધી... 'વીર....વીર....વીર....' કરી મહાવીરસ્વામીજીના પ્રથમ શિષ્ય, પ્રથમ ગણધર બન્યા. અને સંસારના પરિભ્રમણને સ્થગિત કરી ગયા.

અહો.... હો.... કેટલો વિરોધાભાસ...!

ક્યાં અહંકારના મેરુ પર બેસનારું ઈન્દ્રભૂતિનું વ્યક્તિત્વ અને બાળક બનીને પ્રભુ વીરનાં ચરણોમાં બેસી જવાનો સમર્પિત ભાવ ! જેને સમયે સમયે 'વીર... વીર... વીર...' હૈયામાં ઘૂંટાતું જ જતું હતું, ચાર ચાર લબ્ધિઓના માલિક હોવા છતાં જેણે ભગવાનની હયાતીમાં પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂક્યો નહીં. પહેલાં ભગવાન પરના 'રોષ'ને લઇને વાદ-વિવાદ કરવા ભગવાન પાસે આવ્યા. તો ભગવાને તેમને 'તોષ' આપી પ્રથમ ગણધર બનાવ્યા.

દીક્ષા લીધા પછી પ્રથમ ગણધર તરીકેની સ્થાપના બ્રાહ્મણ એવા ગૌતમસ્વામીની થઈ. ભગવંતશ્રીએ તેમને 'શ્રી' સાથે એવી રીતે પરણાવી દીધા કે જે ગૌતમસ્વામીથી પ્રતિબોધ થઇ

તેમના શિષ્ય બને તે સર્વે કેવળજ્ઞાન પામે જ ! આમ, ૫૦,૦૦૦ કેવળીના ગુરુ હોવા છતાં ગુરુનું કેવળજ્ઞાન ક્યાંક અટકતું હતું.

ગુરુ ગૌતમસ્વામી અનેકવિધ સદ્‌ગુણસૌરભથી મહેકી રહ્યા હતા. તેમનો વિનય અવર્ણનીય હતો. પ્રભુ મહાવીરના તેઓ ઈગિયારગ્રાર સંપન્ન શિષ્ય હતા.

**'આણાએ ધમ્મો અને આણાએ તવો'**

એ સૂત્રને તેમણે આત્મસાત્ કરેલ હતું. પ્રભુનાં પવિત્ર પાદપંકજમાં તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું. પ્રભુની કૃપા પણ તેમના ઉપર ભારોભાર ઊતરી હતી. સ્વયં-સાધના અને પ્રભુકૃપા દ્વારા તેમને અનેક વિશિષ્ટ શક્તિઓ લબ્ધિઓની પ્રાપ્તિ થઈ હતી. મતિ, શ્રુતિ, અવધિ અને મનઃપર્યવજ્ઞાન — એ ચાર જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. આટલું જ્ઞાન અને આટલી લબ્ધિઓ હોવા છતાં તેમની નમ્રતા ગજબની હતી ! સરળતાની તો તે પ્રતિકૃતિ સમાન હતા....બાળકની સાથે બાળક જેવા નિખાલસ....તો વયોવૃદ્ધ સાથે પણ ઉચિત વ્યવહાર....નાનકડા અયવંતા કુમાર સાથે કાલીઘેલી ભાષામાં તેના પ્રશ્નોના ઉત્તરો આપતા હતા તો મહારાજા શ્રેણિક અને પુણ્યા શ્રાવક જોડે પીઢતાથી ધર્મમાર્ગ દર્શાવતા. ચારમાર્ગીય જ્ઞાન ને અનેક લબ્ધિઓયુક્ત હોવા છતાં નિરભિમાન ને નમ્રતાના નમૂનારૂપ હતા.

અનંતલબ્ધિનિધાન ગુરુ શ્રી ગૌતમસ્વામી રોજ છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા... છતાંયે શરીરે અલમસ્ત... કેટલાયે તાપસો કંઈ કેટલીયે સાધના કરવા છતાં યે મુક્તિધામરૂપ અષ્ટાપદ પર્વત નહોતા ચડી શક્યા... ને પ્રથમ પગથિયે જ ફસડાઈ પડ્યા હતા. ત્યાં ગૌતમસ્વામીજીને ચડતા જોઈ તેમને થતું કે આ સાધુ શું ચડી શકવાનો ! પરંતુ જેને માથે વીરના હાથ હોય તે અષ્ટાપદ તો શું.... સડસડાટ... મોક્ષ સુધી ચાલી જાય — એમ જાણે તાપસોને સંબોધતા ન હોય તેમ ગૌતમસ્વામી સૂર્યકિરણની મદદથી સડસડાટ અષ્ટાપદ પર્વત પર પહોંચી ગયા ને ભગવાનના દર્શન કરતાં 'જગચિંતામણિ' ચૈત્યવંદનની રચના કરી.

ગુરુ ગૌતમસ્વામીના છંદમાં આવે છે કે...

**'ઘર મયલ ઘોડાની જોડ, વારુ પહોંચે, વાંછિત પકોડ...**
**મહિયલ માને મોટા રાય, જો તું કે ગૌતમના પાત્ર...**
**ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે'.**

વળી લાવણ્યસૂરિ મહારાજ આગળ કહે છે કે...

**'ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય...**
**ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે સફળ વહાણ'**

ગૌતમસ્વામી એટલે જિનશાસનનાં છેલ્લાં પચ્ચીસો (૨૫૦૦) વર્ષમાં મહાવીર ભગવાન પછી બીજા નંબરના સિતારા. પ્રભુ મહાવીર પ્રત્યે તેમને અતિશય પ્રશસ્ત રાગ હતો. અનેક ગુણગણાલંકૃત ગુરુ ગૌતમસ્વામી સદાકાળ પ્રભુ સમીપ સાંનિધ્યમાં જ રહ્યા. અત્યંત વિનયી એવા ગૌતમસ્વામીને ભગવંતે પોતાનું નિર્વાણ જાણી... મોહ નિર્વાણ કાજે... દેવશર્માને પ્રતિબોધવા મોકલ્યા. અત્યંત પ્રેમ કે રાગ જેના પ્રત્યે હોય, તેના અંતિમ સમયે રહેવાનું સૌભાગ્ય કોઈ વિરલા

જ પામે છે. અને ખરે જ ! ગૌતમસ્વામી આનાથી વંચિત રહી ગયા. દેવશર્માને પ્રતિબોધી પાછા ફરતાં, વીરનિર્વાણની જાણ થતાં કરુણ આક્રંદ કરી રહ્યા ને બોલી ઊઠ્યા...

**'તારા વિના વીર કોની સાથે બોલશું**
**જંગલવન લાગે છે આ સંસારને**
**વિધવિધ શાસ્ત્રતણા આલાપ કરું કિંહા**
**ભોજન પણ નવિ ભાવે તુમ વિણ નાથ જો'...**

વિલાપ કરતાં કરતાં સાંજ પડી ગઈ... આખરે ખરી વસ્તુસ્થિતિનું ભાન થયું... રાગ-મોહનાં બંધનો તૂટી ગયાં. અને ગૌતમસ્વામી 'વીતરાગ' બન્યા. આસો વદ અમાવાસ્યાની રાત્રે પ્રભુ નિર્વાણ પામ્યા ને નૂતન વર્ષની નવલી પ્રભાતે ગૌતમસ્વામી 'કેવળી' થયા. તે વખતે તેમની ઉંમર એંસી (૮૦) વર્ષની હતી. બાર વર્ષ સુધી કેવળપર્યાયમાં વિચરી બાણું (૯૨) વરસની પાકટ વયે સર્વ કર્મનો ક્ષય કરી ગુરુ ગૌતમસ્વામી મોક્ષે પધાર્યા.

કલ્પસૂત્રમાં કવિ કલ્પના કરતાં કહે છે કે... આ ગૌતમસ્વામી તો કોઈ અદ્ભુત કલાના સ્વામી હતા. જે રાગાદિ દોષોથી માનવીનું પડતર થાય છે એ દ્વારા જ એમનું ચડતર થયું... અહંકાર કરે તે સર્વ બાજુથી પડતીને પામે તેને બદલે આ ગૌતમસ્વામીનો અહંકાર તેમને પ્રથમ ગણધર બનાવે છે. અતિશય રાગ દુર્ગતિનું કારણ બને છે પરંતુ ગૌતમસ્વામીને તો રાગે જ કેવળજ્ઞાન અર્પ્યું.

"The story of the great man all remind"

'મહાજનો યે ન ગત સ પન્થાઃ

મહાપુરુષોએ ચીંધેલા માર્ગે આપણે ચાલવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. મહાપુરુષોના જીવનબાગમાંથી ગુણપુષ્પોની સુવાસ પ્રાપ્ત કરવી જોઈએ.

"શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હોજો." નવા વરસના નવીન ચોપડામાં વેપારીઓ દ્વારા લખાતું આ વિરલ વાક્ય મહામહિમ ગુરુ ગૌતમસ્વામીની ગૌરવવંતી ગુણગરિમાની સાક્ષી પૂરે છે. પ્રભુ મહાવીરના પટ્ટશિષ્ય, પ્રથમ ગણધર અને ચૌદ હજાર સાધુઓમાં શ્રમણશ્રેષ્ઠ ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીજીનું પુનિત જીવન પ્રેરણા-પીયૂષનું પાન કરાવે છે.

અનુપમ જ્ઞાની એવા અનંતલબ્ધિનિધાન શ્રી ગુરુ ગૌતમસ્વામીને ૨૫૦૦ વર્ષ પછી પણ લોકો યાદ કરીને ગાય છે...

**''અંગૂઠે અમૃત વસે...**
**લબ્ધિ તણા ભંડાર...**
**શ્રી ગુરુ ગૌતમસ્વામીને સમરિયે**
**વાંછિત ફલ દાતાર.''**

* * *

# અઠ્ઠાવીશ લબ્ધિના તપની વિધિ (એકાસણાં ૨૮ કરવાં)

દુહો : લબ્ધિ અઠ્ઠાવીશ ધરી, ગુરુ ગોયમ ગણેશ,
ધ્યાવો ભાવી શુભ કરૂં, ત્યાગીરાગને રીસ.

| સંખ્યા | લબ્ધિનાં નામ | સામાયિક | ખમાસમણાં | લોગસ્સ | નવકારવાળી |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી અમોસહિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨ | શ્રી વિપ્પોસહિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૩ | શ્રી ખેલોસહિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૪ | શ્રી જલ્લોસહિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૫ | શ્રી સવ્વોસહિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૬ | શ્રી સંભિન્નશ્રોત લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૭ | શ્રી અવધિજ્ઞાનિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૮ | શ્રી મનઃપર્યવજ્ઞાનિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૯ | શ્રી વિપુલમતિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૦ | શ્રી ચારણલબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૧ | શ્રી આશિવિષ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૨ | શ્રી કેવલજ્ઞાનિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૩ | શ્રી ગણધરપદ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૪ | શ્રી પૂર્વધર લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૫ | શ્રી અરિહંતપદ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૬ | શ્રી ચક્રવર્તિપદ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૭ | શ્રી બલદેવ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૮ | શ્રી વાસુદેવ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૧૯ | શ્રી અમૃતાશિવ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૦ | શ્રી કોષ્ટબુદ્ધિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૧ | શ્રી પદાનુસારિણી લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૨ | શ્રી બીજબુદ્ધિ લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૩ | શ્રી તેજોલેશ્યા લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૪ | શ્રી આહારક લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૫ | શ્રી શીતલેશ્યા લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૬ | શ્રી વૈક્રિય લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૭ | શ્રી અકૂખીણ મહાણસી લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૨૮ | શ્રી પુલાયક લબ્ધયે નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |

* * *

# અનુપમ અને અદ્‌ભુત

*પૂ. પ્રશાન્તમૂર્તિ આ. શ્રી. વિ. જિતમૃગાંકસૂરીશ્વર વિનેય*
*પૂ. આચાર્યશ્રી વિજય રત્નભૂષણસૂરિજી મહારાજ*

**ઘણા વર્ષોથી પ્રાચીન સાહિત્યના સંશોધન અને સંવર્ધનના કાર્યમાં ગળાડૂબ વ્યસ્ત રહેનાર પૂ. આચાર્યશ્રી રત્નભૂષણસૂરિજી મહારાજશ્રીએ ગૌતમસ્વામીના અલૌકિક જીવનનાં વિવિધ પાસાંઓ ઉપર અત્રે સુંદર પ્રકાશ પાડ્યો છે. આ લેખમાં ગૌતમસ્વામીની સરળ અલૌકિકતા વિષે, તેમની અપૂર્વ પ્રભાવકતા વિષે, તેમની વાસ્તવિક લબ્ધિઓ વિષે, સરળ લોકભોગ્ય ભાષામાં સમજણ આપી છે. સમર્થનપ્રાપ્ત ઉલ્લેખો સાથે ગૌતમસ્વામીના અનુપમ જીવનનાં રહસ્યોની ઝાંખી કરાવી છે. આ લેખમાં પૂ. આચાર્યશ્રીની વ્યાપક અને વિશદ દૃષ્ટિનાં દર્શન થાય છે.** —*સંપાદક*

અનાદિકાલીન આ સંસાર છે, એવી જ રીતે એમાં જૈન શાસન પણ પ્રવાહથી અનાદિકાલીન છે. એ જ પ્રમાણે આ બંને ભવિષ્યમાં અનન્તકાળ સુધી રહેવાનાં છે એટલે જ આ બંને શાશ્વત છે. ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં જૈન શાસન અશાશ્વત હોય છે; પરંતુ મહાવિદેહ ક્ષેત્રમાં તો તે શાશ્વત છે. તે ત્યાં અનાદિ કાળથી ચાલુ છે અને ભવિષ્યમાં અનંત કાળ સુધી ચાલુ જ રહેવાનું છે; જ્યારે ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં જૈન શાસન અમુક સમયે હોય અને અમુક સમયે ન હોય, એવી જગતસ્થિતિ છે.

## પ્રથમ ભવ

આવા આ જગતમાં બધા જ જીવાત્માઓ અનાદિ કાળથી અવ્યવહારરાશિમાં હોય છે, ને પછી ત્યાંથી વ્યવહારરાશિમાં આવે છે. ત્યાં પણ જન્મ-મરણ કરતાં અનેક પ્રકારના અનંતા ભવો કરતાં કરતાં મનુષ્યભવમાં આવે છે. એ જ રીતે ચરમ તીર્થપતિ ભગવાન મહાવીર પરમાત્માના આત્માના અને તેમના ગણધર ગૌતમસ્વામીના આત્માના પણ આ સંસારમાં અનાદિ કાળથી જન્મ-મરણ ચાલુ હતાં. તેમાં રાજવી નયસાર તરીકેના ભવમાં ભગવાનનો આત્મા સૌપ્રથમ સમકિત પામ્યો, એટલે એમનો તે ભવ પહેલો ભવ ગણાયો. તે ભવથી ૨૭મા ભવે તેઓ ભગવાન મહાવીર બન્યા. એવી રીતે આપણને ગણધર ગૌતમસ્વામીનો પહેલો ભવ કયો ? અર્થાત્ તેઓ કયા ભવમાં કયા કયા ક્ષેત્રમાં કઈ રીતે સૌપ્રથમ સમકિત પામ્યા ? એની આપણી પાસે કોઈ જ જાણકારી નથી.

## નામ

ગુરુ ગૌતમ અથવા ગણધર ગૌતમસ્વામી—એ તેમનું મૂળ નામ નથી. શ્રી ઈન્દ્રભૂતિ એ તેમનું મૂળ નામ છે; જ્યારે ગૌતમ—એ તો એમના ગોત્રનું નામ છે. તેમ છતાં એમના ગોત્રનું નામ એ જ તેમનું વિશેષ નામ બની ગયું. આજે પણ જેટલા જીવો એમને ગૌતમ નામથી જાણે

છે અને ગૌતમ નામથી તેમની આરાધના કરે છે, તેની અપેક્ષાએ એમના મૂળ નામથી એમને જાણનારા અને એમની આરાધના કરનારા કેટલા ? તેમનું ગોત્રવાચક એવું પણ નામ આ રીતે વ્યક્તિવાચક ખાસ નામ બની ગયું છે. આમ બનવા છતાં પણ એ ગૌતમ નામ—એ ગૌતમ શબ્દ—આજે પણ ખુદ એમના જેટલો જ પ્રભાવસંપન્ન અનુભવાય છે.

## ભગવાન સાથેનો સંબંધ

ભગવાનના ૨૭ ભવોમાં ભગવાનની સાથે જે જે ભવોમાં તેમનો સંબંધ થયો છે એના કરતાં ઘણો વધારે સંબંધ એમનો, ભગવાન સમકિત પામ્યા એ પહેલાંના એકાધિક અનેક ભવોમાં ભગવાનની સાથે થયો હોય એમ લાગે છે. કેમકે ભગવાન પોતે જ ગૌતમસ્વામીને કહે છે, કે–તું ચિરપરિચિત છે એટલે તને મારી ઉપર ગાઢ રાગ છે. વગેરે....'

## પૂર્વના ભવો

પ્રાચીન હસ્તલિખિત સાહિત્યમાંથી એમના પૂર્વના પાંચ ભવોની વિગત આપણને વ્યવસ્થિત રૂપે મળે છે. તેમાં (૧) મંગલ શેઠનો (૨) માછલાનો (૩) જ્યોતિર્માલી દેવનો (૪) વેગવાન વિદ્યાધરનો અને (૫) ગૌતમસ્વામીનો—તેમાં પહેલા ભવમાં શ્રાવક મંગલ શેઠ સમકિત અને વ્રતધારી હતા એવો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે. પરંતુ તેમનો આ ભવ એ જ પહેલો ભવ છે, એમ સ્પષ્ટ થતું નથી.

ભગવાનના ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકેના ભવમાં તેઓ વાસુદેવના રથના સારથિ હતા. વાસુદેવે ફાડી નાખેલા સિંહને અંતિમ અવસ્થામાં મધુર વાણીથી સાન્ત્વન આપ્યું—તે ભવમાં તેમને સમકિત હતું કે નહિ—એ સ્પષ્ટ થતું નથી. શ્રાવક મંગલ શેઠથી છેલ્લા ગૌતમસ્વામી તરીકેના પાંચ ભવો—એ આ સારથિ પછીના ભવો છે, એ ચોક્કસ છે.

## શંકા અને તેનું નિરાકરણ

શંકા તો દરેકને લગભગ કોઇ ને કોઇ વિષયમાં હોય જ છે; પરંતુ ૧૪ વિદ્યાના પારગામી અને જગતભરમાં સર્વજ્ઞ તરીકે જે પંકાયેલા હોય એવાના મનમાં કોઇક ખૂણે નાનકડી પણ એકાદ શંકા હોય, એવું તો કોઇ માની જ ન શકે. આ જ કારણે ઇન્દ્રભૂતિજીએ પોતાના મનમાં જીવના વિષયમાં શંકા હોવા છતાં કોઇને પૂછીને તેનું નિરાકરણ કર્યું નહિ. જો તેઓ કોઇને પણ પૂછે તો પોતાની સર્વજ્ઞપણાની ખામી છતી થઇ જાય. અરે ! પોતાના જ સગ્ગા નાના ભાઈને જો પૂછ્યું હોત તો પણ તેનું સમાધાન થઈ જાત. પરંતુ એટલું પણ ન કર્યું અને સર્વજ્ઞપણાનો દંભ ચાલુ રાખ્યો.

એવા પણ એ ઇન્દ્રભૂતિજીએ પ્રભુજીને જ્યારે સાક્ષાત્ નજરે જોયા અને પ્રભુએ પણ તેમને નામ અને ગોત્ર પૂર્વક સંબોધ્યા ત્યારે પણ એમનામાં રહેલા અભિમાને ઉછાળો માર્યો; અને તેની સાથે જ સંકલ્પ કર્યો, કે આજ દિન સુધી જે બાબતની કોઇને પણ જાણ નથી અને અત્યંત ગુપ્ત એવી પણ મારી શંકાની વાત જો આ જણાવી દે તો એને હું સાચો સર્વજ્ઞ માનું. જેવો તેમણે આ સંકલ્પ કર્યો, કે તુરત જ ભગવાને તેમની શંકા કહી બતાવી. એ સાંભળતાં જ તેમણે ભગવાનને સાચા સર્વજ્ઞ તરીકે સ્વીકારી લીધા અને મનથી તો ભગવાનનું શિષ્યપણું સ્વીકારી લીધું.

એ પછી તો ભગવાને તેમની શંકાનું સમાધાન પણ કર્યું. એ પણ કેવી ખૂબીથી કર્યું, એ જ અત્યંત મહત્ત્વની વાત છે. વેદશાસ્ત્રના જે પદોથી એમને શંકા થઈ હતી એ જ વેદશાસ્ત્રના પદોનો ઇન્દ્રભૂતિજી પોતે જે અર્થ કરે છે તે અર્થ ભગવાને પહેલાં કહી બતાવ્યો. એ મુજબ અર્થ કરવામાં તેમની ભૂલ કઇ રીતે છે, તે બતાવીને એ જ વેદશાસ્ત્રનાં પદોનો સાચો અર્થ ભગવાને સમજાવીને એમની શંકાનું નિવારણ કર્યું. આમાં ભગવાને પોતાની કોઇ જ વાત કરી નહિ. એમની જ વાત, એમના જ વેદશાસ્ત્રનાં પદો, એ જ વેદશાસ્ત્રનાં પદોની ફક્ત સાચી વ્યાખ્યા સમજાવીને એમની શંકાનું ભગવાને સમાધાન કર્યું. ભૂલેલા જીવોને ઠેકાણે લાવવાની આ એક વિરલ પદ્ધતિ ગણાય. આપણે હવે વેદશાસ્ત્રનાં એ પદો ઉપર આવીએ. વર્ષોથી ગણધરવાદ સાંભળનાર-સંભળાવનાર પણ એ વેદશાસ્ત્રના પદનો ખોટો અર્થ શું ? અને સાચોઅર્થ શું ? એટલી પાયાની પણ વાતમાં સ્થિર નથી હોતાં; જેના પરિણામે અવસર આવ્યે એ વાત બીજાને સમજાવવામાં થોથવાઇ જાય છે.

વેદના જે પદની ખોટી વ્યાખ્યા કરવાથી ઇન્દ્રભૂતિજીને આત્મા/જીવના વિષયમાં શંકા પડી હતી તે પદમાં 'વિજ્ઞાનઘન' એ મુખ્ય શબ્દ છે.

વિજ્ઞાન એટલે જુદાં જુદાં વિશિષ્ટ જ્ઞાન અને તેનો ઘન એટલે કે સમૂહ તે જ આત્મા, એ રીતે વિજ્ઞાનઘન એટલે આત્મા – આવો અર્થ ઇન્દ્રભૂતિજીએ કરેલો જે ખોટો હતો. એના કારણે જ તેઓને જીવના વિષયમાં શંકા પડી હતી.

વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જુદું જુદું જ્ઞાન અને તેનો ઘન એટલે કે સમૂહ—અર્થાત્ જુદા જુદા વિશિષ્ટ જ્ઞાનનો સમૂહ એનું નામ વિજ્ઞાનઘન—અને વિજ્ઞાનઘન—એ જેનો ગુણ છે તેનું નામ આત્મા અથવા જીવ. એ મુજબનો તેનો સાચો અર્થ ભગવાને સમજાવ્યો.

આ પ્રમાણે વિજ્ઞાનઘન – પદનો સાચો અર્થ સમજાવીને વેદના એ જ પદના બાકીના અંશનો અર્થ સમજાવીને—ઘટાવીને—જીવ છે, એ મુજબ ભગવાને તેમની શંકાનું સમાધાન કર્યું.

## સૂરિમંત્રના પ્રણેતા

સૂરિ એટલે આચાર્ય. જૈન શાસનનો આ પારિભાષિક શબ્દ છે. પંચ-પરમેષ્ઠિમાં તૃતીય પદે આરૂઢ થયેલ એવા આ સૂરિ-પદનો અર્થ છે. તેઓ જૈન શાસનના સંવાહક, ગચ્છના ધોરી, ભગવાનના શાસનના સુકાની, ચતુર્વિધ સંઘના યોગનું અને ક્ષેમનું વહન કરનારા, બહારનાં અને અંદરના એમ સર્વ પ્રકારનાં આક્રમણોથી આરાધક જીવોનું રક્ષણ કરનારા, જગતના સર્વ જીવોનું હિત અને કલ્યાણના આધારભૂત જૈન શાસનની પ્રભાવના કરનારા હોય છે. આવી અત્યંત કપરી જવાબદારી અને જોખમદારી જેમના ઉપર છે એવા એ આચાર્યપુંગવોને ફરજ અદા કરવા માટે અનેક જાતનાં સહાયક પરિબળોની જરૂર પડે છે. એમાં પણ જ્યારે વિરોધી તત્ત્વો દ્વારા દૈવી સહાયથી કે મેલી વિદ્યાથી સંઘમાં પજવણી થતી, કોઇ વિરોધી રાજા દ્વારા કે વિરોધી ધર્મીઓ દ્વારા જૈન શાસન ઉપર આપત્તિઓ આવતી હોય ત્યારે એનો સામનો કરવા માટે, એનાથી રક્ષણ કરવા માટે અને અવસરે શાસનની પ્રભાવના કરવા માટે દૈવી સહાયની જરૂર પડે જ છે.

તેના માટે અત્યંત પ્રભાવસંપન્ન એવો સૂરિમંત્ર પ્રભુ પાસેથી પ્રાપ્ત કરીને એનું પ્રણયન અને આચાર્ય-પરંપરામાં પ્રચલન કર્યું. (૧) વિદ્યાપીઠ (૨) સૌભાગ્યપીઠ (૩) લક્ષ્મીપીઠ (૪)

મંત્રરાજપીઠ અને (૫) યોગપીઠ—એ મુજબ પાંચ પીઠ અથવા પાંચ પ્રસ્થાન સ્વરૂપ આ સૂરિમંત્ર છે. વિધિપૂર્વક અને આમ્નાય સહિત આ સૂરિમંત્રની સાધના કરીને ભૂતકાળમાં અનેક વખત અનેક સૂરિપુંગવોએ અવસર મુજબ શાસન અને સંઘની પ્રભાવના તથા રક્ષા કરી છે. અહીં એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું જોઈએ કે—સૂરિમંત્રની સાધના કરીને સિદ્ધિ મેળવીને સિદ્ધ બનવું એ એક જુદી વાત છે અને કેવળ જાપ કે આરાધના કરવી એ એક જુદી વાત છે. અહીં સિદ્ધ એટલે મંત્રસિદ્ધ બનવું એ અર્થ અભિપ્રેત છે. આજે પણ જો સાધના દ્વારા આ મંત્ર સિદ્ધ કરવામાં આવે તો એનો અજોડ અને અમોઘ પ્રભાવ જોવા મળે તેમ છે. એનાથી અંતરિક્ષજી–શિખરજી કે કેશરિયાજીના પ્રશ્નો ચપટી વગાડતામાં ઊકલી જાય. પરંતુ કમનસીબી આપણા સૌની કે—આજે આપણને એવા કોઈ ભડવીર સૂરિમંત્રના સિદ્ધ સાધકની પ્રાપ્તિ થઈ નથી.

ગુરુ ગણધર ગૌતમસ્વામીજીએ તો આપણને સૂરિમંત્ર આપ્યો અને પૂર્વાચાર્યોએ પરંપરાગત આપણા સુધી એ પહોંચાડેલ છે. પણ કંઈક ભવિતવ્યતા કહો કે પછી જે સમજો તે આપણી પાસે સૂરિમંત્ર જેવું અમોઘ સાધન હોવા છતાં અત્યારે તો આપણી હાલત નોંધારા જેવી થઈ ગઈ છે.

## કેવલજ્ઞાનની ઝંખના

ઈચ્છા અને ઝંખનામાં ફરક છે, ઈચ્છા એ સામાન્યથી હોય છે, જ્યારે ઝંખનામાં એ ઈચ્છાની તીવ્રતા એકદમ વધી જાય છે. ગુરુ ગૌતમસ્વામીને પોતાને કેવલજ્ઞાન જલદી પ્રાપ્ત થાય એની સતત ઝંખના રહેતી હતી. તેવામાં શાલ અને મહાશાલ (બંને ભાઈઓ) ગાગલિ (તેમનો ભાણેજ) પિઠર (તેમના બનેવી) યશોમતી (તેમની બહેન, પિઠરની રાણી) એ પાંચેય દીક્ષિત થયાં પછી અને ભગવાનની પાસે સમવસરણમાં પહોંચતાં તો કેવલી બની જાય છે. આ આખી કથા પણ ખૂબ જ સમજવા જેવી છે, પરંતુ અહીં એમ કરવા જતાં વિષયાંતર થઈ જાય. ગુરુ ગૌતમસ્વામીજીને તેઓને કેવલજ્ઞાન થઈ ગયું એ જાણીને ખૂબ જ અધૃતિ થઈ જાય છે. 'આ બધાંને કેવલજ્ઞાન થઈ ગયું અને હું જ રહી ગયો?' કેવલજ્ઞાન માટેની કેવી ઝંખના! પોતે ચાર જ્ઞાનના ધારક હોવા છતાં એક નાના બાળકની જેમ બીજાને થાય અને મને કેમ નહિ? એમ વિચારે છે. તીવ્ર ઝંખના વિના આવો ભાવ આવે નહિ.

## પ્રકૃષ્ટ પુન્યાઈ

એ અવસરે તેમને સાન્ત્વન મળે તે માટે અને તાપસોનો ઉદ્ધાર થવાનો છે એ બધું જોઈ-સમજીને ભગવાને અષ્ટાપદ તીર્થની યાત્રાનો મહિમા દેશનામાં કહ્યો. તે બીજાની પાસેથી સાંભળીને, ભગવાનની પાસે આવીને, ભગવાનની રજા લઈને ગૌતમસ્વામીજીએ અષ્ટાપદ તીર્થની યાત્રા કરી, પંદરસો ને ત્રણ તાપસોને પ્રતિબોધ પમાડ્યો, ક્રમશઃ તે દરેકને કેવલજ્ઞાન થઈ ગયું.

પરંતુ ગૌતમસ્વામીને આ વાતની જ્યારે ખબર પડી ત્યારે તો એમની રહીસહી ધીરજ પણ ખૂટી ગઈ. ભગવાને એ અવસરે વાત્સલ્યભરપૂર વાણીથી એમને જે કહ્યું તે અત્યંત મહત્ત્વનું છે. એમની વ્યાકુળતા દૂર કરવા માટે ખુદ ભગવાન પોતે જ વિવિધ પ્રકારે, પ્રયત્નપૂર્વક એમને સાન્ત્વન આપે એવી પ્રકૃષ્ટ પુન્યાઈ તો ગુરુ ગૌતમસ્વામીની જ....

## વીસ-સ્થાનકમાં ગોયમપદ

જે તપની આરાધનાથી તીર્થંકર નામકર્મ નિકાચિત થાય છે તે વીસ સ્થાનકનાં ૨૦ પદોમાં એક પદ—ગોયમ—ગૌતમ—પદ છે. શ્રી અરિહંત આદિ સિદ્ધચક્રનાં ૯ પદોની જેમ શાશ્વત એવાં આ ૨૦ સ્થાનકના પદો છે. તેમાં એક પદ તરીકે ગોયમપદનો સમાવેશ, એ જ તેઓની અનન્ય ગરિમાનું દ્યોતક છે. આજે પણ ચતુર્વિધ સંઘમાંથી અનેક મહાનુભાવો વીશસ્થાનક તપની આરાધના કરતી વખતે તેમાં આ ગોયમપદની પણ અચૂક આરાધના કરે જ છે.

## દોષો પણ ગુણકારી

અભિમાન-રાગ-અને વિલાપ, આમાંનો એકેક દોષ પણ જીવનું ભયંકર નુકસાન કરે છે. તો પછી આ ત્રણે દોષો જેનામાં હોય એવા જીવોનું તો કેટલું બધું નુકસાન થઈ જાય! પરંતુ ગૌતમસ્વામીજી માટે તો આ ત્રણે દોષો ગુણકારી બન્યા છે, એ પણ એમના જીવનનું એક આશ્ચર્ય છે. અભિમાન કરવાથી તેમને ભગવાન મહાવીર મળ્યા અને પોતે તેમના પ્રથમ ગણધર બન્યા. ગુરુ ઉપર ગાઢ રાગ કર્યો તો તેમાં એમને ઉત્તમ એવી ગુરુભક્તિનો લાભ મળ્યો. ભગવાનનો મોક્ષ સાંભળતાં જ અત્યંત વિલાપ કર્યો તો તેના પરિણામે એમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. બીજાને જે ડુબાડનાર એવા આ દોષો એમને માટે તો ગુણકારી બન્યા. દોષો પણ ગુણકારી બને એવું ગૌતમસ્વામીજીનું તો બધું જ આશ્ચર્યજનક છે.

## વિશિષ્ટ શિષ્યસંપદા

ભગવાન મહાવીર પરમાત્માના ચૌદ હજાર શિષ્યો થયા; જેમાં સૌથી મોટા અને સૌ પ્રથમ ગણધર ગૌતમસ્વામીજી હતા. પરંતુ એમના પોતાના શિષ્યો પચાસ હજાર હતા. આમ તેઓ ચૌદ હજાર મુનિઓમાં પ્રથમ અને પચાસ હજાર મુનિઓના ગુરુ હતા. આવી અને આટલી વિપુલ ગુણસંપન્ન શિષ્યસંપદા એ પણ એક અજબ-ગજબની ઘટના ગણાય.

વળી એનાથી પણ બીજી વિશેષતા એ કે—એમના પચાસ હજાર શિષ્યોમાંથી એક પણ છદ્મસ્થ નહિ. બધા જ કેવળી અને એ જ ભવમાં મોક્ષે ગયા. ભગવાનના ચૌદ હજાર શિષ્યોમાંથી સાતસો જ મોક્ષમાં ગયા.

હવે એનાથી પણ વધુ ચઢિયાતી વાત, તે એ કે—ભગવાનની પાસે તો કેવળજ્ઞાન હતું અને તેમણે તે પોતાના શિષ્યોને આપ્યું; જ્યારે અહીં તો ગૌતમસ્વામીજીની પાસે—પોતાની પાસે જે કેવલજ્ઞાન નથી તે તેઓએ પોતાના એકેએક શિષ્યને આપ્યું.

## અદ્‌ભુત તથાભવ્યત્વ

ભગવાન મહાવીર પરમાત્મા કરતાં ગૌતમસ્વામીજી વધુ મહાન હતા, એવું બતાવવાનો, આ જાતની તુલના કરવામાં જરા પણ આશય નથી. પરન્તુ ગૌતમસ્વામીજીનું તથાભવ્યત્વ કેટલું અદ્‌ભુત અને અનુપમ હતું તે દર્શાવવા માટે જ આ તુલના કરી છે. બાકી તો ભગવાન, ભગવાન જ છે. એમની તોલે તો કોઈ પણ આવી જ ન શકે. એવી સર્વોચ્ચ કોટિની મહાનતા એમનામાં હોય છે.

જગતના જીવોમાં જેવી રીતે ભવ્યત્વ—અભવ્યત્વ વગેરે ભાવો અનાદિ કાળથી રહેલા છે તેવી જ રીતે તે તે જીવોમાં તેમનું પોતાનું એક આગવું જ તથાભવ્યત્વ હોય છે; અને તે તથાભવ્યત્વ મુજબ જ તે તે જીવોના દરેક ભવમાં બધું બને છે.

## મોક્ષપ્રાપ્તિ

ગણધર ગૌતમસ્વામીજી એક માસના પાદપોપગમ નામના અનશનપૂર્વક રાજગૃહીમાં વૈભારગિરિ ઉપર ૯૨ વર્ષનું આયુષ્ય પૂરું કરીને સકલ કર્મનો ક્ષય કરીને મોક્ષમાં પધાર્યા. આ બધા ઉલ્લેખો મળે છે; પરંતુ જેવી રીતે તેમના જન્મ-દિવસની આપણને જાણ નથી એવી જ રીતે એમના મોક્ષગમન-દિનની પણ આપણને જાણ નથી. પ્રયત્ન કરતાં જો ક્યાંયથી પણ આપણને એની જાણ થઈ જાય તો એમના જીવનની કથામાં ખૂટતી અને અત્યંત મહત્ત્વની એવી એક કડી એમાં ઉમેરાઈ જાય. ભાવિકો જેવી રીતે એમના કેવળજ્ઞાનદિનની આરાધના કરીને આત્મકલ્યાણ સાધે છે, એવી જ રીતે એમના મોક્ષદિનની પણ આરાધના કરીને પોતાનું કલ્યાણ સાધી શકે.

પં. દીપવિજયજી કવિરાજે ગણધર-યુગપ્રધાન આરાધન-દેવવંદન બનાવેલ છે તેમાં એ દેવવંદન કરવાના મુખ્ય ત્રણ દિવસો બતાવ્યા છે.

૧. વૈશાખ સુદિ ૧૧. શાસન-સ્થાપના અને ગણધર-સ્થાપના દિન....

૨. ભાદરવા સુદિ ૮. સંવચ્છરી પછીનો સામૂહિક ક્ષમાપના દિન.

(આ દેવવંદનની સાથે સંવચ્છરી ખામણાં પણ બોલવા—એવું તેમાં છે.)

૩. કાર્તિક વદિ ૨. આ દિવસ તેઓએ કયા હેતુથી મુખ્ય ગણ્યો છે તેનો કોઈ ઉલ્લેખ તેઓશ્રીએ કર્યો નથી; પરંતુ સંભવ છે કે કદાચ એ દિવસ ગણધર કે ગણધરોનો મોક્ષપ્રાપ્તિ દિન હોઈ શકે. અને એ કારણે તેને મુખ્ય ગણ્યો હોય.

અનંત લબ્ધિના ભંડાર ગણધર ગૌતમસ્વામી આપણા સૌનું કલ્યાણ કરો એ જ મંગલ ભાવના.

---

**નોંધ** : જે પુસ્તક માટે આ લેખ લખાયો છે, તે જ પુસ્તકમાં અન્યાન્ય લેખોમાં ગણધર ગૌતમસ્વામીજીનું જીવન અને જીવનપ્રસંગો વિસ્તારથી આવી ગયાં હોઈને તેનું પુનરાવર્તન ટાળવા માટે તે તે વસ્તુ રજૂ ન કરતાં તેમાંથી ફલિત થતા મહત્ત્વના મુદ્દાઓ ઉપર જ આ આલેખન કરાયું છે.

*—લેખક*

* * *

# ભારતીય સંસ્કૃતિ અને ગણધર ગૌતમસ્વામી

–ડૉ. ચિનુભાઈ નાયક

ગુજરાતનાં અગ્રગણ્ય અખબારોમાં પ્રસંગોપાત્ત જેમની આધ્યાત્મિક હૃદયસ્પર્શી લેખમાળાઓ નિયમિત રીતે પ્રગટ થતી રહી છે તે ડૉ. ચિનુભાઈ નાયકે અમદાવાદની હ. કા. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલપદે ઘણો સમય સેવા આપી, ગુજરાતની સાહિત્યિક પ્રવૃત્તિઓમાં જેમનું વિશિષ્ટ પ્રદાન રહેલું છે તેવા સિદ્ધહસ્ત લેખકની કલમે લખાયેલ આ લેખમાં ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું વિશિષ્ટ સ્થાન હોવાનો સંદર્ભ રજૂ કરી શ્રમણ પરંપરામાં ગૌતમસ્વામીની સિદ્ધિઓ અને લબ્ધિઓ વિષે સુંદર પ્રકાશ પાડ્યો છે. લબ્ધિઓ અને સિદ્ધિઓ ગૌતમસ્વામીનાં ચરણોમાં હંમેશાં ઝૂકેલી જ રહેતી છતાં ગૌતમસ્વામી તેનાથી વિરક્ત હતા. સંતરત્નો હંમેશાં પોતાને પ્રાપ્ત થયેલી લબ્ધિઓને બને ત્યાં સુધી ક્યારેય ચમત્કાર રૂપે પ્રગટ થવા નથી દેતા. તેમની લબ્ધિઓમાં પરમાર્થનું તત્ત્વ વિશેષ હતું. જગતના સર્વ જીવોના કલ્યાણ અને અને આબાદી માટે તેમના મનમાં ઘણી ઊંચી ભાવના રમતી હતી. અત્રે સિદ્ધિઓ અને લબ્ધિઓ વિષે ડૉ. શ્રી નાયક સાહેબે સુંદર રજૂઆત કરી છે. –સંપાદક

ભારતીય સંસ્કૃતિનાં મૂળિયાં ધર્મમાં રહેલાં છે. ધર્મને કારણે જ ભારતીય સંસ્કૃતિ જગતભરમાં પ્રસરેલી છે. ભારતીય પરંપરામાં ધર્મ અને સંસ્કૃતિને એકબીજાથી અલગ પાડી શકાતાં નથી. ધર્મની બાબતમાં ઈતિહાસના ઊગમકાળથી બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાનો સાથે સાથે વિકાસ થયેલો છે. બ્રાહ્મણ પરંપરાનો વિકાસ બ્રહ્મન્‌ની આસપાસ થયો જેમાં હિંદુ ધર્મ અને તેની અનેક શાખાઓ પાંગરી; શ્રમણ પરંપરાનો વિકાસ શમન્‌ની આસપાસ થયો જેમાં જૈનધર્મ, બૌદ્ધધર્મ અને બીજી શ્રમણ પરંપરાઓ પાંગરી. વિચાર અને આચાર એ સંસ્કૃતિના વિકાસની પાયાની બાબત છે. જૈનધર્મના વિચાર અને આચારના ઘડતરમાં ગણધર ગૌતમસ્વામીનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. એમના પારસમણિ સમાન સ્પર્શથી અનેક સાધુ-સાધ્વીઓ તેમ જ શ્રાવક-શ્રાવિકાઓનું મંગલ થયેલું છે. દીર્ઘતપસ ભગવાન મહાવીરની વાણી આપણા સમય સુધી ટકી રહી છે એનો યશ ગણધર ગૌતમસ્વામીને આપવો ઘટે. તેમના વિષેના એક અષ્ટકમાં કહેવાયું છે :

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર.

પ્રભુવચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણી વાર;
ચઉદહ પૂરવમાં રચે, લોકાલોક વિચાર.

**ભગવતી સૂત્રે ધુર નમી, બંભી લિપિ જયકાર**
**લોક-લોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર.**

**વીર પ્રભુ સુખિયા થયા, દિવાલી દિન સાર;**
**અંતર્મુહરત તતક્ષણે, સુખિયો સહુ સંસાર.**

જેમણે અઢાર લિપિનો બોધ કર્યો એવા ગુરુ ગૌતમનું ભાષાજ્ઞાન કેટલું વ્યાપક અને ગહન હશે ! એમ કહેવાય છે કે ભાષા એ સંસ્કૃતિનું અગત્યનું વાહન છે. Language is an important tool of culture. આ દષ્ટિએ મૂલ્યાંકન કરીએ તો ભાષા અને લિપિના ક્ષેત્રમાં ગૌતમસ્વામીનું પ્રદાન ,ઘણું નોંધપાત્ર ગણાવી શકાય.

ગુરુ ગૌતમ અનેક પ્રકારની સિદ્ધિઓ અને લબ્ધિઓના ભંડાર હતા. આમ છતાં તેમનામાં અભિમાનનો છાંટો પણ ન હતો. તેમનું ધ્યાન પોતાના આત્મદર્શન અથવા સ્વરૂપદર્શન તરફ એકાગ્ર થયેલું હતું અને યોગબળે પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ કે લબ્ધિઓની પડી ન હતી. આપણને પ્રશ્ન થાય કે સિદ્ધિઓ અને લબ્ધિઓ કેવી હોઇ શકે ? પતંજલીના યોગસૂત્રમાં અષ્ટ સિદ્ધિઓનું વર્ણન આ પ્રમાણે કરેલું છે :

૧. **અણિમા** : સૂક્ષ્મ થઇ જવાની સિદ્ધિ. સોયના નાકામાંથી પણ સરળતાથી પસાર થઇ જવાની સિદ્ધિ.

૨. **મહિમા** : પોતાનું રૂપ મેરુ પર્વત કરતાં પણ મોટું બનાવવાની સિદ્ધિ.

૩. **લઘિમા** : વાયુની લઘુતાને પણ આંબી જાય તેવી લઘુત્વકરણની સિદ્ધિ.

૪. **ગરિમા** : દેવાધિદેવ ઈંદ્ર પણ સહન ન કરી શકે એવી ગુરુત્વકરણની સિદ્ધિ.

૫. **પ્રાપ્તિ** : ઊંચા પર્વતની ટોચ ઉપર રહીને તળેટીની ભૂમિને આંગળી વડે સ્પર્શ કરવાની સિદ્ધિ.

૬. **પ્રાકામ્ય** : જમીન ઉપર ચાલતા હોઈએ તેવી જ રીતે પાણી ઉપર ચાલવાની સિદ્ધિ.

૭. **ઈશિત્વ** : પોતાનું તેજ અને શોભા વધારવાની સિદ્ધિ.

૮. **વશિત્વ** : ઘાતકી અને ક્રૂર જીવો પણ જેમના દર્શનથી શાંત થઇ જાય તેવી સિદ્ધિ.

સિદ્ધિઓના જેમ આઠ પ્રકાર છે તેમ લબ્ધિઓના અઠ્ઠાવીસ પ્રકાર છે. ધર્મવર્ધન રચિત "અઠ્ઠાવીસ લબ્ધિસ્તવન"માં એની યાદી આ પ્રમાણે આપવામાં આવેલી છે :

૧. **આમોસહિ** : શરીરના સ્પર્શ માત્રથી રોગ દૂર થઇ જાય તેવી લબ્ધિ.

૨. **વિપ્પોસહિ** : મળ-મૂત્ર દ્વારા સર્વ રોગ દૂર થાય તેવી લબ્ધિ.

૩. **ખેલોસહિ** : શ્લેષ્મ દ્વારા સર્વ રોગો દૂર થાય તેવી લબ્ધિ.

૪. **જલ્લોસહિ** : શરીરના મેલ વડે સર્વ રોગો દૂર થઇ જાય તેવી લબ્ધિ.

૫. **સવ્વોસહિ** : વાળ, નખ રુંવાટાં ઇત્યાદિ વડે સર્વ રોગ દૂર થાય તે લબ્ધિ.

૬. **સંભિન્નશ્રોત** : કોઈપણ એક ઇન્દ્રિયથી સાંભળી શકવાની લબ્ધિ.

૭. **અવધિજ્ઞાની** : રૂપપ્રદ પદાર્થોને ઇંદ્રિયની સહાય વિના જાણવાની લબ્ધિ.

૮. **મન:પર્યાવજ્ઞાની** : ગર્ભમાં રહેલા પાંચ ઇન્દ્રિયના મનોગત ભાવ જાણવાની લબ્ધિ.

૯. **વિપુલમતિ** : અઢી દ્વીપમાં વિશેષણે મનોભાવ જાણવાની લબ્ધિ.

૧૦. **ચારણલબ્ધિ** : આકાશમાં ગમન કરવાની લબ્ધિ.

૧૧. **આશિવિષ** : શાપ આપે તેવું થવાની લબ્ધિ.

૧૨. **કેવળજ્ઞાની** : ત્રણ કાલ અને ત્રણેય લોકના સર્વ ભાવોને જાણવાની લબ્ધિ.

૧૩. **ગણધરપદ** : ગણધરનું પદ અપાવનાર લબ્ધિ.

૧૪. **પૂર્વધર** : ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાની લબ્ધિ.

૧૫. **અરિહંતપદ** : અરિહંતપદ પ્રાપ્ત કરાવનાર લબ્ધિ.

૧૬. **ચક્રવર્તીપદ** : ચક્રવર્તીપદ પ્રાપ્ત કરાવનાર લબ્ધિ.

૧૭. **બલદેવપદ** : શક્તિશાળી પદ અપાવનાર લબ્ધિ.

૧૮. **વાસુદેવપદ** : વાસુદેવનું પદ અપાવનાર લબ્ધિ.

૧૯. **અમૃતસ્રવ** : સાકર અને ઘી-મિશ્રિત ખીરના જેવી મધુર વાણીની લબ્ધિ.

૨૦. **કોષ્ટબુદ્ધિ** : ભણેલું ભૂલે નહીં તેવી કુષ્ટક બુદ્ધિની લબ્ધિ.

૨૧. **પદાનુસારિણી** : એક પદ બોલતાંની સાથે ઘણું આવડી જાય તેવી લબ્ધિ.

૨૨. **બીજબુદ્ધિ** : એક પદ ભણીને બીજા ઘણા અર્થ જાણવાની લબ્ધિ.

૨૩. **તેજોલેસ્યા** : શરીરમાં દાહ ઉપજાવનાર લબ્ધિ.

૨૪. **આહારક** : શંકા પેદા થાય ત્યારે એના સમાધાન માટે ભગવાન પાસે પહોંચવાની લબ્ધિ.

૨૫. **શીતલેસ્યા** : શરીરમાં દાહ પેદા કરનારી તેજોલેસ્યાને ઠારે એવી શીતલબ્ધિ.

૨૬. **વૈક્રિય** : નાનું-મોટું રૂપ ધારણ કરવાની લબ્ધિ.

૨૭. **અક્ષીણમહાનસી** : પોતાના અલ્પ આહારથી લાખ માણસને જમાડવાની લબ્ધિ. અષ્ટાપદની યાત્રાવેળાએ ગૌતમસ્વામીએ થોડી ખીરમાંથી ૧૫૦૩ તપસ્વીઓને પારણું કરાવ્યું હતું.

૨૮. **પુલાક** : સંઘ ઇત્યાદિના કલ્યાણ માટે ચક્રવર્તીના લશ્કરને મહાત કરવાની લબ્ધિ.

યોગબળે ગૌતમસ્વામીએ અષ્ટ મહાસિદ્ધિ અને અઠ્ઠાવીસ લબ્ધિઓ પ્રાપ્ત કરી હોવા છતાં તેઓ મોહ-માયાની મમતાથી પર હતા. જીવ માત્રનું કલ્યાણ કરવાની તેમની નેમ હતી. એમનો

આત્મા સર્વ પ્રકારના જીવોના કલ્યાણથી ઉલ્લસિત રહેતો હતો. વિજયશીલસૂરિએ ગાયું છે કે :

**ગૌતમસ્વામી જગગુરુ ગુણગણનો ભંડાર લાલ રે...**
**અનંત લબ્ધિનો એ ધણી, આપે અક્ષય સુખ અપાર લાલ રે...**

તેઓ પલેપલ વર્તમાનમાં જીવનારા સાધક હતા. એક પળ માટે પ્રમાદ રાખતા ન હતા. તેમના ગુરુ મહાવીરસ્વામીએ તેઓને બોધ આપ્યો હતો કે :

**कुसाग्गे जह ओसबिंदुए थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुयाण जीवियं समयं गोयम! मा पमायए ।।**

એટલે કે દર્ભની અણી ઉપર બેઠેલું ઝાકળનું બિંદુ જેમ થોડી જ વાર રહી શકે છે, તેમ મનુષ્યોના જીવનનું પણ સમજવું, માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર.

સાધકને પ્રમત્ત રહેવું પાલવે નહીં. પ્રમાદીને સિદ્ધિઓ અને લબ્ધિઓ ક્યાંથી પ્રાપ્ત થાય ?

મહાવીરસ્વામીના પ્રથમ ગણધર તરીકે ગૌતમસ્વામી જૈન અને જૈનેતરોમાં ધર્મ અને સંસ્કૃતિના ઉદ્‌ગાતા તરીકે માનભર્યું સ્થાન ધરાવે છે.

* * *



સુધર્માનો જીવ ધનમાલા નામની રૂપવાન યુવતી તરીકે થયો
(ધનમાલા તે ભાવિ સ્કંદક કાત્યાન)

# લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી [હાઈકુ]

*રચના : પૂ. મુનિશ્રી ગુણશીલવિજયજી મહારાજ*

''હાયકુ'' એ ગુજરાતી સાહિત્યનો એક પ્રકાર છે. તેનું બંધારણ આ પ્રમાણે છે.

પ્રથમ પંક્તિમાં પાંચ અક્ષર

બીજી પંક્તિમાં સાત અક્ષર

ત્રીજી પંક્તિમાં પાંચ અક્ષર

સત્તર અક્ષર કુલ હોય છે.

''લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી''ના હાઈકુના રચયિતા શ્રી નેમિ–અમૃત–દેવ– હેમચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય મુનિશ્રી ગુણશીલવિજયજી મહારાજશ્રીએ ટીંટોઇ મુકામે સં. ૨૦૫૧ના મહા સુદિ પૂનમ તા. ૧૫-૨-૯૫ને બુધવારના રોજ હાઈકુની રચના કરી જે અત્રે પ્રસ્તુત છે. *–સંપાદક*

પાય પ્રણમી
ચોવીસે જિનચંદ
શારદ માય. (૧)

ગોબર ગ્રામ
વસુભૂતિ નંદન
પૃથ્વી સુત. (૨)

જે કર્મે દ્વિજ
નામે ઇન્દ્રભૂતિ
ને વેદપાઠી (૩)

મહાપંડિત
વેદવાક્યે શંકા
હૃદયે રાખે. (૪)

દિગંત કીર્તિ
ચડિયા માન ગજે
સર્વત્ર જય. (૫)

પ્રભુ પધારે
મહસેન ઉદ્યાને
લોક ઉમટે. (૬)

કો બહુરૂપી
ઠગે ભોળા જનને
ન સહેવાય.(૭)

હું મહાજ્ઞાની
એ સર્વજ્ઞ કહાવે
કેમ સંભવે. (૮)

નિજ ગુરુતા
પ્રભુ તણી લઘુતા
મન ચિંતવે. (૯)

વાદી જીતવા
ઉપાય ચિંતવતા
પોતે જ જાવે. (૧૦)

પાંચસો ચેલા
બિરુદાવલી ગાવે
અહં વધારે. (૧૧)

નાથ દર્શને
અહં ઊભરો શમે
શરણું શોધે. (૧૨)

પ્રભુ પુકારે
સુમધુર આલાપે
નામે ગૌતમ. (૧૩)

સૌ મને જાણે
એ નામથી પુકારે
શાની નવાઇ. (૧૪)

કહે સંશય
મુજ મનનો જાણું
સર્વજ્ઞ સાચા. (૧૫)

છે જીવ તણો
સંશય તને વેદ
વાણી સમજ. (૧૬)

વીર દર્શને
શંકા નિર્મૂળ થાવે
વૈરાગી થાવે. (૧૭)

ગર્વને ગાળી
વીર કને દીક્ષા લે
પાંચસો સાથે. (૧૮)

ત્રિપદી પાવે
દ્વાદશાંગી રચના
વીરકૃપાએ. (૧૯)

નિજ લબ્ધે
અષ્ટાપદ જાવે
ચોવીસી વંદે.(૨૦)

અક્ષય પાત્રે
ખીર પંદરસો ને
પારણું દીક્ષા. (૨૧)

પારણાં સમે
પાંચસોને કેવળ
તો પણ મૌન. (૨૨)

માર્ગે ચાલતાં
પાંચસોને કેવળ
તો પણ નમ્ર. (૨૩)

પ્રભુદર્શને
પાંચસોને કેવળ
સૌ લઘુકર્મી. (૨૪)

વિનયવંત
જઇ આનંદ પાસ
ભૂલ ખમાવે. (૨૫)

અવધિજ્ઞાની
આનંદને ખમાવે
જ્ઞાની ગૌતમ. (૨૬)

જેને દે દીક્ષા
નિશ્ચે કેવળ પાવે
મુગતે જાવે. (૨૭)

શિષ્યો જેના
સહસ્ર પચાસ
સૌ મોક્ષગામી. (૨૮)

છઠ્ઠ પારણે
આંબેલ તપ કરે
નિર્વાણ લગે. (૨૯)

વીર વિરહે
વીર વીર રટતા
મોહ હટાવે. (૩૦)

કેવળ પાવે
દેવ કરે મહિમા
સર્વ આનંદે. (૩૧)

ગૃહે પચાસ
વીર ચરણે ત્રીસ
કેવળે બાર. (૩૨)

વરસ બાણું
આયુ નિર્મળ પાળી
મોક્ષે પધારે. (૩૩)

ગૌતમ નામે
મંગળ માળા વાધે
નવે નિધાન. (૩૪)

ભાવના ફળી
ગોયમ ગુણ ગાતા
હર્ષ ઊછળે. (૩૫)

જ્ઞાની ગૌતમ
પાય વંદન કરી
કૃતાર્થ થાઉં. (૩૬)

અજોડ તપ
અદ્વિતીય વિનય
મુજ મળજો. (૩૭)

માઘ પૂર્ણિમા
બુધ મનોહાર એ
ભક્તિ કાજ. (૩૮)

ટીંટોઈ ગ્રામે
પાસ મુહરી કૃપા
રચના કીધી. (૩૯)

એક ભાવના
ગુણ વૈભવ મળે
ગૌતમ તણો. (૪૦)

* * *


તાપસોને ખીરના પારણા

# અહિંસાના એક પરમ ઉપાસક શ્રી ગૌતમસ્વામી

—ડૉ. નાગજીભાઈ ભટ્ટી

જન્મ અને મૃત્યુ એ માનવ જીવનનાં બે પાસાં છે. જેઓ જીવનના એક જ પાસાને મહત્ત્વ આપે છે તે જીવન વિમુક્ત બની શકતો નથી. વળી ભાવતૃષ્ણા અર્થાત્ જીવવાની અબળખા અને વિભવતૃષ્ણા એટલે કે મૃત્યુની ઇચ્છા એ બંને જીવનની મુખ્ય વાત ગણાય. આથી જીવન દેવતાની ઉપાસના કરવા ઇચ્છનારે અહિંસા દ્વારા મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. તેમ જ તપસ્યા દ્વારા જીવનનો સાક્ષાત્કાર કરવો જોઈએ.

માનવી માત્રમાં મૃત્યુનો ભય છવાયેલો હોય છે. આથી એ ભય દૂર કરવા અને જીવન ટકાવવા મનુષ્યે સેંકડો વર્ષોથી જીવવા, વજ્રદેહી બનવા, વૃદ્ધાવસ્થા ટાળવા અનેક ઉપાય અજમાવ્યા છે.

જે માને છે કે મૃત્યુ સર્વસમર્થ છે તે મૃત્યુ ટાળવા બીજાને મારવાનો પ્રયત્ન કરશે. પરંતુ જે મૃત્યુથી ડરતો નથી તેવી વ્યક્તિને 'મૃત્યુંજય' કહી શકાય. આ જગતમાં એવા પણ કેટલાક વીરો થઈ ગયા જે મૃત્યુંજયી તરીકે નામના પામ્યા છે. મહાવીરસ્વામી આવા મૃત્યુંજયી વીર હતા. એમણે મનુષ્યજાત ઉપર વિશ્વાસ રાખી અહિંસાના અંતિમ સ્વરૂપનો ઉપદેશ કર્યો.

આ મહાવીરસ્વામીના પ્રથમ શિષ્ય ગૌતમ ઇન્દ્રભૂતિ હતા. તેમણે ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર્યું. મહાવીરસ્વામી પાસેથી દીક્ષા પામેલા શિષ્યોમાં ગૌતમ ઇન્દ્રભૂતિ કે ગૌતમસ્વામીનું નામ મુખ્ય છે.[૨]

મગધ દેશમાં ગોબર નામે એક ગામમાં વસુભૂતિ નામે ગૌતમ ગોત્રનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પૃથ્વી નામે પત્નીની કૂખે વિ. સં. પૂર્વે ૫૫૧માં એક તેજસ્વી બાળકનો જન્મ થયો. માતા-પિતાએ તેનું નામ ઇન્દ્રભૂતિ રાખ્યું. તે બુદ્ધિમાં ચતુર, સ્વભાવે મિષ્ટ અને દેખાવમાં આકર્ષક હતો. તેણે પોતાની પ્રતિભા અને બુદ્ધિને કારણે ચૌદ વિદ્યાઓ થોડા જ સમયમાં શીખી લીધી. વિદ્વાન તરીકે સમગ્ર મગધ રાજ્યમાં એનું અદ્વિતીય સ્થાન હતું. દૂર દૂરથી વિદ્યાર્થીઓ તેની પાસે વિદ્યા શીખવા આવવા લાગ્યા. અભ્યાસ ઉપરાંત ધાર્મિક ક્રિયાકાંડમાં પણ તે પ્રખ્યાત હતો.

સમય જતાં તેને અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામે બે ભાઈઓ થયા. તેઓ પણ વિદ્વાન થયા. તેમની પાઠશાળાઓ ચાલતી અને તેમાં પાંચસો પાંચસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.[૩]

તે સમયે મધ્યમા પાવાપુરીમાં 'સોમિલ' નામે એક ધનાઢ્ય બ્રાહ્મણે મહાયજ્ઞનું આયોજન કર્યું. તેમાં તેણે અનેક સ્થળોના વિદ્વાન બ્રાહ્મણોને આમંત્રિત કર્યા. આ વિદ્વાનોમાં ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મેતાર્ય, મૌર્યપુત્ર, અકમ્પિત, અચલભ્રાતા, અને પ્રભાસ નામે વિદ્વાનો અને તેમનો પરિવાર ગયેલો.

આ સમયે ભગવાન મહાવીરને લાગ્યું કે અત્યારે મધ્યમા નગરીને અપૂર્વ લાભ પ્રાપ્ત

થશે. યજ્ઞમાં આવેલા બ્રાહ્મણો પ્રતિબોધ પામશે અને ધર્મતીર્થનો આધારસ્તંભ બનશે. આથી તેઓએ મધ્યમા પાવાપુરી તરફ વિહાર કર્યો અને ગામ બહાર આવેલા એક 'મહસેન' નામે ઉદ્યાનમાં રોકાયા.[૪]

એ વખતે દેવોએ ભગવાન મહાવીરના સમવસરણની રચના મહસેન ઉદ્યાનમાં કરી હતી. વૈશાખ સુદ એકાદશીના પ્રાતઃકાળથી મહસેન ઉદ્યાન તરફ નાગરિકોનો સમૂહ ઊમટી પડ્યો. સૌ પોતપોતાના મોભા પ્રમાણે સમવસરણમાં જવા માટે દોડી રહ્યા હતા. દેવ, દાનવ, માનવ આદિથી સમગ્ર વન ભરાઈ ગયું.

એ વિશાળ સભામાં મહાવીરે એક પ્રહર સુધી ઉપદેશ આપ્યો. એ ઉપદેશમાં એમણે લોક, અલોક, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, નિર્જરા, બંધ અને મોક્ષનું અસ્તિત્વ દર્શાવ્યું અને નર્કનું વર્ણન કરી તેમાં લોકોને–જીવોને કેવાં કેવાં શારીરિક અને માનસિક કષ્ટ સહન કરવાં પડે છે તે સમજાવ્યું. ભગવાનના આ ઉપદેશની ચારે તરફ પ્રશંસા થવા લાગી.

દેવોને એ વખતે નીચે ઊતરતા જોઈ ઇન્દ્રભૂતિ વગેરે બ્રાહ્મણોના મનમાં થયું કે દેવાદિ ગણ તેમના યજ્ઞના પ્રભાવથી અમારા યજ્ઞમાં આવે છે; પરંતુ જ્યારે તેમણે જોયું કે દેવાદિ તો તેમનો યજ્ઞ છોડી મહાવીરસ્વામીના દર્શનાર્થે જાય છે, ત્યારે એમને પણ ત્યાં જવાની ઇચ્છા થઈ. વળી શિષ્યો મારફત જાણવા મળ્યું કે મહાવીરસ્વામી તો સર્વજ્ઞ છે. એટલે દેવ, મનુષ્ય આદિ તેમની વાણી સાંભળવા જાય છે. ઇન્દ્રભૂતિ ભગવાન મહાવીરની પ્રશંસા સાંભળી ઘણા વિસ્મિત થયા. દેવતાઓ મહાવીરની વાણી સાંભળવા આવ્યા છે તે જાણી તેમને પણ ત્યાં જવાની ઇચ્છા થઈ. જે માણસ આવા દેવતાઓને આકર્ષી શકે તે 'સર્વજ્ઞ' છે કે કેમ તે જાણવા અને પોતાનો જ્ઞાનવૈભવ મહાવીરને બતાવવા તેઓ ઉત્સુક થયા. પોતાના છાત્રો સાથે તેમણે પણ મહસેન ઉદ્યાન તરફ પ્રયાણ કર્યું. નવા સર્વજ્ઞ સાથે વાદવિવાદ કરી તેને હરાવવા અને પોતાના જ્ઞાનની તાકાતનો પરિચય કરાવવા ઇન્દ્રભૂતિ મહસેન ઉદ્યાન તરફ ચાલ્યા. એમણે પોતાના જીવનમાં ઘણા પંડિતો અને મહાપંડિતો સાથે ટક્કર લીધી હતી. ઘણાને નિરુત્તર કરી નીચું જોવરાવ્યું હતું. અનેક પ્રકારના વિચાર કરતાં ઇન્દ્રભૂતિ મહાવીરસ્વામીની ધર્મસભાના દ્વાર પાસે પહોંચ્યા અને ત્યાં જ સ્તબ્ધ બની ઊભા રહી ગયા. મહાવીરસ્વામીના મુખમંડલ પરનું તેજ અને આભા તેઓ નીરખતા રહ્યા. પછી વિચાર્યું કે જો મહાવીર મારી શંકાઓ અંગે મને પૂછ્યા વિના જ સમજાવી નિર્મૂળ કરે તો હું તેમને સર્વજ્ઞ ગણું. આમ વિચારી રહ્યા હતા ત્યાં જ મહાવીર ભગવાને કહ્યું : "હે ગૌતમ ! શું તમને પુરુષ આત્માના અસ્તિત્વ અંગે શંકા છે ?"

"હા ભગવાન ! મને એ અંગે જરૂર શંકા છે. કારણ કે विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्देवानु विनश्यति न प्रेत्य संज्ञास्ति" વગેરે વેદવાક્ય પણ તેનું સમર્થન કરે છે. ભૂત-સમુદાય દ્વારા ચેતન પદાર્થ ઉત્પન્ન થાય છે અને છેવટે એમાં જ લીન બને છે. પરંતુ લોકની કાંઈ સત્તા જણાતી નથી. ભૂત-સમુદાયથી જ વિજ્ઞાનમય આત્માની ઉત્પત્તિનો અર્થ એ જ છે કે ભૂતસમુદાય વિના પુરુષનું અસ્તિત્વ નથી."

ભગવાન મહાવીર બોલ્યા : "અને તમે જાણો છો કે વેદથી પુરુષનું અસ્તિત્વ પણ સિદ્ધ થાય છે ?"

"હા જી, स वे अयमात्मा ज्ञानमयः ઇત્યાદિ શ્રુતિવાક્ય આત્માનું અસ્તિત્વ દર્શાવે છે. એથી શંકા થવી સ્વાભાવિક છે."

ભગવાન મહાવીરના મુખેથી વેદવાક્ય સાંભળતાં જ ઇન્દ્રભૂતિના મનનો અંધકાર દૂર થઇ ગયો. તે બે હાથ જોડી બોલ્યા : "ભગવાન, આપનું કથન યથાર્થ છે. હું આપનું પ્રવચન સાંભળવા ઇચ્છું છું. આપ મને કાંઇક જણાવવા કૃપા કરો."

ગૌતમની ઇચ્છા જાણી ભગવાન મહાવીરે એમને નિર્ગ્રન્થ પ્રવચનનો ઉપદેશ આપ્યો. એ સાંભળીને એમના સર્વ સંશય નષ્ટ થઇ ગયા; એટલું જ નહિ, એમણે નિર્ગ્રન્થ ધર્મની દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા સમયે તેમની ઉંમર પચાસ વર્ષની હતી. ગૌતમની સાથે એમના ૫૦૦ છાત્રો પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરી તેમના શિષ્ય બની રહ્યા. ગૌતમ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય તેમ જ પ્રથમ ગણધર હતા. એમણે વિવિધ વિષયને સ્પર્શતા અનેક પ્રશ્નો ભગવાન મહાવીરને પૂછ્યા જે આજે જૈન આગમ સાહિત્યમાં સચવાયેલા છે.

ગૌતમને મહાવીરસ્વામી પ્રત્યે અપાર સ્નેહ બંધાયો. તેઓ એમનાથી એક ક્ષણ પણ અલગ રહેવા ઇચ્છતા ન હતા. માન્યતા એવી છે કે ભગવાન મહાવીર અને ગૌતમના આત્માઓનું આ મિલન એ પ્રથમ મિલન નહોતું. એ તો અનેક જન્મોથી ચાલતું આવતું મિલન હતું. ગૌતમને મહાવીરસ્વામી પ્રત્યે અત્યંત અનુરાગ હતો. એ અનુરાગને કારણે ગૌતમ, ભગવાન મહાવીર જીવંત હતા ત્યાં સુધી કેવલજ્ઞાનથી વંચિત રહ્યા હતા.[૫]

મહાવીરસ્વામીના સંઘમાં હજારો રાજકુમારો, શેઠ-શાહુકારો, સેનાપતિઓ, પરિવ્રાજકો અને અન્ય લોકો દીક્ષિત થતા હતા. ભગવાન એમને પૂર્વજન્મના અંગે તેમ જ તેઓ ક્યારે કઇ રીતે નિર્વાણ પ્રાપ્ત કરશે તે જણાવતા. તેમના બધાના મનનું સમાધાન કરતા. આગમોમાં એ અંગેના અનેક પ્રસંગો જોવા મળે છે.

## શાસ્ત્રાર્થશક્તિ

એમણે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના શ્રુત સ્થવિર કેશી સાથે શાસ્ત્રાર્થ કરી એમને મહાવીરના સંઘમાં સંમિલિત કર્યા હતા. આમ ગૌતમસ્વામીની શાસ્ત્રાર્થની શક્તિ અત્યંત પ્રખર હતી.

## સમન્વયબુદ્ધિ

સમન્વયશક્તિ પણ અજોડ હતી. પ્રાચીન બ્રાહ્મણ પરંપરા તો એમના લોહીમાં હતી. ભગવાન મહાવીર સાથેના પરિચય પછી તેમણે અનેક લોકોને જેમ શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યા હતા તેમ તેમની સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી પાર્શ્વનાથ ચાતુર્યામ ધર્મને મહાવીરના પંચ મહાવ્રત ધર્મ સાથે તેની સમાનતા દર્શાવી પોતાની સમન્વયબુદ્ધિનો પરિચય આપ્યો હતો.

## આગમોમાં વર્ણિત પ્રસંગો

ખંદકના પરિવ્રાજક હોવા છતાં ગૌતમે એનું સ્વાગત કર્યું હતું. તોસલી તાપસની સાથે ચર્ચા કરવી, કર્મવિપાકના ફળને પ્રત્યક્ષ જોવા માટે મૃગાપુત્રની માતા પાસે જવું, આનંદ શ્રાવક સાથે ચર્ચા કરી એની પાસે ક્ષમાયાચના કરવી આદિ અનેક પ્રસંગો ગૌતમસ્વામીના વિષયમાં આગમોમાં સચવાયેલા છે. આ બધા પ્રસંગો મહાવીરસ્વામીની મહાનતાના પરિચાયક છે.

## પ્રતિબોધશક્તિ

આ બધી શક્તિ ઉપરાંત ગૌતમની પ્રતિબોધ આપવાની શક્તિ વિલક્ષણ હતી. પૃષ્ઠચંપાના ગાંગિલ નરેશને પ્રતિબોધ પમાડવા ભગવાન મહાવીરે એમને જ મોકલેલા. અષ્ટાપદ પર્વતથી ઊતરતાં એમણે પંદરસો તાપસોને સહજ રીતે શ્રમણધર્મમાં દીક્ષિત કરેલા. એ બતાવે છે કે ગૌતમમાં પ્રતિબોધ પમાડવાની શક્તિ પણ અદ્ભુત હતી. અનેક નામાંકિત લોકો અને ધાર્મિક વૃત્તિના વિભિન્ન વર્ગના તપસ્વીઓને પણ એમણે પ્રભાવિત કર્યા હતા.

## ભગવાન મહાવીરનું નિર્વાણ

ભગવાન મહાવીર ગૌતમસ્વામી તથા અન્ય વિશાળ શિષ્યસમૂહ સાથે રાજગૃહથી વિહાર કરી અપાપાપુરી પહોંચ્યા. ત્યાં દેવતાઓએ સુંદર સમવસરણની રચના કરી હતી. તેઓએ પોતાના આયુષ્યનો અંત નજીક સમજી અંતિમ ધર્મોપદેશ આપ્યો. આ વખતે તેમના મનમાં વિચાર આવ્યો કે ગૌતમ મારા ઉપર અત્યંત સ્નેહ રાખે છે, આથી તે કેવળજ્ઞાનથી વંચિત રહેલ છે. આથી કોઈ એવો ઉપાય કરવાની જરૂર છે કે જેથી તે સ્નેહભાવ નાશ પામે. મારા નિર્વાણનાં દૃશ્ય પ્રત્યક્ષ જોઇને એના આત્માને જરૂર આઘાત પહોંચશે—માટે એવું જ કરું. આમ વિચારી તેમણે ગૌતમને બોલાવી કહ્યું કે "ગૌતમ ! બાજુના ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ રહે છે તે તમારા ઉપદેશથી પ્રતિબોધ પામશે. માટે ત્યાં જઇ તેને પ્રતિબોધ પમાડો. આથી ગૌતમ મહાવીરસ્વામીની આજ્ઞા શિરોધાર્ય કરી દેવશર્મા પાસે ગયા અને તેને ઉપદેશ આપી પ્રતિબોધ પમાડ્યો; જ્યારે ગૌતમના ગયા પછી મહાવીરે કારતક માસના અમાવાસ્યાની મધ્યરાત્રે નિર્વાણ પ્રાપ્ત કર્યું. ગૌતમસ્વામી દેવશર્માને પ્રતિબોધી પાછા ફરી રહ્યા હતા ત્યારે દેવતાઓના વાર્તાલાપ ઉપરથી તેમને ખબર પડી ગઇ કે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા છે. એ સાંભળતાં જ તેઓ મૂર્છિત બની ગયા. મૂર્છા દૂર થતાં તેઓ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે હે પ્રભુ ! નિર્વાણ પામવાના દિવસે જ આપે મને શા માટે દૂર મોકલી આપ્યો ? હે પ્રભુ ! આટલો સમય હું આપની સેવા કરતો રહ્યો પરંતુ અંતિમ સમયે આપનું દર્શન કરવાનો લાભ મને આપ્યો નહિ. એ વખતે જે લોકો આપની સેવામાં હાજર રહ્યા તેમને ધન્ય છે. હું આપના જેવા નિરાગી અને નિર્મમમાં રાગ અને મમતા રાખી રહ્યો. આ રાગદ્વેષ જ સંસારના હેતુ છે એનો ત્યાગ કરાવવા માટે આપે મારો જાણી જોઇને ત્યાગ કર્યો છે.

## કેવળજ્ઞાનપ્રાપ્તિ

આવો શુભ વિચાર આવતાં જ ગૌતમસ્વામીને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થઇ. આથી તત્કાલ તેમનાં ઘાતીકર્મોનો ક્ષય થયો ને તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ.

ભગવાન મહાવીરના સંઘનો સમગ્ર શાસનભાર ગૌતમસ્વામીના હાથમાં હતો; પરંતુ કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ એમણે સંઘશાસનનો ભાર પાંચમા ગણધર સુધર્માસ્વામીને સોંપી દીધો. ગૌતમસ્વામી ત્યાર બાદ કેવળી અવસ્થામાં બાર વર્ષ પર્યંત રહ્યા અને ભગવાન મહાવીર દ્વારા ઉપદિષ્ટ અને પોતાના દ્વારા સાક્ષાત્ અનુભૂત સત્યધર્મનો પ્રચાર કરતા રહ્યા.

## મોક્ષ

અંતે વીર સંવત ૧૨માં ગૌતમસ્વામી રાજગૃહ આવ્યા. ત્યાં એક માસ અનશન કરીને એમણે અક્ષય સુખ આપનાર મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

આમ ગૌતમસ્વામીએ પચાસ વર્ષની પાકટ વયે દીક્ષા ગ્રહણ કરી, ૩૦ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા અને ૧૨ વર્ષ કેવલી અવસ્થા ભોગવી ૯૨ વર્ષની વયે મોક્ષ પ્રાપ્ત કર્યો.

## ગણધરો

મહાવીરસ્વામીના ૧૧ ગણધરો હતા (૧) ઇન્દ્રભૂતિ (ગૌતમ), (૨) અગ્નિભૂતિ, (૩) વાયુભૂતિ, (૪) આર્ય વ્યક્ત, (૫) આર્ય સુધર્મા,(૬) આર્ય મણ્ડિક, (૭) મૌર્યપુત્ર, (૮) અકમ્પિત, (૯) અચલભ્રાતા, (૧૦) મેતાર્ય અને (૧૧) પ્રભાસ. આમાં ગૌતમ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ ત્રણે સગા ભાઈઓ હતા. તેઓ ગોબર ગામમાં જન્મ્યા હતા. તેમનું ગોત્ર ગૌતમ હતું. તેમાં અગ્નિભૂતિ અને વાયુભૂતિ ૨૮ વર્ષ શ્રમણપર્યાય ભોગવી વીર નિર્વાણના ૨૮મા વર્ષે રાજગૃહમાં નિર્વાણ પામ્યા હતા.

## ગણધર સિદ્ધાંત

ઉપર જણાવેલ ૧૧ ગણધરોના સિદ્ધાંતો પણ ભિન્ન ભિન્ન હતા જે ટૂંકમાં નીચે પ્રમાણે ગણાવી શકાય :

(૧) ઇન્દ્રભૂતિ ગૌતમ – જીવ છે કે નહિ ?

(૨) અગ્નિભૂતિ–જ્ઞાનાવરણ આદિ કર્મ છે કે નહિ ?

(૩) વાયુભૂતિ–શરીર અને જીવ એક છે કે જુદા જુદા ?

(૪) વ્યક્તસ્વામી–પૃથ્વી આદિ ભૂતમાં ગણાય કે નહીં ?

(૫) સુધર્માસ્વામી–આ લોકમાં જે જેવો છે તે તેવો જ પરલોકમાં રહે છે ખરો ?

(૬) મણ્ડિક–બંધન અને મોક્ષ છે કે કેમ ?

(૭) મૌર્યપુત્ર–દેવતા છે કે નહિ ?

(૮) અકંપિત–નારકી છે કે નહિ ?

(૯) અચલભ્રાતા–પુણ્ય વધતાં સુખ અને પુણ્ય ઘટતાં દુઃખનું કારણ બને છે કે દુઃખનું કારણ પાપ-પુણ્યથી ભિન્ન છે ?

(૧૦) મેતાર્ય–આત્માની સત્તા હોવા છતાં પરલોક છે કે નહિ ?

(૧૧) પ્રભાસ–મોક્ષ છે કે નહિ ?

આમ ગૌતમસ્વામી અને તેમના સાથી વગેરેના ગણધર અંગેના સિદ્ધાંતો ટૂંકમાં ગણાવી શકાય.

## પાદટીપ

૧. કાકાસાહેબ કાલેલકર, "રખડવાનો આનંદ", પૃ. ૧૭૮
૨. પ્રિયબાળા શાહ; "જૈનમૂર્તિવિધાન"; (અમદાવાદ–૧૯૮૦ : પૃ. ૭૦)
૩. श्री हस्तिमुनि; "आगम के अनमोल रत्न"(अहमदाबाद–१९९५, पृ. ३५६)
४. वही, पृ ३५७
५. वही, पृ. ३६२

* * *

# ગૌતમીય કાવ્ય

*પૂ. આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરિ મ.*

ખરતર ગચ્છીય પૂ. શ્રી દયાસિંહ ગણિ મહારાજાના વિદ્વાન શિષ્ય પૂ. શ્રી રૂપચંદ્ર ગણિ મહારાજાએ વિ. સં. ૧૮૦૭ માગશર સુદ ૩ જોધપુર નગરમાં આ ગ્રંથરત્નની રચના કરી છે.

આ ગ્રંથરત્નના સુગમ બોધ અર્થે પૂ. વાચનાચાર્ય શ્રી અમૃતધર્મ ગણિ મહારાજાના શિષ્યરત્ન પૂ. શ્રી ક્ષમાકલ્યાણ ગણિ મહારાજાએ વિ. સં. ૧૮૨૭માં 'શ્રી ગૌતમીય પ્રકાશ' નામે સરળ ટીકાની રચના કરી છે.

આ કાવ્યગ્રંથમાં પ્રથમ સર્ગમાં પરમ કૃપાળુ પરમાત્મા શ્રી મહાવીરસ્વામી પ્રભુ શ્રી ગૌતમ-સ્વામીજીને પ્રતિબોધ કરવા જ્યાં પધાર્યા તે મહસેન વનનું હૃદયંગમ શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે.

દ્વિતીય સર્ગમાં ચાર નિકાયના દેવો (ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક)એ સમવસરણની રચના કરી તેનું વર્ણન કર્યું છે.

તૃતીય સર્ગમાં સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માના આગમનનું વર્ણન કરવામાં આવ્યું છે.

ચતુર્થ સર્ગમાં શ્રી ઇન્દ્રભૂતિ વગેરે અગિયારે મહાપંડિતો જે યજ્ઞક્રિયા કરી રહ્યા છે, તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

પંચમ સર્ગમાં પંડિત શ્રી ઇન્દ્રભૂતિના વિષાદ, ઉત્સાહ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.

ષષ્ઠમ સર્ગમાં પંડિત શ્રી ઇન્દ્રભૂતિના અતિ ઉગ્ર આવેશ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.

સપ્તમ સર્ગમાં પંડિત શ્રી ઇન્દ્રભૂતિના મનોગત સંશયનું સમાધાન અને પ્રવ્રજ્યાગ્રહણનું વર્ણન કરવામાં આવ્યું છે.

અષ્ટમ સર્ગમાં શ્રી અગ્નિભૂતિ તથા શ્રી વાયુભૂતિ બંધુદ્વય દીક્ષાગ્રહણનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

નવમ સર્ગમાં શ્રી વ્યક્ત, શ્રી સુધર્મા, શ્રી મંડિત અને શ્રી મૌર્યપુત્ર—ચાર પંડિતોએ પ્રભુની પાસે સંયમ ગ્રહણ કર્યું, તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

દશમ સર્ગમાં શ્રી અકંપિત તથા શ્રી અચલભ્રાતા પ્રવ્રજિત થયા તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

એકાદશ સર્ગમાં શ્રી મેતાર્ય અને શ્રી પ્રભાસ બન્ને પંડિતોએ પ્રભુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું, તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રી મહાવીરસ્વામી પરમાત્માએ આગમ આદિ પ્રમાણો, હેતુ, દૃષ્ટાંત વગેરેથી અગિયાર પંડિતોના મનોગત સંશયોનું સમાધાન કરીને પ્રતિબોધિત કર્યા તેનું વર્ણન—એક વાર તો અવશ્ય મનન કરવું જોઈએ, એ જ અંતિમ નિર્દેશ કરીને વિરમું છું.

* * *

# ગણપતિ : શ્રી ગૌતમસ્વામીજીના ગુણોનું આકાર સ્વરૂપ

*—પ. પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મહારાજ*

નૂતન વર્ષના પ્રારંભ દિને 'ગૌતમસ્વામીનો રાસ' માંગલિકરૂપે શ્રવણ-સ્મરણ કરવાની આપણામાં પરંપરા છે. વેપારીઓ દિવાળીના દિને ચોપડાપૂજનમાં સર્વ પ્રથમ 'શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' લખે છે. 'શ્રી ગણેશાય નમઃ'એ ઉક્તિ પણ લોકોત્તર જગતમાં મંગલ કાર્યનો પ્રારંભ શ્રી ગણેશ-ગણપતિના નામસ્મરણની પરંપરાને જ સૂચવે છે. શ્રી ગૌતમસ્વામી પ્રત્યેનો જે આદરભાવ-પૂજ્યભાવ જૈનોમાં જોવા મળે છે કંઈક એવો જ આદરભાવ ગણપતિ પ્રત્યે લોકોત્તર જગતમાં જોવા મળે છે. એ જ રીતે તેઓના નામમાં અને તેના અર્થ-ભાવમાં ઘણું સામ્ય જોવા મળે છે. આવી સમાનતાઓનું વિશિષ્ટ દર્શન પ્રસ્તુત લેખમાં પૂ. આચાર્યશ્રી અશોકસાગરસૂરિજી મહારાજ દ્વારા રસમય રીતે રજૂ કરવામાં આવ્યું છે. આ વિષયે વિશેષ અભ્યાસ અને અવલોકન થાય એવી અપેક્ષા વિદ્વદ્‌વર્ગ પાસે સેવું છું. આધ્યાત્મયોગી પૂ. પં. શ્રી અભયસાગરજી મહારાજશ્રીની કલ્પના મુજબ પાલીતાણામાં તળેટી પાસે જંબૂદ્વીપની વિશાળ રચનામાં પૂજ્યશ્રીનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. આગમવિશારદ પૂ. પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ.ના પટ્ટધર જંબૂદ્વીપ સંકુલના વર્તમાન માર્ગદર્શક પૂ. પંન્યાસપ્રવર શ્રી અશોકસાગરજી મ. અત્યારે તો સૂરીપદે આરૂઢ થઈ, આચાર્યદેવશ્રી અશોકસાગરસૂરીશ્વરજી નામધેય બની ગયા છે...તદ્દન નિખાલસ સાથે પ્રૌઢપ્રભાવી હીંમતબાજ તેઓનું વ્યક્તિત્વ છે....સાગર સમુદાયમાં ૪૦ જેટલા શિષ્ય-પ્રશિષ્યોનું નેતૃત્વ તેઓના શીરે છે અને સમુદાયમાં ચમકતા સિતારા જેવું તેઓનું અસ્તિત્વ છે....શાસનના આઘાત-પ્રત્યાઘાતોમાં તેઓ હરહંમેશ દાદા ગુરુદેવશ્રી ધર્મસાગરજી મ.ની જેમ સદાય અગ્રેસર હોય છે. સાથે જ ભૌતિકવાદના વાવંટોળમાંથી બચાવવા પોતાના ગુરુદેવશ્રીનું સંશોધન કાર્ય આગળ ધપાવી પૃથ્વી ગોળ નથી-ફરતી નથી-એપોલો ચંદ્ર યાત્રા સ્ટંટ છે આદિ વાતોને ખૂબ રચનાત્મક રીતે તેઓશ્રીએ જનમાનસમાં મૂકી છે...પૂજ્યશ્રીનો પરિચય પ્રસ્તુત લેખમાં આપણને જોવા મળશે. ગુરુ ગૌતમસ્વામીજીને ગણપતી શબ્દ દ્વારા કેવી રીતે ક્યાં સંબોધાયું છે? તે હવે લેખ જ બતાવશે. શાસનને મળેલ આ આચાર્યપ્રવર એ શાસનનું ગૌરવ છે. આ પ્રસંગે અમારી તેઓને ખૂબ ખૂબ શુભેચ્છા....તેઓશ્રી દ્વારા અનેકાનેક શાસનના કાર્યો થતાં રહે અને તેઓનું સંશોધન કાર્ય આગળ વધતું રહે તે જ શુભાશા....

*—સંપાદક*

પરમાત્મા મહાવીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીનું વ્યક્તિત્વ અલૌકિક અને સર્વાંગ સુંદર ગણાય છે.

વિનય, વિવેક અને વૈયાવચ્ચની મૂર્તિ તે શ્રી ગૌતમસ્વામીજી છે. પચાસ હજાર કેવળીના ગુરુ શ્રી ગૌતમસ્વામીજી નમ્રતાના ભંડાર હતા. અનંત લબ્ધિના નિધાન, લબ્ધિઓના સાક્ષાત્ સાગર સમા ગુરુ ગૌતમસ્વામી હતા.

**અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;**
**શ્રી ગુરુ ગૌતમ સમરિયે, મનવાંછિત ફળ દાતાર.**

'ગોયમ' શબ્દ પ્યારો છે. પરમાત્મા મહાવીર દેવના સ્વમુખે 'ગોયમ' શબ્દ શ્રી ભગવતીજી સૂત્રના પ્રશ્ન પ્રસંગે ૩૬ હજાર વાર વપરાયેલો પ્રખ્યાત છે.

આવા ગૌતમસ્વામીજી મહામાંગલિક, સિદ્ધિદાયક, વિઘ્ન વિદારક, ઈષ્ટ ફળ દાતાર, સર્વ મંગલ કર્તા—આવાં અનેક મંગલના હેતુ સ્વરૂપે અનેક સ્થળે પૂજાય છે.

"પ્રહ ઊઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતક્ષણ સીઝે; નવનિધિ વિલસે તાસ ઘરે." જે શ્રી ગૌતમસ્વામીના રાસમાં બેસતા વર્ષે સૌ સાથે મળી પ્રાતઃકાળે ગાય છે.

આવા આદેય નામરૂપ શ્રી ગૌતમસ્વામીજીનાં અનેક નામો છે તે દરેક નામમાં મુખ્યતયા 'ગણ' શબ્દ મહત્ત્વનો છે.

ગણ = સમુદાય, તેને ધર = ધારણ કરે તે ગણધર. તે શ્રી ગૌતમસ્વામીજીને અનેક નામોથી લોકો સંબોધે છે, ઓળખે છે.

જૈન શાસનમાં સર્વકામદાયક, સકળ મનોવાંછિત પૂરક, અનંત લબ્ધિનિધાન, મહામંગલકારી શ્રી ગૌતમસ્વામીજી પ્રખ્યાત છે.

તેને અજૈનો—તેઓના ગુણોને સાકાર સ્વરૂપ આપી—માની રહ્યા છે, પૂજી રહ્યા છે. ગણેશ ચોથ માની રહ્યા છે. તેઓના તત્ત્વનિધિ ગ્રંથમાં ગણધરનાં બત્રીશ નામ આપ્યાં છે : ગણપતિ, ગણેશ, ગણનાથ, ગણેશ્વર, ગણધર, વિઘ્ન વિદારક વગેરે વગેરે.....

તેઓએ શ્રી ગૌતમસ્વામીજીના ગુણોને આકારસ્વરૂપ કેવી રીતે આપ્યું તેનો વિચાર કરતાં—

ગણપતિને 'ગજાનન' (હાથી)નું મોઢું કલ્પ્યું. હાથી માંગલિક ગણાય છે. સંઘમાં—રથયાત્રામાં હાથી સૌથી પ્રથમ હોય છે. પ્રથમ સ્વપ્નમાં પણ હાથી ગણાય છે

હાથીને સૂંઢ (નાક) મોટી હોય છે. દરેક પદાર્થના મૂળમાં ચોક્કસાઈમાં જવાનું આ પ્રતીક છે.

હાથીનું પેટ મોટું હોય છે. મોટું પેટ ગંભીરતાનું સૂચક છે.

હાથીની આંખો નાની હોય છે, તે સૂક્ષ્મ દૃષ્ટિ સૂક્ષ્મ—અવલોકનનું પ્રતીક છે. હાથીના બે કાન સતત સક્રિય હોય છે. "સમયં ગોયમ મા પમાયએ" આ પરમાત્મા મહાવીરદેવના વાક્યનું સૂચક છે, અપ્રમત્તપણાનું પ્રતીક છે.

આવા અનેક શ્રી ગૌતમસ્વામીજીના ગુણોની મૂર્તિની રચનાનો સમૂહ એટલે ગણપતિની પ્રતિકૃતિ.

ગણપતિની પાસે થાળમાં બાર લાડવા હોય છે જે દ્વાદશાંગી – બાર અંગનાં પ્રતીક હોય તેમ સમજાય છે.

આ રીતે શ્રી ગૌતમસ્વામીજીના અનેક ગુણોના આકારનું ચિત્ર દોરવામાં આવે તો ગણપતિ બને.

શ્રી સિદ્ધગિરિરાજ સમક્ષ ચૈત્યવંદનમાં લગભગ આપણે સૌ પૂ. મુનિશ્રી પદ્મવિજયજી મ.નાં "વિમલ કેવળજ્ઞાન કમલા કલિત ત્રિભુવન હિતકરં"માં બોલીયે છીએ કે "પુંડરિક ગણપતિ" સિદ્ધ સાધિ કોડિપણ મુનિ મુનિહરે શ્રી વિમલગિરિવર શૃંગ સિધ્યા નમો આદિજિનેશ્વરં" આ ચૈત્યવંદનમાં પણ શ્રી પુંડરિકસ્વામિ ગણધરને ગણપતિનું સંબોધન કર્યું છે.

આવા સર્વ મંગળને કરનારા, સર્વ કલ્યાણને કરનારા, સર્વ ઇષ્ટ સિદ્ધિને આપનારા, સર્વ સિદ્ધિને વરાવનારા ગણધર શ્રી ગૌતમસ્વામીજી શ્રી ગણપતિ, શ્રી ગણેશ, શ્રી ગણનાયક, શ્રી ગણેશ્વરને ચરણે ભાવભરી વંદના..... *(એક પંડિત સાથેના વાર્તાલાપમાંથી પ્રાપ્ત થયેલ વિચારણા)*

* * *



**ઉપરોક્ત લેખમાં લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજીને ગણપતિ શબ્દ દ્વારા પણ સંબોધાય છે અને તે ગણપતિ શબ્દ પર્યાય વાચી રૂપ છે. તેની જ પુષ્ટિ હમણાં ધોલેરા બંદરથી પ્રાપ્ત એક હસ્તપ્રતના પાનામાં તેઓશ્રીની સ્તુતિમાં મળી છે જે આ સાથે પ્રસ્તુત છે. સ્તુતિની ચાર ગાથા પૈકી પ્રથમ સ્તુતિમાં પ્રથમ ચરણમાં જ "ગુરુ ગણપતી ગાવું" શબ્દ પ્રયોજ્યા છે.**

# તવારીખની તેજછાયા

—પૂ. વિદુષી સા. પ્રિયંવદાશ્રીજી મ. સા.નાં શિષ્યા, કરોડો મંત્રના
જાપના આરાધક, સરલ સ્વભાવી, સાધ્વીરત્ના પૂ. પદ્મયશાશ્રીજી મ. સા.

અંગૂઠે અમૃત વસે લબ્ધિ તણા ભંડાર,
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળદાતાર.

અક્ષીણે મહાનસી લબ્ધિ, કેવલશ્રીઃ કરાંબુજે,
નામ લક્ષ્મીર્મુખે વાણી, તમહં ગૌતમસ્તુએ.

ગુરુ ગણપતિ ગાઉં, ગૌતમ ધ્યાન ધ્યાવું,
સવિ સુકૃત સપાઉં, વિશ્વમાં પૂજ્ય થાઉં;

જગજિત બજાઉં, કર્મને પાર જાઉં
નવ નિધિ રિદ્ધિ પાઉં, શુદ્ધ સમ્યક્ત્વ ઠાઉં.

પચીસો વર્ષ વીતી ગયાં! સુવર્ણ ઇતિહાસનાં સુવર્ણાં પૃષ્ઠો પર અંકિત થયેલ, અનેક આચાર્ય ભગવંતોએ આ મહાન લબ્ધિધર પુરુષની વિપુલ કૃતિમાં ગુણોનું તાદૃશ્ય ભાવવાહી ભરપૂર વર્ણન કર્યું છે, ગુરુનાં ગુણલાં ગાતા જ રહ્યા છે—થાક્યા નથી!

કેટ-કેટલી અદ્‌ભુત, અનુપમ કૃતિનું સર્જન કરી જ્વલંત આપણને પ્રદાન કર્યું છે! કોઈએ ગણધરવાદ, કોઈએ રાસ, કોઈએ દેવવંદન, કોઈએ છંદ, કોઈએ અષ્ટક, કોઈએ વિલાપ, કોઈએ સ્તુતિ, કોઈએ સજ્ઝાય તો કોઈએ પ્રતિકૃતિથી દર્શન કરાવ્યું! કમાલ કરી છે! આપણે એ મહાપુરુષની પહેચાન નથી પ્રકૃતિ, આકૃતિથી હા, આપણે કૃતિથી જ જાણીશું!

આચાર્ય ભગવંતોના મુખેથી શ્રવણ તેમ જ વાંચન દ્વારા મનોભૂમિમાં અહોભાવના બીજનું વપન થઈ ગયું! આ લબ્ધિધર, જ્ઞાનમૂર્તિની આરાધના, સાધના, તપ, જપ પ્રત્યે લગન લાગી એટલું જ નહિ કિંતુ અવનવા ભાવો સ્ફુરાયમાન થાય. પરમાત્મા મહાવીર પ્રભુ પ્રત્યેની કેવી અનન્ય શ્રદ્ધા, ભક્તિ, સમર્પણતા આવા અગણિત ગુણો પ્રતિ આપણું શિર ઝૂકી પડે છે! શિશુવયમાં પૂજ્ય ગુરુ ભગવંતોના સાંનિધ્યમાં—પછી સંયમજીવનમાં (દીક્ષાદાતા ગુરુ) પઠન-પાઠન, આરાધના-સાધના, છઠ્ઠ-તપ વગેરે થયેલ; શિશુવયે જ છંદ, સ્તોત્ર, અષ્ટક, રાસ, વિલાપ કંઠસ્થ કરેલ.

પ્રતિમાસે રાસ વાંચવાનો! આયંબિલ તપ સાથે—તેમ જ ચાતુર્માસમાં શ્રી ગૌતમસ્વામીના છઠ્ઠ-તપની, અઠ્ઠાવીસ લબ્ધિ તપ, અષ્ટમહાસિદ્ધિ તપ, ગૌતમ પડઘો તપ વગેરે-હોય! આરાધના સાધના કરાવતાં ભાવોલ્લાસ કોઈ અનેરો હોય! હૃદય આનંદવિભોર બની જાય!

સદેહે જોયા નથી છતાં નજર સામે આકૃતિ જુદા જુદા સ્વરૂપે દેખાય છે! એની અનુભૂતિ થાય છે!

માત્ર તેમનું પ્રતિકૃતિથી દર્શન, વંદન, નમન કરવાનું છે. કિંતુ એ મહાનિધાન આદરણીય માત્ર ગણધરપદને પ્રાપ્ત કરનારને અંતરના, અંતઃસ્તલના અદમ્ય ભાવો, ઊર્મિઓ હૃદય-સરોવરમાં વામ-વામ ઉછાળા મારે છે. એક-એક પ્રસંગ સ્મરણપટ પર આવે છે.

૧. શ્રી ઇન્દ્રભૂતિ ગણધરવાદમાં ભગવાનને પ્રશ્નો કરે, અગ્યારે વિપ્ર ભગવાનના શિષ્ય બને તેમાં પ્રકૃષ્ટ, પ્રબળ પુણ્યોદય. પ્રથમ શિષ્ય, પ્રથમ ગણધર. કેટલું આશ્ચર્ય થાય !

૨. ભગવતીજીમાં પણ પ્રશ્નોત્તર—હે ભંતે ! અને ગોયમા ! કેટલા સદ્‌ભાવો પરસ્પરના ! પ્રચંડ પુન્યની અનંતાનંત રાશિ ! દિવ્ય અનુભૂતિ મગજને તરબતર કરી દે છે.

૩. ગુરુકૃપા, શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ, પચાસ હજાર શિષ્યોને દીક્ષાનાં પ્રદાન કર્યાં એ વિનયમૂર્તિએ ! ગુરુ-આજ્ઞા અને ગુરુદેવને સાડા ત્રણ કરોડ રોમ-રોમમાં જેમને બિરાજમાન કર્યા હતા !

૪. દિલની વિશાળતા, કૃતજ્ઞતા, ગંભીરતાદિ ગુણોએ ઇતિહાસ જ્વલંત રાખ્યો છે. સદ્‌ગુણોની ગંગોત્રી વહે છે. પરમાત્માની આજ્ઞા શિરમાન્ય કરી, અષ્ટાપદ તીર્થની મંગલ યાત્રાર્થે પ્રસ્થાન કર્યું. સ્વલબ્ધિબળે, સૂર્ય કિરણોના સ્પર્શમાત્રથી આરોહણ કર્યું ! ચોવીસે પરમાત્માની સ્તુતિ-સ્તવના કરી. જગચિંતામણિ ચૈત્યવંદન રચ્યું. આપણને પણ આપ્યું. એ ગુરુ ગૌતમે પેલા જટાધારી તાપસોને વિમાસણમાં મૂકી દીધા. તેઓ ભૂખ્યા હતા.એક નાનું ભાજન (પાત્ર) તેમાં પરમાહન્ન (ખીર) વડે પારણાં કરાવ્યાં. સો-બસો નહિ પણ પંદરસો હતા. એક અંગુષ્ઠ વડે —'અંગૂઠે અમૃત વસે લબ્ધિ તણા ભંડાર' —આ પંક્તિએ અત્યારે પણ પ્રભાવ પાથર્યો છે. તાપસોને હેરત દીધું ! મનોમન દૃઢ સંકલ્પ કરી લીધો ! આવા શાંત, પ્રશાંત, મહાજ્ઞાની ગુરુનાં ચરણોમાં જીવન સમર્પિત કરી દીધું.

૫. શ્રી ગૌતમ વિલાપના રચયિતા માણક્યસિંહસૂરિજી મહારાજે સુમધુર સ્વરે ગદ્‌ગદ કંઠે ભાવ પૂર્વક, અસ્ખલિત પ્રવાહે ગાયું છે જે વાંચતાં આપણું હૃદય રડી પડે છે. સ્તબ્ધ થઇ જવાય છે. ગૌતમસ્વામીની અનન્ય શ્રદ્ધા, ભક્તિ-પ્રીતિ, સમર્પણભાવ, બાળપણના ઓલંભા । ઓળઘોળ એ આ રચનાર ઉપર બની જવાય છે ! દેવવંદન રચયિતા જ્ઞાનવિમલસૂરિ અને નયનવિજયજીએ કોઇ જુદી અગોચર રચના કરી બધું જ પીરસ્યું છે. અલૌકિક—અદ્‌ભુત છે ! અમૃતરસ !

૬. પ્રભુને ઓલિંભા આપતાં કેવળજ્ઞાન પ્રગટ થયું એ પણઅનેરું આશ્ચર્ય છે ને મહાવીર પ્રભુનું નિર્વાણ—એક જ્યોત બુઝાઇ, ગૌતમસ્વામીની કેવળજ્ઞાનજ્યોત પ્રગટ થઇ !

પ્રબળ પુણ્યવંતા ગુરુ—ગુણની ગૌરવગાથા ઇતિહાસના મંગલ પૃષ્ઠે લખાણી !

૭. મહાજ્ઞાની, મેધાના તીવ્ર શક્તિશાળી, અનંત ઉપકારી, પ્રજ્ઞામૂર્તિએ શાસનને—મહામોલ જૈન શાસનને અનુપમ પ્રદાન કર્યું છે. જૈન શાસન એવા આગમગ્રંથોની આધારશિલા છે એવી ત્રિપદીનું ગુંથન કર્યું !

૮. બેસતા વર્ષે ધવલ પ્રભાતે માંગલિક સહ શ્રી ગૌતમસ્વામીનો રાસ અચૂક સાંભળવા ઉપાશ્રયના પ્રવચન હૉલમાં ચિક્કાર મેદની ભરાઇ. ગુરુ ભગવંતો મધુર કંઠે સુણાવે, શ્રોતાના મસ્તક ડોલતાં હોય; ધન્ય માતા, ધન્ય પિતા, અને ધન્ય ગુરુ ! આ શબ્દો કર્ણપટ પર પડતાં જ ઓવારી જવાય છે. હૃદયથી નમી પડાય છે. આવા તો શ્રેણીબદ્ધ પ્રસંગો મનોભૂમિમાં વપન થઇ ગયા છે.

ચાર ચાર દાયકાથી આ મહાલબ્ધિધરની આરાધના, સાધના, જાપ ચાલે છે. આ કાર્યમાં મંગલ કરનારા ગુરુનું બળ, ગુરુકૃપા, ગુરુ-આજ્ઞા જ પ્રેરક છે. અગિયાર ગણધર દેવવંદન પણ કરાવ્યા છે તે પણ ગુરુકૃપાથી—જેના નામસ્મરણથી જીવનયાત્રામાં મંગલ થાય છે. 'પ્રહ ઉઠી લીજે નામ' પૌ ફાટતાં જ ગૌતમ ગુરુને નમીએ.

**જેના ઇતિહાસમાં ડોકિયું કરતાં સાક્ષાત્ દર્શન થયાં**

**અનેકશઃ વાર હૃદયની પ્રાર્થના કરીએ!**

**અનંત લબ્ધિનિધાન ગૌતમ ગણધરને!**

## ગૌ—કામધેનુ—તરુ મહારત્ન જાણ
## અર્થ અક્ષર ત્રણે તણો, ચતુર કરજો જાણ

* * *



*બીજા ભવમાં મંગલશ્રેષ્ઠી મત્સ્યનો અવતાર પામ્યા, મિત્ર સુધર્માને બચાવે છે.*

# ધ્યાની ગૌતમસ્વામીની કૈવલ્યપ્રાપ્તિ તેમ જ પ્રતિમા કલાવિધાન

*—હિતેશ એસ. શાહ*

## પ્રાથમિક પરિચય :—

મગધ દેશના ગોબર ગામમાં ગૌતમ ગોત્રીય બ્રાહ્મણ વસુભૂતિની પત્ની પૃથ્વીદેવીએ વિ.સં. પૂર્વે ૫૫૧માં એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. તેનું જન્મનક્ષત્ર જ્યેષ્ઠા અને જન્મરાશિ વૃશ્ચિક હતાં. આ બાળકનું નામ માતા-પિતાએ ઇન્દ્રભૂતિ રાખ્યું. ઇન્દ્રભૂતિ ચૌદ વિદ્યાના પારગામી અને બ્રાહ્મણ ધર્મશાસ્ત્રોના સંપૂર્ણ જાણકાર થયા એટલે તે મગધમાં મહાપંડિત તરીકે વિખ્યાત થયા. તેઓ ૫૦૦ બ્રાહ્મણ વિદ્યાર્થીઓને ભણાવતા હતા અને યજ્ઞ હોમ વગેરે તત્કાલીન બ્રાહ્મણ વિધિ-વિધાન કરાવતા હતા. તેઓ એક વાર પોતાના વિદ્યાર્થી પરિવાર સાથે મધ્યમ અપાપા નગરીમાં સોમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞ કરાવવા માટે આવ્યા. આ સમયે તેમની ઉંમર ૫૦ વર્ષની હતી.

બરાબર એ જ અવસરે ભગવાન મહાવીરસ્વામી કેવલી તીર્થંકર થયા અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરવા માટે મધ્યમ અપાપામાં પધાર્યા. તેઓએ પ્રથમ જ વૈશાખ સુદ ૧૧ના પેહેલા પહોરે પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમના "જીવ છે કે નહિ ?" એ સંશયનું નિવારણ કરી તેમને ૫૦૦ શિષ્યોના પરિવાર સાથે પોતાના શિષ્ય બનાવ્યા. उपन्नेइवा, विगमेइवा, धुवेइ वा —એ ત્રિપદી આપી પોતાના 'ગણધર' તરીકે સ્થાપ્યા. તેમને તે જ સમયે મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું, જે ગણધર "ગૌતમસ્વામી" એ નામથી વધારે પ્રસિદ્ધ છે.[૧]

## મહાવીરસ્વામીના શિષ્ય તરીકેની પ્રતિભા :—

શ્રી મહાવીરકથામાં ગૌતમની પ્રભાવશાળી વિદ્વત્તાનો પરિચય જોવા મળે છે.

મિથિલામાં ચાતુર્માસ પૂરા કર્યા બાદ, ભગવાન મહાવીર પશ્ચિમ તરફના દેશોમાં વિચરવા લાગ્યા. આ વિહાર દરમ્યાન તે શ્રાવસ્તી અહિચ્છત્રા, હસ્તિનાપુર, મોકા વગેરે નગરો તથા નગરીઓમાં પધાર્યા હતા. શ્રાવસ્તી નગરીના વિહાર વખતે તેમના શિષ્ય ગૌતમને પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ સાથે વાર્તાલાપ થયો. પાર્શ્વનાથ અને મહાવીર એ બંને જૈન તીર્થંકરો ગણાયા હોવા છતાં, તે બંનેના સિદ્ધાંતમાં કેટલોક ફેર શાથી છે ? તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો. ઉપરાંત આ બંને તીર્થંકરોના શિષ્યસમુદાયમાં એવો વિતર્ક ઊભો થયો કે "વર્ધમાને ઉપદેશેલો પંચ મહાવ્રતવાળો આ ધર્મ કેવો, અને તેઓની પૂર્વેના તીર્થંકર પરમાત્મા પાર્શ્વનાથ ભગવાને ઉપદેશેલો ચાર મહાવ્રતવાળો આ ધર્મ કેવો ? વળી અચેલક વસ્ત્રરહિત રહેવાનો મહાવીરનો આચારવિધિ અને આંતર તથા ઉત્તરીય વસ્ત્રો પહેરવાની છૂટવાળો પાર્શ્વનાથ ભગવાનનો આચારવિધિ એમ એક જ, કાર્ય માટે પ્રવર્તેલા એ બેમાં આવો તફાવત પડવાનું કારણ શું ?

જે માટે ગૌતમે જવાબ આપ્યો કે પ્રજ્ઞા વડે જ ધર્મતત્ત્વનો નિશ્ચય કરી શકાય છે. શરૂઆતના મુનિઓ 'ઋજુ-જડ' એટલે કે સરળ પણ જડ હતા, તેથી તેમને ધર્મ સમજવો મુશ્કેલ હતો અને પાળવો સહેલો હતો, અને છેવટના મુનિઓ વક્રજડ હતા તેથી તેમને ધર્મ સમજવો સહેલો હતો, પરંતુ પાળવો મુશ્કેલ હતો. તેથી તે બંનેને મહાવ્રતો સ્પષ્ટ દર્શાવવાં પડ્યાં. પરંતુ એકથી ત્રેવીસમા તીર્થંકરના સમયમાં મુનિઓ સરળ તેમ જ બુદ્ધિમાન હતા, તેથી તેમને બ્રહ્મચર્યવ્રત સ્પષ્ટ જુદું ન પાડતાં ચાર વ્રતો કહ્યાં.

કેશીએ એ જવાબથી સંતુષ્ટ થઈ વસ્ત્ર પહેરવા–ન પહેરવા બાબતમાં તે બેના વિધાનમાં તફાવત પડવાનું કારણ પૂછ્યું.

ગૌતમે કહ્યું, 'પોતાના વિશિષ્ટ જ્ઞાન વડે જુદા જુદા સાધુઓનો અધિકાર સમજીને બંને તીર્થંકરોએ ધર્મનાં જુદાં જુદાં સાધન ફરમાવ્યાં છે. પરમાર્થિક રીતે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ જ મોક્ષનાં સાચાં સાધનો છે. અને તે બાબતમાં તો બંને તીર્થંકરો એકમત છે. બાહ્ય વેશ વગેરેનું પ્રયોજન તો એટલું જ છે કે તેના વડે લોકોને ખબર પડે કે આ સાધુ કયા પંથનો છે, તથા સાધુને પોતાને સંયમનિર્વાહમાં તે ઉપયોગી થાય, તેમ જ પોતે અમુક ધર્મનો છે એવું તેને ભાન રહે.

એ સાંભળી કેશીએ કહ્યું, 'હે ગૌતમસ્વામી ! તમારી પ્રજ્ઞા સુંદર છે. તમારા ઉચિત ઉપદેશથી મારા બંને સંશયો દૂર થઈ ગયા છે, એમ જાણો.'

ત્યાર બાદ કેશીએ ગૌતમને આધ્યાત્મિક સાધનાને અંગે બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછ્યા, અને તેમણે આપેલા જવાબોથી પ્રસન્ન થઈ, છેલ્લા તીર્થંકર મહાવીરના માર્ગ અનુસાર પાંચ મહાવ્રતવાળો ધર્મ શ્રદ્ધાપૂર્વક અંગીકાર કર્યો.[2]

મહાવીરકથામાં ગૌતમે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યાના પ્રસંગનું પણ સુંદર રીતે નિરૂપણ કરવામાં આવેલ છે. આ નિરૂપણ મુજબ ગૌતમની મહાવીર ભગવાન ઉપર અતિશય મમતા હતી, અને તે મમતા જ તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થવામાં આડે આવતી હતી. ભગવાને તેમની તે મમતાનો છેદ કરવા તેમને નજીકના ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણને ઉપદેશ આપવા મોકલી દીધા હતા. દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડીને પાછા ફરતાં ગૌતમને પ્રભુના નિર્વાણની ખબર માર્ગમાં જ મળે છે. છેક છેવટની ક્ષણે જ તેમને ભગવાનથી દૂર રહેવાનું થતાં તેમના દુઃખનો પાર રહ્યો નહીં. અહીં ગૌતમની કરુણ મનોવ્યથા જ ગૌતમને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રેરણારૂપ બને છે.

ખરે જ ! મહાવીર ઉપર–તેમના શરીર ઉપર અત્યંત મમતા બાંધીને તથા તેમના ઉપર જ બધો આધાર રાખીને હું પૂરેપૂરું આત્મબળ દાખવતો ન હતો. એ વસ્તુ મારા ધ્યાન ઉપર લાવવા જ પ્રભુએ આમ નહીં કર્યું હોય ? તો હવે હું વસ્તુ માત્રથી નિરપેક્ષ બની તથા શરીરની પણ પરવા કર્યા વિના કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા જ કટિબદ્ધ થાઉં. પ્રભુ વિના જીવવામાં બીજો રસ પણ હવે શો છે ? આમ આટલી વાત સમજાતાં જ ગૌતમસ્વામીને પણ કેવળજ્ઞાન થઈ ગયું.[3]

## પ્રતિમા પરિચય :–

ધાર્મિક પરંપરા મુજબ ગૌતમસ્વામીનાં કેટલાંક સ્વતંત્ર મંદિરો તેમ જ કેટલાંક અન્ય

તીર્થંકરોનાં દેરાસરોમાં પણ ગૌતમસ્વામીની સેવ્ય પ્રતિમાઓ જોવા મળે છે તો કેલાંક જિનાલયોમાં ગૌતમસ્વામીની પાદુકાઓ પણ સ્થાપિત કરેલી હોય છે--જેમ કે પાવાપુરીના ભવ્ય જિનાલયમાં ગૌતમસ્વામીની પાદુકા સ્થાપિત કરેલી છે. તે જ રીતે રાજગૃહી પાસે આવેલ પાંચમી પહાડી ઉપર ગૌતમસ્વામીનું મંદિર આવેલ છે. જેમાં તેઓની પાદુકા જ જોવા મળે છે. જ્યારે બારમા શતકના સેવાડી (રાજસ્થાન)ના વાસુપૂજ્ય ભગવાનના જિનાલયની સમીપમાં આવેલ દેરીમાં ગૌતમસ્વામીની મૂર્તિની સ્થાપના કરવામાં આવેલી છે. અમદાવાદમાં આવેલ અર્વાચીન મંદિરોમાં પણ ગૌતમસ્વામીની સ્વતંત્ર પ્રતિમાઓ જ જોવા મળે છે. પાલડી વિસ્તારમાં આવેલ ભગવાન વાસુપૂજ્યના દેરાસરમાં અંતરાલમાં એકબીજાને સન્મુખ ખત્તકમાં મહાવીરસ્વામી તેમ જ ગૌતમસ્વામીની પ્રતિમા આવેલી છે, જે અનુસાર ગૌતમસ્વામી પદ્માસનસ્થ મુદ્રામાં બિરાજેલ છે. સૌમ્ય અને પ્રસન્ન મુખમુદ્રા, તપમાં ધ્યાનસ્થ એવા સ્વામીના મસ્તકના પાર્શ્વમાં પ્રભામંડળ છે. પ્રભામંડળમાંથી તેજોમય સૂર્યકિરણો ફેલાયેલાં દર્શાવેલ છે. જ્ઞાનના દ્યોતક સમા લંબ કર્ણ ખભાને સ્પર્શે છે. ઘાટીલી નાસિકા, ભરાવદાર ગોળ મુખાકૃતિ વગેરેને કારણે તેમનો ચહેરો વધુ આકર્ષક જણાય છે. ગૌતમસ્વામીએ ડાબા અંગ ઉપર ઉપવસ્ત્ર ધારણ કરેલ છે. વક્ષઃસ્થળ પાસે રાખેલ વામ હસ્તમાં અક્ષમાલા ગ્રહણ કરેલ છે જ્યારે જમણો હસ્ત પદ્માસનસ્થ મુદ્રામાં છે. ગૌતમસ્વામીનું સ્થાન ભગવાન મહાવીરસ્વામીના ગણધર તરીકેનું હોઇ કોઇ કોઇ સ્થળે તેઓના મસ્તક ઉપર પદ્માસનસ્થ મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજેલ છે.

આવી જ પ્રતિમા આ વિસ્તારનાં અન્ય જૈન મંદિરોમાં પણ જોવા મળે છે. આંબાવાડી વિસ્તારમાં આવેલ ભગવાન વાસુપૂજ્યના દેરાસરમાં પણ ગૌતમસ્વામીની પ્રતિમાની સ્થાપના કરેલ જોવા મળે છે.

આમ ગુજરાતમાં ગૌતમસ્વામીની જોવા મળતી અર્વાચીન સેવ્ય પ્રતિમાઓ ઉપર ગૌતમસ્વામીનો ધાર્મિક પ્રચાર પાછલા સમયમાં વધુ થયેલ હોય તેમ જણાય છે.

## ટીપણ


૧. **દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી, ન્યાયવિજયજી** જૈન પરંપરાનો ઇતિહાસ–ભીખાભાઇ ભૂધરભાઇ શાહ, મુંબઇ, ચંદુલાલ લખુભાઇ પરીખ અમદાવાદ. સને ૧૯૫૨ પૃ. ૨, ૩.

૨. **ગોપાલદાસ જીવાભાઇ પટેલ (સંપાદક)** શ્રી મહાવીર–કથા– શ્રી પૂજાભાઇ જૈન ગ્રંથમાળા–૨૧, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. સને. ૧૯૪૧. પૃ. ૩૮૯, ૩૯૧

૩. **એજન** પૃ---૪૧, ૪૧૯, ૪૨૦.

૪. **ટીપણ એક મુજબ**---પૃ ૫૯, ૬૨, ૫૯૩.




# લબ્ધિતણા ભંડાર ગુરુ ગૌતમસ્વામી

–પ્રા. જે. સી. દેસાઈ

પંડિત ઈન્દ્રભૂતિ ગૌતમ ચૌદ વિદ્યામાં પારંગત હતા, યજ્ઞયાગમાં શિરમોર હતા અને ગૃહસ્થાશ્રમી હોવા છતાં સાદુ અને સંયમી તેમનું જીવન હતું; અને સંયમી બન્યા પછી તો ગણધર ગૌતમસ્વામીમાં એક એકથી ચઢિયાતા ગુણો અને શક્તિઓનો ઉમેરો થતો જ રહ્યો. અનેક સદ્‌ગુણો અને લબ્ધિઓથી સમ્પન્ન એવું ગુરુ ગૌતમસ્વામીનું જીવન અને કવન કેવું અદ્‌ભુત અને આહ્‌લાદકારી હતું એની પ્રતીતિ પ્રસ્તુત લેખથી આપણને થાય છે. પ્રો. જે. સી. દેસાઈ સાબરકાઠાં જિલ્લામાં મોડાસાની કોલેજમાં વિદ્વાન પ્રાધ્યાપક છે. તેમનું જૈન ધર્મ અંગે ઊંડું અધ્યયન છે. આ વાત આ લેખથી જ ફલિત થાય છે. તેમના આવા ઊંડા અધ્યયનનો લાભ વધુ ને વધુ જૈનસમાજને મળતો રહે એવી શુભ મનોકામના સેવું છું. —સંપાદક

મહારાજા શ્રેણિકથી સુશાસિત મગધદેશ ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કારની તીર્થભૂમિ હતો. આ પ્રદેશના ગુબ્બર ગામમાં વિપ્ર વસુભૂતિને ત્યાં વિક્રમ સંવત પૂર્વે ૫૫૦માં ગુરુ ગૌતમસ્વામીનો જન્મ થયો. પિતા વસુભૂતિ યજ્ઞયાગમાં રચ્યાપચ્યા રહેનાર કર્મકાંડી બ્રાહ્મણ હતા. તેમનાં ધર્મપત્ની પૃથ્વીદેવીની કૂખે ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામનાં ત્રણ નરરત્નો પેદા થયાં. આ ત્રણમાં મોટા ઈન્દ્રભૂતિ જ ગૌતમસ્વામી. ગૌતમ એમના ગોત્રનું નામ હતું. સમયની દૃષ્ટિએ ગૌતમસ્વામી શ્રમણ ભગવાન મહાવીરથી આઠ વર્ષ અગાઉ જન્મ્યા હતા. દેખતાં જ સૌ જન હરખાય એવાં ઉત્તમ લક્ષણો ઈન્દ્રભૂતિ ધરાવતા હતા. તેમની વજ્ર જેવી કાયા સાત હાથ ઊંચી અને સપ્રમાણ હતી. તેમની મોહક આકૃતિ સોનલવર્ણી હતી.

ઈન્દ્રભૂતિ કાલક્રમે ચૌદ વિદ્યાઓમાં પારંગત થયા. તેમને નીરોગી કાયા અને મોહક વ્યક્તિત્વનું સહેજ પણ ગુમાન ન હતું. તેમનામાં ધનની લોલુપતા ન હતી. ગૃહસ્થાશ્રમી હોવા છતાં ઈન્દ્રભૂતિ સાદાઈ અને સંયમથી પૂર્ણ એવું સાધુવૃત્તિવાળું જીવન જીવતા હતા. વારસામાં પ્રાપ્ત થયેલી યજ્ઞપરાયણ વૃત્તિમાં સમય પસાર કરતા હતા.

એક વખત ઋજુવાલુકા નદીના કિનારે દેવોએ રચેલા સમવસરણ પ્રસંગે ભગવાન મહાવીર ધર્મદેશના આપી રહ્યા હતા. અજ્ઞાન અને પ્રમાદના કાદવમાં ખૂંપેલી તેમ જ ભોગવિલાસમાં ડૂબેલી દેવ-દેવીઓની પરિષદના અંતરમાં ભગવાનની વાણી સ્પર્શતી ન હતી. તે સમયે અપાપા નગરીમાં સોમિલ નામના ધનાઢ્ય બ્રાહ્મણે આદરેલા યજ્ઞમાં ૧૧ કર્મકાંડી બ્રાહ્મણોને નિમંત્રવામાં આવ્યા હતા. ઈન્દ્રભૂતિ પોતાના બે ભાઈઓ સાથે સોમિલના યજ્ઞ પ્રસંગે ઉપસ્થિત થયા હતા. કેટલાક લોકો સોમિલના યજ્ઞ તરફ તો કેટલાક મહાવીરની ધર્મપરિષદ તરફ જઈ રહ્યા હતા. કેટલાક દેવો પણ યજ્ઞમાં હાજરી આપવાનું ટાળીને મહાવીરની

ધર્મપરિષદ તરફ ફંટાયા હતા. દેવો અને માનવોને આકર્ષતા નિર્ગ્રંથ ભગવાન મહાવીર સર્વજ્ઞ, સર્વદર્શી અને ત્રિકાળજ્ઞાની છે એમ જાણીને ઇન્દ્રભૂતિ હુંકાર કરીને સંચર્યા. તેને મહાવીર પાખંડી લાગ્યા. તેમને પડકારવા અને શાસ્ત્રાર્થમાં હરાવવા તે અધીરા બન્યા. ત્રિભુવન ગુરુ મહાવીરને સિંહાસન પર બેઠેલા અને દેવોથી સમવસરણમાં પૂજાતા જોઇને ઇન્દ્રભૂતિનો મોહ દિગંતમાં પેઠો. જેમ દિવસે ચોર નાઠે તેમ તેમના ક્રોધ, માન, માયા અને મદ નષ્ટ થયા. સૂર્ય જેવા તેજસ્વી ભગવાનના રૂપથી અંજાયેલા ઇન્દ્રભૂતિને પહેલાં તો ઇન્દ્રજાલની ભ્રમણા થઇ; પરંતુ ભગવાન મહાવીરે જ્યારે તેમને 'ઇન્દ્રભૂતિ' કહી બોલાવ્યા ત્યારે તે ચકિત થયા.

ભગવાન મહાવીરની યોગનિષ્ઠ સમતા અને સ્થિરતાથી ઇન્દ્રભૂતિનો અહંકાર ઓગળી ગયો. શ્રમણ ભગવાન મહાવીરની કરુણા, વાત્સલ્યપૂર્ણતા અને મૈત્રીભાવનાથી ઇન્દ્રભૂતિના હૃદયનાં દ્વાર ઊઘડી ગયાં. ભગવાનની સરળતા, મધુરતા, ઋજુતા, સંયમ અને અહિંસાવૃત્તિએ ઇન્દ્રભૂતિની કઠોર સ્પર્ધકવૃત્તિને નાથી. જીવના અસ્તિત્વ અંગેની ઇન્દ્રભૂતિની મૂંઝવણનું ભગવાન મહાવીરે તર્ક અને આગમ પ્રમાણથી સમાધાન કર્યું. ભગવાન મહાવીરના ઉપદેશથી પ્રભાવિત થયેલા ઇન્દ્રભૂતિ પાંચસો શિષ્યો સાથે ભગવાનના પ્રથમ શિષ્ય બન્યા. ભગવાન મહાવીરે સ્થાપેલા અગિયાર ગણધરોમાં ગૌતમસ્વામી પ્રથમ ગણધર બન્યા. ગૌતમસ્વામી ભગવાન મહાવીર સાથે સ્નેહને તાંતણે બંધાયા. શિષ્ય અને ગુરુનો આ સંબંધ પ્રબળ પ્રેરક બની રહ્યો.

શ્રી ગૌતમવામી શ્રમણ ભગવાન મહાવીરની નિશ્રામાં ત્યાગ, વૈરાગ્ય, તપશ્ચર્યા અને સંયમપૂર્વક યોગસાધનામાં રત થયા. કામવાસનારહિત સહનશીલતા પૂર્વક આત્મશુદ્ધિના યજ્ઞમાં ડૂબ્યા. શાસ્ત્રોનું ગહન અધ્યયન, વ્રત, કઠોર તપ અને સતત આત્મનિરીક્ષણ દ્વારા નિજાનંદની મસ્તીમાં પડ્યા. શ્રમણ જીવનના આચારોનું દૃઢ રીતે પાલન કરતા ગૌતમસ્વામી ધર્મસંઘના નાયકપણા અને ગણધરપણાનો ભાર પણ ભૂલી ગયા.

આવા પ્રખર તેજસ્વી સાધક યોગનિષ્ઠપણાની સિદ્ધિઓ અને લબ્ધિઓ અનાયાસ પામે તે સ્વાભાવિક છે. આવા મહાત્માઓને યોગસાધનાથી અદ્વિતીય શક્તિઓ વિનાપ્રયત્ને પ્રાપ્ત થાય છે. અલબત્ત, આત્મસાક્ષાત્કારના મહાપુરુષાર્થમાં રમમાણ થતા યોગીઓ ચમત્કારો કરીને સસ્તી પ્રસિદ્ધિ પામવાના લોભી હોતા નથી. તેમને ગર્વના લાલનપાલનમાં રસ હોતો નથી. તેઓ કંચન અને કીર્તિના ભૂખ્યા પણ હોતા નથી. ગુરુ ગૌતમસ્વામી આ શ્રેણીના સાધક હતા. તે ઋજુ સ્વભાવના, વિવેકી, વિનયી અને શુદ્ધ અંતઃકરણવાળા હતા. ગુરુ ગૌતમસ્વામી અનંત સિદ્ધિઓ અને લબ્ધિઓના સ્વામી હતા. સિદ્ધિઓ અને લબ્ધિઓનાં પ્રલોભનોથી તે મોહિત થયા ન હતા. આત્મસાધનાના પોતાના માર્ગેથી આ સિદ્ધિઓ અને લબ્ધિઓ તેમને દૂર લઇ જઇ શકી ન હતી. ધનસંપત્તિ, યશ કે દુન્યવી વિષયો તેમને સ્પર્શવા સક્ષમ ન હતાં. અપ્રમત્ત રહેવાની શ્રમણ ભગવાન મહાવીરની સલાહને ગૌતમસ્વામીએ ગાંઠે બાંધી હતી. સંસાર પ્રલોભનોથી ભરેલો છે. તેમાં જીવનારે પળે પળે જાગૃત રહેવાની આવશ્યકતા છે. મોહાદિ શત્રુઓથી સાવધ રહેવું એ યોગીઓ માટે અનિવાર્ય આવશ્યકતા છે.

ગૌતમસ્વામીની પ્રખર સાધનાથી સિદ્ધિઓ અને લબ્ધિઓએ તેમના હૃદયને પોતાનું આશ્રય-સ્થાન બનાવ્યું હતું. તેમના હાથના સ્પર્શ માત્રથી અનેકના રોગ, દુઃખ અને દારિદ્ર નાશ પામ્યાં

હતાં. યૌગિક સાધનાને લીધે એમની ઇન્દ્રિયો અને નાડીઓ અનેકગણી શક્તિશાળી બની હતી. એક ઇન્દ્રિય દ્વારા અન્ય ઇન્દ્રિયોનાં કાર્યો સહજપણે થઇ જતાં હતાં. ગુરુ ગૌતમસ્વામી પૃથ્વી પર વિચરતા હોય તેટલી જ સહજતાથી આકાશગમન પણ કરી શકતા હતા. બીજાના ચિત્તમાં ચાલતી બાબતોને કે દૂર-સુદૂર બનતી ઘટનાઓને અનાયાસે જાણી શકતા. તેમના અંગૂઠામાં અમૃતનો વાસ હતો. તેના સ્પર્શ માત્રથી કોઇ વસ્તુ અખૂટ થતી હતી. તેમના ઇશારા માત્રથી ઝેર પણ નાબૂદ થઇ જતું હતું.

અલબત્ત, ગૌતમસ્વામી પોતાની સિદ્ધિઓ અને લબ્ધિઓથી પ્રભાવિત થયા ન હતા. તેમને મુખ્ય ઝંખના તો મુક્તિની હતી. તેમનામાં જિજીવિષા કે મૃત્યુનો ડર ન હતો. પોતાના આત્મતેજને રૂંધનારાં ઘાતીકર્મો નાશ પામે અને મુક્તિ મળે એ જ એમની અભિલાષા હતી. પોતાના કેવળજ્ઞાનમાં થઇ રહેલો વિલંબ એમને અકળાવતો હતો. એક વખત પોતાની ધર્મદેશનામાં ભગવાન મહાવીરે અષ્ટાપદ પર્વતનું માહાત્મ્ય વર્ણવ્યું. "પોતાની લબ્ધિના બળે અષ્ટાપદ પર્વત પર સાધક જાય અને ત્યાં રહેલાં જિનબિંબોને વંદના કરીને ત્યાં રાત્રિ વિતાવે તે મોક્ષનો અધિકારી બને." મહાવીરની ધર્મદેશનામાંથી પ્રેરણા પામેલા ગૌતમસ્વામી આ ભવમાં જ મુક્તિ ઝંખતા હતા. આથી તે 'ચારણલબ્ધિ' (આકાશગમનની લબ્ધિ)થી વાયુવેગે અષ્ટાપદ પર્વતની તળેટીમાં પહોંચી ગયા. તે વખતે કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ તાપસો પોતાના પાંચસો–પાંચસો શિષ્યો સાથે અષ્ટાપદ પર્વત પર મુક્તિ માટે આવ્યા હતા. તેમાં કોડિન્ન અને તેના અનુયાયીઓ ઉપવાસને પારણે ઉપવાસ કરતા, દિન્ન અને તેના અનુયાયીઓ છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા તેમ જ સેવાલ અને તેના અનુયાયીઓ અઠ્ઠમને પારણે અઠ્ઠમની તપસ્યા કરતાં કરતાં અષ્ટાપદના ક્રમશઃ એક, બે અને ત્રણ કંદોરા સુધી જ પહોંચ્યા હતા. તેનાથી આગળ જવાની ક્ષમતા તેમનામાં રહી ન હતી. અષ્ટાપદ પર પહોંચીને પોતાનો ધર્મ આચરવાની તેમની ઇચ્છા હતી. તે વખતે તેમણે વિશાળ દેહવાળા ગૌતમસ્વામીને કરોળીઆના જાળાની જેમ ફેલાયેલાં સૂર્યકિરણોને સહારે, 'જંઘાચારણલબ્ધિ'ના બળે અષ્ટાપદ પર્વત ચઢીને, તેમાં અંદશ્ય થતા જોયા. આ જોઇને તાપસો આશ્ચર્યચકિત થયા. ગૌતમસ્વામીની સિદ્ધિથી અને લબ્ધિથી મંત્રમુગ્ધ થયેલા તાપસોએ તેમનું શિષ્યપણું મનોમન સ્વીકારી લીધું. અષ્ટાપદ પર્વત પરથી પાછા ફરેલા ગૌતમસ્વામીએ કરુણાવશ તાપસોને શિષ્યપણે સ્વીકાર્યા. તેમણે ૧૫૦૩ તાપસોને નાના પાત્રમાં રહેલી અલ્પતમ ખીર દ્વારા પારણું કરાવ્યું. 'અક્ષીણ મહાનસી લબ્ધિ' દ્વારા અલ્પ દ્રવ્યથી તેમણે વિશાળ તાપસ-સમૂહને પારણાં કરાવી પોતાની અદ્વિતીય શક્તિનું પુનઃ દર્શન કરાવ્યું.

આ સિવાય ગૌતમસ્વામીએ દર્શાવેલી લબ્ધિઓ અંગેના ખાસ પ્રસંગો મળતા નથી. ચમત્કારો બતાવવાની બાબતમાં તે ઉદાસીન હતા. વિત્તેષણા અને લોકેષણા ત્યાગી મહાત્માનાં ભયસ્થાનો છે. ગુરુ ગૌતમસ્વામી આ બાબતોથી સાવધ હતા. તે વીતરાગભાવમાં રમમાણ થનારા મહાયોગી હતા. સમસ્ત માનવ જાતિનું કલ્યાણ તેમના હૈયે વસ્યું હતું. આવા પૂજનીય મહાપુરુષનું નામસ્મરણ પણ ચમત્કારિક રીતે વિશ્વકલ્યાણ કરનારું બનતું. આ મંગલમય વિભૂતિની યશોગાથા ગાતા કવિ શ્રી સૌભાગ્યવિજયજી 'ગૌતમસ્વામી છંદ'માં વર્ણવે છે :

**દુષ્ટ દૂરે ટળે સ્વજન મેળો મળે,**
**આધિ, વ્યાધિ ને ઉપાધિ નાસે;**

**ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વલી,**
**ગૌતમ નામ જપંતા ઉલ્લાસે.**

'શ્રી ગૌતમસ્વામીનું સ્તવન'માં શ્રી દર્શનવિજયજી કહે છે :

**ગૌતમ નામે ભવભીડ હરિયે, આત્મભાવ સંવરિયે;**
**કર્મ જંજીરિયે બાંધ્યા છૂટે, ઉત્તમ કુલ અવતરિયે.**

આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ વિરચિત "શ્રી ગૌતમસ્વામીનો રાસ"માં ગૌતમસ્વામીની પ્રાભાતિક સ્તુતિ આપવામાં આવી છે. આ સ્તુતિમાં શ્રી ગૌતમસ્વામીના નામસ્મરણનો મહિમા વર્ણવ્યો છે.

**શ્રી ગૌતમસ્વામિ તણી પદભક્તિથી અહિયાં મળે,**
**જલ અન્ન ધૃતિ સુખહેતુ અદ્‌ભુત લબ્ધિ વાંછિત સવિ ફળે;**
**પરલોકમાં વર દેવ ઋદ્ધિ શ્રેષ્ઠ નરભવ શિવ મળે,**
**આધિ વ્યાધિ ઉપાધિ સંકટ વિઘ્ન ઉપસર્ગો ટળે.**

શ્રી વિજયપદ્મસૂરિ કૃત "શ્રી ગૌતમસ્વામીનો રાસ"માં ગૌતમસ્વામીનો પ્રાભાવિક મંત્ર પણ આપવામાં આવ્યો છે.

**ૐ ક્રૌં અને હ્રીં સુમંત્ર ધ્યાન કાલે સવિ સુરા,**
**પાસે કરી કર જોડ કાઉસ્સગમાં સ્મરંતા શીલધરા;**
**ધૂપ કર્પૂરાદિકે હોંશે સદા ગૌતમ તણી,**
**પૂજા કરંતા લબ્ધિ સિદ્ધિ ઋદ્ધિ વૃદ્ધિ લહે ઘણી.**

"ૐ ક્રૌં અને શ્રી હ્રીં શ્રી ગૌતમસ્વામી નમો નમઃ" એ મંત્રનું કાઉસ્સગપૂર્વક ધ્યાન કરવાથી રિદ્ધિ, સિદ્ધિ અને લબ્ધિ પમાય છે. આંતરબાહ્ય શુદ્ધિપૂર્વક કર્પૂરાદિ દ્રવ્યનો ધૂપ અને દીપ પ્રગટાવીને શ્રી ગૌતમસ્વામીના ઉપરોક્ત મંત્રનો જાપ કરવાથી સર્વ પ્રકારની શાંતિ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. રિદ્ધિ એટલે વૈભવ. સિદ્ધિ એટલે અણિમા, લઘિમા, ગરિમા, મહિમા, ઈશિત્વ, વશિત્વ, પ્રાપ્તિ અને પ્રાકામ્ય નામની યૌગિક સિદ્ધિઓ. યોગસાધના દ્વારા ઉપરોક્ત આઠ પ્રકારની સિદ્ધિઓ ઉપલબ્ધ થાય છે. અણિમા એટલે દરેક વસ્તુમાંથી પસાર થવાની શક્તિ; લઘિમા એટલે પવનથી પણ પાતળા થવાની શક્તિ. ગરિમા એટલે પોતાના દેહને વજનદાર બનાવવાની શક્તિ. મહિમા એટલે પોતાનું રૂપ ભવ્ય બનાવવાની શક્તિ. ઈશિત્વ એટલે સર્વ પર વિજય મેળવવાની શક્તિ. વશિત્વ એટલે ક્રૂર જીવોને પણ વશ કરવાની શક્તિ. પ્રાપ્તિ એટલે ઈચ્છિત બાબત કરવાની શક્તિ. પ્રાકામ્ય એટલે ગમે તે સ્થાને સહજ રીતે વિચરવાની શક્તિ. લબ્ધિઓ ૨૮ પ્રકારની છે. તેમાંની ચારણલબ્ધિ (આકાશગામિની શક્તિ) અને અક્ષીણ મહાનસી (અલ્પ દ્રવ્યથી અનેકને ભોજન કરાવવાની શક્તિ)નો શ્રી ગૌતમસ્વામીએ ઉપયોગ કર્યો હતો. ગુરુ ગૌતમસ્વામી અનંત લબ્ધિઓના સ્વામી હતા.

* * *

ઇતિ સ્વાધ્યાયઃ ।।

શ્રી રયણસેહરસૂરિ કૃત

# શ્રી ગૌતમસ્વામી રાસ : પરિચયાત્મક ભૂમિકા

*–સં. પં. શીલચંદ્રવિજય ગણિ*

મધ્યકાલીન રાસસાહિત્યમાં તેમ જ સાંપ્રત જૈન જગતમાં ઉપાધ્યાય શ્રી વિનયપ્રભ-રચિત 'ગૌતમરાસ' (ર. સ. ૧૪૧૨) અતિ વિખ્યાત છે. આમ તો ગુરુ ગૌતમસ્વામીના ગુણકીર્તનની નાની-મોટી અસંખ્ય રચનાઓ (મધ્યકાલીન) પ્રાપ્ત છે; પરંતુ તે સર્વમાં પ્રમુખસ્થાને તો આ રાસ જ વિરાજે છે. આ પ્રકારના બીજા રાસ અદ્યાવધિ જાણમાં કે પ્રકાશમાં નથી આવ્યા.

થોડા વખત અગાઉ પ્રસ્તુત "શ્રીરત્નશેખરસૂરિ-રચિત ગૌતમ રાસ"ની એક હસ્તપ્રતિની ઝેરોક્ષ નકલ મારા હાથમાં આવી. એ જોતાં એક વિશિષ્ટ વસ્તુની પ્રાપ્તિનો આનંદ તથા અચંબો અનુભવ્યા. શ્રી વિનયપ્રભવાચક-કૃત ગૌતમ રાસ કરતાં ફક્ત સાત જ વર્ષ પૂર્વે, વિ. સં. ૧૪૦૫માં રચાયેલો આ રાસ આજ પર્યંત અજ્ઞાત જ રહ્યો છે. કેમ કે આ રાસનું ચલણ જૈન સંઘમાં પરંપરાથી જળવાયું નથી. જો આવું ચલણ હોત તો, વિનયપ્રભ-કૃત રાસની, વિવિધ ભંડારોમાંથી, વિભિન્ન સમયે લખાયેલી અનેક પ્રતિઓ મળી આવે છે, તેમ આ રાસની પ્રતિઓ પણ મળતી જ હોત; જ્યારે અત્યારે તો આની માત્ર એક જ પ્રતિ પ્રાપ્ત થાય છે, થઈ છે, જેની નકલ મારા સામે પડી છે. અન્યાન્ય ભંડારોનાં સૂચિપત્રો જોયાં, પરંતુ ક્યાંય આની પ્રતિ હોય તેવું ધ્યાનમાં નથી આવ્યું. કોઈ અભ્યાસીના ધ્યાનમાં હોય/આવે, તો તેની વિગત જણાવવા કષ્ટ ઉઠાવે.

મને મળેલી નકલ મારા મિત્ર કવિવર્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી દ્વારા મળી છે. તેમણે પોતાના પરિભ્રમણ દરમિયાન વલભીપુરના સંગ્રહમાં આ પ્રતિ જોવા મળતાં તુરત તેની ઝેરોક્ષ નકલ કરાવી લીધેલી, તે તેમણે મને આપી છે. તેમનો ઋણસ્વીકાર કરવો જ જોઈએ કે આવી ઉત્તમ કૃતિની એમણે આપણને ભાળ મેળવી આપી.

પ્રતિ બે પાનાંની છે. બંને પાનાંનો એક હિસ્સો દરાદિ કારણે કપાઈ ગયેલો છે, તેથી થોડોક અંશ તૂટે છે. પ્રતિની લખાવટ શુદ્ધપ્રાય છે. પુષ્પિકા આદિ કાંઈ છે નહિ. અનુમાનતઃ ૧૫મા શતકની હોવાનું કલ્પી શકાય.

૭૫મી અંતિમ ગાથામાં નિર્દેશ છે તે પ્રમાણે, રાસના કર્તા રત્નશેખરસૂરિ છે અને થિરપુર—થરાદમાં, સં. ૧૪૦૫માં તેમણે રાસ રચ્યો છે. પોતાના ગચ્છ કે ગુરુનો નામોલ્લેખ કર્તાએ નથી કર્યો. અનુમાનતઃ 'સિરિસિરિવાલકહા'ના પ્રણેતા રત્નશેખરસૂરિ તે જ આ રાસના પણ કર્તા હોય, તો શક્ય છે.

આ રચનાને વિનયપ્રભવાચકના ગૌતમરાસ સાથે સરખાવી જોતાં આ રચનાની છાયા એ રચના પર કેટલેક અંશે પડી હોવાનું અનાયાસ જણાઈ આવે છે. બંનેની વિગતવાર તુલના કરવી રસપ્રદ બની રહે.

ભાષા, ઢાલ વગેરે વિષે તો ડૉ. ભાયાણી જેવા તજ્જ્ઞ જ પ્રકાશ પાડી શકે. અત્યારે તો આ કૃતિ, અને તેમાંના કેટલાક કઠિન તથા પારિભાષિક જણાતા શબ્દોની એક નાની સૂચિ—આટલું જ અહીં પ્રસ્તુત થાય છે.

*

## શ્રી રત્નશેખરસૂરિવિરચિત શ્રી ગૌતમસ્વામિરાસઃ ।

...तुम माइवीउ सिरिवन्न म(स ?) हुत्त ।
हिययकमलि झाएवि वीरु जिणवर अरिहंत ॥
पभणिसु गोयमसामितणुउ गुणसंथव–रासो ।
जि...इ होइ भवियलोय मणि धरि उल्लासो ॥१॥

प (पु)हवि–पसिद्धइ मगहदेसि वर गुब्बर नामु ।
सार सरोवर कूव वावि धणि कणि अभि [रामु] ।
[इ] ह निवसइ वसुभूइनामि दियराउ पसिद्धउ
... ... ... ... ... ... ...वंसु बहुरिद्धि समिद्धउ ॥२॥

तेह तणइ घर घरणि पुहविनामिइ सुपहाणी
निम्मलसील पवित्त गुत्त... ...सीताराणी ।
तासु कुच्छि सिरिरायहंसु पहिलउ इंद्रभूई
नंदण बीजउ अगनिभूइ तीउज वाउभूइ ॥३॥

तेजि सहोयर कण [यव]न्न पडिवन्न सरीरा
विणय विवेक विचार सार गुणवंत गंभीरा ।
चउदह विद्या निपुण भणी गुणगउरव पावहिं
वेय वारवा[ण]हिं पांच पांच सय छात्र पढावहिं ॥४॥

ते तिन्नइ उवज्झाय राय–राणिहिं संमाणिय
भगति करी विप्र सोमिल वधि पावापुरि आणिय ।
जन्न करावण रिसि देसि देसंतर केरा
तेडिय आवहिं तित्थ साढ(आठ) उवज्झाय अनेरा ॥५॥

ते स (तेम) वियत्तु सुहंमु बेवि पण पण सयजुत्ता
मंडिय मोरियपुत्त सड्ढ ति ति सयसंजुत्ता ।
तह य अकंपिय अचलभाय मेयज्ञ पभासू
तिहुं तिहुं सयसउं आवि करहि नियविज्ञविकासू ॥६॥

इम मिलिया विप्र सहससंख तिहं वेद वखाणहिं
मंडहिं जन्न करंति होमु परमत्थ न जाणहिं ।
इणि अवसरि जिण वद्धमाण केवल पावेई
लाभ जाणि जगनाह तिहां तक्खणि आवेई ॥७॥

वस्तुः गाम गुब्बरि गाम गुब्बरि विप्र वसुभूइ
तासु पुत्त पुहविं गरुया इंद्र–अगनि–वायभूइ भणियइ ।
वर वेयविद्यागुणहं जन्नकाजि धरि ते जि गणियइ ॥
पावापुरि सोमलतणइ मिलिया बंभण लोय ।
वीरजिणेसरु आवियउ सहु कोय ॥८॥

प्रथम भाषा ॥

वीरजिणेसर आगम जाणी तक्खणि आवहिं देव विमाणी ।
पुर पर सिरि जोयण विसथारो समवसरण मंडहिं जगि सारो ॥९॥

रुप्प–कणय–रयणुतम सालो कणय–रयण–मणिसिहर विसालो ।
छत्त चमर किंकिल्लि पहाणू जाणीजइ किरि अमरविमाणू ॥१०॥

तहिं रूणझूण किं महाधज लहकइ धूपघटी घण गंध महक्कइ ।
देवकुसुम–परिमल महमहए सुरदुंदुहिं सुणि जणु गहगहए ॥११॥

तहिं वइसी जिणवर वधमाणू करइ अमियमइ वाणि वषाणू ।
उरावहिं देवी देव तुरंता दीसहिं गयणि विमाण फुरंता ॥१२॥

एकि भणहिं विप्र–आहुति लेवा अरिरे! पेखहु आवहि देवा ।
जाव सु सुरगणु जिणदिसि जाए, तउ सर्वज्ञ भणी जणु धाए ॥१३॥

तउ इंद्रभूति भणइ मुझ टाले सर्वज्ञ कोई नहीं इणि काले ।
मूरष लोक भणी जणु धाए, अहवा करिसु निरंतर (निरुत्तर) जाए ॥१४॥

एम भणी आविउ इंद्रभूइ, चिंति चमक्किउ देषि विभूइ ।
किं इहु साचउ सर्वज्ञ होइ, किं वा इंद्रजाल इहु कोइ ॥१५॥

तउ जिणवरि आवतउ बुलायउ, हो इंद्रभूति! भलई तुं आयउ ।
सो चिंतइ किमु नामु वियाणइ, अहवा कवणु जु मुझु न जाणइ ॥१६॥

पुण जइ चित्ततणउ संदेहो, कहइ तु मानउ सर्वज्ञ एहो ।
तउ जिणि तसु मनि संसउ जाणि, तक्खणि भंजइ वेद वखाणी ॥१७॥

तं सुणि गोयम छ(छा)त्रसहित्तो, वरिसि पंचासा लेइ चरित्तो ।
सेस उवज्झाय इणइं क्रमि आवइ, (१/२) गयसंसय सवि संजमु पावइ ॥१८॥

वस्तु : वीर जिणवर वीर जिणवर करइ वक्खाणु
देवासुर मिलिय सवे मणुयसंख नवि कोइ पामइ ॥
इंद्रभूति अभिमानि चडी वादकरण जिणपासि आवइ ॥

वीरवयण सुणि लेइ व्रतो, आराहइ जिणपाय ।
इणि परि बीजा हो लियइ, संजम सवि उवज्झाय ॥१६॥

द्वितीय भाषा ॥

ते गोयम–पामुक्खो, मुणिवर जिण–पासइ ।
पूछइ कर जोडेवी, प्रभु तत्तु पयासइ ॥२०॥

तउ जिणु त्रिहुं पय तत्तु कहेवी, गणहर–बुद्धि विकासु लहेवी ।
एग महूरति रचइ दिठिवाउ, चउविह संघ रचइ जिणराउ ॥२१॥

वासवि आणीय वास, लेईय जगनाह ।
गणहर ठविय इग्यार सुर करइ उच्छाह ॥२२॥

जिम गणहर–तारा धुरि चंदो, जिम गिरिवरि धुरि मेरुगिरिंदो ।
जिम दीवहं धुरि जंबूनामि, तिम गणहर–धुरि गोयम सामि ॥२३॥

वीजी पोरिसि बइसी, जिणवर-पयठाणी ।
गोयम करइ वखाणू, अमृतोपम वाणी ॥२४॥

जिम जिम मुणिवर तत्तु पयासइ, संखातीत भवंतर भासइ ।
तिम तिम लोयहं मनु इम डोलइ, इहु छदमत्थु कि केवलि बोलइ ॥२५॥

सुयकेवलि भगवंतो, सो साहु मुणेइ ।
तहवी जिणेसर वयणू, आदरि निसुणेई ॥२६॥

जाणंतेवी ण गणहरराय, वीर जिणेसर आगलि थाय ।
परहित-हेतु जि पृच्छा कीधी, गौतमपृच्छा ते सि(सु) प्रसिद्धी ॥२७॥

मुनिपति अति–अप्रमत्तो, छट्ठि तपु पारइ ।
बहुविह लबधिसमिद्धो, जगि जसु विसथारइ ॥२८॥

गुणिहिं न गोयम को तुडि पावइ, पुण मुझ मनि एहु कउतिगु भावइ ।
इसी भगति जिणवर जु वहेइ, सो जि किम केवल न लहेई ॥२९॥

सालपमुह जे सीस, देषी सुणी राए ।
ते सवि केवल(लि) हूवा, गोयम सुपसाए ॥३०॥

चंपापुरि जिणवर पणमेवी, सीसहं केवलनाणी मुणेवी ।
गोयमु चिंतइ किसउ विनाणू, एकु जि हउं न लहउं वरनाणू ॥३१॥

वस्तुः चरमजिणवर चरमजिणवर पढणवरसीसु
निसिदीस जिणपयकमला–रायहंससमम सरिसु सोहइ ।
सुहज्झाण–सुयनाण–गुणि अमियवाणि जणचित्त मोहइ ॥
जे जे दिखइ सीस तेहिं, पावइ केवलनाणु ।
[ब]पुरे! गोयम गुरु सकति, अणहूंतउ दे दाणु ॥३२॥

## त्रितीय भाषा ॥

जो नियसकति प्रमाणू ए अष्टापद तीरथ नामू ए ।
सो नस....[के]वलनाणू ए, निच्छइ होस्यइ एणी भवे ॥३३॥

इसउ अरथु वखाणी ए, देसण करि जं रहिय जिणु ।
सुरहं वयण तं जाणी ए, गोय[म]...त कंठि...ए ॥३४॥

अष्टापदि तिणि तालि ए, क्रमि क्रमि त्रिहुं पावडिय लगे ।
कोडिन्न–दिन्न–सेवाली ए, पण पण सय तावस चडि[ए] ॥३५॥

.... .... ... .... .....
चिंतहिं किम चडेसी ए, एहु ज दीसइ थुलतणु ॥३६॥

चारण लवधि प्रमाणू ए, मुणि(वर चडि)उ गिरिसिहरे ।
तावस तिणिहीं ठाणू ए, टगमग जोवंता रहिय ॥३७॥

दाहिण दिसि पयसेवी ए, भरहेसर कारणि भवणि ।
जिण चउ[वीस] [ठठेवी ए ?]...चारि अट्ठ दस दुन्नि क्रमि ॥३८॥

तहिं वेसमणु करेवी ए, गोयम पुंडरियज्झयणु ।
तं पुण चित्त धरेवी ए, जंभग सुर वयरसामि–जिउ ॥३९॥

(२/१) वलि वलतउ गणहारू ए, तावस देषी इम भणए ।
मनवंछि आहारु ए, कहउ किसउ तुम्ह दीजिसिए ॥४०॥

ति मुणि भणइ अम्ह सामि ए, निगुरउ आगलि तप कियउ
हिव पुणि तुम्हि गुरु पामी ए, षीर षांडु घृत परि गमए ॥४१॥

इकु पडिघउ गणधारी ए, षीर आणि आषीणि किय ।
मुनिमंडलि बइसारी ए, पूरी यात्रा पनर सय ॥४२॥

पंच सयह सुहज्झाणू ए, जिमतह जिमतह अन्नितरसो ।
साचउ सुगुरू प्रमाणू ए, कवल काटि (?) केवलि हूवए ॥४३॥

पंचसयहं पुण नाणू ए, समवसरण पेषंतयहं ।
सेस सुणंत वषाणू ए, केवलसिरि सयंवर किय ॥४४॥

अधृति धरंतु मुणिंदू ए, केवलकारणि अतिघणउ ।
देइ उलंभउ जिणंदू ए, कणयदिट्ठंतु परिच्छवइ ॥४५॥

गोयम! म करि प्रमादू ए, सुणि दुमपत्तय अज्झयणु ।
चिनि म धरिसि विषादू ए, अंते तुल्ला होइसहं ॥४६॥

वस्तुः नायनंदण नायनंदण पढम गणधार
अष्टापदिहिं जिण नमवि दिक्ख देवि तापस जिमाडिय ।
सुहज्झाण उवएस करे खवगसेणि केवल पमाडिय ॥

अप्पण केवलकारणिहिं चित्ति धरंतउ खेउ ।
वीरि भणेउ म म अधृति धरि, होस्यइ तुल्ला बेउ ॥४७॥

## चतुर्थ भाषा ॥

मगहेसर सेणियपमुह सयल नरेसर बंदि पाउ ।
भवियलोय–आणंद करो, महिमंडलि विहरइ मुणिराउ ॥४८॥
नाणगुणिहिं केवल तुलए, सरलपणइ पुण बाल विसेषइं ।
गोयमगुरु गुरुसमरसभरिउ, राय रंक समद्रेठिं पेखइ ॥४९॥
बालक छह वरिसहंतणउ अइमुत्तउ गुरु गोयम रासे ।
देषी प्रतिबोधिउ लियए, संजम वीर जिणेसर पासे ॥५०॥
त्रिविट्ठि वियारिय सीहजिउ, विप्र जुउ जिणवर दीठइ नासइ ।
गोयमगुरु करुणानिलउ, तेहइ मनि आणंद उल्लसइ ॥५१॥
वीरवयणि नियदोसलवो जाणि जि आणंदु जाइ खमावइ ।
तिहं मुणि अज्ञवगुणतणउ, केवल विणु कोइ पार न पावइ ॥५२॥
सावत्थिय पुरवर मिलिय बिहु परियरिय गुरुगोयम–केसी ।
धरम विचारु करंति तहिं सीसहं संसय–भंजण–रेसी ॥५३॥
केसी जि जि पृच्छ करइ गौयमु तिहं तिहं अर[थु] कहेइ ।
तउ केसी सीसिहिं सहिउ वीरि कहिउ व्रत–वेस वहेइ ॥५४॥
गामागरपुरपट्टणिहिं खेडमडंबहिं करइ विहारू ।
पावापुरि पावस रहिउ वीर जिणेसरसिउं गणधारू ॥५५॥
वस्तुः गुणिहिं गरुवउ गुणिहिं गरुवउ प्रथम गणधारू
सुविचार घणसार सम विमल चित्त चारित्तसुंदरु ।
बहुलोय–संसय–तिमरु पूरु–सुरु पणमियपुरंदरु ॥
गामागरपुरपट्टणिहिं विहरंतउ गुणरासि ।
वीरजिणेसरसउं रहिय पावापुरि चउमासि ॥५६॥

## पंचमी भाषा ॥

कत्तिय अमावस वीरू जिणु, पुर पुरपरिसरट्ठिय गामि ते ।
बोहेवा दिवसरम दिउ, पेरिउ गोयमसामि ते ॥५७॥
तं प्रतिबोधि करेवि तहिं निसि रहियउ गणधारु ते ।
जां जोवइ तां गयणियले, सुरगण मिलिय अपारु ते ॥५८॥
तउ जा...ण [जाणे जिण ?] खिव समउ चिंतउ गोयमसामि ते ।
जिणवरि किणि अवसरि अहह! हउ पेसिउ इणि गामि ते ॥५९॥

तीस वरिस मइ सेवियउ के [वलना]णि ईम ते ।
जोवहु मुझ टउलावि हिव आपण चालिउ कीम ते ॥६०॥

सामिय! अम्ह बंभण भणिय मागेवा हेवाउ ते ।
ऽऽऽपु....लसिरि सइं धणिय, तुम्ह नासिवा न ठाउ ते ॥६१॥

जो इणिहो परि सेवियए, देइं न कांई लागु ते ।
तसु ऊपरि इमहीं घणउ, हिय[डइ कां]ई रागु ते ॥६२॥

अरे मन! कांइ तूं टलवलहि, नेहिं न लीजइ एह ते ।
इम चिंतितहं गणहरहं तुटउ ज्झबकि सनेह ते ॥६३॥

रा(२/२)...[राति विहाति] वीरजिणु, जं पाविउ निरवाणु ते ।
तक्खणि ज्झाणंतरि हूवउ, गोयम केवलनाणु ते ॥६४॥

वस्तुः वीर आइसि वीर आइसि गामि वर विप्पु
... ... ... ... ...जिणसमए जाव जंतु सुरगण निहालिउ ।
तं गोयमु मनि चिंतवइ, अहह नाह! हउं केम टालिउ ।
राति विहाति जिण समए वीर हू [उ नि] व्वाणु ।
उप्पन्नउ तिणिहीं समइ, गोयम केवलनाणु ॥६५॥

## षष्टा(ठी) भाषा ॥

गोयम–केवलमहिम करेवा, मिलिय सुरासुर खेयर [देवा] ।
रचइ अट्ठोत्तरसहसदलो ।
कणयकमल जणमण–उल्हासणु रयणरचिय कन्निय उवरे ।
जगमगंतु मणिमय सिंघासणु ॥६६॥

जिम महिमंडलि मेरु सुसंठिउ, जिम कप्पतरु पीढि बइठिउ ।
तिम तिण कंचणकमल पहो!।
करी पउमासणि बं[वंदि ?] बईठउ, देसण करतउ गुहिर सरे ।
धन्न ति नरवर जिहिं नयणिं दीठउ ॥६७॥

एकि सुरासुर खेयरराया, वलि वलि वंदहिं गोयमपाया ।
इकि मनि ऊलटि गुण थुणहिं ।
एकि सुताल सुसरि सरि गायहिं, एकि नाचहि तं रंग करे ।
इकि वादिव सुच्छंदिहिं वायहिं ॥६८॥

देखि अचंभ मु मनि आणंदिय, सिरि धुणंत भणहिं सुर वंदिय
वपु रि! निरूपम रूपि पहो! ।
कटरि! कियउ आसणु किणि ठाणि, किसउ समुज्ञल रूपममा(ममाणी ?) ।
अरिरि! किसीअ अमृतोपम वाणी! ॥६९॥

इम केवलसिरि सयंवर वरियउ, सहस पचासा मुणि परिवरियउ ।
तिहुयणभवण उज्झोयकरो ।
मंगलदीवउ भणि मुणिराओ आराहीजइ भविय जणि ।
सहस पंचासा तव विक्खाउ ॥७०॥

सुर–तरु–धेणु भणी जगि सारो, जणमणवंछिय सुहदातारो ।
तेय जि जिन्निउ अवयरिय (?) ।
जसु मुणितणइ तियक्खर नामी, न्योयी (? पावी ?)सु मणवंछिय दियए ।
गुणि गरुवउ गुरुगोयमु सामी ॥७१॥

जाणे पंचपरमिट्ठि तूठा, जाणे सात अंमिय–घण वूठा ।
जाणे नवनिधि करि चडिय ।
जाणे कोडिमहारस सीधउ, जइ उठंतहं प्रहसमए ।
गोयम नामु गहण छुड कीधउ ॥७२॥

गोयम केवलि महि विहरंतउ, जणमणसंसयतिम(मि)रं हरंतो (तउ) ।
तेयवंतु दिणि दिणि उदवं(यं)तउ ।
कुग्रह कुमय विहंडणउ, भविय लोयपडिबोहकरो ।
सहसकिरण जिम जगि जयवंतउ ॥७३॥

जयवंतउ जिणसासणराजो, परम महोच्छव मंगलकाजो ।
पहिलउ वृद्धि वधावणउ ए ।
पढहिं गुणहिं जे गोयमरासो, अष्ट महासिद्धि नवह निधि ।
तहिं घरि निश्चल करहिं निवासो ॥७४॥

चउदह सय पंचोत्तर वरिसे, थिरउरपुरि गरुवइ मण हरसे ।
रासु एहु गोयमतणउ ।
रयणसिंहरसूरिंदिहिं कीयउ, पढत गुणंतहं भवियणहं ।
रिद्धि वृद्धि मंगल सुह दियउ ॥७५॥

इति श्री गौतमस्वामिरास समाप्तः ॥

## 'गौतमरास'गत कठिन–शब्दकोश

| गाथा | शब्द | अर्थ |
|---|---|---|
| १. | माइबीउ | मातृका–बीज–ह्रींकार |
| २. | सिरिवन्न | 'श्री' वर्ण |
| | .... | ..... |
| ५. | जन्न | यज्ञ |
| ६. | पण पण | पांच पांच |
| | सड्ढतितिसय० | साडा त्रण–त्रण सो० |

| | | |
|---|---|---|
| | तिहुं तिहुं | त्रण–त्रण |
| | नियविज्ञविकासू | निज–विद्या–विकास |
| ७. | केवल | केवलज्ञान |
| ८. | पुढविं गरुया | पृथ्वीमां वडा, गौरववाळा, |
| ९. | आगम | आगमन |
| | देव विमाणी | वैमानिक देव |
| | विसथारो | विस्तार |
| | समवसरण | तीर्तंकरनी धर्मसभा |
| १०. | सालो | शाल–कोट |
| | किंकिल्लि | अशोक वृक्ष |
| | किरि | किल–खरे (अव्यय) |
| २०. | पामुक्खो | प्रमुख–वगेरे |
| | ततु | तत्त्व |
| २१. | दिठवाउ | दृष्टिवाद–द्वादशांगीरूप जैन आगम |
| २२. | वास | चंदनादि द्रव्योनुं चूर्ण |
| २४. | पोरिसि | पौरुषी–जैनप्रसिद्ध पुरुषप्रमाण छायाप्राप्त कालविशेष |
| | पयठणी | पादपीठ पर |
| २५. | संख्यातीत | संख्यातीत–असंख्य |
| | भवंतर | भवांतरो–पूर्वभवो |
| | छदमत्थु | छद्मस्थ–केवलज्ञान पूर्वेनी अवस्था |
| | केवली | केवलज्ञानी |
| २६. | सुयकेवली | श्रुतकेवली–दृष्टिवादना ज्ञाता |
| २८. | छट्ठि तपु पारइ | बे उपवासना पारणे बे उपवास करे |
| | लबधिसमिद्धो | विशिष्ट सिद्धिओथी समृद्ध |
| | जसु | यश |
| २९. | तुडि | होड, स्पर्धा |
| | कउतिगु | कौतुक |
| ३२. | सुहज्झाण | शुभ ध्यान |
| ३५. | तिणि ताली | त्रण पंक्ति |
| | पावडिय | पावडीए–पगथिये |
| | तावस | तापस |
| ३६. | थूलतणु | स्थूलकाय |
| | चारणलबधि | विद्याचारण–जंघाचारणनामे लब्धि |

| | | |
|---|---|---|
| ३८. | ४, ८, १०, २ ए क्रमे २४ | तीर्थंकरनी प्रतिमाओ ते मंदिरमां स्थापित छे. |
| ३९. | वेसमणु | वैश्रमण—कुबेर |
| | पुंडरियज्झयणु | 'पुंडरीक' नामे अध्ययन |
| | जंभग सुर | 'तिर्यंग्—जृभंक' नामनी देवजाति |
| | जिउ | जीव |
| ४१. | निगुरउ | नगुरं-गुरु वगरनुं |
| ४२. | पडिघउ | पडघो—गोचरीनुं पात्र, प्रतिग्रह |
| | आषीणी | अक्षीण-अक्षय |
| ४५. | उलंभउ | ओलंभो—उपालंभ—ठपको |
| | परिच्छवइ | प्रीछवे—परख करावे |
| ४६. | दुमपत्तय | 'द्रुमपत्रक', उत्तराध्ययनसूत्रना १०मा अध्यायनुं नाम |
| ४७. | खवगसेणी | क्षपकश्रेणी, आत्माना ऊर्ध्वगमननी जैन संमत विशिष्ट प्रक्रिया |
| ४८. | सेणियपमुह | 'श्रेणिक' (राजा) प्रमुख |
| ४९. | समद्रेठिं | समदृष्टिथी |
| ५०. | अइमुत्तउ | अतिमुक्तक (कुमार) |
| ५१. | त्रिविट्ठि | त्रिपृष्ठ (महावीर स्वामीनो १८मो पूर्वभव) |
| | वियारिय | विदारित—फाडेलो |
| | सीहजिउ | सिंहनो जीव |
| ५२. | आणंदु | आणंद श्रावकने |
| | अज्ञव० | आर्जव० |
| ५३. | सावत्थिय | श्रावस्ती (नगरी) |
| | केसी | केशीगणधर (पार्श्वनाथ—शिष्य) |
| | रेसी | माटे |
| ५५. | खेड—मडंव | बन्ने विशिष्ट ग्राम—प्रकार |
| | पावस | वर्षावास—चोमासुं |
| ५६ | तिमरू पूरु सूरु | तिमिरने पूरां करनार सूर्य |
| ५७. | बोहेवा | बोध आपवा |
| | दिवसरम दिउ | देवशर्मा द्विज |
| ५९. | खिवसमउ | अन्तिम समय (?) |
| ६१. | हेवाउ | हेवाक—टेव |
| ६२. | लागु | लागो—वळतर |

| | | |
|---|---|---|
| ६६. | कन्निय | कर्णिका |
| ७१. | सुरतरु–धेणु | कल्पवृक्ष–कामधेनु |
| ७२. | सात | सुख |
| | अमियघण | अमृतनो मेघ |
| | प्रहसमए | प्रभात–समये |
| | छुड | फुड–स्फुट–प्रगट (?) |

ગૌતમ વંદના

# સૂરિમંત્રના સાધ્ય....ભક્તોના આરાધ્ય

સૂરિમંત્ર પંચપ્રસ્થાન આરાધક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વર
મ. સા.ના વિનેય મુનિ શ્રી કૈવલ્યરત્નસાગરજી મ.

(રાગ : મંદિર છો મુક્તિતણા...)

સૂરિમંત્રના આરાધકો પ્રતિદિન તને સંભારતા
આચાર્યદેવો તાહરી પીઠિકા બહુ આરાધતા
મંત્રાક્ષરો દીધા જે જેણે દિવ્ય સૂરિમંત્રના
તે લબ્ધિધારી ગણહરા ગૌતમગુરુને વંદના... ॥૧॥

મહાવીર પ્રભુની પ્રથમ ગણધર દ્વાદશાંગી ગૂંથતા
કીધો ઘણો ઉપકાર તારા વિનયમાં નહિ ન્યૂનતા
પ્રાત:સ્મરણ જેનું ઉઘાડે દ્વાર તો સૌભાગ્યના
તે લબ્ધિધારી ગણહરા ગૌતમગુરુને વંદના... ॥૨॥

*ભંતે* વળી *ભયવં* કહી મહાવીરને સંબોધતા
જ્ઞાની છતાં પ્રશ્નો પૂછી આ જ્ઞાન સહુને પમાડતા
વાણી વહી જે વીરમુખથી પ્રાપ્ત થઈ પ્રભુવાચના
તે લબ્ધિધારી ગણહરા ગૌતમગુરુને વંદના... ॥૩॥

ગ્રામ ગોબરે જન્મ્યા ગૃહે વસુભૂતિ નામે જનકના
ઈન્દ્રભૂતિ નામે પવિત્ર દીપક તે જ ગૌતમ ગોત્રના
ધન્ય માત-તાત-કુલ-ગોત્રને કૂખરતન પૃથ્વી માતના
તે લબ્ધિધારી ગણહરા ગૌતમગુરુને વંદના... ॥૪॥

ધર્યું માન તો ગણધર બન્યા જગમાં વિનય વખણાય છે
ધર્યો રાગ પણ પ્રભુ વીરમાં ગુરુભક્તિ જે કહેવાય છે...
કર્યો ખેદ તો કૈવલ્ય અહો પરિણામ એ કષાયનાં...
તે લબ્ધિધારી ગણહરા ગૌતમગુરુને વંદના... ॥૫॥

# જ્ઞાનમૂર્તિ ગુરુ ગૌતમસ્વામી

*—પ્રા. તારાબહેન રમણલાલ શાહ*

**ગૌતમને વિશ્વના નકશામાં લબ્ધિના ભંડાર તરીકે જ નહિ બલ્કે જ્ઞાનમૂર્તિ અને ગુણમૂર્તિ તરીકે નિહાળવા આપણે પ્રયત્ન કરીએ. જીવનસાર્થકતા માટે તેમનું લક્ષ અષ્ટાપદે હતું. પગ મૂકતાં જ રોમાંચ અનુભવાય, દર્શન કરતાં જ અહોભાવ પ્રગટે. આપણા આનંદનો માર્જિન માત્ર દ્રવ્યમાં જ ન રહે પણ જો ભાવમાં પરિવર્તન થાય તો જીવતરનો પલવારમાં બેડો પાર થઈ જાય. ગૌતમસ્વામીએ અષ્ટાપદ શાશ્વત તીર્થનાં દર્શન કરી જે આનંદ મેળવ્યો છે તે વર્ણનાતીત છે. અષ્ટાપદજી એટલે માત્ર સ્થૂલ પર્વત જ નહિ પણ આત્મશુદ્ધિ તરફ ગતિ કરનારી ઉત્કૃષ્ટ ભૂમિકા સમજવી. આ વાત અત્રે તારાબહેન શાહે સુંદર રીતે રજૂ કરી છે. શ્રીમતી તારાબહેન અને શ્રી રમણભાઈનું જૈન સાહિત્યમાં મોટું પ્રદાન છે.** *—સંપાદક*

ગુરુ ગૌતમસ્વામીને નિર્વાણ પામ્યાને ૨૫૦૦ વર્ષ થઈ ગયાં. ભગવાન મહાવીરના સમર્થ શિષ્ય અને પ્રથમ ગણધર ગૌતમસ્વામીનું નામ સમસ્ત જૈન સમાજ માટે અત્યંત પૂજનીય અને પ્રાતઃસ્મરણીય મનાય છે.

કેટલાક માણસો આજે પણ શુભ કામની શરૂઆત 'ॐ ह्रीँ श्रीं अरिहंत उवज्झाय गौतमाय नमः' એ મંત્ર બોલીને અથવા 'श्री गौतमस्वामीने नमः' કે 'श्री गौतम गणधराय नमः' ઇત્યાદિ બોલીને કરે છે. ગૌતમ નામનો મહિમા અપાર છે. દિવાળીના દિવસે શારદાપૂજન વખતે ચોપડાઓમાં વેપારીઓ 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ લખે છે. અને નૂતન વર્ષે વહેલી સવારે જૈન ધર્મસ્થાનકોમાં છેલ્લાં છસો વર્ષથી વિનયપ્રભ ઉપાધ્યાય–વિરચિત 'ગૌતમસ્વામીનો રાસ' નિયમિતપણે વંચાય છે. રાસ વાંચવાથી શીલવાન અને સંપત્તિવાન થવાય છે એવી દૃઢ શ્રદ્ધાયુક્ત માન્યતા જૈનોમાં પ્રવર્તે છે. આ રાસની રચના પાછળ એવી એક ઘટનાનો ઇતિહાસ રહેલો છે.

દરેક તીર્થંકર ભગવાનના સમયમાં તીર્થંકર ભગવાન પછી સૌથી મહત્ત્વની વ્યક્તિઓ તે તેમના ગણધરો હોય છે. જૈન માન્યતા પ્રમાણે તીર્થંકરો જે અર્થપૂર્ણ ઉપદેશ આપે છે તેને દ્વાદશાંગીમાં સૂત્રરૂપે ગૂંથી લેવાનું કામ ગણધરો કરે છે. એટલે જ કહેવાયું છે કે 'अत्थं भासइ अरहा सुत्तम गंथंति गणहरा'. આ સૂત્રો તે શાસ્ત્રો બને છે. ગણધરો પાસે વિશિષ્ટ પ્રકારની સર્વ શાસ્ત્રોનું સૂક્ષ્મ રીતે અવગાહન કરનારી ઔત્પાતિકી બુદ્ધિ હોય છે. એ વડે ભગવાને સૂત્રરૂપે આપેલા ઉપદેશનો ગણધરો અર્થવિસ્તાર કરે છે. એ સૂત્રોને જગતના કલ્યાણ માટે તેઓ જનસમાજ સુધી પહોંચાડે છે.

ભગવાન મહાવીરના અગિયાર ગણધરોમાં પ્રથમ અને મુખ્ય ગણધર તે ઇન્દ્રભૂતિ ગૌતમ. મગધદેશમાં ગોબ્બર નામના ગામમાં, ગૌતમ ગૌત્રમાં, જ્યેષ્ઠા નક્ષત્રમાં, પિતા વસુભૂતિ અને માતા

પૃથ્વીને ત્યાં તેમનો જન્મ થયો. માતાપિતા અત્યંત પુણ્યશાળી હતાં કારણ કે તેમના ત્રણે પુત્રો ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ ભગવાન મહાવીરના ગણધરો થયા.

ઇન્દ્રભૂતિ ગૌતમનો વ્યવસાય અધ્યાપનનો હતો. વેદવેદાંતના બહુશ્રુત અધ્યાપક તરીકે તેમની ઉજ્જ્વળ કારકિર્દી હતી. પાંચસો શિષ્યોનો તેમનો પરિવાર હતો. ઇન્દ્રભૂતિ પચાસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમી રહ્યા. પચાસમે વર્ષે તેમનું જીવનવહેણ બદલાયું.

ભગવાન મહાવીર બેતાલીસમે વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મધ્યમા પાવા નામે નગરીમાં પધાર્યા. દેવોએ તેમનો મહિમા વધારવા સમવસરણની રચના કરી. એ જ સમયે એ નગરીમાં સોમિલાચાર્ય નામના બ્રાહ્મણે મહાયજ્ઞ આરંભ્યો હતો. યજ્ઞમાં ભાગ લેવા ઇન્દ્રભૂતિ પોતાના બંને નાના ભાઈઓ સાથે ત્યાં પધાર્યા હતા. પ્રખર શાસ્ત્રજ્ઞાનના કારણે ઇન્દ્રભૂતિને યજ્ઞમાં વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું હતું. એ નગરીમાં દેવો પણ ભગવાન મહાવીરને વંદન કરવા પધાર્યા હતા. બ્રાહ્મણોને એ વાતનું આશ્ચર્ય થયું.

કંઈક કુતૂહલથી, વિદ્યાના કંઈક અભિમાનથી, ભગવાન મહાવીરનો શાસ્ત્રાર્થમાં પરાજય કરવાના ઉદ્દેશથી ઇન્દ્રભૂતિ સમવસરણમાં ગયા. તેમને આવતા જોઈને ભગવાને અત્યંત મધુર અને પ્રેમભરી વાણીમાં, તેમને નામથી સંબોધીને આવકાર્યા. એથી ઇન્દ્રભૂતિને આશ્ચર્ય થયું. વળી ભગવાને કહ્યું : 'હે ઇન્દ્રભૂતિ ! તમારા મનમાં શંકા છે કે જીવનું અસ્તિત્વ છે કે નહિ.' આ સાંભળી ઇન્દ્રભૂતિ વિચારમાં પડ્યા. તેમને થયું કે 'મેં મારા મનની શંકા કોઈને કહી નથી, તો આમને ક્યાંથી ખબર ?' ભગવાનની આ શક્તિ, આ જ્ઞાન અને વાત્સલ્યભર્યું વલણ જોઈ ઇન્દ્રભૂતિનું અભિમાન ઓગળવા લાગ્યું. ભગવાને મધુર વાણીથી અને દૃષ્ટાંતો આપીને ઇન્દ્રભૂતિની શંકાનું નિવારણ કર્યું. તેમણે કહ્યું કે 'હે ઇન્દ્રભૂતિ ! તમારા મનમાં શંકા છે કે જીવ પ્રત્યક્ષ પ્રમાણથી સાબિત થઈ શકે તેમ નથી. વળી જીવ વર્ણ, રૂપ, સ્પર્શ, ગંધ, સ્વાદરહિત છે. તેથી ઇન્દ્રિયગ્રાહ્ય પણ નથી. એટલે કે ઇન્દ્રિયોથી તેને અનુભવી શકાતો નથી. પરંતુ હે ગૌતમ ! નજરે વસ્તુ જોઈ શકાય નહિ અથવા પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઈ શકે નહિ તેથી તેનું અસ્તિત્વ જ નથી એમ કહી શકાય નહિ.'

વળી ભગવાને કહ્યું, 'હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! સંશયવિજ્ઞાનથી આત્માની સાબિતી થઈ શકે છે. જગતમાં બે પ્રકારના પદાર્થો છે : એક જડ અને બીજો ચેતન. શંકા કે સંશય થવાં, પ્રશ્નો થવા, સમજ પડવી, વિચાર આવવા તે જડનો નહિ પરંતુ ચેતનનો ગુણ છે. આત્મા ચેતન તત્ત્વ છે. તેથી જ્ઞાન આત્માથી અલગ નથી. તેથી જ જૈનદર્શન આત્માને જ્ઞાનમય, વિજ્ઞાનમય માને છે. જ્ઞાન એ જ આત્મા છે. જેને જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે તેના કાર્યથી, ચારિત્ર્યથી દેખાઈ આવે છે. વ્યક્તિ જ્ઞાની હોય તો જોનારને તેની સમજ પડે છે. તેથી જેને જ્ઞાન થાય છે તેણે આત્માનો સ્વીકાર પણ કરવો જોઈએ.'

'હે ગૌતમ ! અહં–પ્રત્યયથી જીવ પ્રત્યક્ષ છે. ત્રણે કાળની પ્રતીતિ શરીરને નહિ, પરંતુ આત્માને થાય છે. હું ગયો, હું જાઉં છું, હું જઈશ વગેરે વાક્યોમાં જે 'હું' છે, જેને ત્રણે કાળની પ્રતીતિ થાય છે, જેને અનુભવ થાય છે તે કોણ છે ? તે જ ચેતન છે. તે જ આત્મા છે. કોઈ એમ માને કે શરીરને પ્રતીતિ થાય છે તો તે બરાબર નથી; કારણ કે શબ પણ શરીર છે અને

શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી શબને પ્રતીતિ થતી નથી. તેમાં આત્મા હોય ત્યારે જ પ્રતીતિ થાય છે.'

'હે ગૌતમ ! ગુણોના પ્રત્યક્ષથી જીવનના અસ્તિત્વની ખાતરી થાય છે, એને ગુણગુણીભાવ કહી શકાય. ગુણ પ્રત્યક્ષ દેખાય છે કે અનુભવાય છે. એ ગુણ જેનામાં રહ્યો નથી તે ગુણી પણ પ્રત્યક્ષ ગણાય. ઇચ્છા, આનંદ, કરુણા વગેરે ગુણો કે લક્ષણો એ વ્યક્તિનો સ્વાનુભવ ગણાય. આ ગુણો ચેતન એવા આત્મામાં રહે છે. આથી ગુણોનો આધાર તે આત્મારૂપી ગુણી માનવો પડે. ગુણો પ્રત્યક્ષ દેખાય છે તો તેના આધાર આત્માને પણ પ્રત્યક્ષ માનવો પડે.'

'હે ગૌતમ ! અનુમાન પ્રમાણથી પણ આત્માને સાબિત કરી શકાય છે. કોઈ ચીજ તેની સાથે સંકળાયેલ પરિસ્થિતિ કે અન્ય વસ્તુ સાથે એકવાર જોઈ હોય તો માત્ર પરિસ્થિતિ કે અન્ય વસ્તુ પરથી મૂળ ચીજના અસ્તિત્વનું અનુમાન થઈ શકે. દા.ત. અગ્નિ અને તેમાંથી નીકળતો ધુમાડો સાથે જોયા હોય તો જ્યારે માત્ર ધુમાડો જોઈએ ત્યારે અનુમાન કરી શકાય કે સાથે અગ્નિ પણ હશે જ. પરંતુ તમને પ્રશ્ન થશે કે જો મૂળ વસ્તુ જોઈ જ ન હોય તો કેવી રીતે તેનું અનુમાન કરી શકાય ? આત્માને કદી જોયો જ ન હોય તો તેનું અનુમાન કેવી રીતે થઈ શકે ? પરંતુ હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! વિશ્વમાં જે કાંઈ ભોગ્ય પદાર્થો છે તેના ભોક્તા પણ હોય જ છે. શરીર ભોગ્ય છે તો તેનો ભોક્તા આત્મા છે તેમ સ્વીકારવું રહ્યું.'

ઇન્દ્રભૂતિ ગૌતમ વેદવેદાંતમાં પારંગત હતા, પરંતુ આત્મા સંબંધી તેમાં આવતાં પરસ્પર વિરોધી વિધાનોને કારણે તેમને આત્માના અસ્તિત્વ સંબંધી શંકા જન્મી હતી. કોઈ કહે આત્મા ક્ષણિક છે, તો કોઈ કહે તે નિત્ય છે. કોઈ કહે આત્મા એક છે, તો કોઈ કહે આત્મા અનંત છે. ભગવાન મહાવીરે કહ્યું, 'હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! વેદમાં આત્માને સઃ वै आत्मा ज्ञानमयः — આત્મા જ્ઞાનમય છે તેમ કહ્યું છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે, શરીરનો નહિ. જ્ઞાન પામવા માટે શરીર આત્માને સહાયક બની શકે; પરંતુ માત્ર જડ શરીરથી જ્ઞાનરૂપી ચૈતન્ય ઉત્પન્ન ન થાય. જેમ અગ્નિની સહાયથી સુવર્ણ તપીને પ્રવાહી બને, પરંતુ અગ્નિમાં પોતાનામાં પ્રવાહીપણું લાવી શકાય નહિ. વળી શરીર ખૂબ તાકાતવાળું હોય તો જ્ઞાન વધારે પ્રાપ્ત થાય એવું પણ નથી. દુર્બળ શરીરવાળી વ્યક્તિ પણ જ્ઞાની હોઈ શકે. તે જ રીતે મજબૂત શરીરવાળી વ્યક્તિ પણ જ્ઞાની કે અજ્ઞાની હોઈ શકે. આ સિદ્ધ કરી આપે છે કે આત્મા એ શરીરથી જુદો જ્ઞાનવંત—ચેતનવંત પદાર્થ છે.'

આમ વિવિધ દૃષ્ટાંતો અને દલીલો દ્વારા ભગવાન મહાવીરે આત્માના અસ્તિત્વને સિદ્ધ કરી દર્શાવ્યું. ઇન્દ્રભૂતિ ગૌતમને પણ સંતોષ થયો. એમની શંકાનું ઉચિત રીતે સમાધાન થયું.

આમ ભગવાનને જીતવા આવેલા ઇન્દ્રભૂતિ પોતે જિતાઈ ગયા. તેમણે ભગવાનનું શરણ સ્વીકાર્યું. પાંચસો શિષ્યો સાથે તેમણે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી અને તેઓ ભગવાનના પ્રથમ ગણધર થવાનું માન પામ્યા. તેમના પછી તેમના બે ભાઈઓ અગ્નિભૂતિ અને વાયુભૂતિ તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તેમની શંકાનું સમાધાન પણ ભગવાને કર્યું. તેમણે પણ પોતાના શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષા લીધી. એ પછી બીજા આઠ પંડિતો વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, અને પ્રભાસ ભગવાનને જીતવાની અપેક્ષાથી

આવ્યા. તેમને શંકાઓ અને પ્રશ્નો હતા. જીવ છે કે નહિ ? કર્મ છે કે નહિ ? શરીર એ જ જીવ છે ? આ ભવમાં જીવ છે તેવો જ પરભવમાં રહે કે બદલાય ? આ ઉપરાંત બંધ અને મોક્ષ, દેવ, નારક, પુણ્ય અને પાપ, પરલોક, નિર્વાણ વગેરે વિષે અગિયારે પંડિતોની શંકાનું સમાધાન ભગવાને સતર્ક દલીલો દ્વારા કર્યું.

આ બ્રાહ્મણ પંડિતો વેદવેદાંતના અભ્યાસી હતા; પરંતુ વેદોમાં કેટલાંક પરસ્પર વિરોધી વિધાનો હોવાને કારણે તેમને સ્પષ્ટતા થતી નહોતી એથી પંડિતોની મૂંઝવણ વધી હતી. ભગવાનની દલીલોની વિશેષતા એ હતી કે તેમણે વેદનાં વાક્યોનો આધાર લઈને જ તેમની શંકાઓનું સમાધાન કર્યું. વેદોનો અભ્યાસ અને પોતાના ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને કારણે બ્રાહ્મણ પંડિતોને એ દલીલો જલદી સમજાઈ ગઈ.

પંડિતોની શંકાનું સમાધાન અને શિષ્યો સહિત દીક્ષાનો આખોય પ્રસંગ આચાર્ય જિનભદ્ર ક્ષમાશ્રમણે આવશ્યક નિર્યુક્તિની બેતાલીસ ગાથામાં નિરૂપ્યો છે. એને 'ગણધરવાદ' કહેવામાં આવે છે. પર્યુષણના દિવસોમાં ઉપાશ્રયોમાં મહાવીર જન્મવાચના પછીના દિવસે ગણધરવાદ વંચાય છે. ગણધરવાદમાં જીવ, જીવન અને જગતને લગતા અત્યંત મહત્ત્વના આધ્યાત્મિક પ્રશ્નો ગૂંથવામાં આવ્યા છે.

એક જ દિવસમાં અગિયાર પંડિતોએ પોતાના કુલ ૪૪૦૦ શિષ્યો સહિત ભગવાન પાસે દીક્ષા લીધી. એ દિવસોમાં બનેલો આ પ્રસંગ ધાર્મિક અને સામાજિક દૃષ્ટિએ એક ક્રાંતિકારી ઘટના ગણાય. ભારતના બ્રાહ્મણ વિદ્વાનોમાં અગ્રગણ્ય એવા અગિયાર પંડિતો પોતાના સર્વ શિષ્યો સાથે શ્રમણ બને તે અનોખો બનાવ ગણાય. ભગવાન પાસે દીક્ષા લઈને ઇન્દ્રભૂતિ ગૌતમ શ્રમણ–બ્રાહ્મણ પરંપરાની વચ્ચે સેતુરૂપ બન્યા.

ગૌતમવામીનો જ્ઞાનરૂપી આંતરવૈભવ જેમ વિપુલ હતો તેમ તેમનું બાહ્ય વ્યક્તિત્વ પણ ગૌરવશાળી અને અત્યંત તેજસ્વી હતું. સુવર્ણ જેવા વર્ણવાળો, કાંતિમાન, સાત હાથ ઊંચો, સમચોરસ સંસ્થાનવાળો અને વજ્રઋષભનારાચસંઘયણયુક્ત તેમનો દેહ હતો.

ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી ગુરુ-શિષ્યની જોડી એક આદર્શ જોડી હતી. ભગવાન કરતાં ગૌતમસ્વામી આઠ વર્ષ મોટા હતા. ભગવાન પાસે એમણે દીક્ષા લીધી ત્યારે ભગવાન બેતાલીસ વર્ષના અને ઇન્દ્રભૂતિ પચાસ વર્ષના હતા. આઠ વર્ષ મોટા છતાં ગૌતમસ્વામી ખૂબ આજ્ઞાંકિત અને વિનમ્ર હતા. રાતદિવસ તેઓ ગુરુનો જ વિચાર કરતા અને તેમની સેવામાં જ સાર્થકતા માનતા. વિનયના તો તેઓ ભંડાર હતા. ભગવાન પ્રત્યેનો તેમનો વિનય અદ્‌ભુત હતો. કોઈ પણ કામ કરતાં પહેલાં તેઓ ભગવાનની અનુજ્ઞા લેતા. ભગવાનની સેવા બરાબર થાય અને તેમનાથી જુદાં રહેવું ન પડે તે માટે તેઓ ઘણીવાર બે ઉપવાસ પર પારણું કરતા, જેથી ગોચરી વહોરવા જવા જેટલી જુદાઈ પણ સહન કરવી ન પડે. ગૌતમસ્વામી સ્વાવલંબી હતા. અનેક શિષ્યોનો પરિવાર હતો, છતાં પોતાની ગોચરી પોતે જ વહોરવા જતા. આહારમાં પણ જે કંઈ મળે તે લઈ જલદી ઉપાશ્રયમાં આવી જતા. આવીને ગુરુની આજ્ઞા લઈ પોતાનાથી નાના ગુરુભાઈઓને અને શિષ્યોને બોલાવી તેમને જોઈતી વસ્તુ આપી પછી જ પોતે વાપરતા.

તેઓ પોતાની દિનચર્યાને ચુસ્ત રીતે પાળતા હતા. એક દિવસ અને રાત્રીના મળીને આઠ

પ્રહરમાંથી ચાર પ્રહર અધ્યયન તેઓ કરતા; બે પ્રહર ધ્યાન ધરતા; માત્ર એક પ્રહર નિદ્રા લેતા અને એક પ્રહર ગોચરી અને અન્ય આવશ્યક કાર્યો માટે રાખતા. તેમણે જ્ઞાન અને ક્રિયાના સમન્વયનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું. તેમના જીવન દરમ્યાન અને પછી પણ સાધુસંતો માટે ગૌતમસ્વામીની ગુરુભક્તિ અને દિનચર્યા દૃષ્ટાંતરૂપ બની રહ્યાં છે. આ વર્તમાનકાળ સુધી એવી પરંપરા ચાલી આવી છે કે સાધુ-સંતો ગોચરી વહોરવા કે અન્ય કામે બહાર જાય ત્યારે ગૌતમસ્વામીનું સ્મરણ કરીને નીકળે. મોટી તપશ્ચર્યાઓ કરવાના કારણે ગૌતમસ્વામી ઘોર તપસ્વી કહેવાતા. મન, વચન અને કાયાથી અખંડ બ્રહ્મચર્ય પાળતા હોવાથી ઊર્ધ્વરેતા બ્રહ્મચારી કહેવાતા. તેમની જ્ઞાનની આરાધના અત્યંત પ્રખર હતી. ભગવાન મહાવીરને પહેલીવાર મળ્યા એ વખતે તેમને ચૌદ વિદ્યાનું જ્ઞાન તો હતું જ; પરંતુ ભગવાનના શિષ્ય બન્યા પછી તેઓ ચૌદ પૂર્વધર પણ થયા. એમણે દ્વાદશાંગીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને શાસ્ત્રો રચ્યાં.

શાસ્ત્રોના આવા પ્રખર જ્ઞાતા હોવા છતાં શંકાનું સમાધાન કરવા તેઓ સમવસરણમાં ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછતા. જૈન આગમોમાં મહાવીરસ્વામી અને ગૌતમસ્વામીના સવાલ-જવાબનું અનોખું મહત્ત્વ છે. માણસને સાચા પ્રશ્નો થાય તે એની જિજ્ઞાસાની, ચિંતનશીલતાની, જાગૃતિની નિશાની છે. તેમાંયે સમર્થ અને ચારિત્ર્યશીલ વિદ્વાન વ્યક્તિને પ્રશ્નો થાય અને તેનાથી વધુ સમર્થ અને અધિકારી વ્યક્તિ દ્વારા તેનું નિરાકરણ થાય તો એમાંથી માનવજાતના કલ્યાણ માટેનું શાસ્ત્ર જન્મે છે. ભગવાન બુદ્ધ અને આનંદ, શ્રીકૃષ્ણ અને અર્જુનના સવાલ-જવાબમાં પણ તત્ત્વ-ગવેષણા થઈ છે. પાશ્ચાત્ય સાહિત્યમાં પણ એવાં સુંદર દૃષ્ટાંતો મળે છે. ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી વચ્ચેના આ સવાલ-જવાબમાં ચર્ચાયેલા પ્રશ્નો અતિ મહત્ત્વના છે. તેમાં નાનામાં નાની અને સામાન્ય માનવીને મૂંઝવતી નજીવી શંકાઓ હોય છે, તો સમર્થ સાધકોના મનમાં ઊઠતા મહત્ત્વના પ્રશ્નો પણ હોય છે. આ પ્રશ્નો અને તેના સમાધાનમાંથી માનવજાત માટે ચારિત્ર્યઘડતરની મૂલ્યવાન અને મહત્ત્વની સામગ્રી મળી રહે છે. માનવીને મૂંઝવતા ઘણા પાયાના પ્રશ્નો સહેલાઈથી હલ કરી શકાય છે.

ગૌતમસ્વામીની અસાધારણ શક્તિનો ખ્યાલ કરતાં સામાન્ય રીતે આપણને કદાચ એવો એક વિચાર આવે કે તેઓ વિદ્વાન બ્રાહ્મણ તો હતા જ. દીક્ષા લીધા પછી પણ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન ધરાવતા હતા. આવા સમર્થ જ્ઞાની કેટલાય સવાલોના જવાબો એ જાણતા હોવા જોઈએ. તો પછી ભગવાનને કેટલાક સામાન્ય સવાલો પૂછવાની જરૂર શી ? તેનું કારણ એ છે કે તેઓ ભગવાનના અનન્ય શ્રદ્ધાળુ અને વિનયી શિષ્ય હતા. પોતાની નહિ પણ ભગવાનની વાણી લોકો સુધી પહોંચે, વળી ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે લોકો એ જવાબ જલદી સ્વીકારે તે માટે ભગવાનને પ્રશ્નો પૂછી જવાબ મેળવતા. તેમના આ કાર્યમાં ગુરુ પ્રત્યેનો વિનય અને લોકોના કલ્યાણનો ભાવ રહેલો જોવા મળે છે. 'આગમસૂત્ર'માં પણ કહેવામાં આવ્યું છે :

**नमिउण तित्थनाहं जाणंतो तह य गोयमो भयव ।**
**अवुहाण बोहणत्थं धम्माधम्मं फलं पूच्छे ॥**

માત્ર પોતાના માટે જ નહિ, અબૂધ અને અજ્ઞાન લોકોને પણ બોધ મળી રહે તે માટે તેમણે ભગવાનને અનેક પ્રશ્નો પૂછ્યા. સામાન્ય માણસને તત્ત્વબોધ કરતાં જીવનની ચડતી-પડતી

અને સુખદુ:ખના પ્રશ્નો વિશેષ થતા હોય છે. ગૌતમસ્વામીએ પણ સામાન્ય જિજ્ઞાસુને ધ્યાનમાં રાખીને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા.

કવિ વિનયપ્રભ કહે છે :

**'સમવસરણ મઝાર, જે જે સંસા ઉપજે,**
**તે તે પર ઉપગાર, કારણ પૂછે મુનિપવરો.'**

ગૌતમસ્વામીની પ્રશ્નો પૂછવાની રીત પણ અનોખી હતી. અતિ નમ્ર બનીને અને સવાલનાં બધાં પાસાં આવરી લેવાય તેવી રીતે તેઓ પ્રશ્નો પૂછતા. પ્રશ્નની શરૂઆતમાં 'भन्ते' એમ વિનયપૂર્વક સંબોધન કરતા. ભગવાન પણ અત્યંત વત્સલ રીતે 'हे गोयम!' અથવા તો 'गोयमा' એમ સંબોધીને જવાબ આપતા. 'भन्ते' શબ્દ આદરસૂચક છે, અને 'गोयम' વાત્સલ્યસૂચક છે. ઉત્તર મળતાં ગૌતમસ્વામી સંતોષ વ્યક્ત કરતા અને બોલતા 'सेयं भन्ते, सेयं भन्ते, तहमेव भन्ते, अवितह भन्ते'–(ભગવાન, આપ જે કહો છો તેમ જ છે. તે જ સત્ય છે.)

ભગવાન મહાવીરસ્વામી પણ ગમે તેવા કઠિન વિષયને બુદ્ધિગમ્ય રીતે અને દૃષ્ટાંતો આપીને સમજાવતા.

ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી વચ્ચેનો સંવાદ એની અનોખી ગુણવત્તાને કારણે સૂત્રરૂપે લોકોમાં ખૂબ આદર પામ્યો. લોકો એને ભાવપૂર્વક પૂજતા. સૌથી વધુ પ્રશ્નોત્તર 'ભગવતીસૂત્ર'માં સચવાયા છે. મધ્યકાળમાં પેથડશા નામના મંત્રીએ 'ભગવતીસૂત્ર'ને સોનાની શાહીથી લખાવ્યું અને તેમાં જેટલી વાર 'હે ગૌતમ!' એવું સંબોધન આવે એટલી વાર 'ગૌતમ' નામ પર સોનામહોર મૂકી તેનું પૂજન કરવાનો સંકલ્પ કર્યો હતો. આ રીતે લગભગ છત્રીસ હજાર સોનામહોરો મૂકીને એમણે ભાવોલ્લાસપૂર્વક પૂજન કર્યું હતું. આવો અનોખો મહિમા છે 'ગૌતમ' નામનો.

સમગ્ર આગમ સાહિત્યમાં ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીનો સંવાદ અત્યંત મહત્ત્વનું અંગ બની ગયો છે. સેંકડો કઠિન પારિભાષિક પ્રશ્નોના ઉત્તરો તેમાં સમાયેલા છે. મુખ્યત્વે ભગવતી સૂત્રનો મોટો ભાગ, ઉત્તરાધ્યયનસૂત્ર, ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, વિપાકસૂત્ર, રાયપસેણીય વગેરે આગમોમાં સવાલ-જવાબ સચવાય છે. ભગવતીસૂત્રના આધારે જાણી શકાય છે કે ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી માત્ર એક ભવના નહિ પરંતુ અનેક ભવના સાથી હતા. દરેક ભવે ગૌતમસ્વામીએ ભગવાનની કોઈ ને કોઈ સ્વરૂપે સેવા કરી છે.

ગૌતમસ્વામીમાં અપાર નમ્રતા હતી. પોતાની ભૂલ પોતાનાથી નાના માણસો પાસે કબૂલ કરવામાં તેઓ પાછી પાની કરતા નહિ. વાણિજ્યગ્રામમાં અવધિજ્ઞાની આનંદ શ્રાવકની અવધિજ્ઞાન વિષેની મર્યાદાની વાતમાં એમને શંકા થઈ, પરંતુ ભગવાન મહાવીરે જેવું કહ્યું કે આનંદ સાચા છે કે તરત જ ગણધરપદે પહોંચેલા ગૌતમસ્વામી તેમની ક્ષમા માગવા ગયા હતા.

ગૌતમસ્વામી ભગવાન મહાવીરના સંદેશવાહક હતા. અવધિજ્ઞાની મહાશતકે પોતાની દુરાચારિણી પત્ની રેવતીને સાચાં પરંતુ અપ્રિય વચનો કહ્યાં હતાં. એક ધર્મારાધક અને અવધિજ્ઞાનીને ન શોભે એવી એ ઘટના હતી. એ પ્રસંગે ભગવાન મહાવીરસ્વામીની આજ્ઞાથી ગૌતમસ્વામી મહાશતક પાસે ગયા. તેમની ભૂલ સમજાવી અને તેમની પાસે પ્રાયશ્ચિત્ત કરાવી તેમને દોષમાંથી ઉગાર્યા.

અતિ ઉગ્ર તપ, ઉત્તમોત્તમ ભાવ અને ધ્યાનને કારણે ગૌતમસ્વામીને કેટલીક લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. લબ્ધિ એટલે આત્માની અદ્‌ભુત ચમત્કારિક શક્તિ.

ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નહોતું. ભગવાન મહાવીરે જ્યારે કહ્યું કે જે વ્યક્તિ અષ્ટાપદ પર જઈ જિનબિંબનાં દર્શન કરે તેને કેવળજ્ઞાન જલદી પ્રાપ્ત થાય. ગૌતમસ્વામીએ આ પ્રસંગે અષ્ટાપદ તીર્થ પર જવા માટે તેમની બે લબ્ધિઓનો–જંઘાચારણ લબ્ધિનો અને અક્ષીણમહાનસી લબ્ધિનો–ઉપયોગ કર્યો. જંઘાચારણલબ્ધિ એટલે ધારેલી જગ્યાએ જલદી પહોંચવાની પગની શક્તિ. એ શક્તિથી તેઓ અષ્ટાપદ પર્વતની તળેટીમાં પહોંચ્યા અને સૂર્યકિરણ પકડીને પર્વતના શિખર ઉપર ચડી ગયા. ત્યાં તીર્થંકર ભગવાનની પ્રતિમાઓનાં દર્શન કર્યાં. તેઓ જ્યારે નીચે ઊતરતા હતા ત્યારે તેમણે અષ્ટાપદ પર ચડવાને ઘણો પરિશ્રમ કરતા પણ સફળ ન થતા એવા ૧૫૦૩ તાપસોને જોયા. કોડિન્ન નામના તાપસે ૫૦૦ શિષ્યો સાથે ઉપવાસના પારણે ઉપવાસ કરીને, દિન્ન નામના તાપસે ૫૦૦ શિષ્યો સાથે છઠ્ઠના પારણે છઠ્ઠ કરીને, શેવાળ નામના તાપસે ૫૦૦ શિષ્યો સાથે અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરીને અષ્ટાપદ પર પહોંચવાનો પ્રયત્ન કર્યો. પરંતુ થોડે થોડે અંતરે જઈ તે સહુ અટકી જતા. શેવાળ અને તેના શિષ્યો પણ સફળતા પામ્યા નહિ. તેઓ સૌએ શરીરે પુષ્ટ અને તેજસ્વી એવા ગૌતમસ્વામીને દર્શન કરીને પાછા આવતા જોયા. તેમની શક્તિથી પ્રભાવિત થઈને તે સહુ તાપસોએ તેમની પાસે દીક્ષા લીધી અને તેમના શિષ્ય બન્યા. ૧૫૦૩ તાપસોને ઉપવાસનું પારણું કરાવવા એક પાત્રમાં ગૌતમસ્વામી ખીર લઈ આવ્યા. ખીર થોડી હતી એટલે એટલી ખીર સહુને પહોંચે એ માટે એમણે અક્ષીણમહાનસી લબ્ધિનો ઉપયોગ કર્યો. તેમણે પોતાનો અમૃતઝરતો અંગૂઠો ખીરના પાત્રમાં મૂક્યો. એથી પાત્રમાંથી ખીર ખૂટી નહિ અને સહુ તાપસોએ સંતોષપૂર્વક પારણું કર્યું. તેથી જ ગૌતમસ્વામીનો મહિમા દર્શાવવા ગવાતું આવ્યું છે–

**'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંગાર;**
**શ્રી ગુરુ ગૌતમને સમરીએ, વાંછિત ફળ દાતાર.'**

અષ્ટાપદજીની યાત્રાના પ્રસંગને સાંકેતિક રીતે ઘટાવીએ તો આ રીતે સમજી શકાય : અષ્ટાપદજી એટલે આઠ પદ. જૈનશાસ્ત્ર પ્રમાણે જે વ્યક્તિને કેવલજ્ઞાન–અનંત કે અનાવરણ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેણે ૧૩મા ગુણસ્થાનકે પહોંચવું જોઈએ. તેરમા ગુણસ્થાનકે પહોંચનાર વ્યક્તિ તે સયોગી કેવળી. ચૌદમા ગુણસ્થાને પહોંચનાર વ્યક્તિ તે અયોગી કેવળી. ચૌદ ગુણસ્થાન એટલે જૈન પરિભાષા પ્રમાણે સંપૂર્ણ આત્માવિકાસનાં ચૌદ પગથિયાં અથવા ચૌદ તબક્કા. ચૌદ ગુણસ્થાનમાં આઠમા ગુણસ્થાનનું નામ છે અપૂર્વકરણ. એ ગુણસ્થાને પહોંચતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મો ઘણાં જ પાતળાં પડવા લાગે છે. તેથી આત્મા અલૌકિક શાંતિ અનુભવે છે. તેને વીતરાગપણાની ઝાંખી થવા લાગે છે. આ ગુણસ્થાને પહોંચવા માટે જ્ઞાનની જરૂર પડે છે. જ્ઞાનની સહાય વડે જ કર્મો હળવાં થવા લાગે છે, અને ઉત્તરોત્તર એનો ક્ષય થવા લાગે છે. ગૌતમસ્વામી સૂર્યકિરણ પકડીને અષ્ટાપદ પર પહોંચ્યા અને ત્યાં તેમણે વીતરાગ પ્રભુની પ્રતિમાઓનાં દર્શન કર્યાં. શાસ્ત્રમાં જ્ઞાનને સૂર્ય સાથે સરખાવ્યું છે. સૂર્ય કરતાં પણ જ્ઞાનની શક્તિ ઘણી ચડિયાતી છે. ગૌતમસ્વામી સૂર્યકિરણ પકડીને એટલે કે જ્ઞાનને સહારે દોષો, કર્મો દૂર કરતાં કરતાં ક્રમશઃ આત્મશુદ્ધિ કરતાં કરતાં અષ્ટાપદ ઉપર પહોંચ્યા, એમ ઘટાવી શકાય. તેમને અપૂર્વ આનંદ થયો. આમ અષ્ટાપદજી એટલે માત્ર સ્થૂળ પર્વત જ નહિ પરંતુ

આત્મશુદ્ધિ તરફ ગતિ કરનારી, આત્માને અપૂર્વ ઉલ્લાસ આપનારી ઉત્કૃષ્ટ ભૂમિકા. પંદરસો ને ત્રણ તાપસો તપ કરવા છતાં અષ્ટાપદ પર ચડી ન શક્યા તેનો અર્થ એમ ઘટાવી શકાય કે માત્ર શુષ્ક બાહ્ય તપથી આત્મશુદ્ધિ ન થાય, પરંતુ તપની સાથે ભાવ, જ્ઞાન અને ધ્યાન હોય તો જ આત્મશુદ્ધિ તરફ ઝડપથી ગતિ કરી શકાય.

એક પાત્રમાં અંગૂઠો મૂકીને ગૌતમસ્વામીએ ૧૫૦૩ તાપસોને ખીરનું પારણું કરાવ્યું. અહીં પાત્ર એટલે હૃદય, ખીર એટલે આધ્યાત્મિક ભાવ અથવા આધ્યાત્મિકતાનો ઉપદેશ. અક્ષીણમહાનસી લબ્ધિ એટલે રાંધેલો ખોરાક ખૂટે નહિ. લક્ષણાથી એનો અર્થ પ્રખર સાધના અથવા ઉત્તમ આધ્યાત્મિક ભાવ એવો લેવાય કે જે જેમાં કદીયે ઓટ કે ઊણપ ન આવે. ગૌતમસ્વામીના રાસમાં પણ એવી પંક્તિઓ આવે છે, જે આ અર્થનું સમર્થન કરે છે. તે પંક્તિઓ છે :

**'ગોયમ એકણ પાત્ર, કરાવઈ પારણું સવ્વે,**
**પંચાસયા શુભ ભાવ, ભરિયો ઉજજ્વલ ખીરમીસે;**
**સાચા ગુરુ સંજોગ કવલ તે કેવળરૂપ હુઓ.'**

ગૌતમસ્વામીએ ખીરને નિમિત્તે તાપસોમાં શુભભાવ જગાડ્યો. એમણે માત્ર પેટની નહિ, હૈયાની પણ ભૂખ ભાંગી. 'કવલ તે કેવળરૂપ હુઓ' એટલે કે ખીરનો કોળિયો કેવળજ્ઞાનનું નિમિત્ત બન્યો. એ ભાવ એટલી ઉત્કૃષ્ટ કોટીએ પહોંચ્યો કે કેવળજ્ઞાન પ્રગટ્યું. આ રીતે આખાયે પ્રસંગને સૂક્ષ્મ આધ્યાત્મિક અનુભૂતિ તરીકે ઓળખાવી શકાય.

ગૌતમસ્વામીના અનેક શિષ્યોને કેવળજ્ઞાન થયું, પણ ગૌતમસ્વામીને થતું ન હતું તેનું કારણ ભગવાન પ્રત્યેનો એમનો સૂક્ષ્મ રાગ હતો. જોકે આ રાગ પ્રશસ્ત રાગ હતો, પરંતુ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાયરૂપ હતો. તેમની મહેચ્છા હતી ભગવાનનો સંદેશ જનસમાજ સુધી પહોંચાડવાની. આ પણ સૂક્ષ્મ રાગનું જ પરિણામ હતું. આ કામ માટે તેમણે પ્રબળ પુરુષાર્થ કર્યો પણ રાગમુક્તિ માટે જોઈતો પુરુષાર્થ થયો નહિ.. આનું આડકતરું પણ શુભ પરિણામ એ આવ્યું કે સમગ્ર શ્રુત સાહિત્ય સર્જાયું. સમય જતાં ભગવાનની વાણી ગ્રંથસ્થ થઈ અને તેમનો સંદેશો વિશ્વવ્યાપી બન્યો.

આવા સમર્થ અને નિષ્ઠાવાન શિષ્યને ભગવાને પ્રમાદ તજી રાગમુક્ત થવા વારંવાર કહ્યું હતું. એમણે સાથે ધરપત પણ આપી કે 'હે ગૌતમ ! છેલ્લે જઈ આપણ સહી હોસુ તુલ્લા બેઉ' એટલે કે જીવનને અંતે આપણે બંને સિદ્ધસ્વરૂપી જીવનમુક્ત થઈશું, આ એક આદર્શ ભાવના છે. સામાન્ય રીતે લૌકિક ગુરુ પોતાના શિષ્યને આશીર્વાદ આપે ત્યારે સારા ભક્ત થવા માટે આપે, પરંતુ અહીં તો ગુરુ શિષ્યને પોતાની જેમ જીવનમુક્ત થવાનો પુરુષાર્થ કરવા પ્રેરે છે. તેમનામાં શ્રદ્ધા પ્રગટાવે છે કે 'હે ગૌતમ ! છેવટે તો તું પણ મારા જેવો જ સિદ્ધ થઈશ.'

'નમુથ્થુણં–શક્રસ્તવ' સૂત્રમાં ભગવાનનાં વિશેષણોમાં એક એક વિશેષણ 'જીનાણં જાવયાણં' પણ છે. તેનો અર્થ એ થાય છે કે ભગવાન પોતે જીતે છે અને બીજાને જીતવામાં મદદ કરે છે. સામાન્ય રીતે જે જીતે તે બીજાને હરાવીને જીતે; પરંતુ ભગવાન પોતે બીજાને હરાવ્યા વિના જીતે છે અને બીજાને પણ જિતાડે છે. પ્રત્યેક પુરુષાર્થી આત્મામાં વીતરાગ–જીવનમુક્ત થવાનું સામર્થ્ય હોય છે. પરંતુ કોઈ સુયોગ્ય વ્યક્તિ પાસેથી પ્રેરણા

મળવી તે સુભાગ્યની વાત છે. ભગવાનના વચનમાં ગૌતમસ્વામીને અપાર શ્રદ્ધા હતી. પોતાનો અંતકાળ નજીક છે તે જાણીને ભગવાને ગૌતમસ્વામીને દેવશર્માને પ્રતિબોધ પમાડવાને બહાને પોતાનાથી દૂર રાખ્યા જેથી તેઓ રાગમુક્ત થાય. ભગવાન નિર્વાણ પામ્યા. દેવશર્મા પાસેથી પાછા ફરતાં ગૌતમસ્વામીએ નિર્વાણના સમાચાર જાણ્યા ત્યારે તેમને જબરજસ્ત આઘાત લાગ્યો. તેઓ હૃદયભેદક વિલાપ કરવા લાગ્યા અને ભગવાનને સંબોધીને બોલવા લાગ્યા, 'હે વીર પ્રભુ! હવે હું કોને પ્રણામ કરીશ? મારા મનનું સમાધાન કોણ કરશે? મને 'ગોયમા' કહીને વાત્સલ્યભાવથી કોણ બોલાવશે?' વિલાપ કરતાં કરતાં તેઓ શુભ વિચારધારાએ ચડે છે કે : 'ભગવાન તો વીતરાગી હતા, તેમને પોતાના શિષ્ય પ્રત્યે રાગ શાથી હોય? મને તેમનાથી દૂર રાખ્યો તેની પાછળ પણ કોઈ આશય હોવો જોઈએ. માટે મારે પણ રાગ છોડવો જોઈએ'—આમ વિચારતાં તેમનાં રહ્યાંસહ્યાં કર્મબંધન તૂટ્યાં. આસો વદ અમાસની રાતે ભગવાન નિર્વાણ પામ્યા. કારતક સુદ એકમને દિવસે એટલે કે બેસતા વર્ષે વહેલી સવારે ગૌતમસ્વામીને એંશી વર્ષની ઉમ્મરે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યાર પછી બાર વર્ષ સુધી કેવળી તરીકે તેઓ વિચર્યા અને ઉપદેશ આપી અનેકનું કલ્યાણ કર્યું. બાણું વર્ષની વયે તેઓ નિર્વાણ પામ્યા.

ગૌતમસ્વામી વિષે રાસ, છંદ, અષ્ટક, સજ્ઝાય, સ્તવન વગેરે પ્રકારની વિવિધ રચનાઓ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં થયેલી છે, અને જુદે જુદે સમયે તેના પાઠનો મહિમા મનાય છે.

ગૌતમસ્વામીના નામનો ભારે મહિમા છે. કોઈ પણ આપત્તિને દૂર કરવા લાવણ્યસમયરચિત 'ગૌતમસ્વામીનો છંદ' બોલવાનો જૈનોમાં મહિમા છે. ગૌતમસ્વામીનું નામ લેવાથી, ગૌતમસ્વામીનું ધ્યાન ધરવાથી વિઘ્નો દૂર થાય છે. વેરીઓ મિત્રો બને છે, ભૌતિક સમૃદ્ધિ વધે છે, એ બધું તો ખરું; પરંતુ એમના નામનો મોટો અને મુખ્ય મહિમા તો આત્મજાગૃતિનો છે.

ભગવાને ગૌતમસ્વામીને ઉપદેશ આપતાં વારંવાર કહ્યું છે : 'समयं गौयम! मा पमायए।' હે ગૌતમ, સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ. અહીં 'સમય' શબ્દ માત્ર વખતના અર્થમાં નથી. જૈમ પરિભાષા પ્રમાણે તેનો અર્થ થાય છે કાળનું સૂક્ષ્મતમ એકમ, આંખના પલકારામાં જે સમય જાય તેનો આઠમા ભાગથી પણ વધુ નાનો ભાગ તે 'સમય.' આટલા અલ્પતમ સમય માટે પણ પ્રમાદ કરવો નહિ.

પ્રમાદ હોય તો જીવન નિષ્ફળ બને. મહાભારતમાં પણ કહ્યું છે, પ્રમાદ એટલે મૃત્યુ અને અપ્રમાદ એટલે અમૃતત્વ. ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરના સંદેશવાહક બની મહાવીરવાણી દ્વારા આ અમૃતત્વનો ઉપદેશ આપ્યો છે. અમૃત માત્ર તેના અંગૂઠામાં જ નહોતું, તેમના સમગ્ર અસ્તિત્વમાં હતું. ભગવાનની ત્રિપદી પરથી તેમણે રચેલું સમગ્ર શાસ્ત્ર અમૃતરૂપ છે. જે વ્યક્તિ પ્રમાદ છોડી જાગ્રત બની જીવનમાં આ સંદેશ ઉતારે છે તે અમૃતત્વ તરફ ગતિ કરે છે.

*

# તે ગુરુ ગૌતમ સમરીએ

## [શ્રી ગૌતમસ્વામીની ગૌરવગાથા]

—ગચ્છાધિપતિ પૂ. જયઘોષસૂરિજી મ. સા.ના પ્રશિષ્ય મુનિ જયદર્શનવિજય

ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની કૃપાથી પ્રોત્સાહન પામેલ પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. કલમના કસબી છે. તેઓનાં લખાણોમાં કથાનકોના ઊંડાણ સુધીનું ખેડાણ તથા રહસ્યો સુધી પહોંચવાનો પુણ્ય પુરુષાર્થ ઝલકાય છે.

સ્વ-પર કલ્યાણ માટે સાહિત્યને માધ્યમ બનાવી લોકભોગ્ય ભાષામાં રચાતી નાની પણ નવનવી વાર્તાઓ, પ્રાચીન તથા અર્વાચીન ગુણવાનોની અનુમોદના તથા સ્વાધ્યાયશીલ સ્વભાવથી સહજાનંદની સ્થિતિ તરફ વિદ્વદ્ મુનિરાજની આ કૃતિ ગૌતમસ્વામીની અનેરી ઓળખ અલંકૃત ભાષામાં કરાવે છે, જે ખાસ અવગાહવા જેવી છે. આવાં જ સુંદર સર્જનો કરી સૌની અપેક્ષાઓ પૂરવામાં તેઓશ્રીને સફળતા સાંપડે તેવી શાસનદેવને અભ્યર્થના. —સંપાદક

**તે** તેજસ્વી, ઓજસ્વી ને તપસ્વી, રૂપવાન, બુદ્ધિમાન ને ગુણવાન. આવા કેટલાય ત્રિપદો રૂપી ત્રિવેણીસંગમ જેવા જંગમતીર્થ = અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી. જન્મ સાથે જ જાણે જેમનામાં ગુપ્ત-પ્રગટ રૂપે લબ્ધિઓ-સિદ્ધિઓ પ્રગટી ગઈ હતી. પ્રભુ મહાવીરના પરમ વિનેય ગણધર ગૌતમસ્વામી પરમાત્માના પરમ શિષ્ય, પણ ગુરુ તો ઘણાય જીવાત્માઓના થઈ ગયા. તેઓશ્રીના જીવન-કવનનું નિરીક્ષણ કરીએ તો અનેક આશ્ચર્યકારી ઘટનાઓની ઘટમાળ મન-મગજમાં તરવર્યા વગર ન રહે. માટે જ તો બેસતા વરસના પ્રથમ પ્રભાતે ગુરુના ગુરુ ગૌતમ ગણધરનું નામ સૌના જીભ-જિગરમાં આજે પણ ગાજે છે, એટલું જ નહિ, વેપારીઓના ચોપડે પણ સૌથી ગરવા સ્થાને "ગૌતસ્વામીની લબ્ધિ હોજો." એ વાક્ય ગુરુવર્યનું ગૌરવ વધારતું હાલમાં પણ લખાય છે.

તો ચાલો ૯૨ વર્ષની જિંદગી જીવી જનાર ગૌતમપ્રભુની પ્રભુતા પામવા પાનાં ઉથલાવીએ ઇતિહાસનાં.

**ગુ** —ગુલાબગોટા જેવા બાળકનો જન્મ ગોબરગામમાં બ્રાહ્મણ કુળમાં વસુભૂતિ તથા પૃથ્વીદેવી નામનાં માતા-પિતાના પનોતા પુત્રરૂપે થયો. નામ પાડવામાં આવ્યું ઇન્દ્રભૂતિ. તે પછી અગ્નિભૂતિ અને વાયુભૂતિ એમ બે નાના ભાંડુઓ પણ થયા, પણ ત્રણેય બંધુઓમાં બધાયથી ચડી જાય તેવું આકર્ષણ ઇન્દ્રભૂતિમાં સમાયું હતું, કારણ કે આગલા ભવોની ભવ્ય ને ભેદી

સાધનાઆરાધનાઓનાં સંચિત ફળોને ભોગવવા છેલ્લો ભવ ભગવાન મહાવીરના સમકાળે સાંપડી ગયો હતો. લાડકવાયો બાલકુમાર નિશાળે તો નિમિત્ત લઈ ભણવા બેઠો, પણ જોતજોતામાં મેધાશક્તિનો માલિક તે ચાર વેદ, ચૌદ વિદ્યા ઉપરાંત અન્ય ધર્મોનાં શાસ્ત્રોનો શાસ્ત્રી બની બેઠો. બાળક-કિશોર મટી યુવાન બન્યો પણ દીવાની યુવાનીની યુવાશક્તિને બાલિશવેડા વિલાસમાં બાળી ન નાખી, બ્રહ્મચર્યની બ્રહ્મ-બાહોશીમાં વાળી. કદાચ તેથી જ તેઓ સોમિલ બ્રાહ્મણે બોલાવેલા ૧૧–૧૧ પંડિતોમાં પચાસ વયની વચલી દશામાં પણ સાવ જુવાન જેવા ઝળહળતા હતા, અને તે યજ્ઞમાં પોતાના પાંચસો શિષ્યો સાથે પધાર્યા હતા.

**રુ** —રુઆબી રફતારથી તેજ ઇન્દ્રભૂતિ પરમાત્મા વીરને વાંદવા નહિ પણ વાદવા ગયા, પણ સરળતાની એ સૌમ્યમૂર્તિને પોતાની શંકા કે જીવ છે કે નહિ—નું નવલું સમાધાન શ્રીવીરના શ્રીમુખે મળતાં જ માન મૂકી મનને મહાવીરશરણે સમર્પિત કરી દીધું. આ સમર્પણે વિનયગુણ ખીલવી દીધો ને તેથી પરમ વિનેય બની વિવિધ વિદ્યાના વેધક શાસ્ત્રી બની ગયા. કેવું હશે તેમનું પુનિત સૌભાગ્ય કે પ્રભુ પરમાત્મા પણ કેવળજ્ઞાન સંપ્રાપ્ત કરી છેક ઋજુબાલિકા નદીના કાંઠાથી પાવાપુરીના પાદર સુધી મહાસેન વનમાં જાણે પૂર્વભવના પરમ મિત્ર ગૌતમને મેળવવા તાબડતોબ આવી પહોંચ્યા ! વીરપ્રભુ તથા વાદી ઇન્દ્રભૂતિના સુભગ મિલનની મધુર પળો પળભરમાં વાદ-વિવાદ કે વિખવાદને બાદ કરી સંયમનાદને ગજવી ગઈ. ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ મટી શ્રમણ, ગારવ મૂકી ગૌરવવાળા, ગુરુતા મૂકી લઘુતાયુક્ત વિનયવાન વિનેય બની ગયા, જેમના પુણ્યના પ્રકર્ષે વૈશાખ સુદ ૧૧ના શુભ દિવસે વિ. સં. ૫૦૦ વર્ષ પૂર્વે, તેમને જોઈ બાકીના ૧૦ પંડિતો પોતપોતાના શિષ્યો સાથે પ્રભુ વીરના શિષ્યો બની ગયા, અને એક દિવસે જ એકસાથે ૪૪૧૧ પુણ્યાત્માઓ મહાત્માઓ બની ગયા. આમ શાસન સ્થાપના દિવસના સ્થાપક રૂપે ગૌતમ ગૌરવ ખાટી ગયા. દીક્ષા લઈ ત્રિભુવનપતિની ત્રિપદી "ઉપ્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા" સાંભળતાં જ ગણધરલબ્ધિ લાધી ગઈ. તેથી જ તો ગાગરમાંથી સૂસવાટ કરતો સાગર જેવો વિશાળ શાસ્ત્રખજાનો જાદુગરની જેમ જાદુમાયાથી ખોલી નાખ્યો.

**ગૌ** —ગૌની હૂંફમાં વાછરડું જેમ મસ્તી માણે તેમ ગણધર ગૌતમ ગૌરવાન્વિત થયા હોવા છતાં પણ, ગુરુમાતાની મીઠી નિશ્રામાં જ નિશ્વાસ-ઉચ્છ્વાસ લેવા લાગ્યા. ગજબનું ગેબી જ્ઞાન અંતરમાં પ્રગટેલું, પણ તેને ગુપ્ત રાખી, કેવળજ્ઞાની પરમ ગુરુ પાસે બાળભાવે બોધ મેળવવા મથતા રહ્યા, પોતાને પનોતા પવિત્રાત્માઓ સંખ્યાબંધ શિષ્યરૂપે સંપ્રાપ્ત થયા, છતાંય જેમ સૂરજ સ્વયં ભ્રમણનું કષ્ટ લઈ સૃષ્ટિને સુખ બક્ષે તેમ પોતે પંચમજ્ઞાન વિહોણા રહ્યા પણ જેમને જેમને પોતાના વરદ હસ્તે દીક્ષા દીધી તે સર્વેને કેવળજ્ઞાનનો પ્રકાશ પમાડવામાં પુણ્યનિમિત્ત બની રહ્યા. આગલા ભવમાં પાડેલ મીઠી ભાષાના સંસ્કારથી આ ભવમાં વચનલબ્ધિનો વિકાસ એવો જબ્બર થયો કે પરમાત્મા પાસે પણ પામી ન શકે તેવો પામર ખેડૂત હાલિક ગૌતમસ્વામીના મધુર વચને સમકિત સંપ્રાપ્ત કરી ગયો. બાળકુમાર અતિમુક્તક કુમાર આ જ કારણથી તેમની માયામાં મન મૂકીને મહાલ્યો, દીક્ષા લીધી ને કેવળજ્ઞાન પણ લઈ લીધું.

**ત** —તત્ત્વજ્ઞાની, તપસ્વી તથા તંદુરસ્ત તનબદનથી તગડા, તેજસ્વી ને તીર્થભૂત દેખાતા ગણધરશ્રીની પ્રશસ્ત પુણ્યરાશિનો પમરાટ પવિત્રથી પામર પ્રત્યેકને ભાવિત કરતો હતો. માટે જ

મૃગાપુત્રની માતાથી લઈ અનેક શિષ્યોના પિતા જેવા પાર્શ્વપ્રભુના કેશી ગણધર પણ તેઓથી પ્રભાવિત થઈ ગયા, કેશી ગણધરે તો ગણધર શ્રી ગૌતમની ગૌરવવંતી ગુણવાણીના વહેણમાં વહી જઈ સશિષ્ય પ્રભુ વીરનો પંથ સ્વીકાર્યો. આમ વડેરા પણ નાનેરાના વશ થયા. પૃષ્ઠચંપાના રાજવી સાલ–મહાસાલ ઉપરાંત ગાંગિલ રાજવી માતા–પિતા સહ વૈરાગી બન્યા ગૌતમ પ્રભુથી જ, અને પરમાત્માના પવિત્ર દર્શન પૂર્વે જ કેવળી પણ બની ગયા, આ જ ગણધરશ્રીની ગુપ્ત લબ્ધિથી.

**મ** —મનસ્વી અને માની લાગતા એક વખતના ઇન્દ્રભૂતિ મહાવીરના મમતાળ જેવા પરિચયથી એવા નમ્ર-વિનમ્ર બની ગયા હતા કે અવધિજ્ઞાનની ક્ષેત્રમર્યાદા વિષે આનંદ શ્રાવક સાથે થયેલ ધર્મચર્ચામાં થાપ ખાઈ ગયા, ત્યારે પોતાના ગુરુવર પાસે સત્યનો ખુલાસો લઈ ખુલ્લા દિલથી સામે ચડી માફી પણ માગી આવ્યા. આ પ્રસંગે પુરાવો પ્રકાશ્યો કે સાધુથી શ્રાવકની આશાતના ન કરી શકાય, કારણ કે તેમ થયે તીર્થની–સંઘની અને તીર્થંકરની જ આશાતના થાય. વિનયગુણની પરાકાષ્ઠા તો ત્યારે તરવરતી હતી, જ્યારે તેઓ બધોય બોધ હોવા છતાંય બુદ્ધિ-બાહોશીને બંધ બારણે રાખી, બે હાથ જોડી બીજા બધાય બાળજીવોના પ્રતિબોધ માટે વીરપ્રભુના ચરણે રહી વિવિધ પ્રશ્નો કરતા રહેતા અને એક એક જવાબને જડીબુટ્ટી જડી જવા સમાન સમજી પ્રસન્ન મનથી વધાવતા હતા. છત્રીશ હજાર પ્રશ્નો ને ઉત્તરોથી ઉત્તમતા ધારણ કરતું ભગવતીસૂત્ર સાક્ષી પૂરે છે, આ ગુરુ-શિષ્ય બેલડીનાં સ્વાધ્યાય તપની.

**સ** —સત્ય-સિદ્ધિનો સત્ય પ્રસંગ તો ત્યારે સર્જાણો જ્યારે પોતાને તે જ ભવમાં મોક્ષ મળશે કે નહિ તેની ખાતરી કરવા અષ્ટાપદ તીર્થનાં આઠ જંગી પગથિયાં પગથી નહિ પણ ચારણલબ્ધિથી ચડી ગયા. કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ તાપસપતિઓ આ જ અષ્ટાપદ ઉપર જવા તીવ્ર તપસ્યા આદરી અટકી ગયા હતા, જ્યારે તે પંદરસો તાપસોની અસફળતા સામે સૂર્યનાં સૌરકિરણો પકડી સફળતાપૂર્વક છેક શિખર સુધી સ્પર્શના કરી પાછા હેમખેમ વળ્યા—જે જોઈ જાદુઈ ઘટનાથી જાણે મોહાણા હોય તેમ પંદરસોએ પંદરસો તાપસોએ તેમની પાસે દીક્ષા લીધી. તે તમામ તાપસોને પરમાત્મા વીર સુધી પહોંચતાં ક્રમથી કેવળજ્ઞાન લાધી ગયું.

**મ** —મહાવીર પ્રભુએ પોતાના નિર્વાણને નજીક જાણ્યું ત્યારે પરમ વિનેય શિષ્યના સર્વાંગી વિકાસનો સમય પાકેલો જાણી ગૌતમસ્વામીને રાગના બંધનથી મુક્ત કરવા, વીતરાગ કેવળી બનાવી દેવા દેવશર્મા નામના બ્રાહ્મણના બોધના બહાને બીજે ગામ મોકલ્યા. દિવાળીની રાત્રે પ્રભુનો મોક્ષ થયો. તે દુર્ઘટના જાણતાં જ ગૌતમ તાબડતોબ પાછા ફર્યા, ઘણું રડ્યા ને બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે આંસુ વહાવતાં કઠોર કર્મો પણ વહી ગયાં. પોતાને સામાન્ય સાધક સાધુ અને ગુરુવરને સિદ્ધ થયા જાણી, પોતાની પોતાના ગુરુથી દૂરી દૂર કરવા જાણે શુદ્ધિ-બુદ્ધિ સાંપડી હોય, લબ્ધિ હાથ લાગી હોય તેમ એકત્વ ભાવના ભાવતા ભાવતા જ બેસતા વરસના બ્રાહ્મમુહૂર્તે કેવળજ્ઞાન લાધી ગયું. દેવતાઓ પણ નમી પડ્યા ગુરુ ગૌતમને, કેવળજ્ઞાનનો ઉત્સવ કરી નૂતન વર્ષના અભિનંદન પણ પાઠવ્યા. બસ, ત્યારથી દિવાળીના દીવા ને નવા વરસની વધામણી વ્યવહારમાં વર્તન-પ્રવર્તન પામી. આજે પણ દિવાળી ગુરુ પ્રભુ વીરના માનમાં તથા બેસતું વરસ ગૌતમપ્રભુના માનમાં સાધના આરાધના, તપ-ત્યાગથી ઊજવાય છે.

**રી** —રીતિ-નીતિથી ન્યારા જૈન શાસનમાં ગુરુ-શિષ્યની ગૌરવગાથા જ્યારે જ્યારે ગવાય છે, ત્યારે ત્યારે વીરપ્રભુ ને ગૌતમપ્રભુની અપૂર્વ જોડી યાદ આવ્યા વગર નથી રહેતી. પ્રભુ વીરથી ગુરુ ગૌતમ ઉમ્મરમાં આઠ વરસ મોટા હતા અને આયુષ્યથી વીસ વરસ. છેક પચાસમા વર્ષે દીક્ષાજીવન સંપ્રાપ્ત થયું અને એંશીમા વર્ષે કેવળજ્ઞાન. તે પછી બાર વરસ લગી પૃથ્વી પર જ્ઞાનગંગાના પ્રવાહને વહાવી બાણુમા વર્ષે મુક્તિપુરીના વાસી બન્યા. છેલ્લે છેલ્લે તપસ્વીરાજ તેમણે રાજગૃહીના વૈભારગિરિ પહાડ ઉપર એક માસનું અણસણ આદરી નિર્વાણ સાધ્યું. પણ જીવનમાં દીક્ષા પછી છઠ્ઠને પારણે છઠ્ઠ કરતાં તેઓ વિવિધ લબ્ધિના વાહક બન્યા હતા. પરમાત્મા વીરના જીવ સાથે છેક ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવથી તેમના રથના સારથિ રહી સંબંધ સ્થાપ્યો હતો. ઇતિહાસના પાને ગૌતમસ્વામીની સત્ય ઘટનાઓ જેટલી જાહેરમાં કથારૂપ પામી છે, તેથીય કેટલાય પ્રસંગો તો જાણે ગુપ્ત-પ્રસુપ્ત રહી ગયાં છે. જે હોય તે, પણ પ્રત્યેક તીર્થંકરના તીર્થમાં થયેલ ગણધરોમાં ગૌતમનું નામ ગૌરવથી ગવાય છે તેમાં ગુપ્ત રહસ્યો રહેલાં છે.

**એ** —એવા અજોડ જ્ઞાની—ધ્યાની—નિરભિમાની શાસન-પ્રભાવક ગણધર ગૌતમસ્વામીની લબ્ધિઓમાં લુબ્ધ બની સૌ કોઈ તેમની સ્તવના કરે છે કે,

**''અંગૂઠે અમૃત વસે લબ્ધિ તણા ભંડાર**
**તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર.''**

પણ, તેવી રીતે સાવ મફતમાં મળી જાય, તેવી આ અનુપમ લબ્ધિઓ નથી, કે જેની ઉપલબ્ધિ સાવ સહજમાં સંપ્રાપ્ત થઈ જાય. તે અમૂલ્ય લબ્ધિઓ લાધવા મૂલ્ય આપવું પડશે: સાધનાઓનું, સંયમનું અને સૌજન્યનું.

આજે પણ ગોચરી ગવેષણા માટે જનાર ગુરુપદે રહેલ મુનિવરો જો સંકલ્પ-સુવિશુદ્ધિ સાથે ગુરુ ગૌતમને સ્મરે છે, તો તેના તાત્કાલિક ફળસ્વરૂપે તેમની સંયમચર્યાનું સાધન તેમની જ ધારણા મુજબે સાહજિકતાથી સંપ્રાપ્ત થઈ જાય છે. તે જ પ્રમાણે સાધક-શ્રાવક પણ શ્રદ્ધા સાથે ગૌરવવંતા ગૌતમને સ્મરે છે તો તેની મનોવાંછાઓ જોતજોતામાં પૂરી થઈ જાય છે.

ગૌતમસ્વામી તો સિદ્ધ થઈ નિરંજન—નિરાકાર—નિસ્પૃહી બની બેઠા છે, છતાંય તેમના નામસ્મરણમાં પણ પ્રચંડ શક્તિઓ પ્રગટ થઈ શકે છે તે કયા કારણથી તે જ રહસ્ય સંશોધનનો વિષય છે.

* * *

# શ્રી ગૌતમસ્વામીની સંયમસાધનાની પરંપરાને યશોજ્જ્વલ કરતા પ્રવર્તમાન એક સંયમસાધક ગુરુવર.

જિનશાસનની પાટપરંપરાને દીપાવનારા સમયે-સમયે જે ધર્મપ્રભાવક મહાપુરુષોની ભેટ મળી છે, તેમાં શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં પ. પૂ. આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પ. પૂ. આ. જિતેન્દ્રસૂરીશ્વરજી મ. સા. સુશિષ્ય સૂરિમંત્રના આરાધક પૂ. આ. શ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મહારાજ એક વિરલ વિભૂતિ છે. પૂજ્યશ્રીનો જન્મ રાજસ્થાનના જાલોર જિલ્લામાં પાદરલી મુકામે સં. ૧૯૮૯ના પોષ સુદ-૪ના દિવસે થયો હતો. અંગ્રેજી માધ્યમથી મેટ્રિક સુધીનો વ્યવહારિક અભ્યાસ કર્યા પછી વેવિશાળ થયેલ. તેમ છતાં મોહનાં બંધનો તોડી સં. ૨૦૧૦ના મહા-સુદ ૪ને દિવસે દાદર–મુંબઈ મુકામે યૌવનાવસ્થામાં દીક્ષિત બની મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી બન્યા.

૧૪ વર્ષ સુધી પૂ. ગુરુવર્યોની નિશ્રામાં વૈયાવચ્ચપૂર્વક જ્ઞાન સંપાદન કરી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિશેષ કૃપાપાત્ર બની, કર્મસાહિત્યના સર્જનનું પાયાનું કામહાથ પર લઈ, ૩૭ હજાર શ્લોકપ્રમાણ પ્રાકૃત-સંસ્કૃત ખવગસેઢી ઉપશમના કરણ અને બંધવિહાણ, પયડિબંધો જેવા ગ્રંથો લખ્યા, જેનાં વખાણ દેશવિદેશમાં બર્લિન યુનિવરસિટીના જર્મન પ્રા. ક્લાઉઝ બ્રુને'गागर में सागर भर दिया'ના શબ્દોમાં કર્યાં. પૂજ્યશ્રીએ હિન્દી તેમ જ ગુજરાતીમાં પણ ઉત્તમ અને વિપુલ સાહિત્યસર્જન કર્યું છે.

લિખિત વિશ્વપ્રકાશ પત્રાચાર પાઠ્યક્રમ ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ નિઃશુલ્ક ચાલું કરવામાં આવ્યો છે. તેમાં ૨૫૦૦૦ યુવાન-યુવતીઓએ ભાગ લઈ કેટલાકે ૧, જૈન પરિચય; ૨, જૈન વિશારદ, જૈન સ્નાતકની ડિગ્રીઓ મેળવી છે. યુવાનોના આધ્યાત્મિક ઉત્થાન માટે યુવા વર્ગને ધર્મમાર્ગે વાળવામાં તેઓશ્રીની નિશ્રામાં ૩૧ જેટલી જ્ઞાનશિબિરો યોજાઈ છે અને તેમાં સાતેક હજાર યુવાનોમાં વ્યસનમુક્તિ અને જૈનશાસનભક્તિની શ્વેત ક્રાંતિ આવી. પૂજ્યશ્રીની પ્રવચનશૈલી મીઠી-મધુર અને તલસ્પર્શી છે. પૂજ્યશ્રી નિર્દોષ ગોચરીના આગ્રહી છે. તેઓશ્રીએ નિત્ય એકાસણાં સાથે ૧૦ વર્ષ અને ૧૦ મહિના સુધી દૂધનો ત્યાગ કર્યો છે. પૂજ્યશ્રીની નિશ્રામાં ૩૦ જેટલાં ઉપધાન તપ થયાં છે. ૧૪ જેટલી ઐતિહાસિક પ્રતિષ્ઠાઓ થઈ છે તેમાં અચલગઢ(આબુ), દયાલશાહ કિલ્લા, ઘાણેરાવ, અજારી તીર્થ, અને નાંદિયા તીર્થ અને નાકોડા તીર્થની અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ ચિર-સ્મરણીય બન્યા છે. તેઓશ્રીની નિશ્રામાં અનુક્રમે ૧૮૦૦ અને ૧૦૦૮ તેમ જ જીરાવલાજી તીર્થમાં ૩૦૦૦ જેટલી ઓળી થઈ અને સાથે સાથે તેમાં ૧૮૦૦ જેટલાં અક્રમ થયાં. તે આજ સુધીનો ગીનીઝ બુક ઓફ જૈનાગમ વિશ્વ-રેકોર્ડ છે. ૧૧ જેટલા છ'રીપાલિત સંઘો પૂજ્યશ્રીની નીશ્રામાં નીકળ્યા છે. તેમાં વર્તમાનમાં આશ્ચર્યકારક માલગાંવ (રાજસ્થાન)થી સિદ્ધગિરિ સુધીનો ૪૧ દિવસનો વિશાલ છ'રી પાલક ૫૬ યાત્રાસંઘ પૂજ્યપાદશ્રીની નિશ્રામાં નીકળ્યો હતો. તેમાં ૨૭૦૦ ભાઈ-બહેનો હતાં. પૂજ્યપાદશ્રીના ૩૧ શિષ્ય-પ્રશિષ્યો છે. તેઓશ્રીએ ૧૦૦થી વધારે યુવક-યુવતીઓને દીક્ષા આપી સંયમના પંથે ચઢાવ્યા છે.

તેઓશ્રીને સં. ૨૦૪૪ના દ્વિતીય જેઠ-સુદ-૧૦ ને દિવસે પાદરલી મુકામે અદ્‌ભુત શાસનપ્રભાવક મહામહોત્સવપૂર્વક આચાર્યપદે અધિષ્ઠિત કરાયા છે. પૂજ્યશ્રીએ સ્વ-પર-કલ્યાણની પ્રવૃત્તિઓ દ્વારા શાસન-પ્રભાવનાનાં કાર્યોમાં વધુ ને વધુ પ્રેરણાદાતા બની રહો, એ જ અભ્યર્થના.

*સૌજન્ય : સંઘવી ભેરૂમલજી હુકમીચંદજી બાફના પરિવાર હ: તેમના સુપુત્રો*
*તારાચંદભાઈ, મોહનભાઈ અને લલિતભાઈ [સંઘવી ભેરૂ વિહાર-પાલિતાણા]*

## કરોડો મંત્રજાપના આરાધક સરલસ્વભાવી સાધ્વીરત્ના. પ. પૂ. સાધ્વીજી પદ્મયશાશ્રીજી મ. સા. ના

# સંયમજીવનની અનુમોદનાર્થે...

ચાર દાયકા પૂર્વે ઝાલાવાડમાં ધ્રાંગધ્રા શહેરની પુણ્યવતી ધરા પર ધર્મપ્રભાવક, વિદ્વદ્વર્ય, પરોપકારી, પ. પૂ. આચાર્યદેવ ૧૦૮ વિજય પ્રતાપસૂરીશ્વરજી મ.સા., શાસન પ્રભાવક પ. પૂ. યુગદિવાકર આચાર્યદેવ વિજયધર્મસૂરીશ્વરજી મ. સા., સાહિત્ય કલારત્ન પ. પૂ. વિજયયશોદેવસૂરિજી મ.સા., શતાવધાની પ. પૂ. વિજયજયાનંદસૂરીશ્વરજી મ.સા. સપરિવારની પાવનકારી નિશ્રામાં, તેમ જ વિદુષી સાધ્વીજી (દીક્ષાગુરુ) પ્રિયંવદાશ્રીજી મ. સા. અનેક સાધ્વીવૃંદના સાંનિધ્યે સંયમજીવનનો સ્વીકાર કર્યો ! અણમોલ સંયમ જીવન ! મહોપકારી ગુરુદેવ ! પ્રેમાળ સહાધ્યાયી, સ્વાધ્યાય આવશ્યક ક્રિયા, જાપ, ધ્યાન, તપ, દર્શન, જ્ઞાન, ચારિત્રની અનુપમ આરાધનામાં વડીલોની સુશ્રૂષામાં ઝુકાવ્યું !

સંયમરથ નિરાબાધ ચાલતો હતો કિંતુ પૂર્વકૃત કર્મોદયે અસહ્ય જીવલેણ દર્દોની અવિરત હારમાળા ચાલી રહી છે ત્રણેક દાયકાથી. વ્યથા, વેદનામાં પણ આપનો સમત્વભાવ, સમતા અદ્ભુત છે. સહવાની શક્તિ પાસે અમારા સહુનું અને આપશ્રીએ જ્યાં-જ્યાં ચાતુર્માસ કર્યા ત્યાં-ત્યાંના સંઘનાં ભાઈ-બેનો તેમ જ આપની બીમારીમાં જૈન-જૈનેતર ડૉ. વગેરે સહુનાં શિર આપનાં ચરણોમાં ઝૂકી પડ્યાં છે. આપની અનુમોદના કરી રહ્યા છીએ !

અસહ્ય દર્દોમાં આપની પ્રસન્નતા, એકાગ્રતા, શાસનપ્રભાવના, વાંચન, અભ્યાસ, શ્રાવક-શ્રાવિકાઓના જીવનમાં ધર્મજાગૃતિ લાવવી, પ્રેરણા દ્વારા અનેક કાર્યોમાં પરમાત્માની ભક્તિ, સેવા, પ્રભાવના અને નાનાં નાનાં બાળકોમાં સંસ્કારનું સિંચન વગેરે કાર્યો કરાવતાં રહો છો ! આપની જીવદયા પ્રત્યેની અનહદ લાગણી હોય અનેક ગામોમાં તેમ જ બનાસકાંઠા જિલ્લામાં આપની પ્રેરણા, શુભાભિલાષાથી અમારા કુટુંબીજનોને તેમ જ જ્યાં જ્યાં આપના ચાતુર્માસ થયા છે ત્યાંના સંઘ તરફથી તેમ જ ભાવુકો તરફથી દાનનો પ્રવાહ વહાવ્યો છે. સંઘનાં કોઈ પણ કાર્યો હોય તે આપની સૂઝબૂઝથી અત્યોત્તમ પૂર્ણ કરાવો છો નાનાં ક્ષેત્રોમાં સાતેય ક્ષેત્રોને યથાશક્તિ પ્રમાણે નવપલ્લવિત કરાવી રહ્યાં છો. આપની પ્રેરણા-નિશ્રા ધારીલાગામ હાલ મુંબઈ રહે છે ! કચ્છ કટારીઆ તીર્થનો સંઘ નીકળેલ ! અમરેલીમાં ઈંટથી ઈમારત આપની જ પ્રેરણાથી તન-મનનો પૂરેપૂરો ભોગ અને ધન દ્વારા ભવ્ય, અનુપમ, નૂતન જિનાલય શ્રી ગિરનાર મંડન તીર્થાધિરાજ શ્રી નેમિનાથ ભગવંતનું જે અદ્વિતીય આકાર પામ્યું છે. આપના સંયમજીવનની ભૂરિ ભૂરિ અનુમોદના સહ અંતઃસ્તલની શુભાભિલાષા.

### આપના દર્શનોત્સુક, ભવદીય કૃપાકાંક્ષી

સ્વ. મોહનલાલ દેવચંદ શેઠ હઃ વસંતબહેન મહેતા. સ્વ. જમનાદાસ દેવચંદ શેઠ હઃ પ્રવીણકુમાર શેઠ; સ્વ. નંદલાલ દેવચંદ શેઠ, હઃ પરિવાર. સ્વ. ચંદુલાલ દેવચંદ શેઠ હઃ પરિવાર. સ્વ. જયાકુંવરબેન જેઠાલાલ શેઠ પરિવાર પાનેલી, સ્વ. ચંચળબેન રતિલાલ ભીમાણી પરિવાર ચિત્તલ; મહેતા હરકુંવરબેન હરગોવિંદદાસ, અમરેલી. વોરા માનકુંવરબેન તલકચંદ મોટામાચીયાળા; મહેતા ચંપાબહેન પ્રભુદાસ કાલીદાસ, રાજકોટ. શ્રી વિમળાબહેન અનોપચંદ ગાંધી; અમદાઆવાદ. શ્રી વિજયાલક્ષ્મી પૂનમચંદ બાલુભાઈ દોશી, ઉના. શ્રી પુષ્પાબેન સી. શાહ, પૂના. શ્રી પ્રભાકુંવરબેન નંદલાલ શેઠ, તથા નાનાં ભૂલકાંઓ. હાર્દિક ધીરેન્દ્રકુમાર સંઘવી, માનસી ભૂપેન્દ્રકુમાર મહેતા, નીરવ ભૂપેન્દ્રકુમાર મહેતા, હાર્દિક મનીષકુમાર ભીમાણી તથા ભક્તિવંત સદ્ગૃહસ્થો.

# हिन्दी साहित्य दर्शन : विभाग-५


- गौतम गणधर केवल दिवसे ऋद्धि-वृद्धि कल्याण करो....
- भगवान महावीरके संदेशवाहक
- चार ज्ञान के स्वामी गणधर गौतमस्वामी
- अहं से अर्हं तक
- इन्द्रभूति गौतम : जीवन, संयम एवं सिद्धि
- गौतमगणधरकी महानता
- गौतम गणधर हमारे लब्धिसम्राट
- यात्रा--अहंकारसे सर्वंकार एवं ममत्वसे समत्वकी ओर
- गणधर गौतम : अेक विलक्षण व्यक्तित्व
- गौतमस्वामीकी प्रतिमाएँ--बीकानेर
- विराट चेतनाके महापुरुष गुरु गौतमस्वामी

# मेवाडे दश रत्नानि
# यात्रा करवा पधारो। घणो आनंद आवशे।

**(१) आयड-तपागच्छ का उद्गम स्थल :** उदयपुर हाथी पोल से ३ km. दूर। प्राचीन चार विशाल जैन मंदिर हैं। आचार्य श्री जगतचंद्रसूरि को सतत बारह वर्ष की आयंबिल तपस्या से प्रभावित होकर राणा जैतसिंह ने 'तपा' बिरुद दिया था। आप तपागच्छ के प्रथम आचार्य हुए।

**(२) भावि तीर्थंकर पद्मनाभ स्वामी तीर्थ :** उदयपुर में सरूप सागर तालाब के किनारे भव्य जिनालय में नौ फुट की पद्मासन प्रतिमा भारत भर में अद्वितीय है। धर्मशाला, भोजनशाला आदि सभी सुविधाएं हैं।

**(३) अदबदजी शांतिनाथ जैन श्वे. तीर्थ :** उदयपुर से १८ km. दूर हाईवे नं. ८ पर। ११३ इंच की श्याम प्रतिमा विशाल मंदिर में बिराजमान है। हाइवे से मंदिर तक १ km. पक्की सड़क है।

**(४) देलवाडा (देवकुलपट्टण) प्राचीन तीर्थ** उदयपुर से २५ km. दूर हाइवे नं. ८ पर ऐतिहासिक चार भव्य मंदिर हैं। भोयरे में बिराजमान अति प्राचीन विशाल प्रतिमाओं की महिमा अवर्णनीय है।

**(५) खमनौर नेमिनाथादि पंचतीर्थ :** हल्दीघाटी के पास महाराणा प्रताप व राजा मानसिंह की युद्धस्थली रक्त-तलाइ से आधा फर्लांग दूर भव्य पांच प्राचीन जैन मंदिर हैं। नाथद्वारा १६ km. दूर है।

**(६) करेडा पार्श्वनाथ तीर्थ–भोपाल सागर** उदयपुरसे ७० km. दयालशा किला से ६५ km. दूर। बावन जिनालय भव्य तीर्थ हैं। विशाल धर्मशाला, भोजनशाला, आयंबिल खाता है। तीर्थ बस-स्टेन्ड के पास व रेलवे स्टे. से १ km. है।

**(७) किला माण्डलगढ जैन श्वे. तीर्थ :** भीलवाडा से 50 km.। कोटा-चित्तौड बडी रेल्वे लाइन पर है। "शंखेसर केसरियो सार" केशरियाजी के जामुनी रंग की प्राचीन प्रतिमा, शंखेश्वर पार्श्व प्रभु की दुग्धोज्ज्वल प्रतिमा कांच के मंदिरो में बिराजमान है। प्राकृतिक छटा अवर्णनीय है। गांव में मंदिर व उपाश्रय है। गांव से किला 1 km.।

**(८) चितौड़गढ–भव्य ऐतिहासिक तीर्थ :** किले पर सात बीस देवरी मंदिर व पालीताणा का सोलहवां उद्धारक कर्माशाह के दो मंदिर। गांव में धींगो का भव्य मंदिर दर्शनीय है। यह आ. श्री हरिभद्रसूरि की जन्मभूमि है।

**(९) दयालशा किला जैन श्वे. तीर्थ :** उदयपुर से 65 km. राजनगर कांकरोली के बीच सुहावनी पहाड़ी पर राजसमन्द झील के किनारे तिमंजिला चौमुख आदिजिन भव्य मंदिर तथा पुंडरीकस्वामी, शांतिनाथजी तलहट्टी मंदिर, गुरु गौतम मंदिर, भोजनशाला, धर्मशाला, आयंबिल खाता है। फोन 149 कांकरोली एक्स्चेंज।

**(१०) श्री ऋषभदेवजी जैन तीर्थ–बनेडा**

भीलवाड़ा से 20 km. दूर 23 सुवर्ण कलशयुक्त अति विशाल तीन गर्भगृहयुक्त जिन मंदिर में अनोखे पाषाण से निर्मित श्री ऋषभदेवजी की सात प्रतिमाएं हैं।

*शा. सुकनराज सागरमलजी पोरवाल, रानीगांव (राज.)*
*जिला पाली के सौजन्य से प्रसारित।*

# गौतम गणधर केवल दिवसे ऋद्धि वृद्धि कल्याण करो...

*–पूज्य आचार्यश्री विजयराजयशसूरीश्वरजी महाराज*

## नूतन वर्ष, नूतन प्रार्थनाएं

००० अनंत लब्धि के निधान हैं गुरु गौतमस्वामी!

आज के मंगल दिन में आपको केवलज्ञान की प्राप्ति हुई थी....कितना सुभग योग....प्रभु महावीर को निर्वाण और गौतमस्वामी को केवलज्ञान!

आज के दिन का वातावरण-महत्त्व कुछ और ही होता है। प्रत्येक व्यक्ति कुछ आशा-उल्लास और उमंग में दिखाई देता है। सब के दिल में यही भावना है–"आगामी वर्ष आनन्दमय व्यतीत हो....आगामी वर्ष शांति शाता एवं स्वास्थ्यमय हो" यही सब की आशा होती है। आज प्रत्येक व्यक्ति जिनमंदिर में जायेगा। प्रभु से तन्मय भाव से प्रार्थना करेगा। आइए! आज तक आपने जो प्रार्थनाएं की हैं उनमें कुछ परिवर्तन जरूरी है। प्रार्थना एक मांग ही नहीं होनी चाहिए, प्रार्थना हमारे आंतरिक पुरुषार्थ की निवेदना होनी चाहिए। हमारी मनोकामना स्वकेंद्रित न होकर सर्वकेंद्रित होनी चाहिए।

आज तक हमने चाहा था–

(१) हे प्रभो! मेरा स्वाथ्य ठीक रहे। मेरी शारीरिक शक्ति बनी रहे।

आज हम प्रार्थना करेंगे मेरा जीवन व्यसनमुक्त बने। नियमित बने। जीवन में मिताहार का महत्त्व स्थापित हो। आहार के पाचन के लिए परिश्रम की प्रतिष्ठा हो।

(२) आज तक हमारी प्रार्थना थी....हे प्रभो! मुझे स्वादिष्ट भोजन मिलें। आज से हम कहेंगे कि स्वादिष्ट भोजन में भी संयमवृत्ति मिले।

(३) हम प्रार्थना करते थे कि हमें शालीभद्र की ऋद्धि मिले। पर अब हम कहेंगे कि हमें शालिभद्र का औदार्य मिले। हमने चाहा था कि बाहुबली जैसा बल हमें मिलें किन्तु आज हम कहेंगे कि बाहुबली जैसी साधुजनों की सेवा मिले।

(४) हमने चाहा था कि हमें भरत महाराज की ऋद्धि मिले। लेकिन आज से कहेंगे कि हमें भरत महाराजा जैसी अनासक्ति मिले।

(५) आज पर्यंत हम संपत्ति की मांग कई दफे कर चूके, अब हमें संस्कार की मांग ही करना है।

(६) हमने सत्ता की याचना बहुत बार की है।

पर अब हमें समर्पण की मांग करनी है।

(७) हमने मान-इज्जत की प्रार्थना की है--

लेकिन अब हमें विनय-नम्रता एवं सौजन्यशीलता की चाहना करनी है।

(८) अभी तक हमने हमारे मनोरथों की सफलता की प्रार्थना की है।

अब हम मांगते हैं कि हमें शुद्ध एवं वास्तविक संकल्प को सफल करने का सामर्थ्य मिले।

(६) आज तक मैंने मांगा था कि मेरे समस्त स्वजन, परिवार मेरे पर प्यार बरसायें।

आज से मैं कहूंगा कि मैं मेरे सारे स्वजनों का विश्वासपात्र बनूं।

(१०) आज तक मैं चाहता था कि मेरे सारे नौकर, सेवकगण मेरी निरंतर सेवा करें।

आज से मेरा निर्णय होगा कि मैं मेरे नौकर-सेवकों के प्रत्येक प्रश्नों को हल करने में सफल बनूं।

(११) आज तक मैं चाहता था कि गुरुजनों से मुझे चमत्कारिक वासक्षेप मिले। प्रभावशाली रक्षा पोटली (राखी) मिलें। मंत्रसिद्ध माला मिलें।

अब मैं चाहता हूं कि मुझे गुरुजनों से मोक्षमार्ग के आशिष मिले। चरित्रनिर्माण की सफल प्रतिज्ञा (नियम) मिलें। आचारसिद्ध मंगलमय मार्गदर्शन मिलें।

(१२) आज तक मैंने चाहा था कि मुझे परिश्रम कुछ भी करना न पड़े और शीघ्र ही सिद्धि मिले।

आज से मैं चाहूंगा कि मेरी साधना का प्रत्येक परिश्रम अखंड हो और सिद्धि पर्यंत मेरे हृदय में कोई खेद न हो।

(१३) आज तक मैंने चाहा था कि सब से पहले मेरी सिद्धि हो।

आज से मेरी नम्र प्रार्थना है कि मेरे साथ में सभी की सिद्धि हो।

*प. पू. आ. श्री विजयराजयशसूरि म. सा.*

* * *

# भगवान महावीर के संदेशवाहक गणधर गुरु गौतमस्वामि

*–पूज्य मुनिराज श्री ऋषभचन्द्रविजयजी महाराज*

गणधर गुरु गौतमस्वामि का जन्म ईसा से ६०७ वर्ष पूर्व मगधदेश, वर्तमान के बिहार प्रदेश स्थित नालन्दा के समीप गुब्बर नाम के गाँव में हुआ था। ब्राह्मण कुल के गौतम गोत्रीय वसुभूति की धर्मपत्नी पृथ्वी माताकी कुक्षी से हुआ था। जन्म के समय ज्येष्ठा नक्षत्र था और बचपन का नाम इन्द्रभूति था। अग्निभूति और वायुभूति गौतमस्वामि के दो छोटे भाई थे।

चरम तीर्थंकर भगवान महावीरस्वामि के प्रथम शिष्य गणधर गुरु गौतमस्वामि की महिमा अपरंपार है।

**सर्वारिष्टप्रणाशाय, सर्वाभीष्टार्थदायिने।**<br>
**सर्वलब्धिनिधानाय, गौतमस्वामिने नमः॥**

समग्र अरिष्ट-अनिष्टों के प्रणाशक, समस्त मनोकामनाओं के पूरक, सकल लब्धि और सिद्धियोंके भण्डार गुरु गौतम को नमस्कार।

जैन परंपरा में गौतमस्वामि का नामश्रवण मंगलकारी माना गया है। जिस तरह से हिन्दू परंपरा में 'श्री गणेशाय नमः'—गणेशका नाम महामंगलकारी मान कर पहले लिखा जाता है—उसी तरह जैन परंपरा में दीपावली के दिन चौपडा पूजन कर सर्वप्रथम पृष्ठ पर लिखा जाता है—**"श्री गौतमस्वामि महाराज की लब्धि होजो।"** यह लिखकर अपनी भावि समृद्धि एवं सफलता की कामना करते हैं। दीपावली की नूतन वर्ष प्रभात वेला में गुरु गौतमस्वामि के गौतमरास का श्रवण कर जैन श्रावक अपने नूतन वर्ष को महामंगलकारी सफलतादायी बनाते हैं।

इन्द्रभूति गौतमस्वामि की ७ हाथ ऊँचाई वाली सुन्दर वज्रऋषभनाराचयुक्त गौरवर्णी दृढ़ काया थी। गौतमस्वामि ने ईसा से ५५७ वर्ष पूर्व वैशाख सुदि ११ के दिन ५० वर्ष की उम्र में भगवान महावीरस्वामि से दीक्षा ग्रहण की थी।

**चिच्चाण धणं च भारियं**<br>
**पव्वइओ हि सि अणगारियं।**<br>
**मा वन्ते पुणो वि आइए**<br>
**समयं गोयम! मा पमायए॥**

*(उत्तराध्ययन सूत्र, अध्याय : १०, गाथा : २९)*

अर्थात्–धन और पत्नी का परित्याग कर तू अनगार वृत्तिमें दीक्षित हुआ है। अतः

एक बार वमन किए गए भोगों को पुनः मत पी, स्वीकार मत कर। गौतम! अनगार धर्म के सम्यक् अनुष्ठान में समय मात्र का प्रमाद मत कर।

गौतमस्वामि विवाहित थे या अविवाहित, ये कोई जगह उल्लेख नहीं मिलता; पर जैन धर्म के मूल आगम में उत्तराध्ययन सूत्र में स्पष्ट आता है कि गौतमस्वामि विवाहित थे अर्थात् उनकी पत्नी थीं। देखिए :

चार वेद, शिक्षा, शिल्प, कल्प, व्याकरण, मीमांसा, न्याय एवं धर्मशास्त्र-पुराणों के अध्येता गौतम ने जब भगवान के समीप दीक्षा ग्रहण की उस समय उनके पास ५०० शिष्यों का परिवार था। ऐसे महापुरुष ने अपने जीवन में हजारों शिष्यों को विद्यादान दिया होगा। अनेक देशों में भ्रमण कर उन्होंने सैंकडों विद्वानों को शास्त्रार्थ कर जीता था।

भगवान महावीरस्वामि और गणधर गौतमस्वामि के बीच आदि से अन्त तक पूर्वभव का स्नेहसम्बन्ध रहा है। प्रथम तीर्थंकर भगवान ऋषभदेव से एक बार भरत चक्रवर्ती ने पूछा–"प्रभु! क्या आपकी परंपरा में होने वाले किसी तीर्थंकर का जीवन आपके समवसरण में है?" तब प्रभु ने कहा कि "भरत! इस समवसरण के बाहर तेरा पुत्र मरीचि जो अभी त्रिदंडी संन्यासी बन कर बैठा है, वह चौबीसवाँ तीर्थंकर होगा।" मरीचि ने भगवान ऋषभदेवके पास ही मुनि-दीक्षा ग्रहण की थी परंतु संयमजीवन के दृढ़ नियमों के परिपालन में असमर्थ मरीचि ने सुखशील संन्यासी परंपरा का सूत्रपात किया। फिर भी मरीचि अपने पास आने वाले प्रत्येक व्यक्ति को उपदेश देकर भगवान ऋषभदेव के पास जैन मुनि दीक्षा ग्रहण हेतू भेजता था। एक बार मरीचि बीमार पड़ा। साधु परंपरा से च्युत होने के कारण किसी भी निर्ग्रंथ मुनि ने उसकी सेवा, सार-संभाल नहीं की। इस से मन में खेद हुआ और मन में निश्चय किया कि स्वस्थ होने पर मैं भी किसी को शिष्य बनाऊँगा, जो कि वृद्धावस्था में मेरी सेवा कर सकेगा। कुछ समय बाद मरीचि स्वस्थ हो गया।

एक दिन कपिल नाम का एक कुलपुत्र उसके पास आया। उपदेश के द्वारा उसमें धर्मभावना जाग्रत कर उसे अपना शिष्य बनाया। कपिल की अपने गुरु मरीचि पर अत्यंत श्रद्धा और भक्ति थी। वह रात-दिन खड़े पैर रह कर उनकी सेवा करता था। मरीचि को भी अपने शिष्य पर अत्यंत स्नेह था। कपिल और मरीचि का प्रेम इतना सघन था कि मानों एक शरीर की दो छायाएं हो। यहीं से भगवान महावीर और गौतम का सम्बन्ध शुरू होता है। कपिल ही गौतम का जीव था।

भगवान महावीरस्वामि के पूर्व में त्रिपृष्ठ वासुदेव के भव में गौतम का जीव सारथि के रूपमें साथ रहा। और अन्त में गुरु-शिष्य के रूपमें महावीर-गौतम की जोडी पुनः मिली। केवल्यज्ञान के बाद धर्मतीर्थ की स्थापना के अवसर पर भगवान महावीरस्वामि के पास गौतम ने आत्मा सम्बन्धी संशय का निवारण प्राप्त कर प्रथम गणधरपद प्रभु के हाथों प्राप्त किया था। ग्यारह गणधरों के ४४०० शिष्यों के वे नायक थे। तीर्थंकर परमात्मा का अतिशय प्रभाव होता है, कि वे जब अपने धर्मतीर्थ की स्थापनार्थ गणधरों पर वासक्षेप डालते हैं तब पांच ज्ञानों में से १ मतिज्ञान, २ श्रुतज्ञान, ३ अवधिज्ञान और ४ मनःपर्यवज्ञान–इन चार ज्ञानों की उन्हें पूर्ण प्राप्ति हो जाती है।

गौतमस्वामि चार ज्ञान के धारक थे। फिर भी बडे अप्रमत्त थे—वे अपने प्रत्येक संशय का निवारण प्रभुमुख से कराते थे। वस्तुतः इन प्रश्नों के पीछे एक रहस्य था। ज्ञानी गौतम को प्रश्न करने या समाधान प्राप्त करने की तनिक भी आवश्यकता नहीं थी। वे तो प्रश्न इस लिये करते थे कि इस प्रकार जिज्ञासाएं अनेकों के मानस में होती हैं, किन्तु प्रत्येक श्रोता प्रश्न पूछ भी नहीं पाता या प्रश्न करने का उसमें सामर्थ्य नहीं होता। अतः गौतम अपने माध्यम से श्रोतागणों के मनःस्थित शंकाओं का समाधान करने के लिये ही प्रश्नोत्तरों की परिपाटी चलाते ऐसी मेरी मान्यता है। गौतम गणधर का हम पर परम उपकार है—प्रभु से त्रिपदी को ग्रहण कर एक मुहूर्त मात्र में द्वादशांगी की रचना कर दी थी। वर्तमान में उपलब्ध समस्त आगमग्रंथ गुरु गौतमस्वामि की ही देन है। क्यों कि तीर्थंकर कारण बिना अर्थात् पूछे बिना बोलते नहीं हैं—परंतु गौतमस्वामि ने प्रभु से स्वर्ग, नरक, लोक, अलोक, भूत, भविष्य, तत्त्व, द्रव्य, संसार एवं मोक्ष सम्बन्धी हजारों प्रश्न पूछ कर समस्त जगत पर महान उपकार किया है। भगवती सूत्रमें ३६ हजार प्रश्नों का विशाल भंडार है जिसमें गुरुशिष्य के मधुर संवाद भरे पडे हैं। विद्यमान आगमों में चन्द्रप्रज्ञप्ति, सूर्यप्रज्ञप्ति एवं जम्बूद्वीप प्रज्ञप्ति आदि की रचना गौतम के प्रश्नों पर ही आधारित है। भगवती सूत्र एवं उपासक दशांग सूत्रमें विशिष्ट जीवन-चर्या दुष्कर साधना और बहुमुखी व्यक्तित्व-वर्णन इस प्रकार मिलता है।

श्रमण भगवान महावीर के ज्येष्ठ अन्तेवासी गौतम गोत्रीय इन्द्रभूति उग्र तपस्वी थे। दीप्त तपस्वी कर्मों को भस्मसात् करने में अग्नि के समान प्रदीप्त तप करने वाले थे। तप्त तपस्वी थे अर्थात् जिनकी देह पर तपश्चर्या की तीव्र झलक व्याप्त थी। वे कठोर एवं विपुल तप करने वाले थे। जो उराल प्रबल साधना में सशक्त थे। ज्ञान की अपेक्षा से चतुर्दश पूर्वधारी, मति श्रुत अवधि मनःपर्यव के धारक थे। सर्वाक्षर सन्निपात जैसी विविध २८ प्रकार की लब्धियों के वे धारक थे। महान तेजस्वी थे। वे भगवान महावीर से न अति दूर न अति समीप ऊर्ध्वजानु और अधोशिर होकर बैठते थे। ध्यान कोष्ठक अर्थात् सब ओर से मानसिक क्रियाओं का अवरोध कर अपने ध्यान को एक मात्र प्रभु के चरणारविन्द में केन्द्रित कर बैठते थे। बेले बेले निरन्तर तप का अनुष्ठान करते हुए संयमाराधना तथा तन्मूलक अन्यान्य तपश्चरणों के द्वारा अपनी आत्मा भावित-संस्कारित करते हुए विचरण करते थे। प्रथम प्रहर में स्वाध्याय, दूसरे प्रहर में देशना, ध्यान करते थे। तीसरे प्रहरमें पारणे के दिन अत्वरित, स्थिरता पूर्वक अनाकुल भाव से मुखवस्त्रिका (मुँहपत्ती), वस्त्र-पात्र का प्रमार्जन (पडिलेहण) कर प्रभु की अनुमति प्राप्त कर नगर या ग्राम में धनवान, निर्धन और मध्यम कुलों में क्रमागत एक भी घर छोड़े बिना भिक्षाचर्या के लिये जाते थे। अपेक्षित भिक्षा लेकर स्वस्थान पर आकर प्रभु को प्राप्त भिक्षा दिखा कर और अनुमति प्राप्त कर गोचरी करते थे।

इस प्रकार हम देखते हैं कि गौतमस्वामि अतिशय ज्ञानी हो कर भी परम गुरुभक्त और आदर्श शिष्य थे।

गणधर गुरु गौतमस्वामि में एक विशिष्ट अतिशय था। वे जिसको भी दीक्षा देते थे वह अवश्य केवली हो जाता था। एक बार पृष्ठचम्पा के राजा और युवराज शाल और महाशाल ने, भगवान की देशना सुन कर वैराग्यवासित होकर अपने भानजे गोगली को राज्य सौंपकर दीक्षा ग्रहण

कर ली। किसी समय भगवान महावीर चम्पानगरी पधार रहे थे। तभी शाल और महाशाल ने स्वजनों को प्रतिबोधित करने जाने की इच्छा व्यक्त की। प्रभु की आज्ञा से गौतमस्वामि के नेतृत्व में श्रमण शाल और महाशाल पृष्ठचम्पा गये। वहाँ के राजा गागलि, उसके मातापिता यशस्वती और पिढर को प्रतिबोधित कर दीक्षा प्रदान की। पश्चात् वे सब चल पड़े प्रभु की सेवा में। मार्ग में चलते चलते शाल और महाशाल गौतमस्वामि के गुणों का चिन्तन करते हुए और गागलि तथा उसके मातापिता शाल एवं महाशाल मुनियों की परोपकारिता का चिन्तन करते हुए अध्यवसायों की शुद्धि के कारण कैवल्यता को प्राप्त हो गये। सभी भगवान के पास पहुँचे। ज्यों ही शाल और महाशालादि पाँचों मुनि केवलियों की पर्षदा में जाने लगे तो गौतम ने उन्हें रोकते हुए कहा—"पहले त्रिलोकीनाथ को वन्दना करो"। उसी क्षण भगवानने कहा—"गौतम! ये केवली हो चुके हैं अतः इनकी आशातना मत करो।"

गौतम ने उन से क्षमायाचना की। किन्तु मानस अधीर आकुलव्याकुल संदेहों से भर गया। सोचने लगे—मेरे द्वारा दीक्षित अधिकांश शिष्य केवलज्ञानी हो चुके हैं। परन्तु मुझे अभी तक केवलज्ञान नहीं हुआ। क्या मैं सिद्धपद प्राप्त नहीं कर पाऊँगा?

एक बार प्रभुमुख से अष्टापद तीर्थ की महिमा का वर्णन हुआ प्रभु ने कहा—जो साधक स्वयं की आत्मलब्धि के बल पर अष्टापद पर्वत पर जाकर, चैत्यस्थ जिनबिम्बों की वन्दना कर एक रात्रि वहाँ निवास करता है वह निश्चयतः मोक्ष का अधिकारी बनता है। और इसी भव में मोक्ष जाता है। गणधर गौतम उपदेश के समय कहीं बाहर गये थे। लौटने पर उन्हें यह वाणी देवमुख से सुनने को मिली। गौतम को मार्ग मिल गया। भगवान से अनुमति ले कर अष्टापद यात्रार्थ गये। गुरु गौतम आत्मसाधना से प्राप्त चारणलब्धि के बल पर वायुवेग से अष्टापद पर पहुँचे।

इधर कौडिन्य, दिन्न और शैवाल नाम के तीन तापस भी मोक्षप्राप्ति की निश्चयता हेतू अपने अपने ५००-५०० शिष्यों के साथ कठोर तप सहित अष्टापद चढ़ने का प्रयत्न कर रहे थे।

कौडिन्य उपवास के अनन्तर पारणा, फिर उपवास करता था। पारणा में कंदमूल आदि का आहार ग्रहण करता था। वह अष्टापद पर्वत की आठ सोपानों में से एक पहली ही सोपान चढ़ पाया था।

दिन्न तापस दो-दो उपवास का तप करता था। पारणे में नीचे पड़े पत्ते ही खाकर रहता था। वह अष्टापद की दो सोपान ही चढ़ पाया था। शैवाल तापस तीन-तीन उपवास की तपस्या करता था। पारणे में सूखी शेवाल खाकर रहता था। वह अष्टापद की तीन सोपान ही चढ़ पाया था। पर्वत की आठ मेखलायें थीं। अंतिम मेखला तक कैसे पहुँचना--वे अपने १५०० शिष्यों सहित इसी चिन्ता में लगे रहते थे।

उन्होंने जब मदमस्त हाथी की तरह चाल वाले दृढ़काय गौतमस्वामि को इस तरह सहज में अष्टापद पर अपनी आँखो से चढ़ते देखा तो विचारने लगे—हमारी इतनी विकट तपस्या और परिश्रम भी सफल नहीं हुए—जब कि यह महापुरुष तो खेल ही खेल में ऊपर पहुँच गये। निश्चय ही इस महायोगी के पास कोइ महाशक्ति होनी चाहिये। उन्होंने निश्चय किया कि ज्यों ही ये महर्षि

